અર્હમ્

# द्रव्यानुयोग

અ. પ્ર. ઉપાધ્યાય મુનિ શ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'

૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્રવ્યાનુયોગ

# ૧

સમતામૂર્તિ સ્વ. પૂ. પિતાશ્રી **કાનજીભાઈ શીવજીભાઈ (સંગજીભાઈ) મહેતા**

વાત્સલ્યમૂર્તિ સ્વ. પૂ. માતુશ્રી **ગુલાબબેન કાનજીભાઈ મહેતા**

ના સ્મરણાર્થે હસ્તક

સુપુત્ર : **મહેન્દ્રકુમાર કાનજીભાઈ મહેતા**, પુત્રવધુ : **ધનલક્ષ્મીબેન (મીનાબેન)**

પૌત્ર : **પ્રશાંત મહેન્દ્રકુમાર મહેતા**, પૌત્રવધુ : **વૈશાલી પ્રશાંતકુમાર મહેતા**

પ્રપૌત્ર : **ગૌરવ પ્રશાંત મહેતા**, પ્રપૌત્રી : **નિયતી પ્રશાંત મહેતા**

તરફથી સપ્રેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્રવ્યાનુયોગ

# ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

પૂજ્ય ગુરુદેવશ્રી ફતેહ-પ્રતાપ સ્મૃતિ પુષ્પ

આગમ અનુયોગ (ગુજ.) ગ્રંથમાળા ૭

# દ્રવ્યાનુયોગ ભાગ - ૧

જૈનાગમોમાં વર્ણિત જીવ-અજીવ વિષયક સામગ્રીનું સંકલન મૂળપાઠની સાથે ગુજરાતી ભાષાંતર (ષડ્દ્રવ્ય, પંચાસ્તિકાય, પર્યાય, પરિણામ, જીવાજીવ, જીવપ્રજ્ઞપ્તિ, પ્રથમાપ્રથમ, સંજ્ઞી, યોનિ, સંજ્ઞા, સ્થિતિ, આહાર, શરીર, વિકુર્વણા, ઈન્દ્રિય, ઉચ્છ્વાસ, ભાષા વગેરે ૧૪ અધ્યયનોનું સંકલન)

## મૂળપાઠ સાથે ગુજરાતી ભાષાંતર

: નિર્દેશક અને પ્રધાન સંપાદક :

અનુયોગ પ્રવર્તક ઉપાધ્યાય પ્રવર પં. રત્ન

**મુનિશ્રી કન્હૈયાલાલજી મ. "કમલ"**

: સંયોજક અને સમ્પાદક :

આગમ રસિક સેવાભાવી

**ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ'**

: ગુજરાતી ભાષાન્તરકર્તા :

ઉપપ્રવર્તિની શ્રુતાચાર્યા

**ડૉ. શ્રી મુક્તિપ્રભાજી**

એમ.એ.પીએચ.ડી.

: પરામર્શદાતા :

પં. દલસુખભાઈ માલવણિયા

: પ્રકાશન સહયોગી :

| | |
|---|---|
| સ્વ. શ્રી પ્રભુદાસભાઈ એન. વોરા | મુંબઈ |
| શ્રી પ્રેમરાજ ગણપતરાજ બોહરા (પીપલિયાકલાંવાળા) | અમદાવાદ |
| શ્રી જગદીશભાઈ કાંતિલાલ ડી. શેઠ | અમદાવાદ |

: પ્રકાશક :

આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ-૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વાધિકાર પ્રકાશકાધીન

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન**

**આગમ અનુયોગ ટ્રસ્ટ**
સ્થાનકવાસી જૈન વાડી
૨૮-૨૯, સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા ક્રોસીંગ, અમદાવાદ-૧૩.
ફોન : ૭૫૫૧૪૨૬, ૭૫૫૨૭૧૧

**સંપર્ક સૂત્ર :**

**શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર**
સબ્જીમંડી સામે,
માઉન્ટ આબુ (રાજ.) પીન-૩૦૭૫૦૧
ફોન : (૦૨૯૭૪) ૩૫૫૬૬

**ગુજરાતી સંસ્કરણ :**

વીર નિર્વાણ સંવત્ - ૨૫૨૯
વિક્રમ સંવત્ - ૨૦૫૮
૨૭, ઓક્ટોબર-૨૦૦૨

**મૂલ્ય :**

છસો રૂપિયા
રૂા. ૬૦૦/-

**મુદ્રક :**

**સ્કેન-ઓ-ગ્રાફિક્સ**
(કોમ્પ્યૂટર-ઓફસેટ જોબ)
૩/એ, રવિકુંજ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ-૧૩.
ફોન : ૭૯૧૧૭૫૧, ૭૯૧૦૯૬૧

**સંપ્રેરક :**

૧. મધુર વ્યાખ્યાની શ્રીગૌતમમુનિજી મ.
૨. સેવાભાવી શ્રી સંજયમુનિજી મ. 'સરલ'

**સંપાદન સહયોગી :**

❖ અરિહંતપ્રિયા ડૉ. દિવ્યપ્રભાજી
❖ સ્નેહપ્રિયા ડૉ. અનુપમાજી
❖ પં. દેવકુમારજી જૈન, બીકાનેર
❖ શ્રી શ્રીચંદજી સુરાણા, આગરા
❖ ડૉ. ધર્મચંદજી જૈન, જોધપુર

**ભાષાન્તર સહયોગી :**

❖ મહાસતીજી શ્રી ભવ્યસાધનાજી
❖ મહાસતીજી શ્રી વિરતિસાધનાજી
❖ મહાસતીજી શ્રી વિરાગસાધનાજી
❖ મહાસતીજી શ્રી લક્ષિતસાધનાજી

**પ્રસ્તાવના :**

ડૉ. સાગરમલજી જૈન - બનારસ

**ટ્રસ્ટી મંડળ :**

૧. શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ
૨. શ્રી રમણલાલ માણેકલાલ શાહ
૩. શ્રી અરવિંદભાઈ શાંતિલાલ શાહ
૪. શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ
૫. શ્રી વિજયરાજ બી. જૈન
૬. શ્રી અજયરાજ કે. મહેતા
૭. શ્રી કૃષ્ણકાંતભાઈ મફતલાલ પટેલ
૮. શ્રી જયંતિભાઈ ચંદુલાલ સંઘવી
(માનદ્મંત્રી)

**સંકલન - સહાયક :**

માંગીલાલ શિવજીરામજી શર્મા (કુરડાયાં)

**પ્રૂફરીડર :**

મહાવીરપ્રસાદ શિવજીરામજી શર્મા (કુરડાયાં)

Published in memory of Rev.
Gurudev Shri Fateh-Pratap Agam Anuyog No. 7

# Dravyanuyoga

## Gujarati Translation

## [ Part - I (Chapter 1 to 14) ]

: Chief - Editor :
Anuyog Pravartak, Upadhyaya Pravar, Pandit Ratna
**Muni. Shri Kanhaiyalalji 'Kamal'**

: Colligator :
*Agam Rasik Vice Pravartaka*
***Shri Vinay Muniji 'Vageesh'***

: Translators :
*UpPravartini Shrutacharya*
***Dr. Shri MuktiPrabhaji***
*M.A. Ph.D.*

: Advisor :
*Pt. Dalsukhbhai Malvaniya*

: Publishing Co-ordinator :

*Late. Shri Prabhudas N. Vora* — Mumbai
*Shri Premraj Ganpatraj Bohra (PipliyaKlanwala)* — Ahmedabad
*Shri Jagdishbhai Kantilal D. Sheth* — Ahmedabad

:Publishers :
**Agam Anuyog Trust**
Ahmedabad-380 013.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* ©

* **PUBLISHER : AGAM ANUYOG TRUST**

Sthanakvasi Jain Wadi,

28-29, Sthanakvasi Jain Society,

Naranpura Crossing, Ahmedabad–13.

Ph. : 7551426, 7552711

* **CONTECT PLACE :**

**Shri Vardhman Mahavir Kendra**

Opp. Subjimandi, MOUNT, ABU. (Raj.)

Pincode : 307501.

Ph. : (02974) 35566

* **FIRST EDITION :**

A. D. 2058

27, October – 2002

* **PRICE :**

Rs. : 600/- (Rupees Six Hundred)

* **PRINTED BY :**

**Scan–O–Grafix**

(Computer–Offset Printing)

3/A, Ravikunj Society, Naranpura,

Ahmedabad–380 013.

Ph. : 7911751, 7910961

* **PROMOTOR :**

1. Madhur Vyakhyani Shri Gautam Muniji
2. Sevabhavi Shri Sanjay Muniji "Saral"

* **CONTRIBUTING EDITORS :**

1. Arihantpriya Dr. Divyaprabhaji (M.A.P.Hd.)
2. Dr. Anupamaji (M.A.P.Hd.)
3. Pandit Shri Devkumarji Jain – Bikaner
4. Shri Shrichandji Surana 'Saras'-Agra
5. Dr. Dharmachandji Jain – Jodhpur

* **TRANSLATION SAHYOGI :**

1. Mahasatiji Shri Bhavyasadhnaji
2. Mahasatiji Shri Virtisadhnaji
2. Mahasatiji Shri Viragsadhnaji
2. Mahasatiji Shri Laxitsadhnaji

* **PRASTAVNA :**

Dr. Sagarmalji Jain – Banaras



* **TRUSTIES :**

1. Shri Navanitbhai Chunilal Patel
2. Shri Ramanlal Maneklal Shah
3. Shri Arvindbhai Shantilal Shah
4. Shri Bachubhai Baldevbhai Patel
5. Shri Vijayraj B. Jain
6. Shri Ajayraj K. Mehta
7. Shri Krishnakantbhai Mafatlal Patel
8. Shri Jayantibhai Chandulal Sanghavi (Secretary)



* **EDITOR – ASSISTANT :**

Mangilal S. Sharma (Kurdayan)

* **PROOF READER :**

Mahavir S. Sharma (Kurdayan)

# ॥ સમર્પણ ॥

સ્થાનકવાસી પરંપરા માન્ય
બત્રીસ આગમોના સર્વ પ્રથમ
સંસ્કૃત-હિંદી-ગુજરાતી-ટીકાકાર
તથા
વ્યાકરણ-કોષ-છંદ-અલંકાર વગેરે અનેક
વિષયોના ગ્રંથોના નિર્માતા પરમપૂજ્ય શ્રુતધર
બહુશ્રુત તથા ગીતાર્થ
**પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ**
**સાહેબની**
પુણ્યસ્મૃતિમાં
દ્રવ્યાનુયોગનો આ પ્રથમ ભાગ

**વિનીત**
**વિનયમુનિ 'વાગીશ'**
**ડૉ. મુક્તિપ્રભા અને**
**ટ્રસ્ટી મંડળ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગ્રન્થમાલાના આદ્ય પ્રેરકો

ધર્મપ્રાણ વીરલોકાશાહની પરંપરામાં અનેક મહાપુરુષો થયા, જેમાં આચાર્ય જીવરાજજી મ. નું નામ ક્રિયોદ્ધારકમાં વિશેષરૂપથી ગણાય. તેમના મુખ્યરૂપથી ચાર શિષ્યો થયા. જેમાં આચાર્યશ્રી સ્વામીદાસજી મ. નું નામ અગ્રણીય હતું. તેઓ પરણવા જતા હતા ત્યાં રસ્તામાં જ પૂજ્યશ્રી દીપચંદજી મ. નો ઉપદેશ ચાલતો હતો, તે સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે સમયે ભાવિ પત્નીને રાખડી બાંધી, બહેન બનાવી દિક્ષિત થઈ ગયા. તે બહુ જ મહાન જ્ઞાની થયા, પ્રભાવશાળી થયા. તેમના અક્ષરો મોતી જેવા હતા. આજે પણ તેમની લખેલી બત્રીસી જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે. તેમની પરંપરામાં ઘણા બધા તપસ્વી-જ્ઞાની સંતો થયા. આવા મહાન પુરુષને આ ગ્રન્થ સમર્પણ કરવામાં આવ્યો છે.

તેમાં જ પૂજ્ય ગુરૂદેવશ્રી ફતેહચંદજી મ. હતા. જેમની ૮૦ વર્ષની ઉંમરમાં પણ બધી ઈન્દ્રિયો સ્વસ્થ હતી. તેઓ દરરોજ એક આસન પર બેસીને સાત કલાક ભજન કરતા હતા. તેમના જ ગુરૂભાઈ પ્રતાપચંદ્રજી મ. હતા. તેમનો અવાજ બહુ જ બુલંદ હતો તેમના રાત્રિ પ્રવચનમાં બધી જ્ઞાતિના લોકો (જૈન - જૈનેતર) આવતા હતા. એવા તે પ્રભાવશાળી હતાં. તેમના જ શિષ્ય કમલમુનિ છે. તેમને ભણાવવામાં ઘણી જ કાળજી રાખી, મોટા પંડિતો પાસે અધ્યયન કરાવ્યું. ૧૧ વર્ષ સુધી વૈરાગ્યકાળમાં (દિક્ષાર્થી અવસ્થામાં) રાખી આગમોનું અને ટીકા-ચૂર્ણી -ભાષ્યનું વિશેષ અધ્યયન કરાવ્યું તે તેમનો મહાન ઉપકાર હતો, તે કારણે જ આ ગ્રન્થશાળા તેમની સ્મૃતિમાં પ્રગટ થઈ રહી છે, પાઠક આ ગ્રન્થોનો ખૂબ જ લાભ લે એજ અભ્યર્થના.

- વિનયમુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

# તમારું તમને સમર્પણ...



પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ' સાથે અનુયોગ સંબંધિત ચર્ચા કરી રહેલાં ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ'

કોમલતન, કોમલવચન, પુની કરણી કમનીય ।
'કમલ' મુને કલ્યાણકર, વિનય હૃદય રમણીય ॥



મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી મ.



તપસ્વી સેવાભાવી શ્રી સંજય મુનિજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ णमो जिणाणं ॥

આદ્યસ્થાપક



સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

આદ્યસ્થાપક



સ્વ. હિંમતલાલ શામળદાસ શાહ

# આગમ અનુયોગ ટ્રસ્ટ - ટ્રસ્ટી મંડળ



શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ



શ્રી રમણિકભાઈ એમ. શાહ



શ્રી અરવિંદભાઈ શાંતિલાલ શાહ



શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ



શ્રી વિજયરાજ બી. જૈન



શ્રી અજયરાજ કે. મહેતા



શ્રી કૃષ્ણકાંતભાઈ મફતલાલ પટેલ



શ્રી જયંતિભાઈ સી. સંઘવી
(માનદ્‌મંત્રી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## એક જ્યોતિર્મય વ્યક્તિત્વ-શ્રદ્ધેય ઉપાધ્યાયશ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'



# સંક્ષિપ્ત પરિચય

જ્ઞાન અને ક્રિયાની જીવંત પ્રતિમૂર્તિ '**नमो उवज्झायाणं**' ના ગૌરવપૂર્ણ પદથી સમલંકૃત અનુયોગ પ્રવર્તક શ્રદ્ધેય પૂજ્યગુરૂદેવ **મુનિશ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'**નું જીવદર્શન સ્વ-પરના કલ્યાણાર્થે સમર્પિત રહ્યું છે. વિચાર અને આચારની દ્રષ્ટિએ તેઓ અત્યંત ઉત્કૃષ્ટકોટિનું જીવન જીવનારા સત્પુરુષ અને પ્રતિભાશાળી પુરુષ હતાં. જેઓને અહંકાર ક્યારેય સ્પર્શી શક્યો ન હતો. વિદ્વતા, વિનમ્રતા, સૌજન્યતા, સૌમ્યતા, સહિષ્ણુતા, કરુણા, વાત્સલ્ય, ધૈર્ય, પ્રસન્નતા જેવા અનેક સદ્ગુણોની સુવાસથી તેઓ સદા મહેકતાં હતાં.

આપનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૭૦ ચૈત્રસુદ (રામનવમી) ના દિવસે કેકીન્દ (જસનગર) રાજસ્થાનમાં **શ્રી ગોવિંદાસિંહજી** રાજપુરોહિતના ગૃહે થયો. માતુશ્રી યમુનાદેવીની કૂંખ આપે દીપાવી હતી. ચારવર્ષની બાલ્યાવસ્થામાં જ માતા-પિતાની અચાનક જ છત્રછાયા ગુમાવી. સાત વર્ષની ઉંમરે પરમશ્રધ્ધેય **આચાર્યશ્રી સ્વામીદાસજી મ. ની પરંપરાના** પ્રભાવશાળી શ્રમણ શિરોમણી શ્રધ્ધેય **શ્રી ફતેહચંદ્રજી મ.** અને પંડિત પ્રવર **શ્રી પ્રતાપમલજી મ.** વગેરેનો સંપર્ક થયો.

આપનું ભવ્ય તેજોમય લલાટ અને સામુદ્રિક લક્ષણો જોતાં જ **પૂ. પ્રતાપમલજી મ.** ને પ્રતીતિ થઈ કે - 'આ બાળક અત્યંત તેજસ્વી પ્રતિભાશાળી શ્રમણ પરંપરાનો તેજસ્વી સિતારો થશે જે શાસન પ્રભાવમાં અભિવૃધ્ધિ કરશે.' ગુરૂદેવના પ્રથમદર્શનથી જ આપે આપનું સર્વસ્વ તેમના ચરણોમાં સમર્પિત કરી દીધું. અગિયાર વર્ષ સુધીના વૈરાગ્યકાળ દરમ્યાન આપે પંડિતો, વિદ્વાનો પાસે અધ્યયન અધ્યાપન કર્યું. વૈશાખસુદ-૬, વિક્રમસંવત્ ૧૯૮૮ના દિવસે સાંડેરાવ (રાજ.)માં આપે દીક્ષા અંગીકાર કરી. એ સમય દરમ્યાન ઘોડી પરથી પડવા છતાં આપે સહિષ્ણુતા, ધૈર્ય અને અતૂટ મનોબળથી મુશ્કેલીનો સામનો કર્યો તે જ આપની પરમશક્તિ, ધર્મ પ્રત્યેની અતૂટ શ્રધ્ધાનું ઉત્તમ ઉદાહરણ છે. વડીદીક્ષા સોજતરોડમાં સંપન્ન થઈ.

દીક્ષા પછી આપે પં. બેચરદાસજી દોશી, શોભાચંદજી ભારિલ્લ વગેરે પાસે જૈનાગમ-વાઙ્મયનું તલસ્પર્શી અધ્યયન કર્યું. જેના પરિણામસ્વરૂપે આપ ન્યાયતીર્થની પરીક્ષામાં પ્રથમશ્રેણીમાં સમુત્તીર્ણ થયા. પછી આપે આગમોના સંપાદનકાર્યમાં જ પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું. આગમોના મૂળ પાઠોને ક્રમાનુસાર- યોગ્યરીતે સંપાદિત કરી પ્રકાશિત કર્યા, છેદસૂત્રોના સાનુવાદ વિવેચન સહિતના પ્રકાશન માટે ભારે જહેમત ઉઠાવી અતિ જટિલ-ભગીરથ કાર્યસંપન્ન કર્યું.

સ્થાનાંગ-સમાવાયાંગનું સાનુવાદ-સંપાદન કાર્ય કર્યું. 'જૈનાગમનિર્દેશિકા' જેવી અતિ મહત્વપૂર્ણ કૃતિ પણ આપના અથાગ શ્રમઅને પ્રબળ પુરુષાર્થનું જ પરિણામ છે.

આગમઅનુયોગનું વિશાળ વિસ્તૃત અને ભગીરથ કાર્ય આપે એક જર્મન વિદ્વાનની પ્રેરણાથી યુવાવસ્થામાં શરૂ કર્યું હતું, જે જીવનના અંતિમ શ્વાસ સુધી નિભાવ્યું. માર્ગમાં આવતી પ્રતિકૂળતાઓને આપે અપ્રમત્ત ભાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૈર્ય, સહિષ્ણુતા અને પુરુષાર્થ વડે પરાજિત કરી. આપની શારીરિક પ્રતિકૂળતાઓ દરમ્યાન આપના અંતેવાસી શિષ્ય શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ' તથા સાધ્વીવૃંદ ડૉ. શ્રી દિવ્યપ્રભાજી, પં. દલસુખભાઈ માલવણિયા, પં. દેવકુમારજી વગેરેનો સાથ-સહકાર મળતો રહ્યો. આપે આગમ અનુયોગ ટ્રસ્ટ દ્વારા હિંદી અનુવાદ ૮ ભાગોમાં અને ગુજરાતી ૪ ભાગોમાં પ્રકાશિત કર્યાં શેષ ભાગોનું કાર્ય શ્રી વિનયમુનિજી મ. તથા ટ્રસ્ટીગણ અત્યધિક પરિશ્રમકરી સંપન્ન કરવા પ્રયત્નશીલ રહે છે.

આપના વિશાળ વિચરણ ક્ષેત્ર દ્વારા આપનો અનુયાયી વર્ગ પણ એટલો જ વિશાળ અને વ્યાપક છે જેનું મુખ્ય કારણ આપની બિનસાંપ્રદાયિક્તાની ભાવના હતી. સ્વાસ્થ્યની પ્રતિકૂળતા દરમ્યાન પણ આપે અદ્ભૂત આત્મબળ દ્વારા જે સમત્વ ભાવ અપનાવ્યો તે બધા માટે પ્રેરણારૂપ છે અને ખૂબ-ખૂબ વંદનીય છે.

જ્ઞાનરાધના, મૌન, તપ અને જપ આપના જીવનના પર્યાય સમા બની ગયા હતાં. નિરર્થક ચર્ચા, જ્ઞાતિ-સંપ્રદાયોની વાતો કે ટીકા-ટિપ્પણીમાં આપે કદી ક્યારેય સમય બરબાદ કર્યો નથી. યુવાવસ્થાથી જ દ્વિદળનો ત્યાગ, **એક સમય ભોજન**માં પણ માત્ર એક જ રોટલીનું ઉણોદરી તપ આપની રસેન્દ્રિય પ્રત્યેની નિસ્પૃહતા દર્શાવે છે. **છેલ્લા ૧૮ વર્ષોથી આપે અન્ન-પાણીનો ત્યાગ કરી માત્ર ફળોનો રસ, ગાયના દૂધથી જ જીવન નિર્વાહ કર્યો. છેલ્લા ૨૭ વર્ષથી દરેક મંગળવારે મૌન, રાત્રિના બે વાગ્યે નિદ્રા ત્યાગ કરી સાધનામાં લીન થતાં અને આવાં જ ઉત્તમ આચારને કારણે આપે 'સંતરત્ન' ના બિરૂદને સાર્થક કર્યું.** એટલું જ નહિ પરંતુ રાષ્ટ્રીય સંતની હરોળમાં આપનું નામ જયવંતુ બન્યું. **૯ ડિસેમ્બર ૧૯૯૩, પોષ સુદ ૧૪ સવંત ૨૦૫૦** ના રોજ જયપુરમાં આચાર્ય સમ્રાટ શ્રી દેવેન્દ્રમુનિએ આપને **'ઉપાધ્યાય પદે'** જૈનશાસન પ્રભાવકપદ ગૌરવાન્વિત કર્યા.

આપ કરુણા, દયા, વાત્સલ્ય અને પ્રેમની સાક્ષાત્ મૂર્તિ હતા અને આથી જ આપે માનવ કલ્યાણ હિતાર્થે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. **શ્રીવર્ધમાન મહાવીર સેવા કેન્દ્ર** દેવલાલી, જિલ્લો નાસિક (મહારાષ્ટ્ર) જ્યાં વૃધ્ધ સાધુ-સાધ્વી સેવા કેન્દ્ર, જન હિતાર્થે હોસ્પિટલ, માનવ રાહત કેન્દ્ર જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યમાન છે.

**શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર-આબુ પર્વત** જ્યાં પ્રતિવર્ષ ચૈત્રી ઓળીનું આયોજન થાય છે અને ભોજન શાળા, ઉપાશ્રય, પુસ્તકાલય, ઔષધાલય, અતિથિગૃહ છે. તદ્ઉપરાંત **આગમ અનુયોગ ટ્રસ્ટ અમદાવાદ, શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્ર મદનગંજ, અંબિકા જૈન ભવન- અંબાજી** વગેરે અનેક સંસ્થાઓ આપની પ્રેરણા અને આશીર્વાદ વડે અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત માનવકલ્યાણનાં ઉત્તમ કાર્યો કરે છે.

૧૭ ડિસેમ્બર ૨૦૦૦ બપોરના ૧-૩૦ વાગ્યે એકાએક આપનું સ્વાસ્થ્ય બગડયું આપે ૨-૪૫ વાગ્યે સંથારો ગ્રહણ કર્યો અને **રાત્રે સમય ૩-૪૫ પોષ વદ આઠમ (ગુજ. માગસર વદ ૮) સોમવાર ૧૮ ડિસેમ્બરના રોજ જીવનજ્યોત દિવ્યજ્યોતમાં વિલીન થઈ.** ૧૯ ડિસેમ્બર બપોરે ૩ વાગ્યે **'કમલ કન્હૈયા વિહાર'** માં હજારો ભક્તો-સાધકોની જનમેદની વચ્ચે આત્માના નિરંજન નિરાકાર સ્વરૂપના ઘોષ સાથે અગ્નિસંસ્કારવિધિ સંપન્ન થઈ.

આપના સ્વર્ગારોહણથી શ્રમણ સંઘમાં જ નહીં પરંતુ સમગ્ર જૈન જગતમાં જે ખોટ પડી છે તેની પૂર્તિ અસંભવ, અશક્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। णमो जिणाणं ।।



# સ્વ. શ્રી પ્રભુદાસભાઈ એન. વોરા

પરમ આદરણીય - મહામંત્ર આરાધક - આગમપ્રેમી ધર્મપ્રેમી - મુરબ્બી પૂ. શ્રી પ્રભુદાસભાઈ એન. વોરા પૂ. ગુરુદેવ આગમ અનુયોગ પ્રવર્તક "કમલ" મુનિ મ.સા.ના પરિચયમાં આવતા માનવભવને સાર્થક કરવા "આગમ" પ્રત્યે ખૂબજ ઊંડાણથી જાણવાની ભાવના - આગમના કાર્યમાં ઉદાર દીલે લક્ષ્મીનો સદ્વ્યય કરવાની ઉત્તમ - ઉજ્જવળ ભાવના પ્રત્યક્ષ જોવા મળી છે. ખૂબજ મિલનસાર - પ્રેમાળ - ધાર્મિક ક્ષેત્રે તેમજ પરમાર્થના કાર્યમાં પુણ્યાનુંબંધી પુણ્યની લક્ષ્મીનો સદ્વ્યય ઘણો કરેલ - પાછળની જીંદગીમાં તેમના ભત્રીજા લાભશંકરભાઈ વગેરેએ મન મુકી સેવા કરી. જેમના સ્વભાવમાં સરળતા અને જીવનમાં સાદાઈ એ બે મહામુલા ગુણોથી જેઓ સંસારના ઘણા કર્મબંધનના કારણોથી અલિપ્ત રહી અનર્થાદંડથી ઉગરી શક્યા હતા. નમ્રતા અને સંત સમાગમ તેમજ શ્રીમદ્ રાજચંદ્રના એક-એક પદ પ્રત્યે અહોભાવભર્યું જીવન જીવી માનવભવ ધન્ય બનાવ્યો.

તેમની જ્ઞાન પ્રત્યેની અંતરના ભાવભરી અભિરૂચી વંદનીય હતી. આગમઅનુયોગના કાર્યમાં તેમનો સહયોગ અભિવંદનીય રહ્યો. તેમની ઉદાર ભાવના દાદ માંગે તેવી હતી. તેમના તરફથી જ્ઞાન ભંડારોમાં ૫૧ ગુજરાતી સેટ આપની હૃદયની ભાવનાને બિરદાવીએ છીએ.

શ્રાવકરત્નને વંદન હો... આગમ અનુયોગના કાર્યમાં સહભાગી થવા બદલ આભારી છીએ.

।। णमो जिणाणं ।।



## પ્રેમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ



### શેઠશ્રી પ્રેમરાજ ગણપતરાજ બોહરા

શ્રી પુરણરાજજી બોહરા

શ્રીમતી શૈલાદેવી બોહરા

ધર્મપ્રેમી - કર્તવ્યપરાયણ - માનવભવને પરમાર્થના કાર્ય દ્વારા સફળ કરનાર શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી પ્રેમરાજ ગણપતરાજનું નામ જૈન સમાજમાં ખૂબજ આગળ પડતું હતું. તેઓનું મૂળ વતન મારવાડ પાલી જીલ્લામાં પીપળીયાકલાં છે. તેઓ જૈન સમાજમાં આગવું અગ્રગણ્ય સ્થાન ધરાવતા હતા. પી.જી.ફોઈલ્સ, પ્રેમગ્રુપના નામથી અનેક સ્થળે પેઢીઓ છે. તેમના સુપુત્ર ધર્મપ્રેમી શ્રી પૂરણરાજજી પણ ઉદાર દીલા અને કેળવણી ક્ષેત્રે - તબીબી ક્ષેત્રે નાત-જાતના ભેદભાવ વગર મૂકદાન ઉદાર દીલે આપી રહ્યા છે. પુરણરાજજીના ધર્મપત્ની શૈલાબેન ખૂબ દ્રઢધર્મી - પ્રિયધર્મી છે. આગમ અનુયોગના કાર્યમાં અનુમોદના ઉદાર દીલે આપવા બદલ આભારી છીએ. કુટુંબના સુકાની બની કુટુંબમાં સત્ય નીતિ અને સદાચારોનું સિંચન કરનાર આપને વંદન હો...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અરિહંતશરણ તા. ૧૬-૧-૧૯૭૭

॥ णमो जिणाणं ॥

## વાત્સલ્યમૂર્તિ પૂ. બાપૂજી (સ્વ.)

# શ્રી કે. ડી. શેઠ

ધન્ય છે ધન્યવંતી ધરાને! આ ભાગ્યવંતી ભૂમિમાં કે. ડી. શેઠ જેવા વિરલ વ્યક્તિ - મહાનુભાવ - જન્મીને જેમણે સૌ કોઈને ભાગ્યવાન અને ધન્ય બનાવ્યા છે. વંદનીય પરિશ્રમ - સંપૂર્ણ વિવેક - ઉત્કટ ધર્મપ્રેમ - સહધર્મીને મદદરૂપ થવાના ઉત્તમગુણ વારસામાં તેમના લાડલા દીકરા શ્રીજગદીશભાઈને માતા-પિતાએ અર્પ્યા. ભૂલેલાંને કેડી બતાવનાર કે. ડી. શેઠના ઋણને કેમ ભૂલાય ? જીવનબાગના માળી બની સંસ્કારનું સિંચન કરનારના ઉપકારને કેમ વિસરાય ? સંસ્કાર તણુ સિંચન સદા વાત્સલ્ય ભાવે થાય છે. ધાર્મિક ભાવના - સરળતા - નિર્મળતા અને કોઈપણ દુ:ખી પ્રત્યેની કરૂણા તથા હમદર્દીના સંસ્કારો આજે શ્રી જગદીશભાઈ તથા ધર્મપત્ની સપરિવારમાં જોવા મળે છે. આગમ અનુયોગ ટ્રસ્ટને આપેલ સહયોગ બદલ આપના આભારી છીએ.

॥ णमो जिणाणं ॥

# શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - નવરંગપુરા

શ્રી સંઘની સ્થાપના પૂર્વે ગુરુભગવંત આગમ અનુયોગ પ્રવર્તક પૂ. ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મ. સા. નવરંગપુરા શેઠ શ્રી દેશરાજજી પુરણરાજજીના બંગલે ચાતુર્માસ આગમ અનુયોગના કાર્ય માટે કરેલ તે સમયે શ્રી રમણિકલાલ વિઠ્ઠલદાસ બાબરાવાળા - શ્રી કાંતિભાઈ સલોત - શ્રી બાલચંદભાઈ દર્શનાર્થે આવતાં - ધર્મસ્થાનકની પ્રેરણા મળી અને શ્રી સંઘની સ્થાપના થઈ તથા ગુરૂદેવનો પહેલો જ ચાતુર્માસ સંવત્ ૨૦૩૩ માં થયો. હાલશ્રી ભરતભાઈ જે. શેઠ - શ્રી મનોજભાઈ - શ્રી બીપીનભાઈ ચુડગર - શ્રી મહેશભાઈ સખીદા - શ્રી નટુભાઈ સોમાણી વગેરે નામી અનામી સક્રિય કાર્યકર્તાને કારણે આગમવાંચણી - ધર્મકરણી - સારા સારા ચાતુર્માસ થાય છે. આગમઅનુયોગમાં ફાળો આપવા બદલ ધન્યવાદને પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

જિનવાણીરૂપ શ્રુત-આગમ શાસ્ત્રોને વિદ્વાન આચાર્યોએ ચાર અનુયોગમાં વિભક્ત કર્યા છે. ૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ચરણાનુયોગ, ૪. દ્રવ્યાનુયોગ.

અમારાં ટ્રસ્ટે આ ચાર અનુયોગનું પ્રકાશનકાર્ય સ્વ-હસ્તક લીધું છે. નિરંતર પ્રયાસ, જન-સહયોગ તથા પૂજ્ય ગુરુદેવ શ્રી કન્હૈયાલાલજી મહારાજ 'કમલ' ના અથાગ અધ્યવસાયના પ્રતાપે અમારાં લક્ષ્યને સિદ્ધ કરવા આગળ પ્રસ્થાન કરી રહ્યા છીએ. ચારેય અનુયોગોનું હિંદી ભાષાંતર તથા ત્રણ અનુયોગોનું ગુજરાતી ભાષાંતર સહિત પ્રકાશનકાર્ય સંપૂર્ણ થઈ ચુક્યુ છે તથા જે જે વિદ્વાનો તથા આગમ અભ્યાસીઓ સામે આ ગ્રંથ રજૂ થયા તે સર્વજનોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

દીર્ઘકાળથી જેની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા તે દ્રવ્યાનુયોગનું કાર્ય પૂર્ણતાની કક્ષાએ આવી પહોંચ્યુ છે, તથા ગુજરાતી સંસ્કરણનો પ્રથમ ભાગ પાઠકોના હાથમાં છે. દ્રવ્યાનુયોગનો વિષય જૈન દર્શનનો પ્રાણ મનાય છે, દ્રવ્યાનુયોગના સમ્યક્જ્ઞાન થયા વગર સમ્યક્દર્શનની સ્પર્શના અસંભવ છે. માટે જ પ્રત્યેક મુમુક્ષુએ દ્રવ્યાનુયોગનું અધ્યયન, સ્વાધ્યાય તથા મનન કરવું આવશ્યક છે.

વૈદિક પરંપરાની અનુસાર માન્યતા છે કે - ભગવાન વિષ્ણુએ દેવ-દાનવ અર્થાત્ સંસારની સમગ્ર વિશિષ્ટ શક્તિઓના સહકારથી સમુદ્ર મંથન કરી અનેક અમૂલ્ય રત્નો, મહાનતત્વો સહિત 'અમૃત' ની પ્રાપ્તિ કરી હતી.

આગમ શાસ્ત્ર રૂપ સમુદ્ર-મંથનમાં અવિરત પ્રયત્નશીલ રહી તથા અનુકૂળ - પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજે જૈનાચાર્ય પૂજ્ય શ્રી સ્વામીદાસજી મ. ની પરંપરાનાં પૂજ્ય ગુરુદેવ શ્રી ફતેહચંદજી મ., શ્રી પ્રતાપચંદજી મ., તપસ્વી શ્રી વક્તાવરમલજી મ.ની પ્રેરણા તથા આશીર્વાદથી તેમજ એમના નિરન્તર પ્રયાસથી અને દૃઢ અધ્યવસાયથી દ્રવ્યાનુયોગ રૂપ 'અમૃત' પ્રદાન કરી અમને અનુગૃહિત કર્યા છે. આપ તથા સર્વજન ઘણાં જ સૌભાગ્યવાન બન્યા છે અને આપણે પૂજ્ય ગુરુદેવનાં ચિરકૃતજ્ઞી છીએ.

અનુયોગ સંપાદન પ્રકાશનકાર્યમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કનૈયાલાલજી મ. 'કમલ'એ પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કર્યું છે. એવા જીવનદાતા, શ્રુત ઉપાસક સંત પ્રતિ આભાર વ્યક્ત કરવો એ માત્ર ઔપચારિકતા જ ગણાશે, ભવિષ્યની પેઢી યુગોના યુગો સુધી એમણે કરેલ ઉપકારને સ્મરણ કરી શ્રુત-બહુમાન કરશે તે જ તેમના પ્રત્યેની અંતઃકરણપૂર્વકની કૃતજ્ઞતા ગણાશે.

પૂજ્ય ગુરુદેવના સેવાભાવી શિષ્ય શ્રી વિનયમુનિજી પણ શ્રમણ જીવનની આવશ્યક ચર્યા જેવી કે, સેવા, વ્યાખ્યાન, વિહાર. આદિને સમ્યક્રૂપે પરિપાલન કરી અવિરત અનુયોગ સંપાદનકાર્યમાં ગુરુ દેવના પરમ સહયોગી રહ્યા છે. મુનિજીએ મહાસતીજી ડૉ. શ્રી દિવ્યપ્રભાજી, ડૉ. શ્રી અનુપમાજી દ્વારા પ્રેરણા લઈ આ કાર્યમાં અથાગ પરિશ્રમ કર્યો છે. પાઠ મેળવવો, સંશોધન કરવું, પ્રેસ કોપી તપાસવી, પ્રૂફ જોવા વગેરે સર્વ કાર્ય તેમણે જ કર્યા છે. આપશ્રીએ પૂજ્ય ગુરુદેવના અધૂરાં કાર્યને પૂર્ણ કરવાના હેતુથી અમદાવાદમાં ચાતુર્માસ અર્થે પધાર્યા, અતિશય પરિશ્રમના ફળ સ્વરૂપ આ ગુજરાતી સંસ્કરણ પ્રકાશિત થઈ રહ્યું છે. આ ગ્રંથને પૂર્ણ કરવાનું શ્રેય તેમના જ ફાળે છે. એમનો ઉપકાર અમે કદાપિ વિસરીશું નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનકવાસી જૈન સમાજના પ્રખ્યાત તત્વચિંતક આત્માર્થી પૂજ્ય શ્રી મોહનઋષિજી મ.ના વિદુષીસુશિષ્યા જિનશાસનચંદ્રિકા મહાસતી ઉજ્જવલકુમારીજીની સુશિષ્યા ડૉ. મહાસતી મુક્તિપ્રભાજી, ડૉ. મહાસતી દિવ્યપ્રભાજી તથા તેમની શ્રુતાભ્યાસી શિષ્યાઓની સેવા આ કાર્યમાં સમર્પિત રહી છે. તેમની અવિરત શ્રુત-સેવાને કારણે જ આ મહાન્‌કાર્ય શીઘ્રતાથી સંપન્ન થઈ શક્યુ છે. તેમણે પૂજ્ય ગુરુદેવના યોગ્ય નિર્દેશન હેઠળ મૂળ પાઠ સંકલન, લેખન આદિ કાર્યમાં અનેક પરિષહ સહન કરી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ગુજરાતી ભાષાંતર પણ તેમણે જ કર્યું છે તેથી અમે તેમના ચિરઋણી છીએ.

જૈન દર્શનનાં વિખ્યાત વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયા ભારતીય પ્રાચ્યવિદ્યાના પ્રતિનિધિ વિદ્વાન્ હતા. પ્રારંભથી જ તેમનો આત્મીય સહયોગ અનુયોગ કાર્યમાં પ્રાપ્ત થતો રહ્યો છે. તેમણે અતિ ઉદારતા તેમજ નિ:સ્વાર્થ ભાવનાથી આ કાર્યમાં માર્ગદર્શન, તેમજ સમય-સમય પર મૂલ્યવાન પરામર્શ પણ આપ્યા છે જેના કારણે તેમના કૃતજ્ઞતા વ્યક્ત કરવી તે અમારું પરમ કર્તવ્ય બની રહે છે.

પં. શ્રી દેવકુમારજી જૈન બીકાનેરએ પણ શ્રી વિનયમુનિજીને સંપાદનકાર્યમાં મહદઅંશે ફાળો આપ્યો છે. આપશ્રી ઘણા સારા વિદ્વાન છો અમે આપના વિશેષ આભારી છીએ.

જૈન દર્શનના સુપ્રસિદ્ધ વિદ્વાન તથા અધિકારી લેખક ડૉ. શ્રી સાગરમલજી જૈન એ ગ્રંથને અનુરૂપ વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી અનુગૃહિત કર્યા છે જેથી અમે તેના કૃતજ્ઞી છીએ.

જૈન ધર્મ તેમજ પ્રાકૃત સંસ્કૃત ભાષાના વિદ્વાન ડૉ. ધર્મચંદજીએ પોતાનો મહત્વપૂર્ણ સમય ફાળવી ભાવપૂર્વક દરેક અધ્યયનના આમુખ લખવાનું કાર્ય કર્યું છે અમે તેમના આભારી છીએ.

ટ્રસ્ટના સહયોગી સભ્ય મંડળના પણ અમે આભારી છીએ જેમના આર્થિક અનુદાન દ્વારા આ વિશાળ કાર્ય સંપન્ન કરવામાં સમર્થ બન્યા છીએ. ઉદારદીલા દાતાઓના સહયોગ માટે ઋણી છીએ.

આ પ્રસંગે આગમ અનુયોગ પ્રકાશન પરિષદ, સાંડેરાવના માનનીય કાર્યકરો પ્રતિ પણ આભાર વ્યક્ત કરીએ છીએ જેમણે આ અતિ દુઃસહ કાર્યઆરંભથી જ અતિ ઉત્સાહપૂર્વક આગળ વધારીઓ અમારી કાર્યશૈલીને માર્ગ બતાવ્યો. આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદને તેમનો સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે અને ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવો દૃઢ વિશ્વાસ છે.

આગમ વાણી પ્રતિ અત્યંત શ્રદ્ધાવંત બોટાદ સંપ્રદાયના પંડિત રત્નશ્રી અમીચંદજી મ. તથા લિંબડી સંપ્રદાયના શ્રી ભાસ્કરમુનિજીએ અનુયોગ ગ્રંથોના પ્રચાર-પ્રસાર માટે વિશેષ અભિરૂચિપૂર્વક જે સહયોગ પ્રદાનકર્યુ છે તે એક આદર્શ અને અનુકરણીય કાર્ય છે.

ટ્રસ્ટના માનદમંત્રી શ્રી જયંતિભાઈ ચંદુલાલ સંઘવી ટ્રસ્ટની સંપૂર્ણ વ્યવસ્થા તેમજ સહયોગ એકત્ર કરવો.. આદિ કાર્ય માટે અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. સ્થાનકવાસી જૈન સંઘ, નારણપુરા.. વગેરે અનેક સંસ્થાના સંચાલનકાર્ય કરવા ઉપરાંત પોતાનો અમૂલ્ય સમય આ કાર્ય માટે ફાળવી રહ્યા છે તેથી અમે તેમના વિશેષ આભારી છીએ.

શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્રના ટ્રસ્ટીઓના પણ આભારી છીએ. જેમણે મહાવીર કેન્દ્રના મેનેજર માંગીલાલજીને સમય-સમય પર આ કાર્ય માટે મોકલ્યા તેમજ એ પણ અથાગ પરિશ્રમ કર્યો છે.

મુદ્રણ વાંચન માટે મહાવીરજી શર્માએ વિશેષ મહેનત પૂર્વક કાર્ય કર્યું છે. શ્રી દિલીપભાઈ (પ્રેસવાળા)એ પણ અત્યંત શીઘ્રતાથી કાર્યની પૂર્ણતા માટે સહકાર આપ્યો તે બદલ અમે સર્વના વિશેષરૂપથી આભારી છીએ.

ધન્યવાદ.

તા. ૭, ઓક્ટોબર-૨૦૦૨

**નવનીતભાઈ ચુનીલાલ પટેલ**

અધ્યક્ષ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંયોજકીય

પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય પ્રવર અનુયોગ પ્રવર્તક પં. રત્નમુનિ શ્રી કન્હૈયાલાલ જી.મ. 'કમલ' ના શુભાશીર્વાદથી દ્રવ્યાનુયોગનો ગુજરાતી ભાષાન્તરનો પહેલો ભાગ પ્રગટ થઈ રહ્યો છે. જેનો અમને આનંદ છે.

પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ પછી અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી નવનીતભાઈ, શ્રી જયંતિભાઈ, શ્રી બચુભાઈ વગેરે હતાશ થઈ ગયા અને એમનો એવો સંકેત મળ્યો કે આ ભગીરથ કાર્ય પૂર્ણ થવું મુશ્કેલ છે. મને પણ લાગ્યું કે લાબાં-લાંબા વિહારો અને દૂર-દૂરના ચાતુર્માસોને લીધે આ કામમાં અવરોધ આવી રહ્યો છે પણ ગુરૂદેવના અધૂરા કાર્યોને જલ્દીથી પૂર્ણ કરવાની લગન હતી. ગણિતાનુયોગનું કાર્ય પૂર્ણ કરી દ્રવ્યાનુયોગનું કાર્ય હાથ ધર્યું. ટ્રસ્ટીઓની પ્રેરણા એમાં પણ ઉત્સાહી કાર્યકર્તા શ્રી જયન્તીભાઈ સંઘવીની ખૂબજ પ્રેરણાથી આ કાર્ય પૂર્ણતાને પ્રાપ્ત થયું છે.

અલવરમાં ચાતુર્માસ હતો ત્યારે મહામંત્રી સૌભાગ્યમુનિજીનો સાથે આગામી ચાતુર્માસ અમદાવાદમાં કરવાનો સંકેત મળ્યો ત્યારે ગૌતમમુનિજી સાથે વિચારણા કરી. દ્રવ્યાનુયોગના કાર્યને મુખ્યત્વે ધ્યાનમાં રાખી ચાતુર્માસ કરવાનો વિચાર બનાવ્યો. અનેકો સંઘોની ચાતુર્માસ કરાવવાની હાર્દિક ભાવના હોવા છતાં રાજસ્થાની સંઘ શાહીબાગને પ્રાથમિકતા આપી ૨૨૦૦ કિ.મી.નો ઉગ્ર વિહાર કરી પૂજ્ય પ્રવર્તક શ્રી રુપચંદજી મ.ની આજ્ઞાથી ચાતુર્માસ માટે પહોંચ્યા અને આ ભગીરથ કાર્યમાં સંલગ્ન થયા.

શ્રુતાચાર્યા ડૉ. મહાસતીજી મુક્તિપ્રભાજી જેઓની ધ્યાનસાધનામાં ખૂબજ રુચિ હોવા છતાં પોતાનો અમૂલ્ય સમય કાઢી આનું ભાષાન્તર કરવા માટે સમય ફાળવ્યો. સાથે ડૉ. દિવ્યપ્રભાજી, ડૉ. અનુપમાજી, શ્રી ભવ્યસાધનાજી, શ્રી વિરતિસાધનાજી, શ્રી વિરાગસાધનાજી, શ્રી સ્વયંસાધનાજી, શ્રી સહજસાધનાજી, શ્રી લક્ષિતસાધનાજી વગેરેએ ભાષાન્તર કરવામાં સહયોગ આપ્યો જેથી બધાં મહાસતીજીઓ સાધુવાદનો પાત્ર છે.

મારા સહયોગી મુનિવર ઉપપ્રવર્તક પ્રવચન ગજકેશરી શ્રી ગૌતમમુનિજીએ વ્યાખ્યાન વગેરેની બધી જવાબદારીઓ સહર્ષ નિભાવી અને સેવાભાવી શ્રી સંજયમુનિજી 'સરલ' જેઓ ગોચરી વગેરેની સમ્પૂર્ણ સેવા સુશ્રુસાની વ્યવસ્થામાં સહયોગી રહ્યા જેથી આ કાર્ય પૂર્ણતાને પ્રાપ્ત થયું. તદર્થ તેમનો ખૂબ જ આભારી છું.

મહામંત્રી શ્રી સૌભાગ્યમુનિજી 'કુમુદ', પ્રાર્થના પટુ શ્રી જયવર્ધનજી જેઓની સાથે વર્ષાવાસ કરવાનું સૌભાગ્ય સાંપડયું અને જેઓએ વ્યાખ્યાન વગેરેની સમસ્ત પ્રવૃત્તિઓ સહર્ષ સ્વીકારી અને મને મુક્ત રાખ્યો તેથી તેમનો આભારી છું.

શ્રી માંગીલાલજી શર્મા જેમના ઉપર શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્રના મેનેજમેન્ટની ખૂબજ મોટી જવાબદારી હોવા છતાં ફાઈનલ પ્રુફ જોઈ પ્રેસને લગતી બધી વ્યવસ્થા પૂરી પાડી અને મહાવીરજી શર્મા જેઓએ પ્રૂફ વગેરે જોઈ સમ્પૂર્ણ સહયોગ આપ્યો. તેઓ પરિશ્રમ કરવા બદલ ધન્યવાદને પાત્ર છે.

શ્રી દિલીપભાઈ શાહ (પ્રેસવાળા) જેઓએ ખૂબ જલ્દીથી કાર્યને વેગ આપ્યો. જેથી થોડા સમયમાં આ પ્રથમ ભાગ પ્રકાશિત થઈ શકયો.

કેટલાય સદ્‌ગૃહસ્થોના યોગદાનથી આ કાર્યપૂર્ણ થયું છે. અને ભવિષ્યમાં પણ સહુ લોકોનું યોગદાન મળશે. જેથી શેષ ત્રણ ભાગો પણ પ્રકાશિત થઈ શકશે એવી હાર્દિક અભિલાષા અને ગુરુદેવના આશીર્વાદથી આ કાર્ય જલ્દી સંપન્ન થશે એવી આશા છે.

આ ગ્રંથોનું સ્વાધ્યાય સ્વયં કરો અને બીજા લોકોને સ્વાધ્યાય કરવા પ્રેરણા કરો એ જ ગુરુદેવના પ્રત્યે સાચી શ્રદ્ધાંજલી. ત્યારે જ અમારો પરિશ્રમ સફળ થશે.

**– ઉપપ્રવર્તક વિનયમુનિ 'વાગીશ'**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ...સ્વકથન...

દ્રવ્યનો અર્થ છે - તે ધ્રુવ સ્વભાવી તત્ત્વ જે જુદા-જુદા પર્યાયો (સ્થિતિઓ) ને પ્રાપ્ત કરીને પણ પોતાના મૂળગુણ (સ્વભાવન)ને છોડે નહીં.

જુદા-જુદા દષ્ટિકોણો અને જુદી-જુદી શૈલિયોથી દ્રવ્યોની વ્યાખ્યા, વર્ગીકરણ અને પ્રસ્તુતિ જેમાં થતી હોય તે દ્રવ્યાનુયોગ કહેવાય છે.

ચાર અનુયોગોમાંથી દ્રવ્યાનુયોગનો વિષય ખૂબજ વિશાળ છે. જટિલ અને દુરૂહ પણ છે.

સમસ્ત વિશ્વના મૂળ દ્રવ્યો બે છે - જીવ અને અજીવ. ભગવાનની વાણીનો મુખ્ય સૂત્ર છે - **'अत्थि जीवा अत्थि अजीवा'** જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યની વ્યાખ્યા સંપૂર્ણ દ્રવ્યાનુયોગનો આધારભૂત વિષય છે.

પંચાસ્તિકાયમાં એક જીવ છે - જીવાસ્તિકાય, તથા ૨. ધર્માસ્તિકાય ૩. અધર્માસ્તિકાય ૪. આકાશાસ્તિકાય અને ૫. પુદ્‌ગલાસ્તિકાય - આ ચાર અસ્તિકાય અજીવ છે. આજ રીતે ષડ્‌દ્રવ્યોમાં પણ જીવ દ્રવ્ય એક છે અને બીજા પાંચ દ્રવ્યો અજીવ છે.

દર્શનની ભાષામાં જીવને ચૈતન્ય અને અજીવને જડ કહે છે. આ સંપૂર્ણ સંસાર જડ-ચેતન, જીવ-અજીવથી વ્યાપ્ત છે.

તત્ત્વજીજ્ઞાસુઓમાં જીવ-અજીવના સંબંધમાં અર્થાત્ જડ ચૈતન્યના વિષયમાં કેટલાય પ્રકારની જિજ્ઞાસાઓ હોય છે અને તેઓ તેનું સમાધાન શોધે છે. જડ-ચેતનની જિજ્ઞાસા જેટલી સહજ છે તેનું સમાધાન તેટલું જ જટિલ અને ગહન છે.

પહેલી વાતતો સમાધાન કરવાવાળા જ્ઞાની તત્ત્વજ્ઞ પુરુષો ખૂબ જ ઓછા છે.

બીજી વાત - જીવ-અજીવ વિષયક સાહિત્યનો બહુજ વિસ્તાર છે અને વિવિધ આગમોમાં ફેલાયેલો છે. આગમોમાં કેટલાય સ્થાનો પર કેટલાય પ્રસંગોમાં પ્રશ્નોત્તરના રુપે જીવ-અજીવ વિષયક ચર્ચાઓ છે. આ ચર્ચાઓ કયાંક વિસ્તૃત રુપે તો કયાંક સંક્ષિપ્ત અને ક્યાંક ઘણા ઓછા પ્રમાણમાં છે. લગભગ બધા આગમોમાં જીવ-અજીવ વિષયક જુદા-જુદા પ્રકારની જુદી-જુદી સામગ્રી વિખરાયેલી પડી છે. જીવના સૈંકડો વિષયો અને ઉપવિષયો આગમોમાં આવે છે. કેટલાય પ્રકારના પ્રશ્નોત્તરો અને ચર્ચાઓ પણ છે. તે બધા સંબંધિત વિષયો અને પ્રસંગોને તેમજ ચર્ચાઓ અને તેના વર્ણકોને યાદ રાખવા, ધારણામાં સ્થિર કરવા સામાન્ય બૌદ્ધિકો માટે ખૂબ જ કપરું છે. આગમોના વિશેષજ્ઞ જ્ઞાની ગુરૂઓ પ્રમાણમાં ઘણા ઓછા હોવાથી તે વિષયોને સમજવા અને તેના પૂર્વાપર સંબંધો મેળવી ચિન્તન-મનન કરવાનું કામ ખૂબ જ દુરુહ છે. આ વિઘ્નોથી ભરપૂર સ્વલ્પ જીવનમાં સમસ્ત કાર્યને પુરું પાડવું ખૂબ જ કપરું છે.

જીવ વગેરે કોઈ પણ વિષયની સંપૂર્ણ માહિતી મેળવવા માટે સમગ્ર આગમોનું અધ્યયન કરી તેમાંથી જે તે વિષયની માહિતી દરેક વિદ્વાનો અને આગમ માટે સંભવ નથી. કેમ કે ન તો આ વિપુલ સાહિત્ય સરળતાથી ઉપલબ્ધ થાય છે અને જો મળે તો પણ આ વિશાળ મહાસાગરના આલોહન (મન્થન)ની જેમ આ બધા આગમોનું આલોકન (મન્થન) ખૂબજ મહેનત અને સમય માંગી લે છે. આવા સમયમાં દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુ વ્યક્તિઓ માટે પ્રસ્તુત સંકલન ખૂબજ ઉપયોગી નીવડશે.

આના સંપાદનમાં હું જિજ્ઞાસુજનોની મુશ્કેલીઓ અનુભવી અને જુદી-જુદી સરળ પદ્ધતિઓ પ્રયોજી છે. જીવ-અજીવ વગેરે વિષયોનું વર્ગીકરણ કર્યુ છે અને પ્રત્યેક વિષયના ભેદ-પ્રભેદોને લગતા જ્યાં પણ જે તે આગમોનો પાઠ મળે છે તેને જુદા-જુદા અધ્યયનો, શીર્ષકો, ઉપશીર્ષકોમાં વહેંચ્યા છે અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ પાઠોને સહજ સરળ પદ્ધતિથી એવી રીતે લખ્યા છે કે પાઠને જોવાથી જ વિષયનું ક્રમબદ્ધ જ્ઞાન થઈ જાય. અને તે વિષયો જે જે આગમોમાં થયારુપ કે કોઈક પરિવર્તન સાથે હોય તો તેની સૂચના પણ મળી જાય. સંકલન પ્રક્રિયામાં કેટલીય વાર બદલાવ કરી વિષયક્રમને ખૂબ જ સરળ અને સુબોધ કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેથી જ 'દ્રવ્યાનુયોગનું સંકલન'ના સંપાદનમાં ઘણો બધો સમય લાગ્યો છે. અત્યાર સુધીના કામથી મને પૂર્ણ સંતોષ તો નથી જ પણ હવે ઘડપણ તથા શરીરની સ્થિતિને સમજતાં ગ્રન્થના સમ્પાદન કાર્યમાં વધારે સમય લગાડવો ઉપયુક્ત ન હતો. એટલે ક્રમબદ્ધ વ્યવસ્થિતરુપ આપી જિજ્ઞાસુઓના હાથમાં પ્રસ્તુત કરી રહ્યો છું.

## અનુયોગનું સ્વરૂપ :

**જૈન સાહિત્યમાં અનુયોગના બે રૂપ મળે છે.**

૧. અનુયોગ-વ્યાખ્યા　　　　૨. અનુયોગ-વર્ગીકરણ

કોઈપણ પદ વગેરેની વ્યાખ્યા કરતાં તેના હાર્દને સમજવા-સમજાવવા માટે ૧. ઉપક્રમ, ૨. નિક્ષેપ, ૩. અનુગમ અને ૪ નય. આ ચાર પ્રક્રિયાઓનો આધાર લેવાય છે. अनुयोजनमनुयोगः સૂત્રનો અર્થની સાથે સમ્બન્ધ જોડી તેની ઉપયુક્ત વ્યાખ્યા કરવી. તેનું નામ છે અનુયોગ વ્યાખ્યા (जम्बू वृत्ति)

અનુયોગ વર્ગીકરણનો અર્થ છે - અભિધેય (વિષય)ને ધ્યાનમાં રાખી શાસ્ત્રોનું વર્ગીકરણ કરવું. જેમકે - અમુક-અમુક આગમ, અમુક અધ્યયન, અમુક ગાથા, અમુક વિષયની છે. આ રીતે વિષય-વસ્તુની દૃષ્ટિથી વર્ગીકરણ કરી આગમોના ગૂઢ અર્થોને સમજવાની પ્રક્રિયા અનુયોગ વર્ગીકરણ પદ્ધતિ છે.

પ્રાચીન આચાર્યોએ આગમોના ગૂઢ અર્થોને સરળતાથી સમજાવવા માટે આગમોનું ચાર અનુયોગોમાં વર્ગીકરણ કર્યુ છે.

૧. चरणानुयोग - આચારને લગતાં આગમ.

૨. धर्मकथानुयोग - ઉપદેશપ્રદ કથા અને દૃષ્ટાંત વાર્તાઓને લગતાં આગમ.

૩. गणितानुयोग - ચન્દ્ર - સૂર્ય- અન્તરિક્ષ વિજ્ઞાન અને ભૂજ્ઞાનના ગણિત વિષયક આગમ.

૪. द्रव्यानुयोग - જીવ - અજીવ વગેરે તત્ત્વોની વ્યાખ્યા કરતાં આગમ.

## અનુયોગ વર્ગીકરણના લાભો :

આમ તો અનુયોગ વર્ગીકરણ પદ્ધતિ આગમોના ઉત્તરકાલીન ચિન્તક આચાર્યોની દેન છે. પણ આ પદ્ધતિ આગમપાઠી શ્રુતાભ્યાસી મુમુક્ષુઓ માટે ખૂબજ ઉપયોગી છે. આજના કોમ્પ્યુટર યુગમાં તો આ પદ્ધતિ ઘણી બધી ઉપયોગિતા રાખે છે.

વિશાળ આગમ સાહિત્યનું અધ્યયન કરવું સામાન્ય વ્યક્તિ માટે ખૂબ જ કપરું છે. એટલે જ્યારે પણ જે તે વિષયનું અનુશીલન કરવું હોય ત્યારે તે વિષયક આગમપાઠનું અનુશીલન કરી જિજ્ઞાસાનું સમાધાન કરવો ત્યારે સંભવ છે જ્યારે અનુયોગ પદ્ધતિથી સમ્પાદિત આગમોનું શુદ્ધ સંસ્કરણ પ્રાપ્ય હોય.

અનુયોગ પદ્ધતિથી આગમોનું સ્વાધ્યાય કરવાથી કેટલાય કઠિન વિષયો.

## આપોઆપ સમાહિત થઈ જાય છે, જેમકે -

૧. આગમોનો કઈ રીતે વિસ્તાર થયો છે આ સ્પષ્ટ થઈ જાય છે ?

૨. કયો પાઠ આગમ સંકલનના સમય પછી પ્રવિષ્ટ થયો છે ?

૩. આગમ પાઠોમાં આગમો લખવાના પહેલાં કે પછીથી વાચના ભેદને લીધે તથા દેશ કાળના વ્યવધાનના કારણે લિપિ કાળમાં શું ફેર પડે છે ?



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

૪. કયો આગમ પાઠ સ્વમતનો છે અને કયો પાઠ પરમતનો છે, અથવા તો ભ્રમણાથી પર મંતવ્યનો કયો પાઠ આગમોમાં સંકલિત થઈ ગયો છે ?

આ રીતે કેટલાય પ્રશ્નોનું સમાધાન આ પ્રક્રિયાથી પ્રાપ્ત થઈ જાય છે, જેનું આધુનિક સંશોધક છાત્રો તથા પ્રાચ્યવિદ્યાના અનુસંધાતા વિદ્વાનો માટે ખૂબજ મહત્ત્વનું છે.

## અનુયોગ કાર્યનો ઈતિહાસ :

લગભગ આજથી ૪૫ વર્ષ પહેલા મનમાં સ્ફુરણા થઈ કે અનુયોગ વર્ગીકરણ પદ્ધતિથી આગમોનું સંકલન હોવું જોઈએ. આગમોના પ્રકાણ્ડ વિદ્વાન્ આચાર્ય શ્રી ઘાસીલાલજી મ., ઉપાધ્યાય કવિ શ્રી અમરચંદજી મ., પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાઓનું તે સમયે મને માર્ગદર્શન સાંપડ્યું. પ્રેરણા આપી અને આત્મીયભાવથી સહયોગ આપ્યો. તેમની પ્રેરણા અને સહયોગના પીઠબળથી મારો સંકલ્પ મજબૂત થયો અને હું આ શ્રુત સેવામાં લાગી ગયો. આજના અનુયોગ ગ્રન્થો તે બીજના જ મધુર ફળો છે.

સહુ પ્રથમ ગણિતાનુયોગનું કાર્ય સ્વર્ગીય ગુરુદેવ શ્રી ફતેહચંદજી મ.સા.ની નિશ્રામાં હરમાડામાં શરુ કર્યુ હતું અને આજે દ્રવ્યાનુયોગના સમ્પાદનનું કાર્ય પણ હરમાડામાં જ સમ્પન્ન થઈ રહ્યું છે. ૪૫ વર્ષની લાંબી સમયાવધિમાં ચારેય અનુયોગોના વર્ગીકરણનું કાર્ય સમ્પન્ન થઈ ગયું છે. મારા માટે આ સુખદ અને આત્મસંતોષનો વિષય છે.

ગણિતાનુયોગના સમ્પાદન પછી ધર્મકથાનુયોગનું સમ્પાદન શરુ કર્યુ. તે બે ભાગોમાં પરિપૂર્ણ થયું. ત્યાં સુધીમાં ગણિતાનુયોગનું પૂર્વ સંસ્કરણ સમાપ્ત થઈ ગયું હતું અને કેટલીય જગ્યાઓથી તેની ઉપયોગિતા સમજી માંગણી વધી હતી. તેથી ધર્મકથાનુયોગ પછી ફરીથી ગણિતાનુયોગનું સંશોધન શરુ કર્યુ. સંશોધન શું લગભગ ૫૦ ટકા નવું જ સમ્પાદન હતું. તેનું પ્રકાશન પત્યા પછી ચરણાનુયોગનું સંકલન કર્યુ.

કહેવત છે - 'श्रेयांसि बहुविघ्नानि' શુભ અને શ્રેષ્ઠ ઉત્તમ કાર્યોમાં અડચણ વધારે આવે છે. વિઘ્નો-અડચણો આપણી દૃઢતા અને ધીરતા, સંકલ્પ શક્તિ અને કાર્ય પ્રત્યે નિષ્ઠાની પરીક્ષા લે છે. વચ્ચે-વચ્ચે. માંદગીને લીધે શરીર અસ્વસ્થ રહ્યું. ઘણી જ મોટી બિમારીઓ આવી, સહયોગીઓ પણ ક્યારેક હોય અને ક્યારેક ન પણ હોય હું છતાં પણ સ્વકાર્યમાં સંલગ્ન રહ્યો.

સમ્પાદનમાં સેવાભાવી વિનયમુનિ 'વાગીશ' પણ મારા ઘણાં જ સહયોગી રહ્યા. તેઓ આજે પણ શારીરિક સેવાની સાથે-સાથે માનસિક રીતે પણ મને પરમ સાતા આપે છે અને અનુયોગ સમ્પાદનમાં પણ સમ્પૂર્ણ જાગરૂકતાથી તેમનો સહયોગ છે. પં. શ્રી મિશ્રીમલજી મ. 'મુમુક્ષુ', સેવાભાવી શ્રી ચાંદમલજી મ., પં. રત્ન શ્રી રોશનલાલજી મ., મધુર વ્યાખ્યાની ગૌતમમુનિજી મ. તથા શ્રી સંજયમુનિજીઓએ પણ સેવા-સુશ્રુષાનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો. જેથી હું આ કાર્યમાં સફળ રહ્યો છું.

## દ્રવ્યાનુયોગની રુપરેખા :-

આમાં એક બાજુ મૂળપાઠ છે અને સામે સામ શબ્દાનુલક્ષી ગુજરાતી અનુવાદ તેમજ જીવ અને સંક્ષિપ્ત વાચનાનો પાઠ જુદા ટાઈપોમાં આપ્યો છે. ટિપ્પણમાં સમાનપાઠોના સ્થળ આપ્યા છે. કેટલાય અધ્યયનો છે. દ્રવ્યાનુયોગની સામગ્રી ખૂબજ વિશાળ હોવાથી તેને હિન્દીમાં ત્રણ અને ગુજરાતીમાં ચાર ભાગોમાં વહેંચી છે. પ્રારંભમાં જ વિષય-સૂચી અને સંકેત-સૂચી આપી છે. એમાં કેટલાય પરિશિષ્ટો આપેલા છે.

## પરિશિષ્ટ :

૧. જીવ વગેરે અધ્યયનોને લગતાં વિષયો ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગના બીજા અધ્યયનોમાં જ્યાં જ્યાં આવ્યા છે તેની સૂચી પૃષ્ઠાંક અને સૂત્રાંક સાથે આપવાનો પ્રયત્ન કર્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. દ્રવ્યાનુયોગથી સંબંધિત શબ્દોનો કોષ પૃષ્ઠાંક સાથે આપેલો છે.

૩. જ્યાંથી પાઠ લીધા છે તે આગમોના સ્થળ નિર્દેશ સહિત પૃષ્ઠાંક સાથે સ્થળોની સૂચી આપી છે. સૂત્રાંક બધી જગ્યાએ આગમ સમિતિ બ્યાવરના આપ્યા છે. સ્થાનાંગના પાઠોમાં મહાવીર વિદ્યાલયની પ્રતિના સૂત્રાંકો આપ્યા છે. કયાંક-કયાંક અંગસુત્તાણિના સૂત્રાંકો છે.

૪. અનુયોગ સંકલનનું કાર્ય ખૂબજ દુરુહ અને શ્રમસાધ્ય છે. સમ્પૂર્ણ સાવધાની રાખવા છતાં ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, ચરણાનુયોગના કેટલાક પાઠો રહી ગયા છે તે બધાનું સંકલન આ પરિશિષ્ટમાં કર્યુ છે. - લગતાં વિષયોના સૂત્રાંક અને પૃષ્ઠાંક આપ્યા છે.[૧]

૫. સંકલનમાં પ્રયુક્ત આગમ વગેરે ગ્રંથોની સૂચી આપેલી છે.

આ રીતે પાંચ પરિશિષ્ટો આપ્યા છે. આ બધાનું સંકલન શ્રી વિનયમુનિજી 'વાગીશ'એ કર્યુ છે.

## સહયોગનો આધાર :

ચરણાનુયોગ વગેરેની જેમ દ્રવ્યાનુયોગનું સંકલનના સમ્પાદનમાં વિદુષી મહાસતીજી મુક્તિપ્રભાજી, શ્રી દિવ્યપ્રભાજી, શ્રી અનુપમાજી, ભવ્યસાધનાજી, વિરતિ સાધનાજી તથા તેમની સુશિક્ષિત શિષ્યાઓનો સહયોગ રહ્યો છે. કેટલાય વર્ષો સુધી કઠોર પરિશ્રમ કરી તેઓએ દ્રવ્યાનુયોગની ફાઈલો તૈયાર કરી હતી. તેઓના શ્રમથી દ્રવ્યાનુયોગની એક વિસ્તૃત રુપરેખા અને સામગ્રી સંયોજિત થઈ. પછીથી તેમનો વિહાર પંજાબ બાજુ થવાથી કાર્ય થંભી ગયું. તેઓની શ્રુત-ભક્તિ અને આગમ-જ્ઞાન પ્રશંસનીય છે. સૌભાગ્યથી આગમજ્ઞ શ્રી તિલોકમુનિજીનો અને સ્વંભાત સંપ્રદાયના શ્રી મહેન્દ્રઋષિજી મ.નો અપ્રત્યાશિત સહયોગ મળ્યો. તેની સાથે જ પં. શ્રી દેવકુમારજી જૈનનો સહયોગ મળ્યો અને દ્રવ્યાનુયોગનું કાર્ય ધીરે-ધીરે સંપન્નતાના આરે પહોંચ્યું.

અનુયોગ સમ્પાદન કાર્યમાં તો કેટલીયે અડચણો આવી. જેમ કે - આગમની શુદ્ધ સંસ્કરણની પ્રતોનો અભાવ, મળતા પાઠોનો ખણ્ડિતક્રમ અને ખાસ કરીને "જાવ" શબ્દનો અનપેક્ષિત અનાવશ્યક પ્રયોગ. છતાં પણ ધીરે-ધીરે આગમ સમ્પાદનનું કાર્ય આગળ વધ્યુ તેમ આવતી અડચણો પણ ઓછી થઈ. મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, જૈન વિશ્વભારતી લાડનૂં અને આગમ પ્રકાશન સમિતિ બ્યાવર વગેરે આગમ પ્રકાશન સંસ્થાઓનો આ ઉપકાર જ માનવો જોઈએ કે જેથી આજે આગમોનું સુન્દર ઉપયોગી સંસ્કરણ ઉપલબ્ધ છે અને પહેલાની અપેક્ષાએ શુદ્ધ અને સુસમ્પાદિત છે. જો કે આજે પણ ઉક્ત સંસ્થાઓના નિર્દેશકોની આગમ સમ્પાદનની પ્રક્રિયા પૂરી વૈજ્ઞાનિક અને જેવી હોવી જોઈએ તેવી નથી, લિપિદોષ, લિપિકારની ભ્રમણા તથા વાચનાભેદ વગેરે કારણોથી આગમોના પાઠોમાં કેટલાય સ્થાને વ્યુત્ક્રમ નજરે પડે છે. પાઠ ભેદો તો છે જ, "જાવ" શબ્દ કયાંક અનાવશ્યક જોડાયેલો છે. જેથી અર્થ વૈપરીત્ય પણ થઈ જાય છે. કયાંક તો જોડેલો જ નથી. કયાંક પૂરો પાઠ આપીને પણ "જાવ" શબ્દ જોડી દીધો છે. જૂની પ્રતોમાં આ રીતે લેખન-દોષ રહી ગયો છે. જેથી આગમોનો ઉપયુક્ત અર્થ કરવામાં અથવા પ્રાચીન પાઠ પરમ્પરાઓને જાણવામાં મુશ્કેલી પડે છે. વિદ્વાન સમ્પાદકોએ આ વાત વિશેષરૂપથી ધ્યાનમાં રાખવી જોઈએ. જૂની પ્રતોમાં મળતા પાઠને જેમ છે એમ જ રાખવો ધ્રુવ આગમ શ્રદ્ધાનું રુપ નથી. આપણી શ્રુતભક્તિ શ્રુતને વ્યવસ્થિત અને શુદ્ધરૂપમાં પ્રસ્તુત કરવામાં છે. કયારેક કયારેક-એક જ પાઠને મેળવવામાં તથા ઉપયુક્ત પાઠ નક્કી કરવામાં કેટલાય દિવસો અને હફતાઓ પૂરા થઈ જતા. પણ વિદ્વાન અનુસંધાતા તેને સાચા સ્વરૂપમાં જ પ્રસ્તુત કરે છે. આજે આવી રીતના આગમ સમ્પાદનોની આવશ્યકતા છે.

હું મારી શારીરિક અસ્વસ્થતાને લીધે વિદ્વાન સહયોગીઓની અછતને લીધે તથા પરિપૂર્ણ સાહિત્યની અનુપલબ્ધિ અને સમયના અભાવને લીધે જેવો સંશોધિત અને શુદ્ધ પાઠ આપવા ઈચ્છતો હતો તે

---

૧. ગુજરાતી સંસ્કરણમાં આ પરિશિષ્ટ કાઢી નાખ્યો છે અને યથાસ્થાન પાઠો આપી દીધા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી આપી શકયો. તો પણ પ્રયત્ન કર્યો છે કે પાઠની શુદ્ધિ જળવાય. મોટા-મોટા સમાસ પદો જેનું ઉચ્ચારણ દુરુહ હોય છે, તથા ઉચ્ચારણ કરતાં-કરતાં કેટલાક આગમપાઠીઓ પણ ઉચ્ચારણદોષથી છૂટી નથી શકતા. એવા દુરુહ પાઠોને સુગમરુપમાં પ્રસ્તુત કરી નાના-નાના પદો બનાવી તેમની સામે જ તેનો અર્થ આપી તેનો અર્થબોધ સુગમ બનાવ્યો છે. જે સંસ્કરણોનો મૂળપાઠ લીધો છે. હિન્દી અનુવાદ પણ તેનો જ લીધો છે છતાં પણ પોતાની સુજબુદ્ધિનો પ્રયોગ કર્યો છે. કેટલાંક સ્થાને ઉપયુક્ત સંશોધન પણ કર્યુ છે. ઉપર્યુક્ત ત્રણ સંસ્થાઓના સિવાય આગમોદય સમિતિ રતલામ અને સુત્તાગમે (पुप्फभिक्खु) ના પાઠો પણ ઉપયોગી નીવડયા છે. પૂજ્ય અમોલકઋષિજી મ., આચાર્ય શ્રી આત્મારામજી મ. અને આચાર્ય શ્રી ઘાસીલાલજી મ. દ્વારા સમ્પાદિત અનુદિત આગમોનો પણ યથાવશ્યક ઉપયોગ કર્યો છે.

હું ઉક્ત આગમોના સમ્પાદક વિદ્વાનો તથા શ્રદ્ધેય મુનિવરોનો આભારી છું. પ્રકાશન સંસ્થાઓ પણ ઉપકારક છે. તેમના સહયોગને કૃતજ્ઞ ભાવથી સ્વીકારવું મારું કર્તવ્ય છે.

પં. અમૃતલાલ મોહનલાલ ભોજક અમદાવાદવાળા જે કેટલાય આગમોના સમ્પાદક છે. એમને આ ગ્રંથનું પ્રાકૃત શીર્ષક તથા પં. શોભાચન્દજી ભારિલ્લ બ્યાવર, પં. મોહનલાલજી. મહેતા પૂના અને લક્ષ્મણભાઈ ભોજક વગેરેઓનો મૂળપાઠ સંશોધન અનુવાદ લેખન વગેરેમાં સહયોગ આપી કાર્ય સફળ કરાવયું તેથી તેમનો આભારી છું.

જૈન આગમ તથા સંસ્કૃત પ્રાકૃતભાષાના વિદ્વાન ડૉ. ધર્મચન્દજી જૈને દરેક વિષયનો આમુખ લખવાની જહેમત ઉઠાવી તેને સુન્દર સ્વરુપ આપ્યું તેમનો સહયોગ પણ સ્મરણીય છે.

જૈન દર્શનના સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. સાગરમલજી જૈન એ પ્રસ્તાવના લખવાની સ્વીકૃતિ આપી અને ખૂબજ મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવના આપી છે. તેમનો આભાર માનવો મારું કર્તવ્ય છે.

પાંડુલિપિ તૈયાર કરવામાં રાજેશ ભંડારી, શ્રી માંગીલાલજી શર્મા અને શ્રી સુનીલ મહેતાએ સારો સહયોગ આપ્યો છે. ગ્રંથની પાંડુલિપિ તૈયાર કર્યા પછી મુદ્રણ સમ્બંધી કેટલીક અડચણો આવી.

આ મહત્ત્વપૂર્ણ વિશાળગ્રંથનું મુદ્રણ સુન્દર, શુદ્ધ અને અમારી દષ્ટિના અનુરૂપ હોય ત્યારે જ ઉપયોગી બને. એટલે આ કાર્ય માટે મુદ્રણ કલા વિશેષજ્ઞ જૈન સાહિત્યના વિદ્વાન શ્રીચંદજી સુરાના 'સરસ'નો સહયોગ મળ્યો. તેઓએ ન કેવળ મુદ્રણની નજરે બલ્કિ સમ્પાદનની નજરે પણ ગ્રંથનો ખૂબ જ ઉપયોગી, સુન્દર અને શુદ્ધ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

અનુયોગના વિશાળ કાર્યને સમ્પન્ન કરાવવામાં શ્રમણસૂર્ય પ્રવર્તક શ્રી મરુધરકેસરીજી મ., સ્વ. યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ. ની પ્રેરણા તથા આશીર્વાદ અને આચાર્ય પ્રવર શ્રી દેવેન્દ્રમુનિજી મ. તથા પ્રવર્તક શ્રી રુપચંદજી મ.ના સમય-સમય પર ઉપયોગી સુજાવ મળ્યો.

જ્યાં-જ્યાં પણ અનુયોગ સંપાદનના કાર્યમાં મુશ્કેલીઓ આવી ત્યારે-ત્યારે ધૈર્યપૂર્વક કાર્ય કરતા રહેવાની પ્રેરણા આપવાવાળા શ્રી તારાચંદજી પ્રતાપજી, શ્રી વૃદ્ધિચંદજી મેઘરાજજી, શ્રી કુન્દનમલજી મૂલચંદજી, શ્રી હિમ્મતમલજી પ્રેમચંદજી, શ્રી કેશરીમલજી શેષમલજી ચોવટિયા વગેરે સાકરિયા પરિવાર (સાણ્ડેરાવ) અને શ્રી ચમ્પાલાલજી ચોરડિયા મદનગંજ, શ્રી રમણિકભાઈ મોહનલાલ મહેતા-ધાનેરાને યાદ કરવા એ મારું કર્તવ્ય છે જેમના પ્રોત્સાહન થકી આ કાર્ય પૂર્ણ થયું.

આગમ અનુયોગ ટ્રસ્ટના ઉદારમના શ્રી બલદેવભાઈ, શ્રી હિમ્મતભાઈ, શ્રી નવનીતભાઈ, શ્રી વિજયરાજજી દ્વારા વગેરે ટ્રસ્ટીગણ તથા બીજા ધર્મપ્રેમી, જ્ઞાન-પ્રસારમાં રસ રાખનાર સદ્‌ગૃહસ્થોને જેઓએ પ્રત્યક્ષ-પરોક્ષ રુપે જે સહયોગ આપ્યો છે, હું તેમનો હાર્દિકભાવથી કૃતજ્ઞ છું. અને સાથે-સાથે અન્તરની કામના કરું છું કે જિનવાણીરુપી આ અમૃત પ્રવાહ જન-મનને આત્મિક તૃપ્તિ અને શાન્તિ આપે.

**– ઉપાધ્યાય મુનિ કન્હૈયાલાલ 'કમલ'**

**જૈન સ્થાનક**
**હરમાડા, જિ. અજમેર**
**દિ. ૨૬ જાન્યુઆરી ૧૯૯૪**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ

## સહયોગી સદસ્યોની નામાવલિ

**વિશિષ્ટ સહયોગી :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી સૂરજબેન ચુન્નીભાઈ ધોરીભાઈ પટેલ, પાર્શ્વનાથ કોર્પોરેશન<br>હસ્તે, સુપુત્ર શ્રી નવનીતભાઈ, પ્રવીણભાઈ, જયંતિભાઈ | અમદાવાદ |
| ૨. | શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ,<br>હસ્તે, શ્રી બળદેવભાઈ, બચુભાઈ, બકાભાઈ | અમદાવાદ |
| ૩. | આઈડિયલ સીટ મેટલ સ્ટેમ્પિંગ એન્ડ પ્રેસિંગ પ્રા.લિ.<br>હસ્તે, શ્રી આર.એમ.શાહ | અમદાવાદ |
| ૪. | શ્રી આત્મારામ માણિકલાલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે, શ્રી બળવન્તલાલ, મહેન્દ્રકુમાર, શાન્તિલાલ શાહ | અમદાવાદ |
| ૫. | શ્રી હસમુખલાલ કસ્તુરચંદભાઈ શાહ | અમદાવાદ |
| ૬. | શ્રી પ્રેમ ગ્રુપ પીપલિયા કલાં, શ્રી પ્રેમરાજ ગણપતરાજ બોહરા<br>હસ્તે શ્રી પૂરણચંદજી બોહરા | અમદાવાદ |
| ૭. | શ્રી રાજમલ રિખબચંદ મેહતા ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે, શ્રી સુશીલાબેન રમણિકલાલ મહેતા, પાલનપુર | મુંબઈ |
| ૮. | શ્રી શ્રેણીકભાઈ કસ્તુરચંદ શેઠ | અમદાવાદ |
| ૯. | શ્રી દિપચંદભાઈ ગાર્ડી સાહેબ | મુંબઈ |
| ૧૦. | શ્રી યુ. એન. મહેતા સાહેબ | અમદાવાદ |
| ૧૧. | શ્રી કોકીલાબેન જંયતિલાલ કાંતિલાલ પટેલ | સાણંદ |
| ૧૨. | એક સદ્‌ગૃહસ્થ તરફથી...હસ્તે શ્રી ભરતભાઈ શેઠ | અમદાવાદ |
| ૧૩. | શ્રી વાલકેશ્વર સ્થા. જૈન સંઘ | મુંબઈ |
| ૧૪. | શેઠ શ્રી ચુનીલાલ લધુભાઈ ગુંદીયાળાવાળા<br>હસ્તે અરવિંદભાઈ | અમદાવાદ |
| ૧૫. | શ્રી કે. ડી. શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે જગદીશભાઈ કાંતિલાલ શેઠ | અમદાવાદ |
| ૧૬. | શ્રી રસીકલાલ શાંતિલાલ રાજેન્દ્રકુમાર | અમદાવાદ |
| ૧૭. | શ્રી હસમુખલાલ સી. શેઠ | મુંબઈ |
| ૧૮. | શ્રીમતી રૂપાબેન શૈલેશભાઈ મહેતા | પાલનપુર |
| ૧૯. | શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે શ્રી નવનીતભાઈ | અમદાવાદ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦. શ્રી કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંક લિ. અમદાવાદ
૨૧. શેઠશ્રી ચુન્નીલાલ નરભેરામ મેમોરિયલ ટ્રસ્ટ અમદાવાદ
હસ્તે, શ્રી મન્નુભાઈ બેકરીવાલા, રૂબી મિલ મુંબઈ
૨૨. શ્રી પ્રભુદાસભાઈ એન. વોરા મુંબઈ
૨૩. શ્રી પી. એસ. લૂંકડ ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ
હસ્તે શ્રી પુખરાજજી લૂંકડ
૨૪. શ્રી ગાંધી પરિવાર
હસ્તે, અમરચન્દ રિખવચન્દ ગાંધી હૈદરાબાદ
૨૫. શ્રી ગુલશનરાયજી જૈન દિલ્હી
૨૬. શ્રીચન્દજી જૈન, જૈન બન્ધુ દિલ્હી
૨૭. શ્રી ઘેવરચંદજી કાનુંગા, એલકોબક્સ પ્રા.લિ. જોધપુર
૨૮. શ્રીમતી તારાદેવી લાલચંદજી સિંધવી કુશાલપુરા
૨૯. શ્રી થાનચંદ મેહતા ફાઉન્ડેશન
હસ્તે, શ્રી નારાયણચંદજી મહેતા જોધપુર
૩૦. શ્રીમતી ઉદયકુંવર ધર્મપત્ની શ્રી ઉમ્મેદમલજી સાંડ
હસ્તે, શ્રી ગણેશમલજી મોહનલાલજી સાંડ જોધપુર
૩૧. શ્રીમતી સોહનકંવર ધર્મપત્ની ડો. સોહનલાલજી સંચેતી તથા
સુપુત્ર શ્રી શાન્તિપ્રકાશ, મહાવીરપ્રકાશ, જિનેન્દ્રપ્રકાશ અને નગેન્દ્રપ્રકાશ સંચેતી જોધપુર
૩૨. શ્રી જેઠમલજી ચોરડિયા, મહાવીર ડ્રગ હાઉસ બેંગ્લોર
૩૩. શ્રી શાન્તિલાલજી નાહર અમદાવાદ
૩૪. શ્રી ભીમરાજજી ઝવેરચંદજી સાંડેરાવ
૩૫. શ્રી કમળાબેન હીરાલાલજી જીરાવાલા અમદાવાદ
૩૬. શ્રી જયંતીભાઈ સુંદરજીભાઈ ગોસલિયા અમદાવાદ
૩૭. ડૉ. શ્રી યોગેન્દ્રભાઈ શાંતિલાલ ભાવસાર ખંભાત
૩૮. શ્રી હિમ્મતલાલ શામળદાસ શાહ અમદાવાદ
૩૯. શ્રી મોહનલાલજી મુકનચંદજી બાલિયા અમદાવાદ
૪૦. શ્રી વિજયરાજજી બાલાબક્સજી બોહરા - સાબરમતી અમદાવાદ
૪૧. શ્રી અજયરાજજી કે. મહેતા - એલિસબ્રીજ અમદાવાદ
૪૨. શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ
હસ્તે, નવનીતભાઈ અમદાવાદ
૪૩. શ્રીમતી કાંતાબેન જંયતિલાલ મનસુખલાલ લોખંડવાળા અમદાવાદ
૪૪. શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ (નગરશેઠનો વંડો) હસ્તે ભરતભાઈ શેઠ અમદાવાદ
૪૫. શ્રી સ્થા. જૈન સંઘ (નારણપુરા) અમદાવાદ
હસ્તે શાંતિભાઈ અમદાવાદ
૪૬. શ્રી સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ
હસ્તે, શ્રી બલદેવભાઈ અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૪૭. | શ્રી પંજાબ જૈન ભ્રાતૃ સભા - ખાર | મુંબઈ |
| ૪૮. | શ્રી રતનકુમારજી જૈન, નિત્યાનન્દ સ્ટીલ રોલર મિલ | મુંબઈ |
| ૪૯. | શ્રી માણેકલાલજી રતનશી બગડીયા | મુંબઈ |
| ૫૦. | શ્રી હરીલાલ જયચંદ દોશી, વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ | મુંબઈ |
| ૫૧. | શ્રી તેજરાજજી રુપરાજજી બમ્બ, ભાદવાવાળા | ઈચલકરંજી (મહારાષ્ટ્ર) |
| ૫૨. | શ્રીમતી સુગનીબાઈ મોતીલાલજી બમ્બ<br>હસ્તે, શ્રી ભીમરાજજી બમ્બ પીહવાળા | હૈદરાબાદ |
| ૫૩. | શ્રી સ્થા. જૈન સંઘ, નવરંગપુરા | અમદાવાદ |
| ૫૪. | શ્રી નંદુભાઈ મહાસુખભાઈ પટેલ | અમદાવાદ |
| ૫૫. | શ્રી ભાઈલાલભાઈ હરિલાલ ગોસલિયા | અમદાવાદ |
| ૫૬. | શ્રી ધીરજલાલ ધરમશી મોરબિયા | આબુરોડ |
| ૫૭. | શ્રી સ્થા. જૈન સંઘ (સોલા) | અમદાવાદ |
| ૫૮. | શ્રી ધીરેશભાઈ ટી. શાહ | અમદાવાદ |
| ૫૯. | શ્રી બંસીભાઈ શીવલાલ કાપડિયા | અમદાવાદ |
| ૬૦. | શ્રી ગુલાબચંદજી માંગીલાલજી સુરાણા | સિકન્દ્રાબાદ |
| ૬૧. | શ્રી નેમનાથજી જૈન | ઈન્દૌર (મધ્યપ્રદેશ) |
| ૬૨. | શ્રી બાબુલાલજી ધનરાજજી મહેતા | સાદડી (મારવાડ) |
| ૬૩. | શ્રી હુકમીચંદજી મહેતા (એડવોકેટ) | જોધપુર |
| ૬૪. | શ્રી કેશરીમલજી હીરાચંદજી તાતેડ સમદડીવાળે | હુબલી |
| ૬૫. | શ્રી આર.ડી. જૈન, જૈન તાર ઉદ્યોગ | દિલ્હી |
| ૬૬. | શ્રી દેશરાજજી પૂરણચંદજી જૈન | અમદાવાદ |
| ૬૭. | શ્રી રોયલ સિન્થેટિકસ પ્રા.લિ.<br>હસ્તે, રમેશભાઈ કોશેલાવવાળા | મુંબઈ |
| ૬૮. | શ્રી વિરદીચંદજી કોઠારી | કિશનગઢ |
| ૬૯. | શ્રી મદનલાલજી કોઠારી મહામંદિર | જોધપુર |
| ૭૦. | શ્રી જંવતરાજજી સોહનલાલજી બાફના | બેંગ્લોર |
| ૭૧. | શ્રી ધનરાજજી વિમલકુમારજી રુણવાલ | બેંગ્લોર |
| ૭૨. | શ્રી જગજીવનદાસ રતનશી બગડીયા | દામનગર (ગુજરાત) |
| ૭૩. | શ્રી સુગાલ એન્ડ દામાણી | નઈ દિલ્હી |
| ૭૪. | શ્રી ભીવરાજજી હજારીમલજી સાણ્ડેરાવવાળા | કોસમ્બા |
| ૭૫. | મે. મરુધર ઈલેક્ટ્રિકલ્સ<br>હસ્તે, શ્રી અક્ષયકુમાર પુષ્પેન્દ્રકુમાર સામસુખા - જોધપુરવાળા | મુંબઈ |
| ૭૬. | શ્રી વિજયરાજજી મહેતા | અમદાવાદ |





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

**દ્રવ્યાનુંયોગનું પ્રકાશન ચાર ભાગમાં થઈ રહ્યું છે. જેમાં કુલ ૪૭ અધ્યયનોનું વર્ણન છે.**

**આ અધ્યયનોની શરૂઆતમાં ડૉ. ધર્મચંદજી. જૈન જોધપુર નિવાસી દ્વારા લખાયેલ આમુખ તે અધ્યયનોનાં વિષય-વસ્તુને સ્પષ્ટ કરે છે. સાગરમલજીએ ઘણોજ પરિશ્રમ કરીને આ દ્રવ્યાનુયોગના મુખ્ય પ્રતિપાદ્ય વિષય જેમકે- ષડ્દ્રવ્ય, ઈન્દ્રિય, લેશ્યા, કષાય, કર્મસિદ્ધાન્ત ઈત્યાદિ વિષયોપર પોતાની સવિસ્તૃત ભૂમિકામાં વિશેષ પ્રકાશ પ્રતિપાદિત કરેલ છે. ડૉ. સાગરમલજીના ઘણા ખરાં પ્રશ્નો દાર્શનિક શૈલીમાં હોવાથી પાઠકને વિસ્તૃત સમાધાન પણ મળે છે. પ્રસ્તાવનામાં જૈન દર્શનની તત્ત્વ-મીમાંસાના પ્રાયઃ બધા પક્ષોનો સમાવેશ થયો છે.**

**આ પ્રસ્તુત પ્રસ્તાવના માત્ર દ્રવ્યાનુયોગના વિભિન્ન અધ્યયનોની વિષય-વસ્તુનેજ સ્પષ્ટ કરતી નથી. પરંતુ સંપૂર્ણ જૈન દર્શનની તત્ત્વ-મીમાંસાને પ્રસ્તુત કરે છે. આશા છે આનાથી વિદ્વજ્જનોને પ્રધાન સંપાદક જરૂર જ્ઞાનાર્જનનો લાભ થશે.**

જૈન આગમ સાહિત્યની વ્યાખ્યા અને તેમાં વર્ણિત વિષય-વસ્તુને મુખ્યતયા જે ચાર વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે, તે અનુયોગ કહેવાય છે. અનુયોગ ચાર છે -

૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ચરણકરણાનુયોગ અને ૪. ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાંથી જે અનુયોગના અંતર્ગત વિશ્વના મૂળભૂત તત્ત્વોના સ્વરૂપના સંબંધમાં જે વિવેચન મળે છે તેને દ્રવ્યાનુયોગ કહે છે. ખગોળ-ભૂગોળ સંબંધી વિવરણ ગણિતાનુયોગનો વિષય છે. ધર્મ અને સદાચરણ સંબંધી વિધિ -નિષેધોનું વિવેચન ચરણકરણાનુયોગ અંતર્ગત છે અને ધર્મ તેમજ નૈતિકતામાં આસ્થાને દૃઢ કરવા માટે સદાચારી, સત્પુરુષોનું જે કથાનક પ્રસ્તુત કરાય છે તે ધર્મકથાનુયોગ અંતર્ગત છે.

આમ બત્રીસ આગમોમાં ચાર અનુયોગનું વિભાજન આપણને એક વિશેષ રૂપમાં પ્રાપ્ત થયું છે. જેમાં દ્રવ્યાનુયોગનો વિષય તાત્વિક કે દાર્શનિક ચિંતનથી ભરેલો છે. અહીં અમે તેને ત્રણ ભાગોમાં વિભાજીત કરીએ છીએ. ૧. તત્ત્વ-મીમાંસા, ૨. જ્ઞાન-મીમાંસા અને ૩. આચાર-મીમાંસા. આ ત્રણમાંથી તત્ત્વ-મીમાંસા અને જ્ઞાન-મીમાંસા બન્ને દ્રવ્યાનુયોગના વિષયો છે. તત્ત્વ-મીમાંસા મુખ્ય રૂપે જગતના મૂળભૂત ઘટકો, ઉપાદાનો કે પદાર્થો અને તેના કાર્યોના વિવેચનનો વિસ્તાર છે. બીજી રીતે જોતા એમ જણાય છે કે તત્ત્વ-મીમાંસાનો આરંભ ત્યારે જ થયો હશે જ્યારે માનવમાં જગતના સ્વરૂપ અને તેના મૂળભૂત ઉપાદાન ઘટકોને જાણવાની જીજ્ઞાસા પ્રસ્ફુટિત થઈ હશે તથા તેણે પોતાના અને પોતાના પરિવેશના સંદર્ભમાં ચિંતન કર્યું હશે. એજ ચિંતન દ્વારા તત્વ-મીમાંસાનો પ્રાદુર્ભાવ થયો હશે. "હું કોણ છું" "ક્યાંથી આવ્યો છું" "આ જગત શું છે". કેવી રીતે તેનું નિર્માણ થયેલ છે, તે મૂળભૂત ઉપાદાન ઘટક શું છે, આ ક્યાં નિયમોથી નિયંત્રિત અને સંચાલિત થાય છે. એવા પ્રશ્નોના સમાધાન માટે જ જુદા-જુદા દર્શનોનું અને તેની તત્ત્વ-વિષયક ગવેષણાઓનો જન્મ થયો હશે. જૈન પરંપરામાં પ્રથમ અને પ્રાચીનતમ આગમ ગ્રંથ આચારાંગનો પ્રારંભ પણ આવા જ વિષયના ચિંતનથી પ્રાપ્ત થાય છે. "હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, આ શરીરનો પરિત્યાગ થવા પર ક્યાં જઈશ."[૧] પૂર્વજન્મ તથા પુનર્જન્મના સિદ્ધાંત દ્વારા જ દાર્શનિક ચિંતનનો વિકાસ થાય છે અને તત્ત્વ-મીમાંસાનો આવિર્ભાવ થાય છે.

તત્ત્વ-મીમાંસા વાસ્તવમાં વિશ્વના જ્ઞાનને જાણવાનો એક પ્રયાસ છે. આમાં જગતના મૂળભૂત ઉપાદાનો તથા કાર્યોનું વિવેચન જુદા-જુદા દૃષ્ટિકોણોથી કરવામાં આવે છે. વિશ્વના મૂળભૂત ઘટક જે પોતાના અસ્તિત્વના માટે કોઈ અન્ય ઘટક પર આશ્રિત નથી તથા જે ક્યારેય પણ પોતાના સ્વ-સ્વરૂપનો પરિત્યાગ કરતા નથી. તે સત્ અથવા દ્રવ્ય કહેવાય છે. વિશ્વના તાત્વિક આધાર અથવા મૂળભૂત ઉપાદાન જ સત્ અથવા દ્રવ્ય કહેવાય છે. આ પ્રમાણે દ્રવ્યોનું વિવેચન તેજ દ્રવ્યાનુયોગ છે.

---

૧. આચારાંગ, ૧/૧/૧/૧.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વના સંદર્ભમાં જૈનોના દૃષ્ટિકોણના આધારે આ વિશ્વ-અકૃત્રિમ છે. (लोगो अकिट्टिमो खलु........ मूलाचार, गाथा ૭/૨) આ લોકના કોઈ નિર્માતા કે સૃષ્ટિકર્તા નથી. અર્ધ-માગધી આગમ સાહિત્યમાં પણ લોકને શાશ્વત બતાવેલ છે. તેમાં કહ્યું છે કે આ લોક અનાદિકાળથી છે અને રહેશે. ઋષિભાષિતના અનુસાર લોકની શાશ્વતતાના આ સિદ્ધાંતનું પ્રતિપાદન ભગવાન પાર્શ્વનાથે કર્યું હતું. આગળ ચાલીને ભગવતીસૂત્રમાં મહાવીરે પણ આજ સિદ્ધાન્તનું અનુમોદન કર્યું છે.[1] જૈન દર્શન લોકને જ અકૃત્રિમ અને શાશ્વત માને છે. તેનું તાત્પર્ય એ છે કે લોકનો કોઈ રચયિતા તેમજ નિયામક નથી. તે સ્વાભાવિક છે અને અનાદિકાળથી ચાલતું આવ્યું છે, પરંતુ જૈનાગમોમાં લોકશાશ્વત છે જે એવું કહેવામાં આવ્યું છે એનો મતલબ એવો નથી કે એમાં કોઈ પરિવર્તન થતું જ નથી. વિશ્વના સંદર્ભમાં જૈન ચિંતક જે નિત્યતાનો સ્વીકાર કરે છે તે નિત્યતા કૂટસ્થ નિત્યતા નથી. પરિણામી નિત્યતા છે, અર્થાત્ તેઓ વિશ્વને પરિવર્તનશીલ માને છે અને એ પણ માત્ર પ્રવાહ કે પ્રક્રિયાની અપેક્ષાએ નિત્ય અથવા શાશ્વત માને છે.

ભગવતીસૂત્રમાં લોકના સ્વરૂપની ચર્ચા કરતાં લોકને પંચાસ્તિકાય રૂપ કહ્યા છે.[2] જૈન દર્શનમાં આ વિશ્વના મૂળભૂત ઉપાદાન પાંચ અસ્તિકાય દ્રવ્ય છે. ૧. જીવ (ચેતન તત્વ), ૨. પુદ્ગલ (ભૌતિક તત્વ), ૩. ધર્મ (ગતિનો નિયામક તત્વ), ૪. અધર્મ (સ્થિતિ નિયામક તત્વ) અને ૫. આકાશ (સ્થાન કે અવકાશ આપનાર તત્વ).

જાણવા મુજબ અહીં કાળને સ્વતંત્ર તત્વ માનેલ નથી. જો કે પરવર્તી જૈન વિચારકોએ કાળને પણ વિશ્વના પરિવર્તનના મૌલિક કારણના રૂપમાં કે વિશ્વમાં થનાર પરિવર્તનનોને નિયામક તત્વના રૂપમાં સ્વતંત્ર દ્રવ્ય માન્યુ છે. આની વિસ્તૃત ચર્ચા આગળ પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યોના પ્રસંગમાં કરાશે. અહીં આપણો પ્રતિપાદ્ય વિષય છે કે જે જૈન એ દાર્શનિક વિશ્વનાં મૂળભૂત ઉપાદાનોના રૂપમાં પંચાસ્તિકાયો અને ષડ્દ્રવ્યોની ચર્ચા કરે છે માટે અહીં વિશ્વના આ મૂળભૂત ઉપાદાનો દ્રવ્ય અથવા સત્‌ના રૂપમાં વિવેચન કરવામાં આવ્યું છે. દ્રવ્ય અથવા સત્ તે છે કે જે પોતેજ પરિપૂર્ણ, સ્વતંત્ર અને વિશ્વનું મૌલિક ઘટક છે. જૈન પરંપરામાં સામાન્ય રીતે સત્, તત્વ, પરમાર્થ, દ્રવ્ય, સ્વભાવ, પર-અપર ધ્યેય, શુદ્ધ અને પરમ આ બધાને એકાર્થક કે પર્યાયવાચી માન્યા છે. બૃહદનયચક્રમાં કહ્યું છે કે -

तत्तं तह परमट्ठं दव्वसहायं तहेव परमपरं । धेयं सुद्धं परम एयट्ठा हुंति अभिहणा ॥ बृहद्नयचक्र सु. ૪૧૧.

જૈનાગમોમાં વિશ્વના મૂળભૂત ઘટકના માટે અસ્તિકાય તત્વ અને દ્રવ્ય શબ્દોનો પ્રયોગ મળે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં અમને તત્વ અને દ્રવ્યના, સ્થાનાંગમાં અસ્તિકાય અને પદાર્થના, ઋષિભાષિત, સમવાયાંગ અને ભગવતીમાં અસ્તિકાયના ઉલ્લેખ મળે છે. આચાર્ય કુંદકુંદે અર્થ, પદાર્થ, તત્વ, દ્રવ્ય અને અસ્તિકાય આ બધા શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેથી એવું જણાય છે કે જૈન આગમયુગમાં તો વિશ્વના મૂળભૂત ઘટકોના માટે અસ્તિકાય, તત્વ, દ્રવ્ય અને પદાર્થ શબ્દોનો પ્રયોગ થયો હતો. "સત્" શબ્દનો પ્રયોગ આગમયુગમાં મળતો નથી.

ઉમાસ્વાતિ જ એક એવા આચાર્ય છે જેણે આગમિક દ્રવ્ય, તત્વ અને અસ્તિકાય શબ્દોની સાથે-સાથે દ્રવ્યના લક્ષણના રૂપમાં "સત્" શબ્દનો પ્રયોગ કર્યો છે. તેમજ અસ્તિકાય શબ્દ પ્રાચીન અને જૈન દર્શનનો પોતાનો વિશેષ પારિભાષિક શબ્દ છે. આમ જોઈએ તો એ શબ્દ અર્થની દૃષ્ટિએ સત્‌ની નજીક છે, કારણકે બન્ને અસ્તિત્વ લક્ષણના જ સૂચક છે. તત્વ, દ્રવ્ય અને પદાર્થ શબ્દના પ્રયોગ સાંખ્ય અને ન્યાય-વૈશેષિક દર્શનોમાં પણ મળે છે.

તત્વાર્થસૂત્ર (૫/૨૯)માં ઉમાસ્વાતીએ પણ દ્રવ્ય અને સત્ બન્નેને અભિન્ન બતાવેલ છે. અહીં આપણે સ્મરણ રાખવું જોઈએ કે સત્, પરમાર્થ, પરમતત્વ અને દ્રવ્ય સામાન્ય દૃષ્ટિએ પર્યાયવાચી છે. છતાં પણ વિશેષ દૃષ્ટિએ અને પોતાની વ્યુત્પત્તિલભ્ય અર્થની દૃષ્ટિએ ભિન્ન - ભિન્ન પણ છે. વેદ, ઉપનિષદ્ અને વેદાંત દર્શનની વિભિન્ન દાર્શનિક ધારાઓમાં સત્ શબ્દની પ્રધાનતા છે. ઋગ્વેદમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે "एकं सद् विप्रा बहुधा वदन्ति" અર્થાત્ સત્ (પરમતત્વ) એક જ છે. વિપ્ર (વિદ્વાન્) તેને અનેક અર્થમાં કહે છે પરંતુ બીજી તરફ સ્વતંત્ર ચિંતનના આધારે વિકસિત દર્શન પરંપરાઓમાં જેમ કે વિશેષરૂપે વૈશેષિક દર્શનમાં દ્રવ્ય શબ્દ પ્રમુખ રહ્યો છે. વ્યુત્પત્તિપરક અર્થની દૃષ્ટિએ જોતાં સત્ શબ્દ અસ્તિત્વનું અથવા પ્રકારાન્તરથી નિત્યતાનું અને દ્રવ્ય શબ્દ પરિવર્તનશીલતાનું સૂચક છે. સાંખ્ય તેમજ નૈયાયિકોએ આ શબ્દ માટે

---

૧. (ક) ઋષિભાષિત, ૩૧/૯ (ખ) ભગવતી, ૯/૩૩/૨૩૩.

૨. ભગવતી, ૨/૧૦/૧૨૪-૧૩૦.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્વ શબ્દનો પ્રયોગ કરેલ છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ન્યાયસૂત્રના ભાષ્યકારે પ્રમાણ આદિ ૧૬ તત્વોના માટે સત્ શબ્દનો પ્રયોગ કરેલ છે. છતાં એટલું સ્પષ્ટ છે કે ન્યાય અને વૈશેષિક દર્શનમાં ક્રમશઃ તત્વ અને દ્રવ્ય શબ્દ જ વધારે પ્રમાણમાં પ્રચલિત છે. સાંખ્યદર્શન પણ પ્રકૃતિ અને પુરુષ આ બન્નેને તથા આનાથી ઉત્પન્ન બુદ્ધિ, અહંકાર પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ તન્માત્રાઓ અને પાંચ મહાભૂતોને જ તત્ત્વ કહે છે. આ પ્રમાણે સ્વતંત્ર ચિંતનના જવાબમાં લગભગ દર્શન પરંપરાઓમાં તત્ત્વ, પદાર્થ, અર્થ અને દ્રવ્યનો પ્રયોગ મુખ્યપણે મળે છે. સામાન્યરૂપે તત્વ, પદાર્થ, અર્થ અને દ્રવ્ય શબ્દ પર્યાયવાચી રૂપમાં પ્રયુક્ત થાય છે. પરંતુ તાત્પર્યના કારણે જુદા-જુદા સ્વરૂપમાં પણ મનાય છે. તત્વ શબ્દ સર્વાધિક વ્યાપક છે. તેમાં પદાર્થ અને દ્રવ્યનો પણ સમાવેશ છે. ન્યાયદર્શનમાં જે તત્ત્વોને માન્યા છે તેમાં દ્રવ્યનો ઉલ્લેખ પ્રમેયના અંતર્ગત થયેલ છે. વૈશેષિક સૂત્રમાં દ્રવ્ય-ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ ષડ્પદાર્થ અને પ્રકારાન્તરથી અભાવને મેળવીને સાત પદાર્થ કહેવાય છે. આમાં દ્રવ્ય, ગુણ અને કર્મ આ ત્રણની જ અર્થ સંજ્ઞા છે. માટે આ સિદ્ધ છે કે અર્થની વ્યાપકતાની દૃષ્ટિએ તત્ત્વની અપેક્ષાએ અને પદાર્થની અપેક્ષાએ દ્રવ્ય અધિક સંકુચિત છે. તત્ત્વોમાં પદાર્થનો અને પદાર્થોમાં દ્રવ્યનો સમાવેશ થાય છે. સત્ શબ્દનો એથી પણ અધિક વ્યાપક અર્થમાં પ્રયોગ કરેલ છે. વાસ્તવમાં જે પણ અસ્તિત્વવાન્ છે તેનો સત્માં સમાવેશ થઈ જાય છે. માટે સત્ શબ્દ, તત્ત્વ, પદાર્થ, દ્રવ્ય આદિ શબ્દોની અપેક્ષાએ પણ વધારે વ્યાપક અર્થનો સૂચક છે.

ઉપર્યુક્ત વિવેચનથી એક નિષ્કર્ષ એવો પણ કાઢી શકાય છે કે જે દર્શનધારાઓ અભેદવાદ તરફ અગ્રેસર છે. તેઓની દૃષ્ટિમાં "સત્" શબ્દની પ્રમુખતા રહી છે અને જે ધારાઓ ભેદવાદની તરફ અગ્રેસર થઈ છે તેઓની દૃષ્ટિમાં "દ્રવ્ય" શબ્દની પ્રમુખતા રહી છે.

જ્યાં સુધી જૈન દાર્શનિકોનો પ્રશ્ન છે તેણે સત્ અને દ્રવ્યમાં એક અભિન્નતા દર્શાવી છે. તત્વાર્થભાષ્યમાં ઉમાસ્વાતિએ **"सत् द्रव्य लक्षणं"** કહીને બન્નેમાં અભેદ સ્થાપિત કરેલ છે. છતાંપણ અહીં એ સ્મરણ રહે છે કે જ્યાં "સત્" શબ્દ એક સામાન્ય સત્તાનું સૂચક છે. ત્યાં "દ્રવ્ય" શબ્દ વિશેષ સત્તાનું સૂચક છે. જૈન આગમોના ટીકાકાર અભયદેવસૂરિએ અને એના પૂર્વે તત્વાર્થભાષ્ય (૧) ૩૫) માં ઉમાસ્વાતિએ **"सर्व एकं सद् विशेषात्"** કહીને સત્ શબ્દથી બધા દ્રવ્યોના સામાન્ય લક્ષણનું અસ્તિત્વ સૂચવે છે. માટે અહીં સ્પષ્ટ છે કે સત્ શબ્દ અભેદ અથવા સામાન્યનો સૂચક છે અને દ્રવ્ય શબ્દ વિશેષનો, અહીં આપણે એટલુ યાદ રાખવુ જોઈએ કે જૈન દાર્શનિકોની દૃષ્ટિએ સત્ અને દ્રવ્ય શબ્દમાં તાદાત્મ્ય સંબંધ છે. સત્તાની અપેક્ષાએ તે અભિન્ન છે. તેને એક-બીજાથી પૃથક્ કરી શકાતા નથી. કારણ કે સત્ અર્થાત્ અસ્તિત્વના વગર દ્રવ્ય પણ થઈ શકતું નથી. બીજી તરફ દ્રવ્ય (સત્તા-વિશેષ)ના વગર સત્ની કોઈ સત્તા જ ન હોય. અસ્તિત્વ (સત્)ના વગર દ્રવ્ય અને દ્રવ્યના વગર અસ્તિત્વ ન હોય શકે. અસ્તિત્વ કે સત્તાની અપેક્ષાએ તો સત્ અને દ્રવ્ય બન્ને અભિન્ન છે. માટે જ ઉમાસ્વાતિએ સત્ને દ્રવ્યનું લક્ષણ કહ્યું છે અને એ પણ સ્પષ્ટ છે કે લક્ષણ અને લક્ષિત ભિન્ન-ભિન્ન થઈ શકતા નથી.

વાસ્તવમાં સત્ અને દ્રવ્ય બન્નેમાં વ્યુત્પત્તિપરક અર્થની અપેક્ષાએ જ ભેદ છે. અસ્તિત્વ કે સત્તાની અપેક્ષાએ ભેદ નથી. અહીં તેમના કેવળ વિચારોની અપેક્ષાએ જ ભેદ કરી શકાય છે. સત્તાની અપેક્ષાએ નહિં. સત્ અને દ્રવ્ય અન્યોન્યાશ્રિત છે, છતાંપણ વૈચારિક સ્તરપર આપણે એ માનવું જોઈએ કે સત્ જ એક એવું લક્ષણ છે જે વિભિન્ન દ્રવ્યોમાં અભેદની સ્થાપના કરે છે, છતાં આપણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે સત્ દ્રવ્યનું એક માત્ર લક્ષણ નથી. દ્રવ્યમાં અસ્તિત્વ સિવાયના અન્ય લક્ષણ પણ છે. જે એક દ્રવ્યને બીજાથી પૃથક્ કરે છે. અસ્તિત્વ લક્ષણની અપેક્ષાએ બધા દ્રવ્ય એક છે. છતાં અન્ય લક્ષણોની અપેક્ષાએ તે એક બીજાથી પૃથક્ પણ છે. જેમ ચેતનાં લક્ષણ જીવ અને અજીવમાં ભેદ કરે છે. સત્તામાં સત્ લક્ષણની અપેક્ષાએ અભેદ અને અન્ય લક્ષણોથી ભેદ માનવુ એજ જૈન દર્શનના અનેકાંતિક દૃષ્ટિની વિશેષતા છે.

અર્ધ-માગધી આગમ સ્થાનાંગ અને સમવાયાંગમાં એક સ્થાને અભેદ-દૃષ્ટિના આધારે જીવ દ્રવ્યને એક કહ્યો છે.[૧] ત્યાં બીજા સ્થાને ઉત્તરાધ્યયનમાં ભેદ-દૃષ્ટિએ જીવ દ્રવ્યના ભેદ પણ કરવામાં આવ્યા છે.[૨]

૧. एगे आया, - સ્થાનાંગ, ૧/૧

૨. ઉત્તરાધ્યયન, ૩૬/૪૮-૨૧૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન દાર્શનિકોનો એક એ પણ પ્રશ્ન છે કે તેઓ સત્ અને દ્રવ્ય બન્ને શબ્દોને ન કેવળ સ્વીકાર કરે છે, પરંતુ તેને એક-બીજાથી સમન્વિત પણ કરે છે. અહીં આપણે સર્વ પ્રથમ સત્‌ના સ્વરૂપનું વિશ્લેષણ કરીશું, ત્યારબાદ દ્રવ્યોની ચર્ચા કરીશું. તથા અંતમાં તત્ત્વોના સ્વરૂપ ઉપર વિચાર કરીશું.

**સત્‌નું સ્વરુપ :** પૂર્વેની સુચનાનુસાર જૈન દાર્શનિકોએ સત્, તત્વ અને દ્રવ્ય આ ત્રણેયને પર્યાયવાચી માન્યા છે. છતાં શાબ્દિક અર્થની દષ્ટિએ આ ત્રણેયમાં અંતર છે. સત્ એક એવું સામાન્ય લક્ષણ છે. જે બધા જ દ્રવ્યો અને તત્વોમાં મળે છે તથા દ્રવ્યોના ભેદમાં પણ અભેદની જ પ્રધાનતા ધરાવે છે. જ્યાં તત્વનો પ્રશ્ન ઉભો થાય છે ત્યાં ભેદ અને અભેદ બન્નેને અથવા સામાન્ય અને વિશેષ બન્નેનો સ્વીકાર કરવામાં આવે છે. સત્‌માં કોઈ ભેદ કરી શકાતો નથી, જ્યારે તત્વમાં ભેદ કરી શકાય છે. જૈન આચાર્યોએ તત્ત્વોની ચર્ચાના પ્રસંગે ન કેવળ જડ અને ચેતન દ્રવ્યો અર્થાત્ જીવ અને અજીવની જ ચર્ચા કરી છે, પરંતુ આશ્રવ, સંવર આદિ તેના પારસ્પરિક સંબંધોની પણ ચર્ચા કરી છે. તત્ત્વની દષ્ટિએ કેવળ જીવ અને અજીવમાં ભેદ માન્યા છે. પરંતુ જીવોમાં પણ પરસ્પર ભેદ માન્યા છે, તથા બીજી તરફ આશ્રવ, બંધ આદિના પ્રસંગમાં તેના તાદાત્મ્ય કે અભેદનો પણ સ્વીકાર કર્યો છે, અહીં જ્યાં સુધી "દ્રવ્ય" શબ્દનો પ્રશ્ન છે. તે સામાન્ય હોવા છતાં પણ દ્રવ્યોની લક્ષણગત વિશેષતાઓના આધારે તેના ભેદ થાય છે. "સત્" શબ્દ સામાન્યાત્મક છે, તત્ત્વ શબ્દ સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે અને દ્રવ્ય વિશેષાત્મક છે. બીજી દષ્ટિએ સત્ શબ્દ સત્તાના અપરિવર્તનશીલ પક્ષનો, દ્રવ્ય શબ્દ પરિવર્તનશીલ પક્ષનો અને તત્વ શબ્દ ઉભય-પક્ષનો સૂચક છે. જૈનોના નયોની પારિભાષિક શબ્દાવલીમાં કહેવામાં આવે તો સત્ શબ્દ સંગ્રહનયનો, તત્ત્વ નૈગમનયનો અને દ્રવ્ય શબ્દ વ્યવહારનયનો સૂચક છે. સત્ અભેદાત્મક છે, તત્ત્વ ભેદાભેદાત્મક છે અને દ્રવ્ય શબ્દ ભેદાત્મક છે. જૈન દર્શન ભેદ, ભેદાભેદ અને અભેદ ત્રણેયનો સ્વીકાર કરે છે, માટે તેઓએ પોતાની ચિંતનધારામાં આ ત્રણેયને સ્થાન આપેલ છે. આ ત્રણેય શબ્દોમાં આપણે સર્વ પ્રથમ સત્‌ના સ્વરૂપના સંબંધમાં વિચારીશું. યદ્યપિ વ્યુત્પત્તિપરક અર્થની દષ્ટિએ જોતા સત્ શબ્દ સત્તાના અપરિવર્તનશીલ, સામાન્ય અને અભેદાત્મક પક્ષનો સૂચક છે. છતાં પણ સત્‌ના સ્વરૂપને લઈને ભારતીય દાર્શનિકોમાં મતૈક્ય નથી. કોઈ તેને અપરિવર્તનશીલ માને છે તો કોઈ તેને પરિવર્તનશીલ, કોઈ તેને એક કહે છે, તો કોઈ અનેક કોઈ તેને ચેતન માને છે તો કોઈ તેને જડ વસ્તુતઃ સત્ પરમ તત્વ કે પરમાર્થના સ્વરૂપ સંબંધી આ વિભિન્ન દષ્ટિકોણોના મૂળમાં મુખ્ય પણે ત્રણ પ્રશ્નો વિશેષ છે. પ્રથમ પ્રશ્ન તેના એકત્વ અથવા અનેકત્વનો છે. બીજા પ્રશ્નનો સંબંધ તેના પરિવર્તનશીલ કે અપરિવર્તનશીલથી સંબંધ ધરાવે છે. ત્રીજા પ્રશ્નનો સંબંધ તેના ચિત્ કે અચિત્ હોવાથી છે. જાણવા મુજબ લગભગ ભારતીય દર્શનોએ ચિત્- અચિત્, જડ-ચેતન કે જીવ-અજીવ બન્ને તત્ત્વોનો સ્વીકાર કરેલ છે. માટે આ પ્રશ્ન વધારે ચર્ચાનો વિષય નથી. છતાંપણ આ બધા પ્રશ્નોના આપેલ ઉત્તરોના પરિણામ સ્વરૂપ ભારતીય ચિંતનમાં સત્‌ના સ્વરુપમાં વિવિધતા આવી છે.

**સત્‌ના પરિવર્તનશીલ કે અપરિવર્તનશીલ થવાનો પ્રશ્ન :**

સત્‌ના પરિવર્તનશીલ અથવા અપરિવર્તનશીલ સ્વરૂપના સંબંધમાં બે અતિવાદી અવધારણાઓ છે. એક ધારણા એ છે કે સત્ નિર્વિકાર અને અવ્યય છે. ત્રણે કાળમાં તેમાં કોઈ પરિવર્તન થતું નથી. અહીં વિચારકોનું માનવું એ છે કે જે પરિવર્તન થાય છે તે સત્ ન હોઈ શકે. પરિવર્તનનો અર્થ એ જ છે કે પૂર્વ અવસ્થાની સમાપ્તિ અને જીવન અવસ્થાનો ગ્રહણ. આગળ એ દાર્શનિકોનું કહેવું છે કે જેમાં ઉત્પાદ અને વ્યયની પ્રક્રિયા હોય તેને સત્ ન કહી શકાય. જે અવસ્થાન્તરને પ્રાપ્ત થાય તેને સત્ કેવી રીતે કહેવાય ? આ સિદ્ધાન્તના વિરોધમાં જે સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યું તે સત્‌ના પરિવર્તનશીલતાનો સિદ્ધાન્ત છે. અહીં વિચારકોના અનુસાર પરિવર્તનશીલ અથવા અર્થક્રિયાકારિત્વનું સામર્થ્ય જ સત્‌નું લક્ષણ છે. જે ગતિશીલ નથી અથવા બીજા શબ્દોમાં જે અર્થક્રિયાકારિત્વની શક્તિથી હીન છે તેને સત્ ન કહી શકાય. અહીં અનેક ભારતીય દાર્શનિક ચિંતનના પ્રશ્ન ઉભા થાય છે. કેટલાક ઔપનિષદિક ચિંતકો અને શંકરનું અદ્વૈત વેદાંત સત્‌ના અપરિવર્તનશીલ થવાના પ્રથમ સિદ્ધાન્તના પ્રબલ સમર્થકો છે. આચાર્ય શંકરના અનુસાર સત્ નિર્વિકાર અને અવ્યય છે. તે ઉત્પાદ અને વ્યય બન્નેથી રહિત છે. એથી વિપરીત બીજો સિદ્ધાંત બૌદ્ધદાર્શનિકોનો છે. તેઓ એક મતથી સ્વીકાર કરે છે કે સત્‌નું લક્ષણ અર્થક્રિયાકારિત્વ છે. ઉત્પત્તિ અને વિનાશની પ્રક્રિયાથી પૃથક્ કોઈ વસ્તુ સત્ થઈ શકતી નથી. ભારતીય ચિંતકોમાં સાંખ્ય દાર્શનિકોનો પણ આ બાબતમાં પ્રશ્ન છે. તેઓ ચિત્ તત્વ કે પુરુષને અપરિવર્તનશીલ કે કૂટસ્થનિત્ય માને છે. પરંતુ તેઓની દષ્ટિમાં પ્રકૃતિ કૂટસ્થનિત્ય નથી. તે પરિવર્તનશીલ તત્વ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ પ્રમાણે સાંખ્ય દાર્શનિક પોતાના દ્વારા સ્વીકૃત બે તત્ત્વોમાં એક ને પરિવર્તનશીલ અને બીજાને અપરિવર્તનશીલ માને છે.

વાસ્તવમાં સત્‌ને નિર્વિકાર અને અવ્યય માનવામાં સૌથી મોટો વિરોધ એ છે કે એમના મતાનુસાર તેઓને જગત્ મિથ્યા કે અસત્ જ માનવું પડે, કારણકે આપણું અનુભવેલુ જગત તો પરિવર્તનશીલ જ છે. એમાં કંઈપણ એવું જણાતુ નથી જે પરિવર્તનથી રહિત હોય. વ્યક્તિ, સમાજ કે ભૌતિક પદાર્થ બધાજ પ્રતિક્ષણ બદલતા રહે છે. સત્‌ને નિર્વિકાર અને અવ્યય માનવાનો અર્થ એ છે કે જગતના અનુભવોની વિવિધતાને નકારવો અને કોઈપણ વિચારક અનુભવાત્મક પરિવર્તનશીલને નકારી ન શકે. ચાહે આચાર્ય શંકર જેવા પણ જોરથી આ વાતને કહેતા હોય કે નિર્વિકાર બ્રહ્મ જ સત્ય છે અને પરિવર્તનશીલ જગત મિથ્યા છે. પરંતુ અનુભવીઓના અનુભવમાં કોઈપણ વિચારક આનો સ્વીકાર કરી શકતા નથી. અનુભવીઓના અનુભવમાં જે પરિવર્તનશીલનો અનુભવ છે તેને ક્યારે પણ નકારી ન શકાય. જો સત્ ત્રણે કાળમાં અવિકારી અને અપરિવર્તનશીલ હોય તો પછી વૈયક્તિક જીવો અથવા આત્માઓના બંધન અને મુક્તિની વ્યાખ્યા પણ અર્થહીન થઈ જશે. ધર્મ અને નૈતિકતા બન્નેનું દર્શનમાં કાંઈ સ્થાન રહેશે નહી. જે સત્‌ને અપરિણામી માન છે. જેવી રીતે જીવનમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થા આવે છે, તેવી જ રીતે સત્તામાં પણ પરિવર્તન ઘટિત થાય છે. આજ અમારું એ અનુભવી વિશ્વ નથી જે હજારવર્ષ પહેલા હતું. તેમાં પ્રતિક્ષણ પરિવર્તન થતું રહે છે. કેવળ જગતમાં જ નહિ પરંતુ અમારા વૈયક્તિક જીવનમાં પણ પરિવર્તન થતુ રહે છે. માટે અસ્તિત્વ કે સત્તાના સંબંધમાં અપરિવર્તનશીલતાની અવધારણા યોગ્ય નથી.

અહીં બીજી દૃષ્ટિએ જોઈએ તો સત્‌ને ક્ષણિક કે પરિવર્તનશીલ માનીએ તો પણ કર્મફળ કે નૈતિક ઉત્તરદાયિત્વની વ્યાખ્યા સંભવી શકતી નથી. જો પ્રત્યેક ક્ષણ સ્વતંત્ર છે તો પછી અમે નૈતિક ઉત્તરદાયિત્વની વ્યાખ્યા કરી શકતા નથી. જે વ્યક્તિ અથવા વસ્તુ પોતાના પૂર્વક્ષણની અપેક્ષાએ ઉત્તરક્ષણમાં પૂર્ણતઃ બદલાય જાય તો પછી આપણે કોઈને પૂર્વમાં કરેલ ચોરી આદિ કાર્યોના માટે કેવી રીતે ઉત્તરદાયી બનાવી શકાય ?

સૈદ્ધાંતિક દૃષ્ટિએ જૈન દાર્શનિકોનું આ ધારણાથી વિપરીત એવું કહેવું છે કે ઉત્પત્તિ વગર નાશ અને નાશ વગર ઉત્પત્તિ સંભવ નથી. બીજા શબ્દોમાં પૂર્વપર્યાયના નાશ વગર ઉત્તર-પર્યાયની ઉત્પત્તિ સંભવ નથી. પરંતુ ઉત્પત્તિ અને નાશ બન્નેનો આશ્રય કોઈ વસ્તુતત્ત્વ હોવા જોઈએ. એકાન્તનિત્ય વસ્તુતત્ત્વ પદાર્થમાં પરિવર્તન સંભવ નથી. અને જો પદાર્થોને એકાન્ત ક્ષણિક માનવામાં આવે તો પરિવર્તન કોનું થાય એ કહી શકાતુ નથી. આચાર્યસમંતભદ્રે **આપ્ત-મીમાંસા**માં આ દૃષ્ટિકોણની સમાલોચના કરતા કહ્યું છે કે "એકાન્ત ક્ષણિકવાદમાં પ્રેત્યભાવ અર્થાત્ પુનર્જન્મ અસંભવ ગણાશે અને પ્રત્યભાવના અભાવમાં પુણ્ય પાપના પ્રતિફળ અને બંધનમુક્તિની અવધારણાઓ પણ સંભવી શકાશે નહિ. બીજી રીતે એકાન્ત ક્ષણિકવાદમાં પ્રત્યભિજ્ઞા પણ સંભવ નથી અને પ્રત્યભિજ્ઞાના અભાવમાં કાર્યારંભ જ ન થાય. પછી ફળ ક્યાંથી ?[1] આ પ્રમાણે આમાં બંધન-મુક્તિ અને પુનર્જન્મનું કોઈ સ્થાન જ નથી. **"યુક્ત્યનુશાસન"**માં કહ્યું છે કે- 'ક્ષણિકવાદ સંવૃત્તિ સત્યના રૂપમાં પણ બંધન-મુક્તિ આદિની સ્થાપના કરી શકાતી નથી. કારણ કે તેઓની દૃષ્ટિમાં પરમાર્થ કે સત્ નિઃસ્વભાવ છે. જો પરમાર્થ નિઃસ્વભાવ છે તો પછી વ્યવહારનું વિધાન કેવી રીતે થશે.[2] આચાર્ય હેમચંદ્રે **"અન્યયોગવ્યવચ્છેદિકા"**માં ક્ષણિકવાદ પર પાંચ આક્ષેપ બતાવ્યા છે. - ૧. કૃત-પ્રણાશ, ૨. અકૃત-ભોગ, ૩. ભવ-ભંગ, ૪. પ્રમોક્ષ-ભંગ અને ૫. સ્મૃતિ-ભંગ.[3] જો કોઈ નિત્ય સત્તા જ નથી અને પ્રત્યેક સત્તા ક્ષણજીવી છે તો પછી વ્યક્તિ દ્વારા કરેલ કર્મનું ફળભોગ કેવી રીતે સંભવ થશે ? કારણ કે ફળભોગના માટે કર્તત્વકાળ અને ભોગકૃત્વ કાળમાં તે જ વ્યક્તિનું હોવું આવશ્યક છે. અન્યથા કાર્ય કોઈ કરશે અને ફળ કોઈ ભોગવશે ? એટલે કે એકાન્ત ક્ષણિકવાદમાં અધ્યયન કોઈ કરશે. પરીક્ષા કોઈ દેશે અને તેનું પ્રમાણ-પત્ર કોઈ બીજાને મળશે. એ પ્રમાણ-પત્રના આધાર પર નોકરી બીજો કોઈ વ્યક્તિ પ્રાપ્ત કરશે અને જે પગાર (ધનપ્રાપ્તિ) મળશે તે બીજા કોઈને મળશે. આ પ્રમાણે ઋણ કોઈ અન્ય વ્યક્તિ લેશે અને તેનું ભુગતાન કોઈ અન્ય વ્યક્તિને કરવું પડશે.

---

૧. આપ્ત-મીમાંસા - સમન્તભદ્ર, ૪૦ - ૪૧

૨. યુકત્યનુશાસન - ૧૫ - ૧૬.

૩. અન્યયોગવ્યવચ્છેદિકા, સ્યાદ્વાદમંજરી નામક ટીકા સહિતકારિકા - ૧૮.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું સત્ય છે કે બૌદ્ધ દર્શનમાં સત્‌ના અનિત્ય અને ક્ષણિક સ્વરૂપ પર અધિક બળ આપેલ છે. એ પણ સત્ય છે કે ભગવાન બુદ્ધ સત્‌ને એક પ્રક્રિયા (Process) ના રૂપમાં જુવે છે. એમની દૃષ્ટિમાં વિશ્વમાત્ર એક પ્રક્રિયા છે. તે પ્રક્રિયા (પરિવર્તનશીલતા)થી પૃથક્ કોઈ સત્તા નથી. એમનું કહેવું છે કે ક્રિયા છે પરંતુ ક્રિયાથી પૃથક્ કોઈ કર્તા નથી. આ પ્રમાણે પ્રક્રિયાથી અલગ કોઈ સત્તા નથી. અહીં આપણે યાદ રાખવું જોઈએ કે બૌદ્ધ દર્શનના આ મંતવ્યોનો આશ્રય એકાન્ત ક્ષણિકવાદ કે ઉચ્છેદવાદ નથી. આલોચકોએ તેને ઉચ્છેદવાદ સમજીને જે આલોચના પ્રસ્તુત કરેલ છે, ચાહે ઉચ્છેદવાદના સંદર્ભમાં સંગત હોય પરંતુ બૌદ્ધ દર્શનના સંબંધમાં નિતાન્ત અસંગત છે. બુદ્ધ સત્‌ના પરિવર્તનશીલ પક્ષપર બળ આપે છે. પરંતુ આ આધાર પર તેઓને ઉચ્છેદવાદના સમર્થક ન કહી શકાય. બુદ્ધના આ કથનનું "ક્રિયા છે", "કર્તા નથી" તેનો આશય એવો નથી કે તેઓ કર્તા કે ક્રિયાશીલ તત્વનો નિષેધ કરે છે. તેમના કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે ક્રિયાથી ભિન્ન કર્તા નથી. સત્તા અને પરિવર્તનમાં પૂર્ણ તાદાત્મ્ય છે. સત્તાથી ભિન્ન પરિવર્તન અને પરિવર્તનથી ભિન્ન સત્તાની સ્થિતિ નથી. પરિવર્તન અને પરિવર્તનશીલ અન્યોન્યાશ્રિત છે. બીજા શબ્દોમાં તે સાપેક્ષ છે. નિરપેક્ષ નથી. વસ્તુતઃ બૌદ્ધ દર્શનનો સત્ સંબંધી આ દૃષ્ટિકોણ જૈન દર્શન સાથે સરખાવતા એક નિષ્કર્ષ સુધી પહોંચી શકાય છે. બૌદ્ધ દર્શનમાં સત્તાને અનુચ્છેદ અને અશાશ્વત કહ્યું છે. અર્થાત્ તેઓ તેને નથી એકાન્તે અનિત્ય માનતા કે નથી એકાન્તે નિત્ય માનતા એમના કહ્યા મુજબ સત્તા અનિત્ય નથી તેમજ નિત્ય પણ નથી.

જ્યારે જૈન દાર્શનિકોની અપેક્ષાએ સત્તા નિત્યાનિત્યની માન્યતા ધરાવે છે. અહીં બન્ને પરંપરાઓમાં જે અંતર આપણે જોઈએ છે તે અંતર નિષેધાત્મક અથવા સ્વીકારાત્મક ભાષાશૈલીનો અંતર છે બુદ્ધ અને મહાવીરના કથનનું મૂળ 'ઉત્સ' એક બીજાથી એટલુ જુદું નથી, જેટલું કે અમે તેને માની લઈએ છીએ. ભગવાન બુદ્ધના સત્‌ના સ્વરૂપ સંબંધમાં યથાર્થતા શું હતી, એની વિસ્તૃત ચર્ચા અમે "જૈન બૌદ્ધ અને ગીતાના આચાર દર્શનોનું તુલનાત્મક અધ્યયન" ભાગ-૧ (પૃ.૧૯૨- ૧૯૪)માં કરેલ છે. ઈચ્છુક પાઠક તેને ત્યાં જોઈ શકે છે. સત્‌ના સ્વરૂપના સંબંધમાં પ્રસ્તુત વિવેચનનો મૂળ ઉદ્દેશ્ય માત્ર એટલો છે કે સત્‌ને અવ્યય કે અપરિવર્તનશીલ માનવું એ એકાન્ત પક્ષ અને સત્‌ને પરિવર્તનશીલ કે ક્ષણિક માનવું એ એકાન્ત પક્ષ જૈન વિચારકોને સ્વીકાર નથી. એજ પ્રમાણે સત્‌ના સંબંધમાં એકાન્ત અભેદવાદ અને એકાન્ત ભેદવાદ પણ એમને માન્ય નથી.

**સત્‌ના સંબંધમાં જૈન દૃષ્ટિકોણ :**

સત્‌ના સંબંધમાં બે દૃષ્ટિકોણ છે - 'એકાન્ત પરિવર્તનશીલતા અને એકાન્ત અપરિવર્તનશીલતા. એ બન્નેમાંથી કોઈ એકને અપનાવીએ તો પણ 'નથી વ્યવહાર જગતની વ્યાખ્યા સંભવ કે નથી ધર્મ કે નૈતિકતા માટે કોઈ સ્થાન'. માટે જ આચારમાર્ગીય પરંપરાના પ્રતિનિધિ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે તેનો પરિત્યાગ આવશ્યક સમજ્યો. મહાવીરની વિશેષતા એ છે કે તેઓએ એકાન્ત શાશ્વતવાદનો અને એકાન્ત ઉચ્છેદવાદનો પરિત્યાગ જ નથી કર્યો પરંતુ પોતાની અનેકાંતવાદી અને સમન્વયવાદી પરંપરાના અનુસાર એ બન્ને વિચારધારાઓમાં સામંજસ્ય સ્થાપિત કર્યો છે. પરંપરાગત દૃષ્ટિએ એવું મનાય છે કે ભગવાન મહાવીરે કેવળ "उपन्नेइ वा, विगमेइ वा, धुव्वेइ वा" આ ત્રિપદીનો ઉપદેશ આપ્યો હતો. સમસ્ત જૈન દાર્શનિક વાઙ્મયનો વિકાસ એ જ ત્રિપદીના આધારે સ્થપાયો છે. માટે પરમાર્થ કે સત્‌ના સ્વરૂપના સંબંધમાં મહાવીરનું ઉપર દર્શાવેલ વર્ણન જ જૈન દર્શનનું કેન્દ્રીય તત્વ છે.

સિદ્ધાંત પ્રમાણે વિચારતા ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય ત્રણે સત્‌ના લક્ષણ છે. તત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિએ સત્‌ને પરિભાષિત કરતાં કહ્યું છે કે સત્ ઉત્પાદ, વ્યય ધ્રૌવ્યાત્મક છે. (તત્વાર્થ, અ. ૫, સુ. ૨૯) ઉત્પાદ અને વ્યય સત્‌ના પરિવર્તનશીલ પક્ષને બતાવે છે. તો ધ્રૌવ્ય તેના અવિનાશી પક્ષને. સત્‌નો ધ્રૌવ્ય ગુણ ઉત્પત્તિ અને વિનાશના આધારે છે. બન્નેના મધ્ય યોજક કડીનો આધાર પણ એજ છે. એ પણ સત્ય છે કે વિનાશના માટે ઉત્પત્તિ અને ઉત્પત્તિના માટે વિનાશ આવશ્યક છે. પરંતુ ઉત્પત્તિ અને વિનાશ બન્ને માટે એવા આધારભૂત તત્ત્વની આવશ્યકતા હોય છે. જેમાં ઉત્પત્તિ અને વિનાશની આ પ્રક્રિયા ઘટિત થાય છે. જો અમે ધ્રૌવ્ય પક્ષનો અસ્વીકાર કરીએ તો ઉત્પત્તિ અને વિનાશ પરસ્પર અસંબંધિત થઈ જશે અને સત્તા અનેક ક્ષણિક અને અસંબંધિત ક્ષણજીવી તત્વોમાં વિભક્ત થઈ જશે. આમ પરસ્પર અસંબંધિત ક્ષણિક સત્તાઓની અવધારણાથી વ્યક્તિત્વની એકાત્મકતાનો જ વિચ્છેદ થઈ જશે. જેના અભાવમાં નૈતિક ઉત્તરદાયિત્વ અને કર્મફળ - વ્યવસ્થા જ અર્થવિહીન થઈ જશે. આ પ્રમાણે એકાંતે ધ્રૌવ્યતાનો સ્વીકાર કરવાથી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ જગતમાં ચાલી રહેલા ઉત્પત્તિ અને વિનાશના ક્રમને સમજાવી નથી શકાતું. જૈન દર્શનમાં સત્‌ના પરિવર્તનશીલ પક્ષને 'દ્રવ્ય' અને 'ગુણ' તથા પરિવર્તનશીલ પક્ષને 'પર્યાય' કહેવાય છે. માટે દ્રવ્ય અને પર્યાયના સંબંધમાં આગળ આપણે ચર્ચા કરીશું.

**દ્રવ્યની પરિભાષા :**

ઉપર પૂર્વમાં આ સૂચના કરવામાં આવી છે કે જૈન પરંપરામાં સત્ અને દ્રવ્યને પર્યાયવાચી મનાય છે. એટલું જ નહીં, સત્‌ના સ્થાને "દ્રવ્ય"ની જ પ્રમુખતા મનાય છે. આગમોમાં સત્‌ના સ્થાને "અસ્તિકાય" અને "દ્રવ્ય" આ બે શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. જે અસ્તિકાય છે, તે દ્રવ્ય જ છે. સર્વ પ્રથમ દ્રવ્યની પરિભાષા ઉત્તરાધ્યયન સૂત્રમાં મળે છે. તેમાં "गुणानां आसवो दव्वो" કહીને ગુણોના આશ્રય સ્થળને દ્રવ્ય કહ્યો છે. અહીં પરિભાષામાં દ્રવ્યનો સંબંધ ગુણોથી મનાયો છે. પરંતુ પૂર્વ ગાથામાં એવું પણ કહ્યું છે કે દ્રવ્ય, ગુણ અને પર્યાયો બધાનું જ્ઞાન જ્ઞાનીઓના જ્ઞાનમાં અર્થાત્ કેવળીગમ્ય જાણવું. ઉત્તરાધ્યયનસૂત્ર (અ. ૨૮, ગા. ૬)માં એ પણ મનાય છે કે ગુણ દ્રવ્યના આશ્રિત રહે છે અને પર્યાય ગુણ અને દ્રવ્ય બન્નેના આશ્રિત રહે છે. માટે આ પરિભાષાનો તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરતાં એવું જણાય છે કે 'દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં આશ્રય-આશ્રયી સંબંધ મનાય છે. આ પરિભાષા ભેદવાદી ન્યાય અને વૈશેષિક દર્શનને મળતી આવે છે. દ્રવ્યની બીજી પરિભાષા "गुणानां समूहो दव्वो" ના રૂપમાં પણ કહી છે. આ પરિભાષાનું સમર્થન તત્ત્વાર્થસૂત્રની "सर्वार्थसिद्धि" નામક ટીકા (૫/૨/૨૬૭/૪) માં આચાર્ય પૂજ્યપાદે કરેલ છે. એમાં "દ્રવ્યને ગુણોનો સમુદાય" કહ્યો છે. જ્યાં પ્રથમ પરિભાષા દ્રવ્ય અને ગુણમાં આશ્રય - આશ્રયી સંબંધ દ્વારા ભેદનો સંકેત કરે છે, ત્યાં આ બીજી પરિભાષા ગુણ અને દ્રવ્યમાં અભેદ સ્થાપિત કરે છે. તુલનાત્મક દૃષ્ટિએ વિચારતા એવું જણાય છે કે જેમ પ્રથમ પરિભાષા વૈશેષિક સૂત્રકાર મહર્ષિ કણાદને મળતી આવે છે, ત્યારે બીજી પરિભાષા બૌદ્ધ પરંપરાના દ્રવ્ય લક્ષણને વધારે મળતી આવે છે. કારણ કે બીજી પરિભાષાના અનુસાર ગુણોથી પૃથક્ દ્રવ્યનું કોઈ અસ્તિત્વ નથી મનાતુ તથા આ બીજી પરિભાષામાં ગુણોના સમુદાય કે સ્કંધને જ દ્રવ્ય કહેવાય છે. આ પરિભાષા ગુણથી અલગ દ્રવ્યની સત્તા ન માનતા ગુણોના સમુદાયને જ દ્રવ્ય માની લે છે. આ પ્રમાણે જોતા બન્ને પરિભાષાઓનો જૈન ચિંતનધારાના અનુરુપ જ વિકાસ હોવા છતાંપણ એક તરફ વૈશેષિક દર્શનનો અને બીજી તરફ બૌદ્ધ દર્શનનો પ્રભાવ છે. વિશેષ રૂપમાં બંને પરિભાષાએ જૈનદર્શનની અનેકાન્તિક દૃષ્ટિનો પૂર્ણ પરિચય આપી શકતી નથી. કારણકે એકમાં દ્રવ્ય અને ગુણમાં ભેદ મનાય છે તો બીજામાં અભેદ, જ્યારે જૈનનો દૃષ્ટિકોણ ભેદ-અભેદ મૂલક છે. ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રમાં સર્વાર્થસિદ્ધિમાન્ય પાઠમાં "सत् द्रव्य लक्षण" (૫/૨૯) કહીને સત્‌ને દ્રવ્યનું લક્ષણ બતાવેલ છે. આ પરિભાષાથી એમ સાબિત થાય છે કે દ્રવ્યનું મુખ્ય લક્ષણ અસ્તિત્વ છે. જે અસ્તિત્વવાન્ છે તે જ દ્રવ્ય છે. આ આધારે એવું કહેવાય છે કે જે ત્રણે કાળમાં પોતાના સ્વભાવનો પરિત્યાગ ન કરે તેને જ સત્ કે દ્રવ્ય કહી શકાય છે. તત્વાર્થસૂત્ર (૫/૨૯)માં ઉમાસ્વાતિએ એક તરફ દ્રવ્યનું લક્ષણ સત્ બતાવ્યું તો બીજી તરફ સત્‌ને ઉત્પાદ-વ્યય, ધ્રૌવ્યાત્મક બતાવ્યું. એ માટે દ્રવ્યને પણ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યાત્મક કહી શકાય છે. સાથે જ ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્ર (૫-૩૮)માં દ્રવ્યનું પરિભાષિત કરતાં તેને ગુણ, પર્યાયથી યુક્ત પણ કહ્યું છે. આચાર્ય કુંદકુંદે "पंचास्तिकायसार" અને "प्रवचनसार" માં આ જ બન્ને લક્ષણોને મેળવીને દ્રવ્યને પરિભાષિત કરેલ છે. "पंचास्तिकायसार" (૧૦)માં તે કહે છે કે "દ્રવ્ય સત્ લક્ષણવાળા છે." એ જ પરિભાષાને વધારે સ્પષ્ટ કરતા પ્રવચનસાર (૯૫-૯૬)માં તેઓ કહે છે. "જે અપરિત્યક્ત સ્વભાવવાળા ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત તથા ગુણ પર્યાય સહિત છે, તેને દ્રવ્ય કહેવાય છે." આ પ્રમાણે કુંદકુંદે દ્રવ્યની પરિભાષાના સંદર્ભમાં ઉમાસ્વાતિના બધા લક્ષણોનો સ્વીકાર કરેલ છે. તત્વાર્થસૂત્રકાર ઉમાસ્વાતિની વિશેષતા એક એ પણ છે કે તેઓ "गुण पर्यायवत् द्रव्य" કહીને જૈન દર્શનના ભેદ-અભેદવાદને પુષ્ટ કરે છે. યદ્યપિ તત્વાર્થસૂત્રમાં દ્રવ્યની આ પરિભાષા પણ વૈશેષિક સૂત્રના "द्रव्यगुणकर्मभ्योऽर्थान्तरं सत्ता" (૧/૨/૮) નામક સૂત્રને મળતી જ સિદ્ધ થાય છે. ઉમાસ્વાતિએ એજ સૂત્રમાં કર્મના સ્થાને પર્યાયનો ઉપયોગ કર્યો છે. જૈન દર્શનના સત્ સંબંધી સિદ્ધાંતની ચર્ચામાં આપણે એ સ્પષ્ટ કહી ચુક્યા છીએ કે દ્રવ્ય કે સત્તા પરિવર્તનશીલ હોવા છતાં પણ નિત્ય છે. પરિણમન એ દ્રવ્યનું આધારભૂત લક્ષણ છે. પરંતુ એની પ્રક્રિયામાં દ્રવ્ય પોતાના સ્વરૂપનો પરિત્યાગ કરતા નથી. સ્વ-સ્વરૂપનો પરિત્યાગ કર્યા વગર વિભિન્ન અવસ્થાઓને ધારણ કરનાર દ્રવ્યને જેમ નિત્ય કહેવાય છે, તેમજ પ્રતિક્ષણ ઉત્પન્ન અને નષ્ટ થનાર પર્યાયોની અપેક્ષાએ તેને અનિત્ય કહેવાય છે. બીજી રીતે આપણે જોઈએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો ખ્યાલ આવશે કે માટી પોતાના સ્વ-ધર્મનો પરિત્યાગ કર્યા વગર ઘટ આદિને ઉત્પન્ન કરે છે. ઘડાની ઉત્પત્તિમાં પિંડનો વિનાશ થાય છે. જ્યાં સુધી પિંડ નાશ ન થાય ત્યાં સુધી ઘડો ઉત્પન્ન થતો નથી. પરંતુ આ ઉત્પાદ અને વ્યયમાં પણ મૃત્તિકા - લક્ષણ યથાવત્ બની રહે છે. વાસ્વતમાં કોઈ પણ દ્રવ્ય પોતાના સ્વ-લક્ષણ, સ્વ-સ્વભાવ અથવા સ્વ-જાતીય ધર્મનો પરિત્યાગ કરતા નથી. દ્રવ્ય માત્ર પોતાના ગુણ કે સ્વ-લક્ષણની અપેક્ષાએ નિત્ય હોય છે, કારણકે સ્વ-લક્ષણનો ત્યાગ સંભવ જ નથી. માટે આ સ્વ-લક્ષણ જ વસ્તુનો નિત્ય પક્ષ કહેવાય છે. સ્વ-લક્ષણનો ત્યાગ કર્યા વગર વસ્તુ જે વિભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત થાય છે તેને પર્યાય કહેવાય છે. એ પરિવર્તનશીલ પર્યાય જ દ્રવ્યનું અનિત્ય પક્ષ છે.

માટે એક વાત ચોક્કસ છે કે દ્રવ્ય પોતાના સ્વ-લક્ષણ કે ગુણની અપેક્ષાએ નિત્ય અને પોતાની પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહેવાય છે. ઉદાહરણ તરીકે-જીવ દ્રવ્ય પોતાના ચૈતન્ય ગુણનો ક્યારે પણ પરિત્યાગ કરતો નથી, પરંતુ એના ચેતના લક્ષણના પરિત્યાગ કર્યા વગર તે દેવ, મનુષ્ય, પશુ આ વિભિન્ન યોનિઓને અથવા બાળક, યુવા, વૃદ્ધ આદિ અવસ્થાઓને પ્રાપ્ત થાય છે. જે ગુણોનો પરિત્યાગ ન કરી શકાય તે જ ગુણ વસ્તુના સ્વ-લક્ષણ કહેવાય છે. જે ગુણો અથવા અવસ્થાઓનો પરિત્યાગ કરી શકાય છે તેને પર્યાય કહેવાય છે. પર્યાય બદલાતા રહે છે પરંતુ ગુણ તે જ રહે છે. પર્યાય બે પ્રકારના છે- ૧. સ્વભાવ પર્યાય અને ૨. વિભાવ પર્યાય. જે પર્યાય કે અવસ્થાઓ સ્વલક્ષણના નિમિત્તથી થાય છે તે સ્વભાવ પર્યાય કહેવાય છે અને જે અન્ય નિમિત્તથી થાય છે તે વિભાવ પર્યાય કહેવાય છે. ઉદાહરણ તરીકે-જ્ઞાન અને દર્શન (પ્રત્યક્ષીકરણ) સંબંધી વિભિન્ન અનુભૂતિપરક અવસ્થાઓ આત્માની સ્વભાવ પર્યાય છે. કારણકે તે આત્માના સ્વ-લક્ષણ "ઉપયોગ"થી સાબીત થાય છે, જ્યારે ક્રોધ આદિ કષાય ભાવ કર્મના નિમિત્તથી કે બીજાના નિમિત્તથી થાય છે. માટે તે વિભાવ પર્યાય છે. છતાં પણ એટલુ ચોક્કસ છે કે આ ગુણો અને પર્યાયોનું અધિષ્ઠાન કે ઉપાદાન તો દ્રવ્ય સ્વયં જ છે. દ્રવ્ય-ગુણ અને પર્યાયોથી અભિન્ન છે, તે છતાં પરસ્પર સાપેક્ષ છે.

**ગુણ :**

દ્રવ્યને ગુણ અને પર્યાયનો આધાર મનાય છે. વાસ્તવમાં ગુણ દ્રવ્યનો સ્વભાવ અથવા સ્વ-લક્ષણ હોય છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિએ "द्रव्याश्रया निर्गुणा गुणाः" (અ.૫, સુ.૪૦) કહીને જણાવ્યું છે કે- 'ગુણ દ્રવ્યમાં રહે છે, પરંતુ સ્વયં તે નિર્ગુણ હોય છે. ગુણ નિર્ગુણ થાય છે.' આ પરિભાષા સામાન્ય રૂપે આત્મ-વિરોધી લાગે છે. પરંતુ આ પરિભાષાની મૂળભૂત દૃષ્ટિ એ છે કે જો આપણે ગુણને પણ ગુણ માનીશું તો અનવસ્થા દોષનો પ્રસંગ આવશે. આગમિક દૃષ્ટિએ ગુણની પરિભાષા આ પ્રમાણે કરવામાં આવી છે કે ગુણ દ્રવ્યનું વિધાન છે. એટલે તેનું સ્વલક્ષણ છે. જ્યારે પર્યાય દ્રવ્યનો વિકાર છે. ગુણ પણ દ્રવ્યની જેમ જ અવિનાશી છે. જે દ્રવ્યનો જે ગુણ છે તે તેમાં સદૈવ રહે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે દ્રવ્યનું જે અવિનાશી લક્ષણ છે અથવા દ્રવ્ય જેનો પરિત્યાગ કરી શકે નહી તે જ ગુણ છે. ગુણ વસ્તુની સહભાવી વિશેષતાઓનો સૂચક છે.

અહીં વિશેષતાઓ અથવા લક્ષણ જેના આધારે એક દ્રવ્યને બીજા દ્રવ્યથી અલગ કરી શકાય છે તે વિશેષ ગુણ કહેવાય છે. ઉદાહરણ તરીકે ધર્મ-દ્રવ્યનું લક્ષણ ગતિમાં સહાયક થાય છે. અધર્મ- દ્રવ્યનું લક્ષણ સ્થિતિમાં સહાયક થાય છે. જે બધા દ્રવ્યોનું અવગાહન કરે છે, તેને સ્થાન આપે છે તે આકાશ કહેવાય છે. આ પ્રમાણે પરિવર્તનકાળનું લક્ષણ છે અને ઉપયોગ જીવનું લક્ષણ છે. માટે ગુણ એ છે જેના આધારે કોઈપણ દ્રવ્યને ઓળખી શકાય અને તેનું અન્ય દ્રવ્યથી પૃથક્ત્વ સ્થાપિત કરી શકાય છે. ઉત્તરાધ્યયન સૂત્ર (અ.૨૮, ગા.૧૧-૧૨) માં જીવ અને પુદ્ગલના અનેક લક્ષણોનું ચિન્તન થયું છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ આ જીવના લક્ષણ બતાવેલ છે અને શબ્દ, પ્રકાશ, અંધકાર, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિને પુદ્ગલના લક્ષણ કહ્યા છે. જાણવા મુજબ દ્રવ્ય અને ગુણ વૈચારિક સ્તર પર જ જુદા-જુદા મનાય છે. અસ્તિત્વની દૃષ્ટિએ જોતા તેઓ પૃથક્ સત્તાઓ માન્ય નથી. ગુણોના સંદર્ભમાં આપણો એ પણ ખ્યાલ હોવો જોઈએ કે કેટલાક ગુણ સામાન્ય હોય છે અને એ બધા જ ગુણ દ્રવ્યોમાં પ્રાપ્ત થાય છે. કેટલાક ગુણ વિશેષ હોય છે જે થોડા જ દ્રવ્યોમાં પ્રાપ્ત થતા હોય છે. જેમ : અસ્તિત્વ લક્ષણ સામાન્ય છે જે બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થાય છે. પરંતુ ચેતના આદિ કેટલાક ગુણ એવા છે જે કેવળ જીવ દ્રવ્યમાંજ પ્રાપ્ત થાય છે, અજીવ દ્રવ્યમાં તેનો અભાવ હોય છે. બીજા શબ્દોમાં કેટલાક ગુણ સામાન્ય અને કેટલાક વિશેષ હોય છે. સામાન્યગુણોના


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારે જાતિ કે વર્ગની ઓળખાણ થાય છે જે દ્રવ્ય કે વસ્તુઓનું એકત્વ સ્થાપિત કરે છે. જ્યારે વિશેષ ગુણ એક દ્રવ્યનું બીજા દ્રવ્યથી અંતર સ્થાપિત કરે છે. ગુણોની બાબતમાં ચર્ચા કરતા આપણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે ઘણા ગુણો સહભાગી રૂપે એકજ દ્રવ્યમાં રહે છે. માટે જૈન દર્શનમાં વસ્તુને અનન્ત ધર્માત્મક કહેવાય છે. ગુણોના સંબંધમાં એક અન્ય વિશેષતા એ છે કે તે દ્રવ્ય વિશેષના વિભિન્ન પર્યાયોમાં પણ એજ પ્રમાણે બની રહે છે.

**દ્રવ્ય અને ગુણનો સંબંધ :**

કોઈપણ દ્રવ્ય ગુણથી રહિત કદાપિ હોતા નથી. દ્રવ્ય અને ગુણનું વિભાજન માત્ર વૈચારિક સ્તર પર જ કરી શકાય છે. સત્તાના સ્તર પર નહીં. ગુણથી રહિત દ્રવ્યની કોઈ સત્તા ન રહી શકે તેમજ દ્રવ્યથી રહિત ગુણની સત્તાપણ નહી રહી શકે માટે સત્તાના સ્તર પર ગુણ અને દ્રવ્યમાં અભેદ છે. જ્યારે વૈચારિક સ્તર પર બન્નેમાં ભેદ કરી શકાય છે.

આ પૂર્વે અમે એક સૂચના આપી હતી કે દ્રવ્ય અને ગુણ અન્યોનાશ્રિત છે. દ્રવ્યના વગર ગુણનું અસ્તિત્વ નથી અને ગુણના વગર દ્રવ્યનું અસ્તિત્વ નથી. તત્વાર્થસૂત્ર (અ.૫, સુ.૪૦)માં ગુણની પરિભાષા આપીને કહ્યું છે કે "સ્વ-ગુણને છોડીને જેના બીજા કોઈ ગુણ હોતા નથી. અર્થાત્ જે નિર્ગુણ છે તેજ ગુણ છે." દ્રવ્ય અને ગુણના પારસ્પરિક સંબંધો દ્વારા જૈન પરંપરામાં ત્રણ પ્રકારના સંદર્ભ પ્રાપ્ત થાય છે. આગમ ગ્રન્થોમાં દ્રવ્ય અને ગુણમાં આશ્રય - આશ્રયી ભાવ મનાય છે. ઉત્તરાધ્યયનસૂત્ર (૨૮/૬) માં દ્રવ્યને ગુણનો આશ્રય સ્થાન માનેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રકાર પ્રમાણે ગુણ દ્રવ્યમાં રહે છે. એટલે કે દ્રવ્ય ગુણોનો આશ્રય સ્થાન છે. ફરી પ્રશ્નએ ઉભો થઈ શકે છે કે જ્યારે દ્રવ્ય અને ગુણની જુદી-જુદી સત્તા જ નથી તો તેમાં આશ્રય - આશ્રયી ભાવ કેવી રીતે થશે ? વળી દ્રવ્ય અને ગુણના સંબંધનું વિવેચન મૂળતઃ વૈશેષિક પરંપરાના પ્રભાવનું પરિણામ છે. જૈનોના અનુસાર સિદ્ધાન્તતઃ તો આશ્રય- આશ્રયીભાવ તે જ બે તત્વોમાં થઈ શકે છે જે એક બીજાથી પૃથક્ સત્તા રાખે છે. આજ તથ્યને ધ્યાનમાં રાખીને પૂજ્યપાદ આદિ કેટલાક આચાર્યોએ "गुणानां समूहो दव्वो" અથવા "गुणसमुदायो द्रव्यमिति" કહીને દ્રવ્યને ગુણોનો સંઘાત માનેલ છે. જ્યારે દ્રવ્ય અને ગુણની અલગ-અલગ સત્તાજ માન્ય નથી, તો ત્યાં તેના તાદાત્મ્ય સંબંધ સિવાય અન્ય કોઈ સંબંધ માનવાનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી. અન્ય કોઈ સંબંધ માનવાનું તાત્પર્ય એ છે કે તે એક-બીજાથી પૃથક્ થઈને પોતાનું અસ્તિત્વ ધરાવે છે. આ દષ્ટિકોણ બૌદ્ધ અવધારણાથી પ્રભાવિત છે. આ સંઘાતવાદનું જ અપર રુપ છે. જ્યારે જૈન પરંપરાને સંઘાતવાદ સ્વીકાર નથી. અહીં દ્રવ્યની સાથે ગુણ અને પર્યાયના સંબંધને લઈને તત્વાર્થ સૂત્રકારે જે દ્રવ્યની પરિભાષા આપી છે તે જ વાસ્તવમાં યોગ્ય જણાય છે. તત્વાર્થ સૂત્રકારના અનુસાર જે ગુણ અને પર્યાયોથી યુક્ત છે તે જ દ્રવ્ય છે. વૈચારિક સ્તર પર જોતા ગુણ દ્રવ્યથી ભિન્ન લાગે છે માટે એ દ્રષ્ટિએ અહીં આશ્રય આશ્રયીભાવ પણ જોવાય છે. વાસ્તવમાં અસ્તિત્વના સ્તર પર દ્રવ્ય અને ગુણ એક-બીજાથી પૃથક્ (વિવિક્ત) સત્તા નથી. કારણ કે બન્નેમાં તાદાત્મ્ય સંબંધ છે. આ પ્રમાણે ગુણ અને દ્રવ્યમાં કદાચિત્ તાદાત્મ્ય સંબંધ થઈ શકે છે. ન્યાયાચાર્ય ડૉ. મહેન્દ્રકુમાર જૈન દર્શન (પૃ.૧૪૪)માં લખે છે કે- 'ગુણથી દ્રવ્યને પૃથક્ કરી શકાય નહી. માટે દ્રવ્યથી એ અભિન્ન છે.' પરંતુ પ્રયોજન આદિ ભેદથી તેની વિભિન્ન રૂપે ચર્ચા કરી શકાય છે. એ અર્થે તે ભિન્ન પણ છે. એક જ પુદ્ગલ પરમાણુમાં યુગપત્ રૂપે રુપ, રસ, ગંધ આદિ અનેક ગુણ જોવા મળે છે. માટે અનુભૂતિના સ્તરપર જોતા રુપ, રસ, ગંધ આદિ પૃથક્-પૃથક્ ગુણ છે. વૈચારિક સ્તરપર એક ગુણ બીજા ગુણથી જુદો છે. એટલુ જ નહી દ્રવ્યથી પણ જુદો કલ્પી શકાય છે. આમ ગુણ પોતાના પૂર્વ પર્યાયને છોડીને ઉત્તર પર્યાયને ધારણ કરે છે અને આ પ્રમાણે તે પરિવર્તિત થતો રહે છે. પરંતુ જે પરિવર્તન થાય છે તે દ્રવ્યથી ભિન્ન થઈને થતા નથી. પર્યાયોમાં થનારું પરિવર્તન વસ્તુતઃ દ્રવ્યનું જ પરિવર્તન છે. કારણકે પર્યાય અને ગુણને છોડીને દ્રવ્યનું કોઈ જ અસ્તિત્વ નથી. પર્યાયો અને ગુણોમાં થનારું પરિવર્તનની મધ્યે જે એક અવિચ્છિન્નતાનું નિયામક તત્વ છે તે જ દ્રવ્ય છે. જેમકે - ઉદાહરણ રૂપે એક પુદ્ગલ પરમાણુના રૂપ, રસ, ગંધ અને સ્પર્શના ગુણ બદલતા રહે છે અને તે ગુણ પરિવર્તનના પરિણામ સ્વરૂપે એમની પર્યાય પણ બદલતી રહે છે, પરંતુ આ પરિવર્તિત થતા ગુણો અને પર્યાયોની વચમાં પણ એક તત્વ છે. જે પરિવર્તન થતા હોવા છતાં પણ બદલાતા નથી. તે જ દ્રવ્ય છે. પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિ સમય સ્વાભાવિક ગુણકૃત અને વૈભાવિક ગુણકૃત અર્થાત્ પર્યાયકૃત ઉત્પાદ અને વ્યય થતો રહે છે. એ બધુ જ દ્રવ્યની સંપત્તિ કે સ્વરૂપ છે. માટે દ્રવ્યને ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યાત્મક કહેવાય છે. દ્રવ્યની સાથે-સાથે તેના ગુણોમાં પણ ઉત્પાદ-વ્યય થતો રહે છે. જીવનું ગુણ ચેતના છે. તે પૃથક્ થાય તો જીવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ જ રહેશે નહી. જીવની ચેતના અનુભુતિ સ્થિર રહેતી નથી, તે પણ પ્રતિક્ષણ બદલાતી રહે છે. માટે ગુણોમાં પણ ઉત્પાદ - વ્યય થતા રહે છે. બીજુ વસ્તુનું સ્વ-લક્ષણ ક્યારેય બદલાતું નથી. માટે ગુણમાં ધ્રૌવ્યત્વ પક્ષ પણ છે. તેમજ ગુણ પણ દ્રવ્યની જેમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય લક્ષણ યુક્ત છે.

**પર્યાય :**

જૈન દર્શનના પ્રમાણે દ્રવ્યમાં ઘટિત થતા જુદા-જુદા પરિવર્તનોને પર્યાય કહેવાય છે. પ્રત્યેક દ્રવ્ય પ્રતિ સમય એક વિશેષ અવસ્થાને પ્રાપ્ત થતા રહે છે. તે પોતાની પૂર્વ ક્ષણની અવસ્થાનો ત્યાગ કરે છે અને એક નવી વિશેષ અવસ્થાને પ્રાપ્ત કરે છે તેને જ પર્યાય કહેવાય છે. જે પ્રમાણે પ્રતિક્ષણ બળતી દીપશિખામાં બળતું તેલ બદલાતું રહે છે, છતાં પણ દીપક યથાવત્ બળતો રહે છે. તેજ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય સતત પરિવર્તન કે પરિણમનને પ્રાપ્ત થતું રહે છે. દ્રવ્યમાં થનારું આ પરિવર્તન કે પરિણમન જ પર્યાય છે. એક વ્યક્તિ જન્મ લે છે, બાળકથી કિશોર અને કિશોરથી યુવક, યુવકથી પ્રૌઢ અને પ્રૌઢથી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. જન્મથી લઈને મૃત્યુ સુધી પ્રત્યેક વ્યક્તિના દેહની શારીરિક સંરચનામાં તથા વિચાર અને અનુભૂતિની ચૈતસિક સંરચનામાં પરિવર્તન થતું રહે છે. તેમાં પ્રતિક્ષણ થતા આ પરિવર્તનો દ્વારા જુદી-જુદી અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. તેજ પર્યાય છે. "પર્યાય" જૈન દર્શનનો વિશેષ શબ્દ છે. જૈનદર્શન સીવાય અન્ય કોઈ પણ ભારતીય દર્શનમાં પર્યાયની આ અવધારણા પ્રાપ્ત થતી નથી.

એક વાત ચોક્કસ છે કે બાલ્યાવસ્થાથી યુવાવસ્થા અને યુવાવસ્થાથી વૃદ્ધાવસ્થાની યાત્રા કોઈ એવી ઘટના નથી, જે એક જ ક્ષણમાં ઘટિત થઈ જતી હોય. પ્રત્યક્ષ છે કે પ્રત્યેક ઘટના ક્રમિક રૂપે ઘટિત થતી રહે છે. જેની આપણને ખબર પડે અથવા ન પડે છતાં પ્રતિ સમય થનાર પરિવર્તન જ પર્યાય છે. પર્યાય શબ્દનો સામાન્ય અર્થ અવસ્થા વિશેષ છે. દાર્શનિક જગતમાં પર્યાયનો જે અર્થ પ્રસિદ્ધ છે. તેમાંથી આગમમાં કંઈક જુદા અર્થમાં પર્યાય શબ્દનો પ્રયોગ મળે છે. દાર્શનિક ગ્રંથોમાં દ્રવ્યના ક્રમભાવી પરિણામને પર્યાય કહે છે તથા ગુણ અને પર્યાયથી યુક્ત પદાર્થને દ્રવ્ય કહે છે. બીજુ ત્યાં એક જ દ્રવ્ય કે વસ્તુની જુદી-જુદી પર્યાયોની ચર્ચા છે. આગમમાં પર્યાયની ચર્ચા દ્રવ્યના ક્રમભાવી પરિણમનના રૂપમાં કરવામાં આવી નથી. આગમમાં તો એક પદાર્થ જેટલી અવસ્થાઓમાં પ્રાપ્ત થાય છે. તેને તેના પદાર્થની પર્યાય કહેવાય છે. જેમ જીવની પર્યાય છે - નારક, દેવ, મનુષ્ય, તિર્યંચ, સિદ્ધ આદિ.

પર્યાય દ્રવ્યની પણ હોય છે અને ગુણની પણ હોય છે. ગુણોની પર્યાયનો ઉલ્લેખ અનુયોગદ્વાર સૂત્રમાં આ પ્રમાણે મળે છે. "એક ગુણ કાળા, દ્વિગુણ કાળા **-યાવત્-** અનન્ત ગુણ કાળા" કાળા ગુણની અનન્ત પર્યાય હોય છે. આ પ્રમાણે લીલો, પીળો, લાલ અને સફેદ વર્ણોની પર્યાય પણ અનન્ત હોય છે. વર્ણની જેમ ગંધ, રસ, સ્પર્શના ભેદોની પણ એક ગુણથી લઈને અનન્ત ગુણ સુધી પર્યાય હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગને પર્યાયના લક્ષણ કહ્યા છે. એક પર્યાયનું બીજા પર્યાયની સાથે દ્રવ્યની દ્રષ્ટિએ એકત્વ (તાદાત્મ્ય) થાય છે. પર્યાયની દષ્ટિએ બન્ને પર્યાય એક-બીજાથી પૃથક્ હોય છે. સંખ્યાના આધાર પર પણ પર્યાયોમાં ભેદ થાય છે. આ પ્રમાણે સંસ્થાન અર્થાત્ આકૃતિની દષ્ટિએ પણ પર્યાય ભેદ થાય છે. જે પર્યાયનો સંયોગ (ઉત્પાદ) થાય છે તેનો વિયોગ (વિનાશ) પણ નિશ્ચિત રૂપથી થાય છે. કોઈપણ દ્રવ્ય ક્યારે પણ પર્યાયથી રહિત હોતું નથી. પર્યાય સ્થિર પણ રહેતી નથી. તે પ્રતિ સમય પરિવર્તિત થતી રહે છે. જૈન દાર્શનિકોએ પર્યાય પરિવર્તનની આ ઘટનાઓને દ્રવ્યમાં થતા ઉત્પાદ અને વ્યયના માધ્યમથી સ્પષ્ટ કરેલ છે. દ્રવ્યમાં પ્રતિક્ષણ પૂર્ણ પર્યાયનો નાશ કે વ્યય તથા ઉત્તર પર્યાયનો ઉત્પાદ થતો રહે છે. ઉત્પાદ અને વ્યયની ઘટના જેમાં કે જેના આશ્રિત ઘટિત થાય છે અથવા જે પરિવર્તિત થાય છે તેજ દ્રવ્ય છે. જૈન દર્શનના અનુસાર દ્રવ્ય અને પર્યાય પણ કોઈ અપેક્ષાએ (કથંચિત્) તાદાત્મ્ય અર્થમાં છે કે પર્યાયથી રહિત થઈને દ્રવ્યનું કોઈ અસ્તિત્વ જ નથી. દ્રવ્યની પર્યાય બદલાતી હોવા છતાં પણ દ્રવ્યમાં એક ક્ષણ માટે પણ એવું થતું નથી કે તે પર્યાયથી રહિત હોય. નથી તો પર્યાયોથી પૃથક્ થઈને દ્રવ્ય પોતાનું અસ્તિત્વ રાખી શકતું કે નથી દ્રવ્યથી પૃથક્ થઈને કદાચ પર્યાયનું કોઈ અસ્તિત્વ ધરાવી શકતું. સત્તાત્મક સ્તર પર પણ દ્રવ્ય અને પર્યાયની જુદી-જુદી સત્તાઓ નથી. પણ તાત્વિક રૂપે અભિન્ન છે. અહીં દ્રવ્ય મૂળ રૂપે હોવા છતાં પણ પર્યાયોની ઉત્પત્તિ અને વિનાશનો ક્રમ ઘટિત થતો રહે છે. પર્યાય ઉત્પન્ન થાય છે તેમજ પર્યાયનો વિનાશ પણ થાય છે, માટે તેને દ્રવ્યથી જુદી માનવી જોઈએ. જે પ્રમાણે બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા વ્યક્તિથી જુદી ક્યાંય પણ જોવા મળતી નથી તે વ્યક્તિમાંજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટિત થાય છે અને વ્યક્તિમાંજ અભિન્ન રહે છે. છતાં પણ એક જ વ્યક્તિમાં બાલ્યાવસ્થાનો વિનાશ અને યુવાવસ્થાની પ્રાપ્તિ જોવા મળે છે. માટે વિનાશ અને ઉત્પત્તિની દૃષ્ટિએ પર્યાય વ્યક્તિથી અલગ જ કેહવાય છે. આ પ્રમાણે વૈચારિક સ્તર પર જોતા પ્રત્યેક પર્યાય દ્રવ્યથી જુદી જ જણાય છે. સંક્ષેપમાં તાત્વિક સ્તર પર કે સત્તાની દૃષ્ટિએ આપણે દ્રવ્ય અને પર્યાયને જુદા-જુદા કરી શકતા નથી. માટે તે અભિન્ન છે. પરંતુ વૈચારિક સ્તર પર દ્રવ્ય અને પર્યાય પરસ્પર પૃથક્ મનાય છે. કારણકે પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, જ્યારે દ્રવ્ય એમ જ રહે છે, માટે તે દ્રવ્યથી જુદી પણ છે. જૈનાચાર્યોના પ્રમાણે દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાકૃત (કથંચિત્) અભિન્નતા અને કથંચિત્ ભિન્નતા અનેકાંતિક દૃષ્ટિકોણનું સૂચક છે.

**પર્યાયના પ્રકાર :**

પર્યાયના પ્રકારોની આગમ દૃષ્ટિએ ચર્ચા કરતાં દ્રવ્યાનુયોગમાં (પૃ.૩૮) પર ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મ.સા. "કમલ" લખે છે કે પ્રજ્ઞાપનાસૂત્રમાં પર્યાયના બે ભેદ પ્રતિપાદિત છે. (૧) જીવ પર્યાય અને (૨) અજીવ પર્યાય. આ બન્ને પ્રકારની પર્યાય અનન્ત હોય છે. જીવ પર્યાય કેવી રીતે અનન્ત હોય છે એનું સમાધાન કરતા કહે છે કે નૈરયિક, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, પૃથ્વીકાયિક, અપૂકાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, બેઈન્દ્રિય, ત્રેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચયોનિક અને મનુષ્ય. આ બધા જીવ અસંખ્યાત છે, પરંતુ વનસ્પતિકાયિક અને સિદ્ધના જીવ અનન્ત છે, માટે જીવ પર્યાય અનન્ત છે.

બીજી રીતે પર્યાય બે પ્રકારની હોય છે- (૧) અર્થ પર્યાય અને (૨) વ્યંજન પર્યાય. એક જ પદાર્થના ક્રમભાવી પર્યાયોને અર્થ પર્યાય કહે છે અને પદાર્થના તથા તેના વિભિન્ન પ્રકારો અને ભેદોના જે પર્યાય હોય છે તેને વ્યંજન પર્યાય કહે છે. અર્થ પર્યાય સૂક્ષ્મ અને વ્યંજન પર્યાય સ્થૂળ હોય છે.

પર્યાયને ઊર્ધ્વ પર્યાય અને તિર્યક્ પર્યાયના રૂપમાં પણ વર્ગીકૃત કરી શકાય છે. જેમ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના અનેક મનુષ્યોની અપેક્ષાએ મનુષ્યની જે અનન્ત પર્યાય હોય છે તે તિર્યક્ પર્યાય કહેવાય છે. જો એક જ મનુષ્યના પ્રતિક્ષણ થતાં પરિણમનને પર્યાય કહેવામાં આવે તો તે ઊર્ધ્વ પર્યાય છે.

જાણવા મુજબ પર્યાયોમાં કેવળ માત્રાત્મક અર્થાત્ સંખ્યા અને અંશો (Degress) ની અપેક્ષાએજ ભેદ થાય છે એવું નથી. પરંતુ ગુણોની અપેક્ષાએ પણ ભેદ થાય છે. માત્રાની અપેક્ષાએ એક અંશ કાળો, બે અંશ કાળો, અનંત અંશ કાળા આદિ ભેદ થાય છે. જ્યારે ગુણાત્મક દૃષ્ટિએ કાળો, લાલ, સફેદ આદિ અથવા ખાટો, મીઠો આદિ અથવા મનુષ્ય, પશુ, નારક, દેવતા આદિ ભેદ થાય છે.

**ગુણ અને પર્યાયની વાસ્તવિકતાનો પ્રશ્ન :**

જે દાર્શનિકો દ્રવ્ય (સત્તા) અને ગુણમાં અભિન્નતા કે તાદાત્મ્યના પ્રતિપાદક છે અને જેઓ પરમ સત્તાને તત્વતઃ અદ્વૈત માને છે, તેઓ ગુણ અને પર્યાયને વાસ્તવિક નહિ પરંતુ પ્રતિભાષિક માને છે. એનું કહેવું છે કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ગુણોની પરમ સત્તાથી પૃથક્ કોઈ સત્તા જ નથી. તેમનું કહેવું છે કે પરમ સત્તા (બ્રહ્મ) નિર્ગુણ છે. આ પ્રમાણે વિજ્ઞાનવાદી કે પ્રત્યયવાદી દાર્શનિકોના મત પ્રમાણે પરમાણુ પણ એક એવું અવિભાગી પદાર્થ છે, જે જુદી-જુદી ઈન્દ્રિયો દ્વારા રૂપાદિ (અલગ-અલગ) ગુણોની પ્રતીતિ કરાવે છે, પરંતુ વાસ્તવિક રીતે તેમાં આ ગુણોની કોઈ સત્તા હોતી નથી. એ દાર્શનિકોની માન્યતા આ પ્રમાણે છે કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિનો અનુભવ આપણા મનના આધાર પર નિર્ભર કરે છે. માટે તે વસ્તુના સંબંધમાં આપણો માત્ર મનોવિકલ્પ જ છે. તેની કોઈ વાસ્તવિક સત્તા નથી. આપણા ઈન્દ્રિયોની સંરચનામાં કોઈ ફેરફાર હોય તો અને તેથી આપણને જે સંવેદના થાય તે પણ અલગ પ્રકારની થાય. જેમકે- સંસારના પ્રાણી માત્ર આંખોની સંરચનામાં રંગ અંધતા થાય તો સંપૂર્ણ સંસાર સર્વ વસ્તુઓને કેવળ શ્વેત શ્યામલ રૂપમાં જ જુવે અને જાણે. જેથી અન્ય રંગોનો કોઈ બોધ કોઈને થાય જ નહિ. ત્યારે લાલ આદિ રંગોના અસ્તિત્વનો વિચાર ક્યાંથી થાય ? જેમ ઈન્દ્ર ધનુષના રંગની માત્ર પ્રતીતિ છે વાસ્તવિકતા નથી અથવા જેમ આપણા સ્વપ્નની વસ્તુઓ માત્ર મનોકલ્પનાઓ છે, તેજ પ્રમાણે ગુણ અને પર્યાય પણ માત્ર પ્રતિભાસ છે. ચિત્ત - વિકલ્પ વાસ્તવિક નથી.

પરંતુ જૈન દાર્શનિક અન્ય વસ્તુવાદી દાર્શનિકો (Realist) ના જેમ દ્રવ્યની સાથે-સાથે ગુણ અને પર્યાયને પણ યથાર્થ વાસ્તવિક માને છે. એમના પ્રમાણે પ્રતીતિ અને પ્રત્યય યથાર્થના જ હોય છે. જે અયથાર્થ હોય તો તેના પ્રત્યય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(Idea) કે પ્રતીતિ હોય શકે નહિ. આકાશ- કુસુમ અથવા પરી આદિની અયથાર્થ કલ્પનાઓ પણ બે યથાર્થ અનુભૂતિઓના ચૈતસિક સ્તર પર કરેલ મિશ્રણ માત્ર છે. સ્વપ્ન પણ યથાર્થ અનુભૂતિઓ અને તેના ચૈતસિક સ્તર પર કરેલ મિશ્રણોથી જ નિર્મિત હોય છે, જન્માન્ધને ક્યારેય રંગોના કોઈ સ્વપ્ન હોતા નથી. માટે અયથાર્થની કોઈ પ્રતીતિ થઈ શકતી નથી. જૈનોના અનુસાર અનુભૂતિનો પ્રત્યેક વિષય પોતાની વાસ્તવિક સત્તા રાખે છે. માટે માત્ર દ્રવ્ય જ નહિ પરંતુ ગુણ અને પર્યાય પણ વાસ્તવિક (Real) છે. સત્તાની વાસ્તવિકતાના કારણે જ પ્રાચીન જૈન આચાર્યોએ તેને અસ્તિકાય કહ્યા છે.

**જૈન દર્શનમાં અસ્તિકાયની અવધારણા :**[1]

જૈન દર્શનમાં "દ્રવ્ય"ના વર્ગીકરણનો એક આધાર અસ્તિકાય અને અનસ્તિકાયની અવધારણા પણ છે. ષટ્દ્રવ્યોમાં ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ અસ્તિકાય મનાય છે. જ્યારે કાળને અનસ્તિકાય મનાય છે. અનેક જૈન દાર્શનિકોના પ્રમાણે કાળનું અસ્તિત્વ તો છે, પરંતુ તેમાં કાયત્વ નથી, માટે તેને અસ્તિકાયના વર્ગમાં રાખી શકાતું નથી. કેટલાક શ્વેતાંબર આચાર્યોએ કાળ સ્વતંત્ર દ્રવ્ય છે એવું માનવા માટે પણ વિરોધ ઉઠાવ્યો છે. પરંતુ તે વિષયાન્તર છે તેથી જેની ચર્ચા આપણે આગળ કરીશું.

**અસ્તિકાયનું તાત્પર્ય :**

સર્વ પ્રથમ આપણી સામે મૂળ પ્રશ્ન ઉભો થાય છે કે અસ્તિકાયની અવધારણાનું તાત્પર્ય શું ? વ્યુત્પત્તિની દષ્ટિએ જોતાં "અસ્તિકાય" બે શબ્દોના મેળથી બનેલો છે. અસ્તિ + કાય "અસ્તિ"નો અર્થ છે સત્તા અથવા અસ્તિત્વ અને કાયનો અર્થ છે શરીર અર્થાત્ જે શરીરરૂપે અસ્તિત્વવાન છે તે અસ્તિકાય છે. અહીં "કાય" (શરીર) શબ્દ ભૌતિક શરીરના અર્થમાં પ્રયુક્ત નથી થયો જેવો કે જન-સાધારણ સમજે છે. કારણ કે પાંચ અસ્તિકાયોમાં પુદ્ગલને છોડીને શેષ ચાર તો અમૂર્ત છે. માટે એમ માનવું જોઈએ કે અહીં કાય શબ્દનો પ્રયોગ લાક્ષણિક અર્થમાં જ થયેલ છે. પંચાસ્તિકાયની ટીકામાં કાયત્વ શબ્દનો અર્થ સ્પષ્ટ કરતા કહ્યું છે કે :- "कायत्वमारव्यंसावयवत्वम्" અર્થાત્ કાયત્વનું તાત્પર્ય સાવયવત્વ છે. જે અવયવી દ્રવ્ય છે તે અસ્તિકાય છે અને જે નિરવયવી દ્રવ્ય છે તે અનસ્તિકાય છે.

અવયવોનો અર્થ છે. અંગોથી યુક્ત. બીજા શબ્દોમાં જોતા જેમાં વિભિન્ન અંગ, અંશ કે ભાગ (પાર્ટ) છે તે અસ્તિકાય છે. અહીં બીજી એક શંકા એ પણ થઈ શકે છે કે અખંડ દ્રવ્યોમાં અંશ કે અવયવની કલ્પના ક્યાં સુધી યુક્તિ-સંગત હશે ? જૈન દર્શનના પાંચ અસ્તિકાયોમાંથી ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ એક અવિભાજ્ય અને અખંડ દ્રવ્ય છે, માટે એ સાવયવી છે એવું શા આધારે કહી શકાય ? બીજું કાયત્વનો અર્થ સાવયવત્વ માનવામાં એક મુશ્કેલી એ પણ છે કે પરમાણુતો અવિભાજ્ય, નિરંશ અને નિરવયવી છે તો શું તે અસ્તિકાય નથી ? જ્યારે જૈન દર્શનના અનુસાર તો પરમાણુ- પુદ્ગલને પણ અસ્તિકાય માનેલ છે. પ્રથમ પ્રશ્નમાં જૈન દાર્શનિકોનો પ્રત્યુત્તર આ પ્રમાણે થશે કે ધર્મ, અધર્મ અને આકાશ અવિભાજ્ય અને અખંડ દ્રવ્ય છે, ક્ષેત્રની અપેક્ષાએ એ લોકવ્યાપી છે, માટે ક્ષેત્રની દષ્ટિએ આમાં સાવયવત્વની અવધારણા કે વિભાગની કલ્પના કરી શકાય છે. એક દષ્ટિએ આપણે કેવળ વૈચારિક સ્તરપર કરેલ કલ્પના કે વિભાજન છે. બીજા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જો કે પરમાણુ સ્વયંમાં નિરંશ, અવિભાજ્ય અને નિરવયવ છે. માટે સ્વયં તો કાયરૂપ નથી પરંતુ તે જ પરમાણુ - સ્કંધ બનીને કાયત્વ કે સાવયવત્વને ધારણ કરી લે છે. માટે ઉપચારથી તેમાં પણ કાયત્વનો સદ્ભાવ માનવો જોઈએ. બીજી રીતે પરમાણુમાં પણ બીજા પરમાણુને સ્થાન આપવાની અવગાહન શક્તિ છે. માટે તેનામાં કાયત્વનો સદ્ભાવ છે. જૈન દાર્શનિકોએ અસ્તિકાય અને અનાસ્તિકાયના વર્ગીકરણનો એક આધાર બહુ પ્રદેશત્વ પણ સ્વીકાર્યો છે. જે બહુપ્રદેશી દ્રવ્ય છે તે અસ્તિકાય છે અને જે એક પ્રદેશી દ્રવ્ય છે તે અનસ્તિકાય છે. અસ્તિકાય અને અનસ્તિકાયની અવધારણામાં આ આધારનો સ્વીકાર કરી લેવાથી પણ પૂર્વોક્ત મુશ્કેલીઓ યથાવત્ ઉભી રહે છે. પ્રથમ તો ધર્મ અધર્મ અને આકાશ એ ત્રણેય સ્વ-દ્રવ્યની અપેક્ષાએ પ્રદેશી છે, કારણ કે એ અખંડ છે. બીજુ પરમાણુ પુદગલ પણ એક પ્રદેશી છે. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં તો તેને અપ્રદેશી પણ કહ્યા છે. માટે વિચારણીય છે કે શું તેને અસ્તિકાય ન કહેવાય ? અહીં પણ જૈન દાર્શનિકોનો સંભવિત પ્રત્યુત્તર તે જ થશે કે જે

૧. જુવો Studies in Jainism Editor M.P. marathe માં સાગરમલ જૈનનો લેખ. જૈન દર્શનમાં અસ્તિકાયની અવધારણા આધુનિક પરિપ્રેક્ષ્યમાં પૃ. ૪૯-૫૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વ પ્રસંગમાં આપેલ છે. ધર્મ, અધર્મ અને આકાશમાં બહુ પ્રદેશત્વ દવ્યાપેક્ષાએ નથી, પરંતુ ક્ષેત્રની અપેક્ષાએ છે. દ્રવ્ય સંગ્રહમાં કહ્યું છે કે -

जावदियं आयासं अविभागी पुग्गलाणुवट्ठद्धं ।
तं खु पदेस जाणे सव्वाणुट्ठाणदाणरिहं ॥ - द्रव्यसंग्रह - २९.

પ્રો. જી.આર. જૈન પણ લખે છે Pradesa is the unit of space occupied by one indivisible atom of matter. અર્થાત્ પ્રદેશ આકાશની એ સૌથી નાની ઈકાઈ છે જે એક પુદ્દગલ પરમાણુ ઘેરે છે. વિસ્તારવાન્ થવાનો અર્થ છે ક્ષેત્રમાં પ્રસારિત થવું. ક્ષેત્ર અપેક્ષાએ જ ધર્મ અને અધર્મને અસંખ્ય પ્રદેશી અને આકાશને અનન્ત પ્રદેશી કહ્યા છે, માટે તેમાં પણ ઉપચારથી કાયત્વની અવધારણા કરી શકાય છે. પુદ્દગલોમાં જે બહુપ્રદેશીવાળા છે તે પરમાણુની અપેક્ષાએ નથી પણ સ્કન્ધની અપેક્ષાએ છે માટે પુદ્દગલને અસ્તિકાય કહેવાય છે ન કે પરમાણુ ને પરમાણુ તો માત્ર પુદ્દગલનો એક અંશ કે પ્રકાર માત્ર છે. બીજુ પ્રત્યેક પુદ્દગલ પરમાણુમાં અનન્ત પુદ્દગલ પરમાણુઓના અવગાહન અર્થાત્ પોતાનામાં સમાવવાની શક્તિ છે. અહીં તાત્પર્ય એ છે કે પુદ્દગલ પરમાણુમાં પ્રદેશ- પ્રચયત્વ છે. ભલે તે અત્યંત સૂક્ષ્મ કેમ ન હોય ? જૈન આચાર્યોની સ્પષ્ટ માન્યતા છે કે જે આકાશ પ્રદેશમાં એક પુદ્દગલ પરમાણુ રહે છે તેમાં જ અનન્ત પુદ્દગલ પરમાણુઓનો પણ સમાવેશ થઈ જાય છે. માટે પરમાણુને પણ અસ્તિકાય માનવામાં આવે છે.

અહીં આ બાબતમાં કાયત્વનો અર્થ વિસ્તારથી જ થશે. જે દ્રવ્ય વિસ્તારવાળા છે તે અસ્તિકાય છે અને જે વિસ્તારરહિત છે તે અનસ્તિકાય છે. વિસ્તારની આ અવધારણા ક્ષેત્રની અવધારણાને આશ્રિત છે. અહીં કાયત્વના અર્થના સ્પષ્ટીકરણમાં સાવયત્વ અને સપ્રદેશત્વની જે અવધારણાથી પ્રસ્તુતિ કરેલ છે. જે સર્વ ક્ષેત્રની અવગાહનની સંકલ્પનાથી સંબંધિત છે. વિસ્તારનું તાત્પર્ય છે ક્ષેત્રનું અવગાહન. જે દ્રવ્ય જેટલા ક્ષેત્રનું અવગાહન કરે છે તેજ તેનો વિસ્તાર (Extension) પ્રદેશ પ્રચયત્વ કે કાયત્વ છે. વિસ્તાર કે પ્રચયના બે પ્રકાર છે - ઉર્ધ્વ પ્રચય અને તિર્યક્ (તિર્છા) પ્રચય. આધુનિક શબ્દાવળીમાં આને ક્રમશઃ ઉર્ધ્વ એક રેખીય વિસ્તાર (Longitudinal Extension) અને બહુ આયામી વિસ્તાર (Multi - dimensional Extension) કહી શકાય છે. અસ્તિકાયની અવધારણામાં પ્રચય કે વિસ્તારને જે અર્થમાં ગ્રહણ કરાય છે તે બહુઆયામી વિસ્તાર છે ન કે ઉર્ધ્વ - એક રેખીય વિસ્તાર. જૈન દાર્શનિકોએ માત્ર એ જ દ્રવ્યોને અસ્તિકાય કહ્યા છે, જેઓ તિર્યક્ પ્રચય કે બહુઆયામી વિસ્તારવાળા છે. કાળમાં માત્ર ઉર્ધ્વ- પ્રચય કે એક આયામી વિસ્તાર છે, માટે તેને અસ્તિકાય માનતા નથી. જો કે પ્રો. જી.આર. જૈને કાળને એક આયામી (Mono - dimensional) અને અન્યને દ્વિઆયામી (Two dimensional) માન્યા છે. પરંતુ મારી દ્રષ્ટિમાં શેષ દ્રવ્ય ત્રિ-આયામી છે, કારણ કે તે સ્કંધરૂપ છે. માટે તેમાં લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈના રૂપમાં ત્રણ આયામ હોય છે. માટે કહેવાય છે કે જે દ્રવ્યોમાં ત્રિ-આયામી વિસ્તાર છે તે અસ્તિકાય દ્રવ્ય છે.

અહીં એ પ્રશ્ન ઉભો કરી શકાય છે કે કાળ પણ લોકવ્યાપી છે. તેને અસ્તિકાય શા માટે ન કહેવાય ? આનો પ્રત્યુત્તર એ છે કે કદાચ લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર કાલાણુ સ્થિત છે, પરંતુ પ્રત્યેક કાલાણુ (Time grains) પોતાનામાં તે એક સ્વતંત્ર દ્રવ્ય છે. તે પરસ્પર નિરપેક્ષ છે. સ્નિગ્ધ અને રૂક્ષ ગુણના અભાવના કારણે તેમાં બંધ થતો નથી. અર્થાત્ તેના સ્કંધ નથી બનતા. સ્કંધના અભાવમાં તેમાં પ્રદેશ પ્રચયત્વની કલ્પના સંભવ નથી, માટે તે અસ્તિકાય દ્રવ્ય નથી. કાળ-દ્રવ્યને અસ્તિકાય એટલા માટે કહેવાતું નથી કે તેમાં સ્વરૂપ અને ઉપચાર બન્ને પ્રકારની પ્રદેશ પ્રચયની કલ્પનાનો અભાવ છે.

જો કે પાશ્ચાત્ય દાર્શનિક દેકાર્તે એ પુદ્દગલ (Matter) નો ગુણ વિસ્તાર (Extension) કહ્યો છે, પરંતુ જૈન દર્શનની વિશેષતાઓ એ છે કે તે આત્મા, ધર્મ, અધર્મ અને આકાશ જેવા અમૂર્ત- દ્રવ્યોમાં પણ વિસ્તારની અવધારણાનો સ્વીકાર કરે છે. તેઓનો વિસ્તાર (કાયત્વથી યુક્ત) હોવાનો અર્થ છે. તેઓ દિક્ (Space) માં વિસ્તૃત અથવા વ્યાપ્ત છે. ધર્મ અને અધર્મ તો એક મહાસ્કંધના રૂપમાં સંપૂર્ણ લોકાકાશના સીમિત અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં વિસ્તૃત કે વ્યાપ્ત છે. આકાશ તો સ્વયમેવ અનન્ત પ્રદેશી લોકાલોકમાં વિસ્તારિત છે. માટે આમાં પણ કાયત્વની અવધારણા સંભવ છે. જયાં આત્માની બાબતમાં પ્રશ્ન ઉભો થાય છે ત્યાં દેકાર્ત તેના "વિસ્તાર"નો સ્વીકાર કરતો નથી, પરંતુ જૈન દર્શન ત્યાં પણ વિસ્તાર માને છે. કારણ કે આત્માનો આવાસ મોટા કે નાના જેવા શરીરમાં હોય છે તે સંપૂર્ણ પણે ત્યાં વ્યાપ્ત થઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે. અમે એવું પણ ના કહી શકાય કે શરીરના અમુક ભાગમાં આત્મા છે અને અમુક ભાગમાં નથી, તે પોતાના ચેતના લક્ષણથી સંપૂર્ણ શરીરને વ્યાપ્ત કરે છે. માટે તેમાં વિસ્તાર છે અને તે અસ્તિકાય છે. આપણી એક ભ્રાન્તિ છે જેને દૂર કરવી જોઈએ કે કેવળ મૂર્ત દ્રવ્યનો જ વિસ્તાર થાય છે. અમૂર્તનો નહિ. આધુનિક વિજ્ઞાનો દ્વારા પણ સિદ્ધ છે કે અમૂર્ત દ્રવ્યનો પણ વિસ્તાર થાય છે. વાસ્તવમાં અમૂર્ત દ્રવ્યના વિસ્તારની કલ્પના તેના લક્ષણો કે કાર્યો (Functions) ના આધાર પર જ કરી શકાય છે. જેમ ધર્મ દ્રવ્યનું કાર્ય ગતિ લક્ષણથી સંભવિત છે, તે ગતિનો માધ્યમ મનાય છે. માટે જ્યાં જ્યાં ગતિ છે કે ગતિ સંભવ છે, ત્યાં ત્યાં ધર્મ-દ્રવ્યની ઉપાસ્થિતિ અને વિસ્તાર છે એવું માની શકાય છે.

આ પ્રમાણે આપણે એક નિષ્કર્ષ સુધી પહોંચી શકીએ છે કે કોઈપણ દ્રવ્યને અસ્તિકાય કહેવાનું તાત્પર્ય એ છે કે તે દ્રવ્ય દિક્‌માં વિસ્તારિત છે અથવા વિસ્તારની ક્ષમતા ધરાવે છે. વિસ્તાર અથવા પ્રસાર (Extension) જ કાયત્વ છે. કારણ કે વિસ્તાર કે પ્રસારની ઉપસ્થિતિમાં જ પ્રદેશ પ્રચયત્વ તથા સાવયવતાની સિદ્ધિ થાય છે. માટે જે દ્રવ્યોમાં વિસ્તાર કે પ્રસારનું લક્ષણ છે તે અસ્તિકાય છે.

અહીં એક બીજો પ્રશ્ન એ પણ ઉભો થાય છે કે કાળને અસ્તિકાય શા માટે કહેવામાં આવતું નથી ? જો કે અનાદિ ભૂતકાળથી લઈને અનન્ત ભવિષ્ય સુધી કાળના વિસ્તારનો અનુભવ કરી શકાય છે, છતાં પણ તેમાં કાયત્વનું આરોપણ સંભવ નથી, કારણ કે કાળના પ્રત્યેક ઘટક પોતાની સ્વતંત્ર અને પૃથક્ સત્તા ધરાવે છે. જૈન દર્શનના પારંપરિક પરિભાષામાં કાલાણુઓમાં સ્નિગ્ધ અને રૂક્ષ ગુણનો અભાવ હોવાથી તેના કોઈ સ્કંધ કે સંઘાત બની શકતા નથી. કદાચ તેના સ્કંધની પરિકલ્પના પણ કરી લઈએ તો પર્યાય - સમયની સિદ્ધિ થતી નથી. બીજુ કાળના વર્તના લક્ષણની સિદ્ધિ ફક્ત વર્તમાનમાં જ છે અને વર્તમાન અત્યંત સૂક્ષ્મ છે. માટે કાળનો વિસ્તાર (પ્રદેશ પ્રચયત્વ) મનાતો નથી. માટે તે અસ્તિકાય મનાતો નથી.

**અસ્તિકાયોના પ્રદેશ પ્રચયત્વનો અલ્પ-બહુત્વ :**

અહીં એ જાણવું જોઈએ કે બધા અસ્તિકાય દ્રવ્યોનો વિસ્તાર-ક્ષેત્ર સમાન નથી. તેમાં ભિન્નતાઓ છે. જ્યાં આકાશનો વિસ્તાર-ક્ષેત્ર લોક અને અલોક બન્ને છે ત્યાં ધર્મ દ્રવ્ય અને અધર્મ - દ્રવ્ય કેવળ લોક સુધી જ સીમિત છે. પુદ્‌ગલના પ્રત્યેક સ્કંધ અને પ્રત્યેક જીવનો વિસ્તાર ક્ષેત્ર પણ અલગ-અલગ છે. પુદ્‌ગલપિંડનો વિસ્તાર ક્ષેત્ર તેના આકાર પ્રમાણે જાણવો. તેમજ પ્રત્યેક જીવાત્માનો વિસ્તાર ક્ષેત્ર તેના દ્વારા-ગૃહીત શરીરના આકાર પ્રમાણે જાણવો. આ પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ અને જીવસ્તિકાય હોવા છતાં પણ તેનો વિસ્તાર-ક્ષેત્ર કે કાયત્વ સમાન હોતો નથી. જૈન દાર્શનિકોએ તેમાં પ્રદેશ દૃષ્ટિએ ભિન્નતા સ્પષ્ટ કરેલ છે. ભગવતીસૂત્રમાં બતાવેલ છે કે ધર્મ - દ્રવ્ય અને અધર્મના પ્રદેશ બીજા દ્રવ્યોની અપેક્ષાએ સૌથી ઓછા છે. તે લોકાકાશ સુધી (Within the limits of universe) સીમિત છે અને અસંખ્ય પ્રદેશી છે. આકાશની પ્રદેશ સંખ્યા આ બન્નેની અપેક્ષાએ અનંત ગુણા વધારે માની છે. આકાશ અનંત પ્રદેશી છે. કારણકે અસીમ લોક સુધી (Finite universe) સીમિત નથી. તેનો વિસ્તાર અલોકમાં પણ છે. ફરીથી આકાશની અપેક્ષાએ જીવ દ્રવ્યના પ્રદેશ અનંતગુણા અધિક છે. કારણ કે- ધર્મ-અધર્મ અને આકાશનો એક જ દ્રવ્ય છે અને જીવના અનન્ત દ્રવ્ય છે. કારણકે જીવ અનંત છે. એમાં પણ પ્રત્યેક જીવમાં પોતાના આત્મ પ્રદેશોથી સંપૂર્ણ લોકને વ્યાપ્ત કરવાની ક્ષમતા છે. જીવ દ્રવ્યના પ્રદેશોની અપેક્ષાએ પણ પુદ્‌ગલ દ્રવ્યના પ્રદેશ અનંત ગુણા અધિક છે. કારણ કે પ્રત્યેક જીવની સાથે અનંત કર્મ પુદ્‌ગલ સંયોજીત છે. કાળની પ્રદેશ સંખ્યા પુદ્‌ગલની અપેક્ષાએ પણ અનંત ગુણી માની છે. કારણ કે પ્રત્યેક જીવ અને પુદ્‌ગલ-દ્રવ્યની વર્તમાન, અનાદિ ભૂત અને અનંત ભવિષ્યની દૃષ્ટિએ અનંત પર્યાયો થાય છે. માટે કાળની પ્રદેશ સંખ્યા સર્વાધિક હોવી જોઈએ. છતાં પણ કાલાણુઓનો સમાવેશ પુદ્‌ગલ-દ્રવ્યના પ્રદેશોમાં હોવાથી અસ્તિકાયમાં પુદ્‌ગલ - દ્રવ્યના પ્રદેશોની સંખ્યા જ સર્વાધિક માનવામાં આવે છે.

આ સંપૂર્ણ વિવેચન બાદ જાણી શકાય છે કે અસ્તિકાયની-અવધારણા અને દ્રવ્યની અવધારણાના વર્ણ્ય વિષય એક જ છે.

આ પ્રમાણે એક વાત નક્કી છે કે પ્રારંભમાં જૈન દર્શનમાં અસ્તિકાયની અવધારણા જ હતી. આપણા ઈતિહાસની દ્રષ્ટિએ એ અવધારણા પાર્શ્વયુગીન હતી. "इसिभासियाइं" ના પાર્શ્વનામક એકત્રીસમાં અધ્યાયમાં પાર્શ્વના જગત સંબંધી દૃષ્ટિકોણની પ્રસ્તુતીકરણ કરતાં વિશ્વના મૂળ ઘટકોના રૂપમાં પંચાસ્તિકાયોનો ઉલ્લેખ મળેલ છે. ભગવતીસૂત્રમાં મહાવીરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વની જ અવધારણાને પુષ્ટ કરતા કહ્યુ છે કે લોક પંચાસ્તિકાય રૂપ છે. અહીં એ સ્પષ્ટ છે કે પ્રાચીનકાળમાં જૈન દર્શનમાં કાળને સ્વતંત્ર તત્વ મનાતું ન હતું. તેને જીવ અને પુદ્દગલના પર્યાયના રૂપમાં જ પ્રસિદ્ધ કરવામાં આવતુ હતું. પ્રાચીન આગમોમાં ઉત્તરાધ્યયન જ એવું આગમ છે કે જેમાં કાળને સર્વ પ્રથમ એક સ્વતંત્ર દ્રવ્યના રૂપમાં સ્વીકાર કરેલ છે. એક વાત સ્પષ્ટ છે કે જૈન પરંપરામાં ઉમાસ્વાતિના સમય સુધી કાળ સ્વતંત્ર દ્રવ્ય છે કે નહિ. એ પ્રશ્નને લઈને મતભેદ હતો. આ પ્રમાણે જૈન આચાર્યોમાં ત્રીજી-ચોથી શતાબ્દી સુધી કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવાના સંબંધમાં બે પ્રકારની વિચારધારાઓ ચાલી રહી હતી. કેટલાક વિચારક કાળને સ્વતંત્ર દ્રવ્ય માનતા ન હતા. તત્વાર્થસૂત્રના ભાષ્યમાન પાઠ "कालश्चेत्येके" નો નિર્દેશ કરે છે. તેથી પણ એ સિદ્ધ થાય છે કે કેટલાક વિચારક કાળને પણ સ્વતંત્ર દ્રવ્ય માનવા લાગ્યા હતા. ઘટના પ્રમાણે લગભગ પાંચવી શતાબ્દીમાં કાળને સ્વતંત્ર દ્રવ્યના રૂપમાં સ્વીકાર કરી લીધો હતો અને એજ કારણે સર્વાર્થસિદ્ધિકારે "कालश्चेत्येके" સૂત્રના સ્થાન પર "कालश्च" આ સૂત્રને માન્યતા આપી હતી. જ્યારે શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરાઓમાં કાળને એક સ્વતંત્ર દ્રવ્યની માન્યતા મળી ગઈ ત્યારે અસ્તિકાય અને દ્રવ્ય શબ્દોના વિષયોમાં એક અંતર આવી ગયું. જ્યાં અસ્તિકાયના અંતર્ગત જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્દગલ એ પાંચ જ દ્રવ્યની માન્યતા હતી ત્યાં દ્રવ્યની અવધારણા અંતર્ગત જીવ, ધર્મ, અધર્મ, આકાશ, પુદ્દગલ અને કાળ એ ષટ્દ્રવ્યની માન્યતાનો પ્રારંભ થયો. ખરેખર અસ્તિકાયની અવધારણા જૈન પરંપરાની પોતાની મૌલિક અને પ્રાચીન અવધારણા હતી. જ્યારે વૈશેષિક દર્શનની દ્રવ્યની અવધારણાની સાથે સ્વીકૃત કરવામાં આવી તો પ્રારંભમાં તો પાંચ અસ્તિકાયોને જ દ્રવ્ય માન્યા. પરંતુ જયારે કાળને એક સ્વતંત્ર દ્રવ્યના રૂપમાં માન્યતા પ્રાપ્ત થઈ ગઈ તો દ્રવ્યોની સંખ્યા પાંચના સ્થાને છ થઈ ગઈ. કારણ કે આગમોમાં ક્યાંય પણ અસ્તિકાય વર્ગના અન્તર્ગત કાળની ગણના કરી ન હોતી. માટે કાળને અનસ્તિકાય વર્ગમાં રાખવામાં આવેલ અને એમ માની લીધું કે કાળ જીવ અને પુદ્દગલના પરિવર્તનમાં નિમિત્ત છે અને કાળાણુ તિર્યક્ પ્રદેશ પ્રચયત્વથી રહિત છે. માટે તે અનસ્તિકાય છે. આ પ્રમાણે દ્રવ્યના વર્ગીકરણમાં સર્વ પ્રથમ બે પ્રકારના વર્ગ બન્યા - ૧. અસ્તિકાય દ્રવ્ય અને ૨. અનસ્તિકાય દ્રવ્ય. અસ્તિકાય દ્રવ્યોના વર્ગની અન્તર્ગત જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્દગલ એ પાંચ દ્રવ્યોને રાખેલ છે અનસ્તિકાય વર્ગના અંતર્ગત કાળને રાખેલ છે. આગળ દ્રવ્યોના વર્ગીકરણના આધારે ચેતના લક્ષણ અને મૂર્તતા લક્ષણ પણ માનેલ છે. ચેતના લક્ષણની દષ્ટિથી જીવને ચેતનદ્રવ્ય અને શેષ પાંચ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્દગલ અને કાળને અચેતન દ્રવ્ય કહ્યા. આ પ્રમાણે મૂર્તતા લક્ષણની અપેક્ષાએ પુદ્દગલને મૂર્ત દ્રવ્ય અને બાકી પાંચ જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળને અમૂર્ત દ્રવ્ય માનવામાં આવ્યા. આ પ્રમાણે દ્રવ્યોના વર્ગીકરણના ત્રણ પ્રકાર અસ્તિત્વમાં આવ્યા. જેને આપણે કોષ્ટકના આધાર પર સ્પષ્ટતાથી સમજી શકીશું.

**૧. અસ્તિકાય અને અનસ્તિકાયની અવધારણાના આધારે દ્રવ્યોનું વર્ગીકરણ**




**૨. ચેતના લક્ષણના આધાર પર :**






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૩. મૂર્ત અને અમૂર્ત લક્ષણનાં આધારે દ્રવ્યોનું વર્ગીકરણ

દ્રવ્ય
↓
મૂર્ત (રૂપી) — અમૂર્ત (અરૂપી)

મૂર્ત (રૂપી) → પુદ્‌ગલ

અમૂર્ત (અરૂપી) → જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ

દ્રવ્યોના વર્ગીકરણ બાદ ષટ્‌દ્રવ્યોના સ્વરૂપ અને લક્ષણ ઉપર પણ વિચાર કરવો આવશ્યક છે.

**જીવદ્રવ્ય :**

જીવ દ્રવ્યનું સ્થાન અસ્તિકાય વર્ગના અતંર્ગત આવે છે તથા જીવ દ્રવ્યનું લક્ષણ ઉપયોગ અથવા ચેતના માનવમાં આવે છે. માટે તેને ચેતન દ્રવ્ય પણ કહેવાય છે. ઉપયોગ અથવા ચેતના આ બે પ્રકારોની ચર્ચા આગમોમાં પણ મળે છે- નિરાકાર ઉપયોગ અને સાકાર ઉપયોગ આ બન્નેને ક્રમશઃ દર્શન અને જ્ઞાન કહેવાય છે. નિરાકાર ઉપયોગ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે માટે તેને દર્શન કહેવાય છે અને સાકાર ઉપયોગ વસ્તુના વિશેષ સ્વરૂપને ગ્રહણ કરે છે માટે તેને જ્ઞાન કહેવાય છે. જીવ દ્રવ્યના સ્વરૂપમાં જૈન દર્શનની વિશેષતા એ છે કે જીવ દ્રવ્યને એક અખંડ દ્રવ્ય ન માનતા અનેક દ્રવ્ય મનાય છે. આ પ્રમાણે પ્રત્યેક જીવની સ્વતંત્ર સત્તા છે અને વિશ્વમાં જીવોની સંખ્યા અનન્ત છે. આ પ્રમાણે સંક્ષેપમાં જીવ અસ્તિકાય, ચેતન, અરૂપી અને અનેક દ્રવ્ય છે. જીવને જૈન દર્શનમાં આત્મા પણ કહેવાય છે. અહીં આત્માના સંબંધમાં કેટલાક મૌલિક પ્રશ્નોનો વિચાર કરવામાં આવે છે.

**આત્માનું અસ્તિત્વ :**

જૈન દર્શનમાં જીવ કે આત્માને એક સ્વતંત્ર તત્વ કે દ્રવ્ય માનવામાં આવે છે. જો કે આપણી સામે આધ્યાત્મિક જીવનનો પ્રશ્ન છે માટે આત્માના અસ્તિત્વ પર શંકા કરવી અસંભવ છે. જૈન દર્શનમાં આધ્યાત્મિક વિકાસની પહેલી શર્ત આત્મ-વિશ્વાસ છે. વિશેષાવશ્યક ભાષ્યના ગણધરવાદમાં આત્માના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે નીચેના મુદ્દા આપવામાં આવ્યા છે -

(૧) જીવનું અસ્તિત્વ જીવ શબ્દથી સિદ્ધ છે, કારણ કે અસદ્‌ની કોઈ સાર્થક સંજ્ઞા જ બનતી નથી.[૧]

(૨) જીવ છે કે નહી, તેનો વિચાર માત્ર જ જીવની સત્તાને સિદ્ધ કરે છે, જેમકે- દેવદત્ત જેવું સચેતન પ્રાણી જ એવું વિચાર કરી શકે છે કે તે સ્તમ્ભ છે કે પુરૂષ.[૨]

(૩) શરીર હોવા છતાં જે એમ વિચારે કે "હું નથી" તે જ જીવ છે. જીવ સિવાય સંશયકર્તા બીજો કોઈ નથી. જો આત્મા જ ન હોય તો તેની કલ્પનાનો પ્રાદુર્ભાવ જ કેવી રીતે હોય કે 'હું છું ?' જે નિષેધ કરે છે તે સ્વયં જ આત્મા છે. શંકાના માટે કોઈ એવા તત્વના અસ્તિત્વની અનિવાર્યતા છે જે તેનો આધાર હોય. આધાર વગરના કોઈ વિચાર કે ચિંતન સંભવ થઈ શકે નહિ. સંશયનો આધાર કોઈ ન કોઈ જરૂર હોવો જોઈએ. મહાવીરે ગૌતમને કહે છે - હે ગૌતમ ! જો કોઈ સંશયકર્તા જ ન હોય તો "હું છું" કે "નથી" એ શંકા ક્યાંથી ઉત્પન્ન થાય ? જો તમે પોતાના જ વિષયમાં સંદેહ કરી શકો છો તો પછી બીજામાં સંશય કેમ ન થાય ? કારણ કે સંશય આદિ જેટલી પણ માનસિક અને બૌદ્ધિક ક્રિયાઓ છે તે બધી આત્માના જ કારણે છે. જ્યાં સંશય થાય છે ત્યાં આત્માનું અસ્તિત્વ અવશ્ય સ્વીકારવું પડે છે. એ જ પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ છે, તેને સિદ્ધ કરવા માટે કોઈ અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. આત્મા સ્વયં સિદ્ધ છે કારણ કે તેના આધારે જ સંશયાદિ ઉત્પન્ન થાય છે. સુખ દુઃખાદિને સિદ્ધ કરવા માટે પણ અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. તે બધુ આત્માથી જ થઈ શકે છે.[૩] આચારાંગસૂત્રમાં કહ્યું છે કે જેના દ્વારા જાણી શકાય છે તે જ આત્મા છે.[૪]

---

૧. વિશેષાવશ્યક ભાષ્ય ૧૫૭૫
૨. તેજ ૧૫૭૧
૩. જૈન દર્શન પૃ. ૧૫૪
૪. આચારાંગસૂત્ર ૧/૫/૫/૧૬૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય શંકર બ્રહ્મસૂત્ર ભાષ્યમાં આવો જ તર્ક કરતા કહે છે કે- 'જે નિરસન કરી રહ્યા છે તે જ તેનું સ્વરૂપ છે.'[1] આત્માના અસ્તિત્વ માટે સ્વયંનો અનુભવ આચાર્ય શંકર પણ એક પ્રબલ તર્કના રૂપમાં સ્વીકાર કરે છે. તેઓ કહે છે કે બધાને આત્માના અસ્તિત્વમાં સંપૂર્ણ વિશ્વાસ છે. કોઈપણ એવો નહી મળે જે એવું વિચારતા હોય કે "હું નથી"[2] એ જ પ્રમાણે શંકર સ્પષ્ટ રૂપથી એ પણ કહી શકે છે કે બોધથી સત્તાને અને સત્તાથી બોધને પૃથક્ કરી શકાય નહિ.[3] જ્યારે આપણને આત્માનો સ્વયં બોધ થાય છે તો તેની સત્તા નિર્વિવાદ છે.

પાશ્ચાત્ય વિચારક દેકાર્તે પણ આવાજ તર્કના આધારે આત્માના અસ્તિત્વને સિદ્ધ કરેલ છે. તેઓ કહે છે કે બધાના અસ્તિત્વમાં સંદેહ કરી શકાય છે. પરંતુ સંદેહકર્તામાં પણ સંદેહ કરવો અસંભવ છે. સંદેહનું અસ્તિત્વ સંદેહથી જુદુ છે. સંદેહ કરવો એટલે વિચાર કરવો અને વિચારકના અભાવમાં વિચાર થઈ શકતો નથી. હું વિચાર કરું છું માટે "હું છું" આ પ્રમાણે દેકાર્તના અનુસાર પણ આત્માનો અસ્તિત્વ સ્વયંસિદ્ધ છે.[4]

આત્મા અમૂર્ત છે માટે તેને કોઈ રૂપમાં જાણી શકતો નથી. જેમકે- ઘટ, પટ આદિ વસ્તુઓનું ઈન્દ્રિય પ્રત્યક્ષના રૂપમાં જ્ઞાન થાય છે. છતાં અપ્રત્યક્ષ હોવા માત્રથી તેનો નિષેધ કરી શકાતો નથી. જૈન આચાર્યોએ તેના માટે ગુણ અને ગુણીનો તર્ક આપેલ છે. ઘટ આદિ જે વસ્તુઓને આપણે જાણીએ છે. તેનો યથાર્થ બોધ પ્રત્યક્ષ થઈ શકતો નથી. કારણ કે આપણને જેનો બોધ પ્રત્યક્ષ થાય છે. તે ઘટના રૂપાદિ ગુણો પ્રત્યક્ષ છે. પણ ઘટ માત્ર રૂપ નથી, તે તો અનેક ગુણોનો સમૂહ છે. જેને આપણે જાણતા નથી. રૂપ (આકાર) તેનો એક ગુણ છે. જ્યારે રૂપ ગુણના પ્રત્યક્ષીકરણને ઘટનો પ્રત્યક્ષીકરણ માની લઈએ છીએ અને આપણને એમાં કોઈ સંશય થતો નથી તો પછી જ્ઞાનગુણથી આત્માનો પ્રત્યક્ષ શા માટે નથી માની લેતા.[5]

આધુનિક વૈજ્ઞાનિક પણ અનેક તત્વોનો વાસ્તવિક બોધ પ્રત્યક્ષ કરી શકતા નથી. જેમ ઈથર; છતાં પણ કાર્યોના આધાર પર તેનું અસ્તિત્વ માને છે અને તેના સ્વરૂપનું વિવેચન પણ કરે છે. તો પછી આત્માના ચેતનાત્મક કાર્યોના આધારે તેના અસ્તિત્વનો શા માટે સ્વીકાર ન કરવો ? વસ્તુતઃ આત્મા કે ચેતનાના અસ્તિત્વનો પ્રશ્ન મહત્વપૂર્ણ હોવા છતાં પણ વિવાદનો વિષય નથી. ભારતીય ચિંતકોમાં ચાર્વાક્ અને બૌદ્ધ તથા પાશ્ચાત્ય ચિંતકોમાં હ્યુમ, જેમ્સ આદિ વિચારકો આત્માનો નિષેધ કરે છે. પણ એમનો નિષેધ આત્માના અસ્તિત્વનો નિષેધ નથી. પરંતુ તેની નિત્યતાનો નિષેધ છે. આત્માનો એક સ્વતંત્ર નિત્ય દ્રવ્યના રૂપમાં તેઓ સ્વીકાર કરતા નથી, પરંતુ ચેતન અવસ્થા કે ચેતનાપ્રવાહના રૂપમાં આત્માનું અસ્તિત્વ તો તેઓ પણ સ્વીકાર કરે છે. ચાર્વાક્ દર્શન પણ એવું નથી કહેતા કે આત્માનો સર્વથા અભાવ છે, તેઓનો નિષેધ માત્ર આત્માનો સ્વતંત્ર મૌલિક તત્વ માનવાથી છે. બૌદ્ધ અનાત્મવાદની પ્રતિ સ્થાપનામાં આત્મા (ચેતના)નો નિષેધ નથી કરતા પરંતુ તેની નિત્યતાનો નિષેધ જરૂર કરે છે. હ્યૂમ પણ અનુભૂતિથી ભિન્ન કોઈ સ્વતંત્ર આત્મ-તત્વનો જ નિષેધ કરે છે. ઉદ્યોતકર "ન્યાયવાર્તિક" ના કથન મુજબ જાણી શકાય છે કે આત્માના અસ્તિત્વનાં વિષયમાં દાર્શનિકોમાં સામાન્ય કોઈ વિવાદ જ નથી, અગર કોઈ વિવાદ છે તો તેનો સંબંધ આત્માના વિશેષ સ્વરૂપથી છે. (ન કે તેના અસ્તિત્વથી) સ્વરૂપની દૃષ્ટિથી કોઈ શરીરને જ આત્મા માને છે, કોઈ બુદ્ધિને, કોઈ ઈન્દ્રિય કે મનને અને કોઈ વિજ્ઞાન સંઘાતને આત્મા સમજે છે. કેટલાક એવા પણ વ્યક્તિ છે જે આ બધાથી પૃથક્ સ્વતંત્ર આત્મ-તત્વના અસ્તિત્વનો સ્વકીાર કરે છે.[6] જૈન દર્શન અને ગીતા આત્માને સ્વતંત્ર દ્રવ્યના રૂપમાં સ્વીકાર કરે છે.

**આત્મા એક મૌલિક તત્વ :**

આત્મા એક મૌલિક તત્વ છે અથવા અન્ય કોઈ તત્વથી ઉત્પન્ન થયેલ છે. આ પ્રશ્ન પણ મહત્વપૂર્ણ છે. બધા દર્શનની એ માન્યતા છે કે સંસાર આત્મ અને અનાત્મનો સંયોગ છે, પરંતુ એમાં મૂળ તત્વ શું છે? એ વિવાદનો વિષય છે. આ સંબંધમાં ચાર પ્રમુખ ધારણાઓ છે -

---

૧. બ્રહ્મસૂત્ર, શંકરભાષ્ય　　૨. તેજ, ૧/૧/૨

૩. બ્રહ્મસૂત્ર, શંકરભાષ્ય ૩/૨/૨૧, સમાનતા કરવી-આચારાંગ, ૧/૫/૫.

૪. પશ્ચિમી દર્શન, પૃ. ૧૦૬　　૫. વિશેષાવશ્યક ભાષ્ય, ૧૫૫૮

૬. ન્યાયવાર્તિક, પૃ. ૩૬૬ (આત્મ-મીમાંસા પૃ. ૨ ૫૨ ઉદ્ધૃત)



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

(૧) મૂળ તત્વ જડ (અચેતન) છે અને તેનાથી ચેતનની ઉત્પત્તિ થાય છે. અજીતકેશકંબલિન્, ચાર્વાક્ દાર્શનિક અને ભૌતિકવાદી આ મતનું પ્રતિપાદન કરે છે.

(૨) મૂળ તત્વ ચેતન છે અને તેની અપેક્ષાથી જડની સત્તા મનાય છે. બૌદ્ધ વિજ્ઞાનવાદ શાંકર વેદાંત તથા બર્કલે આ મતનું પ્રતિપાદન કરે છે.

(૩) કેટલાક વિચારક એવા પણ છે જેણે પરમ તત્વને એક માનવા છતાં પણ તેને જડ-ચેતન ઉભયરૂપ સ્વીકાર કરી અને બંનેને જ તેની પર્યાય માને છે, ગીતા, રામાનુજ, સ્પિનોજા આ મતને કહે છે.

(૪) કોઈ વિચારક જડ અને ચેતન બન્નેને પરમ તત્વ માને છે અને તેના સ્વતંત્ર અસ્તિત્વમાં વિશ્વાસ કરે છે. સાંખ્ય જૈન અને દેકાર્ત આ ધારણામાં વિશ્વાસ કરે છે.

જૈન વિચારક સ્પષ્ટ રૂપથી કહે છે- 'કે ક્યારે પણ જડથી ચેતનની ઉત્પત્તિ થતી નથી. સૂત્રકૃતાંગની ટીકામાં આ માન્યતાનું નિરાકરણ કરેલ છે. શીલાંકાચાર્ય લખે છે કે "ભૂત સમુદાય સ્વતંત્રધર્મી છે. તેના ગુણ ચૈતન્ય નથી." કારણ કે પૃથ્વી આદિ ભૂતોના અન્ય પૃથક્-પૃથક્ ગુણ છે, અન્ય ગુણોવાળા પદાર્થોથી કે તેના સમૂહથી પણ કોઈ અપૂર્વ (નવીન) ગુણની ઉત્પત્તિ થઈ શકતી નથી. જેમ રૂક્ષ રેતીના કણોના સમુદાયમાં સ્નિગ્ધ તેલની ઉત્પત્તિ થતી નથી. માટે ચૈતન્ય આત્માનો જ ગુણ થઈ શકે છે. ભૂતોનો નહિ. જડ ભૂતોથી ચેતન આત્માની ઉત્પત્તિ થઈ શકતી નથી.[૧] શરીર પણ જ્ઞાનાદિ ચૈતન્ય ગુણોનું કારણ ન હોય શકે. કારણ કે શરીર ભૌતિક તત્વોનું કાર્ય છે અને ભૌતિકતત્વ ચેતનાશૂન્ય છે. જ્યારે ભૂતોમાં જ ચૈતન્ય નથી તો તેના કાર્યમાં ચૈતન્ય ક્યાંથી આવશે ? પ્રત્યેક કાર્ય, કારણમાં અવ્યક્ત રૂપથી રહે છે. જ્યારે તે કારણ કાર્યરૂપમાં પરિણત થાય છે, ત્યારે તે શક્તિ રૂપથી રહેલ કાર્ય વ્યક્ત રૂપમાં સામે આવી જાય છે. જ્યારે ભૌતિક તત્વોમાં ચેતના નથી, ત્યારે તે કેવી રીતે સંભવ છે કે શરીર ચૈતન્ય ગુણવાળા થઈ જાય ? જો ચેતના પ્રત્યેક ભૌતિક તત્વમાં નથી તો તેના સંયોગથી પણ તે ઉત્પન્ન થઈ શકતી નથી. રેતીના પ્રત્યેક કણમાં ન રહેલ તેલ રેતી કણોનાં સંયોગથી ઉત્પન્ન થઈ શકતા નથી. માટે તે કહેવું યુક્તિ સંગત નથી કે ચૈતન્ય ચતુર્ભુજના વિશિષ્ટ સંયોગથી ઉત્પન્ન થાય છે.[૨] ગીતા પણ કહે છે કે અસત્નું પ્રાદુર્ભાવ થતું નથી અને સત્નો વિનાશ થઈ શકતો નથી.[3] જો ચૈતન્ય ભૂતોમાં નથી તો તેના સંયોગથી નિર્મિત શરીરમાં પણ ન હોય શકે. શરીરમાં ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે માટે તેનો આધાર શરીર નહિ, આત્મા છે. આત્માની જડથી ભિન્નતા સિદ્ધ કરવા માટે શીલાંકાચાર્ય એક બીજી યુક્તિ પ્રસ્તુત કરતાં કહે છે કે "પાંચો ઈન્દ્રિયોના વિષય અલગ-અલગ છે, પ્રત્યેક ઈન્દ્રિય પોતાના વિષયનું જ્ઞાન કરે છે, જ્યારે પાંચો ઈન્દ્રિયોનાં વિષયોનું એકત્રીરૂપથી જ્ઞાન કરનાર અન્ય કોઈ અવશ્ય છે અને તે આત્મા છે."[૪]

આના સંબંધમાં શંકરની પણ એક યુક્તિ છે, જેના સંબંધમાં પ્રો. એ.સી. મુકર્જીએ પોતાની પુસ્તક "નેચર ઓફ સેલ્ફ"માં ઘણો જ લખેલ છે. શંકર પૂછે છે કે- 'ભૌતિકવાદીઓના અનુસાર ભૂતોથી ઉત્પન્ન થનાર તે ચેતનાનું સ્વરૂપ શું છે?' તેના અનુસાર અથવા તો ચેતના તે તત્વોની પ્રત્યક્ષકર્તા હશે અથવા તેનો જ એક ગુણ હશે. પ્રથમ સ્થિતિમાં જો ચેતના ગુણોની પ્રત્યક્ષકર્તા હશે, તો તે તેનાથી પ્રત્યુત્પન્ન નહિ થાય. બીજુ એ કહેવું પણ હાસ્યાસ્પદ થશે કે ભૌતિક ગુણ પોતાના જ ગુણોને જ્ઞાનની વિષય-વસ્તુ બનાવે છે. એવું માનવું કે ચેતના જે ભૌતિક પદાર્થોનું જ એક ગુણ છે, તેનાથી જ પ્રત્યુત્પન્ન છે, તેજ ભૌતિક પદાર્થોને પોતાના જ્ઞાનનો વિષય માને છે. એટલુ જ હાસ્યાસ્પદ છે કે જેટલુ માનવું કે આગ પોતાને જ બાળે છે. અથવા નટ પોતાના જ ખાભા પર ચઢી શકે છે. આ પ્રમાણે શંકરનું બળ નિષ્કર્ષ પણ એવો છે કે ચેતના(આત્મા) ભૌતિક તત્વોથી વ્યતિરિક્ત અને જ્ઞાન સ્વરૂપ છે.[૫]

**આક્ષેપ અને નિરાકરણ :**

સામાન્ય રૂપથી જૈન વિચારણામાં આત્મા કે જીવ ને અપૌદ્ગલિક, વિશુદ્ધ ચૈતન્ય અને જડથી ભિન્ન સ્વતંત્ર તત્વ કે દ્રવ્ય મનાય છે. પરંતુ અન્ય દાર્શનિકોનો આક્ષેપ છે કે જૈન દર્શનના વિચારમાં જીવનું સ્વરૂપ ઘણું ખરૂં પૌદગલિક

---

૧. સૂત્રકૃતાંગ ટીકા, ૧/૧/૮
૨. જૈન દર્શન, પૃ. ૧૫૭
૩. ગીતા, ૨/૧૬
૪. સૂત્રકૃતાંગ ટીકા, ૧/૧/૮.
૫. દીનેચર ઓફ સેલ્ફ, પૃ ૧૪૧ - ૧૪૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બની ગયું છે. આ આક્ષેપ અજૈન દાર્શનિકોનો જ નહીં પરંતુ અનેક જૈન ચિંતકોનો પણ છે અને તેના માટે આગમિક આધારો પર કેટલાક તર્ક પણ પ્રસ્તુત કરેલ છે.[1] પં.જુગલકિશોર મુખ્તારે આ વિષયમાં એક પ્રશ્નાવલી પણ પ્રસ્તુત કરેલ હતી. અહીં તેની પ્રશ્નાવલીના કેટલાક મુખ્ય મુદ્દા પર જ ચર્ચા કરવી યોગ્ય છે, જે જૈન દાર્શનિક માન્યતાઓમાં જ પારસ્પરિક વિરોધ પ્રકટ કરે છે :

(૧) જીવ જો પૌદ્ગલિક નથી તો તેમાં સૌક્ષ્મ્ય સ્થૌલ્ય અથવા સંકોચ વિસ્તાર ક્રિયા અને પ્રદેશ પરિસ્પંદ કેવી રીતે થઈ શકે છે ? જૈન વિચારણાની અનુસાર સૌક્ષ્મ્ય- સ્થૌલ્યને પુદ્ગલની પર્યાય માને છે.

(૨) જીવ અપૌદ્ગલિક હોવાથી આત્માના પદાર્થોનું પ્રતિબિંબ હોવું પણ કેવી રીતે માની શકાય ? કારણ કે પ્રતિબિંબનો ગ્રાહક પુદ્ગલ જ હોય છે. જૈન વિચારણામાં જ્ઞાનની ઉત્પત્તિ પદાર્થોનું આત્મામાં પ્રતિબિંબ થવાથી જ મનાય છે.

(૩) અપૌદ્ગલિક અને અમૂર્તિક જીવાત્માનું પૌદ્ગલિક અને મૂર્તિક કર્મોની સાથે બદ્ધ થઈને વિકારી થવું કેવી રીતે બની શકે છે. (આવા બંધના કોઈ દૃષ્ટાંત પણ ઉપલબ્ધ નથી) સ્વર્ણ અને પાષાણના અનાદિબંધનું જે દૃષ્ટાંત અપાય છે તે જ વિષય દૃષ્ટાંત છે અને એક પ્રકારની સ્વર્ણ સ્થાનની જીવનું પૌદ્ગલિક થવું જ સૂચિત કરે છે.

(૪) રાગાદિને પૌદ્ગલિક કહેલ છે અને રાગાદિક જીવના પરિણામ છે - વગર જીવનું તેનું અસ્તિત્વ નથી. (જો જીવ પૌદ્ગલિક નથી તો રાગાદિ પૌદ્ગલિક કેવી રીતે સિદ્ધ થઈ શકે?) આના સિવાય અપૌદ્ગલિક જીવાત્મામાં કૃષ્ણ નીલાદિ લેશ્યાઓ કેવી રીતે બની શકે છે ?

જૈન દર્શન જડ અને ચેતનના દ્વૈતનો અને તેની સ્વતંત્ર સત્તાનો સ્વીકાર કરે છે. તે બધા પ્રકારના અદ્વૈતવાદનો વિરોધ કરે છે, ચાહે તે શંકરના આધ્યાત્મિક અદ્વૈતવાદ હોય અથવા ચાર્વાક્ અને અન્ય વૈજ્ઞાનિકોનો ભૌતિકવાદ હોય પરંતુ આ સિદ્ધાન્તની માન્યતાથી ઉપર્યુક્ત શંકાઓનું સમાધાન થતુ નથી. આના માટે અમારે જીવના સ્વરૂપને તે સંદર્ભમાં જોવો પડશે કે જેમાં ઉપર્યુક્ત શંકાઓ પ્રસ્તુત કરેલ છે. પ્રથમ સંકોચ વિસ્તાર તથા તેના આધાર પર થયેલ સૌક્ષ્મ્ય અને સ્થૌલ્ય તથા બંધન અને રાગાદિભાવનું હોવું છે બધા બદ્ધ જીવાત્માઓ કે અમારા વર્તમાન સીમિત વ્યક્તિત્વના કારણો છે. જ્યાં સુધી સીમિત વ્યક્તિત્વ અથવા બદ્ધ જીવાત્માનો પ્રશ્ન છે તે એકાન્ત રૂપથી ન તો ભૌતિક છે અને ન અભૌતિક છે. જૈન ચિંતક મહાપ્રરા મુનિ નથમલજી આજ પ્રશ્નોનું સમાધાન કરતા લખે છે- 'કે મારી માન્યતા એ છે કે અમારૂં વર્તમાન વ્યક્તિત્વ સર્વથા પૌદ્ગલિક નથી અને સર્વથા અપૌદ્ગલિક નથી. જો તેને સર્વથા પૌદ્ગલિક માને તો તેમાં ચૈતન્ય ન હોય શકે અને તેને સર્વથા અપૌદ્ગલિક માને તો તેમાં સંકોચ-વિસ્તાર, પ્રકાશમય અનુભવ, ઉર્દ્ધગૌરવ ધર્મિતા, રાગાદિ ન હોય શકે. હું જ્યાં સુધી સમજી શક્યો છું, કોઈપણ શરીરધારી જીવ અપૌદ્ગલિક નથી. જૈન આચાર્યોએ તેમાં સંકોચ-વિસ્તાર બંધન આદિ માન્યા છે. અપૌદ્ગલિકતા તેની અંતિમ પરિણતિ છે. જે શરીર-મુક્તિથી પહેલા પ્રાપ્ત થતી નથી.[2] મુનિજીના આ વર્ણનને અધિક સ્પષ્ટ રૂપમાં એ કહી શકાય કે જીવના અપૌદ્ગલિક સ્વરૂપની ઉપલબ્ધિ નથી પણ આદર્શ છે. જૈન દર્શનનું લક્ષ્ય આજ અપૌદ્ગલિક સ્વરૂપની ઉપલબ્ધિ છે. જીવની અપૌદ્ગલિકતા આદર્શ છે. જાગીતક તથ્ય નથી.

**આત્મા અને શરીરમાં સંબંધ :**

મહાવીરની પાસે જ્યારે આ પ્રશ્ન ઉપસ્થિત કરેલ કે "ભગવન્ ! જીવ તેજ છે જે શરીર છે અથવા જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે?" મહાવીરે ઉત્તર આપ્યો - "હે ગૌતમ ! જીવ શરીર પણ છે અને શરીર ભિન્ન પણ છે.[3] આ પ્રમાણે મહાવીરે આત્મા અને દેહની મધ્ય ભિન્નત્વ અને એકત્વ બન્ને સ્વીકાર કર્યો છે. આચાર્ય કુંદકુંદે પણ આત્મા અને શરીરના એકત્વ અને ભિન્નત્વને લઈને એજ વિચાર પ્રકટ કરેલ છે. આચાર્ય કુંદકુંદનું કહેવું એ છે કે વ્યાવહારિક દૃષ્ટિથી આત્મા અને દેહ એક જ છે. પરંતુ નિશ્ચય દૃષ્ટિથી આત્મા અને દેહ કદાપિ એક થઈ શકતા નથી.[4] વસ્તુતઃ આત્મા અને શરીરમાં એકત્વ માન્યા વગર સ્તુતિ, વંદન, સેવા આદિ અનેક નૈતિક આચરણની ક્રિયાઓ સંભવ નથી.

૧. અનેકાન્ત, જૂન - ૧૯૪૨
૨. તટ બે પ્રવાહ એક, પૃ. ૫૪
૩. ભગવતીસૂત્ર ૧૩/૭/૪૯૫.
૪. સમયસાર, ૨૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી તરફ આત્મા અને દેહમાં ભિન્નતા માન્યતા વગર આસક્તિ નાશ અને ભેદ વિજ્ઞાનની સંભાવના થઈ શકતી નથી. નૈતિક અને ધાર્મિક સાધનાની દષ્ટિથી આત્માનું શરીરથી એકત્વ અને અનેકત્વ બન્ને અપેક્ષિત છે. આજ જૈન નૈતિકતાની માન્યતા છે. મહાવીરે એકાન્તિકવાદોને છોડીને અનેકાન્ત દષ્ટિનો સ્વીકાર કર્યો અને બન્ને વાદોનો સમન્વય કર્યો. તેમણે કહ્યું કે- 'આત્મા અને શરીર કદાચિત્ ભિન્ન છે અને કદાચિત્ અભિન્ન છે.'

**આત્મા પરિણામી છે :**

જૈન દર્શન આત્માને પરિણામી માને છે અને સાંખ્ય અને શંકરવેદાંત આત્માને અપરિણામી માને છે. બુદ્ધના સમકાલીન વિચારક પૂર્ણકાશ્યપ પણ આત્માને અપરિણામી માનતા હતા. આત્માને અપરિણામી માનવાનું તાત્પર્ય એ છે કે આત્મામાં કોઈ વિકાર, પરિવર્તન કે સ્થિત્યન્તર થતું નથી.

જૈન આચાર ગ્રંથોમાં આ વિચાર ઘણી જ જગ્યાથી ઉપલબ્ધ થાય છે કે આત્મા કર્તા છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે આત્મા જ સુખો અને દુઃખોના કર્તા અને ભોક્તા છે. એવું પણ કહ્યુ છે કે- 'માથુ કાપનાર શત્રુ પણ તેટલો અપકાર કરતા નથી જેટલો દુરાચરણમાં પ્રવૃત્ત પોતાની આત્મા કરે છે.'[1]

એટલું જ નહીં સૂત્રકૃતાંગમાં આત્માને અકર્તા માનનાર લોકોની આલોચના કરતા સ્પષ્ટ રૂપમાં કહ્યું છે કે : કેટલાક બીજા લોકો તો ધૃષ્ટતા પૂર્વક કહે છે કે કરવું, કરાવવું આદિ ક્રિયા આત્મા કરતી નથી. તે તો અકર્તા છે." આ વાદ કરનાર વાદિયોને સત્ય જ્ઞાનનું જ્ઞાન નથી અને તેને ધર્મનું ભાન નથી.[2] ઉત્તરાધ્યયન સૂત્રમાં શરીરને નાવ અને જીવને નાવિક કહીને જીવ પર નૈતિક કર્મોનું ઉત્તરદાયિત્વ આપેલ છે.[3]

**આત્મા ભોક્તા છે :**

જો આત્માને કર્તા માનવું આવશ્યક છે તો તેને ભોક્તા પણ માનવું પડશે. કારણ કે જે કર્મોના કર્તા છે, તેને જ તેના ફળોનો ભોગતા પણ માનવું જોઈએ. જેમ આત્માનું કર્તૃત્વ કર્મ પુદ્‌ગલોના નિમિત્તથી જ સંભવ છે, તેવી જ રીતે આત્માના ભોક્તૃત્વ પણ કર્મ પુદ્‌ગલોના નિમિત્તથી જ સંભવે છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વ બન્ને શરીરયુક્ત બદ્ધાત્મામાં પ્રાપ્ત થાય છે. મુક્તાત્મા અથવા શુદ્ધાત્મામાં નથી. ભોક્તૃત્વ વેદનીય કર્મના કારણે જ સંભવ છે. જૈન દર્શન આત્માના ભોક્તૃત્વ પણ સાપેક્ષ દષ્ટિથી શરીર યુક્ત બદ્ધાત્મામાં સ્વીકાર કરે છે.

૧. વ્યાવહારિક દષ્ટિથી શરીરયુક્ત બદ્ધાત્મા ભોક્તા છે.

૨. અશુદ્ધ નિશ્ચયનય અથવા પર્યાય દષ્ટિથી આત્મા પોતાની માનસિક અનુભૂતિઓ કે મનોભાવોનો વેદક છે.

૩. પરમાર્થ દષ્ટિથી આત્મા ભોક્તા અને વેદક નથી, માત્ર દષ્ટા કે સાક્ષી સ્વરૂપ છે.[4]

આત્માનું ભોક્તૃત્વ કર્મ અને પ્રતિફલના સંયોગ માટે આવશ્યક છે. જે કર્તા છે, તે અનિવાર્ય રૂપથી તેના ફળોના ભોક્તા પણ છે. અન્યથા કર્મ અને તેના ફળભોગમાં અનિવાર્ય સંબંધ સિદ્ધ થઈ શકતા નથી.આવી સ્થિતિમાં નૈતિકતાનો કોઈ અર્થ જ રહેતો નથી. માટે એવું માનવું જોઈએ કે આત્મા ભોક્તા છે, પરંતુ આત્માનું ભોક્તા હોવું બદ્ધાત્મા અથવા સશરીરના માટે જ ઉપયોગી છે. અમુક્તાત્મા ભોક્તા નથી, તે તો માત્ર સાક્ષી સ્વરૂપ અથવા દષ્ટા હોય છે.

**આત્મા સ્વદેહ પરિમાણ છે :**

યદ્યપિ જૈન વિચારણામાં આત્માઓને રૂપ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શ આદિથી વિવર્જીત કહ્યો છે, છતાંપણ આત્માને શરીરાકાર સ્વીકાર કરેલ છે. આત્માના આકારના સંબંધમાં પ્રમુખ રૂપથી બે દષ્ટિઓ છે- એકના અનુસાર આત્મા સર્વવ્યાપી છે, બીજાના અનુસાર અણુ છે. સાંખ્ય, ન્યાય અને અદ્વૈત વેદાન્ત આત્માને સર્વવ્યાપી માને છે અને રામાનુજ અણુ માને છે. જૈન દર્શન આના સંબંધમાં મધ્યસ્થ દષ્ટિ અપનાવે છે. તેના અનુસાર આત્મા અણુ પણ છે અને સર્વવ્યાપી પણ છે. તે સૂક્ષ્મ છે તો પણ તે એક આકાશ પ્રદેશના અનન્તમાં ભાગમાં સમાય શકે છે અને સર્વવ્યાપી છે તો તે સમગ્ર લોકને વ્યાપ્ત કરી શકે છે.[5] જૈન દર્શન આત્મામાં સંકોચ વિસ્તારને સ્વીકાર કરે છે અને તે આધાર પર આત્માને સ્વદેહ - પરિમાણ માને છે. જેમ દીપકનો પ્રકાશ નાની રૂમમાં રહેવાથી નાની રૂમને અને મોટા રૂમમાં રહેવાથી મોટા રૂમને પ્રકાશિત કરે છે તેવી જ રીતે આત્મા પણ જે દેહમાં રહે છે તેને ચૈતન્યાભિભૂત કરે છે.

---

૧. તેજ, ૨૦/૪૮
૨. સૂત્રકૃતાંગ સૂત્ર, ૧/૧/૧૩-૨૧
૩. ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૩/૭૩
૪. સમયસાર ૮૧-૯૨
સમાનતા કરવી - કઠોરાપનિષદ - ૧/૩/૩
૧. ક્રમશઃ નિગોદ અને કેવળી સમુદ્ઘાતની- અવસ્થામાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આત્માના સર્વવ્યાપીત્વની સમીક્ષા :**

૧. જો આત્મા સર્વવ્યાપક છે તો તે બીજા શરીરોમાં પણ હશે, પછી તે શરીરોના કર્મોના માટે ઉત્તરદાયી થશે. જો તે માનવામાં આવે કે આત્મા બીજા શરીરોમાં નથી તો પછી તે સર્વવ્યાપક નહી થાય.

૨. જો આત્મા સર્વવ્યાપી છે તો બીજા શરીરોમાં થનાર સુખ- દુઃખના ભોગથી કેવી રીતે બચી શકે ?

૩. સર્વવ્યાપી આત્માના સિદ્ધાંતમાં કઈ આત્મા ક્યાં શરીરના નિયામક છે, તે બતાવવું કઠિન છે. માટે નૈતિક અને ધાર્મિક જીવનના માટે પ્રત્યેક શરીરમાં એક આત્માનો સિદ્ધાંત જ સંગત થઈ શકે છે, તેથી તે શરીરના કર્મોના આધાર પર તેને ઉત્તરદાયી માની શકાય.

૪. આત્માની સર્વવ્યાપકતાનો સિદ્ધાન્ત અનેકાત્મવાદની સાથે ક્યારેય સંગત થઈ શકતા નથી. સાથે અનેકાત્મવાદના અભાવમાં નૈતિક જીવનની સંગત વ્યાખ્યા સંભવ નથી.

**આત્માઓ અનેક છે :**

આત્મા એક છે કે અનેક :- આ દાર્શનિક દષ્ટિથી વિવાદનો વિષય રહ્યો છે. જૈન દર્શનના અનુસાર આત્માઓ અનેક છે અને પ્રત્યેક શરીરની આત્મા અલગ છે. જો આત્માને એક માનવામાં આવે તો નૈતિક દષ્ટિથી અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઈ જાય છે.

**એકાત્મવાદની સમીક્ષા :**

૧. આત્માને એક માનવાથી બધા જીવોની મુક્તિ અને બંધન એક સાથે થશે. એટલું જ નહી પણ બધા શરીરધારીઓની નૈતિક વિકાસ અને વિનાશની વિભિન્ન અવસ્થાઓ પણ યુગપદ હશે. પરંતુ એવું દેખાતું નથી. બધા પ્રાણીઓનો આધ્યાત્મિક અને નૈતિક વિકાસનો સ્તર અલગ-અલગ છે. એવું પણ માનવામાં આવે છે કે અનેક વ્યક્તિ મુક્ત થઈ ગયા છે અને અનેક હજી બંધનમાં છે. માટે આત્માઓ એક નહી અનેક છે.

૨. આત્માને એક માનવા પર વૈયક્તિક નૈતિક પ્રયાસોનું મૂલ્ય સમાપ્ત થઈ જશે. જો આત્મા એક જ છે તો વ્યક્તિગત પ્રયાસો અને ક્રિયાઓથી તેની મુક્તિ સંભવ નથી અને તે બંધનમાં પણ આવશે નહિ.

૩. આત્માને એક માનવાથી નૈતિક ઉત્તરદાયિત્વ તથા પુરસ્કાર અને દંડની વ્યવસ્થાનો પણ કોઈ અર્થ રહેતો નથી. સારાંશમાં આત્માને એક માનવાથી વૈયક્તિકતાના અભાવમાં નૈતિક વિકાસ, નૈતિક ઉત્તરદાયિત્વ અને પુરુષાર્થ આદિ નૈતિક પ્રત્યયોનો કોઈ અર્થ રહેતો નથી. માટે વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે- 'સુખ-દુઃખ, જન્મ-મરણ, બંધન-મુક્તિ આદિના સંતોષપ્રદ સમાધાન માટે અનેક આત્માઓની સ્વતંત્ર સત્તા માનવી આવશ્યક છે.[૧]

સાંખ્યકારિકામાં પણ જન્મ-મરણ, ઈન્દ્રિયોની વિભિન્નતાઓ, પ્રત્યેકની અલગ-અલગ પ્રવૃત્તિ અને સ્વભાવ તથા નૈતિક વિકાસની વિભિન્નતાના આધાર પર આત્માની અનેકતા સિદ્ધ કરેલ છે.[૨]

**અનેકાત્મવાદની નૈતિક કઠિનાઈ :**

અનેકાત્મવાદ નૈતિક જીવનના માટે વૈયક્તિકતાનું પ્રત્યય પ્રસ્તુત કરી દે છે, તેમજ અનેક આત્માઓ માનવા છતાં પણ નૈતિક કઠિનાઈઓ ઉત્પન્ન થઈ જાય છે. આ નૈતિક કઠિનાઈઓમાં પ્રમુખ એ છે કે નૈતિકતાનો સમગ્ર પ્રયાસ જે અહંના વિસર્જનના માટે છે તે જ અહં (વૈયક્તિકતા) ને જ આધારભૂત બનાવી લે છે. અનેકાત્મવાદમાં અહં ક્યારેય પણ પૂર્ણતયા વિસર્જીત થઈ શકતા નથી. આજ અહંથી રાગ અને આસક્તિનો જન્મ થાય છે. અહં તૃષ્ણાનું જ એક રૂપ છે. "હું" પણ બંધન જ છે.

**જૈન દર્શનનો નિષ્કર્ષ :**

જૈન દર્શને આ સમસ્યાનો પણ અનેકાંત દષ્ટિથી સુંદર હલ પ્રસ્તુત કરેલ છે. તેના અનુસાર આત્મા એક પણ છે અને અનેક પણ છે. સમવાયાંગ અને સ્થાનાંગસૂત્રમાં કહેલ છે- 'કે આત્મા એક છે.'[3] અન્યત્ર જગ્યાએ તેને અનેક પણ કહેલ છે.[૪] ટીકાકારોએ આનું સમાધાન આ પ્રમાણે કરેલ છે - કે આત્મા દ્રવ્યાપેક્ષાથી એક છે અને પર્યાયાપેક્ષાથી

૧. વિશેષાવશ્યક ભાષ્ય, ૧૫૮૨

૨. સાંખ્યકારિકા, ૧૮

૩. (ક) સમવાયાંગ, ૧/૧
(ખ) સ્થાનાંગસૂત્ર, ૧/૧

૪. ભગવતીસૂત્ર, ૨/૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક છે, જેમકે- સિન્ધુનું પાણી એક નથી અને અનેક પણ નથી. તે જલ-રાશિની દૃષ્ટિથી એક છે અને જલ-બિન્દુઓની દૃષ્ટિથી અનેક પણ છે. સંપૂર્ણ જલ-બિન્દુ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રાખતા થકા તે જલ-રાશિથી અભિન્ન જ છે. તે જ પ્રમાણે અનન્ત ચેતન આત્માઓ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રાખવા છતાં પણ પોતાના ચેતના સ્વભાવના કારણે એક ચેતન આત્મદ્રવ્ય જ છે.[1]

ભગવાન મહાવીરે આ પ્રશ્નનું સમાધાન ઘણા સુંદર ઢંગથી ટીકાકારોના પહેલા જ કરી દીધેલ હતું. તે સોમિલ નામક બ્રાહ્મણને પોતાનું દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતા કહે છે કે- "હે સોમિલ ! દ્રવ્ય દૃષ્ટિથી હું એક છું તેમજ જ્ઞાન અને દર્શન રૂપ બે પર્યાયોની પ્રધાનતાથી હું બે છું. કયારેક ન્યૂનાધિક ન થનાર આત્મ પ્રદેશોની દૃષ્ટિથી હું અક્ષય છું, અવ્યય છું, અવસ્થિત છું. ત્રણેય કાળોમાં બદલતા રહેનાર ઉપયોગ સ્વભાવની દૃષ્ટિથી હું અનેક છું."[2]

આ પ્રમાણે ભગવાન મહાવીર એક તરફ દ્રવ્યદૃષ્ટિ (Substantial view) થી આત્માના એકત્વનું પ્રતિપાદન કરે છે, તેમજ બીજી તરફ પર્યાયાર્થિક દૃષ્ટિથી એક જ જીવાત્મામાં ચેતન પર્યાયોના પ્રવાહના રૂપથી અનેક વ્યક્તિઓની સંકલ્પનાનો પણ સ્વીકાર કરી શંકરના અદ્વૈતવાદ અને બૌદ્ધના ક્ષણિક આત્મવાદનો પણ સમન્વય કરવાની કોશિશ કરે છે.

જૈન વિચારક આત્માઓમાં ગુણાત્મક અંતર માનતા નથી. પરંતુ વિચારની દિશામાં ફક્ત સામાન્ય દૃષ્ટિથી કામ ચાલતું નથી, વિશેષ દૃષ્ટિનું પણ પોતાનું સ્થાન છે. સામાન્ય અને વિશેષ રૂપમાં વિચારની બે દૃષ્ટિઓ છે અને બન્નેનું પોતાનું મહત્વ છે. મહાસાગરની જલ-રાશિ સામાન્ય દૃષ્ટિથી એક છે, પરંતુ વિશેષ દૃષ્ટિથી તે જ જલ-રાશિ અનેક જલ બિંદુઓના સમૂહ રૂપ પ્રતીત થાય છે, તેજ વાત આત્માના વિષયમાં છે. ચેતના પર્યાયોની વિશેષ દૃષ્ટિથી આત્મા અનેક છે અને ચેતના દ્રવ્ય દૃષ્ટિથી આત્મા એક છે. જૈન દર્શનના અનુસાર આત્મ દ્રવ્ય એક પ્રકારનો છે, પરંતુ તેમાં અનન્ત વૈયક્તિક આત્માઓની સત્તા છે તેટલું જ નહિં, પ્રત્યેક વૈયક્તિક આત્મા પણ પોતાની પરિવર્તનશીલ ચૈતન્ય અવસ્થાઓના આધાર પર સ્વયં પણ એક સ્થિર અવસ્થામાં ન રહેતા પ્રવાહશીલ અવસ્થામાં રહે છે. જૈન દર્શન એવું માને છે કે આત્માનું ચરિત્ર કે વ્યક્તિત્વ પરિવર્તનશીલ છે, તે દેશકાળગત પરિસ્થિતિઓમાં બદલતી રહે છે. છતાં પણ તે ત્યાં જ રહે છે. અમારામાં પણ અનેક વ્યક્તિત્વ બને છે અને બગડે છે. છતાં પણ તે અમારૂં જ અંગ છે. આના આધાર પર અમે તેના ઉત્તરદાયી બની રહે છે. આ પ્રમાણે જૈન દર્શન અભેદમાં ભેદ, એકત્વમાં અનેકત્વની માન્યતાને માનીને ધર્મ અને નૈતિકતાના માટે એક ઠોસ આધાર રજુ કરે છે.

જૈન દર્શન જેને જીવની પર્યાય અવસ્થાઓની ધારા કહે છે. બૌદ્ધ દર્શન તેને ચિત્ત-પ્રવાહ કહે છે. જે પ્રમાણે જૈન દર્શનમાં પ્રત્યેક જીવ અલગ છે, તેજ પ્રમાણે બૌદ્ધ દર્શનમાં પ્રત્યેક ચિત્ત-પ્રવાહ અલગ છે. જેમ બૌદ્ધ દર્શનના વિજ્ઞાનવાદમાં આલયવિજ્ઞાન છે. તેમ જૈન દર્શનમાં આત્મ દ્રવ્ય છે, માટે અમારે આ બધામાં રહેલ તાત્વિક અંતરને વિસ્મૃત ન કરવું જોઈએ.

**આત્માના ભેદ :**

જૈન દર્શન અનેક આત્માઓની સત્તાનો સ્વીકાર કરે છે. એટલુ જ નહીં, તે પ્રત્યેક આત્માની વિભિન્ન અવસ્થાઓના આધાર પર તેના ભેદ કરે છે. જૈન આગમોમાં વિભિન્ન પક્ષોની અપેક્ષાથી આત્માના આઠ ભેદ કરેલ છે -[3]

૧. દ્રવ્યાત્મા - આત્માનું તાત્વિક સ્વરૂપ.
૨. કષાયાત્મા - ક્રોધ, માન, માયા આદિ કષાયોના મનોવેગોથી યુક્ત ચેતનાની અવસ્થા.
૩. યોગાત્મા - શરીરથી યુક્ત હોવાથી ચેતનાની કાયિક, વાચિક અને માનસિક ક્રિયાઓની અવસ્થા.
૪. ઉપયોગાત્મા - આત્માની જ્ઞાનાત્મક અને અનુભૂત્યાત્મક શક્તિઓ આ આત્માના ચેતનાત્મક વ્યાપાર છે.
૫. જ્ઞાનાત્મા - ચેતનાની વિવેક અને તર્કની શક્તિ.
૬. દર્શનાત્મા - ચેતનાની ભાવાત્મક અવસ્થા.
૭. ચારિત્રાત્મા - ચેતનાની સંકલ્પાત્મક શક્તિ.
૮. વીર્યાત્મા - ચેતનાની ક્રિયાત્મક શક્તિ.

---

૧. સમવાયાંગ ટીકા ૧/૧ ૨. ભગવતી સૂત્ર, ૧/૮/૧૦
૩. તેજ, ૧૨/૧૦/૪૬૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત આઠ પ્રકારોમાં દ્રવ્યાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા અને દર્શનાત્માએ ચાર તાત્વિક આત્માના સ્વરૂપના જ દ્યોતક છે, બાકીના ચાર કષાયાત્મા, યોગાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા એ ચારેય આત્માના અનુભવ આધારિત સ્વરૂપના નિર્દેશક છે. તાત્વિક આત્મા દ્રવ્યની અપેક્ષાથી નિત્ય હોય છે. છતાં પણ તેમાં જ્ઞાનાદિની પર્યાયો થતી રહે છે. અનુભવ આધારિત આત્મા ચેતનાની શરીરથી યુક્ત અવસ્થા.છે. આ પરિવર્તનશીલ અને વિકારયુક્ત હોય છે. આત્માના બંધનનો પ્રશ્ન પણ આજ અનુભવાધારિત આત્માથી સંબંધિત છે. વિભિન્ન દર્શનોમાં આત્મ-સિદ્ધાન્તના સંદર્ભમાં જે પારસ્પરિક વિરોધ દેખાય છે તે આત્માના આ બે પક્ષોમાંથી કોઈપણ પક્ષ પર વિશેષ બળ દેવાના કારણે થાય છે. ભારતીય પરંપરામાં બૌદ્ધ દર્શને આત્માના અનુભવાધારિત પરિવર્તનશીલ પક્ષપર અધિક બળ આપ્યું, જ્યારે સાંખ્ય અને શાંકર વેદાન્તે આત્માના તાત્ત્વિક સ્વરૂપ પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરેલ. જૈન દર્શન બન્ને પક્ષોનો સ્વીકાર કરી તેના વચમાં સમન્વયનું કાર્ય કરે છે.

**વિવેક-ક્ષમતાના આધાર પર આત્માના ભેદ :-**

વિવેક ક્ષમતાની દૃષ્ટિથી આત્મા બે પ્રકારની માની છે - ૧. સમનસ્ક, ૨. અમનસ્ક. સમનસ્ક આત્માએ તે છે કે જેને વિવેક - ક્ષમતાથી યુક્ત મન ઉપલબ્ધ છે અને અમનસ્ક આત્મા એ છે કે જેને વિવેક ક્ષમતાથી યુક્ત મન ઉપલબ્ધ નથી. જ્યાં સુધી નૈતિક જીવનના ક્ષેત્રનો પ્રશ્ન છે. સમનસ્ક આત્મા એજ નૈતિક આચરણ કરી શકે છે અને તે જ નૈતિક સાધ્યની ઉપલબ્ધિ કરી શકે છે, કારણ કે વિવેક-ક્ષમતાથી યુક્ત મનની ઉપલબ્ધિ થવાથી જ આત્મામાં શુભાશુભનો વિવેક કરવાની ક્ષમતા હોય છે. સાથે આજ વિવેક બુદ્ધિના આધાર પર તે વાસનાઓનું ઉપશમન પણ કરી શકે છે. જે આત્માઓમાં આવી વિવેક - ક્ષમતાનો અભાવ છે, તેનામાં સંયમની ક્ષમતાનો પણ અભાવ હોય છે, આ માટે નૈતિક પ્રગતિ પણ કરી શકતા નથી. નૈતિક જીવનના માટે આત્મામાં વિવેક અને સંયમ બન્નેનું હોવું આવશ્યક છે અને તે કેવળ પંચેન્દ્રિય જીવોમાં પણ તેને જ સંભવ છે જે સમનસ્ક છે. અહીં જીવના (જૈવિક) આધાર પર જ આત્માના વર્ગીકરણ પર વિચાર અપેક્ષિત છે. કારણ કે જૈન ધર્મનો અહિંસા - સિદ્ધાન્ત ઘણો ખરો તેના પર નિર્ભર છે.

**(જૈવિક) જીવના આધાર પર પ્રાણીઓનું વર્ગીકરણ :-**

જૈન દર્શનના અનુસાર જીવના આધાર પર પ્રાણીઓનું વર્ગીકરણ નીચે આપેલ કોષ્ટક પરથી સ્પષ્ટ થઈ શકે છે.

જીવ
↓

ત્રસ ↓ — પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય

સ્થાવર ↓ — પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય.

(જૈવિક) જીવ દૃષ્ટિથી જૈન પરંપરામાં દસ પ્રાણ શક્તિઓ માની છે. સ્થાવર એકેન્દ્રિય જીવોમાં ચાર શક્તિઓ હોય છે- ૧. સ્પર્શ અનુભવશક્તિ, ૨. શારીરિક શક્તિ, ૩. જીવન (આયુ) શક્તિ અને ૪. શ્વાસની શક્તિ. બેઈન્દ્રિય જીવોમાં આ ચાર શક્તિઓના સિવાય સ્વાદ અને વાણીની શક્તિ પણ હોય છે. તેઈન્દ્રિય જીવોમાં સુંઘવાની શક્તિ પણ હોય છે. ચઉરિન્દ્રિય જીવોમાં આ છ શક્તિઓના સિવાય જોવાનું સામર્થ્ય પણ હોય છે. પંચેન્દ્રિય અમનસ્ક જીવોમાં આ આઠ શક્તિઓની સાથે-સાથે શ્રવણશક્તિ પણ હોય છે અને સમનસ્ક પંચેન્દ્રિય જીવોમાં આના સિવાય મનઃશક્તિ પણ હોય છે. આ પ્રમાણે જૈન દર્શનમાં કુલ દસ જીવ શક્તિ કે પ્રાણશક્તિ માની છે. હિંસા - અહિંસાનું અલ્પત્વ અને બહુત્વ આદિનો વિચાર આ જીવશક્તિઓની દૃષ્ટિથી કરાય છે. જેટલી અધિક પ્રાણ શક્તિઓથી યુક્ત પ્રાણીની હિંસા કરાય છે તે એટલી જ ભયંકર સમજાય છે.

**ગતિના આધાર પર જીવોનું વર્ગીકરણ :**

જૈન પરંપરામાં ગતિઓના આધાર પર જીવ ચાર પ્રકારના માનવામાં આવે છે- ૧. દેવ, ૨. મનુષ્ય, ૩. તિર્યંચ (પશુ) અને ૪. નરક. જ્યાં શક્તિ અને ક્ષમતાનો પ્રશ્ન છે ત્યાં દેવનું સ્થાન મનુષ્યથી ઉપર મનાય છે. પરંતુ જ્યાં નૈતિક સાધનાની વાત છે ત્યાં જૈન પરંપરા મનુષ્ય-જન્મને જ સર્વશ્રેષ્ઠ માને છે. તેના અનુસાર માનવ-જીવન જ એવું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન છે કે જેનાથી મુક્તિ કે નૈતિક પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે. જૈન પરંપરાની અનુસાર કેવળ મનુષ્ય જ સિદ્ધ થઈ શકે છે, અન્ય કોઈ નહીં. બૌદ્ધ પરંપરામાં પણ ઉપર્યુક્ત ચારે જાતિઓ સ્વીકૃત છે. પરંતુ તેમાં દેવ અને મનુષ્ય બન્નેમાં મુક્ત થવાની ક્ષમતા માની છે. બૌદ્ધ પરંપરાના અનુસાર એક દેવ મનુષ્ય જન્મ ગ્રહણ કર્યા વગર દેવ ગતિથી જ નિર્વાણ કરી શકે છે, જ્યારે જૈન પરંપરાના અનુસાર કેવળ મનુષ્ય જ નિર્વાણનો અધિકારી છે. આ પ્રમાણે જૈન પરંપરા માનવ-જન્મને જ ઉત્કૃષ્ટ માને છે અર્થાત્ મૂલ્યવાન્ માને છે.

**આત્માની અમરતા :**

આત્માની અમરતાનો પ્રશ્ન નૈતિકતાની દૃષ્ટિથી અત્યંત મહત્વપૂર્ણ છે. પાશ્ચાત્ય વિચારક **"કાંટ"** આત્માની અમરતાને નૈતિક જીવનની સંગત વ્યાખ્યાના માટે આવશ્યક માને છે. ભારતીય આચાર દર્શનોના પ્રાચીન યુગમાં આત્માની અમરતાનો સિદ્ધાંત વિવાદનો વિષય રહ્યો છે. તે યુગમાં આ પ્રશ્ન આત્માની નિત્યતા અને અનિત્યતાના રૂપમાં અથવા શાશ્વતવાદ અને ઉચ્છેદવાદના રૂપમાં બહુ જ ચર્ચિત રહી છે. વસ્તુતઃ આત્મ-અસ્તિત્વને લઈને દાર્શનિકોમાં એટલો વિવાદ નથી જેટલો વિવાદનો વિષય છે- આત્માની નિત્યતા અને અનિત્યતાનો. આ વિષય તત્વજ્ઞાનની અપેક્ષાએ પણ નૈતિક દર્શનથી અધિક સંબંધિત છે. જૈન વિચારકોએ નૈતિક વ્યવસ્થાને પ્રમુખ માનીને તેના આધાર પર જ નિત્યતા અને અનિત્યતાની સમસ્યાનું સમાધાન ગોતવાની કોશિશ કરી છે. માટે એ જોવું પણ ઉપયોગી છે કે આત્માને નિત્ય અથવા અનિત્ય માનવાથી નૈતિક દૃષ્ટિથી કેવી મુસીબતો ઉભી થાય છે.

**આત્માની નિત્યાનિત્યાત્મકતા :**

જૈન વિચારકોએ સંસાર અને મોક્ષની ઉત્પત્તિના માટે નિત્ય આત્મવાદને ઉપયુક્ત સમજતાં નથી અને ન તો અનિત્ય-આત્મવાદને. એકાંત નિત્યવાદ અને એકાંત અનિત્યવાદ બન્ને જ સદોષ છે. આચાર્ય હેમચંદ્રે બન્નેને નૈતિક દર્શનની દૃષ્ટિથી અનુપયુક્ત બતાવતા લખે છે કે જો આત્માને એકાંત નિત્ય માને તો એનો અર્થ એવો થશે કે આત્મામાં અવસ્થાન્તર અથવા સ્થિત્યન્તર થતું નથી. અને તેને માની લેવામાં આવે તો સુખ- દુઃખ, શુભ-અશુભ આદિ ભિન્ન-ભિન્ન અવસ્થાઓ આત્મામાં થતી નથી. પછી સ્થિત્યન્તર કે અલગ-અલગ પરિણામો શુભાશુભ ભાવોની શક્યતા ન થવાથી પુણ્ય-પાપની વિભિન્ન વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ પણ સંભવ નથી. બંધન અને મોક્ષની ઉત્પત્તિ પણ સંભવ નથી. કારણ કે ત્યાં એક ક્ષણના પર્યાયએ જે કાર્ય કરેલ છે, તેનું ફળ બીજી ક્ષણના પર્યાયને મળશે, કારણ કે ત્યાં સતત પરિવર્તનશીલ પર્યાયોના મધ્ય કોઈ એક સ્થાયી તત્ત્વ (દ્રવ્ય) નથી. માટે એવું કહેવાય છે કે જેણે કર્યું તેને ફળ ન મળ્યુ અને જેણે નથી કર્યું તેને મળ્યું. અર્થાત્ નૈતિક કર્મ સિદ્ધાન્તની દૃષ્ટિથી અકૃતાગમ અને કૃતપ્રણાશનો દોષ થશે.[૧] માટે આત્માને નિત્ય માનીને પણ સતત પરિવર્તનશીલ (અનિત્ય) મનાય તો તેમાં શુભાશુભ આદિ વિભિન્ન ભાવોની સ્થિતિ માનવાની સાથે જ તેના ફળોની ભવાન્તરમાં ભોગ પણ સંભવ થઈ શકે છે. આ પ્રમાણે જૈન દર્શન સાપેક્ષ રૂપથી આત્માને નિત્ય અને અનિત્ય બન્નેનો સ્વીકાર કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવાય છે કે આત્મા અમૂર્ત હોવાથી નિત્ય છે.[૨]

ભગવતીસૂત્રમાં પણ જીવને અનાદિ, અનિધન, અવિનાશી, અક્ષય, ધ્રુવ અને નિત્ય કહેવાય છે.[3] પરંતુ આ બધા સ્થાનો પર નિત્યતાનો અર્થ પરિણામી નિત્યતા જ સમજવું જેઈએ. ભગવતીસૂત્ર અને વિશેષાવશ્યક ભાષ્યમાં આ વાતને સ્પષ્ટ કરેલ છે. ભગવતીસૂત્રમાં ભગવાન મહાવીરે ગૌતમના પ્રશ્નનો ઉત્તર આપતા આત્માને શાશ્વત અને અશાશ્વત બન્ને કહ્યો છે.

"ભગવન્ ! જીવ શાશ્વત છે કે અશાશ્વત?"

"ગૌતમ ! જીવ શાશ્વત (નિત્ય) પણ છે અને અશાશ્વત (અનિત્ય) પણ છે." ભગવન્ ! એવું શા માટે કહ્યું છે કે-'જીવ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે"? "ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાથી નિત્ય છે અને ભાવની અપેક્ષાથી અનિત્ય છે."[૪]

આત્મા - દ્રવ્ય (સત્તા)ની અપેક્ષાથી નિત્ય છે. અર્થાત્ આત્મા ક્યારેય અનાત્મ (જડ) થી ઉત્પન્ન થતી નથી

---

૧. વીતરાગસ્તોત્ર, ૮/૨-૩
૨. ઉત્તરાધ્યયનસૂત્ર, ૧૪/૧૯
૩. ભગવતી સૂત્ર, ૯/૬/૩/૮૭
૪. તેજ, ૭/૨/૨૭૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કોઈ પણ અવસ્થામાં પોતાના ચેતના લક્ષણને છોડીને જડ બનતી નથી. આ જ દૃષ્ટિથી તેને નિત્ય કહેવાય છે. પરંતુ આત્માની માનસિક અવસ્થાઓ પરિવર્તિત થતી રહે છે. માટે આ અપેક્ષાથી તેને અનિત્ય કહેવાય છે. આધુનિક દર્શનની ભાષામાં જૈન દર્શનના અનુસાર તાત્વિક આત્મા નિત્ય છે અને અનુભવાધારિત આત્મા અનિત્ય છે. જે પ્રમાણે સ્વર્ણાભૂષણ સ્વર્ણની દૃષ્ટિથી નિત્ય અને આભૂષણની દૃષ્ટિથી અનિત્ય છે, તે પ્રમાણે આત્મા આત્મ- તત્વની દૃષ્ટિથી નિત્ય અને વિચારો અને ભાવોની દૃષ્ટિથી અનિત્ય છે.

જમાલીની સાથે થયેલ પ્રશ્નોત્તરમાં ભગવાન મહાવીરે પોતાના આ દૃષ્ટિકોણને સ્પષ્ટ કરી દીધેલ છે કે તે કંઈ અપેક્ષાથી જીવને નિત્ય માને છે અને કંઈ અપેક્ષાથી અનિત્ય માને છે. ભગવાન મહાવીર કહે છે, "હે જમાલી ! જીવ શાશ્વત છે. ત્રણે કાળમાં એવો કોઈ સમય નથી કે જેમાં આ જીવ (આત્મા)નો તો નથી, અથવા નહિ હોય અને નહિ થશે. આ જ અપેક્ષાથી તે જીવાત્મા નિત્ય, ધ્રુવ, શાશ્વત, અક્ષય અને અવ્યય છે. હે જમાલી ! જીવ અશાશ્વત છે, કારણકે નારક મરીને તિર્યંચ બને છે, તિર્યંચ મરીને મનુષ્ય બને છે, મનુષ્ય મરીને દેવ બને છે. આ પ્રમાણે આ નાનાવસ્થાઓને પ્રાપ્ત કરવાના કારણે તેને અનિત્ય કહેવામાં આવે છે.[૧] નૈતિક વિચારણાની દૃષ્ટિથી આત્માને નિત્યાનિત્ય (પરિણામી નિત્ય) માનવું જ યોગ્ય છે. નૈતિકતાની ધારણામાં જે વિરોધાભાસ છે તેનું નિરાકરણ કેવળ પરિણામી નિત્ય આત્મવાદમાં જ સંભવ છે. નૈતિકતાનો વિરોધાભાસ એ છે કે જ્યાં નૈતિકતાના આદર્શના રૂપમાં જે આત્મતત્વની વિવક્ષા છે તેને નિત્ય, શાશ્વત, અપરિવર્તનશીલ, સદૈવ સમરૂપમાં સ્થિત, નિર્વિકાર હોવો જોઈએ. અન્યથા ફરીથી બંધન અને પતનની સંભાવનાઓ ઉભી થશે, તેની બીજી તરફ નૈતિકતાની વ્યાખ્યાના માટે જે આત્મ-તત્વની વિવક્ષા છે તેને કર્તા, ભોક્તા, વેદક અને પરિવર્તનશીલ થવું જોઈએ. અન્યથા કર્મ અને તેના પ્રતિફળ અને સાધનાની વિભિન્ન અવસ્થાઓની તરતમતાની ઉત્પત્તિ થશે નહિ. જૈન વિચારકોએ આ વિરોધાભાસની સમસ્યાના નિરાકરણનો પ્રયાસ કરેલ છે. પ્રથમ તો તેઓએ એકાંત નિત્યાત્મવાદ અને અનિત્યાત્મવાદના દોષોને સ્પષ્ટ કરી તેનું નિરાકરણ કર્યું. પછી એવું બતાવ્યું કે વિરોધાભાસ તો ત્યારે જ થાય છે જ્યારે નિત્યતા અને અનિત્યતાને એક જ દૃષ્ટિથી મનાય. પરંતુ જયારે વિભિન્ન દૃષ્ટિઓથી નિત્યતા અને અનિત્યતાનું વર્ણન કરાય છે તો તેમાં કોઈ વિરોધાભાસ રહેતો નથી. જૈન દર્શન આત્માને પર્યાયાર્થિક દૃષ્ટિ (વ્યવહારનય)ની અપેક્ષાથી અનિત્ય તથા દ્રવ્યાર્થિક દૃષ્ટિ (નિશ્ચયનય)ની અપેક્ષાથી નિત્ય માનીને પોતાની આત્મા સંબંધી અવધારણાનું પ્રતિપાદન કરે છે.

**આત્માની અમરતા અને પુનર્જન્મ :**

આત્માની અમરતાની સાથે પુનર્જન્મનો પ્રત્યય જોડાયેલ છે. ભારતીય દર્શનોમાં ચાર્વાકને છોડીને બાકી બધા દર્શન પુનર્જન્મના સિદ્ધાન્તનો સ્વીકાર કરે છે. જ્યારે આત્માને અમર માની લેવાય તો પુનર્જન્મનો પણ સ્વીકાર કરવો જ જોઈએ. ગીતામાં કહે છે કે "જે પ્રમાણે મનુષ્ય વસ્ત્રોનાં જુના થવાથી તેનો પરિત્યાગ કરી નવા વસ્ત્ર ગ્રહણ કરતા રહે છે, તેવી જ રીતે આત્મા પણ જીર્ણ શરીરને છોડીને નવા શરીરને ગ્રહણ કરતી રહે છે." ફક્ત ગીતામાં જ નહિં પણ બૌદ્ધ દર્શનમાં પણ આ જ પ્રકારનો આશય પ્રતિપાદન કરેલ છે.[૨] ડૉ. રામાનંદ તિવારી પુનર્જન્મના પક્ષમાં લખે છે કે "એક-જન્મના સિદ્ધાન્તના અનુસાર ચિરંતન આત્મા અને નશ્વર શરીરનો સંબંધ એક-કાળ વિશેષમાં આરંભ કરીને એજ કાળ વિશેષમાં તેનો અંત થઈ જાય છે, પરંતુ ચિરંતનનો કાલિક સંબંધ અન્યાય (તર્ક વિરૂદ્ધ) છે અને આ (એક જન્મના) સિદ્ધાંતથી તેનું કોઈ સમાધાન નથી. પુનર્જન્મનો સિદ્ધાન્ત જીવનની એક ન્યાયસંગત અને નૈતિક વ્યાખ્યા આપવા માંગે છે. એક જન્મ સિદ્ધાન્તના અનુસાર જન્મકાળમાં ભાગ દેયોના ભેદને અકારણ અને સંયોગજન્ય માનવું પડશે."[૩]

ડૉ. મોહનલાલ મહેતા કર્મ સિદ્ધાન્તના આધાર પર પુનર્જન્મના સિદ્ધાન્તનું સમર્થન કરે છે. તેના શબ્દોમાં - "કર્મ સિદ્ધાન્ત અનિવાર્ય રૂપથી પુનર્જન્મના પ્રત્યયથી સંલગ્ન છે, પૂર્ણ વિકસિત પુનઃર્જન્મ સિદ્ધાન્તના અભાવમાં કર્મ સિદ્ધાન્ત અર્થ શૂન્ય છે."[૪] આચાર દર્શનના ક્ષેત્રમાં યદ્યપિ પુનર્જન્મ સિદ્ધાન્ત અને કર્મ સિદ્ધાન્ત એક બીજાની અતિ નિકટ છે,

૧. તેજ, ૯/૬/૩૮૭; ૧/૪/૪૨
૨. ગીતા, ૨/૨૨; સમાનતા કરવું - થેર ગાથા, ૧/૩૮/૬૮૮
૩. શંકરનું આચાર દર્શન, પૃ. ૬૮
૪. જૈન સાયકોલોજી, પૃ. ૨૬૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં પણ ધાર્મિક ક્ષેત્રમાં વિકસિત કેટલાક આચાર દર્શનોએ કર્મ સિદ્ધાન્તનો સ્વીકાર કરવા છતાં પણ પુનર્જન્મનો સ્વીકાર કરતા નથી. કટ્ટર પાશ્ચાત્ય નિરીશ્વરવાદી દાર્શનિક નિત્શેએ કર્મ-શક્તિ અને પુનર્જન્મ પર જે વિચાર વ્યક્ત કરેલ છે તે ઘણો જ મહત્ત્વપૂર્ણ છે. તે લખે છે કે : "કર્મ શક્તિનું જે હંમેશા રૂપાન્તર થયા કરે છે તે મર્યાદિત છે. તથા કાળ અનંત છે. એટલા માટે કહેવાય છે કે જે નામરૂપ એકવાર થઈ ગયેલ છે તે જ પછી આગળ યથાપૂર્વ ક્યારેક ને ક્યારેક અવશ્ય ઉત્પન્ન થાય જ છે.[૧]

ઈસાઈ અને ઈસ્લામ આચાર દર્શન એવું માને છે કે વ્યક્તિ પોતાના નૈતિક શુભાશુભ કૃત્યોનું ફળ અનિવાર્ય રૂપથી પ્રાપ્ત કરે છે અને જો તે પોતાના કૃત્યોના ફળોને આ જીવનમાં પૂર્ણતઃ ભોગવી શકતા નથી તો મરણ પછી તેનું ફળ ભોગવે છે, પરંતુ છતાં પણ તે પુનર્જન્મનો સ્વીકાર કરતાં નથી. તેની માન્યતાના અનુસાર વ્યક્તિને સૃષ્ટિના અંતમાં પોતાના કૃત્યોની શુભાશુભતાના આધાર હંમેશાના માટે સ્વર્ગમાં અથવા કોઈ નિશ્ચિત સમયના માટે નરકમાં મોકલી આપે છે, ત્યાં વ્યક્તિ પોતાના કૃત્યોનું ફળ ભોગવે છે. આ પ્રમાણે તે કર્મસિદ્ધાંતને માનવા છતાં પણ પુનર્જન્મનો સ્વીકાર કરતાં નથી.

જે વિચારણાઓ કર્મ સિદ્ધાન્તને સ્વીકાર કરવા છતાં પણ પુનર્જન્મને માનતી નથી, તે આ પ્રમાણેની વ્યાખ્યા કરવામાં સમર્થ થતા નથી કે વર્તમાન જીવનમાં જે નૈસર્ગિક વૈષમ્ય છે તેનું કારણ શું છે? કેટલાકે પ્રાણી સંપન્ન અને પ્રતિષ્ઠિત કુળમાં જન્મ લે છે અને કેટલાક જન્મથીજ એન્દ્રિક અને બૌદ્ધિક ક્ષમતાથી યુક્ત હોય છે. તેમજ કેટલાક બીજા દરિદ્ર અને હીનકુળમાં જન્મ લે છે અને જન્મથી જ હીનેન્દ્રિય અને બૌદ્ધિક દૃષ્ટિથી પછાત હોય છે. કેટલાક પ્રાણીને મનુષ્ય શરીર મળે છે અને કેટલાકને પશુ શરીર મળે છે? જો તેનું કારણ ઈશ્વરેચ્છા પર નિર્ભર છે તો ઈશ્વર અન્યાયી સિદ્ધ થાય છે. બીજી વ્યક્તિને પોતાની અક્ષમતાઓ અને તેના કારણે ઉત્પન્ન અનૈતિક કૃત્યોના માટે ઉત્તરદાયી માની શકાતા નથી. ખાનાબદોશ જાતિઓમાં જન્મ લેનાર બાળક સંસ્કારવશ જે અનૈતિક આચરણનો માર્ગ અપનાવે છે તેનું ઉત્તરદાયિત્વ કોના પર થશે ? વૈયક્તિક વિભિન્નતાઓનું પરિણામ ઈશ્વરેચ્છા નથી. પરંતુ વ્યક્તિના પોતાના કૃત્યોનું પરિણામ છે. વર્તમાન જીવનમાં જે પણ ક્ષમતા અને અવસરોની સુવિધા તેને ઉપલબ્ધ નથી અને જેના ફળસ્વરૂપ તેને નૈતિક વિકાસનો અવસર પ્રાપ્ત થતો નથી. તેનું કારણ પણ તે સ્વયં જ છે અને ઉત્તરદાયિત્વ પણ તેના ઉપર જ છે.

નૈતિક વિકાસ માત્ર એક જન્મની સાધનાનું પરિણામ નથી, પરંતુ તેના પાછળના જન્મ-જન્માંતરની સાધના હોય છે. પુનર્જન્મનો સિદ્ધાન્ત પ્રાણીને નૈતિક વિકાસ માટે અનન્ત અવસર આપે છે. બ્રૈડલે નૈતિક પૂર્ણતાની ઉપલબ્ધિને અનન્ત પ્રક્રિયા માને છે.[૨] જો નૈતિકતા આત્મપૂર્ણતા અને આત્મ સાક્ષાત્કારની દિશામાં જ પ્રવૃત્તિમય છે તો પછી પુનર્જન્મ વગર જ આ વિકાસની દિશામાં આગળ કેવી રીતે વધી શકે છે? ગીતામાં પણ નૈતિક પૂર્ણતાની ઉપલબ્ધિના માટે અનેક જન્મોની સાધના આવશ્યક માને છે.[૩] ડૉ. ટાટિયા પણ લખે છે કે "જો આધ્યાત્મિક પૂર્ણતા (મુક્તિ) એક સત્ય છે. તો તેના સાક્ષાત્કારના માટે અનેક જન્મ આવશ્યક છે."[૪]

તેની સાથે જ આત્માના બંધનની વ્યાખ્યા માટે પુનર્જન્મની ધારણાનો સ્વીકાર કરવો પડશે, કારણકે વર્તમાન બંધનની અવસ્થાનું કારણ ભૂતકાળના જીવનમાં જ ગોતી શકાય છે.

જે દર્શન પુનર્જન્મનો સ્વીકાર કરતા નથી, તે વ્યક્તિની સાથે સાચો ન્યાય કરતા નથી. અપરાધના માટે દંડ આવશ્યક છે. તે માટે એનો અર્થ એવો નથી કે વિકાસનો કે સુધારનો અવસર જ સમાપ્ત કરી દેવો. જૈન દર્શન પુનર્જન્મના સિદ્ધાન્તને સ્વીકાર કરીને વ્યક્તિને નૈતિક વિકાસનો અવસર આપે છે. તથા પોતાને એક પ્રગતિશીલ દર્શન સિદ્ધ કરે છે. પુનર્જન્મની ધારણા દંડના સુધારવાદી સિદ્ધાન્તનું સમર્થન કરે છે, જ્યારે પુનર્જન્મને ન માનનારી નૈતિક વિચારણાઓ દંડનો બદલો લેવાના સિદ્ધાન્તનુ સમર્થન કરે છે, જો કે વર્તમાન યુગમાં એક પરંપરાગત છે પરંતુ તે અનુચિત ધારણા છે.

પુનર્જન્મના વિરુદ્ધ એ પણ તર્ક આપવામાં આવે છે કે જો તેજ આત્મા (ચેતના) પુનર્જન્મ ગ્રહણ કરે છે તો

---

૧. ગીતા રહસ્ય, પૃ. ૨૬૮
૨. એથિકલ સ્ટડીઝ, પૃ. ૩૧૩.
૩. ગીતા, ૬/૪૫
૪. સ્ટડીઝ ઈન જૈન ફિલૉસોફી, પૃ. ૨૨૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તેને પૂર્વ-જન્મની સ્મૃતિ કેમ રહેતી નથી. સ્મૃતિના અભાવમાં પુનર્જન્મને શેના આધાર પર માની શકાય ? પરંતુ આ તર્ક યોગ્ય નથી, કારણકે અમે હંમેશા જોઈએ છીએ કે અમને પોતાને વર્તમાન જીવનની અનેક ઘટનાઓની સ્મૃતિ નથી રહેતી. જો આપણે વર્તમાન જીવનના વિસ્મૃત ભાગનો અસ્વીકાર નહીં કરીએ તો પછી કેવળ સ્મરણના અભાવમાં પૂર્વ-જન્મોને કેવી રીતે અસ્વીકાર કરી શકીએ છીએ વાસ્તવમાં આપણા જીવનની અનેક ઘટનાઓ અચેતન સ્તરપર રહે છે. તેવી જ રીતે પૂર્વ-જન્મોની ઘટનાઓ પણ અચેતન સ્તર પર બની રહે છે અને વિશિષ્ટ અવસરો પર ચેતનાના સ્તર પર પણ વ્યક્ત થઈ જાય છે. એ પણ તર્ક આપવામાં આવે છે કે અમને પોતાના જે કૃત્યોની સ્મૃતિ નથી તો શા માટે અમે તેના પ્રતિકૂળને ભોગવીએ ? પરંતુ આ તર્ક યોગ્ય નથી. એનાથી શો ફરક પડે છે કે અમને પોતાના કર્મોની સ્મૃતિ છે કે નહીં ? અમે જે કર્યું છે તો તેનુ ફળ ભોગવવાનું જ છે. જો કોઈ વ્યક્તિ એટલું બધુ મદ્યપાન કરી લે કે તેને પોતાના કરેલ મદ્યપાનની સ્મૃતિ પણ ન રહે, તો શું તે તેના નશાથી બચી શકે છે? જે કર્યું છે તેનો ભોગ અનિવાર્ય છે, ચાહે તેની સ્મૃતિ છે કે નથી ?[૧]

જૈન ચિંતકોએ એટલા માટે જ કર્મ સિદ્ધાન્તની સ્વીકૃતિની સાથે-સાથે આત્માની અમરતા અને પુનર્જન્મના સિદ્ધાન્તનો સ્વીકાર કરેલ છે. જૈન વિચારક સ્વીકાર કરે છે કે પ્રાણીઓમાં ક્ષમતા અને અવસરોની સુવિધા આદિનો જે જન્મના નૈસર્ગિક વૈષમ્ય છે તેનું કારણ પ્રાણીના પોતાના જ પૂર્વ - જન્મોના કૃત્ય છે. સંક્ષેપમાં વંશાનુગત અને નૈસર્ગિક વૈષમ્ય પૂર્વ-જન્મોના શુભાશુભ કૃત્યોનું ફળ છે. એજ નહી પરંતુ અનુકૂળ અને પ્રતિકૂળ પરિવેશની ઉપલબ્ધિ પણ શુભાશુભ કૃત્યોનું ફળ છે. સ્થાનાંગસૂત્રમાં ભૂત, વર્તમાન અને ભાવી જન્મોમાં શુભાશુભ કર્મોના ફળ સંબંધની દૃષ્ટિથી આઠ વિકલ્પ માનવમાં આવે છે.-

૧. વર્તમાન જન્મના અશુભ કર્મ વર્તમાન જન્મમાં જ ફળ આપે.
૨. વર્તમાન જન્મના અશુભ કર્મ ભાવી જન્મોમાં ફળ આપે.
૩. ભૂતકાલીન જન્મોના અશુભ કર્મ વર્તમાન જન્મમાં ફળ આપે.
૪. ભૂતકાલીન જન્મોના અશુભ કર્મ ભાવી જન્મોમાં ફળ આપે.
૫. વર્તમાન જન્મના શુભ કર્મ વર્તમાન જન્મમાં ફળ આપે.
૬. વર્તમાન જન્મના શુભ કર્મ ભાવી જન્મોમાં ફળ આપે.
૭. ભૂતકાલીન જન્મોના શુભ કર્મ વર્તમાન જન્મમાં ફળ આપે.
૮. ભૂતકાલીન જન્મોના શુભ કર્મ ભાવી જન્મોમાં ફળ આપે.[૨]

આ પ્રમાણે જૈન દર્શનમાં વર્તમાન જીવનનો સંબંધ ભૂતકાલીન અને ભાવી જન્મોથી મનાય છે. જૈન દર્શન અનુસાર ચાર પ્રકારની યોની છે- ૧. દેવ (સ્વર્ગીય જીવન), ૨. મનુષ્ય, ૩. તિર્યંચ (વનસ્પતિ અને પશુજીવન) અને ૪. નારક (નારકીય જીવન)[3] પ્રાણી પોતાના શુભાશુભ કર્મોના અનુસાર આ યોનિઓમાં જન્મ લે છે. જો તે શુભકર્મ કરે છે તો દેવ અને મનુષ્યના રૂપમાં જન્મ લે છે અને અશુભ કર્મ કરે છે તો પશુગતિ કે નારક ગતિ પ્રાપ્ત કરે છે. મનુષ્ય મરીને પશુ પણ થઈ શકે છે અને દેવ પણ થઈ શકે છે. પ્રાણી ભાવી જીવનમાં શું થશે તે તેના વર્તમાન જીવનના આચરણ પર નિર્ભર કરે છે.

**ધર્મદ્રવ્ય :**

ધર્મ દ્રવ્યની ચર્ચાના પ્રસંગમાં સર્વ પ્રથમ અમારે એ સ્પષ્ટ રૂપમાં જાણી લેવું જોઈએ કે અહીં "ધર્મ" શબ્દનો અર્થ તે નથી જેને સામાન્યથી ગ્રહણ કરાય છે. અહીં "ધર્મ" શબ્દ સ્વભાવનો વાચક નથી. નથી કર્તવ્યનો અને નથી સાધના કે ઉપાસનાના વિશેષ પ્રકારનો, પરંતુ તેને જીવ કે પુદ્ગલની ગતિના સહાયક તત્ત્વના રૂપમાં સ્વીકાર કરેલ છે. જે જીવ અને પુદ્ગલની ગતિના માધ્યમનું કાર્ય કરે છે. તેને ધર્મ દ્રવ્ય કહેવામાં આવે છે. જે પ્રમાણે માછલીની ગતિ જલના માધ્યમથી જ સંભવ હોય છે અથવા જેમ - વિદ્યુતધારા તેનો ચાલક દ્રવ્ય તાર આદિના માધ્યમથી જ પ્રવાહિત થાય છે, તેજ પ્રમાણે જીવ અને પુદ્ગલ વિશ્વમાં પ્રસારિત ધર્મ દ્રવ્યના માધ્યમથી જ ગતિ કરે છે. લોકમાં

---

૧. જૈન સાઈકોલોજી, પૃ. ૧૭૫. ૨. સ્થાનાંગસૂત્ર, ૮/૨.
૩. તત્ત્વાર્થસૂત્ર, ૮/૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસારિત થવાના કારણે આ ધર્મ દ્રવ્ય અસ્તિકાય વર્ગની અન્તર્ગત આવે છે. તેને લોકવ્યાપી મનાય છે. અર્થાત્ તેનો વિસ્તાર ક્ષેત્રલોક સુધી છે. અલોકમાં ધર્મ દ્રવ્યનો અભાવ છે. એટલા માટે ત્યાં જીવન અને પુદ્દગલની ગતિ સંભવ નથી. આજ કારણથી તેને અલોક કહેવાય છે. અલોકનું તાત્પર્ય એ છે કે જેમાં જીવન અને પુદ્દગલનો અભાવ હોય. ધર્મ દ્રવ્ય પ્રસારિત સ્વભાવવાળો (અસ્તિકાય) હોવા છતાં પણ અમૂર્ત (અરૂપી) અને અચેતન છે. ધર્મ દ્રવ્ય એક અને અખંડ દ્રવ્ય છે. જ્યાં જીવાત્માઓ અનેક મનાય છે ત્યાં ધર્મદ્રવ્ય એક જ છે. લોક સુધી સીમિત હોવાના કારણે તેને અનન્ત પ્રદેશી ન કહેતા અસંખ્ય પ્રદેશી કહેવાય છે. જૈન દર્શન અનુસાર લોક ચાહે કેટલોય વિસ્તૃત શા માટે ન હોય છતાં પણ તે અસીમ ન થઈને સસીમ છે અને સસીમ લોકમાં વ્યાપ્ત હોવાના કારણે ધર્મ દ્રવ્યને આકાશના સમાન અનન્ત પ્રદેશી ન માનતા અસંખ્ય પ્રદેશી માનવું જ યોગ્ય છે.

**અધર્મ દ્રવ્ય :**

અધર્મ દ્રવ્ય પણ અસ્તિકાય વર્ગની અર્ન્ગત આવે છે. આનો પણ વિસ્તાર ક્ષેત્ર કે પ્રદેશ-પ્રચયત્વ લોકવ્યાપી છે. લોક બહાર અલોકમાં આનું અસ્તિત્વ નથી. અધર્મ દ્રવ્યનું લક્ષણ કે કાર્ય જીવ અને પુદ્દગલની સ્થિતિમાં સહાયક થવાનું મનાય છે. પરંપરાગત ઉદાહરણના રૂપમાં એવું કહેવાય છે કે જે પ્રમાણે વૃક્ષની છાયા મુસાફરના વિશ્રામમાં સહાયક થાય છે. તે જ પ્રમાણે અધર્મ દ્રવ્ય જીવ અને પુદ્દગલની અવસ્થિતિમાં સહાયક થાય છે. જ્યાં ધર્મ દ્રવ્ય ગતિ માધ્યમ (ચાલક) છે. ત્યાં અધર્મદ્રવ્યગતિનું કુચાલક છે. માટે તેને સ્થિતિનું માધ્યમ કહેવામાં આવે છે. જો અધર્મ દ્રવ્ય ન હોય તો જીવ અને પુદ્દગલની ગતિનું નિયમન અસંભવ થઈ જાય અને તે અનન્ત આકાશમાં વિખરાય જાય. જે પ્રમાણે વૈજ્ઞાનિક દષ્ટિથી ગુરુત્વાકર્ષણ આકાશમાં સ્થિત પુદ્દગલ પિંડોને નિયંત્રિત કરે છે તેજ પ્રમાણે અધર્મ પણ જીવ અને પુદ્દગલની ગતિનું નિયમન કરી તેને વિરામ આપે છે. સંખ્યા દષ્ટિથી અધર્મ દ્રવ્યને એક અને અખંડ દ્રવ્ય માનવામાં આવે છે. પ્રદેશ પ્રચયત્વની દષ્ટિથી આનો વિસ્તાર ક્ષેત્ર લોક સુધી સીમિત હોવાના કારણે અને અસંખ્ય પ્રદેશી માનવામાં આવે છે. છતાં પણ તે એક અખંડ દ્રવ્ય છે. કારણ કે તેના ટુકડા કરવા સંભવ નથી. ધર્મ અને અધર્મ દ્રવ્યોમાં દેશ-પ્રદેશ આદિની કલ્પના માત્ર વિચારણાના સ્તર પર જ થાય છે.

**આકાશ :**

આકાશ દ્રવ્ય પણ અસ્તિકાય વર્ગની અંતર્ગત જ આવે છે. પરંતુ જ્યાં ધર્મ અને અધર્મ દ્રવ્યોનું વિસ્તારક્ષેત્ર લોકવ્યાપી છે ત્યાં આકાશનું વિસ્તારક્ષેત્ર લોક અને અલોક બન્ને છે. આકાશનું લક્ષણ "અવગાહન" છે. તે જીવ અને અજીવ દ્રવ્યોને સ્થાન પ્રદાન કરે છે. લોકને પણ પોતાનામાં સમાવી લેવાના કારણે આકાશનું વિસ્તારક્ષેત્ર લોકની બહાર પણ માનવું જરૂરી છે. આજ કારણે જૈન આચાર્ય આકાશના બે વિભાગ કરે છે - લોકકાશ અને અલોકાકાશ. વિશ્વમાં જે ખાલી સ્થાન છે તે લોકકાશ છે અને આ વિશ્વની બહાર જે ખાલી સ્થાન છે તે અલોકાકાશ છે.

આ પ્રમાણે જ્યાં ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય અસંખ્ય પ્રદેશી મનાય છે ત્યાં આકાશ પ્રદેશને અનંત પ્રદેશી માનવામાં આવે છે. લોકની સીમા થઈ શકે છે પરંતુ અલોકની કોઈ સીમા નથી. તે અનન્ત છે. કારણ કે આકાશ લોક અને અલોક બન્નેમાં છે માટે તે અનન્ત પ્રદેશી છે. સંખ્યાની દષ્ટિથી આકાશને પણ એક અને અખંડ દ્રવ્ય મનાય છે. તેની દેશ-પ્રદેશ આદિની કલ્પના પણ ફક્ત વૈચારિક સ્તર સુધી જ સંભવ છે. વસ્તુતઃ આકાશમાં કોઈપણ પ્રકારનું વિભાજન કરવું સંભવ નથી. કારણ કે તે અખંડ દ્રવ્ય કહેવાય છે. જૈન આચાર્યોની માન્યતા છે કે જેને અમે સામાન્ય ઠોસ પિંડ સમજીએ છીએ તેમાં પણ આકાશ અર્થાત્ ખાલી સ્થાન હોય છે. એક પુદ્દગલ પરમાણુમાં પણ બીજા અનન્ત પુદ્દગલ પરમાણુઓનો પોતાનામાં સમાવિષ્ટ કરવાની શક્તિ ત્યારે જ સંભવ હોય છે જ્યારે તેનામાં વિપુલ માત્રામાં ખાલી સ્થાન કે આકાશ હોય છે. માટે મૂર્ત દ્રવ્યોમાં પણ આકાશ તો નિશ્ચિત હોય છે. લાકડીના ઉદાહરણના રૂપમાં એવું કહેવાય છે કે- જ્યારે તે લાકડીમાં આપણે ખીલો ઠોકીએ ત્યારે વસ્તુતઃ તેમાં નિહિતરિક્ત સ્થાનમાં જ સમાવિષ્ટ થઈ જાય છે એનું તાત્પર્ય છે કે તેમાં પણ આકાશ છે. પરમ્પરાગત ઉદાહરણના રૂપમાં એવું કહેવાય છે કે- 'દૂધ કે પાણીની ભરેલ ગ્લાસમાં જો ધીરે-ધીરે સાકર કે મીઠું નાખીએ તો તે એનામાં ભળી જાય છે. એનું તાત્પર્ય એ છે કે દૂધ કે પાણીથી ભરેલ ગ્લાસમાં પણ ખાલી સ્થાન અર્થાત્ આકાશ છે. વૈજ્ઞાનિકોએ પણ એવું માની લીધુ છે કે પ્રત્યેક પરમાણુમાં પર્યાપ્ત રૂપથી ખાલી સ્થાન હોય છે. માટે આકાશને લોકાલોક વ્યાપી, એક અને અખંડ દ્રવ્ય માનવામાં કોઈ બાધા આવતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્ગલ :[1]

પુદ્ગલને પણ અસ્તિકાય દ્રવ્ય માને છે. તે મૂર્ત અને અચેતન દ્રવ્ય છે. પુદ્ગલનું લક્ષણ શબ્દ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ મનાય છે. જૈન આચાર્યોએ હલકાપણું, ભારીપણુ, પ્રકાશ, અંધકાર, છાયો, તડકો આદિને પણ પુદ્ગલનું લક્ષણ માને છે. જ્યાં ધર્મ, અધર્મ અને આકાશને એક દ્રવ્ય માને છે ત્યારે પુદ્ગલ અનેક દ્રવ્ય છે. જૈન આચાર્યોએ પ્રત્યેક પરમાણુને એક સ્વતંત્ર દ્રવ્ય માને છે. માટે પુદ્ગલ દ્રવ્ય સમસ્ત દશ્ય જગતનું મૂળભૂત ઘટક છે.

આ દશ્ય જગત પુદ્ગલ દ્રવ્યના જ વિભિન્ન સંયોગોનો વિસ્તાર છે. અનેક પુદ્ગલ પરમાણુ મળીને સ્કંધની રચના કરે છે અને આ જ સ્કંધોથી જ મળીને દશ્ય જગતની બધી વસ્તુઓ નિર્મિત થાય છે. નવીન સ્કંધોના નિર્માણ અને પૂર્વ નિર્મિત સ્કંધોનું સંગઠન અને વિઘટનની પ્રક્રિયાના માધ્યમથી જ દશ્ય જગતમાં પરિવર્તન ઘટિત થાય છે અને વિભિન્ન વસ્તુઓ અને પદાર્થ અસ્તિત્વમાં આવે છે.

જૈન આચાર્યોએ પુદ્ગલનો સ્કંધ અને પરમાણુ આ બે રૂપોમાં વિવેચન કરેલ છે. વિભિન્ન પરમાણુઓના સંયોગથી જ સ્કંધ બને છે. છતાં પણ એટલું સ્પષ્ટ છે કે પુદ્ગલ દ્રવ્યનું અંતિમ ઘટક તો પરમાણુ જ છે. પ્રત્યેક પરમાણુમાં સ્વભાવથી એક રસ, એક રૂપ, એક ગંધ અને શીત-ઉષ્ણ કે સ્નિગ્ધ-રૂક્ષમાંથી કોઈ બે સ્પર્શ મળે છે.

જૈન આગમોમાં વર્ણ પાંચ છે - લાલ, પીળો, લીલો, સફેદ અને કાળો. ગંધ બે છે : સુગંધ અને દુર્ગંધ; રસ પાંચ છે – તીખો, કડવો, કસાયેલો, ખાટો અને મીઠો. આ પ્રમાણે સ્પર્શ આઠ માને છે- શીત અને ગરમ, સ્નિગ્ધ અને રૂક્ષ, મૃદુ અને કર્કશ તથા હલકો અને ભારે. જાણેલ છે કે પરમાણુઓમાં મૃદુ, કર્કશ, હલ્કો અને ભારી આ ચાર સ્પર્શ હોતા નથી. આ ચાર સ્પર્શ ત્યારે જ સંભવ હોય શકે કે જ્યારે પરમાણુઓથી સ્કંધોની રચના થાય છે. ત્યારે તેમાં મૃદુ, કઠોર, હલકો, ભારે, ગુણ પણ પ્રકટ થઈ જાય છે. પરમાણુ એક પ્રદેશી હોય છે. જ્યારે સ્કંધમાં બે કે બેથી અધિક અસંખ્ય પ્રદેશી પણ હોય શકે છે. સ્કંધ, સ્કંધ-દેશ, સ્કંધ-પ્રદેશ અને પરમાણુ આ ચાર પુદ્ગલ દ્રવ્યના વિભાગ છે. આમાં પરમાણુ નિરવયવ છે. આગમોમાં તેને આદિ, મધ્ય અને અંતથી રહિત બતાવેલ છે. જ્યારે સ્કંધમાં આદિ અને અંત હોય છે. ત્યાં કેવળ ભૌતિક વસ્તુઓ જ નથી પરંતુ શરીર, ઈન્દ્રિય અને મન પણ સ્કંધોનો જ ખેલ હોય છે.

**સ્કંધોના પ્રકાર -**

જૈન દર્શન સ્કંધના નીચે પ્રમાણે છ પ્રકાર માને છે.

(૧) **સ્થૂલ-સ્થૂલ** : આ વર્ગની અંદર વિશ્વનાં સમસ્ત ઠોસ પદાર્થ આવે છે. આ વર્ગનાં સ્કંધોની વિશેષતા એ છે કે તે છિન્ન-ભિન્ન થવાથી મળવામાં અસમર્થ હોય છે, જેમકે- પત્થર.

(૨) **સ્થૂલ** : જે સ્કંધ છિન્ન-ભિન્ન થઈને સ્વયં આપસમાં મળી જાય છે તે સ્થૂલ સ્કંધ કહેવાય છે. આના અંતર્ગત વિશ્વના તરલ દ્રવ્ય આવે છે, જેમકે- પાણી, તેલ આદિ.

(૩) **સ્થૂલ-સૂક્ષ્મ** : જે પુદ્ગલ સ્કંધ છિન્ન-ભિન્ન કરી શકાતા નથી, અથવા જેનું ગ્રહણ કે લઈ જવું, લાવવું સંભવ નથી. પરંતુ જે ચક્ષુ ઈન્દ્રિયના અનુભૂતિનો વિષય હોય તે સ્થૂલ-સૂક્ષ્મ કે બાદર-સૂક્ષ્મ કહેવાય છે, જેમકે- પ્રકાશ, છાયા, અંધકાર આદિ.

(૪) **સૂક્ષ્મ-સ્થૂલ** : જે વિષય દેખાતો નથી પરંતુ જે અમારી ઈન્દ્રિય અનુભૂતિનો વિષય બને છે, જેમકે- સુગંધ, શબ્દ આદિ. આધુનિક વિજ્ઞાનની દષ્ટિથી વિદ્યુતધારાનો પ્રવાહ અને અદશ્ય પરંતુ અનુભૂત ગૈસ પણ આ વર્ગની અંતર્ગત આવે છે. જૈન આચાર્યોએ ધ્વનિ તરંગ આદિને પણ આ વર્ગની અંતર્ગત માનેલ છે. વર્તમાન યુગમાં ઈલેકટ્રોનિક માધ્યમો દ્વારા જે ચિત્ર આદિનું સંપ્રેષણ કરાય છે તેને પણ અમે આ વર્ગની અંતર્ગત રાખી શકીએ છીએ.

(૫) **સૂક્ષ્મ** : જે સ્કંધ કે પુદ્ગલ ઈન્દ્રિયના માધ્યમથી ગ્રહણ કરી શકાતા નથી તે આ વર્ગની અંતર્ગત આવે છે. જૈન આચાર્યોએ કર્મવર્ગણા, મનોવર્ગણા જે-જે જીવોના બંધનનું કારણ છે તેને આ વર્ગમાં માને છે.

(૬) **અતિ સૂક્ષ્મ** : દ્વયણુક આદિ અત્યંત નાના-સ્કંધ અતિ સૂક્ષ્મ માને છે.

---

૧. પુદ્ગલ દ્રવ્યની વિસ્તૃત વિવેચના હેતુ જુવો : Concept of Matter in Jain Philosophy - Dr. J.C. Sikadar, P.V. Research Institute, Varansi.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્કંધના નિર્માણની પ્રક્રિયા :**

સ્કંધની રચના બે પ્રકારે થાય છે- એક તરફ મોટા-મોટા સ્કંધોના ટૂટવાથી નાના-નાના સ્કંધોના સંયોગથી નવા સ્કંધ બને છે. તો બીજી તરફ પરમાણુઓમાં નિહિત સ્વાભાવિક સ્નિગ્ધતા અને રૂક્ષતાના કારણે પરસ્પર બંધ થાય છે, જેનાથી સ્કંધોની રચના થાય છે. એટલા માટે એવું કહેવાય છે કે સંઘાત અને ભેદથી સ્કંધની રચના થાય છે. સંઘાતનું તાત્પર્ય એકત્રિત થવું અને ભેદનું તાત્પર્ય તુટવું છે. કેવા પ્રકારના પરમાણુઓના પરસ્પર મળવાથી સ્કંધ આદિની રચના થાય છે, આ પ્રશ્ન પર જૈન આચાર્યોએ વિસ્તૃત ચર્ચા કરેલ છે. પરંતુ વિસ્તારભયથી તેનું અહીં વર્ણન કરવું અસંભવ છે. આ હેતુના ઈચ્છુક પાઠકે તત્વાર્થ સૂત્રનાં પાંચમાં અધ્યયનની ટીકાનું અવલોકન કરી લેવું જોઈએ.

જૈન આચાર્યોની વિશેષતા એ છે કે તેઓ અંધકાર, પ્રકાશ, છાયા, શબ્દ, ગરમી આદિને પુદ્દગલ દ્રવ્યની પર્યાય માને છે. આ દષ્ટિથી જૈન દર્શનનો પુદ્દગલ વિચાર આધુનિક વિજ્ઞાનની ઘણી નજીક છે.

જૈન ધર્મની એવી અનેક માન્યતાઓ છે જે કેટલાક વર્ષો પૂર્વે (સુધી) અવૈજ્ઞાનિક તથા સંપૂર્ણ કાલ્પનિક લાગતી હતી. પણ આજે વિજ્ઞાનથી પ્રમાંણિત થઈ રહી છે. દાખલા તરીકે : પ્રકાશ, અંધકાર, તાપ, છાયા અને શબ્દ વગેરે પૌદ્દગલિક છે. જૈન આગમોની આ માન્યતા પર કોઈ વિશ્વાસ કરતા નહોતા પણ આજે તેની પૌદ્દગલિકતા સિદ્ધ થઈ ગઈ છે. જૈન આગમોનું કહેવું છે કે- 'શબ્દ ન માત્ર પૌદ્દગલિક છે પરંતુ તે ધ્વન્યાત્મક રૂપથી આખા લોકની યાત્રા કરે છે. આ માન્યતાને કાળ સુધી કોઈપણ સ્વીકાર કરતા નહોતા પણ આધુનિક વૈજ્ઞાનિક શોધો એ હવે આ માન્યતાઓ સિદ્ધ કરી બતાવી કે પ્રત્યેક ધ્વનિના ઉચ્ચારણ બાદ પોતાની યાત્રા પ્રારંભ કરી દે છે અને એમની આ યાત્રા અત્યંત કૃષ રૂપમાં જ કેમ ન હોય પણ તે લોકાન્ત સુધી થાય છે. જૈનોની કેવળજ્ઞાન સંબંધી આ અવધારણા (માન્યતા) છે કે કેવલી અથવા સર્વજ્ઞ સમસ્ત લોકના પદાર્થોને હસ્તકમલવત્ પ્રત્યક્ષરૂપે જાણે છે. અથવા અવધિજ્ઞાન સંબંધી આ અવધારણા (માન્યતા) છે કે અવધિજ્ઞાની ચર્મચક્ષુ દ્વારા ગ્રહણ ન થતા દૂરનાં વિષયોનું સીધુ પ્રત્યક્ષીકરણ કરી લે છે. કેટલાક વર્ષો પહેલા આ બધી કપોલ કલ્પના જ લાગતી હતી. પણ આજે જ્યારે ટેલીવિઝનનો આવિષ્કાર થયા બાદ આ વાત આશ્ચર્યજનક નથી રહી. જે પ્રકારે ધ્વનિની યાત્રા થાય છે તે જ પ્રકારે પ્રત્યેક ભૌતિક પિંડથી પ્રકાશ કિરણો પરાવર્તિત (પરિવર્તન) થાય છે. અને એ પણ ધ્વનિના સમાન જ લોકમાં પોતાની યાત્રા કરે છે. તથા પ્રત્યેક વસ્તુ અથવા ઘટનાનું ચિત્ર વિશ્વમાં સંપ્રેષિત (પ્રકાશિત) કરી દે છે. આજે જો માનવ મસ્તિષ્કમાં ટેલીવિઝન સેટની જેમ ચિત્રોને ગ્રહણ કરવાનું સામર્થ્ય વિકસિત થઈ જાય તો દૂરના પદાર્થો અને ઘટનાઓના હસ્તકમલવત્ જ્ઞાનમાં કોઈ અડચણ રહેશે નહીં. કારણ કે પ્રત્યેક પદાર્થથી પ્રકાશ તથા છાયાના રૂપમાં જે કિરણો પરિવર્તીત થઈ રહ્યા છે એ તો આપણી બધાની પાસે પહોંચી જ રહી છે. આજે જો આપણા ચૈતન્ય મસ્તિષ્કની ગ્રહણ શક્તિ વિકસિત થઈ જાય તો દૂરના વિષયોનું જ્ઞાન અસંભવ નથી. એનાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ધાર્મિક કહેવાવાળા સાહિત્યમાં પણ ઘણુખરું આવું જ છે કે જે આજે વિજ્ઞાન સમ્મત સિદ્ધ થઈ ગયું છે અથવા જેની વિજ્ઞાન સમ્મત સિદ્ધ થવાની સંભાવના હમણાં સંપૂર્ણ નિરસ્ત (નાબુદ) નથી થઈ.

અનેક આગમ વચન અથવા સૂત્ર એવા છે જે કાળ સુધી અવૈજ્ઞાનિક પ્રતીતિ થતા હતા. તે આજે વૈજ્ઞાનિક સિદ્ધ થઈ રહ્યા છે. માત્ર એટલું જ નહીં એ સૂત્રોનું વૈજ્ઞાનિક જ્ઞાન એના પ્રકાશમાં છે. જેની વ્યાખ્યા કરવામાં આવી છે. એ વધારે યોગ્ય જણાય છે. દાખલા તરીકે- પરમાણુઓના પારસ્પરિક બંધનથી સ્કંધના નિર્માણની પ્રક્રિયાને સમજાવવા માટે તત્વાર્થ સૂત્રના પાંચમા અધ્યયનનું એક સૂત્ર આવે છે. **"સ્નિગ્ધરૂક્ષત્વાત્ બન્ધ "** : આમાં સ્નિગ્ધ અને રૂક્ષ પરમાણુઓને એકબીજાથી મળીને સ્કંધ બનાવવાની વાત કહી છે. સામાન્યરૂપે આની વ્યાખ્યા એ કહીને કરવામાં આવતી હતી કે સ્નિગ્ધ (ચિકનુ) અને રૂક્ષ (ખરબચડા) પરમાણુઓમાં બંધ થાય છે. પણ આજે જ્યારે અમે આ સૂત્રની વૈજ્ઞાનિક વ્યાખ્યા કરીએ છીએ કે સ્નિગ્ધ એટલે ધનાત્મક વિદ્યુતથી આવેશિત અને રૂક્ષ એટલે ઋણાત્મક વિદ્યુતથી આવેશિત સૂક્ષ્મ કણ. જૈનદર્શનની ભાષામાં પરમાણું પરસ્પર મળીને સ્કન્ધનું નિર્માણ કરે તો તત્વાર્થ સૂત્રનું આ સૂત્ર વધારે વિજ્ઞાન સમ્મત પ્રતીત થાય છે.

જ્યાં સુધી ભૌતિક તત્વના અસ્તિત્વ અને સ્વરૂપનો પ્રશ્ન છે તેનો વૈજ્ઞાનિકો અને જૈન આચાર્યોમાં વધારે મતભેદ નથી. પરમાણુ અથવા પુદ્દગલ કણોમાં જે અનંત શક્તિનો નિર્દેશ જૈન આચાર્યોએ કર્યું હતુ તે આધુનિક વૈજ્ઞાનિક શોધોથી સિદ્ધ થઈ રહ્યું છે. આધુનિક વૈજ્ઞાનિક આ માન્યતાને સિદ્ધ કરી ગયા કે એક પરમાણુનો વિસ્ફોટ પણ કેટલી વધારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિનું સૃજન કરી શકે છે. આમ પણ ભૌતિક પિંડ અથવા પુદ્ગલની અવધારણા (માન્યતા) એવી છે કે જેના પર વૈજ્ઞાનિકો તથા જૈન વિચારકોમાં કોઈ વધારે મતભેદ જોવા નથી મળતા. પરમાણુઓ દ્વારા સ્કન્ધની રચનાનો જૈન સિદ્ધાંત કેટલો વૈજ્ઞાનિક છે તેની ચર્ચા અમે પહેલા કરી ગયા છીએ. વિજ્ઞાન જેને પરમાણુ કહેતો હતો તે હવે તૂટી ગયું છે. વાસ્તવિકતાતો એ જ છે કે વિજ્ઞાને જેને પરમાણુ માની લીધુ હતુ તે પરમાણુ હતો જ નહી. તે તો સ્કન્ધ જ હતો. કારણ કે જૈનોની પરમાણુની પરિભાષા એ છે કે જેનું વિભાજન ન થઈ શકે એવું ભૌતિક તત્વ પરમાણુ છે. એ જ રીતે આજે અમે જોઈએ છીએ કે વિજ્ઞાનનું તથાકથિત (કેટલાક) પરમાણુ ખંડિત થઈ ગયા છે. જ્યારે જૈન દર્શનનું સૂક્ષ્મ પરમાણુ હજી સુધી વૈજ્ઞાનિકો સમજી શક્યા નથી. વાસ્તવમાં જૈનદર્શનમાં જેને પરમાણુ કહેવાય છે એને આધુનિક વૈજ્ઞાનિકોએ **"ક્વાર્ક"** નામ આપી દીધુ છે અને એ તો આજે પણ એની શોધમાં જ લાગેલા છે. સમકાલીન ભૌતિક વિદ્વાનોની ક્વાર્કની પરિભાષા એ છે કે જે વિશ્વનું સરલતમ અને અંતિમ ઘટક છે તે જ ક્વાર્ક છે. આજે પણ ક્વાર્કની પરિભાષા (વ્યાખ્યા) કરવામાં વૈજ્ઞાનિકો સફળ ન થઈ શક્યા.

આધુનિક વિજ્ઞાન પ્રાચીન અવધારણાને સમ્પુષ્ટ અર્થાત્ વિકસિત કરવામાં કઈ રીતે સહાયક થયું છે- જેનું એક ઉદાહરણ એ છે કે જૈન તત્વ મીમાંસામાં એક બીજી પણ માન્યતાએ છે કે એક પુદ્ગલ પરમાણુ જેટલી જગ્યા રોકે છે તે એક આકાશ પ્રદેશ કહેવાય છે. બીજા શબ્દોમાં માન્યતા એ છે કે એક આકાશ પ્રદેશમાં એક જ પરમાણુ રહી શકે છે. પણ બીજી તરફ આગમોમાં એ પણ ઉલ્લેખ છે કે એક આકાશ પ્રદેશમાં અસંખ્યાત પુદ્ગલ પરમાણુ સમાઈ શકે છે. આ વિરોધાભાષનુ સીધુ સમાધાન અમારી પાસે ન હતું. પણ વિજ્ઞાને એ સિદ્ધ કરી દીધુ કે વિશ્વમાં કેટલાક એવા ઠોસ દ્રવ્ય છે જેનો એક વર્ગ ઈંચનું વજન લગભગ આઠ સૌ ટન થાય છે. એનાથી એ પણ સિદ્ધ થાય છે કે જેને આપણે ઠોસ સમજીએ છીએ તે વાસ્તવમાં કેટલુ પહોળુ છે. માટે અવગાહન શક્તિના કારણે એ સંભવ છે કે એક જ આકાશ પ્રદેશમાં અનંત પરમાણુ પણ સમાહિત થઈ શકે છે.[૧]

**કાળ :**

કાળ દ્રવ્યને અનસ્તિકાય વર્ગના અંતર્ગત માનવામાં આવે છે. જેમકે અમે પહેલા સૂચિત કરી ગયા છીએ કે આગમિક યુગ સુધી જૈન પરમ્પરામાં કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવાના સંદર્ભમાં પર્યાપ્ત મતભેદ હતા.

આવશ્યકચૂર્ણિ (ભાગ-૧ પૃ.૩૪૦-૩૪૧)માં કાળના સ્વરૂપના સંબંધમાં નીચેના ત્રણ મતોનો ઉલ્લેખ થયો છે-

૧. કેટલાક વિચારક કાળને સ્વતંત્ર દ્રવ્ય ન માની પર્યાયરૂપ માને છે.

૨. કેટલાક વિચારક એને ગુણ માને છે.

૩. કેટલાક વિચારક એને સ્વતંત્ર દ્રવ્ય માને છે.

શ્વેતામ્બર પરંપરામાં સાતમી શતાબ્દી સુધી કાળના સંબંધમાં ઉપરની ત્રણે વિચારધારાઓ પ્રચલિત હતી. અને શ્વેતામ્બર આચાર્ય પોત-પોતાની (માન્યતા) અવધારણા અનુસાર એમાંથી કોઈ એકનું પોષણ કરતા રહ્યા. જ્યારે દિગંબર આચાર્યોએ એક મતથી કાળને સ્વતંત્ર દ્રવ્ય માન્યું. જે વિચારક કાળને સ્વતંત્ર દ્રવ્ય નથી માનતા તેમનો તર્ક એ હતો કે જો ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ દ્રવ્ય પોત-પોતાની પર્યાયો (વિભિન્ન અવસ્થાઓ)માં જાતે જ પરિવર્તિત થયા કરે છે તો પછી કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવાની શું આવશ્યકતા છે ? આગમોમાં પણ જ્યારે ભગવાન મહાવીરને પૂછવામાં આવ્યુ કે 'કાળ શું છે ?' તો આ પ્રશ્નનો ઉત્તર આપતા એમને કહ્યું કે- 'કાળ જીવ-અજીવમય છે. અર્થાત્ જીવ અને અજીવની પર્યાયો જ છે.[૨] વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે- 'કે વર્તના અર્થાત્ પરિણમન યા પરિવર્તનથી ભિન્ન કોઈ કાળદ્રવ્ય નથી. આ રીતે જીવ અને અજીવની પરિવર્તનશીલ પર્યાયને જ કાળ કહેવામાં આવ્યું છે. ક્યાંક- ક્યાંક કાળને પર્યાય દ્રવ્ય કહેવામાં આવ્યું છે. આ બધા વિવરણોથી એવું પ્રતીત થાય છે કે કાળ કોઈ સ્વતંત્ર દ્રવ્ય નથી. કારણકે આગમોમાં

---

૧. જૈન દર્શન અને આધુનિક વિજ્ઞાનના સંબંધોની વિવેચના માટે જુઓ.
(અ) શ્રમણ ઓક્ટોબર - ડીસેમ્બર, ૧૯૯૨, પૃ.૧-૧૨
(બ) Cosmology - Old and New by G.R. Jain

૨. ઉધ્ધૃત Jain conception of Space and time by Nagin, J. Shah. P. 374, Ref. No.6 Studies in Jainsm. Deptt. of Philosophy. University of Poona, 1994.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ-કાળ અને અજીવ-કાળ એવા કાળના બે વર્ગોનો ઉલ્લેખ મળે છે. માટે કેટલાક જૈન વિચારકોએ એમ માન્યું કે જીવ અને અજીવ દ્રવ્યોની પર્યાયોથી પૃથક્ કાળ દ્રવ્યનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. પ્રાચીન સ્તરનો આગમોમાં સર્વપ્રથમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કાળનો સ્વતંત્ર દ્રવ્યના રૂપમાં ઉલ્લેખ જોવા મળે છે. જેમકે અમે પૂર્વે સંકેત કરી ગયા છીએ કે માત્ર ઉમાસ્વાતિના યુગ સુધી જ નહીં અર્થાત્ ઈસાની ત્રીજી-ચોથી શતાબ્દી સુધી અપિતુ (પણ) ચૂર્ણિકાર અર્થાત્ ઈસાની સાતમી શતાબ્દી સુધી કાળ સ્વતંત્ર દ્રવ્ય છે કે નહીં આ પ્રશ્ન પર જૈન દાર્શનિકોમાં મતભેદ હતો. એટલે જ તત્વાર્થસૂત્રમાં ભાષ્યમાન પાઠમાં ઉમાસ્વાતિને એ ઉલ્લેખ કરવો પડ્યો કે કેટલાક વિચારક કાળને પણ દ્રવ્ય માને છે. (कालश्चेत्येक ૨૫/૩૮) (આને અર્થ) ફળસ્વરૂપએ પણ છે કે આ યુગમાં કેટલાક જૈન દાર્શનિક કાળને સ્વતંત્ર દ્રવ્ય માનતા નહોતા. એમના અનુસાર બધા દ્રવ્યોની જે પર્યાયો છે એ જ કાળ છે. આ (માન્યતા) અવધારણાના વિરોધમાં બીજા પક્ષે કહ્યું કે અન્ય દ્રવ્યોની પર્યાયોથી પૃથક્ કાળ સ્વતંત્ર દ્રવ્ય છે. કારણકે કોઈપણ પદાર્થમાં બાહ્ય નિમિત્ત અર્થાત્ અન્ય દ્રવ્યના ઉપકાર વગર સ્વયં પરિણમન સંભવ જ નથી થઈ શકતું.[1] જેમ જ્ઞાન આત્માનું સ્વલક્ષણ છે. પણ જ્ઞાનરૂપ પર્યાયો પોતાના જ્ઞેય વિષય પર જ નિર્ભર કરે છે. આત્માને જ્ઞાન ત્યારે જ થાય જ્યારે જ્ઞાનના વિષય અર્થાત્ જ્ઞેય વસ્તુ તત્વની સ્વતંત્ર સત્તા હોય. માટે અન્ય બધા દ્રવ્યોના પરિણમનને કોઈ બાહ્ય નિમિત્તે માનવુ આવશ્યક છે. જેવી રીતે ગતિને જીવ અને પુદ્ગલનું સ્વલક્ષણ માનવા છતાં ગતિના બાહ્ય નિમિત્તના રૂપમાં ધર્મ દ્રવ્યની સ્વતંત્ર સત્તા માનવી આવશ્યક છે. તેવી રીતે બધા દ્રવ્યોમાં પર્યાય પરિવર્તનની ક્ષમતા સ્વયંમેવ થાય પણ એના નિમિત્ત કારણના રૂપમાં કાળ દ્રવ્યને સ્વતંત્ર દ્રવ્ય માનવુ આવશ્યક છે. જો કાળને સ્વતંત્ર દ્રવ્ય નહીં માનવામાં આવે તો પદાર્થોના પરિણમન (પર્યાય પરિવર્તન)નું કોઈ નિમિત્ત કારણ નહીં થાય. પરિણમનના નિમિત્ત કારણના અભાવમાં પર્યાયોનો અભાવ થશે અને પર્યાયોના અભાવમાં દ્રવ્યનો પણ અભાવ થઈ જશે. કારણકે દ્રવ્યનું અસ્તિત્વ પણ પર્યાયોથી પૃથક્ નથી. આ રીતે સર્વશૂન્યતાનો પ્રસંગ આવી જશે. માટે પર્યાય પરિવર્તન (પરિણમન)ના નિમિત્ત કારણના રૂપમાં કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવું જ પડશે. કાળને સ્વતંત્ર તત્વ માનવાવાળા દાર્શનિકોના આ તર્કના વિરોધમાં એ પ્રશ્ન થયો કે જો અન્ય દ્રવ્યોના પરિણમન (પર્યાય પરિવર્તન)ના હેતુ ના રૂપમાં કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવું આવશ્યક છે તો પછી અલોકાકાશમાં થવાવાળા પર્યાય પરિવર્તનનો હેતુ (નિમિત્ત કારણ) શું છે ? કારણકે અલોકાકાશમાં તો આગમોમાં કાળ દ્રવ્યનો અભાવ માન્યો છે. જો એમાં કાળ દ્રવ્યના અભાવમાં પર્યાય પરિવર્તન સંભવ છે તો પછી લોકાકાશમાં પણ અન્ય દ્રવ્યોના પર્યાય પરિવર્તન હેતુ કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવું આવશ્યક નથી. ફરીથી અલોકાકાશમાં કાળના અભાવમાં જો પર્યાય પરિવર્તન નહી માનીએ તો પછી પર્યાય પરિવર્તનના અભાવમાં આકાશ દ્રવ્યમાં દ્રવ્યનું સામાન્ય લક્ષણ "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય" સિદ્ધ નહીં થઈ શકે અને જો અલોકાકાશમાં પર્યાય પરિવર્તન માનવમાં આવે તો એ પર્યાય પરિવર્તનનું નિમિત્ત કારણ તો નહીં થઈ શકે કારણકે એનો ત્યાં અભાવ છે. આ તર્કના પ્રત્યુત્તરમાં કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવાવાળા આચાર્યોનો પ્રત્યુત્તર એ છે કે આકાશ એક અખંડ દ્રવ્ય છે. એમાં અલોકાકાશ અને લોકાકાશ એવા જે બે ભેદ કર્યા છે તે માત્ર ઔપચારિક છે. લોકાકાશમાં કાળ દ્રવ્યના નિમિત્તથી થવાવાળા પર્યાય પરિવર્તન સંપૂર્ણ આકાશ દ્રવ્યનું જ પર્યાય પરિવર્તન છે. અલોકાકાશ અને લોકાકાશ બંને આકાશ દ્રવ્યના જ અંશ છે. એ એક બીજાથી પૃથક્ નથી. કોઈપણ દ્રવ્યના એક અંશમાં થવાવાળુ પરિવર્તન સંપૂર્ણ દ્રવ્યનું પરિવર્તન માનવામાં આવે છે. માટે લોકાકાશમાં જે પર્યાય પરિવર્તન થાય છે તે અલોકાકાશ પર પણ ઘટિત થાય છે અને લોકાકાશમાં પર્યાય પરિવર્તનકાળ દ્રવ્યના નિમિત્તથી થાય છે. માટે લોકાકાશ અને અલોકાકાશ બંનેના પર્યાય પરિવર્તનનું નિમિત્ત કાળ દ્રવ્ય જ છે. ખ્યાલમાં છે કે લગભગ સાતમી શતાબ્દીથી કાળનો સ્વતંત્ર દ્રવ્ય સર્વમાન્ય થઈ ગયો છે.

જૈન દાર્શનિકોએ કાળને અચેતન, અમૂર્ત, (અરૂપી) તથા અનસ્તિકાય દ્રવ્ય કહ્યો છે. એનું કાર્ય અથવા લક્ષણ વર્તના માનવામાં આવ્યું છે. વિભિન્ન દ્રવ્યોમાં જે પર્યાય પરિવર્તન થાય છે એનું નિમિત્ત કારણ કાળ દ્રવ્ય છે. જો કે એ પર્યાય પરિણમનનું ઉપાદાન કારણ તો સ્વયં એ દ્રવ્ય જ હોય છે, જેવી રીતે ધર્મ દ્રવ્ય જીવ પુદ્ગલ વગેરેની સ્વયમેવ પ્રસૂત ગતિનું નિમિત્ત કારણ છે અથવા જે રીતે બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા જીવની પોતાની શારીરિક સંરચનાના પરિણામ સ્વરૂપ જ ઘટિત થાય છે. છતાં પણ એમાં નિમિત્ત કારણના રૂપમાં કાળ પણ પોતાનું કાર્ય કરે

૧. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ ભા.૨, પૃ. ૮૫-૮૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જૈનાચાર્યોએ સ્વભાવ, નિયતિ, પુરૂષાર્થ, કાળ આદિ જે પંચક કારણની ચર્ચા કરી છે એમાં કાળને પણ એક મહત્ત્વપૂર્ણ ઘટક માન્યુ છે. જૈન દાર્શનિક સાહિત્યમાં કાળ દ્રવ્યની ચર્ચા અનેક પ્રકારે કરવામાં આવી છે. સર્વપ્રથમ વ્યવહારકાળ અને નિશ્ચયકાળ એમ કાળના બે વિભાગ કરવામાં આવ્યા છે. નિશ્ચયકાળ અન્ય દ્રવ્યોની પર્યાયોના પરિવર્તનનું નિમિત્ત કારણ છે. બીજા શબ્દોમાં બધા દ્રવ્યોની વર્તના અથવા પરિણમનની શક્તિ જ દ્રવ્યકાળ અથવા નિશ્ચયકાળ છે. વ્યવહાર કાળના સમય, આવલિકા, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર વગેરે રૂપ કહ્યા છે. સંસારમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સંબંધી જે કાળ વ્યવહાર છે તે પણ આનાથી થાય છે. જૈન પરંપરામાં વ્યવહાર કાળનો આધાર સૂર્યની ગતિ જ માનવામાં આવી છે. સાથે જ એ પણ માનવામાં આવ્યું છે કે આ વ્યવહારકાળ મનુષ્ય ક્ષેત્ર સુધી જ સીમિત છે. દેવલોક આદિમાં આનો વ્યવહાર મનુષ્યક્ષેત્રની અપેક્ષાથી જ છે. મનુષ્યક્ષેત્રમાં જ સમય, આવલિકા, ઘટિકા, પ્રહર, રાત-દિવસ, પક્ષ, માસ,ઋતુ, અયન, સંવત્સર, અવસર્પિણી, ઉત્સર્પિણી વગેરેનો વ્યવહાર હોય છે. વ્યક્તિઓમાં બાળક, યુવા અને વૃદ્ધ અથવા (નવુ) નૂતન, જૂનું વગેરેનો જે વ્યવહાર જોવા મળે છે એ બધા પણ કાળના જ કારણ છે. વાસના કાળ, શિક્ષાકાળ, દીક્ષાકાળ વગેરેની અપેક્ષાથી પણ કાળના અનેક ભેદ કરવામાં આવે છે. પણ વિસ્તારના ભયથી એ બધાની ચર્ચા અહીયાં ઉચિત નથી. આવી રીતે કર્મ સિદ્ધાંતના સંદર્ભમાં પ્રત્યેક કર્મ પ્રકૃતિની સત્તા, કાળ વગેરેની પણ ચર્ચા જૈનાગમોમાં મળે છે.

સંખ્યાની દૃષ્ટિએ અધિકાંશ જૈન આચાર્યોએ કાળ દ્રવ્યનેં એક નહી પણ અનેક માન્યા છે. એમનું એવું કહેવુ છે કે ધર્મ, અધર્મ, આકાશની જેમ કાળ એક અને અખંડ દ્રવ્ય નહીં થઈ શકે. કાળ દ્રવ્ય અનેક છે. કારણકે એક જ સમયમાં વિભિન્ન વ્યક્તિઓમાં અથવા દ્રવ્યોમાં જે વિભિન્ન પર્યાયોની ઉત્પત્તિ થાય છે. એ બધી ઉત્પત્તિનું નિમિત્ત કારણ એક જ કાળ ન થઈ શકે. માટે કાળ દ્રવ્યને અનેક અથવા અસંખ્યાત દ્રવ્ય માનવુ પડશે. પુનઃ પ્રત્યેક પદાર્થની ભૂત, ભવિષ્યની અપેક્ષાથી અનંત પર્યાયો થાય છે અને એ અનંત પર્યાયોના નિમિત્ત અનંત કાલાણું હશે. માટે કાલાણુ અનંત માનવામાં આવ્યા. અહીયાં એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કાળ દ્રવ્યને અસંખ્ય કહ્યું પણ કાલાણું અનંત માન્યા કેમ ? એનો ઉત્તર એ છે કે કાળ દ્રવ્ય લોકાકાશ સુધી સીમિત છે અને એની એ સીમિતતાની અપેક્ષાએ એને અનંત દ્રવ્ય ન કહીને અસંખ્યાત દ્રવ્ય કહ્યું છે પણ જીવ અનંત છે અને એ અનંત જીવોની ભૂત ભવિષ્યની અનંત પર્યાયો હોય છે. એ અનંત પર્યાયોમાં પ્રત્યેકનું નિમિત્ત એક કાલાણું થાય છે. માટે કાલાણુ અનંત માન્યા છે. સામાન્ય (માન્યતા) અવધારણ એ છે કે પ્રત્યેક આત્મ પ્રદેશ પુદ્દગલ પરમાણુ અને આકાશ પ્રદેશ પર રત્નોની રાશિના સમાન કાલાણુ સ્થિત રહે છે. માટે કાલાણુ અનંત છે. રાજવાર્તિક આદિ દિગંબર પરમ્પરાના ગ્રન્થોમાં કાલાણુઓને અન્યોન્ય પ્રવેશથી રહિત પૃથક્-પૃથક્ અસંચિત (અસંગ્રહિત) દશામાં લોકાકાશમાં સ્થિત માનવામાં આવ્યા છે.

પણ કેટલાક શ્વેતાંબર આચાર્યોએ આ મતનો વિરોધ કરતા એ પણ માન્યુ છે કે કાળ દ્રવ્ય એક અને લોકવ્યાપી છે. એ અણુરૂપ નથી.[૧] પણ એવી સ્થિતિમાં કાળમાં પણ પ્રદેશ પ્રચયત્વ માનવુ પડશે અને પ્રદેશ પ્રચયત્વ માનવાથી તે પણ અસ્તિકાય વર્ગના અંતર્ગત આવી જશે અને એના ઉત્તરમાં પણ કહેવામાં આવ્યુ છે કે તિર્યક્-પ્રચયત્વનો અભાવ હોવાથી કાળ અનસ્તિકાય છે. ઉર્ધ્વ-પ્રચયત્વ અને તિર્યક્-પ્રચયત્વની ચર્ચા આપણે પહેલા અસ્તિકાયની ચર્ચાના અંતર્ગત કરી ગયા છીએ.

સૂક્ષ્મતાની અપેક્ષાથી કાલાણુઓની અપેક્ષા આકાશ પ્રદેશ અને આકાશ પ્રદેશની અપેક્ષા પુદ્ગલ પરમાણુ અધિક સૂક્ષ્મ માન્યા છે. કારણ કે એક જ આકાશ પ્રદેશમાં અનંત પુદ્ગલ પરમાણુ સમાહિત થઈ શકે છે. માટે એ સૌથી સૂક્ષ્મ છે. એ રીતે પરમાણુની અપેક્ષા આકાશ પ્રદેશ અને આકાશ પ્રદેશની અપેક્ષા કાલાણુ સ્થૂલ છે.

સંક્ષેપમાં કાળ દ્રવ્યમાં વર્તના હેતુત્વની સાથે-સાથે અચેતનત્વ, અમૂર્તત્વ, સૂક્ષ્મત્વ આદિ સામાન્ય ગુણ પણ માન્યા છે. આ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય લક્ષણ જે અન્ય દ્રવ્યમાં છે એ પણ કાળ દ્રવ્યમાં જોવા મળે છે. કાળ દ્રવ્યમાં જો ઉત્પાદ, વ્યય, લક્ષણ ન રહે તો એ અપરિવર્તનશીલ દ્રવ્ય થશે. અને જે સ્વતઃ અપરિવર્તનશીલ હોય એ બીજાના પરિવર્તનમાં નિમિત્ત ન થઈ શકે. પણ કાળ દ્રવ્યનું વિશિષ્ટ લક્ષણ એનું વર્તના નામક ગુણ જ છે. જેના માધ્યમથી

૧. Studies in Jainism - Edt. M.P. Marathe. P. 69



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ અન્ય બધા દ્રવ્યોમાં પર્યાય પરિવર્તનમાં નિમિત્ત કારણ બની કાર્ય કરે છે. ફરીથી જો કાળ દ્રવ્યમાં ધ્રૌવ્યત્વનો અભાવ માનીશુ તો એનુ દ્રવ્યત્વ સમાપ્ત થઈ જશે. માટે એને સ્વતંત્ર દ્રવ્ય માનવાથી એમાં ઉત્પાદ, વ્યયની સાથે-સાથે ધ્રૌવ્યત્વ પણ માનવુ પડશે.

**કાળચક્ર :**[1]

અર્ધમાગધી આગમ સાહિત્યમાં કાળની ચર્ચા ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળના રૂપમાં પણ ઉપલબ્ધ થાય છે. આમાં પ્રત્યેકના છહ- છહ વિભાગ કરવામાં આવ્યા છે. જેને આરા કહેવાય છે. આ છ આરા નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. સુષમા - સુષમા | ૨. સુષમા |
| ૩. સુષમા- દુષમા | ૪. દુષમા - સુષમા |
| ૫. દુષમા અને | ૬. દુષમા - દુષમા |

ઉત્સર્પિણીકાળમાં આનો ક્રમ વિપરીત હોય છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળ મળીને એક કાળચક્ર પૂરો (પૂર્ણ) થાય છે. જૈનોની કાળચક્રની આ કલ્પના બૌદ્ધ અને હિંદુ કાળચક્રની કલ્પનાથી ભિન્ન છે. પણ આ બધામાં એ વાતને લઈને સમાનતા છે કે આ બધા કાળચક્રના વિભાજનનો આધાર સુખ-દુઃખ અને મનુષ્યના નૈતિક અને આધ્યાત્મિક વિકાશની ક્ષમતાને બનાવી છે.

જૈનોના અનુસાર ઉત્સર્પિણીકાળમાં ક્રમશઃ વિકાસ અને અવસર્પિણીકાળમાં ક્રમશઃ પતન થાય છે. જ્ઞાતવ્ય છે કે કાળચક્રનું પ્રવર્તન જંબુદ્વીપના ભરતક્ષેત્ર આદિ થોડા વિભાગોમાં જ થાય છે.

**આત્મા અને પુદ્દગલનો સંબંધ :**

આ રીતે પાંચ અસ્તિકાય દ્રવ્યો અને એક અનસ્તિકાય દ્રવ્યનું વિવેચન કર્યા પછી સંસાર અને મોક્ષને સમજવા માટે આત્મા અને પુદ્દગલ દ્રવ્યના પારસ્પરિક સંબંધને સમજવું આવશ્યક છે. આત્મા અને પુદ્દગલનો પરસ્પર વિચિત્ર સંબંધ છે.

આના સંબંધથી જ શરીર, ઈન્દ્રિય, મન વગેરે પ્રાપ્ત થાય છે તેમજ આના સંબંધથી જ જીવ એક ગતિથી બીજી ગતિમાં ગમન કરે છે. આનો આ સંબંધ લેશ્યા, કષાય અને કર્મબંધના રૂપમાં પણ વ્યક્ત થાય છે. દ્રવ્યાનુયોગમાં વર્ણિત વિવિધ વિષય-વસ્તુમાંથી અહિયાં ઈન્દ્રિય, કષાય-સિદ્ધાંત, લેશ્યા-સિદ્ધાંત અને કર્મ-સિદ્ધાંત પર વિશેષ વિચાર કરવામાં આવી રહ્યો છે.

**ઈન્દ્રિય :**

ઈન્દ્રિય શબ્દનો અર્થ ઈન્દ્રિય શબ્દના અર્થનું વિશદ વિવેચન ન કરતા અહિંયા અમે માત્ર એ જ કહીશું કે જે જે સાધનોની સહાયતાથી જીવાત્મા વિષયોની તરફ અભિમુખ સન્મુખ થાય છે. અથવા વિષયોના ઉપભોગમાં સમર્થ થાય છે. એ ઈન્દ્રિયો છે.[2] આ અર્થને લઈ જૈન, બૌદ્ધ અને ગીતાની વિચારણામાં કયાંય કંઈ વિવાદ જોવા નથી મળતો.[3]

**ઈન્દ્રિયોની સંખ્યા :**

જૈન દર્શનમાં ઈન્દ્રિયો પાંચ માનવામાં આવી છે- ૧. શ્રોત્ર, ૨. ચક્ષુ, ૩. ઘ્રાણ, ૪. રસના અને ૫. સ્પર્શન (ત્વચા)

જૈન દર્શનમાં મનને નોઈન્દ્રિય (Quasi Sense Organ) કહ્યું છે. જૈનદર્શનમાં કર્મેન્દ્રિયોનો વિચાર ઉપલબ્ધ નથી. છતાં પણ પાંચ કર્મેન્દ્રિયો એના દશ બળની ધારણામાંથી વાણી બળ, શરીર બળ અને શ્વાસોશ્વાસ બળમાં સમાવિષ્ટ થઈ જાય છે.

**ઈન્દ્રિય સ્વરૂપ :**

જૈનદર્શનમાં ઉપરની પાંચ ઈન્દ્રિયો બે પ્રકારની છે- ૧. દ્રવ્યેન્દ્રિય, ૨. ભાવેન્દ્રિય.

---

૧. ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની વિસ્તૃત વિવેચના માટે જુઓ - તિલોયપણ્ણતિ, જીવરાજ ગ્રંથમાળા શોલાપુર, ૪/૩૨૦-૩૯૪.

૨. અભિધાન રાજેન્દ્રકોષ - ખંડ ૨, પૃ. ૫૪૭

૩. દર્શન અને ચિંતન ભા.૧, પૃ. ૧૩૪-૧૩૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈન્દ્રિયોનો બાહ્ય સંરચનાત્મક પક્ષ (Structural Aspect) દ્રવ્યેન્દ્રિય છે અને એનુ આંતરિક ક્રિયાત્મક પક્ષ (Functional Aspect) ભાવેન્દ્રિય છે. આમાંથી પ્રત્યેકના ફરીથી ઉપવિભાગ પણ કર્યા છે જે નીચેના કોષ્ટકથી સ્પષ્ટ થઈ શકશે

- ઈન્દ્રિય
  - દ્રવ્યેન્દ્રિય
    - ઉપકરણ (ઈન્દ્રિય રક્ષક અંગ)
      - બાહ્ય
      - આંતરિક
    - નિર્વૃત્તિ (ઈન્દ્રિય અંગ)
      - બાહ્ય
      - આંતરિક
  - ભાવેન્દ્રિય
    - લબ્ધિ (શક્તિ)
    - ઉપયોગ (ચેતના)

**ઈન્દ્રિયોના વિષય :**

૧. શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે, શબ્દ ત્રણ પ્રકારના છે- જીવશબ્દ, અજીવશબ્દ અને મિશ્ર શબ્દ. કેટલાક વિચારક સાત પ્રકારના શબ્દ પણ માને છે.

૨. ચક્ષુ ઈન્દ્રિયનો વિષય રૂપ સંવેદના છે. રૂપ પાંચ પ્રકારના છે. લાલ, કાળો, લીલો, પીળો અને સફેદ. શેષ રંગ આના જ સમ્મિશ્રણનું પરિણામ છે.

૩. ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ સંવેદના છે. ગંધ બે પ્રકારના છે- ૧. સુગંધ, અને ૨. દુર્ગંધ.

૪. રસનાનો વિષય રસાસ્વાદન છે. રસ પાંચ છે- કડવો, ખાટો, ખારો, તિખો મીઠો.

૫. સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શાનુભૂતિ છે. સ્પર્શ આઠ પ્રકારના છે- ઉષ્ણ, શીત, રુક્ષ (લૂખો), (સ્નિગ્ધ) ચીકનો, હલ્કો, ભારે, કર્કશ, કોમળ. આ રીતે શ્રોત્રેન્દ્રિયના ૩, ચક્ષુરિન્દ્રિયના પાંચ, ઘ્રાણેન્દ્રિયના ૨, રસના ના પાંચ અને સ્પર્શેન્દ્રિયના ૮ કુળ મળીને પાંચેના ત્રેવીસ વિષય છે.

**ઈન્દ્રિય નિરોધ :**

ઈન્દ્રિયોના વિષય પોતાની પૂર્તિના પ્રયાસમાં કેવી રીતે નૈતિક પતનની તરફ લઈ જાય છે એનુ સજીવ ચિત્રણ ઉત્તરાધ્યયનના ૩૨માં અધ્યયનમાં મળે છે. અહિયાં એનો થોડો અંશ પ્રસ્તુત છે -

રૂપને ગ્રહણ કરવાવાળી ચક્ષુઈન્દ્રિય છે અને રૂપ ચક્ષુઈન્દ્રિયનો વિષય છે. પ્રિયરૂપ રાગનું કારણ અને અપ્રિય રૂપ દ્વેષનું કારણ છે.[૧] જે રીતે દૃષ્ટિનો રાગમાં આતુર પતંગિયુ મૃત્યુ પામે છે તે જ રીતે રૂપમાં અત્યંત આસક્ત થઈ જીવ અકાળમાં જ મૃત્યુ પામે છે.[૨] રૂપની આશામાં વશ થયેલો અજ્ઞાની જીવ ત્રસ અને સ્થાવર જીવોની અનેક પ્રકારની હિંસા કરે છે. પરિતાપ ઉત્પન્ન કરે છે તથા પીડિત કરે છે.[૩] રૂપમાં મૂર્છિત જીવ ભોગ્ય પદાર્થોના ઉત્પાદન રક્ષણ અને વ્યયમાં અને વિયોગની ચિંતામાં લાગી જાય છે. એને સુખ ક્યાં છે? એ સંભોગ કાળમાં જ અતૃપ્ત રહે છે.[૪] રૂપમાં આસક્ત મનુષ્યને થોડુ પણ સુખ નથી હોતુ. જે વસ્તુની પ્રાપ્તિ માટે એને દુઃખ ઉપાડ્યું એના ઉપભોગના સમયે પણ એ દુઃખ જ પામે છે.[૫]

શ્રોત્રેન્દ્રિય શબ્દને ગ્રહણ કરવાવાળી અને શબ્દ શ્રોત્રેન્દ્રિયનો ગ્રાહ્ય વિષય છે. પ્રિય શબ્દ રાગનું અને અપ્રિય શબ્દ દ્વેષનું કારણ છે.[૬] જે રીતે શબ્દ રાગમાં આસક્ત હરણને મારવામાં આવે છે એ જ રીતે શબ્દોના વિષયોમાં મૂર્છિત જીવ અકાળમાં જ નાશ પામે છે.[૭] મનોજ્ઞ શબ્દની અલોલુપતાના વશવર્તી ભારેકર્મી જીવ અજ્ઞાની થઈ ત્રસ અને સ્થાવર જીવોની અનેક પ્રકારની હિંસા કરે છે. પરિતાપ ઉત્પન્ન કરે છે. તથા પીડા દે છે.[૮] શબ્દમાં મૂર્છિત જીવ મનોહર

---

૧. ઉત્તરાધ્યયન સૂત્ર ૩૨/૨૩
૨. તેજ - ૩૨/૨૪
૩. તેજ - ૩૨/૨૭
૪. તેજ - ૩૨/૨૮
૫. તેજ - ૩૨/૩૨
૬. તેજ - ૩૨/૩૬
૭. તેજ - ૩૨/૩૭
૮. તેજ - ૩૨/૪૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દવાળા પદાર્થોની પ્રાપ્તિ, રક્ષણ અને વિયોગની ચિંતામાં લાગી જાય છે. એ સંભોગકાળના સમયમાં પણ અતૃપ્ત જ રહે છે. પછી તેને સુખ ક્યાં છે ?[૧] તૃષ્ણાના વશમાં પડેલો એ જીવ ચોરી કરે છે તથા ઝુંઠ અને કપટની વૃદ્ધિ કરતો થકો પણ અતૃપ્ત જ રહે છે અને દુઃખથી પણ નથી છૂટી શકતો.[૨]

ગંધને નાસિકા ગ્રહણ કરે છે અને ગંધ નાસિકાનો ગ્રાહ્ય વિષય છે. સુગંધ રાગનું કારણ છે અને દુર્ગંધ દ્વેષનું કારણ છે.[૩] જે રીતે સુગંધમાં મૂર્ચ્છિત સાંપ બીલની બહાર નીકળે તો મારવામાં આવે છે તે જ રીતે ગંધમાં અત્યંત આસક્ત જીવ અકાળમાં જ મૃત્યુને પ્રાપ્ત કરે છે.[૪]

સુગંધને વશીભૂત થઈ બાળજીવ અનેક પ્રકારે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. એને દુઃખ દે છે. સુગંધમાં આસક્ત જીવ સુગંધિત પદાર્થોની પ્રાપ્તિ, રક્ષણ, વ્યય તથા વિયોગની ચિંતામાં લાગી જાય છે. આ સંભોગકાળમાં પણ અતૃપ્ત રહે છે. પછી તેને સુખ ક્યાં છે ? ગંધમાં આસક્ત જીવને કોઈ સુખ નથી હોતુ એ સુગંધના ઉપભોગના સમયે પણ દુઃખ અને કલેશ જ પામે છે.[૫]

રસને રસનેન્દ્રિય ગ્રહણ કરે છે અને રસ રસનેન્દ્રિયનો ગ્રાહ્ય વિષય છે. મનપસંદ રસ રાગનું કારણ અને મનનો પ્રતિકૂળ રસ દ્વેષનું કારણ છે.[૬] જે રીતે ખાવાના લાલચમાં માછલી કાંટામાં ફસાઈને મરી જાય છે. તે જ રીતે રસોમાં અત્યંત આસક્ત જીવ અકાળમાં મૃત્યુનો ગ્રાસ બની જાય છે.[૭] રસોમાં આસક્ત જીવને કોઈ સુખ નથી હોતુ. એ સંભોગના સમયે દુઃખ અને કલેશ જ પામે છે.[૮] એજ રીતે અમનોજ્ઞ રસોમાં દ્વેષ કરવાવાળા જીવ પણ દુઃખ પરમ્પરા વધારે છે અને કલુષિત મનથી કર્મનું ઉપાર્જન કરીને દુઃખદ ફળ ભોગવે છે.[૯]

સ્પર્શને શરીર ગ્રહણ કરે છે અને સ્પર્શ સ્પર્શેન્દ્રિય (ત્વક્)નો ગ્રાહ્ય વિષય છે. સુખદ સ્પર્શ રાગનું તથા દુઃખદ સ્પર્શ દ્વેષનું કારણ છે.[૧૦] જે જીવ સુખદ સ્પર્શોમાં અતિ આસક્ત થાય છે. એ જંગલના તળાવના ઠંડા પાણીમાં પડેલ મગર દ્વારા ગ્રસિત ભેંસોની જેમ અકાળમાં જ મૃત્યુને પામે છે.[૧૧] સ્પર્શની આશામાં પડેલો ભારેકર્મી જીવ ચરાચર જીવોની અનેક પ્રકારે હિંસા કરે છે અને દુઃખ દે છે.[૧૨] સુખદ સ્પર્શોથી મૂર્ચ્છિત જીવએ વસ્તુઓની પ્રાપ્તિ, રક્ષણ, વ્યય અને વિયોગની ચિંતામાં જ વ્યસ્ત રહે છે. ભોગના સમયે પણ એ તૃપ્ત નથી હોતો છતા એને સુખ ક્યાં છે ?[૧૩] સ્પર્શમાં આસક્ત જીવોને કિંચિત્ પણ સુખ નથી હોતુ. જે વસ્તુની પ્રાપ્તિ કલેશ અને દુઃખથી થઈ તે એના ભોગના સમયે પણ એને કષ્ટજ મળે છે.[૧૪]

આચાર્ય હેમચંદ્ર યોગશાસ્ત્રમાં કહે છે કે સ્પર્શેન્દ્રિયના વશીશભૂત થઈ, રસનેન્દ્રિયના વશીભૂત થઈ માછલી, ઘ્રાણેન્દ્રિયના વશીભૂત થઈ ભમરો ચક્ષુન્દ્રિયના વશીભૂત થઈ પતંગીયુ અને શ્રોત્રેન્દ્રિયના વશીભૂત થઈ હરણ મૃત્યુનો કોળિયો (ગ્રાસ) બને છે. જ્યારે એક ઈન્દ્રિયના વિષયોમા આસક્તિ મૃત્યુનું કારણ બને છે તો પછી પાંચે ઈન્દ્રિયોના વિષયોના સેવનથી આસક્ત મનુષ્યની કઈ ગતિ થાય ?

**કષાય સિદ્ધાંત :**

સંપૂર્ણ જગત વાસનાથી ઉત્પન્ન કષાયની અગ્નિથી બળી રહ્યો છે. માટે શાંતિ માર્ગના પથિક સાધક માટે કષાયનો ત્યાગ આવશ્યક છે. જૈન સૂત્રોમાં સાધકને કષાયોથી સર્વથા દૂર રહેવા માટે કહ્યું છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે અનિગૃહિત ક્રોધ અને માન તથા વધતી માયા તથા લોભ એ ચારે સંસાર વધારવાવાળી કષાયો પુનર્જન્મરૂપી વૃક્ષનું સિંચન કરે છે. દુઃખનું કારણ છે. માટે શાંતિનો સાધક એને ત્યાગી દે.[૧૫]

**કષાયનો અર્થ :**

કષાય જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. આ કષ અને આય આ બે શબ્દોના મેળથી બને છે. કષનો અર્થ છે

---

૧. તેજ - ૩૨/૪૧ ૨. તેજ - ૩૨/૪૩ ૩. તેજ - ૩૨/૪૯
૪. તેજ - ૩૨/૫૦ ૫. તેજ - ૩૨/૫૩-૫૪ ૬. તેજ - ૩૨/૬૨
૭. તેજ - ૩૨/૬૩ ૮. તેજ - ૩૨/૭૧ ૯. તેજ - ૩૨/૭૨
૧૦. તેજ - ૩૨/૭૫ ૧૧. તેજ - ૩૨/૭૬ ૧૨. તેજ - ૩૨/૭૮
૧૩. તેજ - ૩૨/૮૦ ૧૪. તેજ - ૩૨/૮૪ ૧૫. દશવૈકાલિક સૂત્ર - ૮/૩૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસાર, કર્મ અથવા જન્મ-મરણ અને આયનો અર્થ છે- આગમન અથવા પ્રાપ્તિ અર્થાત્ જેના દ્વારા સંસાર કે જન્મ-મરણની પ્રાપ્તિ થાય અથવા જેનાથી જીવ વારંવાર જન્મમરણના ચક્રમાં પડે છે એ કષાય છે.[1] જે મનોવૃત્તિઓ આત્માને કલુષિત કરે છે એ જૈન મનોવિજ્ઞાનની ભાષામાં કષાય કહેવામાં આવે છે. કષાય અનૈતિક મનોવૃત્તિઓ છે.

**કષાયની ઉત્પત્તિ :**

વાસના અથવા કર્મ સંસ્કારથી રાગ-દ્વેષ અને રાગ-દ્વેષથી કષાય ઉત્પન્ન થાય છે. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે પાપકર્મના બે સ્થાન છે- રાગ અને દ્વેષ, રાગથી માયા અને લોભ તથા દ્વેષથી ક્રોધ અને માન ઉત્પન્ન થાય છે.[2] રાગ-દ્વેષના કષાયોનું શું સંબંધ છે. એનું વર્ણન વિશેષાવશ્યક ભાષ્યમાં વિભિન્ન નયો (દષ્ટિકોણો)ના આધારે કરવામાં આવ્યો છે. સંગ્રહનયના વિચારથી ક્રોધ અને માન દ્વેષ રૂપ છે. જ્યારે માયા અને લોભ રાગરૂપ છે. કારણકે પ્રથમ બેમાં બીજાની અહિત ભાવના છે અને અંતિમ બેમાં પોતાની સ્વાર્થ સાધનાનું લક્ષ્ય છે. વ્યવહાર નયની દૃષ્ટિથી ક્રોધ, માન અને માયા ત્રણેરૂપ છે. કારણ કે માયા પણ બીજાને ઘાત કરવાનો જ વિચાર છે. માત્ર લોભ એકલો રાગાત્મક છે. કારણકે એમાં મમત્વભાવ છે. ઋજુસૂત્રનયની દૃષ્ટિથી માત્ર ક્રોધ જ દ્વેષરૂપ છે. શેષ કષાય ત્રિક્ (માન-માયા અને લોભ)ને ઋજુસૂત્રનયની દૃષ્ટિથી ન તો કેવળ રાગપ્રેરિત કહી શકાય અને ન કેવળ દ્વેષ પ્રેરિત કહી શકાય. રાગ પ્રેરિત હોવાથી તે રાગરૂપ છે અને દ્વેષ પ્રેરિત હોવાથી તે દ્વેષરૂપ છે.[3] ચારે કષાયો વાસનાના રાગ-દ્વેષાત્મક પક્ષોની આવેગાત્મક અભિવ્યક્તિઓ છે. વાસનાનું તત્વ પોતાની તીવ્રતાની વિધેયાત્મક અવસ્થામાં રાગ અને નિષેધાત્મક અવસ્થામાં દ્વેષ થઈ જાય છે. એ જ રાગ અને દ્વેષનો ભાવ બાહ્ય આવેગાત્મક અભિવ્યક્તિમાં કષાય કહેવાય છે.

**કષાયના ભેદ :**

આવેગોની અવસ્થાઓ પણ તીવ્રતાની (Intensity) દૃષ્ટિથી સમાન હોતી નથી. માટે તીવ્ર આવેગોને કષાય અને મંદ આવેગ કે તીવ્ર આવેગના પ્રેરકોને નો-કષાય (ઉપ-કષાય) કહેવાય છે. કષાય ચાર છે. ૧. ક્રોધ, ૨. માન, ૩. માયા- અને ૪. લોભ. આવેગાત્મક અભિવ્યક્તિઓની તીવ્રતાના આધાર પર આમાંથી પ્રત્યેકને ચાર-ચાર ભાગોમાં વહેંચી દીધા છે. ૧. તીવ્રતમ, ૨. તીવ્રતર, ૩. તીવ્ર અને ૪. અલ્પ (મંદ). નૈતિક દૃષ્ટિથી તીવ્રતમ ક્રોધ આદિ વ્યક્તિના સમ્યક્દૃષ્ટિકોણમાં વિકાર લાવી દે છે. તીવ્રતર ક્રોધ આદિ આત્મનિયંત્રણની શક્તિને છિન્ન-ભિન્ન કરી દે છે. તીવ્ર ક્રોધ આદિ આત્મ નિયંત્રણની શક્તિના ઉચ્ચતમ વિકાસમાં બાધક થાય છે. અલ્પ ક્રોધ આદિ વ્યક્તિને પૂર્ણ વીતરાગ થવા દેતા નથી.[4] ચારે કષાયોની તીવ્રતાનાં આધાર પર ચાર-ચાર ભેદ છે. માટે કષાયોની સંખ્યા સોળ (૧૬) થઈ. નીચે પ્રમાણે નવ ઉપઆવેગ, ઉપકષાય કે કષાય-પ્રેરક માન્યા છે. ૧. હાસ્ય, ૨. રતિ, ૩. અરતિ, ૪. શોક, ૫. ભય, ૬. ઘૃણા, ૭. સ્ત્રીવેદ (પુરુષ-સમ્પર્કની ભાવના) ૮. પુરુષવેદ (સ્ત્રી-સંપર્કની ભાવના), ૯. નપુંસકવેદ (બંનેના સંપર્કની ભાવના) આ પ્રમાણે કુલ ૨૫ (પચ્ચીસ) કષાય છે.[5]

**ક્રોધ :**

આ એક માનસિક પરંતુ ઉત્તેજક આવેગ છે. ઉત્તેજિત થતા જ વ્યક્તિ ભાવાવિષ્ટ થઈ જાય છે. તેની વિચારક્ષમતા અને તર્ક-શક્તિ લગભગ શિથિલ થઈ જાય છે. ભાવાત્મક સ્થિતિમાં વધતા આવેશની વૃત્તિ તિરસ્કારને જન્મ આપે છે. તિરસ્કારથી ઈર્ષા અને ઈર્ષ્યાથી આક્રમણના ભાવ ઉત્પન્ન થાય છે. મનોવિજ્ઞાનિકોના અનુસાર ક્રોધ અને ભયમાં એ જ અંતર છે કે ક્રોધના આવેશમાં આક્રમણનું અને ભયના આવેશમાં આત્મરક્ષાનો પ્રયત્ન થાય છે.

જૈન વિચારધારામાં સામાન્ય રૂપે ક્રોધના બે રૂપ માન્ય છે- ૧. દ્રવ્યક્રોધ, ૨. ભાવક્રોધ,[6] દ્રવ્યક્રોધને આધુનિક મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી ક્રોધનો આંગિક (અંગ) પક્ષ કહી શકાય. જેના કારણે ક્રોધમાં થનાર શારીરિક પરિવર્તન થાય છે. ભાવક્રોધ ક્રોધની માનસિક અવસ્થા છે. ક્રોધનો અનુભૂત્યાત્મક પક્ષ ભાવક્રોધ છે. જ્યારે ક્રોધનો અભિવ્યક્ત્યાત્મક કે શરીરાત્મક પક્ષ દ્રવ્ય ક્રોધ છે. ક્રોધના વિભિન્ન રૂપ છે. ભગવતી સૂત્રમાં આના દશ સમાનાર્થક નામ છે-[7]

૧. અભિધાન રાજેન્દ્રકોષ ખંડ-૩, પૃ.૩૯૫
૨. સ્થાનાંગ સૂત્ર - ૨/૨
૩. વિશેષાવશ્યક ભાષ્ય - ૨૬૬૮ - ૨૬૭૧
૪. તમે અનન્ત શક્તિના સ્ત્રોત છો. પૃ. ૪૭
૫. અભિધાન રાજેન્દ્ર કોષ, ખંડ-૩, પૃ. ૩૯૫
૬. ભગવતી સૂત્ર, ૧૨/૫/૨
૭. ભગવતી સૂત્ર, ૧૨/૫/૧૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ક્રોધ : આવેગની ઉત્તેજનાત્મક અવસ્થા.
૨. કોપ : ક્રોધથી ઉત્પન્ન સ્વભાવની ચંચલતા.
૩. દોષ : સ્વયં પર કે બીજા પર દોષ દેવો.
૪. રોષ : ક્રોધનું પરિસ્ફૂટ રૂપ.
૫. સંજ્વલન : જલન કે ઈર્ષાની ભાવના.
૬. અક્ષમા : અપરાધ ક્ષમા ન કરવો.
૭. કલહ : અનુચિત ભાષણ કરવું.
૮. ચંડિક્ય : ઉગ્રરુપ ધારણ કરવું
૯. મંડન : હાથ ઉપાડવો અથવા મારવું.
૧૦. વિવાદ : આક્ષેપાત્મક ભાષણ કરવું.

**ક્રોધના પ્રકાર :**

ક્રોધના આવેગની તીવ્રતા અને મંદતાના આધાર પર ચાર ભેદ કર્યા છે તે આ પ્રમાણે છે.

૧. **અનંતાનુબંધી ક્રોધ (તીવ્રતમ ક્રોધ) :** પથ્થરમાં પડેલી તરાડના સમાન ક્રોધ. જો કોઈના પ્રતિ એકવાર ઉત્પન્ન થવાથી જીવન પર્યંત બની રહે અને જે ક્યારેય સમાપ્ત ન થાય.

૨. **અપ્રત્યાખ્યાની ક્રોધ (તીવ્રતર ક્રોધ) :** સુકાય ગયેલ પાણીની ભૂમિમાં પડેલ તરાડ જેમ આગામી વર્ષા થતાં જ ભૂસાય જાય છે. તેવી જ રીતે અપ્રત્યાખ્યાની ક્રોધ એક વર્ષથી વધારે રહી શકતી નથી અને કોઈના સમજાવાથી શાંત પણ થઈ જાય છે.

૩. **પ્રત્યાખ્યાની ક્રોધ (તીવ્ર ક્રોધ) :** રેતીની રેખા જેમ હવાના જોકાથી જલ્દી ભૂસાય જાય છે તેવી જ રીતે પ્રત્યાખ્યાની ક્રોધ ચાર માસથી અધિક રહી શકતી નથી.

૪. **સંજ્વલન ક્રોધ (અલ્પ ક્રોધ) :** જલ્દી ભૂસાય જાય તેવી પાણીમાં ખેચેલી રેખાના સમાન. આ ક્રોધમાં સ્થાયીત્વ નથી રહેતું.

**માન (અહંકાર) :**

અહંકાર કરવો માન છે. અહંકાર, કુળ, બળ, ઐશ્વર્ય, બુદ્ધિ, જાતિ, જ્ઞાન આદિ કોઈપણ વિશેષતાનું હોય શકે છે. મનુષ્યમાં સ્વાભિમાનની મૂળ પ્રવૃત્તિ તો છે જ. પરંતુ જ્યારે સ્વાભિમાનની વૃત્તિ દંભ કે પ્રદર્શનનું રૂપ લઈ લે છે ત્યારે મનુષ્ય પોતાના ગુણો અને યોગ્યતાઓનું વધારે રૂપમાં પ્રદર્શન કરે છે અને આ પ્રમાણે તેના અંતઃકરણમાં માનવૃત્તિનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. અભિમાની મનુષ્ય પોતાની અહંવૃત્તિનું પોષણ કરતા રહે છે. તેને પોતાનાથી વધારે કે પોતાના બરાબર ગુણોવાળા વ્યક્તિ કોઈ દેખાતા નથી.

જૈન પરંપરામાં પ્રકારાન્તરથી માનના આઠ ભેદ માન્ય છે- ૧. જાતિ, ૨. કુળ, ૩. બળ(શક્તિ), ૪. ઐશ્વર્ય, ૫. બુદ્ધિ (સામાન્ય બુદ્ધિ), ૬. જ્ઞાન (સૂત્રોનું જ્ઞાન), ૭. સૌંદર્ય અને ૮. અધિકાર (પ્રભુતા) આ આઠ પ્રકારની શ્રેષ્ઠતાઓનું અભિમાન કરવું ગૃહસ્થ અને સાધુ બંનેના માટે સર્વથા ત્યાજ્ય છે અને આને મદ પણ કહેવાય છે.

**માન નીચે પ્રમાણે બાર રૂપોમાં પ્રગટ થાય છે.[૧]**

૧. માન : પોતાના કોઈ ગુણ પર અહંવૃત્તિ.
૨. મદ : અહંભાવમાં તન્મયતા.
૩. દર્પ : ઉત્તેજના પૂર્ણ અહંભાવ.
૪. સ્તંભ : અવિનમ્રતા.
૫. ગર્વ : અહંકાર.
૬. અત્યુક્રોશ : પોતાને બીજાથી શ્રેષ્ઠ કહેવું.

૧. ભગવતી સૂત્ર - ૧૨/૪૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. પરપરિવાદ : પરનિંદા
૮. ઉત્કર્ષ : પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવું.
૯. અપકર્ષ : બીજાને તુચ્છ સમજવા.
૧૦. ઉન્નતનામ : ગુણીના સામે પણ ન ઝૂકવું.
૧૧. ઉન્નત : બીજાને નીચા સમજવા.
૧૨. પુર્નામ : યથોચિત રૂપથી ન ઝુકવું.

અહંભાવની તીવ્રતા અને મંદતાના અનુસાર માનનાં પણ ચાર ભેદ છે -

૧. **અનંતાનુંબંધી માન** : પથ્થરના થાંભલાની જેમ જે ઝુકતા નથી, અર્થાત્ જેનામાં વિનમ્રતા નામ માત્રની પણ નથી.
૨. **અપ્રત્યાખ્યાની માન :** હાડકાનાં સમાન મુશ્કીલથી ઝુકનાર અર્થાત્ જે વિશેષ પરિસ્થિતિઓમાં બાહ્ય દબાણને કારણે વિનમ્ર થઈ જાય છે.
૩. **પ્રત્યાખ્યાની માન :** લાકડીના સમાન થોડા પ્રયત્નથી ઝુકનાર અર્થાત્ જેના અંતરમાં વિનમ્રતા હોય છે. પરંતુ જેનુ પ્રગટન વિશેષ સ્થિતિમાં જ હોય છે.
૪. **સંજ્વલન માન** : રસ્સીના સમાન અત્યંત સરળતાથી ઝુકનાર અર્થાત્ જે આત્મ-ગૌરવને રાખવા છતાં પણ વિનમ્ર બની રહે છે.

**માયા :**

કપટાચાર માયા કષાય છે. ભગવતી સૂત્રના અનુસાર આના પંદર નામ છે-[1]

૧. માયા : કપટાચાર
૨. ઉપધિ : ઠગવાના ઉદ્દેશ્યથી વ્યક્તિની પાસે જવું.
૩. નિકૃતિ : ઠગવાનાં અભિપ્રાયથી અધિક સમ્માન આપવું.
૪. વલય : વક્રતાપૂર્ણ વચન
૫. ગહન : ઠગવાનાં વિચારથી અત્યંત ગૂઢ ભાષણ કરવું.
૬. નૂમ : ઠગવાના હેતુથી નિકૃષ્ટ કાર્ય કરવું.
૭. કલ્ક : બીજાને હિંસાના માટે ઉશ્કેરવા.
૮. કરુપ : નિન્દિત વ્યવહાર કરવો.
૯. નિહ્નતા : ઠગવાના માટે કાર્ય મંદ ગતિથી કરવું.
૧૦. કિલ્વિધિક : ભાંડોની સમાન કુચેષ્ટા કરવી.
૧૧. આદરણતા : અનિચ્છિત કાર્ય પણ અપનાવવું.
૧૨. ગૂહનતા : પોતાના કરેલા કાર્યને છુપાવવાનો પ્રયત્ન કરવો.
૧૩. વંચકતા : ઠગવું.
૧૪. પ્રતિ-કુંચનતા : કોઈના સરળ ભાવથી કહેલા વચનોનું ખંડન કરવું.
૧૫. સાતિયોગ : ઉત્તમ વસ્તુમાં હલ્કી વસ્તુની મિલાવટ કરવી.

આ બધી માયાની જ વિભિન્ન અવસ્થાઓ છે.

**માયાના ચાર પ્રકાર**

૧. **અનંતાનુબંધી માયા (તીવ્રતમ કપટાચાર) :**
(અત્યંત) અતીવ કુટિલ, જેમકે- વાંસની જડ.
૨. **અપ્રત્યાખ્યાની માયા (તીવ્રતર કપટાચાર) :**
ભૈંસના શિંગડાના સમાન કુટિલ.

૧. ભગવતી સૂત્ર - ૧૨/૫૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **પ્રત્યાખ્યાની માયા (તીવ્ર કપટાચાર) :**
ગોમૂત્રની ધારાના સમાન કુટિલ.

૪. **સંજ્વલન માયા (અલ્પ કપટાચાર) :**
બાંસની છાલની સમાન કુટિલ.

**લોભ :**

મોહનીય કર્મનાં ઉદયથી ચિત્તમાં ઉત્પન્ન થનાર તૃષ્ણા કે લાલસા લોભ કહેવાય છે. લોભની સોળ અવસ્થાઓ છે.[૧]

૧. લોભ : સંગ્રહ કરવાની વૃત્તિ.
૨. ઈચ્છા : અભિલાષા.
૩. મૂર્ચ્છા : તીવ્ર સંગ્રહ વૃત્તિ.
૪. કાંક્ષા : પ્રાપ્ત કરવાની આશા.
૫. ગૃદ્ધિ : આસક્તિ.
૬. તૃષ્ણા : જોડવાની ઈચ્છા, વિતરણની વિરોધી વૃત્તિ.
૭. મિથ્યા : વિષયોનું ધ્યાન.
૮. અભિધ્યા : નિશ્ચયથી ડગી જવું કે ચંચલતા.
૯. આશંસના : ઈષ્ટ પ્રાપ્તિની ઈચ્છા કરવી.
૧૦. પ્રાર્થના : અર્થ આદિની યાચના.
૧૧. લાલપનતા : ચાટુકારિતા.
૧૨. કામાશા : કામની ઈચ્છા.
૧૩. ભોગાશા : ભોગ્ય પદાર્થોની ઈચ્છા.
૧૪. જીવિતાશા : જીવવાની ઈચ્છા.
૧૫. મરણાશા : મરવાની ઈચ્છા.[૨]
૧૬. નંદિરાગ : પ્રાપ્ત સંપત્તિમાં અનુરાગ.

**લોભના ચાર ભેદ -**

૧. **અનંતાનુબંધી લોભ** :- મજીઠિયા રંગની સમાન જે છૂટે નહિ, અર્થાત્ અત્યધિક લોભ.
૨. **અપ્રત્યાખ્યાની લોભ** :- ગાડીના પયડાના ખંજન સમાન મુશ્કિલથી છૂટનાર લોભ.
૩. **પ્રત્યાખ્યાની લોભ** :- કાદવના સમાન પ્રયત્ન કરવાથી છૂટી જનાર લોભ.
૪. **સંજ્વલન લોભ** :- હળદરના લેપના સમાન શીઘ્રતાથી દૂર થઈ જનાર લોભ.

**નોકષાય :**

નોકષાય શબ્દ બે શબ્દોના યોગથી બનેલ છે. નો+કષાય. જૈન દાર્શનિકોએ "નો" શબ્દને સાહચર્યના અર્થમાં ગ્રહણ કરેલ છે.[૩] આ પ્રમાણે ક્રોધ, માન, માયા અને લોભ આ પ્રધાન કષાયોના સહચારી ભાવો અથવા તેની ઉપયોગી મનોવૃત્તિઓ જૈન પરિભાષામાં 'નોકષાય' કહેવાય છે.[૪] જ્યાં પાશ્ચાત્ય મનોવિજ્ઞાનમાં કામ-વાસનાને પ્રમુખ મૂળવૃત્તિ તથા ભયને પ્રમુખ આવેગ માનેલ છે. ત્યાં જૈનદર્શનમાં તેને સહચારી કષાય કે ઉપઆવેગ કહેવાય છે. આનું કારણ એ જ હોય શકે છે કે જ્યાં પાશ્ચાત્ય વિચારકોએ તેના પર માત્ર મનોવૈજ્ઞાનિક દષ્ટિથી જ વિચાર કરેલ છે ત્યાં જૈન વિચારણામાં માનસિક તથ્ય નૈતિક દષ્ટિથી અધિક અશુભ હતા. તેને કષાય કહેવાય છે અને તેના સહચારી અથવા કારક મનોભાવને

---

૧. તેજ. ૧૫/૫/૫
૨. તુલના કરવી - જીવન વૃત્તિ અને મૃત્યુવૃત્તિ - (ફ્રાયડ)
૩. અભિધાન રાજેન્દ્ર કોષ ખંડ-૪ પૃ. ૨૧૬૧
૪. તેજ ખંડ-૪ પૃ. ૨૧૬૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નોકષાય' કહેવાય છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી વિચાર કરતા નોકષાય તે પ્રાથમિક સ્થિતિઓ છે. જેનાથી કષાય ઉત્પન્ન થાય છે. આવેગોની તીવ્રતાની દૃષ્ટિથી નોકષાય ઓછા તીવ્ર હોય છે અને કષાય અધિક તીવ્ર હોય છે. માટે કષાય કારક પણ કહેવાય છે. જૈન ગ્રંથોમાં આની સંખ્યા નવ માની છે -

૧. **હાસ્ય :-** સુખ કે પ્રસન્નતાની અભિવ્યક્તિ હાસ્ય છે. જૈન વિચારણાની અનુસાર હાસ્યનું કારણ પૂર્વ-કર્મ કે વાસના સંસ્કાર છે.

૨. **શોક :-** ઈષ્ટ વિયોગ અને અનિષ્ટયોગથી સામાન્ય વ્યક્તિમાં જે મનોભાવ જાગ્રત થાય છે તે શોક કહેવાય છે. શોક ચિત્તવૃત્તિની વિકલતાનું દ્યોતક છે.[1] અને આ પ્રમાણે માનસિક સમત્વનું ભંગ કરનાર છે.

૩. **રતિ (રુચિ) :** અભિષ્ટ પદાર્થો પર પ્રીતિભાવ અથવા ઈન્દ્રિય-વિષયોમાં ચિત્તની **અભિરતતા** જ રતિ છે. આના કારણે જ આસક્તિ અને લોભની ભાવનાઓ પ્રબલ થાય છે.[2]

૪. **અરતિ :** ઈન્દ્રિય-વિષયોમાં અરુચિ જ અરતિ છે. અરુચિ નો ભાવ જ વિકસિત થઈને ઘૃણા અને દ્વેષ બને છે. રાગ અને દ્વેષ તથા રુચિ અને અરુચિમાં પ્રમુખ એ જ છે કે રાગ અને દ્વેષ માનસની સક્રિય અવસ્થાઓ છે. જ્યારે રુચિ અને અરુચિ નિષ્ક્રિય અવસ્થાઓ છે. રતિ અને અરતિ પૂર્વ-કર્મ-સંસ્કારજનિત સ્વાભાવિક રુચિ અને અરુચિનો ભાવ છે.

૫. **ઘૃણા :** ઘૃણા કે જુગુપ્સા અરુચિનું જ વિકસિત રુપ છે. અરુચિ અને ઘૃણામાં ફક્ત માત્રાત્મક અંતર જ છે. અરુચિની અપેક્ષા ઘૃણામાં વિશેષતા એ છે કે અરુચિમાં પદાર્થ-વિશેષનાં ભોગની અરુચિ હોય છે, પરંતુ તેની ઉપસ્થિતિ સહ્ય હોય છે. જ્યારે ઘૃણામાં તેનો ભોગ અને તેની ઉપસ્થિતિ બંને જ અસહ્ય હોય છે. અરુચિનું વિકસિત રુપ ઘૃણા અને ઘૃણાનું વિકસિત રુપ દ્વેષ છે.

૬. **ભય :** કોઈ વાસ્તવિક કે કાલ્પનિક તથ્યથી આત્મ-રક્ષાનાં નિમિત્તથી બચવાની પ્રવૃત્તિ જ ભય છે. ભય અને ઘૃણામાં પ્રમુખ અંતર એ છે કે ઘૃણાના મૂળમાં દ્વેષ-ભાવ રહે છે. જ્યારે ભયમાં આત્મરક્ષણનો ભાવ પ્રબલ હોય છે. ઘૃણા ક્રોધ અને દ્વેષનું એક રુપ છે. જ્યારે ભય લોભ કે રાગની જ એક અવસ્થા છે. જૈનાગમોમાં ભય સાત માન્યા છે. જેમકે -

(૧) **ઈહલોક ભય :** અહીં લોક શબ્દ સંસારના અર્થમાં ન લેતા જાતિનાં અર્થમાં લીધેલ છે. સ્વજાતિનાં પ્રાણીઓથી અર્થાત્ મનુષ્યોના માટે મનુષ્યોથી ઉત્પન્ન થનાર ભય.

(૨) **પરલોક ભય :** અન્ય જાતિના પ્રાણિઓથી થનાર ભય, જેમકે- મનુષ્યોના માટે પશુઓનો ભય.

(૩) **આદાન ભય :** ધનની રક્ષાના નિમિત્તે ચોર-ડાકૂ આદિ ભયનાં બાહ્ય કારણોથી ઉત્પન્ન ભય.

(૪) **અકસ્માત ભય :** બાહ્ય નિમિત્તનાં અભાવમાં સ્વકીય કલ્પનાથી નિર્મિત ભય અથવા અકારણ ભય. ભયનું આ રુપ માનસિક જ હોય છે. જેને મનોવિજ્ઞાનમાં અસામાન્ય ભય કહેવામાં આવે છે.

(૫) **આજીવિકા ભય :** આજીવિકા કે ધનોપાર્જનનાં સાધનોની સમાપ્તિ (વિચ્છેદ)નો ભય. કેટલાંક ગ્રંથોમા આના સ્થાન પર વેદના ભયનો ઉલ્લેખ છે. રોગ કે પીડાનો ભય વેદનાનો ભય છે.

(૬) **મરણ ભય :** મૃત્યુનો ભય. જૈન અને બૌદ્ધ વિચારણામાં મરણ-ધર્મતાનું સ્મરણ તો નૈતિક દૃષ્ટિથી આવશ્યક છે. પરંતુ મરણ ભય (મરણાશા અને જીવિતાશા)ને નૈતિક દૃષ્ટિથી અનુચિત માનેલ છે.

(૭) **અશ્લોક (અપયશ) ભય :** માન-પ્રતિષ્ઠાને ઠેસ પહોચાડના ભય.[3]

૭. **સ્ત્રીવેદ :** સ્ત્રીવેદનો અર્થ છે. સ્ત્રીત્વ સંબંધી કામ-વાસના અર્થાત્ પુરુષથી સંભોગની ઈચ્છા. જૈન વિચારણામાં લિંગ અને વેદમાં અંતર છે. લિંગ આંગિક સંરચનાનું પ્રતીક છે. જ્યારે વેદ તત્સંબંધી વાસનાઓની અવસ્થા છે. આ આવશ્યક નથી કે સ્ત્રી-લિંગ હોવાથી સ્ત્રીવેદ હોય જ. જૈન વિચારણાના અનુસાર લિંગ (આંગિક રચના)નું કારણ નામકર્મ છે. જ્યારે વેદ (વાસના)નું કારણ ચારિત્ર મહોનીય કર્મ છે.

---

૧. અભિધાન રાજેન્દ્ર કોષ - ખંડ-૭ પૃ. ૧૧૫૭     ૨. તેજ ખંડ-૬ પૃ. ૪૬૭

૩. શ્રમણ આવશ્યક સૂત્ર - ઉપાધ્યાય અમર મુનિ ભય સૂત્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. **પુરુષવેદ :** પુરુષત્વ સંબંધી કામ-વાસના અર્થાત્ સ્ત્રી સંભોગની ઈચ્છા પુરુષવેદ છે.

૯. **નપુંસક વેદ :** જીવમાં (પ્રાણી) સ્ત્રીત્વ સંબંધી અને પુરુષત્વ સંબંધી બન્ને વાસનાઓનું હોવું નપુંસકવેદ કહેવાય છે. બંનેના સંભોગની ઈચ્છા જ નંપુસકવેદ છે.

કામ-વાસનાની તીવ્રતાની દૃષ્ટિથી જૈન વિચારકોનાં અનુસાર પુરુષની કામ-વાસના શીઘ્ર ઉત્પન્ન થઈ જાય છે અને શીઘ્ર શાંત પણ થઈ જાય છે. સ્ત્રીની કામ-વાસના મોડેથી ઉત્પન્ન થાય છે. પરંતુ એકવાર ઉત્પન્ન થઈ જવા પર ઘણા લાંબા સમય સુધી શાંત થતી નથી. નપુંસકની કામ-વાસના શીઘ્ર ઉત્પન્ન થઈ જાય છે. પરંતુ શાન્ત મોડેથી થાય છે.[૧] આ પ્રમાણે ભય, શોક, ઘૃણા, હાસ્ય, રતિ, અરતિ અને કામ-વિકાર તે ઉપઆવેગ છે. આ પણ વ્યક્તિના જીવનને ખૂબજ પ્રભાવિત કરે છે. ક્રોધ આદિની શક્તિ તીવ્ર હોય છે એટલા માટે તે આવેગ છે તે વ્યક્તિની શારીરિક અને માનસિક સ્થિતિને પ્રભાવિત કરવાના સિવાય તેના આંતરિક ગુણો-સમ્યક્ દૃષ્ટિકોણ આત્મ-નિયંત્રણ આદિને પણ પ્રભાવિત કરે છે. ભય આદિ ઉપ-આવેગ વ્યક્તિનાં આંતરિક ગુણોને એટલા પ્રત્યક્ષ પ્રભાવિત કરતા નથી. જેટલા શારીરિક અને માનસિક સ્થિતિને કરે છે. તેની શક્તિ અપેક્ષાકૃત ક્ષીણ થાય છે. એટલા માટે તે ઉપ-આવેગ કહેવાય છે.[૨]

જૈન સૂત્રોમાં આ ચાર પ્રમુખ કષાયોને "ચંડાલ ચોકડી" કહેવામાં આવે છે. આમાં અનંતાનુબંધી આદિ જે વિભાગ છે તેને સદૈવ ધ્યાનમાં રાખવું જોઈએ. અને હંમેશા એવો પ્રયત્ન કરવો જોઈએ કે કષાયોમાં તીવ્રતા ન આવે, કારણ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભના કારણે સાધક અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ બની શકતા નથી. આ જન્મ-મરણના રોગની અસાધ્યવસ્થા છે. અપ્રત્યાખ્યાની કષાયના થવાથી સાધક, શ્રાવક કે ગૃહસ્થ સાધકનાં પદ પર પડી જાય છે. તે સાધકના આંશિક ચરિત્રનો નાશ કરી દે છે. તે વિકારોની દુ:સાધ્યાવસ્થા છે. આ પ્રમાણે પ્રત્યાખ્યાની કષાયની અવસ્થામાં સાધુત્વ પ્રાપ્ત થતું નથી. આને વિકારોની પ્રયત્ન-સાધ્યાવસ્થા કહી શકાય છે. સાધકે પોતાના જીવનમાં ઉપર કહેલ ત્રણે પ્રકારોનાં કષાયોને સ્થાન આપવું ન જોઈએ. કારણ કે આનાથી તેની સાધના કે ચારિત્ર ધર્મનો નાશ થઈ જાય છે. એટલું જ નહિ સાધકને પોતાની અંદર સંજ્વલન કષાયને પણ સ્થાન આપવું ન જોઈએ. કારણ કે જ્યાં સુધી ચિત્તમાં સૂક્ષ્મતમ ક્રોધ, માન, માયા અને લોભ રહે છે ત્યાં સુધી સાધક પોતાના લક્ષ્ય-નિર્વાણની પ્રાપ્તિ કરી શકતા નથી. સંક્ષેપમાં અનંતાનુબંધી ચોકડી કે કષાયોની તીવ્રતમ અવસ્થા યથાર્થ દૃષ્ટિકોણની ઉપલબ્ધિમાં બાધક છે. અપ્રત્યાખ્યાની ચોકડી કે કષાયોની તીવ્રતર અવસ્થા આત્મ નિયંત્રણમાં બાધક છે. પ્રત્યાખ્યાની ચોકડી કે કષાયોની તીવ્ર અવસ્થા શ્રમણ જીવનની ઘાતક છે. આ પ્રમાણે સંજ્વલન ચોકડી કે અલ્પ-કષાય પૂર્ણ નિષ્કામ જે વિતરાગ જીવનની ઉપલબ્ધિમાં વિઘ્નરૂપ છે. એટલા માટે સાધકે સૂક્ષ્મતમ કષાયોને પણ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે એના હોવાથી તેની સાધનામાં પૂર્ણતા આવી શકતી નથી. દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે આત્મહિત (ચાહનાર) ઈચ્છનાર સાધક પાપની વૃદ્ધિ કરનાર ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર દોષોને પૂર્ણતઃ છોડી દે છે.[૩]

**લેશ્યા સિદ્ધાંત**

જૈન વિચારકોના અનુસાર જેના દ્વારા આત્મા કર્મોથી લિપ્ત થાય છે કે બંધનમાં આવે છે તે લેશ્યા છે. જૈનાગમોમાં લેશ્યા બે પ્રકારની માની છે -[૪]

૧. **દ્રવ્ય લેશ્યા :** દ્રવ્ય લેશ્યા સૂક્ષ્મ ભૌતિક તત્ત્વોથી નિર્મિત તે આંગિક સંરચના છે. જે આપણા મનોભાવો અને તજ્જનિત કર્મોનું સાપેક્ષ રૂપમાં કારણ અથવા કાર્ય બને છે. જે પ્રમાણે પિત્ત દ્રવ્યની વિશેષતાથી સ્વભાવમાં ક્રોધીપણું આવે છે અને ક્રોધનાં કારણે પિત્તનું નિર્માણ વધારે પણ થાય છે. તે જ પ્રમાણે આ સૂક્ષ્મ ભૌતિક તત્વોથી મનોભાવનાંના કારણે આ સૂક્ષ્મ સંરચનાઓનું નિર્માણ થાય છે. આના સ્વરૂપનાં સંબંધોમાં પં. સુખલાલજી અને રાજેન્દ્રસૂરિજી એ નીચે પ્રમાણેના ત્રણ મતોનો ઉલ્લેખ કરેલ છે-

૧. લેશ્યા - દ્રવ્ય કર્મ-વર્ગણાથી બનેલ છે. આ મત ઉતરાધ્યયનની ટીકામાં છે.

૨. લેશ્યા - દ્રવ્ય બધ્યમાન કર્મપ્રવાહ રૂપ છે. આ મત પણ ઉત્તરાધ્યયનની ટીકામાં વાદિવેતાલ શાંતિસૂરિનો છે.

---

૧. જૈન સાઈકોલોજી પૃ. ૧૩૧ - ૧૩૪
૨. તમે અનંત શક્તિના સ્ત્રોત છો. પૃ. ૪૭
૩. દશવૈકાલિક સૂત્ર - ૮/૩૭
૪. અભિધાન રાજેન્દ્ર કોષ - ખંડ-૬, પૃ. ૬૭૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. લેશ્યા-યોગ પરિણામ છે. અર્થાત્ શારીરિક, વાચિક અને માનસિક ક્રિયાઓનું પરિણામ છે. આ મત આચાર્ય હરિભદ્રનો છે.[1]

૨. **ભાવ લેશ્યા** : ભાવલેશ્યા આત્માના અધ્યવસાય કે અંતઃકરણની વૃત્તિ છે. પં. સુખલાલજીના શબ્દોમાં ભાવલેશ્યા આત્માનો મનોભાવ છે. જે સંક્લેશ અને યોગથી જોડાયેલ છે. સંક્લેશના તીવ્ર, તીવ્રતમ, મંદ, મંદતર, મંદતમ આદિ અનેક ભેદ હોવાથી લેશ્યા (મનોભાવ) વાસ્તવમાં અનેક પ્રકારની છે. છતા પણ સંક્ષેપમાં છ ભેદ કરીને (જૈન) શાસ્ત્રોમાં તેનું સ્વરુપ વર્ણન કરેલ છે.

ઉત્તરાધ્યયન સૂત્ર[2]માં લેશ્યાઓનાં સ્વરૂપનું વર્ણન વિવિધ પક્ષોના આધાર પર વિસ્તૃતરુપથી થયેલ છે. છતાં પણ અમે પોતાના વિવેચનને લેશ્યાઓનાં ભાવાત્મક પક્ષ સુધી જ મર્યાદિત રાખવું યોગ્ય સમજશું. મનોદશાઓમાં સંકલેશની ન્યૂનાધિકતા અથવા મનોભાવોની અશુભત્વથી શુભત્વની તરફ વધવાની સ્થિતિઓનાં આધાર પર જ તેના વિભાગ કરેલ છે. અપ્રશસ્ત અને પ્રશસ્ત આ બે મનોભાવોમાંથી તેની તારતમ્યતાના આધાર પર છ ભેદ કરેલ છે-

| **અપ્રશસ્ત મનોભાવ** | **પ્રશસ્ત મનોભાવ** |
|---|---|
| ૧. કૃષ્ણ લેશ્યા-તીવ્રતમ અપ્રશસ્ત મનોભાવ, | ૪. તેજો લેશ્યા- પ્રશસ્ત મનોભાવ, |
| ૨. નીલ લેશ્યા - તીવ્ર અપ્રશસ્ત મનોભાવ, | ૫. પદમ લેશ્યા - તીવ્ર પ્રશસ્ત મનોભાવ, |
| ૩. કાપોત લેશ્યા-અપ્રશસ્ત મનોભાવ, | ૬. શુકલ-લેશ્યા- તીવ્રતમ પ્રશસ્ત મનોભાવ. |

**લેશ્યાઓ અને નૈતિક વ્યક્તિત્વનું શ્રેણી વિભાજન :**

લેશ્યાઓ મનોભાવોનું વર્ગીકરણ માત્ર નથી, પરંતુ તે ચારિત્રનાં આધાર પર કરેલ વ્યક્તિત્વના પ્રકાર પણ છે. મનોભાવ અથવા સંકલ્પ આંતરિક તથ્ય નથી. પણ તે ક્રિયાઓનાં રૂપમાં બાહ્ય અભિવ્યક્તિ પણ ઈચ્છે છે. વાસ્તવમાં સંકલ્પ જ કર્મમાં રૂપાન્તરિત થાય છે. બ્રેડલેનું આ કહેવું યોગ્ય છે કે- 'કર્મ સંકલ્પનું રૂપાન્તરણ છે.[3] મનોભૂમિ કે સંકલ્પ વ્યક્તિના આચરણનું પ્રેરક સૂત્ર છે. પરંતુ કર્મક્ષેત્રમાં સંકલ્પ અને આચરણ બે અલગ-અલગ તત્વ રહેતા નથી. આચરણથી સંકલ્પોની મનોભૂમિકાનું નિર્માણ અને સંકલ્પોની મનોભૂમિકા પર જ આચરણ સ્થિત થાય છે. મનોભૂમિ, આચરણ અથવા ચરિત્રનો ઘનિષ્ઠ સંબંધ છે.

એટલું જ નહિં, મનોવૃત્તિ સ્વયંમાં પણ એક આચરણ છે. માનસિક કર્મ પણ કર્મ જ છે. માટે જૈન વિચારકોએ જ્યારે લેશ્યા-પરિણામની ચર્ચા કરી તો તે માત્ર મનોદશાઓની ચર્ચા કરી તો તે માત્ર મનોદશાઓની ચર્ચાઓ સુધી જ મર્યાદિત રહ્યા નહિ, પરંતુ તેવોએ તે મનોદશાથી પ્રત્યુત્પન્ન જીવનનાં કર્મ-ક્ષેત્રમાં ઘટિત થનાર વ્યવહારોની પણ ચર્ચા કરી અને આ પ્રમાણે જૈન લેશ્યા-સિદ્ધાન્ત વ્યક્તિત્વનાં નૈતિક પક્ષનાં આધાર પર વ્યક્તિત્વનાં નૈતિક પ્રકારોનું વર્ગીકરણનો જ સિદ્ધાંત બની ગયો. જૈન વિચારકોએ આ સિદ્ધાંતનાં આધાર પર એ બતાવેલ છે કે- 'નૈતિક દૃષ્ટિથી વ્યક્તિત્વ યા તો નૈતિક હશે અથવા અનૈતિક હશે' આ પ્રમાણે બે વર્ગ થશે. ૧. નૈતિક અને ૨. અનૈતિક. આને ધાર્મિક અને અધાર્મિક અથવા શુકલપક્ષી અને કૃષ્ણપક્ષી પણ કહેવાય છે. એક વર્ગ એવો છે કે જે નૈતિકતા અથવા શુભની તરફ ઉન્મુખ છે. બીજો વર્ગ એ છે કે જે અનૈતિકતા અથવા અશુભની તરફ ઉન્મુખ છે. આ પ્રમાણે નૈતિક ગુણાત્મક અંતરનાં આધાર પર વ્યક્તિત્વનાં આ બે પ્રકાર બને છે. પરંતુ જૈન-વિચારક માત્ર ગુણાત્મક વર્ગીકરણથી સંતુષ્ટ નથી થતા અને તેવોએ તે બે ગુણાત્મક પ્રકારોના ત્રણ-ત્રણ પ્રકારના માત્રાત્મક અંતરો (જઘન્ય, મધ્યમ અને

---

૧. દર્શન અન ચિંતન, ભાગ-૨, પૃ. ૨૯૭

૨. (ક) અભિધાન રાજેન્દ્ર કોષ. ખંડ-૬ પૃ. ૬૭૫

(ખ) ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૪/૩

૩. એથિકલ સ્ટડીઝ પૃ.૬૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ)ના આધાર પર છ ભાગોમાં વિભાજીત કર્યા. જૈન લેશ્યા સિદ્ધાંતનો ષટ્વિધ વર્ગીકરણ આના આધાર પર જ થયેલ છે. છતાં પણ જૈન-વિચારકોએ માત્રાત્મક અંતરોના આધાર પર લેશ્યાઓનાં ત્રણ, નવ, એકયાસી અને બસો તેતાલીસ (૨૪૩) ઉપભેદ પણ ગણાવેલ છે. પરંતુ આપણે આપણી આ ચર્ચાને ષટ્વિધ વર્ગીકરણ સુધી જ મર્યાદિત રાખશું.

**૧. કૃષ્ણ લેશ્યા (અશુભતમ મનોભાવ)થી યુક્ત વ્યક્તિનાં લક્ષણ :**

આ નૈતિક વ્યક્તિત્વનું બધાથી નિકૃષ્ટ રૂપ છે. આ અવસ્થામાં પ્રાણીનાં વિચાર અત્યંત હલકા અને ક્રૂર હોય છે. વાસનાત્મક પક્ષ જીવનનાં સંપૂર્ણ કર્મક્ષેત્ર પર હાવી રહે છે. પ્રાણી પોતાની શારીરિક, માનસિક અને વાચિક ક્રિયાઓ પર નિયંત્રણ કરવામાં અસમર્થ (અક્ષમ) રહે છે. તે પોતાની ઈન્દ્રિયો પર અધિકાર ન રાખી શકવાના કારણ વગર કોઈ પ્રકારનાં શુભાશુભ વિચારનાં તે ઈન્દ્રિય-વિષયોની પૂર્તિમાં સદૈવ નિમગ્ન બની રહે છે. આ પ્રમાણે ભોગ-વિલાસમાં આસક્ત હોય તો તે તેની પૂર્તિના માટે હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર અને સંગ્રહમાં લાગેલા રહે છે. સ્વભાવથી તે નિર્દય અને નૃશંસ હોય છે અને હિંસક કર્મ કરવામાં તેને જરાપણ અરૂચિ થતી નથી તથા પોતાના સ્વાર્થ સાધનનાં નિમિત્ત બીજાનું મોટામાં મોટુ અહિત કરવામાં સંકોચ કરતા નથી.[1] કૃષ્ણ લેશ્યાથી યુક્ત પ્રાણી વાસનાઓનાં અંધ પ્રવાહથી જ ભાવિત હોય છે. એટલા માટે ભાવાવેશમાં તેમાં પોતાના હિતાહિતનો વિચાર કરવાની ક્ષમતા પણ હોતી નથી. તે બીજાનું અહિત એટલા માટે કરતા નથી કે તેનાથી તેનું પોતાનું કોઈ હિત થશે પણ તે તો પોતાના ક્રૂર સ્વભાવને વશીભૂત હોય તેવું કર્યા કરે છે અને પોતાના હિતનાં અભાવમાં પણ તે બીજાનું અહિત કરતા રહે છે.

**૨. નીલ-લેશ્યા (અશુભતર મનોભાવ)થી યુક્ત વ્યક્તિત્વનું લક્ષણ :**

આ નૈતિક વ્યક્તિત્વનો પ્રકાર પહેલાની અપેક્ષા કંઈક બરાબર હોય છે. પરંતુ અશુભ જ હોય છે. આ અવશથામાં પણ પ્રાણીનો વ્યવહાર વાસનાત્મક પક્ષથી ભાવિત હોય છે. પરંતુ તે પોતાની વાસનાઓની પૂર્તિમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવા લાગે છે. માટે તેનો વ્યવહાર પ્રગટ રૂપમાં તો કંઈક પ્રમાર્જીત રહે છે. પરંતુ તેની પાછળ કુટિલતા જ કામ કરે છે. તે વિરોધીનું અહિત અપ્રત્યક્ષ રૂપથી કરે છે. એવા પ્રાણી ઈર્ષાળુ, અસહિષ્ણુ, અસંયમી, અજ્ઞાની, કપટી, નિર્લજ્જ, લંપટ, દ્વેષ-બુદ્ધિથી યુક્ત, રસ લોલુપી અને પ્રમાદી હોય છે.[2] છતાં પણ તે પોતાની સુખ-સુવિધાનું સદૈવ ધ્યાન રાખે છે, તે બીજાનું અહિત પોતાના હિતના નિમિત્તે કરે છે. તે પોતાના અલ્પ હિતનાં માટે બીજાનું મોટુ અહિત પણ કરી દે છે. જે પ્રાણીઓથી તેનો સ્વાર્થ સંધાય છે તે પ્રાણીઓના હિતનું પોષણ-ન્યાયનાં અનુસાર તે કંઈક ધ્યાન અવશ્ય રાખે છે, પરંતુ મનોવૃત્તિ દૂષિત જ હોય છે. જેમ- બકરી પાળનાર બકરાને એટલા માટે નથી ખવડાવતો કે તેનાથી બકરાનું હિત થશે, પરંતુ એટલા માટે ખવડાવે છે કે તેને મારવાથી અધિક માંસ મળશે. આવા વ્યક્તિ બીજાનાં બાહ્ય રૂપમાં જે પણ હિત કરતા દેખાય છે તેના પાછળ તેનો ગહન સ્વાર્થ છુપાયેલ રહે છે.

**૩. કાપોત લેશ્યા (અશુભ મનોવૃત્તિ)થી યુક્ત વ્યક્તિત્વનું લક્ષણ :**

આ મનોવૃત્તિ પણ દૂષિત છે. આ મનોવૃત્તિમાં પ્રાણીનો વ્યવહાર, મન, વચન, કર્મથી એક રૂપ થતું નથી તેની કરણી અને કથની અલગ હોય છે. મનોભાવોમાં સરળતા હોતી નથી, કપટ અને અહંકાર હોય છે. તે પોતાના દોષોને સદૈવ છુપાવવાની કોશિશ કરે છે. તેનો દૃષ્ટિકોણ અયથાર્થ અને વ્યવહાર અનાર્ય હોય છે. તે વચનથી બીજાની ગુપ્ત વાતોને પ્રગટ કરનાર અથવા બીજાનાં રહસ્યોને પ્રગટ કરી તેનાથી પોતાનું હિત સાધનાર, બીજાનાં ધનનું અપહરણ કરનાર અને માત્સર્ય ભાવોથી યુક્ત હોય છે. આવા વ્યક્તિ બીજાનું અહિત ત્યારે જ કરે છ જ્યારે તેનાથી તેની સ્વાર્થ સિદ્ધિ થાય છે.[3]

**૪. તેજો-લેશ્યા (શુભ મનોવૃત્તિ)થી યુક્ત વ્યક્તિત્વના લક્ષણ :**

આ મનોદશા પવિત્ર હોય છે. આ મનોભૂમિમાં પ્રાણ પાપભીરૂ હોય છે. અર્થાત્ તે અનૈતિક આચરણની તરફ પ્રવૃત્ત થતા નથી. તે સુખાપેક્ષી હોય છે. પરંતુ કોઈ અનૈતિક આચરણ દ્વારા તે સુખોની પ્રાપ્તિ કે પોતાનો સ્વાર્થ સાંધતા

---

૧. ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૪/૨૧-૨૨

૨. તેજ, ૩૪/૨૩-૨૪

૩. તેજ, ૩૪/૨૫-૨૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. ધાર્મિક અને નૈતિક આચરણમાં તેની પૂર્ણ આસ્થા હોય છે. માટે તે કૃત્યોના કરવામાં આનંદ પ્રાપ્ત કરે છે. જે ધાર્મિક કે નૈતિક દષ્ટિથી શુભ છે. આ મનોભૂમિમાં બીજાનાં કલ્યાણની ભાવના પણ હોય છે. સંક્ષેપમાં આ મનોભૂમિમાં સ્થિત પ્રાણી પવિત્ર આચરણવાળા, નમ્ર, ધૈર્યવાન્, નિષ્કપટ, આકાંક્ષારહિત, વિનીત, સંયમી અને યોગી હોય છે.[૧] તે પ્રિય અને દઢ પ્રેમી તથા પરહિતૈષી હોય છે. આ મનોભૂમિ પર બીજાનું અહિત તો સંભવ હોય છે. પરંતુ ફક્ત તે સ્થિતિમાં કે જ્યારે બીજા તેના હિતોનો નાશ કરવા ઉતરી પડે છે.

**૫. પદ્મ-લેશ્યા (શુભતર મનોવૃત્તિ)થી યુક્ત વ્યક્તિત્વનું લક્ષણ :**

આ મનોભૂમિમાં પવિત્રતાની માત્રા પાછળની ભૂમિકાની અપેક્ષાએ અધિક હોય છે. આ મનોભૂમિમાં ક્રોધ, માન, માયા અને લોભ રૂપ અશુભ મનોવૃત્તિઓ અતિઅલ્પ અર્થાત્ સમાપ્તપ્રાયઃ થઈ જાય છે. પ્રાણી સંયમી તથા યોગી હોય છે. તથા યોગ-સાધનાના ફળસ્વરૂપ આત્મજયી અને પ્રફુલ્લચિત હોય છે. તે અલ્પભાષી, ઉપશાંત અને જીતેન્દ્રિય હોય છે.[૨]

**૬. શુકલ-લેશ્યા (પરમ શુભ મનોવૃત્તિ)થી યુક્ત વ્યક્તિત્વનું લક્ષણ :**

આ મનોભૂમિ શુભ મનોવૃત્તિની સર્વોચ્ચ ભૂમિકા છે. પાછળની મનોવૃત્તિના બધા શુભ ગુણ આ અવસ્થામાં વર્તમાન રહે છે. પરંતુ તેની વિશુદ્ધિની માત્રા અધિક હોય છે. પ્રાણી ઉપશાંત, જીતેન્દ્રિય અને પ્રસન્નચિત્ત હોય છે. તેના જીવનનો વ્યવહાર એટલો મૃદુ હોય છે કે તે પોતાના હિતના માટે બીજાને થોડું પણ કષ્ટ દેવા માટે ઈચ્છતા નથી. મન, વચન, કર્મથી એકરૂપ હોય છે તથા તેના પર તેનું પૂર્ણ નિયંત્રણ હોય છે. તેને માત્ર પોતાના આદર્શનો બોધ રહે છે. કોઈપણ અપેક્ષા વગર તે માત્ર સ્વકર્તવ્યનાં પરિપાલનમાં સદૈવ જાગરુક રહે છે. સદા સ્વ-ધર્મ અને સ્વ-સ્વરૂપમાં નિમગ્ન રહે છે.[૩]

**કર્મસિદ્ધાંત :**

કર્મ સિદ્ધાંતનો ઉદ્દભવ સૃષ્ટિ વૈચિત્ર્ય (વિચિત્રતા), વૈયક્તિક - ભિન્નતાઓ, વ્યક્તિની સુખ દુઃખાત્મક અનુભૂતિઓ અને શુભાશુભ મનોવૃત્તિઓનાં કારણની વ્યાખ્યાના પ્રયાસોમાં જ થયો છે. સૃષ્ટિ વૈચિત્ર્ય અને વૈયક્તિક ભિન્નતાઓનાં કારણની ખોજના આ પ્રયાસોમાં વિભિન્ન વિચારધારાઓ અસ્તિત્વમાં આવી છે. શ્વેતાશ્વેતરોપનિષદ્દ, અંગુત્તરનિકાય અને સૂત્રકૃતાંગમાં અમને આ વિભિન્ન વિચારધારાઓની ઉપસ્થિતિનો સંકેત મળે છે. મહાભારતનાં શાંતિપર્વમાં આ વિચારધારાઓની સમીક્ષા પણ કરેલ છે. આ સંબંધમાં મુખ્ય માન્યતાઓ નીચે પ્રમાણે છે -

૧. **કાળવાદ** : આ સિદ્ધાંત સૃષ્ટિ- વૈવિધ્ય અને વૈયક્તિક-વિભિન્નતાઓના કારણે કાળનો સ્વીકાર કરે છે. જેનો જે સમય કે કાળ હોય તે ત્યારે જ તે ઘટિત થાય છે. જેમ પોતાની ઋતુ (સમય) આવે ત્યારે જ વૃક્ષ પર ફળ લાગે છે.

૨. **સ્વભાવવાદ** : સંસારમાં જે પણ ઘટના ઘટિત થાય છે કે હોય છે. તેનો આધાર વસ્તુઓનો પોત-પોતાનો સ્વભાવ છે. સંસારમાં કોઈપણ સ્વભાવનું ઉલ્લંઘન કરી શકતા નથી.

૩. **નિયતિવાદ** : સંસારની બધી જ ઘટનાક્રમ પૂર્વ નિયત છે. જે જેના રૂપમાં થાય છે તે તેવા જ હોય છે. તેને કોઈ અન્ય કરી શકતા નથી.

૪. **યદચ્છાવાદ** : કોઈપણ ઘટનાનો કોઈ નિયત હેતુ કે કારણ હોતુ નથી, સમસ્ત ઘટનાઓ માત્ર સંયોગનું જ પરિણામ છે. યદચ્છાવાદ હેતુના સ્થાન પર સંયોગ (chance) ને પ્રમુખ બનાવી દે છે.

૫. **મહાભૂતવાદ** : સમગ્ર અસ્તિત્વનાં મૂળમાં પંચમહાભૂતોની સત્તા રહેલ છે. સંસાર તેના વૈવિધ્યમય વિભિન્ન સંયોગોનું જ પરિણામ છે.

૬. **પ્રકૃતિવાદ** : વિશ્વ-વૈવિધ્ય ત્રિગુણાત્મક પ્રકૃતિનો જ ખેલ છે. માનવીય સુખ-દુઃખ પણ પ્રકૃતિના જ આધીન છે.

૭. **ઈશ્વરવાદ** : ઈશ્વર આ જગતનાં રચયિતા અને નિયામક છે. જે કંઈ પણ થાય છે તે બધુ તેની ઈચ્છા કે ક્રિયા-શક્તિનું પરિણામ છે.

૮. **પુરૂષવાદ** : વૈયક્તિક વિભિન્નતા અને સાંસારિક ઘટનાક્રમનાં મૂળમાં પુરૂષનો પુરૂષાર્થ જ પ્રમુખ છે.

---

૧. ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૪/૨૭-૨૮

૨. તેજ - ૩૪/૨૯-૩૦ 	૩. તેજ - ૩૪/૩૧-૩૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવમાં જગત-વૈવિધ્ય અને વૈયક્તિક ભિન્નતાઓની તાર્કિક વ્યાખ્યાનાં આ પ્રયત્નોમાં કર્મ-સિદ્ધાંતનો વિકાસ થયેલ છે. જેમાં પુરૂષવાદની પ્રમુખ ભૂમિકા રહેલ છે. કર્મ-સિદ્ધાંત ઉપર્યુક્ત સિદ્ધાંતોનો પુરૂષવાદની સાથે સમન્વયનો પ્રયત્ન છે.

શ્વેતાશ્વેતરોપનિષદ્ (૧/૧-૨)ના પ્રારંભમાં જ આ પ્રશ્ન ઉપાડેલ છે કે અમે કોના દ્વારા પ્રેરિત થઈને સંસાર-યાત્રાનું અનુવર્તન કરી રહ્યા છે. ઋષિએ આ જિજ્ઞાસા પ્રગટ કરે છે કે- 'શું કાળ, સ્વભાવ, નિયતિ, યદચ્છા, ભૂત-યોનિ અથવા પુરૂષ આ બધાનો સંયોગ જ આનું કારણ છે. વાસ્તવમાં આ બધી વિચારધારાઓમાં પુરૂષવાદને છોડીને બાકી બધા વિશ્વ-વૈચિત્ર્ય અને વૈયક્તિક- વૈવિધ્યની વ્યાખ્યાના માટે કોઈ ન કોઈ બાહ્ય-તથ્ય પર જ જોર આપી રહી હતી. આપણે આમાંથી કોઈપણ સિદ્ધાંતને માનીએ, વૈવિધ્યનું કારણ વ્યક્તિથી ભિન્ન જ માનવુ પડશે, પરંતુ આવી સ્થિતિમાં વ્યક્તિ પર નૈતિક દાયિત્વનું આરોપણ સંભવ થઈ શકતું નથી. (કદાચ) અમે જે પણ કંઈ કરીએ છીએ અને જે કંઈપણ પામીએ છીએ તેનું કારણ બાહ્ય તથ્ય જ છે. તો પછી અમે કોઈપણ કાર્યના માટે નૈતિકદષ્ટિથી ઉત્તરદાયી કહેવાતા નથી. જો વ્યક્તિ, કાળ, સ્વભાવ, નિયતિ અથવા ઈશ્વરની ઈચ્છાઓનું એક માત્ર સાધન છે તો તે એ કઠપુતળીના સમાન છે. જે બીજાના ઈશારા પર જ કાર્ય કરે છે. પરંતુ આવી સ્થિતિમાં પુરૂષમાં ઈચ્છા-સ્વાતંત્ર્યનો અભાવ માનવા પર નૈતિક ઉત્તરદાયિત્વની સમસ્યા ઉભી થાય છે. સામાન્ય મનુષ્યને નૈતિકતાનાં પ્રતિ આસ્થાવાન બનાવવા માટે આવશ્યક છે કે વ્યક્તિને તેના શુભાશુભ કર્મોનાં પ્રતિ ઉત્તરદાયી બનાવવા જોઈએ અને તે ત્યારે જ સંભવ છે જ્યારે તેના મનમાં વિશ્વાસ હોય. તેને તેની સ્વતંત્ર ઈચ્છાથી કરાયેલ પોતાના જ કર્મોનું પરિણામ પ્રાપ્ત થાય છે. આજ કર્મ-સિદ્ધાંત છે. અહીં એ જ્ઞાતવ્ય છે કે કર્મ-સિદ્ધાંત ઈશ્વરીય કૃપા કે અનુગ્રહનાં વિરોધમાં જાય છે, તે તો એવુ માને છે કે ઈશ્વર પણ કર્મફળ- વ્યવસ્થાને અન્યથા કરી શકતા નથી. કર્મનો નિયમ જ સર્વોપરી છે.

**કર્મ-સિદ્ધાંત અને કાર્યકારણનો નિયમ :**

આચારના ક્ષેત્રમાં આ કર્મસિદ્ધાંતની એટલી જ આવશ્યકતા છે જેટલી વિજ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય-કારણ સિદ્ધાંતની. જે પ્રમાણે કાર્ય-કારણ સિદ્ધાંતના અભાવમાં વૈજ્ઞાનિક વ્યાખ્યાઓ અસંભવ હોય છે તેજ પ્રમાણે કર્મસિદ્ધાંતના અભાવમાં નીતિશાસ્ત્ર પણ અર્થ-શૂન્ય થઈ જાય છે.

પ્રો. વેંકટરમણનાં શબ્દોમાં કર્મ-સિદ્ધાંત કાર્યકારણ સિદ્ધાંતના નિયમો અને માન્યતાઓનું માનવીય આચારનાં ક્ષેત્રમાં પ્રયોગ છે. જેની ઉપ-કલ્પના એ છે કે જગતમાં સર્વ કાર્ય કોઈ નિયમના આધીન છે. મેક્સમૂલર લખે છે કે એ વિશ્વાસ છે કે કોઈપણ સારા-ખરાબ કર્મ ફળ આપ્યા વગર સમાપ્ત થતા નથી. નૈતિક જગતનો એવો જ વિશ્વાસ છે. જેમ ભૌતિક જગતમાં ઉર્જાની અવિનાશિતાનો નિયમ છે.[૧] (કદાચ) જો કર્મસિદ્ધાંત અને વૈજ્ઞાનિક કાર્યકારણ-સિદ્ધાંતમાં સામાન્યરૂપથી સમાનતા પ્રતીત થતી હોય તો તેમાં એક મૌલિક અંતર પણ એ છે કે જ્યાં કાર્યકારણ-સિદ્ધાંતનું વિવેચન જડ તત્વનું ક્રિયા-કલાપ છે. તે જ કર્મસિદ્ધાંતનું વિવેચન ચેતના સત્તાના ક્રિયા-કલાપ છે માટે કર્મસિદ્ધાંતમાં તેવી જ પૂર્ણ નિયતતા હોતી નથી, જેવી કાર્યકારણ-સિદ્ધાંતમાં હોય છે. આ નિયતતા અને સ્વતંત્રતાનો સમાન સંયોગ છે, કર્મ સિદ્ધાંતની મૌલિક સ્વીકૃતિ એ જ છે કે પ્રત્યેક શુભાશુભ ક્રિયાનો કોઈ પ્રભાવ કે પરિણામ અવશ્ય હોય છે. સાથે તે કર્મ-વિપાક કે પરિણામનો ભોક્તા તે જ હોય છે જે ક્રિયાનો કર્તા હોય છે અને કર્મ તેમજ વિપાકની આ પરંપરા અનાદિકાળથી ચાલી રહી છે.

**કર્મ-સિદ્ધાંતની ઉપયોગિતા :**

કર્મ સિદ્ધાંતની વ્યવહારિક ઉપયોગિતા એ છે કે તે ફક્ત અમને નૈતિકતાના પ્રતિ આસ્થાવાન બનાવે છે, પરંતુ તે અમારા સુખ-દુઃખ આદિના સ્ત્રોત અમારા વ્યક્તિત્વમાં જ શોધીને ઈશ્વર અને પ્રતિવેશી અર્થાત્ અન્ય વ્યક્તિઓનાં પ્રતિ કટુતાનું નિવારણ કરે છે. કર્મસિદ્ધાંતની સ્થાપનાનું પ્રયોજન એ જ છે કે નૈતિક કૃત્યોનાં અનિવાર્ય ફળનાં આધાર પર તેઓનાં પ્રેરક કારણો તેમજ અનુવર્તી પરિણામોની વ્યાખ્યા કરી શકાય તથા વ્યક્તિઓને અશુભ કે દુષ્કર્મોથી વિમુખ કરી શકાય.

---

૧. Maxmular - Three Lectures on Vadanta Philosophy, P. 165.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### જૈન કર્મ-સિદ્ધાંત અને અન્ય દર્શન :

ઐતિહાસિક દૃષ્ટિથી વેદોમાં બતાવેલ ૠતનો સિદ્ધાંત કર્મ નિયમનો આદિ સ્ત્રોત છે. કદાચ ઉપનિષદોના પૂર્વના વૈદિક સાહિત્યમાં કર્મ સિદ્ધાંતના કોઈ સુસ્પષ્ટ વિવેચન મળતા નથી. છતાં પણ તેમાં ૠતુનાં નિયમની વ્યાખ્યા આ રૂપમાં કરી શકાય છે. પ્રો. દલસુખભાઈ માલવણિયાના શબ્દોમાં કર્મ જગત વિચિત્રતાનું કારણ છે. એવો વાદ ઉપનિષદોનો સર્વ-સમ્મતવાદ હોય, એવું કહી ન શકાય. ભારતીય ચિંતનમાં કર્મ-સિદ્ધાંતનો વિકાસ જૈન, બૌદ્ધ અને વૈદિક ત્રણેય પરંપરાઓમાં થયેલ છે. કદાચ આ એક ભિન્ન વાત છે કે જૈનોએ કર્મ-સિદ્ધાંતનું જે ગંભીર વિવેચન કરેલ છે તે અન્ય પરંપરાઓમાં ઉપલબ્ધ નથી.[૧] વેદોનાં માટે જે મહત્વ ૠતનું, મીમાંસકોનાં માટે અપૂર્વનું, નૈયાયિકોના માટે અદૃષ્ટનું, વેદાંતોનાં માટે માયાનું અને સાંખ્યોનાં માટે પ્રકૃતિનું છે. તે જ જૈનોના માટે કર્મનું છે. સામાન્ય દૃષ્ટિથી જોવા પર વેદોમાં ૠત, મીમાંસકોમાં અપૂર્વ, નૈયાયિકોનું અદૃષ્ટ, અદ્વૈતિઓની માયા, સાંખ્યોની પ્રકૃતિ અને બૌદ્ધોની અવિધા કે સંસ્કાર પર્યાયવાચી જેવા લાગે છે. કારણકે વ્યક્તિના બંધન અને તેના સુખ-દુઃખની સ્થિતિઓમાં આની મુખ્ય ભૂમિકા છે. છતાં પણ એના સ્વરૂપમાં દાર્શનિક દૃષ્ટિથી અંતર પણ છે- આ વાત અમારે દૃષ્ટિગત રાખવી પડશે. ઈસાઈ ધર્મ અને ઈસ્લામ ધર્મમાં પણ કર્મ-નિયમને સ્થાન મળે છે. છતાં પણ ઈશ્વરીય અનુગ્રહ પર અધિક બળ આપવાના કારણે તેઓમાં કર્મ-નિયમનાં પ્રતિ આસ્થાનાં સ્થાન પર ઈશ્વરનાં પ્રતિ વિશ્વાસ જ પ્રમુખ રહેલ છે. ઈશ્વરની અવધારણાનાં અભાવના કારણે ભારતની શ્રમણ પરંપરા કર્મ-સિદ્ધાંતનાં પ્રતિ અધિક આસ્થાવાન્ રહેલ છે. બૌદ્ધ દર્શનમાં પણ જૈનોનાં સમાન જ કર્મ-નિયમને સર્વોપરિ માનેલ છે. હિંદુ ધર્મમાં પણ ઈશ્વરીય વ્યવસ્થાને કર્મ-નિયમનાં આધીન બતાવેલ છે. એમાં ઈશ્વર કર્મ-નિયમનો વ્યવસ્થાપક થઈને પણ એને આધીન જ કાર્ય કરે છે.

જૈન કર્મ-સિદ્ધાંતનો વિકાસ કયા ક્રમથી થયો છે- આ પ્રશ્નનું સમાધાન એટલું સરળ નથી. જેટલું આપણે સમજીએ છીએ. સામાન્ય રૂપથી તો એ છે કે જૈનધર્મની જેમ આ પણ અનાદિ છે. પરંતુ વિદ્વત્ વર્ગ આને સ્વીકાર કરતા નથી. કદાચ જૈન કર્મ-સિદ્ધાંતના વિકાસનું કોઈ સમાધાન આપવું હોય તો તે જૈન આગમ અને કર્મ-સિદ્ધાંત સંબંધી ગ્રંથોના કાળક્રમનાં આધાર પર જ આપી શકાય છે. તેના સિવાય અન્ય વિકલ્પ નથી. જૈન આગમ સાહિત્યમાં આચારાંગ પ્રાચીનતમ છે. તે ગ્રંથમાં જૈન કર્મ-સિદ્ધાંતનું કદાચ વિસ્તૃત સ્વરૂપ ઉપલબ્ધ ન હોય પરંતુ તેની મૂળભૂત અવધારણાઓ અવશ્ય ઉપસ્થિત (રહેલી) છે. કર્મથી ઉપાધિ કે બંધન થાય છે. કર્મ રજ છે. કર્મથી આશ્રવ થાય છે. સાધકે કર્મ શરીરને સોધી કાઢવો જાઈએ એવો વિચાર તેમાં પરિલક્ષિત હોય છે. એનાથી એ જ ફલિત થાય છે કે આચારાંગનાં સમયમાં કર્મને સ્પષ્ટ રૂપથી બંધનનું કારણ મનાતુ હતું અને કર્મના ભૌતિક પક્ષની સ્વીકૃતિની સાથે એ પણ મનાતુ હતુ કે કર્મની નિર્જરા કરી શકાય છે. સાથે-સાથે આચારાંગમાં શું શુભાશુભ કર્મોનો શુભાશુભ વિપાક થાય છે. એ અવધારણા પણ માન્ય છે. તેના અનુસાર બંધનનું મૂળ કારણ મમત્વ છે. બંધનથી મુક્તિનો ઉપાય, મમત્વનું વિસર્જન અને સમત્વનું સર્જન છે.[૨]

સૂત્રકૃતાંગનું પ્રથમ શ્રુતસ્કંધ પણ આચારાંગથી થોડુ જ જુદુ મનાય છે. સૂત્રકૃતાંગનાં કાળમાં આ પ્રશ્ન ઘણો જ ચર્ચિત હતો કે કર્મનું ફળ સંવિભાગ સંભવ છે કે નહીં ? આમાં સ્પષ્ટ રૂપથી એ પ્રતિપાદિત કરેલ છે કે વ્યક્તિ પોતાના સ્વકૃત કર્મોનાં વિપાકનો અનુભવ કરે છે. બંધનનાં સંબંધમાં સૂત્રકૃતાંગ સ્પષ્ટ રૂપથી કહે છે કે કેટલાક વ્યક્તિ કર્મ અને અકર્મને વીર્ય (પુરૂષાર્થ) કહે છે. આનું તાત્પર્ય એ છે કે કર્મના સંદર્ભમાં એ વિચાર લોકોના મનમાં (ઉદ્દભવે) ઉત્પન્ન થઈ ગયો હતો કે જો કર્મ જ બંધન છે તો પછી અકર્મ અર્થાત્ નિષ્ક્રિયતા જ બંધનથી બચવાનો ઉપાય હશે. પરંતુ સૂત્રકૃતાંગના અનુસાર અકર્મનો અર્થ નિષ્ક્રિયતા નથી. આમાં પ્રતિપાદિત એ છે કે પ્રમાદ કર્મ છે અને અપ્રમાદ અકર્મ છે. કોઈપણ ક્રિયાની બંધકતા તેની ક્રિયારૂપ થવા પર નહીં પરંતુ તેની પાછળ રહેલ પ્રમત્તતા કે અપ્રમત્તતા પર નિર્ભર છે. અહીં પ્રમાદનો અર્થ છે આત્મ-ચેતના (Self awareness) નો અભાવ. જે આત્માંનો વિવેક જાગૃત નથી અને જે કષાયયુક્ત છે તે જ પરિસુપ્ત કે પ્રમત્ત છે અને જેનો વિવેક જાગૃત છે અને જે વાસનામુક્ત છે તે જ

---

૧. પં. દલસુખભાઈ માલવણિયા, આત્મ-મીમાંસા (જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ)

૨. રવિન્દ્રનાથ મિશ્રા, જૈન કર્મસિદ્ધાંતનો ઉદ્દભવ અને વિકાસ (પાર્શ્વનાથ શોધપીઠ વારાણસી-૫, ૧૯૮૫) પૃ.૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રમત્ત છે. સૂત્રકૃતાંગમાં પણ અમને બે ક્રિયાઓનાં બે રૂપોની ચર્ચા મળે છે- ૧. સામ્પરાયિક અને ૨. ઈર્યાપથિક.[૧] રાગ દ્વેષ, ક્રોધ આદિ કષાયોથી યુક્ત ક્રિયાઓ સાંપરાયિકી કહેવાય છે. જ્યારે એનાથી રહિત ક્રિયાઓ ઈર્યાપથિક કહેવાય છે. સાંપરાયિક ક્રિયાઓ બંધનકારક હોય છે. જ્યારે ઈર્યાપથિક બંધનકારક હોતી નથી. આનાથી એ નિષ્કર્ષ પર પહુંચીએ છીએ. કે સૂત્રકૃતાંગમાં કયુ કર્મ બંધનનું કારણ હશે અને કયુ કર્મ બંધનનું કારણ નહિ હોય એની એક કસોટી પ્રસ્તુત કરી દીધેલ છે. આચારાંગ સૂત્રમાં પ્રતિપાદિત મમત્વની અપેક્ષાએ આમાં પ્રમત્તતા અને કષાયના બંધનનું મુખ્ય કારણ માનેલ છે.

જો અમે બંધનના કારણોને ઐતિહાસિક દૃષ્ટિથી વિશ્લેષણ કરીએ તો એવું જાણવા મળે છે કે પ્રારંભમાં મમત્વ (મારાપણા)ને બંધનનું કારણ માનેલ છે. પછી આત્મ-વિસ્મૃતિ કે પ્રમાદને. જ્યારે પ્રમાદની વ્યાખ્યાનો પ્રશ્ન આવ્યો તો સ્પષ્ટ કર્યું કે રાગ-દ્વેષની ઉપસ્થિતિ જ પ્રમાદ છે. માટે રાગ-દ્વેષને બંધનનું કારણ બતાવેલ છે. રાગ-દ્વેષનું કારણ મોહ (મમત્વ) માનેલ છે. માટે ઉત્તરાધ્યયનમાં રાગ-દ્વેષ અને મોહને બંધનનું કારણ બતાવ્યું છે.[૨] આમાં મોહ મિથ્યાત્વ અને કષાયનું સંયુક્ત રૂપ છે. પ્રમાદની સાથે આમાં અવિરતિ અને યોગના જોડવાથી બંધનના પાંચ કારણ માનવા લાગ્યા[૩] સમયસાર આદિમાં પ્રમાદને કષાયનું જ એક રૂપ માનીને બંધનના ચાર કારણોનો ઉલ્લેખ મળે છે.[૪] આમાં યોગ બંધન કારક હોવા છતાં પણ વાસ્તવમાં જ્યાં સુધી કષાયની સાથે યુક્ત થતુ નથી ત્યાર સુધી બંધનનું કારણ બનતુ નથી, માટે પ્રાચીન ગ્રંથોમાં બંધનનાં કારણોની ચર્ચામાં મુખ્ય રૂપથી રાગ-દ્વેષ (કષાય) અને મોહ (મિથ્યાદૃષ્ટિ)ની જ ચર્ચા થઈ છે.

જૈન કર્મ- સિદ્ધાંતના ઈતિહાસની દૃષ્ટિથી કર્મ-પ્રકૃતિઓનું વિવેચન પણ મહત્વપૂર્ણ મનાય છે. કર્મની આઠ (અષ્ટ) મૂળ-પ્રકૃતિઓનું સર્વ પ્રથમ નિર્દેશ ઋષિભાષિતનાં પાર્શ્વ નામનાં અધ્યયનમાં ઉપલબ્ધ થાય છે.[૫] આમાં ૮ પ્રકારની કર્મ ગ્રંથિઓનો ઉલ્લેખ છે. પણ ત્યાં આના નામોની કોઈ ચર્ચા ઉપલબ્ધ થતી નથી. આઠ પ્રકારની કર્મ-પ્રકૃતિઓનાં નામોનો સ્પષ્ટ ઉલ્લેખ અમને ઉત્તરાધ્યયનનાં ૩૩માં અધ્યાયમાં અને સ્થાનાંગમાં મળે છે.[૬] સ્થાનાંગની અપેક્ષાએ પણ ઉત્તરાધ્યયનમાં આનું વર્ણન વિસ્તૃત છે. કારણકે આમાં અવાન્તર કર્મ-પ્રકૃતિઓની ચર્ચા પણ થઈ છે. આમાં જ્ઞાનાવરણીય કર્મની ૫, દર્શનાવરણની ૯, વેદનીય કર્મની ૨, મોહનીયકર્મની ૨ અને ૨૮, નામકર્મની ૨ અને અનેક, આયુષ્ય કર્મની ૪, ગોત્ર કર્મની ૨ અને અંતરાય કર્મની ૫ અવાન્તાર પ્રકૃતિઓનો ઉલ્લેખ મળે છે.[૭] આગળ જે કર્મ-સાહિત્ય સંબંધી ગ્રંથ નિર્મિત થયેલ તેમાં નામ કર્મની પ્રકૃતિઓની સંખ્યામાં હજી વધારે વૃદ્ધિ થઈ છે, સાથે જ તેમાં આત્માની કઈ અવસ્થામાં કેટલી કર્મ-પ્રકૃતિઓનો ઉદય, સત્તા, બંધ આદિ હોય છે. તેની પણ ચર્ચા થઈ. વાસ્તવમાં જૈન કર્મ-સિદ્ધાંત ઈ. પૂ.આઠમી સદીથી (શતાબ્દી) લઈને ઈ.સ.ની સાતમી સદી (શતાબ્દી) સુધી લગભગ પંદરસૌ વર્ષની સુદીર્ઘ અવધિમાં વ્યવસ્થિત થઈ રહ્યું છે. આ એક સુનિશ્ચિત સત્ય છે કે કર્મ સિદ્ધાંતનું જેટલું ગહન વિશ્લેષણ જૈન પરંપરાનાં કર્મ-સિદ્ધાંત સંબંધી સાહિત્યમાં થયેલુ છે તેટલું અન્યત્ર કોઈ પણ પરંપરામાં થયેલ નથી.

**કર્મ શબ્દનો અર્થ :**

જ્યારે અમે જૈન કર્મ-સિદ્ધાંતની વાત કરીએ છીએ તો અમારેએ સ્મરણ રાખવુ જોઈએ કે તેમાં કર્મ શબ્દ એક વિશેષ અર્થમાં પ્રયુક્ત થયેલ છે. તે અર્થ કર્મના તે સામાન્ય અર્થની અપેક્ષાએ અધિક વ્યાપક છે. સામાન્યતયા કોઈપણ

---

૧. રવિન્દ્રનાથ મિશ્રા, જૈન કર્મસિદ્ધાંતનો ઉદ્દભવ અને વિકાસ (પાર્શ્વનાથ શોધપીઠ, વારાણસી-૫, ૧૯૮૫) પૃ.૯-૧૦

૨. रागो य दासो वि य कम्म बीयं ઉત્તરાધ્યયન-૩૨/૭

૩ (ક) સમવાયાંગ સૂત્ર - ૫૧૪ (ખ) इसिभासियाइं - ૯/૫ (ગ) તત્વાર્થસૂત્ર - ૮/૧

૪. કુંદકુંદ, સમયસાર, ૧૭૧

૫. (ક) अट्ठविहं कम्मगंथि - इसिभासियाइं - ૩૧
(ખ) अट्ठविहं कम्मरयमलं - इसिभासियाइं - ૨૩

૬. ઉત્તરાધ્યયન સૂત્ર (સં મધુકરમુનિ) ૩૩/૨-૩

૭. તેજ ૩૩/૪-૧૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયા કર્મ કહેવાય છે. પ્રત્યેક પ્રવૃત્તિ પછી ચાહે તે માનસિક હોય, વાચિક હોય કે શારીરિક હોય કર્મ છે. પરંતુ જૈન પરંપરામાં જ્યારે અમે કર્મ શબ્દનો પ્રયોગ કરીએ છીએ તો ત્યાં એ ક્રિયાઓ ત્યારે જ કર્મ બને છે જ્યારે તે બંધનનું કારણ હોય. મીમાંસા દર્શનમાં કર્મનું તાત્પર્ય યજ્ઞ-યાગ આદિ ક્રિયાઓથી લેવાય છે. ગીતા આદિમાં કર્મનો અર્થ પોતાના વર્ણાશ્રમના અનુસાર કરેલ કર્મોથી લેવામાં આવેલ છે. યદ્યપિ ગીતા એક વ્યાપક અર્થમાં પણ કર્મ શબ્દનો પ્રયોગ કરે છે. તેના અનુસાર મનુષ્ય જે પણ કરે છે કે કરવાનો આગ્રહ રાખે છે તે બધી પ્રવૃત્તિઓ કર્મની શ્રેણીમાં આવે છે. બૌદ્ધ દર્શનમાં ચેતનાને જ કર્મ કહ્યું છે. બુદ્ધ કહે છે કે **"ભિક્ષુઓ કર્મ ચેતના જ છે."** એવું હું એટલા માટે કહું છું કે ચેતનાનાં દ્વારા જ વ્યક્તિ કર્મને કરે છે તે કાયાથી, મનથી કે વાણીથી.[૧] આ પ્રમાણે બૌદ્ધ દર્શનમાં કર્મના સમુત્થાન કે કારકને જ કર્મ કહેવાય છે.

બૌદ્ધ દર્શનમાં આગળ ચેતના કર્મ અને ચેતયિત્વ કર્મની ચર્ચા થયેલ છે. ચેતના કર્મ માનસિક કર્મ છે. ચેતયિત્વા કર્મ વાચિક અને કાયિક કર્મ છે.[૨] પરંતુ આપણે ધ્યાન રાખવું જોઈએ કે જૈન કર્મસિદ્ધાંતમાં કર્મ શબ્દ અધિક વાચિક અર્થમાં ગૃહિત થયેલ છે. તેમાં માત્ર ક્રિયાને જ કર્મ કહેલ નથી. પરંતુ તેના હેતુ કારણને પણ કર્મ કહેલ છે. આચાર્ય દેવેન્દ્રસૂરિએ લખે છે કે જીવની ક્રિયાનો હેતુ જ કર્મ છે.[૩] પરંતુ અમે માત્ર હેતુને પણ કર્મ કહી શકતા નથી, હેતુ તેનાથી નિષ્પન્ન ક્રિયા અને તે ક્રિયાનું પરિણામ બધુ મળીને જૈનદર્શનમાં કર્મની પરિભાષાને સ્પષ્ટ કરે છે. પં. સુખલાલજી સંઘવી લખે છે કે મિથ્યાત્વ, કષાય આદિ કારણોથી જીવ દ્વારા જે કરાય છે તે કર્મ કહેવાય છે. મારી દષ્ટિથી આની સાથે-સાથે કર્મમાં તે ક્રિયાના વિપાકને પણ મેળવવું પડશે. આ પ્રમાણે કર્મનો હેતુ ક્રિયા અને ક્રિયા-વિપાક બધુ મળીને કર્મ કહેવાય છે. જૈન દાર્શનિકોએ કર્મના બે પક્ષ માનેલ છે-

૧. **રાગ-દ્વેષ અને કષાય** : આ બધા મનોભાવ ભાવકર્મ કહેવાય છે.

૨. **કર્મ પુદ્ગલ** : આ દ્રવ્ય કર્મ કહેવાય છે. એ ભાવકર્મનું પરિણામ હોય છે. સાથે જ મનોજન્ય-કર્મની ઉત્પત્તિનું નિમિત્ત કારણ પણ હોય છે. એ પણ યાદ રાખવુ જોઈએ કે એ કર્મ હેતુ (ભાવ-કર્મ) અને કર્મ-પરિણામ (દ્રવ્ય-કર્મ) પણ પરસ્પર કાર્ય-કારણભાવ રાખે છે.

બધા આસ્તિકદર્શનોએ એક એવી સત્તાને સ્વીકાર કરેલ છે કે જે આત્મા કે ચેતનાની શુદ્ધતાને પ્રભાવિત કરે છે. તેને વેદાંતમાં માયા, સાંખ્યમાં પ્રકૃતિ, ન્યાય-દર્શનમાં અદષ્ટ અને મીમાંસામાં અપૂર્વ કહેવાય છે. બૌદ્ધ દર્શનમાં તેને અવિદ્યા અને સંસ્કાર (વાસના)નાં નામથી જાણી શકાય છે. યોગદર્શનમાં તેને આશય કહેવાય છે. તો શૈવ-દર્શનમાં તે પાશ કહેવાય છે. જૈનદર્શન આત્માની વિશુદ્ધતાને પ્રભાવિત કરનારી શક્તિને **"કર્મ"** કહે છે. જૈનદર્શનમાં કર્મનાં નિમિત્ત કારણોનાં રૂપમાં કર્મ-પુદ્ગલનો પણ સ્વીકાર કરેલ છે. જ્યારે તેનાં ઉપાદાનના રૂપમાં આત્માને જ માનેલ છે. આત્માના બંધનમાં કર્મ-પુદ્ગલ નિમિત્ત-કારણ છે અને સ્વયં આત્મા ઉપાદાન-કારણ હોય છે.

**કર્મનું ભૌતિક સ્વરૂપ :**

જૈનદર્શનમાં કર્મ ચેતનાથી ઉત્પન્ન ક્રિયા માત્ર નથી. પરંતુ તે સ્વતંત્ર તત્વ પણ છે. આત્માના બંધનનું કારણ શું છે? જ્યારે આ પ્રશ્ન જૈન દાર્શનિકોની સમક્ષ આવ્યુ તો તેને બતાવ્યું કે આત્માના બંધનનું કારણ કેવળ આત્મા ન હોય શકે. વાસ્તવમાં કષાય (રાગ-દ્વેષ) અથવા મોહ (મિથ્યાત્વ) આદિ જે બંધની મનોવૃત્તિઓ છે તે પણ સ્વયમેવ ઉત્પન્ન થઈ શકતી નથી. જ્યાં સુધી તે પૂર્વબદ્ધ કર્મ-વર્ગણાઓ વિપાકનાં રૂપમાં ચેતનાની સમક્ષ ઉપસ્થિત થતી નથી. જે પ્રમાણે મનોવૈજ્ઞાનિક દષ્ટિથી શરીર-રસાયનોના પરિવર્તનથી સંવેગ (મનોભાવ) ઉત્પન્ન થાય છે અને તે સંવેગોના કારણે જ શરીર રસાયનોમાં પરિવર્તન થાય છે. આજ સ્થિતિ આત્માની પણ છે. પૂર્વ-કર્મોનાં કારણે આત્મામાં રાગ-દ્વેષ આદિ મનોભાવ ઉત્પન્ન થાય છે અને એ ઉદયમાં આવેલ મનોભાવોનાં ક્રિયા-રૂપ પરિણત થવા પર આત્મા નવીન કર્મોનો સંચય કરે છે. બંધનની દષ્ટિથી કર્મ-વર્ગણાઓના કારણે મનોભાવ ઉત્પન્ન થાય છે અને તે મનોભાવનાં કારણે જડ કર્મ-વર્ગણાઓ કર્મનું સ્વરૂપ ગ્રહણ કરી આત્માને બંધનમાં નાંખે છે. જૈન વિચારકોનાં અનુસાર એકાંત રૂપથી ન

૧. અંગુત્તનિકાય-ઉપાધ્યાય ભરતસિંહ, બૌદ્ધ - દર્શન અને અન્ય ભારતીય દર્શન પૃ. ૪૬૩
૨. જુઓ - આચાર્ય નરેન્દ્ર દેવ, બૌદ્ધ, ધર્મ દર્શન, પૃ. ૨૫૦
૩. દેવેન્દ્રસૂરિ, કર્મગ્રંથ પ્રથમ, કર્મ-વિપાક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આત્મા સ્વયમેવ બંધનનું કારણ છે. ન તો કર્મ વર્ગણાનાં પુદ્ગલ. બંને નિમિત્ત અને ઉપાદાનનાં રૂપથી એક-બીજાથી સંયુક્ત થઈને જ બંધનની પ્રક્રિયાને જન્મ આપે છે.

**દ્રવ્ય-કર્મ અને ભાવ કર્મ :**

કર્મ વર્ગણાઓ કે કર્મનો ભૌતિક પક્ષ દ્રવ્ય-કર્મ કહેવાય છે. જ્યારે કર્મની મનોવૃત્તિઓ ભાવ-કર્મ છે. આત્માના મનોભાવ કે ચેતનાની વિવિધ અવસ્થાઓ ભાવકર્મ છે અને તે મનોભાવ જે નિમિત્તથી ઉત્પન્ન થાય છે તે પુદ્ગલ દ્રવ્યકર્મ છે. આચાર્ય નેમીચંદ્ર ગોમ્મટસારમાં લખે છે કે પુદ્ગલ દ્રવ્ય-કર્મ છે અને તેની ચેતનાને પ્રભાવિત કરનારી શક્તિ ભાવકર્મ છે.[૧] આત્મામાં જે મિથ્યાત્વ અને કષાય અથવા રાગ-દ્વેષ આદિભાવ છે તે જ ભાવ-કર્મ છે અને તેની ઉપસ્થિતિમાં કર્મવર્ગણાનાં જે પુદ્ગલ પરમાણુ જ્ઞાનાવરણ આદિ કર્મ પ્રવૃત્તિઓનાં રૂપમાં પરિણત થાય છે. તે જ દ્રવ્ય કર્મ છે. દ્રવ્ય કર્મનું કારણ ભાવ-કર્મ છે અને ભાવ કર્મનું કારણ દ્રવ્ય-કર્મ છે. આચાર્ય વિદ્યાનંદીએ અષ્ટસહસ્ત્રીમાં દ્રવ્ય-કર્મને આવરણ અને ભાવ-કર્મને દોષ કહેલ છે. કારણકે દ્રવ્ય-કર્મ આત્મશક્તિની પ્રગટતાને રોકે છે. એટલા માટે તે આવરણ છે અને ભાવકર્મ સ્વયં આત્માની વિભાવ અવસ્થા છે. માટે તે દોષ છે.[૨] કર્મ-વર્ગણાના પુદ્ગલ ત્યાં સુધી કર્મરૂપમાં પરિણત થતા નથી જ્યાં સુધી તે ભાવ-કર્મો દ્વારા પ્રેરિત થતા નથી. પરંતુ સાથે એ પણ સ્મરણ રાખવું જોઈએ કે આત્મામાં જે વિભાવ દશાઓ છે તેના નિમિત્ત કારણનાં રૂપમાં દ્રવ્ય-કર્મ પણ પોતાનું કાર્ય કરે છે. એ સત્ય છે કે ખરાબ મનોવિકારોનો જન્મ આત્મામાં જ થાય છે, પરંતુ તેના નિમિત્તના રૂપમાં કર્મ-વર્ગણાઓ પોતાની ભૂમિકાનો અવશ્ય નિર્વાહ કરે છે. જે પ્રમાણે અમારા સ્વભાવમાં પરિવર્તનનું કારણ અમારા જૈવ રસાયનો અને રક્ત-રસાયનોનું પરિવર્તન છે. તે જ પ્રમાણે કર્મ-વર્ગણાઓ અમારા મનોવિકારોનાં સૃજનમાં નિમિત્ત કારણ હોય છે. ફરીથી જે પ્રમાણે અમારા મનોભાવોનાં આધાર પર અમારા જૈવ-રસાયનો અને રક્ત-રસાયનોમાં પરિવર્તન થાય છે તેવી જ રીતે આત્મામાં વિકારી ભાવોનાં કારણે જડ-કર્મ વર્ગણાનાં પુદ્ગલ કર્મરૂપમાં પરિણત થઈ જાય છે. માટે દ્રવ્ય કર્મ અને ભાવ-કર્મ પણ પરસ્પર સાપેક્ષ છે. પં. સુખલાલજી લખે છે કે ભાવ-કર્મના હોવાથી દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્ય-કર્મના હોવાથી ભાવ-કર્મ નિમિત્ત છે. બંનેનો પરસ્પરમાં બીજાંકુરની જેમ સંબંધ છે. જે પ્રમાણે બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ ઉત્પન્ન થાય છે એમાં કોઈને પણ પૂર્વાપર કહી શકતા નથી. તેવી જ રીતે આમાં પણ કોઈને પણ પૂર્વાપરનો નિશ્ચય થઈ શકતો નથી. પ્રત્યેક દ્રવ્ય કર્મની અપેક્ષાએ ભાવકર્મ પ્રથમ હશે તથા પ્રત્યેક ભાવકર્મની અપેક્ષાએ દ્રવ્ય-કર્મ પ્રથમ હશે.

દ્રવ્ય-કર્મ અને ભાવ-કર્મની આ અવધારણાનાં આધાર પર જૈન કર્મ-સિદ્ધાંત કર્મનાં ભાવાત્મક પક્ષ પર વધારે બળ આપતા હોવા છતાં પણ જડ અને ચેતનના મધ્યે એક વાસ્તવિક સંબંધ બનાવવાનો પ્રયાસ કરે છે. કર્મ જડ જગત અને ચૈતન્ય જગતને જોડવાનું માધ્યમ છે. જ્યાં એક તરફ સાંખ્ય-યોગ દર્શનનાં અનુસાર કર્મ પૂર્ણતઃ જડ પ્રકૃતિથી સંબંધિત છે. માટે તેના અનુસાર તે પ્રકૃતિ જ છે જે બંધનમાં આવે છે અને મુક્ત થાય છે. તે જ બીજી તરફ બૌદ્ધ-દર્શનના અનુસાર કર્મ સંસ્કાર રૂપ છે. માટે તે ચૈતન્ય છે. એટલા માટે તેને માનવું પડે છે કે ચેતના જ બંધન અને મુક્તિનું કારણ છે. પરંતુ જૈન વિચારક એ એકાંગી દષ્ટિકોણથી સંતુષ્ટ થયેલ નથી. એના અનુસાર સંસારનો અર્થ છે : જડ અને ચેતનનો પારસ્પરિક બંધન કે તેની પારસ્પરિક પ્રભાવ-શીલતા તથા મુક્તિનો અર્થ છે : જડ અને ચેતનની એકબીજાના પ્રભાવિત કરવાના સામર્થ્યનું અર્થાત્ શક્તિનું સમાપ્ત થઈ જવું.

**મૂર્ત કર્મનો અમૂર્ત આત્મા પર પ્રભાવ :**

એ પણ સત્ય છે કે કર્મ મૂર્ત છે અને તે અમારી ચેતનાને પ્રભાવિત કરે છે. જેમ મૂર્ત ભૌતિક વિષયોનું ચેતન વ્યક્તિથી સંબંધ થવાથી સુખ દુઃખ આદિનો અનુભવ કે વેદના થાય છે. તેવી જ રીતે કર્મનાં પરિણામ સ્વરૂપથી પણ વેદના થાય છે માટે તે મૂર્ત છે. પરંતુ દાર્શનિક દષ્ટિથી એ પ્રશ્ન કરી શકાય છે કે જો કર્મ મૂર્ત છે તો તે અમૂર્ત આત્મા પર પ્રભાવ કેવી રીતે પાડી શકે ? જે પ્રમાણે વાયુ અને અગ્નિ અમૂર્ત આકાશ પર કોઈપણ પ્રકારનો પ્રભાવ નાખી

૧. પં. સુખલાલ સંઘવી, દર્શન અને ચિંતન, પૃ. ૨૨૪

૨. આચાર્ય નેમિચંદ્ર ગોમ્મટસાર, કર્મકાંડ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકતા નથી. તે જ પ્રમાણે કર્મનો અમૂર્ત આત્મા પર પણ કોઈ પ્રભાવ હોઈ શકતો નથી. જૈન દાર્શનિક એવુ માને છે કે જેમ અમૂર્ત જ્ઞાનાદિ ગુણો પર મૂર્ત મદિરાદિનો પ્રભાવ પડે છે. તેવી જ રીતે અમૂર્ત જીવ પર પણ મૂર્ત કર્મનો પ્રભાવ પડે છે. ઉપરનાં પ્રશ્નનો બીજી રીતે તર્ક-સંગત અને નિર્દોષ સમાધાન એ પણ છે કે કર્મના સંબંધથી આત્મા કદાચિત્ મૂર્ત પણ છે. કારણકે સંસારી આત્મા અનાદિકાળથી કર્મદ્રવ્યથી સંબંધિત છે. એ અપેક્ષાથી આત્મા સર્વથા અમૂર્ત નથી. પરંતુ કર્મથી સંબંધ હોવાના કારણે સ્વરૂપથી અમૂર્ત હોવા છતાં પણ વાસ્તવમાં કદાચિત્ મૂર્ત છે. એ દૃષ્ટિથી પણ આત્મા પર મૂર્ત કર્મનો ઉપઘાત, અનુગ્રહ અને પ્રભાવ પડે છે. વાસ્તવમાં જેના પર કર્મ-સિદ્ધાંતનો નિયમ લાગુ પડે છે તે વ્યક્તિત્વ અમૂર્ત નથી અમારું વર્તમાન વ્યક્તિત્વ શરીર (ભૌતિક) અને આત્મા (અભૌતિક)નો એક વિશિષ્ટ સંયોગ છે. શરીરી આત્મા ભૌતિક બાહ્ય તથ્યોથી અપ્રભાવિત રહી શકતા નથી. જ્યાં સુધી આત્મા-શરીર (કર્મ-શરીર)નાં બંધનથી મુક્ત થતી નથી ત્યાં સુધી તે પોતાને ભૌતિક પ્રભાવોથી પૂર્ણતઃ અપ્રભાવિત રાખી શકતી નથી. મૂર્ત શરીરનાં માધ્યમથી જ તેના પર મૂર્ત કર્મનો પ્રભાવ પડે છે.

આત્મા અને કર્મ-વર્ગણાઓમાં વાસ્તવિક સંબંધ સ્વીકાર કરવાથી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે મુક્ત અવસ્થામાં પણ જડ કર્મ વર્ગણાઓ આત્માને પ્રભાવિત કર્યા વગર રહેતી નથી. કારણકે મુક્તિક્ષેત્રમાં પણ કર્મ-વર્ગણાઓનું અસ્તિત્વ તો છે જ. આના સંદર્ભમાં જૈન આચાર્યોનો ઉત્તર એ છે કે જે પ્રમાણે કાદવમાં પડેલ લોખંડને જંગ લાગે છે, પરંતુ સ્વર્ણને નહિ, તેજ પ્રમાણે જડ-કર્મ પુદ્ગલ આત્માને વિકારી બનાવી શકે છે. જે રાગ-દ્વેષથી અશુદ્ધ છે. વાસ્તવમાં જ્યાં સુધી આત્મા ભૌતિક શરીરથી યુક્ત હોય છે. ત્યાં સુધી કર્મ-વર્ગણાના પુદ્ગલ તેને પ્રભાવિત કરી શકે છે. આત્મામાં પૂર્વથી ઉપસ્થિત કર્મ-વર્ગણાના પુદ્ગલ જ બાહ્ય જગતના કર્મ-વર્ગણાઓને આકર્ષિત કરી શકે છે. મુક્ત અવસ્થામાં આત્મા અશરીરી હોય છે. માટે તેને કર્મવર્ગણાનાં પુદ્ગલ પ્રભાવિત કરવામાં સમર્થ થતા નથી.

**કર્મ અને એના વિપાકની પરમ્પરા :**

કર્મ અને તેના વિપાકની પરંપરાથી જ આ સંસાર ચક્ર પ્રવર્તિત થાય છે. દાર્શનિક દૃષ્ટિથી એ પ્રશ્ન મહત્વપૂર્ણ છે કે કર્મ અને આત્માનો સંબંધ કયારથી થયો ? જો અમે એ સંબંધ સાદિ અર્થાત્ કાળ વિશેષમાં થયો એવું માનીએ છીએ તો એ માનવું પડશે કે એના પહેલાં આત્મા મુક્ત હતી. જો મુક્ત આત્માને બંધનમાં આવવાની સંભાવના હોય તો પછી મુક્તિનું કોઈ મૂલ્ય જ ન રહે. જો એવુ મનાય કે આત્મા અનાદિકાળથી બંધનમાં છે તો પછી એ માનવુ પડશે કે જો બંધન અનાદિ છે તો તે અનંત પણ હશે. એવી સ્થિતિમાં મુક્તિની સંભાવના જ સમાપ્ત થઈ જશે.

જૈન દાર્શનિકોએ આ સમસ્યાનું સમાધાન એ રૂપમાં કર્યું છે કે કર્મ અને વિપાકની આ પરંપરા કર્મ વિશેષની અપેક્ષાથી તો સાદિ અને શાન્ત છે. પરંતુ પ્રવાહની અપેક્ષાથી અનાદિ અને અનંત છે. ફરીથી કર્મ અને વિપાકની પરંપરાનો આ પ્રવાહ પણ વ્યક્તિ વિશેષની દૃષ્ટિથી અનાદિ છે. અનંત નથી. કારણકે પ્રત્યેક કર્મ પોતાના બંધનની દૃષ્ટિથી સાદિ છે. કદાચ વ્યક્તિ નવીન કર્મોનું આગમન રોકી શકે તો એ પરંપરા સ્વયમેવ જ સમાપ્ત થઈ જશે. કારણ કે કર્મ-વિશેષ તો સાદિ છે જ અને જે સાદિ છે તે ક્યારેક સમાપ્ત થશે જ.

જૈન દાર્શનિકોના અનુસાર રાગ-દ્વેષ રૂપી કર્મબીજનો નાશ થવા પર કર્મ પ્રવાહની પરંપરા સમાપ્ત થઈ જાય છે. કર્મ અને વિપાકની પરંપરાના સંબંધમાં કદાચ એક એવો દૃષ્ટિકોણ છે જેના આધાર પર બંધનનું અનાદિત્ય અને મુક્તિથી અનાવૃત્તિની સમુચિત વ્યાખ્યા સંભવ છે.

**કર્મફળ સંવિભાગનો પ્રશ્ન :**

શું એક વ્યક્તિ પોતાના શુભાશુભ કર્મોનું ફળ બીજાને આપી શકે છે કે નહિ અથવા બીજાનાં કર્મોનું ફળ તેને પ્રાપ્ત થાય છે કે નહિ, એ દાર્શનિક દૃષ્ટિથી એક મહત્વપૂર્ણ પ્રશ્ન છે. ભારતીય ચિંતનમાં હિંદુ પરંપરા માને છે કે વ્યક્તિના શુભાશુભ કર્મોનું ફળ તેના પૂર્વજો અને સંતાનોને મળી શકે છે. આ પ્રમાણે તે એ સિદ્ધાંતને માને છે કે કર્મફળનું સંવિભાગ સંભવ છે.[૧] આનાથી વિપરીત બૌદ્ધ પરંપરા કહે છે કે વ્યક્તિના પુણ્ય કર્મનું જ સંવિભાગ થઈ

૧. સાગરમલ જૈન, કર્મ-સિદ્ધાંતનું તુલનાત્મક અધ્યયન. પૃ. ૧૭-૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે છે પાપકર્મનું નહિ. કારણ કે પાપકર્મમાં તેની અનુમતિ હોતી નથી. ફરીથી તેના અનુસાર પાપ સીમિત હોય છે. માટે તેનો સંવિભાગ થઈ શકતો નથી. પરંતુ પુણ્યના અપરિમિત હોવાથી તેનો સંવિભાગ સંભવ છે.[૧] પરંતુ આ સંબંધમાં જૈનોનો દૃષ્ટિકોણ ભિન્ન છે. એના અનુસાર વ્યક્તિ પોતાના કર્મોના ફળ-વિપાક બીજાને આપી શકતા નથી અને ન તો બીજાનાં શુભાશુભ કર્મોનું ફળ તેને મળી શકે. જૈન દાર્શનિક સ્પષ્ટ રૂપથી એ કહે છે કે કર્મ અને તેનો વિપાક વ્યક્તિના પોતાના સ્વકૃત હોય છે.[૨]

જૈન કર્મ સિદ્ધાંતમાં કર્મફળ સંવિભાગનો અર્થ સમજવા માટે આપણે નિમિત્ત કારણ અને ઉપાદાન કારણના ભેદને સમજવા જોઈએ. બીજા વ્યક્તિ અમારા સુખ-દુઃખમાં અને બીજાના સુખ-દુઃખમાં અમે નિમિત્ત થઈ શકીએ છીએ. પરંતુ ભોક્તા અને કર્તા તો તે જ હોય છે. માટે ઉપાદાનની દૃષ્ટિથી તો કર્મ અને તેનો વિપાક અર્થાત્ સુખ-દુઃખનો અનુભવ સ્વકૃત છે. નિમિત્તની દૃષ્ટિથી તેને પરકૃત કહી શકાય છે. પરંતુ નિમિત્ત પોતે પોતાનામાં મહત્ત્વપૂર્ણ નથી. કારણકે કર્મ સંકલ્પ તો અમારૂ પોતાનું જ હોય છે. અને કર્મમાં વિપાકની અનુભૂતિ પણ અમારી જ હોય છે. માટે ઉપાદાન કારણની દૃષ્ટિથી તો કર્મ અને તેના વિપાકમાં સંવિભાગ સંભવ નથી. બીજા વ્યક્તિ અમને ન તો સુખી કે દુઃખી કરી શકે છે અને ન તો અમે બીજાને સુખી કે દુઃખી કરી શકીએ. અમે વધારેમાં વધારે બીજાનાં સુખ- દુઃખનાં નિમિત્ત બની શકીએ છીએ. પરંતુ એવી નિમિત્તતા તો ભૌતિક પદાર્થોનાં સંદર્ભમાં પણ થાય છે. સત્યતો એ છે કે કર્મ અને તેનો વિપાક બંને જ વ્યક્તિનાં પોતાના હોય છે.

કર્મ-સિદ્ધાંતની દૃષ્ટિથી એ પ્રશ્ન પણ મહત્વપૂર્ણ છે કે શું જે કર્મોનો બંધ કરેલ છે. તેનો વિપાક વ્યક્તિને ભોગવવાનો જ હોય છે. જૈન કર્મ-સિદ્ધાંતમાં કર્મોને બે વિભાગોમાં વહેંચેલ છે. ૧. નિયતવિપાકી અને ૨. અનિયતવિપાકી. કેટલાક કર્મ એવા છે કે જેનો જે ફળ-વિપાકને લઈને બંધ કરેલ છે. એજ રૂપમાં તેના ફળના વિપાકનું વેદન કરવું પડે છે. પરંતુ એનાથી અલગ કેટલાક કર્મ એવા પણ હોય છે જેના વિપાકનું વેદન તે જ રૂપમાં કરવાનું હોતુ નથી. જે રૂપમાં તેનો બંધ થાય છે. જૈન કર્મ-સિદ્ધાંત માને છે કે જે કર્મ તીવ્ર કષાયોથી ઉદ્‌ભૂત થાય છે. તેનો બંધ પણ પ્રગાઢ થાય છે અને વિપાક પણ નિયત થાય છે. પારંપરિક શબ્દાવલીમાં તેને નિકાચિત કહેવામાં આવે છે. એના વિપરીત જે કર્મોનાં સંપાદનનાં પાછળ કષાયભાવ અલ્પ હોય છે. તેનું બંધન શિથીલ હોય છે અને તેના વિપાકનું સંવેદન આવશ્યક હોતુ નથી. તે તપ અને પશ્ચાત્તાપના દ્વારા પોતાનું ફળ-વિપાક આપ્યા વગર જ સમાપ્ત થઈ જાય છે.

વૈયક્તિક દૃષ્ટિથી સર્વ આત્માઓમાં કર્મ-વિપાક પરિવર્તન કરવાની ક્ષમતા હોતી નથી. ફક્ત એ જ વ્યક્તિ જે આધ્યાત્મિક ઉંચાઈ પર સ્થિત છે તે કર્મ વિપાકમાં પરિવર્તન કરી શકે છે. ફરીથી તે પણ તે જ કર્મોના વિપાકને અન્યથા કરી શકે છે જેનો બંધ અનિયત વિપાકી કર્મમાં રૂપમાં થયેલ છે. નિયત વિપાકી કર્મોનો ભોગ તો અનિવાર્ય છે. આ પ્રમાણે જૈન કર્મ-સિદ્ધાંત પોતાને નિયતિવાદ અને યદચ્છાવાદ બંનેને એકાંગિકતાથી બચાવે છે.

વસ્તુતઃ કર્મ સિદ્ધાંતમાં કર્મ-વિપાકની નિયતતા અને અનિયતતાના વિરોધી ધારણાઓનાં સમન્વયના અભાવમાં નૈતિક જીવનની યથાર્થ વ્યાખ્યા સંભવ હોતી નથી. જો એકાંત રૂપથી કર્મ-વિપાકની નિયતતાનો સ્વીકાર કરાય છે તો નૈતિક આચરણનું જો નિષેધાત્મક રૂપમાં થોડુંક સામાજિક મૂલ્ય બની રહે, પરંતુ તેનો વિધાયક મૂલ્ય તો પૂર્ણતઃ સમાપ્ત થઈ જાય છે. કારણકે નિયત ભવિષ્યના બદલવાનું સામર્થ્ય નૈતિક જીવનમાં રહેતુ નથી. બીજુ જો કર્મોને પૂર્ણરૂપથી અનિયત વિપાકી માનવામાં આવે તો નૈતિક વ્યવસ્થાનો કોઈ અર્થ રહેતો નથી. વિપાકની પૂર્ણ નિયતતા માનવાથી નિર્ધારણવાદ અને વિપાકની પૂર્ણ અનિયતતા માનવાથી અનિર્ધારણવાદની સંભાવના થશે. પરંતુ બંનેની ધારણાઓ એકાંતિક રૂપમાં નૈતિક જીવનની વ્યાખ્યા કરવામાં અસમર્થ છે. માટે કર્મ-વિપાકની આંશિક નિયતતા જ એક તર્ક-સંગત દૃષ્ટિકોણ છે. જે નૈતિક દર્શનની સમ્યક્ વ્યાખ્યા પ્રસ્તુત કરે છે.

---

૧. (અ) મહાભારત :શાંતિપર્વ (ગીતા પ્રેસ, ગોરખપુર) પૃ. ૧૨૯
(બ) તિલક, લોકમાન્ય બાલગંગાધર, ગીતારહસ્ય, પૃ. ૨૬૮
૨. આચાર્ય નરેન્દ્રદેવ, બૌદ્ધ ધર્મ દર્શન. પૃ. ૨૭૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કર્મની વિભિન્ન અવસ્થાઓ :[1]

જૈન દર્શનમાં કર્મોની વિભિન્ન અવસ્થાઓ પર ચિંતન થયેલ છે. અને બતાવેલ છે કે કર્મનાં બંધ અને વિપાક (ઉદય)ના વચમાં કઈ-કઈ અવસ્થાઓ ઘટિત થઈ શકે છે. ફરીથી તે કેટલી સીમા સુધી આત્મ સ્વાતંત્ર્યને કુંઠિત કરે છે. અથવા કેટલી સીમા સુધી આત્મ-સ્વાતંત્ર્યને અભિવ્યક્ત કરે છે. આની ચર્ચા પણ કરેલ છે. તે અવસ્થાઓ નીચે પ્રમાણે છે -

૧. **બંધ :** કષાય અને યોગનાં ફળસ્વરૂપ કર્મ-વર્ગણાનાં પુદ્‌ગલોનો આત્મ-પ્રદેશોથી જે સંબંધ સ્થાપિત થાય છે. તેને બંધ કહેવામાં આવે છે.

૨. **સંક્રમણ :** એક કર્મનાં અનેક અવાન્તર ભેદ હોય છે. જૈન કર્મ-સિદ્ધાન્તનાં અનુસાર કર્મનો એક ભેદ પોતાના સજાતીય બીજા ભેદમાં બદલી શકે છે. અવાન્તર કર્મ-પ્રકૃતિઓનાં આ અદલ-બદલને સંક્રમણ કહેવાય છે. સંક્રમણમાં આત્મા પૂર્વબદ્ધ કર્મ-પ્રકૃતિનાં નવીન કર્મ-પ્રકૃતિનો બંધ કરતી વખતે રૂપાન્તરણ કરે છે. ઉદાહરણના રૂપમાં પૂવબદ્ધ દુઃખદ સંવેદન રૂપ અશાતાવેદનીય કર્મનાં નવીન શાતાવેદનીય કર્મનો બંધ કરતી વખતે શાતાવેદનીય કર્મનાં રૂપમાં સંક્રમણ કરી શકાય છે. સંક્રમણની આ ક્ષમતા આત્માની પવિત્રતાની સાથે વધે છે. આત્મા જેટલી પવિત્ર હોય છે. તેમાં સંક્રમણની ક્ષમતા પણ એટલી જ વધારે હોય છે. આત્મામાં કર્મ-પ્રકૃતિઓનાં સંક્રમણનું સામર્થ્ય એમ બતાવ્યો છે- કે જ્યાં અપવિત્ર આત્માઓ પરિસ્થિતિઓની દાસ હોય છે. તે જ પવિત્ર આત્મા પરિસ્થિતિઓની સ્વામી હોય છે. અહીં એ પણ ખ્યાલમાં છે કે પ્રથમ તો મૂળ કર્મ-પ્રકૃતિઓનું એક બીજામાં ક્યારે પણ સંક્રમણ થતું નથી. જેમ જ્ઞાનાવરણ દર્શનાવરણમાં બદલાતુ નથી. માત્ર એટલું જ નહીં દર્શનમોહ કર્મ, ચારિત્રમોહકર્મ અને આયુષ્ય કર્મની અવાન્તર પ્રકૃતિઓનું પણ પરસ્પર સંક્રમણ થતુ નથી.

૩. **ઉદ્‌વર્તના :** નવીન બંધ કરતી વખતે આત્મા પૂર્વબદ્ધ કર્મોની કાળ-મર્યાદા (સ્થિતિ) અને તીવ્રતા (અનુભાગ)ને વધારી પણ શકે છે. કાળ-મર્યાદા અને તીવ્રતાને વધારવાની એ પ્રક્રિયાને ઉદ્‌વર્તના કહેવામાં આવે છે.

૪. **અપવર્તના :** નવીન બંધ કરતી વખતે પૂર્વબદ્ધ કર્મોની કાળ-મર્યાદા (સ્થિતિ) તીવ્રતા (અનુભાગ)ને ઘટાડી પણ શકાય છે. તેને અપર્વતના કહે છે.

૫. **સત્તા :** કર્મના બદ્ધ થયા પછી તથા તેના વિપાકના પૂર્વ વચ્ચેની અવસ્થા સત્તા કહેવાય છે. સત્તાકાળ માં કર્મ અસ્તિત્વમાં તો રહે છે. પરંતુ તે સક્રિય થતા નથી.

૬. **ઉદય :** જ્યારે કર્મ પોતાનું ફળ આપવાનું પ્રારંભ કરે છે. તો તે અવસ્થા ઉદય કહેવાય છે. ઉદય બે પ્રકારના માનેલ છે- ૧. વિપાકોદય અને ૨. પ્રદેશોદય. કર્મનું પોતે પોતાને ફળની ચેતન અનુભૂતિ કરાવ્યા વગર નિર્જરિત થવુ પ્રદેશોદય કહેવાય છે. જેમ અચેતન અવસ્થામાં શલ્ય ક્રિયાની વેદનાની અનુભૂતિ થતી નથી. પરંતુ વેદનાની ઘટના ઘટિત થાય છે. તે પ્રમાણે પોતાના ફળાનુભૂતિ કરાવ્યા વગર જે કર્મ પરમાણુ આત્માથી નિર્જરિત થાય છે તેનો ઉદય પ્રદેશોદય થાય છે. આનાથી વિપરીત જે કર્મોની પોતાના વિપાકનાં સમયે ફળાનુભૂતિ થાય છે. તેનો ઉદય વિપાકોદય કહેવાય છે. જ્ઞાતવ્ય છે કે વિપાકોદયમાં પ્રદેશોદય અનિવાર્ય રૂપથી થાય છે પરંતુ પ્રદેશોદયમાં વિપાકોદય હોય, તે આવશ્યક નથી.

૭. **ઉદીરણા :** પોતાના નિયતકાળથી (પૂર્વ જ) પહેલા જ પૂર્વબદ્ધ કર્મોને પ્રયાસપૂર્વક ઉદયમાં લાવીને તેના ફળોને ભોગવવું ઉદીરણા છે. જ્ઞાતવ્યછે કે જે કર્મ-પ્રકૃતિનો ઉદય કે ભોગ ચાલી રહ્યો છે તે તેની સજાતીય કર્મ-પ્રકૃતિની જ ઉદીરણા સંભવ હોય છે.

૮. **ઉપશમન :** ઉદયમાં આવી રહેલા કર્મોના ફળ આપવાની શક્તિને થોડા સમય માટે દબાવી દેવુ અથવા કાળ વિશેષના માટે તેને ફળ આપવાથી અસમર્થ બનાવી દેવુ તે ઉપશમન છે. ઉપશમનમાં કર્મની સત્તા

---

૧. (ક) જુઓ - ઉત્તરાધ્યયન સૂત્ર સંપાદક મધુકર મુનિ. ૪/૪ ૨૩/૧૧
(ખ) ભગવતી સૂત્ર, ૧/૨/૬૪.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાપ્ત થતી નથી. માત્ર તેને કાળ-વિશેષના માટે ફળ આપવામાં (અક્ષમ) અસમર્થ બનાવી દેવાય છે. આમાં કર્મ રાખથી દબાયેલ અગ્નિ સમાન નિષ્ક્રિય થઈને સત્તામાં બની રહે છે.

૯. **નિધત્તિ :** કર્મની તે અવસ્થા નિધત્તિ છે. જેમાં કર્મ ન તો પોતે અવાન્તર ભેદોમાં રૂપાન્તરિત કે સંક્રમિત થઈ શકે છે અને ન તો પોતાનું ફળ પ્રદાન કરી શકે છે. પરંતુ કર્મોની સમય-મર્યાદા અને વિપાક-તીવ્રતા(પરિમાણ)ને ઓછું-વધારે કરી શકાય છે. અર્થાત્ આ અવસ્થામાં ઉત્કર્ષણ અને અપકર્ષણ સંભવ છે. સંક્રમણ નહી.

૧૦. **નિકાચના :** કર્મોનું બંધન એટલુ પ્રગાઢ થવુ કે તેની કાળ-મર્યાદા અને તીવ્રતામાં કોઈ પણ પરિવર્તન કરી ન શકાય અને ન તો સમયથી પૂર્વ તેનો ભોગ કરી શકાય. તેને નિકાચિત કહેવાય છે. આ દશામાં કર્મનું જે રૂપમાં બંધન થયેલ છે. તેને તે રૂપમાં અનિવાર્યતયા ભોગવવુ જ પડે છે.

આ પ્રમાણે જૈન કર્મ સિદ્ધાંતમાં કર્મના ફળવિપાકની નિયતતા અને અનિયતતાને સમ્યક્ પ્રકારથી સમન્વિત કરવાનો પ્રયાસ કર્યો છે. તથા એ બતાવેલ છે કે જેમ-જેમ આત્મા કષાયોથી મુક્ત થઈને આધ્યાત્મિક વિકાસની દિશામાં વધે છે. તેમ-તેમ કર્મના ફળ-વિપાકની નિયતતાને સમાપ્ત કરવામાં સક્ષમ થતા જાય છે. કર્મ કેટલા પણ બળવાન હશે એ વાત માત્ર કર્મના બળ પર નિર્ભર નથી. પરંતુ આત્માની પવિત્રતા પર નિર્ભર છે. આ અવસ્થાઓનું ચિત્ર એ પણ બતાવે છે કે કર્મોનો વિપાક કે ઉદય એક અલગ સ્થિતિ છે તથા તેનાથી નવીન કર્મોનો બંધ થવો કે ન થવો એ એક અલગ સ્થિતિ છે. કષાય યુક્ત પ્રમત્ત આત્મા કર્મોનાં ઉદયમાં નવીન કર્મોનો બંધ કરે છે. એનાથી વિપરીત કષાય-મુક્ત અપ્રમત્ત આત્મા કર્મોનાં વિપાકમાં નવીન કર્મોનો બંધ કરતા નથી. માત્ર પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**જૈનદર્શનમાં કર્મ-અકર્મ વિચાર :**

કર્મના યથાર્થ સ્વરૂપને સમજવા માટે તેના પર બે દષ્ટિઓથી વિચાર કરી શકાય છે -

૧. તેની બંધનાત્મક શક્તિના આધાર પર અને

૨. તેની શુભાશુભતાનાં આધાર પર.

બંધનાત્મક શક્તિનાં આધાર પર વિચાર કરવાથી જાણવા મળે છે કે કેટલાક કર્મ બંધનમાં નાખે છે અને કેટલાક કર્મ બંધનમાં નાખતા નથી. બંધન કર્મોને કર્મ અને અબંધક કર્મોને અકર્મ કહેવાય છે. જૈન દર્શનમાં કર્મ અને અકર્મના યથાર્થ સ્વરૂપનું વિવેચન અમને સર્વપ્રથમ આચારાંગ અને સૂત્રકૃતાંગમાં મળે છે. સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે કેટલાક કર્મ અને અકર્મને વીર્ય (પુરૂષાર્થ) કહેવામાં આવે છે.[૧] એનું તાત્પર્ય એ છે કે કેટલાક વિચારકોની દષ્ટિમાં સક્રિયતા જ પુરૂષાર્થ કે નૈતિકતા છે. જ્યારે બીજા વિચારકોની દષ્ટિમાં નિષ્ક્રિયતા જ પુરૂષાર્થ કે નૈતિકતા છે. આ સંબંધમાં મહાવીર પોતાના દષ્ટિકોણને પ્રસ્તુત કરતા એ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરે છે કે **"કર્મનો અર્થ શરીરાદિની ચેષ્ટા અને અકર્મનો અર્થ શરીરાદિની ચેષ્ટાનો અભાવ"** એવુ ન માનવુ જોઈએ. તે અત્યંત સીમિત શબ્દોમાં કહે છે કે પ્રમાદ કર્મ છે અને અપ્રમાદ અકર્મ છે.[૨] એવું કહીને મહાવીર આ સ્પષ્ટ કરી આપે છે કે અકર્મ નિષ્ક્રિયતા નથી. તે તો સતત જાગરૂકતા છે. અપ્રમત અવસ્થા કે આત્મ-જાગૃતિની દશામાં ક્રિયાશીલતા પણ અકર્મ થઈ જાય છે. જ્યારે પ્રમત્તદશા કે આત્મ-જાગૃતિના અભાવમાં નિષ્ક્રિયતા પણ કર્મ બંધન બની જાય છે. કોઈપણ ક્રિયાનુ બંધકત્વ માત્ર ક્રિયાના થવાથી નથી. પરંતુ તેના પાછળ રહેલ કષાય ભાવો અને રાગ-દ્વેષની સ્થિતિ પર નિર્ભર છે. જૈનદર્શનના અનુસાર રાગ-દ્વેષ અને કષાય જ કોઈપણ ક્રિયાને કર્મ બનાવી દે છે. જ્યારે કષાય અને આસક્તિથી રહિત થઈને કરેલ કર્મ અકર્મ બની જાય છે. મહાવીરે સ્પષ્ટ રૂપથી કહેલ છે કે જે આશ્રવ કે બંધનકારક ક્રિયાઓ છે તેજ અનાશક્તિ અને વિવેકથી સમન્વિત થઈને મુક્તિનું સાધન બની જાય છે.[૩] આ પ્રમાણેજૈન વિચારણામાં કર્મ અને અકર્મ પોતાની બાહ્ય-સ્વરૂપની અપેક્ષાએ કર્તાનાં વિવેક અને મનોવૃત્તિ પર નિર્ભર છે.

---

૧. સૂત્રકૃતાંગ સૂત્ર - ૧/૮/ ૧-૨

૨. તેજ - ૧/૮/૩

૩. આચારાંગ સૂત્ર - ૧/૪/૨/૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈર્યાપથિક કર્મ અને સાંપરાયિક કર્મ :**[1]

જૈનદર્શનમાં બંધનની દૃષ્ટિથી ક્રિયાઓને બે ભાગોમાં વહેંચેલ છે- ૧. ઈર્યાપથિક ક્રિયાઓ (અકર્મ) અને ૨. સાંપરાયિક ક્રિયાઓ (કર્મ). ઈર્યાપથિક ક્રિયાઓ નિષ્કામ વીતરાગ દૃષ્ટિ સંપન્ન વ્યક્તિની ક્રિયાઓ છે, જે બંધનકારક નથી અને સાંપરાયિક ક્રિયાઓ છે જે બંધનકારક છે. સંક્ષેપમાં તે સમસ્ત ક્રિયાઓ જે આશ્રવ અને બંધનું કારણ છે તે કર્મ છે અને તે સમસ્ત ક્રિયાઓ જે સંવર અને નિર્જરાનાં હેતુ છે તે અકર્મ છે. જૈનદૃષ્ટિમાં અકર્મ કે ઈર્યાપથિક કર્મનો અર્થ છે. રાગ-દ્વેષ અને મોહરહિત થઈને માત્ર કર્તવ્ય અથવા શરીર-નિર્વાહનાં માટે કરનાર કર્મ. કર્મનો અર્થ છે- રાગ-દ્વેષ અને મોહથી યુક્ત કર્મ, તે બંધનમાં નાંખે છે. એટલા માટે તે કર્મ છે. જે ક્રિયા વ્યાપાર રાગ-દ્વેષ અને મોહથી રહિત થઈને કર્તવ્ય કે શરીર નિર્વાહના માટે કરવામાં આવે છે તે બંધનનું કારણ નથી. માટે અકર્મ છે. જેને જૈનદર્શનમાં ઈર્યાપથિક ક્રિયાઓ કે અકર્મ કહેવામાં આવે છે તેને બૌદ્ધ પરંપરા અનુપચિત, અવ્યક્ત કે અકૃષ્ણ-અશુક્લ કર્મ કહે છે અને જેને જૈન પરંપરા સાંપરાયિક ક્રિયાઓ કે કર્મ કહે છે. તેને બૌદ્ધ પરંપરા ઉપચિત કર્મ કે કૃષ્ણ-શુક્લ કર્મ કહે છે. આ સંબંધમાં વિસ્તારથી વિચાર કરવો આવશ્યક છે.

**બંધનનાં કારણોમાં મિથ્યાત્વ અને કષાયની પ્રમુખતાના પ્રશ્ન :**[2]

જૈન કર્મ-સિદ્ધાંતનાં ઉદ્ભવ કે વિકાસની ચર્ચા કરતા અમે બંધનના પાંચ સામાન્ય કારણોનો ઉલ્લેખ કરેલ હતો તેવી જ રીતે જૈન ગ્રંથોમાં ભિન્ન - ભિન્ન કર્મોનાં બંધનનાં અલગ-અલગ કારણોની વિસ્તૃત ચર્ચાઓ પણ ઉપલબ્ધ થાય છે. પરંતુ સામાન્ય રૂપથી બંધનનાં ૫ કારણ માનેલ છે- ૧. મિથ્યાત્વ, ૨. અવિરતિ, ૩. પ્રમાદ, ૪. કષાય અને ૫. યોગ.

આ પાંચ કારણોમાં યોગને અર્થાત્ માનસિક, વાચિક કે શારીરિક ક્રિયાઓને બંધનનું કારણ કહેલ છે. પરંતુ અમારે આ સ્મરણ રાખવું જોઈએ કે જો પૂર્વના ચારનો અભાવ હોય તે માત્ર યોગથી કર્મ વર્ગણાઓનો આશ્રવ થઈને, જે બંધ થશે, તે ઈર્યાપથિક બંધ કહેવાય છે. તેના સંદર્ભમાં કહેવાયુ છે કે તેના પ્રથમ સમયમાં બંધ થાય છે અને બીજા સમયમાં નિર્જરા થાય છે. ઈર્યાપથિક બંધ પણ તેવો જ છે. જેમ ચાલતા સમયે શુભ્ર આર્દ્રતાથી રહિત કપડા પર પડેલ રેતીના કણ જે ગતિની પ્રક્રિયામાં આવે છે અને પાછા અલગ પણ થઈ જાય છે. તે બંધ વાસ્તવિક બંધ નથી. માટે અમે સમજીએ છીએ કે આ પાંચ કારણોમાં યોગ મહત્વપૂર્ણ કારણ નથી. કદાચ અવિરતી, પ્રમાદ અને કષાયને અલગ-અલગ કારણ કહ્યા છે. પરંતુ એમાં પણ બહુ અંતર નથી જ્યારે અમે પ્રમાદને વ્યાપક અર્થમાં લઈએ છીએ ત્યારે કષાયોનો અંતર્ભાવ પ્રમાદમાં થઈ જાય છે. બીજા કષાયોની ઉપસ્થિતિમાં જ પ્રમાદ સંભવ થાય છે. તેની અનુપસ્થિતિમાં પ્રમાદ સામાન્યતયા તો રહેતા જ નથી અને રહે તો પણ અતિ નિર્બળ હોય છે. આ પ્રમાણે અવિરતિના મૂળમાં પણ કષાય જ હોય છે. જો અમે કષાયને વ્યાપક અર્થમાં લઈએ તો અવિરતિ અને પ્રમાદ બંને તેમાં જ અંતર્ભાવિત થઈ જાય છે. માટે બંધનમાં બે જ પ્રમુખ કારણ શેષ રહે છે. મિથ્યાત્વ અને કષાય.

મિથ્યાત્વ અને કષાયમાં કયુ પ્રમુખ કારણ છે. તે વર્તમાન યુગમાં એક બહુ જ ચર્ચિત વિષય છે. આ સંદર્ભમાં પક્ષ અને પ્રતિપક્ષમાં પર્યાપ્ત લેખ લખાયેલ છે. આચાર્ય વિદ્યાસાગરજી તેમજ તેના સમર્થક વિદ્વાન વર્ગનું કહેવુ છે કે મિથ્યાત્વ અલ્પ છે અને કષાય જ બંધનનું પ્રમુખ કારણ છે. કારણકે કષાયની ઉપસ્થિતિનું કારણ જ મિથ્યાત્વ હોય છે. કાનજીસ્વામી સમર્થક બીજા વર્ગનું કહેવું છે કે મિથ્યાત્વ જ બંધનનું પ્રમુખ કારણ છે. વાસ્તવમાં આ વિવાદ પોત-પોતાના એકાંગી દૃષ્ટિકોણોનું કારણ છે. કષાય અને મિથ્યાત્વ એ બંને જ અન્યોન્યાશ્રિત છે. કષાયનાં અભાવમાં મિથ્યાત્વની સત્તા રહેતી નથી અને ન તો મિથ્યાત્વનાં અભાવમાં કષાય રહે છે. મિથ્યાત્વ ત્યારે જ સમાપ્ત થાય છે જ્યારે અનંતાનુબંધી કષાયો સમાપ્ત થાય છે અને કષાયો પણ ત્યારે જ સમાપ્ત થવા લાગે છે જ્યારે મિથ્યાત્વનો પ્રહાણ (સમાપ્ત) થાય છે તે તાપ અને પ્રકાશના સમાન સહજીવી છે. એમાં એકનાં અભાવમાં બીજાની સત્તા ક્ષીણ થવા લાગે છે. તેવી જ રીતે મિથ્યાત્વ, અજ્ઞાન અને મોહના પર્યાયવાચી છે. આવેગો અર્થાત્ કષાયોની ઉપસ્થિતિમાં જ મોહ કે મિથ્યાત્વ સંભવ

---

૧. જૈન કર્મ સિદ્ધાંતનું તુલનાત્મક અધ્યયન, ડૉ. સાગરમલ જૈન, પૃ. ૫૨-૫૫

૨. તેજ, પૃ. ૬૧-૬૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. વાસ્તવિકતા એ છે કે મોહ (મિથ્યાત્વ)થી કષાય ઉત્પન્ન થાય છે અને કષાયોનાં કારણે જ મોહ (મિથ્યાત્વ) હોય છે. માટે કષાય અને મિથ્યાત્વ અન્યોન્યાશ્રિત છે અને બીજ તેમજ વૃક્ષની જેમજ આમાંથી કોઈની પણ પૂર્વકોટિ નિર્ધારિત કરી શકાતી નથી.

જો અમે આ જ પ્રશ્ન પર બૌદ્ધ દષ્ટિથી વિચાર કરીએ તો તેમાંથી સામાન્યતયા લોભ (રાગ) દ્વેષ અને મોહને બંધનનું કારણ કહેવાયું છે. બૌદ્ધ પરંપરામાં પણ આને પરસ્પર સાપેક્ષ જ માનેલ છે. મોહને બૌદ્ધ પરંપરામાં અવિદ્યા પણ કહેવાય છે. બૌદ્ધ વિચારણા એ માને છે કે અવિદ્યા (મોહ)ના કારણે તૃષ્ણા (રાગ) થાય છે- અને તૃષ્ણાના કારણે મોહ થાય છે. આચાર્ય નરેન્દ્રદેવ લખે છે કે લોભ અને દ્વેષનો હેતુ મોહ છે. પરંતુ પર્યાયથી લોભ તેમજ મોહ પણ દ્વેષનો હેતુ છે. બૌદ્ધ-દર્શનમાં પણ જૈન દર્શનની જેમજ અવિદ્યા અને તૃષ્ણાને અન્યોન્યાશ્રિત માનેલ છે અને બતાવ્યું છે કે આમાંથી કોઈપણ પૂર્વકોટિ નિર્ધારિત કરવી સંભવ નથી. સાંખ્ય અને યોગર્શનમાં કલેશ કે બંધનનાં પાંચ કારણ છે- અવિદ્યા, અહંકાર, રાગ-દ્વેષ, અભિનિવેશ. આમાં પણ અવિદ્યા પ્રમુખ છે. શેષ ચારેય તેના પર આધારિત છે. ન્યાયદર્શન પણ જૈન અને બૌદ્ધોના સમાન જ રાગ-દ્વેષ અને મોહને બંધનનું કારણ માને છે. આ પ્રમાણે લગભગ બધા દર્શન પ્રકારાન્તરથી રાગ-દ્વેષ અને મોહ (મિથ્યાત્વ)ને બંધનનું કારણ માને છે.

**બંધનમાં ચાર પ્રકારોથી બંધનોનાં કારણનો સંબંધ :**[૧]

જૈન કર્મ-સિદ્ધાંતમાં બંધનનાં ચાર પ્રકાર કહ્યાં છે- ૧. પ્રકૃતિબંધ, ૨. પ્રદેશબંધ, ૩. સ્થિતિબંધ અને ૪. અનુભાગ બંધ.

૧. **પ્રકૃતિ-બંધ :** બંધનના સ્વભાવનું નિર્ધારણ પ્રકૃતિ-બંધ કરે છે તે એ નિશ્ચય કરે છે કે કર્મ-વર્ગણાનાં પુદ્‌ગલ આત્માની જ્ઞાન, દર્શન આદિ કંઈ શક્તિને આવૃત્ત કરશે.

૨. **પ્રદેશ-બંધ :** એ કર્મ-પરમાણુઓની આત્માની સાથે સંયોજિત થનારી માત્રાનું નિર્ધારણ કરે છે માટે તે માત્રાત્મક હોય છે.

૩. **સ્થિતિ-બંધ :** કર્મ-પરમાણુ કેટલા સમય સુધી આત્માની સાથે સંયોજીત રહેશે અને ક્યારે નિર્જરા થશે, એ કાળ-મર્યાદાનો નિશ્ચય સ્થિતિબંધ કરે છે. માટે તે બંધનની સમય મર્યાદાનું સૂચક છે.

૪. **અનુભાગ-બંધ :** કર્મોના બંધન અને વિપાકની તીવ્રતા અને મંદતાનો નિશ્ચય કરવો એ અનુભાગ-બંધનું કાર્ય છે. બીજા શબ્દોમાં એ બંધનની તીવ્રતા કે ગહનતાનું સૂચક છે.

ઉપરનાં ચાર પ્રકારનાં બંધનોમાં પ્રકૃતિ-બંધ અને પ્રદેશ-બંધનો સંબંધ મુખ્યત્વે યોગ અર્થાત્ કાયિક, વાચિક અને માનસિક ક્રિયાઓથી છે. જ્યારે બંધનની તીવ્રતા (અનુભાગ) અને સમયાવધિ (સ્થિતિ)નો નિશ્ચય કર્મની પાછળ રહેલ કષાય-વૃત્તિ અને મિથ્યાત્વ પર આધારિત હોય છે. સંક્ષેપમાં યોગનો સંબંધ પ્રદેશ અને પ્રકૃતિ-બંધથી છે. જ્યારે કષાયનો સંબંધ સ્થિતિ અને અનુભાગ બંધથી છે.

**આઠ પ્રકારનાં કર્મ અને તેના બંધનનું કારણ :**[૨]

જે રૂપમાં કર્મ-પરમાણુ આત્માની વિભિન્ન શક્તિઓના પ્રગટનો અવરોધ કરે છે અને આત્માનો શરીર સાથે સંબંધ સ્થાપિત કરે છે. તેના અનુસાર તેના વિભાગ કરી શકાય છે. જૈન દર્શનનાં અનુસાર કર્મ આઠ પ્રકારનાં છે- ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુષ્ય, ૬. નામ, ૭. ગોત્ર અને ૮ અંતરાય.

**૧. જ્ઞાનાવરણીય કર્મ :**

જે પ્રમાણે વાદળ સૂર્યના પ્રકાશને ઢાંકી દે છે તે પ્રમાણે જે કર્મ-વર્ગણાઓ આત્માની જ્ઞાન શક્તિને ઢાંકી દે છે અને જ્ઞાનની પ્રાપ્તિમાં બાધક બને છે તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

---

૧. જૈન-કર્મ સિદ્ધાંતનું તુલનાત્મક અધ્યયન, પૃ.૫૭.

૨. (ક) તેજ પૃ. ૬૭-૭૯

(ખ) પ્રસ્તુત વિવરણ તત્વાર્થ સૂત્ર અધ્યાય ૬ અને ૮, કર્મગ્રંથ પ્રથમ (કર્મ વિપાક) પૃ. ૫૪-૬૨. સમવાયાંગ સૂત્ર - ૩૦/૧ તથા સ્થાનાંગ સૂત્ર ૪/૪/૩૭૩ પર આધારિત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ્ઞાનાવરણીય કર્મ બંધનના કારણ :**

જે કારણોથી જ્ઞાનાવરણીય કર્મના પરમાણુ આત્માથી સંયોજિત થઈને જ્ઞાન-શક્તિને કુંઠિત કરે છે તે છ છે-

૧. **પ્રદોષ** : જ્ઞાનીના અવર્ણવાદ (નિંદા) કરવા અને તેના અવગુણ કાઢવા.

૨. **નિન્હવ** : જ્ઞાનીના ઉપકારનો સ્વીકાર ન કરવો અથવા કોઈ વિષય જાણતા હોવા છતાં પણ અપલાપ કરવો.

૩. **અંતરાય** : જ્ઞાનની પ્રાપ્તિમાં બાધક બનવું, જ્ઞાની અને જ્ઞાનીના સાધન પુસ્તકાદિને નષ્ટ કરવા.

૪. **માત્સર્ય** : વિદ્વાનોના પ્રતિ દ્વેષ-બુદ્ધિ રાખવી, જ્ઞાનના સાધન પુસ્તક આદિમાં અરૂચિ રાખવી.

૫. **અશાતના** : જ્ઞાન અને જ્ઞાની પુરૂષોનાં વચનોનો સ્વીકાર ન કરવો. તેનો સમુચિત વિનય ન કરવો.

૬. **ઉપઘાત** : વિદ્વાનોની સાથે મિથ્યાગ્રહ-યુક્ત વિસંવાદ કરવો અથવા સ્વાર્થવશ સત્યને અસત્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો. ઉપર્યુક્ત છ પ્રકારના અનૈતિક આચરણ વ્યક્તિની જ્ઞાન-શક્તિને કુંઠિત થવાનાં કારણ છે.

**જ્ઞાનાવરણીય કર્મનો વિપાક :**

વિપાકની દૃષ્ટિથી જ્ઞાનાવરણીય કર્મના કારણો પાંચ રૂપોમાં આત્માની જ્ઞાન-શક્તિનાં આવરણ હોય છે.

૧. **મતિજ્ઞાનાવરણ** : ઈન્દ્રિય અને માનસિક જ્ઞાનક્ષમતાનો અભાવ.

૨. **શ્રુતજ્ઞાનાવરણ** : બૌદ્ધિક અથવા આગમ જ્ઞાનની અનુપલબ્ધિ.

૩. **અવધિજ્ઞાનાવરણ** : અતીન્દ્રિય જ્ઞાન-ક્ષમતાનો અભાવ.

૪. **મનઃપર્યાય જ્ઞાનાવરણ** : બીજાની માનસિક અવસ્થાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવાની શક્તિનો અભાવ.

૫. **કેવળજ્ઞાનાવરણ** : પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતાનો અભાવ.

ક્યાંક-ક્યાંક વિપાકની દૃષ્ટિથી આના ૧૦ ભેદ પણ બતાવેલ છે-

૧. સાંભળવાની શક્તિનો અભાવ.

૨. સાંભળવાથી પ્રાપ્ત થનાર જ્ઞાનની અનુપલબ્ધિ.

૩. દૃષ્ટિ શક્તિનો અભાવ.

૪. દૃશ્ય જ્ઞાનની અનુપલબ્ધિ.

૫. ગંધ ગ્રહણ કરવાની શક્તિનો અભાવ.

૬. ગંધ સંબંધી જ્ઞાનની અનુપલબ્ધિ.

૭. સ્વાદ ગ્રહણ કરવાની શક્તિનો અભાવ.

૮. સ્વાદ સંબંધી જ્ઞાનની અનુપલબ્ધિ.

૯. સ્પર્શ ક્ષમતાનો અભાવ અને

૧૦. સ્પર્શ સંબંધી જ્ઞાનની અનુપલબ્ધિ.

૨. **દર્શનાવરણીય કર્મ :**

જે પ્રમાણે દ્વારપાળ રાજાનાં દર્શનમાં બાધક થાય છે. તે પ્રમાણે જે કર્મ-વર્ગણાઓ આત્માની દર્શન શક્તિમાં બાધક હોય છે તે દર્શનાવરણીય કર્મ કહેવાય છે. જ્ઞાનથી પહેલા થનાર વસ્તુ-તત્વનો નિર્વિશેષ (નિર્વિકલ્પ) બોધ જેમાં સત્તાનાં સિવાય કોઈ વિશેષ ગુણ ધર્મની પ્રાપ્તિ થતી નથી એ દર્શન કહેવાય છે. દર્શનાવરણીય કર્મ આત્માનાં દર્શન-ગુણને આવૃત્ત કરે છે.

**દર્શનાવરણીય કર્મ બંધના કારણ :**

જ્ઞાનાવરણીય કર્મની સમાન જ છ પ્રકારનાં અશુભ આચરણનાં દ્વારા દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.

૧. સમ્યક્દૃષ્ટિથી નિંદા (છિદ્રાન્વેષણ) કરવી અથવા તેના પ્રતિ અકૃતજ્ઞ થવું.

૨. મિથ્યાત્વ કે અસત્ માન્યતાઓનું પ્રતિપાદન કરવું.

૩. શુદ્ધ દૃષ્ટિકોણની ઉપલબ્ધિમાં બાધક બનવું.

૪. સમ્યક્દૃષ્ટિનો સમુચિત વિનય અને સમ્માન ન કરવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. સમ્યક્‌દષ્ટિ પર દ્વેષ કરવો.
૬. સમ્યક્‌દષ્ટિની સાથે મિથ્યાગ્રહ સહિત વિવાદ કરવો.

**દર્શનાવરણીય કર્મનો વિપાક :**

ઉપર્યુક્ત અશુભ આચરણના કારણે આત્માનો દર્શન ગુણ નવ પ્રકારથી આવૃત થઈ જાય છે.

૧. **ચક્ષુદર્શનાવરણ** : નેત્ર શક્તિનું અવરૂદ્ધ થઈ જવું.
૨. **અચક્ષુદર્શનાવરણ** : નેત્રનાં સિવાય બાકી ઈન્દ્રિયોની સામાન્ય અનુભવ શક્તિનું અવરૂદ્ધ થઈ જવું.
૩. **અવધિ દર્શનાવરણ** : સીમિત અતીન્દ્રિય દર્શનની ઉપલબ્ધિમાં બાધા ઉપસ્થિત થવી.
૪. **કેવળ દર્શનાવરણ** : પરિપૂર્ણ દર્શનની ઉપલબ્ધિ ન થવી.
૫. **નિદ્રા** : સામાન્ય નિદ્રા
૬. **નિદ્રા-નિદ્રા** : ગહરી નિદ્રા
૭. **પ્રચલા** : બેઠા-બેઠા આવી જનારી નિદ્રા.
૮. **પ્રચલા-પ્રચલા** : ચાલતા-ચાલતા પણ આવી જનારી નિદ્રા.
૯. **સ્ત્યાનગૃદ્ધિ** : જે નિદ્રામાં પ્રાણી મોટા-મોટા બળ-સાધ્ય કાર્ય કરી નાખે છે.

અંતિમ બે અવસ્થાઓ આધુનિક મનોવિજ્ઞાનનાં દ્વિવિધ વ્યક્તિત્વનાં સમાન માની શકાય છે. ઉપર્યુક્ત પાંચ પ્રકારની નિદ્રાઓનાં કારણે વ્યક્તિની સહજ અનુભૂતિની ક્ષમતામાં અવરોધ ઉત્પન્ન થઈ જાય છે.

૩. **વેદનીય કર્મ :**

જેના કારણે સાંસારિક સુખ-દુઃખની સંવેદના થાય છે તેને વેદનીય કર્મ કહે છે. આના બે ભેદ છે -

૧. સાતાવેદનીય અને ૨. અસાતાવેદનીય.

સુખરૂપ સંવેદનાનું કારણ સાતાવેદનીય અને દુઃખ રૂપ સંવેદનાનું કારણ અશાતાવેદનીય કર્મ કહેવાય છે.

**સાતાવેદનીય કર્મના કારણ :**

દશ પ્રકારનાં શુભાચરણ કરનાર વ્યક્તિ સુખદ- સંવેદના રૂપ સાતાવેદનીય કર્મનો બંધ કરે છે.

૧. પૃથ્વી, પાણી આદિના જીવો પર અનુકંપા કરવી.
૨. વનસ્પતિ, વૃક્ષ, લતાદિ પર અનુકંપા કરવી.
૩. બેઈન્દ્રિય આદિ પ્રાણીઓ પર દયા કરવી.
૪. પંચેન્દ્રિય પશુઓ અને મનુષ્યો પર અનુકંપા કરવી.
૫. કોઈને પણ કોઈપણ પ્રકારથી દુઃખ ન આપવું.
૬. કોઈપણ પ્રાણીને ચિંતા અને ભય ઉત્પન્ન થાય એવું કાર્ય ન કરવું.
૭. કોઈપણ પ્રાણીને શોકાકુળ ન બનાવવા.
૮. કોઈપણ પ્રાણીને મારવું નહિ અને
૧૦. કોઈપણ પ્રાણીને પ્રતાડિત ન કરવા.

કર્મગ્રંથોમાં સાતાવેદનીય કર્મનાં બંધનનું કારણ ગુરૂભક્તિ, ક્ષમા, કરૂણા, વ્રતપાલન, યોગ-સાધના, કષાય વિજય, દાન અને દઢ શ્રદ્ધા મનાયેલ છે. તત્વાર્થ સૂત્રકારનો પણ આ જ દષ્ટિકોણ છે.

**સાતાવેદનીય કર્મનો વિપાક :**

ઉપર્યુક્ત શુભાચરણનાં ફળ સ્વરૂપ પ્રાણી નીચે પ્રમાણેની સુખદ સંવેદના પ્રાપ્ત કરે છે :

૧. મનોહર, કર્ણપ્રિય સુખદ સ્વર શ્રવણ કરવા મળે છે.
૨. સુસ્વાદુ ભોજન-પાણી આદિ ઉપલબ્ધ થાય છે.
૩. વાંછિત સુખોની પ્રાપ્તિ થાય છે.
૪. શુભવચન-પ્રશંસાદિ સાંભળવાનો અવસર પ્રાપ્ત થાય છે.
૫. શારીરિક સુખ મળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસાતાવેદનીય કર્મનાં કારણ :**

અશુભ આચરણોનાં કારણે પ્રાણીને દુઃખ સંવેદના પ્રાપ્ત થાય છે, તે બાર પ્રકારની છે.

૧. કોઈપણ પ્રાણીને દુઃખ આપવું.
૨. ચિંતિત બનાવવા.
૩. શોકાકુળ બનાવવા.
૪. રડાવવું.
૫. મારવું અને
૬. પ્રતાડિત કરવા.

આ છ ક્રિયાઓની મંદતા અને તીવ્રતાના આધાર પર આનાં બાર પ્રકાર થઈ જાય છે. તત્વાર્થ સૂત્રનાં અનુસાર ૧. દુઃખ, ૨. શોક, ૩. તાપ, ૪. આક્રંદન, ૫. વધ અને ૬. પરિવેદન. આ છ અશાતાવેદનીય કર્મનાં બંધનું કારણ છે. જે સ્વ અને પરની અપેક્ષાથી બાર પ્રકારનાં થઈ જાય છે. સ્વ અને પરની અપેક્ષા પર આધારિત તત્વાર્થસૂત્રનો આ દૃષ્ટિકોણ વધારે સંગત છે. કર્મગ્રંથમાં સાતાવેદનીયના બંધનાં કારણોનાં વિપરીત ગુરૂનો અવિનય, અક્ષમા, ક્રૂરતા, અવિરતિ, યોગાભ્યાસ ન કરવો. કષાય યુક્ત થવું તથા દાન અને શ્રદ્ધાનો અભાવ અશાતાવેદનીય કર્મના કારણે મનાય છે. આ ક્રિયાઓનાં વિપાકનાં રૂપમાં આઠ પ્રકારની દુઃખદ સંવેદનાઓ પ્રાપ્ત થાય છે.

૧. કર્ણ-કટુ, કર્કશ સ્વર સાંભળવા મળે છે.
૨. અમનોજ્ઞ અને સૌંદર્ય-વિહીન રૂપ જોવા મળે છે.
૩. અમનોજ્ઞ ગંધોની ઉપલબ્ધિ થાય છે.
૪. સ્વાદવિહીન ભોજનાદિ મળે છે.
૫. અમનોજ્ઞ, કઠોર અને દુઃખદ સંવેદના ઉત્પન્ન કરનાર સ્પર્શની પ્રાપ્તિ થાય છે.
૬. અમનોજ્ઞ માનસિક અનુભૂતિઓનું થવું.
૭. નિંદા અપમાનજનક વચન સાંભળવા મળે છે અને
૮. શરીરના વિવિધ રોગોની ઉત્પત્તિથી શરીરને દુઃખદ સંવેદનાઓ પ્રાપ્ત થાય છે.

**૪. મોહનીય કર્મ :**

જેમ મદિરા આદિ નશીલી વસ્તુના સેવનથી વિવેક-શક્તિ આવૃત્ત થઈ જાય છે. તે પ્રમાણે જે કર્મ-પરમાણુઓથી આત્માની વિવેક-શક્તિ આવૃત્ત થાય છે અને અનૈતિક આચરણમાં પ્રવૃત્તિ થાય છે. તેને મોહનીય (વિમોહિત કરનાર) કર્મ કહે છે. આના બે ભેદ છે - દર્શનમોહ અને ચારિત્રમોહ.

**મોહનીય કર્મ બંધના કારણ :**

સામાન્યતયા મોહનીય કર્મનાં બંધ છ કારણોથી થાય છે. ૧. ક્રોધ, ૨. અહંકાર, ૩. કપટ, ૪. લોભ, ૫. અશુભાચરણ અને ૬. વિવેકાભાવ. (વિમૂઢતા) પ્રથમ પાંચથી ચારિત્રમોહનાં અને અંતિમથી દર્શનમોહનો બંધ થાય છે. કર્મગ્રંથમાં દર્શનમોહ અને ચારિત્રમોહના બંધનાં અલગ-અલગ કારણ બતાવેલ છે. દર્શનમોહનાં કારણ છે- ઉન્માર્ગદેશના, સન્માર્ગનો અપલાપ, ધાર્મિક સંપત્તિનું અપહરણ અને તીર્થંકર અને ધર્મ સંઘના પ્રતિકૂળ આચરણ. ચારિત્રમોહ કર્મના બંધનનાં કારણોમાં કષાય, હાસ્ય, આદિ તથા વિષયોના આધીન થવું પ્રમુખ છે. તત્વાર્થ સૂત્રમાં સર્વજ્ઞ, શ્રુત, સંઘ, ધર્મ અને દેવના અવર્ણવાદ (નિંદા)ને દર્શનમોહનું તથા કષાયજનિત આત્મા-પરિણામને ચારિત્રમોહનું કારણ માનેલ છે. સમવાયાંગ સૂત્રમાં તીવ્રતમ મોહકર્મના બંધના ત્રીસ કારણ બતાવેલ છે -

૧. જે કોઈ ત્રસ પ્રાણીને પાણીમાં નાંખીને મારે છે.
૨. જે કોઈ ત્રસ પ્રાણીને તીવ્ર અશુભ અધ્યવસાયથી મસ્તકને ભીનુ ચામડુ બાંધીને મારે છે.
૩. જે કોઈ ત્રસ પ્રાણીને મુખ બાંધીને મારે છે.
૪. જે કોઈ ત્રણ પ્રાણીને અગ્નિના ધૂમાડાથી મારે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. જે કોઈ ત્રસ પ્રાણીના મસ્તકનું છેદન કરીને મારે છે.
૬. જે કોઈ ત્રસ પ્રાણીને છલ કરી મારીને હંસે છે.
૭. જે માયાચાર કરીનેતથા અસત્ય બોલીને પોતાના અનાચાર છુપાવે છે.
૮. જે પોતાના દુરાચારને છુપાવીને બીજા પર કલંક લગાવે છે.
૯. જે કલહ વધશે એમ જાણવા છતાં મિશ્ર ભાષા બોલે છે.
૧૦. જે પતિ-પત્નીમાં મતભેદ પેદા કરે છે તથા તેને માર્મિક વચનોથી ભેદી દે છે.
૧૧. જે સ્ત્રીમાં આસક્ત વ્યક્તિ પોતે-પોતાને કુંવારો કહે છે.
૧૨. જે અત્યંત કામુક વ્યક્તિ પોતે-પોતાને બ્રહ્મચારી કહે છે.
૧૩. જે ચાપલુસી કરીને પોતાના સ્વામીને ઠગે છે.
૧૪. જે જેની કૃપાથી સમૃદ્ધ બનેલ છે. ઈર્ષ્યાથી તેના જ કાર્યોમાં વિઘ્ન નાંખે છે.
૧૫. જે પ્રમુખ પુરૂષની હત્યા કરે છે.
૧૬. જે સંયમીને પથભ્રષ્ટ કરે છે.
૧૭. જે પોતાના ઉપકારીની હત્યા કરે છે.
૧૮. જે પ્રસિદ્ધ પુરૂષની હત્યા કરે છે.
૧૯. જે મહાન્ પુરૂષોની નિંદા કરે છે.
૨૦. જે ન્યાય માર્ગની નિંદા કરે છે.
૨૧. જે આચાર્ય, ઉપાધ્યાય અને ગુરૂની નિંદા કરે છે.
૨૨. જે આચાર્ય ઉપાધ્યાય અને ગુરૂનો અવિનય કરે છે.
૨૩. જે અબહુશ્રુત હોવા છતાં પણ પોતે પોતાને બહુશ્રુત કહે છે.
૨૪. જે તપસ્વી ન હોવા છતાં પણ પોતે પોતાને તપસ્વી કહે છે.
૨૫. જે અસ્વસ્થ આચાર્ય આદિની સેવા કરતા નથી.
૨૬. જે આચાર્ય આદિ કુશાસ્ત્રનું પ્રરૂપણ કરે છે.
૨૭. જે આચાર્ય આદિ પોતાની પ્રશંસાના માટે મંત્રાદિનો પ્રયોગ કરે છે.
૨૮. જે ઈહલોક અને પરલોકમાં ભોગોપભોગ પામવાની અભિલાષા કરે છે.
૨૯. જે દેવતાઓની નિંદા કરે છે કે કરાવે છે.
૩૦. જે અસર્વજ્ઞ હોવા છતાં પણ પોતે-પોતાને સર્વજ્ઞ કહે છે.

**(અ) દર્શનમોહ :**

જૈન દર્શનમાં દર્શન શબ્દ ત્રણ અર્થોમાં પ્રયુક્ત થયેલ છે. ૧. પ્રત્યક્ષીકરણ, ૨. દષ્ટિકોણ અને ૩ શ્રદ્ધા. પ્રથમ અર્થનો સંબંધ દર્શનાવરણીય કર્મથી છે. જ્યારે બીજા અને ત્રીજાના અર્થનો સંબંધ મોહનીય કર્મ છે. દર્શનમોહનાં કારણે પ્રાણીમાં સમ્યક્ દષ્ટિકોણનો અભાવ થાય છે. અને તે મિથ્યા ધારણાઓ અને વિચારોનો શિકાર રહે છે. તેની વિવેક બુદ્ધિ અસંતુલિત હોય છે. દર્શનમોહ ત્રણ પ્રકારના છે -

૧. **મિથ્યાત્વ મોહ :** જેના કારણે પ્રાણી અસત્યને સત્ય તથા સત્યને અસત્ય સમજે છે. શુભને અશુભ અને અશુભને શુભ માનવું મિથ્યાત્વ મોહ છે.
૨. **સમ્યક્ - મિથ્યાત્વ મોહ :** સત્ય અને અસત્ય તથા શુભ અને અશુભનાં સંબંધમાં અનિશ્ચયાત્મકતા.
૩. **સમ્યક્ત્વ મોહ :** ક્ષાયિક સમ્યક્ત્વની ઉપલબ્ધિમાં બાધક સમ્યક્ત્વ મોહ છે. અર્થાત્ દષ્ટિકોણની આંશિક વિશુદ્ધતા.

**(બ) ચારિત્ર મોહ :**

ચારિત્રમોહનાં કારણે પ્રાણીનું આચરણ અશુભ હોય છે. ચારિત્રમોહ જનિત અશુભાચરણ ૨૫ પ્રકારનાં છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રબલતમ ક્રોધ, ૨. પ્રબલતમ માન, ૩. પ્રબલતમ માયા (કપટ), ૪. પ્રબલતમ લોભ, ૫. અતિક્રોધ, ૬. અતિ માન, ૭. અતિમાયા (કપટ), ૮. અતિલોભ, ૯. સાધારણ ક્રોધ, ૧૦. સાધારણ માન, ૧૧. સાધારણ માયા (કપટ), ૧૨. સાધારણ લોભ, ૧૩. અલ્પક્રોધ, ૧૪. અલ્પમાન, ૧૫. અલ્પ માયા (કપટ) અને ૧૬. અલ્પ લોભ એ સોળ કષાય છે. ઉપર્યુક્ત કષાયોને ઉત્તેજીત કરનારી નવમનોવૃત્તિઓ (ઉપકષાય) છે- ૧. હાસ્ય, ૨. રતિ (સ્નેહ, રાગ) ૩. અરતિ (દ્વેષ), ૪. શોક, ૫. ભય, ૬. જુગુપ્સા (ઘૃણા), ૭. સ્ત્રીવેદ (પુરુષસહવાસની ઈચ્છા) ૮. પુરૂષવેદ (સ્ત્રી સહવાસની ઈચ્છા), ૯. નપુંસકવેદ (સ્ત્રી-પુરુષ બંનેના સહવાસની ઈચ્છા.)

મોહનીય કર્મ વિવેકાભાવ છે અને તે જ વિવેકાભાવને કારણે અશુભની તરફ પ્રવૃત્તિની રૂચિ થાય છે. અન્ય પરંપરાઓમાં જે સ્થાન અવિદ્યાનું છે તે જ સ્થાન જૈન પરંપરામાં મોહનીય કર્મનું છે. જે પ્રમાણે અન્ય પરંપરાઓમાં બંધનનું મૂળ કારણ અવિદ્યા છે તે જ પ્રમાણે જૈન પરંપરામાં બંધનનું મૂળ કારણ મોહનીય કર્મ છે મોહનીય કર્મનો ક્ષયોપશમ જ આધ્યાત્મિક વિકાશનો આધાર છે.

**૫. આયુષ્ય કર્મ :**

જે પ્રમાણે બેડી સ્વાધીનતામાં બાધક છે. તે પ્રમાણે જે કર્મ પરમાણુ આત્માને વિભિન્ન આયુષ્ય કર્મ કહેવામાં આવે છે. આ કર્મ નિશ્ચય કરે છે કે આત્માને ક્યા શરીરમાં કેટલા સમય સુધી રહેવુ છે. આયુષ્ય કર્મ ચાર પ્રકારના છે. ૧. નરક આયુ, ૨. તિર્યંચ આયુ, (વનસ્પતિ અને પશુજીવન), ૩. મનુષ્ય આયુ અને ૪. દેવ આયુ.

**આયુષ્ય કર્મ બંધનના કારણ :**

બધા પ્રકારનાં આયુષ્ય કર્મનાં બંધનું કારણ શીલ અને વ્રતથી રહિત થવુ મનાયેલ છે. છતાં પણ કયા પ્રકારના આચરણથી કયા પ્રકારનું જીવન મળે છે તેનો નિર્દેશ પણ જૈન આગમોમાં ઉપલબ્ધ છે. સ્થાનાંગ સૂત્રમાં પ્રત્યેક પ્રકારનાં આયુષ્ય કર્મના બંધના ચાર-ચાર કારણ માનેલ છે -

**(ક) નારકી જીવનની પ્રાપ્તિનાં ચાર કારણ :**

૧. મહારંભ ( ભયાનક હિંસક કર્મ)
૨. મહાપરિગ્રહ (અત્યધિક સંચયવૃત્તિ)
૩. મનુષ્ય, પશુ આદિનો વધ કરવો.
૪. માંસાહાર અને શરાબ આદિ નશીલા પદાર્થનું સેવન.

**(ખ) તિર્યંચ પાશવિક જીવનની પ્રાપ્તિનાં ચાર કારણ :**

૧. કપટ કરવું ૨. રહસ્યપૂર્ણ કપટ કરવું, ૩. અસત્ય ભાષણ, ૪. ઓછું-વધારે માપ કરવું. કર્મગ્રંથમાં પ્રતિષ્ઠા ઓછી થવાના ભયથી પાપને પ્રગટ ન કરવુ તે પણ તિર્યંચ આયુના બંધનું કારણ માનેલ છે. તત્વાર્થ સૂત્રમાં માયા(કપટ)ને જ પશુયોનિનું કારણ બતાવેલ છે.

**(ગ) માનવ જીવનની પ્રાપ્તિનાં ચાર કારણ :**

૧. સરળતા, ૨. વિનયશીલતા, ૩. કરૂણા અને ૪. અહંકાર અને માત્સર્યથી રહિત થવું.

તત્વાર્થ સૂત્રમાં ૧ અલ્પ આરંભ, ૨. અલ્પ પરિગ્રહ, ૩. સ્વભાવની સરળતા અને ૪. સ્વભાવની મૃદુતાને મનુષ્ય આયુનાં બંધનું કારણ કહેલ છે.

**(ઘ) દૈવીય જીવનની પ્રાપ્તિના ચાર કારણ :**

૧. સરાગ (સકામ) સંયમનું પાલન, ૨. સંયમનું આંશિક પાલન, ૩. સકામ તપસ્યા (બાળ-તપ), ૪. સ્વાભાવિક રૂપમાં કર્મોની નિર્જરા હોવાથી તત્વાર્થ સૂત્રમાં પણ આજ કારણ માનેલ છે. કર્મગ્રંથનાં અનુસાર અવિરત સમ્યક્દષ્ટિ મનુષ્ય કે તિર્યંચ, દેશવિરત શ્રાવક, સરાગી સાધુ, બાળ તપસ્વી અને ઈચ્છા ન હોવા છતાં પણ પરિસ્થિતિવશ ભૂખ-પ્યાસ આદિને સહન કરતા અકામ-નિર્જરા કરનાર વ્યક્તિ દેવાયુનો બંધ કરે છે.

**આકસ્મિક મરણ :**

પ્રાણી પોતાના જીવનકાળમાં પ્રત્યેક ક્ષણ આયુ-કર્મને ભોગવી રહ્યો છે અને પ્રત્યેક ક્ષણમાં આયુ-કર્મનાં પરમાણુ ભોગનાં પશ્ચાત્ પૃથક્ થતા રહે છે. જે સમયે વર્તમાન આયુ-કર્મનાં પૂર્વબદ્ધ સમસ્ત પરમાણુ આત્માથી પૃથક્ થઈ જાય છે.



| ૮૯ | ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓની સ્થિતિ, | ૪૪૮ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પા.નં. |
|---|---|---|
| ૯૦ | ઈશાન કલ્પમાં અપરિગૃહીતા દેવીઓની સ્થિતિ, | ૪૪૮-૪૪૯ |
| ૯૧ | ઈશાનેન્દ્રની પરિષદાગત દેવ-દેવીઓની સ્થિતિ, | ૪૪૯-૪૫૦ |
| ૯૨ | સૌધર્મ-ઈશાન કલ્પનાં કેટલાક દેવોની સ્થિતિ, | ૪૫૦-૪૫૨ |
| ૯૩ | સનત્કુમાર કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૨-૪૫૩ |
| ૯૪ | સનત્કુમારેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૩ |
| ૯૫ | માહેન્દ્ર કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૩-૪૫૪ |
| ૯૬ | માહેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૪ |
| ૯૭ | સનત્કુમાર-માહેન્દ્ર કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ, | ૪૫૪-૪૫૫ |
| ૯૮ | બ્રહ્મલોક કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૫ |
| ૯૯ | બ્રહ્મલોક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ, | ૪૫૫ |
| ૧૦૦ | બ્રહ્મ દેવેન્દ્રની પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૫-૪૫૬ |
| ૧૦૧ | લાંતક કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૬ |
| ૧૦૨ | લાંતક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ, | ૪૫૬ |
| ૧૦૩ | લાંતક દેવેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૬-૪૫૭ |
| ૧૦૪ | મહાશુક્ર કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૭ |
| ૧૦૫ | મહાશુક્ર કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ, | ૪૫૭ |
| ૧૦૬ | મહાશુક્ર દેવેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૮ |
| ૧૦૭ | સહસ્ત્રાર કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૮ |
| ૧૦૮ | સહસ્ત્રાર દેવેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૫૮-૪૫૯ |
| ૧૦૯ | આનત કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૯ |
| ૧૧૦ | પ્રાણત કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૫૯-૪૬૦ |
| ૧૧૧ | આનત-પ્રાણત દેવેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૬૦ |
| ૧૧૨ | આરણ કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૬૦-૪૬૧ |
| ૧૧૩ | અચ્યુત કલ્પમાં દેવોની સ્થિતિ, | ૪૬૧ |
| ૧૧૪ | આરણ-અચ્યુત દેવેન્દ્રનાં પરિષદાગત દેવોની સ્થિતિ, | ૪૬૧-૪૬૨ |
| ૧૧૫ | ગ્રૈવેયક દેવોની સ્થિતિ, | ૪૬૨-૪૬૬ |
| ૧૧૬ | અનુત્તર દેવોની સ્થિતિ, | ૪૬૬-૪૬૭ |
| ૧૧૭ | વિશિષ્ટ વિમાનવાસી દેવોની સ્થિતિ, | ૪૬૭-૪૭૧ |
| ૧૧૮ | લોકાન્તિક દેવોની સ્થિતિ, | ૪૭૧ |
| ૧૧૯ | સૂર્યાભદેવ અને તેના સામાનિક દેવોની સ્થિતિ, | ૪૭૧ |
| ૧૨૦ | વિજયદેવ અને તેના સામાનિક દેવોની સ્થિતિ, | ૪૭૧ |
| ૧૨૧ | જંભક દેવોની સ્થિતિ, | ૪૭૧ |
| ૧૨૨ | પાંચ પ્રકારનાં ભવ્ય દ્રવ્ય દેવોની સ્થિતિ, | ૪૭૨ |
| ૧૨૩ | ભવ્ય દ્રવ્ય ચોવીસ દંડકોનાં જીવોની સ્થિતિ, | ૪૭૨-૪૭૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સુત્રાંક | વિષય | પા.નં. |
|---|---|---|

## ૧૩. આહાર અધ્યયન


| | | |
|---|---|---|
| | આમુખ | ૪૭૪-૪૭૭ |
| ૧ | આહારના પ્રકાર, | ૪૭૮ |
| ૨ | ચારો ગતિઓમાં આહારનું રુપ, | ૪૭૮-૪૭૯ |
| ૩ | ગર્ભગત જીવનાં આહાર ગ્રહણનું પ્રરુપણ, | ૪૭૯-૪૮૦ |
| ૪ | સમવહત પૃથ્વી-અપ્-વાયુકાયિકનાં ઉત્પત્તિનાં પહેલાં અને પછી આહારગ્રહણની પ્રરુપણા, | ૪૮૦-૪૮૫ |
| ૫ | વનસ્પતિકાયિક જીવોનાં અલ્પાહાર અને અધિક આહારકાલની પ્રરુપણા, | ૪૮૫-૪૮૬ |
| ૬ | મૂળાદિની આહાર ગ્રહણ વિધિની પ્રરુપણા, | ૪૮૬ |
| ૭ | જીવાદિકોમાં અનાહારકત્વ અને સર્વાલ્પાહારકત્વનાં સમયની પ્રરુપણા, | ૪૮૬-૪૮૭ |
| ૮ | ઉત્પન્નાદિ ચોવીસ દંડકોમાં આહારકના ચતુર્ભંગોની પ્રરુપણા, | ૪૮૭-૪૮૯ |
| ૯ | ચોવીસ દંડકોમાં વીચિ-અવીચિ દ્રવ્યોના (એક પ્રદેશન્યૂન) આહારની પ્રરુપણા, | ૪૮૯ |
| ૧૦ | ચોવીસ દંડકોમાં આહાર-આભોગતાનું પ્રરુપણ, | ૪૯૦ |
| ૧૧ | ચોવીસ દંડકોમાં આહાર ક્ષેત્રની પ્રરુપણા, | ૪૯૦ |
| ૧૨ | ભવિષ્યકાળમાં ચોવીસ દંડકો દ્વારા પુદ્ગલોનું આહરણ અને નિર્જરણનું પ્રરુપણ, | ૪૯૦-૪૯૧ |
| ૧૩ | ચોવીસ દંડકોમાં નિર્જરા પુદ્ગલોને જાણવાં-જોવા અને ગ્રહણનું પ્રરુપણ, | ૪૯૧-૪૯૩ |
| ૧૪ | આહાર પ્રરુપણના અગિયાર દ્વાર, | ૪૯૩ |
| ૧૫ | ચોવીસ દંડકોમાં સચિત્તાદિ આહાર, | ૪૯૩-૪૯૪ |
| ૧૬ | નૈરયિકોમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૪૯૪-૪૯૮ |
| ૧૭ | ભવનવાસીઓમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૪૯૮-૪૯૯ |
| ૧૮ | એકેન્દ્રિયમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૪૯૯-૫૦૧ |
| ૧૯ | વિકલેન્દ્રિયોમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૫૦૧-૫૦૩ |
| ૨૦ | પંચેન્દ્રિય તિર્યંચાદિમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૫૦૩ |
| ૨૧ | વૈમાનિક દેવોમાં આહારાર્થી આદિ સાત દ્વાર, | ૫૦૩-૫૦૮ |
| ૨૨ | વિશિષ્ટ વિમાનવાસી દેવોની આહાર ઈચ્છાની પ્રરુપણા, | ૫૦૮-૫૧૩ |
| ૨૩ | ચોવીસ દંડકોમાં એકેન્દ્રિયાદિ જીવના શરીરની આહાર કરવાની પ્રરુપણા, | ૫૧૩-૫૧૪ |
| ૨૪ | ચોવીસ દંડકોમાં લોમાહાર અને પ્રેક્ષપાહારની પ્રરુપણા, | ૫૧૪ |
| ૨૫ | ચોવીસ દંડકદોમાં ઓજ આહાર અને મનોભક્ષણની પ્રરુપણા, | ૫૧૪-૫૧૫ |
| ૨૬ | આહારક-અનાહારક પ્રરુપણાના તેર દ્વાર, | ૫૧૫ |
| | ૧. આહાર દ્વાર, | ૫૧૫-૫૧૬ |
| | ૨. ભવસિદ્ધિક દ્વાર, | ૫૧૬ |
| | ૩. સંજ્ઞી દ્વાર, | ૫૧૬-૫૧૮ |
| | ૪. લેશ્યા દ્વાર, | ૫૧૮ |
| | ૫. દૃષ્ટિ દ્વાર, | ૫૧૮-૫૧૯ |
| | ૬. સંયત દ્વાર, | ૫૧૯ |
| | ૭. કષાય દ્વાર, | ૫૨૦ |
| | ૮. જ્ઞાન દ્વાર, | ૫૨૦-૫૨૧ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પા.નં. |
|---|---|---|
| | ૯. યોગ દ્વાર, | ૫૨૧ |
| | ૧૦. ઉપયોગ દ્વાર, | ૫૨૧ |
| | ૧૧. વેદ દ્વાર, | ૫૨૧ |
| | ૧૨. શરીર દ્વાર, | ૫૨૧-૫૨૨ |
| | ૧૩. પર્યાપ્તિ દ્વાર, | ૫૨૨-૫૨૩ |
| ૨૭ | વનસ્પતિકાયિકોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ, | ૫૨૩-૫૨૯ |
| ૨૮ | મનુષ્યોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ, | ૫૨૯-૫૩૦ |
| ૨૯ | પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ, | ૫૩૦-૫૩૨ |
| ૩૦ | વિકલેન્દ્રિયોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ, | ૫૩૩ |
| ૩૧ | અપ્-તેજસ્-વાયુ અને પૃથ્વીકાયિકોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ, | ૫૩૩-૫૩૫ |
| ૩૨ | સામાન્યતઃ સર્વજીવોનો આહાર અને તેની યતનાનું પ્રરુપણ, | ૫૩૫-૫૩૬ |
| ૩૩ | વૈમાનિક દેવોનાં આહારનાં રુપમાં પરિણત પુદ્ગલોનું પ્રરુપણ, | ૫૩૬ |
| ૩૪ | ભોજન-પરિણામના છ પ્રકાર, | ૫૩૬ |
| ૩૫ | આહારક-અનાહારકોની કાયસ્થિતિની પ્રરુપણા, | ૫૩૬-૫૩૭ |
| ૩૬ | આહારકો-અનાહારકોના અંતરકાળનું પ્રરુપણ, | ૫૩૮ |
| ૩૭ | આહારકો-અનાહારકોનું અલ્પબહુત્વ, | ૫૩૮ |


## ૧૪. શરીર અધ્યયન


| | | |
|---|---|---|
| | આમુખ | ૫૩૯-૫૪૨ |
| ૧ | શરીરના ભેદોનું પ્રરુપણ, | ૫૪૩ |
| ૨ | સામાન્યતઃ શરીરોની ઉત્પત્તિનાં હેતુ, | ૫૪૩ |
| ૩ | શરીરોના અગુરુલઘુત્વાદિનું પ્રરુપણ, | ૫૪૩ |
| ૪ | શરીરોના પુદ્ગલોનું ચયન, | ૫૪૩-૫૪૪ |
| ૫ | શરીરોનું પરસ્પર સંયોગાસંયોગ, | ૫૪૪-૫૪૫ |
| ૬ | ચાર શરીરોનું જીવ સ્પૃષ્ટ અને કાર્મણયુક્ત હોવાનું પ્રરુપણ, | ૫૪૫ |
| | **૧. પાંચ શરીર** | |
| ૭ | સ્વામીત્વની અપેક્ષાએ ઔદારિક શરીરનાં વિવિધ ભેદ, | ૫૪૫-૫૪૯ |
| ૮ | સ્વામીત્વની અપેક્ષાએ વૈક્રિય શરીરનાં વિવિધ ભેદ, | ૫૪૯-૫૫૪ |
| ૯ | સ્વામીત્વની અપેક્ષાએ આહારક શરીરનાં વિવિધ ભેદ, | ૫૫૪-૫૫૭ |
| ૧૦ | સ્વામીત્વની અપેક્ષાએ તેજસ્ શરીરનાં વિવિધ ભેદ, | ૫૫૭-૫૫૮ |
| ૧૧ | સ્વામીત્વની અપેક્ષાએ કાર્મણ શરીરનાં વિવિધ ભેદ, | ૫૫૮ |
| ૧૨ | શરીર નિર્વૃત્તિના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ, | ૫૫૮-૫૫૯ |
| ૧૩ | ચોવીસ દંડકોમાં શરીરોત્પત્તિ અને નિર્વૃત્તિનાં કારણ, | ૫૫૯ |
| ૧૪ | શરીરોનાં બંધ ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ, | ૫૫૯ |
| ૧૫ | જીવ-ચોવીસ દંડકોમાં શરીરાદિનાં માટે સ્થિત-અસ્થિત દ્રવ્યોનાં ગ્રહણનું પ્રરુપણ, | ૫૬૦-૫૬૨ |
| ૧૬ | ચોવીસ દંડકોમાં શરીરની પ્રરુપણા, | ૫૬૨-૫૬૩ |
| ૧૭ | ચાર ગતિઓમાં બાહ્યાભ્યંતરની અપેક્ષાએ શરીરોનાં ભેદ, | ૫૬૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧૮ | બદ્ધ-મુક્ત શરીરોનું પરિમાણ પ્રરુપણ, | ૫૬૩-૫૬૫ |
| ૧૯ | ચોવીસ દંડકોમાં બદ્ધ-મુક્ત-શરીરનું પ્રરુપણ, | ૫૬૫-૫૭૧ |
| ૨૦ | ચોવીસ દંડકોમાં શરીરનાં વર્ણ રસનું પ્રરુપણ, | ૫૭૧-૫૭૨ |
| ૨૧ | બાદર શરીર ધારક કલેવરોનાં વર્ણાદિનું પ્રરુપણ, | ૫૭૨ |
| ૨૨ | વિગ્રહગતિ પ્રાપ્ત ચોવીસ દંડકોમાં શરીર, | ૫૭૨ |
| ૨૩ | ત્રણે લોકમાં દ્વિશરીરવાળોનું પ્રરુપણ, | ૫૭૨ |
| ૨૪ | ચારકાયિકોનાં એક શરીર સુદશ્ય નથી, | ૫૭૨ |
| ૨૫ | સમ્મૂર્ચ્છિમ-ગર્ભજ-પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોનાં શરીર સંખ્યાનું પ્રરુપણ, | ૫૭૩ |
| ૨૬ | ઔદારિકાદિ શરીરી જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ, | ૫૭૩-૫૭૪ |
| ૨૭ | ઔદારિકાદિ શરીરીઓનાં અંતરકાળનું પ્રરુપણ, | ૫૭૪ |
| ૨૮ | ઔદારિકાદિ શરીરોનું અલ્પબહુત્વ, | ૫૭૪ |
| ૨૯ | દ્રવ્યાર્થાદિની અપેક્ષાથી શરીરોનાં અલ્પબહુત્વ, | ૫૭૫-૫૭૬ |
| | **૨. અવગાહના** | |
| ૩૦ | અવગાહનાનાં પ્રકાર, | ૫૭૬ |
| ૩૧ | નવ પ્રકારની જીવ અવગાહના, | ૫૭૬ |
| ૩૨ | ઔદારિક શરીરની અવગાહના, | ૫૭૬-૫૮૪ |
| ૩૩ | વૈક્રિય શરીરની અવગાહના, | ૫૮૪-૫૮૯ |
| ૩૪ | આહારક શરીરની અવગાહના, | ૫૮૯ |
| ૩૫ | તેજસ્ શરીરની અવગાહના, | ૫૯૦-૫૯૨ |
| ૩૬ | કાર્મણ શરીરની અવગાહના, | ૫૯૨ |
| ૩૭ | સિદ્ધગત જીવની ઉત્કૃષ્ટ જીવપ્રદેશાવગાહના, | ૫૯૩ |
| ૩૮ | ચોવીસ દંડકોમાં અવગાહના સ્થાન, | ૫૯૩ |
| ૩૯ | શરીર-અવગાહનાનો અલ્પબહુત્વ, | ૫૯૩-૫૯૪ |
| | **૩. સંસ્થાન** | |
| ૪૦ | ઔદારિક શરીરનાં સંસ્થાન, | ૫૯૪-૫૯૭ |
| ૪૧ | વૈક્રિય શરીરનાં સંસ્થાન, | ૫૯૭-૫૯૯ |
| ૪૨ | આહારક શરીરનાં સંસ્થાન, | ૫૯૯ |
| ૪૩ | તેજસ્ શરીરનાં સંસ્થાન, | ૫૯૯-૬૦૦ |
| ૪૪ | કાર્મણ શરીરનાં સંસ્થાન, | ૬૦૦ |
| ૪૫ | છ સંસ્થાન, | ૬૦૦ |
| ૪૬ | સંસ્થાનાનુપૂર્વી, | ૬૦૧ |
| ૪૭ | ચોવીસ દંડકોમાં સંસ્થાન, | ૬૦૧-૬૦૨ |
| ૪૮ | ચોવીસ દંડકોમાં સંસ્થાન-નિર્વૃત્તિનું પ્રરુપણ, | ૬૦૨-૬૦૩ |
| | **૪. સંહનન** | |
| ૪૯ | ચોવીસ દંડકોમાં જીવોનું સંહનન, | ૬૦૩-૬૦૪ |


• • •



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્રવ્યાનુયોગ

## (અધ્યયન ૧ થી ૧૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રયુક્ત આગમ વગેરેની સંકેત સૂચી

| | | |
|---|---|---|
| १. | आ. आया. | आचारांग सूत्र |
| २. | सूय. | सूत्रकृतांग सूत्र |
| ३. | ठाणं, ठा. | स्थानांग सूत्र |
| ४. | सम. | समवायांग सूत्र |
| ५. | विया., भग., वि. | व्याख्याप्रज्ञप्ति, भगवती सूत्र |
| ६. | णाया. | ज्ञाताधर्मकथांग सूत्र |
| ७. | उवा. | उपासकदशांग सूत्र |
| ८. | अंत. | अन्तकृद्दशांग सूत्र |
| ९. | अणुत्तरो. | अनुत्तरोपपातिकदशा सूत्र |
| १०. | पण्ह., प. | प्रश्नव्याकरण सूत्र |
| ११. | विपाक. | विपाक सूत्र |
| १२. | उव. | औपपातिक सूत्र |
| १३. | राय. | राजप्रश्नीय सूत्र |
| १४. | जीवा. | जीवाभिगम सूत्र |
| १५. | पण्ण. | प्रज्ञापना सूत्र |
| १६. | जंबू. | जंबूद्वीपप्रज्ञप्ति सूत्र |
| १७. | चंद. | चन्द्रप्रज्ञप्ति सूत्र |
| १८. | सूर. | सूर्यप्रज्ञप्ति सूत्र |
| १९. | निर. | निरयावलिका सूत्र |
| २०. | कप्प., कप्पिया. | कल्पावतंसिका सूत्र |
| २१. | पुप्फिया. | पुष्पिका सूत्र |
| २२. | पुप्फ. | पुष्पचूलिका सूत्र |
| २३. | वण्हि. | वृष्णिदशा सूत्र |
| २४. | दस. | दशवैकालिक सूत्र |
| २५. | उत्त. | उत्तराध्ययन सूत्र |
| २६. | नं. | नंदी सूत्र |
| २७. | अणु. | अनुयोगद्वार सूत्र |
| २८. | दसा., आया. | दशाश्रुतस्कन्ध सूत्र, आचारदशा |
| २९. | कप्प. | बृहत्कल्प सूत्र |
| ३०. | वव. | व्यवहार सूत्र |
| ३१. | नि. | निशीथ सूत्र |
| ३२. | आव. | आवश्यक सूत्र |

# સંક્ષિપ્ત સંકેત સૂચિ

| | |
|---|---|
| कप्प. | कल्पसूत्र |
| पइ. | प्रकीर्णक |
| धम्म. | धर्मकथानुयोग |
| गणि. | गणितानुयोग |
| चर. | चरणानुयोग |
| दव्व. | द्रव्यानुयोग |
| अ. | अध्ययन |
| उ. | उद्देशक |
| गा. | गाथा |
| टि. | टिप्पण |
| टी. | टीका |
| थ. | स्थविरावली |
| द. | दशा |
| प. | पद |
| पडि. | प्रतिपत्ति |
| पा. | प्राभृत |
| पृ. | पृष्ठ |
| भा. | भाग |
| व. | वक्षस्कार |
| स. | शतक |
| सम. | समवाय |
| सु. | श्रुतस्कन्ध |
| सू. | सूत्र |
| सं. | संपादक |
| च. | चरित्र |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

# દ્રવ્યાનુયોગ : આમુખ

જેમાં દ્રવ્યો અને તેની અવસ્થાઓની વિભિન્ન દ્રષ્ટિકોણથી વ્યાખ્યા કરવામાં આવી છે તેને દ્રવ્યાનુયોગ કહેવામાં આવે છે. જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં અનુયોગ શબ્દનો પ્રયોગ વ્યાખ્યાના અર્થમાં કરેલો છે. તેના વૃત્તિકાર મલ્લધારી હેમચંદ્રના કથનાનુસાર "अनुयोगस्तु व्याख्यानम्" પરથી સ્પષ્ટ થાય છે. અનુયોગદ્વાર સૂત્રમાં વ્યાખ્યાની વિધિનો ઉલ્લેખ મળે છે. ફળ, સંબંધ, મંગળ, સમુદાયાર્થ ઈત્યાદિ તેમજ એ સિવાય ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય દ્વારોથી પણ વ્યાખ્યા કરી શકાય છે. ઉપક્રમના-આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર અને સમવતાર આ છ ભેદ છે. નિક્ષેપ ત્રણ પ્રકારના છે. ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન અને સૂત્રાલાપકનિષ્પન્ન. સૂત્ર અને નિર્યુક્તિના ભેદથી અનુગમ બે પ્રકારના છે અને નયના નૈગમ, સંગ્રહ આદિ સાત ભેદ છે. તદ્ઉપરાંત સિવાય વ્યાખ્યામાં નિરુક્ત ક્રમ તેમજ પ્રયોજનનો પણ સમાવેશ થાય છે.

પ્રસ્તુત અનુયોગની વિશેષતા એ છે કે જૈનાગમોમાં દ્રવ્ય સંબંધી સમસ્ત સામગ્રીનું વિષયક્રમથી વ્યવસ્થાપન. આ વ્યવસ્થાપન પણ એક પ્રકારની વ્યાખ્યા જ છે કારણ કે આનું કોઈ ફળ છે, પ્રયોજન છે, સંબંધ છે તથા આ વ્યાખ્યા પણ ઉપક્રમ, નિક્ષેપ આદિથી સમ્પન્ન છે. આ વ્યાખ્યામાં પ્રાચીન શાસ્ત્રીય પદ્ધતિનું અનુસરણ ન કરતા આધુનિક યુગના અભ્યાસુઓની અનુકૂળ પદ્ધતિને અપનાવેલ છે.

દ્રવ્યાનુયોગમાં મુખ્યતયા ષડ્દ્રવ્યો તેમજ તેની અવસ્થાઓથી સંબંધિત સ્થિતિઓનું વિવેચન છે. એ ષડ્દ્રવ્ય આ પ્રમાણે છે - ૧. ધર્મ, ૨. અધર્મ, ૩. આકાશ, ૪. કાળ, ૫. પુદ્ગલ અને ૬. જીવ.

એમાં પ્રથમ પાંચ દ્રવ્યો માટે એક અજીવ સંજ્ઞા આપી છે. કારણ કે તે બધા અજીવ છે. આ પ્રમાણે મુખ્યપણે બે દ્રવ્ય જાણવા- જીવ અને અજીવ. આ દ્રવ્યો તથા તેના પરસ્પર સંબંધ વિશેષથી જે પરિવર્તન થાય છે તે સંપૂર્ણ દ્રવ્યાનુયોગનું કથન કહેવાય છે. જીવ અને અજીવનાં સંબંધથી જ પુણ્ય, પાપ, આશ્રવ, બંધ તત્વોનું નિર્માણ થાય છે તથા જીવ જ્યારે કર્મ (અજીવ) થી મુક્ત હોય છે અથવા જીવ જ્યારે મુક્ત થવાનો પ્રયાસ કરે છે ત્યારે સંવર, નિર્જરા અને મોક્ષ તત્વ ઘટિત થાય છે.

જે જીવ અને અજીવ આ બે તત્વો અથવા દ્રવ્યોને સારી રીતે જાણી લે છે તે પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા તેમજ મોક્ષ તત્વોને પણ જાણી લે છે. જે આ સમસ્ત તત્વોને જાણી લે છે અને તેના પર શ્રદ્ધા કરે છે તે જ સમ્યક્ આચરણ કરી શકે છે. એટલા માટે દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે જે જીવ અને અજીવ આ બે તત્વોને જાણે છે તે જ સંયમને જાણે છે. જે જીવ અને અજીવને જાણે છે તે જ બધા જીવોની બહુવિધ મતિને જાણી લે છે. તથા તે જ પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણીને ભોગોથી વિરક્ત થાય છે અને તે જ દીક્ષિત થઈને અણગાર બને છે.તથા ઉત્કૃષ્ટ સંવર ધર્મની આરાધના કરે છે. જેનાથી નવીન કર્મોના બંધ મંદ પડી જાય છે. તે જ સાધક ફરી પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરી તેને નષ્ટ કરી દે છે અને કેવળ જ્ઞાન તથા કેવળદર્શનને પ્રાપ્ત કરી લે છે.

જીવ અને અજીવ દ્રવ્યોને જાણવાનું એ જ સૌથી મોટુ ફળ છે કે આને જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આગમોમાં દ્રવ્યોની પ્રરૂપણા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર દ્રષ્ટિથી કરેલ છે.

દ્રવ્યાનુયોગમાં સ્થાનાંગસૂત્રના અનુસાર દ્રવ્યાનુયોગ, માતૃકાનુયોગ આદિ દસ પ્રકાર છે. જેમાં વિવિધ પ્રકારે દ્રવ્યનું જ વિવેચન થયેલ છે. શ્રમણ ભગવાન મહાવીરે અલગ-અલગ પરિષદોમાં,અર્ધમાગધી ભાષામાં આ દ્રવ્યોનું વિવેચન કરેલ છે. તેના દ્વારા અર્થરૂપમાં પ્રરૂપેલી વાણીને જ ગણધરોએ સૂત્રરૂપમાં ગૂંથેલી છે. તેનો જ પ્રાપ્ત અંશ અલગ-અલગ સૂત્રોથી સંકલિત/વર્ગીકૃત કરીને આ અનુયોગમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આ અનુયોગનું નામ દ્રવ્યાનુયોગ છે. માટે આ જ નામના અધ્યયનથી આનો ઉપક્રમ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# दव्वाणुओगो

**सूत्र :**

१. **मंगलाचरण-**

सिद्धाणं नमो किच्चा, संजयाणं च भावओ।
अत्थ धम्मगइं तच्चं, अणुसट्ठिं सुणेह मे ॥
- उत्तरा. अ. २०, गाथा १

२. **जीवाजीव- णाणमाहप्पं-**

जीवाजीव-विभत्तिं, सुणेह मे एग-मणाइओ।
जं जाणिऊण समणे, सम्मं जयइ संजमे ॥
- उत्तरा. अ. ३६, गाथा १

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥ १ ॥

जो जीवे वि ण याणइ, अजीवे वि ण याणइ ।
जीवा-ऽजीवे अयाणंतो, कहं सो णाहिइ संजमं ? ॥ २ ॥

जो जीवे वि वियाणइ, अजीवे वि वियाणइ ।
जीवा-ऽजीवे वियाणंतो, सो हु णाहिइ संजमं ॥ ३ ॥

जया जीवे अजीवे य, दो वि एए वियाणइ ।
तया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ॥ ४ ॥

जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ।
तया पुण्णं च पावं च, बंधं मोक्खं पि जाणइ ॥ ५ ॥

जया पुण्णं च पावं च, बंधं मोक्खं पि जाणइ ।
तया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ॥ ६ ॥

जया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ।
तया जहइ संजोगं, सऽब्भिंतरबाहिरं ॥ ७ ॥

जया जहइ संजोगं, सब्भिंतरबाहिरं ।
तया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ॥ ८ ॥

जया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ।
तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥ ९ ॥

जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहि-कलुसं कडं ॥ १० ॥

# દ્રવ્યાનુયોગ

**સૂત્ર -**

૧. **મંગલાચરણ :**

સિદ્ધો તથા સંયતોને ભાવપૂર્વક નમસ્કાર કરીને હું અર્થ (મોક્ષ) તથા ધર્મનો બોધ કરાવનાર તથ્યાત્મક જ્ઞાનનું પ્રતિપાદન કરું છું, એવું મારા દ્વારા શ્રવણ કરો.

૨. **જીવાજીવના જ્ઞાનનું મહત્વ :**

હવે જીવ અને અજીવના વિભાગને તમે એકાગ્ર ચિત્તે મારાથી સાંભળો. જેને જાણીને શ્રમણ સમ્યક્ પ્રકારે સંયમમાં યત્નશીલ થાય છે.

વ્યક્તિ સાંભળીને કલ્યાણ અને પાપને જાણે છે. બન્ને (પુણ્ય-પાપ) ને સાંભળીને જાણે છે. માટે જે કલ્યાણ રુપ છે તેનું આચરણ કરવું જોઈએ.

જે જીવોને પણ જાણતા નથી, અજીવોને પણ જાણતા નથી જીવ અને અજીવ બન્નેને નહી જાણવાવાળા તે (સાધક) સંયમને કેવી રીતે જાણી શકશે ?

જે જીવોને પણ વિશેષ રુપથી જાણે છે. અજીવોને પણ વિશેષ રુપથી જાણે છે. જીવ અને અજીવ બન્નેને વિશેષ રુપથી જાણવાવાળોજ સંયમને જાણી શકશે.

જ્યારે સાધક જીવ અને અજીવ બન્નેને વિશેષ રુપથી જાણી લે છે. ત્યારે તે સર્વ જીવોની બહુવિધ ગતિયોને પણ જાણી લે છે.

જ્યારે સાધક સર્વ જીવોની બહુવિધ ગતિયોને જાણી લે છે ત્યારે તે પુણ્ય અને પાપ તથા બંધ અને મોક્ષને પણ જાણી લે છે.

જ્યારે (સાધક) પુણ્ય અને પાપ તથા બંધ અને મોક્ષને પણ જાણી લે છે, ત્યારે તે દેવ સંબંધી અને મનુષ્ય સંબંધી ભોગોથી વિરક્ત થઈ જાય છે.

જ્યારે સાધક દેવ અને મનુષ્ય સંબંધી ભોગોથી વિરક્ત થઈ જાય છે, ત્યારે આભ્યંતર અને બાહ્ય સંયોગનો પરિત્યાગ કરી દે છે.

જ્યારે સાધક આભ્યંતર અને બાહ્ય સંયોગોનો ત્યાગ કરી દે છે, ત્યારે તે દીક્ષિત થઈને અણગાર ધર્મને સ્વીકારે છે.

જ્યારે સાધક દીક્ષિત થઈને અણગાર ધર્મને સ્વીકારે છે, ત્યારે ઉત્કૃષ્ટ સંવરરુપ અનુત્તર ધર્મનો સ્પર્શ કરે છે.

જ્યારે સાધક ઉત્કૃષ્ટ - સંવરરુપ અનુત્તર ધર્મનો સ્પર્શ કરે છે, ત્યારે અબોધિ રુપ પાપ દ્વારા સંચિત કરેલા કર્મરજને આત્મા પરથી ખંખેરી નાખે છે અર્થાત્ અલગ કરી નાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जया धुणइ कम्मरयं, अबोहि-कलुसं कडं ।
तया सव्वत्तगं णाणं, दंसणं चाभिगच्छइ ॥ ११ ॥

જ્યારે સાધક અબોધિ રુપ પાપ દ્વારા સંચિત કરેલા કર્મરજને આત્મા પરથી ખંખેરી નાખે છે, ત્યારે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી લે છે.

जया सव्वत्तगं णाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥ १२ ॥

જ્યારે સાધક કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરી લે છે, ત્યારે તે જીન અને કેવળી થઈને લોક અને અલોકને જાણી લે છે.

जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।
तया जोगे निरूंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥ १३ ॥

જ્યારે સાધક જીન અને કેવળી થઈને લોક અને અલોકને જાણી લે છે, ત્યારે યોગોને રૂંધીને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી લે છે.

जया जोगे निरूंभित्ता, सेलेसिं पडिवज्जइ ।
तया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ णीरओ ॥ १४ ॥

જ્યારે સાધક યોગોને રૂંધીને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી લે છે, ત્યારે તે પોતાના સર્વ કર્મોનો ક્ષય કરી રજમુક્ત બનીને સિદ્ધ ગતિમાં લીન થઈ જાય છે.

जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ णीरओ ।
तया लोगमत्थयत्थो, सिद्धो भवइ सासओ ॥ १५ ॥
- दस. अ. ४, गा. ३४-४८

જ્યારે સાધક સર્વ કર્મોને ક્ષય કરી રજ-મુક્ત બનીને સિદ્ધ ગતિમાં લીન થઈ જાય છે, ત્યારે તે લોકાગ્ર પર સ્થિત થઈને શાશ્વત સિદ્ધ થઈ જાય છે.

**३. जीवाजीवाणं अत्थित्तपण्णा परूवणं-**

णत्थि जीवा अजीवा वा, णेवं सन्नं निवेसए ।
अत्थि जीवा अजीवा वा, एवं सन्नं निवेसए ॥ १ ॥
- सूय. सु. २, अ. ५, गाथा १३

दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।
परूवणा तेसिं भवे, जीवाणमजीवाण य ॥
- उत्त. अ. ३६, गा. ३

**૩. જીવાજીવના અસ્તિત્વની પ્રજ્ઞાનું પ્રરુપણ :**

જીવ અને અજીવ પદાર્થ નથી એવું જાણપણું ન હોવું જોઈએ, પરંતુ જીવ અને અજીવ પદાર્થ છે એવો બોધ હોવો જોઈએ.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી તે જીવ અને અજીવની પ્રરુપણા થાય છે.

**४. दवियाणुओगस्स परूपण पगारा-**

दसविहे दवियाणुओगे पन्नत्ते, तं जहा-

१. दवियाणुओगे, २. माउयाणुओगे,
३. एगट्ठियाणुओगे, ४. करणाणुओगे,
५. अप्पिताणप्पिते, ६. भाविताभाविते,
७. बाहिराबाहिरे, ८. सासयासासए,
९. तहणाणे, १०. अतहणाणे ।
- ठाणं. अ. १०, सु. ७२६

**૪. દ્રવ્યાનુયોગની પ્રરુપણાના પ્રકાર :**

દ્રવ્યાનુયોગ દસ પ્રકારના કહ્યા છે, જેમ કે -

૧. દ્રવ્યાનુયોગ, ૨. માતૃકાનુયોગ,
૩. એકાર્થિકાનુયોગ, ૪. કરણાનુયોગ,
૫. અર્પિતાનર્પિત, ૬. ભાવિતાભાવિત,
૭. બાહ્યાબાહ્ય, ૮. શાશ્વત - અશાશ્વત,
૯. તથાજ્ઞાન, ૧૦. અતથાજ્ઞાન.[1]

---

૧. દ્રવ્યોના દ્રવ્યત્વની વ્યાખ્યા કરવી.
૨. ઉત્પાદ આદિ માતૃકાપદોના આધારથી દ્રવ્યોની વ્યાખ્યા કરવી.
૩. દ્રવ્યોના એકાર્થક અને પર્યાયવાચી શબ્દોની વ્યાખ્યા કરવી.
૪. દ્રવ્યની નિષ્પત્તિમાં સાધકતમ કારણોનો વિચાર કરવો.
૫. દ્રવ્યના મુખ્ય અને ગૌણ ધર્મોનો વિચાર કરવો.
૬. દ્રવ્યાન્તરથી પ્રભાવિત અને અપ્રભાવિત થવાનો વિચાર કરવો.
૭. એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા અભિન્નતાનો વિચાર કરવો.
૮. દ્રવ્યોના શાશ્વત અશાશ્વતતાનો વિચાર કરવો.
૯. દ્રવ્યોના યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો.
૧૦. દ્રવ્યોના અયથાર્થ સ્વરૂપનો વિચાર કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. **दव्वाणुओगस्स उक्खेवो-**

तए णं समणे भगवं महावीरे तीसे य महइ महालियाए परिसाए, मुणि परिसाए, जइ परिसाए, देव परिसाए, अणेगसयाए, अणेगसयवंदाए, अणेगसयवंदपरिवाराए, सारयणवत्थणिय महुर गम्भीर कोंचणिग्घोस दुंदुभिस्सरे,

उरे वित्थडाए, कंठे वट्टियाए,

सिरे समाइण्णाए, अगरलाए, अमम्मणाए,

सुवत्तक्खरसण्णिवाइयाए पुण्णरत्ताए,

सव्वभासाणुगामिणीए सरस्सईए,

जोयण-णीहारिणा सरेणं,

अद्धमागहाए भासाए धम्मं परिकहेइ,

सा वि य णं अद्धमागहा भासा तेसिं सव्वेसिं आरियमणारियाणं अप्पणो सभासाए परिणमेणं परिणमइ-

***तं जहा-अत्थि लोए, अत्थि अलोए।***

***एवं - जीवा, अजीवा, बंधे, मोक्खे, पुण्णे, पावे, आसवे, संवरे, वेयणा, णिज्जरा,***

अरिहंता, चक्कवट्टी, बलदेवा, वासुदेवा,

नरगा, णेरइया,

तिरिक्खजोणिया, तिरिक्खजोणिणीओ

माया, पिया, रिसओ, देवा, देवलोया, सिद्धि, परिणिव्वाणे, परिणिव्वुया।

अत्थि १ पाणाइवाए **-जाव-** १८ मिच्छादंसणसल्ले

अत्थि १ पाणाइवायवेरमणे **-जाव-** १८ मिच्छादंसण-सल्लविवेगे।

सव्वं अत्थिभावं अत्थित्ति वयइ,

सव्वं णत्थिभावं णत्थित्ति वयइ,

सुचिण्णा कम्मा सुचिण्णफला भवंति,

दुचिण्णा कम्मा दुचिण्णफला भवंति,

फुसइ पुण्णपावे,

पच्चायंति जीवा,

૫. **દ્રવ્યાનુયોગનું ઉપોદ્‌ઘાત :**

તે સમયે શ્રમણ ભગવાન મહાવીરે તે વિશાળ મહાન્ પરિષદમાં, મુનિ પરિષદમાં, યતિ પરિષદમાં, દેવ પરિષદમાં, અનેક સો, અનેક સો સમુદાય, અનેક સો સમુદાયનાં પરિવારવાળી પરિષદામાં, શરદઋતુના નવા વાદળાની ગર્જના જેવી, ક્રૌંચ પક્ષી તથા દુન્દુભિના નાદ જેવી મધુર ધ્વનિમાં,

હૃદયમાં વિસ્તૃત, ગળામાં સ્થિર,

મસ્તિષ્કમાં સમાયેલું, અસ્ખલિત, સ્પષ્ટ ઉચ્ચારણ સહિત,

વ્યક્ત અક્ષરોમાં પૂર્ણ સંયોજન સહિત,

સર્વ ભાષાનુગામિની વાણી,

જે યોજન સુધી સાંભળી શકાય એવા સ્વરમાં,

અર્દ્ધમાગધી ભાષામાં ધર્મ કહ્યો -

તે અર્દ્ધમાગધી ભાષાએ બધા આર્ય-અનાર્ય શ્રોતાઓની પોતાની ભાષામાં પરિણત થઈ ગઈ.

***જેમ - લોકનું અસ્તિત્વ છે, અલોકનું અસ્તિત્વ છે.***

***આ પ્રમાણે - જીવ, અજીવ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા,***

અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ,

નરક, નૈરયિક,

તિર્યંચ યોનિક, તિર્યંચયોનિકી,

માતા, પિતા, ઋષિ, દેવ, દેવલોક, સિદ્ધિ, પરિનિર્વાણ (કર્મક્ષય), પરિનિર્વૃત્ત (કર્મક્ષય કરવાવાળા) છે.

૧. પ્રાણાતિપાત **-યાવત્-** ૧૮ મિથ્યાદર્શનશલ્ય એ અઢાર પ્રકારના પાપના સ્થાન છે.

૧ પ્રાણાતિપાતવિરમણ - (હિંસાથી નિર્વૃત્ત) **-યાવત્-** ૧૮ મિથ્યાદર્શનશલ્યવિવેક એ પાપ ત્યાગના અઢાર સ્થાન છે.

બધા અસ્તિભાવ પોતાના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષા) અસ્તિત્ત્વ રુપ કહેવાય છે.

બધા નાસ્તિભાવ- નાસ્તિત્વ રુપ કહેવાય છે.

શુભ ભાવ દ્વારા આચરેલ કર્મથી શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

અશુભ ભાવ દ્વારા આચરેલ કર્મથી અશુભ ફળની પ્રાપ્તિ થાય છે.

જીવ પુણ્ય પાપ કર્મોને સ્પર્શે છે.

(સંસારી) જીવ જન્મ-મરણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सफले कल्लाणपावए ।

શુભ અને અશુભ કર્મ નિષ્ફળ નથી જતા.

धम्ममाइक्खइ-"इणमेव णिग्गंथे पावयणे सच्चं, अणुत्तरे, केवलिए, संसुद्धे, पडिपुण्णे, णेयाउए, सल्लकत्तणे, सिद्धिमग्गे, मुत्तिमग्गे, णिव्वाणमग्गे, णिज्जाणमग्गे, अवितहमविसंदिद्धे, सव्वदुक्खप्पहीणमग्गे ।

(ત્યારપછી) અહીં ભગવાન ધર્મનું પ્રતિપાદન કરતા કહે છે કે - "તે નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે; અનુત્તર (સર્વોત્તમ) છે, અદ્વિતીય છે, અત્યંત શુદ્ધ છે, પરિપૂર્ણ છે, ન્યાયસંગત છે, માયા આદિ શલ્યો (કાંટો)ને દૂર કરનાર છે, સિદ્ધિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, નિર્વાણનો માર્ગ છે, નિર્યાણનો માર્ગ છે, યથાર્થ છે, પરસ્પર વિરોધ રહિત, તથા બધાં દુઃખોનો સર્વથા નાશ કરવાવાળો માર્ગ છે.

इहट्ठिया जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति ।"

આ નિર્ગ્રન્થ ધર્મમાં સ્થિત જીવો સિદ્ધ હોય છે, બુદ્ધ હોય છે, મુક્ત હોય છે, પરિનિવૃત્ત હોય છે અને સર્વ દુઃખોનો અંત કરનાર હોય છે."

एकच्चा पुण एगे भयंतारो पुव्वकम्मावसेसेणं अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, महिड्ढिएसु **-जाव-** महासुक्खेसु दूरंगइएसु चिरट्ठिइएसु ।

એકાભવધારી એવા (ભદન્ત નિર્ગ્રન્થ શ્રમણ પૂર્વે કરેલા) શેષ કર્મોનો ક્ષય કરવા માટે કોઈપણ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે. તે દેવલોક મહર્દ્ધિક **-યાવત્-** અત્યન્ત સુખમય-દુરંગતિક (મોક્ષગતિ જેવું) અને લાંબી સ્થિતિવાળા હોય છે.

ते णं तत्थ देवा भवंति महिड्ढिया **-जाव-** महज्जुइया, महब्बला, महायसा, महासुखा चिरट्ठिइया ।

ત્યાં દેવરૂપમાં ઉત્પન્ન તે જીવ મહાન્ ઋદ્ધિસમ્પન્ન **-યાવત્-** મહાન્ દ્યુતિસમ્પન્ન, મહાન્ બળસમ્પન્ન, મહાન્ યશસ્વી, અત્યન્ત સુખી તથા લાંબા આયુષ્યવાળા હોય છે.

हारविराइयवच्छा **-जाव-** पभासेमाणा, कप्पोवगा, गइकल्लाणा, आगमेसिभद्दा **-जाव-** पडिरूवा ।

- उव. सु. ५६

એમનું વક્ષસ્થળ હારોથી સુશોભિત હોય છે **-યાવત્-** દસે દિશાઓને પ્રકાશિત કરે છે. તે કલ્પોપપન્ન દેવ વર્તમાનમાં ઉત્તમ દેવગતિના ધારક તથા ભવિષ્યમાં ભદ્ર- કલ્યાણ તથા નિર્વાણરુપ અવસ્થાને પ્રાપ્ત કરવાવાળા હોય છે **-યાવત્-** અસાધારણ રુપવાન્ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨. દ્રવ્ય–અધ્યયન

તત્વાર્થસૂત્રમાં દ્રવ્યનું લક્ષણ ''गुणपर्यायवद् द्रव्यम्'' [ અ.૫.સૂ.૩૭ ] આપી દ્રવ્યને ગુણ અને પર્યાયયુક્ત બતાવેલ છે. આચાર્ય હેમચંદ્રસૂરિએ પ્રમાણમીમાંસા [ ૧.૧.૩૦ ] ની સ્વોપજ્ઞવૃત્તિમાં ''द्रवति तांस्तान् पर्यायान् गच्छति इति द्रव्यं ध्रौव्यलक्षणम्'' અલગ-અલગ પર્યાયોને પ્રાપ્ત થનાર ધ્રૌવ્ય સ્વભાવીને દ્રવ્ય કહ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ગુણોના આશ્રયને દ્રવ્ય કહ્યા છે.

ગુણ તથા પર્યાયના સંબંધમાં જૈન દાર્શનિકોના મતભેદ છે. સિદ્ધસેન, હરિભદ્ર, હેમચંદ્ર, યશોવિજય આદિ જૈન દાર્શનિક ગુણ અને પર્યાયમાં અભેદનો સ્વીકાર કરે છે, જ્યારે વિદ્યાનન્દ આદિ કેટલાક દિગમ્બર દાર્શનિક તથા વાદિદેવસૂરિ આદિ શ્વેતામ્બર દાર્શનિક આમાં ભેદ પ્રતિપાદિત કરે છે. દેવસૂરિના અનુસાર ગુણ દ્રવ્યના સહભાવી હોય છે તથા પર્યાયો ક્રમભાવી હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં આ અંતર સ્પષ્ટ કરતાં કહ્યું છે કે ગુણ કેવળ દ્રવ્યના આશ્રિત હોય છે. જ્યારે પર્યાય દ્રવ્ય અને ગુણ બંનેના આશ્રિત હોય છે. દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય શબ્દોનો પ્રયોગ જૈન સાહિત્યમાં થયેલ છે. અનુયોગદ્વારસૂત્ર અને ભગવતીસૂત્રમાં પણ દ્રવ્ય અને પર્યાયની ભિન્નતાનો બોધ થાય છે.

દ્રવ્ય છ છે :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ [અદ્ધાસમય] આ તેનો પૂર્વાનુપૂર્વીક્રમ છે. પશ્ચાનુપૂર્વીક્રમ આનાથી વિપરીત હોય છે. જેના અનુસાર કાળની ગણના બધાથી પહેલા તથા ધર્માસ્તિકાયની ગણના બધાથી છેલ્લે થાય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિમાં હેતુ બને છે. અધર્માસ્તિકાય સ્થિતિમાં હેતુ બને છે, આકાશ સમસ્ત દ્રવ્યોને સ્થાન આપવાના કારણે તેનો આશ્રય છે. કાળનું લક્ષણ વર્તના છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. બીજી દ્રષ્ટિએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય પણ જીવના લક્ષણ છે.

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત દ્રવ્ય પુદ્ગલ છે. શબ્દ, અંધકાર, પ્રકાશ, છાયા, પ્રભા અને આતપ પણ પૌદ્ગલિક છે.

સંખ્યાની અપેક્ષાએ ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્ય એક-એક છે. જ્યારે પુદ્ગલ અને કાળ અનંત છે. પ્રદેશની અપેક્ષાએ ધર્મ, અધર્મ અને જીવ અસંખ્યાત પ્રદેશી છે. આકાશ અનંત પ્રદેશી છે. તેમાંથી લોકાકાશ અસંખ્યાત પ્રદેશી છે. પુદ્ગલ સંખ્યાત, અસંખ્યાત તેમજ અનંત પ્રદેશી છે. જ્યારે કાળ અપ્રદેશી છે. આ છ દ્રવ્ય પોતાના જ સ્વભાવમાં પરિણમન કરે છે. કોઈ દ્રવ્ય બીજા રૂપમાં પરિવર્તિત થતા નથી. માટે ધર્માસ્તિકાય સદૈવ ધર્માસ્તિકાય બની રહે છે. અધર્માસ્તિકાય સદૈવ અધર્માસ્તિકાય બની રહે છે. આ પ્રમાણે અન્ય દ્રવ્ય પણ પોતાના સ્વરુપમાં સદૈવ બની રહે છે.

આ અધ્યયનમાં અનુયોગદ્વાર સૂત્ર અનુસાર છ દ્રવ્યોના ભેદ-પ્રભેદના અવિશેષિત્ત અને વિશેષિત નામોના આધારથી પણ વર્ણન કરેલ છે. જેમાં જીવ દ્રવ્યનું વિસ્તારથી વર્ણન થયેલ છે. અવિશેષિત શબ્દનો અર્થ છે ભેદ રહિત, સામાન્ય આદિ વિશેષિત શબ્દનો અર્થ છે- ભેદયુક્ત, વિશેષ આદિ. કોઈ દ્રવ્યનું સંગ્રહનયથી અવિશેષિત વર્ણન હોય છે. જ્યારે વ્યવહારનયથી તેના વિશેષિત [ ભેદો ] નું વર્ણન કરાય છે, જેમ કે- જીવ દ્રવ્યને અવિશેષિત માનવાથી નારક, તિર્યચયોનિક, મનુષ્ય અને દેવ આ ચાર વિશેષિત નામ થાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયને અવિશેષિત માનીને તેના ભેદોનું વર્ણન આ અધ્યયનમાં થયેલ નથી. જ્યારે પુદ્ગલાસ્તિકાયને અવિશેષિત માનીને તેના પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશિક સ્કંધથી અનંત પ્રદેશિક સ્કંધ સુધી વિશેષિત નામોનો સંકેત કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ દ્રવ્યોમાં દ્રવ્યાર્થ તેમજ પ્રદેશાર્થની અપેક્ષાએ કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજનું પણ આ અધ્યયનમાં વર્ણન કરવામાં આવેલ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યાર્થથી કલ્યોજ છે. જીવાસ્તિકાય અને કાળ દ્રવ્યાર્થથી કૃતયુગ્મ છે. જ્યારે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થથી ક્યારેક કૃતયુગ્મ છે, ક્યારેક ત્ર્યોજ છે, ક્યારેક દ્વાપરયુગ્મ છે, ક્યારેક કલ્યોજ છે, પ્રદેશાર્થની અપેક્ષાએ બધા દ્રવ્ય કૃતયુગ્મ છે. આ દ્રવ્યોની અવગાઢતાનાં પ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે-

ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્ય અસંખ્યાત પ્રદેશાવગાઢ છે. તેમાં પણ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે.

ધર્માસ્તિકાય આદિના પ્રદેશ સ્વયં પોતાના અન્ય પ્રદેશોથી તથા અન્ય દ્રવ્યોના પ્રદેશોથી સ્પૃષ્ટ થાય છે. આ અધ્યયનમાં એવું પણ વર્ણન મળે છે કે એક દ્રવ્યને કોઈ પ્રદેશ અન્ય દ્રવ્યોના [ અથવા પોતાના ] કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ થાય છે. આ પ્રમાણે છ દ્રવ્યોના પરસ્પર પ્રદેશાવગાઢ પર વિસ્તૃત વર્ણન કરેલું છે.

સમસ્ત દ્રવ્યોને બે ભાગોમાં વિભક્ત કરાય છે- જીવ અને અજીવ. આમાંથી જીવાસ્તિકાયને છોડીને પાંચ દ્રવ્ય અજીવ છે. અજીવ પણ બે પ્રકારના છે.- રૂપી અને અરૂપી. રુપી અજીવમાં પુદ્ગલાસ્તિકાયનો સમાવેશ થાય છે. જ્યારે અરૂપી અજીવમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળની ગણના થાય છે. ધર્મ અને અધર્મ દ્રવ્ય લોક પ્રમાણ છે. આકાશલોક અને અલોકમાં વ્યાપ્ત છે. કાળ [ વ્યવહારકાળ ] મનુષ્યક્ષેત્ર અર્થાત્ અઢી દ્વીપમાં જ છે. જીવ અને પુદ્ગલ લોકમાં પ્રાપ્ત થાય છે.

ક્ષેત્ર અને દિશાની અપેક્ષાએ આ ષડ્દ્રવ્યોના અલ્પ- બહુત્વનું પણ આ અધ્યયનમાં વર્ણન થયેલ છે. જે વિચારણીય છે. અન્ય અલ્પ-બહુત્વોની દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ વિચારણા થયેલ છે. દ્રવ્ય [ સંખ્યા ] ની અપેક્ષાએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણેય સમાન છે. તથા બધાથી અલ્પ છે. અદ્ધાસમય બધાથી અધિક છે. પ્રદેશની અપેક્ષાએ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમાન છે. અને બધાથી અલ્પ છે. તથા આકાશાસ્તિકાય બધાથી વધારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## १. दव्वज्झयणं

सुत्र -

१. **दव्वाण-णामाइं-**

प. कइविहा णं भंते ! दव्वा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा दव्वा पण्णत्ता, तं जहा-

१. जीवदव्वा य, २. अजीवदव्वा य।[1]

- विया. स. २५, उ. २, सु. १

प. से किं तं दव्व णामे ?

उ. दव्व णामे छव्विहे पण्णत्ते, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. आगासत्थिकाए, ४. जीवत्थिकाए,

५. पोग्गलत्थिकाए, ६. अद्धासमए अ।

**से तं दव्व णामे।**[2]

- अणु. सु. २१८

२. **विविह विवक्खया दव्वाणं दुविहत्त परूवणं-**

दुविहा दव्वा पण्णत्ता, तं जहा-

१. परिणया चेव २. अपरिणया चेव

दुविहा दव्वा पण्णत्ता, तं जहा-

१. गतिसमावन्नगा चेव २. अगतिसमावन्नगा चेव

दुविहा दव्वा पण्णत्ता, तं जहा-

१. अणंतरोगाढा चेव २. परम्परोगाढा चेव

- ठाणं. अ. २, उ. १, सु. ६३

३. **आणुपुव्वीआइ कमेण दव्व णामाइं-**

प. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. आगासत्थिकाए, ४. जीवत्थिकाए,

## १. દ્રવ્ય અધ્યયન

સૂત્ર :

૧. **દ્રવ્યોના નામ :**

પ્ર. ભન્તે ! દ્રવ્ય કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્ય બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. જીવદ્રવ્ય, ૨. અજીવદ્રવ્ય.

પ્ર. દ્રવ્ય નામનું સ્વરુપ શું છે ?

ઉ. દ્રવ્ય નામના છઃ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય,

૫. પુદ્દગલાસ્તિકાય, ૬. અદ્ધાસમય (કાળ).

**આ દ્રવ્યનામ છે.**

૨. **વિવિધ વિવક્ષાથી દ્રવ્યોનું દ્વિવિધત્વનું પ્રરુપણ :**

દ્રવ્ય બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. પરિણત (રુપાન્તરિત), ૨. અપરિણત.

દ્રવ્ય બે પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. ગતિ સમાપન્નક, ૨. અગતિસમાપન્નક.

દ્રવ્ય બે પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. અનંતરાવગાઢ, ૨. પરમ્પરાવગાઢ.

૩. **આનુપૂર્વી આદિના ક્રમથી દ્રવ્યોના નામ -**

પ્ર. ભંતે ! પૂર્વાનુપૂર્વીનો શું ક્રમ છે ?

ઉ. પૂર્વાનુપૂર્વીનો આ ક્રમ છે, તે આ પ્રમાણે છે-

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય,

---

१. (क) प. **से किं तं पण्णवणा ?**

उ. पण्णवणा दुविहा पण्णत्ता, तं जहा

१. जीवपण्णवणा य, २. अजीवपण्णवणा य।

- पण्ण. प. १, सु. ३

(ख) प. **से किं तं जीवाजीवाभिगमे ?**

उ. गोयमा ! जीवाजीवाभिगमे दुविहे पण्णत्ते, तं जहा-

१. जीवाभिगमे य, २. अजीवाभिगमे य।

- जीवा. पडि. १, सु. १

(ग) **दुवे रासी पण्णत्ता, तं जहा-**

१. जीवरासी य, २. अजीवरासी य।

- सम. सु. १४९/१

(घ) उत्त. अ. ३६, गा. ४८

२. (क) विया. स. २५ उ. ४, सु. ८

(ख) अणु. सु. २६९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. पोग्गलत्थिकाए, ६. अद्धासमए ।

से तं पुव्वाणुपुव्वी ।

प. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-

६. अद्धासमए, ५. पोग्गलत्थिकाए,

४. जीवत्थिकाए, ३. आगासत्थिकाए,

२. अधम्मत्थिकाए, १. धम्मत्थिकाए ।

से तं पच्छाणुपुव्वी ।

प. से किं तं अणाणुपुव्वी ?

उ. अणाणुपुव्वी एयाए चेव एगादियाए एगुत्तरियाए छ-गच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो ।

से तं अणाणुपुव्वी । - अणु. सु. १३२-१३४

५. પુદ્ગલાસ્તિકાય, ૬. અદ્ધાકાલ.

આ પૂર્વાનુપૂર્વીનો ક્રમ થયો.

પ્ર. પશ્ચાનુપૂર્વીનો શું ક્રમ છે ?

ઉ. પશ્ચાનુપૂર્વીનો આ ક્રમ છે -

૬. અદ્ધાકાલ, ૫. પુદ્ગલાસ્તિકાય,

૪. જીવાસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય,

૨. અધર્માસ્તિકાય, ૧. ધર્માસ્તિકાય.

આ પશ્ચાનુપૂર્વીનો ક્રમ થયો.

પ્ર. ભંતે ! અનાનુપૂર્વીનો શું ક્રમ છે ?

ઉ. એકથી પ્રારંભ કરી એક-એકને ઉમેરીને છ સુધી રહેલા શ્રેણીનાં અંકોમાં એકબીજા સાથે ગુણાકાર કરવાથી જે અંક રાશિ પ્રાપ્ત થાય છે તેમાં પ્રારંભ અને અંતની બે સંખ્યાને ઓછી કરવાથી અનાનુપૂર્વી બને છે.

આ અનાનુપૂર્વીનો ક્રમ થયો.

४. **विसेसाविसेस विवक्खया दव्व भेयप्पभेया-**

अहवा दुनामे दुविहे पण्णत्ते, तं जहा-

१. विसेसिए य २. अविसेसिए य ।

अविसेसिए दव्वे,

विसेसिए - १. जीव दव्वे य, २. अजीव दव्वे य ।

अविसेसिए जीव दव्वे,

विसेसिए- १. णेरइए, २. तिरिक्खजोणिए, ३. मणुस्से, ४. देवे ।

अविसेसिए णेरइए,

विसेसिए- १. रयणप्पभाए, २. सक्करप्पभाए, ३. वालुयप्पभाए, ४. पंकप्पभाए, ५. धूमप्पभाए ६. तमाए ७. तमतमाए ।

अविसेसिए- रयणप्पभापुढविणेरइए,

विसेसिए पज्जत्तए य अपज्जत्तए य,

***एवं -जाव- अविसेसिए तमतमापुढवि णेरइए -***

***विसेसिए पज्जत्तए य अपज्जत्तए य ।***

૪. **વિશેષ - અવિશેષની વિવક્ષાથી દ્રવ્યોના ભેદ-પ્રભેદ :**

અહીં અપેક્ષાએ દ્વિનામના બે પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. વિશેષિત (ચોક્કસ) ૨. અવિશેષિત (સામાન્ય)

દ્રવ્યએ અવિશેષિત (સામાન્ય) નામ છે.

૧. જીવદ્રવ્ય અને ૨. અજીવદ્રવ્ય વિશેષિત (આ બે) નામ છે.

જીવ દ્રવ્યને અવિશેષિત માનવાથી -

૧. નારકી, ૨. તિર્યંચયોનિક, ૩. મનુષ્ય, ૪. દેવતા (આ ચાર) વિશેષિત નામ કહેવાશે.

નારકીને અવિશેષિત માનવાથી -

૧. રત્નપ્રભા, ૨. શર્કરાપ્રભા, ૩. વાલુકાપ્રભા, ૪. પંકપ્રભા, ૫. ધૂમપ્રભા, ૬. તમઃપ્રભા, ૭. તમસ્તમપ્રભા. (આ સાત) વિશેષિત નામ કહેવાશે.

રત્નપ્રભા પૃથ્વી નારકીને અવિશેષિત માનવાથી -

તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકી (આ બે) વિશેષિત નામ કહેવાશે.

***આ પ્રમાણે તમસ્તમપ્રભા પૃથ્વીને નારકી સુધી અવિશેષિત માનવાથી -***

***પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ ૧૪ પ્રકાર) વિશેષિત નામ કહેવાશે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविसेसिए तिरिक्ख-जोणिए,

विसेसिए- १. एगिंदिए, २. बेइंदिए, ३. तेइंदिए, ४. चउरिंदिए, ५. पंचिंदिए।

अविसेसिए एगिंदिए,

विसेसिए- १. पुढविकाइए, २. आउकाइए, ३. तेउकाइए, ४. वाउकाइए, ५. वणस्सइकाइए।

अविसेसिए- पुढविकाइए,

विसेसिए- १. सुहुमपुढविकाइए य, २. बायरपुढविकाइए य।

अविसेसिए सुहुमपुढविकाइए,

विसेसिए- १. पज्जत्तय-सुहुमपुढविकाइए य, २. अपज्जत्तय-सुहुमपुढविकाइए य।

अविसेसिए बायर पुढविकाइए,

विसेसिए- १. पज्जत्तय- बायरपुढविकाइए य,

२. अपज्जत्तय- बायरपुढविकाइए य।

***एवं २. आउकाइए य, ३. तेउकाइए य,***

***४. वाउकाइए य, ५. वणस्सईकाइए य एवं अविसेसिए विसेसिए य पज्जत्तय- अपज्जत्तयभेदेहिं भाणियव्वा।***

अविसेसिए बेइंदिए,

विसेसिए - १. पज्जत्तय बेइंदिए य, २. अपज्जत्तय बेइंदिए य।

***एवं तेइंदिय- चउरिंदिय वि भाणियव्वा।***

अविसेसिए- पंचेंदिय तिरिक्खजोणिए,

विसेसिए- १. जलयर- पंचेंदिय तिरिक्ख जोणिए,

२. थलयर पंचेंदिय तिरिक्खजोणिए, ३. खयहर-पंचेंदिय-तिरिक्ख-जोणिए य।

अविसेसिए- जलयर पंचेंदिय तिरिक्ख जोणिए,

विसेसिए- १. सम्मुच्छिम- जलयर- पंचेंदिय- तिरक्ख जोणिए य २. गब्भवक्कंतिय-जलयर- पंचेंदिय तिरिक्ख जोणिए य।

अविसेसिए - सम्मुच्छिम- जलयर- पंचेंदिय तिरिक्ख-जोणिए,

તિર્યંચયોનિકને અવિશેષિત માનવાથી -

૧. એકેન્દ્રિય, ૨. બેઈન્દ્રિય, ૩. તેઈન્દ્રિય, ૪. ચઉરિન્દ્રિય, ૫. પંચેન્દ્રિય (આ પાંચ) વિશેષિત નામ કહેવાશે.

એકેન્દ્રિયને અવિશેષિત માનવાથી -

૧. પૃથ્વીકાય, ૨. અપ્કાય, ૩. તેઉકાય, ૪. વાયુકાય, ૫. વનસ્પતિકાય (આ પાંચ) વિશેષિત નામ કહેવાશે.

પૃથ્વીકાયને અવિશેષિત માનવાથી -

૧. સૂક્ષ્મ પૃથ્વીકાય, ૨. બાદર પૃથ્વીકાય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

સૂક્ષ્મ પૃથ્વીકાયને અવિશેષિત માનવાથી -

૧. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય, ૨. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

બાદર પૃથ્વીકાયને અવિશેષિત માનવાથી -

૧. પર્યાપ્તા બાદર પૃથ્વીકાય,

૨. અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

***આ પ્રમાણે ૨. અપ્કાય, ૩. તેઉકાય, ૪. વાયુકાય, ૫. વનસ્પતિકાયને અવિશેષિત માનવાથી અનુક્રમથી તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ દસ પ્રકાર)ના વિશેષિત નામ કહેવા જોઈએ.***

બેઈન્દ્રિયને અવિશેષિત માનવાથી-

૧. પર્યાપ્તા બેઈન્દ્રિય, ૨. અપર્યાપ્તા બેઈન્દ્રિય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

***આ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય માટે પણ કહેવું જોઈએ.***

પંચેન્દ્રિય તિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

૧. જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ, ૨. સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ, ૩. ખેચર પંચેન્દ્રિય- તિર્યંચયોનિ (આ ત્રણ) વિશેષિત નામ કહેવાશે.

જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી-

૧. સમ્મૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ, ૨. ગર્ભજ જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

સમ્મૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विसेसिए- १. पज्जत्तय-सम्मुच्छिम- जलयर-पंचेंदिय तिरिक्ख जोणिए य,

१. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ,

२. अपज्जत्तय- सम्मुच्छिम- जलयर- पंचेंदिय तिरिक्ख जोणिए य।

२. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए- गब्भवक्कंतिय- जलयर- पंचेंदिय तिरिक्ख जोणिए,

ગર્ભજ જલચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. पज्जत्तय- गब्भवक्कंतिय-जलयर-पंचेंदिय तिरिक्ख जोणिए य,

१. પર્યાપ્તા ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ,

२. अपज्जत्तय गब्भवक्कंतिय- जलयर-पंचेंदिय तिरिक्ख जोणिए य।

२. અપર્યાપ્તા ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए- थलयर पंचेंदिय तिरिक्ख जोणिए,

સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. चउप्पय थलयर- पंचेंदिय तिरिक्खजोणिए य,

१. ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ,

२. परिसप्प थलयर पंचेंदिय तिरिक्ख जोणिए य।

२. પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए- चउप्पय-थलयर-पंचेंदिय तिरिक्ख जोणिए।

ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. सम्मुच्छिम- चउप्पय-थलयर पंचेंदिय तिरिक्ख जोणिए य, २. गब्भवक्कंतिय- चउप्पय थलयर- पंचेंदिय तिरिक्ख जोणिए य।

१. સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિ, २. ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए- सम्मुच्छिम- चउप्पय थलयर पंचेंदिय तिरिक्ख जोणिए,

સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

विसेसिए-१. पज्जत्तय सम्मुच्छिम- चउप्पय- थलयर- पंचेंदिय तिरिक्ख जोणिए य,

१. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ,

२. अपज्जत्तय- सम्मुच्छिम- चउप्पय- थलयर पंचेंदिय तिरिक्ख जोणिए य।

२. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए- गब्भवक्कंतिय- चउप्पय थलयर- पंचेंदिय तिरिक्ख जोणिए,

ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. पज्जत्तय- गब्भवक्कंतिय- चउप्पय- थलयर-पंचेंदिय तिरिक्ख जोणिए य।

१. પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિયતિ-ર્યંચયોનિ,

२. अपज्जत्तयगब्भवक्कंतिय- चउप्पय- थलयर- पंचेंदिय तिरिक्खजोणिए य।

२. અપર્યાપ્તાગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

अविसेसिए-परिसप्प थलयर- पंचेंदिय तिरिक्ख जोणिए,

विसेसिए- १. उरपरिसप्प थलयर-पंचेंदिय-तिरिक्ख जोणिए य,

પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિને અવિશેષિત માનવાથી- १. ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ,

२. भुयपरिसप्प-थलयर पंचेंदिय तिरिक्ख जोणिए य।

२. ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***एवं सम्मुच्छिमा पज्जत्ता अपज्जत्ता य, गब्भवक्कंतिया वि पज्जत्ता अपज्जत्ता य भाणियव्वा।***

अविसेसिए-खयहर पंचेंदिय तिरिक्ख जोणिए,

विसेसिए- १. सम्मुच्छिमखयहर पंचेंदिय तिरिक्ख जोणिए य,

२. गब्भवक्कंतिय खयहर पंचेंदिय तिरिक्ख जोणिए य।

अविसेसिए- सम्मुच्छिम खयहर पंचेंदिय तिरिक्ख जोणिए,

विसेसिए- १. पज्जत्तय सम्मुच्छिम खयहर पंचेंदिय तिरिक्ख जोणिए य, २. अपज्जत्तय सम्मुच्छिमखयहरपंचेंदिय तिरिक्ख जोणिए य।

अविसेसिए-गब्भवक्कंतिय खयहर पंचेंदिय तिरिक्ख जोणिए,

विसेसिए- १. पज्जत्तय गब्भवक्कंतिय- खयहरपंचेंदिय तिरिक्ख जोणिए य,

२. अपज्जत्तय- गब्भवक्कंतिय- खयहर- पंचेंदियतिरिक्ख जोणिए य।

अविसेसिए- मणुस्से,

विसेसिए १. सम्मुच्छिम मणुस्से य, २. गब्भवक्कंतिय मणुस्से य।[1]

अविसेसिए गब्भवक्कंतिय- मणुस्से,

विसेसिए- १. पज्जत्तय- गब्भवक्कंतिय- मणुस्से य,

२. अपज्जत्तय- गब्भवक्कंतिय- मणुस्से य।

अविसेसिए- देवे,

विसेसिए- १. भवणवासी, २. वाणमंतरे ३. जोइसिए, ४. वेमाणिए य।

अविसेसिए- भवणवासी,

विसेसिए- १. असुरकुमारे, २. नागकुमारे, ३. सुवण्णकुमारे, ४. विज्जुकुमारे, ५. अग्गिकुमारे, ६. दीवकुमारे. ७. उदधिकुमारे, ८. दिसाकुमारे, ९. वाउकुमारे १०. थणियकुमारे।

***सव्वेसिं पि अविसेसिय-विसेसिय-पज्जत्तय-अपज्जत्तय-भेया भाणियव्वा।***

अविसेसिए- वाणमंतरे,

***આ પ્રમાણે સમ્મૂર્ચ્છિમના પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા ગર્ભજના પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ કહેવા જોઈએ.***

ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિને અવિશેષિત માનવાથી-

૧. સમ્મૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ,

૨. ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

સમ્મર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિને અવિશેષિત માનવાથી -

૧. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ, ૨. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિને અવિશેષિત માનવાથી-

૧. પર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ,

૨. અપર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ (આ બે) વિશેષિત નામ કહેવાશે.

મનુષ્યને અવિશેષિત માનવાથી -

૧. સમ્મૂર્ચ્છિમ મનુષ્ય, ૨. ગર્ભજ મનુષ્ય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

ગર્ભજ મનુષ્યને અવિશેષિત માનવાથી -

૧. પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય,

૨. અપર્યાપ્તા ગર્ભજ મનુષ્ય (આ બે) વિશેષિત નામ કહેવાશે.

દેવને અવિશેષિત માનવાથી -

૧. ભવનપતિ, ૨. વાણવ્યંતર, ૩. જ્યોતિષી, ૪. વૈમાનિક (આ ચાર) વિશેષિત નામ કહેવાશે.

ભવનવાસીને અવિશેષિત માનવાથી -

૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. સુવર્ણકુમાર, ૪. વિદ્યુત્કુમાર, ૫. અગ્નિકુમાર, ૬. દ્વીપકુમાર, ૭. ઉદધિકુમાર, ૮. દિશાકુમાર, ૯. વાયુકુમાર, ૧૦. સ્તનિતકુમાર. (આ દસ) વિશેષિત નામ કહેવાશે.

***(આ) પ્રત્યેકને પણ અવિશેષિત માનવાથી તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ બે) વિશેષિત નામ કહેવા જોઈએ.***

વાણવ્યંતર દેવને અવિશેષિત માનવાથી -

---

[1] આ પાઠનાં પછી બધી પ્રતોમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યનાં પર્યાપ્ત અપર્યાપ્ત બે ભેદ મળે છે. પરંતુ તે પાઠ અશુદ્ધ છે, કારણ કે આગમોમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત જ કહ્યા છે, પર્યાપ્ત કહ્યા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विसेसिए- १. पिसाए २. भूए, ३. जक्खे, ४. रक्खसे, ५. किण्णरे, ६. किंपुरिसे, ७. महोरगे, ८. गंधव्वे।

૧. પિશાચ, ૨. ભૂત, ૩. યક્ષ, ૪. રાક્ષસ, ૫. કિન્નર, ૬. કિંપુરુષ, ૭. મહોરગ, ૮. ગંધર્વ (આ આઠ) વિશેષિત નામ કહેવાશે.

***एएसिं पि अविसेसिय-विसेसिय-पज्जत्तय-अपज्जत्तय-भेया भाणियव्वा।***

***આમાંથી દરેકને અવિશેષિત માનવાથી તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ બે) પ્રકારના વિશેષિત નામ કહેવા જોઈએ.***

अविसेसिए- जोइसिए,

જ્યોતિષી દેવને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. चंदे, २. सूरे, ३. गहे, ४. नक्खत्ते, ५. तारारूवे।

૧. ચન્દ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર, ૫. તારા, (આ પાંચ) વિશેષિત નામ કહેવા જોઈએ.

***एएसिं पि अविसेसिय- विसेसिय-पज्जत्तय- अपज्जत्तय भेया भाणियव्वा।***

***આમાંથી દરેકને અવિશેષિત માનવાથી તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ બે) પ્રકારના વિશેષિત નામ કહેવા જોઈએ.***

अविसेसिए-वेमाणिए,

વૈમાનિક દેવને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. कप्पोवगे य, २. कप्पातीतए य।

૧. કલ્પોપન્ન ૨. કલ્પાતીત (આ બે) વિશેષિત નામ કહેવા જોઈએ.

अविसेसिए-कप्पोवगए,

કલ્પોપન્નને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. सोहम्मए, २. ईसाणए, ३. सणंकुमारए, ४. माहिंदए, ५. बंभलोगए, ६. लंतयए, ७. महासुक्कए, ८. सहस्सारए, ९. आणयए १०. पाणयए, ११. आरणए १२. अच्चुयए।

૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનત્કુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મલોક, ૬. લાંતક, ૭. મહાશુક્ર, ૮. સહસ્ત્રાર, ૯. આનત, ૧૦. પ્રાણત, ૧૧. આરણ, ૧૨. અચ્યુત, આ બાર વિશેષિત નામ કહેવા જોઈએ.

***एएसिं पि अविसेसिय- विसेसिय- पज्जत्तय- अपज्जत्तय भेया भाणियव्वा।***

***આમાંથી દરેકને અવિશેષિત માનવાથી તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા (આ બે) પ્રકારનાં વિશેષિત નામ કહેવા જોઈએ.***

अविसेसिए- कप्पातीतए,

કલ્પાતીતને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. गेवेज्जए य, २. अणुत्तरोववाइए य।

૧. ગ્રૈવેયક, ૨. અનુત્તરોપપાતિક દેવ (આ બે) વિશેષિત નામ કહેવા જોઈએ.

अविसेसिए- गेवेज्जए,

ગ્રૈવેયક દેવને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. हेट्ठिमगेवेज्जए, २. मज्झिमगेवेज्जए, ३. उवरिमगेवेज्जए।

૧. અધસ્તનગ્રૈવેયક, ૨. મધ્યમગ્રૈવેયક, ૩. ઉપરિમગ્રૈવેયક, આ ત્રણ વિશેષિત નામ કહેવા જોઈએ.

अविसेसिए- हेट्ठिमगेवेज्जए,

અધસ્તનગ્રૈવેયકને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. हेट्ठिमहेट्ठिमगेवेज्जए, २. हेट्ठिममज्झिम गेवेज्जए, ३. हेट्ठिमउवरिमगेवेज्जए।

૧. અધસ્તન- અધસ્તન ગ્રૈવેયક, ૨. અધસ્તન - મધ્યમ ગ્રૈવેયક, ૩. અધસ્તન - ઉપરિમ ગ્રૈવેયક (આ ત્રણ) વિશેષિત નામ કહેવા જોઈએ.

अविसेसिए- मज्झिमगेवेज्जए,

મધ્યમ ગ્રૈવેયકને અવિશેષિત માનવાથી -

विसेसिए- १. मज्झिमहेट्ठिमगेवेज्जए, २. मज्झिमम-ज्झिमगेवेज्जए, ३. मज्झिमउवरिमगेवेज्जए।

૧. મધ્યમ-અધસ્તન ગ્રૈવેયક, ૨. મધ્યમ - મધ્યમ ગ્રૈવેયક, ૩. મધ્યમ - ઉપરિમ ગ્રૈવેયક. આ ત્રણ વિશેષિત નામ કહેવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविसेसिए- उवरिमगेवेज्जए,

विसेसिए- १. उवरिमहेट्ठिमगेवेज्जए, २. उवरिममज्झिमगेवेज्जए, ३. उवरिमउवरिमगेवेज्जए।

ઉપરિમ ગ્રૈવેયકને અવિશેષિત માનવાથી -

૧. ઉપરિમ - અધસ્તન ગ્રૈવેયક, ૨. ઉપરિમ - મધ્યમ ગ્રૈવેયક, ૩. ઉપરિમ - ઉપરિમ ગ્રૈવેયક. આ ત્રણ વિશેષિત નામ કહેવા જોઈએ.

***एएसिं पि सव्वेसिं अविसेसिय विसेसिय- पज्जत्तय- अपज्जत्तय- भेया भाणियव्वा।***

***આમાંથી દરેકને અવિશેષિત માનવાથી તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારનાં વિશેષિત નામ કહેવા જોઈએ.***

अविसेसिए- अणुत्तरोववाइए,

विसेसिए- १. विजयए, २. वेजयंतए, ३. जयंतए, ४. अपराजियए, ५. सव्वट्ठसिद्धए।

અનુત્તરોપપાતિક દેવને અવિશેષિત માનવાથી -

૧. વિજય, ૨. વૈજયન્ત, ૩. જયન્ત, ૪. અપરાજિત, ૫. સર્વાર્થસિદ્ધ આ પાંચ વિશેષિત નામ કહેવા જોઈએ.

***एएसिं पि सव्वेसिं अविसेसिय- विसेसिय- पज्जत्तय- अपज्जत्तय- भेया भाणियव्वा।***

***આમાંથી દરેકને અવિશેષિત માનવાથી તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા આ બે પ્રકારનાં વિશેષિત નામ કહેવા જોઈએ.***

अविसेसिए- अजीवदव्वे,

विसेसिए- १. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए, ३. आगासत्थिकाए, ४. पोग्गलत्थिकाए, ५. अद्धासमए य।

અજીવદ્રવ્યને અવિશેષિત માનવાથી-

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. પુદ્‌ગલાસ્તિકાય, ૫. અદ્ધાસમય આ પાંચ વિશેષિત નામ કહેવા જોઈએ.

अविसेसिए- पोग्गलत्थिकाए,

विसेसिए- १. परमाणु पोग्गले दुपएसिए खंधे **-जाव-** अणंतपएसिए खंधे।

**से तं दु नामे।** - अणु. सु. २१६-(१-१९)

પુદ્‌ગલાસ્તિકાયને અવિશેષિત માનવાથી -

૧. પરમાણુ પુદ્‌ગલ, બેપ્રદેશિક સ્કન્ધથી અનંતપ્રદેશિક સ્કન્ધ સુધી આ વિશેષિત નામ થશે.

**આ બે નામનું સ્વરુપ થયું.**

**५. गुणपज्जव दव्वलक्खणं-**

गुणाणमासवो दव्वं, एगदव्वस्सिया गुणा।
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिया भवे॥
- उत्त. अ. २८, गा. ६

**૫. દ્રવ્ય - ગુણ - પર્યાયના લક્ષણ :**

જે ગુણોનો આશ્રય છે તે દ્રવ્ય કહેવાય છે, જે માત્ર દ્રવ્યને આશ્રિત રહે છે તે ગુણ કહેવાય છે અને જે બન્ને અર્થાત્ દ્રવ્ય અને ગુણોને આશ્રિત હોય તે પર્યાય કહેવાય છે.

**६. छण्हं दव्वाणं लक्खणं-**

गइ-लक्खणो उ धम्मो, अहम्मो ठाण-लक्खणो।
भायणं सव्वदव्वाणं, नहं ओगाह-लक्खणं॥ १॥

वत्तणा लक्खणो कालो, जीवो उवओग-लक्खणो।
नाणेणं दंसणेणं च, सुहेण य दुहेण य॥ २॥

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं॥ ३॥

सद्दंधयार उज्जोओ, पहा छाया तवे इ वा।
वण्ण-रस-गंध-फासा, पुग्गलाणं तु लक्खणं॥ ४॥
- उत्त. अ. २८, गा. ९-१२

**૬. છ દ્રવ્યોના લક્ષણ :**

૧. ગતિ ધર્માસ્તિકાયનું લક્ષણ છે. સ્થિતિ અધર્માસ્તિકાયનું લક્ષણ છે. બધાં દ્રવ્યોનો આધાર આકાશ છે અને તેનું લક્ષણ આશ્રય છે. (અવગાહન એટલે સ્થાન, આકાશનું લક્ષણ સ્થાન અથવા જગ્યા પણ કહેવાય છે)

૨. વર્તના (પરિવર્તન) કાળનું લક્ષણ છે. ઉપયોગ જીવનું લક્ષણ છે, જે જ્ઞાન, દર્શન, સુખ - દુઃખથી ઓળખી શકાય છે.

૩. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ આ જીવના લક્ષણ છે.

૪. શબ્દ, અંધકાર, પ્રકાશ, પ્રભા, છાયા અને આતપ તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ આ પુદ્‌ગલના લક્ષણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. **सव्वदव्वाणं वण्णावण्णाई परूवणं-**

प. सव्वदव्वाणं भंते ! कइवण्णा, कइगंधा, कइरसा, कइफासा पण्णत्ता ?

उ. गोयमा ! १. अत्थेगइया सव्वदव्वा पंचवण्णा **-जाव-** अट्ठफासा पण्णत्ता, २. अत्थेगइया सव्वदव्वा पंचवण्णा **-जाव-** चउफासा पण्णत्ता, ३. अत्थेगइया सव्वदव्वा एगवण्णा, एगगंधा, एगरसा, दुफासा पण्णत्ता, ४. अत्थेगइया सव्वदव्वा अवण्णा, अगंधा, अरसा, अफासा पण्णत्ता ।

***एवं सव्वपएसावि, सव्वपज्जवावि ।***

तीयद्धा अवण्णा **-जाव-** अफासा पण्णत्ता,

***एवं अणागयद्धावि, एवं सव्वद्धावि ।***

- विया. स. १२, उ. ५, सु. ३३-३५

८. **छण्हं दव्वाणं अवट्ठिई काल- परूवणं-**

प. धम्मत्थिकाए णं भंते ! धम्मत्थिकाए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वद्धं ।

***एवं -जाव- अद्धासमए ।***

- पण्ण. प. १८, सु. १३९५

९. **छण्हं दव्वाणं अणाइत्तं-**

प. से किं तं अणादिय- सिद्धंतेणं ?

उ. अणादिय- सिद्धंतेण-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. आगासत्थिकाए, ४. जीवत्थिकाए,

५. पोग्गलत्थिकाए, ६. अद्धासमए ।

से तं अणादिय सिद्धंतेणं ।

- अणु. सु. २६९

१०. **अत्थित्त नत्थित्तपरिणमन परूवणं-**

प. से नूणं भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, नत्थित्तं नत्थित्ते परिणमइ ?

૭. **સર્વ દ્રવ્યોના વર્ણ - અવર્ણાદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! બધાં દ્રવ્ય કેટલા વર્ણ, કેટલી ગંધ, કેટલા રસ અને કેટલા સ્પર્શવાળા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ૧. કેટલાક સર્વ દ્રવ્ય પાંચ વર્ણ **-યાવત્-** આઠ સ્પર્શવાળા કહ્યા છે. ૨. કેટલાક સર્વ દ્રવ્ય પાંચ વર્ણ **-યાવત્-** ચાર સ્પર્શવાળા કહ્યા છે. ૩. કેટલાક સર્વ દ્રવ્ય એક વર્ણ, એક ગન્ધ, એક રસ અને બે સ્પર્શવાળા કહ્યા છે. ૪. કેટલાક સર્વ દ્રવ્ય વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શથી રહિત કહ્યા છે.

***આ પ્રમાણે બધાં પ્રદેશો અને સર્વ પર્યાયોના વિષયમાં પણ (ઉપરના ક્રમ પ્રમાણે) કહેવું જોઈએ.***

અતીતકાળ વર્ણ રહિત **-યાવત્-** સ્પર્શ રહિત કહ્યો છે.

***આ પ્રમાણે અનાગતકાળ અને સર્વકાળ પણ વર્ણાદિ રહિત છે.***

૮. **ષડ્દ્રવ્યોની અવસ્થિતિ કાળની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય ધર્માસ્તિકાયના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તે સર્વકાળ સુધી રહે છે.

***આ પ્રમાણે (અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય (કાળ દ્રવ્ય) સુધીને અવસ્થાનકાળ કહેવું જોઈએ.***

૯. **ષટ્દ્રવ્યોનું અનાદિત્વ :**

પ્ર. અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામનો ક્રમ ક્યા પ્રકારે છે ?

ઉ. અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામનો ક્રમ આ પ્રમાણે છે -

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય,

૫. પુદ્ગલાસ્તિકાય, ૬. અદ્ધાસમય.

આ અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામનો ક્રમ થયો.

૧૦. **અસ્તિત્વ નાસ્તિત્વના પરિણમનની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે ? અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता, गोयमा ! परिणमइ ।

ઉ. હા, ગૌતમ ! (અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે.

प. जं तं भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, नत्थित्तं नत्थित्ते परिणमइ, तं किं पयोगसा वीससा ?

પ્ર. ભંતે ! જે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તો શું તે પ્રયોગ (જીવના વ્યાપાર)થી પરિણમે છે અથવા સ્વભાવથી પરિણમે છે ?

उ. गोयमा ! पयोगसा वि तं, वीससा वि तं ।

ઉ. ગૌતમ ! તે પ્રયોગથી પણ અને સ્વભાવથી પણ પરિણમે છે.

प. जहा ते भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा ते नत्थित्तं नत्थित्ते परिणमइ ?

जहा ते नत्थित्तं नत्थित्ते परिणमइ, तहा ते अत्थित्तं अत्थित्ते परिणमइ ?

પ્ર. ભંતે ! જેમ (આપના મતથી) અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે તો શું આપના મતાનુસાર નાસ્તિત્વ નાસ્તિત્વમાં પણ પરિણમે છે ?

જેમ આપના મતથી નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તો શું આપના મતાનુસાર અસ્તિત્વ અસ્તિત્વમાં પણ પરિણમે છે ?

उ. हंता, गोयमा! जहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा मे नत्थित्तं नत्थित्ते परिणमइ ।

जहा मे नत्थित्तं नत्थित्ते परिणमइ, तहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ ।

ઉ. હા, ગૌતમ ! જેમ મારા મતથી અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે. તેવી રીતે મારા મતથી નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે.

જેવી રીતે નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. તેવી રીતે મારા મતથી અસ્તિત્વ અસ્તિત્વમાં પણ પરિણમે છે.

प. से नूणं भंते ! अत्थित्तं अत्थित्ते गमणिज्जं ?

પ્ર. ભંતે ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે ?

उ. गोयमा ! ***जहा परिणमइ दो आलावगा तहा गमणिज्जेण वि दो आलावगा भाणियव्वा -जाव- तहा मे अत्थित्तं अत्थित्ते गमणिज्जं ।***

ઉ. ગૌતમ ! ***જેમ પરિણમે છે તેનાં બે આલાપક કહ્યા છે. તેમ અહિયાં ગમનીય પદની સાથે પણ બે આલાપક કહેવા જોઈએ -યાવત્- તેમ મારા મતથી અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે.***

प. जहा ते भंते ! एत्थं गमणिज्जं तहा ते इहं गमणिज्जं ? जहा ते इहं गमणिज्जं, तहा ते एत्थं गमणिज्जं ?

પ્ર. ભંતે ! જેવી રીતે આપના મતમાં ત્યાં (સ્વાત્મામાં) ગમનીય છે તેવી રીતે (પરાત્મામાં) ગમનીય છે ? જેમ આપના મતમાં આ (પરાત્મામાં) ગમનીય છે તેવી રીતે અહિયાં (સ્વાત્મામાં) પણ ગમનીય છે ?

उ. हंता, गोयमा ! जहा मे एत्थं गमणिज्जं तहा ते इहं गमणिज्जं, जहा ते इहं गमणिज्जं तहा ते एत्थं गमणिज्जं ।

- विया. स. १, उ. ३, सु. ७ (१-५)

ઉ. હા, ગૌતમ ! જેવી રીતે મારા મતમાં અહિયાં (સ્વાત્મામાં) ગમનીય છે તેવી રીતે (પરાત્મામાં) પણ ગમનીય છે. જેમ પરાત્મામાં ગમનીય છે તેવી રીતે અહિયાં (સ્વાત્મામાં) પણ ગમનીય છે.

**११. छसु दव्वेसु दव्वट्ठ पएसट्ठयाएहि य कडजुम्माइ परूवणं-**

**૧૧. ષટ્દ્રવ્યોમાં દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષા કૃતયુગ્માદિની પ્રરુપણા :**

**दव्वट्ठविवक्खा-**

**દ્રવ્યની અપેક્ષા -**

प. धम्मत्थिकाए णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मे, तेयोए, दावरजुम्मे, कलियोए ?

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય શું દ્રવ્યાર્થથી કૃતયુગ્મ છે, ત્ર્યોજ છે, દ્વાપરયુગ્મ છે અને કલ્યોજ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! नो कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे कलियोए।

*एवं अधम्मऽत्थिकाए वि,*

*एवं आगासत्थिकाए वि,*

प. जीवऽत्थिकाए णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

उ. गोयमा ! कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे, नो कलियोए।

प. पोग्गलऽत्थिकाए णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

उ. गोयमा ! सिय कडजुम्मे **-जाव-** सिय कलियोए।

***अद्धासमए जहा जीवत्थिकाए।***

***पएसट्ठ विवक्खा-***

प. धम्मत्थिकाए णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

उ. गोयमा ! कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे, नो कलियोए,

***एवं जाव अद्धासमए।***

- विया. स. २५, उ. ४, सु. ९-१६

**१२. छण्हं दव्वाणं ओगाढ अणोगाढ परूवणं-**

प. धम्मऽत्थिकाए णं भंते ! किं ओगाढे, अणोगाढे ?

उ. गोयमा ! ओगाढे, नो अणोगाढे।

प. जइ ओगाढे किं संखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, अणंतपएसोगाढे ?

उ. गोयमा ! नो संखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, नो अणंतपएसोगाढे।

प. जइ असंखेज्जपएसोगाढे किं कडजुम्मपएसोगाढे **-जाव-** कलियोयपसोगाढे ?

उ. गोयमा ! कडजुम्मपएसोगाढे, नो तेयोयपएसोगाढे, नो दावरजुम्मपएसोगाढे, नो कलियोयपएसोगाढे।

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાય દ્રવ્યાર્થથી કૃતયુગ્મ નથી, ત્ર્યોજ નથી અને દ્વાપરયુગ્મ નથી પણ કલ્યોજ છે.

***આ પ્રમાણે અધર્માસ્તિકાયનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે આકાશાસ્તિકાયનાં વિષયમાં પણ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! જીવાસ્તિકાય દ્રવ્યાર્થથી કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે દ્રવ્યાર્થથી કૃતયુગ્મ છે. પણ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ નથી.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થથી કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે દ્રવ્યાર્થથી કદાચ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચ કલ્યોજ છે.

***અદ્ધા - સમય (કાળ) નું વર્ણન જીવાસ્તિકાયના જેવું જાણવું.***

**પ્રદેશની અપેક્ષા :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય પ્રદેશાર્થથી કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ છે. પણ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ નથી.

**આ પ્રમાણે અદ્ધાસમય સુધી જાણવું જોઈએ.**

**૧૨. ષટ્ દ્રવ્યોના અવગાઢ - અનવગાઢની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય અવગાઢ છે કે અનવગાઢ છે ?

ઉ. ગૌતમ ! તે અવગાઢ છે, અનવગાઢ નથી.

પ્ર. ભંતે ! જો તે (ધર્માસ્તિકાય) અવગાઢ છે, તો સંખ્યાત પ્રદેશાવગાઢ છે, અસંખ્યાત પ્રદેશાવગાઢ છે કે અનંત પ્રદેશાવગાઢ છે ?

ઉ. ગૌતમ ! તે સંખ્યાત પ્રદેશાવગાઢ અને અનંત પ્રદેશાવગાઢ નથી પણ અસંખ્યાત પ્રદેશાવગાઢ છે.

પ્ર. ભંતે ! જો તે અસંખ્યાત પ્રદેશાવગાઢ છે તો શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાવગાઢ છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, પણ ત્ર્યોજ પ્રદેશાવગાઢ, દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ અને કલ્યોજ પ્રદેશાવગાઢ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एवं अधम्मत्थिकाए वि।*

*एवं आगासत्थिकाए वि।*

*जीवत्थिकाए, पोग्गलत्थिकाए, अद्धासमए एवं चेव।*

- विया. स. २५, उ. ४, सु. १८-२३

*આ પ્રમાણે અધર્માસ્તિકાયના માટે પણ જાણવું જોઈએ.*

*આ પ્રમાણે આકાશાસ્તિકાયના માટે પણ જાણવું જોઈએ.*

*જીવાસ્તિકાય, પુદ્દગલાસ્તિકાય અને અદ્ધાસમયના માટે પણ આ પ્રમાણે જાણવું જોઈએ.*

**१३. असंखेज्जपएसे लोए अणंतपएसी दव्वाइं ओगाढत्त परूवणं-**

प. से नूणं भंते ! असंखेज्जे लोए अणंताइं दव्वाइं आगासे भइयव्वाइं ?

उ. हंता, गोयमा ! असंखेज्जे लोए अणंताइं दव्वाइं आगासे भइयव्वाइं।

- विया. स. २५, उ. २, सु. ७

**૧૩. અસંખ્યાત પ્રદેશી લોકમાં અનંત પ્રદેશી દ્રવ્યોના અવગાઢની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! શું અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં અનંત પ્રદેશી દ્રવ્ય રહી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! અસંખ્યાત પ્રદેશી લોકમાં અનંત પ્રદેશી દ્રવ્ય રહી શકે છે.

**१४. नरयपुढवीणं सोहम्माइ देवलोगाणं ईसीपब्भारा पुढवीण य ओगाढाऽणवगाढत्त परूवणं--**

प. इमाणं भंते ! रयणप्पभापुढवी किं ओगाढा, अणोगाढा ?

उ. गोयमा ! *जहेव धम्मत्थिकाये।*

*एवं -जाव- अहेसत्तमा।*

*सोहम्मे एवं चेव।*

*एवं -जाव- ईसिपब्भारा पुढवी।*

- विया. स. २५, उ. ४, सु. २४-२७

**૧૪. નરક પૃથ્વિયો, સૌધર્માદિ દેવલોકો અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના અવગાઢ અનવગાઢની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વી અવગાઢ છે કે અનવગાઢ છે ?

ઉ. ગૌતમ ! *ધર્માસ્તિકાયની જેમ જાણવું જોઈએ.*

*આ પ્રમાણે અધઃસપ્તમપૃથ્વી સુધી જાણવું જોઈએ.*

*સૌધર્મ દેવલોકના વિષયમાં પણ આમ જ જાણવું જોઈએ.*

*તેવી જ રીતે (ઈશાન દેવલોકમાં) ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીનું પણ આમ જ જાણવું જોઈએ.*

**१५. पंचत्थिकाय-पएस-अद्धासमयाणं परोप्परं पएसफुसणा परूवणं-**

प. एगे भंते ! धम्मऽत्थिकाय-पएसे केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. गोयमा ! जहण्णपए तीहिं पएसेहिं पुट्ठे,

उक्कोसपए छहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं अधम्मऽत्थिकाय- पएसेहिं पुट्ठे ?

उ. जहण्णपए चउहिं पएसेहिं पुट्ठे,

उक्कोसपए सत्तहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. सत्तहिं पएसेहिं पुट्ठे,

**૧૫. પંચાસ્તિકાય પ્રદેશો અને અદ્ધાસમયોના પરસ્પર પ્રદેશ સ્પર્શની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયના એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય ત્રણ પ્રદેશોથી,

ઉત્કૃષ્ટ છ પ્રદેશોથી સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાયનો એક પ્રદેશ) અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ?

ઉ. જઘન્ય ચાર પ્રદેશોથી,

ઉત્કૃષ્ટ સાત પ્રદેશોથી સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાયનો એક પ્રદેશ) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ?

ઉ. સાત (આકાશ) પ્રદેશોથી સ્પર્શ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| प. केवइएहिं जीवऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. (ધર્માસ્તિકાયનો એક પ્રદેશ) જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ? |
| उ. अणंतेहिं पएसेहिं पुट्ठे, | ઉ. અનન્ત (જીવ) પ્રદેશોથી સ્પર્શ કરે છે. |
| प. केवइएहिं पोग्गलऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. (ધર્માસ્તિકાયનો એક પ્રદેશ) પુદ્દગલાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ? |
| उ. अणंतेहिं पएसेहिं पुट्ठे, | ઉ. અનન્ત પ્રદેશોથી સ્પર્શ કરે છે. |
| प. केवइएहिं अद्धासमएहिं पुट्ठे ? | પ્ર. (ધર્માસ્તિકાયનોએક પ્રદેશ) અદ્ધાકાળના કેટલા સમયમાં સ્પર્શ કરે છે ? |
| उ. सिय पुट्ठे, सिय नो पुट्ठे,<br>जइ पुट्ठे, नियमं अणंतेहिं पुट्ठे, | ઉ. કોઈ સમયે સ્પર્શ કરે છે અને કોઈ સમયે નથી કરતા જો સ્પર્શ કરે તો નિયમ પ્રમાણે અનન્ત સમયનો સ્પર્શ કરે છે. |
| प. एगे भंते ! अधम्मऽत्थिकाय- पएसे केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. ભંતે! અધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ? |
| उ. गोयमा ! जहण्णपए चउहिं पएसेहिं पुट्ठे,<br>उक्कोसपए सत्तहिं पएसेहिं पुट्ठे, | ઉ. ગૌતમ ! તે જઘન્ય ચાર પ્રદેશોથી,<br>ઉત્કૃષ્ટ સાત પ્રદેશોથી સ્પર્શ કરે છે. |
| प. केवइएहिं अधम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. (અધર્માસ્તિકાયનો એક પ્રદેશ)અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ? |
| उ. जहण्णपए तीहिं पएसेहिं पुट्ठे,<br>उक्कोसपए छहिं पएसेहिं पुट्ठे,<br>***सेसं जहा धम्मऽत्थिकायस्स,*** | ઉ. જઘન્ય ત્રણ પ્રદેશોથી,<br>ઉત્કૃષ્ટ છ પ્રદેશોથી સ્પર્શ કરે છે.<br>***બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયના વર્ણન જેવું સમજવું જોઈએ.*** |
| प. एगे भंते ! आगासऽत्थिकाय-पएसे केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. ભંતે ! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પર્શ કરે છે ? |
| उ. गोयमा ! सिय पुट्ठे, सिय नो पुट्ठे,<br>जइ पुट्ठे जहण्णपए एक्केण वा, दोहिं वा, तीहिं वा, चउहिं वा पुट्ठे, उक्कोसपए सत्तहिं पुट्ठे,<br>***एवं अधम्मऽत्थिकाय-पएसेहिं वि,*** | ઉ. ગૌતમ ! ક્યારેક સ્પર્શ કરે છે અને ક્યારેક સ્પર્શ નથી કરતા.<br>જો સ્પર્શ કરે તો જઘન્ય એક, બે, ત્રણ અથવા ચાર પ્રદેશોથી અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.<br>***આજ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોના સ્પર્શના વિષયમાં જાણવા જોઈએ.*** |
| प. केवइएहिं आगासऽत्थिकायपएसेहिं पुट्ठे ? | પ્ર. (આકાશાસ્તિકાયનો એક પ્રદેશ)આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ? |
| उ. छहिं पएसेहिं पुट्ठे, | ઉ. છ પ્રદેશોનો સ્પર્શ કરે છે. |
| प. केवइएहिं जीवऽत्थिकाय-पएसेहिं पुट्ठे ? | પ્ર. (આકાશાસ્તિકાયનો એક પ્રદેશ)જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ? |
| उ. सिय पुट्ठे, सिय नो पुट्ठे,<br>जइ पुट्ठे, नियमं अणंतेहिं, | ઉ. તે ક્યારેક સ્પર્શ કરે છે, ક્યારેક સ્પર્શ નથી કરતા. જો સ્પર્શ કરે છે તો નિયમ પ્રમાણે અનંત પ્રદેશોનો સ્પર્શ કરે છે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***एवं पोग्गलऽत्थिकाय-पएसेहिं पुट्ठे, अद्धासमएहिं वि पुट्ठे,***

***આજ પ્રમાણે પુદ્દગલાસ્તિકાયના પ્રદેશોનો અને અદ્ધાકાળના સમયનો સ્પર્શના વિષયમાં જાણવો જોઈએ.***

प. एगे भंते ! जीवऽत्थिकाय-पएसे केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

પ્ર. ભંતે ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. गोयमा ! जहण्णपए चउहिं पएसेहिं पुट्ठे,
उक्कोसपए सत्तहिं पएसेहिं पुट्ठे,
***एवं अधम्मऽत्थिकाय-पएसेहिं वि पुट्ठे,***

ઉ. ગૌતમ ! તે જઘન્ય ચાર પ્રદેશોનો,
ઉત્કૃષ્ટ સાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***આવી રીતે તે અધર્માસ્તિકાયના પ્રદેશોનો સ્પર્શ જાણવો.***

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

પ્ર. (જીવાસ્તિકાયનો એક પ્રદેશ) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે?

उ. सत्तहिं पएसेहिं पुट्ठे,

ઉ. તે સાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

प. केवइएहिं जीवऽत्थिकाय पएसेहिं पुट्ठे ?

પ્ર. (જીવાસ્તિકાયનો એક પ્રદેશ) જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. अणंतेहिं ।
***सेसं जहा धम्मऽत्थिकायस्स;***

ઉ. અનંત પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***બાકી વર્ણન ધર્માસ્તિકાયની જેમ જાણવું જોઈએ.***

प. एगे भंते ! पोग्गलऽत्थिकाय-पएसे केवइएहिं धम्मत्थिकाय-पएसेहिं पुट्ठे ?

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. गोयमा ! ***एवं जहेव जीवऽत्थिकायस्स,***

ઉ. ગૌતમ ! ***જેવી રીતે જીવાસ્તિકાયના એક પ્રદેશના સંબંધમાં કહ્યું તેજ પ્રમાણે અહીં જાણવું જોઈએ.***

प. दो भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયના બે પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. गोयमा ! जहण्णपए छहिं पएसेहिं पुट्ठा,
उक्कोसपए बारसहिं पएसेहिं पुट्ठा,
***एवं अधम्मऽत्थिकाय-पएसेहिं वि पुट्ठा,***

ઉ. ગૌતમ ! તે જઘન્ય છ પ્રદેશોનો,
ઉત્કૃષ્ટ બાર પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોનો પણ તે (બે પ્રદેશ) સ્પર્શ કરે છે.***

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

પ્ર. (તે બે પ્રદેશ) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. बारसहिं पएसेहिं पुट्ठा,
***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

ઉ. તે બાર પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયના જેવું જાણવું જોઈએ.***

प. तिण्णि भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

उ. गोयमा ! जहण्णपए अट्ठहिं पएसेहिं पुट्ठा,
उक्कोसपए सत्तरसहिं पएसेहिं पुट्ठा,
***एवं अधम्मऽत्थिकाय-पएसेहिं वि पुट्ठा,***

ઉ. ગૌતમ ! તે જઘન્ય આઠ પ્રદેશોનો,
ઉત્કૃષ્ટ સત્તર પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોનો પણ તે સ્પર્શ કરે છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. सत्तरसहिं पएसेहिं पुट्ठा,

***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

***एवं एएणं गमेणं भाणियव्वा जाव दस।***

**णवरं- *जहण्णपए (सव्वत्थ) दोण्णि पक्खियव्वा, उक्कोसपए (सव्वत्थ) पंच पक्खियव्वा,***

प. चत्तारि भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए दसहिं,

उक्कोसपए बावीस-पएसेहिं पुट्ठा,

प. पंच भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए बारसहिं,

उक्कोसपए सत्तावीसए-पएसेहिं पुट्ठा,

प. छ भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए चोद्दस-पएसेहिं,

उक्कोसपए बत्तीस-पएसेहिं पुट्ठा,

प. सत्त भंते! पोग्गलऽत्थिकायपएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए सोलसहिं,

उक्कोसपए सत्ततीस-पएसेहिं पुट्ठा,

प. अट्ठ भंते ! पोग्गलऽत्थिकाय-पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा! जहण्णपए अट्ठारसपएसेहिं,

उक्कोसपए बायालीस-पएसेहिं पुट्ठा,

प. नव भंते ! पोग्गलऽत्थिकायप्पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए वीस-पएसेहिं,

उक्कोसपए सीयालीस-पएसेहिं पुट्ठा,

प. दस भंते ! पोग्गलऽत्थिकायप्पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

પ્ર. (તે ત્રણ પ્રદેશ) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. તે સત્તર પ્રદેશોનો સ્પર્શ કરે છે.

***બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયની જેમ જાણવું જોઈએ.***

***આ આલાપકથી દસ પ્રદેશો સુધી આ પ્રમાણે કહેવું જોઈએ.***

**વિશેષ - *(સર્વત્ર) જઘન્ય પદમાં બેના પ્રક્ષેપ તથા ઉત્કૃષ્ટ પદમાં પાંચનું પ્રક્ષેપ કરવું (વધારવું) જોઈએ.***

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય દસ પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ બાવીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના પાંચ પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય બાર પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ સત્તાવીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના છ પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય ચૌદ પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ બત્રીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના સાત પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય સોળ પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ સાડત્રીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયનાં આઠ પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય અઢાર પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ બેતાલીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના નવ પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય વીસ પ્રદેશોનો,

ઉત્કૃષ્ટ સુડતાલીસ પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના દસ પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जहण्णपए बावीस-पएसेहिं,
उक्कोसपए बावण्ण-पएसेहिं पुट्ठा,
***एवं अधम्मऽत्थिकाय-पएसेहिं वि,***
***आगासऽत्थिपएसा उक्कोसगं भाणियव्वं,***

प. संखेज्जा भंते ! पोग्गलऽत्थिकायप्पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए तेणेव संखेज्जए णं दुगुणे णं दुरूवाहिएणं,

उक्कोसपए तेणेव संखेज्जए णं पंचगुणे णं दुरूवाहिएणं,

प. केवइएहिं अधम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. ***एवं चेव,***

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं,

प. केवइएहिं जीवऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. अणंतेहिं पएसेहिं पुट्ठा,

प. केवइएहिं पोग्गलऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. अणंतेहिं पएसेहिं पुट्ठा,

प. केवइएहिं अद्धा-समएहिं, पुट्ठा ?

उ. सिय पुट्ठा, सिय नो पुट्ठा,
जइ पुट्ठा, नियमं अणंतेहिं समएहिं पुट्ठा,

प. असंखेज्जा भंते ! पोग्गलऽत्थिकायप्पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! जहण्णपए तेणेव असंखेज्जपएणं दुगुणेणं दुरूवाहिएणं,

उक्कोसपए तेणेव असंखेज्जपएणं पंचगुणेणं दुरूवाहिएणं,

ઉ. ગૌતમ ! તે જઘન્ય બાવીસ પ્રદેશોનો,
ઉત્કૃષ્ટ બાવન પ્રદેશોનો સ્પર્શ કરે છે.
***આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોનો સ્પર્શ કરે છે.***
***આકાશાસ્તિકાયના પ્રદેશ ઉત્કૃષ્ટ કહેવા જોઈએ.***

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય પદમાં તેના સંખ્યાત પ્રદેશોને બેગણા કરીને તેમાં બે સંખ્યા મેળવીને તેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે.

ઉત્કૃષ્ટ પદમાં તેનાં સંખ્યાત પ્રદેશોને પાંચ ગણા કરીને તેમાં બે ઉમેરીને તેટલા પ્રદેશોનો તે સ્પર્શ કરે છે.

પ્ર. (પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ) અધર્માસ્તિ-કાયના કેટલાં પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ***પૂર્વવત્ (ધર્માસ્તિકાયના સમાન) જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! (પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. તે જ સંખ્યાત પ્રદેશોને પાંચ ગણા કરી તેમાં બે વધારે મેળવીને તેટલા પ્રદેશોનો તે સ્પર્શ કરે છે.

પ્ર. (પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ) જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ) પુદ્દગલાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (પુદ્દગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ) અદ્ધાકાળના કેટલા સમયનો સ્પર્શ કરે છે ?

ઉ. ક્યારેક સ્પર્શ કરે છે અને ક્યારેક સ્પર્શ કરતા નથી. જો સ્પર્શ કરે તો અનન્ત સમયનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય પદમાં તે અસંખ્યાત પ્રદેશોને બે ગણા કરીને તેમાં બે (સંખ્યા) મેળવીને તેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે.

ઉત્કૃષ્ટ પદમાં તેનાં અસંખ્યાત પ્રદેશોના પાંચ ગણા કરીને એમાં બે ઉમેરીને તેટલા પ્રદેશોને સ્પર્શ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***सेसं जहा संखेज्जाणं -जाव- नियमं अणंतेहिं पएसेहिं पुट्ठा।***

प. अणंता भंते ! पोग्गलऽत्थिकायप्पएसा केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठा ?

उ. गोयमा ! ***जहा असंखेज्जा, तहा अणंता वि निरवसेसं।***

प. एगे भंते ! अद्धासमए केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. गोयमा ! सत्तहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं अधम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. ***एवं चेव,***

***एवं आगसऽत्थिकायएहिं पएसेहिं वि,***

प. केवइएहिं जीवऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. अणंतेहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं पोग्गलऽत्थिकाय-पएसेहिं-पुट्ठे ?

उ. अणंतेहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं अद्धासमएहिं पुट्ठे ?

उ. सिय पुट्ठे, सिय नो पुट्ठे,

जइ पुट्ठे नियमं अणंतेहिं समएहिं पुट्ठे,

प. धम्मत्थिकाए णं भंते ! केवइएहिं धम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. गोयमा ! नत्थि एक्केण वि।

प. केवइएहिं अधम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. असंखेज्जेहिं पएसेहिं पुट्ठे ?

प. केवइएहिं आगासऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

***બાકી બધાનું વર્ણન સંખ્યાત પ્રદેશોની જેમ -યાવત્- નિયમ પ્રમાણે અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.***

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયના અનન્ત પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે અસંખ્યાત પ્રદેશોનાં વિષયમાં કહ્યું તે જ પ્રમાણે અનન્ત પ્રદેશોનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! અદ્ધાકાળનો એક સમય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે સાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (અદ્ધાકાળનો એક સમય) અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ***પૂર્વવત્ (ધર્માસ્તિકાયની જેમ) જાણવું જોઈએ.***

***આ પ્રમાણે આકાશાસ્તિકાયના પ્રદેશો માટે પણ કહેવું જોઈએ.***

પ્ર. (અદ્ધાકાળનો એક સમય) જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (અદ્ધાકાળનો એક સમય) પુદ્દગલાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (અદ્ધાકાળનો એક સમય) અદ્ધાકાળના કેટલા સમયોનો સ્પર્શ કરે છે ?

ઉ. કોઈ સમયે સ્પર્શ કરે છે અને કોઈ સમયે સ્પર્શ કરતા નથી.

જે જ્યારે સ્પર્શ કરે છે તો નિયમ પ્રમાણે અનન્ત સમયોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય દ્રવ્ય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે એક પણ પ્રદેશનો સ્પર્શ કરતા નથી.

પ્ર. (ધર્માસ્તિકાય દ્રવ્ય) અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અસંખ્ય પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાય દ્રવ્ય) આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. असंखेज्जेहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं जीवऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. अणंतपएसेहिं पुट्ठे,

प. केवइएहिं पोग्गलऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. अणंतपएसेहिं पुट्ठे ?

प. केवइएहिं अद्धासमएहिं पुट्ठे ?

उ. सिय पुट्ठे, सिय नो पुट्ठे
जइ पुट्ठे नियमा अणंतेहिं,

प. अधम्मऽत्थिकाएणं भंते ! केवइएहिं धम्मऽत्थिकायपएसेहिं पुट्ठे ?

उ. गोयमा ! असंखेज्जेहिं पएसेहिं पुट्ठे,

प. केवइएहिं अधम्मऽत्थिकाय-पएसेहिं पुट्ठे ?

उ. नत्थि एक्केण वि,

***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

***एवं एएणं गमेणं सव्वे वि, सट्ठाणए नत्थि एक्केण वि पुट्ठा,***

***परट्ठाणए आइल्लएहिं तीहिं असंखेज्जेहिं भाणियव्वं,***

***पच्छिल्लएहिं तिसु अणंता भाणियव्वा -जाव- अद्धासमयो त्ति -जाव-***

प. केवइएहिं अद्धासमएहिं पुट्ठे ?

उ. नत्थि एक्केण वि पुट्ठे,

- विया. स. १३, उ. ४, सु. २९-५१

ઉ. અસંખ્ય પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાય દ્રવ્ય) જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાય દ્રવ્ય) પુદ્‌ગલાસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. અનંત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (ધર્માસ્તિકાય દ્રવ્ય) અદ્ધાકાળના કેટલા સમયોનો સ્પર્શ કરે છે ?

ઉ. કોઈ સમયે સ્પર્શ કરે છે અને કોઈ સમયે નથી કરતો જે ક્યારે સ્પર્શ કરે છે તો નિયમ પ્રમાણે અનન્ત સમયોનો સ્પર્શ કરે છે.

પ્ર. ભંતે ! અધર્માસ્તિકાય દ્રવ્ય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! તે અસંખ્યાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.

પ્ર. (અધર્માસ્તિકાય દ્રવ્ય) અધર્માસ્તિકાય દ્રવ્યનાં કેટલા પ્રદેશોનો સ્પર્શ કરે છે ?

ઉ. તે એક પણ પ્રદેશનો સ્પર્શ કરતા નથી.

***બાકી બધા (દ્રવ્યોના પ્રદેશો)થી સ્પર્શનાં વિષયમાં ધર્માસ્તિકાયની જેમ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે આ આલાપક દ્વારા બધા દ્રવ્ય સ્વસ્થાનમાં એક પણ પ્રદેશથી સ્પર્શ કરતા નથી.***

***પરસ્થાનમાં આદિનાં (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય) ત્રણ અસંખ્યાત પ્રદેશોનો સ્પર્શ કરે છે.***

***પાછળનાં (જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધાસમય) આ ત્રણ અદ્ધાસમય સુધી અનન્ત પ્રદેશોનો સ્પર્શ કરે છે -યાવત્-***

પ્ર. અદ્ધાસમય કેટલા અદ્ધાસમયોનો સ્પર્શ કરે છે ?

ઉ. એક પણ સમયનો સ્પર્શ કરતા નથી.

**१६. पंचत्थिकाय पएस-अद्धासमयाणं परोप्परं पएसोवगाढ-परूवणं-**

प. जत्थ णं भंते ! एगे धम्मऽत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

**૧૬. પંચાસ્તિકાય પ્રદેશોનાં અને અદ્ધાસમયોના પરસ્પર પ્રદેશાવગાઢ પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જ્યાં ધર્માસ્તિકાયના એક પ્રદેશ અવગાઢ (વ્યાપ્ત- સ્થિત) થાય છે ત્યાં ધર્માસ્તિકાયનાં બીજા કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! नत्थि एक्कोऽवि,

प. केवइया अधम्मऽत्थिकायपएसा ओगाढा ?

उ. एक्को ओगाढे।

प. केवइया आगासऽत्थिकायपएसा ओगाढा ?

उ. एक्को ओगाढे।

प. केवइया जीवऽत्थिकायपएसा ओगाढा ?

उ. अणंता ओगाढा।

प. केवइया पोग्गलऽत्थिकायपएसा ओगाढा?

उ. अणंता ओगाढा।

प. केवइया अद्धासमया ओगाढा ?

उ. सिय ओगाढा, सिय नो ओगाढा,
जइ ओगाढा अणंता।

प. जत्थ णं भंते ! एगे अधम्मऽत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

उ. गोयमा ! एक्को ओगाढे।

प. केवइया अधम्मऽत्थिकायपएसा ओगाढा ?

उ. नत्थि एक्कोऽवि,
***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

प. जत्थ णं भंते ! एगे आगासऽत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

ઉ. ગૌતમ ! ત્યાં એક પણ પ્રદેશ અવગાઢ થતા નથી.

પ્ર. (જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. ત્યાં એક પ્રદેશ અવગાઢ થાય છે.

પ્ર. (જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. એક પ્રદેશ અવગાઢ થાય છે.

પ્ર. (જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. અનન્ત પ્રદેશ અવગાઢ થાય છે.

પ્ર. (જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં પુદ્ગલાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. અનન્ત પ્રદેશ અવગાઢ થાય છે.

પ્ર. (જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં કેટલા અદ્ધાસમય અવગાઢ થાય છે ?

ઉ. કોઈ સમયે અવગાઢ થાય છે અને કોઈ સમયે થતા નથી, જો થાય છે તો અનન્ત અદ્ધાસમય અવગાઢ થાય છે.

પ્ર. ભંતે ! જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. ગૌતમ ! ત્યાં (ધર્માસ્તિકાયનો) એક પ્રદેશ અવગાઢ થાય છે.

પ્ર. (જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. ત્યાં એક પણ પ્રદેશ અવગાઢ થતાં નથી.
***બાકી (વર્ણન) ધર્માસ્તિકાયની જેમ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! सिय ओगाढा, सिय नो ओगाढा, जइ ओगाढा एक्को,

ઉ. ગૌતમ ! ત્યાં (ધર્માસ્તિકાયનાં પ્રદેશ) ક્યારેક અવગાઢ થાય છે અને ક્યારેક નથી થતા. જે થાય તો એક પ્રદેશ અવગાઢ થાય છે.

***एवं अधम्मऽत्थिकायपएसा वि,***

***આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો માટે પણ જાણવું જોઈએ.***

प. केवइया आगासऽत्थिकायपएसा ओगाढा ?

પ્ર. (જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

उ. नत्थि एक्कोऽवि,

ઉ. ત્યાં એક પણ પ્રદેશ અવગાઢ નથી થતા.

प. केवइया जीवऽत्थिकायपएसा ओगाढा ?

પ્ર. (જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

उ. सिय ओगाढा, सिय नो ओगाढा, जइ ओगाढा अणंता,

ઉ. તે ક્યારેક અવગાઢ થાય છે અને ક્યારેક અવગાઢ નથી થતા, જો થાય છે તો અનંત પ્રદેશ અવગાઢ થાય છે.

***एवं -जाव- अद्धासमया,***

***આ પ્રમાણે અદ્ધાસમય સુધી કહેવું જોઈએ.***

प. जत्थ णं भंते ! एगे जीवऽत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

પ્ર. ભંતે ! જ્યાં જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

उ. गोयमा ! एक्को ओगाढे।

ઉ. ગૌતમ ! ત્યાં એક પ્રદેશ અવગાઢ થાય છે.

***एवं अधम्मऽत्थिकायपएसा वि,***

***આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

***एवं आगासऽत्थिकायपएसा वि,***

***આ પ્રમાણે આકાશાસ્તિકાયના પ્રદેશોનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

प. केवइया जीवऽत्थिकायपएसा ओगाढा ?

પ્ર. (જ્યાં જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે) ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

उ. अणंता ओगाढा।

ઉ. ત્યાં અનન્ત પ્રદેશ અવગાઢ થાય છે.

***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

***બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયની જેમ સમજવું જોઈએ.***

प. जत्थ णं भंते ! एगे पोग्गलऽत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

પ્ર. ભંતે ! જ્યાં પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

उ. गोयमा ! ***एवं जहा जीवऽत्थिकायपएसे तहेव निरवसेसं भाणियव्वं।***

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે જીવાસ્તિકાયના પ્રદેશોનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે સંપૂર્ણ વર્ણન કરવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जत्थ णं भंते ! दो पोग्गलऽत्थिकायपएसा ओगाढा, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

उ. सिय एक्को, सिय दोण्णि।

*एवं अधम्मऽत्थिकायस्स वि,*

*एवं आगासऽत्थिकायस्स वि,*

*सेसं जहा धम्मऽत्थिकायस्स।*

प. जत्थ णं भंते ! तिण्णि पोग्गलऽत्थिकायपएसा ओगाढा, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ?

उ. गोयमा ! सिय एक्को, सिय दोण्णि, सिय तिण्णि।

*एवं अधम्मऽत्थिकायस्स वि,*

*एवं आगासऽत्थिकायस्स वि,*

*सेसं जहेव दोण्हं।*

*एवं एक्केक्को वड्ढियव्वो पएसो, आदिल्लएहिं तिहिं अत्थिकाएहिं। सेसं जहेव दोण्हं -जाव- दसण्हं सिय एक्को -जाव- सिय दस,*

संखेज्जाणं सिय एक्को **-जाव-** सिय दस, सिय संखेज्जा।

असंखेज्जाणं सिय एक्को **-जाव-** सिय संखेज्जा सिय असंखेज्जा,

*जहा असंखेज्जा तहा अणंता वि।*

પ્ર. ભંતે ! જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. ત્યાં કદાચ એક અથવા બે પ્રદેશ અવગાઢ થાય છે.

*આ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશનાં વિષયમાં કહેવું જોઈએ.*

*આ પ્રમાણે આકાશાસ્તિકાયના પ્રદેશનાં વિષયમાં જાણવું જોઈએ.*

*બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયની જેમ સમજવું જોઈએ.*

પ્ર. ભંતે ! જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ?

ઉ. ગૌતમ ! (ધર્માસ્તિકાયના) કદાચ એક, બે અથવા ત્રણ પ્રદેશ અવગાઢ થાય છે.

*આ પ્રમાણે અધર્માસ્તિકાયના વિષયમાં પણ કહેવું જોઈએ.*

*આ પ્રમાણે આકાશાસ્તિકાયના વિષયમાં પણ કહેવું જોઈએ.*

*બાકી (જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધાસમય ત્રણ)નાં માટે જેમ બે પુદ્‌ગલ પ્રદેશોનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે ત્રણનાં વિષયમાં પણ કહેવું જોઈએ.*

*આ પ્રમાણે આદિનાં ત્રણ અસ્તિકાયોની સાથે એક-એક પ્રદેશ વધારવા જોઈએ. બાકીના માટે જે પ્રમાણે બે પુદ્‌ગલ પ્રદેશોનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે દસ પ્રદેશો સુધી કહેવું જોઈએ.*

જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના ક્યારેક એક પ્રદેશ **-યાવત્-** ક્યારેક દસ પ્રદેશ અને ક્યારેક સંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે.

જ્યાં પુદ્‌ગલાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે ત્યાં ધર્માસ્તિકાયના ક્યારેક એક પ્રદેશ **-યાવત્-** ક્યારેક સંખ્યાત પ્રદેશ અને ક્યારેક અસંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે.

*જે પ્રમાણે અસંખ્યાતનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે અનન્ત પ્રદેશોનાં વિષયમાં પણ કહેવું જોઈએ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| प. | जत्थ णं भंते ! एगे अद्धासमये ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकाय-पएसा ओगाढा ? | પ્ર. | ભંતે ! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | गोयमा ! एक्को ओगाढे। | ઉ. | ગૌતમ ! (ધર્માસ્તિકાયના) એક પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया अधम्मऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં એક અદ્ધાસમય અવગાઢ થાય છે) ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | एक्को ओगाढे। | ઉ. | એક પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया आगासऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં એક અદ્ધાસમય અવગાઢ થાય છે) ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | एक्को ओगाढे। | ઉ. | (આકાશાસ્તિકાયના) એક પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया जीवऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં એક અદ્ધાસમય અવગાઢ થાય છે) ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | अणंता ओगाढा। | ઉ. | (જીવાસ્તિકાયના) અનન્ત પ્રદેશ અવગાઢ થાય છે. |
| | ***एवं -जाव- अद्धासमया,*** | | ***આ પ્રમાણે અદ્ધાસમય સુધી કહેવું જોઈએ.*** |
| प. | जत्थ णं भंते, धम्मऽत्थिकाये ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | ભંતે ! જ્યાં ધર્માસ્તિકાય - દ્રવ્ય અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | गोयमा ! नत्थि एक्कोऽवि। | ઉ. | ગૌતમ ! (ધર્માસ્તિકાયના) એક પણ પ્રદેશ અવગાઢ થતા નથી. |
| प. | केवइया अधम्मऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ થાય છે) ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | असंखेज्जा ओगाढा। | ઉ. | (અધર્માસ્તિકાયના) અસંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया आगासऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ થાય છે) ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | असंखेज्जा ओगाढा। | ઉ. | અસંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया जीवऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ થાય છે) ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | अणंता ओगाढा। | ઉ. | અનન્ત પ્રદેશ અવગાઢ થાય છે. |
| | ***एवं -जाव- अद्धासमया,*** | | ***આ પ્રમાણે અદ્ધાસમય સુધી કહેવું જોઈએ.*** |
| प. | जत्थ णं भंते ! अधम्मऽत्थिकाये ओगाढे, तत्थ केवइया धम्मऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | ભંતે ! જ્યાં અધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ થાય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |
| उ. | गोयमा ! असंखेज्जा ओगाढा। | ઉ. | ગૌતમ ! (ધર્માસ્તિકાયના) અસંખ્યાત પ્રદેશ અવગાઢ થાય છે. |
| प. | केवइया अधम्मऽत्थिकायपएसा ओगाढा ? | પ્ર. | (જ્યાં અધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ થાય છે) ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ થાય છે ? |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. नत्थि एक्कोऽवि,

***सेसं जहा धम्मऽत्थिकायस्स,***

***एवं सव्वे सट्ठाणे नत्थि एक्कोऽवि भाणियव्वं,***

***परट्ठाणे आदिल्लगा तिण्णि असंखेज्जा भाणियव्वा,***

***परट्ठाणे पच्छिल्लगा तिण्णि अणंता भाणियव्वा***

***-जाव-***

प. केवइया अद्धासमया ओगाढा ?

उ. नत्थि एक्कोऽवि।

- विया. स.१३, उ.४, सु. ५२-६३

ઉ. ત્યાં એક પણ પ્રદેશ અવગાઢ થતા નથી.

***બાકી બધાનું વર્ણન ધર્માસ્તિકાયની જેમ કહેવું જોઈએ.***

***આ પ્રમાણે બધા દ્રવ્યોના માટે "સ્વસ્થાન" માં એક પણ પ્રદેશ કહેવા ન જોઈએ.***

***પરસ્થાનમાં આદિના ત્રણ દ્રવ્યો (ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય) ના માટે અસંખ્યાત પ્રદેશ અને પાછળનાં ત્રણ દ્રવ્યો (જીવાસ્તિકાય, પુદ્દગલાસ્તિકાય અને અદ્ધાસમય) ના માટે અનન્ત પ્રદેશ કહેવા જોઈએ. -યાવત્-***

પ્ર. અદ્ધાકાળ દ્રવ્યમાં કેટલા અદ્ધાસમય અવગાઢ થાય છે ?

ઉ. ત્યાં એક પણ અવગાઢ થતો નથી.

**१७. तिण्हं दव्वाणं एगत्तं तिण्हं अणंतत्तं च-**

धम्मो अधम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं।
अणंताणि य दव्वाणि, कालो पुग्गल-जंतवो॥

- उत्त. अ. २८, गा.८

**૧૭. ત્રણ દ્રવ્ય એક-એક અને ત્રણ દ્રવ્ય અનન્ત :**

ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્ય એક - એક કહ્યા છે. કાળ, પુદ્દગલ અને જીવ આ ત્રણ દ્રવ્ય અનન્ત કહ્યા છે.

**१८. लोगालोग विवक्खया दव्वाणं भेयप्पभेया-**

जीवा चेव अजीवा य[1], एस लोए वियाहिए।
अजीवदेसमागासे, अलोए से वियाहिए॥

- उत्त.अ. ३६, गा.२

रूविणो चेव रूवी य, अजीवा दुविहा भवे[2]।
अरूवी दसहा वुत्ता, रूविणो य चउव्विहा॥

उत्त. अ. ३६, गा.४

**૧૮. લોકાલોક વિવક્ષાથી દ્રવ્યોનાં ભેદ - પ્રભેદ :**

આ લોક જીવ - અજીવમય છે અને જ્યાં અજીવનો એક દેશ (ભાગ) કેવળ આકાશ છે તેને અલોક કહે છે.

અજીવ બે પ્રકારનાં છે - રૂપી અને અરૂપી, અરૂપી દસ પ્રકારનાં અને રૂપી ચાર પ્રકારનાં કહ્યા છે.

**१९. जीव दव्वस्स भेया-**

संसारत्था य सिद्धा य, दुविहा जीवा वियाहिया।

- उत्त. अ. ३६, गा. ४८ (१)

**૧૯. જીવ દ્રવ્યનાં ભેદ :**

જીવ બે પ્રકારનાં કહ્યા છે. તે આ પ્રમાણે

૧. સંસારી, ૨. સિદ્ધ.

**२०. अरूवी-अजीव दव्वाणं भेया-**

धम्मत्थिकाए तद्देसे, तप्पएसे य आहिए।
अधम्मे तस्स देसे य, तप्पएसे य आहिए॥
आगासे तस्स देसे य, तप्पएसे य आहिए।
अद्धासमए चेव, अरूवी दसहा भवे॥[3]

- उत्त. अ. ३६, गा. ५-६

**૨૦. અરૂપી અજીવ દ્રવ્યોનાં ભેદ :**

૧ - ૩ - ધર્માસ્તિકાય, તેના દેશ અને પ્રદેશ,

૪ - ૬ - અધર્માસ્તિકાય, તેના દેશ અને પ્રદેશ,

૭ - ૯ - આકાશાસ્તિકાય, તેના દેશ અને પ્રદેશ આ નવ અને એક,

૧૦ - અદ્ધાસમય (કાળ) એ દસ અરૂપી અજીવનાં ભેદ છે.

---

१. अणु. सु. ३९९ २. अणु. सु. ४००

३. (क) पण्ण. प. १, सु. ५ (ख) जीवा. पडि. १, सु. ४ (ग) सम. सु. १४९
(घ) पण्ण. प. ५, सु. ५०० (ङ) अणु. सु. ४०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२१. ***अरूवी अजीव दव्वाणं पमाण परूवणं-***

धम्माधम्मे य दो चेव, लोगमेत्ता वियाहिया ।
लोगालोगे य आगासे, समए समयखेत्तिए ॥

धम्माधम्मागासा, तिन्नि वि एए अणाइया ।
अपज्जवसिया चेव, सव्वद्धं तु वियाहिया ॥

समए वि संतइं पप्प, एवमेवं वियाहिए ।
आएसं पप्प साईए सप्पज्जवसिए वि य ॥

- उत्त. अ.३६, गा. ७-९

२२. **रूवी अजीव दव्वस्स भेया-**

खंधा य खंध देसा य, तप्पएसा तहेव य ।
परमाणुओ य बोद्धव्वा, रूविणो य चउव्विहा ॥[1]

- उत्त. अ. ३६, गा.१०

२३. **रूवी दव्वाणं अरूवी आकासदव्वेणं सह फुसण ओगाहण परूवणं-**

प. कंबलसाडए णं भंते ! आवेढिय परिवेढिए समाणे जावइयं ओवासंतरं फुसित्ता णं चिट्ठइ, विरल्लिए वि य णं समाणे तावइयं चेव ओवासंतरं फुसित्ता णं चिट्ठइ ?

उ. हंता, गोयमा ! कंबलसाडए णं आवेढिय परिवेढिए समाणे जावइयं ओवसंतरं फुसित्ता णं चिट्ठइ विरल्लिए वि य णं समाणे तावइयं चेव ओवासंतरं फुसित्ता णं चिट्ठइ ।

प. थूणा णं भंते ! उड्ढं ऊसिया समाणी जावइयं खेत्तं ओगाहिता णं चिट्ठइ, तिरियं पि य णं आयया समाणी तावइयं चेव खेत्तं ओगाहित्ता णं चिट्ठइ ?

उ. हंता, गोयमा ! थूणा णं उड्ढं ऊसिया समाणी जावइयं खेत्तं ओगाहित्ताणं चिट्ठइ, तिरियं पि य णं आयया समाणी तावइयं चेव खेत्तं ओगाहित्ता णं चिट्ठइ ।

- पण्ण. प. १५, सु. १०००-१००१

૨૧. ***અરૂપી અજીવ દ્રવ્યોનું પ્રમાણ પ્રરૂપણ :***

ધર્મ અને અધર્મ આ બન્ને લોક પ્રમાણ કહ્યા છે.

આકાશ લોક અને અલોકમાં વ્યાપ્ત છે, કાળ (સમય ક્ષેત્ર) મનુષ્ય ક્ષેત્રમાં જ છે.

ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્ય અનાદિ અનંત અને સર્વકાળ વ્યાપી (નિત્ય) કહ્યા છે.

કાળ પણ પ્રવાહની અપેક્ષાથી આ પ્રમાણે (અનાદિ-અનંત) છે આદેશ (એક - એક સમયની અપેક્ષા)થી સાદી અને સાંત છે.

૨૨. **રૂપી અજીવ દ્રવ્યનાં ભેદ :**

રૂપી અજીવ દ્રવ્ય ચાર પ્રકારનાં જાણવા જોઈએ- ૧. સ્કંધ, ૨. સ્કંધદેશ, ૩. સ્કંધ પ્રદેશ, ૪. પરમાણુ.

૨૩. **મૂર્ત રૂપી દ્રવ્યોના અરૂપી આકાશ દ્રવ્યની સાથે સ્પર્શન અને અવગાહનનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું આવેષ્ટિત - પરિવેષ્ટિત કરેલા (વિંટેલા અને ચારે તરફથી વિંટાયેલા) કંબલ રૂપ (ચાદર કે સાડી) જેટલા અવકાશાન્તર (આકાશ પ્રદેશો)નો સ્પર્શ કરીને રહે છે, શું (તે) વિસ્તારેલા હોવા છતાં પણ તેટલા જ અવકાશાન્તર (આકાશ પ્રદેશો)નો સ્પર્શ કરીને રહે છે ?

ઉ હા, ગૌતમ ! આવેષ્ટિત - પરિવેષ્ટિત કરેલ કંબલશાટક જેટલા અવકાશાન્તરને સ્પર્શ કરીને રહે છે. તે વિસ્તારોને પણ તેટલા જ અવકાશાન્તરને સ્પર્શ કરીને રહે છે.

પ્ર. ભંતે ! શું ઊપર વધેલી થાંભલી (સ્થૂણા) જેટલા ક્ષેત્રને અવગાહન કરીને રહે છે. શું ત્રાંસી લાંબી કરેલ થાંભલી પણ તે તેટલા જ ક્ષેત્રને અવગાહન કરીને રહે છે ?

ઉ. હા, ગૌતમ ! ઊપર (ઊંચી) વધેલી થાંભલી (સ્થૂણા) જેટલા ક્ષેત્રને અવગાહન કરીને રહે છે. તેટલા જ તિરછા ક્ષેત્રને અવગાહન કરીને રહે છે.

---

१. (क) રૂપી અજીવ દ્રવ્ય (પુદ્દગલ)નો વિસ્તૃત વર્ણન પુદ્દગલ વિભાગમાં જુઓ. - पण्ण. प. ५, सु. ५०२
(ख) अणु. सु. ४०२ (ग) जीवा. पडि. १, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२४. **समयादीणं अच्छेज्जाइ परूवणं-**

तओ अच्छेज्जा पण्णत्ता, तं जहा-

१.समये, २.पएसे, ३. परमाणु।

**एवं - *अभेज्जा, अडज्झा, अगिज्झा, अणद्धा, अमज्झा, अपएसा, अविभाइमा।*** - ठाणं. अ. ३, उ.२, सु. १७३

२४. **સમયાદિઓનાં અચ્છેદ્યાદિનું પ્રરૂપણ :**

ત્રણ અછેદ્ય (છેદી ન શકાય) કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. સમય, ૨. પ્રદેશ, ૩. પરમાણુ.

**આ પ્રમાણે - *તે ત્રણેય અભેદ્ય, અદાહ્ય, અગ્રાહ્ય, અનર્ધ, અમધ્ય, અપ્રદેશ અને અવિભાજ્ય છે.***

२५. **समय-अतीतद्धा अणागतद्धा सव्वद्धाणं अगुरूयलहुयत्त परूवणं-**

प. समया णं भंते ! किं गरूया ? लहुया ? गरूयलहुया ? अगरूयलहुया ?

उ. गोयमा ! णो गरूया, णो लहुया, णो गरूयलहुया, अगरूयलहुया।

- विया. स. १,उ. ९, सु. ९

***तीतद्धा, अणागतद्धा, सव्वद्धा, चउत्थपएणं (अगरूयलहुयपएणं णेयव्वं)***

- विया. स. १, उ. ९, सु. १६

२५. **સમય-અતીત-અનાગત અને સર્વદ્ધાકાળનાં અગુરૂ લઘુત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! સમય શું ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે ?

ઉ. ગૌતમ ! સમય ગુરૂ નથી, લઘુ નથી, ગુરૂલઘુ પણ નથી પરંતુ અગુરૂલઘુ છે.

***અતીતકાળ, અનાગત (ભવિષ્ય) કાળ અને સર્વકાળ ચતુર્થ (અગુરૂલઘુપદ) વાળા જાણવા જોઈએ.***

२६. **लोगागासस्स-जीवस्स य पएसाणं असंखेज्जत्त परूवणं -**

प. केवइया णं भंते ! लोगागासपएसा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा लोगागासपएसा पण्णत्ता।

प. एगमेगस्स णं भंते ! जीवस्स केवइया जीवपएसा पण्णत्ता ?

उ. गोयमा ! जावइया लोगागासपएसा एगमेगस्स णं जीवस्स एवइया जीवपएसा पण्णत्ता।

- विया.स.८, उ.१०, सु. २९-३०

२६. **લોકાકાશ અને જીવનાં પ્રદેશોના અસંખેયત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! લોકાકાશનાં કેટલા પ્રદેશ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! લોકાકાશનાં અસંખ્યાત પ્રદેશ કહ્યા છે.

પ્ર. ભંતે ! એક જીવનાં કેટલા જીવ પ્રદેશ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જેટલા લોકાકાશનાં પ્રદેશ છે તેટલા જ એક જીવનાં જીવ-પ્રદેશ કહ્યા છે.

२७. **खेत्त-दिसाणुवाएणं दव्वाणं अप्पबहुत्तं -**

**खेत्ताणुवाएणं -**

१. सव्वत्थोवा दव्वाइं तेलोक्के,
२. उड्ढलोयतिरियलोए अणंतगुणाइं,
३. अहेलोए तिरियलोए विसेसाहियाइं,
४. उड्ढलोए असंखेज्जगुणाइं,
५. अहेलोए अणंतगुणाइं,
६. तिरियलोए संखेज्जगुणाइं।

**दिसाणुवाएणं-**

१. सव्वत्थोवाइं दव्वाइं अहेदिसाए,
२. उड्ढदिसाए अणंतगुणाइं,

૨૭. **ક્ષેત્ર અને દિશાનાં અનુસાર દ્રવ્યોનાં અલ્પબહુત્વ :**

**ક્ષેત્રના અનુસાર :**

૧. સર્વથી થોડા દ્રવ્ય ત્રણ લોકમાં છે,
૨. (તેનાથી) ઊર્ધ્વલોક તિર્યક્ લોકમાં અનન્ત ગુણા છે,
૩. (તેનાથી) અધોલોક - તિર્યક્ લોકમાં વિશેષાધિક છે,
૪. (તેનાથી) ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે,
૫. (તેનાથી) અધોલોકમાં અનન્તગુણા છે,
૬. (તેનાથી) તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે.

**દિશાઓના અનુસાર :**

૧. સર્વથી થોડા દ્રવ્ય અધોદિશામાં છે,
૨. (તેનાથી) ઊર્ધ્વદિશામાં અનન્તગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. उत्तरपुत्थिमेणं दाहिणपच्चत्थिमेण य दो वि तुल्लाइं असंखेज्जगुणाइं

४. दाहिणपुरत्थिमेणं उत्तरपच्चत्थिमेण य दो वि तुल्लाइं विसेसाहियाइं

५. पुरत्थिमेणं असंखेज्जगुणाइं,

६. पच्चत्थिमेणं विसेसाहियाइं,

७. दाहिणेणं विसेसाहियाइं,

८. उत्तरेणं विसेसाहियाइं।

पण्ण.प.३, सु. ३२८-३२९

૩. (તેનાથી) ઉત્તર પૂર્વ અને દક્ષિણ પશ્ચિમ બન્નેમાં સમાન છે અને અસંખ્યાત ગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણ પૂર્વ અને ઉત્તર પશ્ચિમ બન્નેમાં સમાન છે તથા વિશેષાધિક છે,

૫. (તેનાથી) પૂર્વ દિશામાં અસંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે,

૭. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે,

૮. (તેનાથી) ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**२८. दव्वाणं दव्वट्ठ पएसट्ठयाए अप्पबहुत्तं-**

**दव्वट्ठयाए-**

प. एएसि णं भंते! १. धम्मत्थिकाय, २. अधम्मत्थिकाय, ३. आगासत्थिकाय, ४. जीवत्थिकाय, ५. पोग्गलत्थिकाय, ६. अद्धासमयाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा?

उ. गोयमा ! १. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए, ३. आगासत्थिकाए य एए तिण्णि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा,

४. जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे,

५. पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे,

६. अद्धासमए दव्वट्ठयाए अणंतगुणे।

**पएसट्ठयाए -**

प. एएसि णं भंते! १. धम्मत्थिकाय, २. अधम्मत्थिकाय, ३. आगासत्थिकाय, ४. जीवत्थिकाय, ५. पोग्गलत्थिकाय, ६. अद्धासमयाणं पएसट्ठयाए कयरे कयरेहिंतोअप्पा वा **-जाव-** विसेसाहिया वा?

उ. गोयमा ! १-२. धम्मत्थिकाए अधम्मत्थिकाए य एए णं दो वि तुल्ला पएसट्ठयाए सव्वत्थोवा,

३. जीवत्थिकाए पएसट्ठयाए अणंतगुणे,

४. पोग्गलत्थिकाए पएसट्ठयाए अणंतगुणे,

**૨૮. ષડ્દ્રવ્યોનાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વ :**

**દ્રવ્યની અપેક્ષાએ :**

પ્ર. ભંતે ! ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્ગલાસ્તિકાય, ૬. અદ્ધાસમય (કાળ) આમાંથી દ્રવ્યની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય આ ત્રણે સમાન છે તથા દ્રવ્યની અપેક્ષાએ સર્વથી થોડા છે,

૪. (તેનાથી) જીવાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનન્ત ગુણા છે,

૫. (તેનાથી) પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનન્ત ગુણા છે,

૬. (તેનાથી) અદ્ધાસમય (કાળ દ્રવ્ય) દ્રવ્યની અપેક્ષાએ અનન્તગુણા છે.

**પ્રદેશની અપેક્ષાએ :**

પ્ર. ભંતે ! ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્ગલાસ્તિકાય, ૬. અદ્ધાસમય આ (દ્રવ્યો) માંથી પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ૧-૨ ગૌતમ ! ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને પ્રદેશોની અપેક્ષાએ સમાન છે અને સૌથી થોડા છે,

૩. (તેનાથી) જીવાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

૪. (તેનાથી) પુદ્ગલાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. अद्धासमए पएसट्ठयाए अणंतगुणे,

६. आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे।

**दव्वट्ठपएसट्ठयाए -**

प. एयस्स णं भंते ! धम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा व **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे एगे धम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे।

प. एयस्स णं भंते ! अधम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे एगे अधम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे।

प. एयस्स णं भंते ! आगासत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे एगे आगासत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए अणंतगुणे।

प. एयस्स णं भंते ! जीवत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे जीवत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे।

प. एयस्स णं भंते ! पोग्गलत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे पोग्गलत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे।

***अद्धासमए ण पुच्छिज्ज पएसाभावा।***

૫. (તેનાથી) અદ્ધાસમય (કાળ) પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

૬. (તેનાથી) આકાશાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે.

**દ્રવ્ય - પ્રદેશની અપેક્ષાએ :**

પ્ર. ભંતે ! આ ધર્માસ્તિકાયના દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ ધર્માસ્તિકાય સૌથી થોડા છે અને તે જ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત ગુણા છે.

પ્ર. ભંતે ! આ અધર્માસ્તિકાયના દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ અધર્માસ્તિકાય સૌથી થોડા છે અને તે જ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! આ આકાશાસ્તિકાયના દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ આકાશાસ્તિકાય સૌથી થોડા છે અને તે જ પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે.

પ્ર. ભંતે ! આ જીવાસ્તિકાયના દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય સૌથી થોડા છે અને તે જ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! આ પુદ્‌ગલાસ્તિકાયના દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ પુદ્‌ગલાસ્તિકાય સૌથી થોડા છે અને તે જ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

***કાળનાં વિષયમાં પ્રશ્ન ન કરવો જોઈએ, કારણકે તેમાં પ્રદેશોનો અભાવ છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एएसि णं भंते! १. धम्मत्थिकाय, २. अधम्मत्थिकाय, ३. आगासत्थिकाय, ४. जीवत्थिकाय, ५. पोग्गलत्थिकाय, ६. अद्धासमयाणं दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १-२-३ धम्मत्थिकाए , अधम्मत्थिकाए, आगासत्थिकाए य एएणं तिण्णि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा ।

४-५ धम्मत्थिकाए अधम्मत्थिकाए य एएणं दोण्णि वि तुल्ला पएसट्ठयाए असंखेज्जगुणा,

६. जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे से चेव पएसट्ठयाए असंखेज्जगुणे,

७. पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे से चेव पएसट्ठयाए असंखेज्जगुणे,

८. अद्धासमए दव्वट्ठ-पएसट्ठयाए अणंतगुणे,

९. आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे ।[१]

-पण्ण. प. ३, सु. २७०-२७३

પ્ર. ભંતે ! ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્દગલાસ્તિકાય, ૬. અદ્ધા-સમય (કાળ) આમાંથી દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય અને ૩. આકાશાસ્તિકાય આ ત્રણે સમાન છે, તથા દ્રવ્યની અપેક્ષાએ સૌથી થોડા છે.

૪. ધર્માસ્તિકાય અને ૫. અધર્માસ્તિકાય આ બન્ને સમાન છે અને પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૬. જીવાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનન્તગુણા છે અને પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૭. પુદ્દગલાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનન્તગુણા છે તેજ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૮. અદ્ધા-સમય (કાળ) દ્રવ્યની અને પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

૯. આકાશાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે.

## २९. जीव-पोग्गल-अद्धासमयाईणं अप्पबहुत्तं -

प. एएसि णं भंते ! जीवाणं पोग्गलाणं अद्धासमयाणं सव्वदव्वाणं सव्वपदेसाणं सव्वपज्जवाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा,

२. पोग्गला अणंतगुणा,

३. अद्धासमया अणंतगुणा,

४. सव्वदव्वा विसेसाहिया,

५. सव्वपदेसा अणंतगुणा,

६. सव्वपज्जवा अणंतगुणा[२]

-पण्ण. प. ३, सु. २७५

## ૨૯. જીવ- પુદ્દગલ-અદ્ધાસમય આદિ (સર્વ પ્રદેશ અને સર્વ પર્યાયો)ના અલ્પબહુત્વનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! આ જીવો, પુદ્દગલો, અદ્ધાસમયો, સર્વ દ્રવ્યો, સર્વ પ્રદેશો અને સર્વ પર્યાયોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા જીવ છે,

૨. (તેનાથી) પુદ્દગલ અનન્તગુણા છે,

૩. (તેનાથી) અદ્ધાસમય અનન્તગુણા છે,

૪. (તેનાથી) સર્વ દ્રવ્ય વિશેષાધિક છે,

૫. (તેનાથી) સર્વ પ્રદેશ અનન્તગુણા છે,

૬. (તેનાથી) સર્વ પર્યાય અનન્તગુણા છે.

---

१. विया. स. २५, उ. ४, सु. १७

२. विया. स. २५, उ. ३, सु. १२०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩. અસ્તિકાય અધ્યયન

કાય અર્થાત્ શરીરની જેમ જે બહુપ્રદેશી દ્રવ્ય હોય, તેને અસ્તિકાય કહેવાય છે. ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ આ પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હોવાથી અસ્તિકાય કહેવાય છે. એટલા માટે કાળ અસ્તિકાય કહેવાતો નથી. પુદ્ગલનો એક અણુ પણ અસ્તિકાયની અન્તર્ગત આવે છે. કારણ કે તેમાં બહુપ્રદેશી થવાની યોગ્યતા છે. તે ક્યારેક સ્કંધ રૂપ હોય અથવા સ્કંધરૂપ થઈ જાય આ પ્રમાણે ભૂત અને ભવિષ્યકાળની અપેક્ષાએ પણ તે અસ્તિકાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવમાં અસંખ્યાત પ્રદેશ હોય છે. આકાશમાં અનન્ત પ્રદેશ હોય છે. તથા પુદ્ગલાસ્તિકાયમાં સંખ્યાત, અસંખ્યાત કે અનન્ત પ્રદેશ હોય છે. જેટલા આકાશ એક પરમાણુના દ્વારા રોકાય છે તેને પ્રદેશ કહે છે અને તે પ્રદેશ સમસ્ત દ્રવ્યોના અણુઓને સ્થાન આપવામાં સમર્થ થાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં ધર્માસ્તિકાય આદિના અનેક અભિવચન આપેલ છે. જે તેના વિભિન્ન રૂપોને પ્રસ્તુત કરે છે. ધર્માસ્તિકાયના જે ધર્મ પ્રાણાતિપાતવિરમણ યાવત્ પરિગ્રહવિરમણ, ક્રોધ-વિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય- વિવેક આદિ અભિવચન આપેલ છે. તે ધર્માસ્તિકાયને ધર્મના નિકટ લઈ આવે છે. અધર્માસ્તિકાયના અધર્મ, પ્રાણાતિપાત અવિરમણ યાવત્ પરિગ્રહ- અવિરમણ, ક્રોધ-અવિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય અવિવેક આદિ અભિવચન આપેલ છે. તે અધર્માસ્તિકાયનો અધર્મ અથવા પાપને નિકટ લઈ આવે છે. આકાશાસ્તિકાયના ગગન, નભ, સમ, વિષમ આદિ અનેક અભિવચન છે. જીવાસ્તિકાયના અભિવચનોમાં જીવ, પ્રાણ, ભૂત, સત્વ, ચૈતન્ય, આત્મા આદિના સાથે પુદ્ગલોને પણ લીધા છે. જે આ સિદ્ધ કરે છે કે પુદ્ગલ શબ્દનો પ્રયોગ જીવના માટે પણ થતો રહ્યો છે. પરંતુ અહીં આ જ્ઞાતવ્ય છે કે પુદ્ગલ શબ્દથી પૌદ્ગલિક દેહધારી જીવની જ ગણના થાય છે, શુદ્ધ આત્માની નહીં. પુદ્ગલાસ્તિકાયના અનેક અભિવચન છે. જેમ કે પુદ્ગલ, પરમાણુ-પુદ્ગલ, દ્વિપ્રદેશી યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનન્ત પ્રદેશી આદિ.

પાંચ અસ્તિકાયોમાં જીવાસ્તિકાયને છોડીને બાકીના ચાર અજીવ છે તથા પુદ્ગલાસ્તિકાયના અતિરિક્ત બાકીના ચાર અરૂપી છે. પાંચ અસ્તિકાયોમાં આકાશને છોડીને બાકીના ચાર લોકવ્યાપી છે. આકાશલોક અને અલોક બંનેમાં વ્યાપ્ત છે. ગુરુત્વ-લઘુત્વની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાય ગુરુ-લઘુ પણ છે અને અગુરુ-લઘુ પણ, પરંતુ ધર્માસ્તિકાય આદિ બાકીના ચાર અગુરુલઘુ છે. દ્રવ્ય કે સંખ્યાની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય અનન્ત દ્રવ્યરૂપ છે. જ્યારે ધર્મ, અધર્મ અને આકાશ એક-એક દ્રવ્ય રૂપ છે. કાળની અપેક્ષાએ પાંચે અસ્તિકાય શાશ્વત અને નિત્ય છે. વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ પુદ્ગલાસ્તિકાયમાં છે. અન્યમાં નથી. ગુણની અપેક્ષાએ પાંચે અસ્તિકાય ભિન્ન છે. ધર્માસ્તિકાયનો ગુણ ગતિ, અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિ, આકાશાસ્તિકાયનો ગુણ અવગાહન, જીવાસ્તિકાયનો ગુણ ઉપયોગ [જ્ઞાન-દર્શન] અને પુદ્ગલાસ્તિકાયનો ગુણ ગ્રહણ કરવું. આ પ્રમાણે પ્રત્યેક અસ્તિકાયનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણના આધારે વર્ણન કરવામાં આવેલું છે.

ધર્માસ્તિકાયથી જીવોમાં આગમન, ગમન, ભાષા, ઉન્મેષ અને ત્રણેય યોગ પ્રવૃત્ત થાય છે. અધર્માસ્તિકાયથી તેનામાં સ્થિત થવું, બેસવું આદિની પ્રવૃત્તિ થાય છે. આકાશાસ્તિકાય જીવ અને અજીવ દ્રવ્યોના આશ્રયરુપ છે. બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાણુઓથી વ્યાપ્ત આકાશ પ્રદેશમાં સો પરમાણુ તથા સો કરોડ પરમાણુઓથી વ્યાપ્ત આકાશપ્રદેશમાં એક હજાર કરોડ પરમાણુ સમાઈ શકે છે. જીવાસ્તિકાયથી જીવ આભિનિબોધિક આદિ જ્ઞાનો, મતિઅજ્ઞાન આદિ અજ્ઞાનો તથા ચક્ષુદર્શન આદિ દર્શનોની અનન્ત પર્યાયને પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલાસ્તિકાયથી જીવોના શરીર, ઈન્દ્રિય, યોગ અને શ્વાસોચ્છ્‌વાસને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થાય છે.

પ્રશ્ન એ ઉઠે છે કે શું ધર્માસ્તિકાયના એક પ્રદેશને બે, ત્રણ, ચાર યાવત્ અસંખ્યાત પ્રદેશોને ધર્માસ્તિકાય કહેવાય છે ? એના ઉત્તરમાં ભગવાન ફરમાવે છે કે એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને પણ ધર્માસ્તિકાય કહેવાય નહીં. જે પ્રમાણે ચક્રનો એક ખંડ ચક્ર કહેવાતો નથી તે જ પ્રમાણે ધર્માસ્તિકાયના એક પ્રદેશને યાવત્ એક પ્રદેશ ન્યૂન સુધીને ધર્માસ્તિકાય કહેવાય નહીં. ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશોના સમગ્ર રૂપથી જ્યારે ગ્રહણ થાય છે ત્યારે તેને ધર્માસ્તિકાય કહેવાય છે. આ પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના પણ સમગ્ર પ્રદેશ ગ્રહીત થવા પર તેને તે-તે અસ્તિકાયોના રૂપમાં કહેવાય છે. પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશોમાં દ્રવ્ય-દ્રવ્યદેશાદિ આઠ દ્વારોનો પણ આ અધ્યયનમાં વર્ણન કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ३. अत्थिकाय-अज्झयणं

सूत्र -

१. **अत्थिकाय भेया-**

प. कइ णं भंते ! अत्थिकाया पण्णत्ता ?

उ. गोयमा ! पंच अत्थिकाया पण्णत्ता, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. आगासत्थिकाए ४. जीवत्थिकाए,

५. पोग्गलत्थिकाए।[१]

-विया. स. २, उ. १०, सु. १

२. **पंचऽत्थिकायाणं-पवत्ति-**

प. धम्मऽत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तइ ?

उ. गोयमा ! धम्मऽत्थिकाए णं जीवाणं आगमण-गमण-भासुम्मेस-मणजोग-वइजोग-कायजोगा,

जे यावऽण्णे तहप्पगारा चलाभावा सव्वे ते धम्मऽत्थिकाए पवत्तंति,

गइलक्खणे णं धम्मऽत्थिकाए।

प. अधम्मऽत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तइ ?

उ. गोयमा ! अधम्मऽत्थिकाए णं जीवाणं ठाण-निसीयण-तुयट्टण-मणस्स य एगत्तीभावकरणया,

जे यावऽण्णे तहप्पगारा, थिराभावा सव्वे ते अधम्मऽत्थिकाए पवत्तंति,

ठाणलक्खणे णं अधम्मऽत्थिकाए।

प. आगासत्थिकाए णं भंते ! जीवाणं अजीवाण य किं पवत्तइ ?

उ. गोयमा ! आगासत्थिकाए णं जीवदव्वाणं अजीवदव्वाण य भायणभूए,

एगेण वि से पुण्णे, दोहि वि पुण्णे, सयं पि माएज्जा।

कोडिसएण वि पुण्णे, कोडिसहस्सं पि माएज्जा।

अवगाहणालक्खणे णं आगासऽत्थिकाए,

## ૩. અસ્તિકાય-અધ્યયન

સૂત્ર :

૧. **અસ્તિકાયનાં ભેદ :**

પ્ર. ભંતે ! અસ્તિકાય કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અસ્તિકાય પાંચ કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય,

૫. પુદ્ગલાસ્તિકાય.

૨. **પંચાસ્તિકાયની પ્રવૃત્તિ :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાયથી જીવોનું આગમન, ગમન, ભાષા, ઉન્મેષ (આંખનો પલકારો) મનોયોગ, વચનયોગ અને કાયયોગ પ્રવૃત્ત હોય છે.

આ અને આવી પ્રકારના જેટલા પણ ચલ (ગમનશીલ) ભાવ છે. તે બધાં ધર્માસ્તિકાય દ્વારા પ્રવૃત્ત થાય છે.

ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિરૂપ છે.

પ્ર. ભંતે ! અધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

ઉ. ગૌતમ ! અધર્માસ્તિકાયથી જીવોના સ્થાન (સ્થિત થાય), નિષીદન (બેસવું), ત્વગ્વર્તન (આડે પડખે થવું) અને મનને એકાગ્ર કરવું.

આ તથા આ પ્રમાણેનાં જેટલા પણ સ્થિર ભાવ છે તે બધા અધર્માસ્તિકાય દ્વારા પ્રવૃત હોય છે.

અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિરૂપ છે.

પ્ર. ભંતે ! આકાશાસ્તિકાયથી જીવો અને અજીવોની શું પ્રવૃત્તિ હોય છે ?

ઉ. ગૌતમ ! આકાશાસ્તિકાય જીવદ્રવ્યો અને અજીવ દ્રવ્યોના ભાજન(આધારભૂત) રૂપ છે.

કારણ કે એક પરમાણુ કે બે પરમાણુઓથી વ્યાપ્ત આકાશપ્રદેશમાં સો પરમાણુ પણ સમાઈ શકે છે. સો કરોડ પરમાણુઓથી વ્યાપ્ત આકાશપ્રદેશમાં એક હજાર કરોડ પરમાણુ પણ સમાઈ શકે છે.

આકાશાસ્તિકાયનું લક્ષણ અવગાહના રૂપ છે.

---

१. (क) सम. सम. ५, सु. ८ (ख) विया. स. ७, उ. १०, सु. १-८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जीवऽत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तइ ?

उ. गोयमा ! जीवऽत्थिकाएणं जीवे-

अणंताणं आभिणिबोहिय नाण-पज्जवाणं

अणंताणं सुयनाणपज्जवाणं,

अणंताणं ओहिनाणपज्ज- वाणं,

अणंताणं मणपज्जवनाणपज्जवाणं,

अणंताणं केवलनाणपज्जवाणं,

अणंताणं मइअण्णाण पज्जवाणं,

अणंताणं सुयअण्णाण पज्जवाणं,

अणंताणं विभंगणाण पज्जवाणं,

अणंताणं चक्खुदंसणपज्जवाणं,

अणंताणं अचक्खुदंसणपज्जवाणं,

अणंताणं ओहिदंसणपज्जवाणं,

अणंताणं केवलदंसणपज्जवाणं उवओगं गच्छइ,

उवओगलक्खणे णं जीवे ।

प. पोग्गलऽत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तइ ?

उ. गोयमा ! पोग्गलऽत्थिकाए णं जीवाणं ओरालिय-वेउव्विय-आहारग-तेया-कम्मा-सोइंदिय-चक्खिदिय-घाणिंदिय- जिब्भिंदिय-फासिंदिय- मणजोग-वइजोग-कायजोग- आणपाणूणं च गहणं पवत्तइ,

गहणलक्खणे णं पोग्गलऽत्थिकाए ।

- विया. स. १३, उ. ४, सु. २४-२८

प्र. ભંતે ! જીવાસ્તિકાય દ્વારા જીવોની શું પ્રવૃત્તિ હોય છે ?

ઉ. ગૌતમ ! જીવાસ્તિકાય દ્વારા જીવ -

અનન્ત આભિનિબોધિક જ્ઞાનની પર્યાયોના,

અનન્ત શ્રુતજ્ઞાનની પર્યાયોના,

અનન્ત અવધિજ્ઞાનની પર્યાયોના,

અનન્ત મનઃપર્યવજ્ઞાનની પર્યાયોના,

અનન્ત કેવળજ્ઞાનની પર્યાયોના,

અનન્ત મતિ અજ્ઞાનની પર્યાયોના,

અનંત શ્રુત-અજ્ઞાનની પર્યાયોનાં,

અનંત વિભંગજ્ઞાનની પર્યાયોના,

અનંત ચક્ષુદર્શનની પર્યાયોના,

અનંત અચક્ષુદર્શનની પર્યાયોના,

અનંત અવધિદર્શનની પર્યાયોના,

અનંત કેવળદર્શનની પર્યાયોના ઉપયોગને પ્રાપ્ત થઈ જાય છે.

જીવનું લક્ષણ ઉપયોગ રૂપ છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ હોય છે ?

ઉ. ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયથી જીવોના ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ્, કાર્મણ, શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, મનોયોગ, વચનયોગ, કાયયોગ અને શ્વાસ - ઉચ્છ્વાસને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થાય છે,

પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ ગ્રહણ રૂપ છે.

## ३. पंचऽत्थिकायाणं पज्जाय सद्दा-

प. धम्मऽत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ. गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा-धम्मे इ वा, धम्मऽत्थिकाए इ वा,

पाणाइवायवेरमणे इ वा **-जाव-** परिग्गहवेरमणे इ वा,

कोहविवेगे इ वा **-जाव-** मिच्छादंसणसल्लविवेगे इ वा,

इरियासमिई इ वा **-जाव-** उच्चार-पासवण-खेल-जल्ल - सिंघाण-पारिट्ठावणियासमिई इ वा,

मणोगुत्ती इ वा **-जाव-** कायगुत्ती इ वा ।

## ૩. પંચાસ્તિકાયોના પર્યાયવાચી શબ્દ :

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયના કેટલા અભિવચન (પર્યાયવાચી) શબ્દ કહ્યા છે.

ઉ. ગૌતમ ! અનેક અભિવચન કહ્યા છે, તે આ પ્રમાણે છે - ધર્મ કે ધર્માસ્તિકાય,

પ્રાણાતિપાત-વિરમણ **-યાવત્-** પરિગ્રહ-વિરમણ,

ક્રોધ-વિવેક **-યાવત્-** મિથ્યાદર્શન-શલ્ય-વિવેક

ઈર્યાસમિતિ **-યાવત્-** ઉચ્ચાર-પ્રશ્રવણ-ખેલ જલ્લ-સિંઘાણ- પરિષ્ઠાપનિકા- સમિતિ,

મનોગુપ્તિ **-યાવત્-** કાયગુપ્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे यावऽन्ने तहप्पगारा, सव्वे ते धम्मऽत्थिकायस्स अभिवयणा,

प. अधम्मऽत्थिकायस्स णं ते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ. गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा-

अधम्मे इ वा, अधम्मऽत्थिकाए इ वा,

पाणाइवाय-अवेरमणे इ वा -**जाव**- परिग्गह-अवेरमणे इ वा,

कोह-अविवेगे इ वा -**जाव**- मिच्छादंसणसल्ल-अविवेगे इ वा,

ईरिया-असमिई इ वा -**जाव**- उच्चार-पासवण-खेल-जल्ल - सिंघाण - पारिट्ठावणिया - असमिई वा

मणअगुत्ती इ वा -**जाव**- काय-अगुत्ती इ वा,

जे यावऽन्ने तहप्पगारा, सव्वे ते अधम्मऽत्थिकायस्स अभिवयणा,

प. आगासऽत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ. गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा-

आगासे इ वा, आगासऽत्थिकाए इ वा,

गगणे इ वा, नभे इ वा, समे इ वा, विसमे इ वा,

खहे इ वा, विहे इ वा, वीयी इ वा, विवरे इ वा,

अंबे इ वा, अंबरसे इ वा, छिड्डे इ वा, झुसिरे इ वा,

मग्गे इ वा, विमुहे इ वा, अद्दे इ वा, वियद्दे इ वा,

आधारे इ वा, वोमे इ वा, भायणे इ वा, अंतरिक्खे इ वा,

सामे इ वा, ओवासंतरे इ वा, अगमे इ वा,

फलिहे इ वा, अणंते इ वा,

जे यावऽन्ने तहप्पगारा, सव्वे ते आगासऽत्थिकायस्स अभिवयणा।

प. जीवऽत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ. गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा-

जीवे इ वा, जीवऽत्थिकाए इ वा,

पाणे इ वा, भूए इ वा, सत्ते इ वा, विण्णू इ वा,

चेया इ वा, जेया इ वा, आया इ वा, रंगणे इ वा,

हिंडुए इ वा, पोग्गले इ वा, माणवे इ वा,

આ અને આ પ્રકારનાં જેટલા પણ બીજા શબ્દ છે તે બધા ધર્માસ્તિકાયના અભિવચન છે.

પ્ર. ભંતે ! અધર્માસ્તિકાયના કેટલા અભિવચન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અનેક અભિવચન કહ્યા છે, તે આ પ્રમાણે છે -

અધર્મ કે અધર્માસ્તિકાય.

પ્રાણાતિપાત અવિરમણ -**યાવત્**- પરિગ્રહ અવિરમણ,

ક્રોધ અવિવેક -**યાવત્**- મિથ્યાદર્શનશલ્ય અવિવેક,

ઈર્યા અસમિતિ -**યાવત્**- ઉચ્ચાર પ્રસવણ-ખેલ-જલ્લ-સિંઘાણ- પરિષ્ઠાપનિકા અસમિતિ,

મન- અગુપ્તિ -**યાવત્**- કાય-અગુપ્તિ,

આ અને આ પ્રકારનાં જેટલા પણ બીજા શબ્દ છે તે બધા અધર્માસ્તિકાયના અભિવચન છે.

પ્ર. ભંતે ! આકાશાસ્તિકાયના કેટલા અભિવચન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અનેક અભિવચન કહ્યા છે, તે આ પ્રમાણે છે -

આકાશ અને આકાશાસ્તિકાય,

ગગન, નભ, સમ, વિષમ,

ખહ, વિહાયસ, વીચિ, વિવર,

અમ્બર, અમ્બરસ, છિદ્ર, શુષિર,

માર્ગ, વિમુખ, અર્દ, વ્યર્દ,

આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ,

શ્યામ, અવકાશાન્તર, અગમ,

સ્ફટિક અને અનન્ત,

આ અને આ પ્રકારનાં જેટલા પણ બીજા શબ્દ છે તે બધા આકાશાસ્તિકાયનાં અભિવચન છે.

પ્ર. ભંતે ! જીવાસ્તિકાયના કેટલા અભિવચન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અનેક અભિવચન કહ્યા છે, તે આ પ્રમાણે છે -

જીવ કે જીવાસ્તિકાય,

પ્રાણ, ભૂત, સત્વ, વિજ્ઞ,

ચેતા, જેતા, આત્મા, રંગન,

હિંડુક, પોદ્ગલી (પુદ્ગલને ધારણ કરનાર) માનવ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कत्ता इ वा, विकत्ता इ वा, जए इ वा, जंतू इ वा, जोणी इ वा, सयंभू इ वा, ससरिरी इ वा,नायए इ वा, अंतरप्पा इ वा,

जे यावऽन्ने तहप्पगारा, सव्वे ते जीवऽत्थिकायस्स अभिवयणा।

प. पोग्गलऽत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?

उ. गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा-

पोग्गले इ वा, पोग्गलऽत्थिकाए इ वा,

परमाणुपोग्गले इ वा, दुपएसिए इ वा, तिपएसिए इ वा -जाव- संखेज्जपएसिए इ वा, असंखेज्जपएसिए इ वा, अणंतपएसिए इ वा खंधे,

जे यावन्ने तहप्पगारा, सव्वे ते पोग्गलऽत्थिकायस्स अभिवयणा।

- विया. स. २०, उ.२, सु. ४-८

કર્તા, વિકર્તા, જગત્, જંતુ,

યોનિ, સ્વયંભૂ, સશરીરી, નાયક અને અંતરાત્મા.

આ અને આ પ્રકારનાં જેટલા પણ બીજા શબ્દ છે, તે બધા જીવાસ્તિકાયના અભિવચન છે.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના કેટલા અભિવચન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અનેક અભિવચન કહ્યા છે, તે આ પ્રમાણે છે -

પુદ્ગલ કે પુદ્ગલાસ્તિકાય,

પરમાણુ- પુદ્ગલ, દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી -યાવત્- સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનન્તપ્રદેશી સ્કંધ.

આ અને આ પ્રકારનાં જેટલા પણ બીજા શબ્દ છે તે બધા પુદ્ગલાસ્તિકાયના અભિવચન છે.

### ४. पंचण्हमत्थिकायाणं पमाणं-

प. धम्मत्थिकाएणं भंते ! के महालए पण्णत्ते ?

उ. गोयमा ! लोए, लोयमेत्ते, लोयप्पमाणे, लोयफुडे, लोयं चेव फुसित्ताणं चिट्ठइ,

***एवं १. अधम्मत्थिकाए, २. लोयागासे, ३. जीवत्थिकाए, ४. पोग्गलत्थिकाए, पंचवि एक्काभिलावा।***[1]

- विया. स. २. उ. १० सु. १३,

### ૪. પાંચેય અસ્તિકાયોનું પ્રમાણ :

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયને કેટલા પ્રમાણ મોટું જાણવું ?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાય લોકરૂપ છે, લોકમાત્ર છે, લોક પ્રમાણ છે, લોક સ્પૃષ્ટ છે અને લોકને જ સ્પર્શ કરીને રહે છે.

***આ પ્રમાણે ૧. અધર્માસ્તિકાય, ૨. લોકાકાશ, ૩. જીવાસ્તિકાય અને ૪. પુદ્ગલાસ્તિકાય. આ પાંચેયના સંબંધમાં એક સમાન સૂત્રપાઠ જાણવાં જોઈએ.***

### ५. अत्थिकायाणं अजीव-अरूवि पगारा-

चत्तारि अत्थिकाया अजीवकाया पण्णत्ता, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए

३. आगासत्थिकाए, ४. पोग्गलत्थिकाए।

चत्तारि अत्थिकाया अरूविकाया पण्णत्ता, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. आगासत्थिकाए, ४. जीवत्थिकाए।[2]

-ठाणं. अ. ४, उ. १, सु. २५२

### ૫. અસ્તિકાયનાં અજીવ અરૂપી પ્રકાર :

ચાર અસ્તિકાય અજીવ કહ્યા છે, તે આ પ્રમાણે છે -

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. પુદ્ગલાસ્તિકાય.

ચાર અસ્તિકાય અરૂપી કહ્યા છે, તે આ પ્રમાણે છે -

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય.

१. विया. स. २०, उ. २, सु. २ (ख)

२. विया. स. ७, उ. १०, सु. ८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. **पंचत्थिकायाणं गरूयत्त-लहुयत्त परूवणं-**

प. धम्मत्थिकाए णं भंते ! किं गरूए, लहुए, गरूयलहुए, अगरूयलहुए ?

उ. गोयमा ! णो गरूए, णो लहुए, णो गरूय-लहुए, अगरूय-लहुए।

***अधम्मत्थिकाये वि -जाव- जीवत्थिकाये वि एवं चेव ।***

प. पोग्गलत्थिकाए णं भंते ! किं गरूए, लहुए, गरूयलहुए, अगरूयलहुए ?

उ. गोयमा ! णो गरूए, णो लहुए, गरूय-लहुए वि, अगरूय-लहुए वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- "पोग्गलत्थिकाए णो गरूए, णो लहुए, गरूय-लहुए वि, अगरूय-लहुए वि ?"

उ. गोयमा ! गरूय - लहुयदव्वाइं पडुच्च-नो गरूए, नो लहुए, गरूय-लहुए, नो अगरूय-लहुए,

अगरूय-लहुयदव्वाइं पडुच्च नो गरूए, नो लहुए, नो गरूय-लहुए, अगरूयलहुए।

- विया. स.१, उ.९, सु. ७-८

***सव्वदव्वा सव्वपदेसा सव्वपज्जवा जहा पोग्गलत्थिकाओ।***

- विया. स.१, उ.९, सु.१५

७. **पंचण्हमत्थिकायाणं दव्वाइं पडुच्च वण्णाइ परूवणं-**

प. धम्मत्थिकाए णं भंते ! कइ वण्णे, कइ गंधे, कइ रसे, कइ फासे पण्णत्ते ?

उ. गोयमा ! अवण्णे, अगंधे, अरसे, अफासे,

अरूवी, अजीवे, सासए , अवट्ठिए, लोगदव्वे,

से समासओ पंचविहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ, ५. गुणओ,

१. दव्वओ धम्मत्थिकाए एगे दव्वे,

२. खेत्तओ लोगप्पमाणमेत्ते।

३. कालओ न कयाइ नासि, न कयाइ नत्थि, न कयाइ भविस्सइ,

૬. **પંચાસ્તિકાયનાં ગુરૂત્વ - લઘુત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાય શું ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાય ન ગુરૂ છે, ન લઘુ છે, ન ગુરૂલઘુ છે પરંતુ અગુરૂલઘુ છે.

***અધર્માસ્તિકાયથી જીવાસ્તિકાય સુધી આ પ્રમાણે જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાય શું ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે ?

ઉ. ગૌતમ ! પુદ્દગલાસ્તિકાય ન ગુરૂ છે, ન લઘુ છે, પરંતુ ગુરૂલઘુ છે અને અગુરૂલઘુ પણ છે.

પ્ર. ભંતે ! કયા કારણથી એવું કહેવાય છે કે- "પુદ્દગલાસ્તિકાય ન ગુરૂ છે, ન લઘુ છે પરંતુ ગુરૂલઘુ છે અને અગુરૂલઘુ પણ છે ?"

ઉ. ગૌતમ ! ગુરૂલઘુ દ્રવ્યોની અપેક્ષાએ પુદ્દગલાસ્તિકાય ગુરૂ નથી, લઘુ નથી, અગુરૂલઘુ નથી પરંતુ ગુરૂલઘુ છે,

અગુરૂલઘુ દ્રવ્યોની અપેક્ષાએ પુદ્દગલાસ્તિકાય ગુરૂ નથી, લઘુ નથી, ગુરૂલઘુ નથી પરંતુ અગુરૂ-લઘુ છે.

***સર્વદ્રવ્ય, સર્વપ્રદેશ અને સર્વપર્યાય પુદ્દગલાસ્તિકાયની જેમ સમજવું જોઈએ.***

૭. **પંચાસ્તિકાયના દ્રવ્યાદિની અપેક્ષાએ વર્ણાદિનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયમાં કેટલા વર્ણન, કેટલા ગંધ, કેટલા રસ અને કેટલા સ્પર્શ કહ્યા છે?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાય વર્ણ રહિત, ગંધ રહિત, રસ રહિત અને સ્પર્શ રહિત છે.

અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત અને લોક દ્રવ્ય છે.

સંક્ષેપમાં તે પાંચ પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી, ૫. ગુણથી.

૧. દ્રવ્યની અપેક્ષાએ ધર્માસ્તિકાય એક દ્રવ્ય રૂપ છે.

૨. ક્ષેત્રની અપેક્ષાએ લોક પ્રમાણ માત્ર છે.

૩. કાળની અપેક્ષાએ ક્યારેય હતો નહિ, ક્યારેય છે નહિ અને ક્યારેય રહેશે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भुविं च, भवइ अ, भविस्सइ अ,
धुवे, नियए, सासए, अक्खए, अवट्ठिए, **निच्चे।**

एવું પણ નથી પરંતુ તે (પૂર્વે) હતુ અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે.

४. भावओ अवण्णे, अगंधे, अरसे, अफासे।

૪. ભાવની અપેક્ષાએ વર્ણ વિનાનો, ગંધ વિનાનો, રસ વિનાનો અને સ્પર્શ વિનાનો છે.

५. गुणओ गमणगुणे।

૫. ગુણની અપેક્ષાએ ગમન (સહયોગી) ગુણવાળા છે.

***अधम्मत्थिकाए वि एवं चेव,***

***અધર્માસ્તિકાયનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

**णवरं** - गुणओ ठाणगुणे-

**વિશેષ** - ગુણની અપેક્ષાએ સ્થિત (સહયોગી) ગુણવાળા છે.

प. आगासत्थिकाए णं भंते ! कइ वण्णे **-जाव-** कइ फासे पण्णत्ते ?

પ્ર. ભંતે ! આકાશાસ્તિકાયમાં કેટલા વર્ણ **-યાવત્-** કેટલા સ્પર્શ કહ્યા છે ?

उ. गोयमा ! अवण्णे **-जाव-** अवट्ठिए लोग दव्वे।
ते समासओ पंचविहे पण्णत्ते, तं जहा-

ઉ. ગૌતમ ! અવર્ણ **-યાવત્-** અવસ્થિત લોકદ્રવ્ય છે. સંક્ષેપમાં તે પાંચ પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે-

१-४. दव्वओ **-जाव-** ५. गुणओ,
१. दव्वओ आगासत्थिकाए एगे दव्वे,
२. खेत्तओ लोयालोयप्पमाणमेत्ते अणंते,
३. कालओ न कयाइ नासि **-जाव-** निच्चे,
४. भावओ अवण्णे **-जाव-** अफासे,
५. गुणओ अवगाहणा गुणे।

૧-૪ દ્રવ્યતઃ **-યાવત્-** ૫- ગુણતઃ
૧. દ્રવ્યની અપેક્ષાએ આકાશાસ્તિકાય એક દ્રવ્યરૂપ છે.
૨. ક્ષેત્રની અપેક્ષાએ લોકાલોક પ્રમાણમાત્ર અને અનંત છે.
૩. કાળની અપેક્ષાએ ક્યારેય ન હોય એવું નથી **-યાવત્-** નિત્ય છે.
૪. ભાવની અપેક્ષાએ અવર્ણ **-યાવત્-** અસ્પર્શ રૂપ છે.
૫. ગુણની અપેક્ષાએ અવગાહના ગુણવાળા છે.

प. जीवत्थिकाए णं भंते ! कइ वण्णे **-जाव-** कइ फासे, पण्णत्ते ?

પ્ર. ભંતે ! જીવાસ્તિકાયમાં કેટલા વર્ણ **-યાવત્-** કેટલા સ્પર્શ કહ્યા છે ?

उ. गोयमा ! **अवण्णे -जाव-** अवट्ठिए लोगदव्वे, से समासओ पंचविहे पण्णत्ते, तं जहा-

ઉ. ગૌતમ ! અવર્ણ **-યાવત્-** અવસ્થિત લોક દ્રવ્ય છે. સંક્ષેપમાં તે પાંચ પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે.

१-४. दव्वओ **-जाव-** ५. गुणओ,
१. दव्वओ णं जीवत्थिकाए अणंताइं जीवदव्वाइं,
२. खेत्तओ णं लोगप्पमाणमेत्ते,
३. कालओ णं न कयाइ नासि **-जाव- निच्चे,**
४. भावओ णं अवण्णे **-जाव-** अफासे,
५. गुणओ णं उवओगगुणे,

૧ - ૪ દ્રવ્યતઃ **-યાવત્-** ૫ ગુણતઃ
૧. દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય અનન્ત જીવ દ્રવ્યરૂપ છે.
૨. ક્ષેત્રની અપેક્ષાએ લોક પ્રમાણ માત્ર છે.
૩. કાળની અપેક્ષાએ ક્યારેય ન હોય એવું નથી **-યાવત્-** નિત્ય છે.
૪. ભાવની અપેક્ષાએ તે અવર્ણ **-યાવત્-** અસ્પર્શ રૂપ છે.
**૫.** ગુણની અપેક્ષાએ ઉપયોગ ગુણવાળા છે.

प. पोग्गलत्थिकाए णं भंते ! कइ वण्णे **-जाव-** कइ फासे पण्णत्ते ?

પ્ર. ભંતે ! પુદ્દગલાસ્તિકાયમાં કેટલા વર્ણ **-યાવત્-** કેટલા સ્પર્શ કહ્યા છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पंचवण्णे, दुगंधे, पंचरसे, अट्ठफासे[1] रूवी, अजीवे, सासए, अवट्ठिए, लोगदव्वे,

से समासओ पंचविहे पण्णत्ते, तं जहा-

१-४. दव्वओ -जाव- गुणओ,

१. दव्वओ णं पोग्गलत्थिकाए अणंताइं दव्वाइं,

२. खेत्तओ णं लोगप्पमाणमेत्ते,

३. कालओ णं न कयाइ नासि -जाव- निच्चे,

४. भावओ णं वण्णमंते -जाव- फासमंते,

५. गुणओ णं गहणगुणे।[2]

-विया. स. २, उ.१०, सु.२-६

ઉ. ગૌતમ ! પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શવાળા, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત અને લોક દ્રવ્ય છે,

સંક્ષેપમાં તે પાંચ પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧ - ૪ દ્રવ્યતઃ **-યાવત્-** ૫. ગુણતઃ

૧. દ્રવ્યની અપેક્ષાએ પુદ્દગલાસ્તિકાય અનન્ત દ્રવ્ય રૂપ છે,

૨. ક્ષેત્રની અપેક્ષાએ લોક પ્રમાણ માત્ર છે,

૩. કાળની અપેક્ષાએ ક્યારેય ન હોય એવું નથી **-યાવત્-** નિત્ય છે,

૪. ભાવની અપેક્ષાએ તે વર્ણવાળા **-યાવત્-** સ્પર્શવાળા છે.

૫. ગુણની અપેક્ષાએ ગ્રહણ ગુણવાળા છે.

**८. चत्तारि अत्थिकाय दव्वा पएसग्गं पडुच्च तुल्ला-**

चत्तारि पएसग्गेणं तुल्ला पण्णत्ता, तं जहा-

१. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए,

३. लोगागासे, ४. एगजीवे।

- ठाणं. अ.४, उ.३, सु. ३३४/१

**૮. ચાર અસ્તિકાય દ્રવ્ય પ્રદેશાગ્રની અપેક્ષાએ સમાન :**

ચાર (દ્રવ્ય) પ્રદેશાગ્ર (પ્રદેશ-સમુહ)ની અપેક્ષાએ સમાન કહ્યા છે, તે આ પ્રમાણે છે -

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,

૩. લોકાકાશ, ૪. એક જીવ.

**९. धम्मत्थिकायाईणं मज्झपएससंखा परूवणं-**

प. कइ णं भंते ! धम्मत्थिकायस्स मज्झपएसा पण्णत्ता ?

उ. गोयमा ! अट्ठ धम्मत्थिकायस्स मज्झपएसा पण्णत्ता।

प. कइ णं भंते ! अधम्मत्थिकायस्स मज्झपएसा पण्णत्ता ?

उ. गोयमा ! ***एवं चेव।***

प. कइ णं भंते ! आगासत्थिकायस्स मज्झपएसा पण्णत्ता ?

उ. गोयमा ! ***एवं चेव।***

प. कइ णं भंते ! जीवत्थिकायस्स मज्झपएसा पण्णत्ता ?

उ. गोयमा ! अट्ठ जीवत्थिकायस्स मज्झपएसा पण्णत्ता।[3]

-विया. स.२५, उ.४. सु. २४६-२४९

**૯. ધર્માસ્તિકાયાદિઓના મધ્યપ્રદેશોની સંખ્યાનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયના મધ્ય-પ્રદેશ કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાયના મધ્ય-પ્રદેશ આઠ કહ્યા છે.

પ્ર. ભંતે ! અધર્માસ્તિકાયના મધ્ય-પ્રદેશ કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ***આ પ્રમાણે પૂર્વવત્ આઠ કહ્યા છે.***

પ્ર. ભંતે ! આકાશાસ્તિકાયના મધ્ય-પ્રદેશ કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ***આ પ્રમાણે પૂર્વવત્ આઠ કહ્યા છે.***

પ્ર. ભંતે ! જીવાસ્તિકાયનાં મધ્ય-પ્રદેશ કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જીવાસ્તિકાયના મધ્ય-પ્રદેશ આઠ કહ્યા છે.

---

१. विया. स. १२, उ. ५, सु. २६

२. ठाणं. अ. ५, उ. ६, सु. ४४१

३. ठाणं अ. ८, सु. ६२६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१०. जीवत्थिकायमज्झपएसाणं आगासत्थिकायपदेसोगाहण परूवणं-**

प. एए णं भंते ! अट्ठ जीवत्थिकायस्स मज्झपएसा कइसु आगासपएसेसु ओगाहंति ?

उ. गोयमा ! जहन्नेणं एक्कंसि वा, दोहिं वा, तीहिं वा, चउहिं वा, पंचहिं वा, छहिं वा, उक्कोसेणं अट्ठसु, नो चेव णं सत्तसु।

- विया. स. २५, उ. ४, सु. २५०

**૧૦. જીવાસ્તિકાયના મધ્ય-પ્રદેશોનું આકાશાસ્તિકાયના પ્રદેશોમાં અવગાહન પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! જીવાસ્તિકાયના એ આઠ મધ્ય-પ્રદેશો કેટલા આકાશ પ્રદેશોમાં સમાઈ શકે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય એક, બે, ત્રણ, ચાર, પાંચ કે છ તથા ઉત્કૃષ્ટ આઠ આકાશ પ્રદેશોમાં સમાઈ શકે છે, પણ સાત આકાશ પ્રદેશોમાં સમાઈ શકતા નથી.

**११. दिट्ठंतपुव्वं धम्माइसु पडिपुन्न पएसेहिं अत्थिकायत्त परूवणं-**

प. एगे भंते ! धम्मऽत्थिकाय-पदेसे "धम्मऽत्थिकाए" त्ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. दोण्णि, तिण्णि, चत्तारि, पंच, छ, सत्त, अट्ठ, नव, दस, संखेज्जा, असंखेज्जा भंते ! धम्मऽत्थिकाय-पदेसा "धम्मऽत्थिकाए" त्ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. एगपदेसूणे वि य णं भंते ! धम्मऽत्थिकाए "धम्मऽत्थिकाए" त्ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"एगे धम्मऽत्थिकाय-पदेसे नो धम्मऽत्थिकाए त्ति वत्तव्वं सिया **-जाव-** एग-पदेसूणे वि य णं धम्मऽत्थिकाए, नो धम्मऽत्थिकाए त्ति वत्तव्वं सिया ?"

उ. से नूणं गोयमा ! खंडे चक्के ? सगले चक्के ?

भगवं ! नो खंडे चक्के, सगले चक्के,

***एवं छत्ते, चम्मे, दंडे, दूसे, आयुहे, मोयए।***

से तेणट्ठे णं गोयमा ! एवं वुच्चइ -

"एगे धम्मऽत्थिकाय-पदेसे, नो धम्मऽत्थिकाए त्ति वत्तव्वं सिया **-जाव-** एग-पदेसूणे वि य णं धम्मऽत्थिकाए, नो धम्मऽत्थिकाए त्ति वत्तव्वं सिया।

**૧૧. દ્રષ્ટાંતપૂર્વક ધર્માદિઓમાં પરિપૂર્ણ પ્રદેશોથી અસ્તિ-કાયત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું ધર્માસ્તિકાયના એક પ્રદેશને "ધર્માસ્તિકાય" કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ ધર્માસ્તિ-કાયના એક પ્રદેશને ધર્માસ્તિકાય ન કહી શકાય)

પ્ર. ભંતે ! શું ધર્માસ્તિકાયના બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, સંખ્યાત અને અસંખ્યાત પ્રદેશોને "ધર્માસ્તિકાય" કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! એક પ્રદેશ ઊણો ધર્માસ્તિકાયને શું "ધર્માસ્તિકાય" કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ એક પ્રદેશ ઊણો ધર્માસ્તિકાયને પણ ધર્માસ્તિકાય કહી શકતા નથી.)

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ધર્માસ્તિકાયના એક પ્રદેશને ધર્માસ્તિકાય કહી શકતા નથી **-યાવત્-** એક પ્રદેશ ઊણોને પણ ધર્માસ્તિકાય કહી શકતા નથી ?

ઉ. ગૌતમ ! શું ચક્રના ભાગને ચક્ર કહેવાય કે આખા ચક્ર ને ચક્ર કહેવાય ?

ભંતે ! ચક્રનો એક ભાગ તે ચક્ર ન કહેવાય પણ આખા ચક્ર તે ચક્ર કહેવાય.

***આ પ્રમાણે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્ર, શસ્ત્ર અને મોદકનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

માટે હે ગૌતમ ! એવું કહી શકાય છે કે -

"ધર્માસ્તિકાયનાં એક પ્રદેશને ધર્માસ્તિકાય ન કહી શકાય **-યાવત્-** એક પ્રદેશ ઊણોને પણ ધર્માસ્તિકાય ન કહી શકાય."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं खाइए णं भंते ! "धम्मऽत्थिकाए" त्ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! असंखेज्जा धम्मऽत्थिकाय-पदेसा, ते सव्वे कसिणा पडिपुण्णा, निरवसेसा एगग्गहण-गहिया,

एस णं गोयमा ! "धम्मऽत्थिकाए" त्ति वत्तव्वं सिया,

*एवं अधम्मऽत्थिकाए वि,*

*आगासऽत्थिकाय-जीवऽत्थिकाय। पोग्गलऽत्थिकाया वि एवं चेव,*

**णवरं**-पएसा अणंता भाणियव्वा,

*सेसं तं चेव।*

- विया. स.२, उ.१०, सु. ७-८

प्र. ભંતે ! તો પછી 'ધર્માસ્તિકાય' કોને કહી શકાય ?

ઉ. ગૌતમ ! ધર્માસ્તિકાયનાં અસંખ્યાત પ્રદેશ છે જ્યારે તે કૃત્સ્ન, પરિપૂર્ણ, નિરવશેષ એકનાં ગ્રહણથી બધા ગ્રહણ થઈ જાય.

ત્યારે ગૌતમ ! તેને "ધર્માસ્તિકાય" કહી શકાય છે.

***આ પ્રમાણે અધર્માસ્તિકાયનાં વિષયમાં જાણવું જોઈએ.***

***આ પ્રમાણે આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

**વિશેષ** : આ ત્રણ દ્રવ્યોના અનન્ત પ્રદેશ કહેવા જોઈએ.

***બાકી બધાનું વર્ણન પૂર્વવત્ સમજવું જોઈએ.***

**१२. पोग्गलत्थिकाय पएसेसु दव्व-दव्वदेसाइ परूवणं-**

प. एगे भंते ! पोग्गलत्थिकायपएसे किं-

१. दव्वं, २. दव्वदेसे,

३. दव्वाइं, ४. दव्वदेसा,

५. उदाहु दव्वं च दव्वदेसे य,

६. उदाहु दव्वं च दव्वदेसा य,

७. उदाहु दव्वाइं च दव्वदेसे य,

८. उदाहु दव्वाइं च दव्वदेसा य,

उ. गोयमा ! सिय दव्वं, सिय दव्वदेसे, नो दव्वाइं, नो दव्वदेसा,

नो दव्वं च दव्वदेसे य **-जाव-** नो दव्वाइं च दव्वदेसा य।

प. दो भंते ! पोग्गलत्थिकायपएसा किं दव्वं, दव्वदेसे **-जाव-** उदाहु दव्वाइं च दव्वदेसा य ?

उ. गोयमा ! १. सिय दव्वं,

२. सिय दव्वदेसे,

३. सिय दव्वाइं,

**૧૨. પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોમાં દ્રવ્ય, દ્રવ્યદેશાદિની પ્રરૂપણા :**

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ અર્થાત્ પરમાણું શું ?

૧. (એક) દ્રવ્ય છે, ૨. (એક) દ્રવ્યદેશ છે,

૩. (અનેક) દ્રવ્ય છે, ૪. (અનેક) દ્રવ્યદેશ છે.

૫. અથવા (એક) દ્રવ્ય અને (એક) દ્રવ્યદેશ છે.

૬. અથવા (એક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે.

૭. અથવા (અનેક) દ્રવ્ય અને (એક) દ્રવ્યદેશ છે.

૮. અથવા (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે ?

ઉ. ગૌતમ ! પરમાણુ કદાચ દ્રવ્ય છે, કદાચ દ્રવ્યદેશ છે પણ (અનેક) દ્રવ્ય નથી (અનેક) દ્રવ્યદેશ નથી.

(એક) દ્રવ્ય અને (એક) દ્રવ્યદેશ નથી **-યાવત્-** (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ નથી.

પ્ર. ભંતે ! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશ શું (એક) દ્રવ્ય છે કે (એક) દ્રવ્યદેશ **-યાવત્-** અથવા (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે ?

ઉ. ગૌતમ ! ૧. કદાચ (એક) દ્રવ્ય છે.

૨. કદાચ (એક) દ્રવ્યદેશ છે.

૩. કદાચ (અનેક) દ્રવ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. मिय दव्वदेसा,

५. सिय दव्वं च दव्वदेसे य,

६. नो दव्वं च दव्वदेसा य,

***सेसा पडिसेहेयव्वा।***

प. तिन्नि भंते ! पोग्गलत्थिकायपएसा किं दव्वं, दव्वदेसे -**जाव**- उदाहु दव्वाइं च दव्वदेसा य ?

उ. गोयमा ! सिय दव्वं,

सिय दव्वदेसे,

***एवं सत्त भंगा भाणियव्वा -जाव-*** सिय दव्वाइं च दव्वदेसे य,

नो दव्वाइं च दव्वदेसा य ।

प. चत्तारि भंते ! पोग्गलत्थिकाय पएसा किं दव्वं, दव्वदेसे -**जाव**- उदाहु दव्वाइं च दव्वदेसा य ?

उ. गोयमा ! सिय दव्वं, सिय दव्वदेसे,

***अट्ठवि भंगा भाणियव्वा -जाव-***

सिय दव्वाइं च दव्वदेसा य,

***जहा चत्तारि भणिया,***

***एवं पंच छ सत्त -जाव- असंखेज्जा।***

प. अणंता भंते ! पोग्गलत्थिकायपएसा किं दव्वं, दव्वदेसे -**जाव**- उदाहु दव्वाइं च दव्वदेसा य ?

उ. गोयमा ! ***एवं चेव -जाव-*** सिय दव्वाइं च दव्वदेसा य।

- विया. स. ८, उ. १०, सु. २३-२८

४. કદાચ (અનેક) દ્રવ્યદેશ છે.

૫. કદાચ (એક) દ્રવ્ય અને (એક) દ્રવ્યદેશ છે પણ

૬. (એક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ નથી.

***બાકી વિકલ્પોનો નિષેધ કરવો જોઈએ.***

પ્ર. ભંતે ! પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ શું (એક) દ્રવ્ય છે કે (એક) દ્રવ્યદેશ છે -**યાવત્**- અથવા (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે ?

ઉ. ગૌતમ ! ૧. કદાચ (એક) દ્રવ્ય છે,

૨. કદાચ (એક) દ્રવ્યદેશ છે.

***આ પ્રમાણે સાત ભાંગા કહેવા જોઈએ -યાવત્-*** કદાચ (અનેક) દ્રવ્ય અને (એક) દ્રવ્યદેશ છે.

પણ (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ નથી.

પ્ર. ભંતે ! પુદ્‌ગલાસ્તિકાયના ચાર પ્રદેશ શું (એક) દ્રવ્ય છે કે (એક) દ્રવ્યદેશ છે -**યાવત્**- અથવા (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે ?

ઉ. ગૌતમ ! કદાચ (એક) દ્રવ્ય છે, કદાચ (એક) દ્રવ્યદેશ છે,

***આ પ્રમાણે આઠ ભાંગા કહેવા જોઈએ. -યાવત્-***

(અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે.

***જે પ્રમાણે ચાર પ્રદેશોના માટે કહ્યું,***

***તે પ્રમાણે પાંચ, છ, સાત -યાવત્- અસંખ્યાત પ્રદેશોના માટે પણ કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! પુદ્‌ગલાસ્તિકાયના અનન્ત પ્રદેશ શું (એક) દ્રવ્ય છે કે (એક) દ્રવ્યદેશ છે -**યાવત્**- અથવા (અનેક) દ્રવ્ય અને અનેક દ્રવ્યદેશ છે ?

ઉ. ગૌતમ ! **પહેલાની જેમ -યાવત્-** ૮ કદાચ (અનેક) દ્રવ્ય અને (અનેક) દ્રવ્યદેશ છે. ત્યાં સુધી કહેવું જોઈએ.

**१३. किण्हं अत्थिकाएहिं लोगे फुडे -**

चउहिं अत्थिकाएहिं लोगे फुडे पण्णत्ते, तं जहा-

१. धम्मऽत्थिकाएणं, २. अधम्मऽत्थिकाएणं,

३. जीवऽत्थिकाएणं, ४. पोग्गलऽत्थिकाएणं।

- ठाणं. अ. ४, उ. ३, सु. ३३३/१

**૧૩. કેટલા અસ્તિકાયોને લોક સ્પર્શે છે :**

ચાર અસ્તિકાયોથી સંપૂર્ણ લોક સ્પર્શી શકાય છે, તે આ પ્રમાણે છે -

૧. ધર્માસ્તિકાયથી, ૨. અધર્માસ્તિકાયથી,

૩. જીવાસ્તિકાયથી, ૪. પુદ્‌ગલાસ્તિકાયથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१४. दिट्ठंतपुव्वं धम्म - अधम्म - आगासत्थिकाएसु आसणादिनिसेहो-**

प. एएसि णं भंते ! धम्मत्थिकायंसि, अधम्मत्थिकायंसि, आगासत्थिकायंसि चक्किया केई आसइत्तए वा, सइत्तए वा, चिट्ठित्तए वा, निसीइत्तए वा, तुयट्टित्तए वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।[१]

अणंता पुण तत्थ जीवा ओगाढा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"एयंसि णं धम्मत्थिकायंसि **-जाव-** आगासत्थिकायंसि नो चक्किया केई आसइत्तए वा **-जाव-** तुयट्टित्तए वा **-जाव-** अणंता पुण तत्थ जीवा ओगाढा ?"

उ. गोयमा ! से जहानामए-कूडागारसाला सिया दुहओ लित्ता, गुत्ता, गुत्तदुवारा, ***जहा रायप्पसेणइज्जे*** **-जाव-** दुवारवयणाइं पिहेइ, पिहेत्ता तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं पईवसहस्सं पलीवेज्जा,

से नूणं गोयमा ! ताओ पईवलेस्साओ अण्णमण्णसंबद्धाओ अण्णमण्णपुट्ठाओ **-जाव-** अण्णमण्णघडत्ताए चिट्ठंति ?

"हंता ! चिट्ठंति।"

"चक्किया णं गोयमा ! केई तासु पईवलेस्सासु आसइत्तए वा **-जाव-** तुयट्टित्तए वा ?"

"भगवं ! नो इणट्ठे समट्ठे,
अणंता पुण तत्थ जीवा ओगाढा।"
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
'एयंसि णं धम्मत्थिकायंसि **-जाव-** आगासत्थिकायंसि नो चक्किया केई आसइत्तए वा **-जाव-** तुयट्टित्तए वा **-जाव-** अणंता पुण तत्थ जीवा ओगाढा।'

-विया. स. १३, उ.४, सु. ६६

**૧૪. દૃષ્ટાંત પૂર્વક ધર્મ - અધર્મ આકાશાસ્તિકાયો પર આસનાદિનો નિષેધ :**

પ્ર. ભંતે ! આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પર કોઈ વ્યક્તિ બેસવા, સુવા, ઉભા રહેવા, નીચે બેસવા અને પડખું ફેરવવામાં સમર્થ થઈ શકે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

તે સ્થાનપર અનન્ત જીવ સમાયેલા (સ્થિત) હોય છે.

પ્ર. ભંતે ! શા કારણથી એવું કહેવાય છે કે -

"આ ધર્માસ્તિકાય **-યાવત્-** આકાશાસ્તિકાય પર કોઈપણ વ્યક્તિ રહેવા **-યાવત્-** પડખું ફેરવવામાં સમર્થ થઈ શકતા નથી **-યાવત્-** ત્યાં અનન્ત જીવ સમાયેલા હોય છે ?"

ઉ. ગૌતમ ! જેમ કોઈ કૂટાગાર શાળા હોય, જે બાહર અને અંદર બંને બાજુથી લીપેલી હોય, ચારે તરફથી સુરક્ષિત હોય, તેના દ્વાર પણ ગુપ્ત હોય ***ઈત્યાદિ રાજપ્રશ્નીય સૂત્રાનુસાર*** **-યાવત્-** દરવાજાનાં બારણા ઢાંકી દીધા હોય અને બારણા ઢાંકીને તે કૂટાગારશાળાનાં (શિખરબંધ ઘરમાં) ઠીક મધ્યભાગમાં કોઈ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ એક હજાર દીપક પ્રકટાવી દે તો નિશ્ચયથી

હે ગૌતમ ! (તે સમય) તે દીપકોની જ્યોત પરસ્પર એક બીજામાં એક થઈને, એક બીજાની જ્યોતિને અડીને **-યાવત્-** પરસ્પર એકરૂપ થઈને રહે છે ને ?

(ગૌતમ) "હા રહે છે."

(ભગવાન્) "હે ગૌતમ ! શું કોઈ વ્યક્તિ તે દીપકની જ્યોતિ પર બેસવું, સુવું **-યાવત્-** પડખું ફેરવવામાં સમર્થ થઈ શકે છે ?"

(ગૌતમ) "ભંતે ! આ અર્થ સમર્થ નથી.
તે જ્યોત પર અનન્ત જીવ સમાયેલા હોય છે."
માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે-
"આ ધર્માસ્તિકાય **-યાવત્-** આકાશાસ્તિકાય પર કોઈ વ્યક્તિ રહેવા **-યાવત્-** પડખું ફેરવવામાં સમર્થ થઈ શકતા નથી. **-યાવત્-** ત્યાં અનન્ત જીવ સમાયેલા હોય છે."

१. विया. स. ७, उ. १०, सु. ९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪. પર્યાય - અધ્યયન

દાર્શનિક જગતમાં પર્યાયનો જે અર્થ પ્રસિદ્ધ છે, તેથી થોડા ભિન્ન અર્થમાં પર્યાય શબ્દનો પ્રયોગ આગમોમાં મળે છે. દર્શનના ગ્રન્થોમાં દ્રવ્યના ક્રમભાવી પરિણામને પર્યાય કહે છે. તથા ગુણ અને પર્યાયથી યુક્ત પદાર્થને દ્રવ્ય કહે છે. અર્થાત્ ત્યાં એક જ દ્રવ્ય કે વસ્તુની વિભિન્ન પર્યાયોની ચર્ચા છે. આગમોમાં પર્યાયનું નિરુપણ દ્રવ્યના ક્રમભાવી પરિણમનના રૂપમાં થયેલ નથી. આગમોમાં તો એક પદાર્થ જેટલી અવસ્થાઓમાં પ્રાપ્ત થાય છે. તેને તે પદાર્થની પર્યાય કહી છે. જેમ .જીવની પર્યાય છે.- નારક, દેવ, મનુષ્ય, તિર્યંચ અથવા સિદ્ધ.

પર્યાય દ્રવ્યની પણ હોય છે અને ગુણની પણ હોય છે. ગુણોની પર્યાયનો ઉલ્લેખ અનુયોગદ્વાર સૂત્રમાં આ પ્રમાણે કરેલ છે - એક ગુણ કાળા, દ્વિગુણ [ બે ] કાળા **યાવત્** અનન્ત ગુણ કાળા, એક પદાર્થમાં કાળા ગુણની અનન્ત પર્યાય હોય છે. આ પ્રમાણે લીલો, પીળો, લાલ અને સફેદ વર્ણોની પર્યાય પણ અનન્ત હોય છે. વર્ણની અપેક્ષાએ ગંધ, રસ અને સ્પર્શનાં ભેદોની પણ એક ગુણથી લઈને અનન્તગુણ પર્યાય હોય છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગને પર્યાયના લક્ષણ કહ્યા છે. એક પર્યાય બીજી પર્યાયની સાથે દ્રવ્યની અપેક્ષાએ એકત્વ હોય છે. પર્યાયની અપેક્ષાએ બંને પર્યાય પૃથક્ [ ભિન્ન ] હોય છે. સંખ્યાની અપેક્ષાએ પણ પર્યાય-ભેદ હોય છે. સંસ્થાન અર્થાત્ આકૃતિની અપેક્ષાએ પણ પર્યાય-ભેદ હોય છે. જે પર્યાયનો સંયોગ [ ઉત્પાદ ] હોય છે તેનો વિયોગ [ વિનાશ ] પણ નિશ્ચિત રૂપથી હોય છે.

પ્રજ્ઞાપનાસૂત્રમાં પર્યાયના બે ભેદનો ઉલ્લેખ છે- ૧. જીવ પર્યાય અને ૨. અજીવ પર્યાય. આ બન્ને પ્રકારની પર્યાય અનન્ત હોય છે. જીવ પર્યાય કેવી રીતે અનન્ત હોય છે એમનું સમાધાન કરતા કહ્યું છે કે- નૈરયિક, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, બેઈન્દ્રિય, ત્રેન્દ્રિય, ચઉરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્ય આ બધા અસંખ્યાત છે. પરંતુ વનસ્પતિકાયિક અને સિદ્ધજીવ અનન્ત છે. એટલા માટે જીવ પર્યાય અનન્ત છે.

પર્યાયના બે પ્રકાર છે.- અર્થપર્યાય અને વ્યંજનપર્યાય. એક જ પદાર્થની ક્રમભાવી પર્યાયોએ અર્થપર્યાય કહેવાય છે. તથા એક પદાર્થની તેનાં વિભિન્ન પ્રકારો અને ભેદોમાં જે પર્યાય હોય છે તે વ્યંજનપર્યાય કહેવાય છે. અર્થપર્યાય સૂક્ષ્મ અને વ્યંજન પર્યાય સ્થૂલ હોય છે. પર્યાયને ઉર્ધ્વપર્યાય અને તિર્યક્પર્યાયના રૂપમાં પણ જાણી શકાય છે. જેમ અનેક મનુષ્યોને પર્યાય ભેદથી અમે મનુષ્યની અનન્ત પર્યાય કહી છે. તે તિર્યક્પર્યાય કે વ્યંજનપર્યાય છે. જો એક મનુષ્યના પ્રતિક્ષણ થનાર પરિણમનને પર્યાય કહેવાય તો તે અર્થપર્યાય કે ઉર્ધ્વપર્યાય છે.

આ અધ્યયનમાં જીવ અને અજીવની અનન્ત પર્યાયોનું નિરુપણ કર્યું છે. જીવની પણ અનન્ત પર્યાય છે અને અજીવની પણ અનન્ત પર્યાય છે. જીવોમાં પણ પ્રત્યેક દંડકના જીવોની અનન્ત પર્યાય હોય છે. આ પર્યાયોની અનન્તતાનું વર્ણન ૧. દ્રવ્ય, ૨. પ્રદેશ, ૩. અવગાહના, ૪. સ્થિતિ, ૫. વર્ણ, ૬. ગંધ, ૭. રસ, ૮. સ્પર્શ, ૯. જ્ઞાન, ૧૦. અજ્ઞાન અને ૧૧. દર્શન. આ અગિયાર દ્વારોના આધાર પર કરેલ છે. જ્યાં નૈરયિકની અનન્ત પર્યાયનું વર્ણન મળે છે ત્યાં એક નૈરયિકની જેમ બીજા નૈરયિકનું વર્ણન પણ આ દ્રવ્ય, પ્રદેશ આદિ અગિયાર દ્વારોના આધાર પર કરાય છે. આમ પરિણામસ્વરુપ- નૈરયિકોની અનન્ત પર્યાય સિદ્ધ થાય છે. આ પ્રમાણે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વૈમાનિક દેવોની પણ અનન્ત પર્યાય સિદ્ધ થાય છે. પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીના સ્થાવર દંડકો, વિકલેન્દ્રિયો, તિર્યંચયોનિક-પંચેન્દ્રિય જીવો અને મનુષ્યોમાં પ્રત્યેકના અગિયાર દ્વારોના માધ્યમથી અનન્ત પર્યાય સિદ્ધ થાય છે. આમાં દ્રવ્યની અપેક્ષાએ અને પ્રદેશની અપેક્ષાએ એક નૈરયિક બીજા નૈરયિકના સમાન હોય છે. આ પ્રમાણે અન્ય ત્રેવીસ દંડકોમાં પણ એક દંડકનો જીવ તે દંડકના અન્ય જીવથી દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ તુલ્ય હોય છે. પરંતુ સ્થિતિ, અવગાહના આદિમાં ભિન્નતા પ્રાપ્ત થાય છે.

દ્રવ્યનો અર્થ સંખ્યા પણ હોય છે અને પદાર્થ પણ. સંખ્યાની દૃષ્ટિથી એક જીવ બીજા જીવથી સમાન હોય છે- તથા પદાર્થની દૃષ્ટિથી પણ નૈરયિક નૈરયિકના સમાન હોય છે. મનુષ્ય મનુષ્યના સમાન હોય છે. પ્રદેશનો આશય અહીં જીવ પ્રદેશોથી છે. તે દંડક વિશેષના જીવોમાં પરસ્પર સમાન હોય છે. સ્થિતિ અને અવગાહનામાં કેટલાકની હીનતા, કેટલાકની સમાનતા અને કેટલાકની અધિકતા રહે છે. સમાનતાના ભાંગા નથી બનતા પરંતુ હીનતા અને અધિકતાના અનન્તભાગ, અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનન્તગુણ આ છ ભાંગા બને છે. આમાં પ્રત્યેક દંડકમાં યથાયોગ્ય ભાંગા પ્રાપ્ત થાય છે. ગંધ, રસ, સ્પર્શ, જ્ઞાન, અજ્ઞાન અને દર્શનના પ્રમાણે પણ કોઈની સમાનતા, કોઈની હીનતા અને કોઈની અધિકતા હોય છે. તેમાં પણ ત્રણથી લઈને છ ભેદ સુધી થઈ જાય છે.

જીવ પર્યાયનું વર્ણન દ્રવ્ય અને પ્રદેશને છોડીને અવગાહના, સ્થિતિ આદિના જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ રૂપોના આધાર પર પણ થયેલ છે. આ આધાર પર પણ પર્યાયોની અનન્તતા જ સિદ્ધ થાય છે. જેમ જઘન્ય અવગાહનાવાળા એક નૈરયિક દ્રવ્ય, પ્રદેશ અને અવગાહનાની અપેક્ષાએ બીજા નૈરયિકથી સમાન હોય છે. પરંતુ સ્થિતિ, વર્ણ, ગંધ, રસાદિના આધાર પર ભિન્નતા હોવાને કારણે પર્યાયની અનન્તતા સિદ્ધ થાય છે. આ પ્રમાણે બધા દંડકોમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહના, સ્થિતિ, વર્ણ, ગંધ, રસ આદિના આધાર પર પર્યાયનું વર્ણન કરેલ છે. અજ્ઞાન દ્વારનું વર્ણન ત્યાં જ મળે છે, જ્યાં અજ્ઞાન ઉપલબ્ધ છે.

અજીવ પર્યાય બે પ્રકારના છે- રૂપી અજીવ પર્યાય અને અરૂપી અજીવ પર્યાય. અરૂપી અજીવ પર્યાયના દસ ભેદ છે.-

| | |
|---|---|
| ૧. ધર્માસ્તિકાય, | ૬. પ્રદેશ, |
| ૨. તેના દેશ અને | ૭. આકાશાસ્તિકાય, |
| ૩. પ્રદેશ, | ૮. તેના દેશ અને |
| ૪. અધર્માસ્તિકાય, | ૯. પ્રદેશ અને |
| ૫. તેના દેશ અને | ૧૦. અદ્ધાસમય. |

રૂપી અજીવ પર્યાય અનન્ત છે. કારણ કે પરમાણુ પુદ્ગલ અનન્ત છે, દ્વિ-પ્રદેશિક સ્કંધ૰ અનન્ત છે **-યાવત્-** દસ પ્રદેશિક સ્કંધ અનન્ત છે, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અનન્ત પ્રદેશિક સ્કંધ પણ અનન્ત છે.

પરમાણુ પુદ્ગલોથી લઈને અનન્ત પ્રદેશિક સ્કંધોની પર્યાયોની અનન્તતાપર વિચાર ૧. દ્રવ્ય, ૨. પ્રદેશ, ૩. અવગાહના, ૪. સ્થિતિ, ૫. વર્ણ, ૬. ગંધ, ૭. રસ અને ૮. સ્પર્શ. આ દ્વારોથી કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં જ્ઞાન, અજ્ઞાન અને દર્શન દ્વારોથી વિચાર કરેલ નથી. કારણ કે અજીવમાં આ ત્રણેય પ્રાપ્ત થતા નથી. એક પરમાણુ પુદ્‌ગલ બીજા પરમાણુ પુદ્‌ગલથી દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ સમાન હોય છે. પરંતુ અન્ય દ્વારોથી તેમાં ભિન્નતા રહે છે. દ્વિ-પ્રદેશિક સ્કંધોથી લઈને દસ પ્રદેશિક સ્કંધોમાં આ જ વિશેષતા છે. સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અનન્ત પ્રદેશિક સ્કંધોમાં પ્રત્યેકમાં પોતાના વર્ણના સ્કંધથી દ્રવ્યની સમાનતા છે. પ્રદેશાદિની નથી. હીનતા અને અધિકતાના સંખ્યાત ભાગ, અસંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, અનન્તભાગ, અનન્તગુણ આદિ ભાંગા બને છે, જેનો યથાયોગ્ય ઉપયોગ થાય છે.

પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પ્રત્યેક દ્વારમાં પણ પુદ્‌ગલની અનન્ત પર્યાયોનું વર્ણન કરેલ છે. જેવી રીતે પ્રદેશ એક પ્રદેશમાં અવગાઢ, દ્વિપ્રદેશમાં અવગાઢ **યાવત્** અસંખ્યાત પ્રદેશમાં અવગાઢ પુદ્‌ગલોમાં પણ આજ દ્વારોના અનન્ત પર્યાયનું વર્ણન થયેલ છે. આ પ્રમાણે એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોની અનન્ત પર્યાયનું વર્ણન છે, **યાવત્** અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોની અનન્ત પર્યાય કહી છે. એક ગુણ કાળા આદિ વર્ણોથી લઈને અનન્તગુણ રુક્ષ સ્પર્શ સુધી જે વર્ણન થયેલ છે તેમાં પણ પ્રત્યેકની અનન્ત પર્યાય સિદ્ધ થયેલ છે. જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહના અને સ્થિતિના આધાર પર પણ વિભિન્ન પુદ્‌ગલોમાં પર્યાયની અનન્તતાનો ઉલ્લેખ થયેલ છે. દ્વિપ્રદેશી સ્કંધોથી લઈને અનન્ત પ્રદેશી સ્કંધો સુધી પર્યાયની અનંતતાનો પણ વિચાર થયેલ છે.

આ સંપૂર્ણ અધ્યયન અનેકાંત દૃષ્ટિથી યુક્ત છે. વિવિધ દૃષ્ટિકોણોથી આ અધ્યયનમાં જીવ અને પુદ્‌ગલની અનન્ત પર્યાયોનું વિવેચન થયેલ છે. ધર્મ, અધર્મ આદિ અરૂપી દ્રવ્યોની અનન્ત પર્યાયોનું આ અધ્યયનમાં ચિન્તન થયેલ નથી. આધુનિક જૈન દાર્શનિકોના માટે આગમોમાં વર્ણિત પર્યાયની દૃષ્ટિના જાણ માટે આ અધ્યયન સ્ત્રોત રુપમાં કાર્ય કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ४. पज्जवज्झयणं

सुत्त -

१. **पज्जवनामा-**

प. से किं तं पज्जवनामे ?

उ. पज्जवनामे अणेगविहे पण्णत्ते, तं जहा-

एगगुणकालए, दुगुणकालए **-जाव-** अणंतगुणकालए।

एगगुणनीलए दुगुणनीलए **-जाव-** अणंतगुणनीलए।

***एवं लोहिय-हालिद्द-सुक्किला वि भाणियव्वा।***

एगगुणसुरभिगंधे दुगुणसुरभिगंधे **-जाव-** अणंतगुणसुरभिगंधे।

***एवं दुरभिगन्धो वि भाणियव्वो।***

एगगुणतित्ते, दुगुणतित्ते **-जाव-** अणंतगुणतित्ते।

***एवं कडुय-कसाय-अंबिल-महुरा वि भाणियव्वा।***

एगगुणकक्खडे, दुगणकक्खडे **-जाव-** अणंतगुण-कक्खडे।

***एवं मउय-गरूय-लहुय-सीत-उसिण-णिद्ध-लुक्खा वि भाणियव्वा।***

***से तं पज्जवणामे।***

-अणु. सु. २२५

२. **पज्जव लक्खणाइं-**

एगत्तं च पुहत्तं च, संखासंठाणमेव य।
संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ॥ १ ॥

- उत्त. अ. २८, गा.१३

३. **दुविहा पज्जवभेया-**

प. कइविहा णं भंते ! पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पज्जवा पण्णत्ता, तं जहा-

१. जीवपज्जवा य, २. अजीवपज्जवा य।[1]

- पण्ण.प. ५, सु. ४३८

## ૪. પર્યાય-અધ્યયન

સૂત્ર :

૧. **પર્યાય નામ :**

પ્ર. પર્યાય નામનું સ્વરુપ શું છે ?

ઉ. પર્યાય નામ (અવસ્થા) અનેક પ્રકારનાં કહ્યા છે, તે આ પ્રમાણે છે -

એક ગુણ (અંશ) કાળો, દ્વિગુણ કાળો **-યાવત્-** અનન્તગુણ કાળો,

એક ગુણ લીલો, દ્વિગુણ લીલો **-યાવત્-** અનન્તગુણ લીલો,

***એજ પ્રમાણે લાલ, પીળો અને શુક્લ વર્ણની પર્યાયોના નામ પણ સમજવા જોઈએ.***

એક ગુણ સુરભિગંધ, દ્વિગુણ સુરભિગંધ **-યાવત્-** અનન્તગુણ સુરભિગંધ.

***એજ પ્રમાણે દુરભિગંધના વિષયમાં પણ કહેવું જોઈએ.***

એક ગુણ તીખો, દ્વિગુણ તીખો **-યાવત્-** અનન્તગુણ તીખો.

***એજ પ્રમાણે કસાયેલા ખાટા અને મીઠા રસની પર્યાયો માટે પણ કહેવું જોઈએ.***

એક ગુણ કર્કશ, દ્વિગુણ કર્કશ **-યાવત્-** અનંતગુણ કર્કશ.

***એજ પ્રમાણે કોમળ, હલકો, ભારી, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શની પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

**આ પર્યાય નામનું સ્વરૂપ છે.**

૨. **પર્યાયોના લક્ષણાદિ :**

એકત્વ (એકપણું) પૃથક્ત્વ (બેથી માંડી નવ સુધીની સંખ્યા) સંખ્યા, સંસ્થાન (આકૃતિ) સંયોગ અને વિયોગ- આ પર્યાયોના લક્ષણ છે.

૩. **પર્યાયના બે પ્રકાર :**

પ્ર. ભંતે ! પર્યાય કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! (પર્યાય) બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે -

૧. જીવ પર્યાય, ૨. અજીવ પર્યાય.

१. विया. स. २५, उ. ५, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. **जीवपज्जवाणं पमाणं -**

प. जीवपज्जवा णं भंते ! किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"जीवपज्जवा नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ?"

उ. गोयमा !

दं. १. असंखेज्जा नेरइया,

दं. २.-११. असंखेज्जा असुरकुमारा **-जाव-** असंखेज्जा थणियकुमारा,

दं. १२. असंखेज्जा पुढविकाइया,

दं. १३. असंखेज्जा आउकाइया,

दं. १४. असंखेज्जा तेउकाइया,

दं. १५. असंखेज्जा वाउकाइया,

दं. १६. अणंता वणस्सइकाइया,

दं. १७. असंखेज्जा बेइंदिया,

दं. १८. असंखेज्जा तेइंदिया,

दं. १९. असंखेज्जा चउरिंदिया,

दं. २०. असंखेज्जा पंचेंदियतिरिक्खजोणिया,

दं. २१. असंखेज्जा मणुस्सा,

दं. २२. असंखेज्जा वाणमंतरा,

दं. २३. असंखेज्जा जोइसिया,

दं. २४. असंखेज्जा वेमाणिया,

अणंतासिद्धा,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवपज्जवा नो संखेज्जा, नो असंखेज्जा, अणंता !"

-पण्ण. प. ५, सु. ४३८-४३९

४. **જીવ પર્યાયોનું પરિમાણ :**

પ્ર. ભંતે ! જીવ - પર્યાય શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે ?

ઉ. ગૌતમ ! તે સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

"જીવ પર્યાય સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે."

ઉ. ગૌતમ !

દં.૧. અસંખ્યાત નૈરયિક છે.

દં.૨-૧૧. અસંખ્યાત અસુરકુમાર છે **-યાવત્-** અસંખ્યાત સ્તનિતકુમાર છે.

દં.૧૨. અસંખ્યાત પૃથ્વીકાયિક છે.

દં.૧૩. અસંખ્યાત અપ્કાયિક છે.

દં.૧૪. અસંખ્યાત તેજસ્કાયિક છે.

દં.૧૫. અસંખ્યાત વાયુકાયિક છે.

દં.૧૬. અનન્ત વનસ્પતિકાયિક છે.

દં.૧૭. અસંખ્યાત બેઈન્દ્રિય છે.

દં.૧૮. અસંખ્યાત તેઈન્દ્રિય છે.

દં.૧૯. અસંખ્યાત ચઉરિન્દ્રિય છે.

દં.૨૦. અસંખ્યાત પંચેન્દ્રિય તિર્યંચયોનિક છે.

દં.૨૧. અસંખ્યાત મનુષ્ય છે.

દં.૨૨. અસંખ્યાત વાણવ્યંતર દેવ છે.

દં.૨૩. અસંખ્યાત જ્યોતિષ્ક દેવ છે.

દં.૨૪. અસંખ્યાત વૈમાનિક દેવ છે.

અનન્ત સિદ્ધ છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે."

५. **चउवीसदंडएसु दव्वाइं पडुच्च एक्कारसठाणेहिं पज्जवपमाण परूवणं-**

**दं.१. नेरइयाणं पज्जव पमाणं-**

प. नेरइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

૫. **ચૌવીસ દંડકોમાં દ્રવ્યાદિની અપેક્ષાએ અગિયાર સ્થાનો દ્વારા પર્યાયોની પરિમાણનું પ્રરૂપણ :**

**દં.૧ નૈરયિકોનાં પર્યાયનું પરિમાણ :**

પ્ર. ભંતે ! નૈરયિકોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! તેની અનન્ત પર્યાય કહી છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"नेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! नेरइए नेरइयस्स -

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए, १. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए,

जइ हीणे-

१. असंखेज्जइभागहीणे वा,

२. संखेज्जइभागहीणे वा,

३. संखेज्जगुणहीणे वा,

४. असंखेज्जगुणहीणे वा ।

अह अब्भहिए-

१. असंखेज्जभागमब्भहिए वा,

२. संखेज्जभागमब्भहिए वा,

३. संखेज्जगुणमब्भहिए वा,

४. असंखेज्जगुणमब्भहिए वा ।[१]

(४) ठिईए = सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए-

जइ हीणे-

१. असंखेज्जइभागहीणे वा,

२. संखेज्जइभागहीणे वा,

३. संखेज्जगुणहीणे वा,

४. असंखेज्जगुणहीणे वा,

अह अब्भहिए -

१. असंखेज्जइभागमब्भहिए वा,

२. संखेज्जइभागमब्भहिए वा,

३. संखेज्जगुणमब्भहिए वा,

४. असंखेज्जगुणमब्भहिए वा ।

(५) **वण्ण विवक्खा-**

१. कालवण्णपज्जवेहिं सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए,

जइ हीणे-

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"નૈરયિકોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક નારક બીજા નારકથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ - ૧. કેટલાક હીન (નીચું), ૨. કેટલાક સમાન, ૩. કેટલાક વધારે (ઉંચા) છે.

જો હીન છે તો -

૧. અસંખ્યાતમાં ભાગ હીન છે,

૨. સંખ્યાતમાં ભાગ હીન છે,

૩. સંખ્યાતગુણા હીન છે,

૪. અસંખ્યાતગુણા હીન છે.

જો વધારે છે તો-

૧. અસંખ્યાતમાં ભાગ વધારે છે,

૨. સંખ્યાતમાં ભાગ વધારે છે,

૩. સંખ્યાત ગુણા વધારે છે,

૪. અસંખ્યાત ગુણા વધારે છે,

(૪) સ્થિતિની અપેક્ષાથી - (એક નારક બીજા નારકથી) કેટલાક હીન છે, કેટલાક સમાન છે અને કેટલાક વધારે છે.

જો હીન છે તો -

૧. અસંખ્યાતમાં ભાગ હીન છે.

૨. સંખ્યાતમાં ભાગ હીન છે.

૩. સંખ્યાતગુણા હીન છે.

૪. અસંખ્યાતગુણા હીન છે,

જો વધારે છે તો -

૧. અસંખ્યાતમાં ભાગ વધારે છે.

૨. સંખ્યાતમાં ભાગ વધારે છે.

૩. સંખ્યાત ગુણા વધારે છે.

૪. અસંખ્યાત ગુણા વધારે છે.

(૫) **વર્ણની અપેક્ષાએ-**

૧. કૃષ્ણ વર્ણ-પર્યાયો (એક નારક બીજા નારક) થી કેટલાક હીન છે, કેટલાક સમાન છે અને કેટલાક અધિક છે.

જો હીન છે તો -

---

૧. ચતુઃ સ્થાનપતિતનાં બધી જગ્યાએ આ અર્થ જાણવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अणंतभागहीणे वा,

२. असंखेज्जइभागहीणे वा,

३. संखेज्जइभागहीणे वा,

४. संखेज्ज गुणहीणे वा,

५. असंखेज्ज गुणहीणे वा,

६. अणंतगुणहीणे वा।[१]

अह अब्भहिए-

१. अणंतभागमब्भहिए वा,

२. असंखेज्जइभागमब्भहिए वा,

३. संखेज्जइभागमब्भहिए वा,

४. संखेज्जगुणमब्भहिए वा,

५. असंखेज्जगुणमब्भहिए वा,

६. अणंतगुणमब्भहिए वा।

***एवं २. णीलवण्णपज्जवेहिं, ३. लोहियवण्णपज्जवेहिं, ४. हालिद्दवण्णपज्जवेहिं, ५. सुक्किल्लवण्णपज्जवेहि य छट्ठाणवडिए।***

१. અનન્તમાં ભાગ હીન છે.

૨. અસંખ્યાતમાં ભાગ હીન છે.

૩. સંખ્યાતમાં ભાગ હીન છે.

૪. સંખ્યાતગુણા હીન છે.

૫. અસખ્યાતગુણા હીન છે.

૬. અનંતગુણા હીન છે.

જો અધિક છે તો -

૧. અનન્તમાં ભાગ અધિક છે.

૨. અસંખ્યાતમાં ભાગ અધિક છે.

૩. સંખ્યાતમાં ભાગ અધિક છે.

૪. સંખ્યાતગુણા અધિક છે.

૫. અસંખ્યાતગુણા અધિક છે.

૬. અનન્તગુણ અધિક છે.

***આ પ્રમાણે ૨. નીલવર્ણ પર્યાયો, ૩. લાલવર્ણ પર્યાયો, ૪. પીળા વર્ણ પર્યાયો અને ૫. સફેદ વર્ણપર્યાયોની અપેક્ષાએ (એક નારક બીજા નારકથી) ષટ્સ્થાનપતિત (હીનાધિક) છે.***

**(६) गंध विवक्खा-**

(१) सुब्भिगंधपज्जवेहिं, (२) दुब्भिगंधपज्जवेहिं य छट्ठाणवडिए,

**(૬) ગંધની અપેક્ષાએ -**

૧. સુરભિગંધ પર્યાયો અને ૨. દુરભિગંધ પર્યાયોની અપેક્ષાએ પણ ષટ્સ્થાનપતિત (હીનાધિક) છે.

**(७) रस विवक्खा-**

(१) तित्तरसपज्जवेहिं, (२) कडुयरसपज्जवेहिं,

(३) कसायरसपज्जवेहिं, (४) अंबिलरसपज्जवेहिं,

(५) महुररसपज्जवेहिं य छट्ठाणवडिए।

**(૭) રસની અપેક્ષાએ -**

૧. તીખો રસ પર્યાયો, ૨. કડવો રસ પર્યાયો,

૩. કસાયેલો રસ પર્યાયો, ૪. ખાટોરસ પર્યાયો,

૫. મધુર રસ પર્યાયોની અપેક્ષાએ પણ ષટ્સ્થાનપતિત (હીનાધિક) છે.

**(८) फास विवक्खा-**

(१) कक्खडफासपज्जवेहिं, (२) मउयफासपज्जवेहिं,

(३) गरूयफासपज्जवेहिं, (४) लहुयफासपज्जवेहिं,

(५) सीयफासपज्जवेहिं, (६) उसिणफासपज्जवेहिं,

(७) निद्धाफासपज्जवेहिं,

(८) लुक्खफासपज्जवेहिं य छट्ठाणवडिए।

**(૮) સ્પર્શની અપેક્ષાએ -**

૧. કર્કશસ્પર્શ - પર્યાયો, ૨. મૃદુ-સ્પર્શ પર્યાયો,

૩. ગુરૂસ્પર્શ-પર્યાયો, ૪. લઘુસ્પર્શ પર્યાયો,

૫. શીતસ્પર્શ પર્યાયો, ૬. ઉષ્ણસ્પર્શ પર્યાયો,

૭. સ્નિગ્ધસ્પર્શ પર્યાયો, ૮. રૂક્ષસ્પર્શપર્યાયોની અપેક્ષાએ પણ ષટ્સ્થાનપતિત (હીનાધિક) છે.

**(९) नाण विवक्खा-**

(१) आभिणिबोहियणाणपज्जवेहिं,

(२) सुयणाणपज्जवेहिं,

**(૯) જ્ઞાનની અપેક્ષાએ :**

૧. આભિનિબોધિક જ્ઞાન પર્યાયો,

૨. શ્રુતજ્ઞાન પર્યાયો,

૧. ષટ્સ્થાનપતિતનાં બધી જગ્યાએ આ અર્થ જાણવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) ओहिणाणपज्जवेहिं य छट्ठाणवडिए।

३. અવધિજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ છ-છ સ્થાનપતિત છે.

(१०) **अण्णाण विवक्खा-**

(१) मइअण्णाणपज्जवेहिं, (२) सुयअण्णाणपज्जवेहिं,

(३) विभंगणाणपज्जवेहिं य छट्ठाणवडिए।

(૧૦) **અજ્ઞાનની અપેક્ષાએ :**

૧. મતિ - અજ્ઞાન પર્યાયો ૨. શ્રુત - અજ્ઞાન પર્યાયો

૩. વિભંગજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ છ-છ સ્થાનપતિત છે.

(११) **दंसण विवक्खा-**

(१) चक्खुदंसणपज्जवेहिं, (२) अचक्खुदंसणपज्जवेहिं,

(३) ओहिदंसणपज्जवेहिं य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"नेरइयाणं नो संखेज्जा, नो असंखेज्जा, अणंता पज्जवा पण्णत्ता।"

(૧૧) **દર્શનની અપેક્ષાએ :**

૧. ચક્ષુદર્શન પર્યાયો ૨. અચક્ષુદર્શન પર્યાયો

૩. અવધિદર્શન પર્યાયોની અપેક્ષાએ પણ ષટ્સ્થાનપતિત (હીનાધિક) છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નારકોની પર્યાય સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત કહી છે."

***दं. २-११. असुरकुमाराईणं पज्जवपमाणं-***

प. असुरकुमाराणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"असुरकुमाराणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! असुरकुमारे असुरकुमारस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पएसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए।

(४) ठिईए चउट्ठाणवडिए।

(५) कालवण्णपज्जवेहिं **-जाव-** सुक्किल्लवण्णपज्जवेहिं छट्ठाणवडिए।

(६) सुब्भिगंधपज्जवेहिं, २. दुब्भिगंधपज्जवेहिं छट्ठाणवडिए।

(७) तित्तरसपज्जवेहिं **-जाव-** महुररसपज्जवेहिं छट्ठाणवडिए।

(८) कक्खडफासपज्जवेहिं **-जाव-** लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए।

(९) १. आभिणिबोहियणाणपज्जवेहिं, २. सुयअण्णाणपज्जवेहिं, ३. ओहिणाणपज्जवेहिं छट्ठाणवडिए।

***દં. ૨-૧૧. અસુરકુમારાદિની પર્યાયોનું પરિમાણ :***

પ્ર. ભંતે ! અસુરકુમારોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! તેની અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'અસુરકુમારોની અનન્ત પર્યાય છે ?'

ઉ. ગૌતમ ! એક અસુરકુમાર બીજા અસુરકુમારથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ ચાર સ્થાનપતિત (હીનાધિક) છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ પણ ચાર સ્થાનપતિત છે.

(૫) કાળાવર્ણ **-યાવત્-** સફેદ વર્ણ - પર્યાયોની અપેક્ષાએ છઃ છ સ્થાનપતિત છે.

(૬) ૧. સુરભિગંધ અને ૨. દુરભિગંધ પર્યાયોની અપેક્ષાએ છઃછ સ્થાન પતિત છે.

(૭) તિખોરસ **-યાવત્-** મધુરરસ પર્યાયોની અપેક્ષાએ છઃ છ સ્થાન પતિત છે.

(૮) કર્કશસ્પર્શ - **-યાવત્-** રૂક્ષસ્પર્શ પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત છે.

(૯) (૧) આભિનિબોધિકજ્ઞાન - પર્યાયો, (૨) શ્રુતજ્ઞાન - પર્યાયો, (૩) અવધિજ્ઞાન- પર્યાયોની અપેક્ષાએ છઃછઃ સ્થાન પતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१०) १. मइअण्णाणपज्जवेहिं २. सुयअण्णाणपज्जवेहिं, ३. विभंगणाणपज्जवेहिं छट्ठाणवडिए।

(११) १. चक्खुदंसणपज्जवेहिं, २. अचक्खुदंसणपज्जवेहिं, ३. ओहिदंसणपज्जवेहिं य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असुरकुमाराणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं -जाव- थणियकुमारा।***

(૧૦) ૧. મતિ-અજ્ઞાન પર્યાયો, ૨. શ્રુત અજ્ઞાન-પર્યાયો, ૩. વિભંગજ્ઞાન - પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત છે.

(૧૧) ૧. ચક્ષુદર્શન પર્યાયો, ૨. અચક્ષુદર્શન પર્યાયો, ૩. અવધિ દર્શન - પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અસુરકુમારોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી (પ્રત્યેકની અનન્ત પર્યાય) કહેવું જોઈએ.***

### ***दं. १२. पुढविकाइयाणं पज्जवमाणं[१]-***

प. पुढविकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! पुढविकाइए पुढविकाइयस्स-
(१) दव्वट्ठयाए तुल्ले,
(२) पदेसट्ठयाए तुल्ले,
(३) ओगाहणट्ठयाए-
१. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए-

जइ हीणे-
(१) असंखेज्जइभागहीणे वा,
(२) संखेज्जइभागहीणे वा,
(३) संखेज्जगुणहीणे वा,
(४) असंखेज्जगुणहीणे वा।

अह अब्भहिए-
(१) असंखेज्जइभागअब्भहिए वा,
(२) संखेज्जइभागअब्भहिए वा,
(३) संखेज्जगुणअब्भहिए वा,
(४) असंखेज्जगुणअब्भहिए वा।

(४) ठिईए-तिट्ठाण वडिए[२]-
(१) सियहीणे, (२) सियतुल्ले, (३) सिय अब्भहिए-

जइ हीणे-

### ***દં. ૧૨. પૃથ્વીકાયિકોના પર્યાયોનું પરિમાણ :***

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિકોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! (તેની) અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"પૃથ્વીકાયિકોની અનન્ત પર્યાય છે"?

ઉ. ગૌતમ ! એક પૃથ્વીકાયિક બીજા પૃથ્વીકાયિકથી
(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,
(૨) પ્રદેશોની અપેક્ષાએ પણ સમાન છે,
(૩) અવગાહનાની અપેક્ષાએ,
૧. કેટલાક હીન છે, ૨. કેટલાક સમાન છે, ૩. કેટલાક અધિક છે.

જો હીન છે તો -
૧. અસંખ્યાતમાં ભાગ હીન છે.
૨. સંખ્યાતમાં ભાગ હીન છે.
૩. સંખ્યાતગુણા હીન છે.
૪. અસંખ્યાતગુણા હીન છે.

જો અધિક છે તો -
૧. અસંખ્યાતમાં ભાગ અધિક છે.
૨. સંખ્યાતમાં ભાગ અધિક છે.
૩. સંખ્યાતગુણા અધિક છે.
૪. અસંખ્યાતગુણા અધિક છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ - ત્રિસ્થાન પતિત છે.
૧. કેટલાક હીન છે, ૨. કેટલાક સમાન છે, ૩. કેટલાક અધિક છે.

જો હીન છે તો :

---

૧. પૃથ્વીકાયથી વનસ્પતિ સુધી નવમો જ્ઞાન સ્થાન નથી માટે આમાં દસ જ સ્થાન છે.
૨. ત્રિસ્થાનપતિતનાં બધી જગ્યાએ આ અર્થ જાણવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. असंखेज्जभागहीणे वा,

२. संखेज्जभागहीणे वा,

३. संखेज्जगुणहीणे वा।

अह अब्भहिए -

(१) असंखेज्जभागअब्भहिए वा,

(२) संखेज्जभागअब्भहिए वा,

(३) संखेज्जगुणअब्भहिए वा।

(५) वण्ण, (६) गंध, (७) रस, (८) फास पज्जवेहिं-

(९) मइअण्णाणपज्जवेहिं,

(१०) सुयअण्णाणपज्जवेहिं,

(११) अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

***दं. १३. आउकाइयाणं पज्जव पमाणं -***

प. आउकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"आउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! आउकाइए आउकाइयस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए-तिट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस, (८) फास, (९) मइअण्णाण, (१०) सुयअण्णाण, (११) अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"आउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

***दं. १४. तेउकाइयाणं पज्जवपमाणं-***

प. तेउकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

૧. અસંખ્યાતમાં ભાગ હીન છે.

૨. સંખ્યાતમાં ભાગ હીન છે.

૩. સંખ્યાતગુણા હીન છે.

જો અધિક છે તો -

૧. અસંખ્યાતમાં ભાગ અધિક છે.

૨. સંખ્યાતમાં ભાગ અધિક છે.

૩. સંખ્યાત ગુણા અધિક છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ,

(૯) મતિ - અજ્ઞાન

(૧૦) શ્રુત - અજ્ઞાન અને

(૧૧) અચક્ષુદર્શન પર્યાયોની અપેક્ષાએ છઃસ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પૃથ્વીકાયિકોની અનન્ત પર્યાય છે."

***દં. ૧૩. અપ્કાયિકોના પર્યાયોનું પરિમાણ :***

પ્ર. ભંતે ! અપ્કાયિક જીવોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અપ્કાયિક જીવોની અનંત પર્યાય છે?"

ઉ. ગૌતમ ! એક અપ્કાયિક બીજા અપ્કાયિકથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ (પણ) સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત (હીનાધિક) છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન - પતિત છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) મતિ - અજ્ઞાન, (૧૦) શ્રુત - અજ્ઞાન અને (૧૧) અચક્ષુદર્શનની પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત (હીનાધિક) છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અપ્કાયિકોની અનન્ત પર્યાય છે."

***દં. ૧૪. તેજસ્કાયિકોના પર્યાયોનું પરિમાણ :***

પ્ર. ભંતે ! તેજસ્કાયિક જીવોની કેટલી પર્યાય કહી છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"तेउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! तेउकाइए तेउकाइयस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए तिट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस, (८) फास, (९) मइअण्णाण, (१०) सुयअण्णाण, (११) अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"तेउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"તેજસ્કાયિક જીવોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક તેજસ્કાયિક બીજા તેજસ્કાયિકથી-

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ (પણ) સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત (હીનાધિક) છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત (હીનાધિક) છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) મતિ - અજ્ઞાન, (૧૦) શ્રુત - અજ્ઞાન અને (૧૧) અચક્ષુદર્શનની પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત (હીનાધિક) છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તેજસ્કાયિક જીવોની અનન્ત પર્યાય છે."

### दं. १५. वाउकाइयाणं पज्जवपमाणं-

प. वाउकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"वाउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

उ. गोयमा ! वाउकाइए वाउकाइयस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए तिट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस, (८) फास, (९) मइअण्णाण, (१०) सुयअण्णाण, (११) अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"वाउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

### દં.૧૫. વાયુકાયિકોની પર્યાયોનું પરિમાણ :

પ્ર. ભંતે ! વાયુકાયિક જીવોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"વાયુકાયિક જીવોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક વાયુકાયિક બીજા વાયુકાયિકથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત (હીનાધિક) છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત (હીનાધિક) છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) મતિ-અજ્ઞાન, (૧૦) શ્રુત-અજ્ઞાન અને (૧૧) અચક્ષુદર્શનનાં પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાન પતિત (હીનાધિક) છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

"વાયુકાયિક જીવોની અનન્ત પર્યાય છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. १६. वणस्सइकाइयाणं पज्जवपमाणं-*

प. वणस्सइकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"वणस्सइकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

उ. गोयमा ! वणस्सइकाइए वणस्सइकाइयस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए तिट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस, (८) फास,
(९) मइअण्णाण, (१०) सुयअण्णाण,
(११) अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"वणस्सइकाइयाणं अणंता पज्जवा पण्णत्ता।"

*दं. १७-१९. विगलिंदियाईणं पज्जवपमाणं-*

प. बेइंदियाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"बेइंदियाणं अणंता पज्जवा पण्णत्ता।"

उ. गोयमा ! बेइंदिए बेइंदियस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए -

१. सिय हीणे, २. सिय तुल्ले

३. सिय अब्भहिए।

जइ हीणे -

(१) असंखेज्जइभागहीणे वा,

(२) संखेज्जइभागहीणे वा,

(३) संखेज्जगुणहीणे वा,

*દં. ૧૬. વનસ્પતિકાયિકોની પર્યાયોનું પરિમાણ :*

પ્ર. ભંતે ! વનસ્પતિકાયિક જીવોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"વનસ્પતિકાયિક જીવોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક વનસ્પતિકાયિક બીજા વનસ્પતિકાયિકથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ (પણ) સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુ:સ્થાન પતિત છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) મતિ - અજ્ઞાન, (૧૦) શ્રુત - અજ્ઞાન અને (૧૧) અચક્ષુદર્શનની પર્યાયોની અપેક્ષાએ છઃ છઃ સ્થાનપતિત (હીનાધિક) છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"વનસ્પતિકાયિક જીવોની અનન્ત પર્યાય છે."

*દં. ૧૭-૧૯. બેઈન્દ્રિય આદિની પર્યાયોનું પરિમાણ :*

પ્ર. ભંતે ! બેઈન્દ્રિય જીવોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બેઈન્દ્રિય જીવોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક બેઈન્દ્રિય જીવ બીજા બેઈન્દ્રિય જીવથી-

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ -

૧. કેટલાક હીન છે, ૨. કેટલાક સમાન છે,

૩. કેટલાક અધિક છે.

જો હીન છે તો -

**વિશેષ :** અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

૧. જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોમાં નવમું જ્ઞાન સ્થાન નથી થતો, એટલા માટે આમાં દસ જ સ્થાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ठिईए चउट्ठाणवडिए,
आइल्लेहिं चउनाणेहिं छट्ठाणवडिए,
केवलनाणपज्जवेहिं तुल्ले,
तिहिं अण्णाणपज्जवेहिं,
तिहिं दंसणपज्जवेहि य छट्ठाणवडिए,
केवलदंसण पज्जवेहिं तुल्ले।

प. जहण्णगुणकालयाणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"जहण्णगुणकालयाणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णगुणकालए मणूसे जहण्णगुणकालगस्स मणुसस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,
(२) पदेसट्ठयाए तुल्ले,
(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए।
(४) ठिईए चउट्ठाणवडिए।
(५) कालवण्णपज्जवेहिं तुल्ले,
अवसेसेहिं वण्ण, (६) गंध, (७) रस,
(८) फासपज्जवेहि य छट्ठाणवडिए,
(९) चउहिं णाणेहिं छट्ठाणवडिए,
केवलणाण- पज्जवेहिं तुल्ले,
(१०) तिहिं अण्णाणपज्जवेहिं,
(११) तिहिं दंसणपज्जवेहिं छट्ठाणवडिए,
केवलदंसणपज्जवेहिं तुल्ले।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"जहण्णगुणकालयाणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसगुणकालए वि।***

સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
પ્રથમ ચાર જ્ઞાનોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,
કેવલજ્ઞાનની પર્યાયોની અપેક્ષાએ સમાન છે,
ત્રણ અજ્ઞાન પર્યાયો,
ત્રણ દર્શન પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.
કેવલદર્શનનાં પર્યાયોની અપેક્ષાએ સમાન છે.

પ્ર. ભંતે ! જઘન્ય ગુણ કૃષ્ણ મનુષ્યોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-
"જઘન્ય ગુણ કૃષ્ણ મનુષ્યોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય ગુણ કૃષ્ણ મનુષ્ય બીજા જઘન્ય ગુણ કૃષ્ણ મનુષ્યથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,
(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,
(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
(૫) કૃષ્ણ વર્ણનાં પર્યાયોની અપેક્ષાએ સમાન છે.
શેષ વર્ણ (૬) ગંધ, (૭) રસ,
(૮) સ્પર્શનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,
(૯) ચાર જ્ઞાનોની અપેક્ષાએ ષટ્સ્થાનપતિત છે. કેવલજ્ઞાનનાં પર્યાયોની અપેક્ષાએ સમાન છે,
(૧૦) ત્રણ અજ્ઞાન પર્યાયો,
(૧૧) ત્રણ દર્શન પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,
કેવલદર્શન પર્યાયોની અપેક્ષાએ સમાન છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"જઘન્ય ગુણ કૃષ્ણ મનુષ્યોની અનન્ત પર્યાય છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ ગુણ કૃષ્ણ મનુષ્યોની પર્યાય પણ કહેવી જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव।***

**णवरं**-सट्ठाणे छट्ठाणवडिए।

***एवं पंच वण्णा, दो गंधा, पंच रस, अट्ठ फासा भाणियव्वा।***

प. जहण्णाभिणिबोहियणाणीणं भंते ! मणुस्साणं[1] केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एव वुच्चइ-

"जहण्णाभिणिबोहियणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णाभिणिबोहियणाणीणं मणूसे जहण्णाभिणिबोहियणाणिस्स मणुसस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस,

(८) फासपज्जवेहिं छट्ठाणवडिए,

(९) आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले,

सुयणाणपज्जवेहिं,

(१०) दोहिं दंसणपज्जवेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णाभिणिबोहियणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसाभिणिबोहियणाणी वि।***

**णवरं** - ठिईए तिट्ठाणवडिए,

तिहिं णाणपज्जवेहिं, तिहिं दंसणपज्जवेहि य छट्ठाणवडिए।

सट्ठाणे तुल्ले।

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) ગુણ કૃષ્ણ મનુષ્યોની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ** : સ્વસ્થાનમાં ષટ્સ્થાન પતિત છે.

***આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળા મનુષ્યોની પર્યાય પણ કહેવી જોઈએ.***

પ્ર. ભંતે ! જઘન્ય આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય આભિનિબોધિક જ્ઞાની મનુષ્ય બીજા જઘન્ય આભિનિબોધિક જ્ઞાની મનુષ્યથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ

(૮) સ્પર્શની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

(૯) આભિનિબોધિક જ્ઞાનની પર્યાયોની અપેક્ષાએ સમાન છે,
શ્રુતજ્ઞાનનાં પર્યાયોની અપેક્ષાએ અને

(૧૦) બે દર્શન પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે."

**આ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની પર્યાય કહેવી જોઈએ.**

**વિશેષ** : સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત છે.

ત્રણ જ્ઞાનની પર્યાયો અને ત્રણ દર્શનોની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

સ્વસ્થાનમાં સમાન છે.

૧. જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા મનુષ્યોમાં દસમું અજ્ઞાન સ્થાન નથી. એટલા માટે આમાં દસ સ્થાનોથી પર્યાયોની સંખ્યા કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***अजहण्णमणुक्कोसाभिणिबोहियणाणी जहा उक्कोसाभिणिबोहियणाणी।***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની પર્યાયોનું વર્ણન ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોનાં સમાન કહેવું જોઈએ.***

**णवरं**-ठिईए-चउट्ठाणवडिए,

सट्ठाणे छट्ठाणवडिए।

***एवं सुयणाणी वि।***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

સ્વસ્થાનમાં ષટ્સ્થાન પતિત છે,

***આ પ્રમાણે શ્રુતજ્ઞાની મનુષ્યોની પર્યાય પણ કહેવી જોઈએ.***

प. जहण्णोहिणाणीणं भंते! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता?

उ. गोयमा! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते! एवं वुच्चइ-

"जहण्णोहिणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता?"

उ. गोयमा! जहण्णोहिणाणी मणुस्से जहण्णोहिणाणिस्स मणुसस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए।

(४) ठिईए तिट्ठाणवडिए।

(५) वण्ण, (६) गंध, (७) रस,

(८) फासपज्जवेहिं,

(९) दोहिं नाणपज्जवेहि य छट्ठाणवडिए,

ओहिणाणपज्जवेहिं तुल्ले,

मणपज्जवणाणपज्जवेहिं छट्ठाणवडिए,

(१०) तिहिं दंसणपज्जवेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-

"जहण्णोहिणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसोहिणाणी वि।***

***अजहण्णमणुक्कोसोहिणाणी वि एवं चेव।***

પ્ર. ભંતે! જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોની કેટલી પર્યાય કહી છે?

ઉ. ગૌતમ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે?"

ઉ. ગૌતમ! એક જઘન્ય અવધિજ્ઞાની મનુષ્ય બીજા જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ (પણ) સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત (પાઠાન્તરની દ્રષ્ટિથી ત્રિસ્થાન પતિત) છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત છે.

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ,

(૮) સ્પર્શની પર્યાયો,

(૯) બે જ્ઞાનની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

અવધિજ્ઞાનની પર્યાયોની અપેક્ષાએ સમાન છે.

મનઃપર્યવજ્ઞાનની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

(૧૦) ત્રણ દર્શન પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે હે ગૌતમ! એવું કહેવાય છે કે -

"જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની મનુષ્યોની પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

***આ પ્રમાણે મધ્યમ અવધિજ્ઞાની મનુષ્યોની પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णवरं** - सट्ठाणे छट्ठाणवडिए।

**विशेष** : स्वस्थानमां आ षट्स्थान पतित छे.

***जहा ओहिणाणी तहा मणपज्जवणाणी वि भाणियव्वे।***

***જેમ અવધિજ્ઞાની મનુષ્યોની પર્યાયોના માટે કહ્યું તે જ પ્રમાણે મનઃપર્યવજ્ઞાની મનુષ્યોની પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

**णवरं** - ओगाहणट्ठयाए तिट्ठाणवडिए।

**વિશેષ** : અવગાહનાની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત છે.

***जहा आभिणिबोहियणाणी तहा मइअण्णाणी सुयअण्णाणी य भाणियव्वे।***

***જેમ આભિનિબોધિક જ્ઞાનીનાં પર્યાયોના માટે કહ્યું તે જ પ્રમાણે મતિ - અજ્ઞાની અને શ્રુત - અજ્ઞાની મનુષ્યોની પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

***जहा ओहिणाणी तहा विभंगणाणी वि भाणियव्वे।***

***જે પ્રમાણે અવધિજ્ઞાની (મનુષ્યો)ની પર્યાયોના માટે કહ્યું તે જ પ્રમાણે વિભંગજ્ઞાની (મનુષ્યો) નાં પર્યાયોના માટે પણ કહેવું જોઈએ.***

**णवरं** - ओगाहणट्ठयाए तिट्ठाणवडिए।

**વિશેષ** : અવગાહનાની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત છે.

***चक्खुदंसणी अचक्खुदंसणी य जहा आभिणिबोहियणाणी।***

***ચક્ષુદર્શની અને અચક્ષુદર્શની (મનુષ્યો)ની પર્યાયોનું વર્ણન આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોના પર્યાયોના સમાન છે.***

***ओहिदंसणी जहा ओहिणाणी।***

***અવધિદર્શનીનાં પર્યાયોનું વર્ણન અવધિજ્ઞાની (મનુષ્યોનાં પર્યાયો)ની જેમ છે.***

जत्थ णाणा तत्थ अण्णाणा णत्थि,
जत्थ अण्णाणा तत्थ णाणा णत्थि,
जत्थ दंसणा तत्थ णाणा वि अण्णाणा वि।

જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી.
જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી.
જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંનેમાંથી કોઈપણ હોય શકે છે.

प. केवलणाणीणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"केवलणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता।"

उ. गोयमा ! केवलणाणी मणुस्से केवलणाणिस्स मणुसस्स
(१) दव्वट्ठयाए तुल्ले,
(२) पदेसट्ठयाए तुल्ले,
(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,
(४) ठिईए तिट्ठाणवडिए,

પ્ર. ભંતે ! કેવલજ્ઞાની મનુષ્યોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"કેવલજ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક કેવલજ્ઞાની મનુષ્ય, બીજા કેવલજ્ઞાની મનુષ્યથી -
(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,
(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,
(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
(૪) સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) वण्ण, (६) गंध, (७) रस,

(८) फासपज्जवेहिं य छट्ठाणवडिए,

(९) केवलणाणपज्जवेहिं,

(१०) केवलदंसणपज्जवेहि य तुल्ले।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"केवलणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं केवलदंसणी वि मणूसे भाणियव्वे।***

***दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमणियाणं ओगाहणाइ विवक्खया पज्जवपमाणं-***

***वाणमंतरा जहा असुरकुमारा।***

***एवं जोइसिया वेमाणिया।***

**णवरं**-सट्ठाणे ठिईए तिट्ठाणवडिए भाणियव्वे।

***से त्तं जीवपज्जवा।***

- पण्ण. प. ५, सु. ४५५-४९९

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ,

(૮) સ્પર્શની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૯) કેવલજ્ઞાનની પર્યાયો,

(૧૦) કેવલદર્શનની પર્યાયોની અપેક્ષાએ સમાન છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવલજ્ઞાની મનુષ્યોની અનન્ત પર્યાય છે."

***આ પ્રમાણે કેવલદર્શની મનુષ્યોના માટે પણ કહેવું જોઈએ.***

***દં.૨૨-૨૪. અવગાહનાદિની અપેક્ષાએ વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોની પર્યાયોનું પરિમાણ :***

***વાણવ્યંતર દેવોની પર્યાયોનું વર્ણન અસુરકુમારોની જેમ છે.***

***જ્યોતિષ્કો અને વૈમાનિક દેવોની પર્યાયોનું વર્ણન આ પ્રમાણે છે.***

**વિશેષ** - સ્વસ્થાનમાં સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત કહેવું જોઈએ.

***આ જીવની પર્યાયોની પ્રરૂપણા થઈ.***

**७. अजीवपज्जवाणं भेयप्पभेया पमाणं य-**

प. अजीवपज्जवा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. रूविअजीवपज्जवा य,

२. अरूविअजीवपज्जवा य।

प. अरूविअजीवपज्जवा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा-

(१) धम्मत्थिकाए,

(२) धम्मत्थिकायस्स देसे,

(३) धम्मत्थिकायस्स पदेसा,

(४) अधम्मत्थिकाए,

(५) अधम्मत्थिकायस्स देसे,

(६) अधम्मत्थिकायस्स पदेसा,

(७) आगासत्थिकाए,

**૭. અજીવ પર્યાયોનાં ભેદ - પ્રભેદ અને તેનું પરિમાણ :**

પ્ર. ભંતે ! અજીવ પર્યાય કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે-

૧. રૂપી અજીવ પર્યાય,

૨. અરૂપી અજીવ પર્યાય.

પ્ર. ભંતે ! અરૂપી અજીવ પર્યાય કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે દસ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે-

(૧) ધર્માસ્તિકાય,

(૨) ધર્માસ્તિકાયનાં દેશ,

(૩) ધર્માસ્તિકાયનાં પ્રદેશ,

(૪) અધર્માસ્તિકાય,

(૫) અધર્માસ્તિકાયનાં દેશ,

(૬) અધર્માસ્તિકાયનાં પ્રદેશ,

(૭) આકાશાસ્તિકાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(८) आगासत्थिकायस्स देसे,

(९) आगासत्थिकायस्स पदेसा,

(१०) अद्धासमए।

प. रूविअजीवपज्जवा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! चउव्विहा पण्णत्ता, तं जहा-

१. खंधा, २. खंधदेसा,

३. खंधपदेसा, ४. परमाणुपोग्गले।

प. रूवीअजीवपज्जवा णं भंते ! किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

प. से केणट्ठेणं भंते ! एव वुच्चइ-

"रूवीअजीवपज्जवा नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ?"

उ. गोयमा ! अणंता परमाणुपोग्गला,

अणंता दुपदेसिया खंधा **-जाव-** अणंता दसपदेसिया खंधा।

अणंता संखेज्जपदेसिया खंधा, अणंता असंखेज्जपदेसिया खंधा, अणंता अणंतपदेसिया खंधा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"रूवीअजीवपज्जवा नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।"[१]

- पण्ण. प. ५, सु. ५००-५०३

(૮) આકાશાસ્તિકાયનાં દેશ,

(૯) આકાશાસ્તિકાયનાં પ્રદેશ,

(૧૦) અદ્ધાસમય,

પ્ર. ભંતે ! રૂપી અજીવના પર્યાય કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે ચાર પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે-

(૧) સ્કંધ, (૨) સ્કંધના દેશ,

(૩) સ્કંધના પ્રદેશ, (૪) પરમાણુ પુદ્દગલ.

પ્ર. ભંતે ! રૂપી અજીવ પર્યાય સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે ?

ઉ. ગૌતમ ! તે સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"રૂપી અજીવપર્યાય સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે ?"

ઉ. ગૌતમ ! પરમાણુ - પુદ્દગલ અનન્ત છે,

દ્વિપ્રદેશિક સ્કંધ અનન્ત છે **-યાવત્-** દસ પ્રદેશિક સ્કંધ અનન્ત છે.

સંખ્યાત પ્રદેશિક સ્કંધ અનન્ત છે, અસંખ્યાત પ્રદેશિક સ્કંધ અનન્ત છે, અનંત પ્રદેશિક સ્કંધ અનન્ત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"રૂપી અજીવ પર્યાય સંખ્યાત અને અસંખ્યાત નથી પણ અનન્ત છે."

## ८. परमाणुपोग्गलाणं पज्जवपमाणं-

प. परमाणुपोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता?

उ. गोयमा ! परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! परमाणुपोग्गले परमाणुपोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

## ८. પરમાણુ પુદ્દગલોના પર્યાયોનું પરિમાણ :

પ્ર. ભંતે ! પરમાણુ પુદ્દગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! પરમાણુ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"પરમાણુ પુદ્દગલોની અનન્ત પર્યાય છે?"

ઉ. ગૌતમ ! એક પરમાણુ પુદ્દગલ બીજા પરમાણુ પુદ્દગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

१. अणु. कालद्वारे सु. ४००-४०३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) ओगाहणट्ठयाए तुल्ले,
(४) ठिईए-१. सिय हीणे, २. सिय तुल्ले,
३. सिय अब्भहिए।
जइ हीणे-
१. असंखेज्जइभागहीणे वा,
२. संखेज्जइभागहीणे वा,
३. संखेज्जगुणहीणे वा,
४. असंखेज्जगुणहीणे वा।
अह अब्भहिए-
१. असंखेज्जइभाग अब्भहिए वा,
२. संखेज्जइभाग अब्भहिए वा,
३. संखेज्जगुण अब्भहिए वा,
४. असंखेज्जगुण अब्भहिए वा।
कालवण्णपज्जवेहिं-
१. सिय हीणे, २. सिय तुल्ले,
३. सिय अब्भहिए।
जइ हीणे-
१. अणंतभागहीणे वा
२. असंखेज्जइभागहीणे वा,
३. संखेज्जइभागहीणे वा।
१. संखेज्जगुणहीणे वा,
२. असंखेज्जगुणहीणे वा,
३. अणंतगुणहीणे वा।
अह अब्भहिए-
१. अणंतभाग अब्भहिए वा,
२. असंखेज्जइभाग अब्भहिए वा,
३. संखेज्जइभाग अब्भहिए वा।
१. संखेज्जगुण अब्भहिए वा,
२. असंखेज्जगुण अब्भहिए वा,
३. अणंतगुण अब्भहिए वा।
एवं अवसेस (५) वण्ण, (६) गंध, (७) रस,
(८) फासपज्जवेहि य छट्ठाणवडिए।

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,
(૪) સ્થિતિની અપેક્ષાએ - ૧. કદાચિત્ હીન છે,
૨. કદાચિત્ સમાન છે, ૩. કદાચિત્ અધિક છે.
જો હીન છે તો -
(૧) અસંખ્યાતમાં ભાગ હીન છે,
(૨) સંખ્યાતમાં ભાગ હીન છે,
(૩) સંખ્યાતગુણા હીન છે,
(૪) અસંખ્યાતગુણા હીન છે.
જો અધિક છે તો -
(૧) અસંખ્યાતમાં ભાગ અધિક છે,
(૨) સંખ્યાતમાં ભાગ અધિક છે,
(૩) સંખ્યાતગુણા અધિક છે,
(૪) અસંખ્યાતગુણા અધિક છે.
કૃષ્ણ વર્ણની પર્યાયોની અપેક્ષાએ -
૧. કદાચિત્ હીન છે, ૨. કદાચિત્ સમાન છે,
૩. કદાચિત્ અધિક છે.
જો હીન છે તો -
(૧) અનન્તમાં ભાગ હીન છે,
(૨) અસંખ્યાતમાં ભાગ હીન છે,
(૩) સંખ્યાતમાં ભાગ હીન છે.
(૧) સંખ્યાતગુણા હીન છે,
(૨) અસંખ્યાતગુણા અધિક છે,
(૩) અનન્તગુણા હીન છે.
જો અધિક છે તો -
(૧) અનન્તમાં ભાગ અધિક છે,
(૨) અસંખ્યાતમાં ભાગ અધિક છે,
(૩) સંખ્યાતમાં ભાગ અધિક છે.
(૧) સંખ્યાત ગુણા અધિક છે,
(૨) અસંખ્યાત ગુણા અધિક છે,
(૩) અનન્ત ગુણા અધિક છે.
આ પ્રમાણે શેષ, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ અને
(૮) સ્પર્શનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

फासा णं सीय-उसिण-निद्धलुक्खेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

- पण्ण. प.५, सु. ५०४

સ્પર્શોમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પરમાણુ - પુદ્ગલોની અનન્ત પર્યાય છે."

## ९. खंधाणं पज्जवपमाणं -

प. दुपदेसियाणं खंधाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! दुपदेसिए खंधे दुपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए - १. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे - पदेसहीणे,

अह अब्भहिए - पदेसमब्भहिए,

(४) ठिईए चउट्ठाणवडिए।

(५) वण्णाइहिं उवरिल्लेहिं चउहिं फासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं तिपदेसिए वि,***

**णवरं** - ओगाहणट्ठयाए-१. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे - पदेसहीणे वा, दुपदेसहीणे वा।

अह अब्भहिए - पदेसमब्भहिए वा, दुपदेसमब्भहिए वा।

## ૯. સ્કંધોની પર્યાયોનાં પરિમાણ -

પ્ર. ભંતે ! દ્વિપ્રદેશિક સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"દ્વિ પ્રદેશિક સ્કંધોની અનન્ત પર્યાય છે?"

ઉ. ગૌતમ ! એક દ્વિ પ્રદેશિક સ્કંધ બીજા દ્વિ પ્રદેશિક સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ - ૧. કદાચિત્ હીન છે, ૨. કદાચિત્ સમાન છે. ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો - એક પ્રદેશ હીન છે.

જો અધિક છે તો - એક પ્રદેશ અધિક છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

(૫) વર્ણ આદિની અપેક્ષાએ અને ઉપર્યુક્ત ચાર (શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ) સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"દ્વિ પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય છે."

***આ પ્રમાણે ત્રિપ્રદેશિક સ્કંધોની પર્યાયોનું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ :** અવગાહનાની અપેક્ષાએ - ૧. કદાચિત્ હીન છે, ૨. કદાચિત્ સમાન છે, ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો - એક પ્રદેશથી હીન છે અથવા બે પ્રદેશથી હીન છે.

જો અધિક છે તો - એક પ્રદેશથી અધિક છે અથવા બે પ્રદેશથી અધિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एवं -जाव- दसपदेसिए,*

**णवरं**-ओगाहणाए पदेसपरिवुड्ढी कायव्वा **-जाव-** दसपदेसिए नवपदेसहीणे त्ति।

प. संखेज्जपदेसियाणं खंधाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! संखेज्जपदेसिए खंधे संखेज्जपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए - १. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे-

१. संखेज्जइभागहीणे वा,

२. संखेज्जइगुणहीणे वा।

अह अब्भहिए-

१. संखेज्जइ भागअब्भहिए वा,

२. संखेज्जइगुण अब्भहिए वा।

(३) ओगाहणट्ठयाए वि दुट्ठाणवडिए।

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइउवरिल्ल चउफासपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

प. असंखेज्जपदेसियाणं खंधाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

***આ પ્રમાણે દસ પ્રદેશિક સ્કંધો સુધી પર્યાય વિષયક વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ** - અવગાહનાની અપેક્ષાએ પ્રદેશોની - (ક્રમથી) વૃદ્ધિ કરવી જોઈએ **-યાવત્-** દસ પ્રદેશી સ્કંધ નવ પ્રદેશ હીન સુધી થાય છે.

પ્ર. ભંતે ! સંખ્યાત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! એક સંખ્યાત પ્રદેશી સ્કંધ બીજા સંખ્યાત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ - ૧. કદાચિત્ હીન છે; ૨. કદાચિત્ સમાન છે, ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો -

(૧) સંખ્યાતમાં ભાગ હીન છે,

(૨) સંખ્યાતગુણા હીન છે.

જો અધિક છે તો -

(૧) સંખ્યાતમાં ભાગ અધિક છે,

(૨) સંખ્યાતગુણા અધિક છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ પણ દ્વિસ્થાન પતિત છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા ઉપરનાં ચાર સ્પર્શોનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય છે."

પ્ર. ભંતે ! અસંખ્યાત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! असंखेज्जपदेसिए खंधे असंखेज्जपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए चउट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ उवरिल्ल चउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

प. अणंतपदेसियाणं खंधाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! अणंतपदेसिए खंधे अणंतपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५) वण्ण, (६) गंध, (७) रस,

(८) फासपज्जवेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

-पण्ण. प. ५, सु. ५०५-५१०

"અસંખ્યાત પ્રદેશિક સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ બીજા અસંખ્યાત પ્રદેશી સ્કંધથી-

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા ઉપરનાં ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

પ્ર. ભંતે ! અનન્ત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક અનન્ત પ્રદેશી સ્કંધ બીજા અનન્ત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃ સ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ,

(૮) સ્પર્શનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહેવાય છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१०. एगाइपदेसोगाढाणं पोग्गलाणं पज्जव पमाणं -**

प. एगपदेसोगाढाणं पोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"एगपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! एगपदेसोगाढे पोग्गले एगपदेसोगाढस्स पोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए तुल्ले,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ उवरिल्ल चउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"एगपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं दुपदेसोगाढे वि -जाव- दसपदेसोगाढे वि।***

प. संखेज्जपदेसोगाढाणं पोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"संखेज्जपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! संखेज्जपदेसोगाढे पोग्गले संखेज्जपदेसोगाढस्स पोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए दुट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए।

**૧૦. એકાદિ પ્રદેશાવગાઢ પુદ્દગલોનાં પર્યાયોનું પરિમાણ :**

પ્ર. ભંતે ! એક પ્રદેશમાં અવગાઢ પુદ્દગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"એક પ્રદેશમાં અવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક પ્રદેશમાં અવગાઢ એક પુદ્દગલ બીજા એક પ્રદેશમાં અવગાઢ એક પુદ્દગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"એક પ્રદેશમાં અવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે દ્વિ પ્રદેશાવગાઢથી દસ પ્રદેશાવગાઢ સ્કંધ સુધી પર્યાયોની માટે કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલ બીજા સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ દ્વિસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"संखेज्जपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

प. असंखेज्जपदेसोगाढाणं पोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"असंखेज्जपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! असंखेज्जपदेसोगाढे पोग्गले असंखेज्ज पदेसोगाढस्स पोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ अट्ठफासेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असंखेज्जपदेसोगाढाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

- पण्ण. प. ५, सु. ५११-५१४

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે."

પ્ર. ભંતે ! અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલ, બીજા અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે."

## ११. एगाइसमयठिईयाणं पोग्गलाणं पज्जव पमाणं-

प. एगसमयठिईयाणं पोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"एगसमयठिईयाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! एगसमयठिईए पोग्गले एगसमयठिईयस्स पोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

## ૧૧. એકાદિ સમયની સ્થિતિવાળા પુદ્દગલોની પર્યાયોનું પરિમાણ :

પ્ર. ભંતે ! એક સમયની સ્થિતિવાળા પુદ્દગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

"એક સમયની સ્થિતિવાળા પુદ્દગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક સમયની સ્થિતિવાળા એક પુદ્દગલ, બીજા એક સમયની સ્થિતિવાળા એક પુદ્દગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) ठिईए तुल्ले,

(५-८) वण्णाइअट्ठफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"एगसमयठिईयाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

***एवं -जाव- दससमयठिईए।***

***संखेज्जसमयठिईयाणं एवं चेव।***

**णवरं** - ठिईए दुट्ठाणवडिए।

***असंखेज्जसमयठिईयाणं एवं चेव।***

**णवरं** - ठिईए चउट्ठाणवडिए।

-**पण्ण**. प. ५, सु. ५१५-५१८

(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,

(૫-૮) વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે દસ સમયની સ્થિતિવાળા પુદ્ગલ સુધીની પર્યાય કહેવી જોઈએ.***

***સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલોની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ** : સ્થિતિની અપેક્ષાએ દ્વિસ્થાન પતિત છે.

***અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલોની પર્યાયોનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

**વિશેષ** : સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

**१२. एगाइगुणवण्ण-गंध-रस-फासयाणं पोग्गलाणं - पज्जव पमाणं-**

प. एगगुणकालगाणं पोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"एगगुणकालगाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! एगगुणकालए पोग्गले एगगुणकालगस्स पोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) कालवण्णपज्जवेहिं तुल्ले,

अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए।

अट्ठहिं फासेहिं छट्ठाणवडिए।

**૧૨. એકાદિ ગુણ યુક્ત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલોની પર્યાયોનું પરિમાણ :**

પ્ર. ભંતે ! એક ગુણ કાળા પુદ્ગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"એક ગુણ કાળા પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક ગુણ કાળા એક પુદ્ગલ બીજા એક ગુણ કાળા પુદ્ગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) કૃષ્ણ વર્ણનાં પર્યાયોની અપેક્ષાએ સમાન છે.

શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શોનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

તેમજ આઠ સ્પર્શોની અપેક્ષાએ (પણ) ષટ્સ્થાનપતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

“एगगुणकालगाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।”

*एवं -जाव- दसगुणकालए।*

*संखेज्जगुणकालए वि एवं चेव,*

**णवरं**-सट्ठाणे दुट्ठाणवडिए।

*एवं असंखेज्जगुणकालए वि,*

**णवरं**-सट्ठाणे चउट्ठाणवडिए।

*एवं अणंतगुणकालए वि,*

**णवरं**-सट्ठाणे छट्ठाणवडिए।

*एवं जहा कालवण्णस्स वत्तव्वया भणिया तहा सेसाण वि वण्ण-गंध-रस-फासाणं वत्तव्वया भाणियव्वा -जाव- अणंतगुणलुक्खे।*

- पण्ण. प. ५, सु. ५१९-५२४

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"એક ગુણ કાળા પુદ્‌ગલોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે દસ ગુણ કાળા (પુદ્‌ગલ) પર્યાય સુધી કહેવી જોઈએ.***

***સંખ્યાત ગુણ કાળા (પુદ્‌ગલો)ની પર્યાય પણ આ પ્રમાણે જાણવી જોઈએ.***

**વિશેષ** : સ્વસ્થાનમાં દ્વિસ્થાન પતિત છે.

***આ પ્રમાણે અસંખ્યાતગુણ કાળા (પુદ્‌ગલો)ની પર્યાય પણ કહેવી જોઈએ.***

**વિશેષ** : સ્વસ્થાનમાં ચતુઃસ્થાન પતિત છે.

***આ પ્રમાણે અનન્ત ગુણ કાળા (પુદ્‌ગલો)ની પર્યાય પણ કહેવી જેઈએ.***

**વિશેષ** : સ્વસ્થાનમાં ષટ્‌સ્થાનપતિત છે.

***આ પ્રમાણે જેમ કૃષ્ણવર્ણવાળા (પુદ્‌ગલો)ની પર્યાય કહી તેવી જ રીતે બાકી બધા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્‌ગલોની પર્યાય અનન્તગુણ રૂક્ષ સુધી કહેવી જોઈએ.***

**१३. जहण्णोगाहणगाईणं दुपदेसाइयाणं पोग्गलाणं पज्जव पमाणं -**

प. जहण्णोगाहणगाणं भंते ! दुपदेसियाणं पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

“जहण्णोगाहणं दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?”

उ. गोयमा ! जहण्णोगाहणए दुपदेसिए खंधे जहण्णोगाहणस्स दुपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए तुल्ले,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) कालवण्णपज्जवेहिं छट्ठाणवडिए,

**૧૩. જઘન્ય અવગાહના આદિવાળા દ્વિ પ્રદેશી આદિ સ્કંધોની પર્યાયોનું પ્રમાણ :**

પ્ર. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધ, બીજા જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધથી - •

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) કૃષ્ણ વર્ણનાં પર્યાયોની અપેક્ષાએ ષટ્‌સ્થાન પતિત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेसं वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए,

शेष वर्ण, गंध अने रसनां पर्यायोनी अपेक्षाએ ષટ્સ્થાન પતિત છે.

सीय-उसिण-णिद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए,

શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શનાં પર્યાયોની અપેક્ષાએ પણ ષટ્સ્થાન પતિત છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

"જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશિક સ્કંધની અનન્ત પર્યાય કહી છે."

*उक्कोसोगाहणए वि एवं चेव।*

*ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માટે પણ આ પ્રમાણે કહેવું જોઈએ.*

*अजहण्णमणुक्कोसोगाहणओ णत्थि।*

*અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધ હોતા નથી.*

प. जहण्णोगाहणयाणं भंते ! तिपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णोगाहणयाणं तिपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! *जहा दुपदेसिए जहण्णोगाहणए,*

प्र. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! *જેવી રીતે જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધોની પર્યાય કહી તે પ્રમાણે અહિયાં પણ કહેવું જોઈએ.*

*उक्कोसोगाहणए वि एवं चेव।*

*આ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોની પર્યાય પણ કહેવી જોઈએ.*

*एवं जहण्णमणुक्कोसोगाहणए वि।*

*આ પ્રમાણે અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોની પર્યાય પણ કહેવી જોઈએ.*

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णोगाहणयाणं तिपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

प. जहण्णोगाहणयाणं भंते ! चउपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! *जहा जहण्णोगाहणए दुपदेसिए तहा जहण्णोगाहणए चउप्पदेसिए।*

પ્ર. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા ચતુઃ પ્રદેશી સ્કંધોની પર્યાય કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! *જેમ જઘન્ય અવગાહનાવાળા દ્વિ પ્રદેશી સ્કંધની પર્યાય કહી છે તે જ પ્રમાણે જઘન્ય અવગાહનાવાળા ચતુઃપ્રદેશી સ્કંધોની પર્યાય પણ કહેવી જોઈએ.*

*एवं जहा उक्कोसोगाहणए दुपदेसिए तहा उक्कोसोगाहणए चउप्पएसिए वि।*

*જે પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધોની પર્યાય કહી તેજ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ચતુઃપ્રદેશી સ્કંધોની પર્યાય પણ કહેવી જોઈએ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***एवं अजहण्णमणुक्कोसोगाहणए वि चउप्पएसिए,***

**णवरं**-ओगाहणट्ठयाए -

१. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे-पदेसहीणे,

अह अब्भहिए-पदेसअब्भहिए।

***एवं -जाव- दसपदेसिए णेयव्वं,***

**णवरं**-अजहण्णमणुक्कोसोगाहणए पदेसपरिवुड्ढी कायव्वा

***-जाव- दसपदेसियस्स सत्त पदेसापरिवुड्ढिज्जंति।***

प. जहण्णोगाहणगाणं भंते! संखेज्जपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता?

उ. गोयमा! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता?"

उ. गोयमा! जहण्णोगाहणए संखेज्जपदेसिए जहण्णोगाहणगस्स संखेज्जपदेसियस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए दुट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए तुल्ले,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ चउफासपज्जवेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसगाहणए वि,***

***अजहण्णमणुक्कोसोगाहणए वि एवं चेव,***

**णवरं**-सट्ठाणे दुट्ठाणवडिए।

***આ પ્રમાણે મધ્યમ અવગાહનાવાળા ચતુઃપ્રદેશી સ્કંધની પર્યાય કહેવી જોઈએ.***

**વિશેષ** : અવગાહનાની અપેક્ષાએ -

૧. કદાચિત્ હીન છે, ૨. કદાચિત્ સમાન છે, ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો - એક પ્રદેશી હીન છે,

જો અધિક છે તો - એક પ્રદેશ અધિક છે.

***આ પ્રમાણે દસ પ્રદેશી સ્કંધની પર્યાય સુધી કહેવું જોઈએ.***

**વિશેષ** :અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ)અવગાહના-વાળામાં એક-એક પ્રદેશની પરિવૃદ્ધિ કરવી જોઈએ.

***આ પ્રમાણે દસ પ્રદેશી સુધી સાત પ્રદેશ વધે છે.***

પ્ર. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધ બીજા જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ દ્વિસ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ અને ચાર સ્પર્શોની પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માટે પણ જાણવું જોઈએ.***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની પર્યાયોનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

**વિશેષ** : સ્વસ્થાનમાં (અવગાહનાની અપેક્ષાએ) દ્વિ સ્થાન પતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जहण्णोगाहणगाणं भंते ! असंखेज्जपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णोगाहणए असंखेज्जपदेसिए खंधे जहण्णोगाहणगस्स असंखेज्जपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए चउट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए तुल्ले,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ उवरिल्लफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसोगाहणए वि,***

***अजहण्णमणुक्कोसोगाहणए वि एवं चेव,***

**णवरं** - सट्ठाणे चउट्ठाणवडिए।

प. जहण्णोगाहणगाणं भंते ! अणंतपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णोगाहणए अणंतपदेसिए खंधे जहण्णोगाहणगस्स अणंतपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए तुल्ले,

પ્ર. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધ બીજા જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫-૮) વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***ઉત્કૃષ્ટ અવગાહનાવાળા (અસંખ્યાત પ્રદેશી) સ્કંધોના પર્યાયોના માટે પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ મધ્યમ અવગાહનાવાળા પર્યાયોના માટે પણ આ પ્રમાણે કહેવું જોઈએ.***

**વિશેષ** : સ્વસ્થાનમાં ચતુઃસ્થાન પતિત છે.

પ્ર. ભંતે ! જઘન્ય અવગાહનાવાળા અનન્તપ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધ બીજા જઘન્ય અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णोगाहणगाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***उक्कोसोगाहणए वि एवं चेव,***

**णवरं**-ठिईए वि तुल्ले।

प. अजहण्णमणुक्कोसोगाहणगाणं भंते ! अणंत पदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अजहण्णमणुक्कोसोगाहणगाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! अजहण्णमणुक्कोसोगाहणए अणंतपदेसिए खंधे अजहण्णमणुक्कोसोगाहणगस्स अणंतपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए छट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए चउट्ठाणवडिए,

(५-८) वण्णाइ अट्ठफासेहिं छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अजहण्णमणुक्कोसोगाहणगाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

- पण्ण. प. ५, सु. ५२५-५३१

## १४. जहण्णाइ ठिईयाणं परमाणुआईणं पज्जव पमाणं-

प. जहण्णठिईयाणं भंते ! परमाणुपोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

(४) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(५-८) વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય છે."

***ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની પર્યાય પણ આ પ્રમાણે જાણવી જોઈએ.***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ સમાન છે.

પ્ર. ભંતે ! અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય છે ?"

ઉ. ગૌતમ ! અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધ, બીજા મધ્યમ અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધથી -

(१) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(२) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,

(३) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(४) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(५-८) વર્ણાદિ અને આઠ સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

## १४. જઘન્યાદિ સ્થિતિવાળા પરમાણુ આદિની પર્યાયોનું પ્રમાણ :

પ્ર. ભંતે ! જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"जहण्णठिईयाणं परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णठिईए परमाणुपोग्गले जहण्णठिईयस्स परमाणुपोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए तुल्ले

(४) ठिईए तुल्ले,

(५-८) वण्णाइ दुफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसठिईए वि,***

***अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव,***

**णवरं**-ठिईए चउट्ठाणवडिए।

प. जहण्णठिईयाणं भंते ! दुपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं दुपेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णठिईए दुपदेसिए खंधे जहण्णठिईयस्स दुपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए-१. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे - पदेसहीणे,

अह अब्भहिए-पदेसअब्भहिए,

(४) ठिईए तुल्ले,

(५-८) वण्णाइ चउफासेहि य छट्ठाणवडिए।

"જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલ, બીજા જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,

(૫-૮) વર્ણાદિ તથા બે સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોની પર્યાય પણ કહેવી જોઈએ.***

***અજઘન્ય-અનુત્કૃષ્ટ (મધ્યમ) સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ** : સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

પ્ર. ભંતે ! જઘન્ય સ્થિતિવાળા દ્વિ પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા દ્વિ પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય સ્થિતિવાળા દ્વિ પ્રદેશી સ્કંધ, બીજા જઘન્ય સ્થિતિવાળા દ્વિ પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે.

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે.

(૩) અવગાહનાની અપેક્ષાએ-૧. કદાચિત્ હીન, ૨. કદાચિત્ સમાન, ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો - એક પ્રદેશ હીન છે,

જો અધિક છે તો - એક પ્રદેશ અધિક છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,

(૫-૮) વર્ણાદિ તથા ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાનપતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसठिईए वि।***

***अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव,***

**णवरं**- ठिईए चउट्ठाणवडिए।

***एवं -जाव- दसपदेसिए,***

**णवरं**-पदेसपरिवुड्ढीकायव्वा।

***ओगाहणट्ठयाए तिसु वि गमएसु -जाव- दसपदेसिए नव पदेसा वड्ढिज्जंति।***

प. जहण्णठिईयाणं भंते ! संखेज्जपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता?"

उ. गोयमा ! जहण्णठिईए संखेज्जपदेसिए खंधे जहण्णठिईयस्स संखेज्जपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए दुट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए दुट्ठाणवडिए,

(४) ठिईए तुल्ले,

(५-८) वण्णाइ चउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं संखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसठिईए वि,***

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા દ્વિ પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દ્વિપ્રદેશી સ્કંધોની પર્યાય કહેવી જોઈએ.***

***અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ)સ્થિતિવાળા દ્વિપ્રદેશી સ્કંધની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

***આ પ્રમાણે દસ પ્રદેશી સ્કંધ સુધી પર્યાય કહેવી જોઈએ.***

**વિશેષ :** આમાં એક-એક પ્રદેશની ક્રમશઃ પરિવૃદ્ધિ કરવી જોઈએ.

***અવગાહનાનાં ત્રણે આલાપકોમાં દસ પ્રદેશી સ્કંધ સુધી નવ પ્રદેશોની વૃદ્ધિ થાય છે.***

પ્ર. ભંતે ! જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધ, બીજા જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ દ્વિસ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ પણ દ્વિસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,

(૫-૮) વર્ણાદિ તથા ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની પર્યાય જાણવી જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव,***

**णवरं**-ठिईए चउट्ठाणवडिए।

प. जहण्णठिईयाणं भंते ! असंखेज्जपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णठिईअसंखेज्जपदेसिए खंधे जहण्णठिईयस्स असंखेज्जपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए चउट्ठाणवडिए,

(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,

(४) ठिईए तुल्ले,

(५-८) वण्णाइ उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं असंखेज्जपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसठिईए वि,***

***अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव,***

**णवरं**-ठिईए चउट्ठाणवडिए।

प. जहण्णठिईयाणं भंते ! अणंतपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णठिईए अणंतपदेसिए खंधे जहण्णठिईयस्स अणंतपदेसियस्स खंधस्स-

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

પ્ર. ભંતે ! જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધ, બીજા જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,

(૫-૮) વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની પર્યાય કહેવી જોઈએ.***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોની પર્યાય પણ આ પ્રમાણે કહેવી જોઈએ.***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

પ્ર. ભંતે ! જઘન્ય સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધ બીજા જઘન્ય સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધથી-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) दव्वट्ठयाए तुल्ले,
(२) पदेसट्ठयाए छउट्ठाणवडिए,
(३) ओगाहणट्ठयाए चउट्ठाणवडिए,
(४) ठिईए तुल्ले,
(५-८) वण्णाइ अट्ठफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णठिईयाणं अणंतपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

***एवं उक्कोसठिईए वि,***

***अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव,***

**णवरं**-ठिईए चउट्ठाणवडिए।

- पण्ण. प. ५, सु. ५३२-५३७

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,
(૨) પ્રદેશોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે,
(૩) અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
(૪) સ્થિતિની અપેક્ષાએ સમાન છે,
(૫-૮) વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનન્ત - પ્રદેશી સ્કંધોની પર્યાય જાણવી જોઈએ.***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) સ્થિતિવાળા અનન્ત પ્રદેશી સ્કંધોની પર્યાયોનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

**વિશેષ :** સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે.

**१५. जहण्णाइ गुणवण्ण-गंध-रस-फासयाणं परमाणुपोग्गलाणं पज्जव पमाणं-**

प. जहण्णगुणकालयाणं भंते ! परमाणुपोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णगुणकालयाणं परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णगुणकालए परमाणुपोग्गले जहण्णगुणकालयस्स परमाणुपोग्गलस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,
(२) पदेसट्ठयाए तुल्ले,
(३) ओगाहणट्ठयाए तुल्ले,
(४) ठिईए चउट्ठाणवडिए,
(५) कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसा वण्णा णत्थि।
(६) गंध, (७) रस,
(८) फासपज्जवेहि य छट्ठाणवडिए।

**૧૫. જઘન્યાદિ ગુણ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા પરમાણુ પુદ્ગલોની પર્યાયનું પરિમાણ :**

પ્ર. ભંતે ! જઘન્ય ગુણ કાળા પરમાણુ પુદ્ગલોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્યગુણ કાળા પરમાણુ પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્યગુણ કાળા પરમાણુ પુદ્ગલ બીજા જઘન્યગુણ કાળા પરમાણુ પુદ્ગલથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,
(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,
(૩) અવગાહનાની અપેક્ષાએ સમાન છે,
(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,
(૫) કૃષ્ણ વર્ણનાં પર્યાયોની અપેક્ષાએ સમાન છે, શેષ વર્ણ નથી હોતા.
(૬) ગંધ, (૭) રસ,
(૮) સ્પર્શની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णगुणकालयाणं परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता।"

*एवं उक्कोसगुणकालए वि,*

*एवं अजहण्णमणुक्कोसगुणकालए वि,*

**णवरं**-सट्ठाणे छट्ठाणवडिए।

प. जहण्णगुणकालयाणं भंते ! दुपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता पज्जवा पण्णत्ता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहण्णगुणकालयाणं दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता ?"

उ. गोयमा ! जहण्णगुणकालए दुपदेसिए खंधे जहण्णगुणकालयस्स दुपदेसियस्स खंधस्स-

(१) दव्वट्ठयाए तुल्ले,

(२) पदेसट्ठयाए तुल्ले,

(३) ओगाहणट्ठयाए -

१. सिय हीणे, २. सिय तुल्ले, ३. सिय अब्भहिए।

जइ हीणे - पदेसहीणे,

अह अब्भहिए - पदेसअब्भहिए।

(४) ठिईए चउट्ठाणवडिए,

(५) कालवण्णपज्जवेहिं तुल्ले,

(६-८) अवसेसवण्णाइ उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहण्णगुणकालयाणं दुपदेसियाणं खंधाणं अणंता पज्जवा पण्णत्ता।"

*एवं उक्कोसगुणकालए वि,*

*अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव,*

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય ગુણ કાળા પરમાણુ પુદ્ગલોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ ગુણ કાળા પરમાણુ પુદ્ગલોની પર્યાય કહેવી જોઈએ.***

***આ પ્રમાણે અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) ગુણ કાળા પરમાણુ પુદ્ગલોની પર્યાયોનું પણ વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ** - સ્વસ્થાનમાં ષટ્સ્થાન પતિત છે.

પ્ર. ભંતે ! જઘન્ય ગુણકાળા દ્વિપ્રદેશિક સ્કંધોની કેટલી પર્યાય કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જઘન્ય ગુણકાળા દ્વિપ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે ?"

ઉ. ગૌતમ ! એક જઘન્ય ગુણ કાળા દ્વિ પ્રદેશી સ્કંધ બીજા જઘન્ય ગુણ કાળા દ્વિ પ્રદેશી સ્કંધથી -

(૧) દ્રવ્યની અપેક્ષાએ સમાન છે,

(૨) પ્રદેશોની અપેક્ષાએ સમાન છે,

(૩) અવગાહનાની અપેક્ષાએ -

૧. કદાચિત્ હીન છે, ૨. કદાચિત્ સમાન છે, ૩. કદાચિત્ અધિક છે.

જો હીન છે તો - એક પ્રદેશ હીન છે,

જો અધિક છે તો - એક પ્રદેશ અધિક છે.

(૪) સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે,

(૫) કૃષ્ણ વર્ણના પર્યાયોની અપેક્ષાએ સમાન છે,

(૬-૮) શેષ વર્ણાદિ તથા ઉપર્યુક્ત ચાર સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જઘન્ય ગુણકાળા દ્વિપ્રદેશી સ્કંધોની અનન્ત પર્યાય કહી છે."

***આ પ્રમાણે ઉત્કૃષ્ટ ગુણ કાળા દ્વિ પ્રદેશી સ્કંધોની પર્યાય કહેવી જોઈએ.***

***અજઘન્ય - અનુત્કૃષ્ટ (મધ્યમ) ગુણ કાળા દ્વિ પ્રદેશી સ્કંધોની પર્યાયનું વર્ણન પણ આ પ્રમાણે સમજવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णवरं**- सट्ठाणे छट्ठाणवडिए।

***एवं -जाव- दसपदेसिए,***

**णवरं**-पदेसपरिवुड्ढी ओगाहणाए तहेव।

प. जहण्णगुणकालयाणं भंते ! संखेज्जपदेसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ?

(૬) ઋતુ અને અયન,

(૭) સંવત્સર અને યુગ,

(૮) સૌ વર્ષ અને હજાર વર્ષ,

(૯) લાખ વર્ષ અને કરોડવર્ષ,

(૧૦) પૂર્વાંગ અને પૂર્વ,

(૧૧) ત્રુટિતાંગ અને ત્રુટિત,

(૧૨) અટટાંગ અને અટટ,

(૧૩) અવવાંગ અને અવવ,

(૧૪) હૂહૂકાંગ અને હૂહૂક,

(૧૫) ઉત્પલાંગ અને ઉત્પલ,

(૧૬) પદ્મમાંગ અને પદ્મમ,

(૧૭) નલિનાંગ અને નલિન,

(૧૮) અર્થનિકુરાંગ અને અર્થનિકુર,

(૧૯) અયુતાંગ અને અયુત,

(૨૦) નયુતાંગ અને નયુત,

(૨૧) પ્રયુતાંગ અને પ્રયુત,

(૨૨) ચૂલિકાંગ અને ચૂલિકા,

(૨૩) શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા,

(૨૪) પલ્યોપમ અને સાગરોપમ,

(૨૫) અવસર્પિણી અને ઉત્સર્પિણી આ બધા જીવ અને અજીવ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## २. गामाईयाणं जीवाजीवरूव परूवणं -

१. गामाइ वा, णगराइ वा, जीवाइ या अजीवाइ या पवुच्चइ।

२. एवं णिगमाइ वा, रायहाणीइ वा,

३. खेडाइ वा, कब्बडाइ वा,

४. मडंबाइ वा, दोणमुहाइ वा,

५. पट्टणाइ वा, आगराइ वा,

६. आसमाइ वा, संबाहाइ वा,

७. सण्णिवेसाइ वा, घोसाइ वा,

८. आरामाइ वा, उज्जाणाइ वा,

९. वणाइ वा, वणसंडाइ वा,

१०. वावीइ वा, पुक्खरणीइ वा,

११. सराइ वा, सरपंतीइ वा,

१२. अगडाइ वा, तलागाइ वा,

१३. दहाइ वा, णदीइ वा,

१४. पुढवीइ वा, उदहीइ वा,

१५. वातखंधाइ वा, उवासंतराइ वा,

१६. वलयाइ वा, विग्गहाइ वा,

१७. दीवाइ वा, समुद्दाइ वा,

१८. वेलाइ वा, वेइयाइ वा,

१९. दाराइ वा, तोरणाइ वा,

२०-४३. णेरइयाइ वा, णेरइयावासाइ वा **-जाव-** वेमाणियाइ वा, वेमाणियावासाइ वा,

४४. कप्पाइ वा, कप्पविमाणावासाइ वा,

४५. वासाइ वा, वासहरपव्वयाइ वा,

४६. कूडाइ वा, कूडागाराइ वा,

४७. विजयाइ वा, रायहाणीइ वा, जीवाइ या अजीवाइ या पवुच्चइ।

- ठाणं. अ.२, उ.४, सु. १०६(२)

## ૨. ગ્રામાદિકોનું જીવ - અજીવરૂપ પ્રરૂપણ :

(૧) ગ્રામ અને નગર, આ જીવ અને અજીવ કહેવાય છે.

(૨) **આ પ્રમાણે** - નિગમ અને રાજધાની,

(૩) ખેટ અને કર્બટ,

(૪) મડંબ અને દ્રોણમુખ,

(૫) પત્તન અને આકર,

(૬) આશ્રમ અને સંવાહ,

(૭) સન્નિવેશ અને ઘોષ,

(૮) આરામ અને ઉદ્યાન,

(૯) વન અને વનખંડ,

(૧૦) વાપી અને પુષ્કરિણી,

(૧૧) સર અને સરપંક્તિ,

(૧૨) અગડ (કૂપ) અને તળાવ,

(૧૩) દ્રહ અને નદી,

(૧૪) પૃથ્વી અને ઉદધિ,

(૧૫) વાતસ્કંધ અને અવકાશાન્તર,

(૧૬) વલય અને વિગ્રહ,

(૧૭) દ્વીપ અને સમુદ્ર,

(૧૮) વેલા અને.વેદિકા,

(૧૯) દ્વાર અને તોરણ,

(૨૦-૪૩) નૈરયિક અને નૈરયિકાવાસ **-યાવત્-** વૈમાનિક અને વૈમાનિકાવાસ,

(૪૪) કલ્પ અને કલ્પવિમાનાવાસ,

(૪૫) વર્ષ અને વર્ષધર પર્વત,

(૪૬) કૂટ અને કૂટાગાર,

(૪૭) વિજય અને રાજધાની આ બધા જીવ અને અજીવ કહેવાય છે.

## ३. छायाईणं जीवाजीव रूव परूवणं-

१. छायाइ वा, आतवाइ वा,

२. दोसिणाइ वा, अंधकाराइ वा,

३. ओमाणाइ वा, उम्माणाइ वा,

## ૩. છાયાદિઓનું જીવ-અજીવરૂપ પ્રરૂપણ :

(૧) છાયા અને આતપ,

(૨) જ્યોત્સ્ના અને અંધકાર,

(૩) અવમાન અને ઉન્માન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. अइयाणगिहाइ वा, उज्जाणगिहाइ वा,

५. अवलिंबाइ वा, सण्णिप्पवायाइ वा, जीवाइ या अजीवाइ या पवुच्चइ।

- ठाणं अ. २, उ.४, सु. १०६ (३)

(૪) અતિયાનગૃહ (નગરમાં પ્રવેશ કરતાં દરવાજા પાસે જે ઘર હોય તે) અને ઉદ્યાનગૃહ,

(૫) અવલિમ્બ અને સન્નિપ્રપાત આ બધા જીવ અને અજીવ કહેવાય છે.

**४. जीवाजीव दव्वेसु जीवाणं परिभोगापरिभोगत्त परूवणं-**

प. अह भंते ! पाणाइवाए **-जाव-** मिच्छादंसणसल्ले, पाणाइवायवेरमणे **-जाव-** मिछादंसणसल्लवेरमणे,

पुढविकाए **-जाव-** वणस्सइकाए,

धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाये जीवे असरीरपडिबद्धे, परमाणुपोग्गले सेलेसिं पडिवन्नए अणगारे सव्वे य बायरबोंदिधरा कलेवरा, एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति ?

उ. गोयमा ! पाणाइवाए **-जाव-** सव्वे य बायर बोंदिधरा कलेवरा एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य अत्थेगइया जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति, अत्थेगइया जीवाणं परिभोगत्ताए नो हव्वमागच्छंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

पाणाइवाए **-जाव-** सव्वे य बायरबोंदिधरा कलेवरा एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य अत्थेगइया जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति, अत्थेगइया जीवाणं परिभोगत्ताए नो हव्वमागच्छंति ?

उ. गोयमा ! पाणाइवाए **-जाव-** मिच्छादंसणसल्ले, पुढविकाइए **-जाव-** वणस्सकाइए सव्वे य बायरबोंदिधरा कलेवरा एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य, जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति।

पाणाइवायवेरमणे **-जाव-** मिच्छादंसणसल्लविवेगे,

धम्मत्थिकाए, अधम्मत्थिकाए **-जाव-** परमाणुपोग्गले, सेलेसिं पडिवन्नए अणगारे, एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए नो हव्वमागच्छंति।

**૪. જીવ-અજીવ દ્રવ્યોમાં જીવોનું પરિભોગ-અપરિભોગત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! પ્રાણાતિપાત **-યાવત્-** મિથ્યાદર્શનશલ્ય, પ્રાણાતિપાત વિરમણ **-યાવત્-** મિથ્યાદર્શન-શલ્યવિરમણ,

પૃથ્વીકાયિક **-યાવત્-** વનસ્પતિકાયિક,

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીર પ્રતિબદ્ધજીવ, પરમાણુ પુદ્દગલ શૈલેશી અવસ્થા પ્રતિપન્ન અનગાર અને બધા સ્થૂલકાય ધારક કલેવર, આ સર્વે જે જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય રૂપ બન્ને પ્રકારના છે શું તે જીવોના પરિભોગમાં આવે છે ?

ઉ. ગૌતમ !. પ્રાણાતિપાતથી સર્વ સ્થૂલકાયધારક કલેવર સુધી જે જીવ દ્રવ્ય અને અજીવદ્રવ્ય રૂપ છે એમાંથી કેટલાક જીવોના પરિભોગમાં આવે છે અને કેટલાક જીવોના પરિભોગમાં આવતા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

પ્રાણાતિપાતથી સર્વ સ્થૂલકાયધારક કલેવર સુધી જે જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય રૂપ બે પ્રકારના છે એમાંથી કેટલાક દ્રવ્ય તો જીવોના પરિભોગમાં આવે છે અને કેટલાક જીવોના પરિભોગમાં આવતા નથી ?

ઉ. ગૌતમ ! પ્રાણાતિપાત **-યાવત્-** મિથ્યાદર્શનશલ્ય, પૃથ્વીકાયિક **-યાવત્-** વનસ્પતિકાયિક અને બધા સ્થૂલકાયધારક કલેવર, આ બધા જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય રૂપ બન્ને પ્રકારના છે અને જીવોના પરિભોગમાં આવે છે.

પ્રાણાતિપાત વિરમણ **-યાવત્-** મિથ્યાદર્શન-શલ્યવિવેક,

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય **-યાવત્-** પરમાણું પુદ્દગલ તેમજ શૈલેશી અવસ્થા પ્રાપ્ત અનગાર, આ બધા જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય રૂપ બન્ને પ્રકારના છે અને જીવોના પરિભોગમાં આવતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

पाणाइवाए -**जाव**- सव्वे य बायर बोंदिधरा कलेवरा एएणं दुविहा जीवदव्वा य अजीवदव्वा य अत्थेगइया जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति, अत्थेगइया जीवाणं परिभोगत्ताए नो हव्वमागच्छंति ।

- विया. स. १८, उ. ४, सु. २

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

પ્રાણાતિપાતથી સર્વ સ્થૂલકાયધારક કલેવર સુધી, જે જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય રૂપ બે પ્રકારના છે. આમાંથી કેટલાક દ્રવ્ય તો જીવોના પરિભોગમાં આવે છે અને કેટલાક જીવોના પરિભોગમાં આવતા નથી.

**५. रोहाअणगारपण्हुत्तरे जीवाजीवाइ दव्वाणं सासयत्तं अणाणुपुव्वित्त परूवणं-**

प. पुव्विं भंते ! जीवा ? पच्छा अजीवा ? पुव्विं अजीवा ? पच्छा जीवा ?

उ. रोहा ! जीवा य अजीवा य पुव्विं पेते, पच्छा पेते दो वि एते सासयाभावा अणाणुपुव्वी एसा रोहा !

***एवं भवसिद्धिया य अभवसिद्धिया य, सिद्धि असिद्धि, सिद्धा असिद्धा ।***

प. पुव्विं भंते ! अंडए ? पच्छा कुकुडी ? पुव्विं कुक्कुडी ? पच्छा अंडए ?

उ. रोहा ! से णं अंडए कओ ?

भगवं ! तं कुक्कुडीओ ।

सा णं कुक्कुडी कओ ?

भंते ! अंडगाओ ।

एवामेव रोहा से य अंडए सा य कुक्कुडी, पुव्विं पेते, पच्छा पेते, दो वि एते सासया भावा ।

अणाणुपुव्वी एसा रोहा ।

- विया.स.१, उ.६, सु. १४-१६

**૫. રોહા અણગારનાં પ્રશ્નોત્તરોમાં જીવ - અજીવ આદિનાં શાશ્વતત્વ અને અનાનુપૂર્વત્વની પ્રરૂપણા :**

પ્ર. ભંતે ! શું પહેલા જીવ અને પછી અજીવ છે કે પહેલા અજીવ અને પછી જીવ છે ?

ઉ. રોહા ! જીવ અને અજીવ પહેલા પણ છે અને પછી પણ છે. આ બન્ને શાશ્વતભાવ છે. હે રોહા ! આ બન્નેમાં પહેલા પછીનું ક્રમ નથી.

***આ પ્રમાણે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક, સિદ્ધિ અને અસિદ્ધિ તથા સિદ્ધ અને અસિદ્ધ (સંસારી) જીવોના વિષયોમાં પણ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! પહેલાં ઈંડુ અને પછી કુકડી છે ? કે પહેલા કુકડી અને પછી ઈંડુ છે ?

ઉ. (ભગવાન્) હે રોહા ! આ ઈંડુ ક્યાંથી આવ્યું છે ?

(રોહા) ભંતે ! તે કુકડીથી આવ્યું.

(ભગવાન્) તે કુકડી ક્યાંથી આવી છે ?

(રોહા) ભંતે ! તે ઈંડાથી થઈ.

(ભગવાન્) આ પ્રમાણે હે રોહા ! કુકડી અને ઈંડા પહેલા પણ હતા અને પછી પણ છે. આ બન્ને શાશ્વતભાવ છે.

હે રોહા ! આ બન્નેમાં પહેલા પછીનો ક્રમ નથી.

**६. हरयगत नावा दिट्ठंतेण जीवपोग्गलाणमन्नोन्नबद्धत्ता परूवणं-**

प. अत्थि णं भंते ! जीवा य पोग्गला य अन्नमन्नबद्धा ? अन्नमन्नपुट्ठा ? अन्नमन्नमोगाढा ? अन्नमन्नसिणेहपडिबद्धा ? अन्नमन्नघडत्ताए चिट्ठंति ?

उ. हंता, गोयमा ! चिट्ठंति ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

**૬. હ્રદગત હોડીના દૃષ્ટાંત દ્વારા જીવ અને પુદ્‌ગલોના પરસ્પર બંધાયેલાનું પરૂપણ :**

પ્ર. ભંતે ! શું જીવ અને પુદ્‌ગલ પરસ્પર બંધાયેલા છે ? પરસ્પર એક બીજાથી સ્પર્શે છે ? પરસ્પર ગાઢ બંધાયેલ છે ? પરસ્પર સ્નિગ્ધતાથી બંધાયેલ છે ? પરસ્પર ગાઢ થઈને રહે છે ?

ઉ. હા ગૌતમ ! આ પરસ્પર આ પ્રમાણે રહેલા છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अत्थि णं जीवा य पोग्गला य अन्नमन्नबद्धा **-जाव-** अन्नमन्न घडत्ताए चिट्ठंति ?"

उ. गोयमा ! से जहानामए हरए सिया पुण्णे पुण्णप्पमाणे वोलट्टमाणे वोसट्टमाणे समभरघडत्ताए चिट्ठइ, अहे णं केइ पुरिसे तंसि हरदंसि एगं महं नावं सयासवं सयच्छिड्डं ओगाहेज्जा।

से नूणं गोयमा ! सा णावा तेहिं आसवद्दारेहिं आपूरमाणी आपूरमाणी पुण्णा पुण्णप्पमाणा वोलट्टमाणा वोसट्टमाणा समभरघडत्ताए चिट्ठइ ?

हंता, गोयमा ! चिट्ठइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'अत्थि णं जीवा य पोग्गला य अन्नमन्नबद्धा **-जाव-** अन्नमन्नघडत्ताए चिट्ठंति।

– विया स. १, उ. ६, सु. २६

"જીવ અને પુદ્ગલ પરસ્પર બંધાયેલા છે **-યાવત્-** પરસ્પર ગાઢ થઈને રહેલ છે ?"

ઉ. ગૌતમ ! જેમ કોઈ એક તળાવ હોય તે પાણીથી ભરેલું હોય, પાણી પણ છલોછલ ભરેલુ હોય તે પાણી છલકાતું હોય, પાણી વધતું હોય અને ઘડાની જેમ પાણીથી ભરેલ હોય, તે તળાવમાં કોઈ પુરૂષ નાના અને મોટા સૈકડો છિદ્રોવાળી એવી મોટી હોડીને નાખી દે તો -

હે ગૌતમ ! એવી તે હોડી છિદ્રો દ્વારા પાણીથી ભરાતી, પાણીથી પરિપૂર્ણ, પાણીથી છલોછલ, પાણીથી છલકાતી વધતી જતી શું ભરેલ ઘડાની જેમ થઈ જાય છે ?

હા, ગૌતમ ! થઈ જાય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જીવ અને પુદ્ગલ પરસ્પર બંધાયેલા છે **-યાવત્-** પરસ્પર ગાઢ થઈને રહેલ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૭. જીવ – અધ્યયન

ષડ્દ્રવ્યોમાં જીવ દ્રવ્ય પ્રમુખ છે. આગમોમાં આના વિવિધ લક્ષણ પ્રદત્ત છે. વિશેષ રૂપમાં જે ચેતનામય હોય છે તે જીવ છે, જેમાં જ્ઞાન અને દર્શનનો ઉપયોગ હોય છે તે જીવ છે, જેને સુખ-દુઃખનો અનુભવ થાય છે તે જીવ છે. જીવ જ કર્મોને બાંધે છે અને તે જ તેનાથી મુક્ત થાય છે. જીવનો જ્યારે અજીવ કર્મ પુદ્ગલોથી સંબંધ થાય છે ત્યારે તે વિભિન્ન ગતિઓમાં ભ્રમણ કરતો રહે છે તથા જ્યારે તે એનાથી રહિત થઈ જાય છે ત્યારે તેનું ભ્રમણ સમાપ્ત થઈ જાય છે, પછી તેને સિદ્ધ જીવ કહેવાય છે.

આ પ્રમાણે જીવના બે પ્રકાર કહ્યા છે -

૧. સંસાર સમાપન્નક અને ૨. અસંસાર સમાપન્નક.

જે સંસારની ચાર ગતિઓમાં ભ્રમણશીલ છે તે જીવ સંસાર સમાપન્નક છે. તથા જે આ ભવ-ભ્રમણથી વિરત થઈને સિદ્ધ બની ગયા છે તે અસંસાર સમાપન્નક કહેવાય છે. જે ભવસિદ્ધિક જીવ છે તે મુક્તિ પ્રાપ્તિનાં પૂર્વે જ અસંસાર સમાપન્નક જીવોની શ્રેણીમાં આવી જાય છે. તથા જે અભવસિદ્ધિક છે તે સદૈવ સંસાર સમાપન્નક જ બની રહે છે. બધા ભવસિદ્ધિક જીવોમાં સિદ્ધ થવાની યોગ્યતા હોય છે તે સિદ્ધ બની શકે છે. તથાપિ ભવ્ય જીવોથી આ લોક રહિત થતો નથી. જયંતીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે આ વાત સ્વીકારી છે.

જીવ અનન્ત છે, તે નવા ઉત્પન્ન થતા નથી. તથા પહેલાના નષ્ટ થતાં નથી. તેમાં વધ-ઘટ થતી નથી. સંખ્યાની દૃષ્ટિથી તે અનન્ત છે અને અનન્ત જ રહે છે. નૈરયિક જીવોમાં વધ-ઘટ થઈ શકે છે, તિર્યંચ-મનુષ્ય અને દેવોમાં વધ-ઘટ થઈ શકે છે. પરંતુ સંપૂર્ણ જીવોની દૃષ્ટિથી તે વધતા-ઘટતા નથી, અવસ્થિત રહે છે. આ અવસ્થિતિમાં અનન્ત સિદ્ધ અને અનન્ત સંસારી જીવ ભેગા થયા છે. યદ્યપિ અનન્ત જીવોના સિદ્ધ થઈ જવા છતાં પણ અનન્ત સંસારી જીવ વિદ્યમાન રહે છે તેનો ક્યારેય અંત થતો નથી.

અસંસારસમાપન્નક સિદ્ધ જીવોને નિરાબાધ શાશ્વત સુખ પ્રાપ્ત છે, તે સુખ મનુષ્યો અને દેવોને પણ પ્રાપ્ત નથી. ઔપપાતિકસૂત્રમાં સિદ્ધોના અનુપમ સુખનું વર્ણન થયેલ છે. આ સિદ્ધ બે પ્રકારના છે – અનન્તરસિદ્ધ અને પરમ્પરસિદ્ધ. જેને સિદ્ધ થયે હજી પ્રથમ સમય પણ વ્યતીત થયો નથી તે અનન્તરસિદ્ધ છે. તથા જેને સિદ્ધ થયે પ્રથમ સમય વ્યતીત થઈ ગયો છે તે પરમ્પરસિદ્ધ કહેવાય છે. સિદ્ધોના તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ આદિ જે પંદર ભેદ છે તે અનન્તરસિદ્ધની અપેક્ષાથી છે. અપ્રથમસમયસિદ્ધ, દ્વિસમયસિદ્ધ, ત્રિસમયસિદ્ધ **-યાવત્-** સંખ્યાતસમયસિદ્ધ, અસંખ્યાતસમયસિદ્ધ અને અનન્તસમયસિદ્ધ આદિ ભેદ પરમ્પરસિદ્ધની અપેક્ષાથી છે.

પ્રસ્તુત અધ્યયનમાં સમવાયાંગસૂત્રના અનુસાર સિદ્ધોના એકત્રીસ ગુણોનો પણ ઉલ્લેખ થયો છે જે આઠ કર્મોના ક્ષયથી પ્રકટ થાય છે. આઠ કર્મોના ક્ષયથી અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તસુખ, ક્ષાયિકસમ્યક્ત્વ આદિ આઠ ગુણોને પ્રકટ થવાનું પણ બતાવ્યું છે. આ જ આઠ ગુણોના વિસ્તારમાં તે એકત્રીસગુણ પ્રતિપાદિત છે. અનન્તજ્ઞાન આદિ ગુણોથી યુક્ત અને અનન્ત સુખથી સમ્પન્ન આ સિદ્ધ ફરીથી કોઈ ગતિમાં અવતરિત થતાં નથી. તે લોક કલ્યાણના માટે પણ પુનઃ દેહધારણ કરતાં નથી. બધા સિદ્ધ જીવ લોકના અગ્રભાગમાં અવસ્થિત રહે છે. એની પોતાની અવગાહના પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. પરંતુ એક સિદ્ધની અવગાહનાથી બીજા સિદ્ધના આત્મપ્રદેશોની અવગાહના પ્રભાવિત થતી નથી. જે પ્રમાણે રેડિયો અને દૂરદર્શનના વિભિન્ન કેન્દ્રોની તરંગો એક સ્થાન પર અવગાહિત થઈને પણ ભિન્ન-ભિન્ન જ રહે છે. એ પ્રમાણે પ્રત્યેક સિદ્ધની અવગાહના ભિન્ન-ભિન્ન હોય છે. એ અન્તર અવશ્ય છે કે રેડિયો અને દૂરદર્શનની તરંગો જ્યાં પૌદ્ગલિક હોવાથી મૂર્ત છે ત્યાં- સિદ્ધોના આત્મપ્રદેશ અમૂર્ત છે. એટલા માટે તેના પરસ્પર અવગાઢ થવામાં કોઈ બાધા નથી.

અસંસારસમાપન્નક કે સિદ્ધજીવ જ્યાં અશરીરી, અકાયિક, અયોગી અને નિરિન્દ્રિય હોય છે, ત્યાં સંસારસમાપન્નક કે સંસારીજીવ સશરીરી, સકાયિક, સયોગી અને સઈન્દ્રિય હોય છે.

સંસારીજીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર ગતિ તથા ચોર્યાસીલાખ જીવયોનિઓમાં જન્મ લેતા રહે છે. એના વિવિધ પ્રકારથી ભેદ કરાય છે. મુખ્ય બે ભેદ છે - ત્રસ અને સ્થાવર. સ્થિતિ શીલ જીવોને સ્થાવર તથા ગતિ કરવામાં સક્ષમ જીવોને ત્રસ કહેવામાં આવે છે.

સમગ્ર સંસારી જીવોને સ્ત્રી, પુરુષ અને નપુંસક આ ત્રણ ભેદોમાં પણ વિભક્ત કરી શકાય છે. સ્ત્રીઓ પણ ત્રણ પ્રકારની હોય છે- તિર્યંચયોનિકસ્ત્રીઓ, મનુષ્યસ્ત્રીઓ અને દેવસ્ત્રીઓ. તિર્યંચયોનિકસ્ત્રીઓ જલચર, સ્થળચર અને ખેચરના ભેદથી ત્રણ પ્રકારની હોય છે. તેના પણ ભેદોપભેદ થાય છે. મનુષ્યસ્ત્રીઓ કર્મભૂમિ, અકર્મભૂમિ અને અન્તર્દ્વીપમાં હોવાથી ત્રણ પ્રકારની હોય છે. દેવસ્ત્રીઓ ચાર પ્રકારની હોય છે- ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક. પુરુષ પણ સ્ત્રીઓની જેમ તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ભેદથી ત્રણ પ્રકારના હોય છે. તિર્યંચયોનિકસ્ત્રીઓ, મનુષ્યસ્ત્રીઓ અને દેવસ્ત્રીઓની જેમ તિર્યંચયોનિકપુરુષ, મનુષ્યપુરુષ અને દેવપુરુષોના તે જ ત્રણ, ત્રણ અને ચાર ભેદ થાય છે. નપુંસક પણ ત્રણ પ્રકારના કહ્યા છે - નૈરયિક, તિર્યંચયોનિક અને મનુષ્યયોનિક. નરકગતિનાં બધા નૈરયિક નપુંસક હોય છે. જ્યારે દેવગતિના કોઈપણ દેવ નપુંસક હોતા નથી. તિર્યંચમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય પૂર્ણતઃ નપુંસક હોય છે. પરંતુ પંચેન્દ્રિયોમાં પણ નપુંસક પ્રાપ્ત થાય છે. મનુષ્ય સ્ત્રી પુરુષની જેમ નપુંસક પણ હોય છે. એનાં પણ અનેક ભેદોપભેદોનું વર્ણન આ અધ્યયનમાં થયેલ છે.

નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ભેદથી સંસારી જીવ ચાર પ્રકારના છે- એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી જીવ પાંચ પ્રકારના છે. પૃથ્વીકાય આદિ ષટ્કાયોના ભેદથી જીવ છ પ્રકારના છે. કેટલાક ભેદ- પ્રભેદોના આધારથી આ જીવોને સાત, આઠ, નવ અને દસ ભેદોમાં પણ વિભક્ત કરેલ છે. આ વિભાજન એક પ્રક્રિયા છે. જેનાથી આ ભેદોને વિવિધ પ્રકારે વ્યક્ત કરી શકાય છે. આ જીવોનાં ચૌદ ભેદ પણ કરાય છે જે પ્રસિદ્ધ છે. આ ચૌદ ભેદોમાં સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય આ સાત ભેદોના પર્યાપ્તા અને અપર્યાપ્તાની ગણના કરાય છે. જીવોના ભેદોની ગણના ૫૬૩ ભેદ સુધી થઈ શકે છે.

આ સમસ્ત સંસારી જીવોને ૨૪ દંડકોમાં પણ વિભક્ત કર્યા છે. આ ૨૪ દંડક જીવોની ૨૪ વર્ગણાઓની ધોતક છે. વર્ગણાનો અર્થ અહીં સમૂહ (ગ્રુપ) છે. વિભિન્ન સમાન વિશેષતાઓના આધારે એ જીવો આ વર્ગણાઓ અને દંડકોમાં વિભક્ત હોય છે. આ દંડકોનો આગમમાં એક નિશ્ચિત ક્રમ છે. જે અનુસાર નૈરયિકોનો એક દંડક છે, દસ ભવનપતિ દેવોના દસ દંડક (૨-૧૧) છે, પાંચ સ્થાવરોના પાંચ (૧૨-૧૬), ત્રણ વિકલેન્દ્રિયોના ત્રણ (૧૭-૧૯) તથા તિર્યંચ પંચેન્દ્રિયનો એક દંડક (૨૦) છે, મનુષ્યોનો એક દંડક (૨૧) છે, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોના એક-એક કરી ત્રણ દંડક (૨૨-૨૪) છે. આ પ્રમાણે ચાર ગતિના જીવ ચોવીસ દંડકોમાં વિભક્ત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચોવીસ જ દંડકોના જીવો ભવસિદ્ધિક પણ છે અને અનન્તરોપપન્નક, પણ છે અને પરમ્પરોપપન્નક, પણ છે, ગતિ સમાપન્નક પણ છે અને અગતિ સમાપન્નક પણ છે, પ્રથમ સમયોપપન્નક પણ છે અને અ-પ્રથમ સમયોપન્નક પણ છે, આહારક પણ છે અને અનાહારક પણ છે, પર્યાપ્ત પણ છે અને અપર્યાપ્ત પણ છે, પરીતસંસારી પણ છે અને અપરીતસંસારી પણ છે, સુલભ-બોધિક પણ છે અને દુર્લભબોધિક પણ છે.

પ્રજ્ઞાપનાસૂત્રમાં સંસારસમાપન્નક જીવોની પ્રજ્ઞાપના પાંચ પ્રકારની કહી છે.- એકેન્દ્રિય સંસારસમાપન્નક જીવ પ્રજ્ઞાપના **યાવત્** પંચેન્દ્રિય સંસારસમાપન્નક જીવ પ્રજ્ઞાપના. તેમાં પુનઃ આ પાંચ પ્રકારોના વિભિન્ન ભેદોપભેદોનું વિસ્તૃત નિરુપણ છે. જેનો આ અધ્યયનમાં સમાવેશ છે. આ ભેદોપભેદોથી વિવિધ પ્રકારની વિશેષ જાણકારી થાય છે. જેમકે- પૃથ્વીકાયના શ્લક્ષ્ણ આદિ ભેદ તથા કાળી માટી આદિ પ્રદેશ, બાદર આદિ અપ્કાયના ઓસ, હિમ આદિ ભેદ, બાદર તેજસ્કાયના અંગાર, જ્વાલા આદિ ભેદ, બાદર વાયુકાયના પૂર્વી વાયુ આદિ ઝંઝાવાત આદિ ભેદ, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયના વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ આદિ ૧૨ ભેદ તથા પછી તેના ઉપભેદ, સાધારણ શરીર બાદર વનસ્પતિકાયના અવક, પનક, શૈવાળ આદિ ભેદ. પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયના વિવિધ જીવ જાતિઓનો જે પરિચય આ અધ્યયનમાં આપેલ છે તે વૈજ્ઞાનિક દષ્ટિએ પણ શોધનો વિષય છે. વનસ્પતિના ભેદો અને તેના વિભિન્ન નામોની લાંબી સૂચી પણ ગણાવેલ છે. જે વનસ્પતિ વિશેષજ્ઞો અને આયુર્વેદ ચિકિત્સકોના માટે ઉપયોગી પ્રતીત થાય છે. ઘણા બધા આગમિકનામો ને આધુનિક પ્રચલિત નામોથી જોડવાની પણ આવશ્યકતા છે.

નિગોદના જીવોનો સમાવેશ પણ એકેન્દ્રિય વનસ્પતિકાયના જીવોમાં થાય છે. નિગોદ બે પ્રકારના કહ્યા છે.- નિગોદ અને નિગોદ- જીવ. આ બન્ને જ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે- બે પ્રકારના હોય છે. સૂક્ષ્મ અને બાદર ફરીથી પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદોમાં વિભક્ત થાય છે. સંખ્યાની દષ્ટિએ તે બધા અનન્ત છે.

આ અધ્યયનમાં બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોના વિવિધ પ્રકારો અને નામોનો ઉલ્લેખ પણ કરેલ છે.

પંચેન્દ્રિય જીવ ચાર પ્રકારના છે- નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. રત્નપ્રભા, શર્કરાપ્રભા આદિ સાત નરક પૃથ્વીઓના આધાર પર નૈરયિક સાત પ્રકારના હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવ જલચર, સ્થળચર અને ખેચરના ભેદથી ત્રણ પ્રકારના હોય છે. પછી આના પણ અનેક ભદોપભેદ છે. જલચરોમાં મચ્છ, કચ્છપ, ગ્રાહ, મગર અને સુંસુમાર આ પાંચ ભેદ પ્રમુખ છે. સ્થળચર જીવ ચતુષ્પદ અને પરિસર્પના ભેદથી બે પ્રકારના છે. ચતુષ્પદજીવ એક ખુર, બે ખુર, ગંડીપદ અને સનખપદના આધારે ચાર પ્રકારના છે. એક ખુરમાં - અશ્વ, ગધેડા જેવા, બે ખુરમાં- ગાય, ભેંસ જેવા, ગંડીપદમાં- ઊંટ, હાથી, ગેંડા જેવા તથા સનખપદમાં- સિંહ, વાઘ જેવા જાનવરોની ગણતરી થાય છે. પરિસર્પ જીવ બે પ્રકારના છે ૧. પેટથી ચાલનાર ઉરપરિસર્પ તથા ૨. ભુજાથી ચાલનાર ભુજપરિસર્પ. ઉરપરિસર્પમાં ફણવાળા અને ફણવગરના સર્પ, અજગર, આસાલિક અને મહોરગની ગણતરી થાય છે. સર્પોના વિભિન્ન પ્રકારોનો આગમોમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સર્પ- જીજ્ઞાસુઓના માટે મહત્વનો વિષય છે. ભુજપરિસર્પ નકુળ, ગોહ, સરટ આદિ વિભિન્ન પ્રકારના હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયજીવ સંમૂર્છિમ પણ હોય છે તથા ગર્ભજ પણ હોય છે. સંમૂર્છિમજીવ નપુંસક હોય છે તથા ગર્ભજ જીવ સ્ત્રી, પુરુષ અને નપુંસકના ભેદથી ત્રણ પ્રકારના હોય છે. ભુજપરિસર્પ અને ઉરપરિસર્પ જીવ અંડજ, પોતજ અને સંમૂર્છિમના ભેદથી પણ ત્રણ પ્રકારે નિરૂપેલ છે.

ખેચરપંચેન્દ્રિય જીવ ચાર પ્રકારના છે- ૧. ચર્મપક્ષી, ૨. રોમપક્ષી, ૩. સમુદ્ગપક્ષી અને ૪. વિતતપક્ષી. આમાંથી સમુદ્ગપક્ષી અને વિતતપક્ષી મનુષ્ય ક્ષેત્રમાં હોતા નથી. મનુષ્ય ક્ષેત્રની બહાર દ્વીપ- સમુદ્રોમાં હોય છે. પક્ષી ત્રણ પ્રકારના કહેવામાં આવે છે. - ૧. અંડજ, ૨. પોતજ અને ૩. સંમૂર્છિમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય બે પ્રકારના હોય છે - ૧. સંમૂર્છિમ અને ૨. ગર્ભજ. સંમૂર્છિમ મનુષ્ય અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ અને બધા પ્રકારના પર્યાપ્તિઓથી પર્યાપ્ત હોતા નથી. તે અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવી મરી જાય છે. એની ઉત્પત્તિનાં ચૌદ સ્થાન મનાય છે. જેમાં ગર્ભજ મનુષ્યના ઉચ્ચાર, પ્રસ્ત્રવણ (પેશાબ), કફ આદિ સમ્મિલિત છે. ગર્ભજમનુષ્ય ત્રણ પ્રકારના છે- કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતરદ્વીપજ એકોરુક, આભાસિક, વૈષાણિક આદિ ૨૮ અન્તર્દ્વીપજ છે. પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ ક્ષેત્રોમાં ઉત્પન્ન થવાથી અકર્મભૂમિજ મનુષ્ય ૩૦ પ્રકારના છે. કર્મભૂમિઓ ૧૫ છે - પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ. આમાં ઉત્પન્ન કર્મભૂમિજ મનુષ્ય સંક્ષેપમાં બે પ્રકારના છે - ૧. આર્ય અને ૨. મ્લેચ્છ.

પ્રજ્ઞાપનાસૂત્રમાં શક, યવન, કિરાત, શબર આદિ અનેક પ્રકારના મ્લેચ્છોનો ઉલ્લેખ છે.

આર્યોને બે ભાગોમાં વિભક્ત કરેલ છે.-

૧. ઋદ્ધિપ્રાપ્તઆર્ય અને ૨. ઋદ્ધિ અપ્રાપ્ત આર્ય.

ઋદ્ધિ પ્રાપ્ત અર્હન્ત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ચારણ અને વિદ્યાધર એમ છ પ્રકારના ભેદ પ્રતિપાદિત છે. ઋદ્ધિ અપ્રાપ્ત આર્યક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન અને ચારિત્રના આધારે નવ પ્રકારના કહ્યા છે. મગધ આદિ સાડા પચ્ચીસ (૨૫.૫) દેશ આર્યક્ષેત્ર કહ્યા છે. આ પ્રમાણે છ જાતિઓ, છ કુળ, કેટલાક કર્મ અને કેટલાક શિલ્પ આર્ય મનાય છે. અર્દ્ધમાગધી ભાષામાં બોલનાર અને બ્રાહ્મીલિપિનો પ્રયોગ કરનાર ભાષાર્ય કહેવાય છે. આની સાથે બ્રાહ્મીલિપિમાં અઢાર પ્રકારના લેખનું વિધાન કરેલ છે.

આભિનિબોધિક આદિ પાંચ જ્ઞાનોના આધારે પાંચ જ્ઞાનાર્ય કહ્યા છે. દર્શનાર્ય બે પ્રકારના કહ્યા છે- ૧. સરાગ દર્શનાર્ય અને ૨. વીતરાગ દર્શનાર્ય. નિસર્ગરુચિ, ઉપદેશરુચિ આદિ સમ્યકત્વની દસ રુચિયોથી સંપન્ન આર્યોને દસ પ્રકારના સરાગાર્ય માનેલ છે. વીતરાગ દર્શનાર્ય બે પ્રકારના પ્રતિપાદિત છે- ૧. ઉપશાંત કષાય અને ૨. ક્ષીણ કષાય. આનાં પણ તાત્ત્વિક દષ્ટિથી અનેક ભેદોપભેદોનું નિરુપણ છે. ચારિત્રાર્ય પણ દર્શનાર્યની જેમ- સરાગ ચારિત્રાર્ય અને વીતરાગ ચારિત્રાર્ય ભેદોમાં વિભક્ત છે.

દેવ ચાર પ્રકારના હોય છે- ૧. ભવનવાસી, ૨. વાણવ્યંતર, ૩. જ્યોતિષ્ક અને ૪. વૈમાનિક. ભવનવાસીના અસુરકુમાર, નાગકુમાર આદિ દસ ભેદ છે. વાણવ્યંતરના કિન્નર, કિંપુરુષ આદિ આઠ પ્રકારના છે. જ્યોતિષ્ક દેવ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાના ભેદથી પાંચ પ્રકારના છે. વૈમાનિકદેવ કલ્પોપન્ન અને કલ્પાતીતના ભેદથી બે પ્રકારના છે. કલ્પોપન્નદેવ સૌધર્મ, ઈશાન આદિના ભેદથી ૧૨ પ્રકારના હોય છે. કલ્પાતીતદેવ બે પ્રકારના છે.- ગ્રૈવેયકવાસી અને અનુત્તરોપપાતિક. ગ્રૈવેયક દેવના નવ ભેદ છે. અનુત્તરોપપાતિક દેવોના વિજય,વૈજયંત, જયંત, અપરાજીત અને સર્વાર્થસિદ્ધ આ પાંચ ભેદ છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદ તો બધા જીવોની સમાન દેવોમાં પણ લાગુ પડે છે.

જીવદ્રવ્યના આ અધ્યયનમાં જીવથી સંબંધિત અનેક દાર્શનિક અને સૈદ્ધાન્તિક બિંદુઓ પર વિચાર કરેલ છે. પ્રમુખ બિન્દુ આ પ્રમાણે છે -

(૧) ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમવાળા જીવ આત્મભાવથી જીવભાવ (ચૈતન્ય) ને પ્રકટ કરે છે. તે પાંચજ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શનના અનન્ત પર્યાયોને પ્રાપ્ત કરી ઉત્થાન આદિથી જીવભાવને પ્રકટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) દ્રવ્યની અપેક્ષાએ જીવ અતીત અનંત શાશ્વત કાળમાં હતો. વર્તમાન શાશ્વત કાળમાં છે અને અનંત શાશ્વત ભવિષ્યકાળ માં રહેશે. અર્થાત્ જીવ ક્યારેય નષ્ટ થતાં નથી. જીવને કોઈ અજીવ રુપમાં પરિણત કરી શકતા નથી. આ પ્રમાણે અજીવને પણ કોઈ જીવ રુપમાં પરિણત કરી શકતા નથી.

(૩) જીવને જેવી દેહ મળે છે તે તેના અનુરુપ જ આત્મ- પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર કરી લે છે. આ દષ્ટિથી હાથી અને કુંથુનો જીવ સમાન છે. એને જૈન દર્શનમાં જીવનો દેહ પરિમાણત્વ કહેવામાં આવે છે. એના માટે દિપકના નાના- મોટા ઓરડામાં રાખવાથી પ્રકાશના સંકોચ અને વિસ્તારના ઉદાહરણ અપાય છે.

(૪) કૂર્મ, કૂર્માવળી, ગોહ, ગોહપંક્તિ આદિના બે, ત્રણ કે સંખ્યાત ટુકડા કરવામાં આવે તો તેનો વચલો ભાગ જીવ પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. પરંતુ હાથ, પગ કે શસ્ત્ર આદિનો પ્રયોગ કરી તે જીવ પ્રદેશોને કોઈ પીડા પહોચાડી શકતા નથી તથા તેના વિભાગ પણ કરી શકતા નથી. કારણ કે જીવ પ્રદેશોપર શસ્ત્રાદિનો પ્રભાવ પડતો નથી.

(૫) ઓદન, કુલ્માષ અને સુરામાં પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ વનસ્પતિ જીવના શરીર છે. તથા જ્યારે તે ઓદનાદિ દ્રવ્ય શસ્ત્રાતીત **યાવત્** અગ્નિ પરિણમિત થઈ જાય છે ત્યારે તે અગ્નિના શરીરવાળા કહેવાય છે. સુરામાં જે તરલ દ્રવ્ય છે તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ અપ્કાયિક જીવોના શરીર છે. તથા શસ્ત્રાતીત **યાવત્** અગ્નિ પરિણમિત થવાથી અગ્નિકાય શરીર કહેવાય છે.

લોખંડ, તાંબુ, સીસું આદિ દ્રવ્ય પૂર્વભાગની પ્રજ્ઞાપનાથી પૃથ્વીકાયિક જીવોના શરીર છે. તથા શસ્ત્રાતીત **યાવત્** અગ્નિ પરિણમિત થવાથી અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

હાડકા, ચામડા, રોમ, શિંગ, ખુર અને નખ આ બધા પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ ત્રસજીવોના શરીર છે પરંતુ પછીથી શસ્ત્રાતીત **યાવત્** અગ્નિ પરિણમિત થવાથી એ અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

અંગારા, રાખ, ભૂસું અને ગોબર એ પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય **યાવત્** પંચેન્દ્રિય જીવો સુધીના શરીર કહેવાય છે. પરંતુ શસ્ત્રાતીત **યાવત્** અગ્નિકાય પરિણમિત થવાથી એ અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

(૬) વિભિન્ન અપેક્ષાઓથી જીવોને સાદિ-સાન્ત, સાદિ-અનન્ત, અનાદિ- સાન્ત અને અનાદિ- અનન્ત પણ કહેવાય છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં ભગવાને બતાવ્યું છે કે - નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિ અને આગતિની અપેક્ષાએ સાદિ-સાન્ત છે. સિદ્ધજીવ ગતિની અપેક્ષાએ સાદિ-અનન્ત છે. લબ્ધિની અપેક્ષાએ ભવસિદ્ધિક જીવ અનાદિ- સાન્ત છે અને સંસારની અપેક્ષાએ- અભવસિદ્ધિક જીવ અનાદિ-અનન્ત છે.

(૭) બૌદ્ધ દર્શનમાં જેમ આત્મા (ચેતના) ના અર્થમાં પુદ્ગલ શબ્દનો પ્રયોગ મળે છે તેમ જૈન દર્શનમાં ભગવતીસૂત્રને છોડીને સર્વત્ર આત્મા (જીવ) અને પુદ્ગલ આ બન્ને શબ્દોના અર્થ જુદા-જુદા પ્રતિપાદન થયેલ છે. માત્ર ભગવતીસૂત્રના આઠમા શતકમાં જીવને પુદ્ગલી અને પુદ્ગલ બન્ને કહ્યા છે. જીવ પૌદ્ગલિક ઈન્દ્રિયોની અપેક્ષાએ પુદ્ગલી કહેવાય છે તથા જીવની અપેક્ષાએ પુદ્ગલ. સિદ્ધજીવ નિરન્દ્રિય હોવાથી પુદ્ગલ તો છે પરંતુ પુદ્ગલી નથી.

(૮) જીવ ચૈતન્યરુપ છે તેમ ચૈતન્ય પણ જીવરુપ જ છે. નૈરયિક જીવ હોય છે પરંતુ જીવ નૈરયિક જ હોય એવું આવશ્યક નથી. આ પ્રમાણે પ્રાણ ધારણ કરનાર જીવ હોય છે. પરંતુ જીવ પ્રાણ ધારણ કરે જ એવું આવશ્યક નથી. આ પ્રમાણે દાર્શનિક અને અનેકાન્તિક શૈલીમાં પણ જુદા-જુદા તથ્યોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) જ્ઞાન અને દર્શન નિશ્ચયથી આત્મા છે તથા આત્મા પણ નિશ્ચયથી જ્ઞાન-દર્શન રુપ છે.

(૧૦) જીવ સુપ્ત પણ છે, જાગૃત પણ છે અને સુપ્ત-જાગૃત પણ છે. એમાં નૈરયિક, ભવનપતિ, સ્થાવર અને વિકલેન્દ્રિય જીવ સુપ્ત છે, તે જાગૃત નથી અને સુપ્ત-જાગૃત પણ નથી. પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ સુપ્ત છે અને સુપ્ત-જાગૃત છે. પરંતુ જાગૃત નથી. મનુષ્ય સામાન્ય જીવોની જેમ ત્રણે પ્રકારના હોય છે, જ્યારે વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ નૈરયિકોની જેમ સુપ્ત હોય છે. અહીં સુપ્ત, જાગૃત આદિ શબ્દ આધ્યાત્મિક અર્થમાં પ્રયુક્ત થયેલ છે.

(૧૧) દ્રવ્યની અપેક્ષાએ જીવ શાશ્વત છે અને પર્યાયની અપેક્ષાએ જીવ અશાશ્વત છે.

(૧૨) જીવ કામી પણ છે અને ભોગી પણ છે. શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુ ઈન્દ્રિયની અપેક્ષાએ જીવ કામી છે. તથા ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

(૧૩) અજીવ દ્રવ્ય જીવદ્રવ્યોના પરિભોગમાં આવે છે. પરંતુ જીવદ્રવ્ય અજીવદ્રવ્યોના પરિભોગમાં આવતાં નથી. જીવદ્રવ્ય અજીવદ્રવ્ય (પુદ્ગલ) ને ગ્રહણ કરીને તેને શરીર, ઈન્દ્રિય, યોગ અને શ્વાસોચ્છ્વાસમાં પરિણત કરે છે. જ્યારે અજીવદ્રવ્ય જીવદ્રવ્યનો પરિભોગ કરતાં નથી.

જૈનાગમોની આ પદ્ધતિ રહી છે કે આમાં જીવ સંબંધી વિભિન્ન તથ્યોને ૨૪ દંડકોમાં ઉતારવામાં આવે છે. અધિકરણ અને અધિકરણી, આત્મારંભી, પરારંભી, તદુભયારંભી અને અનારંભી, સકંપ અને નિષ્કમ્પ આદિ તથ્યોને આ દંડકોમાં ઉપસ્થિત કરવા એ જ તેનું પ્રમાણ છે.

કાલાદેશથી ૨૪ દંડકોમાં ૧. સપ્રદેશ, ૨. આહારક, ૩. ભવ્ય, ૪. સંજ્ઞી, ૫. લેશ્યા, ૬. દૃષ્ટિ, ૭. સંયત, ૮. કષાય, ૯. જ્ઞાન, ૧૦. યોગ, ૧૧. ઉપયોગ, ૧૨. વેદ, ૧૩. શરીર અને ૧૪. પર્યાપ્તિ આ ચૌદ દ્વારોની પણ અહીં પ્રરુપણા થયેલ છે.

૧. સમાહાર સમશરીર અને સમશ્વાસોચ્છ્વાસ, ૨. કર્મ, ૩. વર્ણ, ૪. લેશ્યા, ૫. સમવેદના, ૬. સમક્રિયા તથા ૭. સમાયુષ્ક આ સાત દ્વારોનું પણ ૨૪ દંડકોમાં નિરૂપણ કરેલ છે. નૈરયિકાદિ જે જીવોમાં આહાર, શરીર અને શ્વાસોચ્છ્વાસની ભિન્નતા હોય છે. એનો પ્રમુખ કારણ એનાં શરીરનું નાનુ- મોટું થવું છે. ચૌવીસ જ દંડકોમાં આ સાત દ્વારોનું અધ્યયન વિભિન્ન જીવોની ભિન્ન-ભિન્ન વિશેષતાઓને જાણવા માટે અત્યંત ઉપયોગી છે.

૧. સ્થિતિ, ૨. અવગાહના, ૩. શરીર, ૪. સંહનન, ૫. સંસ્થાન, ૬. લેશ્યા, ૭. દૃષ્ટિ, ૮. જ્ઞાન , ૯. યોગ અને ૧૦. ઉપયોગ આ દસ સ્થાન અથવા દ્વારથી ૨૪ દંડકોમાં ક્રોધોપયુક્ત આદિ ભાંગાની પ્રરુપણાનું અધ્યયન પણ જીવોના સંબંધમાં વિશેષ જાણકારી માટે ઉપયોગી છે. આના સિવાય પ્રસ્તુત અધ્યયનમાં ૨૪ દંડકોમાં અધ્યવસાય, સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્મિથ્યાત્વાભિગમિઓ, સારંભ અને સપરિગ્રહિઓ, સત્કાર-વિનયાદિ ભાવો, ઉદ્યોત અને અંધકાર, સમાયાદિનું પ્રજ્ઞાન, ગુરુત્વ-લઘુત્વાદિ- વિષયક વિચારો, ભવસિદ્ધિકત્વ, ઉપધિ અને પરિગ્રહ, વર્ણનિવૃત્તિ, કરણના ભેદો, ઉન્માદના ભેદો આદિ વિવિધ વિષયોનું વિશદ વિવેચન થયેલ છે. આ બધુ વિવરણ એક વિશેષ દૃષ્ટિ પ્રદાન કરે છે.

જીવોની સાથે કાયસ્થિતિનું વર્ણન પણ વિશેષ મહત્વ રાખે છે. એક જ પ્રકારની અવસ્થા જેટલા કાળ સુધી બની રહે છે તેને તેની કાયસ્થિતિ કહેવામાં આવે છે. આ અપેક્ષાએ જીવ સદાકાળ જીવ જ બની રહે છે. એકેન્દ્રિય જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેન્દ્રિયના રૂપમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી બની રહે છે. બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય જીવની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી હોય છે. નૈરયિકની કાયસ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમની કહી છે. તેમ જ મનુષ્યની પણ જાણવી. દેવોની કાયસ્થિતિ નારકની જેમ જઘન્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ જાણવી. સિદ્ધ જીવ સિદ્ધ રૂપમાં સાદિ અને અપર્યવસિત કાળ સુધી રહે છે. કાયસ્થિતિની પ્રરુપણા સકાયિક-અકાયિક, ત્રસ- સ્થાવર, પર્યાપ્તા- અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર, પરીત- અપરીત, ભવસિદ્ધિક- અભવસિદ્ધિક આદિના અનુસાર પણ કરેલ છે.

કાયસ્થિતિની સાથે અંતરકાળનું પણ સંબંધ છે. આ અધ્યયનમાં અંતરકાળનું પણ વિવેચન થયેલ છે. એકેન્દ્રિયનું અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. સિદ્ધ સાદી અપર્યવસિત હોય છે. માટે તેનો અંતરકાળ હોતો નથી. અંતરકાળથી તાત્પર્ય એ છે કે એક દંડકને છોડીને ફરીથી તે દંડકમાં જન્મ ગ્રહણ કરવાનો વચ્ચેનો કાળ - અંતરકાળનું પ્રસ્તુત અધ્યયનમાં વિવિધ વિવક્ષાઓથી વિવરણ કરેલ છે.

અલ્પ- બહુત્વની અપેક્ષાએ વિચાર કરીએ તો સિદ્ધ જીવ સર્વેથી અલ્પ છે. અસિદ્ધ કે સંસારી જીવ તેનાથી અનંત ગુણા છે. અહીં ખાસ જાણવાનું કે સિદ્ધ જીવ પણ અનંત હોય છે અને સંસારી જીવ પણ અનંત હોય છે. છતાં પણ તે સમાન સંખ્યામાં નથી, આમ તો સિદ્ધની અપેક્ષાએ સંસારી જીવ અનંતગુણા છે. એ દષ્ટિએ અનંત પણ અનંતગુણા થઈ શકે છે. દિશાની અપેક્ષાએ સર્વેથી અલ્પ જીવ પશ્ચિમ દિશામાં છે અને ઉત્તર દિશામાં સૌથી અધિક છે. પૃથ્વીકાયિક આદિ બધા જીવોનું અલ્પ-બહુત્વ વિભિન્ન દિશાઓની અપેક્ષાએ આ અધ્યયનમાં કરવામાં આવેલ છે. સમસ્ત સંસારી જીવોમાં સર્વેથી અલ્પ ગર્ભજ મનુષ્ય છે. તથા વનસ્પતિકાયના જીવ સર્વેથી અધિક છે. અલ્પ- બહુત્વનો પણ આ અધ્યયનમાં વિભિન્ન દષ્ટિઓથી વિસ્તાર થયેલ છે. યોગની અપેક્ષાએ, ક્ષેત્રની અપેક્ષાએ, ઉર્ધ્વલોક, અધોલોક, તિર્ચ્છાલોક અને ત્રૈલોક્યની અપેક્ષાએ પણ અલ્પ બહુત્વનું વિવેચન કરેલ છે. સૂક્ષ્મ-બાદરની અપેક્ષાએ કહીએ તો સર્વેથી અલ્પ જીવ નોસૂક્ષ્મ - નોબાદર છે. તેનાથી બાદર જીવ અનંતગુણા છે અને તેનાથી સૂક્ષ્મ જીવ અસંખ્યાતગુણા છે. પર્યાપ્ત - અપર્યાપ્ત, સકાયિક - અકાયિક, ત્રસ-સ્થાવર, પરીત - અપરીત આદિ અપેક્ષાઓથી પણ અલ્પ બહુત્વની પ્રરુપણા કરેલ છે.

આ પ્રમાણે જીવ અધ્યયન જીવ સંબંધિત વિભિન્ન પક્ષોની વિશિષ્ટ આગમિક જાણકારીથી સંપન્ન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૭. जीवऽज्झयणं

सूत्र -

१. **जीवेणं आयभावेण जीवभाव उवदंसण परूवणं-**

प. जीवे णं भंते ! सउट्ठाणे सकम्मे सबले सवीरिए सपुरिसक्कारपरक्कमे आयभावेणं जीवभावं उवदंसेतीति वत्तव्वं सिया ?

उ. हंता, गोयमा ! जीवे णं सउट्ठाणे **-जाव-** परक्कमेणं आयभावेणं जीवभावं उवदंसेतीति वत्तव्वं सिया।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"सउट्ठाणे **-जाव-** परक्कमेणं आयभावेणं जीव भावं उवदंसेतीति वत्तव्वं सिया ?"

उ. गोयमा ! जीवे णं अणंताणं आभिणिबोहियणाण-पज्जवाणं सुयनाणपज्जवाणं, ओहिनाणपज्जवाणं, मणपज्जवनाणपज्जवाणं, केवलनाणपज्जवाणं,

मइअण्णापज्जवाणं, सुयअण्णाणपज्जवाणं, विभंगणाणपज्जवाणं,

चक्खुदंसणपज्जवाणं, अचक्खुदंसणपज्जवाणं, ओहिदंसणपज्जवाणं, केवलदंसणपज्जवाणं उवओगं गच्छइ,

उवओगलक्खणे णं जीवे।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवे णं सउट्ठाणे **-जाव-** परक्कमे णं आयभावेणं जीवभावं उवदंसतीति वत्तव्वं सिया।"

- विया.स.२, उ. १०, सु. ९ (१-२)

२. **जीवाणं तिकालवत्तित्त परूवणं -**

प. एस णं भंते ! जीवे तीयमणंतं सासयं समयं "भुवि" इति वत्तव्वं सिया ?

उ. हंता, गोयमा ! एस णं जीवे तीयमणंतं सासयं समयं "भुवि" इति वत्तव्वं सिया।

प. एस णं भंते ! जीवे पडुप्पन्नं सासयं समयं "भवइ" इति वत्तव्वं सिया ?

उ. हंता, गोयमा ! **तं चेव उच्चारेयव्वं।**

# ૭. જીવ અધ્યયન

સૂત્ર :

૧. **જીવ દ્વારા આત્મભાવથી જીવભાવનાં ઉપદર્શનનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષકાર પરાક્રમવાળા જીવ આત્મભાવથી જીવભાવ (ચૈતન્ય) ને દર્શાવે છે, એવું કહી શકાય ?

ઉ. હા, ગૌતમ ! ઉત્થાન **-યાવત્-** પરાક્રમવાળા આત્મભાવથી જીવભાવને દર્શાવે છે, એવું કહી શકાય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ઉત્થાન **-યાવત્-** પરાક્રમવાળા આત્મભાવથી જીવભાવને દર્શાવે છે, એવું કહી શકાય છે?"

ઉ. ગૌતમ ! જીવ આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની અનંત પર્યાયોના તથા -

મતિ - અજ્ઞાન, શ્રુત- અજ્ઞાન, વિભંગ-જ્ઞાનના અનંત પર્યાયોના,

અને ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનનાં અનંત પર્યાયોના ઉપયોગને પ્રાપ્ત કરે છે, કારણ કે -

જીવનું લક્ષણ ઉપયોગ છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"ઉત્થાન **-યાવત્-** પરાક્રમવાળા આત્મભાવથી જીવભાવ (ચૈતન્ય) ને દર્શાવે છે, એવું કહી શકાય છે."

૨. **જીવોના ત્રિકાળવર્તિત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું તે જીવ અતીત, અનંત શાશ્વતકાળ માં હતા, એવું કહી શકાય છે ?

ઉ. હા ગૌતમ ! (દ્રવ્યની અપેક્ષા) તે જીવ અતીત, અનંત શાશ્વતકાળમાં હતા, એવું કહી શકાય છે.

પ્ર. ભંતે ! શું તે જીવ વર્તમાન શાશ્વતકાળમાં છે, એવું કહી શકાય છે ?

ઉ. હા ગૌતમ ! તે જીવ વર્તમાનકાળમાં છે, એવું પૂર્વવત્ કહી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एस णं भंते ! जीवे अणागयमणंतं सासयं समयं "भविस्सइ" इति वत्तव्वं सिया ?

उ. हंता, गोयमा ! ***तं चेव उच्चारेयव्वं।***

- विया. स. १, उ. ४, सु. ११

પ્ર. ભંતે ! શું તે જીવ અનંત શાશ્વત ભવિષ્યકાળ માં રહેશે, એવું કહી શકાય છે ?

ઉ. હા ગૌતમ ! (તે જીવ અનંત શાશ્વત ભવિષ્ય-કાળમાં રહેશે એવું) ***પૂર્વવત્ કહી શકાય છે.***

**३. जीवाणं बोहसण्णया दुविहत्तं-**

सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं -

इहमेगेसिं णो सण्णा भवइ, तं जहा-

पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि,

दाहिणाओ वा दिसाओ आगओ अहमंसि,

पच्चत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि,

उत्तराओ वा दिसाओ आगओ अहमंसि,

उड्ढाओ वा दिसाओ आगओ अहमंसि,

अहाओ दिसाओ वा आगओ अहमंसि,

अन्नयरीओ दिसाओ वा अणुदिसाओ वा आगओ अहमंसि।

एवमेगेसिं णो णायं भवइ-

अत्थि मे आया उववाइए,

णत्थि मे आया उववाइए,

के अहं आसी ?

के वा इओ चुओ पेच्चा भविस्सामि।

सेज्जं पुण जाणेज्जा-सहसम्मुइयाए, परवागरणेणं, अण्णेसिं वा अंतिए सोच्चा, तं जहा-

पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि **एवं** दक्खिणाओ वा, पच्चत्थिमाओ वा, उत्तराओ वा, उड्ढाओ वा, अहाओ वा, अन्नयरीओ दिसाओ वा अणुदिसाओ वा आगओ अहमंसि।

एवमेगेसिं जं णायं भवइ-अत्थि मे आया उववाइए, जो इमाओ दिसाओ वा अणुदिसाओ वा अणुसंचरइ, सव्वाओ दिसाओ सव्वाओ अणुदिसाओ जो आगओ अणुसंचरइ सोऽहं।

से आयावाई लोगावाई कम्मावाई किरियावाई।

- आया. सु. १, अ. १, सु. १-३

**૩. જીવોની બોધ સંજ્ઞાના બે પ્રકાર :**

હે આયુષ્મન્ ! મે સાંભળ્યું છે, તે ભગવાને (મહાવીર સ્વામી) કહ્યું છે - અહિંયા (આ) સંસારમાં કેટલાક જીવોને આ સંજ્ઞા (જ્ઞાન) નથી હોતી, તે આ પ્રમાણે છે-

હું પૂર્વ દિશાથી આવ્યો છું,

અથવા દક્ષિણ દિશાથી આવ્યો છું,

અથવા પશ્ચિમ દિશાથી આવ્યો છું,

અથવા ઉત્તર દિશાથી આવ્યો છું,

અથવા ઉર્ધ્વ દિશાથી આવ્યો છું,

અથવા અધો દિશાથી આવ્યો છું,

અથવા કોઈ અન્ય દિશાથી અથવા અનુદિશા (વિદિશા)થી આવ્યો છું.

આ પ્રમાણે કેટલાક પ્રાણિયોને આ પણ જ્ઞાન નથી હોતું-

મારો આત્મા જન્મ ધારણ કરવાવાળો છે, અથવા

મારો આત્મા જન્મ ધારણ કરવાવાળો નથી.

હું (પૂર્વ જન્મમાં) કોણ છું ?

હું અહિંયાથી મરીને (આયુષ્ય પૂર્ણ કરીને) આગળનાં જન્મમાં શું બનીશ ?

કેટલાક પ્રાણી પોતાના સ્વમતિથી, બીજાના કહેવાથી અથવા બીજા દ્વારા સાંભળવાથી તે જાણી લે છે, તે આ પ્રમાણે છે.

હું પૂર્વ દિશાથી આવ્યો છું **તે પ્રમાણે** દક્ષિણ દિશાથી, પશ્ચિમ દિશાથી, ઉત્તર દિશાથી, ઉર્ધ્વ દિશાથી, અધોદિશાથી અથવા અન્ય કોઈ દિશા અથવા વિદિશાથી આવ્યો છું.

કેટલાક પ્રાણીઓને તે પણ જ્ઞાન હોય છે કે - મારો આત્મા ભવાન્તરમાં અનુસંચરણ કરવાવાળો છે, જે આ દિશાઓ અને અનુદિશાઓ માં કર્માનુસાર પરિભ્રમણ કરે છે. જે આ બધી દિશાઓ અને વિદિશાઓ માં આવાગમન કરે છે, તે હું (આત્મા) છું.

જે એવું જાણે છે તે આત્માવાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४. दिट्ठंतपुव्वं लोगपएसा जीवस्स जम्म-मरणेणं पुट्ठत्त परूवणं-**

प. एयंसि णं भंते ! एमहालयंसि लोगंसि अत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे जत्थ णं अयं जीवे न जाए वा, न मए वा वि ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठे णं भंते ! एवं वुच्चइ-

'एयंसि णं एमहालयंसि लोगंसि नत्थि केइ परमाणु पोग्गलमेत्ते वि पएसे जत्थ णं अयं जीवे न जाए वा न मए वा वि ?

उ. गोयमा ! से जहानामए केइ पुरिसे अयासयस्स एगं महं अयावयं करेज्जा,

से णं तत्थ जहन्नेणं एक्कं वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं अयासहस्सं पक्खिवेज्जा,

ताओ णं तत्थ पउरगोयराओ, पउरपाणियाओ,

जहन्नेणं एगाहं वा, दुयाहं वा, तियाहं वा उक्कोसेणं छम्मासे परिवसेज्जा,

अत्थि णं गोयमा ! तस्स अयावयस्स केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे जे णं तासिं अयाणं उच्चारेण वा, पासवणेण वा, खेलेण वा, सिंघाणएण वा, वंतेण वा, पित्तेण वा, पूएण वा, सुक्केण वा, सोणिएण वा, चम्मेहि वा, रोमेहि वा, सिंगेहि वा, खुरेहि वा, नहेहिं वा अणोक्कंतपुव्वे भवइ ? णो इणट्ठे समट्ठे,

होज्जा वि णं गोयमा ! तस्स अयावयस्स केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे जे णं तासिं अयाणं उच्चारेण वा **-जाव-** नहेहिं वा अणोक्कंतपुव्वे,

नो चेव णं एयंसि एमहालयंसि लोगंसि लोगस्स य सासयभावं संसारस्स य अणादिभावं जीवस्स य निच्चभावं कम्मबहुत्तं जम्मण मरणाबाहुल्लं च पडुच्च नत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे जत्थ णं अयं जीवे न जाए वा, न मए वा वि।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

**૪. દૃષ્ટાંત પૂર્વક લોકના પ્રદેશમાં જીવના જન્મ મરણ દ્વારા સ્પર્શત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! આટલા મોટા લોકમાં શું કોઈ પરમાણુ પુદ્દગલ જેટલા પણ આકાશપ્રદેશ એવા છે, જ્યાં આ જીવે જન્મ મરણ ન કર્યા હોય ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"આટલા મોટા લોકમાં પરમાણુ પુદ્દગલ જેટલા કોઈ પણ આકાશ પ્રદેશ એવા નથી, જ્યાં આ જીવે જન્મ-મરણ ન કર્યા હોય ?"

ઉ. ગૌતમ ! જેમ કોઈ પુરુષ સો બકરિયો માટે એક મોટો બકરીયોનો વાડો બનાવે.

એમાં તે એક બે અથવા ત્રણ અને વધારેમાં વધારે એક હજાર બકરિયોને રાખે.

ત્યાં તેમના માટે ઘાસ-ચારો ચરવાની વિશાળ જગ્યા અને પાણીની વ્યવસ્થા હોય.

જો તે બકરિયો ત્યાં ઓછામાં ઓછી એક, બે કે ત્રણ દિવસ અને વધારેમાં વધારે છ મહિના સુધી રહે તો-

હે ગૌતમ ! શું તે બકરિયોનો વાડામાં કોઈપણ પરમાણુ પુદ્દગલ જેટલા પ્રદેશ એવી રીતે રહી શકે છે જો તે બકરિયોના મલ, મૂત્ર, શ્લેષ્મ (કફ) નાકનો મેલ (સેડા), ઉલટી, પિત્ત, શુક્ર, રુધિર, ચર્મ, રોમ, સીંગ, ખૂર (પગની ખરી) અને નખોથી સ્પર્શીત ન થયા હોય ? (ગૌતમ ! ભંતે !) આ અર્થ સમર્થ નથી,

(ભગવાને કહ્યું) હે ગૌતમ ! ક્યારેક તે વાડામાં કોઈ એક પરમાણુ પુદ્દગલ જેટલા પ્રદેશ પણ રહી શકે છે જે તે બકરિયોના મળ, મૂત્ર **-યાવત્-** નખોથી સ્પર્શિત ન થયો હોય ?

પણ આટલા મોટા આ લોકમાં લોકના શાશ્વતભાવની દૃષ્ટિથી સંસારના અનાદિ હોવાના કારણે જીવની નિત્યતા, કર્મ-બહુલતા તથા જન્મ-મરણની બહુલતાની અપેક્ષાએ કોઈ પરમાણુ પુદ્દગલ જેટલા પ્રદેશ પણ એવા નથી જ્યાં આ જીવે જન્મ - મરણ નહી કર્યા હોય.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'एयंसि णं एमहालयंसि लोगंसि नत्थि केइ परमाणुपोग्गलमेत्ते वि पएसे जत्थ णं अयं जीवे न जाए वा, न मए वा वि।'

- विया. स. १२, उ. ७, सु. ३

"આટલા મોટા લોકમાં પરમાણુ પુદ્‌ગલ જેટલા કોઈપણ આકાશ પ્રદેશ એવા નથી, જ્યાં આ જીવના જન્મ-મરણ ન થયા હોય."

५. **संसार परिब्भमणस्स णव ठाणाणि-**

जीवाणं णवहिं ठाणेहिं संसारवत्तिंसु वा, वत्तंति वा, वत्तिस्संति वा, तं जहा-

१. पुढविकाइयत्ताए, २. आउकाइयत्ताए,
३. तेउकाइयत्ताए, ४. वाउकाइयत्ताए,
५. वणस्सइकाइयत्ताए, ६. बेइंदियत्ताए,
७. तेइंदियत्ताए, ८. चउरिंदियत्ताए,
९. पंचिंदियत्ताए,

- ठाणं अ. ९ सु. ६६६

૫. **સંસાર પરિભ્રમણના નવ સ્થાન :**

જીવો એ નવ સ્થાનોથી સંસારમાં પરિભ્રમણ કર્યા હતા, કરે છે અને કરશે, તે આ પ્રમાણે છે -

(૧) પૃથ્વીકાયના રૂપમાં, (૨) અપ્કાયના રૂપમાં,
(૩) તેજસ્કાયના રૂપમાં, (૪) વાયુકાયના રૂપમાં,
(૫) વનસ્પતિકાયના રૂપમાં, (૬) બેઈન્દ્રિયના રૂપમાં,
(૭) તેઈન્દ્રિયના રૂપમાં, (૮) ચઉરિન્દ્રિયના રૂપમાં,
(૯) પંચેન્દ્રિયના રૂપમાં.

६. **छट्ठाणेसु जीवाणं असामत्थ परूवणं -**

छहिं ठाणेहिं सव्वजीवाणं णत्थि इड्ढी इ वा, जुइ इ वा, जसे इ वा, बले इ वा, वीरिए इ वा, पुरिसक्कार परक्कमे इ वा, तं जहा-

१. जीवं वा अजीवं करणयाए,
२. अजीवं वा जीवं करणयाए,
३. एगसमएणं वा दो भासाओ भासित्तए,
४. सयं कडं वा कम्मं वेदेमि वा, मा वा वेदेमि,
५. परमाणुपोग्गलं वा छिंदित्तए वा, भिंदित्तए वा, अगणिकाएण वा समोदहित्तए,
६. बहिया वा लोगंता गमणयाए।

- ठाणं. अ. ६, सु. ४७९

૬. **છ સ્થાનોમાં જીવોના અસામર્થ્યનું પ્રરૂપણ :**

જીવોમાં આ છ કાર્યો કરવાની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરૂષકાર-પરાક્રમ નથી હોતા, તે આ પ્રમાણે છે -

(૧) જીવને અજીવમાં પરિણત કરવાની,
(૨) અજીવને જીવમાં પરિણત કરવાની,
(૩) એક સમયમાં બે ભાષા બોલવાની,
(૪) પોતાના દ્વારા કરેલા કર્મોનું વેદન કરૂં અથવા નહી કરૂં આ ભાવની,
(૫) પરમાણુ પુદ્‌ગલના છેદન ભેદન કરવું અને તેને અગ્નિકાયમાં બાળવાની,
(૬) લોકાન્તથી બાહર જવાની.

७. **जीवदव्वाणं अणंतत्त परूवणं-**

प. जीवदव्वा णं भंते ! किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवदव्वा णं, नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ?"

૭. **જીવ દ્રવ્યોના અનન્તત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું જીવ દ્રવ્ય સંખ્યાત છે. અસંખ્યાત છે અથવા અનંત છે ?

ઉ. ગૌતમ ! જીવદ્રવ્ય સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પણ અનંત છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવદ્રવ્ય સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પણ અનંત છે?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा! असंखेज्जा णेरइया, असंखेज्जा असुरकुमारा **-जाव-** असंखेज्जा थणियकुमारा, असंखेज्जा पुढविकाइया **-जाव-** असंखेज्जा वाउकाइया, अणंता वणस्सइकाइया,

असंखेज्जा बेइन्दिया, असंखेज्जा तेइंदिया, असंखेज्जा चउरिंदिया, असंखेज्जा पंचेन्दियतिरिक्खजोणिया,

असंखेज्जा मणूसा, असंखेज्जा वाणमंतरिया, असंखेज्जा जोइसिया, असंखेज्जा वेमाणिया, अणंता सिद्धा,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवदव्वा णं नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।"[1] - अणु. सु. ४०४

ઉ. ગૌતમ ! અસંખ્યાત નારક છે, અસંખ્યાત અસુરકુમાર **-યાવત્-** અસંખ્યાત સ્તનિતકુમાર દેવ છે, અસંખ્યાત પૃથ્વીકાયિક જીવ છે **-યાવત્-** અસંખ્યાત વાયુકાયિક જીવ છે, અનંત વનસ્પતિકાયિક જીવ છે.

અસંખ્યાત બેઈન્દ્રિય છે, અસંખ્યાત તેઈન્દ્રિય છે, અસંખ્યાત ચઉરિન્દ્રિય છે, અસંખ્યાત પંચેન્દ્રિયતિર્યંચયોનિક છે.

અસંખ્યાત મનુષ્ય છે, અસંખ્યાત વાણવ્યંતરદેવ છે, અસંખ્યાત જ્યોતિષ્ક દેવ છે, અસંખ્યાત વૈમાનિકદેવ છે અને અનંત સિદ્ધ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જીવદ્રવ્ય સંખ્યાત નથી, અસંખ્યાત પણ નથી પણ અનંત છે."

**८. खुड्ड पाणाणं छव्विहत्तं-**

छव्विहा खुड्डा पाणा पण्णत्ता, तं जहा-

१. बेइंदिया, २. तेइंदिया, ३. चउरिंदिया,

४. संमुच्छिमपंचेन्दियतिरिक्खजोणिया,[2]

५. तेउकाइया, ६. वाउकाइया।

- ठाणं अ. ६. सु. ५१३

**૮. ક્ષુદ્ર પ્રાણિયોના છ પ્રકાર :**

ક્ષુદ્ર પ્રાણી છ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે.

૧. બેઈન્દ્રિય, ૨. તેઈન્દ્રિય, ૩. ચઉરિન્દ્રિય, ૪. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચયોનિક, ૫. તેઉકાયિક, ૬. વાયુકાયિક.

**९. हत्थिस्स य कुंथुस्स य सम जीव पएसत्त परूवणं-**

प. से नूणं भंते ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे ?

उ. हंता, गोयमा ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे।

प. कम्हाणं भंते ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे ?

उ. गोयमा ! से जहाणामए कूडागारसाला सिया **-जाव-** गंभीरा, अह णं केइ पुरिसे जोइं व दीवे व गहाय तं कूडागारसालं अंतो-अंतो अणुपविसइ, तीसे कूडागारसालाए सव्वओ समंता घणनिचिय निरंतर निच्छिड्डाइं दुवार-वयणाइं पिहेइ पिहेत्ता तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए तं पईवं पलीवेज्जा।

**૯. હાથી અને કુંથુના સમજીવ પ્રદેશત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું વાસ્તવમાં હાથી અને કંથવાઓના જીવ સમાન છે ?

ઉ. હા ગૌતમ ! હાથી અને કંથવાઓ ના જીવ સમાન છે.

પ્ર. ભંતે ! હાથી અને કંથવાના જીવ સમાન કેવી રીતે હોય છે ?

ઉ. ગૌતમ ! જેમ કોઈ કૂટાગારશાળા હોય, જે **-યાવત્-** વિશાળ અને ગંભીર હોય અને કોઈ એક પુરૂષ તે કૂટાગારશાળામાં અગ્નિ અને દીપકની સાથે ઘુસીને તેના ઠીક વચ્ચેના ભાગમાં ઉભો રહી જાય. ત્યાર પછી તે કૂટાગારશાળાના બધા બારણાના દરવાજાઓ એવી રીતે વ્યવસ્થિત બંધ કરી દે કે જેથી કિંચિત્માત્ર પણ સાંધો કે છિદ્ર ન રહે, પછી તે કૂટાગારશાળાના વચ્ચોવચ તે દીપક પ્રકટાવે.

---

१. विया. स. २५, उ. २, सु. ३

२. ठाणं. अ. ४, उ. ४, सु. ३५१ (३)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तए णं से पईवे तं कूडागारसालं अंतो-अंतो ओभासइ, उज्जोवेइ, तवइ, पभासेइ नो चेव णं बाहिं। अह णं से पुरिसं तं पईवं इड्डुरएणं पिहेज्जा, तए णं से पईवे तं इड्डुरयं अंतो-अंतो ओभासेइ -जाव- पभासेइ, नो चेव णं इड्डुरगस्स बाहिं, नो चेव णं कूडागारसालं, नो चेव णं कूडागारसालाए बाहिं।

त्यारे પ્રકટાવવાથી આ દીપક તે કૂટાગારશાળાના અન્તવર્તી ભાગને પ્રકાશિત, ઉદ્યોતિત, તાપિત અને પ્રભાસિત કરે છે પરંતુ બાહરના ભાગને પ્રકાશિત નથી કરતા. હવે જો આ પુરૂષ તે દીપકને એક વિશાળ પટારામાં ઢાંકી દે તો દીપક કૂટાગારશાળાની જેમ તે પટારાના અંદરના ભાગને પ્રકાશિત **-યાવત્-** પ્રભાસિત કરશે, પણ પટારાના બાહરના ભાગને કૂટાગારશાળાને તેમજ એના બહારના ભાગને પ્રકાશિત નથી કરતા.

**एवं** गोकिलिंजेणं पच्छिपिंडएणं गंडमाणियाए आढएणं अद्धढएवं, पत्थएणं अद्धपत्थएणं कुलवेणं अद्धकुलवेणं चाउब्भाइयाए अट्ठभाइयाए सोलसियाए बत्तीसियाए चउसट्ठियाए दीवचंपएणं पिहेज्जा। तए णं से पईवे दीवचंपगस्स अंतो-अंतो ओभासेइ -जाव- पभासइ, नो चेव णं दीवचंपगस्स बाहिं, नो चेव णं चउसट्ठियाए बाहिं, नो चेव कूडागारसालं, नो चेव णं कूडागारसालाए बाहिं।

**આ પ્રમાણે** ગોકિલિંજ (ગાયોને ખાણ આપવાનો વાંસનો સુંડલો) પચ્છિકાપિટક (પટારો) ગંડમાણિકા (અનાજને માપવાનું વાસણ) આઢક (ચાર શેર અનાજ માંપવાનું વાસણ) અર્ધાઢક, પ્રસ્થક, અર્ધપ્રસ્થક, કુલવ, અર્ધકુલવ, ચતુર્ભાગિકા, અષ્ટભાગિકા, ષોડશિકા, દ્વાત્રિંશતિકા, ચતુષ્ષષ્ટિકા અને દીપચમ્પક (દીપકનું ઢાંકણું)થી ઢાંકે તો આ દીપક તે ઢાંકણાની અંદરના ભાગને પણ પ્રકાશિત **-યાવત્-** પ્રભાસિત કરશે પણ ઢાંકણાના બાહરના ભાગને પ્રકાશિત કરશે નહીં તથા ન ચતુષ્ષષ્ટિકાના બાહરના ભાગને, ન કૂટાગાર-શાળાને, ન કૂટાગારશાળાના બહારના ભાગને પ્રકાશિત કરશે.

एवामेव गोयमा ! जीवे वि जं जारिसयं पुव्वकम्मनिबद्धं बोधिं निव्वत्तेइ तं असंखेज्जेहिं जीवपएसेहिं सचित्तं करेइ खुड्डियं वा महालियं वा।

આ પ્રમાણે ગૌતમ ! પૂર્વભવોપાર્જીત કર્મના નિમિત્તથી જીવ ને ક્ષુદ્ર (નાના) અથવા મહત્ (મોટા) જેવી રીતે શરીરની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે આત્મપ્રદેશો ને સંકુચિત અને વિસ્તૃત કરવાના સ્વભાવના કારણે આ શરીરને પોતાના અસંખ્યાત આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे।"

- विया. स. ७, उ. ८, सु.२

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"હાથી અને કંથવાના જીવ સમાન પ્રદેશવાળા છે."

## १०. जीवपएसेसु सत्थपओगाभाव परूवणं-

प. अह भंते ! कुम्मे कुम्मावलिया, गोहे गोहावलिया, गोणे गोणावलिया, मणुस्से मणुस्सावलिया, महिसे महिसावलिया, एएसि णं दुहा वा, तिहा वा, संखेज्जहा वा, छिन्नाणं जे अंतरा ते वि णं तेहिं जीवपएसेहिं फुडा ?

उ. हंता, गोयमा ! फुडा।

## ૧૦. જીવ પ્રદેશોમાં શસ્ત્ર પ્રયોગાભાવનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! કાચબો, કાચબાઓ (કાચબાઓની પંક્તિ) ચન્દનઘો, ચન્દનઘોની પંક્તિ (ગોધાવલિકા) ગાય, ગાયોની પંક્તિ, મનુષ્ય, મનુષ્યોની પંક્તિ, ભેંસ, ભેસોંની પંક્તિ આ બધાને બે, ત્રણ અથવા સંખ્યાત ટુકડા કરવામાં આવે તો તેની વચ્ચેના ભાગ (અન્તર) શું જીવ પ્રદેશોને સ્પર્શે છે ?

ઉ. હા ગૌતમ ! આ (વચ્ચેના ભાગ જીવ પ્રદેશોથી) સ્પર્શે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. पुरिसे णं भंते ! ते अंतरे हत्थेण वा, पाएण वा, अंगुलियाए वा, सलागाए वा, कट्ठेण वा, किलिंचेण वा, आमुसमाणे वा, सम्मुसमाणे वा, आलिहमाणे वा, विलिहमाणे वा, अन्नयरेण वा तिक्खेणं सत्थजाएणं आच्छिदेमाणे वा, विच्छिदेमाणे वा, अगणिकाएणं वा समोडहमाणे तेसिं जीवपएसाणं किंचि आबाहं वा, वाबाहं वा, उप्पाएइ ? छविच्छेदं वा करेइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं संकमइ।

- विया. स. ८. उ. ३, सु. ६

प्र. ભંતે ! કોઈ પુરૂષ (તે કાચબા આદિના ખંડોના વચ્ચે ના ભાગને) હાથથી, પગથી, આંગળાથી, શલાકા (શળી)થી, કાષ્ઠથી યા લાકડીના નાના ટુકડાથી થોડો સ્પર્શ કરે, વિશેષ સ્પર્શ કરે, થોડુ ખેંચે અથવા વધારે ખેંચે અથવા કોઈ તીક્ષ્ણ શસ્ત્રો દ્વારા થોડા છેદે અથવા વધારે છેદે અથવા અગ્નિકાયથી તેને બાળે તો શું તે જીવપ્રદેશોની થોડી અથવા વિશેષ પીડા ઉત્પન્ન થાય છે અથવા તેના કોઈપણ અંગનું છેદન થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી (અર્થાત્ થોડી પણ પીડા નહીં પહોંચાડી શકે અને ન છેદન-ભેદન કરી શકે) કેમકે- તે જીવ પ્રદેશો ઉપર શસ્ત્ર (આદિ)નો પ્રભાવ થતો નથી.

**११. ओदणाइ जीवाणं पुव्वपच्छा भाव पण्णवणया सरीर परूवणं-**

प. अह णं भंते ! ओदणे, कुम्मासे, सुरा एए णं किं सरीरा ति वत्तव्वयं सिया ?

उ. गोयमा ! ओदणे, कुम्मासे, सुराए य जे घणे दव्वे एए णं पुव्वभावपण्णवणं पडुच्च वणस्सइजीवसरीरा, तओ पच्छा सत्थातीया, सत्थपरिणामिया अगणिज्झामिया अगणिज्झुसिया अगणिपरिणामिया अगणिजीवसरीरा त्ति वत्तव्वं सिया।

सुराए य जे दव्वे एए णं पुव्वभाव पण्णवणं पडुच्च आउजीवसरीरा, तओ पच्छा सत्थातीया **-जाव-** अगणिसरीरा त्ति वत्तव्वं सिया॥

- विया. स. ५, उ. २, सु. १४

**૧૧. ઓદન આદિ જીવોની પૂર્વ પશ્ચાત્ ભાવ પ્રજ્ઞાપનાથી શરીરની પ્રરૂપણા :**

પ્ર. ભંતે ! ભાત, અડદ, મદિરા આ ત્રણે દ્રવ્યોને ક્યા જીવોના શરીર કહેવા જોઈએ ?

ઉ. ગૌતમ ! ભાત, અડદ અને મદિરામાં જે ગાઢ દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાથી વનસ્પતિ જીવના શરીર છે. એના પછી જ્યારે તે ભાત આદિ દ્રવ્ય શસ્ત્રાતીત થઈ જાય છે, શસ્ત્ર પરિણત થઈ જાય છે, અગ્નિથી બળેલો, અગ્નિથી સેવાયેલ (અગ્નિસેવિત) અને અગ્નિરૂપે પરિણામ પમાડેલ થઈ જાય છે, ત્યારે તે દ્રવ્ય અગ્નિના શરીરવાળા થઈ જાય છે.

મદિરામાં. જો તરલ દ્રવ્ય (પદાર્થ) છે તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ અપ્કાયિક જીવોના શરીર છે, ત્યાર પછી શસ્ત્રાતીત **-યાવત્-** (અગ્નિ પરિણમિત થઈ જાય છે) ત્યારે તે અગ્નિકાય શરીર કહી શકાય છે.

**१२. अयाइ जीवाणं सरीर परूवणं-**

प. अह णं भंते ! अये, तंबे, तउए, सीसए, उवले, कसट्टिया एए णं किं सरीरा ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! अए, तंबे, तउए, सीसए, उवले, कसट्टिया एए णं पुव्वभावपण्णवणं पडुच्च पुढविजीवसरीरा,

**૧૨. લોખંડ આદિના જીવોના શરીરનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! લોખંડ, તાંબુ, કલઈ, સીસુ,ઉપલ, પત્થર અને કસોટીનો પત્થર આ બધાં દ્રવ્ય ક્યા જીવોના શરીર કહેવાય છે ?

ઉ. ગૌતમ ! લોખંડ, તાંબુ, કલઈ, સીસુ, ઉપલ અને લોખંડનો કાટ આ બધાં દ્રવ્ય પૂર્વ પ્રજ્ઞાપનાની અપેક્ષાથી પૃથ્વીકાયિક જીવોના શરીર કહી શકાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तओ पच्छा सत्थातीया -जाव- अगणिपरिणामिया अगणिजीवसरीरा त्ति वत्तव्वं सिया।

- विया. स. ५, उ. २, सु.१५

અને તેના પછી શસ્ત્રાતીત **-યાવત્-** અગ્નિ પરિણમિત થવાથી આ અગ્નિકાયિક જીવોના શરીર કહી શકાય છે.

## १३. अट्ठिचम्माईणं जीवाणं सरीर परूवणं-

प. अह णं भंते ! अट्ठी अट्ठिज्झामे, चम्मे चम्मज्झामे, रोमे रोमज्झामे, सिंगे सिंगज्झामे, खुरे खुरज्झामे, नखे नखज्झामे, एए णं किं सरीरा ति वत्तव्वं सिया ?

उ. गोयमा ! अट्ठी, चम्मे, रोमे, सिंगे, खुरे, नहे, एए णं तसपाण जीवसरीरा अट्ठिज्झामे, चम्मज्झामे, रोमज्झामे, सिंगज्झामे, खुरज्झामे, नखज्झामे एएणं पुव्वभावपण्णवणं पडुच्च तसपाणजीवसरीरा तओ पच्छा सत्थातीया **-जाव-** अगणिजीवसरीरा ति वत्तव्वं सिया।

- विया. स. ५, उ. २, सु. १६

## ૧૩. હાડકા, ચામડી આદિના જીવોના શરીરનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! હાડકા, અગ્નિપ્રજ્વલિત હાડકા, ચામડા, અગ્નિપ્રજ્વલિત ચામડુ, રોમ, અગ્નિ પ્રજ્વલિત રોમ, સીંગડા, અગ્નિપ્રજ્વલિત સીંગડા, પગની ખરી, અગ્નિપ્રજ્વલિત પગની ખરી, નખ, અગ્નિપ્રજ્વલિત નખ, આ બધા ક્યા જીવોનાં શરીર કહેવાય છે ?

ઉ. ગૌતમ ! હાડકા, ચામડું, રોમ, સીંગડા, પગની ખરી અને નખ, આ બધા ત્રસજીવોનાં શરીર કહી શકાય છે. અગ્નિપ્રજ્વલિત હાડકું, ચામડું, રોમ, સીંગડા અને નખ, આ બધા પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાથી તો ત્રસજીવોના શરીર છે પરંતુ તેના પછી શસ્ત્રાતીત **-યાવત્-** અગ્નિપરિણામિત થવાથી અગ્નિકાયિક જીવોના શરીર કહી શકાય છે.

## १४. इंगालाइ जीवाणं सरीर परूवणं-

प. अह णं भंते ! इंगाले, छारिए, भुसे, गोमए एएणं किं सरीराति वत्तव्वं सिया ?

उ. गोयमा ! इंगाले, छारिए, भुसे, गोमए एए णं पुव्वभावपण्णवणाए एगिंदियजीवसरीरप्पओग-परिणामिया वि **-जाव-** पंचिंदियजीवसरीर-प्पओग परिणामिया वि,

तओ पच्छा सत्थातीया -जाव- अगणिजीवसरीरा ति वत्तव्वं सिया।

- विया. स. ५, उ. २, सु. १७

## ૧૪. અંગારા આદિના જીવોના શરીરની પ્રરૂપણા :

પ્ર. ભંતે ! અંગારા, રાખ, ભુસું અને છાણ આ સર્વેને ક્યા જીવોના શરીર કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! અંગારા, રાખ, ભૂસું અને છાણ, આ બધા પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાથી એકેન્દ્રિય જીવો દ્વારા પોતાના શરીર રૂપ પ્રયોગોથી (પોતાના વ્યાપારથી) પોતાની સાથે પરિણામિત એકેન્દ્રિય શરીરથી પંચેન્દ્રિય જીવો સુધીના શરીર પણ કહી શકાય છે.

ત્યારપછી શસ્ત્રાતીત **-યાવત્-** અગ્નિકાય પરિણામિત થઈ જવાથી તે અગ્નિકાયિક જીવોના શરીર કહી શકાય છે.

## १५. चंद दिट्ठंतेण जीव गुणाणं वड्ढोऽवड्ढि परूवणं -

प. कहं णं भंते ! जीवा वड्ढंति वा हायंति वा ?

उ. गोयमा ! से जहाणामए बहुलपक्खस्स पाडिवयाचंदे पुण्णिमाचंदं पणिहाय हीणे वण्णेणं,

## ૧૫. ચંદ્રના દ્રષ્ટાંત દ્વારા જીવના ગુણોની વૃદ્ધિ- હાનિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! શા માટે જીવ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે અને શા માટે હાનિને પ્રાપ્ત થાય છે ?

ઉ. ગૌતમ ! જેવી રીતે કૃષ્ણપક્ષના એકમનો ચંદ્ર પૂર્ણિમાના ચંદ્રની અપેક્ષાએ વર્ણથી હીન હોય છે,

हीणे सोम्मयाए, हीणे निद्धयाए, हीणे कंतीए **एवं** दित्तीए जुत्तीए छायाए पभाए ओयाए लेस्साए मंडलेणं,

સૌમ્યતાથી હીન હોય છે, સ્નિગ્ધતાથી હીન હોય છે, કાન્તિથી હીન હોય છે, **આવી રીતે** દીપ્તિ (ચમક)થી, યુક્તિ (આકાશ મંડળની સાથે સંયોગ) થી, છાયા (પડછાયા)થી, પ્રભાથી, ઓજથી, લેશ્યાથી અને મંડળ (ગોળાઈ)થી હીન હોય છે,

तयाणंतरं च णं बीयाचंदे पाडिवयं चंदं पणिहाय हीणतराए वण्णेणं **-जाव-** मंडलेणं,

ત્યાર પછી કૃષ્ણપક્ષના બીજનો ચંદ્રમાં એકમનાં ચંદ્રમાંની અપેક્ષાએ વર્ણથી હીનતર હોય છે **-યાવત્-** મંડળથી પણ હીનતર હોય છે,

तयाणंतरं च णं तइयाचंदे बिइयाचंदे पणिहाय हीणतराए वण्णेणं **-जाव-** मंडलेणं,

ત્યારપછી ત્રીજનો ચંદ્ર બીજના ચંદ્રની અપેક્ષાએ વર્ણથી હીનતર હોય છે **-યાવત્-** મંડળથી પણ હીનતર હોય છે.

**एवं खलु एएणं कमेणं** परिहायमाणे-परिहायमाणे **-जाव-** अमावस्साचंदे चाउद्दसिचंदं पणिहाय नट्ठे वण्णेणं **-जाव-** नट्ठे मंडलेणं।

**આ પ્રમાણે આ ક્રમથી** હીન-હીન થતા-થતા **-યાવત્-** અમાવસ્યાનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષાએ વર્ણ **-યાવત્-** મંડળથી સર્વથા નષ્ટ હોય છે.

**एवामेव** समणाउसो ! जो अम्हं निग्गंथो वा निग्गंथी वा **-जाव-** पव्वइए समाणे हीणे खंतीए-**एवं** मुत्तीए गुत्तीए अज्जवेणं मद्दवेणं लाघवेणं सच्चेणं तवेणं चियाए अकिंचणयाए बंभचेरवासेणं तयाणंतरं च णं हीणे हीणतराए खंतीए **-जाव-** हीणे हीणतराए बंभचेरवासेणं खलु एएणं कमेणं परिहीयमाणे परिहीयमाणे णट्ठे खंतीए **-जाव-** णट्ठे बंभचेरवासेणं।

**આ પ્રમાણે** હે આયુષ્મન શ્રમણો ! જે અમારા સાધુ અથવા સાધ્વી **-યાવત્-** પ્રવ્રજીત થઈને ક્ષાન્તિ (ક્ષમા)થી હીન હોય છે, **આ પ્રમાણે** મુક્તિ (નિર્લોભતા), ગુપ્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યવાસથી હીન હીનતર હોય છે અને તેના પછી ક્ષાન્તિથી હીન **-યાવત્-** બ્રહ્મચર્યવાસથી હીન હીનતર થઈને એ પ્રમાણે આ ક્રમથી હીન હીનતર થતાં તેના ક્ષમા આદિ ગુણ **-યાવત્-** તેનું બ્રહ્મચર્યવાસ નષ્ટ થઈ જાય છે.

से जहा वा **सुक्कपक्खस्स** पाडिवयाचंदे अमावासाए चंदं पणिहाय अहिए वण्णेणं **-जाव-** अहिए मंडलेणं।

જેવી રીતે શુકલપક્ષની એકમનો ચંદ્ર અમાવસ્યાના ચંદ્રની અપેક્ષાએ વર્ણ **-યાવત્-** મંડળથી અધિક હોય છે.

तयाणंतरं च णं बिइयाचंदे पाडिवयाचंदे पणिहाय अहियतराए वण्णेणं **-जाव-** अहियतराए मंडलेणं।

ત્યારપછી બીજનો ચન્દ્ર એકમનાં ચંદ્રની અપેક્ષાએ વર્ણ મંડળથી **-યાવત્-** વધારેમાં વધારે હોય છે.

**एवं खलु एएणं कमेणं**-परिवुड्ढेमाणे **-जाव-** पुण्णिमाचंदे चाउद्दसिं चंदं पणिहाय पडिपुण्णे वण्णेणं **-जाव-** पडिपुण्णे मंडलेणं।

**આ પ્રમાણે આ ક્રમથી** આગળ વધતા **-યાવત્-** પૂર્ણિમાનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષાએ વર્ણ **-યાવત્-** મંડળથી પરિપૂર્ણ મંડળ થાય છે.

**एवामेव** समणाउसो ! जो अम्हे निग्गंथो वा निग्गंथी वा **-जाव-** पव्वइए समाणे अहिए खंतीए **-जाव-** बंभचेर वासेणं तयाणंतरं च णं अहियतराए खंतीए **-जाव-** बंभचेर वासेणं।

**આ પ્રમાણે** હે આયુષ્મન્ શ્રમણો ! જે અમારા સાધુ અથવા સાધ્વી પ્રવ્રજીત થઈને ક્ષમા **-યાવત્-** બ્રહ્મચર્યથી અધિક હોય છે, ત્યાર પછી ક્ષમા **-યાવત્-** બ્રહ્મચર્યવાસમાં વધારે વૃદ્ધિ કરતા જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवं खलु एएणं कमेणं**-परिवड्ढेमाणे परिवड्ढेमाणे खंतीए **-जाव-** पडिपुण्णे बंभचेरवासेणं,

**એ પ્રમાણે આ ક્રમથી** આગળ વધતા - વધતા ક્ષમા **-યાવત્-** બ્રહ્મચર્યવાસથી પરિપૂર્ણતાને પ્રાપ્ત થઈ જાય છે.

**एवं** खलु जीवा वड्ढंति वा हायंति वा।

**આ પ્રમાણે** જીવ વૃદ્ધિ અને હાનિને પ્રાપ્ત થાય છે.

- णाया. सु. १, अ. १०, सु. ४-६

**१६. वत्थस्स य जीवाण य साइ-सपज्जवसियाइ परूवणं -**

**૧૬. વસ્ત્ર અને જીવોની સાદિ સપર્યવસિતાદિનું પ્રરૂપણ :**

प. वत्थे णं भंते ! किं साइए सपज्जवसिए, साइए अपज्जवसिए, अणाइए सपज्जवसिए, अणाइए अपज्जवसिए ?

પ્ર. ભંતે ! શું વસ્ત્ર સાદિ - સાન્ત છે ? સાદિ - અનંત છે ? અનાદિ સાન્ત છે ? અથવા અનાદિ અનંત છે ?

उ. गोयमा ! वत्थे साइए सपज्जवसिए,

***अवसेसा तिण्णि वि पडिसेहेयव्वा।***

ઉ. ગૌતમ ! વસ્ત્ર સાદિ - સાન્ત છે.

***બાકીના ત્રણ ભાંગાનો (કપડામાં) નિષેધ કરવો જોઈએ.***

प. जहा णं भंते ! वत्थे साइए सपज्जवसिए, णो साइए अपज्जवसिए, णो अणाइए सपज्जवसिए, णो अणाइए अपज्जवसिए तहा णं जीवा किं साइया सपज्जवसिया **-जाव-** अणाइया अपज्जवसिया ?

પ્ર. ભંતે ! જેવી રીતે કપડા સાદિ - સાન્ત છે, સાદિ - અનંત નથી, અનાદિ - સાન્ત નથી અને અનાદિ અનંત નથી શું તેવી રીતે જીવ સાદિ - સાન્ત છે **-યાવત્-** અનાદિ - અનંત છે ?

उ. गोयमा ! अत्थेगइया साइया सपज्जवसिया **-जाव-** अत्थेगइया अणाइया अपज्जवसिया।

ઉ. ગૌતમ ! કેટલાક જીવ સાદિ સાન્ત છે **-યાવત્-** કેટલાક જીવ અનાદિ અનંત છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'अत्थेगइया साइया सपज्जवसिया **-जाव-** अत्थेगइया अणाइया अपज्जवसिया ?'

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જીવ સાદિ સાન્ત છે **-યાવત્-** કેટલાક જીવ અનાદિ અનંત છે ?"

उ. गोयमा ! नेरइया, तिरिक्खजोणिया, मणुस्सा, देवा गइरागइं पडुच्च साइया सपज्जवसिया,

ઉ. ગૌતમ ! નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવ ગતિ અને આગતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

सिद्धा गइं पडुच्च साइया अपज्जवसिया,

ગતિની અપેક્ષાએ સિદ્ધજીવ સાદિ અનન્ત છે,

भवसिद्धिया लद्धिं पडुच्च अणाइया सपज्जवसिया,

લબ્ધિની અપેક્ષાએ ભવસિદ્ધિક જીવ અનાદિ સાન્ત છે,

अभवसिद्धिया संसारं पडुच्च अणाइया अपज्जवसिया भवंति।

સંસારની અપેક્ષાએ અભવસિદ્ધિક જીવ અનાદિ અનંત છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अत्थेगइया साइया सपज्जवसिया **-जाव-** अत्थेगइया अणाइया अपज्जवसिया।"

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેટલાક જીવ સાદિ સાન્ત છે **-યાવત્-** કેટલાક જીવ અનાદિ અનંત છે."

- विया. स. ६, उ. ३, सु. ८-९

**१७. लोगे भवसिद्धिया जीवाणं न अभावो -**

**૧૭. લોકમાં ભવસિદ્ધિક જીવોનો અભાવ નથી :**

प. भवसिद्धियत्तणं भंते ! जीवाणं किं सभावओ, परिणामओ ?

પ્ર. ભંતે ! જીવોના ભવસિદ્ધિકત્વ સ્વાભાવિક છે કે પારિણામિક છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. जयंति ! सभावओ, नो परिणामओ।

प. सव्वे वि णं भंते ! भवसिद्धीया जीवा सिज्झिस्संति ?

उ. हंता, जयंती ! सव्वे वि णं भवसिद्धीया जीवा सिज्झस्संति।

प. जइ णं भंते ! सव्वे भवसिद्धीया जीवा सिज्झिस्संति तम्हा णं भवसिद्धीयविरहिए लोए भविस्सइ ?

उ. जयन्ती ! णो इणट्ठे समट्ठे।

प. से केणं खाइएणं अट्ठेणं भंते ! एवं वुच्चइ-
"सव्वे वि णं भवसिद्धीया जीवा सिज्झिस्संति नो चेव णं भवसिद्धीयविरहिए लोए भविस्सइ ?"

उ. जयंति ! से जहानामए सव्वागाससेढी सिया अणाईया अणवदग्गा परित्ता परिवुडा, सा णं परमाणुपोग्गलमेत्तेहिं खंडेहिं समए-समए अवहीरमाणी अवहीरमाणी अणंताहिं ओसप्पिणि-उस्सप्पिणीहिं अवहीरंति नो चेव णं अवहिया सिया।

से तेणट्ठेणं जयंति ! एवं वुच्चइ-
'सव्वे वि णं भवसिद्धीया जीवा सिज्झिस्संति नो चेव णं भवसिद्धीय विरहिए लोए भविस्सइ।"

- विया. स. १२, उ. २, सु. १५-१७

ઉ. જયન્તી ! તે સ્વાભાવિક છે, પારિણામિક નથી.

પ્ર. ભંતે ! બધા ભવસિદ્ધિક જીવ શું સિદ્ધ થઈ જાય છે ?

ઉ. હા, જયન્તી ! બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ થઈ જાય છે.

પ્ર. ભંતે ! જો બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ થઈ જાય છે તો શું લોક ભવસિદ્ધિક જીવોથી રહિત થઈ જશે ?

ઉ. જયન્તી ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ થશે તો પણ લોક ભવસિદ્ધિક જીવોથી રહિત ન થાય ?

ઉ. જયન્તી ! જેવી રીતે કોઈ સમ્પૂર્ણ આકાશની શ્રેણી હોય, જો અનાદિ અનંત હોય તે એક પ્રદેશી હોવાથી પરિણત અને (બાકીની શ્રેણિયો દ્વારા) વ્યાપ્ત હોય, તેમાંથી પ્રતિસમય એક-એક પરમાણુ પુદ્ગલ જેટલા કટકા કાઢી - કાઢી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી કાઢતા જઈએ તો પણ તે શ્રેણી અપહૃત (સમાપ્ત) થતી નથી.

આ પ્રમાણે હે જયન્તી ! એવું કહેવાય છે કે -
"બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ હશે તો પણ લોક ભવસિદ્ધિક જીવોથી રહિત નહી થાય."

## १८. जीव निव्वत्तीए भेयप्पभेय परूपणं-

प. कइविहा णं भंते ! जीवनिव्वत्ती पन्नत्ता ?

उ. गोयमा ! पंचविहा जीवनिव्वत्ती पन्नत्ता, तं जहा-

१. एगिंदियजीवनिव्वत्ती **-जाव-**

५. पंचिंदियजीवनिव्वत्ती।

प. एगिंदियजीवनिव्वत्ती णं भंते ! कइविहा पन्नत्ता ?

उ. गोयमा ! पंचविहा पन्नत्ता, तं जहा-

१. पुढविकाइयएगिंदियजीवनिव्वत्ती **-जाव-**

५. वणस्सइकाइयएगिंदियजीवनिव्वत्ती।

## ૧૮. જીવ નિર્વૃત્તિના ભેદ-પ્રભેદોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! જીવનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! જીવનિર્વૃત્તિ પાંચ પ્રકારની કહી છે, તે આ પ્રમાણે છે -

૧. એકેન્દ્રિયજીવનિર્વૃત્તિ **-યાવત્-**

૫. પંચેન્દ્રિયજીવનિર્વૃત્તિ.

પ્ર. ભંતે ! એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારની કહી છે, તે આ પ્રમાણે છે -

૧. પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ **-યાવત્-**

૫. વનસ્પતિકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. पुढविकाइयएगिंदियजीवनिव्वत्ती णं भंते! कइविहा पन्नत्ता ?

उ. गोयमा ! दुविहा पन्नत्ता, तं जहा-

१. सुहुम पुढविकाइय एगिंदियजीवनिव्वत्ती य,

२. बायर पुढविकाइयएगिंदिय जीवनिव्वत्ती य,

***एवं एएणं अभिलावेणं भेओ जहा वड्ढगबंधे तेयगसरीरस्स -जाव-***[1]

प्र. ભંતે ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારની કહી છે, તે આ પ્રમાણે છે-

૧. સૂક્ષ્મપૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ,

૨. બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.

***આ સૂત્રપાઠ દ્વારા આઠમાં શતકના નવમાં ઉદ્દેશકના બૃહદ્ બન્ધાધિકારમાં કહ્યા પ્રમાણે તૈજસ્ શરીરના ભેદોની જેમ અહિંયા પણ જાણવું જોઈએ -યાવત્-***

प. सव्वट्ठसिद्ध अणुत्तरोववाइय कप्पाईय वेमाणियदेव पंचेन्दिय जीवनिव्वत्ती णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पन्नत्ता, तं जहा-

१. पज्जत्तगसव्वट्ठसिद्ध अणुत्तरोववाइय-कप्पाईय वेमाणिय देवपंचेंदियजीव निव्वत्तीय य,

२. अपज्जत्तगसव्वट्ठसिद्धअणुत्तरोववाइय-कप्पाईय-वेमाणिय देवपंचेंदियजीवनिव्वत्ती य ।

- विया. स. १९, उ. ८. सु.१-४

प्र. ભંતે ! સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! આ નિર્વૃત્તિ બે પ્રકારની કહી છે, તે આ પ્રમાણે છે -

૧. પર્યાપ્તસર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવનિર્વૃત્તિ,

૨. અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક વૈમાનિકદેવ પંચેન્દ્રિયજીવ નિર્વૃત્તિ.

**१९. संसारी सिद्ध जीवेसु सोवचयाइत्तं कालमान य परूवणं -**

प. जीवा णं भंते ! किं सोवचया, सावचया, सोवचयसावचया, निरूवचयनिरवचया ?

उ. गोयमा ! जीवा णो सोवचया, नो सावचया, नो सोवचयसावचया, निरूवचयनिरवचया ।

***एगिंदिया तइयपदे, सेसा जीवा चउहिं वि पएहिं भाणियव्वा ।***

प. सिद्धा णं भंते ! किं सोवचया -**जाव**- निरूवचयनिरवचया ?

**૧૯. સંસારી અને સિદ્ધ જીવોમાં સોપચયાદિત્વ અને કાળમાનનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું જીવ સોપચય (ઉપચયસહિત) છે, સાપચય (અપચયસહિત) છે, સોપચય - સાપચય (ઉપચય-અપચય સહિત) છે, અથવા નિરૂપચય-નિરપચય (ઉપચય-અપચય રહિત) છે ?

ઉ. ગૌતમ ! જીવ સોપચય, સાપચય અને સોપચય - સાપચય નથી. પણ નિરૂપચય - નિરપચય છે.

***એકેન્દ્રિય જીવોમાં ત્રીજુ વિકલ્પ (સોપચય - સાપચય) કહેવું જોઈએ. શેષ બધા જીવોમાં ચારેય વિકલ્પ કહેવા જોઈએ.***

પ્ર. ભંતે ! શું સિદ્ધ સોપચય -**યાવત્**- નિરૂપચય-નિરપચય છે ?

૧. પુદ્ગલ-અધ્યયનમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! सिद्धा सोवचया, णो सावचया, णो सोवचयसावचया, निरूवचयनिरवचया।

ઉ. ગૌતમ ! સિદ્ધ સોપચય અને નિરૂપચય - નિરપચય છે. પણ સાપચય અને સોપચય - સાપચય નથી.

प. जीवा णं भंते ! केवइयं कालं निरूवचयनिरवचया ?

પ્ર. ભંતે ! જીવ કેટલા કાળ સુધી નિરૂપચય - નિરપચય રહે છે ?

उ. गोयमा ! सव्वद्धं।

ઉ. ગૌતમ ! જીવ સર્વકાળ સુધી (નિરૂપચય - નિરપચય રહે છે.)

प. नेरइया णं भंते ! केवइयं कालं सोवचया ?

પ્ર. ભંતે ! નૈરયિક કેટલા કાળ સુધી સોપચય રહે છે ?

उ. गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं।

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાનાં અસંખ્યાત ભાગ સુધી નૈરયિક સોપચય રહે છે.

प. केवइयं कालं सावचया ?

પ્ર. ભંતે ! નૈરયિક કેટલા સમય સુધી સાપચય રહે છે ?

उ. गोयमा ! **एवं चेव**।

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ જાણવું જોઈએ.**

प. नेरइया णं भंते ! केवइयं कालं सोवचय-सावचया ?

પ્ર. ભંતે ! નૈરયિક સોપચય - સાપચય કેટલા સમય સુધી રહે છે ?

उ. गोयमा ! **एवं चेव**।

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ જાણવું જોઈએ.**

प. नेरइया णं भंते ! केवइयं कालं निरूवचय-निरवचया ?

પ્ર. ભંતે ! નૈરયિક કેટલા સમય સુધી નિરૂપચય-નિરપચય રહે છે ?

उ. गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता।

ઉ. ગૌતમ ! જઘન્ય એકસમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી (નિરૂપચય - નિરપચય રહે છે.)

***एगिंदिया सव्वे सोवचय-सावचया सव्वद्धं।***

***બધા એકેન્દ્રિય જીવ સર્વકાળ સોપચય - સાપચય રહે છે.***

***सेसा सव्वे सोवचया वि, सावचया वि, सोवचयसावचया वि, निरूवचयनिरवचया वि,***

***બાકી બધા જીવ સોપચય પણ છે, સાપચય પણ છે, સોપચય - સાપચય પણ છે અને નિરૂપચય - નિરપચય પણ છે.***

***जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइ भागं,***

***આ ચારેયનો કાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતભાગ છે.***

***अवट्ठिएहिं वक्कंतिकालो भाणियव्वो।***[1]

***અવસ્થિતિનો કાળ વ્યુત્ક્રાંતિ પદનાં અનુસાર જાણવું જોઈએ.***

प. सिद्धा णं भंते ! केवइयं कालं सोवचया ?

પ્ર. ભંતે ! સિદ્ધ કેટલા સમય સુધી સોપચય રહે છે ?

उ. गोयमा ! जहन्नेणं एक्कंसमयं, उक्कोसेणं अट्ठ समया।

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી તે સોપચય રહે છે.

---

૧. વ્યુત્ક્રાંતિ અધ્યયન જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. सिद्धा णं भंते ! केवइयं कालं निरूवचय-निरवचया ?

उ. गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासा।

- विया. स.५, उ.८, सु. २१-२८

પ્ર. ભંતે ! સિદ્ધ નિરૂપચય - નિરપચય કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ સુધી નિરૂપચય - નિરપચય રહે છે.

**२०. संसारी सिद्ध जीवाणं वुड्ढि हाणि अवट्ठिइ कालमाण य परूवणं -**

भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी-

प. जीवाणं भंते ! किं वड्ढंति, हायंति, अवट्ठिया ?

उ. गोयमा ! जीवा णो वड्ढंति, नो हायंति, अवट्ठिया।

प. नेरइया णं भंते ! कि वड्ढंति, हायंति, अवट्ठिया ?

उ. गोयमा ! नेरइया वड्ढंति वि, हायंति वि, अवट्ठिया वि।

***जहा नेरइया एवं -जाव- वेमाणिया।***

प. सिद्धा णं भंते ! किं वड्ढंति, हायंति, अवट्ठिया ?

उ. गोयमा ! सिद्धा वड्ढंति, नो हायंति, अवट्ठिया वि।

प. जीवा णं भंते ! केवइयं कालं अवट्ठिया ?

उ. गोयमा ! सव्वद्धं।

प. नेरइया णं भंते ! केवइयं कालं वड्ढंति ?

उ. गोयमा ! जहन्नेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइ भागं।

***एवं हायंति वि।***

प. नेरइया णं भंते ! केवइयं कालं अवट्ठिया ?

उ. गोयमा ! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता।

***एवं सत्तसु वि पुढवीसु वड्ढंति, हायंति भाणियव्वं।***

**૨૦. સંસારી સિદ્ધ જીવોની વૃદ્ધિ હાનિ અવસ્થિતિ અને કાળમાનનું પ્રરૂપણ :**

ભંતે ! આ પ્રમાણે કહીને ભગવાન ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યો અને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું -

પ્ર. ભંતે ! શું જીવ વધે છે, ઘટે છે અથવા સ્થિર રહે છે ?

ઉ. ગૌતમ ! જીવ વધતા નથી, ઘટતા નથી પણ સ્થિર રહે છે.

પ્ર. ભંતે ! શું નૈરયિક જીવ વધે છે, ઘટે છે, સ્થિર રહે છે ?

ઉ. ગૌતમ ! નૈરયિક વધે પણ છે, ઘટે પણ છે અને સ્થિર પણ રહે છે.

***જે પ્રમાણે નૈરયિકોનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! સિદ્ધ જીવ વધે છે, ઘટે છે અથવા સ્થિર રહે છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધ વધે છે, પણ ઘટતા નથી, તે સ્થિર રહે છે.

પ્ર. ભંતે ! જીવ કેટલા સમય સુધી સ્થિર રહે છે ?

ઉ. ગૌતમ ! હમેશા સ્થિર રહે છે.

પ્ર. ભંતે ! નૈરયિક કેટલા કાળ સુધી વધે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમાં ભાગ સુધી વધે છે.

***જે પ્રમાણે વધવાનો કાળ કહ્યો છે તે પ્રમાણે ઘટવાનો કાળ પણ કહેવો જોઈએ.***

પ્ર. ભંતે ! નૈરયિક કેટલા સમય સુધી સ્થિર રહે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્ત સુધી સ્થિર રહે છે.

***આ પ્રમાણે સાતે નરક - પૃથ્વીઓના જીવોનું વધવું, ઘટવું કહેવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णवरं** - अवट्ठिएसु इमं नाणत्तं, तं जहा -

**વિશેષ** - સ્થિર રહેવાના સમયમાં આ ભિન્નતા છે, તે આ પ્રમાણે છે -

रयणप्पभाएपुढवीए अडयालीसं मुहुत्ता,
सक्करप्पभाए चोद्दस राइंदियाइं,
वालुयप्पभाए मासं,
पंकप्पभाए दो मासा,
धूमप्पभाए चत्तारि मासा,
तमाए अट्ठ मासा,
तमतमाए बारस मासा।

રત્નપ્રભા પૃથ્વીમાં અડતાલીસ મુહુર્ત,
શર્કરાપ્રભા પૃથ્વીમાં ચૌદ દિવસ - રાત,
બાલુકા પ્રભા પૃથ્વીમાં એક માસ,
પંકપ્રભા પૃથ્વીમાં બે માસ,
ધૂમપ્રભા પૃથ્વીમાં ચાર માસ,
તમઃપ્રભા પૃથ્વીમાં આઠ માસ,
તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં બાર માસ સ્થિર રહેવાનો સમય કહ્યો છે.

***असुरकुमारा वि वड्ढंति, हायंति जहा नेरइया।***

***નૈરયિક જીવોના સમાન અસુરકુમાર દેવોની વૃદ્ધિ હાનિ માટે કહેવું જોઈએ.***

अवट्ठिया जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अट्ठचालीसं मुहुत्ता।

અસુરકુમાર દેવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અડતાલીસ મુહૂર્ત સુધી સ્થિર રહે છે.

***एवं दसविहा वि।***

***આ પ્રમાણે દસ પ્રકારના ભવનપતિ દેવોની વૃદ્ધિ આદિનું વર્ણન કરવું જોઈએ.***

एगिंदिया वड्ढंति वि, हायंति वि, अवट्ठिया वि।

એકેન્દ્રિય જીવ વધે પણ છે, ઘટે પણ છે અને સ્થિર પણ રહે છે.

एएहिं तिहिं वि जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइ भागं।

આ ત્રણેની વૃદ્ધિ, હાનિ, સ્થિરનો સમય જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે.

***बेइंदिया वड्ढंति हायंति तहेव, अवट्ठिया जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं दो अंतोमुहुत्ता।***

***બેઈન્દ્રિય જીવ પણ આ પ્રમાણે વધે- ઘટે છે. એનો સ્થિર સમય એક સમય અને ઉત્કૃષ્ટ બે અંતર્મુહૂર્ત છે.***

***एवं -जाव- चउरिंदिया।***

***આ પ્રમાણે ચઉરિન્દ્રિય જીવો સુધી કહેવું જોઈએ.***

***अवसेसा सव्वे वड्ढंति, हायंति तहेव।***

***શેષ બધા જીવો (પંચેન્દ્રિય તિર્યંચોથી વૈમાનિકો સુધી) ના વૃદ્ધિ હાનિનું વર્ણન પૂર્વની જેમ કરવું જોઈએ.***

***अवट्ठियाणं णाणत्तं इमं, तं जहा -***

***તેના સ્થિર સમયમાં આ ભિન્નતા છે, તે આ પ્રમાણે છે -***

सम्मुच्छिम पंचिंदियतिरिक्खजोणियाणं दो अंतोमुहुत्ता।

સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના બે અંતર્મુહૂર્ત.

गब्भवक्कंतियाणं चउव्वीसं मुहुत्ता।

ગર્ભજ પંચેન્દ્રિયતિર્યંચયોનિકોના ચૌવીસમૂહૂર્ત.

सम्मुच्छिममणुस्साणं अट्ठचत्तालीसं मुहुत्ता।

સમ્મૂર્ચ્છિમ મનુષ્યોના અડતાલીસ મુહૂર્ત.

गब्भवक्कंतियमणुस्साणं चउव्वीसं मुहुत्ता।

ગર્ભજ મનુષ્યોના ચોવીસ મુહૂર્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वाणमंतर जोइस सोहम्मीसाणेसु अट्ठचत्तालीसं मुहुत्ता।

सणंकुमारे अट्ठारस राइंदियाइं चालीस य मुहुत्ता,

माहिंदे चउवीसं राइंदियाइं वीस य मुहुत्ता,

बंभलोए पंच चत्तालीसं राइंदियाइं,

लंतए नउइं राइंदियाइं,

महासुक्के सट्ठं राइंदियसयं,

सहस्सारे दो राइंदियसयाइं,

आणय-पाणयाणं संखेज्जा मासा,

आरणऽच्चुयाणं संखेज्जाइं वासाइं।

*एवं गेवेज्जगदेवाणं।*

विजय-वेजयंत-जयंत-अपराजियाणं असंखेज्जाइं वाससहस्साइं।

सव्वट्ठसिद्धे य पलिओवमस्स संखेज्जेइभागो।

***एवं भाणियव्वं-वड्ढंति हायंति जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइ भागं, अवट्ठियाणं जं भणियं।***

प. सिद्धाणं भंते! केवइयं कालं वड्ढंति?

उ. गोयमा! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अट्ठ समया।

प. सिद्धाणं भंते! केवइयं कालं अवट्ठिया?

उ. गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासा।

- विया. स.५, उ.८, सु. १०-२०

## २१. विविह-विवक्खया सव्व जीवाणं भेया -

### (१) दुविहत्तं -

तत्थ णं जे ते एवमाहंसु - दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा- ते एवमाहंसु,

१. सिद्धा चेव, २. असिद्धा चेव।

- जीवा. पडि. ९, सु. २३१

વાણવ્યંતર જ્યોતિષ્ક અને સૌધર્મ, ઈશાન દેવોના અડતાલીસ મુહૂર્ત,

સનત્કુમાર દેવોનાં અઢાર રાત-દિવસ અને ચાલીસ મુહૂર્ત,

માહેન્દ્ર દેવલોકનાં દેવોના ચોવીસ રાત-દિવસ અને વીસ મુહૂર્ત,

બ્રહ્મદેવલોકનાં દેવોનાં પિસ્તાલીસ રાત-દિવસ,

લાંતક દેવોના નેવું રાત-દિવસ,

મહાશુક્ર દેવોના એકસો સાઈઠ રાત-દિવસ,

સહસ્ત્રાર કલ્પદેવોનાં બસો રાત-દિવસ,

આનત અને પ્રાણત દેવલોકનાં દેવોનાં સંખ્યાતમાસ,

આરણ અને અચ્યુત દેવલોકનાં દેવોનાં સંખ્યાત વર્ષોનો સ્થિર સમય છે.

***આ પ્રમાણે એટલા જ નવ ગ્રૈવેયક દેવોના પણ સ્થિર સમય જાણી લેવા જોઈએ.***

વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજીત વિમાનવાસી દેવોના સ્થિર સમય અસંખ્યાત હજાર વર્ષોના છે.

સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોના સ્થિર સમય પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે.

***આ બધા જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમાં ભાગ સુધી વધે-ઘટે છે આ પ્રમાણે કહેવું જોઈએ અને તેનો સ્થિર સમય જે ઉપર કહ્યો છે તે જ છે.***

પ્ર. ભંતે! સિદ્ધ કેટલા સમય સુધી વધે છે?

ઉ. ગૌતમ! સિદ્ધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી વધે છે.

પ્ર. ભંતે! સિદ્ધ કેટલા સમય સુધી સ્થિર રહે છે?

ઉ. ગૌતમ! સિદ્ધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છઃમાસ સુધી સ્થિર રહે છે.

## ૨૧. વિવિધ વિવક્ષાથી બધા જીવોના ભેદ :

### (૧) બે પ્રકાર :

તેમાંથી જે સર્વ જીવોને બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે, જેમકે -

૧. સિદ્ધ, ૨. અસિદ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा -<br>१. सइंदिया चेव, २. अणिंदिया चेव।[1]<br>- जीवा. पडि. ९, सु. २३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સઈન્દ્રિય, ૨. અનિંદ્રિય |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा -<br>१. सकाइया चेव, २. अकाइया चेव।<br>- जीवा. पडि. ९ सु. २३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સકાયિક, ૨. અકાયિક. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा -<br>१. सजोगी चेव, २. अजोगी चेव।<br>- जीवा पडि. ९ सु.२३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સયોગી, ૨. અયોગી. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. सवेदगा चेव, २. अवेदगा चेव।[2]<br>- जीवा. पडि. ९, सु. २३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સવેદક, ૨. અવેદક. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. सकसाई चेव २. अकसाई चेव।<br>- जीवा. पडि. ९, सु. २३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે. જેમકે-<br>૧. સકષાયી, ૨. અકષાયી. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता. तं जहा-<br>१. सलेसा य, २. अलेसा य।<br>- जीवा.पडि. ९, सु.२३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સલેશી, ૨. અલેશી. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. णाणी चेव, २. अण्णाणी चेव।<br>- जीवा. पडि. ९, सु.२३२ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. જ્ઞાની, ૨. અજ્ઞાની. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. सागारोवउत्ता य, २. अणागारोवउत्ता य।<br>- जीवा.पडि. ९, सु.२३३ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સાકારોપયુક્ત, ૨. અનાકારોપયુક્ત. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. आहारगा चेव, २. अणाहारगा चेव।<br>- जीवा.पडि.९, सु. २३४ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે. જેમકે-<br>૧. આહારક, ૨. અનાહારક. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. सभासगा य, २. अभासगा य।<br>- जीवा.पडि.९, सु. २३५ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. સભાષક, ૨. અભાષક. |
| **अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-<br>१. चरिमा चेव, २. अचरिमा चेव।<br>- जीवा.पडि.९, सु.२३६ | **અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-<br>૧. ચરમ, ૨. અચરમ. |

१. ठाणं अ. २, उ. १, सु. ४९
२. ठाणं अ. २, उ. १, सु. ४९/१/५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अहवा** दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. ससरीरी य, २. असरीरी य।[1]

- जीवा.पडि.९, सु.२३५

**અથવા** સર્વ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સશરીરી, ૨. અશરીરી.

**(२) तिविहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु- "तिविहा सव्वजीवा पण्णत्ता" ते एवमाहंसु, तं जहा-

१. सम्मदिट्ठी, २. मिच्छादिट्ठी,

३. सम्मामिच्छादिट्ठी।

- जीवा पडि. ९, सु. २३७

**(૨) ત્રણ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને ત્રણ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે-

૧. સમ્યગ્દૃષ્ટિ, ૨. મિથ્યાદૃષ્ટિ,

૩. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. परित्ता, २. अपरित्ता,

३. नो परित्ता नो अपरित्ता।

- जीवा. पडि. ९, सु. २३८

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. પરિત્ત, ૨. અપરિત્ત,

૩. નો પરિત્ત નો અપરિત્ત.

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया, २. अपज्जत्तया,

३. नो पज्जत्तया नो अपज्जत्तया।

- जीवा. पडि. ९, सु. २३९

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્ત, ૨. અપર્યાપ્ત,

૩. નો પર્યાપ્ત નો અપર્યાપ્ત.

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. सुहुमा, २. बायरा,

३. नो सुहुमा नो बायरा।

- जीवा.पडि. ९, सु. २४०

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સૂક્ષ્મ, ૨. બાદર,

૩. નો સૂક્ષ્મ નો બાદર.

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. सण्णी, २. असण्णी,

३. नो सण्णी नो असण्णी।

- जीवा.पडि. ९, सु.२४१

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંજ્ઞી, ૨. અસંજ્ઞી,

૩. નો સંજ્ઞી નો અસંજ્ઞી.

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. भवसिद्धिया २. अभवसिद्धिया,

३. नो भवसिद्धिया नो अभवसिद्धिया।[2]

- जीवा.पडि.९, सु. २४२

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ભવસિદ્ધિક, ૨. અભવસિદ્ધિક,

૩. નો ભવસિદ્ધિક નો અભવસિદ્ધિક.

---

१. दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-
१. सिद्धा चेव, २. असिद्धा चेव।
दुविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-
१. सइंदिया चेव, २. अणिंदिया चेव।
एवं एसा गाहा फासेयव्वा **-जाव-** ससरीरी चेव असरीरी चेव
[1]सिद्ध, [2]सइंदिया, [3]काए, [4]जोए, [5]वेए, [6]कसाय, [7]लेसा य।
[8,9,10]णाणुवओगाहारे, [11]भासग, [12]चरिमे य, [13]सरीरी॥
- ठाणं अ. २, उ. ४, सु. ११२

२. ठाणं अ. ३, उ. २, सु. १७०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अहवा** तिविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. तसा, २. थावरा,

३. नो तसा नो थावरा।

- जीवा. पडि. ९, सु. २४३

**અથવા** સર્વ જીવ ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-

૧. ત્રસ, ૨. સ્થાવર,

૩. નો ત્રસ નો સ્થાવર.

**(३) चउव्विहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु - "चउव्विहा सव्वजीवा पण्णत्ता", ते एवमाहंसु, तं जहा -

१. मणजोगी, २. वइजोगी,

३. कायजोगी, ४. अजोगी।

- जीवा.पडि.९, सु. २४४

**(૩) ચાર પ્રકાર-**

તેમાંથી જે સર્વ જીવોને ચાર પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે. જેમકે -

૧. મનયોગી, ૨. વચનયોગી,

૩. કાયયોગી, ૪. અયોગી.

**अहवा** चउव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. इत्थिवेयगा, २. पुरिसवेयगा,

३. नपुंसगवेयगा, ४. अवेयगा।

- जीवा.पडि.९, सु. २४५

**અથવા** સર્વ જીવ ચાર પ્રકારના કહ્યા છે. જેમકે-

૧. સ્ત્રીવેદક, ૨. પુરુષવેદક,

૩. નપુંસકવેદક, ૪. અવેદક.

**अहवा** चउव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. चक्खुदंसणी, २. अचक्खुदंसणी,

३. अवधिदंसणी, ४. केवलदंसणी।

- जीवा पडि. ९, सु. २४६

**અથવા** સર્વ જીવ ચાર પ્રકારના કહ્યા છે. જેમકે-

૧. ચક્ષુદર્શની, ૨. અચક્ષુદર્શની,

૩. અવધિદર્શની, ૪. કેવલદર્શની.

**अहवा** चउव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. संजया, २. असंजया,

३. संजयासंजया,

४. नो संजया नो असंजया नो संजयासंजया।[1]

- जीवा. पडि. ९, सु. २४७

**અથવા** સર્વ જીવ ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંયત, ૨. અસંયત,

૩. સંયતાસંયત,

૪. નો સંયત, નો અસંયત, નો સંયતાસંયત.

**(४) पंचविहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु- "पंचविहा सव्वजीवा पण्णत्ता", ते एवमाहंसु, तं जहा-

१. कोहकसायी, २. माणकसायी,

३. मायाकसायी, ४. लोभकसायी,

५. अकसायी।[2]

- जीवा. पडि.९, सु. २४८

**(૪) પાંચ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને પાંચ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે છે. જેમકે-

૧. ક્રોધ કષાયી, ૨. માન કષાયી,

૩. માયા કષાયી, ૪. લોભ કષાયી,

૫. અકષાયી.

**अहवा** पंचविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. नेरइया, २. तिरिक्खजोणिया,

३. मणुस्सा, ४. देवा,

५. सिद्धा। - जीवा.पडि.९, सु. २४९

**અથવા** સર્વ જીવ પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. નૈરયિક, ૨. તિર્યંચયોનિક,

૩. મનુષ્ય, ૪. દેવ,

૫. સિદ્ધ.

---

१. ठाणं अ. ४, उ.४, सु. ३६५ २. ठाणं अ.५, उ.३, सु. ४५८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) **छव्विहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु- "छव्विहा सव्वजीवा पण्णत्ता" ते एवमाहंसु, तं जहा-

१. आभिणिवोहियणाणी, २. सुयनाणी,
३. ओहिणाणी, ४. मणपज्जवणाणी,
५. केवलणाणी, ६. अण्णाणी।

- जीवा.पडि.९, सु. २५०

**अहवा** छव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. एगिंदिया, २. बेइंदिया,
३. तेइंदिया, ४. चउरिंदिया,
५. पंचेंदिया, ६. अणिंदिया।

- जीवा.पडि.९, सु. २५०

**अहवा** छव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. ओरालियसरीरी, २. वेउव्वियसरीरी,
३. आहारगसरीरी, ४. तेयगसरीरी,
५. कम्मगसरीरी, ६. असरीरी।[1]

- जीवा.पडि. ९, सु. २५१

(६) **सत्तविहत्तं-**

तत्थणं जे ते एवमाहंसु 'सत्तविहा सव्वजीवा पण्णत्ता', ते एवमाहंसु, तं जहा-

१. पुढविकाइया, २. आउकाइया,
३. तेउकाइया, ४. वाउकाइया,
५. वणस्सइकाइया, ६. तसकाइया,
७. अकाइया।[2]

- जीवा.पडि.९, सु. २५२

**अहवा** सत्तविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. कण्हलेस्सा, २. नीललेस्सा,
३. काउलेस्सा, ४. तेउलेस्सा,
५. पम्हलेस्सा, ६. सुक्कलेस्सा,
७. अलेस्सा।

- जीवा. पडि. ९ सु. २५३

(७) **अट्ठविहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु 'अट्ठविहा सव्वजीवा' पण्णत्ता, ते एवमाहंसु, तं जहा-

(५) **છઃ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને છઃ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે -

૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની,
૩. અવધિજ્ઞાની, ૪. મનઃપર્યવજ્ઞાની,
૫. કેવળજ્ઞાની, ૬. અજ્ઞાની.

**અથવા** સર્વ જીવ છ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. એકેન્દ્રિય, ૨. બેઈન્દ્રિય,
૩. તેઈન્દ્રિય, ૪. ચઉરિન્દ્રિય,
૫. પંચેન્દ્રિય, ૬. અનિન્દ્રિય.

**અથવા** સર્વ જીવ છ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ઔદારિક શરીરી, ૨. વૈક્રિય શરીરી,
૩. આહારક શરીરી, ૪. તેજસ્ શરીરી,
૫. કાર્મણ શરીરી, ૬. અશરીરી.

(૬) **સાત પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને સાત પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે કહ્યા છે. જેમકે -

૧. પૃથ્વીકાયિક, ૨. અપ્કાયિક,
૩. તેજસ્કાયિક, ૪. વાયુકાયિક,
૫. વનસ્પતિકાયિક, ૬. ત્રસકાયિક,
૭. અકાયિક.

**અથવા** સર્વ જીવ સાત પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. કૃષ્ણલેશી, ૨. નીલલેશી,
૩. કાપોતલેશી, ૪. તેજોલેશી,
૫. પદ્મલેશી, ૬. શુક્લલેશી,
૭. અલેશી.

(૭) **આઠ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને આઠ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે -

१. ठाणं. अ. ६, सु. ४८३ २. ठाणं अ. ७, सु. ५६२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. आभिणिबोहियणाणी, २. सुयणाणी,
३. ओहिणाणी, ४. मणपज्जवणाणी,
५. केवलणाणी, ६. मइअण्णाणी,
७. सुयअण्णाणी, ८. विभंगणाणी।[1]
- जीवा.पडि.९, सु. २५४

१. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની,
૩. અવધિજ્ઞાની, ૪. મન:પર્યવજ્ઞાની,
૫. કેવલજ્ઞાની, ૬. મતિઅજ્ઞાની,
૭. શ્રુતઅજ્ઞાની, ૮. વિભંગજ્ઞાની.

**अहवा** अट्ठविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-
१. नेरइया, २. तिरिक्खजोणिया,
३. तिरिक्खजोणिणीओ, ४. मणुस्सा,
५. मणुस्सीओ, ६. देवा,
७. देवीओ, ८. सिद्धा।[2]
- जीवा.पडि.९, सु. २५५

**અથવા** સર્વ જીવ આઠ પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. નૈરયિક, ૨. તિર્યંચયોનિક,
૩. તિર્યંચાણી, ૪. મનુષ્ય,
૫. મનુષ્યાણી, ૬. દેવ,
૭. દેવી, ૮. સિદ્ધ.

**(८) नवविहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु - "नवविहा सव्वजीवा" ते एवमाहंसु, तं जहा-
१. एगिंदिया, २. बेइंदिया,
३. तेइंदिया, ४. चउरिंदिया,
५. नेरइया, ६. पंचेन्दिय तिरिक्खजोणिया,
७. मणूसा, ८. देवा,
९. सिद्धा।[3]
- जीवा.पडि. ९, सु. २५६

**(૮) નવ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને નવ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે -
૧. એકેન્દ્રિય, ૨. બેઈન્દ્રિય,
૩. તેઈન્દ્રિય, ૪. ચઉરિન્દ્રિય,
૫. નૈરયિક, ૬. પંચેન્દ્રિય તિર્યંચયોનિક,
૭. મનુષ્ય ૮. દેવ,
૯. સિદ્ધ.

**अहवा** नवविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-
१. पढमसमयणेरइया,
२. अपढमसमयणेरइया,
३. पढमसमय तिरिक्खजोणिया,
४. अपढमसमयतिरिक्खजोणिया,
५. पढमसमयमणूसा,
६. अपढमसमयमणूसा,
७. पढमसमयदेवा,
८. अपढमसमयदेवा,
९. सिद्धा य[4] - जीवा.पडि.९, सु.२५७

**અથવા** સર્વ જીવ નવ પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. પ્રથમ સમય નૈરયિક,
૨. અપ્રથમ સમય નૈરયિક,
૩. પ્રથમ સમય તિર્યંચયોનિક,
૪. અપ્રથમ સમય તિર્યંચયોનિક,
૫. પ્રથમ સમય મનુષ્ય,
૬. અપ્રથમ સમય મનુષ્ય,
૭. પ્રથમ સમય દેવ,
૮. અપ્રથમ સમય દેવ,
૯. સિદ્ધ.

**(९) दसविहत्तं-**

तत्थ णं जे ते एवमाहंसु- "दसविहा सव्वजीवा पण्णत्ता", ते एवमाहंसु, तं जहा-

**(૯) દસ પ્રકાર :**

તેમાંથી જે સર્વ જીવોને દસ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે -

१. ठाणं अ. ८, सु. ६४६/१
२. ठाणं. अ. ८, सु. ६४६/२
३. ठाणं. अ. ९, सु. ६६६/११
४. ठाणं अ. ९, सु. ६६६/१२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. पुढविकाइया, २. आउकाइया,
३. तेउकाइया, ४. वाउकाइया,
५. वणस्सइकाइया, ६. बेइंदिया,
७. तेइंदिया, ८. चउरिंदिया,
९. पंचेंदिया १०. अणिंदिया।[1]

- जीवा.पडि.९, सु. २५८

**अहवा** दसविहा सव्वजीवा पण्णत्ता, तं जहा-

१. पढमसमयणेरइया,
२. अपढमसमयणेरइया,
३. पढमसमयतिरिक्खजोणिया,
४. अपढमसमयतिरिक्खजोणिया,
५. पढमसमयमणूसा,
६. अपढमसमयमणूसा,
७. पढमसमयदेवा,
८. अपढमसमयदेवा,
९. पढमसमयसिद्धा,
१०. अपढमसमयसिद्धा।[2]

- जीवा. पडि. ९, सु. २५९

(૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક,
(૩) તેજસ્કાયિક, (૪) વાયુકાયિક,
(૫) વનસ્પતિકાયિક, (૬) બેઈન્દ્રિય,
(૭) તેઈન્દ્રિય, (૮) ચઉરિન્દ્રિય,
(૯) પંચેન્દ્રિય, (૧૦) અનિન્દ્રિય.

**અથવા** સર્વ જીવ દસ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પ્રથમ સમય નૈરયિક,
(૨) અપ્રથમ સમય નૈરયિક,
(૩) પ્રથમ સમય તિર્યંચયોનિક,
(૪) અપ્રથમ સમય તિર્યંચયોનિક,
(૫) પ્રથમ સમય મનુષ્ય,
(૬) અપ્રથમ સમય મનુષ્ય,
(૭) પ્રથમ સમય દેવ,
(૮) અપ્રથમ સમય દેવ,
(૯) પ્રથમ સમય સિદ્ધ,
(૧૦) અપ્રથમ સમય સિદ્ધ.

**२२. जीवपण्णवणाया दुविहत्तं-**

प. से किं तं जीवपण्णवणा ?

उ. जीवपण्णवणा दुविहा पण्णत्ता, तं जहा-

१. संसारसमावण्णजीवपण्णवणा य,
२. असंसारसमावण्णजीवपण्णवणा य।[3]

- पण्ण.प.१, सु. १४

**૨૨. જીવ પ્રરુપણાનાં બે પ્રકાર :**

પ્ર. તે જીવ પ્રરુપણા શું છે ?

ઉ. જીવ પ્રરુપણાનાં બે પ્રકાર કહ્યા છે, જેમકે-

(૧) સંસાર સમાપન્નક (સંસારી) જીવોની પ્રરુપણા,
(૨) અસંસાર સમાપન્નક (મુક્ત) જીવોની પ્રરુપણા.

**२३. असंसार समावण्ण जीवपण्णवणाया भेयप्पभेया-**

प. से किं तं असंसारसमावण्ण जीवपण्णवणा ?

उ. असंसारसमावण्णजीवपण्णवणा दुविहा पण्णत्ता, तं जहा-

१. अणंतरसिद्धअसंसारसमावण्णजीवपण्णवणा य,
२. परंपरसिद्धअसंसारसमावण्णजीवपण्णवणा य।

**૨૩. અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણાનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. તે અસંસાર સમાપન્નક જીવની પ્રરુપણા શું છે ?

ઉ. અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા બે પ્રકારની કહી છે, જેમકે -

(૧) અનન્તરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,
(૨) પરંપરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા.

---

१. ठाणं. अ. १०, सु. ७७१/२
२. (क) जीवा. पडि. ९, सु. २३१ (ख) ठाणं. अ. १०, सु. ७७१/३
३. (क) जीवा. पडि. १, सु. ६ (ख) उत्त. अ. ३६, गा. ४८ (ग) मम. सम. सु. १४९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं अणंतरसिद्धअसंसारसमावण्ण-जीवपण्णवणा ?

उ. अणंतरसिद्धअसंसारसमावण्णजीवपण्णवणा - पन्नरसविहा पन्नत्ता, तं जहा -

१. तित्थसिद्धा, २. अतित्थसिद्धा,
३. तित्थगरसिद्धा, ४. अतित्थगरसिद्धा,
५. सयंबुद्धसिद्धा, ६. पत्तेयबुद्धसिद्धा,
७. बुद्धबोहियसिद्धा, ८. इत्थीलिंगसिद्धा,
९. पुरिसलिंगसिद्धा, १०. नपुंसकलिंगसिद्धा,
११. सलिंगसिद्धा, १२. अण्णलिंगसिद्धा,
१३. गिहिलिंगसिद्धा,[1] १४. एगसिद्धा,
१५. अणेगसिद्धा।

***से त्तं अणंतरसिद्ध असंसारसमावण्णजीवपण्णवणा।***

प्र. તે અનન્તરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા શું છે ?

ઉ. અનન્તરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા પંદર પ્રકારની કહી છે, જેમકે -

(૧) તીર્થસિદ્ધ, (૨) અતીર્થસિદ્ધ,
(૨) તીર્થંકરસિદ્ધ, (૪) અતીર્થંકરસિદ્ધ,
(૫) સ્વયંબુદ્ધસિદ્ધ, (૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ,
(૭) બુદ્ધબોધિતસિદ્ધ,(૮) સ્ત્રીલિંગસિદ્ધ,
(૯) પુરુષલિંગસિદ્ધ, (૧૦) નપુંસકલિંગસિદ્ધ,
(૧૧) સ્વલિંગસિદ્ધ, (૧૨) અન્યલિંગસિદ્ધ,
(૧૩) ગૃહસ્થલિંગસિદ્ધ, (૧૪) એકસિદ્ધ,
(૧૫) અનેકસિદ્ધ.

***આ અનન્તરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા છે.***

प. से किं तं परंपरसिद्धअसंसारसमावण्ण-जीवपण्णवणा ?

उ. परंपरसिद्धअसंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा-

१. अपढमसमयसिद्धा,
२. दुसमयसिद्धा,
३. तिसमयसिद्धा,
४. चउसमयसिद्धा **-जाव-** संखेज्जसमयसिद्धा, असंखेज्जसमयसिद्धा, अणंतसमयसिद्धा।

***से त्तं परंपरसिद्धअसंसारसमावण्णजीवपण्णवणा।***

***से त्तं असंसारसमावण्णजीवपण्णवणा।***[2]

- पण्ण. प.१, सु. १५-१७

પ્ર. તે પરંપરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા શું છે ?

ઉ. પરંપરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરુપણા અનેક પ્રકારની કહી છે, જેમકે-

(૧) અપ્રથમ સમય સિદ્ધ,
(૨) દ્વિસમય સિદ્ધ,
(૩) ત્રિસમય સિદ્ધ,
(૪) ચતુઃસમય સિદ્ધ **-યાવત્-** સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ અને અનંત સમય સિદ્ધ.

***આ પરંપરસિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રરૂપણા છે.***

***આ પ્રમાણે તે અસંસાર સમાપન્નક જીવોની પ્રરુપણાનું વર્ણન પૂર્ણ થયું.***

**२४. विविह विवक्खया वग्गणा पगारेण सिद्धाणं भेय परूवणं-**

१. एगा तित्थसिद्धाणं वग्गणा।
२. एगा अतित्थसिद्धाणं वग्गणा।
३. एगा तित्थगरसिद्धाणं वग्गणा।

**૨૪. વિવિધ વિવક્ષાથી વર્ગણાના પ્રકાર દ્વારા સિદ્ધોના ભેદોનું પ્રરુપણ :**

(૧) તીર્થ - સિદ્ધોની વર્ગણા એક છે.
(૨) અતીર્થ - સિદ્ધોની વર્ગણા એક છે.
(૩) તીર્થંકર - સિદ્ધોની વર્ગણા એક છે.

१. उत्त. अ. ३६, गा. ४९
२. जीवा. पडि. १, सु. ७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. एगा अतित्थगरसिद्धाणं वग्गणा ।
(૪) અતીર્થંકર - સિદ્ધોની વર્ગણા એક છે.

५. एगा सयंबुद्धसिद्धाणं वग्गणा ।
(૫) સ્વયંબુદ્ધ - સિદ્ધોની વર્ગણા એક છે.

६. एगा पत्तेयबुद्धसिद्धाणं वग्गणा ।
(૬) પ્રત્યેકબુદ્ધ - સિદ્ધોની વર્ગણા એક છે.

७. एगा बुद्धबोहियसिद्धाणं वग्गणा ।
(૭) બુદ્ધબોધિત - સિદ્ધોની વર્ગણા એક છે.

८. एगा इत्थीलिंगसिद्धाणं वग्गणा ।
(૮) સ્ત્રીલિંગ - સિદ્ધોની વર્ગણા એક છે.

९. एगा पुरिसलिंगसिद्धाणं वग्गणा ।
(૯) પુરુષલિંગ - સિદ્ધોની વર્ગણા એક છે.

१०. एगा णपुंसकलिंगसिद्धाणं वग्गणा ।
(૧૦) નપુંસકલિંગ - સિદ્ધોની વર્ગણા એક છે.

११. एगा सलिंगसिद्धाणं वग्गणा ।
(૧૧) સ્વલિંગ - સિદ્ધોની વર્ગણા એક છે.

१२. एगा अण्णलिंगसिद्धाणं वग्गणा ।
(૧૨) અન્યલિંગ- સિદ્ધોની વર્ગણા એક છે.

१३. एगा गिहिलिंगसिद्धाणं वग्गणा ।
(૧૩) ગૃહસ્થલિંગ - સિદ્ધોની વર્ગણા એક છે.

१४. एगा एक्कसिद्धाणं वग्गणा ।
(૧૪) એક - સિદ્ધોની વર્ગણા એક છે.

१५. एगा अणिक्कसिद्धाणं वग्गणा ।
(૧૫) અનેક - સિદ્ધોની વર્ગણા એક છે.

एगा अपढमसमय सिद्धाणं वग्गणा **-जाव-** एगा अणंतसमयसिद्धाणं वग्गणा ।

- ठाणं. अ. १, सु.४२

બીજા સમયના સિદ્ધોની વર્ગણા એક છે **-યાવત્-** અનન્ત સમયનાં સિદ્ધોની વર્ગણા એક છે.

**२५. सिद्धाणं अणोवमं सोक्ख परूवणं-**

ण वि अत्थि माणुसाणं, तं सोक्खं ण वि य सव्वेदेवाणं ।
जं सिद्धाणं सोक्खं, अव्वाबाहं उवगयाणं ॥

जं देवाणं सोक्खं सव्वद्धा पिंडियं अणंतगुणं ।
ण य पावइ मुत्तिसुहं, ण ताहिं वग्गवग्गूहिं ॥

सिद्धस्स सुहो रासी, सव्वद्धा पिंडिओ जइ हवेज्जा ।
सोणंतवग्गभइओ, सव्वागसि ण माएज्जा ।

जह णाम कोइ मिच्छो, नगरगुणे बहुविहे वियाणंतो ।
न चएइ परिहेउं, उवमाए तहिं असंतीए ॥

इय सिद्धाणं सोक्खं, अणोवमं णत्थि तस्स ओवम्मं ।
किंचि विसेसेणेत्तो, ओवम्ममिणं सुणह वोच्छं ॥

जह सव्वकामगुणियं, पुरिसो भोत्तूण भोयणं कोई ।
तण्हाछुहाविमुक्को, अच्छेज्ज जहा अमियतित्तो ।

**૨૫. સિદ્ધોનાં અનુપમ સુખનું પ્રરુપણ :**

સિદ્ધોને જે નિરાબાધ શાશ્વત સુખ પ્રાપ્ત છે તે મનુષ્યોને પ્રાપ્ત નથી અને તે સુખ સર્વ દેવતાઓને પણ પ્રાપ્ત નથી.

ત્રણ કાળથી અનન્તગણુ દેવ સુખ જો અનન્ત વાર વર્ગથી વર્ગિત કરવામાં આવે તો પણ મોક્ષનાં સુખ સમાન ન કહી શકાય.

એક સિદ્ધનાં સુખને ત્રણે કાળોથી ગુણીને જે સુખ રાશિ એકત્રિત થાય, તેને જો અનન્ત વર્ગથી વિભાજીત કરવામાં આવે તો પણ સંપૂર્ણ આકાશમાં સમાઈ ન શકે.

જેમ કોઈ મ્લેચ્છ વનવાસી મનુષ્ય નગરના ઘણાં પ્રકારના ગુણોને જાણે છે તો પણ ત્યાં વનની ઉપમા ન હોવાથી તે (નગર)ના ગુણોનું વર્ણન કરી શકતા નથી.

તે પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ છે. તેની કોઈ ઉપમા નથી. છતાં પણ વિશેષ રુપથી ઉપમા દ્વારા તેને સમજાવી શકાય છે. તે મારાથી સાંભળો -

જેમ કોઈ પુરુષ પોતાના દ્વારા ઈચ્છિત બધી વિશેષતાઓથી યુક્ત ભોજન કરીને ભૂખ તરસથી મુક્ત થાય છે અને અસીમ તૃપ્તિનો અનુભવ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इय सव्वकालतित्तो, अतुलं निव्वाणमुवगया सिद्धा ।
सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥

તે પ્રમાણે સર્વકાળતૃપ્ત અનુપમ શાંતિયુક્ત સિદ્ધ ભગવાન્ શાશ્વત તથા અવ્યાબાધ પરમ સુખમાં લીન થઈ જાય છે.

सिद्धत्ति य बुद्धत्ति य, पारगयत्ति य परंपरगयत्ति ।
उम्मुक्ककम्मकवया, अजरा अमरा असंगा य ॥

તે **સિદ્ધ** છે - તેઓએ પોતાના બધા પ્રયોજન સિદ્ધ કરી લીધા છે, તે **બુદ્ધ** છે- કેવળજ્ઞાન દ્વારા સમસ્ત પદાર્થોનો બોધ કરી લીધેલ છે. તે **પારંગત** છે - સંસાર સાગરથી પાર થઈ ગયેલ છે. તે **પરંપરાગત** છે - પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરી લીધેલ છે, તે કર્મકવચથી મુક્ત થઈ ગયેલ છે. તે **અજર** છે - વૃદ્ધાવસ્થાથી રહિત છે, તે **અમર** છે- મૃત્યુ રહિત છે તથા તે **અસંગ** છે- બધા પ્રકારની આસક્તિયોથી મુક્ત છે.

णित्थिण्णसव्वदुक्खा, जाइ-जरा-मरणबंधणविमुक्का ।
अव्वाबाहं सुक्खं, अणुहोंति सासयं सिद्धा[1] ॥

સિદ્ધ બધા દુઃખોને પાર કરી ચૂક્યા છે. જન્મ, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુના બંધનથી મુક્ત છે. નિર્બાધ, શાશ્વત સુખનો અનુભવ કરે છે.

अतुलसुहसागरगया, अव्वाबाहं अणोवमं पत्ता ।
सव्वमणागयमद्धं, चिट्ठंति सुही सुहं पत्ता ॥
- उव. सु. १८०-१८९

અનુપમ સુખ સાગરમાં લીન, નિર્બાધ અનુપમ મુક્તાવસ્થા પ્રાપ્ત કરેલ સિદ્ધ ભવિષ્યકાળમાં અનન્ત સુખને પ્રાપ્ત કરીને સુખી રહે છે.

## २६. सिद्धाइ गुणाणं णामाणि -

इक्कतीसं सिद्धाइगुणा पण्णत्ता, तं जहा-

१. खीणे आभिणिबोहियणाणावरणे,
२. खीणे सुयणाणावरणे,
३. खीणे ओहिणाणावरणे,
४. खीणे मणपज्जवणाणावरणे,
५. खीणे केवलणाणावरणे,
६. खीणे चक्खुदंसणावरणे,
७. खीणे अचक्खुदंसणावरणे,
८. खीणे ओहिदंसणावरणे,
९. खीणे केवलदंसणावरणे,
१०. खीणा निद्दा,
११. खीणा णिद्दाणिद्दा,
१२. खीणा पयला,
१३. खीणा पयलापयला,
१४. खीणा थीणगिद्धी,

## ૨૬. સિદ્ધોના આદિ ગુણોના નામ :

સિદ્ધનાં આદિ ગુણ અર્થાત્ મુક્ત થવાના પ્રથમ ક્ષણમાં થયેલા એકત્રીસ ગુણ કહ્યા છે, તે આ પ્રમાણે છે -

(૧) ક્ષીણ આભિનિબોધિક જ્ઞાનાવરણ,
(૨) ક્ષીણ શ્રુત જ્ઞાનાવરણ,
(૩) ક્ષીણ અવધિ જ્ઞાનાવરણ,
(૪) ક્ષીણ મનઃપર્યવ જ્ઞાનાવરણ,
(૫) ક્ષીણ કેવલ જ્ઞાનાવરણ,
(૬) ક્ષીણ ચક્ષુ દર્શનાવરણ,
(૭) ક્ષીણ અચક્ષુ દર્શનાવરણ,
(૮) ક્ષીણ અવધિ દર્શનાવરણ,
(૯) ક્ષીણ કેવલ દર્શનાવરણ,
(૧૦) ક્ષીણ નિદ્રા,
(૧૧) ક્ષીણ નિદ્રા - નિદ્રા,
(૧૨) ક્ષીણ પ્રચલા,
(૧૩) ક્ષીણ પ્રચલા - પ્રચલા,
(૧૪) ક્ષીણ સ્ત્યાનગૃદ્ધિ,

१. विया. स. ११, उ. ९, सु. ३३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५. खीणे सायावेयणिज्जे, (૧૫) ક્ષીણ સાતાવેદનીય,

१६. खीणे असायावेयणिज्जे, (૧૬) ક્ષીણ અસાતાવેદનીય,

१७. खीणे दंसणमोहणिज्जे, (૧૭) ક્ષીણ દર્શનમોહનીય,

१८. खीणे चरित्तमोहणिज्जे, (૧૮) ક્ષીણ ચારિત્રમોહનીય,

१९. खीणे नेरइयाउए, (૧૯) ક્ષીણ નરકાયુ,

२०. खीणे तिरियाउए, (૨૦) ક્ષીણ તિર્યંચાયુ,

२१. खीणे मणुस्साउए, (૨૧) ક્ષીણ મનુષ્યાયુ,

२२. खीणे देवाउए, (૨૨) ક્ષીણ દેવાયુ,

२३. खीणे सुभणामे, (૨૩) ક્ષીણ શુભનામ,

२४. खीणे असुभणामे, (૨૪) ક્ષીણ અશુભનામ,

२५. खीणे उच्चागोए, (૨૫) ક્ષીણ ઉચ્ચગોત્ર,

२६. खीणे नियागोए, (૨૬) ક્ષીણ નીચગોત્ર,

२७. खीणे दाणंतराए, (૨૭) ક્ષીણ દાનાન્તરાય,

२८. खीणे लाभंतराए, (૨૮) ક્ષીણ લાભાન્તરાય,

२९. खीणे भोगंतराए, (૨૯) ક્ષીણ ભોગાન્તરાય,

३०. खीणे उवभोगंतराए, (૩૦) ક્ષીણ ઉપભોગાન્તરાય,

३१. खीणे वीरियंतराए। - सम.सम. ३१, सु.१ (૩૧) ક્ષીણ વીર્યાન્તરાય.

**२७. सिद्धाणं ओगाहणा परूवणं-**

जं संठाणं तु इहं, भवं चयंतस्स चरिमसमयंमि ।
आसी य पएसघणं, तं संठाणं तहिं तस्स ॥

दीहं वा हस्सं वा, जं चरिमभवे हवेज्ज संठाणं ।
तत्तो तिभागहीणं, सिद्धाणोगाहणा भणिया ॥

तिण्णि सया तेत्तीसा, धणुत्तिभागो य होइ बोद्धव्वो ।
एसा खलु सिद्धाणं, उक्कोसोगाहणा भणिया ।[1]

चत्तारि य रयणाओ, रयणितिभागूणिया य बोद्धव्वा ।
एसा खलु सिद्धाणं, मज्झिमओगाहणा भणिया ॥

एक्का य होइ रयणी, साहिया अंगुलाइं अट्ठ भवे ।
एसा खलु सिद्धाणं जहण्णोगाहणा भणिया ॥

ओगाहणाए सिद्धा, भवत्तिभागेण होंति परिहीणा ।
संठाणमणित्थत्थं, जरामरण-विप्पमुक्काणं ॥

- उव. सु. १७०-१७५

**૨૭. સિદ્ધોની અવગાહનાનું પ્રરુપણ :**

શરીરનો ત્યાગ કરતા સમયે અંતિમ સમયમાં જે પ્રદેશ ઘન આકાર હોય છે. તે જ આકાર તેના સિદ્ધ સ્થાનમાં રહે છે.

અંતિમ ભવમાં નાના મોટા જેવા આકાર હોય છે તેનાથી ત્રીજો ભાગ ઓછી સિદ્ધોની અવગાહના કહી છે.

સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ સો તેત્રીસ ધનુષ અને એક ધનુષનો ત્રીજો ભાગ (બત્રીસ આંગળ) હોય છે. એવું સર્વજ્ઞોએ કહ્યું છે.

સિદ્ધોની મધ્યમ અવગાહના ચાર હાથ અને ત્રીજો ભાગ ઓછી એક હાથ (સોળ આંગળ) હોય છે. એવું સર્વજ્ઞોએ કહ્યું છે.

સિદ્ધોની જઘન્ય અવગાહના આઠ આંગળ અધિક એક હાથ હોય છે. એવું સર્વજ્ઞોએ કહ્યું છે.

સિદ્ધ અંતિમ ભવની અવગાહનાથી ત્રીજો ભાગ ઓછી અવગાહના યુક્ત હોય છે અને જન્મ, જરા, મરણાદિથી વિમુક્ત સિદ્ધોનું સંસ્થાન શરીરનાં આકારોથી અલગ કહ્યુ છે.

१. सम. सु. १०४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२८. **सिद्धाणं अवट्ठाण परूवणं-**

प. कहिं पडिहया सिद्धा ? कहिं सिद्धा पइट्ठिया ?
कहिं बोंदि चइत्ताणं, कत्थं गंतूण सिज्झई ॥

उ. अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।
इहं बोंदि चइत्ताणं तत्थ गंतूण सिज्झई ॥[1]

- उव.गा. १६८-१६९

जत्थ य एगो सिद्धो, तत्थ अणंता भवक्खयविमुक्का ।
अण्णोण्णसमोगाढा, पुट्ठा सव्वे य लोगंते ॥

फुसइ अणंते सिद्धे, सव्वपएसेहिं णियमसो सिद्धो ।
ते वि असंखेज्जगुणा देसपएसेहिं जे पुट्ठा ॥

- उव. गा. १७६-१७७

लोएगदेसे ते सव्वे नाणदंसण सन्निया ।
संसारपार नित्थिन्ना सिद्धिं वरगइं गया ।

- उत्त.अ. ३६, गा. ६७

२९. **सिद्धाणं लक्खणं -**

असरीरा जीवघणा, उवउत्ता दंसणे य णाणे य ।
सागारमणागारं, लक्खणमेयं तु सिद्धाणं ॥[2]

केवलणाणुवउत्ता, जाणंती सव्वभावगुणभावे ।
पासंति सव्वओ खलु, केवलदिट्ठीहिणंताहिं ॥

- उव. सु. १७८-१७९

३०. **एगत्त पुहत्तेण सिद्धाणं साई अणाईत्त परूवणं -**

एगत्तेण साईया अपज्जवसिया वि य ।
पुहुत्तेण अणाईया अपज्जवसिया वि य ॥

- उत्त. अ. ३६, गा. ६५

३१. **सिज्झमाणजीवाणं संघयण संठाण ओगाहणा आउ परूवणं-**

प. जीवा णं भंते ! सिज्झमाणा कयरंमि संघयणे सिज्झंति ?

२८. **સિદ્ધોની અવસ્થાનનું પ્રરુપણ :**

પ્ર. સિદ્ધ ક્યા સ્થાન પર પ્રતિહત (રોકાઈ જાય) છે? તે ક્યાં પ્રતિષ્ઠિત છે ? આ લોકમાં શરીરનો ત્યાગ કરીને તે ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

ઉ. સિદ્ધ અલોકથી પ્રતિહત છે, તે લોકનાં અગ્રભાગમાં પ્રતિષ્ઠિત છે. આ મનુષ્યક્ષેત્રમાં શરીરનો ત્યાગ કરી તે સિદ્ધ સ્થાનમાં જઈને સિદ્ધ થાય છે.

જ્યાં એક સિદ્ધ સ્થિત છે ત્યાં ભવક્ષય અને કર્મમલથી વિમુક્ત અનન્ત સિદ્ધ સ્થિત છે, જે પરસ્પર અવગાઢ છે અર્થાત્ એક બીજામાં મળેલ છે તે સર્વ લોકાગ્ર ભાગનો સંસ્પર્શ કરે છે.

(એક- એક) સિદ્ધ સમસ્ત આત્મપ્રદેશો દ્વારા સિદ્ધોનાં સંપૂર્ણ રુપથી સંસ્પર્શ કરેલા છે અને તેનાથી પણ અસંખ્યાત ગુણ સિદ્ધ એવા છે જે દેશ અને પ્રદેશોથી એક બીજાનો સંસ્પર્શ કરેલ છે.

જ્ઞાન અને દર્શનથી યુક્ત, સંસારથી પાર પહોંચેલ, સિદ્ધ નામક શ્રેષ્ઠ ગતિને પ્રાપ્ત તે બધા સિદ્ધ લોકનાં એક દેશમાં સ્થિત છે.

૨૯. **સિદ્ધોનું લક્ષણ :**

સિદ્ધ શરીર રહિત, સઘન આત્મ પ્રદેશોથી યુક્ત તથા દર્શન અને જ્ઞાનોપયોગથી યુક્ત છે.સાકાર (જ્ઞાન) તથા અનાકાર (દર્શન) ઉપયોગ સિદ્ધોનું લક્ષણ છે.

કેવળજ્ઞાનોપયોગ દ્વારા સર્વ પદાર્થોનાં ગુણ તથા પર્યાયોને જાણે છે તથા અનંત કેવળ દર્શન દ્વારા સમસ્ત ભાવોને જુવે છે.

૩૦. **એકત્વ બહુત્વની અપેક્ષાએ સિદ્ધોની સાદિ અનાદિત્વનું પ્રરુપણ :**

એક (મુક્તજીવ)ની અપેક્ષાથી સિદ્ધ સાદિ અનન્ત છે અને અનેક (મુક્તજીવો)ની અપેક્ષાથી તે અનાદિ અનન્ત છે.

૩૧. **સિદ્ધપદને પામવાવાળા જીવોનાં સંહનન, સંસ્થાન, અવગાહના અને આયુષ્યનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સિદ્ધ પદને પામવાવાળા જીવ કેવા સંહનનથી સિદ્ધ થાય છે ?

---

१. उत्त. अ. ३६, गा. ५५-५६

२. अरूविणो जीवघणा, नाणदंसण सन्निया ।
अउलं सुहं संपत्ता, उवमा जस्स नत्थिउ ॥ - उत्त. अ. ३६, गा. ६६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! वइरोसभणारायसंघयणे सिज्झंति ।

ઉ. ગૌતમ ! તે વજ્રઋષભનારાચ સંહનનથી સિદ્ધ થાય છે.

प. जीवाणं भंते ! सिज्झमाणा कयरंमि संठाणे सिज्झंति ?

પ્ર. ભંતે ! સિદ્ધ પદને પામવાવાળા જીવ કેવા સંસ્થાન (દેહના આકાર) થી સિદ્ધ થાય છે ?

उ. गोयमा ! छण्हं संठाणाणं अण्णयरे संठाणे सिज्झंति ।

ઉ. ગૌતમ ! છ સંસ્થાનોમાંથી કોઈ એક સંસ્થાનથી સિદ્ધ થાય છે.

प. जीवा णं भंते ! सिज्झमाणा कयरंमि उच्चत्ते सिज्झंति ?

પ્ર. ભંતે ! સિદ્ધ પદને પામવાવાળા જીવ કેટલી શરીર અવગાહના (ઉંચાઈ)થી સિદ્ધ થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं सत्तरयणीए, उक्कोसेणं पंचधणुसइए सिज्झंति ।

ઉ. ગૌતમ ! જઘન્ય સાત હાથ અને ઉત્કૃષ્ટ પાંચ સૌ ધનુષની અવગાહનાથી સિદ્ધ થાય છે.

प. जीवाणं भंते ! सिज्झमाणा कयरम्मि आउए सिज्झंति ?

પ્ર. ભંતે ! સિદ્ધ પદને પામવાવાળા જીવ કેટલા આયુષ્યથી સિદ્ધ થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं साइरेगट्ठवासाउए, उक्कोसेणं पुव्वकोडियाउए सिज्झंति ।[1]

- उव. सु. १५६-१५९

ઉ. ગૌતમ ! જઘન્ય વિશેષ આઠ વર્ષના આયુષ્યથી તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટિના આયુષ્યથી સિદ્ધ થાય છે.

**३२. विविह विवक्खया एगसमए सिज्झमाणाणं जीवाणं संखा परूवणं-**

उक्कोसोगाहणाए य जहन्नमज्झिमाइ य ।
उड्ढं अहे य तिरियं च, समुद्दम्मि जलम्मि य ॥

दस चेव नपुंसेसु, वीसे इत्थियासु य ।
पुरिसेसु य अट्ठसयं, समएणेगेण सिज्झई ॥

चत्तारि य गिहिलिंगे, अन्नलिंगे दसेव य ।
सलिंगेण य अट्ठसयं, समएणेगेण सिज्झई ॥

उक्कोसोगाहणाए य, सिज्झन्ते जुगवं दुवे ।
चत्तारि जहन्नाए, जवमज्झऽट्ठुत्तरं सयं ॥

चउरूड्ढलोए य दुवे समुद्दे, तओ जले वीसमहे तहेव ।
सयं च अट्ठुत्तर तिरियलोए, समएणेगेण उ सिज्झई ॥

- उत्त.अ. ३६ गा.४९-५४

**૩૨. વિવિધ વિવક્ષાઓથી એક સમયમાં સિદ્ધ પદને પામવાવાળા જીવોની સંખ્યાનું પ્રરુપણ :**

ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ અવગાહનામાં તથા ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્યક્લોકમાં તેમજ સમુદ્ર તથા અન્ય જલાશયોમાં જીવ સિદ્ધ થાય છે.

એક સમયમાં (અધિકથી અધિક) નપુંસકોમાં દસ, સ્ત્રિયોમાં વીસ અને પુરુષોમાં એક સૌ આઠ જીવ સિદ્ધ થાય છે.

એક સમયમાં ચાર ગૃહસ્થલિંગથી, દસ અન્યલિંગથી તથા એક સૌ આઠ જીવ સ્વલિંગથી સિદ્ધ થઈ શકે છે.

(એક સમયમાં) ઉત્કૃષ્ટ અવગાહનામાં બે, જઘન્ય અવગાહનામાં ચાર અને મધ્યમ અવગાહનામાં એક સૌ આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

એક સમયમાં ઉર્ધ્વલોકમાં ચાર, સમુદ્રમાં બે, જલાશયમાં ત્રણ, અધોલોકમાં વીસ, તેમજ તિર્યંચલોકમાં એક સૌ આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

**३३. संसार समापन्नग जीवाणं भेय परूवणस्स उक्खेवो-**

प. से किं तं संसारसमापन्नकजीवाभिगमे ?

उ. संसारसमावण्णएसु णं जीवेसु इमाओ णव पडिवत्तीओ एवमाहिज्जंति, तं जहा-

**૩૩. સંસાર સમાપન્નક જીવોના ભેદ પ્રરુપણાની પ્રસ્તાવના :**

પ્ર. સંસાર સમાપન્નક જીવનું પરિચ્છેદ શું છે ?

ઉ. સંસાર સમાપન્નક જીવોની આ નવ પ્રતિપત્તિયાં (સમ્યક્ત્વથી પડીને વળી બીજીવાર સમ્યક્ત્વ પામનાર 'જીવની) કહી છે. જેમકે -

१. विया. स. ११, उ. ९, सु. ३३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. एगे एवमाहंसु-दुविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता,

२. एगे एवमाहंसु-तिविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता,

३. एगे एवमाहंसु-चउव्विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता,

४. एगे एवमाहंसु-पंचविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता,

५-९. **एएणं अभिलावेणं -जाव-**

१०. दस विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता।

- जीवा. पडि. १ सु. ८

(૧) કોઈ એવું કહે છે કે - સંસાર સમાપન્નક જીવ બે પ્રકારના કહ્યા છે.

(૨) કોઈ એવું કહે છે કે - સંસાર સમાપન્નક જીવ ત્રણ પ્રકારના કહ્યા છે.

(૩) કોઈ એવું કહે છે કે - સંસાર સમાપન્નક જીવ ચાર પ્રકારના કહ્યા છે.

(૪) કોઈ એવું કહે છે કે - સંસાર સમાપન્નક જીવ પાંચ પ્રકારના કહ્યા છે.

**(૫-૯) આ પ્રમાણેના અભિલાપથી યાવત્**

(૧૦) કોઈ એવું કહે છે કે - સંસાર સમાપન્નક જીવ દસ પ્રકારનાં કહ્યા છે.

**३४. संसारसमावण्णगा जीवाणं वित्थरओ भेय परूवणं-**

***(१) दुविहा जीवा-***

तत्थ णं जे ते एवमाहंसु दुविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, ते एवमाहंसु, तं जहा-

२. तसा चेव, २. थावरा चेव।[1]

- जीवा. पडि. १, सु.९

***(२) तिविहा जीवा-***

तत्थ णं जे ते एवमाहंसु तिविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, ते एवमाहंसु- तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।[2]

- जीवा. पडि. २, सु. ४४

**૩૪. સંસાર સમાપન્નક જીવોનાં ભેદોનું વિસ્તારથી પ્રરુપણ :**

***(૧) બે પ્રકારનાં જીવ :***

જે આ પ્રમાણે કહે છે કે - સંસાર સમાપન્નક જીવ બે પ્રકારનાં છે તેનું વર્ણન આ પ્રમાણે છે, જેમકે-

૧. ત્રસ, ૨. સ્થાવર.

***(૨) ત્રણ પ્રકારનાં જીવ :***

જે આ પ્રમાણે કહે છે કે - સંસાર સમાપન્નક જીવ ત્રણ પ્રકારનાં છે તેનું વર્ણન આ પ્રમાણે છે, જેમકે-

૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

**३५. इत्थीणं भेयप्पभेया-**

प. से किं तं इत्थीओ ?

उ. इत्थीओ तिविहाओ पण्णत्ताओ, तं जहा-

१. तिरिक्खजोणित्थीओ,

२. मणुस्सित्थीओ,

३. देवित्थीओ।[3]

- जीवा.पडि. २, सु. ४५(१)

***(१) तिरिक्खजोणित्थीओ-***

प. से किं तं तिरिक्खजोणित्थीओ ?

उ. तिरिक्खजोणित्थीओ तिविहाओ पण्णत्ताओ, तं जहा-

**૩૫. સ્ત્રીઓનાં ભેદ - પ્રભેદ :**

પ્ર. સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. સ્ત્રીઓ ત્રણ પ્રકારની કહી છે. જેમકે -

૧. તિર્યંચયોનિક સ્ત્રીઓ,

૨. મનુષ્ય સ્ત્રીઓ,

૩. દેવ સ્ત્રીઓ.

***(૧) તિર્યંચયોનિક સ્ત્રીઓ :***

પ્ર. તિર્યંચયોનિક સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. તિર્યંચયોનિક સ્ત્રીઓ ત્રણ પ્રકારની કહી છે, જેમકે-

---

१. (क) ठाणं. अ. २, उ.४. सु..११२/१ (ख) उत्त.अ. ३६, गा. ६८

२. (क) जीवा. पडि. १, सु. १० (ख) उत्त.अ. ३६, गा. ६९-१०६

३. (क) जीवा.पडि. १, सु. २२ (ख) उत्त. ३६, गा. १०७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. जलयरीओ, २. थलरीओ,
३. खहयरीओ ।[१]

प. से किं तं जलयरीओ ?
उ. जलयरीओ पंचविहाओ पण्णत्ताओ, तं जहा-
१. मच्छीओ **-जाव-** ५ सुंसमारीओ ।
प. से किं तं थलयरीओ ?
उ. थलयरीओ दुविहाओ पण्णत्ताओ, तं जहा-
१. चउप्पईओ य, २. परिसप्पीओ य ।
प. से किं तं चउप्पईओ ?
उ. चउप्पईओ चउव्विहाओ पण्णत्ताओ, तं जहा-
१. एगखुरीओ **-जाव-** ४ सणप्फईओ ।
प. से किं तं परिसप्पीओ ?
उ. परिसप्पीओ दुविहाओ पण्णत्ताओ, तं जहा-
१. उरपरिसप्पीओ य, २. भुयपरिसप्पीओ य ।
प. से किं तं उरपरिसप्पीओ ?
उ. उरपरिसप्पीओ तिविहाओ पण्णत्ताओ, तं जहा-
१. अहीओ, २. अयगरीओ, ३. महोरगीओ य ।
प. से किं तं भुयपरिसप्पीओ ?
उ. भुयपरिसप्पीओ अणेगविहाओ पण्णत्ताओ, तं जहा-
गोहीओ, णउलीओ, सेधाओ, सल्लीओ, सरडीओ, सरडीओ, ससाओ, खाराओ, पंचलोइयाओ, चउप्पइयाओ, मूसियाओ, मुगुंसियाओ, घरोलियाओ, जाहियाओ, छीरविरालियाओ ।
प. से किं तं खहयरीओ ?
उ. खहयरीओ चउव्विहाओ पण्णत्ताओ, तं जहा-
१. चम्मपक्खीओ **-जाव-** ४ विततपक्खीओ ।

- जीवा. पडि. २ सु. ४५(१)

### *(२) मणुस्सित्थियाओ -*

प. से किं तं मणुस्सित्थियाओ ?
उ. मणुस्सित्थियाओ तिविहाओ पण्णत्ताओ, तं जहा-
१. कम्मभूमियाओ, २. अकम्मभूमियाओ,
३. अंतरदीवियाओ ।[२]

૧. જલચર સ્ત્રીઓ, ૨. સ્થલચર સ્ત્રીઓ,
૩. ખેચર સ્ત્રીઓ.

પ્ર. જલચરિયાં કેટલા પ્રકારની છે ?
ઉ. જલચરિયાં પાંચ પ્રકારની કહી છે. જેમકે -
૧. માછલીઓ **-યાવત્-** ૫ સુંસમારિકાઓ.
પ્ર. સ્થલચરિયાં કેટલા પ્રકારની છે ?
ઉ. સ્થલચરિયાં બે પ્રકારની કહી છે, જેમકે -
૧. ચતુષ્પદિઓ, ૨. પરિસર્પિણીઓ.
પ્ર. ચતુષ્પદિઓ કેટલા પ્રકારની છે ?
ઉ. ચતુષ્પદિઓ ચાર પ્રકારની કહી છે, જેમકે -
૧. એક ખુરવાલી **-યાવત્-** ૪ નખવાળી.
પ્ર. પરિસર્પિઓ કેટલા પ્રકારની છે ?
ઉ. પરિસર્પિઓ બે પ્રકારની કહી છે, જેમકે -
૧. ઉરપરિસર્પિઓ, ૨. ભુજપરિસર્પિઓ.
પ્ર. ઉરપરિસર્પિઓ કેટલા પ્રકારની છે ?
ઉ. ઉરપરિસર્પિઓ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -
૧. સર્પિણીઓ, ૨. અજગરિઓ, ૩. મહોરગિઓ.
પ્ર. ભુજપરિસર્પિઓ કેટલા પ્રકારની છે ?
ઉ. ભુજપરિસર્પિઓ અનેક પ્રકારની કહી છે, જેમકે-
ગોધિકા, નકુલી, શાવડી, સેલા, કાંચડી, સસલી, સરડી, ખારાયે, પંચલૌકિકાઓ, ચતુષ્પદિકાઓ, ઉંદરડી, મુગુસિયાઓ, ઘરોલી, જાહિકાઓ, ખીરવિરાલિકાઓ.
પ્ર. ખેચરિઓ કેટલા પ્રકારની છે ?
ઉ. ખેચરિઓ ચાર પ્રકારની કહી છે. જેમકે -
૧. ચર્મ પક્ષિકાઓ **-યાવત્-** ૪ વિતત પક્ષિકાઓ.

### *(૨) મનુષ્ય સ્ત્રીઓ :*

પ્ર. મનુષ્ય સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?
ઉ. મનુષ્ય સ્ત્રીઓ ત્રણ પ્રકારની કહી છે, જેમકે-
૧. કર્મભૂમિકાની, ૨. અકર્મભૂમિકાની,
૩. અંતરદ્વીપીકાની.

---

१. (क) ठाणं. अ.३, उ.२, सु. १७० (ख) ठाणं. अ. ३, उ. १ सु. १३९ (१-२)
२. ठाणं. अ. ३, उ. १, सु. १३२/१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं अंतरदीवियाओ ?

उ. अंतरदीवियाओअट्ठावीसइविहाओ पण्णत्ताओ, तं जहा-

१. एगोरूइयाओ **-जाव-** २८ सुद्धदंताओ।

प. से किं तं अकम्मभूमियाओ ?

उ. अकम्मभूमियाओतीसइविहाओपण्णत्ताओ, तंजहा-

पंचसु हेमवएसु, पंचसु एरण्णवएसु, पंचसु हरिवासेसु, पंचसु रम्मगवासेसु, पंचसु देवकुरासु, पंचसु उत्तराकुरासु।

प. से किं तं कम्मभूमियाओ ?

उ. कम्मभूमियाओपण्णरसविहाओपण्णत्ताओ, तंजहा-

पंचसु भरहेसु, पंचसु एरवएसु, पंचसु महाविदेहेसु।

- जीवा.पडि. २, सु. ४५ (२)

***(३) देवित्थियाओ-***

प. से किं तं देवित्थियाओ ?

उ. देवित्थियाओ चउव्विहाओ पण्णत्ताओ, तं जहा-

१. भवणवासिदेवित्थियाओ,

२. वाणमंतरदेवित्थियाओ,

३. जोइसियदेवित्थियाओ,

४. वेमाणियदेवित्थियाओ।

प. से किं तं भवणवासिदेवित्थियाओ ?

उ. भवणवासिदेवित्थियाओ दसविहाओ पण्णत्ताओ, तं जहा-

१. असुरकुमार भवणवासिदेवित्थियाओ **-जाव-**

१०. थणियकुमार-भवणवासिदेवित्थियाओ।

प. से किं तं वाणमंतरदेवित्थियाओ ?

उ. वाणमंतरदेवित्थियाओ अट्ठविहाओ पण्णत्ताओ, तं जहा-

१. पिसायवाणमंतरदेवित्थियाओ **-जाव-**

८. गंधव्ववाणमंतर-देवित्थियाओ।

प. से किं तं जोइसियदेवित्थियाओ ?

उ. जोइसियदेवित्थियाओ पंचविहाओ पण्णत्ताओ, तं जहा-

१. चंदविमाणजोइसियदेवित्थियाओ **-जाव-**

५. ताराविमाण-जोइसिय देवित्थियाओ।

પ્ર. અંતરદ્વીપીકાઓ કેટલા પ્રકારની છે ?

ઉ. અંતરદ્વીપીકાઓ અઠયાવીસ પ્રકારની કહી છે, જેમકે -

૧. એકોરુકદ્વીપિકાઓ **-યાવત્-** ૨૮. શુદ્ધદન્તાઓ.

પ્ર. અકર્મભૂમિકાઓ કેટલા પ્રકારની છે ?

ઉ. અકર્મભૂમિકાઓ ત્રીસ પ્રકારની કહી છે, જેમકે-

પાંચ હેમવતોમાં, પાંચ ઐરણ્યવતોમાં, પાંચ હરિવર્ષોમાં, પાંચ રમ્યક્વર્ષોમાં, પાંચ દેવકુરુઓમાં, પાંચ ઉત્તરકુરુઓમાં.

પ્ર. કર્મભૂમિકાઓ કેટલા પ્રકારની છે ?

ઉ. કર્મભૂમિકાઓ પંદર પ્રકારની કહી છે, જેમકે - પાંચ ભરત, પાંચ એરવત, પાંચ મહાવિદેહ.

***(૩) દેવ સ્ત્રીઓ :***

પ્ર. દેવ સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. દેવ સ્ત્રીઓ ચાર પ્રકારની કહી છે, જેમકે -

(૧) ભવનવાસી દેવ સ્ત્રીઓ,

(૨) વાણવ્યંતર દેવ સ્ત્રીઓ,

(૩) જ્યોતિષિક દેવ સ્ત્રીઓ,

(૪) વૈમાનિક દેવ સ્ત્રીઓ.

પ્ર. ભવનવાસી દેવ સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. ભવનવાસી દેવ સ્ત્રીઓ દસ પ્રકારની કહી છે. જેમકે-

(૧) અસુરકુમાર ભવનવાસી દેવ સ્ત્રીઓ **-યાવત્-**

(૧૦) સ્તનિતકુમાર ભવનવાસી દેવ સ્ત્રીઓ.

પ્ર. વાણવ્યંતર દેવ સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. વાણવ્યંતર દેવ સ્ત્રીઓ આઠ પ્રકારની કહી છે, જેમકે -

(૧) પિશાચવાણવ્યંતર દેવ સ્ત્રીઓ **-યાવત્-**

(૮) ગન્ધર્વવાણવ્યંતર દેવ સ્ત્રીઓ.

પ્ર. જ્યોતિષિક દેવ સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. જ્યોતિષિક દેવ સ્ત્રીઓ પાંચ પ્રકારની કહી છે. જેમકે -

(૧) ચન્દ્ર વિમાન જ્યોતિષિક દેવ સ્ત્રીઓ **-યાવત્-**

(૫) તારા વિમાન જ્યોતિષિક દેવ સ્ત્રીઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं वेमाणियदेवित्थियाओ ?

उ. वेमाणियदेवित्थियाओ दुविहाओ पण्णत्ताओ, तं जहा-

१. सोहम्मकप्पवेमाणियदेवित्थियाओ,

२. ईसाणकप्पवेमाणियदेवित्थियाओ ।

- जीवा. पडि. २, सु. ४५(३)

**३६. पुरिसेहिंतो इत्थियाणं अहिगत्त परूवणं-**

तिरिक्खजोणित्थियाओ तिरिक्खजोणियपुरिसेहिंतो तिगुणाओ तिरूवाहियाओ,

मणुस्सित्थियाओ मणुस्सपुरिसेहिंतो सत्तावीसइगुणाओ सत्तावीसइरूवाहियाओ,

देवित्थियाओ देवपुरिसेहिंतो बत्तीसइगुणाओ बत्तीसइ रूवाहियाओ । - जीवा.पडि. २, सु. ६४

**३७. पुरिसाणं भेयप्पभेया-**

प. से किं तं पुरिसा ?

उ. पुरिसा तिविहा पण्णत्ता, तं जहा-

१. तिरिक्खजोणियपुरिसा, २. मणुस्सपुरिसा,

३. देवपुरिसा । - जीवा. पडि. २, सु. ५२

***(१) तिरिक्खजोणियपुरिसा-***

प. से किं तं तिरिक्खजोणियपुरिसा ?

उ. तिरिक्खजोणियपुरिसा तिविहा पण्णत्ता, तं जहा-

१. जलयरा, २. थलयरा, ३. खहयरा ।

***इत्थिभेओ भाणियव्वो -जाव- खहयरा ।***

- जीवा. पडि. २ सु. ५२

***(२) मणुस्सपुरिसा-***

प. से किं तं मणुस्सपुरिसा ?

उ. मणुस्सपुरिसा तिविहा पण्णत्ता, तं जहा-

१. कम्मभूमगा, २. अकम्मभूमगा,

३. अंतरदीवगा ।[1] - जीवा. पडि. २, सु. ५२

***(३) देवपुरिसा -***

प. से किं तं देवपुरिसा ?

उ. देवपुरिसा चउव्विहा पण्णत्ता, तं जहा-

***इत्थीभेओ भाणियव्वो -जाव- सव्वट्ठसिद्धा ।***[2]

- जीवा. पडि. २, सु. ५२

પ્ર. વૈમાનિક દેવ સ્ત્રીઓ કેટલા પ્રકારની છે ?

ઉ. વૈમાનિક દેવ સ્ત્રીઓ બે પ્રકારની કહી છે, જેમકે-

(૧) સૌધર્મકલ્પ વૈમાનિક દેવ સ્ત્રીઓ,

(૨) ઈશાનકલ્પ વૈમાનિક દેવ સ્ત્રીઓ.

**૩૬. પુરુષોથી સ્ત્રીઓની અધિકતાનું પ્રરુપણ :**

તિર્યંચયોનિઓની સ્ત્રીઓ તિર્યંચયોનિઓના પુરુષોથી ત્રણ ગુણી અને ત્રિરુપ અધિક છે.

મનુષ્ય સ્ત્રીઓ મનુષ્ય પુરુષોથી સત્યાવીસગુણી અને સત્યાવીસ રુપ અધિક છે.

દેવ સ્ત્રીઓ દેવ પુરુષોથી બત્રીસગુણી અને બત્રીસરુપ અધિક છે.

**૩૭. પુરુષોના ભેદ - પ્રભેદ :**

પ્ર. પુરુષ કેટલા પ્રકારના છે ?

ઉ. પુરુષ ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે -

(૧) તિર્યંચયોનિક પુરુષ, (૨) મનુષ્ય પુરુષ,

(૩) દેવ પુરુષ.

***(૧) તિર્યંચયોનિક પુરુષ :***

પ્ર. તિર્યંચયોનિક પુરુષ કેટલા પ્રકારના છે ?

ઉ. તિર્યંચયોનિક પુરુષ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. જલચર, ૨. થલચર, ૩. ખેચર.

***(ખેચરો સુધી સ્ત્રી ભેદોના સમાન પુરુષોના ભેદ કહેવા જોઈએ.)***

***(૨) મનુષ્ય પુરુષ :***

પ્ર. મનુષ્ય પુરુષ કેટલા પ્રકારના છે ?

ઉ. મનુષ્ય પુરુષ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

(૧) કર્મભૂમજ, (૨) અકર્મભૂમજ,

(૩) અંતરદ્વીપજ.

***(૩) દેવ પુરુષ :***

પ્ર. દેવ પુરુષ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. દેવ પુરુષ ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

***સ્ત્રીઓની જેમ દેવ પુરુષોનાં ભેદ સર્વાર્થસિદ્ધ સુધી કહેવા જોઈએ.***

---

१. ठाणं, अ. ३, उ. १, सु. १३९/२

२. દેવસ્ત્રીનાં ભેદ બીજા દેવલોક સુધી જ કહ્યા છે, માટે ત્રીજા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીની ભલામણ સંબંધી દેવોના ભેદ બીજી જગ્યાએ જુવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३८. णपुंसगाणं भेयप्पभेया-**

प. से किं तं नपुंसगा ?

उ. नपुंसगा तिविहा पण्णत्ता, तं जहा-

१. नेरइयनपुंसगा,

२. तिरिक्खजोणियनपुंसगा,

३. मणुस्सजोणियनपुंसगा।[1]

- जीवा.पडि. २, सु. ५८

***(१) नेरइयनपुंसगा-***

प. से किं तं नेरइयनपुंसगा ?

उ. नेरइयनपुंसगा सत्तविहा पण्णत्ता, तं जहा-

१ रयणप्पभापुढविनेरइयनपुंसगा **-जाव-**

७ अहेसत्तमपुढविनेरइयनपुंसगा।

- जीवा. पडि. २, सु. ५८

***(२) तिरिक्खजोणियनपुंसगा-***

प. से किं तं तिरिक्खजोणियनपुंसगा ?

उ. तिरिक्खजोणियनपुंसगा पंचविहा पण्णत्ता, तं जहा-

१. एगिंदियतिरिक्खजोणियनपुंसगा **-जाव-**

५. पंचेंदिय-तिरिक्खजोणियनपुंसगा।

प. से किं तं एगिंदियतिरिक्खजोणियनपुंसगा ?

उ. एगिंदियतिरिक्खजोणियनपुंसगा पंचविहा पण्णत्ता, तं जहा-

१ पुढविकाइया **-जाव-** ५ वणस्सइकाइया।

प. से किं तं बेइंदियतिरिक्खजोणियनपुंसगा ?

उ. बेइंदियतिरिक्खजोणियनपुंसगा अणेगविहा पण्णत्ता।

***एवं तेइंदिया वि, चउरिंदिया वि।***

प. से किं तं पंचेंदियतिरिक्खजोणियनपुंसगा ?

उ. पंचेंदियतिरिक्खजोणियनपुंसगा तिविहा पण्णत्ता, तं जहा-

**૩૮. નપુંસકોનાં ભેદ - પ્રભેદ :**

પ્ર. નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. નપુંસક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) નૈરયિક નપુંસક,

(૨) તિર્યંચયોનિક નપુંસક,

(૩) મનુષ્યયોનિક નપુંસક.

***(૧) નૈરયિક નપુંસક :***

પ્ર. નૈરયિક નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. નૈરયિક નપુંસક સાત પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નપુંસક **-યાવત્-**

(૭) અધઃ સપ્તમ પૃથ્વીના નૈરયિક નપુંસક.

***(૨) તિર્યંચયોનિક નપુંસક :***

પ્ર. તિર્યંચયોનિક નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. તિર્યંચયોનિક નપુંસક પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક **-યાવત્-**

(૫) પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક.

પ્ર. એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. એકેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) પૃથ્વીકાયિક **-યાવત્-** (૫) વનસ્પતિકાયિક.

પ્ર. બેઈન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. બેઈન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક અનેક પ્રકારના કહ્યા છે.

***આ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયને પણ જાણવા જોઈએ.***

પ્ર. પંચેદ્રિય તિર્યંચયોનિક નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે -

१. ठाणं. अ. ३, उ. १, सु. १३९/३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. जलयरा, २. थलयरा, ३. खहयरा।[1]

प. से किं तं जलयरा ?

उ. ***सो चेव पुव्वुत्त भेओ आसालियवज्जिओ भाणियव्वो।***

- जीवा. पडि. २, सु. ५८

***(३) मणुस्सनपुंसगा-***

प. से किं तं मणुस्सनपुंसगा ?

उ. मणुस्सनपुंसगा तिविहा पण्णत्ता, तं जहा-

१. कम्मभूमगा, २. अकम्मभूमगा,

३. अंतरदीवगा।[2]

- जीवा. पडि. २, सु. ५८

(૧) જલચર (૨) થલચર (૩) ખેચર.

પ્ર. જલચર નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. **આશાલિકને છોડીને પૂર્વોક્ત ભેદ કહેવા જોઈએ.**

***(૩) મનુષ્ય નપુંસક :***

પ્ર. મનુષ્ય નપુંસક કેટલા પ્રકારના છે ?

ઉ. મનુષ્ય નપુંસક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) કર્મભૂમજ, (૨) અકર્મભૂમજ,

(૩) અંતરદ્વીપજ.

**३९. चउव्विहा जीवा-**

चउव्विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. नेरइया, २. तिरिक्खजोणिया,

३. मणुस्सा, ४. देवा।[3]

- ठाणं.अ.४, उ.४, सु. ३६५

**૩૯. ચાર પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ ચાર પ્રકારના કહ્યા છે. જેમકે -

(૧) નૈરયિક, (૨) તિર્યંચયોનિક,

(૩) મનુષ્ય, (૪) દેવ.

**४०. पंचविहा जीवा -**

पंचविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. एगिंदिया **-जाव-** ५. पंचेंदिया।[4]

- ठाणं.अ.५,उ.३, सु. ४५८/१

**૪૦. પાંચ પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) એકેન્દ્રિય **-યાવત્-** (૫) પંચેન્દ્રિય.

**४१. छव्विहा जीवा-**

छव्विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. पुढविकाइया **-जाव-** ६. तसकाइया।[5]

- ठाणं.अ.६, सु. ४८२/१

**૪૧. છ પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ છ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પૃથ્વીકાયિક **-યાવત્-** (૬) ત્રસકાયિક.

**४२. सत्तविहा जीवा -**

सत्तविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. नेरइया, २. तिरिक्खजोणिया,

३. तिरिक्खजोणिणीओ, ४. मणुस्सा,

५. मणुस्सीओ, ६. देवा,

७. देवीओ।[6] -ठाणं.अ.७, सु.५६०

**૪૨. સાત પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ સાત પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) નૈરયિક, (૨) તિર્યંચયોનિક,

(૩) તિર્યંચાણી, (૪) મનુષ્ય,

(૫) મનુષ્યાણી, (૬) દેવ,

(૭) દેવી.

---

१. ठाणं. अ. ३, उ. १, सु. १३९/३

२. ठाणं. अ. ३, उ. १, सु. १३९/३

३. जीवा.पडि.३, सु. ६५

४. (क) जीवा. पडि. ४, सु. २०७
(ख) पण्ण. प. १, सु. १८

५. (क) जीवा. पडि.३, सु. १००
(ख) जीवा.पडि. ५, सु. २१०
(ग) विया. स. ७, उ. ४, सु. २०

६. जीवा.पडि. ६, सु. २२५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४३. अट्ठविहा जीवा-**

अट्ठविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. पढमसमयनेरइया,
२. अपढमसमयनेरइया,
३. पढमसमयतिरिक्खजोणिया,
४. अपढमसमयतिरिक्खजोणिया,
५. पढमसमयमणुस्सा,
६. अपढमसमयमणुस्सा,
७. पढमसमयदेवा,
८. अपढमसमयदेवा।[१]

- ठाणं.अ.८, सु. ६४६/१

**૪૩. આઠ પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ આઠ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પ્રથમ સમય નૈરયિક,
(૨) અપ્રથમ સમય નૈરયિક,
(૩) પ્રથમ સમય તિર્યંચયોનિક,
(૪) અપ્રથમ સમય તિર્યંચયોનિક,
(૫) પ્રથમ સમય મનુષ્ય,
(૬) અપ્રથમ સમય મનુષ્ય,
(૭) પ્રથમ સમય દેવ,
(૮) અપ્રથમ સમય દેવ.

**४४. णवविहा जीवा-**

णवविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. पुढविकाइया, २. आउक्काइया,
३. तेउक्काइया, ४. वाउक्काइया,
५. वणस्सइकाइया, ६. बेइंदिया,
७. तेइंदिया, ८. चउरिंदिया,
९. पंचेंदिया।[२]

- ठाणं. अ. ९, सु. ६६६/१

**૪૪. નવ પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ નવ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક,
(૩) તેઉકાયિક, (૪) વાયુકાયિક,
(૫) વનસ્પતિકાયિક, (૬) બેઈન્દ્રિય,
(૭) તેઈન્દ્રિય, (૮) ચઉરિન્દ્રિય,
(૯) પંચેન્દ્રિય.

**४५. दसविहा जीवा -**

दसविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. पढमसमयएगिंदिया,
२. अपढमसमयएगिंदिया,
३. पढमसमय बेइंदिया,
४. अपढमसमय बेइंदिया,
५. पढमसमय तेइंदिया
६. अपढमसमय तेइंदिया,
७. पढमसमय चउरिंदिया,
८. अपढमसमय चउरिंदिया,
९. पढमसमय पंचेंदिया,
१०. अपढमसमय पंचेंदिया।[३]

- ठाणं.अ.१०, सु. ७७१/१

**૪૫. દસ પ્રકારના જીવ :**

સંસાર સમાપન્નક જીવ દસ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પ્રથમ સમય એકેન્દ્રિય,
(૨) અપ્રથમ સમય એકેન્દ્રિય,
(૩) પ્રથમ સમય બેઈન્દ્રિય,
(૪) અપ્રથમ સમય બેઈન્દ્રિય,
(૫) પ્રથમ સમય તેઈન્દ્રિય,
(૬) અપ્રથમ સમય તેઈન્દ્રિય,
(૭) પ્રથમ સમય ચઉરિન્દ્રિય,
(૮) અપ્રથમ સમય ચઉરિન્દ્રિય,
(૯) પ્રથમ સમય પંચેન્દ્રિય,
(૧૦) અપ્રથમ સમય પંચેન્દ્રિય.

---

१. जीवा.पडि.६, सु. २२६ २. जीवा.पडि.८, सु. २२८ ३. जीवा. पडि. ९, सु. २२९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४६. चोद्दसविहा जीवा-**

प. कइविहा णं भंते ! संसारसमावण्णगा जीवा पण्णत्ता ?

उ. गोयमा ! चोद्दसविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा-

१. सुहुमा अपज्जत्तया,
२. सुहुमा पज्जत्तया,
३. बायरा अपज्जत्तया
४. बायरा पज्जत्तया
५. बेइंदिया अपज्जत्तया,
६. बेइंदिया पज्जत्तया,
७. तेइंदिया अपज्जत्तया,
८. तेइंदिया पज्जत्तया,
९. चउरिंदिया अपज्जत्तया,
१०. चउरिंदिया पज्जत्तया,
११. असन्निपंचेंदिया अपज्जत्तया,
१२. असन्निपंचेंदिया पज्जत्तया,
१३. सन्निपंचेंदिया अपज्जत्तया,
१४. सन्निपंचेंदिया पज्जत्तया।[१]

- विया. स. २५, उ. १, सु.४

**૪૬. ચૌદ પ્રકારના જીવ :**

પ્ર. ભંતે ! સંસાર સમાપન્નક જીવ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! (સંસાર સમાપન્નક જીવ) ચૌદ પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) સૂક્ષ્મ અપર્યાપ્ત,
(૨) સૂક્ષ્મ પર્યાપ્ત,
(૩) બાદર અપર્યાપ્ત,
(૪) બાદર પર્યાપ્ત,
(૫) બેઈન્દ્રિય અપર્યાપ્ત,
(૬) બેઈન્દ્રિય પર્યાપ્ત,
(૭) તેઈન્દ્રિય અપર્યાપ્ત,
(૮) તેઈન્દ્રિય પર્યાપ્ત,
(૯) ચઉરિન્દ્રિય અપર્યાપ્ત,
(૧૦) ચઉરિન્દ્રિય પર્યાપ્ત,
(૧૧) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત,
(૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત,
(૧૩) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત,
(૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત.

**४७. चउवीसदंडगा विवक्खया संसारसमावण्णगा जीवाणं भेया-**

दं.१. एगा णेरइयाणं वग्गणा।
दं.२. एगा असुरकुमाराणं वग्गणा।
दं.३. एगा णागकुमाराणं वग्गणा।
दं.४. एगा सुवण्णकुमाराणं वग्गणा।
दं.५. एगा विज्जुकुमाराणं वग्गणा।
दं.६. एगा अग्गिकुमाराणं वग्गणा।
दं.७. एगा दीवकुमाराणं वग्गणा।
दं.८. एगा उदहिकुमाराणं वग्गणा।
दं.९. एगा दिसाकुमाराणं वग्गणा।
दं.१०. एगा वायुकुमाराणं वग्गणा।
दं.११. एगा थणियकुमाराणं वग्गणा।
दं.१२. एगा पुढविकाइयाणं वग्गणा।

**૪૭. ચૌવીસ દંડકોની વિવક્ષાથી સંસાર સમાપન્નક જીવોના ભેદ.**

દં.૧. નૈરયિકોની વર્ગણા (સમૂહ) એક છે.
દં.૨. અસુરકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૩. નાગકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૪. સુપર્ણકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૫. વિદ્યુત્કુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૬. અગ્નિકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૭. દ્વીપકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૮. ઉદધિકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૯. દિશાકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૧૦. વાયુકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૧૧. સ્તનિતકુમાર દેવોની વર્ગણા એક છે.
દં.૧૨. પૃથ્વીકાયિક જીવોની વર્ગણા એક છે.

१. सम. सम. १४, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दं.१३. एगा आउकाइयाणं वग्गणा।

दं.१४. एगा तेउकाइयाणं वग्गणा।

दं.१५. एगा वाउकाइयाणं वग्गणा।

दं.१६. एगा वणस्सइकाइयाणं वग्गणा।

दं.१७. एगा बेइंदियाणं वग्गणा।

दं.१८. एगा तेइंदियाणं वग्गणा।

दं.१९. एगा चउरिंदियाणं वग्गणा।

दं.२०. एगा पंचिंदियतिरिक्खजोणियाणं वग्गणा।

दं.२१. एगा मणुस्साणं वग्गणा।

दं.२२. एगा वाणमंतराणं वग्गणा।

दं.२३. एगा जोइसियाणं वग्गणा।

दं.२४. एगा वेमाणियाणं वग्गणा।

- ठाणं. अ. १, सु. ४१ (१)

દં.૧૩. અપ્કાયિક જીવોની વર્ગણા એક છે.

દં.૧૪. તેઉકાયિક જીવોની વર્ગણા એક છે.

દં.૧૫. વાયુકાયિક જીવોની વર્ગણા એક છે.

દં.૧૬. વનસ્પતિકાયિક જીવોની વર્ગણા એક છે.

દં.૧૭. બેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે.

દં.૧૮. તેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે.

દં.૧૯. ચઉરિન્દ્રિય જીવોની વર્ગણા એક છે.

દં.૨૦. પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની વર્ગણા એક છે.

દં.૨૧. મનુષ્યોની વર્ગણા એક છે.

દં.૨૨. વાણવ્યંતર દેવોની વર્ગણા એક છે.

દં.૨૩. જ્યોતિષ્ક દેવોની વર્ગણા એક છે.

દં.૨૪. વૈમાનિક દેવોની વર્ગણા એક છે.

**४८. चउवीसदंडग विवक्खया जीवाणं दुविहत्त परूवणं-**

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. भवसिद्धिया चेव, २. अभवसिद्धिया चेव।

***एवं -जाव- वेमाणिया।***

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. अणंतरोववण्णगा चेव, २. परंपरोववण्णगा चेव।

***एवं -जाव- वेमाणिया।***

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. गतिसमावण्णगा चेव, २. अगतिसमावण्णगा चेव।

***एवं -जाव- वेमाणिया।***

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. पढमसमओववण्णगा चेव,

२. अपढमसमओववण्णगा चेव।

***एवं -जाव- वेमाणिया।***

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. आहारगा चेव, २. अणाहारगा चेव।

***एवं -जाव- वेमाणिया।***

दुविहा णेरइया पण्णत्ता, तं जहा-

१. उस्सासगा चेव, २. णो उस्सासगा चेव।

**૪૮. ચૌવીસ દંડકની વિવક્ષાથી જીવોની દ્વિવિભાગોનું પ્રરુપણ :**

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) ભવસિદ્ધિક, (૨) અભવસિદ્ધિક.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે -

(૧) અનન્તરોપપન્નક, (૨) પરંપરોપપન્નક.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) ગતિ સમાપન્નક, (૨) અગતિ સમાપન્નક.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પ્રથમ સમયમાં સમાપન્નક,

(૨) અપ્રથમ સમયમાં સમાપન્નક.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) આહારક, (૨) અનાહારક.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) ઉચ્છ્વાસક, (૨) નો ઉચ્છ્વાસક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. सइंदिया चेव, २. अणिंदिया चेव। | (૧) સઈન્દ્રિય, (૨) અનિન્દ્રિય. |
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. पज्जत्तगा चेव, २. अपज्जत्तगा चेव। | (૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત. |
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. सण्णी चेव, २. असण्णी चेव, | (૧) સંજ્ઞી, (૨) અસંજ્ઞી. |
| ***एवं सव्वे विगलिंदियवज्जा -जाव- वाणमंतरा।*** | ***આ પ્રમાણે વિકલેન્દ્રિયોને છોડીને વાણવ્યંતર સુધી સર્વ જીવોને માટે જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. भासगा चेव, २. अभासगा चेव। | (૧) ભાષક, (૨) અભાષક. |
| ***एवमेगिंदियवज्जा सव्वे।*** | ***આ પ્રમાણે એકેન્દ્રિયોને છોડીને સર્વ જીવોને માટે જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. सम्मद्दिट्ठिया चेव, २. मिच्छद्दिट्ठिया चेव। | (૧) સમ્યગ્દૃષ્ટિ, (૨) મિથ્યાદૃષ્ટિ. |
| ***एवमेगिंदियवज्जा सव्वे।*** | ***આ પ્રમાણે એકેન્દ્રિયોને છોડીને સર્વ જીવોને માટે જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. परित्तसंसारिया चेव, २. अणंतसंसारिया चेव। | (૧) પરીત સંસારી, (૨) અનન્ત સંસારી. |
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा - | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે - |
| १. संखेज्जकालसमयट्ठिइया चेव, | (૧) સંખ્યાતકાળની સ્થિતિવાળા, |
| २. असंखेज्जकालसमयट्ठिइया चेव। | (૨) અસંખ્યાતકાળની સ્થિતિવાળા. |
| ***एवं सव्वे पंचेंदिया एगिंदियविगलिंदियवज्जा -जाव- वाणमंतरा।*** | ***આ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને છોડીને વાણવ્યંતર સુધી સર્વ પંચેન્દ્રિય જીવોને માટે જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. सुलभबोहिया चेव, २. दुलभबोहिया चेव। | (૧) સુલભબોધિક, (૨) દુર્લભબોધિક. |
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. कण्हपक्खिया चेव, २. सुक्कपक्खिया चेव। | (૧) કૃષ્ણપાક્ષિક, (૨) શુકલપાક્ષિક. |
| ***एवं -जाव- वेमाणिया।*** | ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*** |
| दुविहा णेरइया पण्णत्ता, तं जहा- | નૈરયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે- |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. चरिमा चेव, २. अचरिमा चेव।

*एवं -जाव- वेमाणिया।*

- ठाणं. अ.२, सु. ६९

(૧) ચરમ, (૨) અચરમ.

*આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.*

**४९. संसारसमापन्न जीवपण्णवणाया भेया-**

प. से किं तं संसारसमावण्णजीवपण्णवणा ?

उ. संसारसमावण्णजीवपण्णवणा पंचविहा पन्नत्ता, तं जहा-

१. एगिंदियसंसारसमावण्णजीवपण्णवणा,
२. बेइंदियसंसारसमावण्णजीवपण्णवणा,
३. तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा,
४. चउरिंदियसंसारसमावण्णजीवपण्णवणा,
५. पंचेंदियसंसारसमावण्णजीवपण्णवणा।

- पण्ण.प.१, सु. १८

**૪૯. સંસાર સમાપન્નક જીવ પ્રરુપણાના ભેદ :**

પ્ર. તે સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા શું છે ?

ઉ. સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા પાંચ પ્રકારની કહી છે, જેમકે-

(૧) એકેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,
(૨) બેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,
(૩) તેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,
(૪) ચઉરિન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,
(૫) પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા.

**५०. एगिंदियजीवपण्णवणा भेया-**

प. से किं तं एगिंदियसंसारसमावण्णजीवपण्णवणा ?

उ. एगिंदियसंसारसमावण्णजीवपण्णवणा पंचविहा पण्णत्ता, तं जहा-

१. पुढविकाइया, २. आउकाइया,
३. तेउकाइया, ४. वाउकाइया,
५. वणस्सइकाइया।[1]

- पण्ण. प. १, सु. १९

**૫૦. એકેન્દ્રિય જીવ પ્રરુપણાના ભેદ :**

પ્ર. એકેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા શું છે ?

ઉ. એકેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા પાંચ પ્રકારની કહી છે, જેમકે-

(૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક,
(૩) તેઉકાયિક, (૪) વાયુકાયિક,
(૫) વનસ્પતિકાયિક.

**५१. पुढविकाइयजीवपण्णवणा-**

प. से किं तं पुढविकाइया ?

उ. पुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमपुढविकाइया य, २. बायरपुढविकाइया य।[2]

प. से किं तं सुहुमपुढविकाइया ?

उ. सुहुमपुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तसुहुमपुढविकाइया य,
२. अपज्जत्तसुहुमपुढविकाइया य।[3]

*से तं सुहुमपुढविकाइया।*

**૫૧. પૃથ્વીકાયિક જીવની પ્રરુપણા :**

પ્ર. તે પૃથ્વીકાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. પૃથ્વીકાયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ પૃથ્વીકાયિક, (૨) બાદર પૃથ્વીકાયિક.

પ્ર. સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ?

ઉ. સૂક્ષ્મ પૃથ્વીકાયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક,
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક.

*આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકનું વર્ણન છે.*

---

१. जीवा. पडि. ३, सु. ९६ (१)
२. (क) उत्त. अ. ३६, गा. ७० (ख) जीवा. पडि. १, सु. ११ (ग) ठाणं. अ. २, उ. १, सु. ७३
३. (क) उत्त. अ. ३६, गा. ७० (ख) जीवा. पडि. १, सु. १२ (ग) जीवा. पडि. ५, सु. २१० (घ) ठाणं. अ. २, उ. १, सु. ७३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं बायरपुढविकाइया ?

उ. बायरपुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सण्हबायरपुढविकाइया य,

२. खरबायरपुढविकाइया य।[१]

- पण्ण.प. १, सु. २०-२२

પ્ર. બાદર પૃથ્વીકાયિક શું છે ?

ઉ. બાદર પૃથ્વીકાયિક બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) શ્લક્ષ્ણ (ચીંકણી) બાદર પૃથ્વીકાયિક,

(૨) ખર (તીક્ષ્ણ) બાદર પૃથ્વીકાયિક.

प. कइविहा णं भंते ! पुढवि पण्णत्ता ?

उ. गोयमा ! छव्विहा पुढवि पण्णत्ता, तं जहा -

१. सण्हपुढवी, २. सुद्धपुढवी,

३. वालुयापुढवी, ४. मणोसिलापुढवी,

५. सक्करापुढवी, ६. खरपुढवी।

- जीवा. पडि. ३, सु. १०१

પ્ર. ભંતે ! પૃથ્વી કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વી છ પ્રકારની કહી છે, જેમકે-

(૧) શ્લક્ષ્ણ (ચીંકણી) પૃથ્વી, (૨) શુદ્ધ પૃથ્વી,

(૩) વાલુકા પૃથ્વી, (૪) મનઃશિલા પૃથ્વી,

(૫) શર્કરા પૃથ્વી, (૬) ખર (તીક્ષ્ણ) પૃથ્વી.

प. से किं तं सण्हबायरपुढविकाइया ?

उ. सण्हबायरपुढविकाइया सत्तविहा पण्णत्ता, तं जहा-

१. किण्हमट्टिया, २. नीलमट्टिया,

३. लोहियमट्टिया, ४. हालिद्दमट्टिया,

५. सुक्किलमट्टिया, ६. पंडुमट्टिया,

७. पणगमट्टिया।[२]

***से तं सण्हबायरपुढविकाइया।***

- पण्ण. प. १, सु. २३

પ્ર. શ્લક્ષ્ણ (ચીંકણી) બાદર પૃથ્વીકાયિક શું છે ?

ઉ. (ચીંકણી) બાદર પૃથ્વીકાયિક સાત પ્રકારની કહેવામાં આવે છે. જેમકે-

(૧) કાળી માટી, (૨) લીલી માટી,

(૩) લાલ માટી, (૪) પીળી માટી,

(૫) સફેદ માટી, (૬) પાંડુ માટી (કંઈક પીળી અને કંઈક સફેદ).

(૭) પનક માટી, (ચિંકણી માટીની પાપડી)

***આ શ્લક્ષ્ણ (ચીંકણી) બાદર પૃથ્વીકાયિકનું વર્ણન છે.***

प. से किं तं खरबादरपुढविकाइया ?

उ. खरबादरपुढविकाइया अणेगविहा पण्णत्ता, तं जहा -

१. पुढवी य, २. सक्करा,

३. वालुया य, ४. उवले,

५. सिया य, ६-७. लोणूसे।

८. अय, ९. तंब,

१०. तउय, ११. सीसय,

१२. रूप्प, १३. सुवण्णे य,

१४. वइरे य॥ १५. हरियाले,

१६. हिंगुलुए, १७. मणोसिला,

१८-१९. सासगंजण, २०. पवाले।

પ્ર. ખર (તીક્ષ્ણ) બાદર પૃથ્વીકાયિક કેટલા પ્રકારની છે ?

ઉ. ખર (તીક્ષ્ણ) બાદર પૃથ્વીકાયિક અનેક પ્રકારની કહેવામાં આવે છે, જેમકે -

(૧) પૃથ્વી, (૨) કાંકરા,

(૩) રેતી, (૪) પાષાણ-પત્થર,

(૫) શિલા, (૬-૭) મીઠું,

(૮) લોખંડ, (૯) તાંબુ,

(૧૦) ત્રપુષ (કલઈ), (૧૧) સીસુ,

(૧૨) ચાંદી, (૧૩) સોનું,

(૧૪) હીરા, (૧૫) હરતાલ,

(૧૬) હિંગળુ, (૧૭) મણસીલ,

(૧૮-૧૯) પારા, (૨૦) પ્રવાળ,

---

१. (क) उत्त. अ. ३६, गा. ७१ (ख) जीवा. पडि. १, सु. १४ (ग) जीवा. पडि. ३, सु. १००
(घ) (સ્થાનાંગ સૂત્રમાં પાંચેયકાયનાં સૂક્ષ્મ અને બાદરનાં ભેદન કરતાં પર્યાપ્ત-અપર્યાપ્તનાં ભેદ કરેલ છે. - ठाणं अ. २, उ. १, सु. ७३)

२. (क) उत्त. अ. ३६, गा. ७१, ७२ (ख) जीवा. पडि. ५, सु. २१०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| २१. अब्भपडल, २२. ऽब्भवालुय, | (૨૧) અભ્રપટક, (૨૨) અભ્રક મિશ્રિત રેતી, |
| बादरकाए मणिविहाणा - | બાદરકાયમાં મણિઓના પ્રકાર નીચે પ્રમાણે છે- |
| २३. गोमेज्जए य, २४. रूयए, | (૨૩) ગોમેદરત્ન, (૨૪) મણિરત્ન, |
| २५. अंके, | (૨૫) અંકરત્ન (સફેદ મણિ રત્ન), |
| २६. फलिहे य, | (૨૬) સ્ફટિકરત્ન, |
| २७. लोहियक्खे य, २८. मरगय, | (૨૭) લોહિતાક્ષરત્ન, (૨૮) મરકતરત્ન, |
| २९. मसारगल्ले, ३०. भुयमोयग, | (૨૯) મસારગલ્લરત્ન, (૩૦) ભુંજમોચકરત્ન, |
| ३१. इंदनीले य, ३२. चंदण, | (૩૧) ઈન્દ્રનીલમણિ, (૩૨) ચંદનરત્ન, |
| ३३. गेरूय, ३४. हंसे, | (૩૩) ગૈરિકરત્ન, (૩૪) હંસરત્ન, |
| ३५. पुलए, ३६. सोगंधिए य बोद्धव्वे, | (૩૫) પુલકરત્ન, (૩૬) સોગન્ધિકરત્ન, |
| ३७. चंदप्पभ, ३८. वेरूलिए, | (૩૭) ચંદ્રપ્રભરત્ન, (૩૮) વૈડૂર્યરત્ન, |
| ३९. जलकंते, ४०. सूरकंते य ॥ | (૩૯) જલકાંતમણિ, (૪૦) સૂર્યકાંતમણિ. |
| जे यावऽण्णे तहप्पगारा ।[१] | આ સિવાયના અન્ય પ્રકારના પણ તેના જેવા પદ્મરાગ આદિ મણિઓનાભેદ છે. |

१. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य ।[२]

(૧) તે પૂર્વોક્ત સામાન્ય બાદર પૃથ્વીકાયિક સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત.

२. तत्थ णं जे ते अपज्जत्तया ते णं असंपत्ता ।

(૨) તેમાંથી જે અપર્યાપ્ત છે તે સ્વયોગ્ય પર્યાપ્તિયોને પ્રાપ્ત નથી.

३. तत्थ णं जे ते पज्जत्तया एएसि णं वण्णादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं ।

पज्जत्तगणिस्साए अपज्जत्तया वक्कमंति-जत्थ एगो तत्थ णियमा असंखेज्जा ।

(૩) તેમાંથી જે પર્યાપ્ત છે તેના વર્ણની અપેક્ષાથી, ગંધની અપેક્ષાથી, રસની અપેક્ષાથી અને સ્પર્શની અપેક્ષાથી હજારો ભેદ છે. (તેનાં) સંખ્યાત લાખ યોનિપ્રમુખ (યોનિદ્વાર) છે.

પર્યાપ્તકોના નિશ્રાયમાં અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે. જ્યાં એક (પર્યાપ્ત) હોય છે ત્યાં (તેના આશ્રયથી) નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત (ઉત્પન્ન થાય) છે.

***से तं खरबादरपुढविकाइया य ।[३]***

***से तं बायरपुढविकाइया ।***

***से तं पुढविकाइया ।***

***આ તીક્ષ્ણ બાદર પૃથ્વીકાયિકોનું નિરુપણ છે.***

***(તેની સાથે) બાદર પૃથ્વીકાયિકોનું વર્ણન થયું.***

***આ પૃથ્વીકાયિકોની પ્રરુપણા સમાપ્ત થઈ.***

---

१. (क) उत्त. अ. ३६, गा. ७२-७७
(ख) पण्ण. प. १, सु. २४-२५
२. (क) जीवा. पडि. ५, सु. २१०
(ख) जीवा. पडि. १, सु. १४
(ग) बादराणां लोक मध्य एवोपपातभावात् ।
(घ) જીવા પડિ. ૧, સૂત્ર ૧૫ની ટીકામાં ખરબાદર પૃથ્વીકાયિકોનાં ભેદ-પ્રભેદ અને શરીરાદિ ત્રેવીસ દ્વારોના વર્ણનની સૂચનાનુસાર અહીં અંકિત કરેલ છે.
३. उत्त. अ. ३६, गा. ७०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५२. आउक्कायजीवपण्णवणा -

प. से किं तं आउक्काइया ?

उ. आउक्काइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमआउक्काइया य, २. बायरआउक्काइया य।[1]

प. से किं तं सुहुमआउक्काइया ?

उ. सुहुमआउक्काइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तसुहुमआउक्काइया य.

२. अपज्जत्तसुहुमआउक्काइया य।

***से तं सुहुमआउक्काइया।***[2]

प. से किं तं बायरआउक्काइया ?

उ. बायर आउक्काइया अणेगविहा पण्णत्ता, तं जहा-

ओसा, हिमए, महिया, करए, हरतणूए, सुद्धोदए, सीतोदए, उसिणोदए, खारोदए, अंबिलोदए, लवणोदए, वारूणोदए, खीरोदए, घओदए, खोओदए, रसोदए जे याऽवण्णे तहप्पगारा।

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।[3]

३. तत्थ णं जे ते अपज्जत्तया ते णं असंपत्ता।

४. तत्थ णं जे ते पज्जत्तया एएसि णं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणीपमुहसयसहस्साइं।

पज्जत्तगणिस्साए अपज्जत्तया वक्कमंति-जत्थ एगो तत्थ णियमा असंखेज्जा।

***से तं बायर आउक्काइया। से तं आउक्काइया।***[4]

- पण्ण. प. १, सु. २६-२८

૫૨. અપ્કાયિક જીવોની પ્રરુપણા :

પ્ર. અપ્કાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. અપ્કાયિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ અપ્કાયિક, (૨) બાદર અપ્કાયિક.

પ્ર. સૂક્ષ્મ અપ્કાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. સૂક્ષ્મ અપ્કાયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક,

(૨) અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક.

***આ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાયિકની પ્રરુપણા થઈ.***

પ્ર. બાદર અપ્કાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. બાદર અપ્કાયિક અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

ઓસ, હિમ, ઝાકળ, ઓળા, ઓસબિંદુ, શુદ્ધપાણી, ઠંડુપાણી, ગરમપાણી, (થોડું) ક્ષાર પાણી, ખાટુ પાણી, ખારુપાણી, મદિરા જેવું પાણી, ક્ષીર સમુદ્રનું પાણી, ઘી જેવું પાણી, શેરડીના રસ જેવું પાણી, પુષ્કર સમુદ્રનું પાણી (રસ-સ્પર્શાદિકનાં ભેદથી) જેટલા અન્યપણ પ્રકાર હોય, (તે સર્વે બાદર અપ્કાયિક સમજવા જોઈએ.)

(૨) બાદર અપ્કાયિક સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત.

(૩) તેમાંથી જે અપર્યાપ્ત છે તે અસંપ્રાપ્ત (પોતાની પર્યાપ્તિઓને પૂર્ણ નથી કરી શક્યા) છે.

(૪) તેમાંથી જે પર્યાપ્ત છે, તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાથી હજારો ભેદ હોય છે. તેનાથી સંખ્યાત લાખ યોનિ પ્રમુખ છે.

પર્યાપ્ત જીવોના આશ્રયથી અપર્યાપ્ત આવીને ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં નિયમથી (તેના આશ્રયથી) અસંખ્યાત અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે.

***આ બાદર અપ્કાયિકોનું (વર્ણન સાથે) અપ્કાયિક જીવોની (પ્રરુપણા પૂર્ણ થઈ).***

---

१. (क) उत्त. अ. ३६, गा. ८४
(ख) जीवा. पडि. १, सु. १६
(ग) ठाणं. अ. २, उ. १, सु. ७३

२. (क) उत्त.अ. ३६, गा. ८४ (ख) जीवा. पडि. १, सु. १६ (ग) जीवा. पडि. ५, सु. २१०

३. ठाणं अ. २, उ. १, सु. ७३

४. (क) उत्त. अ. ३६, गा. ८५
(ख) जीवा. पडि. १, सु. १७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५३. **तेउकायजीवपण्णवणा-**

प. से किं तं तेउक्काइया ?

उ. तेउक्काइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमतेउक्काइया य, २. बायरतेउक्काइया य।[1]

प. से किं तं सुहुमतेउक्काइया ?

उ. सुहुमतेउक्काइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।[2]

प. से किं तं बायरतेउक्काइया ?

उ. १. बायरतेउक्काइया अणेगविहा पण्णत्ता, तं जहा- इंगाले, जाला, मुम्मुरे, अच्ची, अलाए,[3] सुद्धागणी, उक्का, विज्जू, असणी, णिग्घाए, संघरिससमुट्ठिए सूरकंतमणिणिस्सिए,

जेयावऽण्णे तहप्पगारा।

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।[4]

३. तत्थ णं जे ते अपज्जत्तया ते णं असंपत्ता।

४. तत्थ णं जे ते पज्जत्तया एएसि णं वण्णादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं, सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं पज्जत्तगणिस्साए अपज्जत्तया वक्कमंति-जत्थ एगो तत्थ णियमा असंखेज्जा।

***से तं बायरतेउक्काइया। से तं तेउक्काइया।***[5]

- पण्ण. प. १, सु. २९-३१

૫૩. **તેજસ્કાયિક જીવોની પ્રરુપણા :**

પ્ર. તેજસ્કાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. તેજસ્કાયિક જીવ બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સૂક્ષ્મ તેજસ્કાયિક, (૨) બાદર તેજસ્કાયિક.

પ્ર. સૂક્ષ્મ તેજસ્કાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. સૂક્ષ્મ તેજસ્કાયિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત.

પ્ર. બાદર તેજસ્કાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. (૧) બાદર તેજસ્કાયિક અનેક પ્રકારના કહ્યા છે, જેમકે- અંગારા, જ્વાલા, અર્ધબુઝાએલ અગ્નિનો તણખો, રત્નાદિના તેજની જ્વાળા, સળગતું લાકડું, શુદ્ધ અગ્નિ, આકાશમાં વ્યંતરાદિકૃત અગ્નિ દેખાય તે, વિજળી, આકાશમાંથી ખરતો અગ્નિનો કણ, નિર્ઘાત, ઘર્ષણ (ઘસવાથી ઉત્પન્ન થયેલ અગ્નિ) સૂર્યકાંતમણિનિઃસ્તૃત.

આવા પ્રકારની અન્ય જે પણ અગ્નિઓ છે તેને બાદર તેજસ્કાયિકના રુપમાં સમજવી જોઈએ.

(૨) તે (ઉપયુક્ત બાદર તેજસ્કાયિક) સંક્ષેપમાં બે પ્રકારના કહેવાય છે, જેમકે-

(૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત.

(૩) તેમાંથી જે અપર્યાપ્ત છે તે (પૂર્વવત્) અસંપ્રાપ્ત (પોતાના યોગ્ય પર્યાપ્તિઓથી પૂર્ણતયા અપ્રાપ્ત) છે.

(૪) તેમાંથી જે પર્યાપ્ત છે, તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અપેક્ષાથી હજારો ભેદ થાય છે. તેના સંખ્યાત લાખ યોનિ પ્રમુખ છે. પર્યાપ્તના (તેજસ્કાયિકો) આશ્રયથી અપર્યાપ્તા (તેજસ્કાયિક) આવીને ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત હોય છે ત્યાં નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે.

***આ થઈ બાદર તેજસ્કાયિક જીવોની પ્રરુપણા. (સાથે) તેજસ્કાયિક જીવોની પણ પ્રરુપણા થઈ.***

---

१. (क) उत्त. अ. ३६, गा. १०८
(ख) जीवा. पडि. १, सु. २३
(ग) ठाणं अ. २, उ. १, सु. ७३

२. (क) उत्त. अ. ३६, गा. १०८
(ख) जीवा. पडि. १, सु. २४
(ग) जीवा. पडि. ५, सु. २१०

३. (क) ठाणं अ. ५, उ. ३, सु. ४४४(४)

४. (क) ठाणं अ. २, उ. १, सु. ७३

५. (क) उत्त. अ. ३६, गा. १०८, १०९, ११०
(ख) जीवा. पडि. १, सु. २५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ५४. वाउकायजीवपण्णवणा-

प. से किं तं वाउकाइया ?

उ. वाउकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमवाउकाइया य, २. बायरवाउकाइया य।[१]

प. से किं तं सुहुमवाउकाइया ?

उ. सुहुमवाउकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तयसुहुमवाउकाइया य,

२. अपज्जत्तयसुहुमवाउकाइया य।

***से तं सुहुमवाउकाइया।[२]***

प. से किं तं बायरवाउकाइया ?

उ. १. बायरवाउकाइया अणेगविहा पण्णत्ता, तं जहा- पाईणवाए, पडीणवाए, दाहिणवाए, उदीणवाए, उड्ढवाए, अहोवाए, तिरियवाए, विदिसीवाए,[३], वाउब्भामे, वाउक्कलिया, वायमंडलिया, उक्कलियावाए, मंडलियावाए, गुंजावाए, झंझावाए, संवट्टगवाए, घणवाए, तणुवाए, सुद्धवाए,

जे यावऽण्णे तहप्पगारे।

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।[४]

३. तत्थ णं जे ते अपज्जत्तया ते णं असंपत्ता।

४. तत्थ णं जे ते पज्जत्तया एएसि णं वण्णादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं। पज्जत्तगणिस्साए अपज्जत्तया वक्कमंति - जत्थ एगो तत्थ णियमा असंखेज्जा।

***से तं बायर वाउकाइया। से तं वाउकाइया।[५]***

- पण्ण. प. १, सु. ३२-३४

## ૫૪. વાયુકાયિક જીવોની પ્રરુપણા :

પ્ર. વાયુકાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. વાયુકાયિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ વાયુકાયિક, (૨) બાદર વાયુકાયિક.

પ્ર. સૂક્ષ્મ વાયુકાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. સૂક્ષ્મ વાયુકાયિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક,

(૨) અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક.

***આ સૂક્ષ્મ વાયુકાયિકોનું વર્ણન છે.***

પ્ર. બાદર વાયુકાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. (૧) બાદર વાયુકાયિક અનેક પ્રકારના કહ્યા છે, જેમકે- પૂર્વવાયુ, પશ્ચિમીવાયુ, દક્ષિણીવાયુ, ઉત્તરીવાયુ, ઉર્ધ્વવાયુ, અધોવાયુ, તિર્છોવાયુ, વિદિગ્વાયુ (વિદિશા ખુણાનો વાયુ), વાતોદભ્રમ (વંટોળીયોવાયુ), વાતોત્કલિકા (ધીમે-ધીમે, રોકાઈ-રોકાઈને જે વાયરો વાય તે), વાતમંડલિકા, ઉત્કલિકાવાત, મંડલિકવાત (મંડળ રુપ ભમતો વાયુ), ગુંજાવાત (શબ્દ કરતો સુંસવાટા મારતો વાયુ), ઝંઝાવાત (વર્ષાસહિત નિષ્ઠુર વાયુ), સંવર્તકવાત (પાંચમા આરાને છેડે દરેક કૃત્રિમ વસ્તુઓનો સંહાર કરનાર વાયુ), ઘનવાત. તનુવાત અને શુદ્ધવાત.

અન્ય જેટલી પણ આ પ્રકારની હવાઓ છે (તેને પણ બાદર વાયુકાયિક સમજવી જોઈએ)

(૨) બાદર વાયુકાયિક સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત.

(૩) આમાંથી જે અપર્યાપ્ત છે તે અસંપ્રાપ્ત છે.

(૪) આમાંથી જે પર્યાપ્ત છે, તેના વર્ણની અપેક્ષાથી, ગંધની અપેક્ષાથી, રસની અપેક્ષાથી અને સ્પર્શની અપેક્ષાથી હજારો પ્રકાર થાય છે. તેના સંખ્યાત લાખ યોનિ પ્રમુખ હોય છે. પર્યાપ્ત વાયુકાયિકના આશ્રયથી અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે. જ્યાં એક (પર્યાપ્ત વાયુકાયિક) હોય છે ત્યાં નિયમથી અસંખ્યાત (અપર્યાપ્ત વાયુકાયિક) હોય છે.

***આ બાદર વાયુકાયિકનું વર્ણન થયું. (સાથે) વાયુકાયિક જીવોની (પ્રરુપણા પૂર્ણ થઈ.)***

---

१. (क) उत्त. अ. ३६, गा. ११७ (ख) जीवा. पडि. १, सु. २६ (ग) ठाणं अ. २, उ. १, सु. ७३
२. (क) उत्त. अ. ३६, गा. ११७ (ख) जीवा. पडि. १, सु. २६ (ग) ठाणं अ. ५, उ. ३, सु. ४४४
३. (क) ठाणं अ. २, उ. १, सु. ७३ (ख) ठाणं अ. ७, सु. ५४७
४. (क) जीवा.पडि. ५, सु. २१० (ख) ठाणं अ. २, उ. १, सु. ७३
५. (क) उत्त. अ. ३६, गा. ११८-११९ (ख) जीवा. पडि. १, सु. २६ (ग) ठाणं. अ. २, उ. १, सु. ७३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫૫. वणस्सइकायजीवपण्णवणा-**

प. से किं तं वणस्सइकाइया ?

उ. वणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमवणस्सइकाइया य,

२. बायरवणस्सइकाइया य।[1]

प. से किं तं सुहुमवणस्सइकाइया ?

उ. सुहुमवणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तसुहुमवणस्सइकाइया य,

२. अपज्जत्तसुहुमवणस्सइकाइया य।

***से तं सुहुमवणस्सइकाइया।***[2]

प. से किं तं बायर वणस्सइकाइया ?

उ. बायरवणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पत्तेयसरीरबायरवणस्सइकाइया य,

२. साहारणसरीरबायरवणस्सइकाइया य।[3]

प. से किं तं पत्तेयसरीरबायरवणस्सइकाइया ?

उ. पत्तेयसरीरबायरवणस्सइकाइया दुवालसविहा पण्णत्ता, तं जहा-

१. रूक्खा, २. गुच्छा, ३. गुम्मा,

४. लया य, ५. वल्ली य,

६. पव्वगा चेव।

७. तण,

८. वलय,

९. हरिय,

१०. ओसहि,

११. जलरूह,

१२. कुहणा य।

बोधव्वा।[4]

- पण्ण. प. १, सु. ३५-३८

**૫૫. વનસ્પતિકાયિકજીવોની પ્રરુપણા :**

પ્ર. તે (પૂર્વોક્ત) વનસ્પતિકાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. વનસ્પતિકાયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ વનસ્પતિકાયિક,

(૨) બાદર વનસ્પતિકાયિક.

પ્ર. તે સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિક,

(૨) અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિક.

***આ સૂક્ષ્મ વનસ્પતિકાયિક (નું નિરુપણ) થયું.***

પ્ર. બાદર વનસ્પતિકાયિક કેટલા પ્રકારના છે ?

ઉ. બાદર વનસ્પતિકાયિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક,

(૨) સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક.

પ્ર. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક જીવ બાર પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) વૃક્ષ, (૨) ગુચ્છ, (૩) ગુલ્મ,

(૪) લતા, (૫) વલ્લી (વેલ),

(૬) પર્વગ (ગાંઠવાળી વનસ્પતિ).

(૭) તૃણ (ઘાસ),

(૮) વલય (જેની છાલ ગોળાકાર હોય છે),

(૯) હરિત (લીલી વનસ્પતિ),

(૧૦) ઔષધિ,

(૧૧) જલરુહ (જલમાં પેદા થનાર વનસ્પતિ),

(૧૨) કુહન (છત્રીના આકારની વનસ્પતિ).

આ બાર પ્રકારના પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક જીવ સમજવા જોઈએ.

---

१. (क) उत्त. अ. ३६, गा. ९२
(ख) जीवा. पडि. १, सु. १८

२. (क) उत्त. अ. ३६, गा. ९२
(ख) जीवा. पडि. १, सु. १९
(ग) जीवा. पडि. ५, सु. २१०
(घ) ठाणं अ. २, उ. १, सु. ७३

३. (क) उत्त. अ. ३६, गा. ९३
(ख) जीवा. पडि. १, सु. १९

४. (क) उत्त. अ. ३६, गा. ९४-९५
(ख) जीवा. पडि. १, सु. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) रूक्खप्पगारा-

प. से किं तं रूक्खा ?

उ. रूक्खा दुविहा पण्णत्ता, तं जहा-

१. एगट्ठिया य,

२. बहुवीयगा य।[१]

(क) एगट्ठिया-

प. से किं तं एगट्ठिया?

उ. एगट्ठिया अणेगविहा पण्णत्ता, तं जहा-

णिंबंब जंबु कोसंब साल अंकोल्ल पीलु सेलू य।
सल्लइ मोयइ मालुय वउल पलासे करंजे य॥

पुत्तजीवय रिट्ठे विभेलए हरडए य भल्लाए।
उंबेभरिया खीरिणि बोधव्वे धायइ पियाले॥

पूईकरंज सेण्हा (सण्हा) तह सीसवा य असणे य।
पुण्णाग णागरूक्खे सीवण्णि तहा असोगे य॥

जे यावऽण्णे तहप्पगारा।

एएसि णं मूला वि असंखेज्जजीविया, कंदा वि, खंधा वि, तया वि, साला वि, पवाला वि।
पत्ता पत्तेयजीविया।
पुप्फा अणेगजीविया। फला एगट्ठिया।

*से तं एगट्ठिया।*[२]

(ख) बहुबीयगा

प. से किं तं वहुवीयगा।

उ. बहुबीयगा अणेगविहा पण्णत्ता, तं जहा-

अत्थिय तिंदु कविट्ठे अंबाडग माउलिंग बिल्ले य।
आमलग फणस दाडिम आसोत्थे उंबर वडे य॥

(१) વૃક્ષના પ્રકાર :

પ્ર. તે વૃક્ષ કેટલા પ્રકારના છે ?

ઉ. વૃક્ષ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) એકાસ્થિક (એક ગોઠલીવાળુ),

(૨) બહુબીજક.

(ક) એકાસ્થિક (એક ગોઠલીવાળા) :

પ્ર. એકાસ્થિક (પ્રત્યેક ફળમાં એક ગોઠલીવાળા) વૃક્ષ કેટલા પ્રકારના છે ?

ઉ. એકાસ્થિક વૃક્ષ અનેક પ્રકારના કહ્યા છે. જેમકે-

લીમડો, આંબો, જાંબુ, કોશમ્બ, શાલ, અખરોટ, પીલુ, શેલુ, શાલેડું, મોચકી, માલુક, બોલસરી, ખાખરાનું ઝાડ, કરંજ,

પુત્રજીવક, અરિઠા, બહેડા, હરડ, ભિલામુ, ઉમ્બેભરિકા, ખીરણિ, (ચીડવાણી ઝાડની વેલ), ધાતકી અને રાયણ,

પૂર્તિક, કરંજ, શ્લક્ષ્ણ તથા સીસમ, બીયકાનું ઝાડ અને પુન્નાગ, નાગવૃક્ષ (મહોરગ દેવની સભા આગળનું ઝાડ), શીબલાનું ઝાડ, આસોપાલવ (આ એકાસ્થિક વૃક્ષ છે.)

આ પ્રમાણેનાં અન્ય જેટલા પણ વૃક્ષ હોય, (જે વિભિન્ન દેશોમાં ઉત્પન્ન થાય છે તથા જેના ફળમાં એક ગોટલી હોય, તે બધાને એકાસ્થિક સમજવા જોઈએ.)

આ (એકાસ્થિક વૃક્ષો) નાં મૂળ અસંખ્યાત જીવોવાળા હોય છે તથા કંદપણ, સ્કંધપણ, ત્વચાપણ, શાખાપણ અને પ્રવાળપણ અસંખ્યાત જીવવાળા છે. પરંતુ પાંદડા પ્રત્યેક જીવવાળા હોય છે. ફૂલ અનેક જીવવાળા હોય છે. આના ફળ એકાસ્થિક હોય છે.

*આ એકાસ્થિક વૃક્ષનું વર્ણન થયું.*

(ખ) બહુ બીજવાળા :

પ્ર. બહુબીજક વૃક્ષ કેટલા પ્રકારના છે ?

ઉ. બહુબીજક વૃક્ષ અનેક પ્રકારના કહ્યા છે. જેમકે-

અગત્થિયાનું ઝાડ, તેન્દુક, કપિત્થ, અંબાડાનું ઝાડ, બીજોરા, બિલ્વ, આમળા, ફળસ, દાડમ, પીપળો, ઉંબરડો, વડ,

१. जीवा. पडि. १, सु. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णग्गोह णंदिरूक्खे पिप्परि सयरी पिलुक्खरूक्खे य।
काउंवरि कुत्थुंभरि बोधव्वा देवदाली य ॥

ન્યગ્રોધ, નંદિવૃક્ષ, ગજપિંપર, શતાવરી, પ્લક્ષવૃક્ષ, કાદુમ્બરી, કસ્તુમ્ભરી અને દેવદાલી આ બહુબીજક જાણવા જોઈએ.

तिलए लउए छत्तोह सिरीसे सत्तिवण्ण दहिवण्णे।
लोद्ध धव चंदणऽज्जुण णीमे कुडए कयंबे य ॥

તિલક, લવક, છત્રોપક, સરસરાનું ઝાડ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધાવડીનું ઝાડ, ચંદન, કડાયાનું ઝાડ, નીમ, કુટજ અને કદમ્બ.

जे यावऽण्णे तहप्पगारा।

આ પ્રમાણેનાં અન્ય જેટલા વૃક્ષ હોય (જેના ફળમાં બહુબીજ હોય, તે બધા બહુબીજક વૃક્ષ સમજવા જોઈએ.)

एएसि णं मूला वि असंखेज्जजीविया, कंदा वि, खंधा वि, तया वि, साला वि, पवाला वि।
पत्ता पत्तेयजीविया, पुप्फा अणेगजीविया, फला बहुबीया।

એના મૂળ અસંખ્યાત જીવોવાળા હોય છે. એના કંદ, સ્કંધ, ત્વચા, શાખા અને પ્રવાળ પણ (અસંખ્યાત જીવાત્મક હોય છે.) એના પાંદડા પ્રત્યેક જીવાત્મક હોય છે. પુષ્પ અનેક જીવરુપ અને ફળ બહુ બીજોવાળા હોય છે.

***से तं बहुबीयगा। से तं रूक्खा।***[1]

- पण्ण. प. १, सु. ३९-४१

***આ બહુબીજક વૃક્ષોની પ્રરુપણા થઈ. આ વૃક્ષોનું વર્ણન છે.***

(२) गुच्छा-

प. से किं तं गुच्छा ?

उ. गुच्छा अणेगविहा पण्णत्ता, तं जहा-

वाइंगण सल्लइ बोंडई य, तह कच्छुरी य जासुमणा।
रुवि आढइ नीली, तुलसी तह माउलिंगी य ॥

कत्थुंभरि पिप्पलिया, अयसी बिल्ली य कायमाई य।
चुच्चु पडोला कंदलि, वाउच्चा वत्थुले बदरे ॥

पत्तउर सीयउरए हवइ, तहा जवसए य बोधव्वे।
णिग्गुंडि अक्क तूवरि, आट्टई चेव तलऊडा ॥

मण वाण कास मद्दग, अगघाडग साम सिंदुवारे य।
करमद्द अद्दरूसग, करीर एरावण महित्थे ॥

जाउलग माल परिली, गयमारिणि कुच्चकारिया भंडी।
जावइ केयइ तह गंज पाडला दासि, अंकोल्ले॥१९-२३॥

जे यावऽण्णे तहप्पगारा,

***से तं गुच्छा।***

**(૨) ગુચ્છા :**

પ્ર. ગુચ્છા કેટલા પ્રકારના છે ?

ઉ. ગુચ્છા અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

રિંગણા, શાલેડુ, બોડી તથા ધમાસો, જાસુનાં ફૂલ, ધોળો આકડો, તુંવરનું ઝાડ, લીલ, તુલસી તથા બીજોરાનું ઝાડ.

કોથમરી, પિપર, અળસી, બિલ્વ, કાયમાદિકા, ચચ્ચુ, કડવા પરવરની વેલ, કેળનું ઝાડ, બાઉચ્ચા, વથુવા તથા બોર.

કોમળ પાંદડા, શીતપુરક તથા જવાસો તેમજ નિર્ગુણ્ડિ, અર્ક, તુવર, અટ્ટકી અને તેલેડા પણ સમજવા જોઈએ.

સણ, બાણ, કાશ, મદ્રક, અઘાડો, શ્યામ, નગોડનુ વૃક્ષ અને કરોદા, આર્દ્રડૂસક, કેર, એરાવણ તથા મહિત્થ.

જાતુલક, મોલ, પરિલી, ગજમારિણી, કુજ્જકારિકા, ભંડી, જાવકી, કેતકી તથા ગાંજો, પાટલા, દાસી અને અંકોલા.

અન્ય જે પણ આ પ્રમાણે છે. (તે બધા ગુચ્છ) સમજવા જોઈએ.

***આ ગુચ્છનું વર્ણન થયું.***

१. जीवा. पडि. १, सु. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) गुम्मा-

प. से किं तं गुम्मा ?

उ. गुम्मा अणेगविहा पण्णत्ता, तं जहा-

सेरियए णोमालिय, कोरंटय बंधुजीवग मणोज्जे।
पीईय पाण कणइर, कुज्जय तह सिंदुवारे य ॥

जाई मोग्गर तह जूहिया य तह मल्लिया य वासंती।
वत्थुल कच्छुल सेवाल गंठि मगदंतिया चेव ॥

चंपग जाती वणणीइया य कुंदो तहा महाजाई।
एवमणेगागारा हवंति गुम्मा मुणेयव्वा ॥२४-२६॥

जे यावऽण्णे तहप्पगारा,

*से तं गुम्मा।*

(४) लया -

प. से किं तं लयाओ ?

उ. लयाओ अणेगविहाओ[१] पण्णत्ताओ, तं जहा-

पउमलता नागलता असोग-चंपयलता य चूयलता।
वणलय वासंतिलता अइमुत्तय-कुंद-सामलता॥२७॥

जे यावऽण्णे तहप्पगारा,

*से तं लयाओ।*

(५) वल्ली-

प. से किं तं वल्लीओ ?

उ. वल्लीओ अणेगविहाओ[२] पण्णत्ताओ, तं जहा-

पूसफली कालिंगी, तुंबी तउसी य एलवालुंकी।
घोसाडई पडोला, पंचंगुलिया य णालीया ॥

कंगूया कदुइया कक्कोडइ कारियल्लई सुभंगा।
कुवधा (या) य वागली पाववल्लि तह देवदारू य॥

(૩) ગુલ્મઃ

પ્ર. ગુલ્મ કેટલા પ્રકારના છે ?

ઉ. ગુલ્મ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

સેરિતક, નવમાલતી, કોરંટ, બપોરીયા વૃક્ષનું ફૂલ, મનોધ, પીતિક, પાન, કનેર, ગુલાબ તથા સિંદુવાર,

જાૂઈ, મોગરો, જુહી તથા માલતી અને વાસંતી, વત્થુલા, કચ્છુલ, શૈવાળ, ગ્રંથિ તેમજ મૃગદંતિકા,

ચંપો, જાૂઈ, નવનીતિકા, કુંદ તથા મહાજાતિ. આ પ્રમાણે અનેક આકાર - પ્રકારના હોય છે.

આ પ્રકારે જેટલી વનસ્પતિઓ છે તે ગુલ્મ જાણવો.

***આ ગુલ્મની પ્રરુપણા થઈ.***

(૪) લતા :

પ્ર. લતાઓ કેટલા પ્રકારની છે ?

ઉ. લતાઓ અનેક પ્રકારની કહી છે, જેમકે-

પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા (આમ્રલતા), વનલતા, વાસંતીલતા, અતિમુક્તકલતા, કુંદલતા અને શ્યામલતા.

અને આ પ્રકારની જેટલી પણ લતાઓ છે. (તેને લતા સમજવી જોઈએ.)

***આ લતાઓનું વર્ણન થયું.***

(૫) વેલ :

પ્ર. વેલ કેટલા પ્રકારની છે ?

ઉ. વેલ અનેક પ્રકારની કહી છે, જેમકે-

કોહળાની વેલડી, તરબુજ, તુંબી, કાકડી, એલચી, વાલુંકી, તુરીયાની વેલ, કડવા પરપરની વેલ, પંચાંગુલિકા અને નાલિકા,

કંગુકા, કદુકિકા, કંકોડાની વેલ, કારેલાની વેલ, કમળની વેલ, કુવધા, વાગલી, પાપવલ્લી તથા દેવદારુ.

---

१. प. कइ णं भंते ! लयाओ, कइ लया सया पण्णत्ता ?
उ. गोयमा ! अट्ठ लयाओ, अट्ठ लया सया पण्णत्ता।
- जीवा.पडि. ३, सु. ९८

२. प. कइं णं भंते ! वल्लीओ, कइ वल्लीसया पण्णत्ता ?
उ. गोयमा ! चत्तारि वल्लीओ, चत्तारि वल्लीसया पण्णता।
- जीवा. पडि. ३, सु. ९८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्फोया अइमुत्तय णागलया कण्ह-सूरवल्ली य।
संघट्ट सुमणसा वि य जासुवण कुविंदवल्ली य।
मुद्दिय अप्पा भल्ली छीरविराली जियंति गोवाली।
पाणी मासावल्ली गूंजावल्ली य वच्छाणी ॥

ससविंदु गोत्तफुसिया गिरिकण्णइ मालुया य अंजणई।
दहफुल्लइ कागणि मोगली य तह अक्कबोंदि य ॥२८-३२॥

जे यावऽण्णे तहप्पगारा,

***से तं वल्लीओ।***

अप्फोया, माधवीवेल, नागरवेल, कृष्णसूरवल्ली, संघट्टा, सुमनसा, जासुनीवेल अने कुविन्दवल्ली,

द्राक्षनी वेल, अप्पा, भल्ली, क्षीरविराली, जीयंती, गोपाली, पाणी, मासावल्ली, चणोठीनी वेल अने वच्छाणी,

शशविंदु, गोत्रस्पृष्टा, गिरिकर्णकी, मालुका, अंजनकी, दहस्फोटकी, काकणी, मोगरो, अर्कबोन्दी,

આ પ્રકારની અન્ય જેટલી પણ વનસ્પતિઓ છે તે બધી વેલ સમજવી જોઈએ.

***આ વેલોની પ્રરુપણા થઈ.***

(६) पव्वगा-

प. से किं तं पव्वगा ?

उ. पव्वगा अणेगविहा पण्णत्ता, तं जहा-

इक्खू य इक्खुवाडी वीरण तह एक्कडे भमासे य ॥
सुंब सरे य वेत्ते तिमिरे सयपोरग णले य ॥

वंसे वेलू कणए कंकावंसे य चाववंसे य।
उदए कुडए विमए कंडावेलू य कल्लाणे ॥३३-३४॥

जे यावऽण्णे तहप्पगारा,

***से तं पव्वगा।***

(६) પર્વક :

પ્ર. પર્વક વનસ્પતિઓ કેટલા પ્રકારની છે ?

ઉ. પર્વક વનસ્પતિઓ અનેક પ્રકારની કહી છે, જેમકે-

શેરડી, શેરડીની વાડી, ખસખસનો છોડ તથા ઓક્કડ, ભમાસ, સુંઠ, સમસર અને નેતરની છડી, તિમિર, શતપર્વક અને નલ.

વાંસડો, વાંસ, કનક, કંકાવંશ અને ચાપવંશ, ઉદક, ઈંદરજવ, વિમક, કંડા, વેલૂ અને કલ્યાણ.

હજી બીજી પણ આ પ્રમાણેની વનસ્પતિઓ છે. (તેને પર્વકમાં જ સમજવી જોઈએ.)

***આ પર્વકોની પ્રરુપણા થઈ.***

(७) तण-

प. से किं तं तणा ?

उ. तणा अणेगविहा पण्णत्ता, तं जहा-

सेंडिय भत्तिय होत्तिय डब्भ कुसे पव्वए य पाडेइला।
अज्जुण असाढए रोहियसे सुयवेय खीरतुसे ॥

एरंडे कुरूविंदे कक्खड सुंठे तहा विभंगू य।
महुरतण लुणय सिप्पिय बोधव्वे सुंकलितणा य ॥३५-३६॥

जे यावऽण्णे तहप्पगारा,

***से तं तणा।***

(७) તૃણ :

પ્ર. તૃણ કેટલા પ્રકારના છે ?

ઉ. તૃણ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

સેટિક, ભ્રક્તિક, હોત્રિક, દર્ભ, કુશ, પર્વક, અને પોટકિલા, અર્જુન, આષાઢક, રોહિતાંશ, શુકવેદ અને ક્ષીરતુષ,

એરન્ડો, કુરુવિન્દ, કક્ષટ, સૂંઠ, વિભંગુ અને મધુરતૃણ, લવનક, શિલ્પિક અને સુકલી, (આને) તૃણ સમજવા જોઈએ.

જે અન્ય પ્રકારના છે તેને પણ તૃણ સમજવા જોઈએ.

***આ તૃણોની પ્રરુપણા થઈ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(८) वलया-

प. से किं तं वलया ?

उ. वलया अणेगविहा पण्णत्ता, तं जहा-

ताल तमाले तक्कलि तेयली सारे य सारकल्लाणे।
सरल्ले जावति केयइ कंदलि तह धम्मरूक्खे य॥

भुयरूक्खहिंगुरूक्खे लवंगरूक्खे य होंति बोधव्वे।
पूयफली खज्जूरी बोधव्वा नालिएरी य॥३७-३८॥

जे यावऽण्णे तहप्पगारा.

*से तं वलया।*

(९) हरिय-

प. से किं तं हरिया ?

उ. हरिया अणेगविहा पण्णत्ता, तं जहा-

अज्जोरूह वोडाणे हरितग तह तंदुलेज्जग तणे य।
वत्थुल पारग मज्जार पाइ बिल्ली य पालक्का॥

दगपिप्पली य दव्वी सोत्थिय साए तहेव मंडुक्की।
मूलग सरिसव अंबिलसाए य जियंतए चेव॥
तुलसी कण्ह उराले फणिज्जए अज्जए य भूयणए॥
चोरगदमणगमरूयगसयपुप्फिंदीवरे य तहा॥३९-४१॥

जे यावऽण्णे तहप्पगारा.

*से तं हरिया।* - पण्ण. प. १, सु. ४३-४९

प. कइ णं भंते ! हरियकाया ? कइ हरियकायसया पण्णत्ता ?

उ. गोयमा ! तओ हरियकाया तओ हरियकायसया पण्णत्ता।

फलसहस्सं च बेंटबद्धाणं, फलसहस्सं च णालबद्धाणं।
ते सव्वे-हरितकायमेव समोयरंति।

(८) વલય :

પ્ર. વલય - જાતિની વનસ્પતિ કેટલા પ્રકારની છે ?

ઉ. વલય - વનસ્પતિ અનેક પ્રકારની કહી છે, જેમકે-

તાડ, તમાલ, તર્કલી, તેતલી, સાર, સારકલ્યાણ, સરલ, જાવત્રી, કેતકી, કદલી અને ધર્મવૃક્ષ,

ભુજવૃક્ષ (ખીજડાનું ઝાડ), હિંગવૃક્ષ અને (જે) લવંગવૃક્ષ હોય છે (તેના વલય) સમજવા જોઈએ. મગફળી, ખજૂર અને નાલિયેર (તેના પણ વલય) સમજવા જોઈએ.

બાકીના પણ આ પ્રમાણેની વનસ્પતિઓ છે. (તેના પણ વલય સમજવા જોઈએ.)

***આ વલયની પ્રરુપણા થઈ.***

(૯) હરિત :

પ્ર. હરિત (વનસ્પતિ) કેટલા પ્રકારની છે ?

ઉ. હરિત વનસ્પતિ અનેક પ્રકારની કહી છે. જેમકે-

કામવૃક્ષ, વ્યુદાન, હરિતક તથા તાંદરજો તૃણ, વથુવા, પારક, મજ્જાર, પાતી, બિલ્વ અને પાલક.

દકપિપ્પલી, કોબી, સ્વસ્તિક, શાક, માંડુકી, મૂલક, સરસવ, અમ્લશાક અને જીવાન્તક.

તુલસી, કાળી તુલસી, ઉદાર, ફણસ અને આર્યક, ભુજનક, ચોરક, દમનક, તકમરીઆનું સુગન્ધિત વૃક્ષ, શતપુષ્પી તથા ઈન્દીવર.

બાકીના પણ આ પ્રમાણેની વનસ્પતિઓ છે તે સર્વે હરિત (હરી અથવા લિલોત્રી)ની જેમ સમજવી જોઈએ.

***આ હરિત વનસ્પતિઓની પ્રરુપણા થઈ.***

પ્ર. ભન્તે ! હરિતકાય કેટલા પ્રકારની છે ? તથા હરિતકાય કેટલા સો પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! હરિતકાય ત્રણ પ્રકારની છે અને પ્રભેદોની અપેક્ષાએ હરિતકાય ત્રણ સો પ્રકારની કહી છે.

દીટીયાવાળા ફળ હજાર પ્રકારના છે. દાંડીવાળા ફળ હજાર પ્રકારના છે. આ બધા હરિતકાયમાં જ સમાયેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते एवं समणुगम्ममाणा-समणुगम्ममाणा,
समणुगाहिज्जमाणा- समणुगाहिज्जमाणा,
समणुपेहिज्जमाणा-समणुपेहिज्जमाणा,
समणुचिंतिज्जमाणा-समणुचिंतिज्जमाणा एएसु चेव दोसु काएसु समोयरंति, तं जहा-
तसकाए चेव, थावरकाए चेव ।

આ પ્રમાણે સમ્યગ્ જાણવાથી, સમ્યગ્ વિચારવાથી, સમ્યગ્ પ્રકારે જોવાથી, સમ્યગ્ પ્રકારે ચિંતન કરવાથી તે આ બે કાયોમાં સમાયેલા હોય છે, જેમકે-

ત્રસકાયમાં અને સ્થાવરકાયમાં.

एवामेव सपुव्वावरेणं आजीवदिट्ठंतेण चउरासीति जातिकुलकोडी-जोणिपमुहसयसहस्सा भवंतीति-मक्खाया ।[1]

- जीवा. पडि. ३, सु. ९८

આ પ્રમાણે પૂર્વાપર વિચાર કરવાથી સમસ્ત જીવોની અપેક્ષાએ ચોરાસી લાખ યોનિઓ પ્રમુખ છે, એવું કહ્યું છે.

**(१०) ओसहि-**

**(૧૦) ઔષધી :**

प. से किं तं ओसहीओ ?

પ્ર. ઔષધિ કેટલા પ્રકારની હોય છે ?

उ. ओसहीओ अणेगविहाओ पण्णत्ताओ, तं जहा-
साली, वीही, गोधूम, जवजवा, कल, मसूर, तिल, मुग्गा मास, निप्फाव, कुलत्थ, अलिसंद, सतीण, पलिमंथा,
अयसी, कुसुंभ, कोद्दव, कंगू, रालग, वरसामग, कोदूसा, सण, सरिसव, मूलग, वीय,
जे यावऽण्णा तहप्पगारा ॥

ઉ. ઔષધિ અનેક પ્રકારની કહી છે. જેમકે-
સરસવ, ચોખા, ઘઉં, જવ, કલાય (ચણા), મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર, પલિમન્થ,
અલસી, કુસુમ્ભ, કોદ્રી, કાંગ, રાળ, વરશ્યામક અને કોદૂસ, સણ, સરસવ, મૂળા, બીજ.
આ અને આ પ્રમાણેની બાકી જે પણ (વનસ્પતિ) છે. (તે પણ ઔષધિમાં ગણવી જોઈએ.)

***से तं ओसहीओ ।***

***આ ઔષધિનું વર્ણન થયું.***

**(११) जलरूह-**

**(૧૧) જલરુહ :**

प. से किं तं जलरूहा ?

પ્ર. જલરુહ (વનસ્પતિ) કેટલા પ્રકારની છે ?

उ. जलरूहा अणेगविहा पण्णत्ता, तं जहा-
उदए अवए पणए सेवाले कलंवुया हढे कसेरूया कच्छा भाणी उप्पले पउमे कुमुदे नलिणे सुभए सोगंधिए पोंडरीए महापोंडरीए सयपत्ते सहस्सपत्ते कल्हारे कोकणदे अरविंदे तामरसे भिसे भिसमुणाले पोक्खले पोक्खलत्थिभए,
जे यावऽण्णे तहप्पगारा,

ઉ. પાણીમાં ઉત્પન્ન થવાવાળી (જલરુહ) વનસ્પતિ અનેક પ્રકારની કહી છે. જેમકે-
ઉદક, અવક, લીલફૂલ, સેવાળ, કલમ્બુકા, હઠ, કસેરુકા, કચ્છા, ભાણી (કેસરનું ઝાડ) નીલકમળ, પદ્મ કમળ, ચન્દ્રવિકસી, નલિન, સુભગ અને સુગન્ધિકમળ, સફેદ કમળ, લાલ કમળ, શ્વેત કમળ, સોપાખડીવાળું કમળ, હજાર પાખડીવાળું કમળ, કલ્હાર, કોકનદ, અરવિન્દ, તામરસ, કમળ, કમળતંતુ, કમળનો દાંડલો. પદ્મકેસર પુષ્કરાસ્તિભજ.
આ પ્રમાણે જે પણ (પાણીમાં ઉત્પન્ન થવાવાળી) વનસ્પતિ છે, (એને જલરુહ ના અંદર સમજવી જોઈએ.)

***से तं जलरूहा ।***

***આ જલરુહોનું નિરુપણ થયું.***

१. सम. ८४, सु. १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१२) कुहण-

प. से किं तं कुहणा ?

उ. कुहणा अणेगविहा पण्णत्ता, तं जहा-

आए काए कुहणे कुणक्के दव्वहलिया सप्फाए सज्जाए सित्ताए वंसी णहिया कुरए,

जे यावऽण्णे तहप्पगारा,

*से तं कुहणा।* - पण्ण. प. १, सु. ५०-५२

(૧૨) કુહણ :

પ્ર. કુહણ વનસ્પતિ કેટલા પ્રકારની છે ?

ઉ. કુહણ વનસ્પતિ અનેક પ્રકારની કહી છે, જેમકે-

આય, કાય, કુહણ (ભૂમિફોડા) કુણક, દ્રવ્યહલિકા, શફાય, સદ્યાત, સિત્રાક અને વંશી, નહિતા, કુરક.

આ પ્રમાણેની જે બાકીની વનસ્પતિ છે. તે બધાને કુહણના અંદર સમજવી જોઈએ.

*આ કુહણ વનસ્પતિનું વર્ણન થયું.*

५६. पत्तेय सरीरी वणस्सइ जीवाणं सरूव परूवणं-

णाणाविहसंठाणा रूक्खाणं एगजीविया पत्ता।
खंधो वि एगजीवो ताल-सरल-नालिएरीणं॥

जह सगलसरिसवाणं सिलेसमिस्साण वट्टिया वट्टी।
पत्तेयसरीराणं तह होंति सरीरसंघाया॥

जह वा तिल पप्पडिया बहुएहिं तिलेहिं संहिया संती।
पत्तेयसरीराणं तह होंति सरीरसंघाया॥

जे यावऽण्णे तहप्पगारा,

*से तं पत्तेयसरीरबादरवणस्सइकाइया।*[1]

- पण्ण. प. १, सु. ५३

૫૬. પ્રત્યેક શરીરી વનસ્પતિ જીવોના સ્વરુપનું પ્રરુપણ :

વૃક્ષોની આકૃતિઓ વિવિધ પ્રકારની હોય છે. તેનાં પત્તા એક જીવવાળા હોય છે અને સ્કન્ધ પણ એક જીવવાળા હોય છે. તાડના વૃક્ષ, દેવદારુના વૃક્ષ, નારિએલનાં વૃક્ષોના પત્તા અને સ્કન્ધ એક - એક જીવવાળા હોય છે.

જેમ શ્લેષ દ્રવ્યથી મિશ્રિત કરેલા સર્વે સરસવની વટ્ટી (માં સરસોના દાણા અલગ - અલગ હોવા છતાં પણ) એક રુપ લાગે છે. તેમ (રાગદ્વેષથી ઉપચિત વિશિષ્ટ કર્મશ્લેષથી) સાથે મળેલા પ્રત્યેક શરીરી જીવોના શરીર સંઘાત રુપ હોય છે.

જેવી રીતે તલપાપડી (તલસાંકળી) માં (પ્રત્યેક તલ અલગ-અલગ હોવા છતાં પણ) ઘણાં તલના સમૂહ (સાથે મળેલા) હોવા છતાં એક હોય છે. તેવી રીતે પ્રત્યેક શરીરી જીવોના શરીર સંઘાત હોય છે.

આવી રીતના અન્ય પણ આ પ્રમાણે જાણી લેવા જોઈએ.

*આ પ્રમાણે તે (પૂર્વોક્ત) પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય જીવોની પ્રરુપણા પૂર્ણ થઈ.*

५७. साहारण सरीरीवणस्सइ जीवाणं सरूव परूवणं-

प. से किं तं साहारणसरीरबायर वणस्सइकाइया ?

उ. साहारणसरीर बायर वणस्सइकाइया अणेगविहा पण्णत्ता, तं जहा-

अवए पणए सेवाले लोहिणी णिहु त्थिहू त्थिभगा।
असकण्णी सीहकण्णी सिउंढि तत्तो मुसुंढी य॥

૫૭. સાધારણ શરીર વનસ્પતિ જીવોના સ્વરુપનું પ્રરુપણ :

પ્ર. સાધારણ શરીર બાદર વનસ્પતિકાય જીવ કેટલા પ્રકારના છે ?

ઉ. સાધારણ શરીર બાદર વનસ્પતિકાય જીવ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

અવક, પનક, સેવાળ, લોહિની, સ્નિહૂપુષ્પ, સ્તિહૂ, હસ્તિભગા અને અશ્વકર્ણી, સિંહકર્ણી, સૂંઠ અને મુસુંઢી,

१. (क) उत्त. अ. ३६, गा. ९७-१०० (ख) जीवा. पडि. १, सु. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| रूरू कंडुरिया जारू छीरविराली तहेव किट्ठीया ।<br>हलिद्दा सिंगबेरे य आलूगा मूलए इ य ॥[१] | રુરુ કંદુરિકા, જીરુ, ક્ષીરવિરાલી તથા કિટ્ટિકા, હળદર, આદુ, બટાટા અને મૂળા. |
| कंबू य कण्हकडवू महुओ वलई तहेव महुसिंगी ।<br>णिरूहा सप्पसुयंधा छिण्णरूहा चेव बीयरूहा ॥ | કમ્બૂ અને કૃષ્ણકટબૂ, મધુક, વલકી તથા મધુશ્રૃંગી, નીરુહ, સર્પસુગંધા, છિન્નરુહ અને બીજરુહ. |
| पाढा मियवालुंकी महुररसा चेव रायवल्ली य ।<br>पउमा य माढरी दंती चंडी किट्टि त्ति यावरा । | પાઢા, મૃગવાલુંકી, મધુરરસા અને રાજપત્રી તથા પદ્મા, માઠરી, દન્તી ચણ્કી અને કિટ્ટી. |
| मासपण्णी मुग्गपण्णी जीविय रसभेय रेणुया चेव ।<br>काओली खीरकाओली तहा भंगी णही इ य ॥ | માષપર્ણી (માષાર્ણી) મુદ્દગપર્ણી, જીવિત રસભેદ, રેણુકા, કાકોલી, ક્ષીરકાકોલી, ભૃંગી તથા નખી. |
| किमिरासि भद्दमुत्था णंगलई पलुगा इ य ।<br>किण्हे पउले य हढे हरतणुया चेव लोयाणी ॥ | કૃમિરાશી, નાગરમોથ, નંગલકી, પલુકા આ પ્રમાણે કૃષ્ણપ્રકુલ અને હડ, હરેતનુકા તથા લોયાણી. |
| कण्हे कंदे वज्जे सूरणकंदे तहेव खल्लूडे ।<br>एए अणंतजीवा, जे यावऽण्णे तहाविहा ॥ | કૃષ્ણકન્દ, વજ્રકન્દ, સૂરણકન્દ તથા ખલ્લૂર, આ (પૂર્વોક્ત) અનંત જીવવાળા છે. એના સિવાય અને જેટલા પણ આ પ્રકારના છે. (તે બધા અનંત જીવાત્મક છે.) |
| तणमूले कंदमूले वंसमूले त्ति यावरे ।<br>संखेज्जमसंखेज्जा बोधव्वाऽणंतजीवा य ॥ | તૃણમૂળ, કન્દમૂળ અને વંશીમૂળ, આ અને આ પ્રકારના બીજા સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત જીવવાળા સમજવા જોઈએ. |
| सिंघाडगस्स गुच्छो अणेगजीवो उ होइ नायव्वो ।<br>पत्ता पत्तेयजिया, दोण्णि य जीवा फले भणिया ॥<br>- पण्ण. प. १, सु. ५४ (१-२) | સિંઘોડાના ગુચ્છા અનેક જીવવાળા હોય છે આ પ્રમાણે જાણવું જોઈએ અને તેના પત્તા પ્રત્યેક જીવવાળા હોય છે. તેના ફળમાં બે - બે જીવ કહ્યા છે. |
| **५८. पत्तेय साहारण वणस्सई सरीराणं लक्खणाणि-** | **૫૮. પ્રત્યેક સાધારણ વનસ્પતિ શરીરી જીવોનું લક્ષણ :** |
| जस्स मूलस्स भग्गस्स समो भंगो पदीसई ।<br>अणंतजीवे उ से मूले, जे यावऽण्णे तहाविहा ॥ | જે મૂળના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે મૂળ અનંત જીવવાળા છે. આ પ્રમાણેના બીજા જેટલા પણ મૂળ હોય તેને પણ અનંતજીવવાળા સમજવા જેઈએ. |
| जस्स कंदस्स भग्गस्स समो भंगो पदीसई ।<br>अणंतजीवो उ से कंदे, जे यावऽण्णे तहाविहा ॥ | જે ટૂટેલા યા તોડેલા કંદના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે કન્દ અનંતજીવવાળા છે. આ પ્રમાણેના બીજા જેટલા પણ કન્દ હોય તેને અનંતજીવવાળા સમજવા જોઈએ. |
| जस्स खंधस्स भग्गस्स समो भंगो पदीसई ।<br>अणंतजीवे उ से खंधे, जे यावऽण्णे तहाविहा ॥ | જે ટૂટેલા જીવ સ્કંધના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે સ્કંધ અનંત જીવવાળા છે. આ પ્રમાણેના બીજા સ્કન્ધોને (પણ અનંત જીવવાળા સમજવા જોઈએ.) |

१. उत्त. अ. ३६ गा. ९६-९९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीसे तयाए भग्गाए, समो भंगो पदीसई ।
अणंतजीवा तया सा उ, जे यावऽण्णे तहाविहा ॥

જે ટૂટેલા છાલના ભાગો વિભાગ જેવી દેખાતી હોય, તે છાલ પણ અનંત જીવવાળી છે. આ પ્રમાણેની છાલ પણ (અનંત જીવવાળી સમજવી જોઈએ.)

जस्स सालस्स भग्गस्स, समो भंगो पदीसई ।
अणंतजीवे उ से साले, जे यावऽण्णे तहाविहा ॥

જે ટૂટેલી ડાળીના ભાગો વિભાગ જેવી દેખાતી હોય તે ડાળી પણ અનંત જીવવાળી છે. આ પ્રમાણેની જે બાકીની (ડાળીઓ) હોય, (તેને પણ અનંતજીવવાળી સમજવી જોઈએ.)

जस्स पवालस्स भग्गस्स, समो भंगो पदीसई ।
अणंतजीवे पवाले, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે પ્રવાળના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે પ્રવાળ પણ અનંત જીવવાળા છે. આ પ્રમાણેના જેટલા પણ બાકી (પ્રવાળ) હોય (તેને અનંતજીવવાળા સમજવા જોઈએ.)

जस्स पत्तस्स भग्गस्स, समो भंगो पदीसई ।
अणंतजीवे उ से पत्ते, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે પત્તાના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે પત્તા (પત્ર) પણ અનંત જીવવાળા છે આ પ્રમાણે જેટલા પણ બાકી પત્ર હોય, (તેને અનંત જીવવાળા સમજવા જોઈએ.)

जस्स पुप्फस्स भग्गस्स, समो भंगो पदीसई ।
अणंतजीवे उ से पुप्फे, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે ફલના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે અનંત જીવવાંળા છે. આ પ્રમાણેનાં બાકીના પણ પુષ્પ હોય, (તે અનંત જીવવાળા સમજવા જોઈએ.)

जस्स फलस्स भग्गस्स, समो भंगो पदीसई ।
अणंतजीवे फले से उ, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે ફૂળના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે ફળ પણ અનંત જીવવાળા છે. આ પ્રમાણેના બાકી જેટલા પણ ફળ હોય તે અનંત જીવવાળા સમજવા જોઈએ.

जस्स वीयस्स भग्गस्स समो भंगो पदीसई ।
अणंतजीवे उ से वीए, जे यावऽण्णे तहाविहा ॥

જે ટૂટેલા બીજ ના ભાગો વિભાગ જેવા દેખાતા હોય, તે બીજ પણ અનંત જીવવાળા છે. આ પ્રમાણેના બાકીના જેટલા પણ બીજ હોય, (તેને અનંત જીવવાળા સમજવા જોઈએ.)

जस्स मूलस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से मूले, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે મૂળના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે મૂળ પ્રત્યેક જીવવાળા છે. આ પ્રમાણેના બાકીના જેટલા મૂળ હોયં તે પણ પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.

जस्स कंदस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से कन्दे, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે કંદના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે કંદ પ્રત્યેક જીવવાળા છે. તે પ્રમાણેના બાકી જેટલા પણ કંદ હોય, (તે પણ પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ)

जस्स खंधस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से खंधे, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા જે સ્કન્ધના ભાંગો વિભાગ વિષમ દેખાતા હોય, તે સ્કન્ધ પ્રત્યેક જીવવાળા છે. આ પ્રમાણેનાં બાકી પણ જેટલા સ્કન્ધ હોય, (તે પણ પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीसे तयाए भग्गाए, हीरो भंगो पदीसई ।
परित्तजीवा तया सा उ, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલી છાલના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે છાલ પ્રત્યેક જીવવાળી છે. આ પ્રમાણેની બાકી જેટલી પણ છાલ હોય (તે પણ પ્રત્યેક જીવવાળા સમજવી જોઈએ.)

जस्स सालस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से साले, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલી ડાળીના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે ડાળી પ્રત્યેક જીવવાળી છે. આ પ્રમાણેની બાકી જેટલી પણ ડાળીઓ હોય (તે પણ પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.)

जस्स पवालस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे पवाले उ, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા પ્રવાળનાં ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે પ્રવાળ પણ પ્રત્યેક જીવવાળા છે. આ પ્રમાણેના અને જેટલા પણ પ્રવાળ હોય (તે પણ પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

जस्स पत्तस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से पत्ते, जे यावऽण्णे तहाविहा ॥

જે ટૂટેલા પાંદડાના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે પાંદડા પ્રત્યેક જીવવાળા છે તે પ્રમાણે બાકીના જેટલા પણ પાંદડા હોય (તે પણ પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

जस्स पुप्फस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से पत्ते, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા પુષ્પના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે પુષ્પ પ્રત્યેક જીવવાળા છે. આ પ્રમાણેના બાકી પણ જેટલા પુષ્પ હોય (તે પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

जस्स फलस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे फले से उ, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા ફળના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે ફળ પણ પ્રત્યેક જીવવાળા છે. એવા બાકી પણ જેટલા ફળ હોય (તે પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

जस्स बीयस्स भग्गस्स, हीरो भंगो पदीसई ।
परित्तजीवे उ से बीए, जे यावऽण्णे तहाविहा ॥

ટૂટેલા બીજના ભાગો વિભાગ વિષમ દેખાતા હોય, તે બીજ પ્રત્યેક જીવવાળા છે. એવા બાકી જેટલા પણ બીજ હોય, (તે પ્રત્યેક જીવવાળા સમજવા જોઈએ.)

जस्स मूलस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે મૂળના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે જાડી હોય, તે છાલ અનંત જીવવાળી છે. આ પ્રમાણેની જે પણ બાકી છાલ હોય, (તે અનંત જીવવાળી સમજવી જોઈએ.)

जस्स कंदस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે કંદના લાકડાથી તેની છાલ વધારે જાડી હોય, તે અનંત જીવવાળી છે. આ પ્રમાણેની જે પણ બાકી છાલ હોય, (તે અનંત જીવવાળી સમજવી જોઈએ.)

जस्स खंधस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે સ્કન્ધના લાકડાથી તેની છાલ વધારે જાડી હોય, તે છાલ અનંત જીવવાળી છે. આ પ્રમાણેની જેટલી પણ છાલ હોય (તે બધાને અનંત જીવવાળી સમજવી જોઈએ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीसे सालाए कट्ठाओ, छल्ली बहलयरी भवे।
अणंतजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે ડાળના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે જાડી હોય, તે છાલ અનંત જીવવાળી છે. આ પ્રમાણે બાકી પણ છાલ હોય, (તે બધાને અનંત જીવવાળી સમજવી જોઈએ.)

जस्स मूलस्स कट्ठाओ, छल्ली तणुयरी भवे।
परित्तजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે મૂળના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે પાતળી હોય, તે છાલ પ્રત્યેક જીવવાળી છે. આ પ્રમાણેની બાકી પણ છાલ હોય, (તે પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.)

जस्स कंदस्स कट्ठाओ, छल्ली तणुयरी भवे।
परित्तजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે કંદના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે પાતળી હોય, તે છાલ પ્રત્યેક જીવવાળી છે. તે પ્રમાણેની બાકી જે છાલ હોય, (તે પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.)

जस्स खंधस्स कट्ठाओ, छल्ली तणुयरी भवे।
परित्तजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે સ્કંધના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે પાતળી હોય, તે છાલ પ્રત્યેક જીવવાળી છે, તે પ્રમાણેની બાકી જે પણ છાલ હોય, (તે પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.)

जीसे सालाए कट्ठाओ, छल्ली तणुयरी भवे।
परित्तजीवा उ सा छल्ली, जा यावऽण्णा तहाविहा ॥

જે ડાળીના લાકડાની અપેક્ષાએ તેની છાલ વધારે પાતળી હોય, તે છાલ પ્રત્યેક જીવવાળી છે. આ પ્રમાણેની બાકી જે પણ છાલ હોય, (તે પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.)

चक्कागं भज्जमाणस्स, गंठी चुण्णघणो भवे।
पुढविसरिसेण भेएण, अणंतजीवं वियाणह ॥

જે (મૂળ, કન્દ, સ્કન્ધ, છાલ, ડાળી, પત્ર અને પુષ્પ આદિ)ને ચક્રાકાર તોડવાથી તેનાં વિભાગ સમાન હોય તથા ગાંઠના સ્થાન પરથી જેનું પૃથ્વીના સમાન સઘન ચૂર્ણ થઈ જાય. તે અનંત જીવોવાળા જાણવા જોઈએ.

गूढसिरागं पत्तं सच्छीरं जं च होइ णिच्छीरं।
जं पि य पणट्ठसंधिं, अणंतजीवं वियाणह ॥

જે પાંદડાની શિરા (નસ) ગૂઢ હોય, તે દૂધવાળી હોય અથવા દૂધ - રહિત હોય તથા જેના સાંધા ન દેખાતા હોય, તેને અનંત જીવવાળા જાણવા જોઈએ.

पुप्फा जलया थलया य, वेंटबद्धा य णालबद्धा य।
संखेज्जमसंखेज्जा बोधव्वाऽणंतजीवा य ॥

જે જલજ અને સ્થલજ પુષ્પ હોય, તે જો દીટીયાવાળા હોય અથવા દાંડીવાળા હોય તે કોઈ સંખ્યાત જીવોવાળા, કોઈ અસંખ્યાત જીવોવાળા અને કોઈ-કોઈ અનંત જીવોવાળા પણ હોય છે, એવું સમજવું જોઈએ.

जे केइ नालियाऽबद्धा पुप्फा संखेज्जजीविया भणिया।
णिहुया अणंतजीवा, जे यावऽण्णे तहाविहा ॥

જે કોઈ પુષ્પ દાંડીવાળા ન હોય, તે સંખ્યાત જીવવાળા કહ્યા છે. થૂહરના ફૂલ અનંત જીવોવાળા છે. આ પ્રમાણેના જે બાકીના ફૂલ હોય તેને પણ અનંત જીવોવાળા સમજવા જોઈએ.

पउमुप्पलिणीकंदे, अंतरकंदे तहेव झिल्ली य।
एए अणंतजीवा, एगो जीवो भिस-मुणाले ॥

પદ્મકન્દ, ઉત્પલિકન્દ અને અન્તરકન્દ. આ પ્રમાણે ઝિલ્લી નામની વનસ્પતિ, આ અનંત જીવોવાળી છે, પરંતુ કમળતંતુ અને કમળનાલમાં એક- એક જીવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पलंडू-ल्हसणकंदे य कंदली य कुसुंबए।
एए परित्तजीवा, जे यावऽण्णे तहाविहा॥

પ્યાજકંદ, લસણકંદ, કંદલી નામના કન્દ અને કુસુમ્બક આ પ્રત્યેક જીવાશ્રિત છે. બાકીની જે પણ આ પ્રકારની વનસ્પતિ છે તે પ્રત્યેક જીવવાળી સમજવી જોઈએ.

पउमुप्पल-नलिणाणं, सुभग-सोगंधियाण य।
अरविंद-कोकणाणं सयपत्त-सहस्सपत्ताणं॥
वेंट बाहिरपत्ता य, कण्णिया चेव एगजीवस्स।
अब्भिंतरगा पत्ता, पत्तेयं केसरा मिंजा।

કમળ, નીલકમળ, નલિન, સુભગ, સુગંધિક, અરવિંદ, લાલકમળ, સોપાંખડીવાળું કમળ અને હજાર પાંખડીવાળા કમળના વૃત્ત, બાહરના પાંદડા અને મધ્યભાગ આ સર્વે એક જીવ રુપ છે એની અંદર પાંદડા, કેસર અને મિંજા પણ પ્રત્યેક જીવવાળા હોય છે.

वेणु णल इक्खुवाडिय समासइक्खू य इक्कडेरंडे।
करकर सुंठि विहुंगु, तणाण तह पव्वगाणं च॥
अच्छिं पव्वं बलिमोडओ य, एगस्स होंति जीवस्स।
पत्तेयं पत्ताइं पुप्फाइं, अणेगजीवाइं॥

વાસ, નલ, શેરડીની વાડી, સમાસેક્ષુ અને ઈક્કડ (ચટાઈ), રંડ, કરકર, સુંઠી, વિહુંગુ અને દૂબ આદિ ઘાસ તથા ગાંઠવાળી વનસ્પતિના જે અક્ષિપર્વ તથા બલિમોટક હોય, તે બધા એક જીવાત્મક છે. તેના પાંદડા પ્રત્યેક જીવાત્મક હોય છે અને પુષ્પ અનેક જીવાત્મક હોય છે.

पुस्सफलं कालिंगं, तुंबं तउसेलवालु वालुंकं।
घोसाडयं पडोलं, तिंदुयं चेव तेंदूसं॥

પુષ્પફળ, તરબૂજ, તુમ્બ, કાકડી, એલચી, ચીભડું તથા તુરીયાની વેલ, પરવર, તિન્દૂક, તિન્દૂસ ફળ તેના સર્વ પાંદડા પ્રત્યેક જીવવાળા હોય છે.

विंट समंस-कडाहं एयाहं होंति एगजीवस्स।
पत्तेयं पत्ताइं सकेसरमकेसरं मिंजा॥

વૃન્ત, ગુદ્દા અને ગિરી સહિત તથા કેસરસહિત અને કેસરરહિતમિંજા આ સર્વે એક - એક જીવવાળા હોય છે.

सप्फास सज्जाए उव्वेहलिया य कुहण कंदुक्के।
एए अणंतजीवा, कंडुक्के होइ भयणा उ॥

સફાક, સધાત, ઉવ્વેહલિકા અને કૂહણ તથા કન્દુક્ય એ સર્વે વનસ્પતિઓ અનંત જીવાત્મક હોય છે પણ કંદુક્ય વનસ્પતિમાં વિકલ્પ છે.

जोणिब्भूए बीए जीवो, वक्कमइ सो व अण्णो वा।
जो वि य मूले जीवो, सो वि य पत्ते पढमयाए॥

યોનિભૂત બીજમાં જીવ ઉત્પન્ન થાય છે તે બીજનો જીવ મરીને અથવા બીજા કોઈ જીવ ઉત્પન્ન થાય છે. જે જીવ મૂળમાં હોય છે. તે પ્રથમ પાંદડાના રુપમાં પણ તે જીવ પરિણત થાય છે.

सव्वो वि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ।
सो चेव विवड्ढंतो होइ, परित्तो अणंतो वा॥

બધા કિસલઈ (કુંપલ) ઉગેલ અવશ્ય અનંતકાય જીવ કહેલ છે. તે (કિસલયરુપ અનંતકાય) વૃદ્ધિ પ્રાપ્ત કરી પ્રત્યેક શરીરી કે અનંતકાય થઈ જાય છે.

समयं वक्कंताणं समयं, तेसिं सरीरनिव्वत्ती।
समयं आणुग्गहणं, समयं ऊसास-नीसासे॥

એક સાથે ઉત્પન્ન થયેલી તેની (સાધારણ વનસ્પતિકાયિક જીવોની) શરીર નિષ્પત્તિ એક જ સમયમાં હોય છે. એક જ સાથે શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે. એક સમયમાં જ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ લે છે.

एक्कस्स उ जं गहणं, बहूण साहारणाण तं चेव।
जं बहुयाणं गहणं, समासओ तं पि एगस्स॥

એક જીવ જે ગ્રહણ કરે છે તે જ ઘણા જીવોને ગ્રહણ કરે છે અને જે ગ્રહણ ઘણા જીવોનો કરે છે તે એક જીવ કરે છે.

साहारणमाहारो, साहारणमाणुपाणगहणं च।
साहारणजीवाणं, साहारणलक्खणं एयं॥

સાધારણ જીવોનો આહાર પણ સાધારણ જ હોય છે. શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ સાધારણ હોય છે. આ સાધારણનું લક્ષણ સમજવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जह अयगोलो धंतो, जाओ तत्ततवणिज्जसंकासो।
सव्वो अगणिपरिणओ, निगोयजीवे तहा जाण॥

જેવી રીતે અગ્નિમાં ખૂબ તપેલો લોખંડનો ગોળો તપેલા સોનાની જેમ આખો અગ્નિમાં પરિણત થઈ જાય છે તેવી રીતે નિગોદ જીવોનાં નિગોદ રુપ એક શરીરમાં પરિણમન થાય છે. એમ સમજી લેવું જોઈએ.

एगस्स दोण्ह तिण्ह व, संखेज्जाण व न पासिउं सक्का।
दीसंति सरीराइं णिओय जीवाणऽणंताणं॥

એક, બે, ત્રણ, સંખ્યાત અથવા (અસંખ્યાત) નિગોદ (ના અલગ- અલગ શરીર)નું જોવું શક્ય નથી, ફક્ત અનંત જીવોનું શરીર જ દેખાય છે.

लोगागासपएसे णिओयजीवं ठवेहि एक्केकं।
एवं मवेज्जमाणा हवंति लोया अणंता उ॥

લોકાકાશનાં એક - એક પ્રદેશમાં જો એક - એક નિગોદ જીવને સ્થાપિત કરવામાં આવે અને તેનું માપ કરવામાં આવે તો એવા - એવા અનંત લોકાકાશ થઈ જાય છે. (પણ લોકાકાશ તો એક જ છે, તે પણ અસંખ્યાત પ્રદેશી છે.)

लोगागासपएसे परित्तजीवं ठवेहि एक्केकं।
एवं मविज्जमाणा हवंति लोया असंखेज्जा॥

એક - એક લોકાકાશ પ્રદેશમાં, પ્રત્યેક વનસ્પતિકાયનાં એક - એક જીવને સ્થાપિત કરવામાં આવે અને તેનું માપ કરવામાં આવે તો એવા - એવા અસંખ્યાત લોકાકાશ થઈ જાય છે.

पत्तेया पज्जत्ता पयरस्स असंखभागमेत्ता उ।
लोगाऽसंखाऽपज्जत्तगाण साहारणमणंता॥

પ્રત્યેક વનસ્પતિકાયના પર્યાપ્ત જીવ ઘનીકૃત લોક પ્રતરમાં અસંખ્યાતભાગ માત્ર હોય છે તથા અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયના જીવોનું પ્રમાણ અસંખ્યાત લોકના જેવું છે - અને સાધારણ જીવોનું પરિમાણ અનંત લોકના જેવું છે.

(एएहिं सरीरेहिं पच्चक्खं ते परूविया जीवा।
सुहुमा आणागेज्झा चक्खुप्फासं ण तं एसिं॥)

(આ પૂર્વોક્ત શરીરના દ્વારા સ્પષ્ટ રુપથી તે બાદર નિગોદ જીવોની પ્રરુપણ કરવામાં આવી છે. સૂક્ષ્મ નિગોદ જીવ ફક્ત આજ્ઞા ગ્રાહ્ય છે, કારણ કે - તે આંખોથી જોઈ શકાતા નથી.)

जे यावऽण्णे तहप्पगारा।

બાકી જે પણ આ પ્રકારની વનસ્પતિ હોય, (તેને લક્ષણાનુસાર યથાયોગ્ય સમજી લેવું જોઈએ.)

ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

તે સંક્ષિપ્તમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

तत्थ णं जे ते अपज्जत्तया ते णं असंपत्ता।

તેમાં જે અપર્યાપ્તા છે, તે પૂર્ણ વિકાસને પ્રાપ્ત નથી થતા.

तत्थ णं जे ते पज्जत्तया तेसिं वण्णादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं, सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं। पज्जत्तगणिस्साए अपज्जत्तया वक्कमंति जत्थ एगो तत्थ सिय संखेज्जा सिय असंखेज्जा सिय अणंता।[1]

તેમાં જે પર્યાપ્તા છે, તેના વર્ણની અપેક્ષાથી, ગંધની અપેક્ષાથી, રસની અપેક્ષાથી અને સ્પર્શની અપેક્ષાથી હજારો પ્રકાર થઈ જાય છે. તેનાં સંખ્યાત લાખ યોનિપ્રમુખ હોય.છે. પર્યાપ્તાના આશ્રયથી અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તા જીવ હોય છે ત્યાં કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત અપર્યાપ્તા જીવ ઉત્પન્ન થાય છે.

१. प. (क) से किं तं साहारणसरीर-बायरवणस्सइकाइया ?

(બાકી ટિપ્પણ પા.નં. ૧૯૯ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एएसि णं इमाओ गाहाओ अणुगंतव्वाओ, तं जहा-

१. कंदा य, २. कंदमूला य, ३. रूक्खमूलाइ यावरे।
४. गुच्छा य, ५. गुम्म, ६. वल्ली य,
७. वेलुयाणि, ८. तणाणि य।[1]
९-१०. पउमुप्पल, ११. संघाडे,
१२. हडे य, १३. सेवाल, १४. किण्हए॥
१५. पणए. १६. अवए य।
१७. कच्छ, १८. भाणी, १९. कंदुक्केकूणवीसइमे॥
तय-छल्लि-पवालेसु य पत्त-पुप्फ-फलेसु य।
मूलग्ग-मज्झ-बीएसु जोणी कस्स य कित्तिया॥[2]

***से तं साहारणसरीरबायरवणस्सइकाइया।***

***से तं बायरवणस्सइकाइया।***

***से तं वणस्सइकाइया।***

***से तं एगिंदिया।***

- पण्ण. प. १, सु. ५४ (२-११) ५५

એનાં (સાધારણ અને પ્રત્યેક વનસ્પતિ- વિશેષ) વિષયમાં જાણવા માટે આ ગાથાઓની જેમ કરવું જોઈએ. જેમકે-

(૧) કન્દ, (૨) કન્દમૂળ, (૩) વૃક્ષમૂળ,
(૪) ગુચ્છ, (૫) ગુલ્મ, (૬) વલ્લી,
(૭) વેણુ અને (૮) ઘાસ,
(૯) પદ્મ, (૧૦) ઉત્પલ, (૧૧) શ્રૃંગાટક,
(૧૨) હડે, (૧૩) સેવાળ, (૧૪) કૃષ્ણક,
(૧૫) પનક, (૧૬) અવક,
(૧૭) કચ્છ, (૧૮) ભાણી અને (૧૯) કંદુક્ય.

આ ઉપર્યુક્ત ઓગણીસ પ્રકારની વનસ્પતિની ત્વચા, છાલ, પ્રવાળ (કિસલય), પાંદડા, પુષ્પ, ફળ, મૂળ, અગ્ર, મધ્ય અને બીજ એમાંથી કોઈની યોનિ અને કોઈનું કઈ કહ્યું છે.

***આ સાધારણ શરીર વનસ્પતિકાયનું સ્વરુપ થયું.***

***આ બાદર વનસ્પતિકાયનું વર્ણન થયું.***

***આ વનસ્પતિકાયનું વર્ણન પણ પૂર્ણ થયું.***

***આ પ્રમાણે એકેન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા પૂર્ણ થઈ.***

**५९. निगोयाणं भेयप्पभेय परूवणं-**

प. कइविहा णं भंते! णिगोदा पण्णत्ता?

उ. गोयमा! दुविहा णिगोदा पण्णत्ता, तं जहा-

१. निगोदा य २. निगोदजीवा य।

**૫૯. નિગોદોના ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! નિગોદ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! નિગોદ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) નિગોદ, (૨) નિગોદજીવ.

---

(પા.નં. ૧૯૮થી બાકી ટિપ્પણ)

उ. (क) साहारणसरीर-बायरवणस्सइकाइया अणेगविहा पण्णत्ता, तं जहा-१. आलुए मूलए सिंगबेरे, हिरिलि, सिरिलि, सिस्सिरिलि, किट्ठिया, छिरिया. छीरविरालिया, कण्हकंदे, वज्जकंदे, सूरणकंदे, खेलूडे, भद्दमोत्था, पिंडहलिद्दा लोही, णीहू थीहू, अस्सकण्णी, सीहकण्णी सीउंढी, मुसंढी।

जे यावऽण्णे तहप्पगारा, ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य॥

तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता।

तत्थ णं जे ते पज्जत्तगा तेसिं वण्णादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं, सहस्सग्गसो, विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं।

पज्जत्तगणिस्साए अपज्जत्तगा वक्कंमति जत्थ एगो तत्थ सिय संखेज्जा, सिय असंखेज्जा, सिय अणंता।

- जीवा. पडि. १, सु. २१

(ख) उत्त. अ. ३६, गा. १३५

१. (क) उत्त. अ. ३६, गा. ९६ (ख) जीवा. पडि. १, सु. २१

२. जीवा. पडि. १, सु. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. णिगोदा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमणिगोदा य, २. बादरणिगोदा य।

प. सुहुमणिगोदा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।

बायरणिगोदा वि दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।

प. निगोदजीवा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमणिगोदजीवा य, २. बादरणिगोदजीवा य।

सुहुमणिगोदजीवा दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य

बायरणिगोदजीवा दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।[1]

- जीवा. पडि. ५, सु. २२४

प्र. ભંતે ! નિગોદ કેટલા પ્રકારના કહ્યા છે?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મનિગોદ, (૨) બાદરનિગોદ.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ નિગોદ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

બાદર નિગોદ પણ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

પ્ર. ભંતે ! નિગોદ જીવ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ નિગોદ જીવ, (૨) બાદર નિગોદ જીવ.

સૂક્ષ્મ નિગોદ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

બાદર નિગોદ જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

## ६०. निगोयाणं दव्वट्ठपएसट्ठयाए संखा परूवणं-

प. णिगोदा णं भंते ! दव्वट्ठयाए किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! णो संखेज्जा, असंखेज्जा, णो अणंता।

*एवं पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

प. सुहुमणिगोदा णं भंते ! दव्वट्ठयाए किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! णो संखेज्जा, असंखेज्जा, णो अणंता।

*एवं पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

*एवं बायरा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि णो संखेज्जा, असंखेज्जा, णो अणंता।*

प. णिगोदजीवा णं भंते ! दव्वट्ठयाए किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

*एवं पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

## ૬૦. નિગોદની દ્રવ્યપ્રદેશની અપેક્ષાએ સંખ્યાનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! નિગોદ દ્રવ્યની અપેક્ષાએ શું સંખ્યાત છે, અસંખ્યાત છે અથવા અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત છે, અનંત નથી.

***આ પ્રમાણે તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ કહેવા જોઈએ.***

પ્ર. ભંતે ! સૂક્ષ્મ નિગોદ શું દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાત છે, અસંખ્યાત છે અથવા અનંત છે ?

ઉ ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત છે, અનંત નથી,

***આ પ્રમાણે તેના પર્યાપ્તા તથા અપર્યાપ્તા ભેદ પણ કહેવા જોઈએ.***

***આ પ્રમાણે બાદર નિગોદ અને તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ કહેવા જોઈએ. તે સંખ્યાત નથી, અસંખ્યાત છે અને અનંત નથી.***

પ્ર. ભંતે ! નિગોદ જીવ શું દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાત છે, અસંખ્યાત છે અથવા અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પરંતુ અનંત છે.

***આ પ્રમાણે તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ જાણવા જોઈએ.***

१. विया, स. २५, उ. ५, सु. ४५-४६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एवं सुहुमणिगोदजीवा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

*बायरणिगोदजीवा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

**આ પ્રમાણે સૂક્ષ્મનિગોદ જીવો અને તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા બાદર નિગોદ જીવો અને તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ કહેવા જોઈએ. (તે દ્રવ્યની અપેક્ષાથી નિગોદના તથા નિગોદજીવના કુલ અઢાર સૂત્ર થયા.)**

प. णिगोदा णं भंते ! पएसट्ठयाए किं संखेज्जा, असंखेज्जा, अणंता ?

उ. गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

પ્ર. ભંતે ! પ્રદેશની અપેક્ષાએ નિગોદ શું સંખ્યાત છે, અસંખ્યાત છે અથવા અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પરંતુ અનંત છે.

*एवं पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

**આ પ્રમાણે તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ કહેવા જોઈએ.**

*एवं सुहुमणिगोदा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

**આ પ્રમાણે સૂક્ષ્મનિગોદ અને તેના પર્યાપ્તા તથા અપર્યાપ્તાના ભેદ પણ કહેવા જોઈએ.**

*पएसट्ठयाए सव्वे अणंता।*

**તે સર્વે પ્રદેશની અપેક્ષાએ અનંત છે.**

*एवं बायरनिगोदा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि।*

**આ પ્રમાણે બાદર નિગોદના પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદ પણ જાણવા જોઈએ.**

*पएसट्ठयाए सव्वे अणंता।*

**તે સર્વે પ્રદેશની અપેક્ષાએ અનંત છે.**

*एवं णिगोदजीवा नवविहा वि पएसट्ठयाए सव्वे अणंता।*

**આ પ્રમાણે પ્રદેશોની અપેક્ષાએ નિગોદજીવોના નવ ભેદ કહેવા જોઈએ. તે સર્વે અનંત છે.**

- जीवा. पडि. ५, सु. २२२-२२३

**६१. चउव्विहा तसा-**

प. से किं तं ओराला तसा ?

उ. ओराला तसा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. बेइंदिया २. तेइंदिया,

३. चउरिंदिया, ४. पंचेंदिया[1]।

- जीवा. पडि. १, सु. २७

प. से किं तं तसकाइया ?

उ. तसकाइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।

- जीवा. पडि. ५, सु. २१०

**૬૧. ચાર પ્રકારના ત્રસ :**

પ્ર. ઔદારિક ત્રસ કેટલા પ્રકારના છે ?

ઉ. ઔદારિક ત્રસ ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) બેઈન્દ્રિય, (૨) તેઈન્દ્રિય,

(૩) ચઉરિન્દ્રિય, (૪) પંચેન્દ્રિય.

પ્ર. ત્રસકાય કેટલા પ્રકારના છે ?

ઉ. ત્રસકાય બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

**६२. बेइंदियजीवपण्णवणा-**

प. से किं तं बेइंदियसंसारसमावण्णजीवपण्णवणा ?

उ. बेइंदियसंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा-

**૬૨. બેઈન્દ્રિય જીવોની પ્રરુપણા :**

પ્ર. બેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા કેટલા પ્રકારની છે ?

ઉ. બેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા અનેક પ્રકારની કહી છે, જેમકે-

१. (क) उत्त. अ. ३६, गा. १२६ (ख) जीवा. पडि. १, सु. २७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुलाकिमिया कुच्छिकिमिया गंडूयलगा गोलोमा णेउरा सोमंगलगा वंसीमुहा सूईमुहा गोजलोया जलोया, जलोउया, संख, संखणगा, घुल्ला खुल्ला गुलया, खंधा वराडा सोत्तिया मोत्तिया कलुयावासा एगओवत्ता दुहओवत्ता णंदियावत्ता संबुक्कावत्ता, माईवाहा सिप्पिसंपुडा चंदणा समुद्दलिक्खा, जे यावऽण्णे तहप्पगारा।

પુલાકૃમિક, કુક્ષિકૃમિક, ગિંગોડા, ગોલોમ (છાણમાં થાય તે), નુપૂર, સૌમંગલક, વંશીમુખ, સૂચીમુખ (સુગ્રી) ગોજલોકા, જલોકા, જલોયુક, શંખ, નાન્હો શંખ, શંખલા, નાના શંખલા, ગુડજ, સ્કન્ધ, કોડી, છીપ, મોતીની છીપ, કલુકાવાસ, એકતોવૃત્ત, દ્વિધાતોવૃત્ત, નંદિકાવર્ત્ત, શમ્બૂકાવર્ત, માતૃવાહ, છીપનું જોડુ, અક્ષ-કોડાના જીવ, સમુદ્રલિક્ષા. બાકી જેટલા પણ આ પ્રકારના છે, તેને બેઈન્દ્રિય સમજવા જોઈએ.

सव्वे ते सम्मुच्छिमा नपुंसगा।

આ સર્વે સમ્મૂર્ચ્છિમ અને નપુંસક છે.

ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

આ બેઈન્દ્રિય સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।[1]

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

एएसि णं एवमाइयाणं बेइंदियाणं पज्जत्तापज्जत्ताणं सत्त जाइकुलकोडिजोणीपमुहसयसहस्सा भवंतीति मक्खायं।

આ પર્યાપ્તા અને અપર્યાપ્તા બેઈન્દ્રિયની સાત લાખ જાતિ - કુલકોટિયોનિ પ્રમુખ હોય છે. એવું કહેવાય છે.

***से तं बेइंदिय संसार समावण्णजीवपण्णवणा।***[2]

– पण्ण. प. १, सु. ५६

***આ બેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા થઈ.***

**६३. तेइंदियजीवपण्णवणा-**

**૬૩. તેઈન્દ્રિય જીવોની પ્રરુપણા :**

प. से किं तं तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा ?

પ્ર. તેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા કેટલા પ્રકારની છે ?

उ. १. तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा-

ओवइया रोहिणिया कुंथु पिपीलिया उद्दंसगा उद्देहिया उक्कलिया उप्पाया उक्कडा उप्पडा तणाहारा कट्ठाहारा मालुया पत्ताहारा तणविंटिया पत्तविंटिया पुप्फविंटिया फलविंटिया बीयविंटिया तेदुरणमज्जिया तउसमिंजिया कप्पासट्ठिसमिंजिया हिल्लिया झिल्लिया झिंगिरा किंगिरिडा पाहुया लहुया, सुभगा सोवच्छिया सुयविंटा इंदिकाइया इंदगोवया उरूलुंचगा कोत्थलवाहगा जूया हालाहला पिसुआ ततवाइया गोम्ही हत्थिसोंडा।

ઉ. (૧) તેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા અનેક પ્રકારની કહી છે, જેમકે-

ઔપયિક, રોહિણીક, કંટાવો, કીડી, ઉદ્ધાઈ, ઉદ્દેહિકા, કરોલિયો, ઉત્પાદ, ઉત્કટ, ઉત્પટ, ઘાસનો કીડો, કાષ્ટાહાર, માલુક, પાંદડાનો જીવડો, તૃણવૃન્તિક, પત્રવૃન્તિક પુષ્પવૃન્તિક, ફળવૃન્તિક, બીજવૃન્તિક, તેંદુરણમજ્જિક, ત્રપુષમિંજિક, કાર્પાસાસ્થિમિંજિક, હિલ્લિક, ઝિલ્લિક, ઝિંગિરા, કિગિરિટ, બાહુક, લઘુક, સુભગ, સૌવસ્તિક, શુકવૃન્ત, ઈન્દ્રકાયિક, ઈન્દ્રગોપક, ઉરુલુંચક, કુસ્થલવાહક, જુ, હાલાહલ, ચાંચડ, વતપાદિકા, કાનખજુરો અને હસ્તિશોણ્ડ.

ते यावऽण्णे तहप्पगारा। सव्वे ते सम्मुच्छिमा, नपुंसगा।

આ પ્રમાણે જેટલા પણ બાકી જીવ હોય તેને તેઈન્દ્રિય સંસાર સમાપન્નક સમજવું જોઈએ. આ સર્વે સમ્મૂર્ચ્છિમ અને નપુંસક છે.

---

१. जीवा. पडि. १, सु. २८ २. उत्त. अ. ३६, गा. १२७-१३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य, २. अप्पज्जत्तया य।

एएसि णं एवमाइयाणं तेइंदियाणं पज्जत्ताऽपज्जत्ताणं अट्ठ जाइकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं।

***से तं तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा।***[1]

- पण्ण. प. १, सु. ५७

(૨) આ (પૂર્વોક્ત તેઈન્દ્રિય જીવ) સંક્ષેપમાં, બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

આ પર્યાપ્તા અને અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવોની આઠ લાખ જાતિ કુલ - કોટિ યોનિ પ્રમુખ હોય છે - એવું કહ્યું છે.

***આ તેઈન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા થઈ.***

**६४. चउरिंदियजीवपण्णवणा-**

प. से किं तं चउरिंदियसंसारसमावण्णजीवपण्णवणा?

उ. १. चउरिंदियसंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा-

अंधिय णेत्तिय मच्छिय मगमिगकीडे तहा पयंगे य।
ढिंकुण कुक्कुड कुक्कुह णंदावत्ते य सिंगिरिडे॥

किण्हपत्ता नीलपत्ता लोहियपत्ता हलिद्दपत्ता सुक्किलपत्ता चित्तपक्खा विचित्तपक्खा ओभंजलिया जलचरिया गंभीरा णीणिया तंतवा अच्छिरोडा अच्छिवेहा सारंगा णेउला दोला भमरा भरिली जरूला तोट्ठा विच्छुया पत्तविच्छुया छाणविच्छुया जलविच्छुया पियंगाला कणगा गोमयकीडगा।

जे यावऽण्णे तहप्पगारा। सव्वेते सम्मुच्छिमा नपुंसगा।

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तया य २. अपज्जत्तया य।

एएसि णं एवमाइयाणं चउरिंदियाणं पज्जत्ताऽपज्जत्ताणं णव जाइकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं।

***से तं चउरिंदियसंसारसमावण्णजीवपण्णवणा।***[2]

- पण्ण. प. १, सु. ५८

**૬૪. ચઉરિન્દ્રિય જીવોની પ્રરુપણા :**

પ્ર. ચઉરિન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા કેટલા પ્રકારની છે ?

ઉ. (૧) ચઉરિન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા અનેક પ્રકારની કહી છે, જેમકે-

અંધિક, નેત્રિક, માખી, મગમૃગકીટ તથા પતંગિયા, માકડ, કુકડો, કુકકુહ, નન્ધાવર્ત અને શૃંગરીટ,

કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, હારિદ્રપત્ર, શુકલપત્ર, ચિત્રપક્ષ-વિચિત્રપક્ષ (ચિત્ર-વિચિત્ર પાંખવાળા જીવ), અવભાંજલિક, જલચારિક, ગંભીરા, નીનિક, તન્તવ, અક્ષિરોટ, અક્ષિવેધ, સારંગ, નેવલ, દોલા, ભમરો, ભરિલી, જરુલ્લા, તોટ્ટ, વિંછી, પત્રવૃશ્ચિક, છાણનો કીડો, જલનો કીડો, પ્રિયંગાલ, કનક અને ગોમયકીટ.

આ પ્રમાણે જેટલા પણ બાકીના પ્રાણી છે, તેને પણ ચઉરિન્દ્રિય સમજવા જોઈએ. આ (પૂર્વોક્ત) સર્વે ચઉરિન્દ્રિય સમ્મૂર્ચ્છિમ અને નપુંસક છે.

(૨) તે સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

આ પ્રમાણે ચઉરિન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાના નવ લાખ જાતિ - કુટકોટિયોનિ પ્રમુખ હોય છે. એવું (તિર્થંકરોએ) કહ્યુ છે.

***આ ચઉરિન્દ્રિય સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા થઈ.***

---

१. (क) उत्त. अ. ३६, गा. १३६-१३९ (ख) जीवा. पडि. १, सु. २९

२. (क) उत्त. अ. ३६, गा. १४५-१४९ (ख) जीवा पडि. १, सु. ३० (ग) ठाणं अ. ९, सु. ७०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**६५. पंचेंदियजीवपण्णवणा भेया -**

प. से किं तं पंचेंदिय संसारसमावण्णजीवपण्णवणा ?

उ. पंचेंदियसंसारसमावण्णजीवपण्णवणा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. नेरइय पंचेंदियसंसारसमावण्णजीवपण्णवणा।

२. तिरिक्खजोणियपंचेंदियसंसारसमावण्णजीव-पण्णवणा।

३. मणुस्सपंचेंदियसंसारसमावण्णजीवपण्णवणा।

४. देवपंचेंदियसंसारसमावण्णजीवपण्णवणा।[1]

- पण्ण. प. १, सु. ५९

**६६. नेरइयजीवपण्णवणा-**

प. से किं तं नेरइया ?

उ. नेरइया सत्तविहा पण्णत्ता, तं जहा-

१. रयणप्पभापुढविनेरइया,
२. सक्करप्पभापुढविनेरइया,
३. वालुयप्पभापुढविनेरइया,
४. पंकप्पभापुढविनेरइया,
५. धूमप्पभापुढविनेरइया,
६. तमप्पभापुढविनेरइया,
७. तमतमप्पभापुढविनेरइया।

ते समासओ दुविहा पण्णत्ता[2], तं जहा-

१. पज्जत्तया य, २. अपज्जत्तया य।

***से तं नेरइया***[3]। - पण्ण. प. १, सु. ६०

**६७. तिरिक्खजोणियभेया-**

तिविहा तिरिक्खजोणिया पण्णत्ता, तं जहा-

१. इत्थी २. पुरिसा, ३. णपुंसगा।

- ठाणं अ. ३, उ. १, सु. १४०

**૬૫. પંચેન્દ્રિય જીવોની પ્રરુપણાના ભેદ :**

પ્ર. પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા કેટલા પ્રકારની છે ?

ઉ. પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવોની પ્રરુપણા ચાર પ્રકારની કહી છે, જેમકે-

(૧) નૈરયિક - પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,

(૨) તિર્યંચયોનિક - પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા,

(૩) મનુષ્ય - પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા.

(૪) દેવ - પંચેન્દ્રિય - સંસાર સમાપન્નક જીવ પ્રરુપણા.

**૬૬. નૈરયિક જીવોની પ્રરુપણા :**

પ્ર. નૈરયિક કેટલા પ્રકારના છે ?

ઉ. નૈરયિક સાત પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) રત્નપ્રભાપૃથ્વી - નૈરયિક,
(૨) શર્કરાપ્રભાપૃથ્વી - નૈરયિક,
(૩) વાલુકાપ્રભાપૃથ્વી - નૈરયિક,
(૪) પંકપ્રભાપૃથ્વી - નૈરયિક,
(૫) ધૂમપ્રભાપૃથ્વી - નૈરયિક,
(૬) તમઃપ્રભાપૃથ્વી - નૈરયિક.
(૭) તમસ્તમઃ પ્રભાપૃથ્વી - નૈરયિક.

આ (સાત પ્રકારના નૈરયિક) સંક્ષિપ્તમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા, (૨) અપર્યાપ્તા.

***આ નૈરયિકોની પ્રરુપણા થઈ.***

**૬૭. તિર્યંચયોનિકોના ભેદ :**

તિર્યંચયોનિક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.

---

१. (क) उत्त. अ. ३६, गा. १५५
(ख) जीवा. पडि. १, सु. ३१

२. जीवा. पडि. ३, सु. ६६

३. (क) उत्त. अ. ३६, गा. १५६-१५७
(ख) जीवा. पडि. १, सु. ३२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं तिरिक्खजोणिया ?

उ. तिरिक्खजोणिया पंचविहा पण्णत्ता, तं जहा-

१. एगिंदियतिरिक्खजोणिया,

२. बेइंदियतिरिक्खजोणिया,

३. तेइंदियतिरिक्खजोणिया,

४. चउरिंदियतिरिक्खजोणिया,

५. पंचेंदियतिरिक्खजोणिया य।

प. (१) से किं तं एगिंदियतिरिक्खजोणिया ?

उ. एगिंदियतिरिक्खजोणिया पंचविहा पण्णत्ता, तं जहा-

१. पुढविकाइयएगिंदियतिरिक्खजोणिया **-जाव-**

५. वणस्सइकाइयएगिंदिय तिरिक्खजोणिया।

प. से किं तं पुढविकाइयएगिंदियतिरिक्खजोणिया ?

उ. पुढविकाइय एगिंदिय तिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. सुहुमपुढविकाइयएगिंदियतिरिक्खजोणिया,

२. बादरपुढविकाइयएगिंदियतिरिक्खजोणिया य।

प. से किं तं सुहुमपुढविकाइयएगिंदियतिरिक्खजोणिया ?

उ. सुहुमपुढविकाइयएगिंदियतिरिक्खजोणियादुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तसुहुमपुढविकाइयएगिंदियतिरिक्ख-जोणिया,

२. अपज्जत्त-सुहुमपुढविकाइय-एगिंदिय-तिरिक्खजोणिया।

***से तं सुहुमा।***

प. से किं तं बादरपुढविकाइय-एगिंदिय-तिरिक्ख-जोणिया ?

उ. बादर-पुढविकाइय-एगिंदिय-तिरिक्खजोणिया-दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्त-बादर-पुढविकाइय-एगिंदिय-तिरिक्खजोणिया,

પ્ર. તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. તિર્યંચયોનિક પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) એકેન્દ્રિય તિર્યંચયોનિક,

(૨) બેઈન્દ્રિય તિર્યંચયોનિક,

(૩) તેઈન્દ્રિય તિર્યંચયોનિક,

(૪) ચઉરિન્દ્રિય તિર્યંચયોનિક,

(૫) પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

પ્ર. (૧) એકેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. એકેન્દ્રિય તિર્યંચયોનિક પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક **-યાવત્-**

(૨) વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.

પ્ર. પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક,

(૨) બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.

પ્ર. સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક,

(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.

***આ પ્રમાણે સૂક્ષ્મનું વર્ણન પૂર્ણ થયું.***

પ્ર. બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. अपज्जत्त-बादर-पुढविकाइय-एगिंदिय-तिरिक्खजोणिया।

*से तं बादरपुढविकाइय-एगिंदिय-तिरिक्खजोणिया।*

*से तं पुढविकाइय-एगिंदिया।*

प. से किं तं आउक्काइय-एगिंदिय-तिरिक्खजोणिया?

उ. आउक्काइय-एगिंदिय-तिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

*एवं जहेव पुढविकाइयाणं तहेव चउक्कओ भेओ -जाव- वणस्सइकाइया।*

*से तं वणस्सइकाइय-एगिंदिय-तिरिक्खजोणिया।*

प. (२) से किं तं बेइंदिय-तिरिक्खजोणिया?

उ. बेइंदिय-तिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तग-बेइंदिय-तिरिक्खजोणिया,

२. अपज्जत्तग-बेइंदिय-तिरिक्खजोणिया।

*से तं बेइंदिय-तिरिक्खजोणिया।*

*एवं तेइंदिया चउरिंदिया वि।*

- जीवा. पडि. ३, सु. ९६(१)

(૨) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક.

***આ બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકનું વર્ણન થયું. આ પ્રમાણે પૃથ્વીકાયિક એકેન્દ્રિયનું વર્ણન પૂર્ણ થયું.***

પ્ર. અપ્‌કાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે?

ઉ. અપ્‌કાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

***જે પ્રમાણે પૃથ્વીકાયિકોના ભેદ કહ્યા તે પ્રમાણે વનસ્પતિકાયિક સુધી (સૂક્ષ્મ બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તા) ચાર - ચાર ભેદ કહેવા જોઈએ.***

***આ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકનું વર્ણન થયું.***

પ્ર. (૨) બેઈન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે?

ઉ. બેઈન્દ્રિય તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) પર્યાપ્તા બેઈન્દ્રિય તિર્યંચયોનિક,

(૨) અપર્યાપ્તા બેઈન્દ્રિય તિર્યંચયોનિક.

***આ બેઈન્દ્રિય તિર્યંચયોનિકનું વર્ણન જાણવું. આ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયનું વર્ણન પણ જાણવું જોઈએ.***

**६८. पंचेंदियतिरिक्खजोणियजीवपण्णवणा भेया -**

प. से किं तं पंचेंदिय-तिरिक्खजोणिया?

उ. पंचेंदिय-तिरिक्खजोणिया तिविहा पण्णत्ता, तं जहा-

१. जलयरपंचेंदिय-तिरिक्खजोणिया,

२. थलयरपंचेंदिय-तिरिक्खजोणिया,

३. खहयरपंचेंदिय-तिरिक्खजोणिया।[1]

- पण्ण. प. १, सु. ६१

**૬૮. પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની પ્રરુપણાના ભેદ :**

પ્ર. પંચેન્દ્રિય - તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે?

ઉ. પંચેન્દ્રિય - તિર્યંચયોનિક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) જળચર - પંચેન્દ્રિય તિર્યંચયોનિક,

(૨) સ્થળચર - પંચેન્દ્રિય તિર્યંચયોનિક,

(૩) ખેચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક.

**१. जलयराणं पण्णवणा-**

प. से किं तं जलयरपंचेंदिय-तिरिक्खजोणिया?

उ. जलयरपंचेंदिय-तिरिक्खजोणिया पंचविहा पण्णत्ता, तं जहा-

**૧. જળચર જીવોની પ્રરુપણા :**

પ્ર. જળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે?

ઉ. જળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

---

१. (क) उत्त. अ. ३६, गा. १७१

(ख) जीवा. पडि. ३, सु. ९६ (२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. मच्छा, २. कच्छहा, ३. गाहा,
४. मगरा, ५. सुंसुमारा।[1]

(૧) માછલી, (૨) કાચબો, (૩) ગ્રાહ,
(૪) મગર, (૫) સુંસુમાર.

प. (१) से किं तं मच्छा ?
उ. मच्छा अणेगविहा पण्णत्ता, तं जहा-
सण्हमच्छा खवल्लमच्छा जुगमच्छा विज्झिडियमच्छा हलिमच्छा मग्गरिमच्छा रोहियमच्छा हलीसागारा गागरा वडा वडगरा तिमी तिमिगिला णक्का तंदुलमच्छा कणिक्कामच्छा सालिसमिच्छियामच्छा लंभणमच्छा पडागपडागातिपडागा।
जे यावऽण्णे तहप्पगारा।
**से तं मच्छा[2]।** - पण्ण. प.१, सु. ६२-६३
तिविहा मच्छा पण्णत्ता, तं जहा-
१. अंडया, २. पोतया, ३. संमुच्छिमा।
अंडया मच्छा तिविहा पण्णत्ता, तं जहा-
१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।
पोतया मच्छा तिविहा पण्णत्ता, तं जहा-
१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।
- ठाणं. अ. ३, उ. १, सु. १३८/१-३

પ્ર. (૧) મત્સ્ય કેટલા પ્રકારના છે ?
ઉ. મત્સ્ય અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-
શ્લક્ષ્ણમત્સ્ય, ખવલ્લમત્સ્ય, યુગમત્સ્ય, વિજ્ઝિડિયમત્સ્ય, હલિમત્સ્ય, મગરીમત્સ્ય, રોહિતમત્સ્ય, હલીસાગર, ગાગર, વટ, વટકર, તિમિ, તિમિંગલ, નક્ર, તંદુલમત્સ્ય, કણિક્કામત્સ્ય, શાલિશાસ્ત્રિકમત્સ્ય, લંભનમત્સ્ય, પતાકા અને પતાકાતિપતાકા.
આ પ્રમાણેના જે પણ બાકી જીવ છે તે બધા મત્સ્યોની અન્તર્ગત સમજવા જોઈએ.
***આ મત્સ્યોની પ્રરુપણા થઈ.***
મત્સ્ય ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) અંડજ, (૨) પોતજ, (૩) સમ્મૂર્ચ્છિમ.
અંડજ મત્સ્ય ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.
પોતજ મત્સ્ય ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.

प. (२) से किं तं कच्छभा ?
उ. कच्छभा दुविहा पण्णत्ता, तं जहा-
१. अट्ठिकच्छभा य, २. मंसकच्छभा य।
***से तं कच्छभा।***

પ્ર. (૨) કાચબા કેટલા પ્રકારના કહ્યા છે ?
ઉ. કાચબા બે પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) અસ્થિકાચબો, (૨) માંસકાચબો.
***આ કાચબાની પ્રરુપણા થઈ.***

प. (३) से किं तं गाहा ?
उ. गाहा पंचविहा पण्णत्ता, तं जहा-
१. दिली, २. वेढला, ३. मुद्धया,
४. पुलगा, ५. सीमागारा।
***से तं गाहा।***

પ્ર. (૩) ગ્રાહ કેટલા પ્રકારના છે ?
ઉ. ગ્રાહ (ઘડિયાળ) પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) દિલી, (૨) વેઢલ, (૩) મૂર્ધજ,
(૪) પુલક, (૫) સીમાકાર.
***આ ગ્રાહની પ્રરુપણા થઈ.***

प. (४) से किं तं मगरा ?
उ. मगरा दुविहा पण्णत्ता, तं जहा-
१. सोंड़मगरा य, २. मट्ठमगरा य।
***से तं मगरा।*** - पण्ण. प. १, सु. ६४-६६

પ્ર. (૪) મગર કેટલા પ્રકારના કહ્યા છે ?
ઉ. મગર (મગરમચ્છ) બે પ્રકારના કહ્યા છે, જેમકે-
(૧) શૌણ્ડમગર, (૨) મૃષ્ટમગર.
***આ મગરની પ્રરુપણા થઈ.***

---
१. (क) उत्त. अ. ३६, गा. १७२ (ख) जीवा. पडि. १, सु. ३५ (ग) जीवा. पडि. १, सु. ३८
२. जीवा. पडि. १, सु. ३५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. (५) से किं तं सुंसुमारा ?

उ. सुंसुमारा एगागारा पण्णत्ता।

**से तं सुंसुमारा।**

जे यावऽण्णे तहप्पगारा।

ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मुच्छिमा य, २. गब्भवक्कंतिया य।[1]

२. तत्थ णं जे ते सम्मुच्छिमा, ते सव्वे नपुंसगा।

३. तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पण्णत्ता, तं जहा-१. इत्थी, २. पुरिसा, ३. नपुंसगा।

४. एएसि णं एवमाइयाणं जलयर-पंचेंदिय-तिरिक्खजोणियाणं पज्जत्ताऽपज्जत्ताणं अद्धतेरस जाइकुलकोडि-जोणिप्पमुह-सयसहस्सा भवंतीति मक्खायं।[2]

**से तं जलयर पंचेंदियतिरिक्खजोणिया।**

- पण्ण. प. १, सु. ६७-६८

प्र. (૫) સુંસુમાર કેટલા પ્રકારના છે ?

ઉ. સુંસુમાર એક જ આકાર - પ્રકારનો કહ્યો છે.

***આ સુંસુમારનું નિરુપણ થયુ.***

બાકી જે આ પ્રકારના હોય તે પણ સમજી લેવા જોઈએ.

તે સર્વે (ઉપર્યુક્ત જળચર તિર્યંચ પંચેન્દ્રિય) સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સમ્મૂર્ચ્છિમ, (૨) ગર્ભજ.

(૨) એમાંથી જે સમ્મૂર્ચ્છિમ છે, તે સર્વે નપુંસક હોય છે.

(૩) એમાંથી જે ગર્ભજ છે, તે ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે- ૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

(૪) આ પ્રમાણે (માછલી આદિ) આ (પાંચ પ્રકારના) પર્યાપ્તા અને અપર્યાપ્તા જલચર - પંચેન્દ્રિયતિર્યંચોના સાડાબાર લાખ જાતિ - કુલકોટિ - યોનિ પ્રમુખ હોય છે, એવું કહ્યું છે.

***આ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની પ્રરુપણા થઈ.***

**२. थलयराणं पण्णवणा-**

प. से किं तं थलयरपंचेंदियतिरिक्खजोणिया ?

उ. थलयरपंचेंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणिया य,

२. परिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया य।[3]

प. से किं तं चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणिया ?

उ. चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा-

**૨. સ્થલચર જીવોની પ્રરુપણા :**

પ્ર. સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) ચતુષ્પદ-સ્થલચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક,

(૨) પરિસર્પ-સ્થલચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક.

પ્ર. ચતુષ્પદ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. ચતુષ્પદ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

---

१. जीवा. पडि. १, सु. ३३, ३४, ३७

२. जीवा. पडि. ३, सु. ९६ (२)

३. (क) उत्त. अ. ३६, गा. १७९

(ख) जीवा. पडि. ३, सु. ९६ (२)

(ग) जीवा. पडि. १, सु. ३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. एगखुरा, २. दुखुरा,

३. गंडीपया,

४. सणप्फया ।[1]

प. (१) से किं तं एगखुरा ?

उ. एगखुरा अणेगविहा पण्णत्ता, तं जहा-

अस्सा, अस्सतरा, घोडगा, गद्दभा, गोरक्खरा, कंदलगा, सिरिकंदलगा, आवत्ता जे यावऽण्णे तहप्पगारा ।

*से तं एगखुरा ।*

प. (२) से किं तं दुखुरा ?

उ. दुखुरा अणेगविहा पण्णत्ता, तं जहा-

उट्टा, गोणा, गवया, रोज्झा, पसया, महिसा, मिया, संवरा, वराहा, अय, एलग-रूरू-सरभ-चमर-कुरंग-गोकण्णमाई । जे यावऽण्णे तहप्पगारा ।

*से तं दुखुरा ।*

प. (३) से किं तं गंडीपया ?

उ. गंडीपया अणेगविहा पण्णत्ता, तं जहा-

हत्थी, पूयणसा, मंकूणहत्थी, खग्गा, गंडा, जे यावऽण्णे तहप्पगारा ।

*से तं गंडीपया ।*

प. (४) से किं तं सणप्फया ?

उ. सणप्फया अणेगविहा पण्णत्ता, तं जहा-

सीहा, वग्घा, दीविया, अच्छा, तरच्छा, परस्सरा, सियाला, बिडाला, सुणगा, कोलसुणगा, कोकंतिया, ससगा, चित्तगा, चित्तलगा जे यावऽण्णे तहप्पगारा ।

(૧) એક ખરીવાળા, (૨) બે ખરીવાળા

(૩) ગંડીપદ (કમળની કર્ણિકા જેવા પગવાળા જનાવર- હાથી, ગેંડા આદિ)

(૪) સનખપદ (ન્હોરવાળા જાનવરો)

પ્ર. (૧) એક ખરીવાળા કેટલા પ્રકારના છે ?

ઉ. (૧) એક ખરીવાળા અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

ઘોડો, ખચ્ચર, ઘોટક, ગધેડો, સફેદ ગધેડો, કંદલક, શ્રીકંદલક અને આવર્તી. આ પ્રકારના બાકીના જેટલા પણ પ્રાણી હોય તેને એક ખરીવાળા સમજવા જોઈએ.

***આ એક ખરીવાળાની પ્રરૂપણા થઈ.***

પ્ર. (૨) બે ખરીવાળા કેટલા પ્રકારના છે ?

ઉ. બે ખરીવાળા અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

ઉંટ, ગાય, રોજ (ગાય જેવો એક ચોપગો પશુ) રોઝ, સફેદ ધાબાવાળું હરણ, પાડો, મૃગ, સાંભર, સુવર, બકરો, ઘેટો, રુરુ (મૃગ), સરભ, ચમરીગાય, કુરંગ (હરણ) ગોકર્ણ આદિ - આ પ્રકારના જે પણ બાકીના પ્રાણી હોય તેને બે ખરીવાળા જાણવાં જોઈએ.

***આ બે ખરીવાળાની પ્રરુપણા થઈ.***

પ્ર. (૩) ગંડીપદ કેટલા પ્રકારના છે ?

ઉ. ગંડીપદ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

હાથી, હસ્તિપૂતનક, મત્કુણહસ્તી, ખંગી, ગેંડા આ પ્રકારના જે પણ બાકીના પ્રાણી હોય તેને ગંડીપદ જાણવા જોઈએ.

***આ ગંડીપદ જીવોની પ્રરુપણા થઈ.***

પ્ર. (૪) સનખપદ કેટલા પ્રકારના છે ?

ઉ. સનખપદ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

સિંહ, વાઘ, દીપડો (ચિત્રો) રીછ, તરચ્છ (દીપડો), પારાશર, શિયાળ, વિડાલ, કુતરો, મોટું સુવ્વર, કોહલુ, સસલું, ચિત્તો, ચિત્તરો. આ પ્રકારના જે પણ બાકીના પ્રાણી હોય તેને સનખપદો જાણવા જોઈએ.

---

१. (क) उत्त. अ. ३६, गा. १८० (ख) जीवा. पडि. १, सु. ३९
(ग) ठाणं. अ. ४, उ. ४, सु. ३५१/१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***से तं सणप्फया।***

से समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मुच्छिमा य, २. गब्भवक्कंतिया य।[1]

२. तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा।

३. तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

४. एएसि णं एवमाइयाणं चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पज्जत्ताऽपज्जत्ताणं दस जाईकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं।[2]

***से तं चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणिया।***

- पण्ण. प. १, सु. ६९-७५

***આ સનખપદો જીવોની પ્રરુપણા થઈ.***

તે (ચતુષ્પદ- સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક) સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સમ્મૂર્ચ્છિમ, (૨) ગર્ભજ.

(૨) તેમાં જે સમ્મૂર્ચ્છિમ છે તે સર્વે નપુંસક છે.

(૩) તેમાં જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.

(૪) આ પ્રકારના (એક ખરીવાળા આદિ) ચતુષ્પદ સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચ-યોનિકોના પર્યાપ્તા - અપર્યાપ્તાઓના દસ લાખ જાતિ - કુલ - કોટિ - યોનિપ્રમુખ થાય છે, એવું કહ્યું છે.

***આ ચતુષ્પદ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિઓની પ્રરુપણા થઈ.***

**परिसप्पाणं पण्णवणा-**

प. से किं तं परिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया ?

उ. परिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. उरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया य,

२. भुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया य।[3]

**- पण्ण. प. १ सु. ७६**

**પરિસર્પોની પ્રરુપણા :**

પ્ર. પરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. પરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) ઉર:પરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક.

(૨) ભુજપરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક.

**उरपरिसप्पाणं पण्णवणा-**

प. से किं तं उरपरिसप्पथलयरपंचेंदियतिरिक्ख-जोणिया ?

उ. उरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा-

१. अही, २. अयगरा,

३. आसालिया, ४. महोरगा।

**ઉર:પરિસર્પોની પ્રરુપણા :**

પ્ર. ઉર:પરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

ઉ. ઉર:પરિસર્પ - સ્થલચર - પંચેન્દ્રિય - તિર્યંચયોનિક ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) અહિ (સર્પ), (૨) અજગર,

(૩) આસાલિક (સર્પ), (૪) મહોરગ (સર્પ).

---

१. जीवा. पडि. ३, सु. ९६ (२)
२. ठाणं. अ. १०, सु. ७८२
३. (क) उत्त. अ. ३६, गा. १८१
(ख) जीवा. पडि. १, सु. ३९
(ग) जीवा. पडि. ३, सु. ९६(२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. (१) से किं तं अही ?

उ. अही दुविहा पण्णत्ता, तं जहा-

१. दव्वीकरा य, २. मउलिणो य।[1]

प. से किं तं दव्वीकरा ?

उ. दव्वीकरा अणेगविहा पण्णत्ता, तं जहा-

आसीविसा, दिट्ठीविसा, उग्गविसा, भोगविसा, तयाविसा, लालाविसा, उस्सासविसा, निस्सासविसा, कण्हसप्पा, सेदसप्पा, काओदरा, दज्झपुप्फा, कोलाहा, मेलिमिंदा सेसिंदा, जे यावऽण्णे तहप्पगारा।

***से तं दव्वीकरा।***[2]

प. से किं तं मउलिणो ?

उ. मउलिणो अणेगविहा पण्णत्ता, तं जहा-

दिव्वागा, गोणसा, कसाहीया, वइउल्ला, चित्तलिणो, मंडलिणो, माउलिणो अही अहिसलागा वायपडागा, जे यावऽण्णे तहप्पगारा।

***से तं मउलिणो।***

***से तं अही।***

प. (२) से किं तं अयगरा ?

उ. अयगरा एगागारा पण्णत्ता।

**से तं अयगरा।**

प. (३) से किं तं आसालिया ?

कइ णं भंते ! आसालिया सम्मुच्छइ ?

उ. गोयमा ! अंतोमणुस्सखित्ते अड्ढाइज्जेसु दीवेसु, निव्वाघाएणं-पण्णरससु कम्मभूमीसु,

वाघायं पडुच्च पंचसु महाविदेहेसु, चक्कवट्टि-खंधावारेसु वा, वासुदेवखंधावारेसु, बलदेवखं-धावारेसु, मंडलियखंधावारेसु, महामंडलियखंधावारे-सु वा, गामनिवेसेसु नगरनिवेसेसु निगमनिवेसेसु खेडनिवेसेसु कब्बडनिवेसेसु मडंबनिवेसेसु दोणमुहनिवेसेसु पट्टणनिवेसेसु आगरनिवेसेसु आसमनिवेसेसु संवाहनिवेसेसु रायहाणीनिवेसेसु।

પ્ર. (૧) અહિ કેટલા પ્રકારના છે ?

ઉ. અહિ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) દર્વીકર (ફણીધર), (૨) મુકુલી (ફણ વગરનો).

પ્ર. દર્વીકર સર્પ કેટલા પ્રકારના છે ?

ઉ. દર્વીકર સર્પ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

આશીવિષ, દષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, ઉચ્છ્વાસવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર, દહ્યપુષ્પ, કોલાહ, મેલિમિન્દ અને શેષેન્દ્ર. આ પ્રકારના બાકી પણ જેટલા સર્પ હોય તે સર્વે દર્વીકર જાણવા જોઈએ.

***આ દર્વીકર સર્પની પ્રરુપણા થઈ.***

પ્ર. મુકુલી સર્પ કેટલા પ્રકારના છે ?

ઉ. મુકુલી સર્પ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

દિવ્યાક, ગોનસ, કષાધિક, વ્યતિકુલ, ચિત્રાણી, મંડલી, માલીની, અહિ, અહિશલાકા અને વાતપતાકા. બાકી જેટલા પણ આ પ્રકારના સર્પ છે, તે સર્વે મુકુલી સર્પની જાતિના સમજવા જોઈએ.

***આ મુકુલી સર્પોનું વર્ણન થયું.***

***અહિ (સર્પો)ની પ્રરુપણા પૂર્ણ થઈ.***

પ્ર. (૨) અજગર કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. અજગર એક જ આકાર - પ્રકારનો કહ્યો છે.

***આ અજગરની પ્રરુપણા થઈ.***

પ્ર. (૩) ભંતે ! આસાલિક કેટલા પ્રકારના હોય છે અને તે ક્યાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે (આસાલિક ઉરઃપરિસર્પ) મનુષ્ય ક્ષેત્રની અંદર અઢીદ્વીપોમાં, નિર્વ્યાઘાતરુપથી પંદર કર્મભૂમિમાં,

વ્યાઘાતની અપેક્ષાએ પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં અથવા ચક્રવર્તીની છાવણીમાં અથવા વાસુદેવોની છાવણીમાં, બલદેવોની છાવણીમાં, માંડલિકોની છાવણીમાં, મહામાંડલિકોની છાવણીમાં, ગ્રામનિવેશોમાં, નગરનિવેશોમાં, નિગમનિવેશોમાં, ખેટનિવેશોમાં, કર્બટનિવેશોમાં, મડમ્બનિવેશોમાં, દ્રોણમુખ નિવેશોમાં, પટ્ટણ નિવેશોમાં, આકાર-નિવેશોમાં, આશ્રમ નિવેશોમાં સમ્બાધનિવેશોમાં અને રાજધાની નિવેશોમાં,

१. जीवा. पडि. १, सु. ३६
२. जीवा. पडि. १, सु. ३६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एएसि णं चेव णिवेसेसु एत्थ णं आसालिया सम्मुच्छिइ, जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए उक्कोसेणं बारसजोयणाइं, तयणुरूवं च णं विक्खंभबाहल्लेणं भूमिं दालित्ताणं समुट्ठेइ। असण्णी मिच्छद्दिट्ठी अण्णाणी अंतोमुहुत्तद्धाउया चेव कालकंरेइ।

જ્યારે (ચક્રવર્તી - છાવણી આદિ સ્થાનો)નો વિનાશ થવાનો હોય ત્યારે આ (પૂર્વોક્ત) સ્થાનોમાં આસાલિક સમ્મૂર્ચ્છિમ રુપથી ઉત્પન્ન થાય છે. તે જઘન્ય આંગળના અસંખ્યાતમાં ભાગ- માત્રની અવગાહનાથી અને ઉત્કૃષ્ટ બાર યોજનની અવગાહના સુધીના ઉત્પન્ન થાય છે. તેનાં અનુરુપ જ તેની પહોળાઈ અને જાડાઈ હોય છે. આ ચક્રવર્તીની છાવણી આદિના નીચેની ભૂમિને ફાડીને ઉત્પન્ન થાય છે. આ અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની હોય છે તથા અન્તર્મુહૂર્ત સમયનું આયુષ્ય ભોગવીને મરી જાય છે.

***से तं आसालिया।[1]***

***આ આસાલિકની પ્રરુપણા થઈ.***

प. (४) से किं तं महोरगा?

પ્ર. (૪) મહોરગ કેટલા પ્રકારના છે ?

उ. महोरगा अणेगविहा पण्णत्ता, तं जहा-

अत्थेगइया अंगुलं वि, अंगुलपुहत्तिया वि, वियत्थिं वि, वियत्थिपुहत्तिया वि, रयणिं वि, रयणिपुहत्तिया वि, कुच्छिं वि, कुच्छिपुहत्तिया वि, धणुं वि, धणुपुहत्तिया वि, गाउयं वि, गाउयपुहत्तिया वि, जोयणं वि, जोयणपुहत्तिया वि, जोयणसयं वि, जोयणसयपुहत्तिया वि जोयणसहस्सं वि।

ઉ. ૧. મહોરગ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

ઘણાં મહોરગ એક આંગળના, ઘણાં આંગળ પૃથક્ત્વના, ઘણાં વિતસ્તિ (વિસ્તારેલા) કે ઘણાં વિતસ્તિ પૃથક્ત્વના, ઘણાં એક મૂઢ હાથભરના કે ઘણાં એક મૂઢ હાથભર પૃથક્ત્વના, ઘણાં ગજપ્રમાણ (બે હાથ પ્રમાણ માપ) ના કે ઘણાં ગજપ્રમાણ પૃથક્ત્વના પણ, ઘણાં ધનુષપ્રમાણના કે ઘણા ધનુષપૃથક્ત્વના પણ, ઘણાં ગાઉ (બે માઈલ) પ્રમાણના કે ઘણાં ગાઉ - પૃથક્ત્વના, ઘણાં યોજન પ્રમાણના કે ઘણાં યોજનપૃથક્ત્વના, ઘણાં સો યોજનના, ઘણાં યોજનસો-પૃથક્ત્વના અને ઘણાં હજાર યોજનના પણ હોય છે.

ते णं थले जाता जले वि चरंति, थले वि चरंति। ते णत्थि इहं, बाहिरएसु दीव-समुद्दएसु हवंति, जे यावऽण्णे तहप्पगारा।

તે મહોરગ ભૂમિપર ઉત્પન્ન થાય છે, પરંતુ તે જલ અને સ્થલ બન્નેમાં વિચરણ કરે છે. તે અહિયાં (મનુષ્ય ક્ષેત્રમાં) નથી હોતા પરંતુ મનુષ્ય ક્ષેત્રની બાહરના દ્વીપ સમુદ્રમાં હોય છે. આ પ્રમાણેના બાકી જે ઉરઃપરિસર્પ છે, તેને પણ મહોરગ જાતિના સમજવા જોઈએ.

***से तं महोरगा।***

***આ મહોરગની પ્રરુપણા થઈ.***

ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

તે (ઉરઃપરિસર્પ) સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. सम्मुच्छिमा य, २. गब्भवक्कंतिया य।[2]

(૧) સમ્મૂર્ચ્છિમ, (૨) ગર્ભજ.

२. तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे नपुंसगा।

(૨) એમાંથી જે સમ્મૂર્ચ્છિમ છે, તે સર્વે નપુંસક હોય છે.

---

१. जीवा. पडि. १, सु ३६

२. (क) ठाणं. अ. ९, सु. ७०१
(ख) ठाणं. अ. १०, सु. ७८२
(ग) जीवा. पडि. १, सु. ३६
(घ) जीवा. पडि. १, सु. ३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. नपुंसगा।

४. एएसि णं एवमाइयाणं पज्जत्ताऽपज्जत्ताणं उरपरिसप्पाणं दस जाइ-कुल-कोडीजोणिप्प-मुहसयसहस्सा भवंतीति मक्खायं।

***से तं उरपरिसप्पा।*** - पण्ण. प. १, सु. ७६-८४

**भुयपरिसप्पाणं पण्णवणा-**

प. से किं तं भुयपरिसप्पा ?

उ. १. भुयपरिसप्पा अणेगविहा पण्णत्ता, तं जहा-

णउला, गोहा, सरडा, सल्ला, सरंठा, सारा, खारा, घरोइला, विस्संभरा, मूसा, मंगुसा, पयलाइया, छीरविरालिया ***जहा चउप्पाइया,***

जे यावऽण्णे तहप्पगारा।

२. ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मुच्छिमा य, २. गब्भवक्कंतिया य।

३. तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा।

४. तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

एएसि णं एवमाइयाणं पज्जत्ताऽपज्जत्ताणं भुयपरिसप्पाणं णवजाइकुलकोडिजोणि-पमुहसयसहस्सं भवंतीति मक्खायं।

***से तं भुयपरिसप्प-थलयर-पंचेंन्दिय-तिरिक्खजोणिया। से तं परिसप्प-थलयर-पंचेंदिय-तिरिक्खजोणिया।***[1]

- पण्ण. प. १, सु. ८५

तिविहा उरपरिसप्पा पण्णत्ता, तं जहा-

१. अंडया, २. पोयया, ३. संमुच्छिमा।

(૩) એમાંથી જે ગર્ભજ છે, તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.

(૪) આ પ્રમાણે (અહિ આદિ) તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉર:પરિસર્પોના દસ લાખ જાતિ - કુલકોટિ- યોનિ પ્રમુખ હોય છે, એવું કહ્યું છે.

***આ ઉર: પરિસર્પોની પ્રરુપણા થઈ.***

**ભુજપરિસર્પોની પ્રરુપણા :**

પ્ર. ભુજપરિસર્પ કેટલા પ્રકારના છે ?

ઉ. ૧. ભુજપરિસર્પ અનેક પ્રકારના કહ્યા છે, જેમકે-

નકુલ, ગોહ, સરટ, શલ્ય, સરંઠ, સાર, ખાર, ગૃહકોકિલા, વિષમ્ભરા, મૂષક, મંગુસા, પયોલાતિક, ક્ષીરવિડાલિકા છે. ***જેવી રીતે ચતુષ્પદ સ્થલચરનું વર્ણન કર્યુ છે તેવી જ રીતે આનું સમજવુ જોઈએ.***

આ પ્રકારના બાકીના જેટલા પણ ભુજાથી ચાલવાવાળા પ્રાણી હોય, તેને ભુજપરિસર્પ સમજવા જોઈએ.

૨. તે (નકલુ આદિ પૂર્વોક્ત ભુજપરિસર્પ) સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે. જેમકે-

(૧) સમ્મૂર્ચ્છિમ, (૨) ગર્ભજ.

૩. એમાંથી જે સમ્મૂર્ચ્છિમ છે, તે સર્વે નપુંસક હોય છે.

૪. એમાંથી જે ગર્ભજ છે, તે ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) સ્ત્રી, (૨) પુરુષ, (૩) નપુંસક.

આ પ્રમાણે (નકુલ) આદિ તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ભુજપરિસર્પોના નવ લાખ જાતિ-કુલકોટિ યોનિપ્રમુખ હોય છે, એવું કહ્યું છે.

***આ ભુજપરિસર્પ - સ્થલચર પંચેન્દ્રિય - તિર્યંચયોનિકોનું પ્રરુપણ થયું. આ પરિસર્પ - સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું પ્રરુપણ થયું.***

ઉરપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-

૧. અંડજં, ૨. પોતજ, ૩. સમ્મૂર્ચ્છિમ.

---

१. (क) जीवा. पडि. १, सु. ३९ (ख) जीवा. पडि.३, सु. ९६ (२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंडया उरपरिसप्पा तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

पोयया उरपरिसप्पा तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

भुजपरिसप्पा तिविहा पण्णत्ता, तं जहा-

१. अंडया, २. पोयया, ३. संमुच्छिमा।

अंडया भुजपरिसप्पा तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

पोयया भुजपरिसप्पा तिविहा पण्णत्ता, तं जहा-

१. इत्थी, २. पुरिसा, ३. णपुंसगा।

- ठाणं. अ. ३, उ. १, सु. १३८

અંડજ ઉરપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

પોતજ ઉરપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

ભુજપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. અંડજ, ૨. પોતજ, ૩. સમ્મૂર્ચ્છિમ.

અંડજ ભુજપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે-

૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

પોતજ ભુજપરિસર્પ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

**३. खहयराणं पण्णवणा-**

प. से किं तं खहयर-पंचेंदिय-तिरिक्खजोणिया ?

उ. खहयर- पंचेंदिय-तिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा- १. चम्मपक्खी, २. लोमपक्खी, ३. समुग्गपक्खी, ४. वियतपक्खी।[1]

प. (१) से किं तं चम्मपक्खी ?

उ. चम्मपक्खी अणेगविहा पण्णत्ता, तं जहा-

वग्गुली, जलोया, अडिया, भारंडपक्खी, जीवंजीवा, समुद्दवायसा, कण्णत्तिया, पक्खिबिराली, जे यावऽण्णे तहप्पगारा।

***से तं चम्मपक्खी।***[2]

प. (२) से किं तं लोमपक्खी ?

उ. लोमपक्खी अणेगविहा पण्णत्ता, तं जहा-

ढंका कंका कुरला वायसा चक्कागा हंसा कलहंसा पायहंसा रायहंसा अडा सेडी बगा बलागा पारिप्पवा कोंचा सारसा मेसरा मसूरा मयूरा सयवच्छा गहरा पोंडरीया कागा कामंजुगा वंजुलगा तित्तिरा वट्टगा लावगा कवोया कविंजला पारेवया चिडगा चासा कुकुडा सुगा बरहिणा मयणसलागा कोइला सेहा वरेल्लगमाइं।

***से तं लोमपक्खी।***[3]

**૩. ખેચર જીવોની પ્રરુપણા :**

પ્ર. ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા પ્રકારના છે ?

प. जीवाणं भंते ! किं सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी ?

उ. गोयमा ! जीवा सव्वमूलगुणपच्चक्खाणी वि, देसमूलगुणपच्चक्खाणी वि, अपच्चक्खाणी वि।

प. **दं. १.** नेरइयाणं भंते ! किं सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी ?

उ. गोयमा ! नेरइया नो सव्वमूलगुणपच्चक्खाणी, नो देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी।

***दं. २-१९ एवं -जाव- चउरिंदिया।***

प. **दं. २०.** पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! किं सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी ?

**૭૭. જીવ - ચોવીસ દંડકોમાં સર્વદેશ મૂલોત્તરગુણ પ્રત્યાખ્યાની આદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ સર્વમૂળગુણપ્રત્યાખ્યાની, દેશગુણ-પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની છે ?

ઉ. ગૌતમ ! જીવ (સમુચ્ચયમાં) સર્વમૂળગુણ-પ્રત્યાખ્યાની પણ છે, દેશમૂળગુણપ્રત્યાખ્યાની પણ છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

પ્ર. **દં.૧.** ભંતે ! શું નારકીના જીવ સર્વમૂળગુણ-પ્રત્યાખ્યાની, દેશમૂળગુણપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની છે ?

ઉ. ગૌતમ ! નારકીના જીવ સર્વમૂળગુણપ્રત્યાખ્યાની અને દેશમૂળગુણપ્રત્યાખ્યાની નથી પણ અપ્રત્યાખ્યાની છે.

***દં.૨-૧૯ આ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી કહેવું જોઈએ.***

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ શું સર્વમૂળગુણપ્રત્યાખ્યાની, દેશમૂળગુણપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया, नो सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी वि, अपच्चक्खाणी वि।

***दं. २१. मणुस्सा जहा जीवा।***

***दं. २२-२४. वाणमंतर जोइस वेमाणिया जहा नेरइया।***

प. एएसि णं भंते ! जीवा णं सव्वमूलगुणपच्चक्खाणीणं, देसमूलगुणपच्चक्खाणीणं अपच्चक्खाणीण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवा जीवा सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी अणंतगुणा।

**णवरं** - सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी असंखेज्जगुणा।

प. जीवा णं भंते ! किं सव्वुत्तरगुणपच्चक्खाणी, देसुत्तरगुणपच्चक्खाणी, अपच्चक्खाणी ?

उ. गोयमा ! जीवा सव्वुत्तरगुणपच्चक्खाणी वि, देसुत्तरगुणपच्चक्खाणी वि, अपच्चक्खाणी वि,

***पंचेंदियतिरिक्खजोणिया मणुस्सा य एवं चेव।***

***सेसा अपच्चक्खाणी -जाव- वेमाणिया।***

प. एएसि णं भंते ! जीवाणं सव्वुत्तरगुणपच्चक्खाणीणं, देसुत्तरगुणपच्चक्खाणीणं, अपच्चक्खाणीण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! ***तिण्णि वि जहा पढमे दंडए (सु. १४-१६) -जाव- मणूस्साणं।***

- विया. स. ७, उ. २, सु. १७-२७

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક સર્વમૂળગુણ-પ્રત્યાખ્યાની નથી પરંતુ દેશમૂળગુણપ્રત્યાખ્યાની પણ છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

***દં.૨૧. મનુષ્યો માટે (ઔધિક) જીવોની જેમ કહેવું જોઈએ.***

***દં.૨૨-૨૪. વાણવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો માટે નારકીની જેમ કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! આ સર્વમૂળગુણપ્રત્યાખ્યાની, દેશમૂળગુણ-પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! સૌથી થોડા સર્વમૂળગુણ પ્રત્યાખ્યાની જીવ છે. (તેનાથી) દેશમૂળગુણપ્રત્યાખ્યાની જીવ અસંખ્યાતગુણા છે, (તેનાથી) અપ્રત્યાખ્યાની જીવ અનન્તગુણા છે.

**વિશેષ** - દેશમૂળગુણપ્રત્યાખ્યાની પંચેન્દ્રિયતિર્યંચ યોનિક સૌથી થોડા છે અને અપ્રત્યાખ્યાની તેનાથી અસંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! જીવ શું સર્વઉત્તરગુણપ્રત્યાખ્યાની છે, દેશઉત્તરગુણપ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે ?

ઉ. ગૌતમ ! જીવ સર્વ ઉત્તરગુણપ્રત્યાખ્યાની પણ છે, દેશઉત્તરગુણપ્રત્યાખ્યાની પણ છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

***પંચેન્દ્રિયતિર્યંચ યોનિક અને મનુષ્યોનું વર્ણન પણ આ પ્રમાણે કહેવું જોઈએ.***

***વૈમાનિક સુધી બાકીના સર્વ જીવ અપ્રત્યાખ્યાની છે.***

પ્ર. ભંતે ! આ સર્વોત્તરગુણપ્રત્યાખ્યાની, દેશોત્તરગુણ-પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ***આ ત્રણેયનું અલ્પબહુત્વ પ્રથમ દણ્ડકમાં કહેવા મુજબ મનુષ્યો સુધી જાણવું જોઈએ.***

## ७८. जीव-चउवीसदंडएसु सवीरियावीरियत्त परूवणं-

प. जीवा णं भंते ! किं सवीरिया ? अवीरिया ?

उ. गोयमा ! सवीरिया वि, अवीरिया वि।

## ૭૮. જીવ-ચોવીસ દંડકોમાં સવીર્યત્વ-અવીર્યત્વનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! શું જીવ સવીર્ય છે કે અવીર્ય છે ?

ઉ. ગૌતમ ! જીવ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"जीवा सवीरिया वि ? अवीरिया वि ?"

उ. गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा-
१. संसारसमावन्नगा य,
२. असंसारसमावन्नगा य।

१. तत्थ णं जे ते असंसारसमावन्नगा ते णं सिद्धा, सिद्धा णं अवीरिया।

२. तत्थ णं जे ते संसारसमावन्नगा ते दुविहा पण्णत्ता, तं जहा-

१. सेलेसिपडिवन्नगा य, २. असेलेसिपडिवन्नगा य।

१. तत्थ णं जे ते सेलेसिपडिवन्नगा ते णं लद्धिवीरिएणं सवीरिया,

करणवीरिएणं अवीरिया।

२. तत्थ णं जे ते असेलेसिपडिवन्नगा ते णं लद्धिवीरिएणं सवीरिया,

करणवीरिएणं सवीरिया वि, अवीरिया वि।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"जीवा सवीरिया वि, अवीरिया वि।"

प. **दं. १.** नेरइया णं भंते ! किं सवीरिया ? अवीरिया ?

उ. गोयमा ! नेरइया लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं सवीरिया वि, अवीरिया वि,

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"नेरइया लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं सवीरिया वि, अवीरिया वि ?

उ. गोयमा ! जेसि णं णेरइयाणं अत्थि उट्ठाणे कम्मे बले वीरिए-पुरिसक्कार परकम्मे।

ते णं नेरइया लद्धिवीरिएण वि सवीरिया, करणवीरिएण वि सवीरिया,

जेसि णं नेरइयाणं नत्थि उट्ठाणे **-जाव-** पुरिसक्कार परकम्मे ते णं नेरइया लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं अवीरिया।

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
'જીવ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે ?'

ઉ. ગૌતમ ! જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. સંસાર સમાપન્નક (સંસારી),
૨. અસંસાર સમાપન્નક (સિદ્ધ).

૧. આમાંથી જે જીવ અસંસાર સમાપન્નક છે તે સિદ્ધ જીવ છે અને અવીર્ય છે.

૨. આમાંથી જે જીવ સંસાર સમાપન્નક છે તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. શૈલેશી પ્રતિપન્નક, ૨. અશૈલેશી પ્રતિપન્નક.

૧. આમાંથી જે શૈલેશી પ્રતિપન્નક છે તે લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે.

કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય છે.

૨. જે અશૈલેશી પ્રતિપન્નક છે તે લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે.

કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -
'જીવ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.'

પ્ર. **દં.૧.** ભંતે ! શું નારક જીવ સવીર્ય છે કે અવીર્ય છે ?

ઉ. ગૌતમ ! નારક જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે, કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"નારક જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે ?"

ઉ. ગૌતમ ! જે નારક જીવમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ છે.

તે નારક જીવ લબ્ધિવીર્ય અને કરણવીર્ય બન્નેની અપેક્ષાએ સવીર્ય છે.

જે નારક ઉત્થાન **-યાવત્-** પુરુષકાર - પરાક્રમથી રહિત છે તે નારક લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે પણ કરણવીર્યથી અવીર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"नेरइया लद्धिवीरिएणं सवीरिया, करणवीरिएणं सवीरिया वि, अवीरिया वि।"

***दं. २-२०. जहा नेरइया एवं -जाव- पंचेंदिय-तिरिक्खजोणिया।***

***दं. २१. मणुस्सा जहा ओहिया जीवा।***

**णवरं**-सिद्धवज्जा भाणियव्वा।

***दं. २२-२४. वाणमंतर-जोइस-वेमाणिया जहा नेरइया।***

- विया. स. १, उ. ८, सु. १०-११,

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નારક લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે."

***દં.૨-૨૦. જે પ્રમાણે નારક જીવોના વિષયમાં વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધીના જીવોનું સમજવું જોઈએ.***

***દં.૨૧. મનુષ્યોના માટે સામાન્ય જીવોની જેમ સમજવું જોઈએ.***

**વિશેષ** - સિદ્ધોને છોડીને વર્ણન કરવું જોઈએ.

***દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોના વિષયમાં નારકની જેમ કહેવું જોઈએ.***

**७९. जीव-चउवीसदंडएसु पच्चक्खाणित्ताइ परूवणं-**

प. जीवा णं भंते ! किं पच्चक्खाणी, अपच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी ?

उ. गोयमा ! जीवा पच्चक्खाणी वि, अपच्चक्खाणी वि, पच्चक्खाणापच्चक्खाणी वि।

प. सव्वजीवाणं भंते ! किं पच्चक्खाणी, अपच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी ?

उ. गोयमा ! नेरइया अपच्चखाणी **-जाव-** चउरिंदिया, सेसा दो पडिसेहेयव्वा।

पंचेंदिय-तिरिक्खजोणिया नो पच्चक्खाणी, अपचक्खाणी वि, पच्चक्खाणापच्चक्खाणी वि।

***मणुस्सा तिण्णि वि।***

***सेसा जहा नेरइया।***

- विया. स. ६, उ. ४, सु. २१

**૭૯. જીવ ચોવીસ દંડકોમાં પ્રત્યાખ્યાનાદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની છે ?

ઉ. ગૌતમ ! જીવ પ્રત્યાખ્યાની પણ છે. અપ્રત્યાખ્યાની પણ છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની પણ છે.

પ્ર. ભંતે ! શું સર્વ જીવ પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની છે ?

ઉ. ગૌતમ ! નારકથી ચઉરિન્દ્રિય સુધીના જીવ અપ્રત્યાખ્યાની છે, બાકી બે (પ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની) ભાંગાનો નિષેધ કરવો જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક પ્રત્યાખ્યાની નથી પરંતુ અપ્રત્યાખ્યાની પણ છે અને પ્રત્યાખ્યાના-પ્રત્યાખ્યાની પણ છે.

***મનુષ્યમાં ત્રણેય ભાંગા હોય છે.***

***બાકી જીવોનું વર્ણન નારકજીવોની જેમ કરવું જોઈએ.***

**८०. जीव-चउवीसदंडएसु पच्चक्खाणाइ जाणण-कुव्वण परूवणं-**

प. जीवा णं भंते ! किं पच्चक्खाणं जाणंति, अपच्चक्खाणं जाणंति, पच्चक्खाणापच्चक्खाणं जाणंति ?

**૮૦. જીવ - ચોવીસ દંડકોમાં પ્રત્યાખ્યાનાદિને જાણવું અને કરવાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ પ્રત્યાખ્યાનને જાણે છે, અપ્રત્યાખ્યાનને જાણે છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનને જાણે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जे पंचेंदिया ते तिण्णि वि जाणंति, अवसेसा पच्चक्खाणं न जाणंति।

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિય જીવ ત્રણેય ભાંગાને જાણે છે, બાકી જીવ પ્રત્યાખ્યાનને નથી જાણતા (અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનને પણ નથી જાણતા)

प. जीवा णं भंते ! किं पच्चक्खाणं कुव्वंति, अपच्चक्खाणं कुव्वंति, पच्चक्खाणापच्चक्खाणं कुव्वंति ?

પ્ર. ભંતે ! શું જીવ પ્રખ્યાખ્યાન કરે છે, અપ્રત્યાખ્યાન કરે છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાન કરે છે ?

उ. गोयमा ! ***जहा ओहिया तहा कुव्वणा।***

- विया. स. ६, उ. ४, सु. २२-२३

ઉ. ગૌતમ ! ***પૂર્વોક્ત સામાન્ય વર્ણનની જેમ પ્રત્યાખ્યાન કરવાનું પણ કહેવું જોઈએ.***

**८१. जीव-चउवीसदंडएसु पच्चक्खाणाइ निव्वत्तियाउत्त परूवणं-**

**૮૧. જીવ ચોવીસદંડકોમાં પ્રત્યાખ્યાનાદિથી નિષ્પન્ન આયુષ્યનું પ્રરુપણ :**

प. जीवा णं भंते ! किं पच्चक्खाणनिव्वत्तियाउया, अप्पच्चक्खाण-निव्वत्तियाउया, पच्चक्खाणा-पच्चक्खाण-निव्वत्तियाउया ?

પ્ર. ભંતે ! જીવ પ્રત્યાખ્યાનથી નિષ્પન્ન આયુષ્યવાળા છે, અપ્રત્યાખ્યાનથી નિષ્પન્ન આયુષ્યવાળા છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી નિષ્પન્ન આયુષ્યવાળા છે ?

उ. गोयमा ! जीवा य वेमाणिया य पच्चक्खाण-निव्वत्तियाउया, तिण्णि वि।

***अवसेसा अपच्चक्खाणनिव्वत्तियाउया।***

- विया. स. ६, उ. ४, सु. २४

ઉ. ગૌતમ ! જીવ અને વૈમાનિકદેવ પ્રત્યાખ્યાનથી નિષ્પન્ન આયુષ્યવાળા આદિ ત્રણેય વિકલ્પોથી યુક્ત છે.

***બાકી સર્વે જીવ અપ્રત્યાખ્યાનથી નિષ્પન્ન આયુષ્યવાળા છે.***

**८२. जीव-चउवीसदंडएसु सुत्त-जागरा संवुडा-संवुडाइ य परूवणं-**

**૮૨. જીવ - ચોવીસદંડકોમાં સુપ્ત - જાગૃત અને સંવૃત-અસંવૃત આદિનું પ્રરુપણ :**

प. जीवाणं भंते ! किं सुत्ता, जागरा, सुत्त-जागरा ?

પ્ર. ભંતે ! જીવ સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત - જાગૃત છે ?

उ. गोयमा ! जीवा सुत्ता वि, जागरा वि, सुत्तजागरा वि।

ઉ. ગૌતમ ! જીવ સુપ્ત પણ છે, જાગૃત પણ છે અને સુપ્ત-જાગૃત પણ છે.

प. **दं. १.** नेरइयाणं भंते ! किं सुत्ता, जागरा, सुत्तजागरा ?

પ્ર. **દં.૧.** ભંતે ! નારક જીવ સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત-જાગૃત છે ?

उ. गोयमा ! नेरइया सुत्ता, नो जागरा, नो सुत्तजागरा।

ઉ. ગૌતમ ! નારક સુપ્ત છે પણ જાગૃત નથી અને સુપ્ત-જાગૃત પણ નથી.

***दं. २-१९. एवं -जाव- चउरिंदिया।***

***દં.૨-૧૯. આ પ્રમાણે ચૌરિન્દ્રિય સુધીના જીવો માટે કહેવું જોઈએ.***

प. **दं. २०.** पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! किं सुत्ता, जागरा, सुत्तजागरा ?

પ્ર. **દં. ૨૦.** ભંતે ! શું પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત-જાગૃત છે ?

उ. गोयमा ! सुत्ता, नो जागरा, सुत्तजागरा वि।

ઉ. ગૌતમ ! તે સુપ્ત છે, જાગૃત નથી, સુપ્ત-જાગૃત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. २१. मणुस्सा जहा जीवा।*

*દં.૨૧. મનુષ્યોનું વર્ણન સામાન્ય જીવોની જેમ કરવું જોઈએ.*

*दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया।*

- विया. स. १६, उ. ६, सु. ३-८

*દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન નારક જેમ (સુપ્ત) જાણવું જોઈએ.*

प. जीवा णं भंते ! किं संवुडा, असंवुडा, संवुडासंवुडा ?

उ. गोयमा ! जीवा संवुडा वि, असंवुडा वि, संवुडासंवुडा वि।

*एवं जहेव सुत्ताणं दंडओ तहेव भाणियव्वो।*

- विया. स. १६, उ. ६, सु. १०

પ્ર. ભંતે ! જીવ સંવૃત છે, અસંવૃત છે કે સંવૃતાસંવૃત છે ?

ઉ. ગૌતમ ! જીવ સંવૃત પણ છે, અસંવૃત પણ છે અને સંવૃતાસંવૃત પણ છે.

*જેમ સુપ્ત જીવોના દંડક (સૂત્રપાઠ) કહ્યા - તેજ પ્રમાણે આગળનું વર્ણન જાણવું જોઈએ.*

**८३. जीव-चउवीसदंडएसु आयारंभाइ परूवणं-**

प. जीवाणं भंते ! किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा ?

उ. गोयमा ! अत्थेगइया जीवा आयारंभा वि, परारंभा वि, तदुभयारंभा वि, नो अणारंभा, अत्थेगइया जीवा नो आयारंभा, नो परारंभा, नो तदुभयारंभा, अणारंभा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'अत्थेगइया जीवा आयारंभा वि **-जाव-** नो अणारंभा। अत्थेगइया जीवा नो आयारंभा **-जाव-** अणारंभा।'

प. गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा-

१. संसारसमावन्नगा य।

२. असंसारसमावन्नगा य।

१. तत्थ णं जे ते असंसारसमावन्नगा ते णं सिद्धा, सिद्धा णं नो आयारंभा **-जाव-** अणारंभा।

२. तत्थ णं जे ते संसारसमावन्नगा ते दुविहा पण्णत्ता, तं जहा-

१. संजया य, २. असंजया य।

१. तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता, तं जहा-

१. पमत्तसंजया य, २. अप्पमत्तसंजया य।

**૮૩. જીવ - ચોવીસદંડકોમાં આત્મારંભાદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ આત્મારંભી છે, પરારંભી છે, તદુભયારંભી છે કે અનારંભી છે ?

ઉ. ગૌતમ ! કેટલાક જીવ આત્મારંભી છે, પરારંભી છે અને તદુભયારંભી પણ છે, પરંતુ અનારંભી નથી. કેટલાક જીવ આત્મારંભી નથી, પરારંભી પણ નથી અને તદુભયારંભી પણ નથી પરંતુ અનારંભી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

કેટલાક જીવ આત્મારંભી છે **-યાવત્-** અનારંભી નથી તથા કેટલાક જીવ આત્મારંભી નથી **-યાવત્-** અનારંભી છે ?

ઉ. ગૌતમ ! જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંસાર સમાપન્નક,

૨. અસંસાર સમાપન્નક.

૧. તેમાંથી જે જીવ અસંસાર સમાપન્નક છે તે સિદ્ધ (મુક્ત) છે અને સિદ્ધ ભગવાન ન તો આત્મારંભી છે **-યાવત્-** અનારંભી છે.

૨. તેમાંથી જે સંસાર સમાપન્નક જીવ છે તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંયત, ૨. અસંયત.

૧. તેમાંથી જે સંયત છે તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. પ્રમત્તસંયત, ૨. અપ્રમત્તસંયત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. तत्थ णं जे ते अप्पमत्तसंजया ते णं नो आयारंभा -**जाव**- अणारंभा।

१. તેમાંથી જે અપ્રમત્તસંયત છે તે આત્મારંભી નથી -**યાવત્**- અનારંભી છે.

२. तत्थ णं जे ते पमत्तसंजया ते सुभं जोगं पडुच्च नो आयारंभा -**जाव**- अणारंभा।

અસુभं जोगं पडुच्च आयारंभा वि -**जाव**- नो अणारंभा।

૨. તેમાંથી જે પ્રમત્તસંયત છે, તે શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી -**યાવત્**- અનારંભી છે.

અશુભયોગની અપેક્ષાએ આત્મારંભી છે -**યાવત્**- અનારંભી નથી.

तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभा वि -**जाव**- नो अणारंभा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'अत्थेगइया जीवा आयारंभा वि -**जाव**- नो अणारंभा,

अत्थेगइया जीवा नो आयारंभा -**जाव**- अणारंभा।'

તેમાંથી જે અસંયત છે, તે અવિરતિની અપેક્ષાએ આત્મારંભી છે. -**યાવત્**- અનારંભી નથી.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

કેટલાક જીવ આત્મારંભી છે -**યાવત્**- અનારંભી નથી.

કેટલાક જીવ આત્મારંભી નથી -**યાવત્**- અનારંભી છે.

प. **दं. १.** नेरइया णं भंते ! किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा ?

उ. गोयमा ! अविरइं पडुच्च नेरइया आयारंभा वि -**जाव**- नो अणारंभा।

***दं. २-२०. एवं -जाव- असुरकुमारा वि -जाव- पंचिंदियतिरिक्खजोणिया।***

***दं. २१. मणुस्सा जहा जीवा।***

**णवरं**- सिद्धविरहिया भाणियव्वा।

***दं. २२-२४. वाणमंतरा-जोइसिया-वेमाणिया जहा नेरइया।***

- विया. स. १, उ. १, सु. ७-८

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીના જીવ શું આત્મારંભી છે, પરારંભી છે, તદુભયારંભી છે કે અનારંભી છે ?

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ નારકીના જીવ આત્મારંભી છે -**યાવત્**- અનારંભી નથી.

***દં.૨-૨૦. આ પ્રમાણે અસુરકુમારોથી પંચેન્દ્રિયતિર્યંચયોનિક સુધી જાણવું જોઈએ.***

***દં.૨૧. મનુષ્યોનું વર્ણન સામાન્ય જીવોની જેમ કરવું જોઈએ.***

**વિશેષ** - સિદ્ધોને છોડીને કહેવું જોઈએ.

***દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોનું વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.***

**८४. जीव-चउवीसदंडगाणं अहिगरणाइपदेहिं परूवणं-**

प. जीवे णं भंते ! किं अधिकरणी, अधिकरणं ?

उ. गोयमा ! जीवे अधिकरणी वि, अधिकरणं वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवे अधिकरणी वि, अधिकरणं वि ?"

उ. गोयमा ! अविरइं पडुच्च।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

**૮૪. જીવ - ચોવીસ દંડકોના અધિકરણ આદિ પદો દ્વારા નિરૂપણ :**

પ્ર. ભંતે ! શું જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

ઉ. ગૌતમ ! જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે?"

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ (જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"जीवे अधिकरणी वि, अधिकरणं वि !"

'જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.'

प. **दं. १.** नेरइए णं भंते ! किं अधिकरणी अधिकरणं ?

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીના જીવ શું અધિકરણી છે કે અધિકરણ છે ?

उ. गोयमा ! अधिकरणी वि, अधिकरणं वि।

ઉ. ગૌતમ ! તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

***एवं जहेव जीवे तहेव नेरइए वि।***

***જેમ જીવ (સામાન્ય) ના વિષયમાં કહ્યું તેજ પ્રમાણે નારકના વિષયમાં પણ કહેવું જોઈએ.***

***दं. २-२४. एवं निरंतरं -जाव- वेमाणिए।***

***દં.૨-૨૪. આ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

प. जीवे णं भंते ! किं साहिकरणी, निरधिकरणी ?

પ્ર. ભંતે ! શું જીવ સાધિકરણી છે કે નિરધિકરણી છે ?

उ. गोयमा ! साहिकरणी, नो निरधिकरणी।

ઉ. ગૌતમ ! જીવ સાધિકરણી છે, નિરધિકરણી નથી.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवे साहिकरणी, नो निरधिकरणी ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'જીવ સાધિકરણી છે, નિરધિકરણી નથી ?'

उ. गोयमा ! अविरइं पडुच्च।

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ (જીવ સાધિકરણી છે, નિરધિકરણી નથી)

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवे साहिकरणी, नो निरधिकरणी।"

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'જીવ સાધિકરણી છે, નિરધિકરણી નથી.'

***दं. १-२४. एवं णेरइए -जाव- वेमाणिए।***

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

प. जीवे णं भंते ! किं आयाहिकरणी पराहिकरणी तदुभयाहिकरणी ?

પ્ર. ભંતે ! જીવ આત્માધિકરણી છે, પરાધિકરણી છે કે તદુભયાધિકરણી છે ?

उ. गोयमा ! आयाहिकरणी वि, पराहिकरणी वि, तदुभयाहिकरणी वि।

ઉ. ગૌતમ ! જીવ આત્માધિકરણી પણ છે, પરાધિકરણી પણ છે અને તદુભયાધિકરણી પણ છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवे किं आयाहिकरणी **-जाव-** तदुभयाहिकरणी वि?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવ આત્માધિકરણી પણ છે **-યાવત્-** તદુભયાધિકરણી પણ છે ?"

उ. गोयमा ! अविरइं पडुच्च।

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ જીવ (આત્માધિકરણી પણ છે **-યાવત્-** તદુભયાધિકરણી પણ છે)

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवे आयाहिकरणी **-जाव-** तदुभयाहिकरणी वि।"

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'જીવ આત્માધિકરણી પણ છે **-યાવત્-** તદુભયાધિકરણી પણ છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. १-२४. एवं णेरइए -जाव- वेमाणिए।*

प. जीवा णं भंते! अहिकरणे किं आयप्पयोगनिव्वत्तिए, परप्पयोगनिव्वत्तिए, तदुभयप्पयोगनिव्वत्तिए ?

उ. गोयमा ! आयप्पयोगनिव्वत्तिए वि, परप्पयोग-निव्वत्तिए वि, तदुभयप्पयोगनिव्वत्तिए वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवाणं अहिकरणे आयप्पयोगनिव्वत्तिए **-जाव-** तदुभयप्पयोगनिव्वत्तिए ?"

उ. गोयमा ! अविरइं पडुच्च।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवाणं आयप्पयोगनिव्वत्तिए वि **-जाव-** तदुभयप्पयोगनिव्वत्तिए वि।"

दं. १-२४. एवं णेरइयाणं **-जाव-** वेमाणियाणं।

- विया. स. १६, उ. १, सु. ९-१७

**८५. सरीर निव्वत्तेमाणेसु जीवेसु अहिकरणि अहिकरण परूवणं-**

प. कति णं भंते ! सरीरगा पण्णत्ता ?

उ. गोयमा ! पंच सरीरगा पण्णत्ता, तं जहा-

१. ओरालिए **-जाव-** ५ कम्मए।

- विया. स. १६, उ. १, सु. १८

प. जीवे णं भंते ! ओरालियसरीरं निव्वत्तेमाणे किं अहिकरणी, अहिकरणं ?

उ. गोयमा ! अहिकरणी वि, अहिकरणं वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'ओरालियसरीरं निव्वत्तेमाणे अहिकरणी वि, अहिकरणं वि ?'

उ. गोयमा ! अविरइं पडुच्चं।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

***દં. ૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! જીવોનું અધિકરણ શું આત્મપ્રયોગ નિષ્પન્ન છે, પર-પ્રયોગ નિષ્પન્ન છે કે તદુભય-પ્રયોગ નિષ્પન્ન છે ?

ઉ. ગૌતમ ! જીવોનું અધિકરણ આત્મ-પ્રયોગ નિષ્પન્ન પણ છે. પર-પ્રયોગ નિષ્પન્ન પણ છે અને તદુભય-પ્રયોગ નિષ્પન્ન પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવોનું અધિકરણ આત્મ-પ્રયોગ નિષ્પન્ન પણ છે **-યાવત્-** તદુભય-પ્રયોગ નિષ્પન્ન પણ છે ?"

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ (આત્મ-પ્રયોગ નિષ્પન્ન પણ છે **-યાવત્-** તદુભય-પ્રયોગ નિષ્પન્ન પણ છે.)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જીવોનું અધિકરણ આત્મ - પ્રયોગ નિષ્પન્ન પણ છે **-યાવત્-** તદુભય - પ્રયોગ નિષ્પન્ન પણ છે."

***દં. ૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

**૮૫. શરીર નિષ્પન્ન કરનાર જીવોના અધિકરણી-અધિકરણનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શરીર કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! શરીર પાંચ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ઔદારિક **-યાવત્-** ૫. કાર્મણ.

પ્ર. ભંતે ! ઔદારિક શરીરને નિષ્પન્ન કરી (બાંધતા) રહેલા જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

ઉ. ગૌતમ ! તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'ઔદારિક શરીરને બાંધનાર જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે ?'

ઉ. ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ (જીવ અધિકરણી પણ છે, અધિકરણ પણ છે)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओरालियसरीरं निव्वत्तेमाणे अहिकरणी वि, अहिकरणं वि।

'ઔદારિક શરીરને બાંધનાર જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.'

प. पुढविकाइए णं भंते! ओरालियसरीरं निव्वत्तेमाणे किं अहिकरणी, अहिकरणं?

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક જીવ ઔદારિક શરીરને નિષ્પન્ન કરીને અધિકરણી છે કે અધિકરણ છે ?

उ. गोयमा! *एवं चेव।*

ઉ. ગૌતમ ! ***પૂર્વવત્ સમજવું જોઈએ.***

*एवं -जाव- मणुस्से।*

***આ પ્રમાણે મનુષ્ય સુધી જાણવું જોઈએ.***

*एवं वेउव्वियसरीरं वि।*

***આ પ્રમાણે વૈક્રિય શરીરના વિષયમાં પણ જાણવું જોઈએ.***

**णवरं** - जस्स अत्थि।

**વિશેષ** - જે જીવને તે શરીર હોય તેનાં માટે કહેવું જોઈએ.

प. जीवे णं भंते! आहारगसरीरं निव्वत्तेमाणं किं अहिकरणी अहिकरणं?

પ્ર. ભંતે ! આહારક શરીરને નિષ્પન્ન કરીને જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

उ. गोयमा! अहिकरणी वि अहिकरणं वि।

ઉ. ગૌતમ ! તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

प. से केणट्ठेणं भंते! एवं वुच्चइ-
"आहारगसरीरं निव्वत्तेमाणे अहिकरणी वि अहिकरणं वि?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
'જીવ આહારક શરીર નિષ્પન કરીને અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે ?

उ. गोयमा! पमाइं पडुच्च।

ઉ. ગૌતમ ! પ્રમાદની અપેક્ષાએ (તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.)

से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-
'आहारग सरीरं निव्वत्तेमाणे अहिकरणी वि अहिकरणं वि।'

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -
'આહારક શરીરને નિષ્પન્ન કરીને જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.'

*एवं मणुस्से वि।*

***આ પ્રમાણે મનુષ્યના વિષયમાં પણ જાણવું જોઈએ.***

*तेयासरीरं जहा ओरालियं,*

***તેજસ્ શરીરનું વર્ણન ઔદારિક શરીરની જેમ જાણવું જોઈએ.***

**णवरं** - सव्वजीवाणं भाणियव्वं।

**વિશેષ** - તેજસ્ શરીરનું વર્ણન સર્વે જીવો માટે કરવું જોઈએ.

*एवं कम्मगसरीरं वि।*

- विया. स. १६, उ. १, सु. २१-२८

***આ પ્રમાણે કાર્મણ શરીર માટે પણ જાણવું જોઈએ.***

**८६. इंदिय निव्वत्तेमाणेसु जीवेसु अहिकरणी अहिकरण परूवणं-**

**૮૬. ઈન્દ્રિય નિષ્પન્ન કરનાર જીવોની અધિકરણી - અધિકરણનું નિરુપણ :**

प. कति णं भंते! इंदिया पण्णत्ता?

પ્ર. ભંતે ! ઈન્દ્રિયો કેટલી કહી છે ?

उ. गोयमा! पंच इंदिया पण्णत्ता, तं जहा-
१. सोइंदिए -जाव- ५. फासिंदिए।

- विया. स. १६, उ. १, सु. १९

ઉ. ગૌતમ ! ઈન્દ્રિયો પાંચ કહી છે, જેમકે-
૧. શ્રોત્રેન્દ્રિય -યાવત્- ૫. સ્પર્શેન્દ્રિય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जीवे णं भंते ! सोइंदियं निव्वत्तेमाणे किं अहिकरणी अहिकरणं ?

उ. गोयमा ! ***एवं जहेव ओरालियसरीरं तहेव सोइंदियं वि भाणियव्वं।***

**णवरं**-जस्स अत्थि सोइंदियं।

***एवं चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय फासिंदियाण वि।***

**णवरं**-जं जाणियव्वं जस्स जं अत्थि।

- विया. स. १६, उ. १, सु. २९-३०

प्र. ભંતે ! શ્રોત્રેન્દ્રિય નિષ્પન્ન કરનાર જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

ઉ. ગૌતમ ! **ઔદારિક શરીરની જેમ શ્રોત્રેન્દ્રિય માટે પણ કહેવું જોઈએ.**

**વિશેષ** - જે જીવોને શ્રોત્રેન્દ્રિય હોય તેની અપેક્ષાએ આ વર્ણન છે.

***આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય માટે પણ જાણવું જોઈએ.***

**વિશેષ** - જે જીવોની જેટલી ઈન્દ્રિયો હોય તેના વિષયમાં તે પ્રમાણે જાણવું જોઈએ.

**८७. जोग-निव्वत्तेमाणेसु जीवेसु अहिकरणी अहिकरण परूवणं-**

प. कतिविहे णं भंते ! जोए पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे जोए पण्णत्ते, तं जहा-

१. मण जोए २. वइ जोए ३. कायजोए

- विया. स. १६, उ. १, सु. २०

प. जीवे णं भंते ! मणजोगं निव्वत्तेमाणे किं अहिकरणी. अहिकरणं ?

उ. गोयमा ! ***एवं जहेव सोइंदियं तहेव निरवसेसं।***

***वइजोगो एवं चेव।***

**णवरं**- एगिंदियवज्जाणं।

**एवं कायजोगो वि**

**णवरं** - सव्वज्जीवाणं **-जाव-** वेमाणिए।

- विया. स. १६, उ. १, सु. ३१-३३

**८७. યોગ - નિષ્પન્ન કરનાર જીવોની અધિકરણી - અધિકરણનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! યોગ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! યોગ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. મનોયોગ, ૨. વચનયોગ, ૩. કાયયોગ.

પ્ર. ભંતે ! મનોયોગને નિષ્પન્ન કરીને જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

ઉ. ગૌતમ ! ***જેવી રીતે શ્રોત્રેન્દ્રિયના વિષયમાં કહ્યું તેજ પ્રમાણે મનોયોગના વિષયમાં પણ કહેવું જોઈએ.***

***વચનયોગના વિષયમાં પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

**વિશેષ** - વચનયોગમાં એકેન્દ્રિયોનું વર્ણન ન કરવું જોઈએ.

***આ પ્રમાણે કાયયોગના વિષયમાં પણ કહેવું જોઈએ.***

**વિશેષ** - કાયયોગના સર્વે જીવોનું વર્ણન વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**८८. जीव-चउवीसदंडएसु बालत्ताइ परूवणं-**

प. जीवा णं भंते ! किं बाला, पंडिया, बालपंडिया ?

उ. गोयमा ! जीवा बाला वि, पंडिया वि, बालपंडिया वि।

प. **दं. १.** नेरइया णं भंते ! किं बाला, पंडिया, बालपंडिया ?

**૮૮. જીવ - ચોવીસ દંડકોમાં બાળત્વ આદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ બાળ છે, પંડિત છે કે બાળપંડિત છે ?

ઉ. ગૌતમ ! જીવ બાળ પણ છે, પંડિત પણ છે અને બાળપંડિત પણ છે.

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીના જીવો બાળ છે, પંડિત છે કે બાળપંડિત છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! नेरइया बाला, नो पंडिया, नो बालपंडिया।

**दं. २-१९. एवं -जाव- चउरिंदियाणं।**

प. दं. २०. पंचिंदियतिरिक्खजोणियाणं भंते ! किं बाला, पंडिया, बालपंडिया ?

उ. गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया बाला, नो पंडिया, बालपंडिया वि।

**दं. २१. मणुस्सा जहा जीवा।**

**दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया।**

- विया. स. १७, उ. २, सु. ११-१६

ઉ. ગૌતમ ! નારકીના જીવો બાળ છે પરંતુ પંડિત અને બાળપંડિત નથી.

**દં.૨-૧૯. આ પ્રમાણે ચૌરિન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ.**

પ્ર. દં.૨૦. ભંતે ! શું પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ બાળ છે, પંડિત છે કે બાળપંડિત છે ?

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ બાળ છે અને બાળપંડિત છે પરંતુ પંડિત નથી.

**દં.૨૧. મનુષ્યનું વર્ણન (સામાન્ય) જીવોની જેમ છે.**

**દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન નૈરયિક જેમ છે.**

## ८९. जीव-चउवीसदंडएसु सासयत्तासासयत्त परूवणं-

प. जीवाणं भंते ! किं सासया, असासया ?

उ. गोयमा ! जीवा सिय सासया, सिय असासया।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'जीवा सिय सासया, सिय असासया ?'

उ. गोयमा ! दव्वट्ठयाए सासया, भावट्ठयाए असासया।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'सिय सासया, सिय असासया'।

प. दं. १. नेरइया णं भंते ! किं सासया असासया ?

उ. गोयमा ! **एवं जहा जीवा तहा नेरइया वि।**

**दं. २-२४. एवं जहा वेमाणिया सिय सासया, सिय असासया।**

- विया. स. ७, उ. २, सु. ३६-३८

प. नेरइया भंते ! किं सासया असासया ?

उ. गोयमा ! सिय सासया, सिय असासया।

## ८९. જીવ-ચોવીસ દંડકોમાં શાશ્વતત્વ અશાશ્વતત્વ નિરુપણ :

પ્ર. ભંતે ! શું જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

ઉ. ગૌતમ ! કેટલાક જીવ શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જીવ શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે ?"

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ જીવ શાશ્વત છે અને ભાવ (પર્યાય)ની અપેક્ષાએ અશાશ્વત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેટલાક જીવ શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે."

પ્ર. દં.૧. ભંતે ! શું નારક જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

ઉ. ગૌતમ ! **જે પ્રમાણે (ઔધિક) જીવોનું વર્ણન કર્યું તે જ પ્રમાણે નારકનું પણ વર્ણન કરવું જોઈએ.**

**દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ કે કેટલાક જીવ શાશ્વત છે અને કેટલાક જીવ અશાશ્વત છે.**

પ્ર. ભંતે ! શું નારક જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

ઉ. ગૌતમ ! નારક જીવ કેટલાક શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'नेरइया सिय सासया, सिया असासया ?'

उ. गोयमा ! अव्वोच्छित्तिणयट्ठयाए सासया, वोच्छित्तिणयट्ठयाए असासया।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइया सिय सासया, सिय असासया।'

*दं. २-२४. एवं -जाव- वेमाणिया सिय सासया, सिय असासया।*

- विया. स. ७, उ. ३, सु. २३-२४

प્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'નારકી જીવ કેટલાક શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે?'

ઉ. ગૌતમ ! નારક જીવ અવ્યુચ્છિત્તિ (દ્રવ્યાર્થિક) નયની અપેક્ષાએ શાશ્વત છે અને વ્યુચ્છિત્તિ (પર્યાયાર્થિક) નયની અપેક્ષાએ અશાશ્વત છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નારક જીવ કેટલાક શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે."

***દં. ૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ. તે કેટલાક શાશ્વત છે અને કેટલાક અશાશ્વત છે.***

**९०. जीव-चउवीसदंडएसु सेय-निरेयत्त परूवणं-**

प. जीवा णं भंते ! किं सेया, निरेया ?

उ. गोयमा ! जीवा सेया वि, निरेया वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'जीवा सेया वि, निरेया वि?'

उ. गोयमा ! जीवा दुविहा पन्नत्ता, तं जहा-

१. संसारसमावन्नगा य, २. असंसारसमावन्नगा य

१. तत्थ णं जे ते असंसारसमावन्नगा ते णं सिद्धा।

सिद्धाणं दुविहा पन्नत्ता, तं जहा-

१. अणंतरसिद्धा य, २. परम्परसिद्धा य।

१. तत्थ णं जे ते परम्परसिद्धा ते णं निरेया।

२. तत्थ णं जे ते अणंतरसिद्धा ते णं सेया।

प. ते णं भंते ! किं देसेया सव्वेया ?

उ. गोयमा ! नो देसेया, सव्वेया।

२. तत्थ णं जे ते संसारसमावन्नगा ते दुविहा पन्नत्ता, तं जहा-

१. सेलेसिपडिवन्नगा य, २. असेलेसिपडिवन्नगा य।

१. तत्थ णं जे ते सेलेसिपडिवन्नगा ते णं निरेया।

२. तत्थ णं जे ते असेलेसिपडिवन्नगा ते णं सेया।

**૯૦. જીવ-ચોવીસ દંડકોમાં સકમ્પ નિષ્કમ્પત્વનું નિરુપણ :**

પ્ર. ભંતે ! જીવ સકમ્પ છે કે નિષ્કમ્પ છે ?

ઉ. ગૌતમ ! જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે?"

ઉ. ગૌતમ ! જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંસાર સમાપન્નક, ૨. અસંસાર સમાપન્નક.

૧. તેમાંથી જે અસંસાર સમાપન્નક છે તે સિદ્ધ છે.

સિદ્ધ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. અનંતર સિદ્ધ, ૨. પરમ્પર સિદ્ધ.

૧. જે પરમ્પર સિદ્ધ છે, તે નિષ્કમ્પ છે.

૨. જે અનંતર સિદ્ધ છે, તે સકમ્પ છે.

પ્ર. ભંતે ! તે (સકમ્પ અનન્તર સિદ્ધ) દેશકમ્પક છે કે સર્વ કમ્પક છે ?

ઉ. ગૌતમ ! તે દેશકમ્પક નથી, સર્વકમ્પક છે.

૨. તેમાંથી જે સંસાર સમાપન્નક જીવ છે, તે બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. શૈલેશી પ્રતિપન્નક, ૨. અશૈલેશી પ્રતિપન્નક.

૧. જે શૈલેશી પ્રતિપન્નક છે, તે નિષ્કમ્પ છે.

૨. જે અશૈલેશી પ્રતિપન્નક છે, તે સકમ્પ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. ते णं भंते ! किं देसेया, सव्वेया ?

उ. गोयमा ! देसेया वि, सव्वेया वि।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'जीवा सेया वि, निरेया वि।'

प. दं. १. नेरइया णं भंते ! किं देसेया, सव्वेया ?

उ. गोयमा ! देसेया वि, सव्वेया वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'नेरइया देसेया वि, सव्वेया वि ?

उ. गोयमा ! नेरइया दुविहा पन्नता, तं जहा-

१. विग्गहगइसमावन्नगा य,

२. अविग्गहगइसमावन्नगा य।

१. तत्थ णं जे ते विग्गहगइसमावन्नगा ते णं सव्वेया,

२. तत्थ णं जे ते अविग्गहगइसमावन्नगा ते णं देसेया,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइया देसेया वि, सव्वेया वि।'

*दं. २-२४. एवं -जाव- वेमाणिया।*

- विया. स. २५, उ. ४, सु. ८१-८६

प्र. ભંતે ! તે (અશૈલેશી પ્રતિપન્નક) દેશકમ્પક છે કે સર્વકમ્પક છે ?

ઉ. ગૌતમ ! તે દેશકમ્પક પણ છે અને સર્વકમ્પક પણ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

'જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે.'

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીના જીવ દેશકમ્પક છે કે સર્વકમ્પક છે ?

ઉ. ગૌતમ ! તે દેશકમ્પક પણ છે અને સર્વકમ્પક પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નારકીના જીવ દેશકમ્પક પણ છે અને સર્વકમ્પક પણ છે ?"

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

(૧) વિગ્રહગતિ સમાપન્નક,

(૨) અવિગ્રહગતિ સમાપન્નક.

૧. તેમાંથી જે વિગ્રહગતિ સમાપન્નક છે તે સર્વકમ્પક છે.

૨. જે અવિગ્રહગતિ સમાપન્નક છે તે દેશકમ્પક છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'નારકીના જીવ દેશકમ્પક પણ છે અને સર્વકમ્પક પણ છે.'

***દં.૨-૨૪ આ પ્રમાણે વૈમાનિકો સુધી સમજવું જોઈએ.***

**९१. जीव-चउवीसदंडएसु कालादेसेण सप्पएसाइ चउद्दसदार परूवणं-**

१-२ सपदेसाहारग, ३. भविय,

४. सण्णि, ५. लेस्सा, ६. दिट्ठी, ७. संजय, ८. कसाए।

९. णाणे, १०-११. जोगुवओगे,

१२. वेदे य, १३. सरीर, १४. पज्जत्ती।

- विया. स. ६, उ. ४, सु. २०

**૯૧. જીવ - ચોવીસ દંડકોમાં કાળાદેશથી સપ્રદેશાદિ ચૌદ દ્વારોનું પ્રરુપણ :**

૧. સપ્રદેશ, ૨. આહારક, ૩. ભવ્ય,

૪. સંજ્ઞી, ૫. લેશ્યા, ૬. દ્રષ્ટિ, ૭. સંયત, ૮. કષાય.

૯. જ્ઞાન, ૧૦. યોગ, ૧૧. ઉપયોગ,

૧૨. વેદ, ૧૩. શરીર, ૧૪. પર્યાપ્તિ.

આ ચૌદ દ્વારોનું વર્ણન આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. सपएस दारं-

प. जीवे णं भंते ! कालादेसेणं किं सपदेसे, अपदेसे ?

उ. गोयमा ! नियमा सपदेसे ।

प. दं.१. नेरइए णं भंते ! कालादेसेणं किं सपदेसे, अपदेसे ?

उ. गोयमा ! सिय सपदेसे, सिय अपदेसे ।

*दं. २-२४. एवं -जाव- सिद्धे ।*

प. जीवा णं भंते ! कालादेसेणं किं सपदेसा, अपदेसा ?

उ. गोयमा ! नियमा सपदेसा ।

प. दं. १. नेरइया णं भंते ! कालादेसेणं किं सपदेसा अपदेसा ?

उ. गोयमा ! १. सव्वे वि ताव होज्जा सपदेसा,
२. अहवा सपदेसा य, अपदेसे य,
३. अहवा सपदेसा य, अपदेसा य ।

*दं. २-११. एवं -जाव- थणियकुमारा ।*

प. दं. १२. पुढविकाइया णं भंते ! किं सपदेसा, अपदेसा ?

उ. गोयमा ! सपदेसा वि, अपदेसा वि ।

*दं. १३-१६. एवं -जाव- वणप्फइकाइया ।*

*दं. १७-२४. सेसा जहा नेरइया तहा -जाव- सिद्धा ।*

२. आहारग दारं-

आहारगाणं जीवेगेंदियवज्जो तियभंगो ।

૧. સપ્રદેશ દ્વાર :

પ્ર. ભંતે ! શું (એક) જીવ કાળાદેશની અપેક્ષાએ સપ્રદેશ છે કે અપ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! કાળાદેશથી જીવ નિશ્ચિત પણે સપ્રદેશ છે.

પ્ર. દં.૧. ભંતે ! શું (એક) નારકીનો જીવ કાળાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! તે કેટલાક સપ્રદેશ છે અને કેટલાક અપ્રદેશ છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે (એક) સિદ્ધ જીવ સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! કાળાદેશથી અનેક જીવ સપ્રદેશ છે કે અપ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! નિયમતઃ સપ્રદેશ છે.

પ્ર. દં.૧. ભંતે ! શું (અનેક) નારકી જીવ કાળાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ છે?

ઉ. ગૌતમ ! (૧) સર્વે (નારકી) સપ્રદેશ છે.
(૨) અથવા ઘણાં સપ્રદેશ છે અને એક અપ્રદેશ છે,
(૩) અથવા ઘણાં સપ્રદેશ અને એક અપ્રદેશ છે.

***દં.૨-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.***

પ્ર. દં.૧૨. ભંતે ! અનેક પૃથ્વીકાયિક જીવ સપ્રદેશ છે કે અપ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! તે સપ્રદેશ પણ છે અને અપ્રદેશ પણ છે.

***દં.૧૩-૧૬. આ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું જોઈએ.***

***દં.૧૭-૨૪. શેષ જીવોનું વર્ણન સિદ્ધો સુધી નારકીની જેમ જાણવું જોઈએ.***

૨. આહારક દ્વાર :

જીવ અને એકેન્દ્રિયને છોડીને બાકી સર્વે આહારક જીવો માટે ત્રણ ભાંગા કહેવા જોઈએ. ((૧) સર્વે સપ્રદેશ, (૨) અનેક સપ્રદેશ અને એક અપ્રદેશ, (૩) અનેક સપ્રદેશ અને અપ્રદેશ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणाहारगाणं जीवेगिंदियवज्जा छब्भंगा एवं भाणियव्वा- तं जहा-

१. सपएसा वा, २. अपएसा वा,

३. अहवा - सपदेसे य अपदेसे य,

४. अहवा - सपदेसे य अपदेसा य,

५. अहवा - सपदेसा य अपदेसे य,

६. अहवा - सपदेसा य अपदेसा य।

***सिद्धेहिं तियभंगो।***

अनाहारको माटे જીવ અને એકેન્દ્રિયને છોડીને છ ભાંગા આ પ્રમાણે કહેવા જોઈએ, જેમકે-

૧. સર્વ સપ્રદેશ, ૨. સર્વ અપ્રદેશ,

૩. અથવા એક સપ્રદેશ અને એક અપ્રદેશ,

૪. અથવા એક સપ્રદેશ અને અનેક અપ્રદેશ,

૫. અથવા અનેક સપ્રદેશ અને એક અપ્રદેશ,

૬. અથવા અનેક સપ્રદેશ અને અનેક અપ્રદેશ.

***સિદ્ધો માટે ત્રણ ભાંગા કહેવા જોઈએ.***

**३. भविय दारं-**

***भवसिद्धिया अभवसिद्धिया जहा ओहिया।***

***नोभवसिद्धिया नोअभवसिद्धिया जीव सिद्धेहिं तियभंगो।***

**૩. ભવ્ય દ્વાર :**

***ભવસિદ્ધિક (ભવ્ય) અને અભવસિદ્ધિક (અભવ્ય) જીવો માટે ઔધિક (સામાન્ય) જીવોની જેમ કહેવું જોઈએ.***

***નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ અને સિદ્ધોમાં (પૂર્વવત્) ત્રણ ભાંગા કહેવા જોઈએ.***

**४. सण्णि दारं-**

१. सण्णीहिं जीवादिओ तियभंगो।

२. असण्णीहिं एगिंदियवज्जो तियभंगो।

नेरइय देव मणुएहिं छब्भंगा।

३. नोसण्णि नोअसण्णि जीव-मणुय-सिद्धेहिं तियभंगो।

**૪. સંજ્ઞી દ્વાર :**

૧. સંજ્ઞી જીવોમાં જીવાદિ ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૨. અસંજ્ઞી જીવોમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ અને

નારકી, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા કહેવા જોઈએ.

૩. નોસંજ્ઞી - નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

**५. लेस्सादारं-**

***सलेस्सा जहा ओहिया।***

***कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा जहा आहारओ।***

**णवरं-** जस्स अत्थि एयाओ।

तेउलेस्साए जीवाइओ तियभंगो।

**णवरं-** पुढविकाइएसु आउ-वणस्सईसु छब्भंगा।

पम्हलेसा सुक्कलेसाए जीवाइओ तियभंगो।

**૫. લેશ્યા દ્વાર :**

***સલેશી જીવોનું વર્ણન સામાન્ય જીવોની જેમ કરવું જોઈએ.***

***કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યીવાળા જીવોનું વર્ણન આહારક જીવોની જેમ કરવું જોઈએ.***

**વિશેષ -** જેને જે લેશ્યા હોય તેને તે લેશ્યા કહેવી જોઈએ.

તેજોલેશ્યામાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

**વિશેષ -** પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં જીવાદિના ત્રણ ભાંગા કહેવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अलेसेहिं जीव-सिद्धेहिं तियभंगो।

અલેશ્યી (લેશ્યા રહિત) જીવ અને સિદ્ધોમાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

मणुस्सेसु छब्भंगा।

(અલેશ્યી) મનુષ્યોમાં (પૂર્વવત્) છ ભાંગા કહેવા જોઈએ.

६. **दिट्ठीदारं-**

१. सम्मदिट्ठीहिं जीवाइओ तियभंगो।

विगलिंदिएसु छब्भंगा।

२. मिच्छदिट्ठीहिं एगिंदियवज्जो तियभंगो।

३. सम्मामिच्छादिट्ठीहिं छब्भंगा।

૬. **દૃષ્ટિ દ્વાર :**

૧. સમ્યગ્દૃષ્ટિ જીવોમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

વિકલેન્દ્રિયોમાં છ ભાંગા કહેવા જોઈએ.

૨. મિથ્યાદૃષ્ટિ જીવોમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાગાં કહેવા જોઈએ.

૩. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

७. **संजय-दारं-**

१. संजएहिं जीवाइओ तियभंगो।

२. असंजएहिं एगिंदियवज्जो तियभंगो।

३. संजयासंजएहिं जीवाइओ तियभंगो।

४. नोसंजय-नो असंजय-नो संजयासंजय-जीव-सिद्धेहिं तियभंगो।

૭. **સંયત દ્વાર :**

૧. સંયતોમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૨. અસંયતોમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૩. સંયતાસંયત જીવોમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૪. નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત જીવ અને સિદ્ધોમાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

८. **कसाय-दारं-**

१. सकसाईहिं जीवाइओ तियभंगो।

एगिंदिएसु अभंगयं।

कोहकसाईहिं जीवेगिंदियवज्जो तियभंगो।

देवेहिं छब्भंगा।

मानकसाई मायाकसाई जीवेगिंदियवज्जो तियभंगो।

नेरइय-देवेहिं छब्भंगा।

लोभकसायीहिं जीवेगिंदियवज्जो तियभंगो।

૮. **કષાય દ્વાર :**

૧. સકષાયી (કષાયયુક્ત) જીવોમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

એકેન્દ્રિયમાં અભંગક (એક ભાંગો) કહેવો જોઈએ.

ક્રોધકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

(ક્રોધ કષાયી) દેવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

માનકષાયી અને માયાકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

નારકી અને દેવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

લોભકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नेरइएसु छब्भंगा ।

२. अकसाई जीव-मणुएहिं सिद्धेहिं तियभंगो ।

नारकी જીવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

૨. અકષાયી જીવો, મનુષ્યો અને સિદ્ધોમાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

९. णाणदारं-

१. ओहियनाणे आभिणिबोहियनाणे सुयनाणे जीवाइओ तियभंगो ।

विगलिंदिएहिं छब्भंगा ।

ओहिनाणे मणपज्जवणाणे केवलनाणे जीवाइओ तियभंगो ।

२. ओहिए अण्णाणे मइअण्णाणे सुयअण्णाणे एगिंदियवज्जो तियभंगो ।

३. विभंगनाणे जीवाइओ तियभंगो ।

૯. જ્ઞાન દ્વાર :

૧. ઔઘિક (સામાન્ય) જ્ઞાન, આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં જીવાદિના ત્રણ ભાંગા કહેવા જોઈએ.

વિકલેન્દ્રિયોમાં છ ભાંગા કહેવા જોઈએ.

અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવલ-જ્ઞાનમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૨. ઔઘિક (સામાન્ય) અજ્ઞાન, મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાનમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

૩. વિભંગજ્ઞાનમાં પણ જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

१०. जोग दारं-

१. ***सजोगी जहा ओहिओ ।***

मणजोगी वयजोगी कायजोगी जीवाइओ तियभंगो,

**णवरं**-कायजोगी एगिंदिया तेसु अभंगयं ।

२. ***अजोगी जहा अलेसा ।***

૧૦. યોગ દ્વાર :

૧. ***સયોગી જીવોનું વર્ણન ઔઘિક જીવોની જેમ કરવું જોઈએ.***

મનયોગી, વચનયોગી અને કાયયોગીમાં જીવાદિના ત્રણ ભાંગા કહેવા જોઈએ.

**વિશેષ** : કાયયોગી એકેન્દ્રિયોમાં અભંગક (કેવળ એક ભાંગો) હોય છે.

૨. ***અયોગી જીવોનું વર્ણન અલેશી જીવોની જેમ કરવું જોઈએ.***

११. उवओगदारं -

सागारोवउत्त-अणागारोवउत्तेहिं जीवेगिंदियवज्जो तियभंगो ।

૧૧. ઉપયોગ દ્વાર :

૧. સાકારોપયોગ અને અનાકારોપયોગવાળા જીવોમાં - જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

१२. वेददारं-

१. ***सवेयगा य जहा सकसाई ।***

इत्थिवेयग-पुरिसवेयग-नपुंसगवेदगेसु जीवाइओ तियभंगो ।

**णवरं** - नपुंसगवेदे एगिंदिएसु अभंगयं ।

૧૨. વેદ દ્વાર :

૧. ***સવેદક જીવોનું વર્ણન સકષાય જીવોની જેમ કરવું જોઈએ.***

સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી જીવોમાં જીવાદિના ત્રણ ભાંગા કહેવા જોઈએ.

**વિશેષ** - નપુંસકવેદી એકેન્દ્રિય અભંગક (એક ભાંગા) વાળા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. *अवेयगा जहा अकसाई।*

२. ***અવેદક જીવોનું વર્ણન અકષાયી જીવોના સમાન કરવું જોઈએ.***

१३. **सरीरदारं -**

***ससरीरा जहा ओहिओ।***

ओरालिय-वेउव्वियसरीरीणं जीव एगिंदियवज्जो तियभंगो।

आहारगसरीरे जीव-मणुएसु छब्भंगा।

***तेयग-कम्मगाणं जहा ओहिया।***

असरीरेहिं जीव-सिद्धेहिं तियभंगो।

૧૩. **શરીર દ્વાર :**

***સશરીરિજીવોનું વર્ણન સામાન્ય જીવોની જેમ કરવું જોઈએ.***

ઔદારિક અને વૈક્રિયશરીરમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

આહારક શરીરવાળા જીવ અને મનુષ્યમાં છ ભાંગા કહેવા જોઈએ.

**તેજસ્ અને કાર્મણ શરીરવાળા જીવોનું વર્ણન ઔધિકની જેમ કરવું જોઈએ.**

અશરીરી જીવ અને સિદ્ધો માટે ત્રણ ભાંગા કહેવા જોઈએ.

१४. **पज्जत्तीदारं -**

१. आहारपज्जत्तीए, सरीरपज्जत्तीए, इंदियपज्जत्तीए, आणापाण-पज्जत्तीए जीवेगिंदियवज्जो तियभंगो।

*भासामणपज्जत्तीए जहा सण्णी।*

*२. आहार अपज्जत्तीए जहा अणाहारगा।*

सरीर-अपज्जत्तीए, इंदिय-अपज्जत्तीए, आणापाण अपज्जत्तीए जीवेगिंदियवज्जो तियभंगो।

नेरइय-देव-मणुएहिं छब्भंगा।

भासामणअपज्जत्तीए जीवादिओ तियभंगो,

णेरइय-देव-मणुएहिं छब्भंगा।

– विया. स. ६, उ. ४, सु. १-१९

૧૪. **પર્યાપ્તિ દ્વાર :**

૧. આહાર પર્યાપ્તિ, ૨. શરીરપર્યાપ્તિ, ૩. ઈન્દ્રિયપર્યાપ્તિ અને ૪. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ-વાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ,

***૫. ભાષાપર્યાપ્તિ અને ૬. મનઃપર્યાપ્તિવાળા જીવોનું વર્ણન સંજ્ઞીજીવોની જેમ કરવું જોઈએ.***

***૨. આહાર અપર્યાપ્તિવાળા જીવોનું વર્ણન અનાહારક જીવોની જેમ કરવું જોઈએ.***

૧. શરીર અપર્યાપ્તિ, ૩. ઈન્દ્રિય અપર્યાપ્તિ અને ૪. શ્વાસોચ્છ્વાસ-અપર્યાપ્તિવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા જોઈએ.

(અપર્યાપ્ત) નારકી, દેવ અને મનુષ્યમાં છ ભાંગા કહેવા જોઈએ.

ભાષા અપર્યાપ્તિ અને મનઃ અપર્યાપ્તિવાળા જીવોમાં જીવાદિનાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

નારકી, દેવ તથા મનુષ્યોમાં છ ભાંગા કહેવા જોઈએ.

९२. **जीव-चउवीसदंडएसु अजीवदव्वस्स परिभोगत्त परूवणं-**

प. जीवदव्वाणं भंते ! अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति ?

૯૨. **જીવ- ચોવીસ દંડકોમાં અજીવદ્રવ્યમાં પરિભોગત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! અજીવ- દ્રવ્ય જીવદ્રવ્યોના પરિભોગમાં આવે છે કે જીવ-દ્રવ્ય અજીવ-દ્રવ્યોના પરિભોગમાં આવે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जीवदव्वाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नो अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवदव्वाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नो अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति ?"

उ. गोयमा ! जीवदव्वा णं अजीवदव्वा परियादियंति, अजीवदव्वे परियादिइत्ता ओरालियं वेउव्वियं आहारगं तेयगं कम्मगं सोइंदिय **-जाव-** फासिंदिय मणजोगं वइजोगं कायजोगं आणापाणुत्तं च निव्वत्तयंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवदव्वाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नो अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति।"

प. **दं.१.** नेरइयाणं भंते ! अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, अजीवदव्वाणं नेरइया परिभोगत्ताए हव्वमागच्छंति ?

उ. गोयमा ! नेरइयाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नोअजीवदव्वाणं नेरइया परिभोगत्ताए हव्वमागच्छंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"नेरइयाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नो अजीवदव्वाणं नेरइया परिभोगत्ताए हव्वमागच्छंति ?'

उ. गोयमा ! नेरइए अजीवदव्वे परियादियंति-

अजीवदव्वे परियादिइत्ता वेउव्विय-तेयग-कम्मग सोइंदिय **-जाव-** फासिंदिय, मणजोगं वइजोगं कायजोगं आणापाणुत्तं च निव्वत्तयंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइयाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति,

ઉ. ગૌતમ ! અજીવદ્રવ્ય જીવ-દ્રવ્યોના પરિભોગમાં આવે છે પણ જીવદ્રવ્ય અજીવદ્રવ્યનાં પરિભોગમાં આવતા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અજીવદ્રવ્ય જીવદ્રવ્યોના પરિભોગમાં આવે છે પણ - જીવદ્રવ્ય અજીવદ્રવ્યોના પરિભોગમાં આવતા નથી ?"

ઉ. ગૌતમ ! જીવદ્રવ્ય અજીવદ્રવ્યને ગ્રહણ કરે છે.

અજીવદ્રવ્ય (પુદ્દગલ)ને ગ્રહણ કરી ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ્ અને કાર્મણ આ પાંચ શરીરો તથા શ્રોત્રેન્દ્રિય **-યાવત્-** સ્પર્શેન્દ્રિય આ પાંચ ઈન્દ્રિયો, મનયોગ, વચનયોગ અને કાયયોગ તથા શ્વાસોચ્છ્વાસના રુપમાં નિષ્પન્ન કરે છે.

માટે ગૌતમ ! એમ કહેવાય છે કે -

'અજીવદ્રવ્ય જીવદ્રવ્યોના પરિભોગમાં આવે છે પરંતુ જીવદ્રવ્ય અજીવદ્રવ્યોના પરિભોગમાં આવતા નથી.

પ્ર. **દં.૧.** ભંતે ! અજીવદ્રવ્ય નારકના પરિભોગમાં આવે છે કે નારક અજીવદ્રવ્યોના પરિભોગમાં આવે છે ?

ઉ. ગૌતમ ! અજીવદ્રવ્ય નારકના પરિભોગમાં આવે છે પણ નારક અજીવદ્રવ્યોના પરિભોગમાં આવતા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'અજીવદ્રવ્ય નારકીના પરિભોગમાં આવે છે પરંતુ નારક અજીવદ્રવ્યોના પરિભોગમાં આવતાં નથી ?'

ઉ. ગૌતમ ! નારકી અજીવદ્રવ્યોને ગ્રહણ કરે છે,

અજીવદ્રવ્યોને ગ્રહણ કરી વૈક્રિય, તેજસ્ અને કાર્મણશરીરના રુપમાં, શ્રોત્રેન્દ્રિય **-યાવત્-** સ્પર્શેન્દ્રિયના રુપમાં મનયોગ, વચનયોગ અને કાયયોગ તથા શ્વાસોચ્છ્વાસના રુપમાં નિષ્પન્ન કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અજીવદ્રવ્ય નારકોના પરિભોગમાં આવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो अजीवदव्वाणं नेरइया परिभोगत्ताए हव्वमागच्छंति।'

परंतु नारकी अजीवद्रव्योना परिभोगमां आवतां नथी.

*दं. २-२४. एवं -जाव- वेमाणिया,*

**णवरं** - सरीर-इंदिय-जोगा भाणियव्वा जस्स जे अत्थि।

- विया. स. २५, उ. २, सु. ४-६

*દં. ૨-૨૪: આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.*

**વિશેષ** - જેનાં જેટલા શરીર, ઈન્દ્રિય અને યોગ હોય તેના તેટલા (યથાયોગ્ય) કહેવા જોઈએ.

**९३. जीव-चउवीसदंडएसु कामित्तं भोगित्तं अप्पबहुत्त य परूवणं -**

प. जीवा णं भंते ! किं कामी ? भोगी ?

उ. गोयमा ! जीवा कामी वि, भोगी वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'जीवा कामी वि भोगी वि ?'

उ. गोयमा ! सोइंदिय-चक्खिंदियाइं पडुच्च कामी।

घाणिंदिय जिब्भिंदिय फासिंदियाइं पडुच्च भोगी।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

'जीवा कामी वि, भोगी वि।'

प. दं. १. नेरइया णं भंते ! किं कामी ? भोगी ?

उ. गोयमा ! नेरइया कामी वि, भोगी वि।

*दं. २-११. एवं -जाव- थणियकुमारा।*

प. **दं. १२.** पुढविकाइया णं भंते ! किं कामी ? भोगी ?

उ. गोयमा ! पुढविकाइया नो कामी, भोगी।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'पुढविकाइया नो कामी, भोगी ?'

उ. गोयमा ! फासिंदियं पडुच्च भोगी,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'पुढविकाइया नो कामी, भोगी।'

*दं. १३-१६. एवं -जाव- वणस्सइकाइया।*

**૯૩. જીવ- ચોવીસ દંડકોમાં કામિત્વ-ભોગિત્વ અને અલ્પબહુત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ કામી છે કે ભોગી છે ?

ઉ. ગૌતમ ! જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'જીવ કામી પણ છે અને ભોગી પણ છે ?'

ઉ. ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયની અપેક્ષાએ જીવ કામીં છે.

ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ જીવ ભોગી છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'જીવ કામી પણ છે અને ભોગી પણ છે.'

પ્ર. દં.૧. ભંતે ! શું નારક જીવ કામી છે કે ભોગી છે ?

ઉ. ગૌતમ ! નારક જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

*દં. ૨-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.*

પ્ર. દં.૧૨. ભંતે ! પૃથ્વીકાયિક જીવ શું કામી છે કે ભોગી છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ કામી નથી પણ ભોગી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'પૃથ્વીકાયિક જીવ કામી નથી પરંતુ ભોગી છે ?'

ઉ. ગૌતમ ! સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'પૃથ્વીકાયિક જીવ કામી નથી પણ ભોગી છે.'

*દં. ૧૩-૧૬. આ પ્રમાણે વનસ્પતિકાયિક જીવો સુધી કહેવું જોઈએ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. १७. बेइंदिया एवं चेव।*

**णवरं** - जिब्भिंदिय फासिंदियाइं पडुच्च भोगी।

*दं. १८. तेइंदिया वि एवं चेव।*

**णवरं** - घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाइं पडुच्च भोगी।

प. **दं.१९.** चउरिंदियाणं भंते ! किं कामी ? भोगी ?

उ. गोयमा ! चउरिंदिया कामी वि, भोगी वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'चउरिंदिया कामी वि भोगी वि ?'

उ. गोयमा ! चक्खिंदिय पडुच्च कामी,

घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाइं पडुच्च भोगी।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'चउरिंदिया कामी वि, भोगी वि'।

*दं. २०-२४. अवसेसा जहा जीवा -जाव- वेमाणिया।*

प. एएसि णं भंते ! जीवाणं कामभोगीणं, नोकामीणं-नोभोगीणं भोगीण य कयरे कायरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवा जीवा कामभोगी,

नोकामी नोभोगी अणंतगुणा,

भोगी अणंतगुणा।

- विया. स. ७, उ. ७, सु. १३-१९

**९४. जीव-चउवीसदंडएसु सिद्धेसु य पोग्गलि पोग्गलित्त परूवणं -**

प. जीवे णं भंते ! किं पोग्गली पोग्गले ?

उ. गोयमा ! जीवे पोग्गली वि, पोग्गले वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'जीवे पोग्गली वि, पोग्गले वि ?'

उ. गोयमा ! से जहानामए छत्तेणं छत्ती, दंडेणं दंडी, घडेणं घडी, पडेणं पडी, करेणं करी एवामेव

***દં.૧૭. આ પ્રમાણે દ્વીન્દ્રિય જીવ પણ ભોગી છે.***

**વિશેષ** - તે રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

***દં. ૧૮. તેઈન્દ્રિય જીવ પણ આ પ્રમાણે ભોગી છે.***

**વિશેષ** - તે ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

પ્ર. **દં.૧૯.** ભંતે ! ચૌરેન્દ્રિય જીવ કામી છે કે ભોગી છે ?

ઉ. ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'ચૌરેન્દ્રિ જીવ કામી પણ છે અને ભોગી પણ છે ?'

ઉ. ગૌતમ ! ચક્ષુન્દ્રિયની અપેક્ષાએ કામી છે,

ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય એ સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'ચૌરેન્દ્રિય જીવ કામી પણ છે અને ભોગી પણ છે.'

***દં.૨૦-૨૪. વૈમાનિકો સુધી બાકી બધાં જીવો માટે ઔધિક જીવોની જેમ (કામી અને ભોગી) કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! કામભોગી, નોકામી-નોભોગી અને ભોગી આ (ત્રણ પ્રકારનાં) જીવોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! કામભોગી જીવ સર્વથી અલ્પ છે,

નોકામી નોભોગી જીવ તેનાથી અનન્તગુણા છે,

એનાથી ભોગી જીવ અનન્તગુણા છે.

**૯૪. જીવ-ચોવીસ દંડક અને સિદ્ધોમાં પુદ્‌ગલી અને પુદ્‌ગલત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ?

ઉ. ગૌતમ ! પુદ્‌ગલી પણ છે અને પુદ્‌ગલ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'જીવ પુદ્‌ગલી પણ છે અને પુદ્‌ગલ પણ છે ?

ઉ. ગૌતમ ! જેવી રીતે કોઈ પુરુષ પાસે-છત્ર હોય તેને છત્રી, દંડ હોય તેને દંડી, ઘટ હોય તેને ઘટી, પટ હોય તેને પટી અને કર હોય તેને કરી કહેવાય છે તેવી જ રીતે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गोयमा ! जीवे वि सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाइं पडुच्च पोगल्ली, जीवं पडुच्च पोगल्ले।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

'जीवे पोग्गली वि, पोग्गले वि।'

प. दं. १. नेरइए णं भंते ! किं पोग्गली, पोग्गले ?

उ. गोयमा ! **एवं चेव।**

**दं. २-२४. एवं -जाव- वेमाणिए।**

**णवरं** - जस्स जइ इंदियाइं तस्स तइ वि भाणियव्वाइं।

प. सिद्धे णं भंते ! किं पोग्गली, पोग्गले ?

उ. गोयमा ! नो पोग्गली, पोग्गले।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"सिद्धे णं नो पोग्गली, पोग्गले ?"

उ. गोयमा ! जीवं पडुच्च।

ते तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"सिद्धे नो पोग्गली, पोग्गले।"

- विया. स. ८, उ. १०, सु. ५९-६१

हे गौतम ! જીવ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ પુદ્‌ગલી કહેવાય છે અને જીવની અપેક્ષાએ પુદ્‌ગલ કહેવાય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'જીવ પુદ્‌ગલી પણ છે અને પુદ્‌ગલ પણ છે.'

પ્ર. દં.૧ ભંતે ! નારકી જીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ વર્ણન કરવું જોઈએ.**

***દં. ૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

**વિશેષ** - જે જીવની જેટલી ઈન્દ્રિય હોય તેટલી ઈન્દ્રિય કહેવી જોઈએ.

પ્ર. ભંતે ! સિદ્ધજીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધજીવ પુદ્‌ગલી નથી પણ પુદ્‌ગલ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'સિદ્ધજીવ પુદ્‌ગલી નથી, પણ પુદ્‌ગલ છે ?'

ઉ. ગૌતમ ! જીવની અપેક્ષાએ સિદ્ધજીવ પુદ્‌ગલ છે (પરંતુ તેમની ઈન્દ્રિય ન હોવાથી તે પુદ્‌ગલી નથી)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'સિદ્ધજીવ પુદ્‌ગલી નથી પણ પુદ્‌ગલ છે.'

### ९५. चउवीसदंडग जीवाणं विविह विवक्खया वग्गणा परूवणं-

(२) एगा भवसिद्धियाणं वग्गणा।

एगा अभवसिद्धियाणं वग्गणा।

**दं. १.** एगा भवसिद्धियाणं नेरइयाणं वग्गणा।

एगा अभवसिद्धियाणं णेरइयाणं वग्गणा।

***दं. २-२४. एवं -जाव- एगा भवसिद्धियाणं अभवसिद्धियाणं वेमाणियाणं वग्गणा।***

(३) १. एगा सम्मदिट्ठीयाणं वग्गणा,

२. एगा मिच्छादिट्ठीयाणं वग्गणा,

३. एगा सम्ममिच्छादिट्ठीयाणं वग्गणा,

दं. **१. १.** एगा सम्मदिट्ठीयाणं णेरइयाणं वग्गणा,

२. एगा मिच्छादिट्ठीयाणं णेरइयाणं वग्गणा,

३. एगा सम्ममिच्छादिटठीयाणं णेरइयाणं वग्गणा।

### ૯૫. ચોવીસ દંડક જીવોની વિવિધ વિવક્ષાઓથી વર્ગણાનું પ્રરુપણ :

(૨) ભવસિદ્ધિક જીવોની વર્ગણા એક છે.

અભવસિદ્ધિક જીવોની વર્ગણા એક છે.

**દં.૧.** ભવસિદ્ધિક નારકીની વર્ગણા એક છે.

અભવસિદ્ધિક નારકીની વર્ગણા એક છે.

***દં. ૨-૨૪. આ પ્રમાણે -યાવત્- ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક વૈમાનિકોની વર્ગણા એક છે.***

(૩) (૧) સમ્યક્‌દૃષ્ટિ જીવોની વર્ગણા એક છે,

(૨) મિથ્યાદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે,

(૩) સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે,

**દં.૧.** (૧) સમ્યક્‌દૃષ્ટિ નારકીની વર્ગણા એક છે,

(૨) મિથ્યાદૃષ્ટિ નારકીની વર્ગણા એક છે,

(૩) સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ નારકીની વર્ગણા એક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***दं. २-११. एवं एगा असुरकुमाराणं वग्गणा -जाव- थणियकुमाराणं वग्गणा।***

**दं. १२.** एगा मिच्छादिट्ठीयाणं पुढविकाइयाणं वग्गणा,

***दं. १३-१६. एवं -जाव- वणस्सइकाइयाणं वग्गणा।***

दं. १७. एगा सम्मदिट्ठीयाणं बेइंदियाणं वग्गणा,

***एगा मिच्छादिट्ठीयाणं बेइंदियाणं वग्गणा,***

***दं. १८. एवं तेइंदियाण वि***

***दं. १९. एवं चउरिंदियाण वि,***

***दं. २०-२४. सेसा जहा नेरइया -जाव- एगा सम्ममिच्छादिट्ठीयाणं वेमाणियाणं वग्गणा।***

(४) एगा कण्हपक्खियाणं वग्गणा।

एगा सुक्कपक्खियाणं वग्गणा।

**दं. १.** एगा कण्हपक्खियाणं णेरइयाणं वग्गणा।

एगा सुक्कपक्खियाणं णेरइयाणं वग्गणा।

***दं. २-२४. एवं चउवीसदंडओ भाणियव्वो।***

(५) एगा कण्हलेस्साणं वग्गणा।

**एवं -जाव-** एगा सुक्कलेस्साणं वग्गणा।

एगा कण्हलेसाणं णेरइयाणं वग्गणा।

एगा णीललेसाणं णेरइयाणं वग्गणा।

एगा काउलेसाणं णेरइयाणं वग्गणा।

***एवं जस्स जइ लेसाओ,*** तं जहा-

भवणवइ-वाणमंतर-पुढवि-आउ-वणस्सइकाइयो य चत्तारि लेसाओ,

तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं तिण्णि लेसाओ,

पंचिंदिय-तिरिक्खजोणियाणं-मणुस्साणं छल्लेसाओ,

***દં.૨-૧૧. આ પ્રમાણે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી પ્રત્યેકની એક- એક વર્ગણા છે.***

દં.૧૨. પૃથ્વીકાયિક મિથ્યાદષ્ટિ જીવોની વર્ગણા એક છે.

***દં.૧૩-૧૬. આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી પ્રત્યેક જીવોની વર્ગણા એક-એક છે.***

દં.૧૭. સમ્યક્દષ્ટિ બેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે.

***મિથ્યાદષ્ટિ બેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે.***

***દં.૧૮. આ પ્રમાણે ત્રેઈન્દ્રિય જીવોની વર્ગણા એક છે.***

***દં.૧૯. આ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવોની પણ વર્ગણા એક છે.***

***દં.૨૦-૨૪. સમ્યક્મિથ્યાદષ્ટિની વૈમાનિકો સુધી વર્ગણા એક છે, બાકી જીવોની વર્ગણાનું વર્ણન નારકોની જેમ કરવું જોઈએ.***

(૪) કૃષ્ણ - પક્ષના જીવોની વર્ગણા એક છે.

શુકલ - પક્ષના જીવોની વર્ગણા એક છે.

**દં.૧.** કૃષ્ણ - પક્ષના નારકીની વર્ગણા એક છે,

શુકલ - પક્ષના નારકીની વર્ગણા એક છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે ચોવીસ દંડકોમાં વર્ગણા કહેવી જોઈએ.***

(૫) કૃષ્ણ લેશ્યાવાળા જીવોની વર્ગણા એક છે.

**આ પ્રમાણે -યાવત્-** શુકલ લેશ્યાવાળા જીવોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા નારકોની વર્ગણા એક છે.

નીલલેશ્યાવાળા નારકોની વર્ગણા એક છે.

કાપોતલેશ્યાવાળા નારકોની વર્ગણા એક છે.

***આ પ્રમાણે જેમાં જેટલી લેશ્યા હોય છે, તે પ્રત્યેકની એક એક વર્ગણા જાણવી જોઈએ, જેમકે-***

ભવનપતિ, વાણવ્યંતર, પૃથ્વી, જળ અને વનસ્પતિકાયિક જીવોમાં પહેલાની ચાર લેશ્યા હોય છે.

અગ્નિ, વાયુ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરિન્દ્રિય જીવોમાં પહેલાની ત્રણ લેશ્યા હોય છે.

પંચેન્દ્રિય, તિર્યંચયોનિક અને મનુષ્યોમાં છ લેશ્યા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जोइसियाणं एगा तेउलेसा।

वेमाणियाणं तिण्णि उवरिमलेसाओ।

(६) एगा कण्हलेसाणं भवसिद्धियाणं वग्गणा।

एगा कण्हलेसाणं अभवसिद्धियाणं वग्गणा।

*एवं-छसुवि लेसासु दो दो पयाणि भाणियव्वाणि।*

एगा कण्हलेसाणं भवसिद्धियांण णेरइयाणं वग्गणा।

एगा कण्हलेसाणं अभवसिद्धियाणं णेरइयाणं वग्गणा।

*एवं जस्स जइ लेसाओ तस्स तइयाओ भाणियव्वाओ -जाव- वेमाणियाणं।*

(७) एगा कण्हलेसाणं सम्मदिट्ठीयाणं वग्गणा।

एगा कण्हलेसाणं मिच्छद्दिट्ठियाणं वग्गणा।

एगा कण्हलेसाणं सम्ममिच्छदिट्ठियाणं वग्गणा।

*एवं छसुवि लेसासु -जाव- वेमाणियाणं जेसिं जइ दिट्ठीओ।*

(८) एगा कण्हलेसाणं कण्हपक्खियाणं वग्गणा।

एगा कण्हलेसाणं सुक्कपक्खियाणं वग्गणा।

*-जाव- वेमाणियाणं जस्स जइ लेसाओ।*

एए अट्ठ, चउवीसदंडया।[१]

- ठाणं, अ. १, सु. ४१ (१-८)

જ્યોતિષ્ક દેવોમાં એક તેજોલેશ્યા હોય છે.

વૈમાનિક દેવોમાં છેલ્લી ત્રણ લેશ્યા હોય છે.

(૬) કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક જીવોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા અભવસિદ્ધિક જીવોની વર્ગણા એક છે.

***આ પ્રમાણે છ લેશ્યાઓમાં બે-બે પદ (ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક)નું વર્ણન કરવું જોઈએ.***

કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક નારકોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા અભવસિદ્ધિક નારકોની વર્ગણા એક છે.

***આ પ્રમાણે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક વૈમાનિકો સુધી જેની જેટલી લેશ્યા છે, તેના અનુક્રમે સર્વ દંડકોમાં એક - એક વર્ગણા કહેવી જોઈએ.***

(૭) કૃષ્ણલેશ્યાવાળા સમ્યક્દૃષ્ટિ જીવોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા મિથ્યાદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા સમ્યક્મિથ્યાદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે.

***આ પ્રમાણે છ લેશ્યાવાળા વૈમાનિક સુધી જે જીવોમાં જેટલી દૃષ્ટિ છે, તેના અનુક્રમે તેમની એક- એક વર્ગણા કહેવી જોઈએ.***

(૮) કૃષ્ણલેશ્યાવાળા કૃષ્ણ-પક્ષના જીવોની વર્ગણા એક છે.

કૃષ્ણલેશ્યાવાળા શુકલ-પક્ષના જીવોની વર્ગણા એક છે.

***આ પ્રમાણે વૈમાનિકો સુધી જેમાં જેટલી લેશ્યા છે તેના અનુક્રમે કૃષ્ણપક્ષ અને શુકલપક્ષના જીવોની વર્ગણા એક-એક છે.***

આ આઠ પ્રકારે ચોવીસ દંડકોની વર્ગણાનું વર્ણન કરવામાં આવ્યું છે.

**९६. चउवीसदंडग जीवाणं अणंतर-परंपरोववन्नगाइ दस पगारा -**

**दं. १.** दसविहा णेरइया पण्णत्ता, तं जहा-

**૯૬. ચોવીસ દંડકોના જીવોના અનન્તર પરંપરોપપન્નકાદિ દસ પ્રકાર :**

**દં.૧.** નરક દસ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. પ્રથમ વર્ગણા જીવ પ્રજ્ઞાપના અધ્યયનના પ્રારંભમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अणंतरोववण्णगा,

२. परंपरोववण्णगा,

३. अणंतरावगाढा,

४. परंपरावगाढा,

५. अणंतराहारगा,

६. परंपराहारगा,

७. अणंतरपज्जत्ता,

८. परंपरपज्जत्ता,

९. चरिमा,

१०. अचरिमा।

*दं. २-२४. एवं णिरंतरं -जाव- वेमाणिया।*

- ठाणं, अ. १०, सु. ७५७

१. અનન્તરોપપન્નક-જેને ઉત્પન્ન થયાને એક સમય થઈ ગયો.

૨. પરંપરોપપન્નક-જેને ઉત્પન્ન થયાને બેથી વધારે સમય થયો હોય.

૩. અનંતરાવગાઢ-વિવક્ષિત ક્ષેત્રમાં અવસ્થિત થવાનો પ્રથમ સમય.

૪. પરમ્પરાવગાઢ-વિવક્ષિત ક્ષેત્રમાં અવસ્થિત થવાનો દ્વિતીયાદિ સમય.

૫. અનંતરાહારક-પ્રથમ સમયના આહારક.

૬. પરમ્પરાહારક-બે આદિ સમયના આહારક.

૭. અનન્તરપર્યાપ્તક-પ્રથમ સમયના પર્યાપ્તક,

૮. પરમ્પરપર્યાપ્તક-બેઆદિસમયના પર્યાપ્તક,

૯. ચરમ-નરકગતિમાં અન્તિમ સમયે ઉત્પન્ન થવાવાળા.

૧૦. અચરમ-જે ભવિષ્યમાં ફરી નરકગતિમાં ઉત્પન્ન થશે.

***દં. ૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી સર્વે દંડકોના દસ - દસ પ્રકાર કહેવા જોઈએ.***

**१७. चउवीसदंडएसु महासवाइचउपयाणं परूवणं -**

प. दं. (१) सिय भंते ! नेरइया महासवा, महाकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. (२) सिय भंते ! नेरइया महासवा, महाकिरिया, महावेयणा, अप्पनिज्जरा ?

उ. हंता, गोयमा ! सिया।

प. (३) सिय भंते ! नेरइया महासवा, महाकिरिया, अप्पवेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. (४) सिय भंते ! नेरइया महासवा, महाकिरिया, अप्पवेयणा अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. (५) सिय भंते ! नेरइया महासवा, अप्पकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

**૧૭. ચોવીસ દંડકોમાં મહાસ્રવાદિ ચાર પદોનું પ્રરુપણ :**

પ્ર. દં. (૧) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૨) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. હા, ગૌતમ છે.

પ્ર. (૩) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૪) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૫) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. (६) सिय भंते ! नेरइया महासवा, अप्पकिरिया, महावेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (७) सिय भंते ! नेरइया महासवा, अप्पकिरिया, अप्पवेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (८) सिय भंते ! नेरइया महासवा, अप्पकिरिया, अप्पवेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (९) सिय भंते ! नेरइया अप्पासवा, महाकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१०) सिय भंते ! नेरइया अप्पासवा, महाकिरिया, महावेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (११) सिय भंते ! नेरइया अप्पासवा, महाकिरिया, अप्पवेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१२) सिय भंते ! नेरइया अप्पासवा, महाकिरिया, अप्पवेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१३) सिय भंते ! नेरइया अप्पासवा, अप्पकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१४) सिय भंते ! नेरइया अप्पासवा, अप्पकिरिया, महावेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१५) सिय भंते ! नेरइया अप्पासवा, अप्पकिरिया, अप्पवेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. (१६) सिय भंते ! नेरइया अप्पासवा, अप्पकिरिया, अप्पवेयणा, अप्पनिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

*एए सोलस भंगा ।*

પ્ર. (૬) ભંતે ! શું નારકી જીવ મહાસ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૭) ભંતે ! શું નારકી મહાસ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૮) ભંતે ! શું નારકી મહાસ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૯) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૦) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૧) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૨) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૩) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૪) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૫) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. (૧૬) ભંતે ! શું નારકી અલ્પાસ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

***આ સોળ ભાંગા (વિકલ્પ) છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. **दं. २.** सिय भंते ! असुरकुमारा महासवा, महाकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

***एवं चउत्थो भंगो भाणियव्वो,***

***सेसा पन्नरस भंगा खोडेयव्वा ।***

***दं. ३-११. एवं -जाव- थणियकुमारा ।***

प. दं. १२. (१) सिय भंते ! पुढविकाइया महासवा, महाकिरिया, महावेयणा, महानिज्जरा ?

उ. हंता, गोयमा ! सिया ।

(२-१५) **एवं -जाव-**

प. (१६) सिया भंते ! पुढविकाइया अप्पासवा, अप्पकिरिया, अप्पवेयणा, अप्पनिज्जरा ?

उ. हंता, गोयमा ! सिया ।

***दं. १३-२१ एवं -जाव- मणुस्सा ।***

***दं. २२-२४. वाणमंतर जोइसिय वेमाणिया जहा असुरकुमारा ।***

- विया. स. १९, उ. ४, सु. १-२२

પ્ર. **દં.૨.** ભંતે ! શું અસુરકુમાર મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

***આ પ્રમાણે અહિંયા (પહેલાના સોળ ભાંગામાંથી) ખાલી ચાર ભાંગા કહેવા જોઈએ.***

***બાકીના પંદર ભાંગાનો નિષેધ કરવો જોઈએ.***

***દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી સમજવું જોઈએ.***

પ્ર. ૧૨. (૧) ભંતે ! શું પૃથ્વીકાયિક જીવ મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા છે ?

ઉ. હા, ગૌતમ ! ક્યારેક હોય છે.

(૨-૧૫) **આ પ્રમાણે -યાવત્-**

પ્ર. (૧૬) ભંતે ! શું પૃથ્વીકાયિક અલ્પાસ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરા (સુધી સોળ ભાંગા) વાળા છે ?

ઉ. હા, ગૌતમ ! તે કદાચિત્ સોળ ભાંગાવાળા છે.

***દં.૧૩-૨૧. આ પ્રમાણે મનુષ્યો સુધી જાણવું જોઈએ.***

***દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોના વિષયમાં અસુરકુમારોની જેમ જાણવું જોઈએ.***

## ९८. चउवीसदंडएसु समाहाराइ सत्तदाराणं परूवणं -

**गाहा -** १. आहार-सम-सरीरा-उस्सास,
२. कम्म ३. वण्ण ४. लेस्सासु ।
५. समवेदण ६. समकिरिया,
७. समाउया-चेव-बोधव्वा ॥

## ૯૮. ચોવીસ દંડકોમાં સમાહારાદિ સાત દ્વારોનું પ્રરુપણ :

**ગાથાર્થ-** ૧. સમાહાર-સમ-શરીર અને સમશ્વાસોચ્છ્વાસ,
૨. કર્મ, ૩. વર્ણ, ૪. લેશ્યા,
૫. સમવેદના, ૬. સમક્રિયા તથા
૭. સમાયુષ્ક આ સાત દ્વારોનું ચોવીસ દંડકવર્તી જીવો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે.

### (१) आहार-सरीर-उस्सास-दारं -

प. **दं. १.** णेरइया णं भंते ! सव्वे समाहारा सव्वे समसरीरा सव्वे समुस्सासणिस्सासा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'णेरइया णो सव्वे समाहारा णो सव्वे समसरीरा णो सव्वे समुस्सासणिस्सासा ?'

### (૧) આહાર - શરીર - ઉચ્છ્વાસ દ્વાર -

પ્ર. **દં.૧.** ભંતે ! શું સર્વે નારક સમાન આહારવાળા છે, સર્વે સમાન શરીરવાળા છે તથા સર્વે સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન આહારવાળા નથી. સર્વે સમાન શરીરવાળા નથી અને સર્વે સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા નથી ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा-

१. महासरीरा य २. अप्पसरीरा या ।

१. तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति, बहुतराए पोग्गले परिणामेंति, बहुतराए पोग्गले ऊससंति, बहुतराए पोग्गले णीससंति ।

अभिक्खणं अहारेंति, अभिक्खणं परिणामेंति अभिक्खणं ऊससंति, अभिक्खणं णीससंति ।

२. तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति, अप्पतराए पोग्गले परिणामेंति, अप्पतराए पोग्गले ऊससंति, अप्पतराए पोग्गले णीससंति ।

आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च ऊससंति, आहच्च णीससंति ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समाहारा, णो सव्वे सम सरीरा णो सव्वे समुस्सासणिस्सासा ।"[1]

**(२) कम्म दारं -**

प. णेरइया णं भंते ! सव्वे समकम्मा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समकम्मा ?"

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववण्णगा य, २. पच्छोववण्णगा य ।

१. तत्थ णं जे ते पुव्वोववण्णगा, ते णं अप्पकम्मतरागा ।

२. तत्थ णं जे ते पच्छोववण्णगा, ते णं महाकम्मतरागा ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"णेरइया णो सव्वे समकम्मा ।"[2]

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારના કહ્યા છે, જેમ કે-

૧. મહાશરીરવાળા, ૨. અલ્પશરીરવાળા.

૧. એમાંથી જે મહાશરીરવાળા નારક છે, તે ઘણાં બધા પુદ્‌ગલોનો આહાર કરે છે, ઘણાં બધા પુદ્‌ગલોને પરિણમાવે છે, ઘણાં બધા પુદ્‌ગલોનો ઉચ્છ્‌વાસ લે છે અને ઘણાં બધા પુદ્‌ગલોનો નિઃશ્વાસ છોડે છે.

તે વારંવાર આહાર કરે છે, વારંવાર પુદ્‌ગલોને પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્‌વાસ લે છે, વારંવાર નિઃશ્વાસ છોડે છે.

૨. એમાંથી જે અલ્પશરીરવાળા નારક છે, તે અલ્પપુદ્‌ગલોનો આહાર કરે છે, અલ્પ પુદ્‌ગલોને પરિણમાવે છે, અલ્પ પુદ્‌ગલોનો ઉચ્છ્‌વાસ લે છે અને અલ્પ પુદ્‌ગલોનો નિઃશ્વાસ છોડે છે.

તે ક્યારેક આહાર કરે છે, ક્યારેક પુદ્‌ગલોને પરિણમાવે છે, ક્યારેક ઉચ્છ્‌વાસ લે છે અને ક્યારેક નિઃશ્વાસ છોડે છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન આહારવાળા નથી, સર્વે સમાન શરીરવાળા નથી અને સર્વે સમાન શ્વાસોચ્છ્‌વાસવાળા નથી."

**(૨) કર્મ દ્વાર :**

પ્ર. ભંતે ! શું સર્વે નારક સમાન કર્મવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન કર્મવાળા નથી?"

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારના કહ્યા છે. જેમકે -

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. એમાંથી જે પૂર્વોપપન્નક છે, તે અલ્પ કર્મવાળા છે.

૨. એમાંથી જે પશ્ચાદુપપન્નક છે, તે મહાકર્મવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન કર્મવાળા નથી."

१. (क) विया. स. १, उ. २, सु. ५/१

(ख) प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं केरिसया पोग्गला उसासत्ताए परिणमंति ?

उ. गोयमा ! जे पोग्गला अणिट्ठा **-जाव-** अमणामा ते तेसिं उसासत्ताए परिणमंति **। एवं जाव** अहेसत्तमाए । **एवं आहारस्सवि सत्तसु वि ।** - जीवा. पडि. ३, सु. ८८ (१)

२. विया. स. १, उ. २, सु. ५/२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) वण्ण दारं -

प. णेरइया णं भंते ! सव्वे समवण्णा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"णेरइया णो सव्वे समवण्णा ?

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा -

१. पुव्वोववण्णगा य, २. पच्छोववण्णगा य।

१. तत्थ णं जे ते पुव्वोववण्णगा, ते विसुद्धवण्णतरागा।

२. तत्थ णं जे ते पच्छोववण्णगा, ते णं अविसुद्धवण्णतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"णेरइया णो सव्वे समवण्णा।"[१]

(४) लेस्सा दारं -

प. णेरइया णं भंते ! सव्वे समलेसा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'णेरइया णो सव्वे समलेसा ?'

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववण्णगा य, २. पच्छोववण्णगा य।

१. तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं विसुद्धलेसतरागा।

२. तत्थ णं जे ते पच्छोववण्णगा, ते णं अविसुद्धलेसतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"णेरइया णो सव्वे समलेसा।"[२]

(५) वेयणा दारं -

प. णेरइया णं भंते ! सव्वे समवेयणा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"णेरइया णो सव्वे समवेयणा ?"

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा -

१. सण्णिभूया य, २. असण्णिभूया य।

१. तत्थ णं जे ते सण्णिभूया ते णं महावेयणतरागा।

(૩) વર્ણ દ્વાર :

પ્ર. ભંતે ! શું સર્વે નારકી સમાન વર્ણવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારકી સમાન વર્ણવાળા નથી ?"

ઉ. ગૌતમ ! નારકી બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. એમાંથી જે પૂર્વોપપન્નક છે તે વધારે વિશુદ્ધ વર્ણવાળા છે.

૨. એમાંથી જે પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધ વર્ણવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન વર્ણવાળા નથી."

(૪) લેશ્યા દ્વાર :

પ્ર. ભંતે ! શું નારક સર્વે સમાન લેશ્યાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નારક સર્વે સમાન લેશ્યાવાળા નથી ?"

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. એમાંથી જે પૂર્વોપપન્નક છે, તે વધારે વિશુદ્ધતર લેશ્યાવાળા છે.

૨. એમાંથી જે પશ્ચાત્ ઉત્પન્નવાળા છે તે અવિશુદ્ધ લેશ્યાવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન લેશ્યાવાળા નથી."

(૫) વેદના દ્વાર :

પ્ર. ભંતે ! શું સર્વે નારક સમાન વેદનાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન વેદનાવાળા નથી?"

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સંજ્ઞીભૂત, ૨. અસંજ્ઞીભૂત.

૧. એમાંથી જે સંજ્ઞીભૂત છે, તે મહાવેદનાવાળા છે.

---

१. विया. स. १, उ. २, सु. ५/३ २. विया. स. १, उ. २, सु. ५/४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. तत्थ णं जे ते असण्णिभूया, ते णं अप्पवेयणतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"णेरइया नो सव्वे समवेयणा।"[1]

२. એમાંથી જે અસંજ્ઞીભૂત છે, તે અલ્પવેદનાવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન વેદનાવાળા નથી."

**(६) किरिया दारं -**

प. णेरइया णं भंते ! सव्वे समकिरिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समकिरिया ?"

उ. गोयमा ! णेरइया तिविहा पण्णत्ता, तं जहा-

१. सम्मदिट्ठी, २. मिच्छादिट्ठी,

३. सम्मामिच्छादिट्ठी।

१. तत्थ णं जे ते सम्मदिट्ठी तेसि णं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया

३. मायावत्तिया, ४. अपच्चक्खाणकिरिया।

२. तत्थ णं जे ते मिच्छादिट्ठी तेसि णं पंच किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया,

३. मायावत्तिया, ४. अपच्चक्खाणाकिरिया

५. मिच्छादंसणवत्तिया।

***३. सम्ममिच्छादिट्ठी वि एवं चेव।***

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समकिरिया।[2]"

**(૬) ક્રિયા દ્વાર :**

પ્ર. ભંતે ! શું સર્વે નારક સમાન ક્રિયાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન ક્રિયાવાળા નથી?"

ઉ. ગૌતમ ! નારક ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

૧. સમ્યગ્દષ્ટિ, ૨. મિથ્યાદષ્ટિ,

૩. સમ્યગ્મિથ્યાદષ્ટિ.

૧. એમાંથી જે સમ્યગ્દષ્ટિ છે, તે ચાર ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી,

૩. માયાપ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાનક્રિયા.

૨. એમાંથી જે મિથ્યાદષ્ટિ છે, તે નિયમથી પાંચ ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી,

૩. માયાપ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાનક્રિયા,

૫. મિથ્યાદર્શનપ્રત્યયા.

***૩. સમ્યગ્મિથ્યાદષ્ટિ પણ આ પ્રમાણે પાંચ ક્રિયાઓ કરે છે.***

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારક સમાન ક્રિયાવાળા નથી."

**(७) आउ दारं -**

प. णेरइया णं भंते ! सव्वे समाउया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे -

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समाउया ?"

उ. गोयमा ! णेरइया चउव्विहा पण्णत्ता, तं जहा-

१. अत्थेगइया समाउया समोववण्णगा,

२. अत्थेगइया समाउया विसमोववण्णगा,

**(૭) આયુષ્ય દ્વાર :**

પ્ર. ભંતે ! શું સર્વે નારકી સમાન આયુષ્યવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે નારકી સમાન આયુષ્યવાળા નથી?"

ઉ. ગૌતમ ! નારકી ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. કેટલાક નારકી સમાન આયુષ્યવાળા છે અને એક સાથે ઉત્પન્ન થવાવાળા છે.

૨. કેટલાક નારકી સમાન આયુષ્યવાળા છે પણ આગળ પાછળ ઉત્પન્ન થવાવાળા છે.

१. विया. स. १, उ. २, सु. ५/५ २. विया. स. १, उ. २, सु. ५/६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. अत्थेगइया विसमाउया समोववण्णगा,

४. अत्थेगइया विसमाउया विसमोववण्णगा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णेरइया णो सव्वे समाउया।"[1]

प. दं. २. असुरकुमारा णं भंते ! सव्वे समाराहा ? सव्वे समसरीरा ? सव्वे समुस्सासणिस्सासा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

*जहा णेरइया तहा भाणियव्वा।*

प. असुरकुमारा णं भंते ! सव्वे समकम्मा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"असुरकुमारा णो सव्वे समकम्मा ?"

उ. गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववण्णगा य, २. पच्छोववण्णगा य।

१. तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं महाकम्मतरागा।

२. तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं अप्पकम्मतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असुरकुमारा णो सव्वे समकम्मा।"

प. असुरकुमारा णं भंते ! सव्वे समवण्णा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"असुरकुमारा णो सव्वे समवण्णा ?"

उ. गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववण्णगा य, २. पच्छोववण्णगा य।

१. तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं अविसुद्धवण्णतरागा,

२. तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं विसुद्धवण्णतरागा,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असुरकुमारा णो सव्वे समवण्णा"

૩. કેટલાક નારકી વિષમ આયુષ્યવાળા છે પણ એક સાથે ઉત્પન્ન થાય છે.

૪. કેટલાક નારકી વિષમ આયુષ્યવાળા છે અને આગળ પાછળ ઉત્પન્ન થાય છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે નારકી સમાન આયુષ્યવાળા છે."

પ્ર. દં.૨ ભંતે ! સર્વે અસુરકુમાર શું સમાન આહારવાળા છે ? સર્વે સમાન શરીરવાળા છે ? સર્વે સમાન શ્વાસોચ્છ્વાસવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

***શેષ સર્વેનું વર્ણન નારકીની જેમ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું સર્વે અસુરકુમાર સમાન કર્મવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે અસુરકુમાર સમાન કર્મવાળા નથી ?"

ઉ. ગૌતમ ! અસુરકુમાર બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. એમાંથી જે પૂર્વોપપન્નક છે, તે મહાકર્મવાળા છે.

૨. એમાંથી જે પશ્ચાદુપપન્નક છે, તે અલ્પતરકર્મવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે અસુરકુમાર સમાન કર્મવાળા નથી.

પ્ર. ભંતે ! શું સર્વે અસુરકુમાર સમાન વર્ણવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે અસુરકુમાર સમાન વર્ણવાળા નથી?"

ઉ. ગૌતમ ! અસુરકુમાર બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. એમાંથી જે પૂર્વોપપન્નક છે તે અવિશુદ્ધતર વર્ણવાળા છે.

૨. એમાંથી જે પશ્ચાદુપપન્નક છે, તે વિશુદ્ધતર વર્ણવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે અસુરકુમાર સમાન વર્ણવાળા નથી."

१. विया. स. १, उ. २, सु. ५/७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ***एवं लेस्साए वि।*** | ***આ પ્રમાણે લેશ્યાના વિષયમાં પણ કહેવું જોઈએ.*** |
| ***वेयणाए जहा णेरइया।*** | ***વેદનાનું વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.*** |
| ***अवसेसं जहा णेरइयाणं।*** | ***બાકીના દ્વારો (ક્રિયા અને આયુષ્ય) નું વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.*** |
| ***दं.३-११. एवं -जाव- थणियकुमारा।***[1] | ***દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી (સમાહારાદિ સાત દ્વાર) સમજવું જોઈએ.*** |
| ***दं.१२. पुढविकाइया आहार कम्म-वण्ण लेस्साहिं जहा णेरइया।*** | ***દં.૧૨. પૃથ્વીકાયોના આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાનું વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.*** |
| प. पुढविकाइया णं भंते ! सव्वे समवेयणा ? | પ્ર. ભંતે ! શું સર્વે પૃથ્વીકાયિક સમાન વેદનાવાળા છે ? |
| उ. हंता, गोयमा ! सव्वे समवेयणा। | ઉ. હા ગૌતમ ! સર્વે સમાન વેદનાવાળા છે. |
| प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- "पुढविकाइया सव्वे समवेयणा ?" | પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે - "સર્વે પૃથ્વીકાયિક સમાન વેદનાવાળા છે." |
| उ. गोयमा ! पुढविकाइया सव्वे असण्णी, असण्णीभूयं अणिययं वेयणं वेदेंति। से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- "पुढविकाइया सव्वे समवेयणा। | ઉ. ગૌતમ ! સર્વે પૃથ્વીકાયિક અસંજ્ઞી છે, તે અસંજ્ઞીમય હોવાથી અનિયમિત વેદના ભોગવે છે. આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે - "સર્વે પૃથ્વીકાયિક સમાન વેદનાવાળા છે." |
| प. पुढविकाइया णं भंते ! सव्वे समकिरिया ? | પ્ર. ભંતે ! શું સર્વે પૃથ્વીકાયિક સમાન ક્રિયાવાળા છે ? |
| उ. हंता, गोयमा ! पुढविकाइया सव्वे समकिरिया। | ઉ. હા ગૌતમ ! સર્વે પૃથ્વીકાયિક સમાન ક્રિયાવાળા છે. |
| प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- "पुढविकाइया सव्वे समकिरिया ?" | પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે - "સર્વે પૃથ્વીકાયિક સમાન ક્રિયાવાળા છે ?" |
| उ. गोयमा ! पुढविकाइया सव्वे माइमिच्छादिट्ठी तेसिं णेयइयाओ पंच किरियाओ कज्जंति, तं जहा- | ઉ. ગૌતમ ! સર્વે પૃથ્વીકાયિક માયી-મિથ્યાદષ્ટિ હોય છે, તે નિશ્ચિત રૂપથી પાંચા ક્રિયાઓ કરે છે. જેમકે- |
| १. आरंभिया, २. परिग्गहिया, | ૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી, |
| ३. मायावत्तिया, ४. अपच्चक्खाणकिरिया, | ૩. માયાપ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાન ક્રિયા, |
| ५. मिच्छादंसणवत्तिया। | ૫. મિથ્યાદર્શન પ્રત્યયા. |
| से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- "पुढविकाइया सव्वे समकिरिया।" | માટે ગૌતમ ! એવું કહેવાય છે કે - "સર્વે પૃથ્વીકાયિક સમાન ક્રિયાવાળા છે." |
| ***(समाउया जहा नेरइया तहा भाणियव्वा।***[2]***)*** | ***(સર્વે સમાન આયુષ્યવાળા છે, આ વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.)*** |
| ***दं. १३-१९. जहा पुढविकाइया तहा -जाव- चउरिंदिया।***[3] | ***દં.૧૩-૧૯. પૃથ્વીકાયિકની જેમ અપ્કાયિકથી લઈને ચૌરેન્દ્રિય સુધી (આહારાદિ દ્વાર) કહેવા જોઈએ.*** |
| ***दं.२०. पंचिंदियतिरिक्खजोणिया जहा णेरइया।*** | ***દં.૨૦. પંચેન્દ્રિયતિર્યચયોનિક(આહારાદિદ્વારો)નું વર્ણન નારક જીવોની સમાન છે.*** |

१. (क) विया. स. १, उ. २, सु. ६ (ख) विया. स. १६, उ. ११, सु. १
(ग) विया. स. १६, उ. १२-१४ (घ) विया. स. १७, उ. १३-१७
२. (क) विया. स. १, उ. २, सु. ७ (ख) विया. स. १७, उ. १२, सु. १
३. विया. स. १, उ. २, सु. ८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णवरं** - नाणत्तं किरियासु।

प. पंचिंदिय तिरिक्खजोणिया णं भंते ! सव्वे समकिरिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"पंचेंदिय तिरिक्खजोणिया नो सव्वे समकिरिया ?"

उ. गोयमा ! पंचिंदिय तिरिक्खजोणिया तिविहा पण्णत्ता, तं जहा-

१. सम्मदिट्ठी, २. मिच्छादिट्ठी,

३. सम्मामिच्छादिट्ठी।

१. तत्थ णं जे ते सम्मदिट्ठी ते दुविहा पण्णत्ता, तं जहा-

१. असंजया य, २. संजयासंजया य।

१. तत्थ णं जे ते संजयासंजया तेसि णं तिण्णि किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया, ३. मायावत्तिया।

२. तत्थ णं जे ते असंजया तेसि णं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया,

३. मायावत्तिया, ४. अपच्चक्खाणकिरिया।

३. तत्थ णं जे ते मिच्छादिट्ठी जे य सम्मामिच्छादिट्ठी तेसिं णेयइयाओ पंच किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया -जाव- २. मिच्छादंसणवत्तिया।

***सेसं तं चेव।***[1]

प. **दं.२१.** मणूसाणं भंते ! सव्वे समाहारा ? सव्वे समसरीरा ? सव्वे समुस्सास णिस्सासा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"मणूसाणं णो सव्वे समाहारा, णो सव्वे समसरीरा, णो सव्वे समुस्सास णिस्सासा ?"

उ. गोयमा ! मणूसा दुविहा पण्णत्ता, तं जहा-

१. महासरीरा य, २. अप्पसरीरा य।

**વિશેષ** - ક્રિયાઓમાં અંતર છે.

પ્ર. ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું સર્વે સમાન ક્રિયાવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"પંચેન્દ્રિય તિર્યંચયોનિક સર્વે સમાન ક્રિયાવાળા નથી ?"

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સમ્યગ્દૃષ્ટિ, ૨. મિથ્યાદૃષ્ટિ,

૩. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.

૧. એમાંથી જે સમ્યગ્દૃષ્ટિ છે તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. અસંયત, ૨. સંયતાસંયત.

૧. એમાંથી જે સંયતાસંયત છે, તે ત્રણ ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી, ૩. માયાપ્રત્યયા.

૨. એમાંથી જે અસંયત છે તે ચાર ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી,

૩. માયાપ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાનક્રિયા.

૩. એમાંથી જે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તે નિશ્ચિતરુપથી પાંચ ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી -**યાવત્**- ૫. મિથ્યાદર્શનપ્રત્યયા.

***બાકી સર્વે કથન પૂર્વવત્ જાણવું જોઈએ.***

પ્ર. દં.૨૧. ભંતે ! શું સર્વે મનુષ્ય સમાન આહારવાળા છે ? સર્વે સમાન શરીરવાળા છે ? સર્વે સમાન શ્વાસોચ્છ્વાસવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"સર્વે મનુષ્ય સમાન આહારવાળા નથી ? સર્વે સમાન શરીરવાળા નથી ? સર્વે સમાન શ્વાસોચ્છ્વાસવાળા નથી ?"

ઉ. ગૌતમ ! મનુષ્ય બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. મહાશરીરવાળા, ૨. અલ્પશરીરવાળા.

१. विया. स. १, उ. २, सु. ९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. तत्थ णं ते जे महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति **-जाव-** बहुतराए पोग्गले णीससंति,

आहच्च आहारेंति **-जाव-** आहच्च णीससंति।

२. तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहरेंति **-जाव-** अप्पतराए पोग्गले णीससंति,

अभिक्खणं आहारेंति **-जाव-** अभिक्खणं णीससंति,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"मणूसा णो सव्वे समाहारा, णो सव्वे समसरीरा, णो सव्वे समुस्सासणिस्सासा।"

***सेसं जहा णेरइयाणं।***

**णवरं** - किरियाहिं मणूसा तिविहा पण्णत्ता, तं जहा-

१. सम्मद्दिट्ठी, २. मिच्छादिट्ठी,

३. सम्मामिच्छादिट्ठी।

१. तत्थ णं जे ते सम्मद्दिट्ठी ते तिविहा पण्णत्ता, तं जहा-

१. संजया, २. असंजया, ३. संजयासंजया।

१. तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता, तं जहा-

१. सरागसंजया य, २. वीयरागसंजया य।

१. तत्थ णं जे ते वीयरागसंजया, ते णं अकिरिया।

२. तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता, तं जहा -

१. पमत्तसंजया य, २. अपमत्तसंजया य,

१. तत्थ णं जे ते अपमत्तसंजया तेसिं एगा मायावत्तिया किरिया कज्जंति,

२. तत्थ णं जे ते पमत्तसंजया तेसिं दो किरियाओ कज्जंति, तं जहा -

१. आरंभिया, २. मायावत्तिया य।

૧. એમાંથી જે મહાશરીરવાળા છે, તે ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે **-યાવત્-** ઘણાં પુદ્ગલોનો નિઃશ્વાસ છોડે છે.

ક્યારેક આહાર કરે છે **-યાવત્-** ક્યારેક નિઃશ્વાસ છોડે છે.

૨. એમાંથી જે અલ્પશરીરવાળા છે તે અલ્પતર પુદ્ગલોનો આહાર કરે છે **-યાવત્-** અલ્પતર પુદ્ગલોનો નિઃશ્વાસ છોડે છે.

વારંવાર આહાર લે છે **-યાવત્-** વારંવાર નિઃશ્વાસ છોડે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે મનુષ્ય સમાન આહારવાળા નથી, સર્વે સમાન શરીરવાળા નથી અને સર્વે સમાન શ્વાસોચ્છ્વાસવાળા નથી."

**બાકી સર્વે વર્ણન (છ દ્વાર) નારકીની જેમ કહેવું જોઈએ.**

**વિશેષ :** ક્રિયાઓમાં મનુષ્ય ત્રણ પ્રકારના કહ્યા છે, જેમ કે-

૧. સમ્યગ્દૃષ્ટિ, ૨. મિથ્યાદૃષ્ટિ, ૩. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.

૧. એમાંથી જે સમ્યગ્દૃષ્ટિ છે, તે ત્રણ પ્રકારના કહ્યા છે, જેમ કે-

૧. સંયત, ૨. અસંયત, ૩. સંયતાસંયત.

૧. એમાંથી જે સંયત છે, તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સરાગસંયત, ૨. વીતરાગસંયત.

૧. એમાંથી જે વીતરાગસંયત છે, તે અક્રિય (ક્રિયારહિત) હોય છે.

૨. એમાંથી જે સરાગસંયત છે, તે બે પ્રકારના કહ્યા છે. જેમ કે-

૧. પ્રમત્તસંયત, ૨. અપ્રમત્તસંયત.

૧. એમાંથી જે અપ્રમત્તસંયત છે તે એક માત્ર માયાપ્રત્યયા ક્રિયા કરે છે.

૨. એમાંથી જે પ્રમતસંયત છે, તે બે ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. માયાપ્રત્યયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. तत्थ णं जे ते संजयासंजया तेसिं तिण्णि किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया, ३. मायावत्तिया।

३. तत्थ णं जे ते असंजया तेसिं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया, २. परिग्गहिया,

३. मायावत्तिया, ४. अपच्चक्खाणकिरिया।

तत्थ णं जे ते मिच्छादिट्ठी जे य सम्मामिच्छादिट्ठी तेसिं णेयइयाओ पंचकिरियाओ कज्जंति, तं जहा-

१. आरंभिया -**जाव**- ५. मिच्छादंसणवत्तिया।

***सेसं जहा णेरइयाणं।***[1]

***दं. २२. वाणमंतराणं जहा असुरकुमाराणं।***[2]

***दं. २३-२४. एवं जोइसिय वेमाणियाण वि।***

**णवरं** - ते वेयणाए दुविहा पण्णत्ता, तं जहा -

१. माइमिच्छादिट्ठी उववण्णगा य।

२. अमाइसम्मदिट्ठी उववण्णगा य।

१. तत्थ णं जे ते माइमिच्छादिट्ठी उववण्णग्गा ते णं अप्पवेयणतरागा।

२. तत्थ णं जे ते अमाइसम्मदिट्ठी उववण्णगा ते णं महावेयणतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'जोइसिय वेमाणिया णो सव्वे समवेयणा।'

***सेसं तहेव।***[3]

- पण्ण. प. १७, उ. १, सु. ११२३-११४४

२. એમાંથી જે સંયતાસંયત છે, તે ત્રણ ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી, ૩. માયાપ્રત્યયા.

૩. એમાંથી જે અસંયત છે તે ચાર ક્રિયાઓ કરે છે, જેમકે-

૧. આરંભિકી, ૨. પારિગ્રહિકી,

૩. માયાપ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાનક્રિયા.

એમાંથી જે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તે નિશ્ચિતરુપથી પાંચો ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. આરંભિકી -**યાવત્**- ૫. મિથ્યાદર્શનપ્રત્યયા.

***બાકીનું વર્ણન નારકીની જેમ કરવું જોઈએ.***

***દં.૨૨. વાણવ્યંતરોનું આહારાદિ સાત દ્વારોનું વર્ણન અસુરકુમારોની જેમ કરવું જોઈએ.***

***દં.૨૩-૨૪. આ પ્રમાણે જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ** - વેદનાની અપેક્ષાએ તે દેવ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક,

૨. અમાયી-સમ્યગ્દૃષ્ટિઉપપન્નક.

૧. એમાંથી જે માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક છે, તે અલ્પતર વેદનાવાળા છે.

૨. એમાંથી જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક છે, તે મહાવેદનાવાળા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"સર્વે જ્યોતિષ્ક અને વૈમાનિક સમાન વેદનાવાળા નથી.

***બાકી (આહાર, વર્ણ, કર્મ આદિ) વધુ પૂર્વવત્ કહેવું જોઈએ.***

## ९९. चउवीस दंडएसु आहार-परिणामाइ परूवणं -

प. **दं. १.** नेरइया णं भंते ! किमाहारा, किंपरिणामा, किंजोणीया, किंठिईया पण्णत्ता ?

उ. गोयमा ! नेरइया णं पोग्गलाहारा, पोग्गलपरिणामा, पोग्गलजोणीया, पोग्गलट्ठिईया, कम्मोवगा।

## ૯૯. ચોવીસ દંડકોમાં આહાર - પરિણામાદિનું પ્રરુપણ -

પ્ર. **દં.૧.** ભંતે ! નારક જીવ ક્યા દ્રવ્યોનો આહાર કરે છે ? કેવી રીતે પરિણમાવે છે ? તેની યોનિ (ઉત્પત્તિસ્થાન) કઈ છે ? એની સ્થિતિ શું કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! નારક જીવ પુદ્ગલોનો આહાર કરે છે. પુદ્ગલરુપમાં પરિણમાવે છે. એની યોનિ (શીતાદિ સ્પર્શમય) પુદ્ગલ રુપ છે. એની સ્થિતિ પુદ્ગલ રુપ છે તે (જ્ઞાનાવરણાદિ) કર્મરૂપી પુદ્ગલો સહિત છે.

१. विया. स. १, उ. २, सु. १० २. विया. स. १, उ. २, सु. ११

३. विया. स. १९, उ. १०, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्मनियाणा कम्मट्ठिईया, कम्मुणामेव विप्परियासमेंति।

પૌદ્ગલિક કર્મના નિમિત્તથી નારકીના જીવોની પ્રાપ્તિ થાય છે. એની સ્થિતિનું કારણ કર્મપુદ્ગલ છે. કર્મ પુદ્ગલોના કારણથી તે વિપરીતતા (બીજી પર્યાય)ને પ્રાપ્ત કરે છે.

*दं. २-२४. एवं -जाव- वेमाणिया।*

- विया. स. १४, उ. ६, सु. २-३

*દં. ૨-૨૪ આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.*

१००. ***चउवीस दंडएसु ठिइट्ठाणाइ दसदारेहिं कोहोवउत्ताइ भंग परूवणं-***

**१००. ચોવીસ દંડકોમાં સ્થિતિ સ્થાનાદિ દસ દ્વારોમાં ક્રોધોપયુક્તાદિ ભાંગોની પ્રરુપણા -**

**गाहा**-१. पुढविट्ठिइ, २. ओगाहण,
३. सरीर, ४. संघयणमेव, ५. संठाणे।
६. लेस्सा, ७. दिट्ठी, ८. णाणे,
९-१०. जोगुवओगे य दस ठाणा॥

**ગાથાર્થ** - ૧. સ્થિતિ, ૨. અવગાહના,
૩. શરીર, ૪. સંહનન, ૫. સંસ્થાન.
૬. લેશ્યા, ૭. દષ્ટિ, ૮. જ્ઞાન,
૯. યોગ, ૧૦. ઉપયોગ આ દસ સ્થાનો (દ્વારો) દ્વારા નરકાદિ પૃથ્વીવર્તી જીવોનું વર્ણન કરે છે.

**(१) ठिइट्ठाण दारं -**

प. **दं.१.** इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि नेरइयाणं केवइया ठिइठाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा ठिइठाणा पण्णत्ता, तं जहा- जहण्णिया ठिई,

समयाहिया जहण्णिया ठिई,

दुसमयाहिया जहण्णिया ठिई,

तिसमयाहिया जहिण्णिया ठिई **-जाव-** असंखेज्जसमयाहिया जहण्णिया ठिई, तप्पाउग्गुक्कोसिया ठिई।

**(૧) સ્થિતિ સ્થાન દ્વાર :**

પ્ર. **દં.૧.** ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક-એક નરકાવાસમાં રહેવાવાળા નારક જીવોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તેનાં અસંખ્યાત સ્થિતિ સ્થાન કહ્યા છે, જેમકે- જઘન્ય સ્થિતિ (દસ હજાર વર્ષની છે)

એક સમય અધિક જઘન્ય સ્થિતિ,

બે સમય અધિક જઘન્ય સ્થિતિ.

ત્રણ સમય અધિક જઘન્ય સ્થિતિ **-યાવત્-** અસંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિ તથા તેને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ (આ સર્વે મળીને અસંખ્યાત સ્થિતિ સ્થાન છે.)

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि जहन्नियाए ठिईए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता।

उ. गोयमा ! सव्वे वि ताव होज्जा कोहोवउत्ता।

१. अहवा कोहोवउत्ता य माणोवउत्ते य।

२. अहवा कोहोवउत्ता य माणोवउत्ता य।

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક-એક નરકાવાસમાં જઘન્ય સ્થિતિમાં રહેવાવાળા નારક જીવો શું ક્રોધોપયુક્ત છે, માનોપયુક્ત છે, માયોપયુક્ત છે કે લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! તે સર્વે ક્રોધોપયુક્ત હોય છે.

૧. અથવા ઘણાં ખરા નારક ક્રોધોપયુક્ત હોય છે અને એક નારક માનોપયુક્ત હોય છે.

૨. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત પણ હોય છે અને ઘણાં માનોપયુક્ત પણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ३. अहवा कोहोवउत्ता य मायोवउत्ते य। | ૩. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત હોય છે અને એક માયોપયુક્ત હોય છે. |
| ४. अहवा कोहोवउत्ता य मायोवउत्ता य। | ૪. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત અને ઘણાં માયોપયુક્ત હોય છે. |
| ५. अहवा कोहोवउत्ता य लोभोवउत्ते य। | ૫. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત હોય છે અને એક લોભોપયુક્ત હોય છે. |
| ६. अहवा कोहोवउत्ता य लोभोवउत्ता य। | ૬. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત અને ઘણાં લોભોપયુક્ત હોય છે. (આ દ્વિક સંયોગી ભાંગા છે) |
| १. अहवा कोहोवउत्ता य माणोवउत्ते य मायोवउत्ते य। | ૧. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત હોય છે એક માનોપયુક્ત અને એક માયોપયુક્ત હોય છે. |
| २. कोहोवउत्ता य माणोवउत्ते य मायोवउत्ता य। | ૨. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત હોય છે એક માનોપયુક્ત હોય છે અને ઘણાં ખરા માયોપયુક્ત હોય છે. |
| ३. कोहोवउत्ता य माणोवउत्ता य मायोवउत्ते य। | ૩. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત અને ઘણાં ખરા માનોપયુક્ત હોય છે અને એક માયોપયુક્ત હોય છે. |
| ४. कोहोवउत्ता य माणोवउत्ता य मायोवउत्ता य। | ૪. અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત, ઘણાં ખરા માનોપયુક્ત અને ઘણાં ખરા માયોપયુક્ત હોય છે. |
| ५-८. **एवं कोह-माण-लोभेण वि चउ।** | ૫-૮ **આ પ્રમાણે ક્રોધ, માન અને લોભના (ત્રિક સંયોગી) ચાર ભાંગા કહેવા જોઈએ.** |
| ९-१२. **एवं कोह-माया-लोभेण-वि चउ १ = (१२)** | ૯-૧૨ **આ પ્રમાણે ક્રોધ, માયા અને લોભના (ત્રિકસંયોગી) આ પ્રમાણે કુલ ૧૨ ભાંગા થયા છે.** |
| ***पच्छा माणेण मायाए लोभेण य कोहो भइयव्वो, ते कोहं अमुंचता।*** | **ત્યારબાદ માન, માયા અને લોભની સાથે ક્રોધને નહી છોડતા (એકવચન, બહુવચનની સાથે ચતુષ્કસંયોગી) આઠ ભાંગા હોય છે.** |
| ***एवं सत्तावीसं भंगा णेयव्वा।*** | **આ પ્રમાણે કુલ ૨૭ ભાંગા સમજવા જોઈએ.** |
| प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि समयाहियाए जहन्नट्ठिइए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ? | પ્ર. ભંતે ! રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક-એક નરકાવાસમાં એક સમય અધિક જઘન્ય સ્થિતિમાં પ્રવર્તમાન નારક શું ક્રોધોપયુક્ત હોય છે. માનોપયુક્ત હોય છે, માયોપયુક્ત હોય છે કે લોભોપયુક્ત હોય છે ? |
| उ. गोयमा ! कोहोवउत्ते य, माणोवउत्ते य, मायोवउत्ते य, लोभोवउत्ते य। | ઉ. ગૌતમ ! એમાંથી કોઈ ક્રોધોપયુક્ત, કોઈ માનોપયુક્ત, કોઈ માયોપયુક્ત અને કોઈ લોભોપયુક્ત હોય છે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कोहोवउत्ता य, माणोवउत्ता य, मायोवउत्ता य, लोभोवउत्ता य।

અથવા ઘણાં ખરા ક્રોધોપયુક્ત, ઘણાં ખરા માનોપયુક્ત, ઘણાં ખરા માયોપયુક્ત અને ઘણાં ખરા લોભોપયુક્ત હોય છે.

अहवा कोहोवउत्ते य माणोवउत्ते य,

અથવા કોઈ એક ક્રોધોપયુક્ત અને માનોપયુક્ત હોય છે.

अहवा कोहोवउत्ते य माणोवउत्ता य,

અથવા કોઈ એક ક્રોધોપયુક્ત હોય છે અને ઘણાં ખરા માનોપયુક્ત હોય છે.

एवं असीति भंगा नेयव्वा,

આ પ્રમાણે (અસંયોગી ૮ ભાંગા, દ્વિસંયોગી ૨૪ ભાંગા, ત્રિકસંયોગી ૩૨ ભાંગા, ચતુષ્ક સંયોગી ૧૬ ભાંગાના) કુલ ૮૦ ભાંગા સમજવા જોઈએ.

***एवं -जाव- संखिज्ज समयाहिया ठिई।***

***આ પ્રમાણે બે સમયથી અધિક જઘન્ય સ્થિતિમાં સંખ્યાત સમયથી અધિક જઘન્ય સ્થિતિ સુધી પણ ૮૦ ભાંગા સમજવા જોઈએ.***

***असंखेज्जसमयाहियाए ठिईए तप्पाउग्गुक्कोसियाए ठिईए सत्तावीसं भंगा भाणियव्वा।***

***અસંખ્યાત સમયથી અધિક જઘન્ય સ્થિતિવાળાથી લઈને એને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકી સુધી ૨૭ ભાંગા કહેવા જોઈએ.***

**(२) ओगाहणठाणा दारं-**

**(૨) અવગાહના સ્થાન દ્વાર :**

पं. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि नेरइयाणं केवइया ओगाहणठाणा पण्णत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીથી ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક-એક નરકાવાસમાં રહેવાવાળા નારકોના કેટલા અવગાહના સ્થાન કહ્યા છે ?

उ. गोयमा ! असंखेज्जा ओगाहणठाणा पण्णत्ता, तं जहा-

ઉ. ગૌતમ ! એમના અવગાહના સ્થાન અસંખ્યાત કહ્યા છે, જેમકે-

जहण्णिया ओगाहणा,

૧. જઘન્ય અવગાહના (આંગળાનો અસંખ્યાતમો ભાગ)

पएसाहिया जहन्निया ओगाहणा,

એક પ્રદેશાધિક જઘન્ય અવગાહના,

दुप्पएसाहिया जहन्निया ओगाहणा **-जाव-**

દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના **-યાવત્-**

असंखेज्जपएसाहिया जहन्निया ओगाहणा,

અસંખ્યાત પ્રદેશાધિક જઘન્ય અવગાહના,

तप्पाउग्गुक्कोसिया ओगाहणा।

તથા એને યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના. ***(આ પ્રમાણે અસંખ્યાત અવગાહના સ્થાન હોય છે.)***

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि जहन्नियाए ओगाहणाए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક-એક નરકાવાસમાં જઘન્ય અવગાહનાવાળા નારક શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે?

उ. गोयमा ! ***असीति भंगा भाणियव्वा -जाव- संखेज्जपएसाहिया जहन्निया ओगाहणा,***

ઉ. ગૌતમ ! ***જઘન્ય અવગાહનાથી સંખ્યાત પ્રદેશાધિક જઘન્ય અવગાહના સુધી નારકીમાં એંસી ભાંગા કહેવા જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असंखेज्जपएसाहियाए जहन्नियाए ओगाहणाए वट्टमाणाणं तप्पाउग्गुक्कोसियाए ओगाहणाए वट्टमाणाणं नेरइयाणं दोसु वि सत्तावीसं भंगा।

અસંખ્યાતપ્રદેશાધિક જઘન્ય અવગાહનામાં વિદ્યમાનથી લઈને યોગ્ય ઉત્કૃષ્ટ અવગાહનામાં વિદ્યમાન નારકી સુધી સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.

(३) सरीरदारं-

(૩) શરીર દ્વાર :

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि नेरइयाणं कइ सरीरगा पण्णत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી એક - એક નરકાવાસમાં રહેવાવાળા નારકોના કેટલા શરીર કહ્યા છે ?

उ. गोयमा ! तिण्णि सरीरगा पण्णत्ता, तं जहा-

१. वेउव्विए, २. तेयए, ३. कम्मए।

ઉ. ગૌતમ ! એનાં ત્રણ શરીર કહ્યા છે, જેમ કે -

૧. વૈક્રિય, ૨. તૈજસ્, ૩. કાર્મણ.

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि वेउव्वियसरीरे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता -**जाव**- लोभोवउत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી પ્રત્યેક નરકાવાસમાં રહેવાવાળા વૈક્રિયશરીરીનારક શું ક્રોધોપયુક્ત છે -**યાવત્**- લોભોપયુક્ત છે ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

ઉ. ગૌતમ ! ***એનાં (ક્રોધોપયુક્ત આદિ) સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***एएणं गमेणं तिण्णि सरीरा भाणियव्वा।***

***આ પ્રમાણે તૈજસ્ અને કાર્મણ સહિત ત્રણેય શરીરોના સંબંધમાં આ આલાપક કહેવા જોઈએ.***

(४) संघयण दारं -

(૪) સંહનન દ્વાર :

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि नेरइयाणं सरीरगा किं संघयणा पण्णत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી પ્રત્યેક નરકાવાસમાં રહેવાવાળા નારકોના શરીરોના ક્યા સંહનન કહ્યા છે ?

उ. गोयमा ! छण्हं संघयणाणं असंघयणी,

ઉ. ગૌતમ ! છ સંહનનોમાંથી કોઈપણ સંહનન ન હોવાથી તે સંહનન રહિત છે.

नेवऽट्ठी, नेव छिरा, नेव ण्हारूणि,

કેમકે એના શરીરમાં હાડકાં, નસ અને સ્નાયુ નથી હોતા.

जे पोग्गला अणिट्ठा अकंता अप्पिया असुभा अमणुण्णा अमणामा ते तेसिं सरीरसंघायत्ताए परिणमंति।

જે પુદ્ગલ અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ અને અમનોહર છે, તે પુદ્ગલ એના શરીર સંઘાતરુપમાં પરિણત હોય છે.

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि छण्हं संघयणाणं असंघयणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता -**जाव**- लोभोवउत्ता ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી પ્રત્યેક નરકાવાસમાં રહેવાવાળા અને છ સંહનનોમાંથી જેના એક પણ સંહનન નથી તે નારક શું ક્રોધોપયુક્ત છે -**યાવત્**- લોભોપયુક્ત છે ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

ઉ. ગૌતમ ! ***એના સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) संठाण दारं -

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए नेरइयाणं सरीरगा किंसंठिया पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. भवधारणिज्जा य, २. उत्तरवेउव्विया य।

१. तत्थ णं जे ते भवधारणिज्जा ते हुंडसंठिया पण्णत्ता।

२. तत्थ णं जे ते उत्तरवेउव्विया ते वि हुंडसंठिया पण्णत्ता।

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए **-जाव-** हुंडसंठाणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

(६) लेस्सा दारं -

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए नेरइयाणं कइ लेसाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एक्का काउलेसा पण्णत्ता।

प. इमीसे णं भंते ! रणप्पभाए पुढवीए **-जाव-** काउलेस्साए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

(७) दिट्ठि दारं-

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए नेरइया किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! तिण्णि वि।

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए सम्मद्दंसणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

***एवं मिच्छद्दंसणे वि।***

(૫) સંસ્થાન દ્વાર :

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીના નારકોના શરીર ક્યા સંસ્થાનવાળા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એના સંસ્થાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. ભવધારણીય, ૨. ઉત્તરવૈક્રિય.

૧. એમાંથી જે ભવધારણીય શરીરવાળા છે. તે હુંડકસંસ્થાનવાળા કહ્યા છે,

૨. એમાંથી જે ઉત્તરવૈક્રિય શરીરવાળા છે, તે પણ હુંડક સંસ્થાનવાળા કહ્યા છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં **-યાવત્-** હુંડક સંસ્થાનમાં પ્રવર્તમાન નારક શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ***એના પણ ક્રોધોપયુક્ત આદિ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

(૬) લેશ્યા દ્વાર :

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં રહેવાવાળા નારકીમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એમાં એક કાપોતલેશ્યા કહી છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં **-યાવત્-** કાપોતલેશ્યામાં પ્રવર્તમાન નારક શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ***એના પણ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

(૭) દૃષ્ટિ દ્વાર :

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં રહેવાવાળા નારક જીવ શું સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણ દૃષ્ટિવાળા છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં રહેવાવાળા સમ્યગ્દૃષ્ટિનારકજીવ શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ***એના ક્રોધોપયુક્ત આદિ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના પણ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***सम्मामिच्छद्दंसणे असीति भंगा।***

**(८) नाण दारं-**

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए नेरइया किं णाणी अण्णाणी ?

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि।

तिण्णि नाणा वि नियमा

तिण्णि अण्णाणाइं भयणाए।

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए **-जाव-** आभिणिबोहियणाणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

***एवं तिण्णि णाणाइं तिण्णि य अण्णाणाइं भाणियव्वाइं।***

**(९) जोगदारं-**

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए नेरइया किं मणजोगी, वइजोगी, कायजोगी ?

उ. गोयमा ! तिण्णि वि।

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए **-जाव-** मणजोए वट्टमाणा किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

***एवं वइजोए, एवं कायजोए।***

**(१०) उवओगदारं-**

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

उ. गोयमा ! सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि।

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए **-जाव-** सागारोवओगे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

***સમ્યગ્મિથ્યાદૃષ્ટિના એંસી ભાંગા હોય છે.***

**(૮) જ્ઞાન દ્વાર :**

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીમાં રહેવાવાળા નારકીજીવ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે એમાં નિયમતઃ ત્રણ જ્ઞાન હોય છે,

જે અજ્ઞાની છે, એમાં ત્રણ અજ્ઞાન વિકલ્પથી થાય છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીમાં **-યાવત્-** અભિનિબોધિકજ્ઞાનમાં પ્રવર્તમાન નારક શું ક્રોધોપયુંક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ***ક્રોધોપયુક્ત આદિ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***આ પ્રમાણે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના સત્યાવીસ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

**(૯) યોગ દ્વાર :**

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેવાવાળા નારક જીવ મનયોગી છે, વચનયોગી છે કે કાયયોગી છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણેય યોગવાળા છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીમાં **-યાવત્-** મનયોગથી પ્રવર્તમાન નારક જીવ શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ***ક્રોધોપયુક્ત આદિ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***આ પ્રમાણે વચનયોગી અને કાયયોગીના પણ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

**(૧૦) ઉપયોગ દ્વાર :**

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીના નારક જીવ શું સાકારોપયોગથી યુક્ત છે કે અનાકારોપયોગથી યુક્ત છે ?

ઉ. ગૌતમ ! તે સાકારોપયોગથી પણ યુક્ત છે અને અનાકારોપયોગથી પણ યુક્ત છે.

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીમાં **-યાવત્-** સાકારોપયોગમાં પ્રવર્તમાન નારક શું ક્રોધોપયુક્ત છે **-યાવત્-** લોભોપયુક્ત છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! ***सत्तावीसं भंगा भाणियव्वा।***

***एवं अणागारोवउत्ते वि सत्तावीसं भंगा।***

***एवं सत्त पुढवीओ णेयव्वाओ।***

**णवरं** - णाणत्तं लेसासु-गाहा-

काऊ य दोसु, तइयाए मीसिया, नीलिया चउत्थीए।
पंचमीयाए मीसा कण्हा तत्तो परम कण्हा ॥ १ ॥

प. **दं.२-११.** चउसट्ठीए णं भंते ! असुरकुमारावाससयसहस्सेसु एगमेगंसि असुरकुमारावासंसि असुरकुमाराणं केवइया ठिइठाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा ठिइठाणा पण्णत्ता, तं जहा-

***जहन्निया ठिई जहा नेरइया तहा,***

**णवरं** - पडिलोमा भंगा भाणियव्वा, तं जहा-

१. सव्वे वि ताव होज्जा लोभोवउत्ता,

२. अहवा लोभोवउत्ता य मायोवउत्ते य,

३. अहवा लोभोवउत्ता य मायोवउत्ता य,

***एएणं गमेणं नेयव्वं -जाव- थणियकुमारा,***

**णवरं**-णाणत्तं भाणियव्वं।

प. **दं.१३-१६.** असंखेज्जेसु णं भंते ! पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि पुढविकाइयाणं केवइया ठिइठाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा ठिइठाणा पण्णत्ता, तं जहा -

ઉ. ગૌતમ ! ***ક્રોધોપયુક્ત આદિ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***આ પ્રમાણે અનાકારોપયોગ સહિત પણ સત્યાવીસ ભાંગા કહેવા જોઈએ.***

***આ પ્રમાણે સાતો નારકી પૃથ્વીના માટે જાણવું જોઈએ.***

**વિશેષ** - લેશ્યાઓમાં અંતર છે - ગાથાર્થ-

પહેલી અને બીજી નરક પૃથ્વીમાં કાપોતલેશ્યા છે. ત્રીજી નરક પૃથ્વીમાં મિશ્ર (કાપોત અને નીલ) છેં, ચોથીમાં નીલ લેશ્યા છે. પાંચમીમાં મિશ્ર (નીલ અને કૃષ્ણ) છે છઠ્ઠીમાં કૃષ્ણલેશ્યા છે અને સાતમીમાં પરમ કૃષ્ણ લેશ્યા હોય છે.

પ્ર. **દં.૨-૧૧.** ભંતે! ચોંસઠલાખ અસુરકુમારાવાસોમાંથી પ્રત્યેક અસુરકુમારાવાસમાં રહેવાવાળા અસુરકુમારોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એના અસંખ્યાત સ્થિતિ સ્થાન કહ્યા છે, જેમકે -

***જઘન્ય સ્થિતિ સ્થાન (એક સમય અધિક જઘન્ય સ્થિતિ સ્થાન આદિ) સર્વે વર્ણન નારકની જેમ જાણવું જોઈએ.***

વિશેષ - એનાં સત્યાવીસ ભાંગા ઉલટા ક્રમથી જાણવા જોઈએ, જેમકે-

૧. સર્વે અસુરકુમાર લોભોપયુક્ત હોય છે.

૨. અથવા ઘણાંખરા લોભોપયુક્ત હોય છે અને એક માયોપયુક્ત હોય છે,

૩. અથવા ઘણાંખરા લોભોપયુક્ત હોય છે અને ઘણાં માયોપયુક્ત હોય છે.

***આ આલાપકની જેમ સ્તનિતકુમારો સુધી (ક્રોધોપયુક્તઆદિ ભાંગા) જાણવું જોઈએ.***

**વિશેષ** : (લેશ્યા આદિમાં) જે - જે ભિન્નતા છે તે જાણવી જોઈએ.

પ્ર. **દં.૧૩-૧૬.** ભંતે! પૃથ્વીકાયિકજીવોના અસંખ્યાત લાખ આવાસોમાંથી એક-એક આવાસમાં રહેવાવાળા પૃથ્વીકાયિકોના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એના અસંખ્યાત સ્થિતિ સ્થાન કહ્યા છે, જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहन्निया ठिई **-जाव-** तप्पाउग्गुक्कोसिया ठिई।

જઘન્ય સ્થિતિથી લઈને એને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી અસંખ્યાત સ્થિતિ સ્થાન હોય છે.

प. असंखेज्जेसु णं भंते! पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि जहन्नठिईए वट्टमाणा पुढविकाइया किं कोहोवउत्ता **-जाव-** लोभोवउत्ता ?

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત લાખ આવાસોમાંથી એક - એક આવાસમાં રહેવાવાળા અને જઘન્ય સ્થિતિવાળા પૃથ્વીકાયિક શું ક્રોધોપયુક્ત છે. **-યાવત્-** લોભોપયુક્ત છે ?

उ. गोयमा ! कोहोवउत्ता वि, माणोवउत्ता वि, मायोवउत्ता वि, लोभोवउत्ता वि।

ઉ. ગૌતમ ! ક્રોધોપયુક્ત પણ છે, માનોપયુક્ત પણ છે, માયોપયુક્ત પણ છે અને લોભોપયુક્ત પણ છે.

***एवं पुढविक्काइयाणं सव्वेसु ठाणेसु अभंगयं,***

***આ પ્રમાણે પૃથ્વીકાયિકોના સર્વે સ્થાન ભાંગા વિકલ્પો વિનાના છે.***

**णवरं**-तेउलेस्साए असीति भंगा।

**વિશેષ** :તેજોલેશ્યાનાં એંસી ભાંગા કહેવા જોઈએ.

***एवं आउक्काइया वि।***

***આ પ્રમાણે અપ્કાયના સંબંધમાં પણ જાણવું જોઈએ.***

***तेउक्काय-वाउक्काइयाणं सव्वेसु वि ठाणेसु अभंगयं।***

***તેજસ્કાય અને વાયુકાયના સર્વે સ્થાનો ભાંગા વિનાના છે.***

***वणस्सइकाइया जहा पुढविकाइया।***

***વનસ્પતિકાય માટે પૃથ્વીકાયિકની જેમ સમજવું જોઈએ.***

***दं. १७-१९. बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं-जेहिं ठाणेहिं नेरइयाणं असीइ भंगा तेहिं ठाणेहिं असीइ चेव।***

***દં. ૧૭-૧૯. જે સ્થાનોમાં નારકી જીવોના એંસી ભાંગા કહ્યા છે તે સ્થાનોમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચૌરિન્દ્રિય જીવોના પણ એંસી ભાંગા કહેવા જોઈએ.***

**णवरं** - अब्भहिया सम्मत्ते, आभिणिबोहियनाणे सुयनाणे य एएहिं असीइ भंगा,

**વિશેષ** :(આટલી વાત નારકીના જીવોથી વધારે છે કે) સમ્યગ્દર્શન, આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન એમાં એંસી ભાંગા હોય છે.

***जेहिं ठाणेहिं नेरइयाणं सत्तावीसं भंगा तेसु ठाणेसु सव्वेसु भंगयं।***

***જે સ્થાનોમાં નારક જીવોના સત્યાવીસ ભાંગા કહ્યા છે તે સર્વે સ્થાનો ભાંગાવિનાના છે.***

***दं. २०. पंचिंदिय-तिरिक्खजोणिया जहा नेरइया तहा भाणियव्वा।***

***દં.૨૦. જેમ નારકના વિષયમાં કહ્યું છે, તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના ભાંગાંના વિષયમાં પણ કહેવું જોઈએ.***

**णवरं**-जेहिं सत्तावीसं भंगा तेहिं अभंगयं कायव्वं।

**વિશેષ** :જે જે સ્થાનોમાં નારક જીવોના સત્યાવીસ ભાંગા કહ્યા છે, તે તે સ્થાનો અહિંયા ભાંગા વિનાના કહેવા જોઈએ.

***जत्थ असीइ तत्थ असीतिं चेव।***

***જે સ્થાનોમાં નારકના એંસી ભાંગા કહ્યા છે તે પ્રમાણે એના પણ એંસી ભાંગા કહેવા જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. २१. जेहिं ठाणेहिं नेरइयाणं असीइ भंगा, तेहिं ठाणेहिं मणुस्साण वि असीए भंगा भाणियव्वा।*

*जेसु ठाणेसु सत्तावीसा भंगा तेसु ठाणेसु सव्वेसु अभंगयं,*

**णवरं** - मणुस्साणं अब्भहियं-जहन्नियाए ठिईए आहारए य असीति भंगा।

*दं. २२-२४. वाणमंतर-जोइस-वेमाणिया जहा भवणवासी-*

णवरं-णाणत्तं जाणियव्वं जं जस्स **-जाव-** अणुत्तरा।

- विया. स. १, उ. ५, सु. ६-३६

**દં.૨૧. નારક જીવોમાં જે જે સ્થાનોમાં એંસી ભાંગા કહ્યા છે, તે તે સ્થાનોમાં મનુષ્યોના પણ એંસી ભાંગા કહેવા જોઈએ.**

**નારક જીવોના જે જે સ્થાનોમાં સત્યાવીસ ભાંગા કહ્યા છે, ત્યાંના મનુષ્યો ભાંગા વિનાના કહેવા જોઈએ.**

**વિશેષ :** મનુષ્યોમાં તે વિશેષતા છે કે જઘન્ય સ્થિતિ અને આહારક શરીરના એંસી ભાંગા હોય છે.

**દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું વર્ણન ભવનવાસી દેવોની જેમ સમજવું જોઈએ.**

**વિશેષ :** અનુત્તરવિમાનોમાં જેની જે વિભિન્નતા હોય તે જાણી લેવી જોઈએ.

१०१. ***चउवीसदंडएसु अज्झवसाणाणं संखा पसत्थापसत्थत्त य परूवणं-***

प. **दं. १.** णेरइयाणं भंते ! केवइया अज्झवसाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता।

प. ते णं भंते ! किं पसत्था अप्पसत्था ?

उ. गोयमा ! पसत्था वि अप्पसत्था वि।

*दं. २-२४. एवं -जाव- वेमाणियाणं।*

- पण्ण. प. ३४, सु. २०४७-२०४८

૧૦૧. ***ચોવીસ દંડકોમાં અધ્યવસાયોની સંખ્યા અને અપ્રશસ્ત-પ્રશસ્તત્વની પ્રરુપણા :***

પ્ર. **દં.૧.** ભંતે ! નારકમાં કેટલા અધ્યવસાય (આત્મ પરિણામ) કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એના અસંખ્યાત અધ્યવસાય કહ્યા છે.

પ્ર. ભંતે ! તે અધ્યવસાય પ્રશસ્ત હોય છે કે અપ્રશસ્ત હોય છે ?

ઉ. ગૌતમ ! તે પ્રશસ્ત પણ હોય છે અને અપ્રશસ્ત પણ હોય છે.

**દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.**

१०२. ***चउवीसदंडएसु सम्मत्ताभिगमाइ परूवणं-***

प. **दं. १.** णेरइया णं भंते ! किं सम्मत्ताभिगमी मिच्छत्ताभिगमी सम्मामिच्छत्ताभिगमी ?

उ. गोयमा ! सम्मत्ताभिगमी वि, मिच्छत्ताभिगमी, वि, सम्मामिच्छत्ताभिगमी वि।

*दं. २-२४. एवं -जाव- वेमाणिया।*

**णवरं**-एगिंदिय-विगलिंदिया णो सम्मत्ताभिगमी, मिच्छत्ताभिगमी, णो सम्मामिच्छत्ताभिगमी।

- पण्ण. प. ३४, सु. २०४९-२०५०

૧૦૨. ***ચોવીસદંડકોમાં સમ્યક્ત્વાભિગમાદિનું પ્રરુપણ :***

પ્ર. દં.૧. ભંતે ! નારક સમ્યક્ત્વાભિગમી હોય છે મિથ્યાત્વાભિગમી હોય છે કે સમ્યગ્મિથ્યાત્વાભિગમી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સમ્યક્ત્વાભિગમી, મિથ્યાત્વાભિગમી અને સમ્યગ્મિથ્યાત્વાભિગમી હોય છે.

**દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.**

**વિશેષ** - એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય ખાલી મિથ્યાત્વાભિગમી હોય છે, તે સમ્યક્ત્વાભિગમી અને સમ્યગ્મિથ્યાત્વાભિગમી નથી હોતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१०३. चउवीसदंडएसु सारंभ सपरिग्गहत्त परूवणं -**

प. **दं. १.** नेरइयाणं भंते ! किं सारंभा सपरिग्गहा ? उदाहु अणारंभा अपरिग्गहा ?

उ. गोयमा ! नेरइया सारंभा सपरिग्गहा, नो अणारंभा नो अपरिग्गहा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"नेरइया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा ?"

उ. गोयमा ! नेरइया णं पुढविकायं समारंभंति **-जाव-** तसकायं समारंभंति, सरीरा परिग्गहिया भवंति,

कम्मा परिग्गहिया भवंति,

सचित्त-अचित्त मीसयाइं दव्वाइं परिग्गहियाइं भवंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"नेरइया सारंभा सपरिग्गहा, उदाहु नो अणारंभा नो अपरिग्गहा।"

प. **दं. २.** असुरकुमारा णं भंते ! किं सारंभा सपरिग्गहा ? उदाहु अणारंभा अपरिग्गहा ?

उ. गोयमा ! असुरकुमारा सारंभा सपरिग्गहा, नो अणारंभा, नो अपरिग्गहा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'असुरकुमारा सारंभा सपरिग्गहा ? नो अणारंभा नो अपरिग्गहा ?'

उ. गोयमा ! असुरकुमाराणं पुढविकाइयं समारंभंति **-जाव-** तसकायं समारंभंति,

सरीरा परिग्गहिया भवंति,

कम्मा परिग्गहिया भवंति,

भवणा परिग्गहिया भवंति।

देवा, देवीओ, मणुस्सा, मणुस्सीओ, तिरिक्खजोणिया, तिरिक्खजोणिणीओ परिग्गहियाओ भवंति,

**૧૦૩. ચોવીસ દંડકોમાં સારમ્ભ સપરિગ્રહત્વનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! શું નારક આરંભ અને પરિગ્રહથી સહિત હોય છે અથવા આરંભ અને પરિગ્રહથી રહિત હોય છે ?

ઉ. ગૌતમ ! નારક આરંભ અને પરિગ્રહથી સહિત હોય છે પરંતુ આરંભ અને પરિગ્રહથી રહિત નથી હોતા.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નારક આરંભ અને પરિગ્રહથી સહિત હોય છે પરંતુ, આરંભ અને પરિગ્રહથી રહિત નથી હોતા ?"

ઉ. ગૌતમ ! નારક પૃથ્વીકાયનું સમારંભ કરે છે **-યાવત્-** ત્રસકાયનું સમારંભ કરે છે. તેઓએ શરીરને ગ્રહણ કરેલું છે.

કર્મોને ગ્રહણ કરેલ છે.

સચિત્ત અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ગ્રહણ કરેલ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નારક આરંભ અને પરિગ્રહથી સહિત હોય છે પણ આરંભ અને પરિગ્રહથી રહિત નથી હોતા."

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમાર શું આરંભ અને પરિગ્રહથી સહિત હોય છે અથવા આરંભ અને પરિગ્રહથી રહિત હોય છે ?

ઉ. ગૌતમ ! અસુરકુમાર પણ સારંભ અને સપરિગ્રહી હોય છે. પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી હોતા.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'અસુરકુમાર આરંભ અને અપરિગ્રહી હોય છે, પણ અનારંભી અને અપરિગ્રહી નથી હોતા ?

ઉ. ગૌતમ ! અસુરકુમાર પૃથ્વીકાયનો સમારંભ કરે છે **-યાવત્-** ત્રસકાયનો સમારંભ કરે છે.

શરીરને ગ્રહણ કરેલ છે.

કર્મોને ગ્રહણ કરેલ છે.

ભવનોને ગ્રહણ કરેલ છે.

દેવ, દેવી, મનુષ્ય, મનુષ્યાણી, તિર્યંચ, તિર્યંચાણીને ગ્રહણ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आसण-सयण-भंडमत्तोवगरणा परिग्गहिया भवंति,

सचित्त-अचित्त मीसियाइं दव्वाइं परिग्गहियाइं भवन्ति,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"असुरकुमारा सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा।"

**दं. ३-११. एवं -जाव- थणियकुमारा।**

**दं. १२-१६. एगिंदिया जहा नेरइया।**

प. दं. १७. बेइंदिया णं भंते ! किं सारंभा सपरिग्गहा ? उदाहु अणारंभा अपरिग्गहा ?

उ. गोयमा ! बेइंदिया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"बेइंदिया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा ?"

उ. गोयमा ! बेइंदिया णं पुढविकाइयं समारंभंति -जाव- तसकायं समारंभंति,

सरीरा परिग्गहिया भवंति,

बाहिरया भंडमत्तोवगरणा परिग्गहिया भवंति।

सचित्त-अचित्त-मीसयाइं दव्वाइं परिग्गहियाइं भवंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"बेइंदिया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा।"

**दं. १८-१९. एवं -जाव- चउरिंदिया।**

प. दं. २०. पंचिंदियतिरिक्खजोणिया णं भंते ! किं सारंभा सपरिग्गहा, उदाहु अणारंभा अपरिग्गहा ?

उ. गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया सारंभा सपरिग्गहा नो अणारंभा अपरिग्गहा।

તે આસન, શય્યા, માટીના વાસણ, ધાતુના વાસણ અને વિવિધ ઉપકરણોને ગ્રહણ કરેલા છે.

સચિત્ત અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ગ્રહણ કરેલા છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે અસુરકુમાર આરંભયુક્ત અને પરિગ્રહસહિત છે. પણ અનારંભી અને અપરિગ્રહી નથી."

**દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.**

**દં.૧૨-૧૬. એકેન્દ્રિયથી (આરંભ પરિગ્રહનું વર્ણન) નારકીની જેમ કહેવું જોઈએ.**

પ્ર. દં.૧૭. ભંતે ! દ્વીન્દ્રિય જીવ શું સારંભ-સપરિગ્રહી હોય છે, અથવા અનારંભી-અપરિગ્રહી હોય છે ?

ઉ. ગૌતમ ! દ્વીન્દ્રિય જીવ સારંભ સપરિગ્રહી હોય છે, પણ અનારંભી-અપરિગ્રહી નથી હોતા.

પ્ર. ભંતે ! શાં માટે એવું કહેવાય છે કે -

"દ્વીન્દ્રિય જીવ સારંભ સપરિગ્રહી હોય છે, પણ અનારંભી અપરિગ્રહી નથી હોતા ?"

ઉ. ગૌતમ ! દ્વીન્દ્રિય જીવ પૃથ્વીકાયથી ત્રસકાય સુધીનો સમારંભ કરે છે.

શરીરને ગ્રહણ કરેલ છે.

તે બાહ્ય માટી અને ધાતુનાં તથા વિવિધ ઉપકરણ ગ્રહણ કરેલા છે.

સચિત્ત અચિત્ત તથા મિશ્ર દ્રવ્યોને ગ્રહણ કરેલા છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'દ્વીન્દ્રિય'જીવ સારંભ સપરિગ્રહી હોય છે પણ અનારંભી - અપરિગ્રહી નથી હોતા.'

**દં.૧૮-૧૯ આ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવો સુધી કહેવું જોઈએ.**

પ્ર. દં.૨૦. ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ શું આરંભ પરિગ્રહયુક્ત અથવા આરંભ પરિગ્રહરહિત છે ?

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, આરંભ પરિગ્રહ યુક્ત છે પણ આરંભ પરિગ્રહરહિત નથી. (કારણકે તેઓએ શરીર અને કર્મોને ગ્રહણ કરેલા છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"पंचिंदियतिरिक्खजोणिया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा ?

उ. गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया णं पुढविकाइयं समारंभति **-जाव-** तसकायं समारंभंति,

सरीरा परिग्गहिया भवंति।

कम्मा परिग्गहिया भवंति,

टंका कूडा सेला सिहरी, पब्भारा परिग्गहिया भवंति,

जल-थल-बिल-गुह- लेणा परिग्गहिया भवंति,

उज्झर-निज्झर-चिल्लल-पल्लल-वप्पिणा परिग्गहिया भवंति,

अगड-तडाग-दह-नदीओ वावी-पुक्खरिणी-दीहिया गुंजालिया सरा सरपंतियाओ सरसरपंतियाओ बिलपंतियाओ परिग्गहियाओ भवंति,

आराम-उज्जाणा काणणा वणाइं वणसंडाइं वणराईओ परिग्गहियाओ भवंति,

देवउल-सभा-पवा-थूभा- खाइय-परिखाओ परिग्गहियाओ भवंति,

पागारऽट्टालग-चरिया-दार-गोपुरा परिग्गहिया भवंति,

पासाद-घर-सरण-लेण-आवणा परिग्गहिया भवंति,

सिंघाडग-तिग-चउक्क चच्चर-चउम्मुह-महापहा परिग्गहिया भवंति,

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ આરંભ પરિગ્રહયુક્ત છે પણ આરંભ પરિગ્રહ રહિત નથી ?

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ પૃથ્વીકાય **-યાવત્-** ત્રસકાયનો સમારંભ કરે છે.

શરીરનેગ્રહણ કરેલા છ,

કર્મને ગ્રહણ કરેલા છે.

ટંક (એક તરફથી તૂટેલ પર્વત) કૂટ, પહાડ, શિખરવાળો પર્વત, પ્રાગ્ભાર (પર્વતનો કાંઈક નમી ગયેલો ભાગ)ને ગ્રહણ કરેલા છે.

જલ, સ્થળ, બિલ, ગુફા, લયન (પર્વતમાં કોતરેલ ઘર) ને ગ્રહણ કરેલા છે.

પર્વતમાંથી પડતો પાણીનો ઝરો, ઝરણાં, ચિલ્લત (જલમિશ્ર કાદવવાળું સ્થાન) તળાવડી તથા પાણીના ક્યારાને ગ્રહણ કરેલા છે.

કૂવો, તળાવ, દ્રહ (પાણીનો ઊંડો ઝરો) નદી, વાવડી, જળાશય (ગોળ આકારે તથા જેમાં કમળ થતાં હોય એવું જળાશય-વાવ) નહેર, સરોવર, સરોવરની પંક્તિ, એક સરોવરમાંથી બીજા સરોવરમાં પાણી જાય એવી રીતે પંક્તિ બંધ ગોઠવેલ તળાવ (સરસરપંક્તિ) બિલ (નાની કુઈની પંક્તિ)ને ગ્રહણ કરેલા છે.

આરામગૃહ, બગીચા (સાર્વજનિક બગીચા), શહેરની પાસેનું વન, (પ્રકીર્ણ ઝાડોવાળું વન) જુદી-જુદી જાતના ઝાડોની પંક્તિને ગ્રહણ કરેલા છે.

દેવમંદિર, સભા, આશ્રમ, પ્યાઉ, સ્તૂપ, ખીણ, ખાઈને ગ્રહણ કરેલા છે.

કિલા, ઝરુખા, ચરિકા (ગઢ અને શહેર વચ્ચેનો આઠ હાથ પ્રમાણવાળો રસ્તો) દ્વાર, નગરદ્વારને ગ્રહણ કરેલા છે.

રાજમહલ, ઘર, ઝુંપડી, લયન (પર્વતની ગુફા) દુકાનને ગ્રહણ કરેલા છે.

સિંઘોડાના આકારનો ત્રિકોણ માર્ગ ત્રિકોણ રસ્તા (ત્રણ રસ્તાનો સંગમ) ચોક (ચાર રસ્તા ભેગા થતા હોય) ચકલો (ચારથી વધારે રસ્તા ભેગા થતા હોય તે સ્થળ) ચારમુખવાળું (જેના ચારે દિશામાં દરવાજા હોય તેવી હવેલી પ્રસાદ) મહાપથ (રાજમાર્ગ) ને ગ્રહણ કરેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सगड-रह-जाण-जुग्ग-गिल्लि-थिल्लि-सीय-संदमाणियाओ परिग्गहियाओ भवंति,

लोही-लोहकडाह कडच्छुया परिग्गहिया भवंति,

भवणा परिग्गहिया भवंति,

देवा देवीओ मणुस्सा मणुस्सीओ तिरिक्खजोणिया तिरिक्खजोणिणीओ आसण-सयण-खंड-भंड-सचित्त-अचित्त-मीसयाइं दव्वाइं परिग्गहियाइं भवंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पंचिंदियतिरिक्खजोणिया सारंभा सपरिग्गहा, नो अणारंभा अपरिग्गहा।"

***दं. २१. जहा तिरिक्खजोणिया तहा मणुस्सा वि भाणियव्वा।***

***दं. २२-२४. वाणमंतर जोइसिय वेमाणिया जहा भवणवासी तहा नेयव्वा।***

– विया. स. ५, उ. ७, सु. ३०-३६

**१०४. चउवीसदंडएसु सक्काराइ विणयभाव परूवणं-**

प. **दं. १.** अत्थि णं भंते ! नेरइयाणं सक्कारे इ वा, सम्माणे इ वा, किइकम्मे इ वा, अब्भुट्ठाणे इ वा, अंजलि-पग्गहे इ वा, आसणाभिग्गहे इ वा, आसणाणुप्पयाणे इ वा, एयस्स पच्चुग्गच्छणया ठियस्स पज्जुवासणया, गच्छंतस्स पडिसंसाहणया ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. **दं. २.** अत्थि णं भंते ! असुरकुमाराणं सक्कारे इ वा, सम्माणे इ वा **-जाव-** गच्छंतस्स पडिसंसाहणया ?

उ. हंता, गोयमा ! अत्थि !

***दं. ३-११. एवं -जाव- थणियकुमाराणं।***

***दं. १२-१९. पुढविकाइयाणं -जाव- चउरिंदियाणं एएसिं जहा नेरइयाणं।***

ગાડી, રથ, વાહન, પાલખી, અંબાડી, ઘોડાનો પલ્લાણ (ઘોડાનો એક ઉપકરણ) ડોલી, સ્યન્દમાનિકા (પુરુષના જેટલી લાંબી પાલખી) ને ગ્રહણ કરેલા છે.

લોઢી (તવો), લોઢાની કઢાઈ, કડછી આદિને ગ્રહણ કરેલા છે.

ભવનોને ગ્રહણ કરેલા છે.

દેવ-દેવીઓ, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ, તિર્યંચાણી, આસન, શયન, ખંડ (ક્ષેત્રખંડ) વાસણ તેમજ સચિત્ત અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ગ્રહણ કરેલા છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ આરંભ પરિગ્રહથી યુક્ત છે, પણ અનારંભી અપરિગ્રહી નથી.

***દં. ૨૧. જેવી રીતે તિર્યંચ પંચેન્દ્રિય યોનિક જીવોના માટે કહ્યું, તેવી રીતે મનુષ્યોના માટે પણ કહેવું જોઈએ.***

***દં. ૨૨-૨૪. જેવી રીતે ભવનવાસી દેવો માટે કહ્યું, તેવી જ રીતે વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના માટે કહેવું જોઈએ.***

**૧૦૪. ચોવીસદંડકોમાં સત્કારાદિ વિનયભાવનું પ્રરુપણ :**

પ્ર. **દં. ૧.** ભંતે ! શું નારકજીવોમાં (પરસ્પર) સત્કાર, સમ્માન, વંદના, અભ્યુત્થાન (ગુરુસેવામાં ઉદ્યત રહેવું તે); અંજલિપ્રગ્રહ (બે હાથ જોડી નમસ્કાર કરવો તે), આસનાભિગ્રહ (આસન સંબંધી અભિગ્રહ ધારણ કરવો તે) આસનાનુપ્રદાન (સત્કાર કરવા માટે આસનનું આમંત્રણ કરવું) અથવા આવી રહ્યા હોય તેનાં સમ્મુખ જાવું, બેઠેલાં હોય તેની સેવા કરવી, ઉઠીને જાતા હોય તેમની પાછળ ચાલવું આદિ વિનયભક્તિ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. દં. ૨. ભંતે ! અસુરકુમારોમાં (પરસ્પર) સત્કાર સમ્માન **-યાવત્-** જઈ રહ્યા હોય તેનાં પાછળ જવું આદિ વિનયભક્તિ છે ?

ઉ. હા, ગૌતમ ! (વિનયભક્તિ) છે.

***દં. ૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

***દં. ૧૨-૧૯. જેવી રીતે નારકના માટે કહ્યું તેવી રીતે પૃથ્વીકાયથી ચૌરેન્દ્રિય સુધીના જીવોના માટે જાણવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. **दं. २०.** अत्थि णं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं सक्कारे इ वा -जाव- गच्छंतस्स पडिसंसाहणया ?

उ. हंता, गोयमा ! अत्थि, नो चेव णं आसणाभिग्गहे इ वा, आसणाणुप्पणाणे इ वा।

***दं. २१-२४. मणुस्साणं -जाव- वेमाणियाणं जहा असुरकुमाराणं।***

- विया. स. १४. उ.३, सु. ४-९

પ્ર. **દં.૨૦.** ભંતે ! શું પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવોમાં સત્કાર, સમ્માન **-યાવત્-** જઈ રહ્યા હોય તેની પાછળ જવું આદિ વિનયભક્તિ છે ?

ઉ. હા, ગૌતમ ! છે, એમાં આસનાભિગ્રહ અથવા આસનાઽનુપ્રદાન રુપ વિનય ભક્તિ નથી.

દં. ***૨૧-૨૪. જેવી રીતે અસુરકુમારોના વિષયમાં કહ્યું, તેવી રીતે મનુષ્યોથી વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

**१०५. चउवीसदंडएसु उज्जोय-अंधयारं तेसिं हेउ य परूवणं-**

प. से नूण भंते ! दिया उज्जोए, राइं अंधकारे ?

उ. हंता, गोयमा ! दिया उज्जोए, राइं अंधकारे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'दिया उज्जोए, राइं अंधकारे ?'

उ. गोयमा ! दिया सुभा पोग्गला, सुभे पोग्गलपरिणामे, राइं असुभा पोग्गला, असुभे पोग्गलपरिणामे।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'दिया उज्जोए, राइं अंधकारे।'

प. **दं.१.** नेरइयाणं भंते ! किं उज्जोए, अंधकारे ?

उ. गोयमा ! नेरइयाणं नो उज्जोए अंधकारे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'नेरइयाणं नो उज्जोए, अंधकारे ?'

उ. गोयमा ! नेरइयाणं असुभा पोग्गला, असुभे पोग्गलपरिणामे,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"नेरइयाणं नो उज्जोए, अंधकारे।

प. **दं.२.** असुरकुमाराणं भंते ! किं उज्जोए, अंधकारे ?

**૧૦૫. ચોવીસદંડકોમાં ઉદ્યોત, અંધકાર અને એનાં હેતુની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! શું દિવસમાં ઉદ્યોત (પ્રકાશ) અને રાત્રે અંધકાર હોય છે ?

ઉ. હા, ગૌતમ ! દિવસમાં ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'દિવસમાં ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય છે ?'

ઉ. ગૌતમ ! દિવસમાં શુભ પુદ્દગલ હોય છે અને શુભ પુદ્દગલ પરિણામ હોય છે પરંતુ રાત્રે અશુભ પુદ્દગલ હોય છે અને અશુભ પુદ્દગલ પરિણામ હોય છે.

આ માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"દિવસમાં પ્રકાશ અને રાત્રે અંધકાર હોય છે."

પ્ર. **દં.૧.** ભંતે ! નારકના (નિવાસસ્થાનમાં) પ્રકાશ હોય છે કે અંધકાર હોય છે ?

ઉ. ગૌતમ ! નારક જીવોના (સ્થાનમાં) પ્રકાશ નથી હોતો, (પરંતુ) અંધકાર હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'નારકોના (સ્થાનમાં) પ્રકાશ નથી હોતો પરંતુ અંધકાર હોય છે?'

ઉ. ગૌતમ ! નારક જીવોમાં અશુભ પુદ્દગલ હોય છે અને અશુભ પુદ્દગલ પરિણામ હોય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નારકોમાં ઉદ્યોત નથી હોતો પરંતુ અંધકાર હોય છે.'

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમારોના (સ્થાનમાં) શું પ્રકાશ હોય છે કે અંધકાર હોય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! असुरकुमाराणं उज्जोए, नो अंधकारे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'असुरकुमाराणं उज्जोए, नो अंधकारे ?'

उ. गोयमा ! असुरकुमाराणं सुभा पोग्गला, सुभे पोग्गलपरिणामे,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'असुरकुमाराणं उज्जोए, नो अंधकारे।'

***दं.३-११. एवं -जाव- थणियकुमाराणं।***

***दं.१२-१८. पुढविकाइया -जाव- तेइंदिया जहा नेरइया।***

प. दं. १९. चउरिंदियाणं भंते ! किं उज्जोए, अंधकारे ?

उ. गोयमा ! उज्जोए वि, अंधकारे वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'चउरिंदियाणं उज्जोए वि, अंधकारे वि ?'

उ. गोयमा ! चउरिंदियाणं सुभासुभा पोग्गला, सुभासुभे पोग्गलपरिणामे,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'चउरिंदियाणं उज्जोए वि, अंधकारे वि।'

***दं. २०-२१. एवं -जाव- मणुस्साणं।***

***दं. २२-२४. वाणमंतर-जोइस वेमाणिया जहा असुरकुमारा।***

- विया. स.५, उ.९, सु. ३-९

ઉ. ગૌતમ ! અસુરકુમારોના (સ્થાનમાં) પ્રકાશ હોય છે, અંધકાર નથી હોતો.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'અસુરકુમારોના (સ્થાનમાં) પ્રકાશ હોય છે અંધકાર નથી હોતો.'

ઉ. ગૌતમ ! અસુરકુમારોમાં શુભ પુદ્દગલ હોય છે અને શુભ પુદ્દગલ પરિણામ હોય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'અસુરકુમારોના (સ્થાનમાં) પ્રકાશ હોય છે. અંધકાર નથી હોતો.

***દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.***

***દં.૧૨-૧૮. જેવી રીતે નારક જીવોના (પ્રકાશ અંધકારના) વિષયમાં કહ્યું, તેવી રીતે પૃથ્વીકાયના જીવોથી ત્રીન્દ્રિય જીવો સુધી કહેવું.***

પ્ર. દં.૧૯. ભંતે ! ચૌરેન્દ્રિય જીવોના (સ્થાનમાં) શું ઉદ્યોત હોય છે કે અંધકાર હોય છે ?

ઉ. ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવોના (સ્થાનમાં) ઉદ્યોત પણ હોય છે અને અંધકાર પણ હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

'ચૌરેન્દ્રિય જીવોના (સ્થાનમાં) ઉદ્યોત પણ હોય છે અને અંધકાર પણ હોય છે ?'

ઉ. ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવોમાં શુભ અશુભ પુદ્દગલ હોય છે અને શુભ અશુભ પુદ્દગલ પરિણામ હોય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'ચૌરેન્દ્રિય જીવોના (સ્થાનમાં) ઉદ્યોત પણ હોય છે અને અંધકાર પણ હોય છે.'

***દં.૨૦-૨૧. આ પ્રમાણે મનુષ્યો સુધી જાણવું.***

***દં.૨૨-૨૪. જેવી રીતે અસુરકુમારો (ઉદ્યોત-અંધકાર)ના વિષયમાં કહ્યું, તેવી રીતે વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના વિષયમાં જાણવું.***

### १०६. चउवीसदंडएसु समयाइ पण्णाण परूवणं-

प. **दं.१.** अत्थि णं भंते ! नेरइयाणं तत्थगयाणं एवं पण्णायइ, तं जहा-

समया इ वा, आवलिया इ वा **-जाव-** ओसप्पिणी इ वा उस्सप्पिणी इ वा ?

### ૧૦૬. ચોવીસ દંડકોમાં સમયાદિના વિશેષ જ્ઞાનની પ્રરુપણા :

પ્ર. દં.૧. ભંતે ! શું ત્યાં (નરકક્ષેત્રમાં) રહેલા નારકને આ પ્રમાણેનું વિશિષ્ટજ્ઞાન હોય છે, જેમ કે-

સમય, આવલિકા **-યાવત્-** ઉત્સર્પિણીકાળ કે અવસર્પિણીકાળ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'नेरइयाणं तत्थगयाणं नो एवं पण्णायए, तं जहा- समया इ वा, आवलिया इवा -जाव- उस्सप्पिणी इ वा ?

उ. गोयमा ! इहं तेसिं माणं, इहं तेसिं पमाणं, इहं तेसिं एवं पण्णायइ, तं जहा-

समया इ वा -जाव- उस्सपिणी इ वा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइयाणं तत्थगयाणं नो एवं पण्णायइ, तं जहा- समया इ वा आवलिया इ वा -जाव- उस्सप्पिणी इ वा।'

*दं. २-२०. एवं -जाव- पंचेंदियतिरिक्खजोणियाणं।*

प. दं. २१. अत्थि णं भंते ! मणुस्साणं इहगयाणं एवं पण्णायइ, तं जहा-

'समया इ वा -जाव- उस्सप्पिणी इ वा ?'

उ. हंता, गोयमा ! अत्थि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'मणुस्साणं इहगयाणं एवं पण्णायइ, तं जहा-

समया इ वा -जाव- उस्सप्पिणी इ वा ?

उ. गोयमा ! इहं तेसिं माणं, इहं तेसिं पमाणं, इहं चेव तेसिं एवं पण्णायइ, तं जहा -

समया इ वा -जाव- उस्सप्पिणी इ वा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'मणुस्साणं इहगयाणं एवं पण्णायइ, तं जहा-

समया इ वा -जाव- उस्सप्पिणी इ वा।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (નૈરયિકોમાં સમયાદિનું વિશિષ્ટજ્ઞાન નથી હોતું)

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નારકમાં રહેલા નૈરયિકોને સમય, આવલિકા **-યાવત્-** ઉત્સર્પિણી-કાળનું વિશિષ્ટજ્ઞાન નથી હોતુ ?

ઉ. ગૌતમ ! આ (મનુષ્યલોકમાં) તે (સમયાદિ)નું માન છે, તેજ એનું પ્રમાણ છે. એટલા માટે એજ વિશિષ્ટજ્ઞાન હોય છે, જેમકે-

આ સમય છે **-યાવત્-** આ ઉત્સર્પિણીકાળ છે. (પરંતુ નરકમાં ન તો સમયાદિનું માન છે, ન પ્રમાણ છે અને ન વિશિષ્ટજ્ઞાન છે)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'નારકમાં રહેલા નૈરયિકોને

સમય આવલિકા **-યાવત્-** ઉત્સર્પિણીકાળ, વિશિષ્ટજ્ઞાન નથી હોતું.

***દં.૨-૨૦. આ પ્રમાણે (ભવનપતિ દેવો, પાંચ સ્થાવર જીવો ત્રણ વિકલેન્દ્રિયો) પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી સમયાદિનું જ્ઞાન નથી હોતું.***

પ્ર. દં.૨૧. ભંતે ! શું અહીં (મનુષ્યલોકમાં) રહેનારા મનુષ્યોના આ પ્રકારનું પ્રજ્ઞાન હોય છે, જેમકે-

'આ સમય **-યાવત્-** ઉત્સર્પિણી કાળ છે?'

ઉ. હા ગૌતમ ! (મનુષ્યોના પ્રજ્ઞાન) હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

'અહીં રહેનાર મનુષ્યોમાં આ પ્રકારનું પ્રજ્ઞાન હોય છે, જેમકે-

આ સમય છે **-યાવત્-** ઉત્સર્પિણી કાળ છે ?'

ઉ. ગૌતમ ! અહીં (મનુષ્યલોકમાં) તે સમયાદિનું માન છે, અહીં તેમનું પ્રમાણ છે, માટે અહીં તેમનું પ્રજ્ઞાન હોય છે, જેમકે-

આ સમય છે **-યાવત્-** આ ઉત્સર્પિણીકાળ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'અહીં રહેનાર મનુષ્યોમાં આ પ્રમાણેનું પ્રજ્ઞાન હોય છે, જેમકે-

આ સમય છે **-યાવત્-** ઉત્સર્પિણીકાળ છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दं. २२-२४. वाणमंतरा-जोइस-वेमाणियाणं जहा नेरइयाणं।

- विया. स. ५, उ.९, सु. १०-१३

દં.૨૨-૨૪. જે પ્રમાણે નૈરયિક જીવો (સમયાદિ પ્રજ્ઞાન) ના માટે કહ્યું તે પ્રમાણે વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના વિષયમાં પણ જાણવું.

## १०७. चउवीसदंडएसु गरूयत्त लहुयत्ताइ परूवणं-

प. दं. १. नेरइया णं भंते ! किं गरूया, लहुया गरूयलहुया, अगरूयलहुया ?

उ. गोयमा ! नो गरूया, नो लहुया, गरूयलहुया वि, अगरूयलहुया वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'नेरइया नो गरूया, नो लहुया, गरूयलहुया वि, अगरूयलहुया वि।'

उ. गोयमा ! वेउव्विय तेयाइं पडुच्च नो गरूया, नो लहुया, गरूयलहुया, नो अगरूयलहुया।

जीवं च कम्मणं च पडुच्च नो गरूया, नो लहुया, नो गरूयलहुया, अगरूयलहुया।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइया नो गरूया, नो लहुया, गरूयलहुया वि, अगरूयलहुया वि'।

दं. २-२४. एवं -जाव- वेमाणिया।

णवरं-णाणत्तं जाणियव्वं सरीरेहिं।

- विया. स.१, उ.९, सु. ६

## ૧૦૭. ચોવીસદંડકોમાં ગુરુત્વ લઘુત્વાદિનું પ્રરુપણ :

પ્ર. દં.૧. ભંતે ! નારક જીવ ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉ. ગૌતમ ! નારક જીવ ગુરુ નથી, લઘુ નથી, પરન્તુ ગુરુલઘુ પણ છે અને અગુરુલઘુ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'નૈરયિક ગુરુ નથી, લઘુ નથી પરન્તુ ગુરુલઘુ પણ છે અને અગુરુલઘુ પણ છે ?

ઉ. ગૌતમ ! વૈક્રિય તેજસ્ શરીરની અપેક્ષાએ નારક જીવ ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ છે પરન્તુ અગુરુલઘુ નથી.

જીવ અને કાર્મણ શરીરની અપેક્ષાએ ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી પરન્તુ અગુરુલઘુ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'નૈરયિક ગુરુ નથી, લઘુ નથી, પરન્તુ ગુરુલઘુ પણ છે અને અગુરુલઘુ પણ છે.

**દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.**

**વિશેષ** - શરીરોમાં ભિન્નતા કહેવી જોઈએ.

## १०८. चउवीस दंडएसु भवसिद्धियत्त परूवणं-

प. दं. १. भवसिद्धिए णं भंते ! नेरइए ? नेरइए भवसिद्धिए ?

उ. गोयमा ! भवसिद्धिए सिय नेरइए, सिय अनेरइए, नेरइए वि य सिय भवसिद्धिए, सिय अभवसिद्धिए।

दं. २-२४. एवं दंडओ -जाव- वेमाणियाणं।

- विया. स. ६, उ. १०, सु. ९-१०

## ૧૦૮. ચોવીસદંડકોમાં ભવસિદ્ધિકત્વનું પ્રરુપણ :

પ્ર. દં.૧. ભંતે ! જે ભવસિદ્ધિક હોય છે, તે નૈરયિક હોય છે કે જે નૈરયિક હોય છે, તે ભવસિદ્ધિક હોય છે ?

ઉ. ગૌતમ ! ભવસિદ્ધિક કદાચિત્ નૈરયિક હોય છે અને કદાચિત્ નૈરયિક ન પણ હોય. નૈરયિક કદાચિત્ ભવસિદ્ધિક હોય છે અને કદાચિત્ ભવસિદ્ધિક ન પણ હોય.

**દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિક સુધી સર્વે દંડક (આલાપક) કહેવા જોઈએ.**

## १०९. उवही परिग्गह भेया चउवीसदंडएसु य परूवणं-

प. कइविहे णं भंते ! उवही पन्नत्ते ?

## ૧૦૯. ઉપધિ અને પરિગ્રહના ભેદ તથા ચોવીસ દંડકોનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! ઉપધિ કેટલા પ્રકારની કહેવાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! तिविहे उवही पन्नत्ते, तं जहा-

१. कम्मोवही, २. सरीरोवही,

३. बाहिरभंडमत्तोवगरणोवही ।

प. दं.१. नेरइया णं भंते ! कइविहे उवही पन्नत्ते ?

उ. गोयमा ! दुविहे उवही पन्नत्ते, तं जहा-

१. कम्मोवही य, २. सरीरोवही य ।

***सेसाणं तिविहा उवही एगिंदियवज्जाणं -जाव- वेमाणियाणं ।***

एगिंदियाणं दुविहे, तं जहा -

१. कम्मोवही य, २. सरीरोवही य ।

प. कइविहे णं भंते ! उवही पन्नत्ते ?

उ. गोयमा ! तिविहे उवही पन्नत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए ।

***एवं नेरइयाण वि ।***

***एवं निरवसेसं -जाव- वेमाणियाणं ।***

प. कइविहे णं भंते ! परिग्गहे पन्नत्ते ?

उ. गोयमा ! तिविहे परिग्गहे पन्नत्ते, तं जहा-

१. कम्मपरिग्गहे, २. सरीरपरिग्गहे,

३. बाहिरग-भंडमत्तोवगरणपरिग्गहे ।

प. नेरइयाणं भंते ! कइविहे परिग्गहे पण्णत्ते,

उ. गोयमा ! **एवं जहा उवहिणा दो दंडगा भणिया, तहा परिग्गहेण वि दो दंडगा भाणियव्वा ।**[1]

- विया. स. १८, उ. ७, सु. ३-११

ઉ. ગૌતમ ! ઉપધિ ત્રણ પ્રકારની કહેવાય છે, જેમકે-

૧. કર્મોપધિ, ૨. શરીરોપધિ,

૩. બાહ્યભાણ્ડમાત્રોપકરણોપધિ.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોમાં કેટલા પ્રકારની ઉપધિ કહેવાય છે ?

ઉ. ગૌતમ ! તેમની બે પ્રકારની ઉપધિ કહેવાય છે, જેમકે -

૧. કર્મોપધિ, ૨. શરીરોપધિ.

***એકેન્દ્રિય જીવોને છોડીને વૈમાનિકો સુધી બાકી સર્વે જીવોને ત્રણ પ્રકારની ઉપધિ હોય છે.***

એકેન્દ્રિય જીવોને બે પ્રકારની ઉપધિ હોય છે, જેમકે -

૧. કર્મોપધિ, ૨. શરીરોપધિ.

પ્ર. ભંતે ! ઉપધિ કેટલા પ્રકારની કહેવાય છે ?

ઉ. ગૌતમ ! ઉપધિ ત્રણ પ્રકારની કહેવાય છે, જેમકે-

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

***આ પ્રમાણે નૈરયિકોને પણ ત્રણ પ્રકારની ઉપધિ હોય છે.***

***આ પ્રમાણે બાકી સર્વે જીવોને વૈમાનિકો સુધી ત્રણ પ્રકારની ઉપધિ હોય છે.***

પ્ર. ભંતે ! પરિગ્રહ કેટલા પ્રકારના કહેવાય છે ?

ઉ. ગૌતમ ! પરિગ્રહ ત્રણ પ્રકારના કહેવાય છે, જેમકે-

૧. કર્મ-પરિગ્રહ, ૨. શરીર-પરિગ્રહ,

૩. બાહ્યભાણ્ડ માત્રોપકરણ પરિગ્રહ.

પ્ર. ભંતે ! નૈરયિકોને કેટલા પ્રકારના પરિગ્રહ કહેવાય છે ?

ઉ. ગૌતમ !. ***જે પ્રમાણે ઉપધિના વિષયમાં બે દંડક કહ્યા છે તે પ્રમાણે પરિગ્રહના વિષયમાં પણ બે દંડક કહેવા જોઈએ.***

## ११०. वण्णाइनिव्वत्ति भेया चउवीसदंडएसु य परूवणं-

प. कइविहा णं भंते ! वण्णनिव्वत्ती पन्नत्ता ?

उ. गोयमा ! पंचविहा वण्णनिव्वत्ती पन्नत्ता, तं जहा-

१. कालवण्णनिव्वत्ती **-जाव-** ५. सुक्किलवण्णनिव्वत्ती ।

## ૧૧૦. વર્ણાદિ નિવૃત્તિના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :

પ્ર. ભંતે ! વર્ણનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહેવાય છે ?

ઉ. ગૌતમ ! વર્ણનિર્વૃત્તિ પાંચ પ્રકારની કહેવાય છે, જેમકે -

૧. કૃષ્ણવર્ણનિર્વૃત્તિ **-યાવત્-** ૫. શુક્લવર્ણનિર્વૃત્તિ.

---

१. ठाणं. अ. ३, उ. १, सु. १४६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एवं निरवसेसं -जाव- वेमाणियाणं ।*

*एवं गंधनिव्वत्ती दुविहा -जाव- वेमाणियाणं ।*

*रसनिव्वत्ती पंचविहा -जाव- वेमाणियाणं ।*

*फासनिव्वत्ती अट्ठविहा -जाव- वेमाणियाणं ।*

- विया. स. १९, उ. ८, सु. २१-२५

*આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણનિર્વૃત્તિનું વર્ણન કરવું જોઈએ.*

*આ પ્રમાણે વૈમાનિકો સુધી બે પ્રકારની ગન્ધનિર્વૃત્તિનું વર્ણન કરવું જોઈએ.*

*પાંચ પ્રકારની રસનિર્વૃત્તિનું વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.*

*આઠ પ્રકારની સ્પર્શનિર્વૃત્તિનું વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.*

**१११. विवक्खया करणस्स भेया चउवीसदंडएसु य परूवणं-**

तिविहे करणे पण्णत्ते, तं जहा-

१. मण करणे, २. वइ करणे, ३. काय करणे ।

*एवं णेरइयाणं विगलिंदियवज्जं -जाव- वेमाणियाणं ।*

तिविहे करणे पन्नत्ते, तं जहा-

१. आरंभकरणे, २. संरंभकरणे, ३. समारंभकरणे ।

*एवं निरंतरं -जाव- वेमाणियाणं ।*

- ठाणं. अ.३, उ.१, सु. १३२/४

प. कइविहे णं भंते ! करणे पन्नत्ते ?

उ. गोयमा ! पंचविहे करणे पन्नत्ते, तं जहा-

१. दव्वकरणे, २. खेत्तकरणे,

३. कालकरणे, ४. भवकरणे,

५. भावकरणे ।

प. नेरइयाणं भंते ! कइविहे करणे पन्नत्ते ?

उ. गोयमा ! पंचविहे करणे पन्नत्ते, तं जहा-

१. दव्वकरणे -**जाव**- ५. भावकरणे ।

*एवं -जाव- वेमाणियाणं ।*

- विया. स. १९, उ. ९, सु. १-३

प. कइविहे णं भंते ! पाणाइवायकरणे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पाणाइवायकरणे पण्णत्ते, तं जहा-

१. एगिंदियपाणाइवायकरणे -**जाव**-

५. पंचेंदियपाणाइवायकरणे ।

*एवं निरवसेसं -जाव- वेमाणियाणं ।*

- विया. स. १९, उ. ९, सु. ९-१०

**૧૧૧. વિવક્ષાથી કરણના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

કરણ ત્રણ પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. મનઃકરણ, ૨. વચન કરણ, ૩. કાયકરણ.

*વિકલેન્દ્રિયો (એકથી ચાર ઈન્દ્રિયોવાળા જીવો) ને છોડીને નૈરયિકોથી વૈમાનિકો સુધી ત્રણ કરણ હોય છે.*

(પ્રકારાન્તરથી) કરણ ત્રણ પ્રકારના કહેવાય છે, જેમકે-

૧. આરંભકરણ, ૨. સંરંભકરણ, ૩. સમારંભકરણ.

*વૈમાનિકો સુધી સર્વ દંડકોમાં આ કરણ હોય છે.*

પ્ર. ભંતે ! કરણ કેટલા પ્રકારના કહેવાય છે ?

ઉ. ગૌતમ ! કરણ પાંચ પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. દ્રવ્યકરણ, ૨. ક્ષેત્રકરણ,

૩. કાળકરણ, ૪. ભવકરણ,

૫. ભાવકરણ.

પ્ર. ભંતે ! નૈરયિકોમાં કેટલા કરણ કહેવાય છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારના કરણ કહેવામાં આવે છે, જેમકે-

૧. દ્રવ્યકરણ -**યાવત્**- ૫. ભાવકરણ.

*વૈમાનિકો સુધી આજ પ્રમાણે કરણ કહેવા જોઈએ.*

પ્ર. ભંતે ! પ્રાણાતિપાત કરણ કેટલા પ્રકારના કહેવાય છે ?

ઉ. ગૌતમ ! પ્રાણાતિપાતકરણ પાંચ પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. એકેન્દ્રિય પ્રાણાતિપાતકરણ -**યાવત્**-

૫. પંચેન્દ્રિય પ્રાણાતિપાતકરણ.

*આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી (પ્રાણાતિપાત કરણોનું) વર્ણન કરવું જોઈએ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**११२. उम्मायस्स भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहे णं भंते ! उम्मादे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे उम्मादे पण्णत्ते, तं जहा-

१. जक्खाएसे य,

२. मोहणिज्जस्स य कम्मस्स उदएणं।

१. तत्थ णं जे से जक्खाए से णं सुहवेयणतराए चेव, सुहविमोयणतराए चेव।

२. तत्थ णं जे से मोहणिज्जस्स कम्मस्स उदएणं से णं दुहवेयणतराए चेव, दुहविमोयणतराए चेव।[1]

प. **दं.१.** नेरइयाणं भंते ! कइविहे उम्मादे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे उम्मादे पण्णत्ते, तं जहा-

१. जक्खाएसे य,

२. मोहणिज्जस्स य कम्मस्स उदएणं।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'नेरइयाणं दुविहे उम्मादे पण्णत्ते, तं जहा-

१. जक्खाएसे य,

२. मोहणिज्जस्स य कम्मस्स उदएणं ?

उ. गोयमा ! देवे वा से असुभे पोग्गले पक्खिवेज्जा से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं उम्मायं पाउणिज्जा।

मोहणिज्जस्स वा कम्मस्स उदएणं मोहणिज्जं उम्मायं पाउणेज्जा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'नेरइयाणं दुविहे उम्मादे पण्णत्ते, तं जहा -

१. जक्खाएसे य,

२. मोहणिज्जस्स य कम्मस्स उदएणं।'

प. **दं. २.** असुरकुमाराणं भंते ! कइविहे उम्मादे पण्णत्ते ?

उ. गोयमा ! ***एवं जहेव नेरइयाणं,***

**૧૧૨. ઉન્માદના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ઉન્માદ કેટલા પ્રકારના કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! ઉન્માદ બે પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. યક્ષાવેશથી,

૨. મોહનીય કર્મના ઉદયથી (થવાવાળા).

૧. એમાંથી જે યક્ષાવેશરુપ ઉન્માદ છે, તેનું સુખપૂર્વક વેદન કરી શકાય છે અને સુખપૂર્વક તેનો છુટકારો થઈ શકે છે.

૨. એમાંથી જે મોહનીયકર્મના ઉદયથી થવાવાળો ઉન્માદ છે. તેનું દુઃખપૂર્વક વેદન થાય છે અને દુઃખપૂર્વક જ તેનો છુટકારો થઈ શકે છે.

પ્ર. **દં.૧.** ભંતે ! નારક જીવોમાં કેટલા પ્રકારના ઉન્માદ કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! તેનામાં બે પ્રકારના ઉન્માદ કહેવામાં આવે છે, જેમકે -

૧. યક્ષાવેશરુપ ઉન્માદ,

૨. મોહનીયકર્મના ઉદયથી થવાવાળો ઉન્માદ.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

નારકોમાં ઉન્માદ બે પ્રકારના હોય છે, જેમકે -

૧. યક્ષાવેશરુપ ઉન્માદ,

૨. મોહનીયકર્મના ઉદયથી થવાવાળો ઉન્માદ.

ઉ. ગૌતમ ! જે કોઈ દેવ, નૈરયિક જીવ પર અશુભ પુદ્ગલોનું પ્રક્ષેપણ કરે છે તો તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપણથી તે નૈરયિક જીવ યક્ષાવેશરુપ ઉન્માદને પ્રાપ્ત કરે છે.

મોહનીયકર્મના ઉદયથી મોહનીયકર્મજન્ય ઉન્માદને પ્રાપ્ત કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

નૈરયિકોમાં બે પ્રકારના ઉન્માદ કહ્યા છે, જેમકે-

૧. યક્ષાવેશરુપ ઉન્માદ,

૨. મોહનીયકર્મોદયથી થવાવાળો ઉન્માદ.

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમારોમાં કેટલા ઉન્માદ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ***નૈરયિકોની જેમ તેમનામાં પણ બે પ્રકારના ઉન્માદ કહ્યા છે.***

१. ठाणं. अ. २, उ. १, सु. ५७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णवरं-देवे वा से महिड्ढियतराए असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं पाउणेज्जा, मोहणिज्जस्स वा कम्मस्स उदएणं मोहणिज्जं उम्मायं पाउणिज्जा।

*सेसं तं चेव।*

***दं. ३-११. एवं -जाव- थणियकुमाराणं।***

***दं. १२-२१. पुढविकाइयाणं -जाव- मणुस्साणं एएसिं जहा नेरइयाणं।***

***दं. २२-२४. वाणमंतर जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं।***

– विया. स. १४, उ. २, सु. १-६

**विशेष** - અસુરકુમારોની અપેક્ષાથી મહર્દ્ધિકદેવ તે અસુરકુમારો પર અશુભ પુદ્‌ગલોનું પ્રક્ષેપ કરે છે અને તે અશુભ પુદ્‌ગલોના પ્રક્ષેપથી યક્ષાવેશરુપ ઉન્માદને પ્રાપ્ત કરે છે તથા મોહનીયકર્મના ઉદયથી મોહનીયકર્મજન્ય ઉન્માદને પ્રાપ્ત કરે છે.

***બાકી બધુ વર્ણન પૂર્વવત્ જાણવું.***

***દં. ૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી ઉન્માદ વિષયક વર્ણન જાણવું.***

***દં. ૧૨-૨૧. પૃથ્વીકાયિકોથી મનુષ્યો સુધી નૈરયિકોની જેમ વર્ણન જાણવું.***

***દં. ૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોના ઉન્માદને માટે પણ અસુરકુમારોની જેમ જાણવું.***

**११३. चउवीसदंडएसु अणंतराहार तहो पच्छा निव्वत्तणाइ परूवणं -**

प. **दं. १.** णेरइयाणं भंते! अणंतराहारा तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया, तओ परियारणया, तओ पच्छा विउव्वणया?

उ. हंता, गोयमा! णेरइया णं अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया तओ परियारणया तओ पच्छा विउव्वणया।

प. **दं. २.** असुरकुमाराणं भंते! अणंतराहारा तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया तओ विउव्वणया तओ पच्छा परियारणया?

उ. गोयमा! असुरकुमारा अणंतराहारा तओ णिव्वत्तणया -जाव- तओ पच्छा परियारणया।

***दं.-३-११. एवं -जाव- थणियकुमारा।***

प. **दं. १२.** पुढविकाइया णं भंते! अणंतराहारा, तओ णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया, तओ परियारणया, तओ विउव्वणया?

**૧૧૩. ચોવીસદંડકોમાં અનન્તરાહારક પછી નિર્વર્તન આદિનું પ્રરુપણ :**

પ્ર. દં. ૧. ભંતે ! શું નારક અનંત આહારવાળા હોય છે ? ત્યારપછી (તેમના શરીરની) નિષ્પત્તિ થાય છે ? પછી પર્યાદાનતા (ગ્રહણ યોગ્ય પદાર્થોને ગ્રહણ કરવું) થાય છે ? ત્યારબાદ પરિણામે છે ? ત્યારપછી પરિચારણા કરે છે અને ત્યારે વિકુર્વણા કરે છે ?

ઉ. હા, ગૌતમ ! નૈરયિક અનન્તરાહારક હોય છે, પછી તેના શરીરની નિષ્પત્તિ થાય છે, ત્યારબાદ પર્યાદાનતા થાય છે ત્યાર પછી પરિણામે છે. ત્યારબાદ તે પરિચારણા કરે છે અને ત્યારે તે વિકુર્વણા કરે છે.

પ્ર. દં. ૨. ભંતે ! શું અસુરકુમાર અનન્તરાહારક હોય છે, પછી તેના શરીરની નિષ્પત્તિ થાય છે, પછી પર્યાદાનતા થાય છે, ત્યારપછી પરિણામે છે, ત્યારબાદ વિકુર્વણા કરે છે ? અને ત્યારબાદ પરિચારણા કરે છે.

ઉ. હા, ગૌતમ ! અસુરકુમાર અનન્તરાહારી હોય છે. પછી તેના શરીરની નિષ્પત્તિ થાય છે. **-યાવત્-** ત્યારબાદ તે પરિચારણા કરે છે.

***દં. ૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

પ્ર. દં. ૧૨. ભંતે ! શું પૃથ્વીકાયિક અનન્તરાહારક હોય છે, પછી તેના શરીરની નિષ્પત્તિ થાય છે. ત્યારબાદ પર્યાદાનતા થાય છે, પછી પરિણામે છે. પછી પરિચારણા કરે છે અને ત્યારબાદ તે વિકુર્વણા કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता, गोयमा! पुढविकाइया अणंतराहारा -जाव- परियारणया, णो चेव णं विउव्वणया।

दं. १३-२१. एवं -जाव- चउरिंदिया।

णवरं - वाउक्काइया पंचेंदियतिरिक्खजोणिया मणुस्सा य जहा णेरइया।

दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा।

- पण्ण. प. ३४, सु. २०३३-२०३७

ઉ. હા, ગૌતમ ! પૃથ્વીકાયિક અનન્તરાહારક હોય છે -યાવત્- પરિચારણા કરે છે. પરંતુ વિકુર્વણા કરતા નથી.

દં.૧૩-૨૧. આ પ્રમાણે ચૌરેન્દ્રિય સુધી જાણવું જોઈએ.

વિશેષ - વાયુકાયિક, પંચેન્દ્રિયતિર્યંચયોનિક અને મનુષ્યોના માટે અનન્તરાહારક આદિનું વર્ણન નૈરયિકોની જેમ જાણવું.

દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન અસુરકુમારોની જેમ જાણવું જોઈએ.

**११४. चउवीसदंडयाणं अगणिकायस्स मज्झंमज्झेणं गमण परूवणं-**

प. दं. १. नेरइए णं भंते! अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा ?

उ. गोयमा ! अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा ?'

उ. गोयमा ! नेरइया दुविहा पन्नत्ता, तं जहा -

१. विग्गहगइसमावन्नगा य,

२. अविग्गहगइसमावन्नगा य।

१. तत्थ णं जे ते विग्गहगइसमावन्नए नेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा।

प. भंते ! से णं तत्थ झियाएज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

२. तत्थ णं जे से अविग्गहगइसमावन्नए नेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं णो वीईवएज्जा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा।'

**૧૧૪. ચોવીસદંડકોનું અગ્નિકાયના વચમાં થઈને ગમનનું પ્રરુપણ :**

પ્ર. દં.૧. ભંતે ! નૈરયિક જીવ અગ્નિકાયના વચમાં થઈને જઈ શકે છે ?

ઉ. ગૌતમ ! કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા ?"

ઉ. ગૌતમ ! નૈરયિક બે પ્રકારના કહેવાય છે, જેમકે-

૧. વિગ્રહગતિ સમાપન્નક,

૨. અવિગ્રહગતિ સમાપન્નક.

૧. તેમાંથી જે વિગ્રહગતિ સમાપન્નક નૈરયિક છે તે અગ્નિકાયના વચમાં થઈને જઈ શકે છે.

પ્ર. ભંતે ! શું (તે અગ્નિના વચમાં થઈને જતી વખતે) અગ્નિથી બળી જાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કારણ તેના પર અગ્નિરુપ શસ્ત્ર નથી ચાલી શકતા.

૨. તેમાંથી જે અવિગ્રહગતિસમાપન્નક નૈરયિક છે તે અગ્નિકાયના વચમાં થઈને નથી જઈ શકતા. (કારણ નરકમાં બાદર અગ્નિ નથી હોતી)

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. **दं. २.** असुरकुमारे णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा ?

उ. गोयमा ! अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा ?'

उ. गोयमा ! असुरकुमारा दुविहा पन्नत्ता, तं जहा-

१. विग्गहगइसमावन्नगा य,

२. अविग्गहगइसमावन्नगा य।

१. तत्थ णं जे से विग्गहगइसमावन्नए असुरकुमारे से णं अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा।

प. भंते ! से णं तत्थ झियाएज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

२. तत्थ णं जे से अविग्गहगइसमावन्नए असुरकुमारे से णं अत्थेगइए अगणिकायस्स मज्झं-मज्झेणं वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा।

प. भंते ! जे णं वीईवएज्जा से णं तत्थ झियाएज्जा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'अत्थेगईए वीईवएज्जा, अत्थेगईए नो वीईवएज्जा।'

***दं. ३-११. एवं -जाव- थणियकुमारे,***

***दं. १२-१६. एगिंदिया जहा नेरइया,***

प. **दं. १७.** बेइंदिया णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा ?

उ. गोयमा ! ***जहा असुरकुमारे तहा बेइंदिए वि, नवरं -***

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમારદેવ અગ્નિકાયના વચમાં થઈને જઈ શકે છે ?

ઉ. ગૌતમ ! કોઈ જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

'કોઈ અસુરકુમાર અગ્નિના વચમાં થઈને જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા?'

ઉ. ગૌતમ ! અસુરકુમાર બે પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. વિગ્રહગતિ સમાપન્નક,

૨. અવિગ્રહગતિ સમાપન્નક,

૧. તેમાંથી જે વિગ્રહગતિ સમાપન્નક અસુરકુમાર છે, તે અગ્નિકાયના વચમાં થઈને જઈ શકે છે.

પ્ર. ભંતે! શું તે અગ્નિથી બળી જાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કારણ તેનાપર અગ્નિરુપ શસ્ત્ર અસર નથી કરતા.

૨. તેમાંથી જે અવિગ્રહગતિ સમાપન્નક અસુરકુમાર છે, તેમાંથી કોઈ અગ્નિના વચમાં થઈને જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.

પ્ર. ભંતે ! જે (અસુરકુમાર) અગ્નિના વચમાં થઈને જઈ શકે છે તો શું તે બળી જાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કારણ તેના પર અગ્નિરુપ શસ્ત્રની અસર નથી થતી.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'કોઈ અસુરકુમાર જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.'

***દં.૩-૧૧. આ પ્રમાણે (નાગકુમારથી) સ્તનિતકુમાર સુધી જાણવું.***

***દં.૧૨-૧૬. (પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધી) એકેન્દ્રિયના માટે નૈરયિકોની જેમ જાણવું.***

પ્ર. દં.૧૭. ભંતે! દ્વીન્દ્રિય જીવ અગ્નિકાયના વચમાં થઈને જઈ શકે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે અસુરકુમારોના વિષયમાં કહ્યું તે પ્રમાણે દ્વીન્દ્રિયોના માટે પણ જાણવું, વિશેષ -***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. भंते ! जे णं वीईवएज्जा से णं तत्थ झियाएज्जा ?

उ. हंता, गोयमा ! झियाएज्जा।

*सेसं तं चेव।*

*दं. १८-१९. एवं तेइंदिए चउरिंदिए वि।*

प. दं. २०. पंचिंदियतिरिक्खजोणिए णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा ?

उ. गोयमा ! अत्थेगईए वीईवएज्जा, अत्थेगईए नो वीईवएज्जा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'पंचेंदियतिरिक्खजोणिए अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा ?'

उ. गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. विग्गहगइसमावन्नगा य,

२. अविग्गहगइसमावन्नगा य।

*विग्गहगइसमावन्नए जहेव नेरइए -जाव- नो खलु तत्थ सत्थं कमइ।*

अविग्गहगइसमावन्नगा पंचेंदियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता, तं जहा-

१. इड्ढिप्पत्ता य, २. अणिड्ढिप्पत्ता य।

१. तत्थ णं जे से इड्ढिप्पत्ते पंचेंदियतिरिक्खजोणिए से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा, अत्थेगईए नो वीईवएज्जा।

प. भंते ! जे णं वीईवएज्जा, से णं तत्थ झियाएज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

२. तत्थ णं जे से अणिड्ढिप्पत्ते पंचेंदियतिरिक्खजोणिए से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीईवएज्जा, अत्थेगईए नो वीईवएज्जा।

પ્ર. ભંતે ! જે (દ્વીન્દ્રિય જીવ) અગ્નિકાયના વચમાં થઈને જાય છે, શું તે બળી જાય છે ?

ઉ. હા ગૌતમ ! તે બળી જાય છે.

***બાકી બધુ પૂર્વવત્ જાણવું.***

***દં.૧૮-૧૯. આ પ્રમાણે ત્રેઈન્દ્રિય ચૌરેન્દ્રિયના માટે પણ જાણવું.***

પ્ર. **દં.૨૦.** ભંતે! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ અગ્નિના વચમાં થઈને જઈ શકે છે ?

ઉ. ગૌતમ ! કોઈ જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

'કોઈ પંચેન્દ્રિયતિર્યંચયોનિક જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા ?'

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. વિગ્રહગતિ સમાપન્નક,

૨. અવિગ્રહગતિ સમાપન્નક.

***વિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિયતિર્યંચયોનિકોનું વર્ણન નૈરયિકોની જેમ તેના પર શસ્ત્ર અસર નથી કરતા ત્યાં સુધી જાણવું.***

અવિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિયતિર્યંચયોનિક બે પ્રકારના કહેવાય છે, જેમકે -

૧. ઋદ્ધિપ્રાપ્ત ૨. અનૃદ્ધિપ્રાપ્ત (ઋદ્ધિઅપ્રાપ્ત)

૧. જે ઋદ્ધિપ્રાપ્ત પંચેન્દ્રિયતિર્યંચયોનિક છે તેમાંથી કોઈ અગ્નિના વચમાં થઈને જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.

પ્ર. ભંતે ! જે અગ્નિમાં થઈને જાય છે શું તે બળી જાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કારણ તેના પર અગ્નિરુપ શસ્ત્ર અસર નથી કરતા.

૨. જે ઋદ્ધિ અપ્રાપ્ત પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ છે તેમાંથી કોઈ અગ્નિમાં થઈને જઈ શકે છે કોઈ નથી જઈ શકતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. भंते ! जे णं वीईवएज्जा से णं तत्थ झियाएज्जा।

उ. हंता, गोयमा ! झियाएज्जा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'अत्थेगइए वीईवएज्जा, अत्थेगइए नो वीईवएज्जा'।

*दं. २१. एवं मणुस्से वि।*

*दं. २२-२४. वाणमंतर- जोइसिय - वेमाणिए जहा असुरकुमारे।*

- विया. स. १४, उ. ५, सु. १-९

प्र. ભંતે ! જે અગ્નિમાં થઈને જાય છે, શું તે બળી જાય છે ?

ઉ. હા ગૌતમ ! તે બળી જાય છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

'કોઈ અગ્નિમાં થઈને જઈ શકે છે અને કોઈ નથી જઈ શકતા.'

**દં.૨૧. આ પ્રમાણે મનુષ્યના માટે પણ જાણવું.**

**દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન અસુરકુમારોની જેમ જાણવું.**

**११५. चउवीसदंडएसु इट्ठाणिट्ठ पच्चणुभवमाणठाणाणं संखा परूवणं -**

**दं. १.** नेरइया दस ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

१. अणिट्ठा सद्दा, २. अणिट्ठा रूवा, ३. अणिट्ठा गंधा, ४. अणिट्ठा रसा, ५. अणिट्ठा फासा, ६. अणिट्ठा गई, ७. अणिट्ठा ठिई, ८. अणिट्ठे लावण्णे, ९. अणिट्ठे जसोकित्ती, १०. अणिट्ठे उट्ठाण-कम्म-बल वीरिय-पुरिसक्कार परक्कमे।

**दं.२.** असुरकुमारा दस ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

१. इट्ठा सद्दा, २. इट्ठा रूवा **-जाव-**

१०. इट्ठे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसक्कारपरक्कमे।

*दं. ३-११. एवं -जाव- थणियकुमारा।*

**दं. १२.** पुढविकाइया छट्ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

१. इट्ठाणिट्ठा फासा, २. इट्ठाणिट्ठा गइ,

३. इट्ठाणिट्ठा ठिई, ४. इट्ठाणिट्ठे लावण्णे,

५. इट्ठाणिट्ठे जसोकित्ती,

६. इट्ठाणिट्ठे उट्ठाणे **-जाव-** परक्कमे।

*दं. १३-१६. एवं -जाव- वणस्सइकाइया।*

**दं. १७.** बेइंदिया सत्तट्ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

**૧૧૫. ચોવીસ દંડકોમાં ઈષ્ટાનિષ્ટોના અનુભવ સ્થાનોની સંખ્યાનું પ્રરુપણ :**

**દં.૧.** નૈરયિક જીવ આ દસ સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

૧. અનિષ્ટશબ્દ, ૨. અનિષ્ટ રુપ, ૩. અનિષ્ટ ગન્ધ, ૪. અનિષ્ટ રસ, ૫. અનિષ્ટ સ્પર્શ, ૬. અનિષ્ટ ગતિ, ૭. અનિષ્ટ સ્થિતિ, ૮. અનિષ્ટ લાવણ્ય, ૯. અનિષ્ટ યશઃકીર્તિ, ૧૦. અનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ.

**દં.૨.** અસુરકુમાર દસ સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

૧. ઈષ્ટ - શબ્દ, ૨. ઈષ્ટ રુપ **-યાવત્-**

૧૦. ઈષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ.

**દં.૩-૧૧. આજ પ્રમાણે સ્તનિતકુમારો સુધી (સ્થાન) જાણવું જોઈએ.**

**દં.૧૨.** પૃથ્વીકાયિક જીવ છ સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

૧. ઈષ્ટ અનિષ્ટસ્પર્શ, ૨. ઈષ્ટ- અનિષ્ટ ગતિ,

૩. ઈષ્ટાનિષ્ટ સ્થિતિ, ૪. ઈષ્ટાનિષ્ટ લાવણ્ય,

૫. ઈષ્ટાનિષ્ટ યશઃકીર્તિ,

૬. ઈષ્ટાનિષ્ટ ઉત્થાન **-યાવત્-** પરાક્રમ.

**દં.૧૩-૧૬. આજ પ્રમાણે વનસ્પતિકાયિક જીવો સુધી (છ સ્થાન) જાણવું.**

**દં.૧૭.** દ્વીન્દ્રિય જીવ સાત સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. इट्ठाणिट्ठा रसा, ***सेसं जहा एगिंदियाणं।***

१. ઈષ્ટાનિષ્ટ રસ ***અને બાકી છ સ્થાન પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિય જીવોની જેમ જાણવું.***

**दं. १८.** तेइंदिया णं अट्ठट्ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

**દં.૧૮.** ત્રેઈન્દ્રિય જીવ આઠ સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

१. इट्ठाणिट्ठा गंधा, ***सेसं जहा बेइंदियाणं।***

૧. ઈષ્ટાનિષ્ટ ગંધ ***અને બાકી સાત સ્થાન દ્વીન્દ્રિય જીવોની જેમ જાણવું.***

**दं. १९.** चउरिंदिया नवट्ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा -

**દં.૧૯.** ચૌરેન્દ્રિય જીવ નવ સ્થાનોનું અનુભવ કરતો હોય છે, જેમકે -

इट्ठाणिट्ठा रूवा, ***सेसं जहा तेइंदियाणं।***

ઈષ્ટાનિષ્ટ રુપ ***અને બાકી આઠ સ્થાન ત્રેઈન્દ્રિય જીવોની જેમ જાણવું.***

**दं. २०.** पंचेंदियतिरिक्खजोणिया दसट्ठाणाइं पच्चणुभवमाणा विहरंति, तं जहा-

**દં.૨૦.** પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ દસ સ્થાનોનું અનુભવ કરતો હોય છ, જેમકે -

१. इट्ठाणिट्ठा सद्दा **-जाव-** १० इट्ठाणिट्ठे उट्ठाणकम्म-बल - वीरिय पुरिसक्कारपरक्कमे

ઈષ્ટાનિષ્ટ શબ્દ **-યાવત્-** ૧૦ ઈષ્ટાનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ.

***दं. २१. एवं मणुस्सा वि।***

***દં.૨૧. આ પ્રમાણે મનુષ્યોમાં (૧૦ સ્થાન) જાણવા.***

***दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा।***

***દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન અસુરકુમારોની જેમ જાણવું.***

- विया. स. १४, उ. ५, सु. १०-२०

**११६. जीवाणं जीवत्तस्स कायट्ठिई परूवणं -**

**૧૧૬. જીવોના જીવત્વની કાયસ્થિતિનું પ્રરુપણ :**

प. जीवे णं भंते ! जीवे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वद्धं।[1]

- पण्ण. प. १८, सु. १२६०

પ્ર. ભંતે ! જીવ કેટલા કાળ સુધી જીવરુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) સદા કાળ રહે છે.

**११७. छव्विहविवक्खया संसारीजीवाणं कायट्ठिई परूवणं-**

**૧૧૭. ષડ્વિધ વિવક્ષાથી સંસારી જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

प. पुढविकाइएणं भंते ! पुढविकाइएत्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वद्धं।

***एवं -जाव- तसकाइए।***

- जीवा. पडि. ३, सु. १०१

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયિકના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સર્વકાળ રહે છે.

***આ પ્રમાણે ત્રસકાય સુધી જાણવું.***

**११८. नवविह विवक्खया एगिंदियाइ जीवाणं कायट्ठिई परूवणं-**

**૧૧૮. નવવિધ વિવક્ષાથી એકેન્દ્રિયાદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

प. एगिंदिए णं भंते ! एगिंदिएत्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।

પ્ર. ભંતે ! એકેન્દ્રિય-એકેન્દ્રિય રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી રહે છે.

---

१. जीवा. पडि. ३, सु. १०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. बेइंदिए णं भंते ! बेइंदिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं[1] उक्कोसेणं संखेज्जं कालं।

*एवं तेइंदिए वि[2] चउरिंदिए वि[3]।*

प. णेरइए णं भंते ! णेरइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं।[4]

प. पंचेंदियतिरिक्खजोणिए णं भंते ! पंचेंदियतिरिक्खजोणिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं पुव्वकोडि पुहुत्तमब्भहियाइं।

*एवं मणूसे वि।*

*देवा जहा णेरइया।*

प. सिद्धे णं भंते ! सिद्धे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साइए अपज्जवसिए।

- जीवा. पडि. ९, सु. २५६

प्र. ભંતે ! દ્વીન્દ્રિય દ્વીન્દ્રિયના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

***ત્રેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિયના માટે પણ આ પ્રમાણે જાણવું.***

પ્ર. ભંતે ! નૈરયિક, નૈરયિકના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ સુધી રહે છે.

પ્ર. ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિપૃથકત્વ વધારે ત્રણ પલ્યોપમ સુધી રહે છે.

***આ પ્રમાણે મનુષ્યના માટે પણ જાણવું જોઈએ.***

***દેવોનું વર્ણન નૈરયિકોની જેમ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! સિદ્ધ, સિદ્ધના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

**११९. सकाइय अकाइय जीवाणं कायट्ठिई परूवणं-**

प. सकाइए णं भंते ! सकाइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सकाइए दुविहे पण्णत्ते, तं जहा-

१. अणाईए वा अपज्जवसिए,

२. अणाईए वा सपज्जवसिए।

प. पुढविकाइए णं भंते ! पुढविकाइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणी ओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा।

*एवं आउ-तेउ-वाउकाइया वि।*

**૧૧૯. સકાયિક - અકાયિક જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સકાયિક જીવ સકાયિક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સકાયિક બે પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. અનાદિઅનન્ત,

૨. અનાદિસાન્ત.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયિક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી (અર્થાત્) કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અસંખ્યાતલોક સુધી રહે છે.

***આ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક જીવોના માટે પણ જાણવું.***

१. उत्त. अ. ३६, गा. १३३
२. उत्त. अ. ३६, गा. १४२
३. उत्त. अ. ३६, गा. १५२
४. उत्त. अ. ३६, गा. १६७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. वणप्फइकाइया णं भंते ! वणप्फइकाए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं[१] अणंताओ उस्सप्पिणि ओसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा, ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागे[२]।

प. तसकाइए णं भंते ! तसकाइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं[३]।

प. अकाइए णं भंते ! अकाइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अकाइए साईए अपज्जवसिए।

प. सकाइयअपज्जत्तए णं भंते ! सकाइय अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।

*एवं -जाव- तसकाइय अपज्जत्तए।*

प. सकाइय पज्जत्तए णं भंते ! सकाइय पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं।

प. पुढविकाइयपज्जत्तए णं भंते ! पुढविकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं।

*एवं आऊ वि।*

प. तेउक्काइयपज्जत्तए णं भंते ! तेउक्काइय पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं।

પ્ર. ભંતે ! વનસ્પતિકાયિક જીવ વનસ્પતિકાયિક રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી અર્થાત્ કાળતઃ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રતઃ અનન્ત લોક પ્રમાણ અથવા અસંખ્યાત પુદ્દગલપરાવર્ત સમજવું જોઈએ. તે પુદ્દગલપરાવર્ત આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

પ્ર. ભંતે ! ત્રસકાયિક જીવ ત્રસકાયિક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જે જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતવર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી રહે છે.

પ્ર. ભંતે ! અકાયિક અકાયિક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! અકાયિક સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! સકાયિક અપર્યાપ્તક સકાયિક અપર્યાપ્તક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય પણ અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

***આ પ્રમાણે ત્રસકાયિક અપર્યાપ્તક સુધી જાણવું.***

પ્ર. ભંતે ! સકાયિક પર્યાપ્તક સકાયિક પર્યાપ્તકના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમ શતપૃથક્ત્વ સુધી રહે છે.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક પર્યાપ્તક પૃથ્વીકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતહજાર વર્ષ સુધી રહે છે.

***આ પ્રમાણે અપ્કાયિક પર્યાપ્તકના વિષયમાં પણ જાણવું.***

પ્ર. ભંતે ! તેજસ્કાયિક પર્યાપ્તક તેજસ્કાયિક પર્યાપ્તકના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાત રાત-દિવસ સુધી રહે છે.

---

१. जीवा. पडि. ९, सु. २५८
२. जीवा. पडि. ८, सु. २२८
३. जीवा. पडि. ५, सु. २१२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. वाउक्काइय पज्जत्तए णं भंते ! वाउक्काइय पज्जत्तएत्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं।

प. वणप्फइकायपज्जत्तए णं भंते ! वणप्फइकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं।

प. तसकाइयपज्जत्तए णं भंते ! तसकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं।

प. सुहुमे णं भंते ! सुहुमे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणी ओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा।

***सुहुमपुढविकाइए, सुहुमआउकाइए, सुहुमतेउकाइए, सुहुमवाउकाइए, सुहुमवणप्फइकाइए, सुहुमणिगोए वि जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणि ओसप्पिणीओ कालओ खेत्तओ असंखेज्जा लोगा।***

प. सुहुमे अपज्जत्तए णं भंते ! सुहुमे अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं।

***पुढविकाइय, आउकाइय, तेउकाइय, वाउकाइय, वणस्सइकाइयाण य एवं चेव।***

***पज्जत्तयाण वि एवं चेव[1]।***

प. बादरे णं भंते ! बादरे त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! વાયુકાયિક પર્યાપ્તક વાયુકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ સુધી રહે છે.

પ્ર. ભંતે ! વનસ્પતિકાયિક પર્યાપ્તક વનસ્પતિકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતહજાર વર્ષ સુધી રહે છે.

પ્ર. ભંતે ! ત્રસકાયિક પર્યાપ્તક ત્રસકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમ શતપૃથક્ત્વ સુધી રહે છે.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ જીવ સૂક્ષ્મ રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી (અર્થાત્) કાલતઃ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રતઃ અસંખ્યાતલોક સુધી (સૂક્ષ્મ જીવ સૂક્ષ્મ પર્યાયરૂપમાં) રહે છે.

***આ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મતેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદ પણ જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી (અર્થાત્) કાલતઃ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રતઃ અસંખ્યાત લોક સુધી (સૂક્ષ્મ પૃથ્વી આદિના રૂપમાં) રહે છે.***

પ્ર. ભંતે ! સૂક્ષ્મ અપર્યાપ્તક, સૂક્ષ્મ અપર્યાપ્તક રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય પણ અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

***(સૂક્ષ્મ) પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક (અપર્યાપ્તકની કાયસ્થિતિ)ના વિષયમાં પણ આ પ્રમાણે જાણવું.***

***(આ પૂર્વોક્ત) સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિના પર્યાપ્તકોના વિષયમાં પણ આ પ્રમાણે સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! બાદર જીવ, બાદર જીવના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

---

१. जीवा. पडि. ५, सु. २१५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणि ओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइ भागं।

ઉ. ગૌતમ (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી (અર્થાત્) કાલતઃ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી, ક્ષેત્રતઃ અંગુલના અસંખ્યાતમા ભાગ ક્ષેત્ર પ્રમાણ છે.

प. बादरपुढविकाइए णं भंते ! बादरपुढविकाइए त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! બાદર પૃથ્વીકાયિક, બાદર પૃથ્વીકાયિકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ।

ઉ. ગૌતમ (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સીત્તેર કોટાકોટી સાગરોપમ સુધી રહે છે.

***एवं बादर आउकाइए वि, बादर तेउकाइए वि, बादर वाउकाइए वि।***

***આ પ્રમાણે બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક, બાદર વાયુકાયિકના વિષયમાં પણ જાણવું.***

प. बादरवणस्सइकाइए णं भंते ! बादर वणस्सइकाइए त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! બાદર વનસ્પતિકાયિક બાદર વનસ્પતિ-કાયિકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणि ओसप्पिणीओ कालओ खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं।

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી (અર્થાત્) કાલતઃ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી, ક્ષેત્રતઃ અંગુલનાં અસંખ્યાતમાં ભાગ ક્ષેત્ર પ્રમાણ છે.

प. पत्तेयसरीरबादरवणप्फइकाइए णं भंते ! पत्तेयसरीर बादरवणप्फइकाइए त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક પ્રત્યેક શરીર બાદરવનસ્પતિકાયિકના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ।

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સીત્તેર કોટાકોટી સાગરોપમ સુધી રહે છે.

प. णिगोए णं भंते ! णिगोए त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! નિગોદના જીવ નિગોદના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणी ओसप्पिणीओ कालओ, खेत्तओ अड्ढाइज्जा पोग्गलपरियट्टा।

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી, કાલતઃ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી, ક્ષેત્રતઃ અઢાંદ્વીપ પુદ્દગલપરાવર્ત સુધી રહે છે.

प. बादर निगोदे णं भंते ! बादर निगोदे त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! બાદર નિગોદ જીવ બાદર નિગોદના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ।[१]

ઉ. ગૌતમ ! તે જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સીત્તેર કોટાકોટી સાગરોપમ સુધી રહે છે.

प. बादरतसकाइए णं भंते ! बादरतसकाइए त्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! બાદર ત્રસકાયિક બાદર ત્રસકાયિકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं।

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતવર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી રહે છે.

१. जीवा. पडि. ५, सु. २१९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एएसिं चेव अपज्जत्तगा सव्वे वि जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।*

*આ(પૂર્વોક્ત)સર્વ(બાદર જીવો)ના અપર્યાપ્તક જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત કાળ સુધી તેજ રૂપમાં રહે છે.*

प. बादरपज्जत्तए णं भंते ! बादरपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं।

प. बादरपुढविकाइय पज्जत्तए णं भंते ! बादर पुढविकाइय पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं।

*एवं आउकाइए वि।*

प. तेउकाइयपज्जत्तए णं भंते ! तेउकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं।

प. वाउक्काइए, वणप्फइकाइए, पत्तेयसरीर-बायरवणप्फइकाइए णं भंते ! वाउक्काइए त्ति वणप्फइकाइए त्ति पत्तेयसरीरबायर वणप्फइकाइए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं।

प. णिगोयपज्जत्तए बादर णिगोयपज्जत्तए णं भंते ! णिगोयपज्जत्तए त्ति बादर णिगोय पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! दोण्णि वि जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।

प. बादरतसकाइयपज्जत्तए णं भंते ! बादरतसकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं।[१]

- पण्ण. प. १८, सु. १२८५-१३२०

પ્ર. ભંતે ! બાદર પર્યાપ્તક બાદર પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમશતપૃથક્ત્વ સુધી રહે છે.

પ્ર. ભંતે ! બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તક બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજારવર્ષ સુધી રહે છે.

*આ પ્રમાણે (બાદર) અપ્કાયિકના વિષયમાં પણ જાણવું.*

પ્ર. ભંતે ! તેજસ્કાયિક પર્યાપ્તક તેજસ્કાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાત રાત-દિવસ સુધી રહે છે.

પ્ર. ભંતે ! વાયુકાયિક, વનસ્પતિકાયિક અને પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક (પર્યાપ્તક) વાયુકાયિક, વનસ્પતિકાયિક અને પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ સુધી રહે છે.

પ્ર. ભંતે ! નિગોદ પર્યાપ્તક અને બાદર નિગોદ પર્યાપ્તક, નિગોદ પર્યાપ્તક અને બાદર નિગોદ પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! આ બન્ને જઘન્ય પણ અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

પ્ર. ભંતે ! બાદર ત્રસકાયિક પર્યાપ્તક, બાદર ત્રસકાયિક પર્યાપ્તકના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમશતપૃથક્ત્વ સુધી રહે છે.

१. जीवा. पडि. ५, सु. २१९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१२०. *तसथावराणं कायट्ठिई परूवणं* -**

प. थावरे णं भंते ! थावरे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं, अणंताओ उस्सप्पिणीओ अवसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोया, असंखेज्जा पोग्गलपरियट्टा, तेणं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागो।

प. तसे णं भंते ! तसे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जकालं, असंखेज्जाओ उस्सप्पिणीओ अवसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा।[1] - जीवा. पडि. १, सु. ४३

**१२०. ત્રસ અને સ્થાવરોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સ્થાવર જીવ સ્થાવરના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી અર્થાત્ કાળથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી અનન્તલોક, અસંખ્યાત પુદ્દગલપરાવર્તન અર્થાત્ આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલા સમય હોય છે એટલા પુદ્દગલપરાવર્તન સુધી રહે છે.

પ્ર. ભંતે ! ત્રસ જીવ ત્રસના રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ અર્થાત્ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી અસંખ્યાત લોક પ્રમાણ (તેઉકાય, વાઉકાયની અપેક્ષાએ) છે.

**१२१. *पज्जत्ताइ जीवाणं कायट्ठिई परूवणं* -**

प. पज्जत्तए णं भंते ! पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं।

प. अपज्जत्तए णं भंते ! अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।

प. णो पज्जत्तए णोअपज्जत्तए णं भंते ! णो पज्जत्तए णो अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[2]

- पण्ण. प. १८, सु. १३८३-१३८५

**१२१. પર્યાપ્તાદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! પર્યાપ્તક જીવ પર્યાપ્તક રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમશતપૃથક્ત્વ સુધી રહે છે.

પ્ર. ભંતે ! અપર્યાપ્તક જીવ અપર્યાપ્તક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય પણ અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

પ્ર. ભંતે ! નોપર્યાપ્તક - નોઅપર્યાપ્તક જીવ નોપર્યાપ્તક-નોઅપર્યાપ્તક રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

**१२२. सुहुमाई जीवाणं कायट्ठिई परूवणं -**

प. सुहुमे णं भंते ! सुहुमे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढविकालो।

**१२२. સૂક્ષ્માદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સૂક્ષ્મ જીવ સૂક્ષ્મ રૂપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પૃથ્વીકાળ સુધી રહે છે.

---

૧. અહિંયા ત્રસની કાયસ્થિતિમાં તેઉકાય વાયુકાય પણ સાથે ગણી લીધા છે.

२. जीवा. पडि. ९, सु. २३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. बादरे णं भंते ! बादरे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्ज कालं, असंखेज्जाओ उस्सप्पिणीओ ओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागे।

प. णो सुहुम णो बायरे णं भंते ! णो सुहुम णो बायरे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[1]

- पण्ण. प. १८, सु. १३८६-१३८८

प्र. ભંતે ! બાદર જીવ બાદરના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી અર્થાત્ કાળતઃ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ અને ક્ષેત્રતઃ અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્ર પ્રમાણ છે.

પ્ર. ભંતે ! નો સૂક્ષ્મ નો બાદર જીવ નો સૂક્ષ્મ નો બાદર રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

## १२३. तसाई जीवाणं कायट्ठिई परूवणं -

प. तसे णं भंते ! तसेत्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं साइरेगाइं।

थावरस्स संचिट्ठणा वणस्सइकालो।

णो तसा-णो थावरा साइअपज्जवसिया।

- जीवा. पडि. ९, सु. २४३

## ૧૨૩. ત્રસાદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! ત્રસ જીવ ત્રસના રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક બે હજાર સાગરોપમ સુધી રહે છે.

સ્થાવર સ્થાવરના રુપમાં વનસ્પતિકાળ સુધી રહે છે.

નોત્રસ-નોસ્થાવર સાદિ અપર્યવસિત છે.

## १२४. परित्ताइ जीवाणं कायट्ठिई परूवणं -

प. परित्ते णं भंते ! परित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! परित्ते दुविहे पण्णत्ते, तं जहा-

१. कायपरित्ते य, २. संसारपरित्ते य।

प. कायपरित्ते णं भंते ! कायपरित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढविकालो असंखेज्जाओ उस्सप्पिणी ओसप्पिणीओ।

प. संसारपरित्ते णं भंते ! संसार परित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं **-जाव-** अवड्ढं पोग्गलपरियट्टं देसूणं।

प. अपरित्ते णं भंते ! अपरित्ते त्ति कालओ केवचिरं होइ ?

## ૧૨૪. પરિત આદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! પરીત (પરિમિત કરવાવાળા) જીવ કેટલા કાળ સુધી પરીતરુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! પરીત બે પ્રકારના કહેવાય છે, જેમકે -

૧. કાયપરીત, ૨. સંસારપરીત.

પ્ર. ભંતે ! કાયપરીત કેટલા કાળ સુધી કાયપરીત રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પૃથ્વીકાળ સુધી. (અર્થાત્) અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! સંસારપરીત જીવ કેટલા કાળ સુધી સંસારપરીત રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી **-યાવત્-** દેશોન અપાર્ધ પુદ્ગલ પરાવર્તન સુધી રહે છે.

પ્ર. ભંતે ! અપરીત જીવ કેટલા કાળ સુધી અપરીત રુપમાં રહે છે ?

---

१. जीवा. पडि. ९, सु. २४०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! अपरित्ते दुविहे पण्णत्ते, तं जहा -

१. कायअपरित्ते य, २. संसारअपरित्ते य।

प. कायअपरित्ते णं भंते ! कायअपरित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणप्फइकालो।

प. संसारअपरित्ते णं भंते ! संसार अपरित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! संसार अपरित्ते दुविहे पण्णत्ते, तं जहा-

१. अणाइए अपज्जवसिए,

२. अणाइए सपज्जवसिए।

प. णोपरित्ते णोअपरित्ते णं भंते ! णो परित्ते णो अपरित्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[1]

- पण्ण. प. १८, सु. १३७६-१३८२

## १२५. भवसिद्धिया जीवाणं कायट्ठिई परूवणं -

प. भवसिद्धिए णं भंते ! भवसिद्धिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अणाईए सपज्जवसिए।

प. अभवसिद्धिए णं भंते ! अभवसिद्धिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अणाईए अपज्जवसिए।

प. णोभवसिद्धिए णोअभवसिद्धिए णं भंते ! णोभवसिद्धिए णो अभवसिद्धिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[2]

- पण्ण. प. १८, सु. १३९२-१३९४

## १२६. नवविह विवक्खया एगिंदियाइ जीवाणं अन्तरकाल परूवणं-

प. एगिंदियस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

ઉ. ગૌતમ ! અપરીત બે પ્રકારના કહેવાય છે, જેમકે-

૧. કાય અપરીત, ૨. સંસાર અપરીત.

પ્ર. ભંતે ! કાય અપરીત કેટલા કાળ સુધી કાય અપરીત રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ અર્થાત્ અનન્તકાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! સંસાર અપરીત કેટલા કાળ સુધી સંસાર અપરીત રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! સંસાર અપરીત બે પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

૧. અનાદિ અપર્યવસિત,

૨. અનાદિ સપર્યવસિત.

પ્ર. ભંતે ! નોપરીત નોઅપરીત કેટલા કાળ સુધી નોપરીત નોઅપરીત રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! તે સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

## ૧૨૫. ભવસિદ્ધિકાદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! ભવસિદ્ધિક (ભવ્ય) જીવ કેટલા કાળ સુધી ભવસિદ્ધિક રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) અનાદિ સપર્યવસિત કાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! અભવસિદ્ધિક (અભવ્ય) જીવ કેટલા કાળ સુધી અભવસિદ્ધિકરુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) અનાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે. .

પ્ર. ભંતે ! નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ કેટલા કાળ સુધી નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) સાદિ અપર્યવસિત કાળ સુધી રહે છે.

## ૧૨૬. નવ પ્રકારની વિવક્ષાથી એકેન્દ્રિયાદિ જીવોના અંતરકાળનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! એકેન્દ્રિયનો કાળની અપેક્ષાએ અન્તર કેટલું છે ?

---

१. जीवा. पडि. ९, सु. २३८

२. जीवा. पडि. ९, सु. २४२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं।

प. बेइंदियस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।[1]

*एवं तेइंदियस्सवि[2] चउरिंदियस्सवि[3] णेरइयस्सवि[4] पंचेंदियतिरिक्खजोणियस्सवि[5] मणूसस्सवि[6] देवस्सवि[7] सव्वेसिं एवं अंतरं भाणियव्वं।*

प. सिद्धस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साइयस्स अपज्जवसियस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २५६

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ છે.

પ્ર. ભંતે ! દ્વીન્દ્રિયના કાળની અપેક્ષાએ અન્તર કેટલું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

***આ પ્રમાણે ત્રેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, નૈરયિક, પંચેન્દ્રિયતિર્યંચયોનિક, મનુષ્ય અને દેવ બધાનું અંતર આટલુ જ જાણવું.***

પ્ર. ભંતે ! સિદ્ધના કાળની અપેક્ષાએ અંતર કેટલું છે?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિત હોવાથી તેમનું અન્તર નથી.

**१२७. जीवाणं दसविह विवक्खया अंतर काल-परूवणं -**

प. पुढविकाइयस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।

*एवं आउकाइयस्स तेउकाइयस्स वाउकाइयस्स।*

प. वणस्सइकाइयस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं **-जाव-** असंखेज्जा लोया।

बिय-तिय-चउरिंदिया पंचेंदियाणं एएसिं चउण्हंपि अंतरं जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।

प. अणिंदियस्स णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साइयस्स अपज्जवसियस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २५८

**૧૨૭. દસ પ્રકારની વિવક્ષાથી જીવોના અંતરકાળનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિકના કાળની અપેક્ષાએ અંતર કેટલું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

***આ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિકના પણ અન્તર જાણવા જોઈએ.***

પ્ર. ભંતે ! વનસ્પતિકાયિકના કાળની અપેક્ષાએ અંતર કેટલું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ **-યાવત્-** અસંખ્યાત લોક પ્રમાણ છે.

દ્વીન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય આ ચારેયનું અન્તર જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

પ્ર. ભંતે ! અનિન્દ્રિયના કાળની અપેક્ષાએ અંતર કેટલું છે ?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિત હોવાથી અન્તર નથી.

**१२८. जीवाणं पढमापढमसमय विवक्खया अंतरकाल परूवणं -**

प. पढमसमय एगिंदियाणं केवइयं कालं अंतरं होइ ?

**૧૨૮. પ્રથમાપ્રથમ સમયની વિવક્ષાથી જીવોના અંતરકાળનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! પ્રથમસમયએકેન્દ્રિયોના કેટલા કાળનું અંતર હોય છે ?

---

१. उत्त. अ. ३६, गा. १३४ २. उत्त. अ. ३६, गा. १४३ ३. उत्त. अ. ३६, गा. १५३
४. उत्त. अ. ३६, गा. १६८
५. (क) उत्त. अ. ३६, गा. १७७ (ख) उत्त. अ. ३६, गा. १८६ (ग) उत्त. अ. ३६, गा. १९३
६. उत्त. अ. ३६, गा. २०२ ७. उत्त. अ. ३६, गा. २४६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जहण्णेणं दो खुड्डागभवग्गहणाइं समयूणाइं, उक्कोसेणं वणस्सइकालो।

अपढमसमय एगिंदियाणं अंतरं जहण्णेणं खुड्डागभवग्गहणाइं समयाहियं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं।

***सेसाणं सव्वेसिं पढमसमयिकाणं अंतरं जहण्णेणं दो खुड्डाइं भवग्गहणाइं समयूणाइं, उक्कोसेणं वणस्सइकालो।***

***अपढमसमयिकाणं सेसाणं जहण्णेणं खुड्डाग भवग्गहणं समयाहियं, उक्कोसेणं वणस्सइकालो।***

- जीवा पडि. ९, सु. २३०

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય ઓછું બે ક્ષુલ્લકભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

અપ્રથમસમયએકેન્દ્રિયનું જઘન્ય અન્તર એક સમય અધિક એક ક્ષુલ્લકભવ ગ્રહણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ છે.

***બાકી બધા પ્રથમસમયિકોનું અન્તર જઘન્ય એક સમય ઓછું બે ક્ષુલ્લકભવગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.***

***બાકી અપ્રથમસમયિકોનું અન્તર જઘન્ય સમયાધિક એક ક્ષુલ્લકભવ ગ્રહણ અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.***

## १२९. छज्जीवनिकायाणं अंतरकाल परूवणं -

प. पुढविकाइयस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणप्फइकालो।[1]

***एवं आउ[2] -तेउ-[3] -वाउकाइयाणं वणस्सइकालो[4]।***

***तसकाइयाण वि वणस्सइकाइयस्स पुढवीकाइयकालो।[5]***

***एवं अपज्जत्तगाणवि वणस्सइकालो,***

वणस्सईणं पुढविकालो। पज्जत्तगाणवि एवं चेव वणस्सइकालो, पज्जत्तवणस्सईणं पुढविकालो।

- जीवा. पडि. ५, सु. २१२

## ૧૨૯. ષડ્જીવનીકાયિકોના અંતરકાળનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! પૃથ્વીકાયના કેટલા કાળનું અંતર છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

***આ પ્રમાણે અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયનું પણ અન્તર વનસ્પતિકાળ છે.***

***ત્રસકાયિકોનું અન્તર પણ વનસ્પતિકાળ છે. વનસ્પતિકાયનું અન્તર પૃથ્વીકાયિકના કાળ પ્રમાણે છે.***

***આ પ્રમાણે અપર્યાપ્તકોનું અન્તરકાળ વનસ્પતિકાળ છે.***

અપર્યાપ્ત વનસ્પતિનું અન્તર પૃથ્વીકાળ છે. પર્યાપ્તકોનું અન્તર વનસ્પતિકાળ છે. પર્યાપ્ત વનસ્પતિનું અન્તર પૃથ્વીકાળ છે.

## १३०. तस थावराणं अंतरकाल परूवणं -

प. थावरस्स णं भंते ! केवइकालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणीओ अवसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा।

प. तसस्स णं भंते ! केवइकालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।

- जीवा. पडि. १, सु. ४३

## ૧૩૦. ત્રસ અને સ્થાવરોના અન્તરકાળનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! સ્થાવરનું કેટલા કાળનું અન્તર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ અર્થાત્ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી અસંખ્યાતલોક પ્રમાણ (તેઉકાય, વાઉકાયની અપેક્ષાએ) છે.

પ્ર. ભંતે ! ત્રસનું કેટલા કાળનું અન્તર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

---

१. उत्त. अ. ३६, गा. ८२ २. उत्त. अ. ३६, गा. ९०

३. उत्त. अ. ३६, गा. ११५ ४. उत्त. अ. ३६, गा. १२४

५. (क) अंतरं सव्वेसिं अणंतकालं वणस्सइकाइयाणं असंखेज्जकालं।

(ख) उत्त. अ. ३६, गा. १०४ - जीवा. पडि. ८, सु. २२८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१३१. सुहुमाणं अंतरकाल परूवणं -**

प. सुहुमस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, कालओ असंखेज्जाओ उस्सप्पिणी ओसप्पिणीओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागो।

सुहुमवणस्सइकाइयस्स सुहुमणिगोदस्सवि एवं चेव **-जाव-** खेत्तओ अंगुलस्स असंखेज्जइभागो।

पुढविकाइयाईणं वणस्सइकालो।

***एवं अपज्जत्तगाणं पज्जत्तगाण वि।***

- जीवा. पडि. ५, सु. २१६

**१३२. बायराणं अंतरकाल परूवणं-**

अंतरं बायरस्स, बायरवणस्सइस्स, णिओदस्स, बादरणिओदस्स एएसिं चउण्हवि पुढविकालो **-जाव-** असंखेज्जा लोया,

***सेसाणं वणस्सइकालो।***

***एवं पज्जत्तगाणं अपज्जत्तगाण वि अंतरं***[1]***।***

- जीवा. पडि. ५, सु. २२०

**१३३. तसाईणं अंतरकाल परूवणं -**

तसस्स अंतरं वणस्सइकालो।

थावरस्स अंतरं दो सागरोवमसहस्साइं साइरेगाइं।

णोतस-णोथावरस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २४३

**१३४. सुहुमाईणं अंतरकाल परूवणं -**

सुहुमस्स अंतरं बायरकालो।

बायरस्स अंतरं सुहुमकालो।

तइयस्स नो सुहुम नो बायरस्स णत्थि अंतरं।

**- जीवा. पडि. ९, सु. २४०**

**૧૩૧. સૂક્ષ્મોના અન્તરકાળનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સૂક્ષ્મનું કેટલા કાળનું અન્તર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે અર્થાત્ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પ્રમાણ છે અને ક્ષેત્રની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશપ્રદેશ પ્રમાણ છે.

સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદનું અન્તર પણ એટલુજ છે **-યાવત્-** ક્ષેત્રની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશ પ્રદેશ પ્રમાણ છે.

પૃથ્વીકાયિકો આદિનું અન્તર વનસ્પતિકાળ છે.

***આ પ્રમાણે અપર્યાપ્તકો પર્યાપ્તકોના અન્તરકાળ જાણવા જોઈએ.***

**૧૩૨. બાદરોના અંતરકાળનું પ્રરુપણ :**

ઔઘિક બાદર, બાદર વનસ્પતિ, નિગોદ અને બાદર નિગોદ આ ચારેયના અન્તરકાળ પૃથ્વીકાળના બરાબર છે **-યાવત્-** ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશના પ્રદેશો પ્રમાણ છે.

***બાકી*** (બાદર પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક આ છ) ***નું અન્તર વનસ્પતિકાળ પ્રમાણે જાણવું.***

***આ પ્રમાણે બાદર પૃથ્વીકાયિકોના પર્યાપ્તક અને અપર્યાપ્તકોનું અંતર જાણવું.***

**૧૩૩. ત્રસ આદિના અંતરકાળનું પ્રરુપણ :**

ત્રસનું અંતર વનસ્પતિકાળ છે.

સ્થાવરનું અંતર કંઈક અધિક બે હજાર સાગરોપમ છે.

નોત્રસ - નોસ્થાવરનું અંતર નથી.

**૧૩૪. સૂક્ષ્માદિના અંતરકાળનું પ્રરુપણ :**

સૂક્ષ્મનું અંતર બાદરકાળ છે.

બાદરનું અંતર સૂક્ષ્મકાળ છે.

ત્રીજુ નોસૂક્ષ્મ નોબાદરનું અંતર નથી.

---

१. ओहे य बायरतरू, ओघनिगोदे बायरणिओए य ।
कालमसंखेज्जं अंतरं, सेसाणं वणस्सइकालो ॥१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१३५. पज्जत्तगाईणं अंतरकाल परूवणं -**

पज्जत्तगस्स अंतरं जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अंतोमुहुत्तं।

अपज्जत्तगस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं,

तइयस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २३९

**१३६. सिद्धासिद्ध जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! सिद्धाणं असिद्धाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा सिद्धा,

२. असिद्धा अणंतगुणा।

- जीवा. पडि. ९, सु. २३१

**१३७. दिसाणुवाएणं संसारीसिद्ध जीवाणं अप्पबहुत्तं-**

***दिसाणुवाए णं -***

१. सव्वत्थोवा जीवा पच्चत्थिमेणं,

२. पुरत्थिमे णं विसेसाहिया,

३. दाहिणे णं विसेसाहिया,

४. उत्तरे णं विसेसाहिया।

१. ***दिसाणुवाए णं -***

१. सव्वत्थोवा **पुढविकाइया** दाहिणे णं,

२. उत्तरे णं विसेसाहिया,

३. पुरत्थिमे णं विसेसाहिया,

४. पच्चत्थिमे णं विसेसाहिया।

२. ***दिसाणुवाए णं -***

१. सव्वत्थोवा **आउक्काइया** पच्चत्थिमे णं,

२. पुरत्थिमे णं विसेसाहिया,

३. दाहिणे णं विसेसाहिया,

४. उत्तरे णं विसेसाहिया।

३. ***दिसाणुवाए णं -***

१-२. सव्वत्थोवा **तेउक्काइया** दाहिणुत्तरे णं,

**१३५. પર્યાપ્તકો અને અપર્યાપ્તકોના અંતરકાળનું પ્રરુપણ :**

પર્યાપ્તકનું અંતર જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત છે.

અપર્યાપ્તકનું અંતર જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમશતપૃથકત્વ છે.

ત્રીજુ (નોપર્યાપ્તક નોઅપર્યાપ્તક)નું અન્તર નથી.

**१३६. સિદ્ધ - અસિદ્ધ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સિદ્ધો અને અસિદ્ધોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા સિદ્ધ છે.

૨. તેનાથી અસિદ્ધ અનંતગુણા છે.

**१३७. દિશાઓની અપેક્ષાએ સંસારી સિદ્ધ જીવોનું અલ્પબહુત્વ :**

***દિશાઓની અપેક્ષાએ -***

૧. સૌથી થોડા જીવ પશ્ચિમ દિશામાં છે,

૨. (તેનાથી) પૂર્વ દિશામાં વિશેષાધિક છે,

૩. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે.

૧. ***દિશાઓની અપેક્ષાએ -***

૧. સૌથી થોડા **પૃથ્વીકાયિક જીવ** દક્ષિણ-દિશામાં છે,

૨. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે,

૩. (તેનાથી) પૂર્વદિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) પશ્ચિમદિશામાં વિશેષાધિક છે.

૨. ***દિશાઓની અપેક્ષાએ -***

૧. સૌથી થોડા **અપ્કાયિક જીવ** પશ્ચિમ દિશામાં છે,

૨. (તેનાથી) પૂર્વદિશામાં વિશેષાધિક છે,

૩. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે.

૩. ***દિશાઓની અપેક્ષાએ -***

૧-૨ સૌથી થોડા **તેજસ્કાયિક** જીવ દક્ષિણ અને ઉત્તરદિશામાં છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ३. पुरत्थिमे णं संखेज्जगुणा, | ૩. (તેનાથી) પૂર્વદિશામાં સંખ્યાતગુણા છે, |
| ४. पच्चत्थिमे णं विसेसाहिया। | ૪. (તેનાથી) પશ્ચિમદિશામાં વિશેષાધિક છે. |
| ४. *दिसाणुवाए णं -* | ૪. *દિશાઓની અપેક્ષાએ-* |
| १. सव्वत्थोवा **वाउक्काइया** पुरत्थिमे णं, | ૧. સૌથી થોડા **વાયુકાયિક જીવ** પૂર્વદિશામાં છે, |
| २. पच्चत्थिमे णं विसेसाहिया, | ૨. (તેનાથી) પશ્ચિમદિશામાં વિશેષાધિક છે, |
| ३. उत्तरे णं विसेसाहिया, | ૩. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે, |
| ४. दाहिणे णं विसेसाहिया। | ૪. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે. |
| ५. *दिसाणुवाए णं -* | ૫. *દિશાઓની અપેક્ષાએ -* |
| १. सव्वत्थोवा **वणस्सइक्काइया** पच्चत्थिमे णं, | ૧. સૌથી થોડા **વનસ્પતિકાયિક જીવ** પશ્ચિમદિશામાં છે, |
| २. पुरत्थिमे णं विसेसाहिया, | ૨. (તેનાથી) પૂર્વદિશામાં વિશેષાધિક છે, |
| ३. दाहिणे णं विसेसाहिया, | ૩. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે, |
| ४. उत्तरे णं विसेसाहिया। | ૪. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે. |
| १. *दिसाणुवाए णं -* | ૧. *દિશાઓની અપેક્ષાએ -* |
| १. सव्वत्थोवा **बेइंदिया** पच्चत्थिमे णं, | ૧. સૌથી થોડા **દ્વીન્દ્રિય જીવ** પશ્ચિમદિશામાં છે, |
| २. पुरत्थिमे णं विसेसाहिया, | ૨. (તેનાથી) પૂર્વ દિશામાં વિશેષાધિક છે, |
| ३. दाहिणे णं विसेसाहिया, | ૩. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, |
| ४. उत्तरे णं विसेसाहिया। | ૪. (તેનાથી) ઉત્તર દિશામાં વિશેષાધિક છે. |
| २. *दिसाणुवाए णं -* | ૨. *દિશાઓની અપેક્ષાએ -* |
| १. सव्वत्थोवा **तेइंदिया** पच्चत्थिमे णं, | ૧. સૌથી થોડા **ત્રેઈન્દ્રિય જીવ** પશ્ચિમદિશામાં છે, |
| २. पुरत्थिमे णं विसेसाहिया, | ૨. (તેનાથી) પૂર્વ દિશામાં વિશેષાધિક છે, |
| ३. दाहिणे णं विसेसाहिया, | ૩. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, |
| ४. उत्तरे णं विसेसाहिया। | ૪. (તેનાથી) ઉત્તર દિશામાં વિશેષાધિક છે. |
| ३. *दिसाणुवाए णं -* | ૩. *દિશાઓની અપેક્ષાએ -* |
| १. सव्वत्थोवा **चउरिंदिया** पच्चत्थिमे णं, | ૧. સૌથી થોડા **ચૌરેન્દ્રિય જીવ** પશ્ચિમ દિશામાં છે, |
| २. पुरत्थिमे णं विसेसाहिया, | ૨. (તેનાથી) પૂર્વદિશામાં વિશેષાધિક છે, |
| ३. दाहिणे णं विसेसाहिया, | ૩. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, |
| ४. उत्तरे णं विसेसाहिया। | ૪. (તેનાથી) ઉત્તર દિશામાં વિશેષાધિક છે. |
| १. *दिसाणुवाए णं -* | ૧. *દિશાઓની અપેક્ષાએ-* |
| १-२-३. सव्वत्थोवा **नेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं, | ૧-૨-૩ સૌથી થોડા **નૈરયિક** પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે, |
| ४. दाहिणे णं असंखेज्जगुणा। | ૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. |

२. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **रयणप्पभापुढविणेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

३. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **सक्करप्पभापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

४. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **वालुयप्पभापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

५. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **पंकप्पभापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

६. *दिसाणुवाए णं-*

१-२-३. सव्वत्थोवा **धूमप्पभापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

७. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **तमप्पभापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

८. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा **अहेसत्तमापुढविनेरइया** पुरत्थिमे-पच्चत्थिमे-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

दाहिणिल्लेहिंतो अहेसत्तमापुढविनेरइएहिंतो **छट्ठीए तमाए पुढवीए** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

दाहिणिल्लेहिंतो तमापुढविनेरइएहिंतो **पंचमाए धूमप्पभाए पुढवीए** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

૨. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **રત્નપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણદિશામાં અસંખ્યાતગુણા છે.

૩. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **શર્કરાપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

૪. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **વાલુકાપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

૫. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **પંકપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

૬. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **ધૂમપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

૭. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **તમઃપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

૮. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા **અધઃસપ્તમપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે.

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

દક્ષિણદિશાવર્તી અધઃસપ્તમપૃથ્વીના નૈરયિકોથી **છઠી તમઃપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણ દિશામાં છે.

દક્ષિણદિશાવર્તી તમઃપ્રભાપૃથ્વીના નૈરયિકોથી **પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણદિશામાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दाहिणिल्लेहिंतो धूमप्पभापुढविनेरइएहिंतो ***चउत्थीए पंकप्पभाए पुढवीए*** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

દક્ષિણદિશાવર્તી ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકોથી ***ચોથી પંકપ્રભાપૃથ્વીના*** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણદિશામાં છે.

दाहिणिल्लेहिंतो पंकप्पभापुढविनेरइएहिंतो ***तइयाए बालुयप्पभाए पुढवीए*** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

દક્ષિણદિશાવર્તી પંકપ્રભાપૃથ્વીના નૈરયિકોથી ***ત્રીજી વાલુકાપ્રભાપૃથ્વીના*** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણદિશામાં છે.

दाहिणिल्लेहिंतो बालुयप्पभापुढविनेरइएहिंतो ***दुइयाए सक्करप्पभाए पुढवीए*** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

દક્ષિણદિશાવર્તી વાલુકાપ્રભાપૃથ્વીના નૈરયિકોથી ***બીજી શર્કરાપ્રભાપૃથ્વીના*** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણ દિશામાં છે.

दाहिणिल्लेहिंतो सक्करप्पभापुढविनेरइएहिंतो ***इमीसे रयणप्पभाए पुढवीए*** नेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं असंखेज्जगुणा, दाहिणे णं असंखेज्जगुणा।

દક્ષિણદિશાવર્તી શર્કરાપ્રભાપૃથ્વીના નૈરયિકોથી ***પહેલી રત્નપ્રભાપૃથ્વીના*** નૈરયિક પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને (તેનાથી પણ) અસંખ્યાતગુણા દક્ષિણદિશામાં છે.

१. ***दिसाणुवाए णं -***

१. सव्वत्थोवा **पंचेंदिय-तिरिक्खजोणिया** पच्चत्थिमे णं,

२. पुरत्थिमे णं विसेसाहिया,

३. दाहिणे णं विसेसाहिया,

४. उत्तरे णं विसेसाहिया।

૧. ***દિશાઓની અપેક્ષાએ -***

૧. સૌથી થોડા **પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ** પશ્ચિમદિશામાં છે,

૨. (તેનાથી) પૂર્વ દિશામાં વિશેષાધિક છે,

૩. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે.

१. ***दिसाणुवाए णं -***

१-२. सव्वत्थोवा **मणुस्सा** दाहिण-उत्तरे णं,

३. पुरत्थिमे णं विसेसाहिया,

४. पच्चत्थिमे णं विसेसाहिया।

૧. ***દિશાઓની અપેક્ષાએ-***

૧-૨. સૌથી થોડા **મનુષ્ય** દક્ષિણ અને ઉત્તરદિશામાં છે,

૩. (તેનાથી) પૂર્વ દિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે.

१. ***दिसाणुवाए णं -***

१-२. सव्वत्थोवा **भवणवासी देवा** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. उत्तरे णं असंखेज्जगुणा,

४. दाहिणे णं असंखेज्जगुणा।

૧. ***દિશાઓની અપેક્ષાએ-***

૧-૨. સૌથી થોડા **ભવનવાસી દેવ** પૂર્વ અને પશ્ચિમમાં છે,

૩. (તેનાથી) ઉત્તરદિશામાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણદિશામાં અસંખ્યાતગુણા છે.

२. ***दिसाणुवाए णं -***

१. सव्वत्थोवा **वाणमंतरा देवा** पुरत्थिमे णं,

२. पच्चत्थिमे णं विसेसाहिया,

૨. ***દિશાઓની અપેક્ષાએ-***

૧. સૌથી થોડા **વાણવ્યંતર દેવ** પૂર્વદિશામાં છે,

૨. (તેનાથી) પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. उत्तरे णं विसेसाहिया,

४. दाहिणे णं विसेसाहिया।

३. *दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा **जोइसिया देवा** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. दाहिणे णं विसेसाहिया,

४. उत्तरे णं विसेसाहिया।

४. *दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा देवा **सोहम्मे कप्पे** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. उत्तरे णं असंखेज्जगुणा,

४. दाहिणे णं विसेसाहिया।

५. *दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा देवा **ईसाणे कप्पे** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. उत्तरे णं असंखेज्जगुणा,

४. दाहिणे णं विसेसाहिया।

६. *दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा देवा **सणंकुमारे कप्पे** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. उत्तरे णं असंखेज्जगुणा,

४. दाहिणे णं विसेसाहिया।

७. *दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा देवा **माहिंदे कप्पे** पुरत्थिम-पच्चत्थिमे णं,

३. उत्तरे णं असंखेज्जगुणा,

४. दाहिणे णं विसेसाहिया।

८. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा देवा **बंभलोए कप्पे** पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

९. *दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा देवा **लंतए कप्पे** पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं,

૩. (તેનાથી) ઉત્તર દિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

૩. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨. સૌથી થોડા **જ્યોતિષ્કદેવ** પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે,

૩. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે,

૪. (તેનાથી) ઉત્તરદિશામાં વિશેષાધિક છે.

૪. **દિશાઓની અપેક્ષાએ-**

૧-૨. સૌથી થોડા દેવ **સૌધર્મકલ્પમાં** પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે,

૩. (તેનાથી) ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

૫. **દિશાઓની અપેક્ષાએ-**

૧-૨. સૌથી થોડા દેવ **ઈશાનકલ્પમાં** પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે,

૩. (તેનાથી) ઉત્તરદિશામાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

૬. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨ સૌથી થોડા **દેવ સનત્કુમારકલ્પમાં** પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે,

૩. (તેનાથી) ઉત્તરદિશામાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે.

૭. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨ સૌથી થોડા દેવ **માહેન્દ્રકલ્પમાં** પૂર્વ અને પશ્ચિમદિશામાં છે,

૩. (તેનાથી) ઉત્તરદિશામાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દક્ષિણદિશામાં વિશેષાધિક છે.

૮. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા દેવ **બ્રહ્મલોકકલ્પમાં** પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે,

૪. (તેનાથી) દક્ષિણદિશામાં અસંખ્યાતગુણા છે.

૯. *દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા દેવ **લાંતકકલ્પમાં** પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. दाहिणे णं असंखेज्जगुणा।

४. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

*१०. दिसाणुवाए णं -*

१-२-३. सव्वत्थोवा देवा **महासुक्के कप्पे** पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

*૧૦. દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા દેવ **મહાશુક્રકલ્પમાં** પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે,

૪. (તેનાથી) દક્ષિણદિશામાં અસંખ્યાતગુણા છે.

*११. दिसाणुवाए णं-*

१-२-३. सव्वत्थोवा देवा **सहस्सारे कप्पे** पुरत्थिम-पच्चत्थिम-उत्तरे णं,

४. दाहिणे णं असंखेज्जगुणा।

***तेण परं बहुसमोववण्णगा समणाउसो !***

*૧૧. દિશાઓની અપેક્ષાએ-*

૧-૨-૩. સૌથી થોડા દેવ સહસ્રારકલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં છે,

૪. (તેનાથી) દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

***હે આયુષ્મન્ શ્રમણો ! આના પછીના (દરેક કલ્પ ગ્રૈવેયક અને અનુત્તર દેવલોકોમાં ચારે દિશાઓમાં) સમાન ઉત્પન્ન થવાવાળા છે.***

*१२. दिसाणुवाए णं -*

१-२. सव्वत्थोवा सिद्धा दाहिणुत्तरे णं,

३. पुरत्थिमे णं संखेज्जगुणा,

४. पच्चत्थिमे णं विसेसाहिया।

- पण्ण. प. ३, सु. २१३-२२४

*૧૨. દિશાઓની અપેક્ષાએ-*

૧-૨. સૌથી થોડા સિદ્ધ દક્ષિણ અને ઉત્તરદિશામાં છે,

૩. (તેનાથી) પૂર્વમાં સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પશ્ચિમદિશામાં વિશેષાધિક છે.

### *१३८. ओहेण संसारी जीवाणं अप्पबहुत्तं -*

अह भंते ! सव्वजीवप्पबहुं महादंडयं वत्तइस्सामि,

१. सव्वत्थोवा गब्भवक्कंतिया मणुस्सा,
२. मणुस्सीओ संखेज्जगुणाओ,
३. बायरतेउक्काइया पज्जत्तया असंखेज्जगुणा,
४. अणुत्तरोववाइया देवा असंखेज्जगुणा,
५. उवरिमगेवेज्जगा देवा संखेज्जगुणा,
६. मज्झिमगेवेज्जगा देवा संखेज्जगुणा,
७. हेट्ठिमगेवेज्जगा देवा संखेज्जगुणा,
८. अच्चुए कप्पे देवा संखेज्जगुणा,
९. आरणे कप्पे देवा संखेज्जगुणा,
१०. पाणए कप्पे देवा संखेज्जगुणा,
११. आणए कप्पे देवा संखेज्जगुणा,
१२. अहेसत्तमाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

### ૧૩૮. ઓઘથી સંસારી જીવોનું અલ્પબહુત્વ -

ભંતે ! હવે હું સર્વ જીવોના અલ્પબહુત્વનું નિરુપણ કરનાર મહાદંડકનું વર્ણન કરીશ (કરુ છું).

૧. સૌથી થોડા ગર્ભવ્યુત્ક્રાન્તિક મનુષ્ય છે,
૨. (તેનાથી) મનુષ્યસ્ત્રીઓ સંખ્યાતગુણી છે,
૩. (તેનાથી) બાદર તેજસ્કાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે,
૪. (તેનાથી) અનુત્તરોપપાતિક દેવ અસંખ્યાતગુણા છે,
૫. (તેનાથી) ઉપરિમ ગ્રૈવેયકદેવ સંખ્યાતગુણા છે,
૬. (તેનાથી) મધ્યમ ગ્રૈવેયકદેવ સંખ્યાતગુણા છે,
૭. (તેનાથી) અધઃસ્તન ગ્રૈવેયકદેવ સંખ્યાતગુણા છે,
૮. (તેનાથી) અચ્યુતકલ્પના દેવ સંખ્યાતગુણા છે,
૯. (તેનાથી) આરણકલ્પના દેવ સંખ્યાતગુણા છે,
૧૦. (તેનાથી) પ્રાણતકલ્પના દેવ સંખ્યાતગુણા છે,
૧૧. (તેનાથી) આનતકલ્પના દેવ સંખ્યાતગુણા છે,
૧૨. (તેનાથી) અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३. छट्ठीए तमाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

१४. सहस्सारे कप्पे देवा असंखेज्जगुणा,

१५. महासुक्के कप्पे देवा असंखेज्जगुणा,

१६. पंचमाए धूमप्पमाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

१७. लंतए कप्पे देवा असंखेज्जगुणा,

१८. चउत्थीए पंकप्पभाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

१९. बंभलोए कप्पे देवा असंखेज्जगुणा,

२०. तच्चाए वालुयप्पभाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

२१. माहिंदकप्पे देवा असंखेज्जगुणा,

२२. सणंकुमारे कप्पे देवा असंखेज्जगुणा,

२३. दोच्चाए सक्करप्पभाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

२४. सम्मुच्छिमणुस्सा असंखेज्जगुणा,

२५. ईसाणे कप्पे देवा असंखेज्जगुणा,

२६. ईसाणे कप्पे देवीओ संखेज्जगुणाओ,

२७. सोहम्मे कप्पे देवा संखेज्जगुणा,

२८. सोहम्मे कप्पे देवीओ संखेज्जगुणाओ,

२९. भवणवासी देवा असंखेज्जगुणा,

३०. भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ,

३१. इमीसे रयणप्पभाए पुढवीए नेरइया असंखेज्जगुणा,

३२. खहयरपंचिंदियतिरिक्खजोणिया पुरिसा असंखेज्जगुणा,

३३. खहयरपंचेंदियतिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

३४. थलयरपंचेंदियतिरिक्खजोणिया पुरिसा संखेज्जगुणा,

३५. थलयरपंचेंदियतिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

३६. जलयरपंचेंदियतिरिक्खजोणिया पुरिसा संखेज्जगुणा,

૧૩. (તેનાથી) છઠી તમ:પ્રભા પૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૧૪. (તેનાથી) સહસ્રારકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૧૫. (તેનાથી) મહાશુક્રકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૧૬. (તેનાથી) પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૧૭. (તેનાથી) લાંતકકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૧૮. (તેનાથી) ચોથી પંકપ્રભાપૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૧૯. (તેનાથી) બ્રહ્મલોકકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૨૦. (તેનાથી) ત્રીજી વાલુકાપ્રભાપૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૨૧. (તેનાથી) માહેન્દ્રકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૨૨. (તેનાથી) સનત્કુમારકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૨૩. (તેનાથી) બીજા શર્કરાપ્રભાપૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૨૪. (તેનાથી) સમ્મૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતગુણા છે,

૨૫. (તેનાથી) ઈશાનકલ્પના દેવ અસંખ્યાતગુણા છે,

૨૬. (તેનાથી) ઈશાનકલ્પની દેવિઓ સંખ્યાતગુણી છે,

૨૭. (તેનાથી) સૌધર્મકલ્પના દેવ સંખ્યાતગુણા છે,

૨૮. (તેનાથી) સૌધર્મકલ્પની દેવિઓ સંખ્યાતગુણી છે,

૨૯. (તેનાથી) ભવનવાસી દેવ અસંખ્યાતગુણા છે,

૩૦. (તેનાથી) ભવનવાસી દેવિઓ સંખ્યાતગુણી છે,

૩૧. (તેનાથી) આ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિક અસંખ્યાતગુણા છે,

૩૨. (તેનાથી) ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષ અસંખ્યાતગુણા છે,

૩૩. (તેનાથી) ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રિઓ સંખ્યાતગુણી છે,

૩૪. (તેનાથી) સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષ સંખ્યાતગુણા છે,

૩૫. (તેનાથી) સ્થળચર પંચેન્દ્રિય-તિર્યંચયોનિક સ્ત્રિઓ સંખ્યાતગુણી છે,

૩૬. (તેનાથી) જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષ સંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ३७. जलयरपंचेंदियतिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, | ૩૭. (તેનાથી) જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રિઓ સંખ્યાતગુણી છે, |
| ३८. वाणमंतरा देवा संखेज्जगुणा, | ૩૮. (તેનાથી) વાણવ્યંતર દેવ સંખ્યાતગુણા છે, |
| ३९. वाणमंतरीओ देवीओ संखेज्जगुणाओ, | ૩૯. (તેનાથી) વાણવ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે, |
| ४०. जोइसिया देवा संखेज्जगुणा, | ૪૦. (તેનાથી) જ્યોતિષ્ક દેવ સંખ્યાતગુણા છે, |
| ४१. जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ, | ૪૧. (તેનાથી) જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે, |
| ४२. खहयरपंचेंदियतिरिक्खजोणिया णपुंसगा संखेज्जगुणा, | ૪૨. (તેનાથી) ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક સંખ્યાતગુણા છે, |
| ४३. थलयरपंचेंदियतिरिक्खजोणिया णपुंसगा संखेज्जगुणा, | ૪૩. (તેનાથી) સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક સંખ્યાતગુણા છે, |
| ४४. जलयरपंचेंदियतिरिक्खजोणिया णपुंसगा संखेज्जगुणा, | ૪૪. (તેનાથી) જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક સંખ્યાતગુણા છે, |
| ४५. चउरिंदिया पज्जत्तया संखेज्जगुणा, | ૪૫. (તેનાથી) ચૌરેન્દ્રિય પર્યાપ્તક સંખ્યાતગુણા છે, |
| ४६. पंचेंदिया पज्जत्तया विसेसाहिया, | ૪૬. (તેનાથી) પંચેન્દ્રિય પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ४७. बेइंदिया पज्जत्तया विसेसाहिया, | ૪૭. (તેનાથી) દ્વીન્દ્રિય પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ४८. तेइंदिया पज्जत्तया विसेसाहिया, | ૪૮. (તેનાથી) ત્રિઈન્દ્રિય પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ४९. पंचिंदिया अपज्जत्तया असंखेज्जगुणा, | ૪૯. (તેનાથી) પંચેન્દ્રિય અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५०. चउरिंदिया अपज्जत्तया विसेसाहिया, | ૫૦. (તેનાથી) ચૌરેન્દ્રિય અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ५१. तेइंदिया अपज्जत्तया विसेसाहिया, | ૫૧. (તેનાથી) ત્રિઈન્દ્રિય અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ५२. बेइंदिया अपज्जत्तया विसेसाहिया, | ૫૨. (તેનાથી) દ્વીન્દ્રિય અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ५३. पत्तेयसरीरबायर वणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा, | ૫૩. (તેનાથી) પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५४. बायरणिगोया पज्जत्तया असंखेज्जगुणा, | ૫૪. (તેનાથી) બાદર નિગોદ પર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५५. बायर पुढविकाइया पज्जत्तया असंखेज्जगुणा, | ૫૫. (તેનાથી) બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५६. बायर आउकाइया पज्जत्तया असंखेज्जगुणा, | ૫૬. (તેનાથી) બાદર અપ્કાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५७. बायरवाउकाइया पज्जत्तया असंखेज्जगुणा, | ૫૭. (તેનાથી) બાદર વાયુકાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५८. बायरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, | ૫૮. (તેનાથી) બાદર તેજસ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ५९. पत्तेयसरीरबादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૫૯. (તેનાથી) પ્રત્યેક શરીર-બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ६०. बायरणिगोया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૬૦. (તેનાથી) બાદર નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ६१. बायर पुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૬૧. (તેનાથી) બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ६२. बायर आउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૬૨. (તેનાથી) બાદર અપ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ६३. बायर वाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૬૩. (તેનાથી) બાદર વાયુકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ६४. सुहुमतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૬૪. (તેનાથી) સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ६५. सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, | ૬૫. (તેનાથી) સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ६६. सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, | ૬૬. (તેનાથી) સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ६७. सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, | ૬૭. (તેનાથી) સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ६८. सुहुमतेउकाइया पज्जत्तगा संखेज्जगुणा, | ૬૮. (તેનાથી) સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે, |
| ६९. सुहुमपुढविकाइया पज्जत्तगा विसेसाहिया, | ૬૯. (તેનાથી) સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ७०. सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, | ૭૦. (તેનાથી) સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ७१. सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, | ૭૧. (તેનાથી) સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ७२. सुहुमणिगोया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૭૨. (તેનાથી) સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ७३. सुहुमणिगोया पज्जत्तगा संखेज्जगुणा, | ૭૩. (તેનાથી) સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે, |
| ७४. अभवसिद्धिया अणंतगुणा, | ૭૪. (તેનાથી) અભવસિદ્ધિક અનન્તગુણા છે, |
| ७५. परिवडियसम्मत्ता अणंतगुणा, | ૭૫. (તેનાથી) સમ્યક્ત્વથી ભ્રષ્ટ અનન્તગુણા છે, |
| ७६. सिद्धा अणंतगुणा, | ૭૬. (તેનાથી) સિદ્ધ અનન્તગુણા છે, |
| ७७. बायरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, | ૭૭. (તેનાથી) બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તક અનન્તગુણા છે, |
| ७८. बायरपज्जत्तगा विसेसाहिया, | ૭૮. (તેનાથી) બાદર પર્યાપ્તક વિશેષાધિક છે, |
| ७९. बायरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, | ૭૯. (તેનાથી) બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે, |
| ८०. बायर अपज्जत्तगा विसेसाहिया, | ૮૦. (તેનાથી) બાદર અપર્યાપ્તક વિશેષાધિક છે, |
| ८१. बायरा विसेसाहिया, | ૮૧. (તેનાથી) બાદર વિશેષાધિક છે, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८२. सुहुमवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,
८३. सुहुमा अपज्जत्तगा विसेसाहिया,
८४. सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा,
८५. सुहुमपज्जत्तगा विसेसाहिया,
८६. सुहुमा विसेसाहिया,
८७. भवसिद्धिया विसेसाहिया,
८८. निगोदजीवा विसेसाहिया,
८९. वणप्फइजीवा विसेसाहिया,
९०. एगिंदिया विसेसाहिया,
९१. तिरिक्खजोणिया विसेसाहिया,
९२. मिच्छदिट्ठी विसेसाहिया,
९३. अविरया विसेसाहिया,
९४. सकसाई विसेसाहिया,
९५. छउमत्था विसेसाहिया,
९६. सजोगी विसेसाहिया,
९७. संसारत्था विसेसाहिया,
९८. सव्वजीवा विसेसाहिया।

- पण्ण. प. ३, सु. ३३४

८२. (તેનાથી) સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,
૮૩. (તેનાથી) સૂક્ષ્મ અપર્યાપ્તક વિશેષાધિક છે,
૮૪. (તેનાથી) સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે,
૮૫. (તેનાથી) સૂક્ષ્મ પર્યાપ્તક વિશેષાધિક છે,
૮૬. (તેનાથી) સૂક્ષ્મ વિશેષાધિક છે,
૮૭. (તેનાથી) ભવસિદ્ધિક વિશેષાધિક છે,
૮૮. (તેનાથી) નિગોદના જીવ વિશેષાધિક છે,
૮૯. (તેનાથી) વનસ્પતિજીવ વિશેષાધિક છે,
૯૦. (તેનાથી) એકેન્દ્રિય જીવ વિશેષાધિક છે,
૯૧. (તેનાથી) તિર્યંચયોનિક વિશેષાધિક છે,
૯૨. (તેનાથી) મિથ્યાદૃષ્ટિ જીવ વિશેષાધિક છે,
૯૩. (તેનાથી) અવિરત જીવ વિશેષાધિક છે,
૯૪. (તેનાથી) સકષાયી જીવ વિશેષાધિક છે,
૯૫. (તેનાથી) છદ્મસ્થ જીવ વિશેષાધિક છે,
૯૬. (તેનાથી) સયોગી જીવ વિશેષાધિક છે,
૯૭. (તેનાથી) સંસારસ્થ જીવ વિશેષાધિક છે,
૯૮. (તેનાથી) સર્વજીવ વિશેષાધિક છે.

**१३९. दसविह विवक्खया संसारी जीवाणं अप्पवहुत्तं-**

प. एएसि णं भंते ! पुढविकाइयाणं, आउकाइयाणं, तेउकाइयाणं, वाउकाइयाणं, वणस्सइकाइयाणं, बेइंदियाणं, तेइंदियाणं, चउरिंदियाणं, पंचेंदियाणं, अणिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा पंचेंदिया,
२. चउरिंदिया विसेसाहिया,
३. तेइंदिया विसेसाहिया,
४. वेइंदिया विसेसाहिया,
५. तेउकाइया असंखेज्जगुणा,
६. पुढविकाइया विसेसाहिया,
७. आउकाइया विसेसाहिया,
८. वाउकाइया विसेसाहिया,

**૧૩૯. દસવિધ વિવક્ષાથી સંસારી જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, દ્વીન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે.

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા પંચેન્દ્રિય છે,
૨. (તેનાથી) ચૌરેન્દ્રિય વિશેષાધિક છે,
૩. (તેનાથી) ત્રિઈન્દ્રિય વિશેષાધિક છે,
૪. (તેનાથી) દ્વીન્દ્રિય વિશેષાધિક છે,
૫. (તેનાથી) તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે,
૬. (તેનાથી) પૃથ્વીકાયિક વિશેષાધિક છે,
૭. (તેનાથી) અપ્કાયિક વિશેષાધિક છે,
૮. (તેનાથી) વાયુકાયિક વિશેષાધિક છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९. अणिंदिया अणंतगुणा,

१०. वणस्सइकाइया अणंतगुणा।[१]

- जीवा. पडि. ९, सु. २५८

९. (તેનાથી) અનિન્દ્રિય અનન્તગુણા છે,

૧૦. (તેનાથી) વનસ્પતિકાયિક અનન્તગુણા છે.

**१४०. जोगं पडुच्च चोद्दसविहं संसारी जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते! चोद्दसविहाणं संसारसमावन्नगाणं जीवाणं जहन्नुक्कोसगस्स जोगस्स कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवे सुहुमस्स अपज्जत्तगस्स जहन्नए जोए,

२. बायरस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

३. बेइंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

४. तेइंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

५. चउरिंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

६. असन्निस्स पंचेंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

७. सन्निस्स पंचेंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

८. सुहुमस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

९. बायरस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

१०. सुहुमस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे।

११. बायरस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे।

१२. सुहुमस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

१३. बायरस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

१४. बेइंदियस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे,

**૧૪૦. યોગાપેક્ષા ચૌદ પ્રકારના સંસારી જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ ચૌદ પ્રકારના સંસાર સમાપન્નક જીવોના યોગ જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. અપર્યાપ્તક સૂક્ષ્મ એકેન્દ્રિયના જઘન્ય યોગ સૌથી થોડા છે,

૨. (તેનાથી) બાદર અપર્યાપ્તક એકેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) અપર્યાપ્તક દ્વીન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) અપર્યાપ્તક ત્રેઈન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૫. (તેનાથી) અપર્યાપ્તક ચૌરેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) અપર્યાપ્તક અસંજ્ઞી પંચેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૭. (તેનાથી) અપર્યાપ્તક સંજ્ઞી પંચેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) પર્યાપ્તક સૂક્ષ્મ એકેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૯. (તેનાથી) પર્યાપ્તક બાદર એકેન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

૧૦. (તેનાથી) અપર્યાપ્તક સૂક્ષ્મ એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૧૧. (તેનાથી) અપર્યાપ્તક બાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૧૨. (તેનાથી) પર્યાપ્તક સૂક્ષ્મ એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૧૩. (તેનાથી) બાદર પર્યાપ્તક એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૧૪. (તેનાથી) પર્યાપ્તક દ્વીન્દ્રિયના જઘન્ય યોગ અસંખ્યાતગુણા છે,

१. जीवा. पडि. ८, सु. २२८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५-१८. तेइंदियस्स **एवं-जाव**-सन्निस्स पंचेंदियस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे।

१९. बेइंदियस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२०-२३. एवं तेइंदियस्स वि **एवं -जाव**- सण्णिपंचेंदियस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२४. बेइंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२५. तेइंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२६. चउरिंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२७. असन्नि पंचिंदिय पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे,

२८. सण्णिस्स पंचिंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे।

- विया. स. २५, उ. १, सु. ५

૧૫-૧૮. (તેનાથી) પર્યાપ્તક ત્રેઈન્દ્રિય **આ પ્રમાણે -યાવત્**- (પર્યાપ્તક ચૌરેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય) પર્યાપ્તક સંજ્ઞી પંચેન્દ્રિયના જઘન્ય યોગ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે.

૧૯. (તેનાથી) અપર્યાપ્તક દ્વીન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૨૦-૨૩ (તેનાથી) અપર્યાપ્તક ત્રેઈન્દ્રિય **આ પ્રમાણે -યાવત્**- (અપર્યાપ્તક ચૌરેન્દ્રિય, અપર્યાપ્તક અસંજ્ઞી પંચેન્દ્રિય) અપર્યાપ્તક સંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે,

૨૪. (તેનાથી) પર્યાપ્તક દ્વીન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૨૫. (તેનાથી) પર્યાપ્તક ત્રેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૨૬. (તેનાથી) પર્યાપ્તક ચૌરેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૨૭. (તેનાથી) પર્યાપ્તક અસંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે,

૨૮. (તેનાથી) પર્યાપ્તક સંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણા છે.

**१४१. खेत्ताणुवाए णं जीवाणं चाउग्गई जीवाण य अप्पबहुत्तं-**

***१. खेत्ताणुवाए णं-***

१. सव्वत्थोवा **जीवा** उड्ढलोय-तिरियलोए,

२. अहोलोय-तिरियलोए विसेसाहिया,

३. तिरियलोए असंखेज्जगुणा,

४. तेलोक्के असंखेज्जगुणा,

५. उड्ढलोए असंखेज्जगुणा,

६. अहोलोए विसेसाहिया।

***२. खेत्ताणुवाए णं-***

१. सव्वत्थोवा **नेरइया** तेलोक्के,

२. अहोलोय-तिरियलोए असंखेज्जगुणा,

३. अहोलोए असंखेज्जगुणा।

**૧૪૧. ક્ષેત્રની અપેક્ષાએ જીવો અને ચતુર્ગતિક જીવોનું અલ્પબહુત્વ :**

***૧. ક્ષેત્રની અપેક્ષાએ-***

૧. સૌથી થોડા **જીવ** ઉર્ધ્વલોક તિર્યક્લોકમાં છે,

૨. (તેનાથી) અધોલોક તિર્યક્લોકમાં વિશેષાધિક છે,

૩. (તેનાથી) તિર્યક્લોકમાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) ત્રૈલોક્ય (ત્રણે લોક) માં અસંખ્યાતગુણા છે,

૫. (તેનાથી) ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) અધોલોકમાં વિશેષાધિક છે.

***૨. ક્ષેત્રની અપેક્ષાએ-***

૧. સૌથી થોડા **નૈરયિક જીવ** છે.

૨. (તેનાથી) અધોલોક-તિર્યક્ (મધ્ય) લોકમાં અસંખ્યાતગુણા છે.

૩. (તેનાથી) અધોલોકમાં અસંખ્યાતગુણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. *खेत्ताणुवाए णं-*

१. सव्वत्थोवा **तिरिक्खजोणिया** उड्ढलोय-तिरियलोए,

२. अहोलोय- तिरियलोए विसेसाहिया,

३. तिरियलोए असंखेज्जगुणा,

४. तेल्लोक्के असंखेज्जगुणा,

५. उड्ढलोए असंखेज्जगुणा,

६. अहोलोए विसेसाहिया।

૩. *ક્ષેત્રની અપેક્ષાએ-*

૧. સૌથી થોડા **તિર્યંચયોનિક** ઉર્ધ્વલોક તિર્યક્લોકમાં છે,

૨.(તેનાથી)અધોલોક મધ્યલોકમાંવિશેષાધિકછે,

૩. (તેનાથી) મધ્યલોકમાં અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) ત્રૈલોકયમાં અસંખ્યાતગુણા છે,

૫. (તેનાથી) ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) અધોલોકમાં વિશેષાધિક છે.

४. *खेत्ताणुवाए णं-*

१. सव्वत्थोवाओ **तिरिक्खजोणिणीओ** उड्ढलोए,

२. उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणाओ,

३. तेलोक्के संखेज्जगुणाओ,

४. अहोलोय- तिरियलोए संखेज्जगुणाओ,

५. अहोलोए संखेज्जगुणाओ,

६. तिरियलोए संखेज्जगुणाओ।

૪. *ક્ષેત્રની અપેક્ષાએ-*

૧. સૌથી થોડા **તિર્યંચાણી** (તિર્યંચસ્ત્રી) ઉર્ધ્વલોકમાં છે,

૨.(તેનાથી)ઉર્ધ્વલોક મધ્યલોકમાં અસંખ્યાત-ગુણી છે,

૩. (તેનાથી) ત્રૈલોક્યમાં અસંખ્યાતગુણી છે,

૪. (તેનાથી) અધોલોક મધ્યલોકમાં સંખ્યાત-ગુણી છે,

૫. (તેનાથી) અધોલોકમાં સંખ્યાતગુણી છે,

૬. (તેનાથી) મધ્યલોકમાં સંખ્યાતગુણી છે.

५. *खेत्ताणुवाए णं-*

१. सव्वत्थोवाओ **मणुस्सा** तेलोक्के,

२. उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा,

३. अहोलोय-तिरियलोए संखेज्जगुणा,

४. उड्ढलोए संखेज्जगुणा,

५. अहोलोए संखेज्जगुणा,

६. तिरियलोए संखेज्जगुणा,

૫. *ક્ષેત્રની અપેક્ષાએ-*

૧. સૌથી થોડા **મનુષ્ય** ત્રૈલોક્યમાં છે,

૨. (તેનાથી) ઉર્ધ્વલોક મધ્યલોકમાં અસંખ્યાત ગુણા છે;

૩. (તેનાથી) અધોલોક મધ્યલોકમાં સંખ્યાત ગુણા છે,

૪. (તેનાથી) ઉર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે,

૫. (તેનાથી) અધોલોકમાં સંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) મધ્યલોકમાં સંખ્યાતગુણા છે.

६. *खेत्ताणुवाए णं-*

१. सव्वत्थोवाओ **मणुस्सीओ** तेलोक्के,

२. उड्ढलोय-तिरियलोए संखेज्जगुणाओ,

३. अहोलोय-तिरियलोए संखेज्जगुणाओ,

४. उड्ढलोए संखेज्जगुणाओ,

૬. *ક્ષેત્રની અપેક્ષાએ-*

૧. સૌથી થોડી **મનુષ્યસ્ત્રિઓ** ત્રૈલોકયમાં છે,

૨. (તેનાથી) ઉર્ધ્વલોક મધ્યલોકમાં સંખ્યાત ગુણી છે,

२२. सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया,

२३. सुहुमनिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा,

२४. सुहुमनिगोदा पज्जत्तगा संखेज्जगुणा,

२५. बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा,

२६. बादर पज्जत्तगा विसेसाहिया,

२७. बादर वणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,

२८. बादरा अपज्जत्तगा विसेसाहिया,

२९. बादरा विसेसाहिया,

३०. सुहुमवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,

३१. सुहुमा अपज्जत्तगा विसेसाहिया,

३२. सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा,

३३. सुहुमपज्जत्तगा विसेसाहिया,

३४. सुहुमा विसेसाहिया।[1]

-पण्ण.प. ३, सु. २३७-२५१

१६. (તેનાથી) સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૧૭. (તેનાથી) સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૧૮. (તેનાથી) સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૧૯. (તેનાથી) સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૨૦. (તેનાથી) સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,

૨૧. (તેનાથી) સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,

૨૨. (તેનાથી) સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,

૨૩. (તેનાથી) સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે.

૨૪. (તેનાથી) સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

૨૫. (તેનાથી) બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તક અનન્તગુણા છે,

૨૬. (તેનાથી) બાદર પર્યાપ્તક જીવ વિશેષાધિક છે.

૨૭. (તેનાથી) બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૨૮. (તેનાથી) બાદર અપર્યાપ્તક વિશેષાધિક છે,

૨૯. (તેનાથી) બાદર વિશેષાધિક છે,

૩૦. (તેનાથી) સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩૧. (તેનાથી) સૂક્ષ્મ અપર્યાપ્તક વિશેષાધિક છે,

૩૨. (તેનાથી) સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

૩૩. (તેનાથી) સૂક્ષ્મ પર્યાપ્તક વિશેષાધિક છે,

૩૪. (તેનાથી) સૂક્ષ્મ વિશેષાધિક છે.

**१४५. वित्थरओ सकाइय-अकाइय जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! सकाइया अकाइया य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

**૧૪૫. વિસ્તારથી સકાયિક-અકાયિક જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સકાયિક અને અકાયિક જીવોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે?

१. जीवा. पडि. ५, सु. २२१ (आ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! १. सव्वत्थोवा अकाइया,

२. सकाइया अणंतगुणा ।

- जीवा पडि. ९, सु. २३२

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા અકાયિક છે,

૨. (તેનાથી) સકાયિક અનન્તગુણા છે.

प. एएसि णं भंते ! सकाइयाणं, पुढविकाइयाणं, आउकाइयाणं, तेउकाइयाणं, वाउकाइयाणं, वणस्सइकाइयाणं, तसकाइयाणं, अकाइयाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

प्र. ભંતે ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિક જીવોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तसकाइया,

२. तेउकाइया असंखेज्जगुणा,

३. पुढविकाइया विसेसाहिया,

४. आउकाइया विसेसाहिया,

५. वाउकाइया विसेसाहिया,

६. अकाइया अणंतगुणा,

७. वणस्सइकाइया असंखेज्जगुणा,[१]

८. सकाइया विसेसाहिया,[२]

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસકાયિક છે,

૨. (તેનાથી) તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) પૃથ્વીકાયિક વિશેષાધિક છે,

૪. (તેનાથી) અપ્કાયિક વિશેષાધિક છે,

૫. (તેનાથી) વાયુકાયિક વિશેષાધિક છે,

૬. (તેનાથી) અકાયિક અનન્તગુણા છે,

૭. (તેનાથી) વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) સકાયિક વિશેષાધિક છે.

प. एएसि णं भंते ! सकाइयाणं, पुढविकाइयाणं, आउकाइयाणं, तेउकाइयाणं, वाउकाइयाणं, वणस्सइकाइयाणं, तसकाइयाण य अपज्जत्तगाण कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

प्र. ભંતે ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક અપર્યાપ્તકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तसकाइया अपज्जत्तगा,

२. तेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,

३. पुढविकाइया अपज्जत्तगा विसेसाहिया,

४. आउकाइया अपज्जत्तगा विसेसाहिया,

५. वाउकाइया अपज्जत्तगा विसेसाहिया,

६. वणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा,

७. सकाइया अपज्जत्तगा विसेसाहिया ।

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસકાયિક અપર્યાપ્તક છે,

૨. (તેનાથી) તેજસ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) પૃથ્વીકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૪. (તેનાથી) અપ્કાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૫. (તેનાથી) વાયુકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૬. (તેનાથી) વનસ્પતિકાયિક અપર્યાપ્તક અનન્તગુણા છે,

૭. (તેનાથી) સકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે.

प. एएसि णं भंते ! सकाइयाणं, पुढविकाइयाणं, आउकाइयाणं, तेउकाइयाणं, वाउकाइयाणं, वणस्सइकाइयाणं, तसकाइयाण य पज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

प्र. ભંતે ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક પર્યાપ્તકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

१. (क) विया. स. २६, उ. ३, सु. ११९ (ख) जीवा. पडि. ९, सु. २५२ બરાબર છે વનસ્પતિકાય અનન્તગુણા છે,

२. जीवा. पडि. ५, सु. २१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! १. सव्वत्थोवा तसकाइया पज्जत्तगा,
२. तेउकाइया पज्जत्तगा असंखेज्जगुणा,
३. पुढविकाइया पज्जत्तगा विसेसाहिया,
४. आउकाइया पज्जत्तगा विसेसाहिया,
५. वाउकाइया पज्जत्तगा विसेसाहिया,
६. वणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा,
७. सकाइया पज्जत्तगा विसेसाहिया।

प. एएसि णं भंते ! सकाइया पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा सकाइया अपज्जत्तगा,
२. सकाइया पज्जत्तगा संखेज्जगुणा।

प. एएसि णं भंते ! पुढविकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा पुढविकाइया अपज्जत्तगा,
२. पुढविकाइया पज्जत्तगा संखेज्जगुणा।

प. एएसि णं भंते ! आउकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा आउकाइया अपज्जत्तगा,
२. आउकाइया पज्जत्तगा संखेज्जगुणा।

प. एएसि णं भंते ! तेउकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तेउकाइया अपज्जत्तगा,
२. तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा,

प. एएसि णं भंते ! वाउकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસકાયિક પર્યાપ્તક છે,
૨. (તેનાથી) તેજસ્કાયિક પર્યાપ્તક અસંખ્યાત ગુણા છે,
૩. (તેનાથી) પૃથ્વીકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,
૪. (તેનાથી) અપ્કાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,
૫. (તેનાથી) વાયુકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,
૬. (તેનાથી) વનસ્પતિકાયિક પર્યાપ્તક અનન્તગુણા છે,
૭. (તેનાથી) સકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે.

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક સકાયિકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા સકાયિક અપર્યાપ્તક છે,
૨. (તેનાથી) સકાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક પૃથ્વીકાયિકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા પૃથ્વીકાયિક અપર્યાપ્તક છે,
૨. (તેનાથી) પૃથ્વીકાયિક પર્યાપ્તક સંખ્યાત ગુણા છે.

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક અપ્કાયિકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા અપ્કાયિક અપર્યાપ્તક છે,
૨. (તેનાથી) અપ્કાયિક પર્યાપ્તક સંખ્યાત ગુણા છે.

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક તેજસ્કાયિકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા અપર્યાપ્તક તેજસ્કાયિક છે,
૨. (તેનાથી) પર્યાપ્તક તેજસ્કાયિક સંખ્યાત ગુણા છે.

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક વાયુકાયિકોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| उ. | गोयमा ! १. सव्वत्थोवा वाउकाइया अपज्जत्तगा,<br>२. वाउकाइया पज्जत्तगा संखेज्जगुणा । | ઉ. | ગૌતમ ! ૧. સૌથી થોડા અપર્યાપ્તક વાયુકાયિક છે,<br>૨. (તેનાથી) પર્યાપ્તક વાયુકાયિક સંખ્યાત ગુણા છે. |
| प. | एएसि णं भंते ! वणस्सइकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ? | પ્ર. | ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક વનસ્પતિકાયિકોમાંથી કોણ કોનાથી થોડા -**યાવત્**- વિશેષાધિક છે ? |
| उ. | गोयमा ! १. सव्वत्थोवा वणस्सइकाइया अपज्जत्तगा,<br>२. वणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा । | ઉ. | ગૌતમ ! ૧. સૌથી થોડા અપર્યાપ્તક વનસ્પતિકાયિક છે,<br>૨. (તેનાથી) પર્યાપ્તક વનસ્પતિકાયિક સંખ્યાતગુણા છે. |
| प. | एएसि णं भंते ! तसकाइयाणं पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ? | પ્ર. | ભંતે ! આ પર્યાપ્તક અને અપર્યાપ્તક ત્રસકાયિકોમાંથી કોણ કોનાથી થોડા -**યાવત્**- વિશેષાધિક છે ? |
| उ. | गोयमा ! १. सव्वत्थोवा तसकाइया पज्जत्तगा,<br>२. तसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।[1] | ઉ. | ગૌતમ ! ૧. સૌથી થોડા પર્યાપ્તક ત્રસકાયિક છે,<br>૨. (તેનાથી) અપર્યાપ્તક ત્રસકાયિક અસંખ્યાતગુણા છે. |
| प. | एएसि णं भंते ! सकाइयाणं, पुढविकाइयाणं, आउकाइयाणं, तेउकाइयाणं, वाउकाइयाणं, वणस्सइकाइयाणं, तसकाइयाण य पज्जत्ताऽपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ? | પ્ર. | ભંતે ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક પર્યાપ્તક અને અપર્યાપ્તકમાંથી કોણ કોનાથી થોડા -**યાવત્**- વિશેષાધિક છે ? |
| उ. | गोयमा ! १. सव्वत्थोवा तसकाइया पज्जत्तगा,<br>२. तसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,<br>३. तेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,<br>४. पुढविकाइया अपज्जत्तगा विसेसाहिया,<br>५. आउकाइया अपज्जत्तगा विसेसाहिया,<br>६. वाउकाइया अपज्जत्तगा विसेसाहिया,<br>७. तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा,<br>८. पुढविकाइया पज्जत्तगा विसेसाहिया,<br>९. आउकाइया पज्जत्तगा विसेसाहिया,<br>१०. वाउकाइया पज्जत्तगा विसेसाहिया, | ઉ. | ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસકાયિક પર્યાપ્તક છે,<br>૨. (તેનાથી) ત્રસકાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,<br>૩. (તેનાથી) તેજસ્કાયિક અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,<br>૪. (તેનાથી) પૃથ્વીકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,<br>૫. (તેનાથી) અપ્કાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,<br>૬. (તેનાથી) વાયુકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,<br>૭. (તેનાથી) તેજસ્કાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે,<br>૮. (તેનાથી) પૃથ્વીકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,<br>૯. (તેનાથી) અપ્કાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,<br>૧૦. (તેનાથી) વાયુકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે, |

१. जीवा. पडि. ५, सु. २१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. वणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा,

१२. सकाइया अपज्जत्तगा विसेसाहिया,

१३. वणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा,

१४. सकाइया पज्जत्तगा विसेसाहिया,

१५. सकाइया विसेसाहिया।[1]

- पण्ण. प. ३, सु. २३२ - २३६

૧૧. (તેનાથી) વનસ્પતિકાયિક અપર્યાપ્તક અનન્તગુણા છે,

૧૨. (તેનાથી) સકાયિક અપર્યાપ્તક વિશેષાધિક છે,

૧૩. (તેનાથી) વનસ્પતિકાયિક પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

૧૪. (તેનાથી) સકાયિક પર્યાપ્તક વિશેષાધિક છે,

૧૫. (તેનાથી) સકાયિક વિશેષાધિક છે.

**१४६. तस-थावराणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! तसाणं थावराण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तसा,

२. थावरा अणंतगुणा।

- जीवा. पडि. १, सु. ४३

**૧૪૬. ત્રસ અને સ્થાવરોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ ત્રસ અને સ્થાવર કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસ છે,

૨. (તેનાથી) સ્થાવર જીવ અનન્તગુણા છે.

**१४७. परित्ताइ जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! जीवाणं परित्ताणं, अपरित्ताणं, नोपरित्तनोअपरित्ताण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा परित्ता,

२. नोपरित्त नो अपरित्ता अणंतगुणा,

३. अपरित्ता अणंतगुणा।[2]

- पण्ण. प. ३, सु. २६५

**૧૪૭. પરીતાદિ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ પરીત, અપરીત અને નોપરીત નો અપરીત જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા પરીત જીવ છે,

૨. (તેનાથી) નો પરીત- નો અપરીત જીવ અનન્તગુણા છે,

૩. (તેનાથી) અપરીત જીવ અનન્તગુણા છે.

**१४८. भवसिद्धियाइ जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! जीवाणं भवसिद्धियाणं अभवसिद्धियाणं, णोभवसिद्धिय णो अभवसिद्धियाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा अभवसिद्धिया,

२. णो भवसिद्धिय णोअभवसिद्धिया अणंतगुणा,

३. भवसिद्धिया अणंतगुणा।[3]

- पण्ण. प. ३, सु. २६९

**૧૪૮. ભવસિદ્ધિકાદિ જીવોનું અલ્પબહુત્વ -**

પ્ર. ભંતે ! આ ભવસિદ્ધિક, અભવસિદ્ધિક અને નો-ભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા અભવસિદ્ધિક જીવ છે,

૨. (તેનાથી) નો ભવસિદ્ધિક નો અભવસિદ્ધિક જીવ અનન્તગુણા છે,

૩. (તેનાથી) ભવસિદ્ધિક જીવ અનન્તગુણા છે.

---

१. जीवा. पडि. ५, सु. २१३

२. जीवा. पडि. ९, सु. २३८

३. जीवा. पडि. ९, सु. २४२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१४९. तसाई जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! तसाणं, थावराणं, नो तस-नो थावराण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तसा,

२. नो तसा-नो थावरा अणंतगुणा,

३. थावरा अणंतगुणा।

- जीवा. पडि. ९, सु. २४३

**१५०. पज्जत्ताइ जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! जीवाणं पज्जत्तगाणं, अपज्जत्तगाणं, नो पज्जत्त नो अपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा नो पज्जत्तगा नो अपज्जत्तगा,

२. अपज्जत्तगा अणंतगुणा,

३. पज्जत्तगा संखेज्जगुणा।[1]

- पण्ण. प. ३, सु. २६६

**१५१. नवविह विवक्खया एगिंदियाइ जीवाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! एगिंदियाणं, बेइंदियाणं, तेइंदियाणं, चउरिंदियाणं, णेरइयाणं, पंचेंदियतिरिक्खजोणियाणं, मणुस्साणं, देवाणं, सिद्धाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा मणुस्सा,

२. णेरइया असंखेज्जगुणा,

३. देवा असंखेज्जगुणा,

४. पंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा,

५. चउरिंदिया विसेसाहिया,

६. तेइंदिया विसेसाहिया,

७. बेइंदिया विसेसाहिया,

८. सिद्धा अणंतगुणा,

९. एगिंदिया अणंतगुणा।

- जीवा. पडि. ९, सु. २५६

**૧૪૯. ત્રસાદિ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ ત્રસ, સ્થાવર અને નો ત્રસ નો સ્થાવરોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા ત્રસ છે,

૨. (તેનાથી) નો ત્રસ નોસ્થાવર (સિદ્ધ) અનન્તગુણા છે,

૩. (તેનાથી) સ્થાવર અનન્તગુણા છે.

**૧૫૦. પર્યાપ્તકાદિ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ પર્યાપ્તક, અપર્યાપ્તક અને નોપર્યાપ્તક નોઅપર્યાપ્તક જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા નો પર્યાપ્તક નો અપર્યાપ્તક જીવ છે,

૨. (તેનાથી) અપર્યાપ્તક જીવ અનન્તગુણા છે,

૩. (તેનાથી) પર્યાપ્તક જીવ સંખ્યાતગુણા છે.

**૧૫૧. નવવિધ વિવક્ષાથી એકેન્દ્રિયાદિ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ એકેન્દ્રિયો, દ્વિન્દ્રિયો, ત્રેઈન્દ્રિયો, ચઉરિન્દ્રિયો, નૈરયિકો, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, મનુષ્યો, દેવો અને સિદ્ધોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા મનુષ્ય છે,

૨. (તેનાથી) નૈરયિક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દેવ અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પંચેન્દ્રિયતિર્યંચયોનિક અસંખ્યાત ગુણા છે,

૫. (તેનાથી) ચઉરિન્દ્રિય વિશેષાધિક છે,

૬. (તેનાથી) ત્રેઈન્દ્રિય વિશેષાધિક છે,

૭. (તેનાથી) દ્વીન્દ્રિય વિશેષાધિક છે,

૮. (તેનાથી) સિદ્ધ અનન્તગુણા છે,

૯. (તેનાથી) એકેન્દ્રિય અનન્તગુણા છે.

१. जीवा. पडि. ९, सु. २३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५२. पढमापढमसमयविवक्खया एगिंदियाइ अप्पबहुत्तं-

प. एएसि णं भंते ! पढमसमय एगिंदियाणं -जाव- पढमसमय पंचिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वेसिं सव्वत्थोवा पढमसमयपंचेंदिया,

२. पढमसमयचउरिंदिया विसेसाहिया,

३. पढमसमयतेइंदिया विसेसाहिया,

४. पढमसमयबेइंदिया विसेसाहिया,

५. पढमसमयएगिंदिया विसेसाहिया।

*एवं अपढमसमयिगा वि,*

**णवरं-** अपढमसमयएगिंदिया अणंतगुणा।

***दोण्हं अप्पाबहुयं सव्वत्थोवा पढमसमयएगिंदिया,***

***अपढमसमयएगिंदिया अणंतगुणा।***

***सेसाणं सव्वत्थोवा पढमसमयिका, अपढमसमयिका असंखेज्जगुणा।***

प. एएसि णं भंते ! पढमसमयएगिंदियाणं -जाव- पढमसमय पंचिंदियाणं, अपढमसमयएगिंदियाणं -जाव- अपढमसमयपंचिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा पढमसमयपंचेंदिया,

२. पढमसमयचउरिंदिया विसेसाहिया,

३. पढमसमयतेइंदिया विसेसाहिया,

४. पढमसमय बेइंदिया विसेसाहिया,

५. पढमसमयएगिंदिया विसेसाहिया,

६. अपढमसमयपंचिंदिया असंखेज्जगुणा,

૧૫૨. પ્રથમાપ્રથમસમયની વિવક્ષાથી એકેન્દ્રિયાદિકોનું અલ્પબહુત્વ :

પ્ર. ભંતે ! આ પ્રથમ સમય એકેન્દ્રિયો -યાવત્- પ્રથમ સમય પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી થોડા -યાવત્- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા પ્રથમસમય પંચેન્દ્રિય છે,

૨. (તેનાથી) પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે,

૩. (તેનાથી) પ્રથમ સમય ત્રેઈન્દ્રિય વિશેષાધિક છે,

૪. (તેનાથી) પ્રથમ સમય બેઈન્દ્રિય વિશેષાધિક છે,

૫. (તેનાથી) પ્રથમ સમય એકેન્દ્રિય વિશેષાધિક છે.

***આ પ્રમાણે અપ્રથમ સમયનો અલ્પબહુત્વ પણ જાણવું જોઈએ.***

**વિશેષ :** અપ્રથમ સમય એકેન્દ્રિય અનન્તગુણા છે.

***બંનેનો અલ્પબહુત્વ : બધાથી થોડા પ્રથમ સમય એકેન્દ્રિય છે.***

***(તેનાથી) અપ્રથમ સમય એકેન્દ્રિય અનન્તગુણા છે.***

***બાકીમાં બધાથી થોડા પ્રથમ સમયવાળા છે. અને અપ્રથમ સમયવાળા અસંખ્યાતગુણા છે.***

પ્ર. ભંતે ! આ પ્રથમસમય એકેન્દ્રિય -યાવત્- પ્રથમ સમય પંચેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય -યાવત્- અપ્રથમ સમય પંચેન્દ્રિયોમાંથી કોણ કોનાથી અલ્પ -યાવત્- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા અલ્પ પ્રથમ સમય પંચેન્દ્રિય છે,

૨. (તેનાથી) પ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે,

૩. (તેનાથી) પ્રથમ સમય ત્રેઈન્દ્રિય વિશેષાધિક છે,

૪. (તેનાથી) પ્રથમ સમય બેઈન્દ્રિય વિશેષાધિક છે,

૫. (તેનાથી) પ્રથમ સમય એકેન્દ્રિય વિશેષાધિક છે,

૬. (તેનાથી) અપ્રથમ સમય પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. अपढमसमयचउरिंदिया विसेसाहिया,

७. (તેનાથી) અપ્રથમ સમય ચઉરિન્દ્રિય વિશેષાધિક છે,

८. अपढमसमयतेइंदिया विसेसाहिया,

૮. (તેનાથી) અપ્રથમ સમય ત્રેઈન્દ્રિય વિશેષાધિક છે,

९. अपढमसमयबेइंदिया विसेसाहिया,

૯. (તેનાથી) અપ્રથમ સમય બેઈન્દ્રિય વિશેષાધિક છે,

१०. अपढमसमयएगिंदियां अणंतगुणा।

- जीवा. पडि. ९, सु. २३०

૧૦. (તેનાથી) અપ્રથમસમય એકેન્દ્રિય અનન્તગુણા છે.

**१५३. निगोदाणं दव्वट्ठयाइ विवक्खया अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! णिगोदाणं सुहुमाणं बादराणं पज्जत्ताणं-अपज्जत्ताणं-दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा बादरणिगोदा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

***एवं पएसट्ठयाए वि.***

***दव्वट्ठ पएसट्ठयाए-***

१. सव्वत्थोवा बादरनिगोदा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

५. सुहुमणिगोदेहिंतो पज्जत्तएहिंतो दव्वट्ठयाए बादरणिगोदा पज्जत्ता पएसट्ठयाए अणंतगुणा,

६. बादरणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

**૧૫૩. નિગોદનું દ્રવ્યાર્થાદિની અપેક્ષાએ અલ્પ બહુત્વ :**

પ્ર. ભંતે ! આ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા નિગોદોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ તથા દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે.

***આ પ્રમાણે પ્રદેશની અપેક્ષાથી પણ કહેવું જોઈએ.***

***દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ :***

૧. બધાથી થોડા દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

૫. દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તકોથી બાદર નિગોદ પર્યાપ્તક પ્રદેશની અપેક્ષાએ અનન્તગુણા છે,

૬. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ બાદર નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. सुहुमणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा।

८. सुहुमणिगोदा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा।

प. एएसि णं भंते ! णिगोदजीवाणं सुहुमाणं, बादराणं पज्जत्ताणं-अपज्जत्ताणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

**दव्वट्ठयाए-**

उ. गोयमा ! १. सव्वत्थोवा बादरणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

**पएसट्ठयाए -**

१. सव्वत्थोवा बादरणिगोदा जीवा पज्जत्ता पएसट्ठयाए,

२. बादरणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा,

**दव्वट्ठ-पएसट्ठयाए-**

१. सव्वत्थोवा बादरणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

૭. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! આ સૂક્ષ્મ બાદર પર્યાપ્તક અને અપર્યાપ્તક નિગોદ જીવોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ તથા દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

***દ્રવ્યની અપેક્ષા :***

ઉ. ગૌતમ ! ૧. દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ જીવ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ પર્યાપ્તક સંખ્યાતગુણા છે.

***પ્રદેશની અપેક્ષાએ :***

૧. પ્રદેશની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ જીવ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ બાદર નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ પર્યાપ્તક સંખ્યાત ગુણા છે.

***દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ :***

૧. દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ જીવ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાત ગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. सुहुमणिगोदजीवेहिंतो पज्जत्तेहिंतो दव्वट्ठयाए बादरणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

६. बादर णिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

७. सुहुमणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

८. सुहुमणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा।

प. एएसि णं भंते ! णिगोदाणं, णिगोदजीवाणं, सुहुमाणं, बादराणं, पज्जत्ताणं - अपज्जत्ताणं - दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

***दव्वट्ठयाए -***

उ. गोयमा ! १. सव्वत्थोवा बादरणिगोदा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

५. सुहुमणिगोदेहिंतो पज्जत्तएहिंतो दव्वट्ठयाए बादरणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए अणंतगुणा,

६. बादर णिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

७. सुहुमणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

८. सुहुमणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा।

***पएसट्ठयाए-***

१. सव्वत्थोवा बादरणिगोद जीवा पज्जत्ता पएसट्ठयाए,

२. बादरणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

૫. દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક જીવોથી બાદર નિગોદ પર્યાપ્તક જીવ પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ બાદર નિગોદ અપર્યાપ્તક જીવ અસંખ્યાતગુણા છે,

૭. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક જીવ અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક જીવ સંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! આ સૂક્ષ્મ બાદર પર્યાપ્તક અને અપર્યાપ્તક નિગોદ અને નિગોદ જીવોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ તથા દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

***દ્રવ્યની અપેક્ષાએ :***

ઉ. ગૌતમ ! ૧. દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ જીવ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તક સંખ્યાતગુણા છે,

૫. દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તકોથી બાદર નિગોદ પર્યાપ્તક જીવ અનન્તગુણા છે,

૬. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ બાદર નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૭. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ સૂક્ષ્મ નિગોદ જીવ પર્યાપ્તક સંખ્યાતગુણા છે.

***પ્રદેશની અપેક્ષાએ :***

૧. પ્રદેશની અપેક્ષાએ બધાથી અલ્પ પર્યાપ્તક બાદર નિગોદ જીવ છે,

૨. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક બાદર નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. सुहुमणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा,

५. सुहुमणिगोदजीवेहिंतो पज्जत्तएहिंतो पएसट्ठयाए बादरणिगोदा पज्जत्ता पएसट्ठयाए अणंतगुणा,

६. बादरणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

७. सुहुमणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

८. सुहुमणिगोदा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा।

૩. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ સંખ્યાતગુણા છે,

૫. પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવોથી બાદર નિગોદ પર્યાપ્તક અનંતગુણા છે,

૬. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ બાદર નિગોદ અપર્યાપ્તક અસંખ્યાતગુણા છે,

૭. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મનિગોદ અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ સંખ્યાતગુણા છે.

***दव्वट्ठ-पएसट्ठयाए-***

१. सव्वत्थोवा बादरणिगोदा पज्जत्ता दव्वट्ठयाए,

२. बादरणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

३. सुहुमणिगोदा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

४. सुहुमणिगोदा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा,

५. सुहुमणिगोदेहिंतो पज्जत्तएहिंतो दव्वट्ठयाए बादरणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए अणंतगुणा,

६. बादरणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

७. सुहुमणिगोदजीवा अपज्जत्ता दव्वट्ठयाए असंखेज्जगुणा,

८. सुहुमणिगोदजीवा पज्जत्ता दव्वट्ठयाए संखेज्जगुणा।

९. सुहुमणिगोदजीवेहिंतो पज्जत्तएहिंतो दव्वट्ठयाए बादरणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा।

१०. बादरनिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

***દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ :***

૧. દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ બાદર નિગોદ પર્યાપ્તક છે,

૨. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ અપર્યાપ્તક બાદર નિગોદ અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ સંખ્યાતગુણા છે,

૫. દ્રવ્યની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદોથી પર્યાપ્તક બાદર નિગોદ જીવ પ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે,

૬. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ અપર્યાપ્તક બાદર નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

૭. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) દ્રવ્યની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ સંખ્યાતગુણા છે,

૯. દ્રવ્યની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવોથી પર્યાપ્તક બાદર નિગોદ જીવ પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૧૦. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક બાદર નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. सुहुमणिगोदजीवा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

१२. सुहुमणिगोदजीवा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा,

१३. सुहुमणिगोदजीवेहिंतो पज्जत्तएहिंतो पएसट्ठयाए बादरणिगोदा पज्जत्ता पएसट्ठयाए अणंतगुणा,

१४. बादरणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

१५. सुहुमणिगोदा अपज्जत्ता पएसट्ठयाए असंखेज्जगुणा,

१६. सुहुमणिगोदा पज्जत्ता पएसट्ठयाए संखेज्जगुणा।

- जीवा. पडि. ५, सु. २२४

૧૧. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

૧૨. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ સંખ્યાતગુણા છે,

૧૩. પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવોથી પર્યાપ્તક બાદર નિગોદ જીવ પ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે,

૧૪. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક બાદર નિગોદ જીવ અસંખ્યાતગુણા છે,

૧૫. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદજીવ અસંખ્યાતગુણા છે,

૧૬. (તેનાથી) પ્રદેશની અપેક્ષાએ પર્યાપ્તક સૂક્ષ્મ નિગોદ જીવ સંખ્યાતગુણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯. પ્રથમાપ્રથમ અધ્યયન

જે ભાવ કે અવસ્થા જીવને પહેલીવાર પ્રાપ્ત થાય એ અપેક્ષાએ તે જીવ પ્રથમ કહેવાય તથા પહેલાંથી જ પ્રાપ્ત અવસ્થાની અપેક્ષાએ તે અપ્રથમ કહેવાય છે. જેમ જીવને જીવભાવ પહેલેથી જ પ્રાપ્ત છે. માટે તે જીવભાવની અપેક્ષાએ અપ્રથમ છે. પરંતુ સિદ્ધભાવની અપેક્ષાએ સિદ્ધ જીવ પ્રથમ છે. કારણ કે તેને સિદ્ધભાવ પહેલેથી પ્રાપ્ત નથી. આ પ્રમાણે પ્રથમતા અને અપ્રથમતાની અપેક્ષાએ આ અધ્યયનમાં ૧૪ દ્વારથી નિરૂપણ કરેલ છે. તે ૧૪ દ્વાર આ પ્રમાણે છે :-

૧. જીવ, ૨. આહાર, ૩. ભવસિદ્ધિક, ૪. સંજ્ઞી, ૫. લેશ્યા, ૬. દૃષ્ટિ, ૭. સંયત, ૮. કષાય, ૯. જ્ઞાન, ૧૦. યોગ, ૧૧. ઉપયોગ, ૧૨. વેદ, ૧૩. શરીર અને ૧૪ પર્યાપ્ત.

ચૌદ દ્વારોમાં જીવના પ્રથમાપ્રથમત્વની જે પ્રરુપણા કરેલ છે તે સામાન્ય જીવની અપેક્ષાએ પણ છે, નૈરયિકથી લઈને વેમાનિક સુધી ૨૪ દંડકોની અપેક્ષાએ પણ છે તથા સિદ્ધોની અપેક્ષાએ પણ છે.

આ વર્ણન એ દૃષ્ટિ પ્રદાન કરે છે કે કઈ-કઈ એવી અવસ્થાઓ છે જે જીવોમાં પહેલેથી ચાલી આવી રહી છે તથા કઈ એવી અવસ્થાઓ છે જે પ્રથમવાર પ્રાપ્ત થાય છે. કેટલીક એવી પણ અવસ્થાઓ હોય છે જે કદાચ પ્રથમવાર પ્રાપ્ત થાય છે, તો કદાચ અપ્રથમવાર પ્રાપ્ત થાય છે. જેમ સમ્યક્દૃષ્ટિ જીવ સમ્યક્દૃષ્ટિની અપેક્ષાએ કદાચ પ્રથમ છે અને કદાચ અપ્રથમ છે. મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ અપ્રથમ જ હોય છે. પ્રથમ નહીં.

આ પ્રમાણે વિભિન્ન અપેક્ષાઓથી ૧૪ દ્વારોનાં અંતર્ગત પ્રથમત્વ અને અપ્રથમત્વનું વિવેચન કરવામાં આવ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पढमापढम अज्झयणं

## પ્રથમ-અપ્રથમ અધ્યયન

सुत्त -

१. **पढमापढम लक्खणं-**

जो जेण पत्तपुव्वो, सो तेणऽपढमओ होई।

सेसेसु होइ पढमो, अपत्तपुव्वेसु भावेसु ॥

- विया. स. १८, उ. १, सु. ६३

२. **जीव-चउवीसदंडएसु सिद्धेसु य चउद्दसदारेहिं पढमापढमत्त परूवणं-**

तेणं कालेणं तेणं समएणं रायगिहे **-जाव-** एवं वयासि-

१. **जीव दारं-**

प. जीवे णं भंते ! जीवभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

प. सिद्धे णं भंते ! सिद्धभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

प. जीवा णं भंते ! जीवभावेणं किं पढमा, अपढमा ?

उ. गोयमा ! नो पढमा, अपढमा।

*दं. १-२४. एवं नेरइया -जाव- वेमाणिया।*

प. सिद्धा णं भंते ! सिद्धभावेणं किं पढमा, अपढमा ?

उ. गोयमा ! पढमा, नो अपढमा।

२. **आहार दारं -**

प. आहारए णं भंते ! जीवे आहारगभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

સૂત્ર :

૧. **પ્રથમ અપ્રથમનું લક્ષણ :**

જે જીવનો જે ભાવ (પહેલાંની દશા) પહેલાથી પ્રાપ્ત છે એ અપેક્ષાએ તે જીવ "અપ્રથમ" છે અને જે ભાવ પ્રથમ વાર જ પ્રાપ્ત થાય છે. તે ભાવની અપેક્ષાએ તે જીવ "પ્રથમ" છે.

૨. **જીવ ચોવીસદંડક અને સિદ્ધોમાં ચૌદ દ્વારો દ્વારા પ્રથમાપ્રથમત્વનું નિરુપણ :**

તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગરમાં **-યાવત્-** ગૌતમસ્વામીએ આ પ્રમાણે પુછયું -

૧. **જીવ દ્વાર :**

પ્ર. ભંતે ! (એક) જીવ જીવભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! જીવ જીવભાવની અપેક્ષાએ પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! (એક) સિદ્ધ સિદ્ધભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! (અનેક) જીવ, જીવભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! (અનેક) સિદ્ધ સિદ્ધભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

૨. **આહાર દ્વાર :**

પ્ર. ભંતે ! (એક) આહારક જીવ, આહારકભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*पुहत्तेण वि एवं चेव।*

प. अणाहारए णं भंते ! जीवे अणाहारभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***दं. १-२४. नेरइए -जाव- वेमाणिए नो पढमे, अपढमे।*** सिद्धे पढमे, नो अपढमे।

प. अणाहारगाणं भंते ! जीवा अणाहारभावेणं किं पढमा, अपढमा ?

उ. गोयमा ! पढमा वि, अपढमा वि,

***दं.१-२४. नेरइया -जाव- वेमाणिया नो पढमा, अपढमा।***

सिद्धा पढमा, नो अपढमा।

**३. भवसिद्धिय दारं -**

प. भवसिद्धिए णं भंते ! जीवे भवसिद्धिय भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

*पुहत्तेण वि एवं चेव।*

*एवं अभवसिद्धिए वि।*

प. नो भवसिद्धिए नो अभवसिद्धिए णं भंते ! जीवे नो भवसिद्धिए नो अभवसिद्धिए भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

प. नो भवसिद्धिए नो अभवसिद्धिए णं भंते ! सिद्धे नो भवसिद्धिए नो अभवसिद्धिए भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

*एवं पुहत्तेण वि जीवा य सिद्धा य।*

***આ પ્રમાણે બહુવચનની અપેક્ષાએ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! (એક) અનાહારક જીવ અનાહારભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! ક્યારેક પ્રથમ છે, ક્યારેક અપ્રથમ છે.

**દં.૧-૨૪. નારકીથી વૈમાનિક સુધી પ્રથમ નથી, અપ્રથમ છે.** સિદ્ધ (અનાહારકભાવની અપેક્ષાએ) પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! (અનેક) અનાહારકજીવ અનાહારકભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.

***દં.૧-૨૪. અનેક નારકીથી વૈમાનિકો સુધી પ્રથમ નથી, અપ્રથમ છે.***

(અનેક) સિદ્ધ અનાહારકભાવની અપેક્ષાએ પ્રથમ છે, અપ્રથમ નથી.

**૩. ભવસિદ્ધિક દ્વાર :**

પ્ર. ભંતે ! (એક) ભવસિદ્ધિકજીવ ભવસિદ્ધિકભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***આ પ્રમાણે બહુવચનની અપેક્ષાએ પણ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે એક અનેક અભવસિદ્ધિક જીવોની અપેક્ષાએ પણ જાણવું જોઈએ***

પ્ર. ભંતે ! નો ભવસિદ્ધિક નો અભવસિદ્ધિક જીવ નો ભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! નો ભવસિદ્ધિક નો અભવસિદ્ધિક સિદ્ધ નો ભવસિદ્ધિક નો અભવસિદ્ધિકભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ છે, અપ્રથમ નથી.

***આ પ્રમાણે જીવ અને સિદ્ધ બહુવચનની અપેક્ષાએ પણ સમજવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. **सण्णीदारं-**

प. सण्णी णं भंते ! जीवे सण्णिभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे,

*दं. १-११, २०-२४. एवं नेरइए -जाव- एगिंदिय विगलिंदियवज्जे वेमाणिए।*

*पुहत्तेण वि एवं चेव।*

प. असण्णी जीवे णं भंते ! असण्णिभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

*दं. १-२२. एवं नेरइए -जाव- वाणमंतरे।*

*पुहत्तेण वि एवं चेव।*

प. नो सण्णी नो असण्णी णं भंते ! जीवे नो सण्णी नो असण्णीभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

*मणुस्से सिद्धे वि एवं चेव।*

*पुहत्तेण वि एवं चेव।*

५. **लेस्सा दारं -**

प. सलेसे णं भंते ! जीवे सलेसी भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

*दं. १-२४. एवं चउवीसं दंडगा भाणियव्वा।*

*पुहत्तेण वि एवं चेव।*

*कण्हलेस्सा -जाव- सुक्कलेस्सा वि एगत्तेण पुहत्तेण एवं चेव।*

*दं. १-२४. एवं चउवीसं दंडगा भाणियव्वा।*

**णवरं** - जस्स जा लेस्सा अत्थि।

प. अलेसे णं भंते ! जीवे अलेसीभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

૪. **સંજ્ઞી દ્વાર :**

પ્ર. ભંતે ! સંજ્ઞી જીવ, સંજ્ઞીભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૧૧, ૨૦-૨૪. આ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***તેના બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! અસંજ્ઞી જીવ, અસંજ્ઞીભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૨. આ પ્રમાણે નારકીથી વાણવ્યંતર સુધી જાણવું જોઈએ.***

*બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

પ્ર. ભંતે ! નોસંજ્ઞી નો અસંજ્ઞી જીવ નોસંજ્ઞી નોઅસંજ્ઞીભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

*મનુષ્ય અને સિદ્ધ પણ આ પ્રમાણે જાણવું.*

*બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે જાણવું.*

૫. **લેશ્યા દ્વાર :**

પ્ર. ભંતે ! સલેશ્યી જીવ સલેશ્યભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

*દં.૧-૨૪. આ પ્રમાણે ચોવીસ દંડકનું વર્ણન જાણવું.*

*બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

*આ પ્રમાણે કૃષ્ણલેશ્યાથી શુક્લલેશ્યા સુધી એક અનેકની અપેક્ષાએ જીવોનું વર્ણન કરવું જોઈએ.*

*દં.૧-૨૪. ચોવીસ દંડકોનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

**વિશેષ** - જે દંડકની જે લેશ્યા હોય તે કહેવી જોઈએ.

પ્ર. ભંતે ! અલેશ્યી જીવ અલેશ્યી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*मणुस्से, सिद्धे वि एवं चेव।*

*एवं पुहत्तेण वि।*

मनुष्य अने सिद्ध पण आ प्रमाणे जाणवा.

બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.

६. **दिट्ठी दारं -**

प. सम्मदिट्ठीए णं भंते ! जीवे सम्मदिट्ठीए भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

*दं. १-११, १७-२४. एवं एगिंदियवज्जं -जाव- वेमाणिए।*

सिद्धे पढमे, नो अपढमे।

*पुहत्तिया जीवा पढमा वि, अपढमा वि।*

*दं. १-११, १७-२४. एवं एगिंदियवज्जं -जाव- वेमाणिया,*

सिद्धा पढमा, नो अपढमा।

प. मिच्छादिट्ठिए णं भंते ! जीवे मिच्छादिट्ठिए भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

*पुहत्तेण वि एवं चेव।*

प. सम्मामिच्छादिट्ठिए णं भंते ! जीवे सम्मामिच्छादिट्ठिए भावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

*पुहत्तिया जीवा पढमा वि अपढमा वि।*

*दं. १-११, २०-२४. एवं एगिंदिय-विगलिंदयवज्जं -जाव- वेमाणिया।*

७. **संजय दारं -**

प. संजए णं भंते ! जीवे संजयभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

૬. **દષ્ટિ દ્વાર :**

પ્ર. ભંતે ! સમ્યગ્દષ્ટિ જીવ, સમ્યગ્દષ્ટિભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક પ્રથમ છે અને ક્યારેક અપ્રથમ છે.

**દં.૧-૧૧, ૧૭-૨૪. આ પ્રમાણે એકેન્દ્રિય જીવોને છોડીને વૈમાનિક સુધી જાણવું જોઈએ.**

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

***બહુચવનની અપેક્ષાએ જીવ પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.***

***દં.૧-૧૧, ૧૭-૨૪. આ પ્રમાણે એકેન્દ્રિય જીવોને છોડીને વૈમાનિકો સુધીનું વર્ણન જાણવું જોઈએ.***

(બહુવચનની અપેક્ષાએ) સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! મિથ્યાદષ્ટિ જીવ, મિથ્યાદષ્ટિ ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધીનું વર્ણન જાણવું જોઈએ.***

***બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવ સમ્યગ્મિથ્યા-દષ્ટિભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! ક્યારેક પ્રથમ છે, ક્યારેક અપ્રથમ છે.

***બહુવચનની અપેક્ષાએ જીવ પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.***

***દં.૧-૧૧, ૨૦-૨૪. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને (શેષ દંડક) વૈમાનિકો સુધી આ પ્રમાણે છે.***

૭. **સંયત દ્વાર :**

પ્ર. ભંતે ! સંયત જીવ સંયત ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! ક્યારેક પ્રથમ છે, ક્યારેક અપ્રથમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***एवं मणुस्से वि।***

***पुहत्तेण वि एवं चेव।***

प. असंजए णं भंते ! जीवे असंजयभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***पुहत्तेण वि एवं चेव,***

प. संजयासंजए णं भंते ! जीवे संजयासंजयभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***दं. २०-२१. एवं पंचिंदिय-तिरिक्खजोणिए मणुस्से य।***

**दं. २०-२१.** पुहत्तिया जीवा पंचिंदिय-तिरिक्ख जोणिया मणुस्सा पढमा वि, अपढमा वि।

नो संजए, नो असंजए, नो संजयासंजए जीवे, सिद्धे पढमे, नो अपढमे।

***पुहत्तेण वि एवं चेव।***

८. **कसाय दारं -**

प. सकसाए णं भंते ! सकसायभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***पुहत्तेण वि एवं चेव।***

प. कोहकसाएणं **-जाव-** लोभकसाए णं भंते ! जीवे कोहकसायभावेणं **-जाव-** लोभकसायभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***पुहत्तेण वि एवं चेव।***

प. अकसाए णं भंते ! जीवे अकसायभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***एवं मणुस्से वि।***

***મનુષ્યનું વર્ણન પણ આ પ્રમાણે કરવું જોઈએ.***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! અસંયત જીવ અસંયત ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! સંયતાસંયત જીવ સંયતાસંયત ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! ક્યારેક પ્રથમ છે, ક્યારેક અપ્રથમ છે.

***દં.૨૦-૨૧. આ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યનું વર્ણન કરવું જોઈએ.***

**દં ૨૦-૨૧.** અનેક જીવ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્ય પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.

નો સંયત નો અસંયત અને નો સંયતાસંયત જીવ અને સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

૮. કષાય દ્વાર :

પ્ર. ભંતે ! સકષાયી જીવ સકષાય ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! ક્રોધકષાયી **-યાવત્-** લોભકષાયી જીવ ક્રોધકષાયી ભાવથી **-યાવત્-** લોભકષાયી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! અકષાયી જીવ અકષાયી ભાવથી પ્રથમ છે કે- અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! કોઈક પ્રથમ છે અને કોઈક અપ્રથમ છે.

***આ પ્રમાણે મનુષ્યનું વર્ણન જાણવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अकसाए णं भंते ! सिद्धे अकसायभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे।

पुहत्तेणं जीवा मणुस्सा पढमा वि अपढमा वि।

सिद्धा पढमा नो अपढमा।

९. **णाण दारं-**

प. णाणी णं भंते ! जीवे णाणभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***दं. १-११, १७-२४. एवं एगिंदियवज्जं -जाव- वेमाणिए।***

सिद्धे पढमे नो अपढमे।

प. णाणी णं भंते ! जीवा णाणभावेणं किं पढमा, अपढमा ?

उ. गोयमा ! पढमा वि. अपढमा वि।

***दं. १-११, १७-२४, एवं एगेंदियवज्जा -जाव- वेमाणिया,***

सिद्धा-पढमा, नो अपढमा।

***आभिणिबोहियणाणी -जाव- मणपज्जवणाणीणं एगत्त पुहत्तेण वि एवं चेव।***

**णवरं** - जस्स जं अत्थि।[1]

केवलणाणी जीवे, मणुस्से, सिद्धे एगत्त पुहत्तेणं-पढमा, नो अपढमा।

प. अण्णाणी णं भंते ! जीवे अण्णाणभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***एवं मइअण्णाणी, सुयअण्णाणी, विभंगणाणी य।***

પ્ર. ભંતે ! અકષાયી સિદ્ધ અકષાયી ભાવથી પ્રથમ છે કે - અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

બહુવચનની અપેક્ષાએ અકષાયી જીવ, મનુષ્ય પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

૯. **જ્ઞાન દ્વાર :**

પ્ર. ભંતે ! જ્ઞાની જીવ જ્ઞાન ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! કોઈક પ્રથમ છે અને કોઈક અપ્રથમ છે.

***દં.૧-૧૧, ૧૭-૨૪. આ પ્રમાણે એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! જ્ઞાની જીવ જ્ઞાન ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.

***દં.૧-૧૧,૧૭-૨૪ આ પ્રમાણે એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

***આભિનિબોધિક જ્ઞાની -યાવત્- મનઃપર્યાય જ્ઞાની એકવચન અને બહુવચનની અપેક્ષાએ આ પ્રમાણે છે.***

**વિશેષ** - આ પ્રમાણે જે જીવના જેટલા જ્ઞાન હોય એટલા કહેવા જોઈએ.

કેવલજ્ઞાની જીવ, મનુષ્ય અને સિદ્ધ એકવચન બહુવચનની અપેક્ષાએ પ્રથમ છે, અપ્રથમ નથી.

પ્ર. ભંતે ! અજ્ઞાની જીવ અજ્ઞાન ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નારકીથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***આ પ્રમાણે મતિ-અજ્ઞાની, શ્રુત-અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે.***

---

૧. (ક) મતિ-શ્રુતજ્ઞાનવાળા ૧૯ દંડક (૧-૧૧, ૧૭માં થી ૨૪માં સુધી)
(ખ) મતિ-શ્રુત-અવધિજ્ઞાનવાળા ૧૬ દંડક (૧-૧૧, ૨૦માંથી ૨૪માં સુધી.)
(ગ) મનઃ પર્યવજ્ઞાનવાળાનો એક દંડક ૨૧માં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***पुहत्तेण वि एवं चेव।***

**१०. जोग दारं-**

प. सजोगी णं भंते ! जीवे सजोगीभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***एवं मणजोगी, वयजोगी, कायजोगी वि।***

**णवरं** - जस्स जं अत्थि।[१]

प. अजोगी णं भंते ! जीवे अजोगीभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! ? नोपढमे, अपढमे।

***मणुस्से, सिद्धे वि एवं चेव।***

***पुहत्तेण वि एवं चेव।***

**११. उवओग दारं -**

प. सागारोवउत्ते णं भंते ! जीवे सागारोवउत्तभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***सिद्धे वि एवं चेव,***

***पुहत्तेण सव्वे पढमा वि, अपढमा वि।***

प. अणागारोवउत्ते णं भंते ! जीवे अणागारोवउत्तभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

***पुहत्तेण वि एवं चेव।***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

**૧૦. જોગ દ્વાર :**

પ્ર. ભંતે ! સયોગી જીવ સયોગી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***આ પ્રમાણે મનયોગી, વચનયોગી અને કાયયોગી પણ છે.***

**વિશેષ** - આ પ્રમાણે જે જીવના જેટલા યોગ હોય એટલા કહેવા જોઈએ.

પ્ર. ભંતે ! અયોગી જીવ અયોગી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***મનુષ્ય અને સિદ્ધ પણ આ પ્રમાણે છે.***

***બહુવચનની અપેક્ષાએ આ પ્રમાણે છે.***

**૧૧. ઉપયોગ દ્વાર :**

પ્ર. ભંતે ! સાકારોપયુક્ત જીવ સાકારોપયુક્ત ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! કદાચિત્ પ્રથમ છે અને કદાચિત્ અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

***સિદ્ધ પણ આ પ્રમાણે છે.***

***બહુવચનની અપેક્ષાએ સર્વે જીવ અને ચોવીસ દંડક પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.***

પ્ર. ભંતે ! અનાકારોપયુક્ત જીવ અનાકારોપયુક્ત ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! કદાચિત્ પ્રથમ છે અને કદાચિત્ અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.***

***બહુવચનનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

---

૧. (ક) નારકોનાં ૧ દંડક, ભવનવાસીનાં ૧૦ દંડક, ૨૦માં દંડકથી ૨૪ દંડક સુધી ૫ દંડક આ પ્રમાણે ૧૬ દંડક મનયોગીનાં છે.

(ખ) પાંચ સ્થાવરના પાંચ દંડકોનાં નિષેધ હોવાથી ૧૯ દંડક વચનયોગીના છે.

(ગ) કાયયોગીનાં ૨૪ દંડક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. सागारोवउत्ते णं भंते ! सिद्धे सिद्धभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे,

***एवं अणागारोवउत्ते वि।***

***पुहत्तेण वि एवं चेव।***

प्र. ભંતે ! સાકારોપયુક્ત સિદ્ધ સિદ્ધભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

***અનાકારોપયુક્ત પણ આ પ્રમાણે છે.***

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

**१२. वेय दारं-**

प. सवेदगे णं भंते ! जीवे सवेदगभावेणं किं पढमे अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

**णवरं**-जस्स जो वेदो अत्थि।[1]

***पुहत्तेण वि एवं चेव।***

***एवं इत्थिवेए, पुरिसवेए, णपुंसगवेए वि एगत्त-पुहत्तेणं।***

प. अवेदेणं णं भंते ! जीवे अवेदभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे।

***एवं मणुस्से वि,***

सिद्धे पढमे, नो अपढमे।

***पुहत्तेणं जीवा मणुस्सा य पढमा वि अपढमा वि।***

सिद्धा पढमा, नो अपढमा।

**૧૨. વેદ દ્વાર :**

પ્ર. ભંતે ! સવેદક જીવ સવેદક ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

***દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું જોઈએ.***

**વિશેષ** - જેના જે વેદ હોય તે કહેવા જોઈએ.

***બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.***

***આ પ્રમાણે સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદમાં પણ એકવચન અને બહુવચનની અપેક્ષાએ વર્ણન જાણવું.***

પ્ર. ભંતે ! અવેદક જીવ અવેદકભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે કદાચિત્ પ્રથમ છે અને કદાચિત્ અપ્રથમ છે.

***મનુષ્યનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

***બહુચવનની અપેક્ષાએ જીવ અને મનુષ્ય પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.***

સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

**१३. सरीर दारं -**

प. ससरीरी णं भंते ! जीवे ससरीरभावेणं कि पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे।

***एवं ओरालियसरीरी -जाव- कम्मगसरीरी।***

**णवरं** - जस्स जं अत्थि सरीरं।[2]

**૧૩. શરીર દ્વાર :**

પ્ર. ભંતે ! સશરીરી જીવ સશરીરભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ નથી, અપ્રથમ છે.

***આ પ્રમાણે ઔદારિક શરીરથી કાર્મણ શરીર સુધી જાણવું.***

**વિશેષ** - જેના જે શરીર હોય તે કહેવા જોઈએ.

---

૧. (ક) દેવતાઓના ૧૩ દંડકોમાં પણ બે વેદ-સ્ત્રી વેદ અને પુરૂષ વેદ છે.
(ખ) નરકના એક દંડક, પાંચ સ્થાવરના ૫ દંડક અને ત્રણ વિકલેન્દ્રિયના ૩ દંડક આ નવ દંડકોમાં એક નપુંસક વેદ છે.
(ગ) તિર્યંચપંચેંદ્રિય અને મનુષ્ય આ બે દંડકોમાં ત્રણો વેદ છે.

૨. (ક) ઔદારિક શરીર ૧૦ દંડકમાં (૧૨ થી ૨૧) (ખ) વૈક્રિય શરીર ૧૭ દંડકમાં (૧-૧૧, ૧૫, ૨૦-૨૪)
(ગ) આહારક શરીર એક દંડકમાં (૨૧) (ઘ) તેજસ્ કાર્મણ શરીર ૨૩ દંડકમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. आहारगसरीरी णं भंते ! जीवे आहारगसरीरभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! सिय पढमे, सिय अपढमे ।

*एवं मणुस्से वि ।*

*पुहत्तेण जीवा मणुस्सा य पढमा वि अपढमा वि,*

प. असरीरी णं भंते ! जीवे असरीरीभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! पढमे, नो अपढमे,

*एवं सिद्धे वि,*

*पुहत्तेण वि एवं चेव ।*

**१४. पज्जत्त दारं -**

प. पज्जत्तीहिं भंते ! जीवे पज्जत्तभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे,

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए ।*

*पुहत्तेण वि एवं चेव ।*

**णवरं-** जस्स जा अत्थिं ।[1]

प. अपज्जत्तीहिं भंते ! जीवे अपज्जत्तभावेणं किं पढमे, अपढमे ?

उ. गोयमा ! नो पढमे, अपढमे ।

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए ।*

*पुहत्तेण जीवा नो पढमा, अपढमा ।*

*दं. १-२४. नेरइया -जाव- वेमाणिया वि एवं चेव ।*

- विया स. १८, उ. १, सु. ३-६२

પ્ર. ભંતે ! આહારકશરીરી જીવ આહારકશરીરી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! કદાચિત્ પ્રથમ છે અને કદાચિત્ અપ્રથમ છે.

*મનુષ્યનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

*બહુવચનની અપેક્ષાએ જીવ અને મનુષ્ય પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે.*

પ્ર. ભંતે ! અશરીરી જીવ અશરીરી ભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

*સિદ્ધનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

*બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે જાણવું.*

**૧૪. પર્યાપ્ત દ્વાર :**

પ્ર. ભંતે ! પર્યાપ્ત જીવ પર્યાપ્તભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! તે પ્રથમ નથી, અપ્રથમ છે.

*દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.*

*બહુવચનની અપેક્ષાએ પણ આ પ્રમાણે છે.*

**વિશેષ** - જેની જેટલી પર્યાપ્તિ છે એટલી જાણવી.

પ્ર. ભંતે ! અપર્યાપ્ત જીવ અપર્યાપ્તભાવથી પ્રથમ છે કે અપ્રથમ છે ?

ઉ. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે.

*દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું.*

*બહુવચનની અપેક્ષાએ જીવ પ્રથમ નથી, અપ્રથમ છે.*

*દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધીનું વર્ણન જાણવું.*

---

૧. (ક) દેવતાઓના ૧૩ દંડક, નારકોના ૧ દંડક, વિકલેન્દ્રિયોના ૩ દંડક આ ૧૭ દંડકોમાં ૫ પર્યાપ્તિયાં છે.
(ખ) સ્થાવરોમાં ૫ દંડકમાં ચાર પર્યાપ્તિયાં છે.
(ગ) તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યના બે દંડકમાં છ પર્યાપ્તિયાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯. સંજ્ઞી અધ્યયન

**"संज्ञिनः समनस्काः"** (तत्वार्थसूत्र अ. २, सु. २५) નાં અનુસાર જે મનવાળા જીવ છે તેને સંજ્ઞી કહે છે.

સંજ્ઞી જીવોમાં હિતાહિતનો વિચાર કરવાનું સામર્થ્ય હોય છે. મનના સદ્‌ભાવમાં તે શિક્ષા, ક્રિયા, ઉપદેશ અને આલાપને ગ્રહણ કરી શકે છે. જેને સંજ્ઞા હોય છે તેને પણ સંજ્ઞી કહેવાય છે.

સંજ્ઞાના વિવિધરૂપ છે. નામને પણ સંજ્ઞા કહે છે. જ્ઞાનને પણ સંજ્ઞા કહે છે તથા આહાર, ભય, મૈથુન અને પરિગ્રહને પણ સંજ્ઞા કહેવાય છે.

પ્રજ્ઞાપના સૂત્રનાં ભાષા પદમાં જે सण्णी (સંજ્ઞી) શબ્દનો પ્રયોગ કરેલ છે તે શબ્દ સંકેતને ગ્રહણ કરવા માટે છે. જે બાળક શબ્દ સંકેતથી અર્થ કે પદાર્થને જાણતાં નથી તે પણ એક પ્રકારના અસંજ્ઞી જ છે. અહીં સંજ્ઞી શબ્દ સંજ્ઞાના આ ત્રણે અર્થોથી પૃથક્ અર્થ રાખે છે. મનવાળા જીવ જ અહીં સંજ્ઞી શબ્દથી અભીષ્ટ છે. તિર્યંચ અને મનુષ્ય ગતિના સમનસ્ક સંજ્ઞી જીવ પ્રાયઃ ગર્ભથી ઉત્પન્ન થાય છે. નરક અને દેવગતિના સમનસ્ક સંજ્ઞી જીવોનો જન્મ ઉપપાતથી થાય છે, તે ગર્ભથી ઉત્પન્ન થતાં નથી.

પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવ અસંજ્ઞી હોય છે. કારણ કે તે મનથી રહિત હોય છે. આ પ્રમાણે બધા વિકલેન્દ્રિય પણ અસંજ્ઞી હોય છે.

પંચેન્દ્રિય જીવ સંજ્ઞી પણ હોય છે અને અસંજ્ઞી પણ હોય છે. આમાં નૈરયિક જીવ, ભવનપતિદેવ અને વાણવ્યંતરદેવ સંજ્ઞી પણ હોય છે અને અસંજ્ઞી પણ હોય છે. દેવ અને નરક ગતિમાં અન્ય પંચેન્દ્રિય અસંજ્ઞી જીવ પણ ઉત્પન્ન થાય છે. માટે પૂર્વભવની અપેક્ષાએ તે અલ્પકાળ સુધી અસંજ્ઞી રહે છે. તિર્યંચ પંચેન્દ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે. તે સંમૂર્છિમ હોવાથી અસંજ્ઞી અને ગર્ભજ હોવાથી સંજ્ઞી હોય છે.

આ પ્રમાણે મનુષ્ય પણ સંમૂર્છિમ હોવાથી અસંજ્ઞી અને ગર્ભજ હોવાથી સંજ્ઞી હોય છે. મનુષ્ય જ્યારે કષાય રહિત થઈ જાય છે ત્યારે તેર (૧૩) અને ચૌદ (૧૪) ગુણસ્થાનમાં નોસંજ્ઞી અને નોઅસંજ્ઞી હોય છે. અર્થાત્ તે સંજ્ઞીત્વ અને અસંજ્ઞીત્વથી દૂર હોય છે. મન હોવાથી પણ તે મનનો ઉપયોગ કરતાં નથી. માટે નોસંજ્ઞી હોય છે. તથા એકેન્દ્રિય અને વિકલેન્દ્રિઓની જેમ તે મન રહિત હોતાં નથી, માટે નોઅસંજ્ઞી હોય છે. આ પ્રમાણે સિદ્ધ જીવ સંજ્ઞી હોતા નથી અને અસંજ્ઞી હોતા નથી. તે નોસંજ્ઞી અને નોઅસંજ્ઞી હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ९. सण्णी अज्झयणं

सुत्त -

१. जीव-चउवीसदंडएसु सिद्धेसु य सण्णीआईणं परूवणं-

प. जीवा णं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ?

उ. गोयमा ! जीवा सण्णी वि, असण्णी वि, णोसण्णी-णोअसण्णी वि।[१]

प. **दं. १.** णेरइया णं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ?

उ. गोयमा ! णेरइया सण्णी वि, असण्णी वि[२], णोसण्णी-णोअसण्णी।

***दं. २-११. एवं असुरकुमारा -जाव- थणियकुमारा।***

प. **दं. १२.** पुढविकाइयाणं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ?

उ. गोयमा ! पुढविकाइया णो सण्णी, असण्णी[३] णोसण्णी-णोअसण्णी।

***दं. १३-१६. एवं आउकाइया -जाव- वणस्सइकाइया[४]।***

***दं. १७-१९. एवं बेइंदिय तेइंदिय-चउरिंदिया वि[५]।***

***दं. २०. पंचेंदिय-तिरिक्खजोणिया जहा णेरइया।***

***दं. २१. मणूसा जहा जीवा,***

***दं. २२. वाणमंतरा जहा णेरइया,***

***दं. २३-२४. जोइसिय-वेमाणिया सण्णी, णो असण्णी, णोसण्णी-णोअसण्णी[६]।***

**गाहा**-णेरइय-तिरिय-मणुया य,
वणयरगसुरा य सण्णीऽसण्णी य।

## ૯. સંજ્ઞી અધ્યયન

સૂત્ર :

૧. જીવ-ચોવીસદંડક અને સિદ્ધોમાં સંજ્ઞી આદિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! જીવ સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે ?

ઉ. ગૌતમ ! જીવ સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે અને નોસંજ્ઞી - નોઅસંજ્ઞી પણ છે.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિક સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે - નોસંજ્ઞી- નોઅસંજ્ઞી છે ?

ઉ. ગૌતમ ! નૈરયિક સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે, પરંતુ નોસંજ્ઞી - નોઅસંજ્ઞી નથી.

***દં.૨-૧૧. આ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવ સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ સંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી નથી પરંતુ અસંજ્ઞી છે.

***દં.૧૩-૧૬. આ પ્રમાણે અપ્કાયિકથી વનસ્પતિકાયિક સુધી જાણવું.***

***દં.૧૭-૧૯. આ પ્રમાણે દ્વીન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચૌઈન્દ્રિય માટે પણ જાણવું.***

***દં.૨૦. પંચેન્દ્રિય-તિર્યંચયોનિકનું વર્ણન નરકની જેમ છે.***

***દં.૨૧. મનુષ્યોનું વર્ણન સામાન્ય જીવોની જેમ છે.***

***દં.૨૨. વાણવ્યંતરનું વર્ણન નરકની જેમ છે.***

***દં.૨૩-૨૪. જ્યોતિષ્ક અને વૈમાનિકદેવ સંજ્ઞી હોય છે, પરંતુ અસંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી નથી હોતા***

**ગાથાર્થ** - નારક, તિર્યંચ, મનુષ્ય, વાણવ્યંતર અને અસુરકુમારાદિ ભવનપતિદેવ સંજ્ઞી પણ હોય છે અને અસંજ્ઞી પણ હોય છે.

---

१. जीवा. पडि. ९, सु. २४१ २. जीवा. पडि. १, सु. ३२ ३. जीवा. पडि. १, सु. १३ (१०)

४. (क) प. उप्पलेणं भंते ! जीवा किं सण्णी, असण्णी ?
उ. गोयमा ! णो सण्णी, असण्णी वा, असण्णिणो वा। - विया. स. ११, उ. १, सु. २९
(ख) जीवा. पडि. १, सु. १६-२६

५. जीवा. पडि. १, सु. २८-३०

६. देवा सण्णी वि, असण्णी वि। - जीवा. पडि. १, सु. ४२ (સામાન્ય રૂપથી વર્ણન છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विगलिंदिया असण्णी, जोइस-वेमाणिया सण्णी।[1]

વિકલેન્દ્રિય અસંજ્ઞી હોય છે તથા જ્યોતિષ્ક અને વૈમાનિકદેવ સંજ્ઞી જ હોય છે.

प. सिद्धाणं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ?

પ્ર. ભંતે ! શું સિદ્ધ સંજ્ઞી હોય છે, અસંજ્ઞી હોય છે કે નોસંજ્ઞી- નોઅસંજ્ઞી હોય છે ?

उ. गोयमा ! सिद्धा णो सण्णी, णो असण्णी, णोसण्णी-णोअसण्णी।

- पण्ण. प. ३१, सु. १९६५-१९७३

ઉ. ગૌતમ ! સિદ્ધ ન તો સંજ્ઞી છે અને ન અસંજ્ઞી છે, પરંતુ નોસંજ્ઞી-નોઅસંજ્ઞી હોય છે.

२. **सम्मुच्छिम-गब्भवक्कंतिय-पंचेंदिय-तिरिक्खजोणियाणं मणुस्साण य सण्णीआई परूवणं-**

૨. **સમ્મૂર્ચ્છિમ-ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોના સંજ્ઞી આદિનું પ્રરુપણ :**

प. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणियजलयराणं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी णोअसण्णी ?

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર શું સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે ?

उ. गोयमा ! णो सण्णी, असण्णी।

***सम्मुच्छिम थलयरा खहयरा वि एवं चेव।***

- जीवा. पडि. १, सु. ३५-३६

ઉ. ગૌતમ ! તે સંજ્ઞી નથી, અસંજ્ઞી છે.

***આ પ્રમાણે સમ્મૂર્ચ્છિમ સ્થળચર - ખેચરના માટે પણ જાણવું.***

प. गब्भवक्कंतिय पंचेंदियतिरिक्खजोणिया जलयराणं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी।

પ્ર. ભંતે ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર શું સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે ?

उ. गोयमा ! सण्णी, णो असण्णी।

**थलयरा खहयरा वि एवं चेव।**

- जीवा. पडि. १, सु. ३८-३९

ઉ. ગૌતમ ! તે સંજ્ઞી છે, અસંજ્ઞી નથી.

***ગર્ભજ સ્થળચર ખેચરના માટે પણ આ પ્રમાણે જાણવું.***

प. सम्मुच्छिम-मणुस्साणं भंते ! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी ?

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્ય શું સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે ?

उ. गोयमा ! णो सण्णी, असण्णी।

ઉ. ગૌતમ ! તે સંજ્ઞી નથી, અસંજ્ઞી છે.

प. गब्भवक्कंतिय-मणुस्साणं भंते ! किं सण्णी, असण्णी, णो सण्णी-णो असण्णी ?

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્ય શું સંજ્ઞી છે, અસંજ્ઞી છે કે નોસંજ્ઞી - નોઅસંજ્ઞી છે ?

उ. गोयमा ! सण्णी वि, णो असण्णी, णोसण्णी णो असण्णी वि। - जीवा. पडि. १, सु.४१

ઉ. ગૌતમ ! સંજ્ઞી પણ છે અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ છે. પણ અસંજ્ઞી નથી.

३. **सण्णिआईणं कायट्ठिई परूवणं-**

૩. **સંજ્ઞી આદિની કાયસ્થિતિનું પ્રરુપણ :**

प. सण्णी णं भंते ! सण्णीत्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! સંજ્ઞી જીવ સંજ્ઞી રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं।

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ કંઈક અધિક સાગરોપમશતપૃથકત્વકાળ સુધી રહે છે.

प. असण्णी णं भंते ! असण्णीत्ति कालओ केवचिरं होइ ?

પ્ર. ભંતે ! અસંજ્ઞી જીવ અસંજ્ઞી રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

---

१. दुविहा नेरइया पण्णत्ता, तं जहा- १. सण्णी चेव, २. असण्णी चेव।

**एवं पंचेंदिया सव्वे विगलिंदियवज्जा-जाव-वाणमंतरा।** - ठाणं. अ. २, उ. २, सु. ६१/९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं वणप्फइकालो।

प. णोसण्णी-णोअसण्णी णं भंते ! णोसण्णी-णोअसण्णी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[1]

- पण्ण. प. १८, सु. १३८९-१३९१

४. सण्णीआईणं अंतरकाल परूवणं-

१. सण्णिस्स जहण्णेणं अंतरं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो,

२. असण्णिस्स जहण्णेणं अंतरं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं,

३. नो सण्णी नोअसण्णिस्स नत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २४१

५. सण्णी आईणं अप्प बहुत्तं-

प. एएसि णं भंते ! जीवाणं सण्णीणं, असण्णीणं, नोसण्णी नोअसण्णीण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा सण्णी,
२. नो सण्णी-नोअसण्णी अणंतगुणा।
३. असण्णी अणंतगुणा।[2]

- पण्ण. प. ३. सु. २६८

ઉ. ગૌતમ ! તે જઘન્ય અન્તર્મુહૂર્ત,
ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! નોસંજ્ઞી- નોઅસંજ્ઞી જીવ નોસંજ્ઞી- નોઅસંજ્ઞી રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તે સાદિ-અપર્યવસિત છે.

૪. સંજ્ઞી આદિના અન્તરકાળનું પ્રરુપણ :

૧. સંજ્ઞીનું અન્તરકાળ જઘન્ય અન્તર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે,

૨. અસંજ્ઞીનું અન્તરકાળ જઘન્ય અન્તર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમશતપૃથક્ત્વ છે.

૩. નોસંજ્ઞી નોઅસંજ્ઞીનું કોઈ અન્તરકાળ નથી.

૫. સંજ્ઞી આદિનું અલ્પબહુત્વ :

પ્ર. ભંતે ! સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી - નોઅસંજ્ઞી જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા સંજ્ઞી જીવ છે.
૨. તેનાથી નોસંજ્ઞી- નોઅસંજ્ઞી જીવ અનન્તગુણા છે.
૩. તેનાથી અસંજ્ઞીજીવ અનન્તગુણા છે.

१-२. जीवा. पडि. ९, सु. २४१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૦. યોનિ અધ્યયન

જીવનો જન્મ ગ્રહણ કરવાના સ્થાનને યોનિ કહે છે. તે જન્મ ઉપપાતથી, ગર્ભથી અથવા સમ્મૂર્ચ્છિમથી એમ કોઈપણ પ્રકારથી થઈ શકે છે. યોનિના ભિન્ન - ભિન્ન અપેક્ષાઓથી ભેદ કરવામાં આવ્યા છે. સ્પર્શની અપેક્ષાએ યોનિના ત્રણ પ્રકાર છે. - ૧. શીતયોનિ, ૨. ઉષ્ણયોનિ અને ૩. શીતોષ્ણયોનિ.

ચેતનાની અપેક્ષાએ યોનિ ત્રણ પ્રકારની છે - ૧. સચિત્ત, ૨. અચિત્ત અને ૩. મિશ્ર.

આવરણની અપેક્ષાએ તેનાં ત્રણ ભેદ છે - ૧. સંવૃત (ઢાંકેલી) ૨. વિવૃત (ખુલ્લી) ૩. સંવૃત- વિવૃત (કંઈક ઢાંકેલી તથા કંઈક ખુલ્લી)

આકૃતિની અપેક્ષાએ પણ યોનિ ત્રણ પ્રકારની છે - ૧. કાચબાના પૃષ્ઠભાગ જેવી, ૨. શંખના આવર્ત સદશ અને ૩. વાંસના પર્ણ જેવી.

સ્પર્શની અપેક્ષાએ સમસ્ત દેવો અને ગર્ભજ જીવો (તિર્યંચ અને મનુષ્યો)ની માત્ર શીતોષ્ણ યોનિ છે. તેજસ્કાયિક જીવોની યોનિ માત્ર ઉષ્ણ છે. નૈરયિક જીવોની યોનિ શીત અને ઉષ્ણ છે. પરંતુ શીતોષ્ણ નથી. બાકીના એકેન્દ્રિઓ, વિકલેન્દ્રિઓ અને સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવોની ત્રણેય પ્રકારની યોનિઓ હોય છે..

ચેતનાની અપેક્ષાએ નૈરયિક અને દેવોની યોનિ અચિત્ત હોય છે, ગર્ભજ જીવોની યોનિ મિશ્ર હોય છે તથા બાકીના જીવોની યોનિ ત્રણે પ્રકારની હોય છે.

આવરણની અપેક્ષાએ એકેન્દ્રિય, નૈરયિક તથા દેવોની યોનિ સંવૃત હોય છે. વિકલેન્દ્રિઓની વિવૃત હોય છે. તથા ગર્ભજ પંચેન્દ્રિય જીવોની યોનિ સંવૃત્ત - વિવૃત્ત હોય છે.

આકૃતિની દૃષ્ટિથી જે ત્રણ યોનિઓના ઉલ્લેખ છે. તે માત્ર મનુષ્યની માતાઓમાં જ ઉપલબ્ધ હોય છે. કૂર્મોન્નતા યોનિ અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ જેવા ઉત્તમ પુરુષોની માતાઓને હોય છે. શંખાવર્તાયોનિ સ્ત્રીરત્નની હોય છે તથા વાંસના પાંદડા જેવી યોનિ સામાન્ય લોકોની માતાને હોય છે.

સિદ્ધજીવ જન્મ નથી લેતાં માટે અલ્પ- બહુત્વની ચર્ચામાં તેને અયોનિક કહેલ છે.

યોનિના આધાર પર જીવો આઠ પ્રકારના કહ્યા છે. અંડજ, પોતજ આદિ. શાલી, વ્રીહિ આદિ. વનસ્પતિકાયિક જીવોની યોનિ વિશેષ પરિસ્થિતિઓમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ વર્ષોમાં મ્લાન થઈ જાય છે. તેનામાં ઉત્પાદન ક્ષમતા સમાપ્ત થઈ જાય છે. બીજ અબીજ બની જાય છે. આ પ્રમાણે વટાણા, મસૂર આદિની યોનિનો ઉત્કૃષ્ટ કાળ વિશેષ પરિસ્થિતિઓમાં પાંચ વર્ષ તથા અળસી, કુસુમ્મ આદિના સાત વર્ષ હોય છે. તેના પછી તે બીજોમાં યોનિત્વ (ઉત્પાદન ક્ષમતા) સમાપ્ત થઈ જાય છે.

જૈનાગમોમાં ૮૪ લખ પ્રકારની જીવ યોનિઓનો ઉલ્લેખ છે. તેના ભેદોનો સંક્ષિપ્ત ઉલ્લેખ પ્રતિક્રમણ સૂત્રમાં ઉપલબ્ધ છે. યોનિઓની જાતિ વિશેષને કુલકોટિ કહે છે. કુલકોટિઓનું વર્ણન પ્રસ્તુત અધ્યયનમાં પ્રતિપાદિત કરેલુ છે.

✻ ✻ ✻

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## १०. जोणी अज्झयणं

## ૧૦. યોનિ અધ્યયન

सुत्त -

१. **सीयाइ जोणी भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! जोणी पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा-

१. सीयाजोणी, २. उसिणाजोणी,

३. सीओसिणाजोणी।[१]

प. **दं. १.** नेरइयाणं भंते ! किं सीयाजोणी, उसिणाजोणी, सीओसिणाजोणी ?

उ. गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, नो सीओसिणाजोणी।

प. **दं. २.** असुरकुमाराणं भंते ! किं सीयाजोणी, उसिणाजोणी, सीओसिणाजोणी ?

उ. गोयमा ! नो सीयाजोणी, नो उसिणाजोणी, सीओसिणाजोणी।

***दं. ३-११. एवं -जाव- थणियकुमाराणं,***

प. **दं. १२.** पुढविकाइयाणं भंते ! किं सीयाजोणी, उसिणाजोणी, सीओसिणाजोणी ?

उ. गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, सीओसिणा वि जोणी।

***दं. १३, १५-१९. एवं आउ, वाउ, वणस्सइ, बेइंदिय, तेइंदिय, चउरिंदियाण वि पत्तेयं भाणियव्वं।***

***दं. १४. तेउक्काइयाणं नो सीया, उसिणा, नो सीओसिणा।***

प. **दं. २०. (क)** पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीओसिणा जोणी ?

उ. गोयमा ! सीता वि जोणी, उसिणा वि जोणी, सीतोसिणा वि जोणी।

સૂત્ર :

૧. **શીતાદિયોનિ ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! યોનિ કેટલા પ્રકારની કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

૧. શીતયોનિ, ૨. ઉષ્ણયોનિ,

૩. શીતોષ્ણયોનિ.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે અથવા શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! (નૈરયિકોની) શીતયોનિ પણ છે અને ઉષ્ણયોનિ પણ છે. (પરંતુ) શીતોષ્ણયોનિ નથી.

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમારદેવોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની શીતયોનિ અને ઉષ્ણયોનિ નથી (પરંતુ) શીતોષ્ણયોનિ છે.

***દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી યોનિ જાણવી જોઈએ.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિકની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની શીતયોનિ પણ છે, ઉષ્ણયોનિ પણ છે અને શીતોષ્ણયોનિ પણ છે.

***દં.૧૩, ૧૫-૧૯. આ પ્રમાણે અપ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, દ્વીન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની પ્રત્યેકની યોનિ જાણવી.***

***દં.૧૪. તેજસ્કાયિક જીવોની શીતયોનિ શીતોષ્ણયોનિ નથી, (પરંતુ) ઉષ્ણયોનિ છે,***

પ્ર. **દં.૨૦.** (ક) ભંતે ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! (તેમની) યોનિ શીત પણ છે, ઉષ્ણ પણ છે અને શીતોષ્ણ પણ છે.

---

१. (क) ठाणं, अ. ३, उ. १, सु. १४८
(ख) सीओसिणजोणीया, सव्वे देवा य गब्भवक्कंती।
उसिणा य तेउकाए, दुह णिरए तिविह सेसाणं॥
सीतोष्णयोनिकाः सर्वे देवाश्च गर्भव्युत्क्रान्तिकाः।
उष्णा च तेजस्काये, द्विधा-शीता उष्णा च-नरके, त्रिविधा शेषाणाम्॥
- इति अभयदेवीयस्थानांगसूत्रवृत्तिगतोद्धरणम्।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(ख) सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं एवं चेव।**

प. (ग) गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ?

उ. गोयमा ! नो सीता जोणी, नो उसिणा जोणी, सीतोसिणा जोणी।

प. **दं. २१.** (क) मणुस्साणं भंते ! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ?

उ. गोयमा ! सीता वि जोणी, उसिणा वि जोणी, सीतोसिणा वि जोणी।

प. (ख). सम्मुच्छिममणुस्साणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ?

उ. गोयमा ! तिविहा वि जोणी।

प. (ग). गब्भवक्कंतियमणुस्साणं भंते ! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ?

उ. गोयमा ! नो सीता जोणी, नो उसिणा जोणी, सीतोसिणा जोणी।

प. **दं. २२.** वाणमंतरदेवाणं भंते ! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ?

उ. गोयमा ! नो सीता जोणी, नो उसिणा जोणी, सीतोसिणा जोणी।

**दं. २३-२४. जोइसिय-वेमाणियाण वि एवं चेव।**

- पण्ण. प. ९, सु. ७३८-७५२

## २. सीयाइजोणिय जीवाणं अप्पबहुत्तं-

प. एएसि णं भंते! जीवाणं सीयाजोणियाणं, उसिणाजोणियाणं, सीओसिणजोणियाणं, अजोणियाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा! १. सव्वत्थोवा जीवा सीओसिणजोणिया,

२. उसिणजोणिया असंखेज्जगुणा,

३. अजोणिया अणंतगुणा,

४. सीयजोणिया अणंतगुणा।[1]

- पण्ण. प. ९, सु. ७५३

## ३. सचित्ताइ जोणी भेया चउवीसदंडएसु य परूवणं-

प. कइविहा णं भंते ! जोणी पण्णत्ता ?

***(ખ) સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની યોનિના વિષયમાં પણ આ પ્રમાણે જાણવું.***

પ્ર. (ગ) ભંતે ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની શીતયોનિ, ઉષ્ણયોનિ નથી, પરંતુ શીતોષ્ણયોનિ છે.

પ્ર. **દં.૨૧.** (ક) ભંતે ! મનુષ્યોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! મનુષ્યોની શીત-યોનિ પણ છે, ઉષ્ણયોનિ પણ છે અને શીતોષ્ણયોનિ પણ છે.

પ્ર. (ખ) ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની ત્રણે પ્રકારની યોનિ છે.

પ્ર. (ગ) ભંતે ! ગર્ભજ મનુષ્યોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની શીતયોનિ અને ઉષ્ણયોનિ નથી, પરંતુ શીતોષ્ણયોનિ છે.

પ્ર. **દં.૨૨.** ભંતે ! વાણવ્યંતર દેવોની શું શીતયોનિ છે, ઉષ્ણયોનિ છે કે શીતોષ્ણયોનિ છે ?

ઉ. ગૌતમ ! તેમની શીતયોનિ, ઉષ્ણયોનિ નથી, પરંતુ શીતોષ્ણયોનિ છે.

***દં.૨૩-૨૪. આ પ્રમાણે જ્યોતિષ્કો અને વૈમાનિકદેવોની યોનિના વિષયમાં પણ જાણવું.***

## ૨. શીતાદિયોનિક જીવોનું અલ્પબહુત્વ :

પ્ર. ભંતે ! આ શીતયોનિક જીવો, ઉષ્ણયોનિક જીવો, શીતોષ્ણયોનિક જીવો તથા અયોનિક જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા જીવ શીતોષ્ણયોનિક છે,

૨. (તેનાથી) ઉષ્ણયોનિક જીવ અસંખ્યાતગુણા છે.

૩. (તેનાથી) અયોનિક જીવ અનંતગુણા છે.

૪. (તેનાથી) શીતયોનિક જીવ અનંતગુણા છે.

## ૩. સચિત્તાદિયોનિ ભેદ અને ચોવીસદંડકોની પ્રરુપણા :

પ્ર. ભંતે ! યોનિ કેટલા પ્રકારની કહેવામાં આવી છે ?

---

१. विया. स. १०, उ. २, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा-

१. सचित्ता, २. अचित्ता, ३. मीसिया।

प. दं.१. नेरइयाणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी ?

उ. गोयमा ! नो सचित्ता जोणी, अचित्ता जोणी, नो मीसिया जोणी।

प. दं.२. असुरकुमाराणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी ?

उ. गोयमा ! नो सचित्ता जोणी, अचित्ता जोणी, नो मीसिया जोणी।

***दं. ३-११. एवं -जाव- थणियकुमाराणं।***

प. दं. १२. पुढविकाइयाणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी ?

उ. गोयमा ! सचित्ता वि जोणी, अचित्ता वि जोणी, मीसिया वि जोणी।

***दं. १३-१९. एवं -जाव- चउरिंदियाणं।***

***दं. २०-२१. सम्मुच्छिमपंचिंदियतिरिक्खजोणियाणं सम्मुच्छिम-मणुस्साण य एवं चेव।***

गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं, गब्भवक्कंतियमणुस्साण य नो सचित्ता, नो अचित्ता, मीसिया जोणी।

***दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं।***[1]

– पण्ण. प. ९. सु. ७५४-७६२

### ४. सचित्ताइजोणियाणं अप्पबहुत्तं-

प. एएसि णं भंते ! जीवाणं सचित्तजोणिणं, अचित्तजोणिणं, मीसजोणिणं, अजोणिण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

ઉ. ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

૧. સચિત્તયોનિ, ૨. અચિત્તયોનિ, ૩. મિશ્રયોનિ.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોની શું સચિત્તયોનિ છે, અચિત્તયોનિ છે કે મિશ્રયોનિ છે ?

ઉ. ગૌતમ ! નૈરયિકોની સચિત્ત અને મિશ્રયોનિ નથી પરંતુ અચિત્તયોનિ છે.

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમારોની યોનિ શું સચિત્ત છે, અચિત્ત છે કે મિશ્ર છે ?

ઉ. ગૌતમ ! તેમની સચિત્ત અને મિશ્રયોનિ નથી પરંતુ અચિત્તયોનિ છે.

***દં.૩-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી યોનિના વિષયમાં જાણવું.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવોની યોનિ શું સચિત્ત છે, અચિત્ત છે કે મિશ્ર છે ?

ઉ. ગૌતમ ! તેમની યોનિ સચિત્ત પણ છે, અચિત્ત પણ છે અને મિશ્ર પણ છે.

***દં.૧૩-૧૯. આ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવો સુધી યોનિના વિષયમાં જાણવું જોઈએ.***

***દં.૨૦-૨૧. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની યોનિના વિષયમાં પણ આ પ્રમાણે જાણવું.***

ગર્ભજપંચેન્દ્રિય તિર્યંચયોનિકો તથા ગર્ભજ મનુષ્યોની યોનિ સચિત્ત અને અચિત્ત નથી પરંતુ મિશ્ર યોનિ છે.

***દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક-દેવોની યોનિના માટે અસુરકુમારોની જેમ જાણવું.***

### ૪. સચિત્તાદિયોનિકોનું અલ્પબહુત્વ :

પ્ર. ભંતે ! આ સચિત્તયોનિક જીવો, અચિત્તયોનિક જીવો, મિશ્રયોનિક જીવો તથા અયોનિક-જીવોમાંથી કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

---

१. (क) ठाणं, अ.३, उ. १, सु. १४८

(ख) अचित्ता खलु जोणी नेरइयाणं तहेव देवाणं। मीसा य गब्भवसही, तिविहा जोणी य सेसाणं ॥

अचित्तैव योनिर्नैरयिकाणां तथैव देवानाम्। मिश्रा व गर्भवसतीनाम् त्रिविधा योनिश्च शेषाणाम् ॥

**- इति अभयदेवीयस्थानांगवृत्तिगतोद्धरणम्।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा मीसजोणिया,
२. अचित्तजोणिया असंखेज्जगुणा,
३. अजोणिया अणंतगुणा,
४. सचित्तजोणिया अणंतगुणा।
- पण्ण. प. ९. सु. ७६३

ઉ. ગૌતમ ! ૧. મિશ્રયોનિક જીવ સૌથી થોડા છે,
૨. (તેનાથી) અચિત્તયોનિક જીવ અસંખ્યાત ગુણા છે,
૩. (તેનાથી) અયોનિક જીવ અનંતગુણા છે,
૪. (તેનાથી) સચિત્તયોનિક જીવ અનંતગુણા છે.

**५. संवुडाइजोणीभेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! जोणी पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा-
१. संवुडाजोणी, २. वियडाजोणी,
३. संवुडवियडाजोणी।[1]

प. **दं. १.** नेरइया णं भंते ! किं संवुडाजोणी, वियडाजोणी, संवुडवियडाजोणी ?

उ. गोयमा ! संवुडाजोणी, नो वियडाजोणी, नो संवुडवियडाजोणी।

प. ***दं. २-१६ एवं -जाव- वणस्सइकाइयाणं,***

प. **दं. १७.** बेइंदियाणं भंते ! किं संवुडाजोणी, वियडाजोणी, संवुडवियडाजोणी ?

उ. गोयमा ! नो संवुडाजोणी, वियडाजोणी, नो संवुडवियडाजोणी।

***दं. १८-१९. एवं -जाव- चउरिंदियाणं।***

***दं. २० (क) सम्मुच्छिम-पंचेंदिय-तिरिक्खजोणियाणं,***

***दं. २१ (क) सम्मुच्छिम-मणुस्साण य जहा बेइंदियाणं,***

***दं. २० (ख) गब्भवक्कंतिय-पंचेंदिय-तिरिक्खजोणियाणं,***

***दं २१ (ख) गब्भवक्कंतिय-मणुस्साण य नो संवुडाजोणी, नो वियडाजोणी, संवुडवियडाजोणी।***

**૫. સંવૃત્તાદિ યોનિ ભેદ અને ચોવીસ દંડકોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! કેટલા પ્રકારની યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! યોનિઓ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-
૧. સંવૃત્તયોનિ, ૨. વિવૃતયોનિ,
૩. સંવૃત્ત- વિવૃતયોનિ.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોની શું સંવૃત્તયોનિ છે, વિવૃતયોનિ છે કે સંવૃત્ત વિવૃતયોનિ છે ?

ઉ. ગૌતમ ! નૈરયિકોનીયોનિ સંવૃત્ત છે, પરંતુ વિવૃત અને સંવૃત્ત- વિવૃત નથી.

***દં.૨-૧૬. આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધીની યોનિઓ જાણવી.***

પ્ર. દં.૧૭. ભંતે ! દ્વીન્દ્રિય જીવોની યોનિ સંવૃત્ત છે, વિવૃત છે કે સંવૃત્ત - વિવૃત છે ?

ઉ. ગૌતમ ! તેમની યોનિ સંવૃત્ત અને સંવૃત્ત - વિવૃત નથી, પરંતુ વિવૃત છે.

***દં.૧૮-૧૯. આ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું.***

***દં.૨૦ (ક) સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની અને***

***દં.૨૧ (ક) સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની યોનિ દ્વીન્દ્રિયો જેવી છે.***

***દં.૨૦ (ખ) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની અને***

***દં.૨૧ (ખ) ગર્ભજ મનુષ્યોની સંવૃત્ત અને વિવૃતયોનિ નથી, પરંતુ સંવૃત્ત- વિવૃતયોનિ છે.***

१. (क) ठाणं. अ. ३, उ. १, सु. १४८
(ख) संवुड, वियडा, संवुडवियडा इति स्थानाङ्ग सूत्रे।
(ग) एगिंदिय-नेरइया संवुडजोणी हवंति देवा य। विगलिंदियाण वियडा, संवुडवियडा य गब्भम्मि॥
एकेन्द्रिय नैरयिकाः संवृतयोनयो भवन्ति देवाश्च। विकलेन्द्रियाणां विवृता, संवृतविवृता च गर्भे।
**- इति अभयदेवीय स्थानांगसूत्र वृत्तिगतोद्धरणम्॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा नेरइयाणं।*

- पण्ण प. ९, सु. ७६४-७७१

દં.૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની યોનિ નૈરયિકોના જેવી છે.

६. **संवुडाइजोणियजीवाणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते! जीवाणं संवुडजोणियाणं, वियडजोणियाणं, संवुडवियडजोणियाणं, अजोणियाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा?

उ. गोयमा! १. सव्वत्थोवा जीवा संवुडवियडजोणिया,

२. वियडजोणिया असंखेज्जगुणा,

३. अजोणिया अणंतगुणा,

४. संवुडजोणिया अणंतगुणा।

-पण्ण. प. ९, सु. ७७२

૬. **સંવૃતાદિ યોનિક જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સંવૃતયોનિક જીવો, વિવૃતયોનિક જીવો, સંવૃત- વિવૃતયોનિક જીવો તથા અયોનિક જીવોમાં કોણ કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા સંવૃત-વિવૃતયોનિક જીવ છે,.

૨. (તેનાથી) વિવૃતયોનિક જીવ અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) અયોનિક જીવ અનંતગુણા છે,

૪. (તેનાથી) પણ સંવૃતયોનિક જીવ અનંતગુણા છે.

७. **मणुयाणं तओ जोणिओ-**

प. कइविहा णं भंते! (मणुयाणं) जोणी पण्णत्ता?

उ. गोयमा! तिविहा जोणी पण्णत्ता, तं जहा-

१. कुम्मुण्णया, २. संखावत्ता, ३. वंसीपत्ता।

१. कुम्मुण्णया णं जोणी उत्तमपुरिसमाउणं- कुम्मुण्णयाए णं जोणीए उत्तमपुरिसा गब्भे वक्कमंति, तं जहा-

१. अरहंता, चक्कवट्टी, बलदेवा, वासुदेवा।

२. संखावत्ता णं जोणी इत्थिरयणस्स

संखावत्ताए णं जोणीए बहवे जीवा य पोग्गला य वक्कमंति, विउक्कमंति, चयंति, उवचयंति, नो चेव णं निप्फज्जंति।

३. वंसीपत्ता णं जोणी पिहुणस्स.

वंसीपत्ताए णं जोणीए पिहुजणे गब्भे वक्कमंति।

-पण्ण प. ९, सु. ७७३

૭. **મનુષ્યોની ત્રણ પ્રકારની યોનિઓ :**

પ્ર. ભંતે ! કેટલા પ્રકારની (મનુષ્ય) યોનિઓ કહેવાય છે ?

ઉ. ગૌતમ ! યોનિઓ ત્રણ પ્રકારની કહેવાય છે, જેમકે -

૧. કૂર્મોન્નતા, ૨. સંખાવર્તા, ૩. વંશીપત્રા.

૧. કૂર્મોન્નતા યોનિ-ઉત્તમપુરુષોના માતાઓની હોય છે. કૂર્મોન્નતા યોનિમાં ઉત્તમપુરુષ ગર્ભમાં ઉત્પન્ન થાય છે. જેમકે -

૧. અર્હન્ત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ.

૨. શંખાવર્તા યોનિ-સ્ત્રીરત્નની હોય છે.

શંખાવર્તા યોનિમાં ઘણા જીવો અને પુદ્દગલો આવે છે, ગર્ભરુપમાં ઉત્પન્ન થાય છે, સામાન્ય અને વિશેષરુપમાં તેમની વૃદ્ધિ થાય છે પરંતુ નિષ્પત્તિ થતી નથી.

૩. વંશીપત્રા યોનિમાં સામાન્યજન મનુષ્ય ઉત્પન્ન થાય છે,

વંશીપત્રા યોનિમાં સામાન્ય જીવ ગર્ભમાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ८. सालीआईणं जोणीणं संठिई परूवणं-

प. अह भंते ! सालीणं, वीहीणं, गोधूमाणं, जवाणं, जवजवाणं, एएसि णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं, मंचाउत्ताणं, मालाउत्ताणं, ओलित्ताणं, लित्ताणं, लंछियाणं, मुद्दियाणं, पिहियाणं, केवइयं कालं जोणी संचिट्ठइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि संवच्छराइं,

तेण परं जोणी पमिलायइ,

तेण परं जोणी पविद्धंसइ, तेण परं जोणी विद्धंसइ,

तेण परं बीए अबीए भवइ, तेण परं जोणीवोच्छेए पण्णत्ते।[1]

-ठाणं. अ. ३, उ. १, सु. १५४

## ૮. શાલીઆદિના યોનિઓની સંસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! ભાત, ચોખા (ડાંગર), ઘઉં, જવ તથા જુવાર આદિને ધાન્યના કોઠારમાં, પાલામાં, માચામાં અને માલઘરના મેડામાં નાખીને તેમના દરવાજાને છાણ વગેરેથી લિંપીને, ચારે તરફથી લિંપીને, રેખાઓથી નિશાન કરીને તથા માટીથી મુદ્રાંકિત કરીને સારી રીતે બંધ કરી દીધુ છે તો તેમની યોનિ (ઉત્પાદક શક્તિ) કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ વર્ષ સુધી રહે છે.

ત્યારપછી યોનિ કરમાઈ જાય છે.

ધ્વંસ થઈ જાય છે, ક્ષીણ થઈ જાય છે.

બીજ-અબીજ થઈ જાય છે અને તે યોનિનો નાશ થઈ જાય છે.

## ९. कलमसूराईणं जोणीणं संठिई परूवणं-

प. अह भंते ! कल-मसूर-तिल-मुग्ग-मास-णिप्फाव-कुलत्थ-आलिसंदग-सतीणं-पलिमंथगाणं एएसि णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं **-जाव-** पिहिया णं केवइयं कालं जोणी संचिट्ठइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पंच संवच्छराइं,

तेण परं जोणी पमिलायइ, **-जाव-** तेण परं जोणीवोच्छेए पण्णत्ते।[2]

-ठाणं, अ. ५, उ. ३, सु. ४५९

## ૯. કલમસૂરાદિના યોનિઓની સંસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તૂવેર તથા કાળાચણા-આ અનાજોને કોઠા, પાલામાં નાખીને **-યાવત્-** માટીથી મુદ્રાંકિત કર્યા પછી તેમની યોનિ કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ પાંચ વર્ષ સુધી રહે છે.

ત્યારપછી તે કરમાઈ જાય છે **-યાવત્-** યોનિનો નાશ થઈ જાય છે.

## १०. अयसीआईणं जोणीणं संठिई परूवणं-

प. अह भंते ! अयसि-कुसुंभ-कोद्दव-कंगु-रालग-वरट्ट-कोद्दूसग-सण-सरिसव-मूलगबीयाणं एएसि णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं **-जाव-** पिहियाणं केवइयं कालं जोणी संचिट्ठइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त संवच्छराइं,

## ૧૦. અળસી આદિના યોનિઓની સંસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! અળસી, કુસુંબ, કોદરી, કંગુ, રાળ, ગોલચણા, કોદરીની એક જાતિ, સણ, સરસવ, મૂલકબીજ-આ ધાન્ય જો ગુપ્તકોઠામાં, ગુપ્તપાલામાં **-યાવત્-** માટીથી મુદ્રાંકિત કર્યા પછી તેમની યોનિ કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત વર્ષ સુધી રહે છે.

---

१. विया. स. ६, उ. ७, सु. १

२. विया. स. ६, उ. ७, सु. २

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेण परं जोणी पमिलायइ **-जाव-** तेण परं जोणीवोच्छेए पण्णत्ते।[1]

-ठाणं, अ. ७, सु. ५७२

ત્યારપછી યોનિ કરમાઈ જાય છે **-યાવત્-** યોનિનો નાશ થઈ જાય છે.

**११. अट्ठविहे जोणिसंगहे-**

अट्ठविहे जोणिसंगहे पण्णत्ते, तं जहा-

१. अडंजा, २. पोतजा, ३. जराउजा, ४. रसजा, ५. संसेदगा, ६. सम्मुच्छिमा, ७. उब्भिया[2], ८. उववाइया।

-ठाणं, अ. ८, सु. ५९५

**૧૧. આઠ પ્રકારના યોનિ સંગ્રહ :**

યોનિ સંગ્રહ આઠ પ્રકારના કહેવાય છે, જેમકે -

૧. અંડજ, ૨. પોતજ, ૩. જરાયુજ, ૪. રસજ, ૫. સંસ્વેદજ, ૬. સમ્મૂર્ચ્છિમ, ૭. ઉદ્‌ભિજ્જ, ૮. ઔપપાતિક.

**१२. थलयर-जलयरपंचिंदिय-तिरिक्खजोणिय जीवाणं जोणी संगह परूवणं-**

प. भुयगपरिसप्पथलयर पंचिंदिय तिरिक्खजोणियाणं भंते ! कइविहे जोणीसंगहे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे जोणिसंगहे पण्णत्ते, तं जहा-

१. अंडया, २. पोयया, ३. संमुच्छिमा।

***उरगपरिसप्पथलयर पंचिंदिय-तिरिक्खजोणियाण वि एवं चेव।***

प. चउप्पयथलयर-पंचिंदिय-तिरिक्खजोणियाणं भंते ! कइविहे जोणीसंगहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. जराउया (पोयया)य, २. सम्मुच्छिमा य।

***जलयर-पंचिंदियतिरिक्खजोणियाणं जहा भुयगपरिसप्पाणं।***

-जीवा. पडि. ३, उ. १, सु. ९७(२)

**૧૨. સ્થળચર - જલચર પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવોની યોનિ - સંગ્રહનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભુજપરિસર્પસ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના કેટલા પ્રકારની યોનિ સંગ્રહ કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારના યોનિ સંગ્રહ કહેવામાં આવે છે, જેમકે -

૧. અંડજ, ૨. પોતજ, ૩. સમ્મૂર્ચ્છિમ.

***ઉરપરિસર્પસ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

પ્ર. ભંતે ! ચતુષ્પદસ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના કેટલા પ્રકારની યોનિ સંગ્રહ કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! એમના યોનિ સંગ્રહ બે પ્રકારના કહેવામાં આવે છે, જેમકે-

૧. જરાયુજ (પોતજ), ૨. સમ્મૂર્ચ્છિમ.

***જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના યોનિ સંગ્રહનું વર્ણન ભુજપરિસર્પની જેમ છે.***

**१३. जोणी कुलकोडियाणं परूवणं-**

प. जलचर पंचेंदिय तिरिक्खजोणियाणं भंते ! जीवाणं कइ जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! अद्धतेरस जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता।[3]

-जीवा. पडि. ३, सु. ९७(२)

प. चउप्पयथलयर पंचेंदिय तिरिक्खजोणियाणं भंते ! जीवाणं कइ जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

**૧૩. યોનિ કુલ કોટિયોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની કેટલા લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! સાડા બાર લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની કેટલા લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

१. विया. स. ६, उ. ७, सु. ३ २. ठाणं अ. ७, सु. ५४३ ३. सम. सम. १३, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! दस जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता। -जीवा. पडि. ३, सु. ९७(२)

प. उरपरिसप्पथलयर पंचेंदिय तिरिक्खजोणियाणं भंते! जीवाणं कइ जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! दस जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता।

-जीवा. पडि. ३, सु. ९७(२)

प. भुयपरिसप्पथलयर पंचेंदिय तिरिक्खजोणियाणं भंते! जीवाणं कइ जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! णव जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं।

-जीवा. पडि. ३, सु. ९७(१)

प. खहयर पंचेंदिय तिरिक्खजोणियाणं भंते ! जीवाणं कइ जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! बारस जाइकुलकोडीजोणीप्पमुहसय-सहस्सा पण्णत्ता।

-जीवा. पडि. ३, सु. ९७(२)

प. बेइंदियाणं भंते ! कइ जाइकुलकोडीजोणीप्पमुह-सयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! सत्त जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा समक्खाया।[1]

-जीवा. पडि. ३, सु. ९७(२)

प. तेइंदियाणं भंते ! कइ जाइकुलकोडीजोणीप्पमुह-सयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! अट्ठ जाइकुलकोडीजोणीप्पमुहसय-सहस्सा समक्खाया।[2]

-जीवा. पडि. ३, सु. ९७(२)

प. चउरिंदियाणं भंते ! कइ जाइकुलकोडीजोणीप्प-मुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! णव जाइकुलकोडीजोणीप्पमुहसयसहस्सा समक्खाया।

-जीवा. पडि. ३, सु. ९७(२)

ઉ. ગૌતમ ! દસ લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની કેટલા લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ !. દસ લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની કેટલા લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કેહવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! નવ લાખ જાતિ કુલ કોટિ પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની કેટલા લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! બાર લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! દ્વીન્દ્રિયોની કેટલા લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! સાત લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ત્રેઈન્દ્રિયોની કેટલા લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! આઠ લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

પ્ર. ભંતે ! ચૌરેન્દ્રિયોની કેટલા લાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કેહવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! નવલાખ જાતિ કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

---

१. ठाणं. अ. ७, सु. ५९१ २. ठाणं अ. ८, सु. ६५९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. कइ णं भंते ! पुप्फ जाइकुलकोडी-जोणीप्पमुहसय-सहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! सोलस पुप्फ जाइकुलकोडीजोणीप्पमुह-सयसहस्सा पण्णत्ता, तं जहा-

१. चत्तारि जलजाणं, २. चत्तारि थलजाणं,

३. चत्तारि महारूक्खाणं,

४. चत्तारि महागुम्मियाणं।

-जीवा. पडि. ३, सु. ९८(२)

प. लवणे णं भंते ! समुद्दे कइ मच्छजाइकुलकोडीजो-णीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! सत्त मच्छजाइकुलकोडी-जोणीप्प-मुहसयसहस्सा पण्णत्ता।

-जीवा. पडि. ३, सु. १८७

*कालोए णं णव।*

-जीवा. पडि. ३, सु. १८७

प. सयंभूरमणे णं भंते ! समुद्दे कइ मच्छजाइकुलकोडी-जोणीप्पमुहसयसहस्सा पण्णत्ता ?

उ. गोयमा ! अद्धतेरस जाइकुलकोडीजोणीप्प-मुहसयसहस्सा पण्णत्ता।

-जीवा. पडि. ३, सु. १८७

પ્ર. ભંતે ! ફૂલ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કેટલા લાખ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! સોળ લાખ ફૂલ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે, જેમકે-

૧. જલજોની ચાર લાખ, ૨. સ્થળજોની ચાર લાખ,

૩. મહાવૃક્ષોની ચાર લાખ,

૪. મહાગુલ્મિકોની ચાર લાખ.

પ્ર. ભંતે ! લવણ સમુદ્રમાં મચ્છ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કેટલા લાખ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! સાત લાખ મચ્છ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

***કાલોદ સમુદ્રમાં નવ લાખ (મચ્છ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ) કહેવાય છે.***

પ્ર. ભંતે ! સ્વયંભૂરમણ સમુદ્રમાં મચ્છ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કેટલા લાખ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! સાડા બારલાખ મચ્છ જાતિની કુલ કોટી પ્રમુખ યોનિઓ કહેવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૧. સંજ્ઞા અધ્યયન

"सम्" ઉપસર્ગ પૂર્વક "ज्ञा" ધાતુથી નિષ્પન સંજ્ઞા શબ્દ વ્યાકરણમાં કોઈ વસ્તુ, વ્યક્તિ, સ્થાનાદિના નામ [Noun] માટે પ્રયુક્ત થયો છે.

તત્ત્વાર્થસૂત્ર (અ.૧. સુ.૧૩) માં સંજ્ઞા શબ્દનો પ્રયોગ મતિજ્ઞાનના પર્યાયવાચક શબ્દના અર્થમાં પ્રયુક્ત થયો છે.

આઠમી શતાબ્દીના જૈન નૈયાયિક અકલંકે સંજ્ઞા શબ્દનો પ્રયોગ પ્રત્યભિજ્ઞાન પ્રમાણ અર્થમાં કરેલ છે. પરંતુ આગમોમાં આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આદિની અભિલાષા વ્યક્ત કરવા માટે સંજ્ઞા શબ્દનો પ્રયોગ કરેલ છે. સંસારી જીવોમાં આહારાદિ સંજ્ઞાઓ સ્વાભાવિકરૂપે પ્રાપ્ત થાય છે. આહારાદિની અભિલાષાથી સંસારી જીવોને જાણી શકાય છે. માટે આહારાદિને સંજ્ઞા કહેવાય છે.

સામાન્યતઃ સંજ્ઞાના ચાર ભેદ છે - આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા.

પ્રજ્ઞાપના અને વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિસૂત્રોમાં સંજ્ઞાના દસ પ્રકારનો ઉલ્લેખ છે. તેમાં આહારાદિ ચાર સંજ્ઞાઓની સાથે ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક સંજ્ઞાઓની પણ ગણના કરેલ છે.

આચારાંગનિર્યુક્તિ (ગાથા ૩૮ - ૩૯) માં સંજ્ઞાના ૧૬ ભેદોનું વર્ણન છે. ત્યાં આ દસ સંજ્ઞાઓમાં મોહ, ધર્મ, સુખ, દુઃખ, જુગુપ્સા અને શોકને પણ સંજ્ઞાના ભેદમાં જોડવામાં આવ્યા છે.

આ સંજ્ઞાઓ સકષાયી જીવોમાં જ પ્રાપ્ત થાય છે. પૂર્ણ વીતરાગ અવસ્થા પ્રાપ્ત થવાપર સંજ્ઞાઓ રહેતી નથી.

આહાર આદિ ચાર સંજ્ઞાઓનું આગમોમાં સવિસ્તાર વર્ણન છે. ચારેય ગતિઓના ૨૪ દંડકોમાં આ ચારેય સંજ્ઞાઓ મળે છે. પરંતુ નૈરયિકોમાં ભયસંજ્ઞાની પ્રધાનતા છે, તિર્યંચ જીવોમાં આહારસંજ્ઞાની પ્રધાનતા છે, મનુષ્યોમાં મૈથુનસંજ્ઞાની પ્રધાનતા છે, દેવોમાં પરિગ્રહસંજ્ઞાની પ્રધાનતા છે.

અલ્પતાની અપેક્ષાએ નૈરયિકોમાં મૈથુનસંજ્ઞાવાળા, તિર્યંચોમાં પરિગ્રહસંજ્ઞાવાળા, મનુષ્યોમાં ભયસંજ્ઞાવાળા તથા દેવોમાં આહારસંજ્ઞાવાળા જીવ બધાથી ઓછા છે.

સંજ્ઞા અગુરુલઘુ હોય છે.

સંજ્ઞાઓની ઉત્પત્તિના અલગ અલગ કારણ છે. તે વેદનીય અથવા મોહનીય કર્મના ઉદયથી પણ ઉત્પન્ન થાય છે. તથા તેનું શ્રવણ કરવાપર અનંતર ઉત્પન્ન મતિથી પણ ઉત્પન્ન થાય છે. તથા તેનું સતત ચિંતન કરવાથી પણ ઉત્પન્ન થાય છે.

આહારસંજ્ઞામાં પેટ ખાલી રાખવું, ભયસંજ્ઞામાં સત્વહીનતા, મૈથુનસંજ્ઞામાં માંસ-શોણિત (રક્ત-લોહિ)નું અત્યધિક ઉપચય અને પરિગ્રહસંજ્ઞામાં પરિગ્રહનું પોતાના પાસે રહેવું તે પણ ઉત્પત્તિનું કારણ બને છે. આ પ્રમાણે સંજ્ઞાઓની ઉત્પત્તિ કે પ્રકટીકરણમાં કેટલાક આંતરિક કારણ છે. તથા કેટલાક બાહ્ય કારણ છે. કર્મોદય આંતરિક કારણ છે તથા તેની અભિવ્યક્તિમાં પેટ ખાલી રાખવું આદિ બાહ્ય નિમિત્તના કારણ છે.

સંજ્ઞાની ક્રિયાનું કારણ સંજ્ઞાકરણ તથા સંજ્ઞાની રચનાને **સંજ્ઞાનિવૃત્તિ** કહેવાય છે. આના પણ સંજ્ઞાના ભેદોની જેમ આહાર આદિ ચાર - ચાર ભેદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ११. सण्णा अज्झयणं

**सुत्त -**

१. **ओहेण सण्णा परूवणं-**

एगा सण्णा। - ठाणं. अ. १, सु. २०

२. **चत्तारि सण्णाओ तदुप्पत्ति कारणाणि य-**

चत्तारि सण्णाओ पण्णत्ताओ, तं जहा-

१. आहारसण्णा, २. भयसण्णा,

३. मेहुणसण्णा, ४. परिग्गहसण्णा।[1]

चउहिं ठाणेहिं आहारसण्णा समुप्पज्जइ, तं जहा-

१. ओमकोट्ठयाए,

२. छुहावेयणिज्जस्स कम्मस्स उदएणं,

३. मईए,

४. तदट्ठोवओगेणं।

चउहिं ठाणेहिं भयसण्णा समुप्पज्जइ, तं जहा-

१. हीणसत्तयाए,

२. भयवेयणिज्जस्स कम्मस्स उदएणं,

३. मईए,

४. तदट्ठोवओगेणं।

चउहिं ठाणेहिं मेहुणसण्णा समुप्पज्जइ, तं जहा-

१. चित्तमंससोणियाए,

२. मोहणिज्जस्स कम्मस्स उदएणं,

३. मईए,

४. तदट्ठोवओगेणं।

चउहिं ठाणेहिं परिग्गह सण्णा समुप्पज्जइ, तं जहा-

१. अविसुत्तयाए,

२. लोभवेयणिज्जस्स कम्मस्स उदएणं,

३. मईए,

४. तदट्ठोवओगेणं।

-ठांण. अ. ४, उ. ४, सु. ३५६

३. **सण्णाणं अगरूलहुयत्त परूवणं-**

प. सण्णाओ णं भंते ! किं गरूया ? लहुया ? गरूयलहुया ? अगरूयलहुया ?

## ૧૧. સંજ્ઞા અધ્યયન

**સૂત્ર :**

૧. **સામાન્યથી સંજ્ઞાનું પ્રરૂપણ :**

સંજ્ઞા એક છે.

૨. **ચાર પ્રકારની સંજ્ઞાઓ અને તેની ઉત્પત્તિનું કારણ :**

સંજ્ઞાઓ ચાર પ્રકારની કહેવાય છે, જેમકે -

૧. આહાર સંજ્ઞા, ૨. ભય-સંજ્ઞા,

૩. મૈથુન-સંજ્ઞા, ૪. પરિગ્રહ-સંજ્ઞા.

ચાર સ્થાનો (કારણો)થી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે, જેમકે-

૧. પેટ ખાલી થઈ જવાથી,

૨. ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી,

૩. આહારચર્યા સાંભળ્યા પછી બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થવાથી,

૪. આહારના વિષયમાં ચિંતન કરતા રહેવાથી.

ચાર કારણોથી ભયસંજ્ઞા ઉત્પન્ન થાય છે, જેમકે -

૧. સત્વહીનતાથી,

૨. ભય - વેદનીય કર્મના ઉદયથી,

૩. ભયજનક વાતો સાંભળ્યા પછી બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થવાથી,

૪. ભયનું સતત ચિંતન કરતા રહેવાથી.

ચાર કારણોથી મૈથુન-સંજ્ઞા ઉત્પન્ન થાય છે, જેમકે -

૧. વધુ પડતા માંસલોહીનો ઉપચય કરવાથી,

૨. મોહનીય કર્મના ઉદયથી,

૩. કામ વાર્તા સાંભળ્યા પછી બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થવાથી,

૪. મૈથુનનું સતત ચિંતન કરતા રહેવાથી.

ચાર કારણોથી પરિગ્રહ-સંજ્ઞા ઉત્પન્ન થાય છે, જેમકે -

૧. પરિગ્રહ પાસે રાખવાથી,

૨. લોભ - વેદનીય કર્મના ઉદયથી,

૩. પરિગ્રહ વાર્તા સાંભળ્યા પછી બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થવાથી,

૪. પરિગ્રહનું સતત ચિંતન કરતા રહેવાથી.

૩. **સંજ્ઞાઓના અગુરૂલઘુત્વનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! સંજ્ઞા શું ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે- અગુરૂલઘુ છે ?

---

१. सम. सम. ४, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णो गरूया, णो लहुया, णो गरूयलहुया, अगरूयलहुया ।

-विया. स. १, उ. ९, सु. ११

उ. ગૌતમ ! સંજ્ઞા ગુરૂ નથી, લઘુ નથી અને ગુરૂલઘુ પણ નથી પરંતુ અગુરૂલઘુ છે.

**४. सण्णाणिव्वत्ति भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! सन्नानिव्वत्ती पण्णत्ता ?

उ. गोयमा ! चउव्विहासन्नानिव्वत्ती पण्णत्ता, तं जहा-

१. आहारसन्नानिव्वत्ती, २. भयसन्नानिव्वत्ती,

३. मेहुणसन्नानिव्वत्ती, ४. परिग्गहसन्नानिव्वत्ती।

***दं. १-२४. एवं -जाव- वेमाणियाणं।***

-विया. स. १९, उ. ८, सु. ३२-३३

**૪. સંજ્ઞા નિર્વૃત્તિના ભેદ અને ચોવીસદંડકોનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! સંજ્ઞાનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહેવાય છે ?

ઉ. ગૌતમ ! સંજ્ઞા નિર્વૃત્તિ ચાર પ્રકારની કહેવાય છે, જેમકે-

૧. આહાર સંજ્ઞાનિર્વૃત્તિ, ૨. ભયસંજ્ઞાનિર્વૃત્તિ,

૩. મૈથુનસંજ્ઞાનિર્વૃત્તિ, ૪. પરિગ્રહસંજ્ઞાનિર્વૃત્તિ.

***દં. ૧-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી સંજ્ઞા નિર્વૃત્તિઓ જાણવી જોઈએ.***

**५. सण्णाकरणभेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहे णं भंते ! सण्णाकरणे पण्णत्ते ?

उ. गोयमा ! चउव्विहा सण्णाकरणे पण्णत्ते, तं जहा-

१. आहारसण्णाकरणे, २. भयसण्णाकरणे,

३. मेहुणसण्णाकरणे, ४. परिग्गहसण्णाकरणे ।

***दं. १-२४. एवं -जाव- वेमाणियाणं।***

-विया. स. १९, उ. ९, सु. ८

**૫. સંજ્ઞાકરણના ભેદ અને ચોવીસદંડકોનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! સંજ્ઞાકરણ કેટલા પ્રકારના કહેવાય છે ?

ઉ. ગૌતમ ! ચાર પ્રકારના સંજ્ઞાકરણ કહેવાય છે, જેમકે-

૧. આહારસંજ્ઞા કરણ, ૨. ભયસંજ્ઞા કરણ,

૩. મૈથુનસંજ્ઞા કરણ, ૪. પરિગ્રહસંજ્ઞા કરણ.

***દં. ૧-૨૪, આ પ્રમાણે વૈમાનિકો સુધી સંજ્ઞાકરણ જાણવા જોઈએ.***

**६. सण्णाबंधभेया चउवीसदंडएसु य परूवणं-**

प. आहारसण्णाए णं **-जाव-** परिग्गहसण्णाए णं भंते ! कइविहे बंधे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे बंधे पण्णत्ते, तं जहा-

१. जीवप्पयोग बंधे, २. अणंतर बंधे, ३. परंपर बंधे।

***दं. १-२४. एवं चउवीसदंडगेसु भाणियव्वा।***

-विया. स. २०, उ. ७, सु. १९

**૬. સંજ્ઞાઓમાં બંધ ભેદ અને ચોવીસદંડકોનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! આહારસંજ્ઞા **-યાવત્-** પરિગ્રહસંજ્ઞામાં બંધ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બંધ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. જીવપ્રયોગ બંધ, ૨. અનન્તર બંધ, ૩. પરમ્પર બંધ.

***દં. ૧-૨૪, આ પ્રમાણે ચોવીસદંડકોમાં (નૈરયિકોથી વૈમાનિક સુધી) જાણવું જોઈએ.***

**७. चउगईसु चउसण्णोवउत्तत्तं तेसिं च अप्पबहुत्तं-**

प. नेरइया णं भंते ! किं आहारसण्णोवउत्ता, भयसण्णोवउत्ता, मेहुणसण्णोवउत्ता, परिग्गहसण्णोवउत्ता ?

उ. गोयमा ! ओसण्णकारणं पडुच्च-भयसण्णोवउत्ता,

संतइभावं पडुच्च-आहारसण्णोवउत्ता वि **-जाव-** परिग्गहसण्णोवउत्ता वि ।[१]

**૭. ચાર ગતિયોમાં ચાર સંજ્ઞોપયુક્તત્વ અને તેમનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! શું નૈરયિક આહાર સંજ્ઞોપયુક્ત છે, ભય સંજ્ઞોપયુક્ત છે, મૈથુન સંજ્ઞોપયુક્ત છે, પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ઉત્પન્નકારણ (બહુલતાની અપેક્ષા)થી તે ભયસંજ્ઞોપયુક્ત છે.

પરંતુ સંતતિભાવ (સદ્ભાવની અપેક્ષા)થી તે આહાર-સંજ્ઞોપયુક્ત પણ છે **-યાવત્-** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત પણ છે.

१. जीवा. पडि. १, सु. ३२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एएसि णं भंते ! नेरइयाणं आहारसण्णोवउत्ताणं, भयसण्णोवउत्ताणं, मेहुणसण्णोवउत्ताणं, परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा नेरइया मेहुणसण्णोवउत्ता,

२. आहारसण्णोवउत्ता संखेज्जगुणा,

३. परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा,

४. भयसण्णोवउत्ता संखेज्जगुणा ।

प. तिरिक्खजोणिया णं भंते ! किं आहारसण्णोवउत्ता -जाव- परिग्गहसण्णोवउत्ता ?

उ. गोयमा ! ओसण्णकारणं पडुच्च-आहारसण्णोवउत्ता,

संतइभावं पडुच्च आहारसण्णोवउत्ता वि -जाव- परिग्गहसण्णोवउत्ता वि ।[१]

प. एएसि णं भंते ! तिरिक्खजोणियाणं आहारसण्णोवउत्ताणं -जाव- परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तिरिक्खजोणिया परिग्गहसण्णोवउत्ता,

२. मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा,

३. भयसण्णोवउत्ता संखेज्जगुणा,

४. आहारसण्णोवउत्ता संखेज्जगुणा ।

प. मणुस्सा[२] णं भंते ! किं आहारसण्णोवउत्ता -जाव- परिग्गहसण्णोवउत्ता ?

उ. गोयमा ! ओसण्णकारणं पडुच्च-मेहुणसण्णोवउत्ता,

संतइभावं पडुच्च-आहारसण्णोवउत्ता वि -जाव- परिग्गहसण्णोवउत्ता वि ।

प. एएसि णं भंते ! मणुस्साणं आहारसण्णोवउत्ताणं -जाव- परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?[३]

પ્ર. ભંતે ! આ આહારસંજ્ઞોપયુક્ત, ભય સંજ્ઞોપયુક્ત, મૈથુન સંજ્ઞોપયુક્ત અને પરિગ્રહ સંજ્ઞોપયુક્ત નારકોમાંથી કોણ-કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા મૈથુનસંજ્ઞોપયુક્ત નૈરયિક છે,

૨. તેનાથી સંખ્યાતગુણા આહારસંજ્ઞોપયુક્ત છે,

૩. તેનાથી સંખ્યાતગુણા પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે,

૪. તેનાથી સંખ્યાતગુણા ભયસંજ્ઞોપયુક્ત છે.

પ્ર. ભંતે ! તિર્યંચયોનિક જીવ શું આહારસંજ્ઞોપયુક્ત છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ઉત્સન્ન કારણ (ક્ષુધા જનક અનેક બાહ્ય કારણોની અપેક્ષા)થી તે આહારસંજ્ઞોપયુક્ત છે, પરંતુ સંતતિભાવથી તે આહારસંજ્ઞોપયુક્ત પણ છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત પણ છે.

પ્ર. ભંતે ! આ આહારસંજ્ઞોપયુક્ત **-યાવત્-** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત તિર્યંચયોનિક જીવોમાં કોણ-કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે.

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા પરિગ્રહસંજ્ઞોપયુક્ત તિર્યંચયોનિક છે,

૨. (તેનાથી) મૈથુન સંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) ભયસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) આહારસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! શું મનુષ્ય આહારસંજ્ઞોપયુક્ત હોય છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત હોય છે ?

ઉ. ગૌતમ ! ઉત્સન્ન કારણ (બહુલતાની અપેક્ષા) થી તે મૈથુનસંજ્ઞોપયુક્ત હોય છે,

પરંતુ સંતતિભાવથી તે આહારસંજ્ઞોપયુક્ત પણ હોય છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત પણ હોય છે.

પ્ર. ભંતે ! આ આહારસંજ્ઞોપયુક્ત **-યાવત્-** પરિગ્રહ-સંજ્ઞોપયુક્ત મનુષ્યોમાં કોણ-કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

---

१. (क) जीवा. पडि. १, सु. १३ (६) जीवा. पडि. १, सु. २६ जीवा. पडि. १, सु. ३०
जीवा. पडि. १, सु. १७ जीवा. पडि. १, सु. २८ जीवा. पडि. १, सु. ३५
जीवा. पडि. १, सु. १८ जीवा. पडि. १, सु. २९ जीवा. पडि. १, सु. ३८
जीवा. पडि. १, सु. २४
(ख) विया. स. ११, उ. १, सु. २५ (ग) विया. स. ११, उ. २-८

२. (क) जीवा. पडि. १, सु. ४१ (सम्मुर्छिम)
(ख) प. गब्भवक्कंतिय मणुस्साणं भंते ! जीवा किं आहारसन्नोवउत्ता -जाव- लोभ सन्नोवउत्ता, नो सन्नोवउत्ता ?
उ. गोयमा ! सव्वेवि । - जीवा. पडि. १, सु. ४१

३. जीवा. पडि. १, सु. ४२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! १. सव्वत्थोवा मणूसा भयसण्णोवउत्ता,
२. आहारासण्णोवउत्ता संखेज्जगुणा,
३. परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा,
४. मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा।

प. देवा णं भंते ! किं आहारसण्णोवउत्ता **-जाव-** परिग्गहसण्णोवउत्ता ?

उ. गोयमा! उस्सण्णकारणं पडुच्च-परिग्गहसण्णोवउत्ता,

संतइभावं पडुच्च-आहारसण्णोवउत्ता वि **-जाव-** परिग्गहसण्णोवउत्ता वि।

प. एएसि णं भंते ! देवाणं आहारसण्णोवउत्ताणं **-जाव-** परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा देवा आहारसण्णोवउत्ता,
२. भयसण्णोवउत्ता संखेज्जगुणा,
३. मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा,
४. परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा।

-पण्ण. प. ८, सु. ७३०-७३७

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા મનુષ્ય ભયસંજ્ઞોપયુક્ત છે,
૨. (તેનાથી) આહારસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,
૩. (તેનાથી) પરિગ્રહસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,
૪. (તેનાથી) મૈથુનસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે.

પ્ર. ભંતે ! શું દેવ આહારસંજ્ઞોપયુક્ત છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે ?

ઉ. ગૌતમ ! ઉત્સન્નકારણ (બહુલતાની અપેક્ષા) થી તે પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે,

પરંતુ સંતતિભાવ (અનવરત દીર્ઘકાળની અપેક્ષા)થી તે આહારસંજ્ઞોપયુક્ત પણ છે **-યાવત્-** પરિગ્રહસંજ્ઞોપયુક્ત પણ છે.

પ્ર. ભંતે ! આ આહારસંજ્ઞોપયુક્ત **-યાવત્-** પરિગ્રહ-સંજ્ઞોપયુક્ત દેવોમાંથી કોણ-કોનાથી થોડા **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સૌથી થોડા આહારસંજ્ઞોપયુક્ત દેવ છે,
૨. (તેનાથી) ભયસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,
૩. (તેનાથી) મૈથુનસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે,
૪. (તેનાથી) પણ પરિગ્રહસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે.

## ८. पगारांतरेण सण्णाणं दस भेया-

प. कइणं भंते ! सण्णाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ, तं जहा-
१. आहारसण्णा, २. भयसण्णा, ३. मेहुणसण्णा,
३. परिग्गहसण्णा, ५. कोहसण्णा, ६. माणसण्णा,
७. मायासण्णा, ८. लोभसण्णा, ९. लोगसण्णा,
१०. ओघसण्णा।[1] -पण्ण. प. ८, सु. ७२५

## ૮. પ્રકારાંતરથી સંજ્ઞાઓના દસ ભેદ :

પ્ર. ભંતે ! સંજ્ઞા કેટલી કહેવાય છે ?

ઉ. ગૌતમ ! સંજ્ઞા દસ કહેવાય છે, જેમકે -
૧. આહાર સંજ્ઞા, ૨. ભયસંજ્ઞા, ૩. મૈથુન સંજ્ઞા,
૪. પરિગ્રહ સંજ્ઞા, ૫. ક્રોધસંજ્ઞા, ૬. માનસંજ્ઞા,
૭. માયાસંજ્ઞા, ૮. લોભસંજ્ઞા, ૯. લોકસંજ્ઞા,
૧૦. ઓઘસંજ્ઞા.

## ९. चउवीसदंडएसु दसण्हं सण्णाणं परूवणं-

प. नेरइया णं भंते ! कइ सण्णाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ, तं जहा-
१. आहारसण्णा **-जाव-** १०. ओघसण्णा।

***दं. २-२४. एवं -जाव- वेमाणियाणं।***[2]

-पण्ण. प. ८, सु. ७२६-७२९

## ૯. ચોવીસ દંડકોમાં દસ સંજ્ઞાઓનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! નૈરયિકોમાં કેટલી સંજ્ઞા કહેવાય છે ?

ઉ. ગૌતમ ! તેમાં દસ સંજ્ઞા કહેવાય છે, જેમકે -
૧. આહારસંજ્ઞા **-યાવત્-** ૧૦. ઓઘસંજ્ઞા.

***દં. ૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી દસ સંજ્ઞાઓ જાણવી જોઈએ.***

---

१. (क) ठाणं. अ. १०, सु. ७५२ (ख) विया. स. ७, उ. ८, सु. ५
२. विया. स. ७, उ. ८, सु. ६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૨. સ્થિતિ અધ્યયન

યદ્યપિ જ્ઞાનાવરણીય આદિ આઠેય કર્મોની સ્થિતિ હોય છે. પ્રત્યેક કર્મની ફળદાન અવધિ એ જ તેની સ્થિતિ કહેવાય છે. પણ આ અધ્યયનમાં આયુષ્યકર્મ સંબંધિત સ્થિતિનું જ વર્ણન કરવામાં આવેલ છે. તે સ્થિતિ બે પ્રકારની કહેવાય છે. ૧. કાયસ્થિતિ અને ૨. ભવસ્થિતિ. એક જ પ્રકારની ગતિ અને આયુષ્યનો અનેક ભવો સુધી બની રહેવું કાયસ્થિતિ કહેવાય છે. તથા એક જ ભવમાં તે ગતિ અને આયુષ્યનું બની રહેવું ભવસ્થિતિ કહેવાય છે.

આ અધ્યયન માત્ર ભવસ્થિતિથી સંબંધિત છે.

ભવસ્થિતિનું વર્ણન આ અધ્યયનમાં ૨૪ દંડકોના ક્રમથી થયેલ છે. પ્રત્યેક દંડક અને તેનાં વિશેષ ભેદોની સ્થિતિની પ્રરુપણા ઔધિક, અપર્યાપ્ત અને પર્યાપ્ત દ્વારોથી કરેલ છે.

સમસ્ત અપર્યાપ્ત જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે. કોઈપણ અપર્યાપ્ત જીવ અંતર્મુહુર્તથી અધિક કાળ સુધી અપર્યાપ્ત રહેતા નથી. અંતર્મુહૂર્તની અંદર તે સંપૂર્ણ યોગ્ય પર્યાપ્તિઓને ગ્રહણ કરી લે છે. પર્યાપ્ત જીવોની સ્થિતિ તેની ઔધિક સ્થિતિમાં અંતર્મુહૂર્ત ઓછી હોય છે. જેમ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકની ઔધિક સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમ હોય છે. તેમ પર્યાપ્ત નૈરયિકોની સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત ઓછી દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત ઓછી એક સાગરોપમ હશે, કારણ કે ઔધિક સ્થિતિમાંથી અપર્યાપ્ત કાળની સ્થિતિને ઘટાડવાથી પર્યાપ્ત જીવની સ્થિતિ જાણી શકાય છે. આ સૂત્ર સર્વપ્રકારના પર્યાપ્ત જીવોની સ્થિતિપર લાગુ થાય છે.

ઔધિક રૂપથી નૈરયિક અને દેવોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ છે.

તિર્યંચ અને મનુષ્યગતિના જીવોની જઘન્ય સ્થિતિ - અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે.

રત્નપ્રભા આદિ સાતે પૃથ્વીના આધારે નૈરયિક સાત પ્રકારના છે, તેમાં પ્રત્યેકની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટની દૃષ્ટિએ જુદી-જુદી છે. આ પ્રમાણે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની સ્થિતિ જુદી-જુદી જાણવી.

ભવનપતિ દસ પ્રકારના છે. તેમાં પ્રત્યેકની સ્થિતિનું વર્ણન કરવાની સાથે તેમના ઈન્દ્રો, ચમર, બલી, ધરણ, ભૂતાનન્દ આદિની આભ્યન્તર, મધ્યમ અને બાહ્ય પરિષદોમાં વિદ્યમાન દેવોની સ્થિતિનો પૃથક્-પૃથક્ ઉલ્લેખ પણ કરેલ છે. દેવીઓની સ્થિતિનું વર્ણન જોવાથી એ જાણી શકાય છે કે દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સર્વત્ર દેવોથી ઓછી છે. ભવનવાસી દેવોની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમથી કંઈક અધિક છે. તો દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાઢા ચાર પલ્યોપમ છે. આ પ્રમાણે વાણવ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે. તો દેવીઓની સ્થિતિ અર્ધ્ધ પલ્યોપમ માત્ર છે. જ્યોતિષી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ છે તો તેમની દેવીઓની ઉત્કૃષ્ટ પચાસ હજાર વર્ષ અધિક એક અર્દ્ધ પલ્યોપમ છે. વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ છે તો દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પંચાવન પલ્યોયમ છે.

વૈમાનિક દેવોની દેવીઓ બે પ્રકારની હોય છે : પરિગૃહીતા અને અપરિગૃહીતા. આમાં પરિગૃહીતાની અપેક્ષાએ અપરિગૃહીતા દેવીઓની સ્થિતિ અધિક હોય છે. આ દેવીઓ બીજા દેવલોક સુધીજ પ્રાપ્ત હોય છે, આગળ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં એ ઉલ્લેખનીય છે કે દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દેવોથી ઓછી હોવા છતા પણ તેની જઘન્ય સ્થિતિ દેવોના સમાન છે. ભવનપતિ અને વાણવ્યંતર દેવો અને દેવીઓની જઘન્ય સ્થિતિ સમાન રૂપથી દસ હજાર વર્ષ છે. જયોતિષી દેવો અને દેવીઓની જઘન્ય સ્થિતિ સમાન રૂપથી પલ્યોપમનો આઠમો ભાગ છે. વૈમાનિક દેવોની જેમ તેની દેવીઓની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે.

વાણવ્યંતર દેવોની સ્થિતિનું વર્ણન જે પ્રમાણે કરવામાં આવ્યું છે એ પ્રમાણે કાળ પિશાચ કુમારેન્દ્રની આભ્યન્તર - મધ્યમ અને બાહ્ય પરિષદના દેવ અને દેવીઓની સ્થિતિનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. આ સિવાય જંભકદેવો, વિજયદેવ અને તેનાં સામાનિક દેવોની સ્થિતિનો પણ ઉલ્લેખ છે. જ્યોતિષી દેવોની સ્થિતિના વર્ણન સાથે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા વિમાનવાસી દેવો તથા દેવીઓની સ્થિતિનું પણ ઔધિક, અપર્યાપ્ત અને પર્યાપ્ત દ્વારોથી વર્ણન પ્રાપ્ત છે.

વૈમાનિક દેવોના બાર દેવલોકનાં દેવોની સ્થિતિના વર્ણનની સાથે શક્ર અને ઈશાન દેવેન્દ્રોની અલગ-અલગ પરિષદોના દેવો અને દેવીઓની સ્થિતિનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. કિલ્વિષિક અને લોકાન્તિક દેવોની સ્થિતિનું વર્ણન પણ વૈમાનિક દેવોની સ્થિતિની સાથે થયેલ છે.

અહી આ ઉલ્લેખનીય છે કે સ્થિતિ અધ્યયનમાં નવ ગ્રૈવેયકો અને પાંચ અનુત્તર વિમાનોના દેવોની સ્થિતિનું વર્ણન થયેલ નથી. અન્યત્ર પ્રાપ્ત વર્ણન અનુસાર ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૨ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમ હોય છે. આમાં પહેલાં ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૨ સગરોપમ તથા ઉત્કૃષ્ટ ૨૩ સાગરોપમ, બીજા ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૩ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ ૨૪ સાગરોપમ, ત્રીજા ગ્રૈવેયક દેવોની સ્થિતિ જઘન્ય ૨૪ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ ૨૫ સાગરોપમ હોય છે. આ પ્રમાણે ચોથા ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૫ અને ઉત્કૃષ્ટ ૨૬, પાંચમા ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૬ અને ઉત્કૃષ્ટ ૨૭, છઠ્ઠા ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૭ અને ઉત્કૃષ્ટ ૨૮, સાતમાં ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૮ અને ઉત્કૃષ્ટ ૨૯, આઠમા ગ્રૈવેયક દેવોની જઘન્ય ૨૯ અને ઉત્કૃષ્ટ ૩૦ તથા નવમાં ગ્રૈવેયક દેવોની જઘન્ય ૩૦ અને ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમ સ્થિતિ હોય છે. પાંચ અનુત્તર વિમાનના દેવોમાં પ્રથમ ચાર વિમાનોના દેવોની સ્થિતિ જઘન્ય ૩૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ હોય છે.

સર્વાર્થસિદ્ધ વિમાનનાં દેવોની સ્થિતિ ૩૩ સાગરોપમ હોય છે. ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ નથી થતી. સનત્કુમારથી લઈને અચ્યુત કલ્પના દેવેન્દ્રો અને તેની ત્રિવિધા પરિષદના દેવોની સ્થિતિનો કાળ આ અધ્યયનમાં અવશ્ય કરવામાં આવેલ છે. અધ્યયનના અંતમાં કેટલાક વિશેષ વિમાનવાસી દેવોની સ્થિતિ બતાવી છે.

તિર્યંચયોનિક જીવોમાં એકેન્દ્રિયોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ હજાર વર્ષ છે. એકેન્દ્રિયોમાં પૃથ્વીકાય, અપ્કાય,તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવોની સ્થિતિનો ઔધિક તથા સૂક્ષ્મ અને બાદર ભેદોના આધાર પર વિચાર કરેલ છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત દ્વારોને બધાની જેમ અહીં પણ જાણવા. પૃથ્વીકાયિક જીવોની સ્થિતિનો ઉલ્લેખ કરતા સમયે કોમળ પૃથ્વી, શુદ્ધ પૃથ્વી, બાલુકા પૃથ્વી, મનોસિલ પૃથ્વી, શર્કરા પૃથ્વી અને ખર પૃથ્વીની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પણ વર્ણન કરેલ છે. પૃથ્વીકાય આદિના સૂક્ષ્મ જીવોની સ્થિતિ અપર્યાપ્ત, પર્યાપ્ત તથા ઔધિક ત્રણેય અવસ્થાઓમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. અહીં તાત્પર્ય એ છે કે એકેન્દ્રિય સૂક્ષ્મ જીવ અન્તર્મૂહૂર્તથી અધિક કાળ સુધી જીવન ધારણ કરતાં નથી. વનસ્પતિકાયના વર્ણનમાં નિગોદના જીવ સૂક્ષ્મ હોય છે. સ્થિતિપણ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રસકાયિક જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ હોય છે. કારણ કે ત્રસકાયિક જીવોમાં નૈરયિક અને દેવોની પણ ગણતરી થાય છે. આ પ્રમાણે પંચેન્દ્રિય જીવોની સ્થિતિ સમજવી જોઈએ.

બેઈન્દ્રિય જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષ હોય છે. ત્રેઈન્દ્રિય જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૪૯ દિવસ રાત હોય છે. ચઉરેન્દ્રિય જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ માસ (મહિના) હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે અને તે જ ગર્ભજ જીવોની સ્થિતિ છે. પરંતુ સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ જીવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ હોય છે. તિર્યંચયોનિક સ્ત્રીઓની સ્થિતિ ઔધિકની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવ જલચર, ચતુષ્પદ સ્થલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરના ભેદથી પાંચ પ્રકારનાં છે. તે પ્રત્યેક સંમૂર્છિમ અને ગર્ભજના ભેદથી બે પ્રકારના છે. પ્રસ્તુત સ્થિતિ અધ્યયનમાં જલચર આદિ જીવોની સ્થિતિનું ઔધિક, પર્યાપ્ત અને અપર્યાપ્ત દ્વારોથી વર્ણન કરતાં અનંતર તેના સંમૂર્છિમ અન ગર્ભજ ભેદોનું પણ આજ ઔધિક આદિ દ્વારોથી વર્ણન કરેલ છે. આમાં બધાથી અધિક સ્થિતિ ચતુષ્પદ સ્થલચર ગર્ભજ જીવો અને તેની સ્ત્રીઓની ત્રણ પલ્યોપમ છે.

સંમૂર્છિમ મનુષ્યોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. જ્યારે મનુષ્યોની ઔધિક સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે. આ તેની ગર્ભજ સ્થિતિ છે. મનુષ્ય સ્ત્રીઓની સ્થિતિનું વર્ણન બે પ્રકારથી મળે છે. ક્ષેત્રની અપેક્ષાએ અને ધર્માચરણની અપેક્ષાએ અહીં ક્ષેત્ર શબ્દ ભરતાદિ ક્ષેત્રોથી જાણવું તથા ધર્માચરણ શબ્દ તેના સંયમી જીવનનું સૂચક છે. અકર્મ-ભૂમિજ અને અન્તર્દ્વીપજ સ્ત્રીઓની સ્થિતિનું વર્ણન જન્મ અને સંહરણનાં ભેદોમાં કરવામાં આવ્યું છે.

ઔધિક, અપર્યાપ્ત અને પર્યાપ્ત દ્વારોથી સમસ્ત જીવોની સ્થિતિનું વર્ણન કરવાની સાથે કેટલાક જીવોની સ્થિતિનું વર્ણન પ્રથમ સમય અને અપ્રથમ સમયના દ્વારોથી પણ કરેલ છે. પ્રથમ સમયમાં જીવની સ્થિતિ એક સમયની હોય છે તથા અપ્રથમ સમયમાં એક સમય ઓછું લઘુભવ ગ્રહણ હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## १२. ठिई अज्झयणं

सूत्त -

१. **ठिई भेया-**

दुविहा ठिई पण्णत्ता, तं जहा-

१. कायट्ठिई चेव, २. भवट्ठिई चेव।

दोण्हं कायट्ठिई पण्णत्ता[1], तं जहा-

१. मणुस्साणं चेव, २. पंचिंदियतिरिक्खजोणियाणं चेव।

दोण्हं भवट्ठिई पण्णत्ता, तं जहा-

१. देवाणं चेव, २. नेरइयाणं चेव।

- ठाणं. अ. २, सु. ७९/१६-१८

२. **तस-थावर विवक्खया जीवाणं ठिई-**

प. तसकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं।[2]

प. अपज्जत्तय-तसकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं वि, उक्कोसेणं वि अंतोमुहुत्तं।

प. पज्जत्तय-तसकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं।
उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं।

- जीवा. पडि. ५, सु. २११

प. थावरस्स णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं।
उक्कोसेणं बावीसं वास सहस्साइं ठिई पण्णत्ता।

- जीवा. पडि. १, सु. ४३

३. **सुहुमबायरविवक्खया जीवाणं ठिई-**

प. सुहुमस्स णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं वि, उक्कोसेणं वि अंतोमुहुत्तं।

- जीवा. पडि. ५, सु. २१४

प. बायरस्स णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं।

- जीवा. पडि. ५, सु. २१८

## ૧૨. સ્થિતિ અધ્યયન

સૂત્ર :

૧. **સ્થિતિના ભેદ :**

સ્થિતિના બે પ્રકાર કહ્યા છે, જેમકે-

૧. કાયસ્થિતિ, ૨. ભવસ્થિતિ.

કાયસ્થિતિ બેની કહી છે, જેમકે-

૧. મનુષ્યોની, ૨. પંચેન્દ્રિય તિર્યંચયોનિકની.

ભવસ્થિતિ બેની કહી છે, જેમકે-

૧. દેવતાઓની, ૨. નૈરયિકોની.

૨. **ત્રસ સ્થાવરની વિવક્ષાથી જીવોની સ્થિતિ :**

પ્ર. ભંતે ! ત્રસકાયિકોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તની,
ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની.

*दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणियस्स जहा असुरकुमारस्स।*

- विया. स. १८, उ. ९, सु. १०-२०

પ્ર. દં.૧૨. ભંતે ! ભવ્ય દ્રવ્ય પૃથ્વીકાયિકની સ્થિતિ કેટલા કાળની કહી છે?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તની,

ઉત્કૃષ્ટ કંઈક અધિક બે સાગરોપમની.

*દં.૧૩. આ પ્રમાણે (ભવ્ય દ્રવ્ય) અપ્કાયિકની સ્થિતિના માટે કહેવું જોઈએ.*

*દં.૧૪-૧૫. (ભવ્ય દ્રવ્ય) અગ્નિકાયિક અને વાયુકાયિકની સ્થિતિ નૈરયિકની જેમ જાણવું જોઈએ.*

*દં.૧૬. (ભવ્ય દ્રવ્ય) વનસ્પતિકાયિકની સ્થિતિ પૃથ્વીકાયિકના જેમ કહેવું જોઈએ.*

*દં.૧૭-૧૯. (ભવ્ય દ્રવ્ય) બેઈન્દ્રિય, ત્રેન્દ્રિય, ચઉરેન્દ્રિયની સ્થિતિ પણ નૈરયિકના જેમ જાણવું જોઈએ.*

*દં.૨૦. (ભવ્ય દ્રવ્ય) પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.*

*દં.૨૧. (ભવ્ય દ્રવ્ય) મનુષ્યની સ્થિતિ પણ આટલી જ છે.*

*દં.૨૨-૨૪. (ભવ્ય દ્રવ્ય) વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોની સ્થિતિ અસુરકુમારોની જેમ જાણવી જોઈએ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૩. આહાર અધ્યયન

સંસારી જીવો માટે આહાર અત્યંત આવશ્યક છે. વિગ્રહ ગતિ સિવાય સંસારસ્થ સકષાયી જીવ આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરતા રહે છે. આહારથી જ ઔદારિક, વૈક્રિય આદિ ત્રણ શરીરો, પર્યાપ્તિઓ, ઈન્દ્રિયો આદિનું નિર્માણકાર્ય સંપન્ન થાય છે. વિગ્રહગતિ સિવાય કેવળી સમુદ્‌ઘાત, શૈલેશી અવસ્થા અને સિદ્ધ અવસ્થામાં આહાર કરવામાં આવતો નથી.

આહારના વિવિધ પ્રકાર છે. નૈરયિકોનો આહાર ઉષ્ણતા અને શીતલતના આધાર પર ચાર પ્રકારનો કહ્યો છે. જેમકે- અંગારોપમ, મુર્મુરોપમ, શીતળ અને હિમશીતળ. આમાં અંગારાના સમાન દાહવાળા (અંગારોપમ)ની અપેક્ષાએ મુર્મુરોપમ અધિક દાહનો દ્યોતક આહાર છે. આ પ્રમાણે શીતળની અપેક્ષાએ હિમશીતળ અધિક શીતળ આહારનો દ્યોતક છે. તિર્યંચ જીવોના આહારનું કંકોપમ, વિલોપમ, પાણમાંસોપમ અને પુત્રમાં સોપમના ભેદથી આ ચાર પ્રકારે નિરૂપણ કરેલ છે. મનુષ્યોનો આહાર અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યના ભેદથી ચાર પ્રકારના છે. આજ ચાર પ્રકારનો આહાર મનોજ્ઞ અને અમનોજ્ઞના આધાર પર આઠ પ્રકારનો થઈ જાય છે. દેવોનો આહાર વર્ણાદિના આધાર પર ચાર પ્રકારનો છે, જેમકે- વર્ણવાન્, ગંધવાન્, રસવાન્ અને સ્પર્શવાન્. સ્થાનાંગસૂત્રમાં આહારના ઉપસ્કર સંપન્ન આદિ ચાર અન્ય પ્રકાર પણ કહ્યા છે.

"सचित्ताहारट्ठी......... कायव्वा" ગાથાઓના અંતર્ગત અગિયાર દ્વારોનું વર્ણન છે. આ અગિયાર દ્વારોના આધારે આ અધ્યયનમાં ૨૪ દંડકોમાં આહારનું વિવેચન કરેલ છે. આ દ્વારોમાં આહારના સચિત્તાદિ ભેદો, આહારેચ્છા, આહારેચ્છાકાળ આદિ અનેક વિષયો પર વિવેચન કરેલ છે. પ્રથમ દ્વાર સચિત્તાહારી આદિથી સમ્બદ્ધિત છે. જેના અનુસારે નૈરયિક અને દેવ અચિત્તાહારી હોય છે તથા પૃથ્વીકાયથી લઈને મનુષ્ય સુધીના બધા જીવ સચિત્તાહારી, અચિત્તાહારી અને મિશ્રાહારી હોય છે. દ્વિતીય દ્વારથી આઠ દ્વાર સુધી એક સરખુ વર્ણન કરેલ છે. કારણ કે બીજા દ્વારના આધાર પર આ કહી શકાય છે કે (૨૪) ચોવીસ્ દંડકોના બધા જીવ આહારાર્થી હોય છે. બધાને આહારની અભિલાષા હોય છે.

આહારેચ્છા કેટલા કાળમાં ઉત્પન્ન થાય છે. આનું વર્ણન કરતાં આહારના બે ભેદ કરેલ છે - ૧. આભોગ નિર્વર્તિત અને ૨. અનાભોગ નિર્વર્તિત. આમાંથી અનાભોગ નિર્વર્તિત આહાર પ્રતિસમય થતો રહે છે. કારણ કે તે પોતાની મેળે થાય છે. એના માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. આભોગનિર્વર્તિત આહારના માટે જઘન્ય અને ઉત્કૃષ્ટ અલગ-અલગ કાળ નિર્ધારિત છે. એકેન્દ્રિય જીવોની વિશેષતા છે કે તે વગર વિરહના નિરંતર પ્રતિસમય આહાર કરે છે. વૈમાનિક દેવોમાં જઘન્ય દિવસ પૃથક્ત્વમાં અને ઉત્કૃષ્ટ તેત્રીસ હજાર વર્ષોમાં આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે.

આ અગિયાર દ્વારોમાં આહારના લોમાહાર, પ્રક્ષેપાહાર, ઓજ આહાર અને મનોભક્ષી આહાર ભેદ પણ પ્રકટ થયેલ છે. જે આહાર કરવાની વિધિપર આધારિત છે. લોમો કે રોમોના દ્વારા જે આહાર કરાય છે તેને લોમાહાર કહેવામાં આવે છે. કવલ કે ગ્રાસના રૂપમાં મુખ દ્વારા જે આહાર કરાય છે તેને કવલાહાર કે પ્રક્ષેપાહાર કહેવામાં આવે છે. સંપૂર્ણ શરીરના દ્વારા આહારના યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરાય છે તે ઓજ આહાર કહેવાય છે. મનના દ્વારા ગ્રહણ કરનારને મનોભક્ષી આહાર કહેવામાં આવે છે. લોમાહાર બધા ૨૪ દંડકોના જીવો કરે છે. પ્રક્ષેપાહાર બેઈન્દ્રિયથી લઈને મનુષ્ય સુધીના ઔદરિક શરીરી જીવ કરે છે. નૈરયિક અને દેવગતિના જીવ વૈક્રિય શરીરધારી હોવાને કારણે પ્રક્ષેપાહાર અર્થાત્ કવલાહાર કરતા નથી. એકેન્દ્રિય જીવોને મુખ હોતું નથી. એટલા માટે તે પણ કવલાહાર કરતાં નથી. બાકીના બધા કવલાહારી હોય છે. દિગમ્બર માન્યતાના અનુસાર કેવળી મનુષ્ય કવળાહારી હોતાં નથી, માત્ર રોમાહારી હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે શ્વેતામ્બર માન્યતાના અનુસાર કેવળી કવલાહારી પણ હોય છે. ઓજ આહાર બધા અપર્યાપ્તા જીવો કરે છે. પર્યાપ્તા થવા પર તે રોમાહાર કે પ્રક્ષેપાહાર કરે છે. મનોભક્ષી આહાર કેવળ દેવોમાં ઉપલબ્ધ હોય છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે જીવ જે પુદ્ગલોને આહારના રૂપમાં ગ્રહણ કરે છે તે એ પુદ્ગલોને વારંવાર કયા રૂપમાં પરિણત કરે છે ? એના ઉત્તરનો સાર એ છે - કે જીવ જેટલી ઈન્દ્રિયોથી યુક્ત છે. તે એ આહારના પુદ્ગલોને પોતાની-પોતાની ઈન્દ્રિયોના રૂપમાં પરિણત કરે છે. એકેન્દ્રિય જીવ પોતાના આહાર પુદ્ગલોના પરિણમન સ્પર્શનેન્દ્રિયના રૂપમાં, બેઈન્દ્રિય જીવ સ્પર્શન અને રસનેન્દ્રિયના રૂપમાં, ત્રેઈન્દ્રિય જીવ સ્પર્શન - રસના અને ઘ્રાણેન્દ્રિયના રૂપમાં, ચઉરેન્દ્રિય જીવ ચક્ષુઈન્દ્રિય સહિત ચાર ઈન્દ્રિયો અને પંચેન્દ્રિય જીવ શ્રોત્રેન્દ્રિય સહિત પાંચ ઈન્દ્રિયોના રૂપમાં પરિણમન કરે છે. આ પરિણમન શુભ રૂપમાં અથવા અશુભ રૂપમાં થાય છે.

વર્તમાનમાં જે જીવ જેટલી ઈન્દ્રિયવાળા છે તે એટલી જ ઈન્દ્રિયવાળા સ્વ-શરીરનો આહાર કરે છે. અતીત કાળની અપેક્ષાએ અર્થાત્ પૂર્વભવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના શરીરોનો આહાર કરે છે. જેમ નૈરયિક જીવ વર્તમાનકાળમાં પંચેન્દ્રિય હોવાના કારણે પંચેન્દ્રિય શરીરનો આહાર કરે છે. તથા અતીતકાળની અપેક્ષાએ તે એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ બધા જીવોની પર્યાય ભોગવી લીધી છે માટે તેના શરીરનો પણ આહાર કરે છે.

સૂત્રકૃતાંગસૂત્રમાં આહાર - પરિજ્ઞા અધ્યયન છે તેને પણ અહીં આહાર- અધ્યયનમાં સામ્મિલિત કરેલ છે. આહાર પરિજ્ઞા અધ્યયનમાં વનસ્પતિ, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુકાય તથા મનુષ્ય અને તિર્યંચપંચેન્દ્રિયના આહારની સાથે તેની ઉત્પત્તિ, પોષણ, સંવર્ધન આદિની ચર્ચા પણ વ્યવસ્થિત રૂપમાં પ્રસ્તુત કરેલ છે. દેવો અને નારકોના આહારનું વર્ણન આહાર - પરિજ્ઞા અધ્યયનમાં નથી. વનસ્પતિકાયના જીવ પૃથ્વીયોનિક, વૃક્ષયોનિક, અધ્યારોહયોનિક, તૃણયોનિક, ઔષધિયોનિક, હરિતયોનિક, ઉદકયોનિક આદિ વિવિધ પ્રકારથી ઉત્પન્ન થાય છે. તે અનેક પ્રકારનાં ત્રસ - સ્થાવર જીવોનો આહાર કરે છે. તથા અનેક પ્રકારના ત્રસ - સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. આ અધ્યયનમાં વનસ્પતિકાયનાં વિવિધ જીવોના નામ આપેલ છે. વનસ્પતિકાય પ્રાણીઓના વર્ણન બાદ બેઈન્દ્રિય આદિ ત્રસ પ્રાણીઓનું વર્ણન છે. તેને પણ પૃથ્વીયોનિક, વૃક્ષયોનિક, અધ્યારોહયોનિક, તૃણયોનિક, ઔષધિયોનિક, હરિતયોનિક, ઉદકયોનિક આદિ કહીને તેનામાં ઉત્પન્ન અને લબ્ધજન્મ કહે છે. તે જીવ પણ સ્થાવર અને ત્રસ-પ્રાણ શરીરનો આહાર કરે છે તથા અનેક પ્રકારના ત્રસ સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે.

મનુષ્ય અનેક પ્રકારના કહ્યા છે જેમકે- કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અન્તરદ્વીપજ, આર્ય અને મ્લેચ્છ. તે પ્રારંભમાં માતાનાં ઓજ અને પિતાનાં શુક્રથી સંસૃષ્ટ આહાર કરે છે. તદનંતર માતાના દ્વારા ગૃહીત આહારમાંથી રસહરણી નાડીના દ્વારા સાર ખેંચી લે છે. નવજાત શિશુની અવસ્થામાં માતાનું દૂધ પીવે છે. મોટા થઈને ઓદન, કુલ્માષ અને ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. નાના પ્રકારના ત્રસ - સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. જીવોના શરીર અનેક વર્ણ યાવત્ અનેક પ્રકારના પુદ્ગલોથી વિરચિત હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરના ભેદથી પાંચ પ્રકારના છે. મચ્છ, કચ્છપ, ગ્રાહ, મગર અને સુંસુમાર જીવ જલચર છે. ચતુષ્પદ સ્થળચર જીવ એક ખુર, બેખુર, ગંડીપદ, સનખપદ આદિ છે. સર્પ, અજગર, આસાલિક અને મહોરગ જીવ ઉરપરિસર્પ છે. ગોહ, નેવલા, સેહા આદિ જીવ ભુજપરિસર્પ છે. ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગપક્ષી અને વિતતપક્ષી જીવ ખેચર છે. આ પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય જીવ સર્વ પ્રથમ માતાના ઓજ અને પિતાના શુક્રથી સંસૃષ્ટ આહાર લે છે. પછી માતાના દ્વારા ગૃહીત આહારમાંથી આહાર લે છે. ગર્ભ પરિપાક થવાથી ક્યારેક ઈંડાના રૂપમાં ક્યારેક પોતના રૂપમાં ઉત્પન્ન થાય છે. પછી સ્ત્રી, પુરુષ કે નપુંસકનાં રુપમાં ઉત્પન્ન થાય છે. નવજાત શિશુની અવસ્થામાં જલચર જીવ જલ-સ્નેહનો આહાર લે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુષ્પદ- સ્થળચર જીવ દૂધ અને ઘીનો આહાર કરે છે. ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ જીવ વાયુકાયનો આહાર કરે છે. ખેચર જીવ માતાના માતૃસ્નેહનો આહાર કરે છે. મોટા થઈને તે જીવ પૃથ્વી યાવત્ ત્રસ-પ્રાણ શરીરનો આહાર કરે છે અને નાના પ્રકારના ત્રસ- સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. કેટલાક ત્રસ જીવ નાનાવિધયોનિક છે.

અપકાયના જીવ અનેકવિધ ત્રસ - સ્થાવર પ્રાણીઓના સ્નેહનો આહાર કરે છે અને નાના પ્રકારના ત્રસ-સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. અગ્નિકાયના જીવ ત્રસ સ્થાવરયોનિક અગ્નિઓ અને અગ્નિયોનિક અગ્નિઓના સ્નેહનો આહાર કરે છે. વાયુકાયના જીવ નાનાવિધ ત્રસ - સ્થાવર પ્રાણીઓના સ્નેહ અને વાયુયોનિક વાયુઓના સ્નેહનો આહાર કરે છે. પૃથ્વીકાયના જીવ અનેકવિધ ત્રસ-સ્થાવર પ્રાણીઓના સ્નેહ અને પૃથ્વીયોનિક પૃથ્વીઓના સ્નેહનો આહાર કરે છે.

વનસ્પતિકાયના જીવ વર્ષાકાળમાં બધાથી વધારે આહાર કરે છે તથા ગ્રીષ્મઋતુમાં બધાથી ઓછો આહાર કરે છે. વનસ્પતિકાયના મૂળ, મૂળ-જીવોથી વ્યાપ્ત હોય છે, કદ, કંદ જીવોથી વ્યાપ્ત હોય છે યાવત્ બીજ બીજ- જીવોથી વ્યાપ્ત હોય છે.

નૈરયિક આદિ બધા જીવ વીચિદ્રવ્યનો પણ આહાર કરે છે તથા અવીચિદ્રવ્યોનો પણ આહાર કરે છે. એક પ્રદેશ ન્યૂન દ્રવ્યોના આહારને વીચિદ્રવ્યોનો આહાર તથા પરિપૂર્ણ દ્રવ્યોના આહારને અવીચિદ્રવ્યોનો આહાર કહેવામાં આવે છે. પ્રાયઃજીવ આહાર રૂપથી ગૃહીત પુદ્ગલોના અસંખ્યાતમો ભાગ અહાર રુપથી ગ્રહણ કરે છે તથા અનંતમાં ભાગની નિર્જરા કરે છે. જીવ જે પુદ્ગલોને આહારના રૂપમાં ગ્રહણ કર છે તેને જાણે - દેખે છે કે નહીં એનું વર્ણન આ અધ્યયનમાં થયેલ છે. નિર્જરા પુદ્ગલોના આહાર ગ્રહણ કરવાનું તથા તેને જાણવું- દેખવું તેનું પણ વર્ણન થયેલ છે.

આ અધ્યયનમાં આહારના સંબંધમાં આહાર, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ આ તેર દ્વારોથી પણ વર્ણન કરેલ છે. આ સમસ્ત દ્વારોમાં એકત્વ અને બહુત્વ (જીવો)ની અપેક્ષાએ જે આહારક હોય કે અનાહારક હોય તેના વિવિધ ભાંગાનું વર્ણન કરેલ છે. આહાર કરનાર જીવને આહારક તથા આહાર ન કરનાર જીવને અનાહારક કહેવાય છે. સમુચ્ચય જીવ ચાર અવસ્થાઓમાં અનાહારક હોય છે. (૧) વિગ્રહગતિની અવસ્થામાં (૨) કેવળી - સમુદ્ઘાતના સમયે, (૩) શૈલેશી અવસ્થામાં અને (૪) સિદ્ધ અવસ્થામાં. આ ચાર અવસ્થાઓ સિવાય બધા જીવ આહારક હોય છે.

આ અપેક્ષાએ બધા સિદ્ધ જીવ અનાહારક હોય છે તથા સંસારી જીવ આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. સંસારી જીવોમાં જ્યાં વિગ્રહગતિ સંભવ નથી તે આહારક જ હોય છે, અનાહારક નહિ. તથા સમ્યગ્ મિથ્યાદષ્ટિ જીવ આહારક જ હોય છે. કારણ કે આ દ્રષ્ટિમાં મરણ ન થવાથી વિગ્રહગતિ થતી નથી. આ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ અવધિજ્ઞાની આહારક જ હોય છે, અનાહારક નહિ. મનઃપર્યવજ્ઞાની મનુષ્ય પણ અનાહારક હોતાં નથી. કેવલજ્ઞાની આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. જ્યારે તે સમુદ્ઘાત કરે છે ત્યારે અનાહારક હોય છે તથા બાકીના સમયમાં આહારક હોય છે. વિગ્રહગતિમાં વિભંગજ્ઞાન ન હોવાને કારણે વિભંગજ્ઞાની મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય આહારક હોય છે,અનાહારક નથી. આ પ્રમાણે મનોયોગી અને વચનયોગી આહારક જ હોય છે, અનાહારક નહિ. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરી જીવ આહારક હોય છે, અનાહારક નહિ. અશરીરી સિદ્ધ અનાહારક હોય છે. આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવ એકત્વ અને બહુત્વની અપેક્ષાએ અનાહારક હોય છે. પરંતુ શરીર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવ એકત્વની અપેક્ષાએ ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે. નો સંજ્ઞી - નો અસંજ્ઞી, અકષાયી, અવેદી આદિ સ્થિતિઓ કેવલજ્ઞાનીમાં હોવાથી એમાં રહેલ જીવ કદાચ આહારક હોય છે તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદાચ અનાહારક હોય છે. નોભવસિદ્ધિક, નોઅભવસિદ્ધિક, અલેશ્યી, નોસંયત- નોઅસંયત, અયોગી, અશરીરી આદિ અવસ્થાઓ સિદ્ધોમાં હોવાથી આ અવસ્થાઓના જીવ અનાહારક જ હોય છે, આહારક નહિ.

સામાન્ય દૃષ્ટિથી ઉત્પત્તિના પ્રથમ સમયમાં જીવ ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે. બીજા અને ત્રીજા સમયમાં પણ ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે. પરંતુ ચોથા સમયમાં તો નિયમથી આહારક હોય છે. ચોથો સમય એકેન્દ્રિય જીવોને જ લાગે છે, બીજાને નહી. અલ્પ આહારની દ્રષ્ટિથી જીવ ઉત્પત્તિના પ્રથમ સમયમાં અથવા ભવના અંતિમ સમયમાં બધાથી અલ્પ આહારવાળા હોય છે.

ગર્ભજ જીવના આહારના સંબંધમાં આ અધ્યયનમાં વિશેષ વર્ણન કરેલ છે, જેના અનુસાર ગર્ભમાં ઉત્પન્ન થતાં જ જીવ સર્વપ્રથમ માતાના રજ અને પિતાના શુક્રથી નિર્મિત કલુષ અને કિલ્વિષ આહાર કરે છે. ત્યારબાદ તે માતાના દ્વારા ગૃહીત આહારના એક ભાગને ગ્રહણ કરે છે. ગર્ભમાં રહેલ જીવને મળ, મૂત્ર, કફ આદિ થતાં નથી. કારણકે તે ગ્રહણ કરેલા આહારને શ્રોત્રેન્દ્રિય **યાવત્** સ્પર્શનેન્દ્રિયના રૂપમાં તથા હાડકાં, મજ્જા, વાળ, નખ આદિના રૂપમાં પરિણત કરે છે. ગર્ભમાં રહેલ જીવ કવલાહાર કરતા નથી. તે બધી તરફથી આહાર કરે છે. સંપૂર્ણ શરીરથી પરિણમે છે. સર્વાત્મના ઉચ્છ્વાસ લે છે. સર્વાત્મના નિઃશ્વાસ લે છે. રસહરણી નાડીના માધ્યમથી તે માતાનો આહાર ગ્રહણ કરે છે.

પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાયના જીવ જ્યારે મારણાન્તિક સમુદ્ઘાત કરે છે ત્યારે તે જ્યાં ઉત્પન્ન થવું હોય ત્યાં ક્યારેક પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અને ક્યારેક પહેલા આહાર કરી પછી ઉત્પન્ન થાય છે. તે જીવ મારણાન્તિક સમુદ્ઘાતથી જ્યારે દેશ (આંશિકરૂપ) થી સમવહત થાય છે ત્યારે પહેલા આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે. તથા જ્યારે પૂર્ણ રુપથી સમવહત થાય છે ત્યારે પહેલા ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે છે.

આ અધ્યયનના ઉપસંહારમાં આહાર કરનાર જીવોનું બે પ્રકારે વર્ણન કરેલ છે જેમકે- છદ્મસ્થ આહારક અને કેવળી આહારક. અનાહારક જીવ બે પ્રકારના કહ્યા છે - છદ્મસ્થ અનાહારક અને કેવળી અનાહારક. કેવળી અનાહારક બે પ્રકારના છે - સિદ્ધ કેવળી અનાહારક અને ભવસ્થ કેવળી અનાહારક. સિદ્ધ કેવળી અનાહારક આદિ અપર્યવસિત છે. જયારે ભવસ્થ કેવળી અનાહારક બે પ્રકારના હોય છે - સયોગી- ભવસ્થ કેવળી અનાહારક અને અયોગી- ભવસ્થ કેવળી - અનાહારક.

છદ્મસ્થ આહારકનો જઘન્ય અંતરકાળ એક સમય અને ઉત્કૃષ્ટ બે સમય હોય છે. કેવળી આહારકનો અંતરકાળ જઘન્ય ઉત્કૃષ્ટથી રહિત ત્રણ સમયનો છે. છદ્મસ્થ અનાહારક કાળનો અન્તર બે સમય ઓછો લઘુભવગ્રહણ જેટલો છે. સયોગી ભવસ્થ કેવળીનો અનાહારક અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત છે. અયોગી ભવસ્થ કેવળીના અનાહારકનો અંતરકાળ નથી. આ પ્રમાણે સિદ્ધ કેવળીના અનાહારકત્વનો પણ અંતરકાળ નથી.

આહારક અને અનાહારકોની સમાનતા કરવા પર જાણી શકાય છે કે અનાહારકોની અપેક્ષાએ આહારક જીવ અસંખ્યાતગણા છે. આહારકના સંબંધાં જે વર્ણન આ અધ્યયનમાં કરેલ છે તેનાથી વિવિધ જાણકારીઓ મળે છે. શાકાહાર- માંસાહારની અપેક્ષાએ અહીં આહારનું વિવેચન નથી, પરંતુ જે આહાર કરાય છે તેમાં અનેક ત્રસ - સ્થાવર પ્રાણી અચિત્ત હોય છે, તેનો ઉલ્લેખ અવશ્ય છે. આહાર જ ઈન્દ્રિયાદિના રુપમાં પરિણમિત હોય છે. આનો આશય એ પણ છે કે ઈન્દ્રિયાદિની શક્તિ બનાવી રાખવા માટે પણ આહારની નિરંતર આવશ્યકતા રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## १३. आहार अज्झयणं

सुत्त -

१. **आहार पगारा-**

चउव्विहे आहारे पण्णत्ते, तं जहा-

१. असणे, २. पाणे, ३. खाइमे, ४. साइमे।

चउव्विहे आहारे पण्णत्ते, तं जहा-

१. उवक्खरसंपण्णे,

२. उवक्खडसंपण्णे,

३. सब्भावसंपण्णे,

४. परिजुसियसंपण्णे।

- ठाणं. अ. ४, उ. २. सु. २९५

अट्ठविहे आहारे पण्णत्ते, तं जहा-

१-४. मणुण्णे असणे **-जाव-** साइमे।

१-४. अमणुण्णे असणे **-जाव-** साइमे।

- ठाणं. अ. ८, सु. ६२३

२. **चउगईणं आहार रूवं-**

(१) नेरइयाणं चउव्विहे आहारे पण्णत्ते, तं जहा

१. इंगालोवमे,

२. मुम्मुरोवमे,

३. सीतले, ४. हिमसीतले।

(२) तिरिक्खजोणियाणं चउव्विहे आहारे पण्णत्ते, तं जहा-

१. कंकोवमे,

२. बिलोवमे,

३. पाणमंसोवमे,

४. पुत्तमंसोवमे।

(३) मणुस्साणं चउव्विहे आहारे पण्णत्ते, तं जहा-

१. असणे, २. पाणे, ३. खाइमे, ४. साइमे।

## १३. આહાર અધ્યયન

સૂત્ર :

૧. **આહારના પ્રકાર :**

આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. આહાર, ૨. પાણી, ૩. ખાદિમ, ૪. સ્વાદિમ.

આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. **ઉપસ્કર - સંપન્ન** : હીંગ આદિથી વઘારેલ.

૨. **ઉપસ્કૃત - સંપન્ન** : રાંધવાની સંપૂર્ણ સામગ્રીથી નીપજેલ ભાત વગેરે.

૩. **સ્વભાવ - સંપન્ન** : સ્વભાવથી પાકેલા ફળ આદિ,

૪. **પર્યુષિત - સંપન્ન** : રાતવાસી રાખવાથી જે તૈયાર થાય.

આહાર આઠ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧-૪. મનોજ્ઞ અશન **-યાવત્-** મનોજ્ઞ સ્વાદ્ય.

૧-૪. અમનોજ્ઞ અશન **-યાવત્-** અમનોજ્ઞ સ્વાદ્ય.

૨. **ચારેય ગતિઓમાં આહારનું રુપ :**

(૧) નૈરયિકોના આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. **અંગારોપમ** : થોડા સમયની અગ્નિવાળા,

૨. **મુર્મુરોપમ** : લાંબા સમયની અગ્નિવાળા, (ઘાંસ-ભૂંસાની અગ્નિ જેવા)

૩. શીતળ, ૪. હિમશીતળ.

(૨) તિર્યંચયોનિકોના આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. **કંકોપમ** : કંકપક્ષીની જેમ દુર્જર આહાર જેને પચી જાય તે.

૨. **બિલોપમ** : જે ચાવ્યા વગર ગળી જવામાં આવે તે,

૩. **પાણમાંસોપમ** : ચંડાલના માંસની જેમ ધૃણિત.

૪. **પુત્રમાંસોપમ** : પુત્ર માંસની જેમ દુઃખભક્ષ્ય.

(૩) મનુષ્યોના આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. અશન, ૨. પાન, ૩. ખાદ્ય, ૪. સ્વાદ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) देवाणं चउव्विहे आहारे पण्णत्ते, तं जहा-

१. वण्णमंते, २. गंधमंते, ३. रसमंते, ४. फासमंते।

- ठाणं. अ. ४, उ. ४, सु. ३४०

३. **गब्भगयजीवस्स आहार गहण परूवणं-**

प. जीवे णं भंते ! गब्भ वक्कममाणे तप्पढमयाए किमाहारमाहारेइ ?

उ. गोयमा ! माउओयं पिउसुक्कं तं तदुभयसंसिट्ठं कलुसं किव्विसं तप्पढमयाए आहारमाहारेइ।

प. जीवे णं भंते ! गब्भगए समाणे किमाहारमाहारेइ ?

उ. गोयमा ! जं से माता नाणाविहाओ रसविगईओ आहारमाहारेइ तदेक्कदेसेणं ओयमाहारेइ।

प. जीवस्स णं भंते ! गब्भगयस्स समाणस्स अत्थि उच्चारे इ वा, पासवणे इ वा, खेले इ वा, सिंघाणे इ वा, वंते इ वा, पित्ते इ वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"गब्भगयस्स समाणस्स णत्थि उच्चारे इ वा **-जाव-** पित्ते इ वा ?"

उ. गोयमा ! जीवे णं गब्भगए समाणे जमाहारेइ तं चिणाइ तं सोइंदियत्ताए **-जाव-** फासिंदियत्ताए अट्ठि-अट्ठिमिंज-केस-मंसु-रोम-नहत्ताए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"गब्भयगस्स समाणस्स णत्थि उच्चारे इ वा **-जाव-** पित्ते इ वा।"

प. जीवे णं भंते ! गब्भगए समाणे पभू मुहेणं कावलियं आहारं आहारित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

(૪) દેવતાઓના આહાર ચાર પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. વર્ણવાન, ૨. ગંધવાન, ૩. રસવાન, ૪. સ્પર્શવાન.

૩. **ગર્ભગત જીવના આહાર ગ્રહણનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ગર્ભમાં ઉત્પન્ન થયેલો જીવ સર્વપ્રથમ શેનો આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! પરસ્પર એક બીજામાં મળેલા માતાનું રજ અને પિતાનું શુક્ર (વીર્ય) જે અસ્વચ્છ અને બિભત્સ છે તેનો આહાર જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાં જ સર્વપ્રથમ ગ્રહણ કરે છે.

પ્ર. ભંતે ! ગર્ભમાં રહેલો જીવ શેનો આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! તેની માતા જે અનેક પ્રકારના (દુગ્ધાદિ) રસવિકૃતિયોનો આહાર કરે છે તેનાં એક ભાગથી ગર્ભગત જીવ માતાના રજનો આહાર કરે છે.

પ્ર. ભંતે ! શું ગર્ભમાં રહેલા જીવને મળ, મૂત્ર, કફ, નાકમાં મેલ, ઉલ્ટી અથવા પિત્ત થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (ગર્ભગત જીવને આ સર્વે મળ-મૂત્રાદિ થતાં નથી).

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ગર્ભમાં રહેલા જીવના મળ-મૂત્રાદિ **-યાવત્-** પિત્ત થતા નથી ?

ઉ. ગૌતમ ! ગર્ભમાં જઈને જીવ જે આહાર કરે છે તે આહારનો સંગ્રહ કરે છે. તે આહારને શ્રોત્રેન્દ્રિયના રુપમાં **-યાવત્-** સ્પર્શેન્દ્રિયના રુપમાં તથા હાડકા, મજ્જા, વાળ, દાઢી-મૂંછ, રોમ અને નખોના રુપમાં પરિણત કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"ગર્ભમાં રહેલો જીવને મળ-મૂત્રાદિ **-યાવત્-** પિત્ત થતાં નથી.

પ્ર. ભંતે ! શું ગર્ભમાં રહેલો જીવ મોઢાથી કવલાહાર (ગ્રાસ રુપમાં આહાર) કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"गब्भगए समाणे जीवे नो पभू मुहेणं कावलियं आहारं आहारित्तए ?"

उ. गोयमा ! जीवे णं गब्भगए समाणे,

सव्वओ आहारेइ, सव्वओ परिणामेइ,

सव्वओ उस्ससइ, सव्वओ निस्ससइ,

अभिक्खणं आहारेइ, अभिक्खणं परिणामेइ,

अभिक्खणं उस्ससइ, अभिक्खणं निस्ससइ,

आहच्च आहारेइ, आहच्च परिणामेइ,

आहच्च उस्ससइ, आहच्च निस्ससइ।

मातुजीवरसहरणी, पुत्तजीवरसहरणी, मातुजीवपडिबद्धा पुत्तजीवं फुडा तम्हा आहारेइ, तम्हा परिणामेइ,

अवरा वि य णं पुत्तजीवपडिबद्धा माउजीवफुडा तम्हा चिणाइ, तम्हा उवचिणाइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"गब्भगए समाणे जीवे नो पभू मुहेणं कावलियं आहारं आहारित्तए।"

- विया. स. १, उ. ७, सु. १२-१५

प्र. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ગર્ભમાં રહેલો જીવ મુખથી કવળાહાર કરવામાં સમર્થ નથી ?"

ઉ. ગૌતમ ! ગર્ભવત જીવ-

બધી જગ્યાએથી આહાર કરે છે. આખા શરીરમાં પરિણમે છે,

સર્વ જગ્યાથી ઉચ્છ્વાસ લે છે, સર્વે જગ્યાથી નિઃશ્વાસ લે છે,

વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમે છે,

વારંવાર ઉચ્છ્વાસ લે છે, વારંવાર નિઃશ્વાસ લે છે,

ક્યારેક આહાર કરે છે, ક્યારેક પરિણમે છે,

ક્યારેક ઉચ્છ્વાસ લે છે, ક્યારેક નિઃશ્વાસ લે છે.

તથા પુત્ર(પુત્રી) ના જીવને રસ પહોંચાડવામાં કારણભૂત અને માતાના રસ લેવામાં કારણભૂત જે માતૃજીવ રસહરણી નામની નાડી છે તેનો માતાના જીવની સાથે સંબંધ છે અને પુત્ર (પુત્રી)ના જીવ સાથે સ્પૃષ્ટ છે તે નાડી દ્વારા તે (ગર્ભગત જીવ) આહાર લે છે અને આહારને પરિણમે છે.

તથા એક બીજી નાડી છે, જે પુત્ર (પુત્રી) ના જીવના સાથે સંબંધ છે અને માતાના જીવના સાથે સ્પૃષ્ટ છે, તેનાથી (ગર્ભગત) પુત્ર(પુત્રી)નો જીવ આહાર ગ્રહણ કરે છે અને વૃદ્ધિ કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"ગર્ભગત જીવ મોઢા દ્વારા કવલરુપ આહારને લેવામાં સમર્થ નથી."

## ४. समोहयस्स पुढवि-आउ-वाउकाइयस्स उप्पत्तीए पुव्वं-पच्छा वा आहार गहण परूवणं-

प. पुढविकाइए णं भंते ! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढविकाइयत्ताए उववज्जित्तए,

से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा ?

## ૪. સમવહત પૃથ્વી-અપ્-વાયુકાયિકની ઉત્પત્તિના પહેલાં અને પછી આહાર ગ્રહણની પ્રરુપણા :

પ્ર. ભંતે ! જે પૃથ્વીકાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરાલમાં મરણ-સમુદ્ઘાત કરીને સૌધર્મ કલ્પમાં પૃથ્વીકાયિકના રુપમાં ઉત્પન્ન થવામાં યોગ્ય છે.

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं वा आहारेज्जा पच्छा उववज्जेज्जा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं वा आहारेत्ता पच्छा उववज्जेज्जा ?"

उ. गोयमा ! पुढविकाइयाणं तओ समुग्घाया पण्णत्ता, तं जहा-

१. वेयणासमुग्घाए, २. कसाय समुग्घाए,

३. मारणंतिय समुग्घाए।

मारणंतिय समुग्घाएणं समोहण्णमाणे देसेण वा समोहण्णइ सव्वेण वा समोहण्णइ,

देसेणं समोहन्नमाणे पुव्विं आहारेत्ता पच्छा उववज्जिज्जा,

सव्वेणं समोहन्नमाणे पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा।"

प. पुढविकाइए णं भंते ! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए समोहणित्ता, जे भविए ईसाणे कप्पे पुढविकाइयत्ताए उववज्जित्तए,

से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा ?

उ. गोयमा ! **एवं चेव।**

***एवं -जाव- ईसिपब्भाराए उववाएयव्वो।***

***एएणं कमेणं सक्करप्पभाए, वालुयप्पभाए य तमाए अहेसत्तमाए य पुढवीए अंतरा समोहए समाणे जे भविए सोहम्मे -जाव- ईसिपब्भाराए उववाएयव्वो।***

ઉ. ગૌતમ ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"તે પહેલા ઉત્પન્ન થઈને પછી પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે ?"

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિકોમાં ત્રણ સમુદ્દ્ઘાત કહ્યા છે, જેમકે-

૧. વેદના સમુદ્દ્ઘાત, ૨. કષાય સમુદ્દ્ઘાત, ૩. મારણાંતિક સમુદ્દ્ઘાત.

મારણાંતિક સમુદ્દ્ઘાતથી હણાઈને દેશથી પણ હણાય છે અને સર્વથી પણ હણાય છે.

દેશથી હણાઈને પૂર્વમાં આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે.

સર્વથી હણાઈને પૂર્વમાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે પહેલા ઉત્પન્ન થઈને પછી પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે."

પ્ર. ભંતે ! જે પૃથ્વીકાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરાલમાં મરણ સમુદ્દ્ઘાત કરીને ઈશાન કલ્પમાં પૃથ્વીકાયિકના રુપથી ઉત્પન્ન થવાને યોગ્ય છે,

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

***આ પ્રમાણે ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધી ઉપપાત અને આહાર કરે છે એવું કથન કરવું જોઈએ.***

***આ ક્રમથી શર્કરાપ્રભા, વાલુકાપ્રભાથી લઈને તમઃપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વી સુધીની અંતરાલમાં મરણ સમુદ્દ્ઘાત કરીને પૃથ્વીકાયિક જીવોમાં સૌધર્મ કલ્પથી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી (પૂર્વવત્) ઉપપાત કહેવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. पुढविकाइए णं भंते ! सोहम्मीसाणाणं सणंकुमारमाहिंदाण य कप्पाणं अन्तरा समोहए समोहणित्ता, जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पुढविकाइयत्ताए उववज्जित्तए,

से णं भंते! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा,

उ. गोयमा ! **एवं चेव ।**

प. पुढविकाइए णं भंते ! सोहम्मीसाणाणं सणंकुमारमाहिंदाण य कप्पाणं अंतरा समोहए समोहणित्ता, जे भविए सक्करप्पभाए पुढवीए पुढविक्काइयत्ताए उववज्जित्तए,

से णं भंते! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा ?

उ. गोयमा ! **एवं चेव ।**

***एवं -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

***एवं सणंकुमार-माहिंदाण-बंभलोगस्स य कप्पस्स अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

***एवं बंभलोगस्स लंतगस्स य कप्पस्स अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

***एवं लंतगस्स महासुक्कस्स य कप्पस्स अंतरा समोहए, समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

***एवं महासुक्कस्स सहस्सारस्स य कप्पस्स अंतरा समोहए, समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

***एवं सहस्सारस्स आणय-पाणयाण य कप्पाणं अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।***

પ્ર. ભંતે ! જે પૃથ્વીકાયિક જીવ, સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્રકલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકના રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે,

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

પ્ર. ભંતે ! જે પૃથ્વીકાયિક જીવ, સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્રકલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને શર્કરાપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકના રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે,

તો ભંતે ! આ પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

***આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે સનત્કુમાર - માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી રત્નપ્રભા પૃથ્વીથી અધઃ સપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે બ્રહ્મલોક અને લાંતક કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી (રત્નપ્રભા પૃથ્વીથી) અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે લાંતક અને મહાશુક્ર કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃ સપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.***

***આ પ્રમાણે મહાશુક્ર અને સહસ્ત્રાર કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.***

***આ પ્રમાણે સહસ્ત્રાર અને આનત-પ્રાણત કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃ સપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एवं आणय-पाणयाणं आरण ऽच्चुयाण य कप्पाणं अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहे सत्तमाए उववाएयव्वो ।*

*આ પ્રમાણે આનત- પ્રાણત અને આરણ અચ્યુત કલ્પના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.*

*एवं आरणऽच्चुयाणं गेवेज्जविमाणाण य अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।*

*આ પ્રમાણે આરણ-અચ્યુત અને ગ્રૈવેયક વિમાનોના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃ સપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.*

*एवं गेवेज्जविमाणाणं अणुत्तरविमाणाण य अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।*

*આ પ્રમાણે ગ્રૈવેયક વિમાનો અને અનુત્તર વિમાનોના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.*

*एवं अणुत्तरविमाणाणं ईसिपब्भाराए य अंतरा समोहए समोहणित्ता पुणरवि -जाव- अहेसत्तमाए उववाएयव्वो ।*

*આ પ્રમાણે અનુત્તર વિમાનો અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું.*

प. आउकाइए णं भंते ! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए समोहणित्ता, जे भविए सोहम्मे कप्पे आउकाइयत्ताए उववज्जित्तए -

से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा ?

प्र. ભંતે ! જે અપ્કાયિક જીવ, આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મ કલ્પમાં અપ્કાયિકના રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે,

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं वा आहारेत्ता पच्छा उववज्जेज्जा ।

ઉ. ગૌતમ ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं वा आहारेत्ता पच्छा उववज्जेज्जा,"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"તે પહેલા ઉત્પન્ન થઈને પછી પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે ?"

उ. गोयमा ! आउकाइयाणं तओ समुग्घाया पण्णत्ता, तं जहा-

१. वेयणासमुग्घाए, २. कसाय समुग्घाए,
३. मारणंतिय समुग्घाए,

मारणंतिय समुग्घाए णं समोहण्णमाणे देसेण वा समोहण्णइ, सव्वेण वा समोहण्णइ,

देसेणं समोहन्नमाणे पुव्विं आहारेत्ता पच्छा उववज्जिज्जा,

ઉ. ગૌતમ ! અપ્કાયિકના ત્રણ સમુદ્ઘાત કહ્યા છે, જેમકે -

૧. વેદના સમુદ્ઘાત, ૨. કષાય સમુદ્ઘાત,
૩. મારણાંતિક સમુદ્ઘાત.

મારણાંતિક સમુદ્ઘાતથી હણાઈને દેશથી પણ હણાય છે અને સર્વથી પણ હણાય છે.

દેશથી હણાઈને પૂર્વમાં આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वेणं समोहन्नमाणे पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा।"

***एवं पढम-दोच्चाणं अंतरा समोहयओ -जाव- ईसिपब्भाराए य उववाएयव्वो।***

***एवं एएणं कमेणं -जाव- तमाए अहे सत्तमाए य पुढवीए अंतरा समोहए, समोहणित्ता -जाव- ईसिपब्भाराए उववाएयव्वो आउकाइयत्ताए।***

प. आउकाइयाए णं भंते ! सोहम्मीसाणाणं सणंकुमार-माहिंदाण य कप्पाणं अंतरा समोहए, समोहणित्ता, जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणोदहिवलएसु आउकाइयत्ताए उववज्जित्तए

से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेत्ता पच्छा उववज्जेज्जा ?

उ. गोयमा ! ***सेसं जहा पुढविकाइयाणं।***

***एवं एएहिं चेव अंतरा समोहयओ -जाव- अहे सत्तमाए पुढवीए घणोदधिवलएसु आउकाइयत्ताए उववाइयव्वो।***

***एवं -जाव- अणुत्तरविमाणाणं ईसिपब्भाराए य पुढवीए अंतरा समोहए -जाव- अहेसत्तमाए घणोदधिवलएसु उववाएयव्वो।***

प. वाउकाइए णं भंते ! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए समोहणित्ता जे भविए सोहम्मे कप्पे वाउकाइयत्ताए उववज्जित्तए,

से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारेज्जा पच्छा उववज्जेज्जा ?"

સર્વથી હણાઈને પૂર્વમાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે પહેલા ઉત્પન્ન થઈને પણ આહાર કરે છે અને પહેલા આહાર કરીને પણ ઉત્પન્ન થાય છે."

***આ પ્રમાણે પહેલી અને બીજી પૃથ્વીના અંતરાલમાં મરણ સમુદ્દ્યાત કરીને અપ્કાયિક જીવોના (સૌધર્મ કલ્પની જેમ) ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી ઉપપાત (કથન) આદિ જાણવું જોઈએ.***

***આ પ્રમાણે આ ક્રમમાં તમપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વી સુધીના અંતરાલમાં મરણ સમુદ્દ્યાત કરીને અપ્કાયિક જીવોના ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી અપ્કાયિક રુપમાં ઉપપાત (કથન) આદિ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! જે અપ્કાયિક જીવ, સૌધર્મ- ઈશાન અને સનત્કુમાર--માહેન્દ્ર કલ્પના અંતરાલમાં મરણ સમુદ્દ્યાત કરીને રત્નપ્રભા- પૃથ્વીના ઘનોદધિ વલયોમાં અપ્કાયિક-રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે.

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

ગૌતમ ! ***શેષ વર્ણન પૃથ્વીકાયિકના સમાન જાણવું.***

***આ પ્રમાણે આ અંતરાલમાં મરણ સમુદ્દ્યાત કરીને અપ્કાયિક જીવોના અધઃસપ્તમ પૃથ્વી સુધીના ઘનોદધિ વલયોમાં અપ્કાયિક રુપમાં ઉપપાત આદિ જાણવાં જોઈએ.***

***આ પ્રમાણે -યાવત્- અનુત્તર વિમાનો અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીના અંતરાલમાં મરણ સમુદ્દ્યાત પ્રાપ્ત -યાવત્- અધઃ સપ્તમ પૃથ્વી સુધીના ઘનોદધિ વલયોમાં અપ્કાયિકના રુપમાં ઉપપાત (કથન) જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! જે વાયુકાયિક જીવ, આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરાલમાં મરણ સમુદ્દ્યાતથી સમવહત થઈને સૌધર્મ કલ્પમાં વાયુકાયિક રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે,

તો ભંતે ! તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! ***जहा पुढविकाइओ तहा वाउकाइओ वि।***

**णवरं-** वाउकाइयाणं चत्तारि समुग्घाया पण्णत्ता, तं जहा-

१. वेयणासमुग्घाए, २. कसाय समुग्घाए,

३. मारणंतिय समुग्घाए, ४. वेउव्वियसमुग्घाए।

मारणंतियसमुग्घाएणं समोहण्णमाणे देसेण वा समोहण्णइ, सव्वेण वा समोहण्णइ,

देसेणं समोहन्नमाणे पुव्विं आहारेत्ता पच्छा उववज्जिज्जा, सव्वेणं समोहण्णमाणे पुव्विं उववज्जेत्ता पच्छा आहारेज्जा।

***एवं जहा पुढविकाइओ तहा वाउकाइओ वि,***

**णवरं-** अंतरेसु समोहणा णेयव्वो ***सेसं तं चेव -जाव-***

अणुत्तरविमाणाणं ईसीपब्भाराए य पुढवीए अंतरा समोहए समोहणित्ता जे भविए अहे सत्तमाए घणवाय, तणुवाए, घणवायवलएसु, तणुवायवलएसु वाउकाइयत्ताए उववज्जित्तए ***सेसं तं चेव -जाव-***

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं वा आहारेज्जा पच्छा उववज्जेज्जा।"

- विया. स. २०, उ. ६, सु. १-२४

ઉ. ગૌતમ ! ***પૃથ્વીકાયિક જીવોના સમાન વાયુકાયિક જીવોનું પણ વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ :** વાયુકાયિક જીવોમાં ચાર સમુદ્ઘાત કહ્યા છે, જેમકે -

૧. વેદના સમુદ્ઘાત, ૨. કષાય સમુદ્ઘાત,

૩. મારણાંતિક સમુદ્ઘાત, ૪. વૈક્રિય-સમુદ્ઘાત.

મારણાંતિક સમુદ્ઘાતથી હણાઈને દેશથી પણ સમુદ્ઘાત કરે છે અને સર્વથી પણ સમુદ્ઘાત કરે છે.

દેશથી સમુદ્ઘાત કરીને પહેલા આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે તથા સર્વથી સમુદ્ઘાત કરીને પહેલા ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે છે.

***આ પ્રમાણે જેમ પૃથ્વીકાયિકના ઉપપાત કહ્યા તેજ પ્રમાણે વાયુકાયના માટે પણ કહેવું જોઈએ.***

**વિશેષ :** અંતરાલોમાં સમુદ્ઘાત જાણવા જોઈએ. **સર્વેનું વર્ણન પૂર્વવત્ જાણવું -યાવત્-**

અનુત્તરવિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીનાં અંતરાલમાં સમુદ્ઘાત કરી અધઃસપ્તમ પૃથ્વીમાં ઘનવાત, તનુવાત, ઘનવાતવલય, તનુવાતવલયમાં વાયુકાયિકના રુપમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. **બાકી સર્વેનું વર્ણન પૂર્વવત્ છે -યાવત્-**

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અને પહેલા આહાર કરી પછી ઉત્પન્ન થાય છે."

## ५. वणस्सइजीवाणं अप्पाहार-महाहारकालं परूवणं-

प. वणस्सइकाइया णं भंते ! कं कालं सव्वप्पाहारगा वा, सव्वमहाहारगा वा भवंति ?

उ. गोयमा ! पाउस-वरिसारत्तेसु णं एत्थ णं वणस्सइकाइया सव्वमहाहारगा भवंति। तदाणंतरं च णं सरदे, तदाणंतरं च णं हेमंते, तदाणंतरं च णं वसंते, तदाणंतरं च णं गिम्हे। गिम्हासु णं वणस्सइकाइया सव्वापाहारगा भवंति।

## ૫. વનસ્પતિકાયિક જીવોના અલ્પાહાર અને અધિક આહાર કાળની પ્રરુપણા :

પ્ર. ભંતે ! વનસ્પતિકાયિક જીવ કયા કાળમાં બધાથી અલ્પ આહાર કરવાવાળા હોય છે અને ક્યા કાળમાં બધાથી અધિક આહાર કરવાવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! ચોમાસા (અષાઢ અને શ્રાવણ માસ)માં અને વર્ષાઋતુ (ભાદરવા અને આસો માસ)માં વનસ્પતિકાયિક જીવ સૌથી વધારે આહાર કરવાવાળા હોય છે. આના પછી શરદઋતુમાં, ત્યારબાદ હેમંત ઋતુમાં, આના પછી વસંતઋતુમાં અને ત્યારબાદ ગ્રીષ્મઋતુમાં વનસ્પતિકાયિક જીવ ક્રમથી અલ્પાહારી હોય છે. ગ્રીષ્મઋતુમાં તે સૌથી અલ્પાહારી હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जइ णं भंते ! गिम्हासु वणस्सइकाइया सव्वप्पाहारगा भवंति, कम्हा णं भंते ! गिम्हासु बहवे वणस्सइकाइया पत्तिया पुप्फिया फलिया हरितगरेरिज्जमाणा सिरीए अतीव-अतीव उवसोभेमाणा-उवसोभेमाणा चिट्ठंति ?

उ. गोयमा ! गिम्हासु णं बहवे उसिणजोणिया जीवा य पुग्गला य वणस्सइकाइयत्ताए वक्कमंति, विउक्कमंति, चयंति, उववज्जंति ।

एवं खलु गोयमा ! गिम्हासु बहवे वणस्सइकाइया पत्तिया पुप्फिया फलिया -**जाव**- चिट्ठंति ।

- विया. स. ७, उ. ३, सु. १-२

**६. मूलाईणं आहारगहण विहि परूवणं-**

प. से नूणं भंते ! मूला मूलजीवफुडा, कंदा कंदजीवफुडा -**जाव**- बीया बीयजीवफुडा ?

उ. हंता, गोयमा ! मूला मूलजीवफुडा -**जाव**- बीया बीयजीवफुडा ।

प. जइ णं भंते ! मूला मूलजीवफुडा -**जाव**- बीया बीयजीवफुडा, कम्हा णं भंते ! वणस्सइकाइया आहारेंति ? कम्हा परिणामेंति ?

उ. गोयमा ! मूला मूलजीवफुडा पुढविजीवपडिबद्धा तम्हा आहारेंति, तम्हा परिणामेंति ।

**एवं** कंदा कंदजीवफुडा मूलजीवपडिबद्धा तम्हा आहारेंति, तम्हा परिणामेंति ।

**एवं -जाव-** बीया बीयजीवफुडा, फलज़ीवपडिबद्धा तम्हा आहारेंति, तम्हा परिणामेंति ।

- विया. स. ७, उ. ३, सु. ३-४

**७. जीवाईसु अणाहारगत्तं सव्वप्पाहारगत्त य समय परूवणं-**

प. जीवे णं भंते ! कं समयं "अणाहारगे" भवइ ?

પ્ર. ભંતે ! જો ગ્રીષ્મઋતુમાં વનસ્પતિકાયિક જીવ સૌથી અલ્પાહારી હોય છે, તો ઘણા વનસ્પતિકાયિક ગ્રીષ્મઋતુમાં પાંદડાવાળા, ફૂલોવાળા, ફળોવાળા લીલાછમ અને શોભાથી અતિ સુશોભિત કેવી રીતે હોય છે ?

ઉ. હે ગૌતમ ! ગ્રીષ્મ ઋતુમાં ઘણા ઉષ્ણયોનિવાળા જીવ અને પુદ્ગલ વનસ્પતિકાયના રુપમાં ઉત્પન્ન થાય છે. વિશેષરુપથી ઉત્પન્ન થાય છે. વૃદ્ધિને પ્રાપ્ત કરે છે અને વિશેષરુપથી વૃદ્ધિને પ્રાપ્ત કરે છે.

હે ગૌતમ ! આ કારણથી ગ્રીષ્મ ઋતુમાં ઘણા વનસ્પતિકાયિક પાંદડાવાળા, ફૂલોવાળા, ફળોવાળા -**યાવત્**- સુશોભિત થાય છે.

**૬. મૂળ આદિના આહાર ગ્રહણ વિધિની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! શું વનસ્પતિકાયના મૂળ, નિશ્ચયથી મૂળ જીવોને સ્પર્શે છે, કંદ, કંદનાં જીવોને સ્પર્શે છે -**યાવત્**- બીજ, બીજનાં જીવોને સ્પર્શે છે ?

ઉ. હા, ગૌતમ ! મૂળ, મૂળનાં જીવોને સ્પર્શે છે -**યાવત્**- બીજ, બીજના જીવોને સ્પર્શે છે.

પ્ર. ભંતે ! જો મૂળ, મૂળ જીવોને સ્પર્શે છે -**યાવત્**- બીજ, બીજના જીવોને સ્પર્શે છે તો પછી ભંતે ! વનસ્પતિકાયિક જીવ કેવી રીતે આહાર કરે છે અને કેવી રીતે પરિણમાવે છે ?

ઉ. ગૌતમ ! મૂળ, મૂળના જીવોથી વ્યાપ્ત છે અને તે પૃથ્વીના જીવની સાથે સંકળાયેલા હોય છે ત્યારે વનસ્પતિકાયિક જીવ આહાર કરે છે અને પરિણમાવે છે.

**આ પ્રમાણે** કંદ, કંદના જીવોની સાથે સ્પર્શેલા છે અને મૂળના જીવોથી સંકળાયેલું રહે છે ત્યારે તે આહાર કરે છે અને ત્યારે પરિણમાવે છે.

**આ પ્રમાણે -યાવત્-** બીજ, બીજનાં જીવોથી વ્યાપ્ત હોય છે અને તે મૂળનાં ફળનાં જીવોની સાથે સંકળાયેલું રહે છે. ત્યારે તે આહાર કરે છે અને પરિણમે છે.

**૭. જીવાદિકોમાં અનાહારકત્વ અને સર્વાલ્પાહારકત્વના સમયની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! (પરભવમાં જતાં) જીવ ક્યા સમયમાં અનાહારક હોય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! ***पढमे समए*** सिय आहारगे, सिय अणाहारगे,

***बिइए समए*** सिय आहारगे, सिय अणाहारगे,

***तइए समए*** सिय आहारगे, सिय अणाहारगे,

***चउत्थे समए*** नियमा आहारगे।

***एवं दंडओ भाणियव्वो।***

***जीवा य, एगिंदिया य चउत्थे समए।***

***सेसा तइए समए,***

प. जीवे णं भंते ! कं समयं "सव्वप्पाहारए" भवइ ?

उ. गोयमा! पढमसमयोववण्णए वा, चरमसमयभवत्थए वा, एत्थ णं जीवे सव्वप्पाहारए भवइ।

***दं. १-२४. सव्वे दंडगा भाणियव्वा -जाव- वेमाणियाणं।***

- विया. स. ७, उ. १, सु. ३-४

ઉ. ગૌતમ ! જીવ **પ્રથમ સમયમાં** ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

**બીજા સમયમાં** પણ ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે.

**ત્રીજા સમયમાં** પણ ક્યારેક આહારક અને ક્યારેક અનાહારક હોય છે.

પરંતુ **ચોથા સમયમાં** નિશ્ચિત રુપથી આહારક હોય છે.

**આ પ્રમાણે ચોવીસ દંડકોમાં જાણવું.**

**સામાન્ય જીવ અને એકેન્દ્રિય જીવ ચોથા સમયમાં જ આહારક હોય છે.**

**આના સિવાય બધા જીવ ત્રીજા સમયમાં આહારક હોય છે.**

પ્ર. ભંતે ! જીવ ક્યા સમયમાં સહુથી અલ્પ આહારક હોય છે ?

ઉ. ગૌતમ ! ઉત્પત્તિના પ્રથમ સમયમાં કે ભવ (જીવન)ના અંતિમ (ચરમ) સમયમાં જીવ સર્વથી અલ્પ આહારવાળા હોય છે.

**દં.૧-૨૪. આ પ્રમાણે વૈમાનિક સુધી ચોવીસ દંડકોને જાણવા જોઈએ.**

**८. उववज्जमाणाईसु चउवीसदंडएसु आहारगस्स चउभंग परूवणं-**

प. **दं.१.** नेरइए णं भंते ! नेरइएसु उववज्जमाणे-

१. किं देसेणं देसे आहारेइ,

२. देसेणं सव्वं आहारेइ,

३. सव्वेणं देसं आहारेइ,

४. सव्वेणं सव्वं आहारेइ ?

उ. गोयमा ! १. नो देसेणं देसं आहारेइ,

२. नो देसेणं सव्वं आहारेइ,

**૮. ઉત્પન્નાદિ ચોવીસ દંડકોમાં આહારકના ચતુર્ભંગોની પ્રરુપણા :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીમાં ઉત્પન્ન થયેલ નારકી જીવ -

૧. શું એક ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૨. એક ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે,

૩. સર્વ ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૪. સર્વ ભાગોથી સર્વ ભાગોને આશ્રિત રહી આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! ૧. તે એક ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

૨. એક ભાગથી બધા ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. सव्वेणं वा देसं आहारेइ,

४. सव्वेणं वा सव्वं आहारेइ,

***दं. २-२४. एवं -जाव- वेमाणिए।***

- विया स. १, उ. ७. सु. २-४

प. **दं.१.** नेरइए णं भंते ! नेरइएसु उववन्ने-

१. किं देसेणं देसं आहारेइ,

२. देसेणं सव्वं आहारेइ,

३. सव्वेणं देसं आहारेइ,

४. सव्वेणं सव्वं आहारेइ ?

उ. गोयमा ! १. नो देसेणं देसं आहारेइ,

२. नो देसेणं सव्वं आहारेइ,

३. सव्वेणं वा देसं आहारेइ,

४. सव्वेणं वा सव्वं आहारेइ।

***दं. २-२४. एवं -जाव- वेमाणिए।***

***एवं उव्वट्टमाणे वि, उव्वट्टे वि दो दंडगा -जाव- वेमाणिए।*** - विया. स. १, उ. ७, सु.५

प. **दं. १.** नेरइए णं भंते ! नेरइएसु उववज्जमाणे-

१. किं अद्धेणं अद्धं आहारेइ,

२. अद्धेणं सव्वं आहारेइ,

३. सव्वेणं अद्धं आहारेइ,

४. सव्वेणं सव्वं आहारेइ ?

૩. સર્વ ભાગોથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૪. સર્વ ભાગોથી બધા ભાગોને આશ્રિત રહીં આહાર કરે છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોમાં ઉત્પન્ન થયેલ નૈરયિક-

૧. શું એક ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૨. એક ભાગથી સર્વભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૩. સર્વભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૪. સર્વભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! ૧. એક ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

૨. એક ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

૩. સર્વ ભાગથી એક ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૪. સર્વ ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

***આ પ્રમાણે ઉદ્વર્તમાન (ઉત્પન્ન થયેલ) અને ઉદ્વર્તિતનાં (નારકી અને દેવતાનો ભવ પુરો કરી બીજી ગતિમાં જવું તે) પણ વૈમાનિકો સુધી બે દંડક જાણવા જોઈએ.***

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીમાં ઉત્પન્ન થયેલ નારકી -

૧. શું અડધા ભાગથી અડધા ભાગને આશ્રિત રહી આહાર કરે છે ?

૨. અડધા ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૩. સર્વ ભાગથી અડધા ભાગને આશ્રિત રહી આહાર કરે છે ?

૪. સર્વ ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! १. नो अद्धेणं अद्धं आहारेइ,

२. नो अद्धेणं सव्वं आहारेइ,

३. सव्वेणं वा अद्धं आहारेइ,

४. सव्वेणं वा सव्वं आहारेइ,

***दं. २-२४. एवं -जाव- वेमाणिए।***

***एवं उववण्णे वि -जाव- वेमाणिए।***

***एवं उव्वट्टमाणे वि, उव्वट्टे वि दो दंडगा -जाव- वेमाणिए।***

- विया. स. १, उ. ७, सु. ६

ઉ. ગૌતમ ! ૧. અડધા ભાગથી અડધા ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

૨. અડધા ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરતા નથી.

૩. સર્વ ભાગથી અડધા ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

૪. સર્વ ભાગથી સર્વ ભાગને આશ્રિત રહી આહાર કરે છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

***આ પ્રમાણે ઉત્પન્ન થયેલના પણ વૈમાનિક સુધી દંડક કહેવા જોઈએ.***

***આ પ્રમાણે ઉદ્વર્તમાન અને ઉદ્વર્તિતના પણ વૈમાનિકો સુધી બે દંડક કહેવા જોઈએ.***

**९. चउवीसदंडएसु वीचि-अवीचिदव्वाहारण परूवणं-**

प. **दं.१.** नेरइया णं भंते ! किं वीचिदव्वाइं आहारेंति, अवीचिदव्वाइं आहारेंति ?

उ. गोयमा ! नेरइया वीचिदव्वाइं पि आहारेंति, अवीचिदव्वाइं पि आहारेंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"नेरइया वीचिदव्वाइं पि आहारेंति, अवीचिदव्वाइं पि आहारेंति ?"

उ. गोयमा ! जे णं नेरइया एगपएसूणाइं पि दव्वाइं आहारेंति,

ते णं नेरइया वीचिदव्वाइं आहारेंति,

जे णं नेरइया पडिपुण्णाइं दव्वाइं आहारेंति,

ते णं नेरइया अवीचिदव्वाइं आहारेंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"नेरइया वीचिदव्वाइं पि आहारेंति, अवीचिदव्वाइं पि आहारेंति।"

***दं. २-२४. एवं -जाव- वेमाणिया।***

- विया. स. १, उ. ६, सु. ४-५

**૯. ચોવીસ દંડકોમાં વીચી- અવીચિ દ્રવ્યોના (એક પ્રદેશ ન્યૂન) આહારની પ્રરુપણા :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકી જીવ વીચી દ્રવ્યોનો (એક પ્રદેશ ન્યૂન) આહાર કરે છે અથવા અવીચી દ્રવ્યોનો આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! નારકી જીવ વીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે અને અવીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નારકી જીવ વીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે અને અવીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે ?"

ઉ. ગૌતમ ! જે નારકી એક પ્રદેશ ન્યૂન (ઓછા) દ્રવ્યોનો આહાર કરે છે,

તે નારકી વીચીદ્રવ્યોનો આહાર કરે છે,

જે નારકી પરિપૂર્ણ દ્રવ્યોનો આહાર કરે છે,

તે નારકી અવીચી દ્રવ્યોનો આહાર કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

"નારકી જીવ વીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે અને અવીચી દ્રવ્યોનો પણ આહાર કરે છે."

***દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१०. चउवीसदंडएसु आहाराभोगता परूवणं-**

प. **दं. १.** णेरइयाणं भंते! आहारे किं आभोगणिव्वत्तिए अणाभोगणिव्वत्तिए ?

उ. गोयमा! आभोगणिव्वत्तिए वि, अणाभोगणिव्वत्तिए वि।

***दं. २-२४. एवं असुरकुमाराणं -जाव- वेमाणियाणं।***

**णवरं**-एगिंदियाणं णो आभोगणिव्वत्तिए, अणाभोगणिव्वत्तिए।

- पण्ण. प. ३४, सु. २०३८-२०३९

**१०. ચોવીસ દંડકોમાં આહાર-આભોગતા (ઉપયોગ પૂર્વક)નું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** નારકીનો આહાર આભોગનિર્વર્તિત (ઉપયોગ પૂર્વક બનાવેલ) હોય છે કે અનાભોગનિર્વર્તિત હોય છે ?

ઉ. ગૌતમ ! તેનો આહાર આભોગનિર્વર્તિત પણ હોય છે અને અનાભોગનિર્વર્તિત પણ હોય છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે અસુરકુમારોથી વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

**વિશેષ :** એકેન્દ્રિય જીવોનો આહાર આભોગ-નિર્વર્તિત હોતો નથી. પણ અનાભોગનિર્વર્તિત હોય છે.

**११. चउवीसदंडएसु आहारखेत्त परूवणं-**

प. **दं. १.** नेरइया णं भंते ! जे पोग्गले अत्तमायाए आहारेंति,

ते किं आयसरीरक्खेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति,

अणंतरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति,

परंपरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति ?

उ. गोयमा ! आयसरीरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति,

नो अणंतरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति,

नो परंपरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति।

***दं. २-२४. जहा नेरइया तहा -जाव- वेमाणियाणं दंडओ।***

- विया. स. ६, उ. १०, सु. १२-१३

**૧૧. ચોવીસ દંડકોમાં આહાર ક્ષેત્રની પ્રરુપણા :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકી જીવ જે પુદ્ગલોને આત્મા દ્વારા આહાર રુપમાં ગ્રહણ કરે છે,

શું તે આત્મ શરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ?

અનન્તર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ?

પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ?

ઉ. ગૌતમ ! તે આત્મા- શરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે.

પરંતુ અનન્તર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરતા નથી.

અને પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરતા નથી.

***દં.૨-૨૪. જે પ્રમાણે નારકી માટે કહ્યું તે પ્રમાણે વૈમાનિકો સુધી કથન કહેવું જોઈએ.***

**१२. सेयकालं चउवीसदंडएहिं पोग्गल आहरण-णिज्जरण परूवणं-**

प. **दं. १.** नेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति,

तेसि णं भंते ! पोग्गलाणं सेयकालंसि कइभागं आहारेंति, कइभागं निज्जरेंति ?

**૧૨. ભવિષ્યકાળમાં ચોવીસ દંડકો દ્વારા પુદ્ગલોનું આહરણ (ગ્રહણ) અને નિર્જરણ (છોડવું) નું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકી જે પુદ્ગલોને આહાર રુપમાં ગ્રહણ કરે છે.

ભંતે ! તે પુદ્ગલોનો કેટલો ભાગ ભવિષ્યકાળમાં આહાર રુપમાં ગ્રહણ કરે છે અને કેટલો ભાગ છોડી દે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. मागंदियपुत्ता ! असंखेज्जइभागं आहारेंति, अणंतभागं निज्जरेंति।

प. चक्किया णं भंते ! केइ तेसु निज्जरापोग्गलेसु आसइत्तए वा -जाव- तुयट्टित्तए वा ?

उ. मागंदियपुत्ता ! नो इणट्ठे समट्ठे, अणाहरणमेयं बुइयं समणाउसो !

***दं. २-२४. एवं -जाव- वेमाणियाणं।***

- विया. स. १८, उ. ३, सु. २४-२६

उ. માકંદિક પુત્ર ! અસંખ્યાતમો ભાગ આહાર રુપમાં ગ્રહણ કરે છે અને અનન્તમો ભાગ છોડી દે છે.

પ્ર. ભંતે ! શું કોઈ જીવ નિર્જરા (થયેલ) પુદ્દગલો પર બેસવા **-યાવત્-** સુવામાં સમર્થ છે ?

ઉ. માકંદિક પુત્ર ! આ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે નિર્જરા પુદ્દગલ અનાધાર રુપવાળા કહ્યા છે.

***દં.૨-૨૪. આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

**१३. चउवीसदंडएसु-णिज्जरापोग्गलाणं जाणण-पासण-आहरण परूवणं-**

प. दं. १. णेरइया णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति, पासंति, आहारेंति ? उदाहु ण जाणंति, ण पासंति, ण आहारेंति ?

उ. गोयमा ! णेरइया णं ते णिज्जरापोग्गले ण जाणंति, ण पासंति, आहारेंति।

***दं. २-२०. एवं -जाव- पंचेंदिय-तिरिक्खजोणिया।***

प. दं. २१. मणूसा णं भंते ! णिज्जरापोग्गले किं जाणंति, पासंति, आहारेंति ? उदाहु ण जाणंति, ण पासंति, ण आहारेंति ?

उ. गोयमा ! अत्थेगइया जाणंति, पासंति, आहारेंति, अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति,

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति।

उ. गोयमा ! मणूसा दुविहा पण्णत्ता, तं जहा-

१. सण्णिभूया, २. असण्णिभूया य।

१. तत्थ णं जे ते असण्णिभूया ते णं ण जाणंति, ण पासंति, आहारेंति,

**૧૩. ચોવીસ દંડકોમાં નિર્જરા પુદ્દગલોને જાણવાં જોવા અને ગ્રહણનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! શું કોઈ નારકી તે નિર્જરા પુદ્દગલોને જાણે છે, જુવે છે અને આહાર કરે છે અથવા તેને જાણતાં નથી, જોતાં નથી અને આહાર કરતા નથી ?

ઉ. ગૌતમ ! નારકી તે નિર્જરા - પુદ્દગલોને જાણતાં નથી, જોતાં નથી, પણ આહાર (ગ્રહણ) કરે છે.

***દં.૨-૨૦. આ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી કહેવું જોઈએ.***

પ્ર. **દં.૨૧.** ભંતે ! શું મનુષ્ય નિર્જરા પુદ્દગલોને જાણે છે, જુવે છે. અને (તેનો) આહાર કરે છે ? અથવા (તેને) જાણતાં નથી, જોતાં નથી અને આહાર કરતા નથી ?

ઉ. ગૌતમ ! કેટલાક મનુષ્ય (તેને) જાણે છે, જુવે છે અને (તેનો) આહાર કરે છે. કેટલાક મનુષ્ય જાણતાં નથી, જોતાં નથી અને (તેનો) આહાર કરે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક મનુષ્ય (તેને) જાણે છે, જુવે છે અને (તેનો) આહાર કરે છે.

કેટલાક મનુષ્ય જાણતાં નથી, જોતાં નથી અને તેનો આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! મનુષ્ય બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંજ્ઞીભૂત, ૨. અસંજ્ઞીભૂત.

૧. તેમાંથી જે અસંજ્ઞીભૂત છે, તે (નિર્જરા-પુદ્દગલોને) જાણતાં નથી, જોતાં નથી, પણ આહાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. तत्थ णं जे ते सण्णिभूया ते दुविहा पण्णत्ता, तं जहा-

२. તેમાંથી જે સંજ્ઞીભૂત છે, તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. उवउत्ता य, २. अणुवउत्ता य।

૧. ઉપયોગ યુક્ત, ૨. ઉપયોગ અયુક્ત.

१. तत्थ णं जे ते अणुवउत्ता ते ण जाणंति, ण पासंति, आहारेंति,

૧. તેમાંથી જે ઉપયોગ અયુક્ત છે, તે જાણતાં નથી, જોતાં નથી, પણ આહાર કરે છે.

२. तत्थ णं जे ते उवउत्ता ते जाणंति, पासंति, आहारेंति,

૨. તેમાંથી જે ઉપયોગ યુક્ત છે, તે જાણે છે, જુવે છે અને આહાર કરે છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

"अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति,

"કોઈ-કોઈ મનુષ્ય જાણતાં નથી, જોતાં નથી, (પણ) આહાર કરે છે.

अत्थेगइया जाणंति, पासंति, आहारेंति।"

કોઈ-કોઈ મનુષ્ય જાણે છે, જુવે છે અને આહાર કરે છે.

**दं. २२-२३. *वाणमंतर-जोइसिया जहा णेरइया।***

**દં.૨૨-૨૩. *વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવોનું વર્ણન નારકીના સમાન જાણવું.***

प. **दं. २४.** वेमाणिया णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति, पासंति, आहारेंति ? उदाहु ण जाणंति, ण पासंति, ण आहारेंति ?

પ્ર. **દં.૨૪.** ભંતે ! શું વૈમાનિક નિર્જરાપુદ્ગલોને જાણે છે, જુવે છે અને આહાર કરે છે, અથવા તેને જાણતાં નથી. જોતાં નથી અને આહાર કરતા નથી ?

उ. गोयमा ! अत्थेगइया जाणंति, पासंति, आहारेंति, अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति,

ઉ. ગૌતમ ! કેટલાક તે નિર્જરા-પુદ્ગલોને જાણે છે, જુવે છે અને આહાર કરે છે. કેટલાક જાણતાં નથી, જોતાં નથી પણ આહાર કરે છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

"કેટલાક તેને જાણે છે, જુવે છે અને (તેનો) આહાર કરે છે.

अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति ?

કેટલાક જાણતાં નથી, જોતાં નથી પણ આહાર કરે છે ?"

उ. गोयमा ! वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा-

ઉ. ગૌતમ ! વૈમાનિક બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. माईमिच्छद्दिट्ठिउववण्णगा य,

૧. માયા સહિત - મિથ્યાદૃષ્ટિ - ઉપપન્નક.

२. अमाईसम्मद्दिट्ठिउववण्णगा य।

૨. માયા રહિત - સમ્યગ્દૃષ્ટિ-ઉપપન્નક.

१. तत्थ णं जे ते माईमिच्छद्दिट्ठिउववण्णगा ते णं ण जाणंति, ण पासंति, आहारेंति।

૧. તેમાંથી જે માયા સહિત-મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક હોય છે તે જાણતાં નથી, જોતાં નથી. પણ આહાર કરે છે.

२. तत्थ णं जे ते अमाईसम्मद्दिट्ठिउववण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा-

૨. તેમાંથી જે માયા રહિત-સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક છે, તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

१. अणंतरोववण्णगा य, २. परंपरोववण्णगा य।

૧. અનન્તરોપપન્નક, ૨. પરંપરોપપન્નક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. तत्थ णं जे ते अणंतरोववण्णगा ते णं ण जाणंति, ण पासंति, आहारेंति।

२. तत्थ णं जे ते परंपरोववण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्तगा य, २. अपज्जत्तगा य।

१. तत्थ णं जे ते अपज्जत्तगा ते णं ण जाणंति, ण पासंति, आहारेंति।

२. तत्थ णं जे ते पज्जत्तगा ते दुविहा पण्णत्ता, तं जहा-

१. उवउत्ता य, २. अणुवउत्ता य।

१. तत्थ णं जे ते अणुवउत्ता ते णं ण जाणंति, ण पासंति, आहारेंति,

२. तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति, पासंति, आहारेंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति,

अत्थेगइया जाणंति, पासंति, आहारेंति।"[1]

- पण्ण. प. १५, उ. १, सु. ९९५-९९८

**१४. आहार परूवणस्स एक्कारसद्दारा-**

१. सचित्ताऽऽ २. हारट्ठी, ३. केवइ किं ४. वा वि ५. सव्वओ चेव।

६. कइभागं ७. सव्वे खलु, ८. परिणामे चेव बोधव्वे॥

९. एगिंदियसरीरादी, १०. लोमाहारे ११. तहेव मणभक्खी।

एएसिं तु पयाणं, विभावणा होइ कायव्वा॥

- पण्ण. प. २८, उ. १, सु. १७९३ (गा. २१७-१८)

**१५. चउवीसदंडएसु सचित्ताइ आहारा-**

प. **दं. १.** णेरइया णं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ?

उ. गोयमा ! **णो** सचित्ताहारा, अचित्ताहारा, णो मीसाहारा।

१. તેમાંથી જે અનન્તરોપપન્નક છે તે જાણતાં નથી, જોતાં નથી. પણ આહાર કરે છે.

૨. તેમાંથી જે પરંપરોપપન્નક છે તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા, ૨. અપર્યાપ્તા.

૧. તેમાંથી જે અપર્યાપ્તા છે, તે જાણતાં નથી, જોતાં નથી પણ આહાર કરે છે.

૨. તેમાંથી જે પર્યાપ્તા છે, તે બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ઉપયોગ યુક્ત, ૨. ઉપયોગ-અયુક્ત.

૧. જે ઉપયોગ અયુક્ત છે, તે જાણતાં નથી, જોતાં નથી પણ આહાર કરે છે.

૨. તેમાંથી જે ઉપયોગ-યુક્ત છે, તે જાણે છે, જુવે છે અને આહાર કરે છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેટલાક જાણતાં નથી, જોતાં નથી પણ આહાર કરે છે,

કેટલાક જાણે છે, જુવે છે અને આહાર કરે છે."

**૧૪. આહાર-પ્રરુપણના અગિયાર દ્વાર :**

૧. સચિત્તાહાર, ૨. આહારાર્થી, ૩. આહારેચ્છાકાળ, ૪. શું આહાર કરે છે, ૫. બધા પ્રદેશોથી આહાર કરી,

૬. કેટલાક ભાગનો આસ્વાદન, ૭. ગ્રહણ કરેલ પુદ્ગલોનો આહાર, ૮. આહારના પુદ્ગલોનું પરિણમન,

૯. એકેન્દ્રિયાદિના શરીરનો આહાર, ૧૦. લોમાહાર કરનાર, ૧૧. મનોભક્ષી આહાર.

આ પદોના દ્વારા આહાર સંબંધી વિવેચન કરવામાં આવશે.

**૧૫. ચોવીસ દંડકોમાં સચિત્તાદિ આહાર :**

પ્ર. **દં.૧.** ભંતે ! શું નારકી સચિત્તાહારી હોય છે, અચિત્તાહારી હોય છે કે મિશ્રાહારી હોય છે ?
- पण्ण. प. २८, उ. १, सु. १८५९-१८६१

**૨૪. ચોવીસ દંડકોમાં લોમાહાર અને પ્રક્ષેપાહારની પ્રરુપણા :**

પ્ર. ભંતે! નારકના જીવ લોમાહારી છે કે પ્રક્ષેપાહારી છે?

ઉ. ગૌતમ! તે લોમાહારી છે, પ્રક્ષેપાહારી નથી.

***આ પ્રમાણે બધા એકેન્દ્રિય જીવો અને વૈમાનિકો સુધી બધા દેવોના માટે જાણવું.***

***બેઈન્દ્રિયથી મનુષ્ય સુધી લોમાહારી પણ છે પ્રક્ષેપાહારી પણ છે.***

**२५. चउवीसदंडएसु ओयाहारं मणभक्खणं च परूवणं-**

प. णेरइया णं भंते! किं ओयाहारा, मणभक्खी?

उ. गोयमा! ओयाहारा, णो मणभक्खी।

***एवं सव्वे ओरालियसरीरा वि।***

***देवा सव्वे -जाव- वेमाणिया ओयाहारा वि मणभक्खी वि।***

तत्थ णं जे ते मणभक्खी देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ "इच्छामो णं मणभक्खणं करित्तए" तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव जे पोग्गला इट्ठा कंता **-जाव-** मणुण्णा मणामा ते तेसिं मणभक्खत्ताए परिणमंति,

**૨૫. ચોવીસ દંડકોમાં ઓજ આહાર અને મનોભક્ષણની પ્રરુપણા :**

પ્ર. ભંતે! નારક જીવ ઓજ-આહારી હોય છે કે મનોભક્ષી હોય છે?

ઉ. ગૌતમ! તે ઓજ-આહારી હોય છે. મનોભક્ષી હોતા નથી.

***આ પ્રમાણે દરેક ઔદારિક શરીરધારી જીવ પણ ઓજ-આહારવાળા હોય છે.***

***અસુરકુમારોથી વૈમાનિકો સુધી બધા પ્રકારના દેવ ઓજ-આહારી પણ હોય છે અને મનોભક્ષી પણ હોય છે.***

દેવોમાં જે મનોભક્ષી દેવ હોય છે તેને મનેચ્છા (અર્થાત્- મનમાં આહારની ઈચ્છા) ઉત્પન્ન થાય છે, જેમકે- તે ચાહે છે કે 'અમે મનમાં ચિંતિત વસ્તુનો ભક્ષણ કરીએ' ત્યારપછી તે દેવોનાં દ્વારા મનમાં આ પ્રકારની ઈચ્છા કરવાથી શીઘ્ર જે પુદ્ગલ ઈષ્ટ, કાંત **-યાવત્-** મનોજ્ઞ, મનામ હોય છે એ મનોભક્ષ્ય રુપે પરિણત થઈ જાય છે.

---

१. (क) तेसि णं देवाणं वत्तीसं वाससहस्सेहिं आहारट्ठे सम्मुप्पज्जइ। - सम. सम. ३२, सु. १३

(ख) सम. सम. ३३, सु. १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से जहाणामए सीया पोग्गला सीयं पप्प सीयं चेवं अइवइत्ताणं चिट्ठंति, उसिणा वा पोग्गला उसिणं पप्प उसिणं चेव अइवइत्ताणं चिट्ठंति, एवामेव तेहिं देवेहिं मणभक्खे कए समाणे गोयमा ! से इच्छामणे खिप्पामेव अवेइ।[1]

- पण्ण. प. २८, उ. १, सु. १८६२-१८६४

જે પ્રમાણે કોઈ ઠંડા પુદ્ગલ ઠંડા પુદ્ગલોમાં મળીને ઠંડા સ્વભાવમાં રહે છે અથવા ગરમ પુદ્ગલ ગરમ પુદ્ગલોમાં મળીને ગરમ સ્વભાવમાં રહે છે. હે ગૌતમ ! આ પ્રમાણે તે દેવો દ્વારા મનોભક્ષણ કરવાથી, તેની ઈચ્છા પ્રમાણે મન શીઘ્ર સંતુષ્ટ તૃપ્ત થઈ જાય છે.

**२६. आहारगाणाहारग परूवणस्स तेरसदारा-**

**गाहा**- १. आहार, २. भविय, ३. सण्णी,
४. लेस्सा, ५. दिट्ठी य, ६. संजय,
७. कसाए, ८. णाण,
९-१०. जोगुवओगे, ११. वेदे य,
१२. सरीर, १३. पज्जत्ती।

**૨૬. આહારક - અનાહારક પ્રરુપણાના તેર દ્વાર :**

**ગાથાર્થ :** ૧. આહાર દ્વાર, ૨. ભવ્ય દ્વાર, ૩. સંજ્ઞીદ્વાર,
૪. લેશ્યાદ્વાર, ૫. દૃષ્ટીદ્વાર, ૬. સંયત દ્વાર,
૭. કષાય દ્વાર, ૮. જ્ઞાન દ્વાર,
૯. યોગ દ્વાર, ૧૦. ઉપયોગ દ્વાર, ૧૧. વેદ દ્વાર,
૧૨. શરીર દ્વાર, ૧૩. પર્યાપ્તિ દ્વાર.

**१. आहारदारं-**

प. जीवे णं भंते ! किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

***दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।***

प. **सिद्धे** णं भंते ! किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! णो आहारगे, अणाहारगे।

प. **जीवा** णं भंते, किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! आहारगा वि, अणाहारगा वि।

प. **दं. १-२४. णेरइया** णं भंते ! किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! १. सव्वे वि ताव होज्जा आहारगा,

२. **अहवा** आहारगा य, अणाहारगे य,

३. **अहवा** आहारगा य, अणाहारगा य।

***दं. १-२४. एवं -जाव- वेमाणिया।***[2]

**णवरं**-एगिंदिया जहा जीवा।

**૧. આહાર દ્વાર :**

પ્ર. ભંતે ! જીવ આહારક છે કે અનાહારક છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક છે, ક્યારેક અનાહારક છે.

***દં. ૧-૨૪. આ પ્રમાણે નારકથી વૈમાનિક સુધી જાણવું.***

પ્ર. ભંતે ! સિદ્ધ આહારક છે કે અનાહારક છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધ આહારક નથી, અનાહારક છે.

પ્ર. ભંતે ! (ઘણા) જીવ આહારક છે કે અનાહારક છે ?

ઉ. ગૌતમ ! તે આહારક પણ હોય છે, અનાહારક પણ હોય છે.

પ્ર. **દં. ૧-૨૪.** ભંતે ! (ઘણા) નૈરયિક આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! ૧. તે બધા આહારક હોય છે,

૨. **અથવા** ઘણા આહારક અને કોઈ એક અનાહારક હોય છે.

૩. **અથવા** ઘણા આહારક અને ઘણા અનાહારક હોય છે.

***દં.૧-૨૪: આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.***

**વિશેષ :** એકેન્દ્રિય જીવોનું વર્ણન ઘણા જીવોના પ્રમાણે જાણવું.

---

१. विया. स. १३, उ. ५, सु. १

२. (क) ठाणं. अ. २, उ. २, सु. ६९/५
(ख) विया. स. ११, उ. १, सु. २१
(ग) विया. स. ११, उ. २-३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. **सिद्धा** णं भंते ! किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! णो आहारगा, अणाहारगा।

प्र. ભંતે ! (ઘણા) સિદ્ધ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે સિદ્ધ આહારક હોતાં નથી તે અનાહારક હોય છે.

**२. भवसिद्धियदारं-**

प. भवसिद्धिए णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

प. भवसिद्धिया णं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! जीवेगिंदियवज्जो तियभंगो।

*अभवसिद्धिए वि एवं चेव।*

प. णोभवसिद्धिए-णोअभवसिद्धिए णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! णो आहारगे, अणाहारगे।

*एवं सिद्धे वि।*

प. णो भवसिद्धिया-णोअभवसिद्धिया णं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! णो आहारगा, अणाहारगा।

*एवं सिद्धा वि।*

**३. सण्णिदारं-**

प. सण्णी णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

*एवं नेरइए -जाव- वेमाणिए।*

**णवरं**-एगिंदिय-विगलिंदिया ण पुच्छिज्जंति।

प. सण्णी णं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?

**૨. ભવસિદ્ધિક દ્વાર :**

પ્ર. ભંતે ! ભવસિદ્ધિક જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે, ક્યારેક અનાહારક હોય છે.

***દં. ૧-૨૪. આ પ્રમાણે (એક) નારકથી વૈમાનિક સુધી જાણવું.***

પ્ર. ભંતે ! (ઘણા) ભવસિદ્ધિક જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને (છોડીને) પૂર્વવત્ ત્રણ ભાંગા કહેવા જોઈએ.

***આ પ્રમાણે અભવસિદ્ધિકના માટે પણ કહેવું.***

પ્ર. ભંતે ! નો-ભવસિદ્ધિક નો-અભવસિદ્ધિક જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે આહારક હોતા નથી, અનાહારક હોય છે.

***આ પ્રમાણે (એક) સિદ્ધના માટે પણ કહેવું.***

પ્ર. ભંતે ! (ઘણા) નો-ભવસિદ્ધિક -નો- અભવસિદ્ધિક જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે આહારક હોતા નથી, પરંતુ અનાહારક હોય છે.

***આ પ્રમાણે સિદ્ધોના માટે પણ જાણવું.***

**૩. સંજ્ઞી દ્વાર :**

પ્ર. ભંતે ! સંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

***આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું જોઈએ.***

**વિશેષ** : એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોના વિષયમાં પ્રશ્નોત્તર નહીં કરવા જોઈએ.

પ્ર. ભંતે ! (ઘણા) સંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! जीवाईओ तियभंगो णेरइया **-जाव-** वेमाणिया।

प. असण्णी णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

***दं. १-२२. एवं णेरइए -जाव- वाणमंतरे।***

***दं. २३-२४. जोइसिय-वेमाणिया ण पुच्छिज्जंति।***

प. असण्णी णं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! आहारगा वि, अणाहारगा वि, एगो भंगो।

प. **दं. १.** असण्णी णं भंते ! णेरइया किं आहारगा, अणाहारगा ?

उ. गोयमा ! १. आहारगा वा,

२. अणाहारगा वा,

३. **अहवा** आहारगे य, अणाहारगे य,

४. **अहवा** आहारगे य, अणाहारगा य,

५. **अहवा** आहारगा य, अणाहारगे य,

६. **अहवा** आहारगा य, अणाहारगा य।

***एवं एए छब्भंगा।***

***दं. २-११. एवं -जाव- थणियकुमारा।***

***दं. १२-१६. एगिंदिएसु अभंगयं।***

***दं. १७-२०. बेइंदिय -जाव- पंचेंदिय-तिरिक्ख-जोणिएसु तियभंगो।***

***दं. २१-२२. मणूस-वाणमंतरेसु छब्भंगा।***

प. णोसण्णी-णोअसण्णी णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

ઉ. ગૌતમ ! જીવાદિ નારકથી વૈમાનિકો સુધી (પ્રત્યેકમાં) ત્રણ ભાંગા હોય છે.

પ્ર. ભંતે ! અસંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

***દં. ૧-૨૨. આ પ્રમાણે નારકથી વાણવ્યંતર સુધી કહેવું.***

***દં. ૨૩-૨૪. જ્યોતિષ્ક અને વૈમાનિકના વિષયમાં પ્રશ્ન ન કરવા જોઈએ.***

પ્ર. ભંતે ! (ઘણા) અસંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. આમાં માત્ર એક જ ભાગો હોય છે.

પ્ર. **દં.૧.** ભંતે ! (ઘણા) અસંજ્ઞી નારક આહારક હોય છે કે અનાહારક હોય છે?

ઉ. ગૌતમ ! તે ૧. બધા આહારક હોય છે.

૨. બધા અનાહારક હોય છે.

૩. **અથવા** એક આહારક અને એક અનાહારક હોય છે.

૪. **અથવા** એક આહારક અને ઘણા અનાહારક હોય છે.

૫. **અથવા** ઘણા બધા આહારક અને એક અનાહારક હોય છે.

૬. **અથવા** ઘણા બધા આહારક અને ઘણા બધા અનાહારક હોય છે.

***આ પ્રકારથી છ ભાંગા થયા.***

***દં.૨-૧૧. આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.***

***દં. ૧૨-૧૬. એકેન્દ્રિય જીવોમાં ભાંગા થતાં નથી.***

***દં.૧૭-૨૦. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો સુધી પૂર્વવત્ ત્રણ ભાંગા કહેવા.***

***દં.૨૧-૨૨. મનુષ્યો અને વાણવ્યંતર દેવોમાં (પૂર્વવત્) છ ભાંગા કહેવા.***

પ્ર. ભંતે ! નો સંજ્ઞી-નો અસંજ્ઞી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે, ક્યારેક અનાહારક હોય છે.

*एवं मणूसे वि।*

*આ પ્રમાણે મનુષ્યના વિષયમાં પણ કહેવું.*

*सिद्धे अणाहारगे।*

*સિદ્ધ જીવ અનાહારક હોય છે.*

**पुहत्तेणं**-णोसण्णी-णोअसण्णी जीवा आहारगा वि, अणाहारगा वि।

**બહુત્વની અપેક્ષાએ** : નો સંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે.

*मणूसेसु तियभंगो।*

*ઘણા બધા મનુષ્યોમાં ત્રણ ભાંગા પ્રાપ્ત થાય છે.*

*सिद्धा अणाहारगा।*

*સિદ્ધ અનાહારક હોય છે.*

४. लेस्सादारं-

૪. લેશ્યા દ્વાર :

प. सलेसे णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

પ્ર. ભંતે ! સલેશી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

*दं. १-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

*દં. ૧-૨૪. આ પ્રમાણે નારકથી વૈમાનિક સુધી જાણવું.*

प. सलेसा णं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?

પ્ર. ભંતે ! (ઘણા) સલેશી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

उ. गोयमा ! जीवेगिंदियवज्जो तियभंगो।

ઉ. ગૌતમ ! સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને આના ત્રણ ભાંગા હોય છે.

*एवं कण्हलेसाए वि, णीललेसाए वि, काउलेसाए वि, जीवेगिंदियवज्जो तियभंगो।*

*આ પ્રમાણે કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશીના વિષયમાં પણ સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા કહેવા.*

*तेउलेस्साए पुढवि-आउ-वणस्सइकाइयाणं छब्भंगा।*

*તેજોલેશ્યાની અપેક્ષાએ પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકોમાં છ ભાંગા કહેવા.*

*सेसाणं जीवादीओ तियभंगो जेसिं अत्थि तेउलेस्सा।*

*બાકીના જીવ આદિમાં જેનામાં તેજોલેશ્યા પ્રાપ્ત થઈ છે તેનામાં ત્રણ ભાંગા કહેવા.*

*पम्हलेस्साए सुक्कलेस्साए य जीवादीओ तियभंगो।*

*પદમલેશ્યા અને શુક્લલેશ્યાવાળા જીવ આદિમાં ત્રણ ભાંગા હોય છે.*

अलेस्सा जीवा मणूसा सिद्धा य एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा, अणाहारगा।

અલેશી સમુચ્ચય જીવ મનુષ્ય અને સિદ્ધ એકત્વ અને બહુત્વની વિવક્ષાએ આહારક હોતા નથી પણ અનાહારક હોય છે.

५. दिट्ठिदारं -

૫. દૃષ્ટિ દ્વાર :

प. सम्मदिट्ठी णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

પ્ર. ભંતે ! સમ્યગ્દૃષ્ટિ જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

ઉ ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*दं. १७-१९. बेइंदिय-तेइंदिय-चउरिंदिया छब्भंगा।*

सिद्धा अणाहारगा।

अवसेसाणं तियभंगो।

मिच्छदिट्ठीसु जीवेगिंदियवज्जो तियभंगो।

प. सम्मामिच्छदिट्ठी णं भंते! किं आहारगे, अणाहारगे?

उ. गोयमा! आहारगे, णो अणाहारगे।

*एवं एगिंदिय-विगलिंदियवज्जं -जाव- वेमाणिए।*

*एवं पुहत्तेण वि।*

६. **संजयदारं-**

प. संजए णं भंते! जीवे किं आहारगे, अणाहारगे?

उ. गोयमा! सिय आहारगे, सिय अणाहारगे।

*एवं मणूसे वि।*

*पुहत्तेणं तियभंगो।*

प. अस्संजए णं भंते! जीवे किं आहारगे अणाहारगे?

उ. गोयमा! सिय आहारगे, सिय अणाहारगे।

*पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो।*

संजयासंजए जीवे पंचेंदिय तिरिक्खजोणिए मणूसे य एए एगत्तेण वि पुहत्तेण वि आहारगा, णो अणाहारगा।

णो संजए-णो असंजए-णो संजयासंजए जीवे सिद्धे य एए एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा, अणाहारगा।

***દં.૧૭-૧૯. બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય (સમ્યગ્ દષ્ટિયો)માં પૂર્વોક્ત છ ભાંગા હોય છે.***

સિદ્ધ અનાહારક હોય છે.

બાકીના બધામાં (બહુત્વની અપેક્ષાએ) ત્રણ ભાંગા (પૂર્વવત્) હોય છે.

મિથ્યાદષ્ટિયોમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયોને છોડીને (પ્રત્યેકમાં) ત્રણ-ત્રણ ભાંગા હોય છે.

પ્ર. ભંતે ! સમ્યગ્મિથ્યા દષ્ટિ જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે આહારક હોય છે. અનાહારક હોતા નથી.

***એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી આ પ્રમાણે વર્ણન કરવું.***

***બહુત્વની અપેક્ષાએ પણ આ પ્રકારનું વર્ણન જાણવું.***

૬. **સંયત દ્વાર :**

પ્ર. ભંતે ! સંયત જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

***આ પ્રમાણે મનુષ્ય સંયતનું વર્ણન કરવું.***

***બહુત્વની અપેક્ષાએ (સમુચ્ચય જીવો અને મનુષ્યોમાં) ત્રણ-ત્રણ ભાંગા હોય છે.***

પ્ર. ભંતે ! અસંયત જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે, ક્યારેક અનાહારક હોય છે.

***બહુત્વની અપેક્ષાએ જીવ અને એકેન્દ્રિય છોડીને આમાં ત્રણ ભાંગા હોય છે.***

સંયતાસંયત જીવ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યએ. એકત્વ અને બહુત્વની અપેક્ષાએ આહારક હોય છે, અનાહારક હોતા નથી.

નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત જીવ અને સિદ્ધ એ એકત્વ અને બહુત્વની અપેક્ષાએ આહારક હોતા નથી, પણ અનાહારક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. **कसाय दारं -**

प. सकसाई णं भंते ! जीवे किं आहारगे, अणाहारगे ?

उ. गोयमा ! सिय आहारगे, सिय अणाहारगे।

*एवं -जाव- वेमाणिए।*

*पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो।*

*कोहकसाईसु जीवादिएसु एवं चेव।*

**णवरं**-देवेसु छब्भंगा।

माणकसाईसु मायाकसाईसु य देव-णेरइसु छब्भंगा।

अवसेसाणं जीवेगिंदियवज्जो तियभंगो।

लोभकसाईसु णेरइएसु छब्भंगा।

अवसेसेसु जीवेगिंदियवज्जो तियभंगो।

*अकसाई जहा णोसण्णी-णोअसण्णी।*

८. **णाणदारं-**

*णाणी जहा सम्मदिट्ठी।*

आभिणिबोहियाणाणि-सुयणाणिसु बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु छब्भंगा।

अवसेसेसु जीवादीओ तियभंगो जेसिं अत्थि।

ओहिणाणी पंचेंदिय-तिरिक्खजोणिया आहारगा, णो अणाहारगा।

अवसेसेसु जीवादीओ तियभंगो जेसिं अत्थि ओहिणाणं।

मणपज्जवणाणी जीवा मणूसा य एगत्तेण वि पुहत्तेण वि आहारगा, णो अणाहारगा।

૭. **કષાય દ્વાર :**

પ્ર. ભંતે ! સકષાયી જીવ આહારક હોય છે કે અનાહારક હોય છે ?

ઉ. ગૌતમ ! તે ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

***આ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

***બહુત્વની અપેક્ષાએ જીવ અને એકેન્દ્રિયને છોડીને (સકષાય નારક આદિમાં) ત્રણ ભાંગા હોય છે.***

***ક્રોધ કષાયી જીવ આદિમાં પણ આ પ્રમાણે ત્રણ ભાંગા કહેવા જોઈએ.***

**વિશેષ :** દેવોમાં છ ભાંગા કહેવા જોઈએ.

માનકષાયી અને માયાકષાયી દેવો અને નારકમાં છ ભાંગા હોય છે.

જીવ અને એકેન્દ્રિયને છોડીને બાકીના જીવોમાં ત્રણ ભાંગા હોય છે.

લોભકષાયી નારકમાં છ ભાંગા હોય છે.

જીવ અને એકેન્દ્રિયને છોડીને બાકીના જીવોમાં ત્રણ ભાંગા હોય છે.

***અકષાયીનું વર્ણન નો સંજ્ઞી- નો અસંજ્ઞીના પ્રમાણે જાણવું.***

૮. **જ્ઞાન દ્વાર :**

***જ્ઞાનીનું વર્ણન સમ્યગ્દષ્ટિના પ્રમાણે જાણવું.***

આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોમાં છ ભાંગા હોય છે.

બાકીના જીવ આદિ (સમુચ્ચય જીવ અને નારક આદિ) માં આ જ્ઞાન હોય તો એનામાં ત્રણ ભાંગા હોય છે.

અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચયોનિક આહારક હોય છે, અનાહારક હોતા નથી.

બાકીના જીવ આદિમાં, જેમાં અવધિજ્ઞાન મળે છે તેનામાં ત્રણ ભાંગા હોય છે.

મન:પર્યવજ્ઞાની સમુચ્ચય જીવ અને મનુષ્ય એકત્વ અને બહુત્વની અપેક્ષાએ આહારક હોય છે, અનાહારક હોતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*केवलणाणी जहा णो सण्णी - णोअसण्णी।*

***કેવળ જ્ઞાનીનું વર્ણન નોસંજ્ઞી-નોઅસંજ્ઞી વર્ણન પ્રમાણે જાણવું.***

अण्णाणी, मइअण्णाणी, सुयअण्णाणी जीवेगिंदियवज्जो तियभंगो।

અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુત અજ્ઞાનીમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા હોય છે.

विभंगणाणी पंचेंदिय-तिरिक्खजोणिया मणूसा य आहारगा णो अणाहारगा।

વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્ય આહારક હોય છે, અનાહારક હોતા નથી.

अवसेसेसु जीवादीओ तियभंगो।

અવશિષ્ટ જીવ આદિમાં ત્રણ ભાંગા હોય છે.

**९. जोगदारं -**

**૯. યોગ દ્વાર :**

सजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो।

સયોગીમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા હોય છે.

***मणजोगी वइजोगी य जहा सम्ममिच्छादिट्ठी।***

***મનોયોગી અને વચનયોગીના વિષયમાં સમ્યગ્ મિથ્યાદષ્ટિના પ્રમાણે વર્ણન જાણવું.***

**णवरं -** वइजोगो विगलिंदियाण वि।

**વિશેષ :** વચનયોગ વિકલેન્દ્રિયોમાં પણ કહેવું જોઈએ.

कायजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो।

કાયયોગી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા હોય છે.

अजोगी जीव-मणूस-सिद्धा अणाहारगा।

અયોગી સમુચ્ચય જીવ મનુષ્ય અને સિદ્ધ અનાહારક હોય છે.

**१०. उवओगदारं-**

**૧૦. ઉપયોગ દ્વાર :**

सागाराणागारोवउत्तेसु जीवेगिंदियवज्जो तियभंगो।

સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને સાકાર અનાકાર ઉપયોગવાળા જીવોમાં ત્રણ ભાંગા કહેવા જોઈએ.

सिद्धा अणाहारगा।

સિદ્ધ જીવ (હંમેશા) અનાહારક હોય છે.

**११. वेददारं -**

**૧૧. વેદ દ્વાર :**

सवेदे जीवेगिंदियवज्जो तियभंगो।

સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને અન્ય સવેદી જીવોના ત્રણ ભાંગા હોય છે.

इत्थिवेद-पुरिसवेदेसु जीवादीओ तियभंगो।

સ્ત્રીવેદી અને પુરુષવેદી જીવ આદિના ત્રણ ભાંગા હોય છે.

णपुंसगवेदए-जीवेगिंदियवज्जो तियभंगो।

નપુંસક વેદીમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભાંગા હોય છે.

***अवेदए जहा केवलणाणी -***

***અવેદી જીવોનું વર્ણન કેવળજ્ઞાનીના વર્ણન પ્રમાણે જાણવું.***

**१२. सरीरदारं -**

**૧૨. શરીર દ્વાર :**

ससरीरी जीवेगिंदियवज्जो तियभंगो।

સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને બાકી (સશરીરી) જીવોમાં ત્રણ ભાંગા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओरालियसरीरीसु जीव-मणूसेसु तियभंगो।

ઔદારિક શરીરી જીવો અને મનુષ્યોમાં ત્રણ ભાંગા હોય છે.

अवसेसा आहारगा, णो अणाहारगा-जेसिं अत्थि ओरालियसरीरं।

બાકી જીવ આહારક હોય છે, અનાહારક હોતા નથી. પરંતુ જેને ઔદારિક શરીર હોય તેનું જ વર્ણન કરવું જોઈએ.

वेउव्वियसरीरी, आहारगसरीरी य आहारगा, णो अणाहारगा जेसिं अत्थि।

વૈક્રિય શરીરી અને આહારક શરીરી આહારક હોય છે. અનાહારક હોતા નથી.

तेय-कम्मगसरीरी जीवेगिंदियवज्जो तियभंगो।

સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને તૈજસ્ શરીર અને કાર્મણ શરીરવાળા જીવોમાં ત્રણ ભાંગા હોય છે.

असरीरी जीवा सिद्धा य णो आहारगा, अणाहारगा।

અશરીરી જીવ અને સિદ્ધ આહારક હોતા નથી, પરંતુ અનાહારક હોય છે.

**१३. पज्जत्तिदारं -**

**૧૩. પર્યાપ્તિ દ્વાર :**

आहारपज्जत्तीपज्जत्तए, सरीरपज्जत्तीपज्जत्तए, इंदियपज्जत्तीपज्जत्तए, आणापाणुपज्जत्तीपज्जत्तए, भासा-मण-पज्जत्तीपज्जत्तए एयासु पंचसु वि पज्जत्तीसु जीवेसु, मणूसेसु य तियभंगो।

આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ તથા ભાષા મનઃ પર્યાપ્તિ આ પાંચ (છ) પર્યાપ્તિઓથી પર્યાપ્ત જીવ અને મનુષ્યોમાં ત્રણ-ત્રણ ભાંગા હોય છે.

अवसेसा आहारगा, णो अणाहारगा।

બાકીના જીવ આહારક હોય છે, અનાહારક હોતા નથી.

भासा-मण-पज्जत्ती पंचेंदियाणं, अवसेसाणं णत्थि।

ભાષા પર્યાપ્તિ અને મનઃ પર્યાપ્તિ પંચેન્દ્રિય જીવોમાં જ હોય છે, અન્ય જીવોમાં નથી.

आहारपज्जत्तीअपज्जत्तए णो आहारगे, अणाहारगे एगत्तेण वि पुहत्तेण वि।

આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત જીવ એકત્વ અને બહુત્વની અપેક્ષાએ આહારક હોતા નથી, તે અનાહારક હોય છે.

सरीरपज्जत्तीअपज्जत्तए सिय आहारगे, सिय अणाहारगे।

શરીર પર્યાપ્તિથી અપર્યાપ્તા જીવ એકત્વની અપેક્ષાએ ક્યારેક આહારક હોય છે અને ક્યારેક અનાહારક હોય છે.

उवरिल्लियासु चउसु अपज्जत्तीसु णेरइय-देव-मणूसेसु छब्भंगा।

આગળની (અંતિમ) ચાર અપર્યાપ્તિઓવાળા (શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય-પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા મનઃપર્યાપ્તિથી અપર્યાપ્તક) નારક, દેવો અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે.

***अवसेसाणं जीवेगिंदियवज्जो तियभंगो।***

***બાકીમાં સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયોને છોડીને ત્રણ ભાંગા હોય છે.***

भासा-मणपज्जत्तीए अपज्जत्तएसु जीवेसु पंचेंदिय-तिरिक्खजोणिएसु य तियभंगो,

ભાષા મનઃ પર્યાપ્તિથી અપર્યાપ્ત સમુચ્ચય જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં (બહુત્વની વિવક્ષાએ) ત્રણ ભાંગા હોય છે.

णेरइय-देव-मणुसएसु छब्भंगा।

નારક, દેવો અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***सव्वपदेसु एगत्त-पुहत्तेणं जीवादीया दंडगा पुच्छाए भाणियव्वा।***

બધા (૧૩) પદોમાં એકત્વ અને બહુત્વની વિવક્ષાએ જીવ અને ચોવીસ દંડકોના અનુસાર પૃચ્છા કરવી જોઈએ.

***जस्स जं अत्थि तस्स तं पुच्छिज्जंति,***

**જે દંડકમાં જે પદ સંભવ હોય તેની જ શોધ કરવી જોઈએ.**

**जंणत्थि तंण पुच्छिज्जंति -जाव-** भासा-मणपज्जत्तीए अपज्जत्तएसु णेरइय-देव-मणुएसु य छब्भंगा।

**જે પદ જેમાં સંભવ ન હોય તેની શોધ ન કરવી જોઈએ. -યાવત્-** ભાષા મનઃ પર્યાપ્તિથી અપર્યાપ્ત નારક, દેવો અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે.

सेसेसु तियभंगो।[१]

બાકી (સમુચ્ચય જીવો અને પંચેન્દ્રિયતિર્યંચો) માં ત્રણ ભાંગાનું વર્ણન જાણવું.

- पण्ण. प. २८, उ. २, सु. १८६५-१९०७

## २७. वणस्सईकाइयाणं उप्पत्ति वुड्ढि आहार परूवणं-

## ૨૭. વનસ્પતિકાયિકોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ :

सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं -

હે આયુષ્યમન્ ! મૈં સાંભળ્યું છે કે ભગવાને આ પ્રમાણે કહ્યું છે -

इह खलु आहारपरिण्णा णामऽज्झयणे तस्स णं अयमट्ठे-

આહાર પરિજ્ઞા નામક એક અધ્યયન છે, જેનો અર્થ (ભાવ) આ છે -

इह खलु पाईणं वा **-जाव-** दाहिणं वा सव्वाओ सव्वावंति लोगंसि चत्तारि बीयकाया एवमाहिज्जंति, तं जहा-

આ આખા લોકમાં પૂર્વ **-યાવત્-** દક્ષિણ દિશાઓ (તથા ઊર્ધ્વ આદિ વિદિશાઓ)માં સર્વત્ર ચાર પ્રકારના બીજકાયવાળા જીવ હોય છે, જેમકે -

१. अग्गबीया २. मूलबीया ३. पोरबीया, ४. खंधबीया।

૧. અગ્રબીજ, ૨. મૂળબીજ, ૩. પર્વબીજ, ૪. સ્કંધબીજ.

१. तेसिं च णं अहाबीएणं अहावगासेणं इहगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा पुढविवक्कमा।

૧. તે બીજકાયિક જીવોમાં જે પ્રમાણેના બીજથી જે-જે અવકાશ (ઉત્પત્તિસ્થાન) આદિથી ઉત્પન્ન થવાની યોગ્યતા રાખે છે. તે બીજથી તથા તે તે અવકાશ (સ્થાન)માં ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટિથી કંઈક બીજકાયિક જીવ પૃથ્વીયોનિક હોય છે. પૃથ્વી પર ઉત્પન્ન થાય છે તેનાં પર સ્થિત રહે છે અને તેનાં પર તેનો વિકાસ થાય છે.

तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणे णं तत्थवक्कमा णाणाविहजोणियासु पुढवीसु रूक्खत्ताए विउट्टंति।

એટલા માટે પૃથ્વીયોનિક પર ઉત્પન્ન થનાર અને તેના પર સ્થિત રહેનાર અને વધવાવાળા તે જીવ કર્મની વશીભૂત અને કર્મના નિદાનથી આકર્ષિત થઈને ત્યાં જ વૃદ્ધિંગત થતાં નાના પ્રકારની યોનિઓવાળી પૃથ્વીઓ પર વૃક્ષ રૂપમાં ઉત્પન્ન થાય છે.

ते जीवा तासिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं, आउसरीरं, तेउसरीरं, वाउसरीरं, वणस्सइसरीरं, णाणाविहाणं तसथावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति,

તે જીવ નાના પ્રકારની યોનિવાલી પૃથ્વીઓના રસનો આહાર કરે છે તે જીવ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ શરીરનો આહાર કરે છે તથા નાના પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણિઓના શરીરને અચિત્ત કરે છે.

१. विया. म. ६, उ. २, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूविकडं संतंसव्वप्पणयाए आहारं आहारेंति।

तेનાં પૂર્વમાં વિધ્વસ્ત કરેલ, પૂર્વમાં આહાર કરેલ, ચામડીથી આહાર કરેલ, વિપરિણત તથા આત્મસાત્ કરેલ, તે શરીરનો સર્વાત્મના આહાર કરે છે.

अवरे वि य णं तेसिं पुढविजोणियाणं रूक्खाणं सरीरा नाणावण्णा नाणागंधा नाणारसा नाणाफासा नाणासंठाणसंठिया नाणाविहसरीरपोग्गलविउव्वित्ता ते जीवा कम्मोववण्णगा भवंतीतिमक्खायं।

તે પૃથ્વીયોનિક વૃક્ષોના બીજા (મૂળ, શાખા, પ્રશાખા, પત્ર, ફલાદિના રુપમાં બનેલ) શરીર પણ નાના પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનોથી સંસ્થિત તેમજ નાના પ્રકારનાં શારીરિક પુદ્ગલોથી વિકુર્વિત થઈને બને છે. તે જીવ કર્મોદયના અનુસાર ઉત્પન્ન થાય છે એવું તીર્થંકરોએ કહ્યું છે.

२. अहावरं पुरक्खायं इहेगइया सत्ता रूक्खजोणिया रूक्खसंभवा रूक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वकम्मा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा पुढविजोणिएहिं रूक्खेहिं रूक्खत्ताए विउट्टंति।

૨. ત્યાર પછી આ પ્રમાણે વર્ણન છે કે - કંઈક સત્વ (વનસ્પતિકાયિક જીવ) વૃક્ષમાં જ ઉત્પન્ન હોય છે, એટલા માટે તે વૃક્ષયોનિક હોય છે. વૃક્ષમાં સ્થિત રહીને ત્યાંજ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. વૃક્ષયોનિક વૃક્ષમાં ઉત્પન્ન તેમાં જ સ્થિત અને વૃદ્ધિને પ્રાપ્ત કરેલ કર્મોના ઉદયને કારણે જીવ કર્મથી આકૃષ્ટ થઈને પૃથ્વીયોનિક વૃક્ષોમાં વૃક્ષરુપમાં ઉત્પન્ન થાય છે.

ते जीवा तेसिं पुढविजोणियाणं रूक्खाणं सिणेहमाहारेंति,

તે જીવ ત્યાં પૃથ્વીયોનિક વૃક્ષોથી તેના રસનો આહાર કરે છે.

ते जीवा आहारेंति, पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं, णाणाविहाणं तस थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूविकडं संतं सव्वप्पणाए आहारं आहारेंति।

તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો આહાર કરે છે, તે નાના પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. તે પૂર્વમાં વિધ્વસ્ત (પ્રાસુક) કરેલ, પૂર્વમાં આહાર કરેલ, ત્વચા દ્વારા આહાર કરેલ વિપરિણત તથા આત્મસાત્ કરેલ તે એ શરીરનો સર્વાત્મના આહાર કરે છે.

अवरे वि य णं तेसिं रूक्खजोणियाणं रूक्खाणं सरीरा नाणावण्णा **-जाव-** नाणासंठाणसंठिया नाणाविहसरीर पोग्गलविउव्विता,

તે વૃક્ષયોનિક વૃક્ષોના નાના વર્ણ **-યાવત્-** નાના પ્રકારના સંસ્થાનો યુક્ત બીજા શરીર પણ હોય છે, જે અનેક પ્રકારના શારિરીક પુદ્ગલોથી વિકુર્વિત હોય છે.

ते जीवा कम्मोववन्नगा भवंतीतिमक्खायं।

તે જીવ કર્મના ઉદયના અનુરુપ જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકર દેવે કહ્યું છે.

३. अहावरं पुरक्खायं इहेगइया सत्ता रूक्खजोणिया रूक्खसंभवा रूक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा रूक्खजोणिएसु रूक्खेसु रूक्खत्ताए विउट्टंति,

૩. ત્યારબાદનું વર્ણન એ છે કે - કંઈક જીવ વૃક્ષયોનિક હોય છે, તે વૃક્ષમાં ઉત્પન્ન થાય છે. વૃક્ષમાં જ સ્થિત તેમજ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. વૃક્ષમાં ઉત્પન્ન થનાર, તેમાં જ સ્થિત રહેનાર અને તેમાં જ સંવૃદ્ધિ પાનાર વૃક્ષ યોનિક જીવ કર્મોથી વશીભૂત થઈને કર્મના કારણે તે વૃક્ષોમાં આવીને વૃક્ષયોનિક જીવોમાં વૃક્ષ રુપે ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते जीवा तेसिं रूक्खजोणियाणं रूक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं, नाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूविकडं संतं सव्वप्पणाए आहारं आहारेंति अवरे वि य णं तेसिं रूक्खजोणियाणं रूक्खाणं सरीरा णाणावण्णा **-जाव-** नाणाविह सरीरपोग्गल विउव्विया ते जीवा कम्मोववण्णगा भवंतीतिमक्खायं ।

તે જીવ એ વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. આના સિવાય તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો પણ આહાર કરે છે. તે ત્રસ અને સ્થાવર પ્રાણીઓના શરીરને અચિત્ત કરે છે. તે પૂર્વમાં વિધ્વસ્ત (અચિત્ત) કરેલ પૂર્વમાં આહાર કરીને, ત્વચા દ્વારા આહાર કરીને વિપરિણત તથા આત્મસાત કરેલા એ શરીરનો સર્વાત્મના આહાર કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષોના શરીર નાના વર્ણ **-યાવત્-** નાના પ્રકારના પુદ્ગલોથી વિકુર્વિત હોય છે. તે જીવ કર્મોદયવશ વૃક્ષયોનિક વૃક્ષોમાં ઉત્પન્ન હોય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

४. अहावरं पुरक्खायं इहेगइया रूक्खजोणिया रूक्खसंभवा रूक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा रूक्खजोणिएसु रूक्खेसु मूलत्ताए कंदत्ताए खंधत्ताए तयत्ताए सालत्ताए पवालत्ताए पत्तत्ताए पुप्फत्ताए फलत्ताए बीयत्ताए विउट्टंति । ते जीवा तेसिं रूक्खजोणियाणं रूक्खाणं सिणेहमाहारेंति ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं नाणाविहाणं तस थावराणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं **-जाव-** सारूविकडं संतं सव्वप्पणाए आहारं आहारेंति, अवरे वि य णं तेसिं रूक्खजोणियाणं मूलाणं **-जाव-** बीयाणं सरीरा नाणावण्णा **-जाव-** नाणाविहसरीरपोग्गलविउव्विया ते जीवा कम्मोववण्णगा भवंतीतिमक्खायं ।

૪. ત્યારબાદનું વર્ણન એ છે કે - વનસ્પતિકાય વર્ગમાં કેટલાક જીવ વૃક્ષયોનિક હોય છે, તે વૃક્ષમાં જ ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સંવર્દ્ધિત થાય છે. તે વૃક્ષયોનિક જીવ તેમાં જ ઉત્પન્ન સ્થિત તેમજ સંવૃદ્ધ થઈ કર્મોના વશીભૂત થઈને કર્મના જ કારણે વૃક્ષયોનિક વૃક્ષોમાં મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ તેમજ બીજના રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ તે જ વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે, આનાંથી અતિરિક્ત તે જીવ નાના પ્રકારના પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો આહાર કરે છે, તે જીવ નાના પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોનાં શરીરને અચિત્ત કરે છે. તે પરિવિધ્વસ્ત (અચિત્ત) કરેલ શરીરને **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તે વૃક્ષ યોનિક મૂળ **-યાવત્-** બીજ રુપ જીવોના શરીર નાના વર્ણ **-યાવત્-** નાના પ્રકારના પુદ્ગલોથી બનેલ હોય છે. તે જીવ કર્મોદયવશ જ ત્યાં ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

१. अहावरं पुरक्खायं-इहेगइया सत्ता रूक्खजोणिया रूक्खसंभवा रूक्खवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा रूक्खजोणिएहिं रूक्खेहिं अज्जोरूहित्ताए विउट्टंति, ते जीवा तेसिं रूक्खजोणियाणं रूक्खाणं सिणेहमाहारेंति,

૧. ત્યારપછીનું આ વર્ણન છે કે- આ વનસ્પતિકાય જગતમાં કોઈ વૃક્ષયોનિક જીવ વૃક્ષમાં જ ઉત્પન્ન થાય છે, વૃક્ષમાં જ સ્થિત રહેતા વધે છે. તેમાં જ ઉત્પન્ન, સ્થિત અને સંવર્ધિત થનાર તે વૃક્ષયોનિક જીવ કર્મોદયવશ તથા કર્મના કારણે જ વૃક્ષોમાં આવીને તે વૃક્ષયોનિક વૃક્ષોમાં અધ્યારુહ (વૃક્ષના ઉપર ઉત્પન્ન થનારી) વનસ્પતિ રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति, अवरे वि य णं तेसिं रूक्खजोणियाणं अज्झोरूहाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

તે જીવ પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરી લે છે તથા બીજા પણ અધ્યારુહ વનસ્પતિના શરીરો નાના પ્રકારના વર્ણ આદિથી બનેલ હોય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

२. अहावरं पुरक्खायं इहेगइया सत्ता अज्झोरूहजोणिया अज्झोरूहसंभवा **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा अज्झोरूहजोणिएसु अज्झोरूहेसु अज्झोरूहत्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झोरूहजोणियाणं अज्झोरूहाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति अवरे वि य णं तेसिं अज्झोरूहजोणियाणं अज्झोरूहाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

૨. ત્યાર પછી આ વર્ણન છે કે - આ વનસ્પતિકાયમાં અધ્યારુહયોનિક જીવ અધ્યારુહમાં જ ઉત્પન્ન થાય છે **-યાવત્-** કર્મ નિદાનથી મરણ કરીને અધ્યારુહ વૃક્ષયોનિકના રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ વૃક્ષયોનિક અધ્યારુહોના રસનો આહાર કરે છે, તે જીવ પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરી લે છે. તથા બીજા પણ અધ્યારુહ વનસ્પતિના શરીર નાના પ્રકારના વર્ણ આદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકર દેવે કહ્યું છે.

३. अहावरं पुरक्खायं-इहेगइया सत्ता अज्झोरूहजोणिया अज्झोरूहसंभवा **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा अज्झोरूहजोणिएसु अज्झोरूहेसु अज्झोरूहित्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झोरूहजोणियाणं अज्झोरूहाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं अज्झोरूहजोणियाणं अज्झोरूहाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

૩. ત્યારબાદ આ વર્ણન છે કે - આ વનસ્પતિકાયમાં કેટલાક અધ્યારુહયોનિક પ્રાણી અધ્યારુહ વૃક્ષોમાં જ ઉત્પન્ન થાય છે **-યાવત્-** કર્મનિદાનથી મરણ કરીને અધ્યારુહયોનિક વૃક્ષોમાં અધ્યારુહ રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ અધ્યારુહયોનિક અધ્યારુહ વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરી લે છે. તથા બીજા પણ અધ્યારુહયોનિક અધ્યારુહ વૃક્ષોના શરીર નાના પ્રકારના વર્ણ આદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું શ્રી તીર્થંકર દેવે કહ્યું છે.

४. अहावरं पुरक्खायं-इहेगइया सत्ता अज्झोरूहजोणिया अज्झोरूहसंभवा **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा अज्झोरूहजोणिएसु अज्झोरूहेसु मूलत्ताए **-जाव-** बीयत्ताए विउट्टंति। ते जीवा तेसिं अज्झोरूहजोणियाणं अज्झोरूहाणं सिणेहमाहारेंति **-जाव-** अवरे वि य णं तेसिं अज्झोरूहजोणियाणं मूलाणं **-जाव-** बीयाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

૪. ત્યાર પછી આ વર્ણન છે કે - આ વનસ્પતિકાયમાં કેટલાક અધ્યારુહયોનિક હોય છે. તે અધ્યારુહ વૃક્ષોમાં ઉત્પન્ન થાય છે **-યાવત્-** કર્મનિદાનથી મરણ કરીને અધ્યારુહયોનિક અધ્યારુહ વૃક્ષોના મૂળ **-યાવત્-** બીજના રુપમાં ઉત્પન્ન થાય છે, તે જીવ ત્યાં અધ્યારુહયોનિક અધ્યારુહ વૃક્ષોના રસનો આહાર કરે છે **-યાવત્-** તે અધ્યારુહયોનિક વૃક્ષોના મૂળ **-યાવત્-** બીજોના શરીર નાના વર્ણ આદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अहावरं पुरक्खायं इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा -**जाव**- णाणाविहजोणिएसु पुढवीसु तणत्ताए विउट्टंति, ते जीवा तेसिं नाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति -**जाव**- ते जीवा कम्मोववन्नगा भवंतीतिमक्खायं ।

૧. ત્યારબાદ આ વર્ણન છે કે - આ વનસ્પતિકાયિકમાં પ્રાણી પૃથ્વીયોનિક હોય છે, તે પૃથ્વીથી જ ઉત્પન્ન થાય છે -**યાવત્**- નાના પ્રકારની જાતિ (યોનિ) વાળી પૃથ્વીઓ પર તૃણ રુપમાં ઉત્પન્ન થાય છે, તે તૃણના જીવ નાના પ્રકારની જાતિવાળી પૃથ્વીઓના રસનો આહાર કરે છે -**યાવત્**- તે જીવ કર્મથી પ્રેરિત થઈને તૃણનાં રુપમાં ઉત્પન્ન થાય છે, એવું શ્રી તીર્થંકર દેવે કહ્યું છે.

२. ***एवं पुढविजोणिएसु तणेसु तणत्ताए विउट्टंत्ति -जाव- भवंतीतिमक्खायं।***

૨. ***આ પ્રમાણે કેટલાક (વનસ્પતિકાયિક) જીવ પૃથ્વીયોનિક તૃણોમાં તૃણરુપમાં ઉત્પન્ન થાય છે એ તે જ રુપમાં આહાર આદિ ગ્રહણ કરે છે, એ તીર્થંકરદેવે કહ્યું છે.***

३. ***एवं तणजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति -जाव- भवंतीतिमक्खायं।***

૩. ***આ પ્રમાણે કેટલાક (વનસ્પતિકાયિક) જીવ તૃણયોનિક તૃણોમાં તૃણ રુપમાં ઉત્પન્ન થાય છે, એ તે જ રુપમાં આહાર આદિ ગ્રહણ કરે છે, આ તીર્થંકરદેવે કહ્યું છે.***

४. ***एवं तणजोणिएसु तणेसु मूलत्ताए -जाव- बीयत्ताए विउट्टंति ते जीवा -जाव- भवंतीतिमक्खायं।***

૪. ***આ પ્રમાણે કેટલાક (વનસ્પતિકાયિક) જીવ તૃણયોનિક તૃણોમાં મૂળ -યાવત્- બીજ રુપમાં ઉત્પન્ન થાય છે, એ તેજ રૂપમાં આહાર આદિ કરે છે, એ તીર્થકરદેવે કહ્યું છે.***

***एवं ओसहीण वि चत्तारि आलावगा (४)***

***આ પ્રમાણે ઔષધિરુપમાં ઉત્પન્ન (વનસ્પતિકાયિક) જીવોમાં પણ ચાર આલાપક કહેવા જોઈએ.***

***एवं हरियाण वि चत्तारि आलावगा (४)***

***આ પ્રમાણે લીલારુપમાં ઉત્પન્ન વનસ્પતિકાયિક જીવોનાં પણ ચાર આલાપક કહેવા જોઈએ.***

अहावरं पुरक्खायं इहेगइया सत्ता पुढविजोणिया पुढविसंभवा -**जाव**- कम्मनियाणेणं तत्थवक्कमा नाणाविहजोणियासु पुढवीसु आयत्ताए वायत्ताए कायत्ताए कुहणत्ताए कंदुकत्ताए उव्वेहलियत्ताए निव्वेहलियत्ताए सछत्ताए छत्तगत्ताए वासाणियत्ताए कूरत्ताए विउट्टंति। ते जीवा तेसिं नाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति। ते जीवा आहारेंति पुढविसरीरं -**जाव**- वणस्सइ सरीरं -**जाव**- सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं पुढविजोणियाणं आयाणं -**जाव**- कुराणं नाणावण्णा -**जाव**- भवंतीतिमक्खायं।

ત્યારબાદ આ પ્રમાણે વર્ણન છે કે - આ વનસ્પતિકાયમાં કેટલાક જીવ પૃથ્વીયોનિક હોય છે, તે પૃથ્વીથી ઉત્પન્ન થાય છે -**યાવત્**- કર્મનિદાનથી મરણ કરીને નાના પ્રકારની યોનિવાળી પૃથ્વીઓમાં આય, વાય, કાય, કૂહણ, કંદૂક, ઉવેહણી, નિર્વેહણી, સછત્રક, છત્રક, વાસાની તેમજ કૂર નામક વનસ્પતિના રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ તેમાં નાનાવિધ યોનિઓવાળી પૃથ્વીઓના રસનો આહાર કરે છે તથા તે જીવ પૃથ્વીકાયના જીવોના શરીરોનો -**યાવત્**- વનસ્પતિકાયના શરીરોનો -**યાવત્**- સર્વાત્મના આહાર કરી લે છે. તે પૃથ્વીયોનિક આય વનસ્પતિથી કૂર વનસ્પતિ સુધીના જીવોના શરીર નાના પ્રકારના વર્ણાદિથી બનેલ હોય છે -**યાવત્**- તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*एक्को चेव आलावगो सेसा तिण्णि नत्थि।*

*આ જીવોનો એક જ કથન હોય છે. બાકી ત્રણ કથન હોતાં નથી.*

१. अहावरं पुरक्खायं इहेगइया सत्ता उदगजोणिया उदगसंभवा **-जाव-** कम्मनियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदएसु रूक्खत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं उदयजोणियाणं रूक्खाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

૧. ત્યાર પછીનું વર્ણન એ છે કે- આ વનસ્પતિકાયમાં કેટલાક ઉદયયોનિક (જે પાણીમાં જ ઉત્પન્ન થનારી) વનસ્પતિ છે. જે જલમાં ઉત્પન્ન થાય છે **-યાવત્-** પોતાના કર્મનિદાનથી મૃત્યુ પામીને અનેક પ્રકારની યોનિઓવાળા પાણીમાં વૃક્ષરુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ અનેક પ્રકારના જાતિવાળા પાણીના રસનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે તથા તે જલયોનિક વૃક્ષોના શરીર અનેક વર્ણાદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકરદેવે કહ્યું છે.

*जहा पुढविजोणियाणं रूक्खाणं चत्तारि गमा (४)*

*જેમ પૃથ્વીયોનિક વૃક્ષના ચાર ભેદ કહ્યા છે. તેવી જ રીતે આ જલયોનિક વૃક્ષના પણ ચાર આલાપક કહેવા જોઈએ.*

*अज्झोरूहाण वि तहेव (४)*

*અધ્યારુહના પણ તેવાં જ ચાર આલાપક કહેવા જોઈએ.*

*तणाणं ओसहीणं हरियाणं चत्तारि आलावगा भाणियव्वा एक्केक्के।*

*તૃણ ઔષધિક અને લીલા પ્રત્યેકના પણ ચાર આલાપક કહેવા જોઈએ.*

२. अहावरं पुरक्खायं-इहेगइया सत्ता उदगजोणिया उदगसंभवा **-जाव-** कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदएसु उदगत्ताए अवगत्ताए पणगत्ताए सेवालत्ताए कलंवुयत्ताए हढत्ताए कसेरू-यत्ताए कच्छरूयत्ताए भाणियत्ताए उप्पलत्ताए पउमत्ताए कुमुदत्ताए नलिणत्ताए सुभगत्ताए सोगंधियत्ताए पोंडरियत्ताए महापोंडरियत्ताए सयपत्तत्ताए सहस्सपत्तत्ताए कल्हारत्ताए कोंकणत्ताए अरविंदत्ताए तामरसत्ताए भिसत्ताए भिसमुणालत्ताए पुक्खलत्ताए पुक्खलत्थिभगत्ताए विउट्टंति, ते जीवा तेसिं नाणाविह जोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढ-विसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं उदगजोणियाणं उदगाणं **-जाव-** पुक्खलत्थिभगाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

૨. ત્યારબાદનું વર્ણન એ છે કે - આ વનસ્પતિકાયમાં કેટલાક જીવ ઉદય યોનિક હોય છે, જે પાણીમાં ઉત્પન્ન થાય છે **-યાવત્-** પોતાના કર્મ નિદાનથી મૃત્યુ પામી અનેક પ્રકારની યોનિના ઉદકોમાં ઉદક, અવક, લીલફલ, શૈવાળ, અસ્વચ્છ, હડ, કસેરુ, કચ્છરુ, ભાણિતક, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલીન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્ત્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, કમળમૂળ, કમળનાલ, પુષ્કર અને પુષ્કરસ્તિબુકનાં રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ નાના જાતિવાળા જલોના રસનો આહાર કરે છે. તથા પૃથ્વીકાય શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તે જલયોનિક વનસ્પતિઓનાં પાણીથી પુષ્કર-સ્તિબુક આદિના શરીર અનેક વર્ણાદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

*एक्को चेव आलावगो (१)*

*આમાં માત્ર એક જ કથન હોય છે.*

१. अहावरं पुरक्खायं इहेगइया सत्ता, तेहिं चेव पुढविजोणिएहिं रूक्खेहिं, रूक्खजोणिएहिं रूक्खेहिं, रूक्खजोणिएहिं मूलेहिं **-जाव-** बीएहिं (३) रूक्खजोणिएहिं, अज्झोरूहेहिं, अज्झोरूहजोणिएहिं अज्झोरूहेहिं, अज्झोरूहजोणिएहिं मूलेहिं **-जाव-** बीएहिं (३) पुढविजोणिएहिं तणेहिं, तणजोणिएहिं तणेहिं, तणजोणिएहिं मूलेहि **-जाव-** बीएहिं (३) ***एवं ओसहीहिं तिण्णि आलावगा (३) एवं हरिएहिं वि तिण्णि आलावगा*** (३)

पुढविजोणिएहिं आएहिं काएहिं **-जाव-** कूरेहिं उदगजोणिएहिं रूक्खेहिं, रूक्खजोणिएहिं रूक्खेहिं, रूक्खजोणिएहिं मूलेहिं **-जाव-** बीएहिं (३) **एवं** अज्झोरूहेहिं वि तिण्णि आलावगा (३) तणेहिं वि तिण्णि आलावगा (३) ओसहीहिं वि तिण्णि आलावगा (३)हरिएहिं वि तिण्णि अलावगा उदगजोणिएहिं उदएहिं अवएहिं **-जाव-** पुक्खलत्थिभएहिं तसपाणत्ताए विउट्टंति।

२. ते जीवा तेसिं पुढविजोणियाणं उदगजोणियाणं रूक्खजोणियाणं अज्झोरूहजोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हरियजोणियाणं रूक्खाणं अज्झोरूहाणं तणाणं ओसहीणं हरियाणं मूलाणं **-जाव-** बीयाणं आयाणं कायाणं **-जाव-** कुराणं उदगाणं अवगाणं **-जाव-** पुक्खलत्थिभगाणं सिणेहमाहारेंति ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं रूक्खजोणियाणं अज्झोरूहजोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हरियजोणियाणं मूलजोणियाणं कंदजोणियाणं **-जाव-** बीयजोणियाणं आयजोणियाणं कायजोणियाणं **-जाव-** कूरजोणियाणं उदगजोणियाणं अवगजोणियाणं **-जाव-** पुक्खलत्थिभगजोणियाणं तसपाणाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीति मक्खायं।

- सूय. सु. २, अ. ३, सु. ७२२-७३१

१. ત્યારબાદનું વર્ણન એ છે કે - વનસ્પતિકાયિકમાં કેટલાક જીવ પૃથ્વીયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક મૂળથી બીજપર્યંત અવયવોમાં (૩) વૃક્ષયોનિક અધ્યારુહ વૃક્ષોમાં, અધ્યારુહ યોનિક અધ્યારુહોમાં, અધ્યારુહયોનિક મૂળથી બીજ પર્યંત અવયવોમાં (૩), પૃથ્વીયોનિક તૃણોમાં, તૃણયોનિક તૃણોમાં, તૃણયોનિકોના મૂળથી બીજ પર્યંત અવયવોમાં (૩), ***તથા આ પ્રમાણે ઔષધિક અને લીલોત્રીના સંબંધમાં ત્રણ- ત્રણ આલાપક કહેવા જોઈએ.***

પૃથ્વીયોનિક આય, કાયથી કૂર સુધીના વનસ્પતિકાયિક અવયવોમાં, ઉદયયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં તથા વૃક્ષયોનિક મૂળથી બીજ સુધીનાં અવયવોમાં અને **આ પ્રમાણે** અધ્યારુહો, તૃણો, ઔષધિયો અને લીલોત્રીના પણ ત્રણ-ત્રણ આલાપક કહેવા જોઈએ. તેમાં તથા કેટલાક ઉદકયોનિક ઉદક અવકથી પુષ્કરસ્તિબુક સુધીમાં ત્રસ પ્રાણીના રુપમાં ઉત્પન્ન થાય છે.

૨. તે જીવ પૃથ્વીયોનિક, જલયોનિક, વૃક્ષયોનિક, અધ્યારુહયોનિક, તૃણયોનિક, ઔષધિયોનિક, લીલોત્રી યોનિક, વૃક્ષોના તથા અધ્યારુહ વૃક્ષો, તૃણો, ઔષધિયો, લીલોત્રીઓના મૂળથી બીજપર્યંત આય કાયથી કૂર વનસ્પતિ સુધીના તેમજ ઉદક અવકથી પુષ્કરસ્તિબુક વનસ્પતિ સુધીના રસનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તથા બીજા પણ વૃક્ષયોનિક, અધ્યારુહયોનિક, તૃણયોનિક, ઔષધિયોનિક, લીલોત્રીયોનિક, મૂળયોનિક, કંદયોનિક, **-યાવત્-** બીજયોનિક તથા આયયોનિક, કાયયોનિક **-યાવત્-** કૂરયોનિક, ઉદકયોનિક, અવકયોનિક **-યાવત્-** પુષ્કરસ્તિબુકયોનિક ત્રસ જીવોના શરીર અનેક વર્ણાદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

## २८. मणुस्साणं उप्पत्ति वुड्ढि आहार परूवणं-

अहावरं पुरक्खायं-णाणाविहाणं मणुस्साणं, तं जहा-

## ૨૮. મનુષ્યોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ :

ત્યારબાદ અનેક પ્રકારના મનુષ્યોનું સ્વરુપ બતાવ્યું છે. જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्मभूमगाणं, अकम्मभूमगाणं, अंतर-दीवगाणं, आरियाणं, मिलक्खूणं, तेसिं च णं अहोबीएणं अहावकासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए एत्थ णं मेहुणवत्तिए नामं संयोगे समुप्पज्जइ, ते दुहवो वि सिणेहिं संचिणंति, संचिणित्ता तत्थ णं जीवा इत्थित्ताए पुरिसत्ताए णपुंसगत्ताए विउट्टंति, ते जीवा माउओयं पिउसुक्कं तं तदुभयं संसट्ठं कलुसं किव्विसं तप्पढमयाए आहारमाहारेंति, तओ पच्छा जं से माता णाणाविहाओ रसविगईओ आहारमाहारेइ तओ एगदेसेणं ओयमाहारेंति. अणुपुव्वेणं वुड्ढा पलिपागमणुचिन्ना तओ कायाओ अभिनिव्वट्टमाणा इत्थि वेगता जणयंति, पुरिसं वेगता जणयंति, णपुंसगं वेगता जणयंति।

કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ, આર્ય, મ્લેચ્છ (અનાર્ય) તે જીવોની ઉત્પત્તિ પોત-પોતાના બીજ અને પોત-પોતાના અવકાશના અનુસાર પૂર્વ કર્મ નિર્મિત્ત યોનિમાં સ્ત્રી પુરુષના મૈથુન હેતુક સંયોગથી થાય છે. તે જીવ (તૈજસ અને કાર્મણ શરીર દ્વારા) બંનેનાં રસનો આહાર કરે છે, આહાર કરીને તે જીવ ત્યાં સ્ત્રી રુપમાં, પુરુષરુપમાં કે નપુંસકરુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ માતાના રજ (શોણિત) અને પિતાના વીર્ય (શુક્ર) નાં જે પરસ્પર મળેલા (સંસૃષ્ટ) કલુષ મલિન અને ઘૃણિત હોય છે તેનો સર્વ પ્રથમ આહાર કરે છે. ત્યારબાદ માતા અનેક પ્રકારની જે સરસ વસ્તુઓનો આહાર કરે છે, તે જીવ માતાનાં શરીરથી નીકળતાં એક દેશ ઓજનો આહાર કરે છે. ત્યારબાદ અનુક્રમે વૃદ્ધિંગત થતાં ગર્ભનો સમય પૂર્ણ થતા માતાનાં શરીરથી કોઈ સ્ત્રીરુપમાં, કોઈ પુરુષરુપમાં અને કોઈ નપુંસક રુપમાં ઉત્પન્ન થાય છે.

ते जीवा डहरा समाणा मातुं खीरं सप्पिं आहारेंति, अणुपुव्वेणं वुड्ढा ओयणं कुम्मासं तस थावरे य पाणे ते जीवा आहारेंति, पुढविसरीरं **-जाव-** वणस्सइसरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं णाणाविहाणं मणुस्साणं कम्मभूमगाणं अकम्मभूमगाणं अंतरदीवगाणं आरियाणं मिलक्खूणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

- सूय. सु. २, अ. ३, सु. ७३२

તે જીવ શિશુ થઈને માતાનાં દૂધ અને ઘીનો આહાર કરે છે. ક્રમથી મોટો થઈને તે જીવ ભાત કુલ્માષ તેમજ સ્થાવર ત્રસ પ્રાણીઓનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરી લે છે. તથા બીજા પણ કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અન્તર્દ્વીપજ, આર્ય અને મ્લેચ્છ આદિ અનેકવિધ મનુષ્યોના શરીર અનેક વર્ણાદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

### २९. पंचिंदियतिरिक्खजोणियाणं उप्पत्ति वुड्ढि आहार परूवणं-

### ૨૯. પંચેન્દ્રિયતિર્યંચયોનિકની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ :

अहावरं पुरक्खायं - णाणाविहाणं जलयर पंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा- मच्छाणं **-जाव-** सुंसमाराणं।

ત્યારબાદ અનેક પ્રકારના જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું વર્ણન આ પ્રમાણે છે. જેમકે- મત્સ્ય **-યાવત્-** સુંસુમાર.

तेसिं च णं आहवीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए तहेव **-जाव-** तओ एगदेसेणं ओयमाहारेंति, अणुपुव्वेणं वुड्ढा पलिपागमणुचिण्णा तओ कायाओ अभिनिव्वट्टमाणा अंडं वेगता जणयंति, पोयं वेगता जणयंति, से अंडे उब्भिज्जमाणे इत्थि वेगया जणयंति, पुरिसं वेगया जणयंति, नपुंसगं वेगया जणयंति।

તે જીવ પોતાના બીજ અને અવકાશના પ્રમાણે સ્ત્રી અને પુરુષના સંયોગ થવાથી પોત-પોતાના કર્માનુસાર પૂર્વોક્ત પ્રકારના ગર્ભમાં ઉત્પન્ન થાય છે અને તે પ્રમાણે **-યાવત્-** માતાના એક દેશ ઓજનો આહાર કરે છે. આ પ્રમાણે ક્રમથી વૃદ્ધિ પામી ગર્ભમાં પરિપકવ થયા બાદ માતાની કાયાથી બહાર નીકળી કોઈ ઈંડાના રુપમાં, કોઈ પોતજના રુપમાં ઉત્પન્ન થાય છે, જ્યારે તે ઈંડું ફૂટી જાય છે તો કોઈ સ્ત્રી (માદા) ના રુપમાં, કોઈ પુરુષ (નર) ના રુપમાં અને કોઈ નંપુસકના રુપમાં ઉત્પન્ન થાય છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

ते जीवा डहरा समाणा आउसिणेहमाहारेंति, अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस-थावरे य पाणे ते जीवा आहारेंति, पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं णाणाविहाणं जलयरपंचिंदियतिरिक्खजोणियाणं मच्छाणं **-जाव-** सुंसुमाराणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं ।

તે જલચર જીવ બાલ્યાવસ્થામાં જલના રસનો આહાર કરે છે. ત્યાર પછી ક્રમથી મોટા થવાથી વનસ્પતિકાય તથા ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી શરીરનો **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તથા બીજા પણ અનેક પ્રકારની માછલીથી સુંસુમાર સુધીના જલચર પંચેન્દ્રિયતિર્યંચ જીવોના શરીર અનેક વર્ણાદિથી બનેલ હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકરદેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं नाणाविहाणं चउप्पयथलयर पंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा-

ત્યારબાદ અનેક જાતિવાળા ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચોનું વર્ણન આ પ્રમાણે છે, જેમકે-

एगखुराणं, दुखुराणं, गंडीपदाणं, सणप्फयाणं,

કેટલાક એક ખુરવાળા, બે ખુરવાળા, હાથી, સિંહ આદિ નખયુક્ત પદવાળા હોય છે.

तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए एत्थणं मेहुणवत्तिए नामं संजोगे समुप्पज्जइ, ते दुहओ वि सिणेहिं संचिणंति संचिणित्ता तत्थ णं जीवा इत्थित्ताए पुरिसत्ताए णंपुसगत्ताए विउट्टंति, ते जीवा माउं ओयं पिउं सुक्कं **एवं जहा मणुस्साणं -जाव-** इत्थि वेगया जणयंति, पुरिसं वेगया जणयंति, नपुंसगं वेगया जणयंति । ते जीवा डहरा समाणा मातु खीरं सप्पिं आहारेंति, अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस थावरे य पाणे ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ शरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं णाणाविहाणं चउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणियाणं एगखुराणं **-जाव-** सणप्फयाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं ।

તે જીવ પોત-પોતાના બીજ અને અવકાશના અનુસાર સ્ત્રી અને પુરુષના પરસ્પર મૈથુન પ્રત્યયિક સંયોગ થવાથી પોત-પોતાના કર્માનુસાર ઉત્પન્ન થાય છે, તે સર્વપ્રથમ બંનેનાં રસનો આહાર કરેછે, આહાર કરીને તે જીવ સ્ત્રી, પુરુષ કે નંપુસકના રુપમાં ઉત્પન્ન થાય છે, તે જીવ (ગર્ભમાં) માતાના ઓજ (રજ) અને પિતાના શુક્રનો આહાર કરે છે. **શેષ વર્ણન પૂર્વવત્ મનુષ્યોના પ્રમાણે જાણવું -યાવત્-** આમાં કોઈ સ્ત્રી (માદા) નાં રુપમાં, કોઈ નરના રુપમાં અને કોઈ નપુંસકના રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ બાલ્યાવસ્થામાં માતાનું દૂધ અને ધૃતનો આહાર કરે છે. ક્રમથી મોટો થઈને તે વનસ્પતિકાયનો તથા બીજા ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. આનાં સિવાય તે પ્રાણી પૃથ્વીના શરીરનો **-યાવત્-** વનસ્પતિનાં શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તે અનેકવિધ જાતિવાળા, ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક એક ખુર **-યાવત્-** નખયુક્ત પદવાળા જીવોના અનેક વર્ણાદિવાળા શરીર હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं नाणाविहाणं उरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा-

ત્યારબાદ અનેક પ્રકારની જાતિવાળા ઉરપરિસર્પ (છાતીનાં બળે સરકીને ચાલનાર) સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનું વર્ણન આ પ્રમાણે છે, જેમકે-

अहीणं अयगराणं आसालियाणं महोरगाणं ।

સર્પ, અજગર, અળસિયા અને મહોરગ.

तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए एत्थ णं मेहुण वत्तिए नामं संजोगे समुप्पज्जइ, **एवं चेव ।**

તે જીવ પોત-પોતાના ઉત્પત્તિ યોગ્ય બીજ અને અવકાશના અનુસાર સ્ત્રી અને પુરુષના પરસ્પર મૈથુન પ્રત્યયિક સંયોગ થવાથી પોત-પોતાના કર્માનુસાર ઉત્પન્ન થાય છે. **શેષ વર્ણન પૂર્વવત્ જાણવું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नाणत्तं** - अंडं वेगता जणयंति, पोयं वेगता जणयंति, से अंडे उब्भिज्जमाणे इत्थि वेगता जणयंति, पुरिसं वेगता जणयंति, नपुंसगं वेगता जणयंति। ते जीवा डहरा समाणा वाउकायमाहारेंति, अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस थावरे य पाणे ते जीवा आहारेंति, पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं णाणाविहाणं उरपरिसप्पथलयरपंचिंदिय-तिरिक्खजोणियाणं अहीणं **-जाव-** महोरगाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

**પરંતુ આ ભિન્નતા છે-** કેટલાક અંડજ હોય છે અને કેટલાક પોતજ હોય છે. ઈંડું ફૂટી જવાથી તેમાંથી કોઈ સ્ત્રી રુપમાં, કોઈ પુરુષનાં રુપમાં અને કોઈ નપુંસક રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ બાલ્યાવસ્થામાં વાયુકાય (હવા) નો આહાર કરે છે. ક્રમથી મોટા થયા બાદ વનસ્પતિકાય તથા અન્ય ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. આના સિવાય તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિનાં શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. તે અનેકવિધ જાતિવાળા ઉરપરિસર્પ, સ્થળચર, પંચેન્દ્રિય તિર્યંચોના સર્પ **-યાવત્-** મહોરગના શરીર નાના વર્ણાદિવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું શ્રી તીર્થંકર દેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं नाणाविहाणं भुयपरिसप्पथलयर-पंचिंदियतिरिक्खजोणियाणं, तं जहा-

ત્યારબાદ અનેક પ્રકારના ભુજ પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનું વર્ણન આ પ્રમાણે છે. જેમકે-

गोहाणं, नउलाणं, सेहाणं, सरडाणं, सल्लाणं, सरयाणं, खोराणं, घरकोइलियाणं, विस्संभराणं, मूसगाणं, मंगुसाणं, पयलाइयाणं, विरालियाणं, जोहाणं, चाउप्पाइयाणं,

ઘો, નોળીયો, રોમરાયની પાંખવાળા પક્ષી, કાંકીડો, સર્પ, ભુજપરીસર્પ, ખોર, ભીંતગરોળી, છિપકલી, ઉંદર, ભુજપરિસર્પ, પદલાતિક (સર્પની એક જાત) વિડાતિક, ચંદન ઘો, ચારપગવાળા.

तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए पुरिसस्स य ***जहा उरपरिसप्पाणं तहा भाणियव्वं*** **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं नाणाविहाणं भुयपरिसप्प थलयरपंचिंदियतिरिक्खजोणियाणं गोहाणं **-जाव-** चाउप्पाइयाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

તે જીવોની ઉત્પત્તિ પણ પોત-પોતાના બીજ અને અવકાશના અનુસાર સ્ત્રી અને પુરુષના મૈથુન પ્રત્યયિક સંયોગ થવાથી પોત-પોતાના કર્માનુસાર થાય છે. ***શેષ વર્ણન પૂર્વવત્ ઉરપરિસર્પનાં પ્રમાણે જાણવું.*** **-યાવત્-** સર્વાત્મના આહાર લે છે. આના સિવાય નાના પ્રકારના ગોહથી ચતુષ્પદ સુધીના ભુજપરિસર્પ સ્થળ ચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના શરીર અનેક વર્ણાદિવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं णाणाविहाणं खहयरपंचिंदिय तिरिक्खजोणियाणं, तं जहा-

ત્યારબાદ અનેક પ્રકારના ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું વર્ણન આ પ્રમાણે છે જેમકે-

चम्मपक्खीणं, लोमपक्खीणं, समुग्गपक्खीणं, विततपक्खीणं, तेसिं च णं अहाबीएणं अहावगासेणं इत्थीए **जहा उरपरिसप्पाणं नाणत्तं** ते जीवा डहरा समाणा माउं गात्तसिणेहं आहारेंति, अणुपुव्वेणं वुड्ढा वणस्सइकायं तस थावरे य पाणे ते जीवा आहारेंति, पुढ-विसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं **नाणाविहाणं** खहयरपंचिंदियतिरिक्खजोणियाणं चम्मपक्खीणं **-जाव-** विततपक्खीणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

- सूय. सु. २, अ. ३, सु. ७३३-७३७

ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્દગક પક્ષી અને વિતતપક્ષી તે જીવોની ઉત્પત્તિ પણ પોત-પોતાના બીજ અને અવકાશથી સ્ત્રી પુરુષનાં મૈથુન પ્રત્યયિક સંયોગથી થાય છે. **શેષ વર્ણન ઉરપરિસર્પના અનુસાર જાણવું. પરંતુ આમાં ભિન્નતા છે** - તે પ્રાણી બાલ્યાવસ્થા પ્રાપ્ત થવાથી માતાના શરીરના રસનો આહાર કરે છે. પછી ક્રમથી મોટા થઈને વનસ્પતિકાય તથા ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે. આના સિવાય તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. અન્ય અનેક પ્રકારના ચર્મપક્ષીથી વિતતપક્ષી સુધીના ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના શરીર નાનાવર્ણાદિવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३०. विगलिंदियाणं उप्पत्ति वुड्ढि आहार परूवणं-**

अहावरं पुरक्खायं इहेगइया सत्ता नाणाविहजोणिया, नाणाविहसंभवा, नाणाविहवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा नाणाविहाणं तस थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा अणूसुयत्ताए विउट्टंति, ते जीवा तेसिं नाणाविहाणं तस थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं तस थावरजोणियाणं अणूसुयाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं ।

*एवं दुरूवसंभवत्ताए ।*

*एवं खुरूदुगत्ताए ।*

- सुय. सु. २, अ. ३, सु. ७३८

**३०. વિકલેન્દ્રિયોના ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ :**

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે કે - આ જગતમાં કેટલાક પ્રાણી અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે, તે અનેક પ્રકારની યોનિઓમાં સ્થિત રહે છે. તે વિવિધ યોનીઓમાં જન્મ લઈ વૃદ્ધિ પામે છે. અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન સ્થિત અને વૃદ્ધિ પામી તે જીવ પોતાના પૂર્વવત્ કર્માનુસાર નિદાન કરીને અનેક પ્રકારના ત્રસ સ્થાવર પ્રાણીઓના સચિત્ત અચિત્ત શરીરમાં આશ્રિત થઈને ઉત્પન્ન થાય છે, તે જીવ અનેક પ્રકારના ત્રસ સ્થાવર પ્રાણીઓના રસનો આહાર કરે છે તથા તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે અને બીજા પણ ત્રસ સ્થાવર યોનીઓમાં ઉત્પન્ન વિભિન્ન વર્ણાદિ યુક્ત શરીરવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકરદેવે કહ્યું છે.

***આ પ્રમાણે (મનુષ્યના મળમૂત્ર આદિમાં) કૃમિ કરચલા આદિ રુપમાં ત્રસ પ્રાણી ઉત્પન્ન થાય છે.***

***આ પ્રમાણે જીવિત ગાય, ભેંસ આદિની ચામડી પર સમ્મૂર્ચ્છિમ રુપથી ઉત્પન્ન થાય છે.***

**३१. आउ-अगणि-वाउ-पुढवीकाइयाणं उप्पत्ति वुड्ढि आहार परूवणं-**

अहावरं पुरक्खायं इहेगइया सत्ता नाणाविहजोणिया **-जाव-** कम्मनिदाणेणं नाणाविहाणं तस थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा तं सरीरगं वातसंसिद्धं वातसंगहितं वा वातपरिगतं उड्ढंवाएसु उड्ढभागी भवइ, अहेवाएसु अहेभागी भवइ, तिरियंवाएसु तिरियभागी भवइ, तं जहा-

ओसा, हिमए, महिया, करए, हरतणुए, सुद्धोदए ।

ते जीवा तेसिं नाणाविहाणं तस थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं तस थावर जोणियाणं ओसाणं **-जाव-** सुद्धोदगाणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं ।

**૩૧. અપ્-તૈજસ્- વાયુ અને પૃથ્વીકાયિકોની ઉત્પત્તિ વૃદ્ધિ આહારનું પ્રરુપણ :**

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે - આ જગતમાં અનેકવિધ યોનીઓમાં ઉત્પન્ન થઈને **-યાવત્-** કર્મ નિદાનથી પ્રેરિત વાયુયોનિક જીવ અપ્કાયમાં આવે છે. તે પ્રાણી ત્યાં અપ્કાયમાં આવીને અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સચિત્ત તથા અચિત્ત શરીરમાં અપ્કાયિક રુપમાં ઉત્પન્ન થાય છે. તે અપ્કાય વાયુકાયથી નિર્મિત સંગ્રહીત અથવા ધારણ કરેલ હોય છે. માટે તે (જલ) ઉપરનો વાયુ હોય તો ઉપર, નીચેનો વાયુ હોય તો નીચે અને તિર્છોવાયુ હોય તો તિર્છો જાય છે. જેમકે -

ઓસ, હિમ (બર્ફ), મહિકા (ઝાંકળ કે ધુંધ) ઓળા, હરતનું (ઘાસની અણી પર પાણીના બિંદુ) અને શુદ્ધ જલ.

તે જીવ અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર પ્રાણીઓના સ્નેહનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. આ સિવાય ત્રસ સ્થાવર યોનિક સમુત્પન્ન ઓસથી શુદ્ધોદક સુધી જલકાયિક જીવોના અનેક વર્ણાદિ યુક્ત શરીર હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहावरं पुरक्खायं इहेगइया सत्ता उदगजोणिया **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा तस थावर जोणिएसु उदएसु उदगत्ताए विउट्टंति, ते जीवा तेसिं तस थावर जोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारंआहारेंति। अवरे वि य णं तेसिं तस-थावरजोणियाणं उदगाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે કે - આ જગતમાં કેટલાક પ્રાણી જળમાં **-યાવત્-** પૂર્વકૃત કર્મના પ્રભાવથી ત્રસ-સ્થાવર યાનિઓમાં જલરુપે ઉત્પન્ન થાય છે. તે જીવ તે ત્રસ સ્થાવર યોનીઓનાં જલરુપ રસનો આહાર કરે છે. તે પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. આના સિવાય ત્રસ સ્થાવરયોનિક ઉદકોના અનેક વર્ણાદિવાળા શરીર હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं इहेगइया सत्ता उदगजोणिया **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा उदगजोणिएसु उदएसु उदगत्ताए विउट्टंति, ते जीवा तेसिं उदगजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं उदगजोणियाणं उदगाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે કે- આ જગતમાં કેટલાક જીવ જળમાં **-યાવત્-** પોતાના પૂર્વકૃત કર્મોના પ્રભાવથી ઉદકયોનિક ઉદકોમાં ઉદકરુપમાં જન્મ લે છે. તે જીવ ઉદકયોનિમાં ઉદકયોનિકનાં રસનો આહાર કરે છે. તે પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. આનાં સિવાય તે ઉદકયોનિક ઉદકોના અનેક વર્ણાદિવાળા શરીર હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं इहेगइया सत्ता उदगजोणिया **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा उदगजोणिएसु उदएसु तसपाणत्ताए विउट्टंति, ते जीवा तेसिं उदगजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तेसिं उदगजोणियाणं तस पाणाणं सरीरा नाणावण्णा **-जाव-** भवंतीतिमक्खायं।

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે કે કેટલાક પ્રાણી જળમાં **-યાવત્-** આ જગતમાં પોતાના પૂર્વકૃત કર્મનાં પ્રભાવથી ઉદયયોનિક ઉદકોમાં ત્રસ પ્રાણીનાં રૂપમાં ઉત્પન્ન થાય છે, તે જીવ તે ઉદકયોનીવાળા ઉદકોના રસનો આહાર કરે છે. તે પૃથ્વી **-યાવત્-** વનસ્પતિના શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે, આનાં સિવાય તે ઉદકયોનિક ઉદકોનાં શરીર નાના વર્ણાદિવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

अहावरं पुरक्खायं इहेगइया सत्ता नाणाविहजोणिया **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा अगणिकायत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहाणं तस थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति। अवरे वि य णं तस थावरजोणियाणं अगणीणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीति मक्खायं।

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે- આ જગતમાં અનેક પ્રકારની યોનીવાળા **-યાવત્-** પૂર્વકૃત કર્મનાં પ્રભાવથી અનેક પ્રકારનાં ત્રસ સ્થાવર પ્રાણીઓના સચિત્ત તથા અચિત્ત શરીરમાં અગ્નિકાયનાં રુપમાં ઉત્પન્ન થાય છે. તે જીવ તે (વિભિન્ન) અલગ-અલગ પ્રકારનાં ત્રસ સ્થાવર પ્રાણીઓનાં રસનો આહાર કરે છે, તથા પૃથ્વી **-યાવત્-** વનસ્પતિનાં શરીરનો **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. આનાં સિવાય તે ત્રસ સ્થાવરયોનિક અગ્નિકાયોનાં અનેક વર્ણાદિવાળા શરીર હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે, એવું તીર્થંકર દેવે કહ્યું છે.

***सेसा तिण्णि आलावगा जहा उदगाणं।***

***બાકી ત્રણ આલાપક ઉદક જીવોના પ્રમાણે જાણવાં.***

अहावरं पुरक्खायं इहेगइया सत्ता नाणाविहजोणिया **-जाव-**कम्मणिदाणेणंतत्थवक्कमा णाणाविहाणंतस थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा वाउक्कायत्ताए विउट्टंति ***जहा अगणीणं तहा भाणियव्वा चत्तारि गमा।***

ત્યારપછી આ વર્ણન છે કે - આ સંસારમાં નાના પ્રકારની યોનિવાળા પોતાના પૂર્વકૃત કર્મનાં પ્રભાવથી અનેક પ્રકારનાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓનાં સચિત્ત કે અચિત્ત શરીરોમાં વાયુકાયના રુપમાં ઉત્પન્ન થાય છે. **શેષવર્ણન ચાર આલાપક અગ્નિકાયનાં સમાન કહેવું જોઈએ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहावरं पुरक्खायं इहेगइया सत्ता णाणाविहजोणिया **-जाव-** कम्मनिदाणेणं तत्थवक्कमा णाणाविहाणं तस थावराणं पाणाणं सरीरेसु सचित्तेसु वा अचित्तेसु वा पुढवित्ताए , सक्करत्ताए वालुयत्ताए,

***इमाओ गाहाओ अणुगंतव्वाओ-***

पुढवी य सक्करा वालुगा य, उवले सिला य लोणूसे ।
अय तउय तंब सीसग, रूप्प सुवण्णे य वइरे य ॥ १ ॥

हरियाले हिंगुलए मणोसिला सासगंजण पवाले ।
अब्भपडलऽब्भवालुय बादरकाए मणिविहाणा ॥ २ ॥
गोमेज्जए य रूयए अंके फलिहे य लोहियक्खे य ।
मरगय मसारगल्ले भुयमोयग इंदणीले य ॥ ३ ॥

चंदण गेरूय हंसगब्भ पुलए सोगंधिए य बोधव्वे ।
चंदप्पभ वेरूलिए जलकंते सूरकंते य ॥ ४ ॥

एयाओ एएसु भाणियव्वाओ गाहासु (गाहाओ) **-जाव-** सूरकंतत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहाणं तस-थावराणं पाणाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं **-जाव-** वणस्सइ सरीरं **-जाव-** सव्वप्पणाए आहारं आहारेंति । अवरे वि य णं तेसिं तस थावरजोणियाणं पुढवीणं **-जाव-** सूरकंताणं सरीरा णाणावण्णा **-जाव-** भवंतीति मक्खायं ।

***सेसा तिण्णि आलावगा जहा उदगाणं ।***

- सुय. सु. २, अ. ३, सु. ७३९-७४५

**३२. ओहेण सव्वजीवाणं आहारं तेसिं जयणा य परूवणं-**

अहावरं पुरक्खायं सव्वेपाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता, नाणाविहजोणिया नाणाविहसंभवा, नाणाविहवक्कमा, सरीरजोणिया सरीरसंभवा सरीरवक्कमा सरीराहारा कम्मोवगा कम्मनिदाणा कम्मगइया कम्मट्ठिइया कम्मुणा चेव विप्परियामुवेंति ।

ત્યારબાદનું વર્ણન આ પ્રમાણે છે - આ સંસારમાં કેટલાક જીવ અનેક પ્રકારની યોનીઓમાં ઉત્પન્ન થઈ **-યાવત્-** પોતાના કરેલા કર્મનાં પ્રભાવથી અનેક પ્રકારનાં ત્રસ સ્થાવર પ્રાણીઓના સચિત્ત કે અચિત્ત શરીરમાં પૃથ્વીના રુપમાં શર્કરા (કાંકરા) નાં રુપમાં કે રેતી આદિના રુપમાં ઉત્પન્ન થાય છે.

***આ વિષયાં આ ગાથાઓનાં અનુસાર જાણવું જોઈએ.***

પૃથ્વી, કાંકરા, રેતી, ઉપલ (પત્થર), શિલા, મીઠું, લોખંડ, રાંગા (કથીર), તાંબું, શીશું, ચાંદી, સોના અને હીરા તથા -

હડતાલ, હીંગળો, મનસિલ, સાસક, અંજન, પ્રવાલ (મૂંગો) અભ્રપટલ (અભ્રક) અભ્રવાલુકા ઈત્યાદિ બાદર પૃથ્વીકાયનાં ભેદ છે. મણીઓનાં નામ આ પ્રમાણે છે- ૧. ગોમેદક રત્ન, ૨. રુચક રત્ન, ૩. અંકરત્ન, ૪. સ્ફટિક રત્ન, ૫. લોહિતાક્ષ રત્ન, ૬. મરકત રત્ન, ૭. મસાગર ગલ્લ રત્ન, ૮. ભુજપરિમોચક રત્ન તથા ૯. ઈન્દ્રનીલ મણિ.

ચંદન, ગેરુ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત અને સૂર્યકાંત,

આ ગાથાઓમાં સૂર્યકાંત સુધી જે મણિરત્ન આદિ કહ્યા છે. તેમાં તે જીવ ઉત્પન્ન થાય છે. (તે સમયે) તે જીવ અનેક પ્રકારનાં ત્રસ સ્થાવર પ્રાણીઓના રસનો આહાર કરે છે. તે જીવ પૃથ્વી **-યાવત્-** વનસ્પતિ શરીરનો આહાર કરે છે **-યાવત્-** સર્વાત્મના આહાર કરે છે. આનાં સિવાય તે ત્રસ સ્થાવરોમાં ઉત્પન્ન પૃથ્વીથી સૂર્યકાંત મણિ સુધી પ્રાણીઓનાં અન્ય શરીર પણ અનેક વર્ણાદિવાળા હોય છે **-યાવત્-** તેમાં જ ઉત્પન્ન થાય છે. એવું તીર્થંકર દેવે કહ્યું છે.

***બાકીનાં ત્રણ આલાપક જલકાયિક જીવોનાં પ્રમાણે જાણવું.***

**૩૨. સામાન્યથી સર્વ જીવોનો આહાર અને તેની યતનાનું પ્રરુપણ :**

ત્યારબાદનું વર્ણન એ છે કે - સર્વપ્રાણી, સર્વભૂત, સર્વજીવ અને સર્વ સત્વ અનેક પ્રકારની યોનીઓમાં ઉત્પન્ન થાય છે, ત્યાં સ્થિત રહે છે, ત્યાં વૃદ્ધિ પામે છે, તે શરીરથી ઉત્પન્ન થાય છે. શરીરમાં જ રહે છે. તથા શરીરમાં જ વધે છે અને તે શરીરનો જ આહાર કરે છે, તે પોત-પોતાના કર્મનું અનુસરણ કરે છે, કર્મ જ તે - તે યોનીમાં તેની ઉત્પત્તિનું પ્રધાન કારણ હોય છે. તેની ગતિ અને સ્થિતિ પણ કર્મનાં અનુસાર જ હોય છે. તે કર્મના અનુસાર વિભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेवमायाणह, सेवमायाणित्ता, आहारगुत्ते समिए सदा जए त्ति बेमि।

- सूय. सु. २, अ. ३. सु. ७४६-७४७

"હે શિષ્યો ! એવું જ જાણો અને જાણીને આહાર ગુપ્ત સમિતિ યુક્ત અને સંયમ પાલનમાં સદા યત્નશીલ બનો, એવું હું કહું છું."

**३३. वेमाणिया देवाणं आहारत्ताए परिणमिय पोग्गलाणं परूवणं -**

प. सोहम्मीसाण देवाणं केरिसया पोग्गला आहारत्ताए परिणमंति ?

उ. गोयमा ! जे पोग्गला इट्ठा कंता मणुण्णा मणामा एएसिं आहारत्ताए परिणमंति **-जाव-** अणुत्तरोववाइया।

- जीवा. पडि. ३, उ. २, सु. २०१ (ई)

**૩૩. વૈમાનિક દેવોનાં આહારનાં રુપમાં પરિણત પુદ્દગલોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સૌધર્મ ઈશાન દેવોનાં આહારના રુપમાં કેવા પુદ્દગલ પરિણમે છે ?

ઉ. ગૌતમ ! જે પુદ્દગલ ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોહર હોય છે. તે અનુત્તરોપપાતિક દેવો સુધી આહારનાં રુપમાં પરિણમે છે.

**३४. भोयणपरिणामस्स छव्विहत्तं-**

छव्विहे भोयणपरिणामे पण्णत्ते, तं जहा-

१. मणुण्णे,
२. रसिए,
३. पीणणिज्जे,
४. बिहणिज्जे,
५. मयणिज्जे,
६. दप्पणिज्जे।

- ठाणं अ. ६, सु. ५३३

**૩૪. ભોજન પરિણામનાં છ પ્રકાર :**

ભોજનનાં પરિણામ છ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. મનોજ્ઞ - મનને પ્રસન્ન કરનાર,
૨. રસિક - રસયુક્ત,
૩. પ્રીણનીય - રસાદિ સપ્ત ધાતુઓને સમાન કરનાર,
૪. બૃહણીય - ધાતુઓને વધારનાર,
૫. મદનીય - કામને વધારનાર,
૬. દર્પણીય - પુષ્ટિકારક.

**३५. आहारगाणाहारगाणं कायट्ठिई परूवणं-**

प. आहारगे णं भंते ! आहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! आहारगे दुविहे पण्णत्ते, तं जहा-

१. छउमत्थआहारगे य, २. केवलिआहारगे य।

प. छउमत्थआहारगे णं भंते ! छउमत्थआहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं खुड्डागभवग्गहणं दुसमयऊणं, उक्कोसेणं असंखेज्जं कालं असंखेज्जाओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं।

प. केवलिआहारगे णं भंते ! केवलिआहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं देसूणं पुव्वकोडिं,

**૩૫. આહારક - અનાહારકોની કાયસ્થિતિની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! આહારક જીવ આહારક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! આહારક જીવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. છદ્દમસ્થ - આહારક, ૨. કેવળી-આહારક.

પ્ર. ભંતે ! છદ્દમસ્થ - આહારક, છદમસ્થ આહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય બે સમયમાં કંઈક ઓછું લઘુભવ ગ્રહણ જેટલા કાળ સુધી, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી (અર્થાત્) કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ સુધી તથા ક્ષેત્રથી અંગુલનાં અસંખ્યાતમો ભાગ પ્રમાણ સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! કેવળી આહારક, કેવળી-આહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી,

ઉત્કૃષ્ટ દેશોન કોટિ પૂર્વ સુધી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अणाहारगे णं भंते ? अणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अणाहारगे दुविहे पण्णत्ते, तं जहा-

१. छउमत्थअणाहारगे य, २. केवलिअणाहारगे य।

प. छउमत्थअणाहारगे णं भंते ! छउमत्थअणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,

उक्कोसेणं दो समया।

प. केवलिअणाहारगे णं भंते ! केवलिअणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! केवलिअणाहारगे दुविहे पण्णत्ते, तं जहा -

१. सिद्धकेवलिअणाहारगे य, २. भवत्थकेवलि-अणाहारगे य।

प. सिद्धकेवलिअणाहारगे णं भंते ! सिद्धकेवलि-अणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साइएअपज्जवसिए।

प. भवत्थकेवलिअणाहारगे णं भंते ! भवत्थकेवलि-अणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! भवत्थकेवलिअणाहारगे दुविहे पण्णत्ते, तं जहा -

१. सजोगिभवत्थकेवलिअणाहारगे य,

२. अजोगिभवत्थकेवलिअणाहारगे य।

प. सजोगिभवत्थकेवलिअणाहारगे णं भन्ते ! सजोगिभवत्थकेवलिअणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अजहण्णमणुक्कोसेणं तिण्णि समया।

प. अजोगिभवत्थकेवलिअणाहारगे णं भन्ते ! अजोगिभवत्थकेवलिअणाहारगे त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि, उक्कोसेण वि अंतोमुहुत्तं।[1]

- पण्ण. प. १८, सु. १३६४-१३७३

પ્ર. ભંતે ! અનાહારક જીવ, અનાહારક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! અનાહારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. છદમસ્થ - અનાહારક, ૨. કેવળી-અનાહારક.

પ્ર. ભંતે ! છદમસ્થ - અનાહારક, છદમસ્થ - અનાહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય સુધી,

ઉત્કૃષ્ટ બે સમય સુધી રહે છે.

પ્ર. ભંતે ! કેવળી - અનાહારક, કેવળી - અનાહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! કેવળી અનાહારક બે પ્રકારનાં કહ્યા છે જેમકે -

૧. સિદ્ધ કેવળી - અનાહારક, ૨. ભવસ્થ - કેવળી અનાહારક.

પ્ર. ભંતે ! સિદ્ધ કેવળી- અનાહારક, સિદ્ધ-કેવળી અનાહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) સાદિ- અપર્યવસિત રહે છે.

પ્ર. ભંતે ! ભવસ્થ કેવળી-અનાહારક, ભવસ્થકેવળી-અનાહારક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! ભવસ્થકેવળી- અનાહારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સયોગી - ભવસ્થકેવળી - અનાહારક,

૨. અયોગી- ભવસ્થકેવળી - અનાહારક.

પ્ર. ભંતે ! સયોગી-ભવસ્થકેવળી- અનાહારક, સયોગી-ભવસ્થકેવળી- અનાહારકનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટ ત્રણ સમય સુધી રહે છે.

પ્ર. ભંતે ! અયોગી- ભવસ્થ કેવળી- અનાહારક, અયોગી ભવસ્થ કેવળી અનાહારક રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

---

१. जीवा. पडि. ९, सु. २३४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३६. आहारगाणाहारगाणं अंतरकाल परूवणं -**

प. छउमत्थआहारगस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं दो समया।

केवलिआहारगस्स अंतरं अजहण्णमणुक्कोसेणं तिण्णि समया।

छउमत्थअणाहारगस्स अंतरं जहण्णेणं खुड्डागभवग्गहणं दुसमयूणं,

उक्कोसेणं असंखेज्जं कालं -जाव- अंगुलस्स असंखेज्जइभागं।

प. सजोगि भवत्थकेवलि अणाहारगस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।

अजोगिभवत्थकेवलिअणाहारगस्स णत्थि अंतरं।

सिद्धकेवलिअणाहारगस्स साइयस्स अपज्जवसियस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २३४

**३७. आहारगाणाहारगाणं अप्पबहुत्तं -**

प. एएसि णं भंते ! आहारगाणं अणाहारगाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा अणाहारगा,

२. आहारगा असंखेज्जगुणा।[१]

- पण्ण. प. ३, सु. २६३

**૩૬. આહારક અનાહારકના અંતરકાળનો પ્રરુપણ :**

પ્ર. ભંતે ! છદ્મસ્થ આહારકનું અંતરકાળ કેટલું કહ્યુ છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બે સમય.

કેવળી આહારકનું અંતર ન જઘન્ય ન ઉત્કૃષ્ટ ત્રણ સમયનું છે.

છદ્મસ્થ અનાહારકનું અંતર જઘન્ય બે સમય ઓછું ક્ષુલ્લક ભવગ્રહણ જેટલું છે.

ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ **-યાવત્-** અંગુલનાં અસંખ્યાતમાં ભાગ પ્રદેશ પ્રમાણ છે.

પ્ર. ભંતે ! સયોગી ભવસ્થ કેવળી અનાહારકનું અંતરકાળ કેટલું કહ્યુ છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

અયોગી ભવસ્થ કેવળી અનાહારકનું અંતર નથી.

સાદિ અપર્યવસિત સિદ્ધ કેવળી અનાહારકનું કોઈ અંતર નથી.

**૩૭. આહારક - અનાહારકનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ આહારક અને અનાહારકમાંથી કોણ કેટલા અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ અનાહારક જીવ છે.

૨. (તેનાથી) આહારક જીવ અસંખ્યાત ગણા છે.

१. जीवा. पडि. ९, सु. २३४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૪. શરીર અધ્યયન

સંસારી જીવોનો શરીર સાથે અનાદિ સંબંધ છે. જ્યાં સુધી જીવ આઠ કર્મોથી મુક્ત થતાં નથી ત્યાં સુધી તેનો શરીરની સાથે સંબંધ બની રહે છે. આઠ કર્મોમાં પણ શરીરની પ્રાપ્તિ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી નામકર્મ બાકી છે ત્યાં સુધી શરીર પ્રાપ્ત થાય છે. શરીરની પ્રાપ્તિ પણ ગતિ, જાતિ આદિના ઉદયના અનુરૂપ હોય છે. સિદ્ધ જીવોને શરીર હોતા નથી. કારણ કે તે નામકર્મ સહિત આઠ કર્મોથી મુક્ત હોય છે. શરીર રહિત હોવાને કારણે સિદ્ધોને અશરીરી કહેવાય છે. સંસારી જીવ સદૈવ સશરીરી હોય છે.

શરીર પાંચ પ્રકારના છે - ૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તેજસ્ અને ૫. કાર્મણ. આમાંથી અલગ-અલગ જીવોને અલગ-અલગ પ્રકારના શરીર પ્રાપ્ત થાય છે. ૨૪ દંડકોમાં કયા જીવને શરીર પ્રાપ્ત થાય છે તેનું પ્રસ્તુત અધ્યયનમાં વિસ્તારથી વર્ણન કરેલ છે. પરંતુ સારાંશરૂપે એવું કહેવાય છે કે તૈજસ અને કાર્મણ શરીર બધાં જ સંસારી જીવોની સાથે હંમેશા રહે છે. જીવ એક શરીર છોડીને બીજુ શરીર ધારણ કરે છે ત્યારે વિગ્રહગતિના સમયે પણ આ બન્ને શરીર જીવની સાથે વિદ્યમાન હોય છે. ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્યગતિના બધા જીવોમાં રહે છે. વૈક્રિયશરીર નૈરયિક અને દેવોમાં જન્મથી હોય છે તથા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં વિશેષ લબ્ધિથી પ્રાપ્ત થાય છે. વિભિન્ન વિક્રિયાઓ કરવાના કારણે વાયુકાયના જીવોમાં પણ વૈક્રિયશરીર મનાય છે. આહારકશરીર માત્ર મનુષ્યોમાં જ હોય છે અને તે પણ પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ચૌદ પૂર્વધારી સાધુઓમાં પ્રાપ્ત થાય છે.

પ્રધાન, ઉદાર  કે સ્થૂલ પુદ્ગલોથી નિર્મિત શરીર ઔદારિક કહેવાય છે. વિવિધ અને વિશેષ પ્રકારની ક્રિયાઓ કરવામાં સક્ષમ શરીર વૈક્રિય કહેવાય છે. એના બે પ્રકાર છે - ઔપપાતિક અને લબ્ધિપ્રત્યય. દેવો અને નૈરયિકોમાં જન્મથી પ્રાપ્ત થવાને કારણે આ શરીર ઔપપાતિક કહેવાય છે તથા મનુષ્ય અને તિર્યંચોમાં લબ્ધિ વિશેષથી પ્રાપ્ત થવાના કારણે લબ્ધિપ્રત્યય કહેવાય છે. આહારક લબ્ધિથી નિર્મિત શરીર આહારકશરીર કહેવાય છે. આહારના પાચનમાં સહાયક તથા તેજોલેશ્યાની ઉત્પત્તિનો આધારરૂપ શરીર તૈજસ્ કહેવાય છે. આ તૈજસ્ પુદ્ગલોથી બનેલ હોય છે. કાર્મણ પુદ્ગલોથી નિર્મિત શરીર કાર્મણ કહેવાય છે.

આ પાંચ પ્રકારના શરીરોમાં કાર્મણશરીર અગુરુ-લઘુ છે અને બાકી ચાર શરીર ગુરુ-લઘુ છે. શરીરની ઉત્પત્તિ જીવના ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર પરાક્રમના નિમિત્તથી થાય છે. ઔદારિક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીરના માટે પુદ્ગલોનો ચય નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશાઓથી અને વ્યાઘાતની અપેક્ષાએ કદાચ ત્રણ, ચાર અને પાંચ દિશાઓથી થાય છે. વૈક્રિય અને આહારક શરીરના માટે પુદ્ગલોનો ચય નિયમથી છ દિશાઓથી થાય છે. ચયની જેમ ઉપચય અને અપચય પણ તેજ દિશાઓથી થાય છે.

શરીર જીવથી સ્પૃષ્ટ થાય છે કે અસ્પૃષ્ટ, આ શંકાનું સમાધાન સ્થાનાંગસૂત્રમાં બતાવતા કહ્યું છે કે - 'વૈક્રિય, આહારક, તૈજસ્ અને કાર્મણ શરીર જીવથી સ્પૃષ્ટ થાય છે. જ્યારે ઔદારિક શરીર જીવથી સ્પૃષ્ટ થતું નથી. ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ્ આ ચારેય શરીરને કાર્મણ શરીરથી સંયુક્ત મનાય છે.'

જે જીવોમાં ઔદારિક આદિ શરીર ઉપલબ્ધ થાય છે. તેના આધાર પર પણ આ શરીરોના ભેદ કરાય છે. જેમ ઔદારિક શરીરના પાંચ ભેદ કર્યા છે - એકેન્દ્રિય ઔદારિક શરીર, બેઈન્દ્રિય ઔદારિક શરીર, ત્રેઈન્દ્રિય ઔદારિક શરીર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉરેન્દ્રિય ઔદારિક શરીર અને પંચેન્દ્રિય ઔદારિક શરીર. વૈક્રિય શરીરના બે ભેદ કર્યા છે. એકેન્દ્રિય અને પંચેન્દ્રિય. કારણ કે વૈક્રિય શરીર વાયુકાયના એકેન્દ્રિય જીવો અને દેવ નારકી આદિ પંચેન્દ્રિય જીવોમાં પ્રાપ્ત થાય છે. તે ઔદારિક શરીરની જેમ બેઈન્દ્રિયાદિ જીવોમાં પ્રાપ્ત થતાં નથી. આહારક શરીર એક જ પ્રકારના છે. કારણ કે તે માત્ર મનુષ્યોમાં જ પ્રાપ્ત થાય છે. તૈજસ્ અને કાર્મણશરીર બધા સંસારી જીવોમાં પ્રાપ્ત થાય છે. ઈન્દ્રિયોની દૃષ્ટિથી આના પણ ઔદારિક શરીરની જેમ પાંચ-પાંચ ભેદ હોય છે - એકેન્દ્રિય **યાવત્** પંચેન્દ્રિય.

આ શરીરોના જીવોના ભેદોપભેદોના અનુસાર બીજા પણ ઘણા ભેદ બને છે. જેમ એકેન્દ્રિય ઔદારિક શરીર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયના ભેદથી પાંચ પ્રકારના હોય છે. ત્યારબાદ પણ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત આદિનાં આધાર પર અનેક ઉપભેદોમાં વિભક્ત થઈ જાય છે. આ પ્રમાણે બેઈન્દ્રિય આદિ ઔદારિક શરીર પણ પર્યાપ્ત અને અપર્યાપ્તના ઉપભેદોમાં વિભક્ત થઈ જાય છે. પંચેન્દ્રિય ઔદારિક શરીર બે પ્રકારના હોય છે. તિર્યંચયોનિક અને મનુષ્ય શરીર. તિર્યંચયોનિક પંચેન્દ્રિય શરીર પણ જલચર, સ્થળચર અને ખેચરભેદોમાં વિભક્ત થઈ જાય છે. ફરીથી તે પણ સંમૂર્છિમ અને ગર્ભજ તથા પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદોમાં વહેંચાઈ જાય છે. મનુષ્ય પણ સંમૂર્છિમ અને ગર્ભજના ભેદથી બે પ્રકારના હોય છે. માટે મનુષ્યનું ઔદારિક શરીર પણ આ આધાર પર બે ભાગોમાં વિભક્ત થઈ જાય છે. આમાં ગર્ભજ મનુષ્યનું ઔદારિક શરીર પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી ફરી બે પ્રકારનો હોય છે.

વૈક્રિયશરીર એકેન્દ્રિય જીવોમાં પણ માત્ર બાદર વાયુકાય જીવોમાં પ્રાપ્ત થાય છે, સૂક્ષ્મ વાયુકાયિક જીવોમાં આ શરીર પ્રાપ્ત થતું નથી. બાદર વાયુકાયિક જીવોમાં પણ માત્ર પર્યાપ્તા જીવોમાં આ શરીર હોય છે. અપર્યાપ્તા જીવોમાં થતો નથી. પંચેન્દ્રિયની અપેક્ષાએ વૈક્રિય શરીર ચારેય ગતિઓનાં જીવોમાં હોય છે. નરકગતિમાં રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓના પર્યાપ્ત અને અપર્યાપ્ત બધા નૈરયિકોમાં, તિર્યંચગતિમાં, સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્ત અવસ્થામાં આ શરીર હોય શકે છે. મનુષ્યગતિમાં આ શરીર સંખ્યેય વર્ષાયુષ્ક કર્મભૂમિજ અને ગર્ભજ મનુષ્યોની પર્યાપ્ત અવસ્થામાં હોય છે. દેવગતિમાં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની બધી અવસ્થાઓમાં આ શરીર હોય છે. આહારક શરીર ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યક્દૃષ્ટિ પર્યાપ્તા અને સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાં હોય છે અન્યમાં નથી થતો.

તૈજસ અને કાર્મણ શરીરોના એટલા જ ભેદ હોય છે જેટલા સંસારી જીવોના ભેદ હોય છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવોની પર્યાપ્તા અને અપર્યાપ્તા આદિ અવસ્થાઓ સહિત સમસ્ત ભેદોપભેદોમાં બન્ને શરીર પ્રાપ્ત થવાથી આ બન્ને શરીરોના અનેક ભેદ કરી શકાય છે.

શરીરની ઉત્પત્તિ અને રચના બે કારણોથી થાય છે - રાગથી અને દ્વેષથી. રાગ અને દ્વેષ જ સંસારના પરિભ્રમણનું પ્રમુખ કારણ છે. આ બે કારણોને ક્રોધ, માન, માયા અને લોભના રૂપમાં ચાર પ્રકારના પણ કહ્યા છે. જીવ ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના રૂપમાં સ્થિત દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને અસ્થિત દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. પરંતુ તેજસ્ અને કાર્મણ શરીરના રૂપમાં સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે, આસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરતાં નથી. જીવ આ શરીરોના રૂપમાં દ્રવ્યોનું ગ્રહણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ બધા પ્રકારોથી કરે છે.

ચાર ગતિઓના જીવોમાં પ્રાપ્ત થનાર શરીરોને બાહ્ય અને આભ્યંતર ભેદોમાં પણ વિભક્ત કરી શકાય છે. કાર્મણ શરીરને આભ્યંતર શરીર તથા ઔદારિક અને વૈક્રિય શરીરને બાહ્ય શરીર માનવામાં આવે છે. આ દ્રષ્ટિથી નૈરયિકો અને દેવોમાં કાર્મણ નામક આભ્યંતર શરીર તથા વૈક્રિય નામક બાહ્ય શરીર પ્રાપ્ત થાય છે. બાકીના બધા જીવોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આભ્યંતર શરીર તો કાર્મણરૂપ જ હોય છે. પરંતુ બાહ્ય શરીર ઔદારિક ઉપલબ્ધ હોય છે. બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય તિર્યંચ જીવો તથા મનુષ્યોમાં જે ઔદારિક શરીર હોય છે તેમાં અસ્થિ, માંસ, શોણિત, સ્નાયુ આદિ ઉપલબ્ધ હોય છે.

વિશેષ અપેક્ષા દ્રષ્ટિએ ઔદારિક આદિ પાંચ શરીરને જુદી રીતે બે પ્રકારે બંતાવવામાં આવ્યા છે ૧. બદ્ધ અને ૨. મુક્ત. જે શરીર જીવના દ્વારા ગ્રહણ કરવામાં આવે છે તેને બદ્ધ શરીર કહેવાય છે અને જે શરીર જીવના દ્વારા વ્યક્ત છે તેને મુક્ત શરીર કહેવાય છે. જેમ નૈરયિકોમાં બદ્ધ ઔદારિક શરીર હોતું નથી. પરંતુ મુક્ત ઔદારિક શરીર હોય છે. કારણ કે તે ઔદારિક શરીરને છોડી દે છે. પ્રસ્તુત અધ્યયનમાં બદ્ધ અને મુક્ત શરીરની સંખ્યાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિની દ્રષ્ટિથી નિરૂપણ કરવામાં આવ્યું છે. સાથે સાથે ૨૪ દંડકોમાં તે ભેદોનું વર્ણન પણ કરેલ છે.

૨૪ દંડકોમાં જે શરીર પ્રાપ્ત થાય છે તે શરીર પાંચ વર્ણ અને પાંચ રસોથી યુક્ત હોય છે. ઔદારિક શરીરથી લઈને કાર્મણ શરીર સુધી સમસ્ત શરીર પાંચ વર્ણ (કૃષ્ણ, લીલો, પીળો, લાલ, સફેદ) અને પાંચ રસ (તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો) યુક્ત મનાય છે. વર્ણાદિથી સંપન્ન હોવાને કારણે શરીર પોદ્ગલિક કહેવાય છે.

કાયસ્થિતિની દ્રષ્ટિએ વિચાર કરીએ તો ઔદારિકશરીરી જીવ ઔદારિક શરીરના રૂપમાં જઘન્ય બે સમય ઓછા ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ યાવત્ આંગળીના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રનાં પ્રદેશ પ્રમાણ રહે છે. વૈક્રિયશરીરી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ સુધી વૈક્રિય શરીરના રુપમાં રહે છે. આહારકશરીરી આહારક શરીરીના રુપમાં જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. તૈજસ અને કાર્મણ શરીરી જીવ બે પ્રકારના છે ૧. અનાદિ અપર્યવસિત અને ૨. અનાદિ સપર્યવસિત. જે જીવ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી લે છે તેની અપેક્ષાથી તૈજસ્ અને કાર્મણ શરીર સપર્યવસિત હોય છે. બાકીના જીવોની અપેક્ષાએ તે બન્ને શરીર અનાદિ અપર્યવાસિત હોય છે.

એક વાર એક શરીર પ્રાપ્ત થયા પછી ફરીથી તેવું જ શરીર પ્રાપ્ત થવાના મધ્ય વ્યતીતકાળને તે શરીરનો અંતરકાળ કહેવાય છે. અંતરકાળની દ્રષ્ટિએ પણ આ અધ્યયનમાં શરીરનું વર્ણન કરવામાં આવ્યું છે. ઔદારિક શરીરનો જઘન્ય અંતરકાળ એક સમય તથા ઉત્કૃષ્ટ અંતરકાળ અંતર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ હોય છે. જઘન્ય કાળ પૃથ્વીકાળ આદિ જીવોની અપેક્ષાથી છે તથા ઉત્કૃષ્ટ અંતરકાળ નરક અને દેવગતિના મધ્ય વ્યતીતકાળની અપેક્ષાથી છે. વૈક્રિય શરીરનો જઘન્ય અંતરકાળ અંતર્મુહૂર્ત છે તથા ઉત્કૃષ્ટ અંતરકાળ નરક અને દેવગતિના મધ્ય વ્યતીતકાળની અપેક્ષાથી છે. વૈક્રિય શરીરનો જઘન્ય અંતરકાળ અંતર્મુહૂર્ત છે તથા ઉત્કૃષ્ટ અંતરકાળ વનસ્પતિકાળ છે. જઘન્ય અંતરકાળનું પ્રતિપાદન પર્યાપ્તા બાદર વાયુકાયિક જીવોની અપેક્ષાથી છે અને નૈરયિક, દેવ કે પુનઃ વાયુકાયમાં આવીને મધ્ય ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પસાર કરી શકાય છે. આહારક શરીરનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ કંઈક ઓછા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ હોય છે. તૈજસ્ અને કાર્મણ શરીર કાં તો અનાદિ અનંત હોય છે કે અનાદિસાન્ત, પરંતુ આ બન્ને વિકલ્પોમાં અંતરકાળ હોતો નથી. જો તે શરીર જીવની સાથે છે તો વગર અંતરકાળના છે તથા સિદ્ધ અવસ્થામાં જીવથી જ્યારે તેનો વિચ્છેદ થાય છે તો સદૈવ માટે થઈ જાય છે.

અલ્પ બહુત્વની દ્રષ્ટિએ સર્વેથી અલ્પ આહારક શરીરવાળા જીવ છે. તેનાથી વૈક્રિય શરીરી અસંખ્યાતગુણા છે, તેનાથી ઔદારિક શરીરી અસંખ્યાતગુણા છે, તેનાથી અશરીરી (સિદ્ધ) અનન્ત ગુણા છે અને તેનાથી તૈજસ્ કાર્મણ શરીરવાળા જીવ અનન્તગુણા છે. અને તે બન્ને શરીર પરસ્પર સમાન છે. દ્રવ્ય, પ્રદેશ અને દ્રવ્ય પ્રદેશની અપેક્ષાએ પણ અલ્પ બહુત્વનું વર્ણન કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવગાહના ચાર પ્રકારની હોય છે- દ્રવ્યાવગાહના, ક્ષેત્રાવગાહના, કાળાવગાહના અને ભાવાવગાહના. અવગાહનાનું વર્ણન જીવોની અપેક્ષાએ નવ પ્રકારનું પણ છે. તેમાં પૃથ્વીકાયથી લઈને વનસ્પતિકાયના પાંચ ભેદો તથા બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના ચાર ભેદોની ગણના થાય છે. ઔદારિક શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કંઈક અધિક હજાર યોજન મનાય છે. પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવોની અવગાહનાનું વર્ણન કરવાની સાથે આ અધ્યયનમાં બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચયોનિક અને મનુષ્યોના ઔદારિક શરીર અવગાહનાનું વિસ્તારથી વર્ણન કરેલ છે. વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ તથા ઉત્કૃષ્ટ કંઈક અધિક એક લાખ યોજનની કહી છે. નૈરયિક અને દેવ જીવોની અવગાહના બે પ્રકારની માની છે.- ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તિર્યંચયોનિક પંચેન્દ્રિય જીવો તથા મનુષ્યોના વૈક્રિય શરીરની અવગાહનાનું પણ પ્રતિપાદન છે. આહારક શરીરની અવગાહના જઘન્ય દેશોન એક હાથની તથા ઉત્કૃષ્ટ પ્રતિપૂર્ણ એક હાથની કહી છે.

જ્યારે જીવ મારણાન્તિક સમુદ્ઘાતથી સમવહત હોય છે ત્યારે તેમાં તૈજસ્ અને કાર્મણ શરીરની અવગાહનાનું વર્ણન કરાય છે. સામાન્યથી આ બન્ને શરીરોની અવગાહના વિષ્કંભ અને બાહુલ્યની અપેક્ષાએ શરીર પ્રમાણ માત્ર હોય છે. લંબાઈની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાન્તથી લોકાન્ત સુધી હોય છે. બધા જીવોમાં આ શરીરોની પૃથક્-પૃથક્ અવગાહનાનું પણ આ પ્રસંગમાં વિસ્તારથી વર્ણન કરેલ છે.

૨૪ દંડકોમાં અવગાહના સ્થાન અસંખ્યાત મનાય છે. સમસ્ત શરીરોની અવગાહનાનું અલ્પબહુત્વનો વિચાર કરવાથી જાણી શકાય છે કે જઘન્ય અવગાહનાની અપેક્ષાએ સર્વેથી અલ્પ અવગાહના ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે તથા બધાથી અધિક આહારક શરીરની અવગાહના છે. ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ બધાથી અલ્પ આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે તથા વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના બધાથી અધિક છે.

કયા શરીરમાં કયા પ્રકારનું સંસ્થાન ક્યારે મળે છે તેનું પણ પ્રસ્તુત અધ્યયનમાં વિસ્તૃત વર્ણન છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ્ અને કાર્મણ શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળા છે, જ્યારે આહારક શરીરમાં માત્ર સમચતુરસ્ર સંસ્થાન પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## १४. सरीर अज्झयणं

मुत्त -

१. **सरीर भेय परूवणं-**

प. कइ णं भंते ! सरीरा पण्णत्ता ?

उ. गोयमा ! पंच सरीरा पण्णत्ता, तं जहा-

१. ओरालिए, २. वेउव्विए, ३. आहारए, ४. तेयए, ५. कम्मए।[1]

- पण्ण. प. १२, सु. ९०१

२. **ओहेण सरीरूप्पत्ति हेउणो-**

प. से णं भंते ! सरीरे किं पवहे ?

उ. गोयमा ! जीवप्पवहे एवं सइ अत्थि उट्ठाणे ति वा, कम्मे ति वा, बले ति वा, वीरिए ति वा, पुरिसक्कारपरक्कमे ति वा।

- विया. स.१, उ. ३, सु. ९/५

३. **सरीराणं अगुरूलहुत्ताइ परूवणं -**

प. सरीरा णं भंते ! किं गरूया, लहुया, गरूयलहुया अगरूयलहुया ?

उ. गोयमा ! चत्तारि सरीरा नो गरूया, नो लहुया, गरूयलहुया, नो अगुरूयलहुया।

कम्मयसरीरं नो गरूए, नो लहुए, नो गरूयलहुए अगरूयलहुए।

- विया. स. १, उ. ९, सु. १२

४. **सरीराणं पोग्गलचिणणा -**

प. ओरालियसरीरस्स णं भंते ! कइदिसिं पोग्गला चिज्जंति ?

उ. गोयमा ! णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं।

प. वेउव्वियसरीरस्स णं भंते ! कइदिसिं पोग्गला चिज्जंति ?

## ૧૪. શરીર અધ્યયન

સૂત્ર :

૧. **શરીરનાં ભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! શરીર પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ્, ૫. કાર્મણ.

૨. **સામાન્યતઃ શરીરની ઉત્પત્તિનાં હેતુ :**

પ્ર. ભંતે ! શરીર શેનાથી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! શરીર જીવથી ઉત્પન્ન થાય છે અને એવું થવાથી જીવનું ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ (નિમિત્ત) હોય છે.

૩. **શરીરનું અગુરુલઘુત્વાદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું શરીર ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉ. ગૌતમ ! ઔદારિક આદિ ચાર શરીર ન ગુરુ છે, ન લઘુ છે, ગુરુલઘુ છે, પરંતુ અગુરુલઘુ નથી.

કાર્મણ શરીર ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી પરંતુ અગુરુલઘુ છે.

૪. **શરીરના પુદ્દગલોનું ચયન (એકત્રિત થવું)**

પ્ર. ભંતે ! ઔદારિક શરીરનાં માટે કેટલી દિશાઓથી પુદ્દગલો એકત્રિત થાય છે ?

ઉ. ગૌતમ ! નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશાઓથી અને વ્યાઘાતની અપેક્ષાએ કદાચ ત્રણ દિશાઓથી, કદાચ ચાર દિશાઓથી અને કદાચ પાંચ દિશાઓથી પુદ્દગલો એકત્રિત થાય છે.

પ્ર. ભંતે ! વૈક્રિય શરીરનાં માટે કેટલી દિશાઓથી પુદ્દગલો એકત્રિત થાય છે ?

---

१. (क) अणु. कालदारे, सु. ४०५
(ख) पण्ण. प. २१, सु. १४७५
(ग) विया. स. १०, उ. १, सु. १८
(घ) विया. स. १७, उ. १,सु. १५
(ङ) ठाणं. अ. ५, उ. १, सु. ३९५
(च) विया. स. २५, उ. ४, सु. ८०
(छ) सम. सु. १५२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णियमा छद्दिसिं ।

*एवं आहारगसरीरस्स वि ।*

*तेयगकम्मगाणं जहा ओरालियसरीरस्स ।*

*एवं उवचिज्जंति अवचिज्जंति ।*

- पण्ण. प. २१, सु. १५५३-१५५८

ઉ. ગૌતમ ! નિયમથી છ દિશાઓથી પુદ્ગલો એકત્રિત થાય છે.

***આ પ્રમાણે આહારક શરીરનાં પુદ્ગલો એકત્રિત પણ (નિયમથી છ દિશાઓથી) થાય છે.***

***તૈજસ્ અને કાર્મણ શરીરનાં માટે ઔદારિક શરીરનાં સમાન સમજવું જોઈએ.***

***(ઔદારિક આદિ પાંચો શરીરનાં પુદ્ગલોનું જે પ્રમાણે કહેવામાં આવ્યો છે) તે જે પ્રમાણે તેનું ઉપચય-અપચય પણ કહેવું જોઈએ.***

५. **सरीराणं परोप्पर संजोगासंजोगं -**

प. जस्स णं भंते ! ओरालियसरीरं तस्स णं वेउव्वियसरीरं ?

जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं ?

उ. गोयमा ! जस्स ओरालियसरीरं तस्स वेउव्वियसरीरं सिय अत्थि सिय णत्थि,

जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि ।

प. जस्स णं भंते ! ओरालियसरीरं तस्स आहारगसरीरं ?

जस्स आहारगसरीरं तस्स ओरालियसरीरं ?

उ. गोयमा ! जस्स ओरालियसरीरं तस्स आहारगसरीरं सिय अत्थि सिय णत्थि,

जस्स आहारगसरीरं तस्स ओरालियसरीरं णियमा अत्थि ।

प. जस्स णं भंते ! ओरालियसरीरं तस्स तेयगसरीरं ?

जस्स पुण तेयगसरीरं तस्स ओरालियसरीरं ?

उ. गोयमा ! ओरालियसरीरं तस्स तेयगसरीरं णियमा अत्थि,

जस्स पुण तेयगसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि ।

*एवं कम्मगसरीरं पि ।*

૫. **શરીરોનું પરસ્પર સંયોગાસંયોગ :**

પ્ર. ભંતે ! જે જીવને ઔદારિક શરીર હોય છે, શું તેને વૈક્રિય શરીર હોય છે ?

જેને વૈક્રિય શરીર હોય છે, શું તેને ઔદારિક શરીર પણ હોય છે ?

ઉ. ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને વૈક્રિય શરીર કદાચ હોય છે, કદાચ ન પણ હોય,

જેને વૈક્રિય શરીર હોય છે, તેને ઔદારિક શરીર કદાચ હોય છે, કદાચ ન પણ હોય.

પ્ર. ભંતે ! જેને ઔદારિક શરીર હોય છે, શું તેને આહારક શરીર હોય છે ?

જેને આહારક શરીર હોય છે, શું તેને ઔદારિક શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને આહારક શરીર કદાચ હોય છે, કદાચ ન પણ હોય,

પરંતુ જે જીવને આહારક શરીર હોય છે, તેને નિયમથી ઔદારિક શરીર હોય છે.

પ્ર. ભંતે ! જેને ઔદારિક શરીર હોય છે, શું તેને તૈજસ્ શરીર હોય છે ?

જેને તૈજસ્ શરીર હોય છે. શું તેને ઔદારિક શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! જેને ઔદારિક શરીર હોય છે, તેને નિયમથી તૈજસ્ શરીર હોય છે.

જેને તૈજસ્ શરીર હોય છે, તેને ઔદારિક શરીર કદાચ હોય છે, કદાચ ન પણ હોય,

***આ પ્રમાણે ઔદારિક શરીરનાં સાથે કાર્મણ શરીરનો સંયોગ પણ સમજી લેવો જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जस्स णं भंते ! वेउव्वियसरीरं तस्स आहारगसरीरं ?

जस्स आहारगसरीरं तस्स वेउव्वियसरीरं ?

उ. गोयमा ! जस्स वेउव्वियसरीरं तस्साहारगसरीरं णत्थि।

जस्स वि आहारगसरीरं तस्स वि वेउव्वियसरीरं णत्थि।

***तेयग कम्माइं जहा ओरालिएणं समं तहेव आहारगसरीरेण वि समं तेयग कम्माइं चारेयव्वाणि।***

प. जस्स णं भंते ! तेयगसरीरं तस्स कम्मगसरीरं ?

जस्स कम्मगसरीरं तस्स तेयगसरीरं ?

उ. गोयमा ! जस्स तेयगसरीरं तस्स कम्मगसरीरं णियमा अत्थि,

जस्स वि कम्मगसरीरं तस्स वि तेयगसरीरं णियमा अत्थि।

- पण्ण. प. २१, सु. १५५१-१५६४

प्र. ભંતે ! જેને વૈક્રિય શરીર હોય છે, શું તેને આહારક શરીર હોય છે ?

જેને આહારક શરીર હોય છે, તેને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને વૈક્રિય શરીર હોય છે, તેને આહારક શરીર નથી હોતું.

જેને આહારક શરીર હોય છે, તેને વૈક્રિય શરીર નથી હોતું.

***જેમ ઔદારિકની સાથે તૈજસ્ અને કાર્મણ શરીરનાં સંયોગનું વર્ણન કરેલ છે, તેજ પ્રમાણે આહારક શરીરની સાથે તૈજસ્ અને કાર્મણ શરીરનું વર્ણન જાણવું.***

પ્ર. ભંતે ! જેને તૈજસ્ શરીર હોય છે, શું તેને કાર્મણ શરીર હોય છે ?

જેને કાર્મણ શરીર હોય છે, શું તેને તૈજસ્ શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! જેને તૈજસ્ શરીર હોય છે, તેને કાર્મણ શરીર અવશ્ય જ હોય છે.

જેને કાર્મણ શરીર હોય છે તેને તૈજસ્ શરીર અવશ્ય હોય છે.

**६. चत्तारिसरीरगा जीवफुडा कम्मुमीसगा य परूवणं-**

चत्तारि सरीरगा जीवफुडा पण्णत्ता, तं जहा-

१. वेउव्विए, २. आहारए, ३. तेयए, ४. कम्मए।

चत्तारि सरीरगा कम्मुमीसगा पण्णत्ता, तं जहा-

१. ओरालिए, २. वेउव्विए, ३. आहारए, ४. तेयए।

- ठाणं, अ. ४, उ. ३, सु. ३३२

**૬. ચાર શરીરનું જીવ સ્પૃષ્ટ અને કાર્મણ યુક્ત હોવાનું પ્રરુપણ :**

ચાર શરીર જીવથી સ્પૃષ્ટ (જીવનાં સહવર્તી) હોય છે, જેમકે-

૧. વૈક્રિય, ૨. આહારક, ૩. તૈજસ્, ૪. કાર્મણ.

ચાર શરીર કાર્મણ શરીરથી સંયુક્ત હોય છે, જેમકે -

૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ્.

**७. सामित्तविवक्खया ओरालियसरीरस्स विविह भेया -**

प. ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. एगिंदिय ओरालियसरीरे **-जाव-** ५. पंचेंदिय ओरालियसरीरे।

प. एगिंदिय ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

**૭. સ્વામીત્વની અપેક્ષાએ ઔદારિક શરીરનાં વિવિધ ભેદ :**

પ્ર. ભંતે ! ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. એકેન્દ્રિય ઔદારિક શરીર **-યાવત્-** ૫. પંચેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा -

१. पुढविकाइय एगिंदिय ओरालियसरीरे **-जाव-**

५. वणस्सइकाइय एगिंदिय ओरालियसरीरे।

प. पुढविकाइय एगिंदिय ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा -

१. सुहुम पुढविकाइय एगिंदिय ओरालियसरीरे य,

२. बायर पुढविकाइय एगिंदियओरालियसरीरे य।

प. सुहुम-पुढविकाइय-एगिंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. पज्जत्तय - सुहुम - पुढविकाइय - एगिंदिय - ओरालियसरीरे य,

२. अपज्जत्तय - सुहुम - पुढविकाइय - एगिंदिय - ओरालियसरीरे य।

***बायर-पुढविकाइया वि एवं चेव।***

***एवं -जाव- वणस्सइकाइय - एगिंदिय-ओरालियसरीरे त्ति।***

प. बेइंदिय- ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा -

१. पज्जत्तय-बेइंदिय-ओरालियसरीरे य,

२. अपज्जत्तय-बेइंदिय-ओरालियसरीरे य।

***एवं तेइंदिय-चउरिंदिया वि।***

प. पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. तिरिक्खजोणियपंचेंदिय-ओरालियसरीरे य,

२. मणुस्सपंचेंदिय-ओरालियसरीरे य।

प. तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-

१. जलयर- तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य,

ઉ. ગૌતમ ! તે પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર **-યાવત્-**

૫. વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર,

૨. બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર,

૨. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર.

***આ પ્રમાણે બાદર પૃથ્વીકાયિકનાં પણ બે ભેદ છે.***

***આ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી એકેન્દ્રિય ઔદારિક શરીરનાં પણ બે- બે ભેદ છે.***

પ્ર. ભંતે ! બેઈન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા બેઈન્દ્રિય ઔદારિક શરીર,

૨. અપર્યાપ્તા બેઈન્દ્રિય ઔદારિક શરીર.

***આ પ્રમાણે ત્રેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયનાં પણ બે-બે ભેદ સમજવાં જોઈએ.***

પ્ર. ભંતે ! પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે. જેમકે-

૧. તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણ પ્રકારનાં કહ્યા છે. જેમકે-

૧. જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| २. थलयर-तिरिक्खजोणिय- पंचेंदिय-ओरालिय-सरीरे य, | ૨. સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર, |
| ३. खहयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालिय-सरीरे य। | ૩. ખેચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| प. जलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? | પ્ર. ભંતે ! જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ? |
| उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- | ઉ ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે. જેમકે - |
| १. सम्मुच्छिम-जलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य। | ૧. સમ્મૂર્ચ્છિમ જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| २. गब्भवक्कंतिय-जलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य । | ૨. ગર્ભજ જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| प. सम्मुच्छिम-जलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? | પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ જલચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ? |
| उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- | ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે- |
| १. पज्जत्तय-सम्मुच्छिम-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य। | ૧. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર, |
| २. अपज्जत्तय-सम्मुच्छिम-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य। | ૨. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| ***एवं गब्भवक्कंतिए वि।*** | ***આ પ્રમાણે ગર્ભજનાં પણ બે ભેદ છે.*** |
| प. थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? | પ્ર. ભંતે ! સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ? |
| उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- | ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે- |
| १. चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य, | ૧. ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર, |
| २. परिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य। | ૨. પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| प. चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? | પ્ર. ભંતે ! ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ? |
| उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- | ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે- |
| १. सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य, | ૧. સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર, |
| २. गब्भवक्कंतिय-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य। | ૨. ગર્ભજ ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર. |
| प. सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? | પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ? |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. पज्जत्तय-सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य,

२. अपज्जत्तय- सम्मुच्छिम-चउप्पय-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य ।

*एवं गब्भवक्कंतिए वि ।*

प. परिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य,

२. भुयपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य ।

प. उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा -

१. सम्मुच्छिम-उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय ओरालियसरीरे य,

२. गब्भवक्कंतिय-उरपरिसप्प-थलयर-तिरिक्ख-जोणिय-पंचेंदिय ओरालियसरीरे य ।

सम्मुच्छिमे दुविहे पण्णत्ते, तं जहा-

१. पज्जत्तय-सम्मुच्छिम-उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय - ओरालियसरीरे य,

२. अपज्जत्तय-सम्मुच्छिम-उरपरिसप्प-थलयर-तिरिक्खजोणिय-पंचेंदिय-ओरालियसरीरे य ।

*एवं गब्भवक्कंतिय-उरपरिसप्प-चउक्कओ भेदो ।*

*एवं भुयपरिसप्पा वि ।*

खहयरा दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मुच्छिमा य, २. गब्भवक्कंतिया य ।

सम्मुच्छिमा दुविहा पण्णत्ता, तं जहा-

१. पज्जत्ता य, २. अपज्जत्ता य ।

*गब्भवक्कंतिया वि पज्जता य, अपज्जत्ता य ।*

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર.

***આ પ્રમાણે ગર્ભજનાં પણ બે ભેદ છે.***

પ્ર. ભંતે ! પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. ભુજપરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સમ્મૂર્ચ્છિમ ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. ગર્ભજ ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર.

સમ્મૂર્ચ્છિમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. અપર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ ઉર:પરિસર્પ સ્થળચર તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર.

***આ પ્રમાણે ગર્ભજ ઉર:પરિસર્પનાં પણ ચાર ભેદ જાણવાં.***

***આ પ્રમાણે ભુજ પરિસર્પ પર્યાપ્તા અને અપર્યાપ્તાનાં પણ ચાર ભેદ જાણવાં.***

ખેચર (તિર્યંચયોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીર) પણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સમ્મૂર્ચ્છિમ, ૨. ગર્ભજ.

સમ્મૂર્ચ્છિમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા, ૨. અપર્યાપ્તા.

***ગર્ભજ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા કહ્યા છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. मणूसपंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. सम्मुच्छिम-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य,

२. गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य।[1]

प. गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. पज्जत्तय-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य,

२. अपज्जत्तय-गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-ओरालियसरीरे य।

- पण्ण. प. २१, सु. १४७६-१४८७

प्र. ભંતે ! મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સમ્મૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર,

૨. અપર્યાપ્તા ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.

**८. सामित्त विवक्खया वेउव्विय सरीरस्स विविह भेया-**

प. वेउव्वियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा -

१. एगिंदिय वेउव्वियसरीरे य,

२. पंचेंदिय वेउव्वियसरीरे य।[2]

प. जइ एगिंदिय-वेउव्वियसरीरे किं वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे अवाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे, णो अवाउकाइय - एगिंदिय-वेउव्वियसरीरे।

प. जइ वाउक्काइय-एगिंदिय- वेउव्वियसरीरे किं सुहुम- वाउक्काइय - एगिंदिय- वेउव्वियसरीरे, बायर- वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! णो सुहुम-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे,

बायर-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे।

प. जइ बायर- वाउक्काइय- एगिंदिय-वेउव्वियसरीरे- किं पज्जत्तय-बायर-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे, अपज्जत्तय-बायर-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे ?

**૮. સ્વામીત્વની અપેક્ષાએ વૈક્રિય શરીરનાં વિવિધ ભેદ :**

પ્ર. ભંતે ! વૈક્રિય શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. એકેન્દ્રિય વૈક્રિય શરીર,

૨. પંચેન્દ્રિય વૈક્રિય શરીર.

પ્ર. જો એકેન્દ્રિય જીવોને વૈક્રિય શરીર હોય છે તો શું વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે કે અવાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે. અવાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતા નથી.

પ્ર. જો વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો શું સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિયોને હોય છે કે બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને હોય છે ?

ઉ. ગૌતમ ! સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતું નથી,

પરંતુ બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે.

પ્ર. જો બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો શું પર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે કે અપર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

१-२. सम. सु. १५२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पज्जत्तय-बायर-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे,

णो अपज्जत्तय-बायर-वाउक्काइय-एगिंदिय-वेउव्वियसरीरे।

प. जइ पंचेंदिय-वेउव्वियसरीरे किं णेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे -जाव- किं देवपंचेंदिय-वेउव्वियसरीरे?

उ. गोयमा! णेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे वि -जाव-देव-पंचेंदिय-वेउव्वियसरीरे वि।

प. जइ णेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे किं रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे -जाव- किं अहेसत्तमा-पुढविनेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे?

उ. गोयमा ! रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे वि -जाव- अहेसत्तमा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे वि।

प. जइ रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे-

किं पज्जत्तय-रयणप्पभा-पुढविणेरइय पंचेंदिय-वेउव्वियसरीरे,

अपज्जत्तय-रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे?

उ. गोयमा! पज्जत्तय-रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे वि,

अपज्जत्तय-रयणप्पभा-पुढविणेरइय-पंचेंदिय-वेउव्वियसरीरे वि।

***एवं -जाव- अहेसत्तमाए दुगओ भेदो णेयव्वो।***

प. जइ तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं सम्मुच्छिम-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्विय-सरीरे,

गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे?

ઉ. ગૌતમ ! પર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે,

પરંતુ અપર્યાપ્તા બાદર વાયુકાયિક એકેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતું નથી.

પ્ર. જો પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો શું નારક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે **-યાવત્-** દેવ પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! નારક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે **-યાવત્-** દેવ પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે.

પ્ર. જો નારક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો શું રત્નપ્રભા પૃથ્વી નરક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે **-યાવત્-** અધઃસપ્તમ પૃથ્વીનાં નરક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીનાં નરક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે **-યાવત્-** અધઃસપ્તમ પૃથ્વીનાં નૈરયિક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે.

પ્ર. જો રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો શું -

પર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે,

અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! પર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે,

અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે.

***આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધીનાં (પર્યાપ્તા અને અપર્યાપ્તા) બંને ભેદોમાં વૈક્રિય શરીરનું વર્ણન જાણવું.***

પ્ર. જો તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે

તો શું સમ્મૂર્ચ્છિમ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે કે -

ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णो सम्मुच्छिम-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ।

प. जइ गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

असंखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

णो असंखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय पंचेंदिय-वेउव्वियसरीरे ।

प. जइ संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं पज्जत्तय-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

अपज्जत्तय-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! पज्जत्तय-संखेज्जवासाउय-गब्भवक्कंतिय तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

णो अपज्जत्तय-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ।

प. जइ संखेज्जवासाउय गब्भवक्कंतिय- तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं जलयर संखेज्जवासाउय - गब्भवक्कंतिय - तिरिक्खजोणिय - पंचेंदिय- वेउव्वियसरीरे,

थलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय- पंचेंदिय-वेउव्वियसरीरे,

खहयर- संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! जलयर- संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे वि,

ઉ. ગૌતમ ! સમ્મૂર્ચ્છિમ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતું નથી,

પરંતુ ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે.

પ્ર. જો ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે, તો શું

સંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે કે -

અસંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે,

પરંતુ અસંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતું નથી.

પ્ર. જો સંખ્યાત વર્ષની આયુવાળા ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો,

શું પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે કે -

અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે,

પરંતુ અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોતું નથી.

પ્ર. જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે તો -

શું જલચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે,

સ્થળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે.

ખેચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને વૈક્રિય શરીર હોય છે ?

ઉ. ગૌતમ ! જળચર સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચયોનિક પંચેન્દ્રિયોને પણ વૈક્રિય શરીર હોય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय- पंचेंदिय-वेउव्वियसरीरे वि,

खहयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्ख-जोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे वि।

प. जइ जलयर - संखेज्जवासाउय - गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं पज्जत्तय - जलयर - संखेज्जवासाउय - गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

अपज्जत्तय-जलयर-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे ?

उ. गोयमा ! पज्जत्तय - जलयर - संखेज्जवासाउय - गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

णो अपज्जत्तय-जलयर- संखेज्जवासाउय- गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे।

प. जइ थलयर- संखेज्जवासाउय - गब्भवक्कंतिय-तिरिक्खजोणिय-पंचेंदिय-वेउव्वियसरीरे,

किं पज्जत्तय थलयर **-जाव-** भुयपरिसप्प वेउव्वियसरीरे ?

उ. गोयमा ! पज्जत्तय चउप्पय **-जाव-** भुय परिसप्प वेउव्वियसरीरे वि।

***खहयराण वि एवं चेव।***

***सव्वत्थ पज्जत्तयाणं वेउव्विय सरीरे नो अपज्जत्तयाणं।***

प. जइ मणूस-पंचेंदिय-वेउव्वियसरीरे-

किं सम्मुच्छिम-मणूस-पंचेंदिय-वेउव्वियसरीरे,

गब्भवक्कंतिय-मणूस-पंचेंदिय-वेउव्वियसरीरे ?

